# પ્રસ્તાવના

સંવત ૧૯૦૧ના શ્રાવણ કૃષ્ણપક્ષ અષ્ટમીએ, મંગલમય ગ્રહોમાં, મધ્યરાત્રિએ બાર કલાકે સદ્‌ગત પરમબ્રહ્મનિષ્ઠ મહારાજશ્રી વલ્લભરામનો પ્રણવ-ૐકારના બ્રહ્મરંધ્રમાંથી (કે જે દેહમાયારહિત, નિત્યમુક્ત બ્રહ્મ, મહાવિભૂતિ આત્માઓનું સ્થાન છે ત્યાંથી) મહાવિભૂતિ આત્મારૂપે જન્મ થયો હતો. આ મહાવિભૂતિ આત્મા પ્રણવ-ૐકારની શુધ્ધ પરમગતિમાંથી પ્રથમ જન્મે "મહર્ષિ વેદવ્યાસ"નો અવતાર લઈ વિશ્વેશ્વર-નારાયણના સંદેશવાહક તરીકે જગતમાં પધાર્યા હતા અને તે અવતાર "જ્ઞાનાવતાર" તરીકે ઓળખાય છે. ત્યાર બાદ બીજો અવતાર "વલ્લભપોળા"નો લીધો હતો અને તે "કર્માવતાર" તરીકે જાણીતો છે. અને આ આખરી ત્રીજો અવતાર "વલ્લભ વ્યાસ"નો લીધો હતો અને તે "પ્રેમાવતાર" તરીકે મશહૂર છે. આજે તેઓને ૧૨૫ વર્ષ પૂરાં થયાનો મંગલ દિવસ છે. તેઓનો અત્યંત પ્રિય વિષય કેવળ પ્રણવ-ૐકાર હતો. તેથી આજના શુભ દિવસે "વલ્લભ પ્રણવદર્શન" નામનો ગ્રંથ બહાર પાડતાં "વ્યાસ પબ્લિકેશન સંસ્થા"ને આનંદ થાય છે. અહીં વલ્લભરામનું બહુ જ સંક્ષિપ્તમાં જીવનચરિત આપવામાં આવે છે.

વલ્લભરામે ગુજરાતી બીજી ચોપડીના બીજા પાઠનો અભ્યાસ કરી નિશાળ છોડી દીધી હતી. પણ તેઓ પૂર્વના મહાન સંસ્કારી અને યોગેશ્વર હોવાથી તેમ જ તેમનો આત્મા કેવળ સનાતન ધર્મનો જ હોવાથી વિશ્વેશ્વર-નારાયણ અને પરમાત્માની નિશાળમાં પોતાનાં તન, મન અને આત્માથી બ્રહ્મજિજ્ઞાસા સાથે જોડાયા, અને સોળ વર્ષની ઉંમરે માંદગીમાં પરમાત્મા, નારાયણ અને પ્રણવ-ૐકારના સાક્ષાત્કાર બે વખત એક એક પ્રહર સુધી કર્યા હતા. કેવળ નારાયણની આજ્ઞા અને પ્રેરણાથી ગુજરાતી ભાષામાં કાવ્યરૂપે વિશાળ ભાવસંયુક્ત "મહાભારત"ની રચના કરી. ત્યાર બાદ એકવીસ વર્ષની ઉંમરે પરમાત્મા-પરમેશ્વર અને પ્રણવ-ૐકારના ગુહ્ય તત્ત્વના જ્ઞાન માટે "ભાવાર્થ પ્રકાશ" અને "વિજ્ઞાન વલ્લભ" ગ્રંથોની રચના કરી. આ બેઉ પુસ્તકમાં સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે શૈલીની સુંદરતા કરતાં ભાવોની ઉદાત્તતા માટે વધારે કાળજી રાખી છે. ત્યાર પછી તેઓએ નારાયણની આજ્ઞાને આધીન થઈ વેદાન્ત અને યોગમાર્ગ સાથે સંબંધ રાખનાર વિપુલ સાહિત્યનું અનેક પુસ્તકો દ્વારા નિર્માણ કર્યું. આ બધાં પુસ્તકો

ઘણા વર્ષો બાદ છપાયા હતા આ પુસ્તકો જેમના વાંચવામા આવ્યા છે, તેમના જીવન અને વિચારો ઉપર ઊંડી અસર થઈ છે અને સાથે સાથે તેમના વિચારની કોઈ નવી બારી ઊઘડી હોય એમ લાગે છે

કદાચ વાચકવર્ગને આશ્ચર્ય થશે કે આટલી નાની ઉંમરમા ઉચ્ચ પરમકોટિના સાક્ષાત્કારો અને અમૂલ્ય અલૌકિક ગ્રંથો શી રીતે નિર્માણ કર્યા, તેનુ મુખ્ય કારણ એક જ છે કે પૂર્વે તેમણે મહર્ષિ વેદવ્યાસ અને વલ્લભભોળાના અવતારો લીધા હતા, તેથી કરીને તેમના આત્માની આત્મજ્યોતિમા પૂર્વે મેળવેલા આત્મજ્ઞાન, યોગજ્ઞાન, પ્રણવજ્ઞાન અને પરમાત્મજ્ઞાન સ્વયસિદ્ધ હતા અહીં તેમને બહુ માન આપવાને ખાતર નહિ પણ આ ગુપ્ત અવતારોનુ રહસ્ય અમારા તેમ જ બીજા અનેક ધર્મબંધુઓના યૌગિક અનુભવોથી સિદ્ધ થયેલુ છે તે ઉપરાત વલ્લભરામ પણ "વલ્લભ વિષ્ટિ, ભાગ ૧"ના પ૦ ૮૧મા આ અવતારો વિષે લખી ગયા છે આ પરમમુમુક્ષ સત્પુરુષની આધ્યાત્મિક ભૂમિકા મનુષ્યબુદ્ધિથી પર છે એટલે સાધારણ માણસ સમજી તેમ જ અનુભવી ન શકે એ દેખીનુ છે

વલ્લભરામના ગુરુ કેવળ પ્રણવ ૐકારની અર્ધમાત્રામા આવેલા વિશ્વેશ્વર નારાયણ હતા પોતાના દિવ્ય ગુરુની આજ્ઞાથી મોક્ષધર્મનો સદેશો ને ઉપદેશ તેમણે ગુજરાતના ગામે ગામમા અનેક કષ્ટો ને સકટો વેઠીને પહોચાડયો છે, અને સાથે સાથે અનેકને મોક્ષધર્મની દીક્ષા આપી છે વલ્લભરામ કહેતા કે મોક્ષ ધર્મનો ઉદ્દેશ કેવળ ઉદારતા અને દિવ્યપ્રેમનો પાઠ શીખવવાનો છે એમના ઉપદેશોનું અમૃત પણ અખડ અને અખૂટ છે એનો પ્રવાહ આજ સુધી વહેતો જ રહ્યો છે અને વહેતો રહેશે એમના ઉપદેશમા નથી આડબર, નથી પ્રચાર અને નથી કોઈ ટેકટોક ખરેખર મોક્ષધર્મના તત્ત્વ ઉપર અને સાધના તેમ જ ધ્યાનની રીત ઉપર તેઓશ્રીએ સરળ ભાષામા વેધક પ્રકાશ નાખ્યો છે તેથી આ નિષ્કામ સત્પુરુષ પ્રભુકૃપાથી કાચને રત્નો બનાવવામાં મોટે ભાગે ફત્તેહમદ થયા છે અને હજી પણ થાય છે

આવી રીતે વલ્લભરામે સવત ૧૯૩૮મા મોક્ષધર્મની સ્થાપનાનુ રોપેલું ઉપદેશરૂપી વૃક્ષ આજે ફાલીફૂલીને બહુ જ વિશાળ બન્યુ છે અને ભવિષ્યમા વધારે વિશાળ બનશે વળી તેમણે અર્વાચીન પદ્ધતિ પ્રમાણે કોઈ સસ્થાની સ્થાપના મારફતે યા છાપાં મારફતે મોક્ષધર્મનો પ્રચાર કર્યો નથી પરતુ આ સર્વજ્ઞ ને સર્વજ્ઞભિમાન સત્પુરુષ જાણતા હતા કે, તેમના અતરાત્મામાથી નીકળેલી સંયમી વાણીની વૃષ્ટિ (પ્રવચનો અને પુસ્તકો દ્વારા) અભેદ્ય પૂરની માફક આગળ વધશે અને શ્રોતા ને વાચકની માનસિક દીવાલો ભેદીને તેમના આત્મા ને આત્મજ્યોતિમાં પ્રવેશ કરશે ખરેખર, આ પરમાર્થી ને મહાન યોગેશ્વરના

શબ્દો સાચા પડયા છે અને આજે મોક્ષમાર્ગી શિષ્યવર્ગ તેનો સાક્ષાત્કાર અનુભવી રહ્યો છે.

તેમણે પોતાની હયાતીમાં પોતાના આત્મકલ્યાણ ઉપરાંતનાં વધારાનાં પુણ્યબળ, જ્ઞાનશક્તિ, યોગશક્તિ, આત્મિકશક્તિ, આધ્યાત્મિકશક્તિ અને બ્રહ્મશક્તિમાંથી ચોક્કસ પુણ્યબળ ને પાંચ શક્તિઓ પોતાના શિષ્યોના આત્મોદ્ધાર માટે પ્રણવ-ૐકારના સાન સ્થાને (કે મોક્ષે જતાં આત્માની જ્યાં કસોટી થાય છે તે સ્થાનોએ) સમર્પણ કરી ટ્રસ્ટ કરેલાં છે; તેના અંગે મોક્ષધર્મનાં તમામ કાર્યો ચિરકાળ સુધી નિરંતર ચાલ્યા કરશે અને સિદ્ધ થશે તેમ જ તેઓની ગેરહાજરી કોઈને જરા પણ સાલશે નહિ. તેથી જ શિષ્યવર્ગ વલ્લભરામને પરમાત્માના પ્રતિબિંબરૂપ, પ્રતિનિધિ અને પોતાના સમર્થ સદ્‌ગુરુ તરીકે માને છે. ખરેખર, આવા અલૌકિક, પરમોદાર અને પરમમુક્ત સદ્‌ગુરુશ્રી સિવાય આવા ગૂંચવણ-ભરેલા અલૌકિક માર્ગમાં માર્ગદર્શન કોણ આપી શકે? જગતનાં કષ્ટો કોણ હરી શકે? અને આત્મકલ્યાણ કોણ વરસાવી શકે? તેથી કહ્યું છે કે :

(સાખી)

"વિશ્વમાં ગુરુ અનેક છે, પણ કેવળ સદ્‌ગુરુ એક;
લાખોમાં તો ન મળે, પણ કરોડોમાં કોઈ એક."

પ્રણવ-ૐકારનું જ્ઞાન અને તત્ત્વજ્ઞાન વેદાંત અને ઉપનિષદ્ ગ્રંથોમાં ગૂઢ-રૂપે આપેલું છે, પરંતુ તે સહેલાઈથી સમજાય તેમ નથી. પરંતુ સદ્‌ગુરુ શ્રીવલ્લભ-રામે અનુભવસિદ્ધ પ્રણવજ્ઞાનને બહુ જ સરળ ભાષામાં ગદ્ય અને પદ્યમાં પ્રગટ કરેલું છે. એ પ્રણવના તત્ત્વજ્ઞાનમાં પૂજ્ય ગુરુદેવ શ્રીમુજીલાલે બહુ જ સારા પ્રમાણમાં વધારો કર્યો છે અને બહુ જ સરસ સમજૂતી સાથે સુધારા-વધારા સાથે "પ્રણવપટ" પ્રગટ કર્યો છે. તેથી શિષ્યવર્ગ તેમને "પ્રણવાધિવક્તા મોક્ષમાર્ગાચાર્ય"ના નામથી સંબોધે છે. પ્રણવનો વિષય વ્યાસકૃત અનેક પુસ્તકોમાં ઘણી જગ્યાએ છૂટોછવાયો આપવામાં આવ્યો છે. તે પ્રણવના વિષયને બધાં પુસ્તકોમાંથી (સિવાય "ભાવાર્થ પ્રકાશ" કે જેમાં પરમાત્મા, નારાયણ, વિશ્વ, આત્મા વગેરેનું અતિ ઉત્તમ નિરૂપણ કર્યું છે. પ્રણવજિજ્ઞાસુએ આ પુસ્તક અવશ્ય વાંચવું. કેમ કે "વલ્લભ પ્રણવદર્શન" પુસ્તક બહુ મોટું થઈ જાય એમ ધારીને આ પુસ્તકમાંથી કશું લખાણ લીધું નથી.) માત્ર તત્ત્વ તારવી લઈ આ પુસ્તક અઢાર પ્રકરણમાં સંવાદ સ્વરૂપમાં રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

વાચકવર્ગને વધારે રસ પડે એ હેતુથી બીજા બે ગ્રંથોમાંથી થોડાં વધારા-નાં પ્રમાણો લીધાં છે. "વેદાન્તાર્યભાષ્ય" ગ્રંથનું ગુર્જર ભાષાંતર કરનાર પંડિત

મણિશંકર શર્માના ગ્રંથમાંથી વેદાન્ત દર્શનનાં ચોક્કસ સૂત્રો અને સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલયના "મહાવાક્ય રત્નાવલિ" નામના પુસ્તકમાંથી ઉપનિષદોના કેટલાક શ્લોકો લીધા છે.

આ ગ્રંથના કેટલાક પ્રશ્નોનાં લખાણોમાં કોઈક કોઈક જગ્યાએ ઉમેરણ પણ કરવામાં આવ્યું છે, ત્યાં કદાચ ભૂલો ને ખામી રહી ગઈ હોય તો તે સદ્‌ગુરુશ્રીની ન સમજતાં અમારી સમજવાની છે. કેટલાક પ્રશ્નોના ઉત્તરો "જવાબ" આવી નિશાનીથી આપવામાં આવ્યા છે, તે ઉત્તરો કેવળ અમારા સમજવાના છે. જો કે તેમાં પણ જ્ઞાન ને વિચાર તો કેવળ સદ્‌ગુરુશ્રીના જ છે, પણ કદાચ અમારી ગેરસમજૂતીને લીધે ભૂલ થઈ ગઈ હોય તેથી કરીને તેની જવાબદારી અમારે શિરે લીધી છે.

વાચકવર્ગને આ ગ્રંથની વિષયાનુક્રમણિકા વાંચવાથી ખાતરી થશે કે પ્રણવ-ૐકારનું સંપૂર્ણ નિરૂપણ બહુ જ સરળ ભાષામાં કરવામાં આવ્યું છે. પરમાત્મા, પરમગતિ, આત્મજ્યોતિ, આત્મા, વિશ્વેશ્વર-નારાયણ, વિશ્વ જેવા ગૂઢ વિષયો એટલા ઊંડાણથી સમજાવ્યા છે કે તર્ક કરનારની બુદ્ધિ પણ આગળ ગતિ કરી શકે નહિ અને સંસ્કારી આત્માને તે પ્રમાણે કર્મ કરવાની તીવ્ર જિજ્ઞાસા થાય. આ બધાં દિવ્ય તત્ત્વોનો સાક્ષાત્કાર કેવી રીતે થઈ શકે તેની સમજણ પણ બતાવી છે. આવો ઉત્તમ અને ગૂઢ વિષય જે વેદાંત ધર્મનાં અનેક પુસ્તકોથી જાહેર કરવામાં આવ્યો છે, તેના સારરૂપે આ ગ્રંથની રચના કરવામાં આવી છે. ખરેખર, સદ્‌ગુરુશ્રીએ અને પૂજ્ય ગુરુદેવ શ્રીમુજીવાલે જેમ દૂધમાંથી માખણ કાઢવામાં આવે તેમ સ્વાનુભવો દ્વારા પ્રણવનું તત્ત્વજ્ઞાન ભારતીય જનતાને માખણરૂપે આ ગ્રંથ દ્વારા આપ્યું છે. અઢાર પ્રકરણમાં બહુ જ સરળ રીતે વર્ણન કરી સાદી શૈલીમાં આ ગ્રંથ રચવાની કોશિશ કરવામાં આવી છે.

ખરેખર, અનાદિ ને અલૌકિક સદ્‌ગુરુ શ્રીવલ્લભરામ મોક્ષધર્મના એક મહાન જ્યોતિર્ધર અને વિશ્વેશ્વર-નારાયણના સંદેશવાહક તરીકે વિશ્વના ધર્મ-ગ્રંથોમાં આત્યંતિક કાળ સુધી ચિરંજીવી રહેશે!!!


સંવત ૨૦૨૬
(જન્માષ્ટમી)
શ્રાવણ વદ-૮

લિ.
કે. બી. માસ્તર

## શ્રીવલ્લભરામ સૂર્યરામ વ્યાસ

જન્મતિથિ : સંવત ૧૯૦૧, શ્રાવણ વદ આઠમ.
સમય અને સ્થાન : રાત્રે બાર કલાકે, અમદાવાદ મધ્યે.

(ઊંચ જીવન યોગવાળી, પૂર્ણ આત્મતત્ત્વ જ્ઞાનયોગવાળી, જ્ઞાન-અમૃત-ભોજન યોગવાળી, જ્ઞાનદાતા યોગવાળી અને જ્ઞાનયોગી યોગવાળી કુંડલી.)




(૧) લગ્નેશ ચંદ્ર વૃષભ રાશિનો ઊંચનો છે.
(૨) હૃદયેશ સૂર્ય સિંહ રાશિનો સ્વગૃહી છે.
(૩) પંચમેશ બુધ કન્યા રાશિનો ઊંચનો છે.
(૪) ભાગ્યેશ શનિ મકર રાશિનો સ્વગૃહી છે.

"વૃષભ રાશિના લગ્ને ચંદ્ર" અને "કન્યા રાશિનો બુધ" બ્રહ્મજ્ઞાન માટેના એવા બે ગ્રહ છે અને તે ઊંચના થઈને બેઠા છે કે જે સ્વયં જ્ઞાનની પ્રેરણા કરે છે. તેથી તેને "જ્ઞાનયોગ" કહેવાય છે.

(૧) લગ્નમાં ચંદ્ર ઊંચનો છે અને વૃષભરાશિ છે.
(૨) ધનભાવમાં મિથુનરાશિ છે અને તેનો માલિક બુધ પાંચમે કન્યામાં ઊંચનો છે.
(૩) પરાક્રમે કર્કરાશિ છે અને તેનો માલિક ચંદ્ર લગ્નમાં ઊંચનો થઈને બેઠો છે.
(૪) હૃદયે સિંહરાશિમાં ચોથે સૂર્ય સ્વરાશિનો છે કે જે આત્મા છે અને ગુરુની દૃષ્ટિ છે.

(૫) ઐશ્વર્યભાવે કન્યારાશિમાં બુધ પાંચમે ઊંચનો થઈને બેઠો છે.
(૬) શત્રુભાવે તુલારાશિમાં રાહુ મિત્રભાવે બેઠેલો છે.
(૭) ભાગીદારીએ વૃશ્ચિકરાશિ છે જેનો માલિક મંગળ કર્મસ્થાનમાં છે.
(૮) આયુષ્યભાવે ધનરાશિનો માલિક ગુરુ વ્યયભાવમાં છે.
(૯) ભાગ્યભવને મકરરાશિમાં શનિ સ્વરાશિનો છે અને ગુરુની દૃષ્ટિ છે.
(૧૦) કર્મસ્થાનમાં મંગળ કુંભરાશિનો છે કે જે પરાક્રમી ગ્રહ છે.
(૧૧) લાભભાવે મીનરાશિ છે કે જેનો માલિક ગુરુ વ્યયભાવે કેતુ સાથે છે.
(૧૨) વ્યયભાવે મેષરાશિમાં ગુરુ, કેતુ છે અને મેષનો માલિક મંગળ કર્મસ્થાનમાં છે કે જેના પર ગુરુની દૃષ્ટિ છે.

નવ ગ્રહમાંથી બે ગ્રહ ઊંચના છે કે જે જ્ઞાનકારક યોગવાળા છે. બે ગ્રહ સ્વગૃહી છે કે જે વૈરાગ્ય તરફ લઈ જાય છે. અને સૂર્યને લીધે જે બીજાઓ ન જોઈ શકે તે જોઈ શકે, બીજાઓ ન સાંભળી શકે તે સાંભળી શકે, અંતર્જ્ઞાની બનાવે અને દિવ્યચક્ષુ આપે. બાકીના ગ્રહો ગુરુ, કેતુ શુભ યોગમાં છે તથા મંગળ, શુક્ર માયા તરફ ન લઈ જતાં ગુરુની દૃષ્ટિને લીધે શુભ યોગ પર લઈ જાય છે.

**સ્થાનોની સમજૂતી :**

(૧) તનુસ્થાન : લગ્નેશ લગ્નમાં વૃષભરાશિનો ચંદ્ર ઊંચનો છે કે જે વ્યક્તિને વિદ્વત્તા અપાવે છે. આ ચંદ્ર મનનો માલિક પણ છે કે જેથી ઊંચ ભાવના પ્રાપ્ત કરે છે. પ્રકૃતિ પર વિજય મેળવી શકે એવું મનોબળ હોય છે, મંગળ શુક્રનું જોર માયાવી કાર્યોમાં નબળું પાડે છે અને પવિત્ર સંસ્કાર પણ હોઈ શકે છે. સૂર્ય, ચંદ્રની દૃષ્ટિને લીધે અંતર્જ્ઞાની થાય અને દિવ્યચક્ષુ પણ મળે છે.

(૨) ધનભાવ : ધનેશ મિથુનરાશિનો બુધ ઊંચનો થઈ ઐશ્વર્યસ્થાને છે કે જે ધન, દોલત, જમીન ને વાહન કારક યોગ છે. આ બુધ બ્રહ્મજ્ઞાનનો માલિક છે, જંગલ એકાંતનો માલિક છે, બ્રહ્મજ્ઞાનનો કારક ગ્રહ છે કે જે બ્રહ્મજ્ઞાન પર ઉચ્ચ કક્ષાએ લઈ જાય છે.

(૩) પરાક્રમસ્થાન : પરાક્રમે કર્કરાશિ ચંદ્રની છે અને ચંદ્ર વૃષભરાશિનો થઈ, ઊંચનો થઈ લગ્નમાં છે કે જેથી કુટુંબસુખ સારું, મનની ચપલતા અને લખવાની શક્તિમાં પૂર્ણતા આવે છે. અને સાથે સાથે જીવનમાં પરાક્રમી પુરવાર થઈ શકે છે.

(૪) હૃદયસ્થાન : હૃદયસ્થાને સૂર્ય સિંહરાશિમાં સ્વગૃહી છે અને જેના પર ચંદ્રની દૃષ્ટિ છે કે જે જમીન, સંપત્તિ ભોગવાવે છે અને સાથે ગૂઢજ્ઞાનના કારક ગ્રહ ગુરુની દૃષ્ટિ છે. ચંદ્ર તથા સૂર્યને લીધે વિદ્યામાં પૂર્ણ બ્રહ્મ-વિદ્યાના જાણકાર બને, ન જોવાનું જણાય અને ન સાંભળવાનું સંભળાય; વળી અહીં સૂર્ય હૃદયમાં પૂર્ણ આત્મારૂપે પ્રકાશે છે. સૂર્ય, ચંદ્ર અને મંગળ કેન્દ્રમાં છે કે જે બળવાન જ્ઞાનયોગ કારક પણ છે.

(૫) ઐશ્વર્ય : પંચમેશ બુધ કન્યાનો છે અને સાથે સાથે ઉચ્ચનો છે કે જે બ્રહ્મવિદ્યાનો કારક ગ્રહ છે, જે પરમાત્મા સ્વરૂપનો પૂર્ણ વિચાર કરાવે છે અને પૂર્વજન્મનું પુણ્ય પણ આને લીધે ખીલે છે. વળી શુક્રની તાકાત અહીંયાં નબળી પડે છે, જેનાથી માયા દૂર રહે છે અને બંધન લાગતું નથી.

(૬) શત્રુભાવ : છઠ્ઠે રાહુ તુલારાશિમાં મિત્રભાવે બેઠેલો છે. આ શુભ યોગ છે, પોતાની વિદ્યામાં નિપુણ બનાવે છે અને શત્રુને જીતવાની શક્તિ આપે છે. રાહુ શુક્રની રાશિમાં છે કે જે વૈરાગ્ય તરફ લઈ જાય છે. કદાચ કમ્મરની નીચેના ભાગમાં બીમારી પણ થાય એવા યોગ છે.

(૭) ભાગીદારી : સપ્તમાધિપતિ મંગળ કર્મસ્થાનમાં છે. મંગળ એ શક્તિગ્રહ છે અને ચંદ્રની પણ દૃષ્ટિ છે કે જેથી પત્ની અને મિત્રો જીવનમાં મદદગાર થાય છે.

(૮) આયુષ્યભાવ : અષ્ટમેશ ધનરાશિનો માલિક ગુરુ વ્યયસ્થાને છે. આ ગુરુની આઠમા સ્થાને દૃષ્ટિ છે. ગૂઢજ્ઞાનના ગ્રહને લીધે મોક્ષ મેળવવાના અલૌકિક જ્ઞાનમાં વધારો થાય, એ દિવ્ય જ્ઞાનના જાણકાર બને અને બંધનમાંથી મુક્ત કરે છે.

(૯) ભાગ્યભવન : ભાગ્યેશ શનિ ભાગ્યસ્થાને સ્વગૃહી છે અને ગૂઢજ્ઞાનના કારક ગ્રહ ગુરુની પણ દૃષ્ટિ છે. આ ગુરુ, શનિની દૃષ્ટિ જ્ઞાનયોગ કારક છે. આ શનિ વૈરાગ્ય આપનાર ગ્રહ છે, માયાના દુઃખોનું ભાન કરાવે છે *જેથી જ્ઞાનમાર્ગમાં આગળ જઈ શકાય છે, ધર્મયાત્રા* પણ કરાવે છે અને પૂર્વના જ્ઞાનનો પણ ઉદય કરે છે. વળી શનિની દૃષ્ટિ રાહુ પર છે કે જે જ્ઞાન કારક યોગમાં વૃદ્ધિ કરે છે.

(૧૦) કર્મસ્થાન : કર્મસ્થાનમાં કુંભરાશિ શનિની છે અને મંગળગ્રહ બિરાજમાન છે. કર્મ એટલે મંગળ અને મંગળ એટલે કાર્યનો કારક ગ્રહ. મંગળ એ વિજય અપાવનાર ગ્રહ છે. વળી ગુરુની પણ અહીંયાં દૃષ્ટિ પડે છે કે જે જ્ઞાન કારક યોગના કર્મમાં વિજય અપાવે છે, જાહેરમાં કાર્ય કરી શકે

છે અને લોકોની ચાહના મેળવી તેમના હૃદયે બિરાજમાન કરે છે. શનિના ઘરમાં હોવાથી અને સૂર્યની તથા ચંદ્રની પણ દૃષ્ટિ હોવાથી પોતાના કાર્યમાં મનને પૂર્ણ સત્યનો પ્રકાશ પ્રાપ્ત થાય છે કે જે પુસ્તકો વડે બીજાને પણ સમજાવી શકે છે.

(૧૧) લાભભવન : લાભભાવ પર વૈરાગ્ય કારક ગ્રહ શનિની દૃષ્ટિ છે અને ચંદ્રની પણ દૃષ્ટિ છે કે જે પોતાનાં ધારેલાં કાર્યોમાં અવશ્ય લાભ અપાવે છે.

(૧૨) વ્યયસ્થાન : વ્યયસ્થાનમાં ગૂઢજ્ઞાનનો ગ્રહ ગુરુ છે અને સાથે કેતુ છે કે જે એક શુભ યોગ છે, ભાગ્યના ઉદયમાં સહાયક થાય છે અને જ્ઞાન-કર્મમાં પૂર્ણતા પ્રાપ્ત કરાવે છે. ગુરુની હૃદયસ્થાને બેઠેલા સૂર્ય પર દૃષ્ટિ છે (સૂર્ય એ આત્મા અને પ્રકાશ છે) અને ઉચ્ચના ચંદ્રની પણ હૃદયે દૃષ્ટિ છે કે જેથી આ યોગ લૌકિક તથા અલૌકિક જ્ઞાનને આરપાર જોવાની દૃષ્ટિ આપે છે, અંતર્જ્ઞાની પણ બનાવે છે, બીજાના હૃદયની વાત સમજી શકે છે અને પ્રકૃતિની ચાવને પણ જાણે છે તેથી જન્મ અને મરણને સરળતાથી સમજી શકે છે.

### જન્મકુંડલીનું વિવરણ

વલ્લભરામનો જન્મ એવા યોગમાં થયેલો છે કે જે યોગમાં પોતે અ-લૌકિકજ્ઞાનનું ભોજન લઈ શકે છે તથા બીજાઓને પણ આ બ્રહ્મજ્ઞાનનું ભોજન કરાવે છે. આ એક "પૂર્ણ બ્રહ્મજ્ઞાન યોગ" માટેની કુંડલી છે. તેઓ પોતે જ પોતાના ગુરુ થાય છે એટલે કે કોઈ પણ દેહધારી ગુરુ તેઓના હોતા નથી. બ્રહ્મ સ્વયં તેઓને પોતાનું અલૌકિક જ્ઞાન આપે છે. તેઓની કુંડલીના બધા ગ્રહો જ્ઞાન કારક યોગવાળા છે અને પૂર્વજન્મના જ્ઞાનમાં વધારો કરે છે.

ગ્રહમાં લગ્ને ચંદ્ર, હૃદયે સૂર્ય, ઐશ્વર્યે બુધ, ભાગ્યે શનિ, રાહુ ને કેતુ અને વ્યયે ગુરુ—આ બધા જ્ઞાનકારક ગ્રહો છે કે જે મંગળ, શુક્રની પ્રકૃતિના જોરને પણ નરમ પાડે છે અને સંયમમાં રાખે છે. મંગળ અને શુક્ર દરેકને બાંધનારા (એટલે બંધનમાં નાંખનારા) ગ્રહ છે પણ અહીંયાં એ બંધન કારક યોગમાં નથી. બુધ સાથે શુક્ર રંગાઈ જાય છે અને મંગળ પણ ગુરુ સાથે જ્ઞાનયોગમાં રંગાઈ રહે છે તેથી કરીને વલ્લભરામને પ્રકૃતિમાંથી મુક્તિ મળે છે.

લગ્નમાં ચંદ્ર ઉચ્ચનો હોવાથી ઉચ્ચ ભાવનાવાળું મન બને છે. મનના સ્થાને સૂર્ય રહ્યો છે અને સાથે ગુરુની દૃષ્ટિ છે, તેથી મનને આત્મીય વિચાર કરવાની સંપૂર્ણ સત્તા મળે છે અને સાથે સાથે તે બ્રહ્મજ્ઞાન તરફ મનને દોરી

જાય છે, તેવા વિચારવાળાં પુસ્તકો લખાવે છે, તેવી જ વાણી પણ બોલાવે છે, લોકોને પણ તેવા જ વિચારો સમજાવે છે અને તેવાં જ કાર્યો કરવાનો ને કરાવવાનો આગ્રહ રાખે છે.

ચંદ્રના ઘરમાં સૂર્ય સ્વરાશિનો છે કે જે હૃદયસ્થાને છે અને હૃદયનો માલિક ચંદ્ર દેહમાં ઉચ્ચ સ્થાને છે કે જે અંતર્જ્ઞાની બનાવે છે, દિવ્ય દૃશ્યો પણ બતાવે છે, અલૌકિક વાણી પણ સંભળાય છે, વિદ્વાન અને વિજ્ઞાની બનાવે છે અને કીર્તિ અપાવે છે.

આમાં દશમે મંગળગ્રહ કર્મનો કારક ગ્રહ છે કે જે સત્તાનું ઘર છે તેથી જ્ઞાન કાર્યમાં પૂર્ણ સત્તા મળે, વિજય અપાવે અને પ્રતિષ્ઠા વધારે છે. ધનભાવમાં મિથુનરાશિ છે જેનો માલિક બુધ ઉચ્ચનો છે કે જે સંપત્તિ, જમીન, વાહન ભોગવાવે; બુધના લીધે આ સંપત્તિમાં અહંકાર ન આવવા દે, મન સ્થિર રાખી સદાચારી જીવન વિતાવે અને ધનસંપત્તિ સારા કામમાં વાપરી શકે. પોતાના કુટુંબમાં પણ સેવા આપે કારણ કે કર્કનો ચંદ્ર ઉચ્ચનો થઈ લગ્નમાં બિરાજમાન થયેલો છે.

પાંચમે બુધ કન્યારાશિનો છે અને તે ઉચ્ચનો છે. આ ગ્રહ જંગલનો માલિક છે તથા બ્રહ્મવિદ્યાનો કારક ગ્રહ છે કે જે પરમાત્માના જ્ઞાનનો ઉદય કરે છે અને આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનની પ્રેરણા આપે છે. આ સ્થાન વિદ્યાનું છે એટલે પરમતત્ત્વનું જ્ઞાન, બ્રહ્મવિદ્યાનું જ્ઞાન અને અલૌકિક જ્ઞાનની પ્રેરણા કરે છે. આવો યોગ પ્રેરકની (એટલે વિશ્વેશ્વર-નારાયણની) ઇચ્છાથી જ થાય છે એમ સમજવું જોઈએ.

રાહુ પણ મિત્ર હોવાથી કોર્ટમાં જીત અપાવે, મિત્રોમાં વધારો કરે અને શત્રુઓ પણ હારી જાય. આ રાહુ તુલારાશિ એટલે શુક્રની રાશિ છે જેથી વૈરાગ્ય તરફ મનને ખેંચે છે. સાતમે વૃશ્ચિકરાશિ પર ચંદ્રની દૃષ્ટિ છે અને બુધ પર દૃષ્ટિ કરે છે, જેથી પત્નીઓ શુભ વિચારની અને જીવનમાં મદદગાર બને છે.

આયુષ્યભાવે ધનરાશિનો ગુરુ બારમે છે અને અહીંયાં ગુરુની દૃષ્ટિ છે, જેથી પોતાના મૃત્યુને જાણી શકે છે, માયાના જાદુને પણ જાણી શકે છે અને બંધનમાંથી મુક્ત થાય એવી બ્રહ્મવિદ્યા પણ અપાવે છે, કેમ કે ગુરુ એ ગૂઢજ્ઞાનનો કારક ગ્રહ છે.

ભાગ્યભવને શનિ છે અને શનિ એ વૈરાગ્ય કારક ગ્રહ છે તે માયાના દુઃખોની જાણ કરે છે. બુધ જે બ્રહ્મજ્ઞાનનો કારક ગ્રહ છે તેની દૃષ્ટિ છે, તેને લીધે વૈરાગ્યના જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે અને મનને મજબૂત કરે છે. કર્મસ્થાનમાં

મગળ શનિની રાશિમા છે તેને લીધે પોતે વૈરાગ્ય જ્ઞાનના પ્રચારક કામ કરે અને લોકોને પણ એવા કામોનો બોધ આપે ગુરુની શનિ પર દૃષ્ટિને લીધે આ વિષયમા જ્ઞાન પણ વૃદ્ધિ પામે છે, જે આ કાર્યમા લખવાની શક્તિ, વૈરાગી વિચારો, કીર્તિ અને મોક્ષ અપાવે એવા કામો કરે છે

લાભભવને પણ જ્ઞાનમા લાભ થાય છે સહુથી શ્રેષ્ઠ ગુરુ તથા કેતુની બારમે યુતિ છે કે જે ઘણી જ શુભ યુતિ છે, જે કર્મોના અતિમ પગથિયાં પર લાવીને ઊભા રાખે છે આ યુતિ હૃદયસ્થાને બેઠેલા સૂર્ય (એટલે આત્મા) પર પણ દૃષ્ટિ કરે છે ને આયુષ્યભાવે પણ દૃષ્ટિ કરે છે કે જે જ્ઞાનકાર્યમા પૂર્ણતા એટલે "મુક્તાત્મા યોગ" બનાવે છે એટલે કે જ્ઞાનનું મૂળ અનુભવ હોવાથી વલ્લભરામ જ્ઞાનવાન બને છે વળી મૃત્યુને મુઠ્ઠીમાં લઈને ફરનાર બનાવે છે જે વ્યક્તિમા પૂર્ણ જ્ઞાન કારક યોગ હોય તે જ આમ કરી શકે

વલ્લભરામ "પૂર્ણ જ્ઞાનદાતા યોગવાળા" છે, જેથી તેઓ પરમબ્રહ્મ-પરમાત્માના સ્થાન પર જઈ શકે છે, તેથી તેઓને "પરમબ્રહ્મનિષ્ઠ જ્ઞાનદાતા સદ્ગુરુ શ્રીવલ્લભરામ" કહેવામાં આવે છે તે સદતર યોગ્ય જ છે (દ્વાપરમા મહર્ષિ વેદવ્યાસજી જ્ઞાનદાતા હતા, ત્યારે શુકદેવજી મુનિદાતા યા મોક્ષદાતા હતા તેવી જ રીતે સત્યસનાતન ધર્મમા વલ્લભરામ જ્ઞાનદાતા છે અને રમુજીલાલ મોક્ષદાતા છે)

યથાર્થ રીતે જોતા વલ્લભરામ જ્ઞાનયોગવાળા યા જ્ઞાનના શિરોમણિ છે, અને પોતે મુક્તાત્મા ગુરુ, કેતુના યોગવાળા હોવાથી અને બધનમુક્ત રહેતા હોવાથી પોતાને જે જ્ઞાનયોગ કાર્ય કરવાની પ્રેરણા મળી હતી તે કાર્ય સપૂર્ણ રીતે કરે છે આ વિદ્યામા બ્રહ્મજ્ઞાન, પ્રણવ ૐકારનું તત્ત્વજ્ઞાન, પૂર્ણ આત્મ-તત્ત્વનુ જ્ઞાન વગેરે વલ્લભરામને જે પ્રેરક (એટલે વિશ્વેશ્વર-નારાયણ) પાસેથી મળ્યું અને તે ઉપરાત પૂર્વે મેળવેલુ દિવ્યજ્ઞાન જે તેઓની આત્મજ્યોતિમા સ્વયસિદ્ધ હતુ તે જ્ઞાન, વલ્લભરામે પણ યોગ્ય સમયે (પોતાની ગેરહાજરીમા મોક્ષધર્મના મુમુક્ષુઓને જ્ઞાનયોગ શક્તિ વગેરે ઉપયોગી થઈ પડે અને નિત્ય ધર્મનુ કાર્ય ચાન્યા કરે એવી શુભ ભાવનાથી) યોગ્ય પાત્ર ઋષિયોગવાળા પોતાના પુત્ર રમુજીલાલના હૃદયે સર્વસ્વ અર્પણ કરી દીધુ અર્થાત વલ્લભરામે પોતાના હૃદયનુ જ્ઞાન પોતાના પુત્ર રમુજીલાલના કર્મસ્થાનમા સ્થાપી દીધુ એટલે ફક્ત રમુજીલાલને વલ્લભરામના શિષ્યોના મોક્ષ માટેનું જ કામકાજ કરવાનુ રહે છે કેમ કે રમુજીલાલની કુડળી પણ "પૂર્ણ આત્મતત્ત્વના યોગવાળી" છે જે ગ્રહ વલ્લભરામના હૃદયે છે, તે જ ગ્રહ રમુજીલાલના પરાક્રમભવનમા છે

આ વિષે અમોએ રમુજીલાલની કુંડલીમાં ઉલ્લેખ કરેલો છે. માટે વલ્લભરામે જે બંદોબસ્ત કર્યો છે, તે વિવેકદૃષ્ટિથી જોતાં પૂર્ણતઃ યોગ્ય દેખાય છે.

સંક્ષિપ્તમાં, વલ્લભરામના પૂર્ણ આત્મતત્ત્વ જ્ઞાનનો ઉપયોગ પૂર્ણ આત્મતત્ત્વ યોગવાળી કુંડલીથી થયો છે. એક જ્ઞાનદાતા છે ત્યારે બીજા મોક્ષદાતા છે. આવી રીતે બંને સત્પુરુષો સત્ય સનાતન ધર્મમાં અને મુમુક્ષુઓ માટે મહાન અવતાર સમાન ગણાશે.

તા. ૧-૨-૧૯૭૦ લિ.
ગોલવાડ મહોલ્લો, વેણીલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રી
નવસારી (જિલ્લો વલસાડ)

ખાસ સૂચના : આ જન્મકુંડલીનું સંપૂર્ણ વિવરણ કરનાર શ્રી વેણીલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રી છે કે જેઓ જ્યોતિષ શાસ્ત્રનું સારું જ્ઞાન ધરાવે છે. આ કુંડલીનું વિવેચન કરવાનું ખાસ કારણ એક જ છે કે આ પુસ્તકની "પ્રસ્તાવના" માં વલ્લભરામનું જીવનચરિત્ર બહુ જ ટૂંકાણમાં જણાવ્યું છે અને તેમાં જે ઉલ્લેખો કરવામાં આવ્યા છે તે કેવળ તેઓને બહુ માન આપવાને ખાતર નહીં પણ જન્મકુંડલીમાં પણ તેવા બધા યોગો છે જ. આના પરથી વાચકવર્ગ જોઈ શકશે કે આમાં કશું પણ વધુ પડતું લખવામાં આવ્યું નથી. કેવળ એટલું જ કહી શકીશું કે :

(છપ્પો)

લગ્ને વૃષભરાશિમાં, ચંદ્ર છે જેનો ઊંચનો;
ઐશ્વર્યભાવે કન્યારાશિમાં, પાંચમે બુધ છે ઊંચનો.
હૃદયસ્થાને સૂર્ય, સિંહરાશિનો છે સ્વગૃહી;
ભાગ્યસ્થાને શનિ, મકરરાશિનો છે સ્વગૃહી.
આ દિવ્યકુંડલીને જોતાં જ, સંસ્કારીનું શિર ઝુકાય છે;
પરમ સૌભાગ્ય છે તેના, (જે) વલ્લભના શરણે જાય છે.


લિ.
કે. બી. માસ્તર

શ્રીરમુજીલાલ વલ્લભરામ વ્યાસજીની જન્મકુંડલી

જન્મ તારીખ : ૮-૧૦-૧૯૦૭

સમય : બપોરે બાર કલાક ને પાંચ મિનિટે, અમદાવાદ મધ્યે.

(ઉચ્ચ જીવન, ઋષિયોગ, પૂર્ણ આત્મતત્ત્વ યોગ અને જ્ઞાનયોગવાળી કુંડલી)




(૧) ઉચ્ચના ગુરુની હૃદય પર દૃષ્ટિ.
(૨) ભાગ્યેશ પરાક્રમે.
(૩) કેતુ ઉચ્ચનો.
(૪) મંગળ ઉચ્ચનો.
(૫) રાહુ ઉચ્ચનો.
(૬) શનિ સ્વગૃહી.
(૭) ગુરુની વ્યયભાવે ઉચ્ચના મંગળ પર દૃષ્ટિ.

(૧) લગ્ને ધનરાશિમાં દેહભવને "કેતુ" ઉચ્ચનો છે.
(૨) ધનભાવમાં મકરરાશિએ "મંગળ" ઉચ્ચનો છે.
(૩) પરાક્રમે કુંભરાશિએ "શનિ" સ્વગૃહી છે.
(૪) હૃદયે મીનરાશિ છે, જેનો માલિક "ગુરુ" ઉચ્ચનો છે.
(૫) ઐશ્વર્યમાં મેષરાશિ છે, જેનો માલિક "મંગળ" ઉચ્ચનો છે.
(૬) શત્રુભાવે વૃષભરાશિ છે, જેનો માલિક "શુક્ર" ચલિત થઈને લાભભવનમાં સ્વગૃહી થાય છે.
(૭) ભાગીદારીએ મિથુનરાશિએ "રાહુ" ઉચ્ચનો છે.

(૮) આયુષ્યે કર્કરાશિમાં "ગુરુ" ઉચ્ચનો છે, જે ગૂઢ જ્ઞાનશક્તિ આપે છે.
(૯) ભાગ્યભવને સિંહરાશિ છે, જેનો માલિક "સૂર્ય" કર્મસ્થાને છે.
(૧૦) કર્મસ્થાને કન્યારાશિમાં "સૂર્ય" પ્રકાશે છે, જે જંગલ, એકાંત માટેનું પ્રતીક છે.
(૧૧) લાભભાવે તુલારાશિમાં ચંદ્ર, બુધ, શુક્રની યુતિ (એટલે યોગ) આવે છે, માટે સર્જનશક્તિ ધરાવે છે.
(૧૨) વ્યયભાવમાં વૃશ્ચિકરાશિનો "મંગળ" ધનભાવમાં ઉચ્ચનો થઈને બેઠો છે અને ગુરુની દૃષ્ટિ છે.

સંક્ષિપ્તમાં કહીએ તો નવ ગ્રહમાંથી ચાર ગ્રહ ઉચ્ચના છે, બે ગ્રહ સ્વગૃહી છે, બાકીના ત્રણ પરિવર્તન યોગમાં છે, અને દૃષ્ટિ યોગમાં આવે છે. પરિવર્તન યોગમાં પરિવર્તન કરવાની શક્તિ હોય છે.

શ્રીમુજીલાલની જન્મકુંડલી "પૂર્ણ આત્મતત્ત્વ યોગવાળી" છે. આ કુંડલી પૂર્વના જ્ઞાનવાળી, ઉચ્ચ જીવન બતાવતી હોવાથી પૂર્વના સંસ્કારો સારા છે. હૃદયસ્થાને પહેલેથી જ ગુરુજ્ઞાન ભરેલું છે, જેથી આ જન્મમાં ફક્ત કર્મયોગને વહન કરવાનું કામ કરવું પડે છે. આ કુંડલીમાં ગ્રહો એવા પડેલા છે કે જે તેમને બીજું કામ ન જ કરવા દે. એટલે જ્ઞાન અને કર્મમાં ઉતારવાનું કામ કરવાનું છે. આવી શક્તિ જન્મથી જ તેમની પાસે છે. (હૃદયસ્થાને ગુરુની રાશિ મીન રાશિ છે. તે ઉપરાંત કર્કના ઉચ્ચના ગુરુની મૃત્યુભવનેથી પૂર્ણ દૃષ્ટિ છે. ગુરુ એ આધ્યાત્મિક ગ્રહ છે, તેથી આ પુરુષને જ્ઞાનયોગ બળ મળેલું છે એટલે આત્મતત્ત્વને પૂર્ણપણે યોગમાં પ્રાપ્ત કરે એવા ગ્રહબળવાળી કુંડલી છે.)

આ કુંડલીમાં આઠમે સ્થાને કર્ક રાશિમાં ગુરુ જેવો શુભ ગ્રહ ઉચ્ચનો થઈને બિરાજમાન થયેલો છે. આઠમું સ્થાન આયુષ્યભવન છે, જેમાં ગુરુ ઉચ્ચનો થઈને બેઠો છે અને તે હૃદયસ્થાનનો પણ માલિક છે. વળી ગુરુ એ આધ્યાત્મિક ગૂઢ જ્ઞાનપૂરક ગ્રહ છે, તે મુક્તિ તરફ લઈ જનારો ગ્રહ છે. વળી સાથે સાથે કર્કરાશિ એટલે ચંદ્રની રાશિવાળું શુભ ઘર છે અને કર્કરાશિનો માલિક ચંદ્ર લાભભવન અગિયારમે સ્થાને છે જેથી આધ્યાત્મિક જ્ઞાનયોગ બનેલો કહેવાય. વળી લાભભવનમાં ચંદ્ર+બુધ+શુક્રની યુતિ ચલિત કુંડલીમાં થાય છે, જે સર્જનશક્તિને વાપરવાની શક્તિ આપે છે એટલે કર્મયોગી બનાવે. કર્મયોગી એટલે ક્રિયાકાંડ કરાવે પણ તપશ્ચર્યા નહિ. ફક્ત તપમાં ન બેસી રહે પણ બીજાઓ માટે પણ કામ કરે (આ કુંડલીમાં આઠમું સ્થાન જ ઘણું ઉપયોગી છે, જેમાં કર્કનો ગુરુ ઉચ્ચનો છે. ગુરુ એ આધ્યાત્મિક ગૂઢજ્ઞાન ગ્રહ છે, જે સર્જનશક્તિમાં જોઈતી શક્તિઓ પૂરી પાડે છે એટલે એ પૂરકગ્રહ છે, મોક્ષ તરફ લઈ જવામાં

વ્યયભવન પર નજર કરે છે આ એક યોગ છે અને તે બંનેના ઉચ્ચ ભાવમાં છે એટલે આધ્યાત્મિક અને આત્મિક કામ કરવાવાળા થઈ શકે, મોક્ષના રાહ પર જઈ શકે અને બીજાઓને રાહ બતાવી શકે છે આ એક "પૂર્ણ આત્મતત્ત્વ યોગ" છે આ યોગ ઘણા મહાન પુરુષોને પણ પ્રાપ્ત થવો મુશ્કેલ છે) "સર્જનશક્તિ" એટલે પોતે ધારે તો પ્રારબ્ધને ફેરવવાનો વિચાર કરી શકે, જે હોય તેને બદલી શકે અને આશીર્વાદ આપી શકે જેનામાં સર્જનશક્તિ નથી તેનો આશીર્વાદ ફળતો નથી

દશમુ સ્થાન એ કર્મનું સ્થાન છે જેમા સૂર્ય+શુક્રની યુતિ છે અને તે કન્યારાશિમા છે અગિયારમે લાભભવનમાં તુલા રાશિએ ચદ્ર+બુધની યુતિ છે જે શુક્ર, બુધનુ પરિવર્તન યોગ બનાવે છે બુધ એ જગલનો માલિક છે જે જ્ઞાની બનાવ છે એટલે જે સ્વય પોતાને જાણવા જેવા કામો બીજાની મદદ વગર પોતાની મેળે જ જાણી જાય આ પરિવર્તન યોગ સારો છે જે યોગી થવાના સ્વભાવવાળો છે ચદ્ર+બુધ અને સૂર્ય+શુક્ર સંસારમા રહેવા છતાં આ યોગ પર લઈ જનારો મહાન યોગ છે

બારમે વ્યયસ્થાન વૃશ્ચિકરાશિનુ છે જેનો માલિક મંગળ ધનભાવમાં મકરરાશિમા ઉચ્ચનો થઈને રહેલો છે, જે બધનમાંથી મુક્તિ અપાવનાર યોગ બતાવે છે ઉચ્ચના ગુરુની દૃષ્ટિ બારમે તથા પાચમે રહે છે જે પૂર્વનો "પુણ્ય શાળી યોગ" બતાવે છે, જેને "મોક્ષદાતા યોગ" પણ કહેવાય છે (પૂર્વ જન્મો ના કર્મોનુ પુણ્ય સાથે છે સદગુરુ શ્રીવલ્લભરામના હૃદયના ગ્રહો એમના પરાક્રમ સ્થાનમા છે એટલે સદગુરુ શ્રીવલ્લભરામની શક્તિનો ઉપયોગ પોતે કરે છે અને કર્મ પણ કરે છે

પાચમા સ્થાનનો માલિક મગળ ઉચ્ચનો છે, જેથી વિદ્યા પણ જ્ઞાનવાન પ્રાપ્ત કરે છે બુદ્ધિ પણ જ્ઞાન પ્રાપ્ત કરવામા જ વપરાય છે ધનભાવમાં મગળ ઉચ્ચનો છે, જે સુખી કુટુબમા જન્મ બતાવે છે દેહભવનમાં કેતુ ગુરુની રાશિમા ઉચ્ચનો છે તેમ જ સાતમુ સ્થાન ભાગીદારી, પત્નીનું સ્થાન મિથુન રાશિ સાથે રાહુ ઉચ્ચનો થઈને રહેલો છે, તે શારીરિક તથા કૌટુબિક ઉપાધિ માથી પાર ઉતારી શકે છે અને કોર્ટકચેરી હકને ખાતર જવુ પડે છે

ત્રીજુ ભવન પરાક્રમભવન છે, જેમા શનિ સ્વગૃહી છે અને આ સ્થાન નો કારક ગ્રહ છે, જેથી લખવાની શક્તિ અને વિચારવાની શક્તિ આપે છે ચોથેસ્થાને ગુરુ ઉચ્ચનો છે તેની પૂર્ણ દૃષ્ટિ છે, તેથી પોતાના મનને ઉચ્ચ ભાવનાઓમા ડૂબેલુ રાખે

ગ્રન્થાધિકર્તા મોક્ષમાર્ગાચાર્ય

## શ્રી રમુજીલાલ વલ્લભરામ વ્યાસ



| મર્ત્યાગમન | મોક્ષાગમન |
| --- | --- |
| સંવત ૧૯૬૩ આસો સુદ ૧ | સંવત ૨૦૧૮ પોષ વદ ૬ |
| તા /-૧ -૧૯૦૭ | તા ૨?-૧-૧૯૬૨ |

આ કુંડલી વૈરાગી અથવા ઋષિયોગ (એટલે વિરક્તભાવ, સમાધિની કાયમ અવસ્થા અને પવિત્ર જીવન)માથી બચી ગઈ છે તેથી જ મોક્ષમાર્ગીઓને શ્રીરમુજીલાલના કર્મનો અને જ્ઞાનનો લાભ મળ્યો છે એટલે તેઓ "પૂર્ણ આત્મતત્ત્વના યોગ" સાથે જ મોક્ષમાર્ગીઓ સાથે હતા તેઓએ આ પુસ્તકના પ્રકરણ ૬, ૭ ને ૮ (જેવા કે—"આત્મજ્યોતિ અને તેનો અનુભવ", "આત્મા અને તેનો અનુભવ" અને "પરમાત્મા પરમેશ્વર અને તેનો અનુભવ") આ ત્રણ વિષય પર ખરેખર વેધક પ્રકાશ પાડ્યો છે એ જ તેઓના ગ્રહની સાબિતી છે

ખાસ કરીને શ્રીરમુજીલાલમાં જ્ઞાન, યોગને વાપરવાના અને મોક્ષનાં કર્મો માટેના પરાક્રમ યોગો કુંડલીમા છે તેટલુ જ જોવાનુ છે જેમ એક માણસ રૂપિયા કમાય પણ વાપરે નહિ, તેવી રીતે શ્રીરમુજીલાલને જ્ઞાન, યોગ પૂર્વેથી જ પ્રાપ્ત છે પણ કેવળ તેને વાપરવાનુ કામ કરવાનું છે અને સાથે સાથે વધારવાનું પણ કામ થયા કરે છે જ્ઞાન કેવળ વાપરવાથી વધે છે

ઉપર જણાવી ગયા પ્રમાણે, આ મહાન પુરુષના ત્રણ ગ્રહો પરિવર્તન યોગમાં છે અને દૃષ્ટિ યોગમાં આવે છે એટલે જેમ સારા માણસો બીજાના ઘરમા વધુ સારા થવાનો પ્રયાસ કરે છે, તેમ એકબીજાના ગ્રહો એકબીજાના ઘરમા સારા થવાનો પ્રયાસ કરે છે તેને અંગે તેઓને બળ મળે છે અર્થાત્ પરિવર્તન એટલે એકબીજાના ઘરના ગ્રહો એકબીજાથી સામે હોય તો કામ વધુ સારુ આપે અને વિજય પણ અપાવે

તારીખ ૩૦-૧-૧૯૭૦ લિ

વેણીલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રી

ખાસ સૂચના આ જન્મકુંડળીનું સંપૂર્ણ વિવરણ કરનાર શ્રી વેણીલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રી છે કે જેઓ જ્યોતિષશાસ્ત્રમાં રસ ધરાવે છે આ કુંડલીનું વિવરણ કરવાનું મુખ્ય કારણ એક જ છે કે આ પુસ્તકમા "શ્રીરમુજીલાલનુ સક્ષિપ્તમા જીવનચરિત્ર" આપવામા આવ્યું છે અને તેમા જે ઉલ્લેખો કરવામા આવ્યા છે, તે કેવળ તેઓને બહુ માન આપવાને ખાતર નહિ, પરતુ જન્મકુંડળીમા પણ તેવા બધા યોગો છે આના પરથી વાચક વર્ગ જોઈ શકશે કે આમા કશું પણ વધુ પડતું લખવામા આવ્યું નથી તેથી શિષ્યવૃંદે ગાયુ છે કે

(છપ્પો)

કર્કરાશિમાં આયુષ્યે, ગુરુ છે જેનો ઉચ્ચનો;
ધનભાવમાં મકરરાશિએ, મંગળ છે જેનો ઉચ્ચનો.
લગ્ને ધનરાશિમાં દેહભવને, કેતુ છે જેનો ઉચ્ચનો;
ભાગીદારીમાં મિથુનરાશિએ, રાહુ છે જેનો ઉચ્ચનો.
મોક્ષનાં કાર્યો કરાવી, સદૈવ કર્યું સદ્‌ગુરુમાં રમણ;
આવા "રમુજી" ગુરુદેવને, શિષ્યોના કોટિ નમન.

લિ.
કે. બી. માસ્તર

## પ્રણવાધિવક્તા મોક્ષમાર્ગાચાર્ય શ્રીરમુજીલાલનું સંક્ષિપ્ત જીવનચરિત્ર

૦-૦-૦

પ્રથમ વેદવ્યાસ અવતારમાં વેદવ્યાસજીએ પોતાના પુત્ર શુકદેવને ગૃહસ્થાશ્રમનું સેવન કરવા માટે આદેશ કર્યો, પણ શુકદેવે તેને અનુમતિ (એટલે સંમતિ) આપી નહીં, તેથી "ઉત્તમ ન કહી શકાય તેવી યોનિમાં જન્મીને તું દુઃખ ભોગવીશ" એવો પિતાએ શુકદેવને શાપ આપ્યો હતો. શુકદેવે તે શાપ સ્વીકાર્યો અને પ્રેમપૂર્વક કહ્યું કે, "આ શાપ નથી પણ કૃપા છે. ભલે મારો જન્મ સુખેથી થાય. પરંતુ હે ગુરુદેવ! મારા બીજા જન્મમાં આપ જ મારા પિતા અને ગુરુ થાઓ તેવી મારી પ્રાર્થના છે." ત્યારે વેદવ્યાસજીએ ત્રીજા જન્મમાં પિતા અને ગુરુ થવાનું વચન શુકદેવને આપ્યું. ત્યાર બાદ વેદવ્યાસે "વલ્લભધોળા"નો અવતાર લીધો અને શુકદેવ મુનિએ "કબીર"નો અવતાર લઈ શાપના આધારે દુઃખો ભોગવ્યાં હતાં. ત્યાર પછી પૂર્વે આપેલું "વર" પૂર્ણ કરવા સંવત ૧૯૦૧ના શ્રાવણ વદ આઠમના દિવસે મધ્યરાત્રિએ વેદવ્યાસે અમદાવાદ મધ્યે સૂર્યરામના ઘરે "વલ્લભરામ"નો અવતાર લીધો અને શુકદેવે સંવત ૧૯૬૩ના આસો સુદી એકમના શુભ દિવસે અમદાવાદના રાયપુરવાળા મકાનમાં ડાહીબાની કૂખે વલ્લભરામના પુત્રરૂપે "રમુજીલાલ"નો અવતાર લીધો. આવી રીતે પૂર્વે આપેલું "વર" ("વ" પરથી વલ્લભરામ અને "ર" પરથી રમુજીલાલ) પૂર્ણ કર્યું. આ ગુપ્ત અવતારોનું રહસ્ય અમારા તેમ જ બીજા અનેક ધર્મબંધુઓના યૌગિક અનુભવોથી સિદ્ધ થયેલું છે.

આ બાળક અગ્નિના જેવો તેજસ્વી, પરમ ધાર્મિક અને વેદવેદાંગમાં પ્રવીણ હોય તેવો જન્મથી જ દેખાતો હતો. જે દિવસે તેમનો જન્મ થયો તે દિવસે પ્રાણીઓ તેમ જ વનસ્પતિ સર્વને સુખનો સૂર્ય ઊગ્યો હોય એમ ભાસતું હતું. એ દિવસે ચારે દિશાઓ ઝગઝગાટ થઈ રહી હતી અને પવિત્ર વાયુ ચોમેર વાઈ રહ્યો હતો. નાની વયથી જ રમુજીલાલને રમતગમત પ્રત્યે અણગમો હતો. છતાં બાળક તરીકે ખેલતાં, વિનોદ કરતાં અને બાલ્યાવસ્થાથી જ પરમાર્થની વાતો કરતા હતા. તેમની પરિસ્થિતિ વૈરાગ્યપોષક હતી. તેમને સંવત ૧૯૬૯ના ફાગણ વદમાં જનોઈ દેવામાં આવી હતી.

રમુજીલાલે પણ નિશાળનો અભ્યાસ બહુ જ થોડો કર્યો હતો. કેમ કે વલ્લભરામ પોતાના પુત્રને પરમાત્માની નિશાળમાં જોડવા માગતા હતા. તેથી પિતાએ પોતાના પુત્રને તેર વર્ષની ઉંમરે નિશાળનો અભ્યાસ છોડાવ્યો હતો. દિવ્ય વિદ્યારંભ કરવાનો સમય આવી પહોંચ્યો ત્યારે પૂર્વજન્મોમાં પ્રાપ્ત કરેલી

બધી વિદ્યા પોતાની મેળે જ એમનામા ઉત્પન્ન થઈ હતી તેમ છતાં પિતાએ પોતાના પુત્રને ધર્માભ્યાસ અને યોગાભ્યાસ વગેરેમા નિપુણાત બનાવવા માટે બે વિદ્યાગુરુઓ, શ્રીગિરિજાશકર શાસ્ત્રી અને શ્રીજગન્નાથભાઈ શાસ્ત્રી રાખ્યા હતા પૂર્વના પૂર્ણ સસ્કારી હોવાથી રમુજીલાલે અઢાર વર્ષનો ધર્માભ્યાસ અને યોગાભ્યાસ સવાબે વર્ષમા પૂરો કર્યો હતો તેમની અતિ સૂક્ષ્મ ને તેજસ્વી બુદ્ધિ જોઈ બેઉ વિદ્યાશાસ્ત્રીઓના આનંદની સીમા ન રહી અને તેઓએ વલ્લભરામ પાસે આવીને રમુજીલાલ માટે ભારે વખાણ કર્યાં હતા સર્વજ્ઞ શ્રીવલ્લભરામને કહેવાનુ શુ હોય? તેઓ તો પ્રથમથી જ જાણતા હતા કે રમુજીલાલ મહાન યોગેશ્વર થવાને માટે જ સર્જાયો છે

પૂર્વ ભાર તપશ્ચર્યા કરી હોવાથી નાની ઉંમરમા જ રમુજીલાલને ત્યાગના વિચારો આવતા હતા અતર્યામી વલ્લભરામ આ વાત જાણતા હોવાથી અને પુત્ર ઘરત્યાગ કરશે એવો ભય હોવાથી અગિયાર વર્ષની ઉંમર સંવત ૧૯૭૪ના વૈશાખ વદી ચોથના શુભ દિવસે પોતાના પુત્રને કાનાદેવી સાથે લગ્નગ્રંથિથી જોડયા હતા

વલ્લભરામનુ બાહ્ય વર્તન પોતાના પુત્ર માટે કઠોર હતુ પણ અતરમા તેઓ તેમના પ્રત્યે અસીમ પ્રેમ રાખતા હતા તેઓ પોતાના પુત્રને હમેશા પોતાની સાથે રાખતા, કેમ કે તેઓનુ નામ અને ગુરુગાદી ઉજ્જવલ કરે તે બધાં ચિહ્નો પોતાના પુત્રમા તેમણે જોયા હતા તેથી તેર વર્ષની ઉંમરે પોતાના પુત્રને "ચેતવણી' નામની ધાર્મિક પત્રિકા લખવાનું કાર્ય પિતાએ સોંપ્યુ હતુ વળી સાથે સાથે પિતાએ પોતાના પુત્રના મનોસંયમની નાની ઉંમરે યોગ દ્વારા કસોટી કરી હતી, જેમાં શ્રીરમુજીલાલે પૂર્ણપણે વિજય પ્રાપ્ત કર્યો હતો

વલ્લભરામે પોતાના પુત્રને ધર્મ, કર્મ અને યોગમા પૂર્ણ નિપુણાત બનાવવા માટે નાનેથી જ બધા દિવ્યતત્ત્વોની તાલીમ આપી હતી તેથી રમુજી-લાલે પોતાની સત્તર વર્ષની ઉંમરમા પોતાના પિતાના હૃદયમાં જ્ઞાન, ભક્તિ અને યોગ વગેરે હતુ તે સર્વ સહેજે પ્રાપ્ત કર્યું હતુ "ગુરુના જ્ઞાનનો છેડો તે શિષ્યનો એકડો હોય", આ કહેણ અનુસાર રમુજીલાલે પોતાના વિજ્ઞાનભડાર માં ભારે વધારો કર્યા તેથી તેમના અતરમા જ્ઞાન, ભક્તિ અને યોગ વલ્લભ રામના કરતા વધાર પ્રમાણમા દેખાતા હતા એવી પ્રતીતિ શિષ્યવર્ગને થતી હતી

સવત ૧૯૮૦ના ચૈત્ર સુદમા શ્રીવલ્લભરામને તાવ આવ્યો હતો અને ચૈત્રી પૂર્ણિમા પર દેહ છોડવા તેઓ તૈયાર હતા પણ પટ્ટશિષ્યોની વિનતીથી પોતાની ઇચ્છા થોડા વખત માટે મુલતવી રાખી આ વખતે વલ્લભરામ

૧૦૫ ડિગ્રી તાવમાં આંખો બંધ કરી પોઢ્યા હતા ત્યારે એક પછી એક શિષ્યો પગે લાગ્યા અને ગુરુદેવે દરેકને આશીર્વાદ આપ્યા. આ તકનો લાભ લઈ રમુજીલાલ પણ ગુરુદેવને પગે લાગ્યા, તરત જ અંતર્યામી વલ્લભરામ જાણી ગયા અને પોતાનો હાથ ઉઠાવી લીધો. બધા શિષ્યોએ ઘણી અરજ કરી પણ ગુરુદેવે કોઈનું કહ્યું માન્યું નહીં અને જણાવ્યું કે, "તેની ઈચ્છા આશીર્વાદ લેવાની છે, પણ મારો આત્મા ઠરે એવો યોગ્ય બને નહીં ત્યાં સુધી હું તેને આશીર્વાદ આપીશ નહીં અને ગુરુગાદીએ બેસાડીશ નહીં. પોતાનો પુત્ર હોય તોયે શું?"

સુજ્ઞ વાચક! આના પરથી જણાય છે કે, વલ્લભરામને ગુરુગાદીનું કેટલું ભારે ગૌરવ હતું! ખરેખર, ગુરુગાદીની જવાબદારી તેમણે હયાતીમાં સંપૂર્ણપણે અદા કરી હતી અને આજે પણ અગોચર રહીને અદા કરી રહ્યા છે.

આ વખતે વલ્લભરામે પોતાના આધ્યાત્મિક પુત્ર રમુજીલાલને આશીર્વાદ ન જ આપ્યો. તેનું મુખ્ય કારણ એક જ હતું કે તેઓ રમુજીલાલને આધ્યાત્મિક માર્ગમાં આગળ વધારવા માગતા હતા. આવી કસોટી વિના સાચો વિકાસ શકય બનતો નથી. ઉચ્ચ કોટિનો સંત ગમે તેટલો દયાળુ હોય તોયે તે પોતાના આધ્યાત્મિક વારસને આશીર્વાદ આપી દેવામાં ઉતાવળ કરતો નથી.

જો કે યોગી શ્રીવલ્લભરામ સંપૂર્ણપણે જાણતા હતા કે, રમુજીલાલ બહુ જ ઉચ્ચ કક્ષાનો આત્મા છે અને પૂર્વે આ આત્માએ લીધેલા શુકદેવ અને કબીર જેવા મહાન અવતારોના લીધે તેમનામાં આત્મજ્ઞાન, પ્રણવજ્ઞાન, યોગજ્ઞાન અને બ્રહ્મજ્ઞાન સ્વયંસિદ્ધ છે, છતાં ગુરુદેવની આત્મિક ઈચ્છા તેમને અતિ મહાન બનાવવાની હતી.

આ બનાવ દરમ્યાનમાં શ્રીવલ્લભરામ હવાફેર માટે દવીએર ગયા. રમુજીલાલે પિતાની ગેરહાજરીમાં પરમાત્મા-પરમેશ્વરની પરમગતિના ગૂઢ રહસ્યો લખ્યા, અને પોતાના ગુરુદેવને હવાફેરથી આવ્યા બાદ વાંચી સંભળાવ્યા. આવું ગૂઢ જ્ઞાન સાંભળીને ગુરુદેવના આનંદની સીમા ન રહી. તુરત જ પોતાના પુત્રને પાંચ વાર પગે લાગવા કહ્યું. તે જ ક્ષણે રમુજીલાલે ગુરુદેવનાં ચરણમાં પોતાનો આત્મા અને આત્મજ્યોતિ સમર્પણ કરી દંડવત્ પ્રણામ કર્યા. તે વખતે ગુરુદેવે અંતરના પૂર્ણ ઉત્સાહથી પોતાના અંતરનું જ્ઞાન, લૌકિક સિદ્ધિઓ, યૌગિક સિદ્ધિઓ, આત્મિક શક્તિઓ, આધ્યાત્મિક શક્તિઓ અને તાત્ત્વિક શાસ્ત્રો વગેરે રમુજીલાલમાં ઉતારવાનો સંકલ્પ કરી આશીર્વાદ આપ્યો અને કહ્યું કે : "કોઈ સ્થળે તમારું મન નહીં ચળે તેનો મેં પ્રત્યક્ષ અનુભવ કર્યો છે, છતાં

જીવનભર મનને અને ઇચ્છાને મારતાં રહીને આ મહાન વસ્તુઓનો પરોપકારાર્થે વિવેકપૂર્વક ઉપયોગ કરજે. મારા મોક્ષ ઉપરાંતનું તમામ પુણ્યબળ, યોગશક્તિ, બ્રહ્મશક્તિ, આધ્યાત્મિક શક્તિ અને અંતરનું તમામ જ્ઞાન તમે પૂર્ણપણે પ્રાપ્ત કરજો અને અનેકનાં કલ્યાણ કરજો ઇત્યાદિ ઘણું કહ્યું."

ત્યારે રમુજીલાલે દૃઢ પ્રતિજ્ઞા કરી કે "હું કદી પણ ગુરુભાવ ધારણ કરીશ નહીં, સર્વદા શિષ્યભાવ રાખીશ અને ગુરુઆજ્ઞા પાળનાર શિષ્ય તરીકે બધું કાર્ય કરીશ, પણ પોતે ગુરુ છે એ રીતે કાંઈ જ કરીશ નહીં. પોતાના નામથી પોતાની કીર્તિ વધે તેવું કાંઈ જ કરીશ નહીં અને પુસ્તકાદિ લખીશ નહીં."

આ હકીકત અંતર્યામી ગુરુદેવે જાણી ત્યારે તેમણે કહ્યું કે "મારા જ્ઞાન-વારસ તરીકે ગુરુગાદીએ બેસવા, પૂજા કરાવવા, પગે લાગવા દેવામાં તમારા શિષ્યધર્મને દોષ નહશે નહીં અને આવો ભાવ જ્યાં સુધી કાયમ રહેશે ત્યાં સુધી સર્વદા આગળ વધ્યા કરશો."

અહો! સદ્‌ગુરુ પ્રત્યે ભક્તિ તો આનું જ નામ!!! અને શિષ્ય પ્રત્યે વાત્સલ્ય તે પણ આનું જ નામ!!! વલ્લભરામ અને રમુજીલાલ વચ્ચે ગુરુ-શિષ્ય તરીકે કાલાબાધિત સંબંધ હતો.

ઉપરોક્ત બનાવ વખતે થોડાક શિષ્યો પણ હાજર હતા, તેઓને ઉદ્દેશીને ગુરુદેવે કહ્યું: ભા! જેનામાં આત્મજ્ઞાન, યોગજ્ઞાન, પ્રણવજ્ઞાન અને પરમાત્મ-જ્ઞાન સંપૂર્ણ હોય તેને જ ગુરુગાદી ઉપર બેસાડવા જોઈએ. વિદ્યા ઓછી હોય તો ચાલે, પણ જ્ઞાન અને યોગ તો અવશ્ય હોવાં જ જોઈએ. અને તે કરતાં પણ અત્યાવશ્યક એ છે કે જેના મન, વચન અને કર્મ પવિત્ર હોય યા ડાઘ વગરનાં હોય તેને જ ગુરુગાદી ઉપર બેસાડવા જોઈએ.

ગુરુદેવ વલ્લભરામે સંવત ૧૯૮૧ના ચૈત્ર વદી બારસના દિવસે મોક્ષગમન કર્યું અને રમુજીલાલે સનાતન ધર્મનું સુકાન શિષ્યભાવે પોતાના હાથમાં લીધું. તેઓ દરરોજ વીસ કલાક ધર્મનાં કાર્યો કરવામાં વ્યતીત કરતા હતા, આવી રીતે કર્મ કરીને પચીસ વર્ષો સતત ખેંચી કાઢ્યાં. અનેક પ્રયોગો કરાવ્યા, તેમાંના કેટલાક પ્રયોગો (જેવા કે : સંવત ૧૯૮૭નો મહાપ્રયોગ, સંવત ૧૯૮૯નો સાત પ્રયોગોના તત્ત્વરૂપ આત્મસિદ્ધિ પ્રયોગ અને સંવત ૨૦૦૯નો બ્રહ્મ-કર્મ સિદ્ધિ પ્રયોગ વગેરે) તો આજ સુધીમાં કોઈએ પણ કરાવ્યા નથી તેવા કઠણ હતા. પરંતુ શિષ્યભાવે શું નથી થઈ શકતું? સર્વસ્વ થઈ શકે છે. તે આ મહાન અનાસક્ત અને પરમાર્થી પુરુષે સિદ્ધ કરી આપ્યું છે.

રમુજીરાવને મહેલ કે મોટા મકાનો ગમતા ન હતા, બાંધેલું મકાન પણ ગમતું ન હતુ, ફક્ત માત્ર ઝૂપડી ગમતી હતી તેઓ એકાંત નદી કિનારો ને નીરવ શાંતિને પસદ કરતા હતા તેમને સુખવૈભવ અને એશઆરામ ગમતા ન હતા તેઓને માન, મહત્તા આદિ કાંઈ જોઈતું નહોતું તેઓને ભોગ પ્રત્યે આંતરિક તિરસ્કાર હતો તેઓ મહાન વિવેકી અને વિજ્ઞાની પુરુષ હતા, તેથી કરીને તેમના અંતઃકરણની વૃત્તિ સર્વ કર્મોમાં પ્રીતિ વિના પ્રવૃત્ત થતી હતી તેમના હૃદયની આશાઓ નિવૃત્ત થઈ ગયેલી હતી અને તેમનું મન વાસના રહિત થયુ હતું તેઓ નિયમનો કદી પણ ભંગ કરતા નહીં તેઓ કેવળ કર્મથી ઉચ્ચ બન્યા હતા તેમનામા જરા પણ અલકાર ન હતો પોતાના સ્વાર્થ માટે તેઓએ શક્તિ વાપરી નથી ટૂકમાં કહીએ તો તેમનું જીવન ગગાસમાન પવિત્ર હતું વળી તેઓ ધીરજ ને નમ્રતાના નિધિ હતા તેમનો આત્મા અને આત્મજ્યોતિ સદ્‌ગુરુના શરણે હતા અને અનન્ય સદગુરુ ભક્તિમાં જ પોતાની લીલા સમાપ્ત કરી હતી તેમણે સંસારી રહીને જનકવિદેહીની માફક સંન્યાસી જીવન ગાળ્યું હતુ અને જીવનભર શિવભાવ જ ધારણ કર્યો હતો તેઓ અન્યના કલ્યાણમા પોતાનું કલ્યાણ સમજતા હોઈ શિવોહ સ્વરૂપ હતા એટલું જ નહિ પણ જનતાનું કલ્યાણ એ જ તેમનો મૂળમત્ર હતો

તેમણે જ્ઞાન, ભક્તિ અને નિષ્કામ કર્મથી કર્તા તરીકેનું અભિમાન છોડી સર્વ કર્મો કર્યાં હતા અને સદગુરુના ચરણે જ અખડસુખ, દિવ્ય આનદ અને સ્વતંત્રતા સદા અનુભવ્યા હતા તેમણે દરક કાર્યમાથી પોતાનાપણુ ખેંચી લીધુ હતું અને પોતાની જાતને ને પોતાના તમામ યૌગિક કાર્યને સપૂર્ણપણે માત્ર સદગુરુમાં જ સમર્પણ કરી દીધા હતા, એટલું જ નહિ પણ તેમનો આત્મા સર્વાંશે સદગુરુશ્રીમા સમર્પિત થયેલો હતો અને સદગુરુશ્રીની ઇચ્છામાં જ તેમની તમામ ઇચ્છા વિલય પામેલી હતી તેમનો સદ્‌ગુરુ પ્રત્યેનો પ્રેમ, સદગુરુ પ્રત્યેની ભક્તિ અને શિષ્યધર્મ અત્યત પ્રશસનીય (એટલે ઉત્તમ) છે અને શિષ્યોના હૃદય પર એનો જે પ્રભાવ પડયો છે તે ચિરસ્થાયી (એટલે દીર્ઘ કાળ સુધી ટકી રહે એવો) રહેશે

હવે રમુજીરાવના લગ્નજીવન સબંધી માહિતી આપવામાં આવે છે અગાઉ જણાવી ગયા પ્રમાણે તેઓના પ્રથમ ધર્મપત્નીનુ નામ કાતાદેવી હતુ આ દેવી ઘણા જ સુશીલ, સદાચારી વિદુષી અને ગૃહસ્થાશ્રમના સર્વ ધર્મને યથાર્થ જાણનારાં હતાં આ સતીનો સ્વભાવ સદા શાત, નમ્ર, મધુર અને કોમળ હતો બેઉનો સંસાર આદર્શરૂપ હતો સંવત ૨૦૦૩, પોષ વદ દશમને ગુરુવારે આ

ઉદારચરિતા સતીઓ મોક્ષધામમા સચરવા શાંતિપૂર્વક સમગ્ર સસારને જય પરમાત્મા કર્યા

જો કે રમુજીલાલને બીજુ લગ્ન કરવાની જરા પણ ઈચ્છા નહોતી અને તેઓ પોતાના વિચારોમા મક્કમ હતા પણ તેમના પરમમિત્ર યોગી દરિદ્રનારાયણ સન્યાસીના કહેવાથી બીજુ લગ્ન અક્ષયસ્તનના સુમિત્રાદેવી સાથે કર્યું હતું આ લગ્ન વખતે દેવીની ઉંમર ફક્ત ઓગણીસ વર્ષની હતી આ યોગીસન્યાસીએ યોગ દ્વારા તપાસીને જ આ લગ્ન કરાવ્યુ હતું અને તેનું પરિણામ પણ અત્યત શુભ આવ્યુ પૂર્વના પૂર્ણ સસ્કારી સુમિત્રાદેવી છાયાની માફક યોગીપતિની સાથે રહેતા, તેમના જમ્યા પછી પોતે જમતા, તેમના સૂઈ ગયા પછી પોતે સૂવા જતા અને સ્વામીના ઊઠતા પહેલા પોતે જાગીને કામે લાગી જતાં આ સતી રાતદિવસ સ્વામીનુ જ ધ્યાન ધરતા અને એમની આજ્ઞા વગર કોઈ પણ કામ કરતા નહિ પોતે અત્યત પ્રતિભાસપન્ન હોવા છતા પણ એ બહુ મોટા મનના અને ક્ષમાશીલ છે પોતે સુશીલ, વિદુષી અને વ્યવહારકુશળ હોવાથી પોતાના યોગીપતિના સહધર્મિણી થઈને અગણિત રીતે મદદરૂપ બન્યા છે આ દેવી એટના બધા વિનયી તથા નિરાભિમાની છે કે પોતાના વખાણ એમને કદી ગમતા નથી

આ આદર્શમૂર્તિ સુમિત્રાદેવીએ પોતાના યોગીપતિમા બહુ જ સારા પ્રમાણમા ઉત્સાહ અને ધગશ રેડયા છે, એટલુ જ નહિ પણ પોતાના સ્વામી સાથે એકવિચાર, એકભાવ, એકલાગણી, એકઆદર્શ અને એકરૂપ બની, ધર્મપતિના દરેક લૌકિક ને અલૌકિક ધર્મના કાર્યોમા પોતાનો આત્મિક સાથ આપ્યો, અને ધર્મપતિના યૌગિક કાર્યો પૂર્ણપણે દીપાવવા અને યોગના ઉચ્ચ શિખરે પહોચાડવા માટે સ્વપુત્ર જયકાન્તભાઈનું હસતે મુખે બલિદાન આપ્યુ, આ બધા અમૂલ્ય ભોગોની કિંમત આકી શકાય એમ નથી તેવી જ ધર્મમૂર્તિ સુમિત્રાદેવીને સાક્ષાત સતી અને શક્તિનો અવતાર માનીને રમુજીલાલે તેમનું માતારૂપે પૂજન કર્યું હતુ જ્યારે રમુજીલાલે પોતાની સતી પત્નીમા માતાનું આવાહન કર્યું ત્યારે તેમને ઉચ્ચ પરમકોટિના અનુભવો થયા અને મહાલક્ષ્મી તથા અક્ષયલક્ષ્મીની સિદ્ધિઓ પ્રાપ્ત થઈ

રમુજીલાલ તા ૮–૧૧–૧૯૬૧ના પત્રમા અમોને જણાવે છે "અમોને કોડીમાથી મહાન બનાવનાર આચરણનિષ્ઠ માતાપિતા હતા અને મહાલક્ષ્મીની તથા અક્ષયલક્ષ્મીની સિદ્ધિ મેળવવા અમોએ સુમિત્રાબહેનની પૂજા કરી હતી કેમ કે તેણે અમારી પાછળ દુઃખ વેઠવામા અને મહાન બનાવવામા જેવો

તેવો ફાળો આપ્યો નથી. અમારા પરમ મિત્ર જે બહુ જ યોગ્ય હતા, તેઓએ આ છોકરી સાથે જ બીજું લગ્ન કરવા ઘણું કહેલું તેનો ભેદ અનુભવે સમજાય છે."

રમુજીલાલે અમારા પર તા. ૧૯–૧૧–૧૯૬૧ના દિવસે પત્ર લખ્યો હતો તેમાં જણાવે છે : "અમોને કોડીના માણસમાંથી મહાન બનાવનાર માતા ડાહીદેવી અને તેને દીપાવનાર, કાશ્મીર શેષનાગનાં કાર્યો વખતે હિંમત આપીને ટકાવનાર સુમિત્રાબહેન હતાં. હસતા મુખે પોતાના બાળક જયકાન્તનું બલિદાન અપાય તોપણ તમારું કાર્ય પૂરું કરો એમ કહેનાર એક સજ્જન સ્ત્રી તરીકે સુમિત્રાબહેન હતાં."

અહો! સુમિત્રાદેવીનો કેવો પવિત્ર વિશુદ્ધ પ્રેમ પોતાના યોગીપતિ પ્રત્યેનો! સતી પત્ની તરફથી આત્મસમર્પણના અને સ્વપુત્રના બલિદાનના આથી ઉચ્ચ શબ્દો જગતે ભાગ્યે જ સાંભળ્યા હશે!!!

આવી રીતે સતી સુમિત્રાદેવીએ પોતાનો આત્મિક સાથ આપી પોતાના ધર્મપતિ રમુજીલાલને યોગીમાંથી મહાસમર્થ યોગેશ્વર બનાવ્યા હતા. અહો! સુમિત્રાદેવી પણ કેવાં પૂર્વના મહાન સંસ્કારી અને તેમનું કેવું અનન્ય સૌભાગ્ય ને કેવું અહોભાગ્ય કે આવા સમર્થ વિજ્ઞાનપુરુષે પોતાના ધર્મપત્નીનું માતા-સ્વરૂપે પૂજન કર્યું, તેનું મારા જેવો પામર માનવ શું વર્ણન કરી શકે?

જગતના આધ્યાત્મિક ઈતિહાસમાં સ્વામી રામકૃષ્ણ પરમહંસના જીવન સિવાય કોઈ પણ મહાપુરુષે પોતાની પત્નીનું માતારૂપે પૂજન કર્યું હોય તેવો દાખલો નથી, જે દાખલો રમુજીલાલના જીવનમાંથી આપણને સાંપડે છે.

આ સુમિત્રાદેવી પણ એક મહાવિશિષ્ટ આત્મા છે તે ભૂલવાનું નથી. આ કલ્યાણની દેવીએ ધર્મપતિના અંતરનો રથ બની, ધર્મપતિની બધી આજ્ઞાઓ ઉઠાવી, ધર્મપતિના હૃદયની તમામ આકાંક્ષાઓને સમજી, તેમની ભાવનામાં એકરૂપ થઈ, ધર્મના અને યોગના ઉચ્ચ શિખરે પહોંચાડી પોતાના ધર્મપતિને સુખ, શાંતિ અને આનંદ આપ્યાં છે.

આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવે રમુજીલાલની ભારે પ્રશંસા કરી હતી. કેમ કે રમુજીલાલે આચાર્ય ધ્રુવને શ્રીમદ્ ભગવદ્ ગીતાનાં કેટલાંક ગૂઢ રહસ્યો, તાત્ત્વિક અર્થો સાથે સમજાવ્યાં હતાં.

રમુજીલાલે ઉપાસના કરીને અન્નપૂર્ણા, ચંડી, બગલામુખી, ચોસઠ યોગિની, શંકર વગેરેની સિદ્ધિઓ મેળવી હતી. ત્યાર બાદ મહાકાળની અને ચોસઠમુખી

બ્રહ્માની ઉપાસના કરી, તેઓની સિદ્ધિઓ પણ પ્રાપ્ત કરી હતી. આ બધી સિદ્ધિઓ મેળવ્યા છતાં તેનો ઉપયોગ કદી પણ તેઓએ કર્યો નથી. તેઓ લૌકિક રિદ્ધિસિદ્ધિઓને નર્કના દ્વાર સમજતા હતા. તેઓ રિદ્ધિસિદ્ધિઓમાં કદી પણ ફસાવું નહીં અને રિદ્ધિસિદ્ધિઓ મેળવવા કદી પણ પ્રયત્ન ન કરવાનો બોધ શિષ્યવર્ગને હરહંમેશ આપતા હતા.

પોતાની માતાને થતાં યમપુરીનાં દુઃખોને દૂર કરવા અને તેમની મોક્ષગતિ કરવા તેમણે પરકાયાપ્રવેશ (એટલે બીજાના શરીરમાં પેસવું તે) હયાત માતાના શરીરમાં કર્યો અને માતાની મોક્ષગતિ કરી હતી.

તેઓએ દેહધારી સદ્‌ગુરુમાં દૃષ્ટિ ન રાખતાં પરમવલ્લભ પરમેશ્વરમાં જ દૃષ્ટિ રાખી હતી અને તે મહાન ચેતનાશક્તિએ (એટલે પ્રભુ વલ્લભે) તેમને ખેંચી લઈ શિષ્યોના ઉદ્ધાર માટે સર્વકલ્યાણનાં કાર્યો તેઓ પાસે કરાવ્યાં હતાં. વળી તેઓએ વર્ષોથી શિષ્યોને સરળ ભાષામાં પોતાના મૃત્યુ સંબંધી જણાવ્યું હતું. તેઓએ ગૃહસ્થાશ્રમ ચલાવવા છતાં તેમ જ પુત્રપરિવાર થયા છતાં તેમનો અંતરાત્મા સર્વદા ત્યાગવૃત્તિમાં જ અને અનાસક્તિયોગમાં જ મસ્ત રહેતો. તેઓ પોતાનો અંતકાળ જાણતા હતા છતાં તેમણે પોતાના ધનસંપત્તિ, વૈભવ, પુત્રપરિવાર, પત્ની, ઘરકુટુંબ આદિ કોઈના હિતાહિતનો વિચાર કર્યા વિના અને કોઈ પ્રત્યે સહેજ પણ મમતા રાખ્યા વિના પોતાના બ્રહ્મસ્વરૂપમાં આત્મલક્ષ લગાડી દેહત્યાગ કરી દીધો અને મોક્ષધામ પધાર્યા તે જ તેમનો મહાન અનાસક્તિયોગ છે.

રમુજીલાલ માટે તા. ૧૮-૧૧-૧૯૬૧નો મંગલ દિવસ હતો. તે દિવસે વહેલી પરોઢમાં ચોસઠમુખી બ્રહ્મા અને મહાકાળ તેઓને વેદવ્યાસના સ્થાનથી પણ ઊંચે, સિદ્ધિઓ આપવા અને મરહુમ જયકાન્તભાઈને આપવા પધાર્યા હતા. પરંતુ તેઓ કેવળ શિષ્યધર્મ પાળતા હોવાથી અને અનાસક્ત યોગી હોવાથી તેમણે કશું પણ સ્વીકારવાની સાફ ના પાડી. આથી અત્યંત ખુશ થઈ ચોસઠમુખી બ્રહ્માએ તેમને ત્રેવીશ (૨૩) કળાઓ આપીને જણાવ્યું કે, જેને તમો સ્વજન સમજતા હો તેનું આ કળાઓથી રક્ષણ કરજો.

જો કે રમુજીલાલે સદ્‌ગુરુશ્રીની આજ્ઞાનું સંપૂર્ણ પાલન કરી ગૃહસ્થાશ્રમ માંડયો હતો, પણ તેઓ જ્યારે એકાંત સેવતા ત્યારે આંસુ સારતા અને આખો સંસાર તેઓને અત્યંત વિચિત્ર લાગતો. તેઓને ત્યાગની આંતરિક વેદના અને સદ્‌ગુરુશ્રીની આજ્ઞાનું પાલન, આ બે વચ્ચે ભારે અથડામણ

થતી હતી. પણ શું થાય? કેવળ સદ્‌ગુરુશ્રીની આજ્ઞાનું પાલન કરવું એ જ તેઓનો મૂળ મંત્ર હતો, છતાં ત્યાગની વેદના એકાંતમાં તેઓને સતાવતી હતી. આમાંથી સદ્‌ગુરુશ્રીએ તેમના ઉપર દયા કરી તેમને બધા બંધનમાંથી, તમારું કાર્ય સંપૂર્ણપણે પૂરું થયું છે કહીને, સદાને માટે મુક્ત કીધા.

અહો! કેવો ઉચ્ચ પ્રકારનો શિષ્યધર્મ! પૂજ્ય ગુરુદેવે (એટલે રમુજીલાલે) પોતાના છેલ્લા ત્રણે અવતારોમાં ઉચ્ચ પ્રકારનો શિષ્યધર્મ પાળ્યો હતો પણ આ છેલ્લે જન્મે એવો શ્રેષ્ઠ શિષ્યધર્મ પાળ્યો હતો કે તેના જેવું દૃષ્ટાંત આખા વિશ્વમાંથી મળવું મુશ્કેલ છે. તેથી કહ્યું છે કે :

(સાખી)

"સદ્‌ગુરુના દાસ અનેક છે, પણ સાચો દાસ હોય એક;
લાખોમાં તો ન મળે, પણ કરોડોમાં કોઈ એક."

તેમણે સંવત ૨૦૧૬ના ચૈત્ર વદી બારસના પવિત્ર દિવસે અનાવલ શુકલેશ્વર મહાદેવના મંદિરે સવા કલાકની સમાધિ લીધી હતી. લગભગ ત્રણ હજાર ઉપરાંત શિષ્યોએ અને બીજા ભેગા થયેલા માણસોએ આ સમાધિ જોઈ હતી. આ વખતે પૂજ્ય ગુરુદેવ રમુજીલાલનું આખું શરીર દિવ્ય તેજથી ઝળહળી રહ્યું હતું અને આખી આકૃતિ અલૌકિક દેખાતી હતી.

સંવત ૨૦૧૮ના પોષ વદ છઠ ને શનિવારના દિવસે રમુજીલાલે મોક્ષગમન કર્યું ત્યારે સુમિત્રાદેવીની ઉંમર ૩૪ વર્ષની હતી. સ્વામીની પુણ્યસ્મૃતિ હૃદયમાં કાયમ રાખીને ફાલીફૂલીને વિશાળ બનેલા મોક્ષધર્મના વૃક્ષની દેખરેખ અને વ્યવસ્થા આ દેવી લગભગ આઠ વર્ષથી સંભાળી રહ્યાં છે. આવી મોટી વિશાળ મોક્ષધર્મ સંસ્થાની વ્યવસ્થા રાખવી એ ભગીરથ કામ છે, પણ આ દેવી હસતા મુખે પોતાની જવાબદારી અદા કરી રહ્યાં છે. આ દેવીના મહાન સંસ્કારી પુત્રો જયવર્ધનભાઈ અને રાજેનભાઈ થોડા વખતમાં મોક્ષધર્મનું સુકાન હાથમાં લેશે. ખરેખર, આજે શિષ્યવર્ગ આ દેવીનો ઋણી છે. જો કે કરનાર ને કરાવનાર તો સમર્થ સદ્‌ગુરુશ્રી છે, પરંતુ નિમિત્ત માત્ર તો સુમિત્રાદેવી ગણાય જ!

સંવત ૨૦૨૬ (જન્માષ્ટમી) કે. બી. માસ્તર
શ્રાવણ વદ આઠમ.

### શિષ્યવૃંદે કરેલી પરમ સદ્‌ગુરુ શ્રીવલ્લભરામની સ્તુતિ

૦-૦-૦

(રાગ સોરઠ)

અમારાં અહોભાગ્ય રે, સદ્‌ગુરુ વલ્લભ મળ્યા રે,
ધન્ય અમારા સદ્‌ગુરુને રે, મુક્તિના માર્ગ બતાવ્યા રે અમારા ટેક

(સાખી)

ધન્ય વદ આઠમ ૧૯૦૧, ધન્ય એ શ્રાવણ માસ,
મહાવિભૂતિરૂપ જન્મ્યા, સદ્‌ગુરુશ્રી વલ્લભ વ્યાસ
પરમાર્થ સ્વરૂપે પ્રગટ્યા રે ,, ૧

(સાખી)

ધર્મના પુસ્તકો રચી, પ્રગટ કર્યું મોક્ષજ્ઞાન,
સરળ ભાષામા જણાવ્યું, ૐકારનું સૂક્ષ્મજ્ઞાન
સર્વ સંશય ટાળ્યા રે ,, ૨

(સાખી)

દિવ્યમંત્રોનું દાન દઈ, શીખવી ધ્યાનની રીત,
બ્રહ્મજ્ઞાનનુ પાન કરાવી, કરાવી પ્રભુમા[1] પ્રીત
માયા, અવિવેકથી બચાવ્યા રે ,, ૩

(સાખી)

શિષ્યોના રક્ષણ કરવા, ૐકારમા સમર્પિયા સુકૃત,
અનેક સ્વરૂપે રક્ષણ કરી, કરાવી પ્રણવમા શિષ્યોની જીત
ત્રણે અવતારોના દર્શન કરાવ્યાં રે ,, ૪

(સાખી)

સનાતન ધર્મનું રક્ષણ કરવા, લીધો ભારતમા અવતાર,
નારાયણની ઇચ્છા પૂર્ણ કરી, કર્યો વિશ્વમા જયકાર
અનેકને મોક્ષભણી વાળ્યા રે ,, ૫

(સાખી)

પ્રભુના[1] પ્રતિબિંબરૂપ છો, છો સદ્‌ગુણના ભંડાર,
સાક્ષાત્ તત્ત્વદર્શી છો, છો અતિ કરુણાળુ ઉદાર
(તમારા જેવા) પ્રણવમા કોઈ ન મળ્યા રે ,, ૬

(સાખી)

ધન્ય વદ બારસ ૧૯૮૧, ધન્ય એ ચૈત્ર માસ,
પરમાત્મપદને પામ્યા, સદ્‌ગુરુ શ્રીવલ્લભ વ્યાસ
આમ તું પ્રભુને ઓળખાવ્યા રે ,, ૭

---

પ્રભુ[1] એટલે પરમાત્મા-પરમેશ્વર.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૧. પ્રસ્તાવના | ૩ થી ૬ |
| ૨. શ્રીવલ્લભરામ સૂર્યરામ વ્યાસજીની જન્મકુંડલી | ૭ થી ૧૩ |
| ૩. શ્રીરમુજીલાલ વલ્લભરામ વ્યાસજીની જન્મકુંડલી | ૧૪ થી ૧૮ |
| ૪. પ્રણવાધિવક્તા મોક્ષમાર્ગાચાર્ય શ્રીરમુજીલાલનું સંક્ષિપ્ત જીવનચરિત્ર | ૧૯ થી ૨૭ |
| ૫. શિષ્યવૃંદે કરેલી પરમ સદ્‌ગુરુ શ્રીવલ્લભરામની સ્તુતિ | ૨૮ |
| પ્રકરણ ૧ : પ્રણવ-ૐકારની રૂપરેખા : | (૧–૨૧) |
| ૧. કલિયુગના ટૂંકા આયુષ્યમાં પ્રણવ-ૐકારનું, પરમાત્માનું, નારાયણનું, આત્મજ્યોતિનું અને આત્માનું જ્ઞાન જાણવું જોઈએ. | ૩ |
| ૨. પ્રણવનો સાચો અર્થ. | ૩ |
| ૩. પ્રણવનો સાચો ને પૂર્ણ અર્થ શ્રીશંકર ભગવાન જાણે છે. | ૩ |
| ૪. ૐકારના પાંચ સ્થળો અને તેના નામો. | ૪ |
| ૫. ૐકારના પાંચ સ્થળોમાં પરમાત્મા, નારાયણ, ઈશ્વરો, દેવો અને ત્રણ પ્રકારના આત્માઓનો વાસ. | ૪ |
| ૬. પ્રણવ-ૐકારની ચાર માત્રાઓ. | ૫ |
| ૭. ૐકારમાં "ઉ"કારનું સ્થાન અને તેમાં ત્રણ પ્રકારના આત્માની સમજણ. | ૬ |
| ૮. ૐકારમાં "મ"કારનું સ્થાન અને તેમાં દેવોનો વાસ. | ૬ |
| ૯. ૐકારમાં "અ"કારનું સ્થાન અને તેમાં દિવ્યાત્માનો વાસ. | ૬ |
| ૧૦. ૐકારમાં "અર્ધમાત્રા"નું સ્થાન અને તેમાં બ્રહ્માત્માનો વાસ. | ૭ |
| ૧૧. ૐકારની ચાર માત્રાઓમાં આવેલી શક્તિઓની સમજણ. | ૭ |
| ૧૨. ૐકારમાં આવેલા અંશાત્માઓની સમજણ. | ૮ |
| ૧૩. ૐકારના "બિંદુ"માં બિરાજતા પરમાત્મા-પરમેશ્વર. | ૮ |
| ૧૪. "પરમાત્મા" શબ્દની સંપૂર્ણ સમજૂતી. | ૯ |
| ૧૫. "પરમેશ્વર" શબ્દનો કરેલો સંક્ષિપ્તમાં અર્થ. | ૯ |
| ૧૬. પરમાત્મા-પરમેશ્વરને "પરમજ્યોતિ" પણ કહેવામાં આવે છે. | ૧૦ |
| ૧૭. પરમાત્મા-પરમેશ્વરને "પરમશક્તિ" પણ કહેવામાં આવે છે. | ૧૧ |
| ૧૮. "ભગવાન" શબ્દની વ્યાખ્યા. | ૧૧ |

૧૯. ૐકારના બિંદુમાં બિરાજેલા પરમાત્માને જ કેવળ "ભગવાન" કહેવામાં આવે છે. બીજી શક્તિઓ માટે ભગવાન શબ્દનો કરવામાં આવેલો પ્રયોગ. ૧૧
૨૦. ઉપનિષદોનાં પ્રમાણો સાથે જણાવેલા પરમાત્માના ગુણો ને શક્તિ. ૧૨
૨૧. પરમાત્મા ષોડશબ્રહ્મ કળાવાળા છે. ૧૬
૨૨. ઉપનિષદોનાં પ્રમાણો સાથે પરમાત્માના સ્વરૂપનું વર્ણન. ૧૬
૨૩. બ્રહ્મ બે પ્રકારના છે : એક પરમબ્રહ્મ અને બીજા માયાવિશિષ્ટ બ્રહ્મ. ૧૯
૨૪. પ્રણવ એ જ પરમેશ્વર નથી, કિંતુ પરમેશ્વર જુદો છે. ૨૦
૨૫. પ્રણવની ઉત્પત્તિ સ્પષ્ટ જણાતી નથી. ૨૧
પ્રકરણ ૨ : અલૌકિક અને લૌકિક ૐ : (૨૨–૪૯)
૧. ૐ બે પ્રકારના છે : એક અલૌકિક અને બીજો લૌકિક. ૨૨
૨. અલૌકિક ૐની સંપૂર્ણ સમજણ. ૨૨
૩. અલૌકિક ૐનો સવા કલાક જપ કરવાથી અવશ્ય મોક્ષ થાય છે. ૨૮
૪. અલૌકિક ૐના નવ વિભાગ. ૨૮
૫. લૌકિક ૐની સંપૂર્ણ વિગત. ૨૯
૬. લૌકિક ૐના નવ વિભાગ. ૩૩
૭. નારાયણને પૂર્વસ્થિતિનું સ્મરણ હોવાથી વિશ્વની રચના કરે છે. ૩૩
૮. ૐકારમાં લૌકિક અને અલૌકિક તત્ત્વની હદ. ૩૩
૯. લૌકિક અને અલૌકિક દૃષ્ટિની સંપૂર્ણ સમજણ. ૩૪
૧૦. લૌકિક ૐનાં નવ સ્થાન અને તે શી રીતે પ્રાપ્ત થાય તેની સમજૂતી. ૩૬
ગુરુ અને સદ્‌ગુરુની વ્યાખ્યા. ૩૮
૧૧. અલૌકિક ૐના નવ વિભાગ અને તે કેવી રીતે મેળવાય તેની સમજૂતી. ૪૦
૧૨. શબ્દબ્રહ્મની સંપૂર્ણ સમજૂતી. ૪૪
પ્રકરણ ૩ : પરમગતિ અને તેના પ્રકાર : (૫૦–૫૯)
૧. પરમાત્માની બે પ્રકારની ગતિ છે : એક "જ્ઞાન" ગતિ અને બીજી "ચૈતન્ય" ગતિ. ૫૦
૨. પરમાત્માની પરમગતિ પણ જ્ઞાનચૈતન્યનું સ્વરૂપ છે. ૫૦
૩. પરમાત્માની પરમગતિ ચાર પ્રકારની (તાત્ત્વિક શુદ્ધ, શુદ્ધ, શુદ્ધાશુદ્ધ અને અશુદ્ધ) છે. તેમાં કળાની ભિન્નતા છે. ૫૦
૪. તાત્ત્વિક શુદ્ધ પરમગતિની સમજણ. ૫૧

૫. શુદ્ધ પરમગતિની સમજણ. ૫૧
૬. પરમાત્માની પરમગતિ ક્ષીણ થાય નહીં, ત્યાં સુધી માયાતત્ત્વ પ્રવેશ થતું નથી. ૫૨
૭. પરમાત્માની શુદ્ધ પરમગતિને જ "બ્રહ્માકાશ" કહેવામાં આવે છે. ૫૨
૮. અશુદ્ધ પરમગતિની સમજણ. ૫૨
૯. અશુદ્ધ પરમગતિ પણ જ્ઞાનચૈતન્યમય યા જ્ઞાનચૈતન્યતત્ત્વથી ભરપૂર છે. ૫૨
૧૦. શુદ્ધાશુદ્ધ પરમગતિની સમજણ. ૫૩
૧૧. પરમાત્માની જ્ઞાનચૈતન્ય પરમગતિમાં સત્તાની ભિન્નતા ખુલ્લી દેખાય છે. ૫૩
૧૨. માયામાં ને વિશ્વમાં પરમાત્માની જે પરમગતિ વ્યાપક છે તેને ગતિ કહેવામાં આવે છે. ૫૪
૧૩. પરમાત્માનો પ્રતિબિંબાભાસ જે પરમગતિમાં ચાર મન્વંતરોરૂપે પડે છે, તે વિશ્વના "અક્ષર"થી શ્રેષ્ઠ "પરમઅક્ષર" છે. ૫૫
૧૪. આ પરમઅક્ષરથી પણ શ્રેષ્ઠ નિષ્કલબ્રહ્મ-પરમેશ્વર પુરુષ ન્યારા છે. ૫૫
૧૫. સાર્ષ્ટિ મુક્તિની સમજણ. ૫૫
૧૬. આત્યંતિક પ્રલયે પરમગતિમાં રહેલા આત્માઓ પરમગતિ સાથે એકરૂપ થતા નથી પણ કાયમ રહે છે ૫૫
૧૭. આત્યંતિક પ્રલયે બે પરમગતિઓ પરમાત્મામાં ખેંચાઈ જાય છે: એક શુદ્ધ પરમગતિ અને બીજી તાત્ત્વિક શુદ્ધ પરમગતિ. ૫૫
૧૮. જ્ઞાનગતિ વસ્તુતઃ કંઈ નથી, જેથી તેમાં જ્ઞાન કે અજ્ઞાન સંભવતું નથી. ૫૬
૧૯. શુદ્ધ પરમગતિને અશુદ્ધનો સ્પર્શ થશે, એ જ સંગકર્મ થયું તેથી તેની ગ્રંથિ પડે છે, તેથી તે માયાને ઇચ્છે છે અને તે ગ્રંથિ ગર્ભવાસમાં આવે છે. ૫૬
૨૦. પરમાત્માની ગતિમાં જે ગ્રંથિઓ પડેલી છે તે જીવાત્માઓ ભ્રમણ કરે છે. ૫૬
૨૧. ઉપનિષદ અને ભગવદ્‌ગીતાના પરમગતિને પામવાનાં પ્રમાણો. ૫૬
૨૨. શુદ્ધ પરમગતિ સુધી જવા છતાં જો એકાદ આશા-આકાંક્ષા કે અહમત્વનું સહેજ પણ બીજ બાકી રહ્યું હોય તો તે આત્માને પાછું આવવું પડે છે. પરમશક્તિનો ભેટો આત્મિક શક્તિ નહીં પણ કેવળ સમર્પણ કરાવી આપે છે. ૫૭

૨૩ પરમગતિ વિષે ઉપનિષદોના પ્રમાણો ૫૯

પ્રકરણ ૪ . ચૈતન્ય આત્માના ચાર દેહો : (૬૦–૭૮)

૧ ચૈતન્ય આત્માના ચાર દેહો છે (૧) આત્મિક મહાકારણ (૨) આત્મિક કારણ (૩) આત્મિક સૂક્ષ્મ અને (૪) આત્મિક સ્થૂલ ૬૦

૨ ચૈતન્ય આત્માનો મહાકારણ દેહ તાત્ત્વિક શુદ્ધ પરમગતિ માથી મળે છે ૬૦

૩ ચૈતન્ય આત્માનો કારણ દેહ શુદ્ધ પરમગતિમાથી પ્રાપ્ત થાય છે ૬૦

૪ ચૈતન્ય આત્માનો સૂક્ષ્મ દેહ શુદ્ધાશુદ્ધ પરમગતિમાથી મળે છે ૬૦

૫ અશુદ્ધ પરમગતિમા જે આત્મા નામ આરોપણ થઈ જ્યાં આત્મા કહેવાયો તે આત્મા ચૈતન્ય આત્માનો સ્થૂલ દેહ છે ૬૧

૬ ચૈતન્ય આત્મા માયાના દેહો ધારણ કરે છે તેની મનહર છદોમાં સમજણ ૬૧

૭ માયાના અને ચૈતન્યના દેહોનું મનહર છદોમા બહુ જ સરળ રીતે સ્પષ્ટીકરણ. ૬૨

૮ માયાના ચાર દેહો અને ચૈતન્ય આત્માના ચાર દેહોનો આત્મયોગમાં અને બ્રહ્મયોગમા ત્યાગ અને વિલય કરાય ત્યારે જ આત્મકૂટસ્થબ્રહ્મથી સત્યસ્વરૂપ મોક્ષમાં બ્રહ્મકાર વૃત્તિ વડે નિમગ્ન થવાય ૬૩

૯ પરમાત્મામા એકાગ્ર થવા માટે અવશ્યમેવ ચૈતન્યના અત.કરણની જરૂર પડે છે ૬૩

૧૦ સમતાની વ્યાખ્યા ૬૪

૧૧ ધારણા, ધ્યાન અને સમાધિના તાત્ત્વિક અર્થ ૬૫

૧૨ ચૈતન્ય આત્માના ચાર કૂટસ્થની સમજૂતી ૬૫

૧૩ પરમગતિ વિષે ઉપનિષદોના પ્રમાણો સાથે સમજૂતી ૬૯

પ્રકરણ ૫ : માયિક દેહો વિષે : (૭૯–૮૯)

૧ માયિક દેહો ચાર છે (૧) મહાકારણ દેહ (૨) કારણ દેહ (૩) સૂક્ષ્મ દેહ અને (૪) સ્થૂલ દેહ. ૭૯

૨ માયિક મહાકારણ દેહ અર્ધમાત્રામાંથી મળે છે અને આ સ્થાનેથી વાસના યા ઇચ્છા યા આશા યા અપેક્ષાનો ગુણ મળે છે ૭૯

૩ માયિક કારણ દેહ અમરમઠમેથી મળે છે અને આ સ્થાનેથી માયાનું અંતઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકારવાળુ) પ્રાપ્ત થાય છે ૭૯

૪. માયિક સૂક્ષ્મ દેહ મકારમંડળોથી મળે છે અને પાંચ વિકાર (શબ્દ, સ્પર્શ, રસ, રૂપ ને ગંધ) આ સ્થાનેથી પ્રાપ્ત થાય છે. ૮૦
૫. કડાંગ યા માયાજાળમાં આવતાં આત્મા એક આત્મિક કળા ગુમાવે છે. ૮૦
૬. પંદર તત્ત્વનો માયિક સ્થૂલ દેહ ઉકારમંડળમાં ધારણ થાય છે. ૮૧
૭. મનહર છંદોમાં પરમગતિથી માંડી ગર્ભવાસ સુધીનું વર્ણન. ૮૨
૮. માતાના ગર્ભમાં પાંચમા માસે જીવ પ્રવેશ થાય છે. ૮૩
૯. જગતમાં પ્રથમ આવનાર આત્મા વર્ણ (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર) કેવી રીતે ધારણ કરે છે તેની સમજણ. ૮૩
૧૦. જગતમાં પ્રથમ આવનાર આત્મા કેવી રીતે યોનિ ધારણ કરે છે તેની સમજણ. ૮૩
૧૧. મનુષ્યના શરીરમાં ચારે દેહો કેવી રીતે રહેલા છે તેની સમજણ અને માયાના દેહોથી ક્યારે મુક્ત થવાય તેની અદ્‌ભુત સમજૂતી. ૮૪
૧૨. પ્રણવમાં માયાના સ્થૂલ દેહો કોને કોને હોય છે તેની સમજણ. ૮૫
૧૩. માયિક દેહોના ચાર કૂટસ્થ છે અને તેની અદ્‌ભુત સમજૂતી. ૮૬
૧૪. લૌકિક ચેતનાથી માયાના ચારે દેહોને જાતજાતના અનુભવો થાય છે. ૮૭

પ્રકરણ ૬ : આત્મજ્યોતિ અને તેનો અનુભવ : (૯૦–૧૩૧)

૧. શુદ્ધ પરમગતિ તત્ત્વરૂપે આત્મજ્યોતિથી ભરપૂર છે પણ પ્રત્યક્ષ નહીં. અશુદ્ધ પરમગતિ ગૌણ રીતે જોતાં તત્ત્વાત્માથી ભરપૂર છે પણ પ્રત્યક્ષ નહીં. આ બે ગતિના ઘર્ષણથી શુદ્ધ પરમગતિમાંથી આત્મજ્યોતિ છૂટી પડે છે અને તેના પર અશુદ્ધ પરમગતિનું કાંદાના પડની માફક પડ ચઢે છે તેને "ગ્રંથિઆત્મા" કહેવામાં આવે છે. શુદ્ધાશુદ્ધ પરમગતિની હદે આ બને છે. ૯૦
૨. આત્મજ્યોતિ કદાપિ પાપથી ખરડાતી કે લેપાતી નથી અને સદા પરમ પવિત્ર રહે છે. ૯૩
૩. આત્મજ્યોતિને અનેક નામોથી સંબોધવામાં આવે છે. ૯૩
૪. આત્મજ્યોતિને ધ્યાનીઓ "આત્મજ્યોતિ", વિજ્ઞાનીઓ "પ્રજ્ઞા-બુદ્ધિ" અને યોગીઓ "આત્મબ્રહ્મ" કહે છે. ૯૪
૫. આત્મજ્યોતિ એરણની માફક નિર્વિકારી રહેતી હોવાથી તેને "કૂટસ્થતત્ત્વ" કહી સંબોધવામાં આવે છે. ૯૪
૬. આત્મજ્યોતિ યાને જ્ઞાનચેતનામાં હલનચલન કરવાનો ચૈતન્ય ગુણ છે તથા સમજવાનો, ગ્રહણ કરવાનો અને યાદ રાખવાનો જ્ઞાનગુણ સંમિશ્રિત હોય છે. ૯૫

૭ આત્મજ્યોતિમા ચૈતન્ય અને જ્ઞાનગુણ રહેલા છે તેમા ચૈતન્ય દૃશ્ય નથી ૯૫

૮ મનહર છંદથી જણાવ્યું છે કે દરેક આત્મામા પરમાત્માની ગતિ ફૂટસ્થરૂપે રહેલી છે ૯૬

૯ જે ચૈતન્યતત્ત્વનું અખંડ સ્થાન છે અને જેની ચેતનાશક્તિ નાનામા નાના જીવથી માંડીને નારાયણ સુધી, એક બ્રહ્માંડમા નહીં પણ અનેક બ્રહ્માંડમા અને પરમગતિમા સર્વત્ર વ્યાપ્ત છે, જે ચૈતન્યતત્ત્વ સાથે, પ્રત્યેક જીવમા જે જ્ઞાનતત્ત્વ છે તેને "જ્ઞાનચેતના" યાને "જ્ઞાનચૈતન્ય" કહેવાય છે આ જ્ઞાનચેતનામા આત્માને મુક્ત કરી સદ્‌ધર્મ, સન્માર્ગ, સદાચાર, જ્ઞાન, ધ્યાન, યોગ અને મોક્ષપ્રાપ્તિના કાર્યમા દોરી જવાનો ઉચ્ચતર ગુણ રહેલો છે ૯૭

૧૦ બેઉ (પરમજ્યોતિ પરમાત્મા અને આત્મજ્યોતિ) જ્ઞાનચૈતન્યનુ સ્વરૂપ છે બેઉ અજર, અમર ને અવિનાશી છે પરંતુ બેઉના રૂપ, ગુણ, બળ, ઐશ્વર્ય, કળા, સત્તા, શક્તિ, કદ, કર્તવ્ય વગેરેમા અનતગણી ભિન્નતા ખુલ્લી દેખાય છે ૧૦૦

૧૧ જેમ ફૂલની કળી બિડાયેલી હોય પણ સમય જતા ખીલી નીકળે છે તેમ આત્માના અદરના ભાગમા ગૂઢ બ્રહ્મત્વ બિડાઈને રહે‌ુ છે ૧૦૦

૧૨ આત્માને (ચારે દેહોનુ ભાન ભૂલી અને અહમ્ ત્વમ્‌પણાનું અસ્તિત્વ મટાડી દઈ) પરમાત્મામા સમર્પણ કરાય અને આત્મચેતના પરમચેતના સાથે અખંડ એકાકાર થાય તેનું નામ "આત્મબ્રહ્મ" યાને "નીરવબ્રહ્મ' નો સાક્ષાત્કાર છે ૧૦૧

૧૩ આત્માને બ્રહ્મ એવા અભિપ્રાયથી કહ્યો છે કે, આત્મામા બ્રહ્મનું યા પરમાત્માનું સ્વત્વ એટલે કે પોતાની વસ્તુ છે ૧૦૨

૧૪ વેદાંતદર્શન અને ઉપનિષદ્‌ના પ્રમાણોથી સિદ્ધ થાય છે કે, આત્મા અને આત્માના આત્મઅંદરમા રહેલ આત્મતત્ત્વમા ભેદ છે ૧૦૩

૧૫ આત્મજ્યોતિને બ્રહ્મમગ્ન થવા માટે આપવામા આવેલો વેદનો ઉપદેશ. ૧૦૪

૧૬ આત્મજ્યોતિનું અને આત્મપુરુષનું મૂળસ્થાન તો પરમાત્માની શુદ્ધ પરમ ગતિ છે ૧૦૫

૧૭. અશુદ્ધ પરમગતિમાં અને દરેક આત્મામાં રહેલું કૂટસ્થતત્ત્વ સદૈવ નિષ્પાપ અને નિર્વિકાર રીતે રહેલું છે. તે જળકમળવત્ હોવા ઉપરાંત કોઈ કાળે પણ અશુદ્ધ થતું જ નથી અને તે માયાના કોઈ પણ પ્રકારના સ્પર્શથી લેપાતું નથી. ૧૦૫

૧૮. આત્મજ્યોતિથી શ્રેષ્ઠ પરમાત્મજ્યોતિ છે. ૧૦૫

૧૯. પરમાત્માનો અનુભવ આત્મજ્યોતિને થાય છે, કેમ કે આત્મજ્યોતિ તે પરમજ્યોતિ-પરમાત્માની સ્વજાતિ છે. ૧૦૫

૨૦. આત્મજ્યોતિ વિષે વેદાંત દર્શન અને ઉપનિષદ્‌નાં પ્રમાણો. ૧૦૭

૨૧. મનુષ્યના શરીરમાં જે ચૈતન્યશક્તિ છે તેને "આત્મા" કહેવામાં આવે છે. અને જેની જ્ઞાનચૈતન્યશક્તિથી આત્મા દરેક કાર્ય કરે છે તેને "કૂટસ્થાત્મા" કહેવામાં આવે છે. આત્માની અંદર રહેલા ગૂઢાત્મા પુરુષનો અનુભવ યોગાભ્યાસ દ્વારા જ થાય છે. ૧૧૫

૨૨. સુખ, શાંતિ અને આનંદ એ ગૂઢાત્માનું સ્વરૂપ છે અર્થાત્ ગૂઢાત્મા પુરુષનો સ્વભાવ છે. ઇચ્છિત પદાર્થ પ્રાપ્ત થાય છે ત્યારે સુખ, શાંતિ ને આનંદની ઝાંખ થાય છે. તે વેળા પણ અનાયાસે આત્મામાં જ મજ્જન કરવામાં આવે છે. ૧૧૭

૨૩. મોક્ષની ઉપાસના અને મોક્ષમાં જવાનો અધિકાર કેવળ આત્મજ્યોતિને યા આત્મબ્રહ્મને છે. ૧૨૦

૨૪. આત્મા અને આત્મચેતનાનો અનુભવ કેવળ અધ્યાત્મ યોગ વડે જ થઈ શકે છે. જે આત્મા બ્રહ્મરૂપ ગુહામાં નિમગ્ન થાય છે તે જ મોક્ષાધિકારી થાય છે. ૧૨૩

૨૫. આત્મહૃદય ચૈતન્યપુરુષ પાસે અગર બ્રહ્મચૈતન્યપુરુષ સદ્‌ગુરુ પાસે ખુલ્લું થાય તો જ સાધકની ચેતનાને ઊર્ધ્વ ચેતના પ્રત્યે ખુલ્લી કરી શકાય છે. આવી રીતે વર્તવાથી આત્મા ને આત્મજ્યોતિમાં પરમજ્યોતિમાંથી હંમેશ શક્તિ અને ચેતના મળતાં રહે છે. ૧૨૬

૨૬. સૂર્તેકાનો અર્થ અને ઉપનિષદોએ બતાવેલી ૧૦૧ નાડીઓની સંપૂર્ણ સમજણ. ૧૨૮

૨૭. "પંચદશી"માં શ્રીવિદ્યારણ્ય સ્વામીએ કરેલો આત્મજ્યોતિનો ઉલ્લેખ. ૧૩૧

પ્રકરણ ૭ : આત્મા અને તેનો અનુભવ : (૧૩૨-૧૭૨)

૧. આત્માની ઉત્પત્તિનું મૂળસ્થાન જે પરમેશ્વરની પરમગતિ છે, તેને અનંત જ્ઞાનીપુરુષોએ આત્માનો "દેશ" માની "ઉપદેશ" કહ્યો છે. અને તેને આત્માનું વતન માની, મોક્ષને મૂળ વતન માન્યું છે. ૧૩૨

૨. આત્મા વિજ્ઞાનમય છે. વાસ્તવમાં આત્મા દશાઓથી મુક્ત છે, પરંતુ આત્મજ્યોતિ દશાઓથી વિરક્ત અને અતીત છે. ૧૩૨
૩. આત્માનો આકાર કલ્પી શકાય નહીં, કેમ કે તે અતિ સૂક્ષ્મ અને જ્યોત જેવો છે. ૧૩૨
૪. આત્માને વધારે પ્રમાણમાં બંધન કડાંગમાં ચોસઠમુખી બ્રહ્મા વળગાડે છે. ૧૩૩
૫. આત્માને અનેક નામોથી સંબોધવામાં આવે છે. ૧૩૪
૬. પરમજ્ઞાનચૈતન્યતત્ત્વ અહમ્‌પણાને લીધે ત્રણ પરમગતિમાં થઈને આવે છે અને તે માયાના તાત્ત્વિક ગુણો ગ્રહણ કરે છે ત્યારે તેને "અહમ્‌તત્ત્વ" કહેવાય છે. મહાયોગી અને સમર્થ સત્પુરુષોએ શુદ્ધાશુદ્ધ પરમગતિને જ "અહમ્‌તત્ત્વ" માનેલું છે. ૧૩૪
૭. અહમ્‌તત્ત્વ બે પ્રકારનાં છે : (૧) ગ્રંથિતત્ત્વવાળું અહમ્ એટલે આત્માનું અહમ્ (૨) આત્મચેતનાનું અહમ્‌તત્ત્વ એટલે આત્મજ્યોતિનું અહમ્‌તત્ત્વ. બંને અહમ્‌તત્ત્વમાં ઘણો ફરક છે. ૧૩૪
૮. વાળના અગ્રનો જે સોમો ભાગ છે, તેના પાછા સો ભાગ કરીએ તો તેમાંના એક ભાગ જેટલો સૂક્ષ્મ જીવ છે. ૧૩૫
૯. જીવને આનંદસ્વરૂપ હોવાની કોઈ પણ યુક્તિ નથી. ૧૩૫
૧૦. જીવને બ્રહ્મ થવાની કોઈ પણ યુક્તિ ન હોવાથી જીવ બ્રહ્મ નથી. ૧૩૫
૧૧. બ્રહ્મ જીવથી મહાન છે. તે બ્રહ્મ કદાપિ જીવ બની શકતો નથી. આવી રીતે ઉપનિષદ્ વાકયોમાં જીવ, બ્રહ્મનો ભેદ સ્પષ્ટ જણાય છે. ૧૩૫
૧૨. પથ્થર આદિની સમાન જીવ બ્રહ્મ બની શકતો નથી. સર્વજ્ઞ, સત્ય બ્રહ્મ કદાપિ જીવ થઈ શકે નહીં. ૧૩૭
૧૩. ગ્રંથિતત્ત્વ આત્મામાં રહેલું ચૈતન્ય આકારવાળું હોય છે. ૧૩૮
૧૪. માયાના ચાર દેહો પૈકી મનુષ્યના મહાકારણ દેહમાં આત્માની બેઠક છે. ૧૩૯
૧૫. આત્મા કેવળ જ્યોતિસ્વરૂપ છે અને તેજવાળો છે. પણ તેનું રૂપ અકલ્પનીય છે. ૧૩૯
૧૬. આત્મા કેવળ ગતિ ગણાય. ૧૩૯
૧૭. શરીરમાં સમજનાર વસ્તુ છે તે આત્મા છે. ૧૩૯
૧૮. આત્મા નાનો, મોટો થતો નથી. ૧૩૯
૧૯. આત્મા પરમગતિને પામે છે, પણ તે કેવળ ગતિ રૂપે. ૧૩૯

૨૦. આત્મા સાકારે. ૧૩૯
૨૧. પરમગતિ અને માયા એ બંનેના મિશ્રિનપણાને ગ્રંથિ કહે છે. ૧૩૯
૨૨. ગ્રંથિ સાકારે. ૧૩૯
૨૩. આત્માની જાણ પ્રાણવોપાસના વડે થાય છે. અર્થાત્ આત્મામાં રહેલ આત્મજ્યોતિ વડે આત્માનો અનુભવ થાય છે. ૧૩૯
૨૪. કેવળ આત્માના એકાગ્ર અલૌકિક પરિબળથી જ આત્માની જાણ થાય છે. ૧૩૯
૨૫. આત્માની દર્શનશક્તિ બે પ્રકારની છે. આત્માને સ્થૂલદૃષ્ટિથી લૌકિક પદાર્થો દેખાય છે અને દિવ્યદૃષ્ટિથી પોતાના સ્વરૂપનો અનુભવ થાય છે. ૧૩૯
૨૬. આત્મસાક્ષાત્કાર યોગમાં આગળ વધવાના એક પગથિયારૂપ છે. ૧૩૯
૨૭. મનુષ્ય આત્મખોજ કરે તો જ જે સુખ, શાંતિ ને આનંદનો ખજાનો એની હૃદયગુહામાં એટલે આત્મજ્યોતિમાં રહેલો છે, તે પ્રાપ્ત થાય એમ છે. ૧૪૦
૨૮. આત્મા આકારે છે પણ તે કદી નષ્ટ થતો નથી. ૧૪૦
૨૯. આત્મા માયાના ગુણથી રહિત નથી, તેથી તેને બંધન થાય છે. આ કારણે આત્મા મુક્તિની અપેક્ષા રાખે છે. ૧૪૦
૩૦. આત્મા કરતાં આત્મતત્ત્વ યાને આત્મજ્યોતિ જાણવા યોગ્ય છે. ૧૪૦
૩૧. આત્મા અલ્પજ્ઞ છે ત્યારે પરમાત્મા સર્વજ્ઞ છે. આત્મા અલ્પાનંદ મેળવી શકે છે ત્યારે પરમાત્માનો આનંદ અખંડ અને અપાર છે. આત્મા પોતાના માયામાં કેટલા વાળ છે તે જાણતો નથી, ત્યારે પરમાત્મા સર્વાંતર્યામી છે. આત્મામાં પોતાનો રોગ મટાડવાની તાકાત નથી, ત્યારે પરમાત્મા સર્વશક્તિમાન છે. ૧૪૧
૩૨. આત્માના છ શત્રુઓ (કામ, ક્રોધ, લોભ, મોહ, મદ ને મત્સર) યોગમાં વિઘ્ન કરનારા છે. આ શત્રુઓને છોડાય તો જ યોગ સધાય છે. ૧૪૧
૩૩. જ્યારે આત્મા મન, બુદ્ધિ તરફ જતો અટકીને શૂન્ય એટલે જડ બની જાય છે, ત્યારે જ આત્મદ્વાર સ્વયં ખૂલે છે અને બ્રહ્મત્વ સચેતન થાય છે. જ્યારે બ્રહ્મત્વ સચેતન થાય છે, ત્યારે તે મોક્ષપ્રાપ્તિ ઇચ્છતું હોવાથી તેને બ્રહ્મજિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. ૧૪૧

૩૪ આત્માને મનના ખરાબ વિચારોને અટકાવવાની સ્વતંત્રતા કુલ પાચ વખત મળે છે ૧૪૨

૩૫ ઈંદ્રિયો તો માત્ર જડ હથિયાર છે પણ ઈંદ્રિયોને મળતા સુખનો અને આનંદનો મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર દ્વારા આનંદ મેળવનાર અને આનંદનુ સુખ ભોગવનાર આત્મા છે તેથી જ પાપ પુણ્યનો જવાબદાર અને ભોગવનાર આત્માને માનેલો છે ૧૪૪

૩૬ આત્મા અને આત્મજ્યોતિમા તફાવત છે સ્પિરિટ (એટલે આત્મા) અને સેલ્ફ (એટલે આત્મજ્યોતિ)ને એક જ ન મનાય મૅટર અને સ્પિરિટ પણ જુદા છે ૧૪૫

૩૭ આત્મામા ચેતનાશક્તિ આપનાર અને જ્ઞાનપ્રભાવ ફેલાવનાર એવી મહાપ્રકાશિત વસ્તુ છે કે જેને પરમેશ્વરનું બીજુ રૂપ યા પ્રતિબિંબ કહીએ તો ચાલી શકે તેની સત્તાથી આત્મા સ્થૂલદેહમા રહે છે ૧૪૯

૩૮ કર્તારૂપ તરીકેનું સર્વ આરોપણ આત્મામા છે, પણ તેના કલ્યાણના માર્ગમા તેની મૂળ ચાવી ગૂઢાત્મતત્ત્વ છે આત્માને યોગમાર્ગમા દોર્યાનો અનુભવ ગૂઢાત્મતત્ત્વ કરે છે પણ ગૂઢાત્માના અનુભવની માહિતી આત્માને મળી શકતી નથી ૧૫૦

૩૯ જ્ઞાનદૃષ્ટિ વા બ્રહ્મદૃષ્ટિ પ્રાપ્ત કર્યા સિવાય આત્માને કે આત્મજ્યોતિને કે પરમાત્માને કોઈથી જોઈ શકાતા નથી ૧૫૧

૪૦ દેહ છોડનાર આત્માનો ન્યાય આત્માની અદર રહેલી આત્મ જ્યોતિ કરે છે ૧૫૪

૪૧ દેહ છોડનાર આત્મા કેવી ગતિ કરશે તે ભિહનો બનાવનો જાય છે ૧૫૪

૪૨ "હુ કોણ છુ"ની સમજણ ૧૫૫

૪૩ લૌકિક દેહો આત્માની સદગતિ ઇચ્છતા નથી આત્મા અને આત્મતત્ત્વ અપૂર્ણ છે ત્યાર પરમેશ્વર પરિપૂર્ણ છે તે અપૂર્ણને પૂર્ણ બનાવનાર ધોરી માર્ગ સમર્પણ છે જેટલુ નિર્મળ, નિરાકાંક્ષી, પૂર્ણરૂપનું સમર્પણ હશે તેટનુ ત્વરિત પૂર્ણત્વ પ્રાપ્ત થશે ૧૫૬

૪૪ "બત્રીસ યોગ"નો સગ્રહ કરવાથી આત્માને ઉજ્જ્વલ અને ઝગઝગતી જ્યોત જેવો બનાવી શકાય છે ૧૫૯

૪૫ આત્માની ફિલસૂફી ઉપર પાડવામા આવેલો વેધક પ્રકાશ ૧૬૨

૪૬. આત્માના મહિમા ઉપર પાડવામાં આવેલો વેધક પ્રકાશ. ૧૬૪

૪૭. ચતુર્દશ આત્મકળાવાળી શુદ્ધ પરમગતિ તે જ આત્માનું મૂળસ્વરૂપ છે. ક્રમાનુસાર માયાતત્ત્વો મળવાથી આત્મિક-શક્તિઓ ક્ષીણ થતાં પ્રત્યેક ભૂલોકના આત્મામાં માત્ર ટૂંકળા આત્મચૈતન્ય રહેલું છે. ૧૭૦

૪૮. પ્રત્યેક આત્માનાં બે ક્ષેત્રો છે : સંસારી કાર્યોમાં કર્તુત્વ, ભોકર્તૃત્વ, અહંતા-મમતા, મારું-તારું, નર-નારી, પિતા-પુત્ર આદિ દ્વૈતદશા, એ સંસારી જીવનનું પ્રથમ ક્ષેત્ર છે. કિંતુ કર્તા-ભોક્તા વગેરેના ભાવો વિના સંસારનું કાર્ય કરવું, અને તેમાં આસક્તિ કે પ્રીતિ ન રાખતાં પ્રભુમાં પ્રેમ રાખવો તે બીજું ક્ષેત્ર છે. ૧૭૦

૪૯. અલ્પશક્તિમાંથી પરમશક્તિ બનવા તેમ જ પરમાત્માના સાંનિધ્ય સુધી (પરમગતિમાં આગળ) પહોંચવા માટે પ્રત્યેક આત્માને આત્મિક કર્મ કરવાની અને આત્મબળથી ઊંચે સુધી ચઢવાની આવશ્યકતા રહે છે. જ્ઞાન, યોગ અને ભક્તિની શક્તિ પ્રાપ્ત કરાય તે જ આત્મશક્તિ છે. ૧૭૦

પ્રકરણ ૮ : પરમાત્મા-પરમેશ્વર અને તેનો અનુભવ : (૧૭૩-૨૫૪)

૧. આઠ પ્રકારના આત્મા (જડાત્મા, જીવાત્મા, આત્મા, મહાત્મા, દિવ્યાત્મા, અંશાત્મા, પરાત્મા ને બ્રહ્માત્મા) કરતાં અતિ શ્રેષ્ઠ અને મહાન છે તેને જ "પરમાત્મા" કહેવામાં આવે છે. ૧૭૩

૨. જડાત્માથી શ્રેષ્ઠ જીવાત્મા, જીવાત્માથી શ્રેષ્ઠ આત્મા, આત્માથી શ્રેષ્ઠ મહાત્મા, મહાત્માથી શ્રેષ્ઠ દિવ્યાત્મા, દિવ્યાત્માથી શ્રેષ્ઠ અંશાત્મા, અંશાત્માથી શ્રેષ્ઠ પરાત્મા, પરાત્માથી શ્રેષ્ઠ બ્રહ્માત્મા અને બ્રહ્માત્માથી શ્રેષ્ઠ "પરમાત્મા" છે. પરંતુ પરમાત્માથી શ્રેષ્ઠ કોઈ નથી. ૧૭૩

૩. ઈશ (દેવ) જેને વરેલા છે તેને "ઈશ્વર" કહેવામાં આવે છે. ઈશ્વર જેને વરેલા છે તેને "વિશ્વેશ્વર" કહેવામાં આવે છે. અને વિશ્વેશ્વર જેને વરેલા છે, તેને "સર્વેશ્વર" યાને "પરમેશ્વર" કહેવામાં આવે છે. ૧૭૪

૪. જેમાં સત્ય વિચારશીલ જ્ઞાન અને અનંત ઐશ્વર્ય છે, તે પરમાત્માનું ટૂંકું નામ "ઈશ્વર" છે. ૧૭૪

૫. ઈશોથી (દેવોથી) શ્રેષ્ઠ ઈશ્વરો છે, ઈશ્વરોથી શ્રેષ્ઠ વિશ્વેશ્વર (એટલે અક્ષરબ્રહ્મ-નારાયણ) અને વિશ્વેશ્વરથી શ્રેષ્ઠ પરમેશ્વર છે. પરંતુ પરમેશ્વરથી શ્રેષ્ઠ કોઈ નથી. ૧૭૫

૬. બ્રહ્મ (એટલે વિશ્વ)થી શ્રેષ્ઠ પરબ્રહ્મ (એટલે અક્ષરબ્રહ્મ-નારાયણ) છે અને પરબ્રહ્મથી શ્રેષ્ઠ પરમબ્રહ્મ (એટલે પરમાત્મા-પરમેશ્વર) છે. ૧૭૫

૭. ધર્મ, જ્ઞાન, યશ, શ્રી (આત્મશક્તિ), ઐશ્વર્ય અને વૈરાગ્ય — એ છ દિવ્ય તત્ત્વો જેમાં પરિપૂર્ણ હોય તેને જ "ભગ" કહેવાય છે. એટલે કે પરમાત્મા-પરમેશ્વર સિવાય કોઈમાં પણ પૂરેપૂરો ધર્મ, યશ ને વૈરાગ્ય અને પૂરેપૂરું જ્ઞાન, ઐશ્વર્ય ને શ્રી છે જ નહીં અને તે કોઈમાં સંભવે જ નહીં. તેથી પરમાત્મા સિવાય કોઈને માટે "ભગવાન" શબ્દ વપરાય જ નહીં. ૧૭૫

૮. પરમાત્મા-પરમેશ્વર પરમચૈતનાનું જ્ઞાનચૈતન્ય સ્વરૂપ છે અર્થાત્ તેમનું સમગ્ર શરીર જ્ઞાનચૈતન્યનું સ્વરૂપ છે. તેથી તેમને કેવળ જ્ઞાનસ્વરૂપ કહ્યા છે. તે પરમાત્માને મનુષ્યના જેવી માયિક ઇંદ્રિયો નથી પણ જ્ઞાનચૈતન્યના અવયવો છે. તે જ્ઞાનચૈતન્યના અવયવો દ્વારે દરેક કાર્ય કરવા સામર્થ્યવાન છે. પરમેશ્વરનું સ્વરૂપ પાંચ વર્ષની ઉંમરના બાળક જેવું છે અને તે કદી નાનું, મોટું, યુવાન કે વૃદ્ધ થતું નથી. અર્થાત્ પાંચ વર્ષના બાળક સમાન આનંદમય બ્રહ્મ તે પરમાત્મા છે. ૧૭૭

૯. પરમાત્મા પુરુષાકૃતિના છે અને નથી એમ બંને રીતે કહી શકાય. પરમાત્માનો આકાર માયામાં રહેતા ઈશ્વરો, દેવો અને મનુષ્યના જેવો નથી, પણ તેમનો આકાર પરમચૈતનાના અદ્ભુત જ્ઞાનચૈતન્યનો હોવાથી તેમને કેવળ "જ્ઞાનાકાર" કહેવાય છે. તે પરમાત્માનું સ્વરૂપ એવું છે કે જેમાં બહાર અને ભીતર એક જ જ્ઞાનચૈતન્યતત્ત્વ વ્યાપ્ત છે. ૧૭૮

૧૦. પરમાત્મા કેવળ સૌમ્યરૂપ જ છે. એટલે કે તે પરમાત્મા શાંતરૂપ, સુંદરરૂપ, મનોહરરૂપ અને સૌંદર્યના નિધિ છે. વળી તેમની પરમગતિ પણ સૌમ્યરૂપ જ છે. ૧૮૦

૧૧. કેટલીક જગ્યાએ પરમાત્મા સર્વની ઉત્પત્તિનું મૂળ રહસ્ય હોવાથી તેમને "પરમબ્રહ્મા" કહ્યા છે. તે સર્વનું જીવન, પાલન પોતાના જ્ઞાનચૈતન્યથી કરતા હોવાથી તેમને "પરમવિષ્ણુ" કહ્યા છે. તેમની કૃપાથી સર્વનું શ્રેષ્ઠ આત્મકલ્યાણ મોક્ષ થાય છે તેથી તેમને "પરમશિવ" કહ્યા છે. અને સર્વ વિશ્વ તથા વિશ્વંભર (એટલે નારાયણ) પરમાત્મામાં લય થતા હોવાથી તેમને "પરમરુદ્ર" કહેવા છે. ૧૮૦

૧૨. પરમાત્મા પોતે જ સર્વનો નિયંતા છે. એટલે તેમના ઉપર બીજો કોઈ સત્તાધારી નથી. પરમાત્માનો અન્ય કોઈ પણ નિયંતા નથી. પરમાત્મા માયાથી પર છે તેથી જ તેને "પરમ-શિવ" કહેવાય છે. અને તે સર્વ પ્રાણીમાં રહેલ જીવોમાં પોતાની ગતિ વડે સાક્ષીરૂપ જ્ઞાનચૈતન્યરૂપે માને કૂટસ્થરૂપે તથા નિર્ગુણરૂપે વ્યાપ્ત છે. ૧૮૧

૧૩. પરમાત્મા સર્વાધાર એટલે સર્વનો આધાર છે, પરંતુ તે પરમાત્માને આધાર આપનાર કોઈ જ નથી. તેને કોઈનો પણ આધાર નથી તેથી તેને "સ્વાધાર" કહેલા છે. ૧૮૨

૧૪. પરમાત્મા ઊંચમાં ઊંચ શ્રેષ્ઠ એવી મોક્ષગતિનું સ્વરૂપ છે કે જેના કરતાં બીજી કોઈ ઊંચ સદ્‌ગતિ છે જ નહીં. તેથી તે પરમાત્માને "પરમ અવ્યક્ત" કહેવામાં આવે છે. ૧૮૨

૧૫. અદ્વિતીય પરમાત્મા માયાના સંગથી રહિત હોઈ જગતમાં પોતાના પ્રકાશ એટલે ગતિ, જેને પરમગતિ કહેવાય છે અને જે પરમગતિ જ્ઞાન અને ચૈતન્ય ગુણવાળી છે, તે ગતિ વડે સર્વમાં વ્યાપ્ત છે એટલે તેઓની ગતિ સર્વ સ્થળે સર્વ આત્માઓમાં વ્યાપક છે. ટૂંકમાં, પરમાત્મા પોતાની ગતિ વડે (પણ પ્રત્યક્ષ નહીં) સર્વવ્યાપક હોઈ વ્યાપ્ય સ્વરૂપ પણ છે. ૧૮૩

પરમાત્મા પોતાની પરમગતિ વડે તમામ જીવોમાં વ્યાપક હોવા છતાં માયાના સંસર્ગથી લેપાતો નથી, અને સ્વરૂપે "માયાતીત" રહેલો છે. છતાં પોતાની ગતિ વડે દરેકના આત્મામાં એ કૂટસ્થતત્ત્વરૂપે વ્યાપક છે (પણ પ્રત્યક્ષ નહીં). જે જ્ઞાન અને ચૈતન્ય (સમજશક્તિ અને હલનચલન કરવાની શક્તિ) શક્તિઓ તમામ જીવાત્માઓમાં વ્યાપક છે તેનું મૂળ પરમાત્મા છે. અર્થાત્ તે શક્તિઓ પરમાત્માની છે. ૧૮૩

૧૬. પરમાત્માને માયાવી પંચભૂતનો આકાર નથી અને તે કદી શરીર ધારણ કરતા નથી, એથી પરમાત્માને નિરાકાર કહ્યા છે. પરંતુ ખરી રીતે પરમાત્મા સાકાર કે નિરાકાર નથી પણ "જ્ઞાનાકાર" છે. એટલે પરમાત્મા માત્ર જ્ઞાનનું સ્વરૂપ છે. તે પરમેશ્વર-પરમબ્રહ્મ સર્વદા આનંદમય, પરમસુખરૂપ અને કેવળ જ્ઞાનની મૂર્તિ છે એટલે કેવળ "જ્ઞાનસ્વરૂપ" છે. પરમાત્મા સ્વરૂપે ન્યારો છે પણ પોતાની જ્ઞાનચૈતન્યશક્તિથી સર્વ જીવોના હૃદયમાં પોતાની ગતિ વડે વ્યાપ્ત છે. ૧૯૦

૧૭ પરમાત્મામા માયાના ગુણ (તત્ત્વ, સત્ત્વ, રજસ ને તમસ) ન હોવાથી તેમને નિર્ગુણ કહ્યા છે કેમ કે પરમાત્મા માયાતીત (એટલે માયાના ગુણોથી રહિત) છે અર્થાત માયાના ગુણોથી રહિત હોવાથી "ગુણાતીત" છે પરતુ પરમાત્મા કેવળ જ્ઞાન ગુણના નિધિ છે ટૂકમા, પરમાત્મા પરમેશ્વરમા જરા પણ યા કદાપિ માયાનો અશ આવતો ન હોવાથી તેમને "શુદ્ધબ્રહ્મ" કહ્યા છે ૨૦૦

૧૮ પરમાત્મા પરમેશ્વર માયાના બાવન તત્ત્વો (ચૌદ લોક, સાત પાતાલ, પચીસ માયાવી તત્ત્વોનુ શરીર અને છ ષડ્રિપુ)ની બહાર છે ૨૦૩

૧૯ ધર્મશાસ્ત્રોના પ્રમાણો આપી સમજાવેલો પરમાત્મા પરમેશ્વરનો અદભુત મહિમા ૨૦૯

૨૦ પરમાત્મા પરમેશ્વરનું ટૂકુ નામ "ઈશ્વર" છે, પરતુ એ નામથી પરમાત્મા પરમેશ્વરની સર્વજ્ઞતા, સર્વશક્તિમત્તા, પૂર્ણતા અને પૂર્ણાનદતા સિદ્ધ થતી નથી કેમ કે જે તમામ પ્રકારના જીવો અને આત્માઓ કરતા અનન્ત પરમશ્રેષ્ઠ આત્મા છે તેને જ "પરમાત્મા" કહેલો છે આથી પરમાત્મા પરમેશ્વર કહેવાથી જ સર્વ કરતા શ્રેષ્ઠ આત્મા એવો અર્થ પ્રતીત થાય છે ૨૨૧

૨૧ દરેક મનુષ્યે જીવ, ઈશ, ઈશ્વર, વિશ્વેશ્વર, અક્ષાત્મા અને પરમેશ્વરના ભેદો વિવેકપૂર્વક અવશ્ય જાણવા જોઈએ રામ, કૃષ્ણ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ, નારાયણ અને અશાવતારીના માનાર્થે આગળ યા પાછળ ભગવાન શબ્દનો પ્રયોગ કરવામા આવે છે પરતુ દરેક જુદા છે એટલું જ નહિ પણ દરેકની કળા, સત્તા, શક્તિ, બળ, ગુણ અને કર્તવ્ય વગેરેમા ફેરફાર છે ૨૨૧

૨૨ ભૂલોકની ઉકારની પૃથ્વીને સૂર્ય ધારણ કરી રાખે છે સ્વર્ગની તથા સૂર્ય, ચંદ્રલોકની રાજસગુણી પૃથ્વીને ઈશ્વરકોટિની પૃથ્વીઓ ધારણ કરી રાખે છે અમરની ઈશ્વરકોટિની પૃથ્વીઓને તત્ત્વગુણી-અર્ધમાત્રા-અમરધામની પૃથ્વી ધારણ કરી રાખે છે અમરધામની પૃથ્વીને અશુદ્ધ પરમગતિમાં ગુણવ્યાપ્ત ચાર મન્વતરો ધારણ કરી રાખે છે અને તે મન્વંતરોને અનંત, અસંગ, જ્ઞાનસ્વરૂપ, પરમજ્યોતિ, પરમેશ્વર યાને પરમા મા ધારણ કરી રાખે છે ૨૨૩

૨૩ ઉંકારમડળથી અર્ધમાત્રા સુધીમા કોઈ સ્થળે કોઈમા પણ પરમસુખ નથી, એમ સ્પષ્ટ સમજાય ત્યારે આત્માનો ઉત્કટ પ્રેમ મોક્ષમા જોડાય અને તેમ થાય ત્યારે જ માયાવી વિચારો ઉદ્‌ભવ થતા આપોઆપ અટકે અને ચિત્ત એકાગ્ર થઈ જાય ૨૨૪

૨૪ જે સુખમા દુ ખની છાયા સરખી પ્રવેશી શકતી ન હોય, જે સુખમાં કાંઈ પણ સુખની ઊણપ જણાતી ન હોય, જે સુખના ભાવ ન્યૂનતામા વા કોઈ પણ કાળે દુ ખમા પલટાતા ન હોય અને જે સુખ કાળાતરે પણ એકસરખી સ્થિતિમા સર્વદા કાયમ રહેતું હોય તેમ જ જે નષ્ટ યા ખંડિત થતું ન હોય, તેનુ નામ "પરમસુખ" છે ૨૨૪

૨૫ ચેતનાશક્તિના પ્રવાહનુ મૂળ ઉત્પત્તિસ્થાન યા ઉદભવસ્થાન પરમાત્મા છે તેની ચેતના પ્રતિબિંબિત થઈ એકબીજા સ્થળો વટાવીને નીચે ઊતર્યા કરે છે ૨૨૪

૨૬ વિશ્વમાં તમામ આત્માઓની સાચી જનેતા પરમાત્મા પરમેશ્વર મોક્ષ છે પરમાત્માનો પ્રથમ શ્વાસ નીકળતા જ પ્રથમ ઓમકાર નીકળ્યો તે પરમગતિના આકાશમા વ્યાપક થઈ જવાથી "ખં બ્રહ્મ" યાને "શબ્દબ્રહ્મ" કહેવાયો છે ૨૨૬

૨૭ ૐનુ, આત્મબ્રહ્મનુ અને આત્માનુ એક લક્ષ્ય થાય યા સમન્વય થાય તેનુ નામ "મોક્ષ" છે મોક્ષ એ કાંઈ વાસ કે ગામતળ નથી, પણ આત્માની હૃદયગ્રંથિઓને છેદીને, તેનો નાશ કરીને માયાથી મલિન થયેલા આત્માને શુદ્ધ, નિર્મળ, નિર્દોષ બનાવી પરમ પરમાત્મસ્વરૂપમા વિલય કરવો તેનું જ નામ "મોક્ષ" છે ૨૨૬

૨૮ પરમાત્માના જ્ઞાનસ્વરૂપ સુધી ચર્મચક્ષુની, માનસનેત્રની કે અન્ય નેત્રોની દૃષ્ટિ પહોચતી નથી મન, બુદ્ધિ, કલ્પના, અત કરણ અને વિશેષ રૂપથી પણ તેને જાણી શકાતો નથી માટે જેમને સત્ય સ્વરૂપમા પરમાત્માને જાણવાની ઇચ્છા હોય, તેમણે માનવ બુદ્ધિનો આશ્રય ત્યજી દઈને સદગુરુના જ્ઞાન વચનમા નિષ્ઠા રાખીને જાણવો જોઈએ ૨૩૦

૨૯ મનુષ્ય પ્રણવબ્રહ્મ મત્ર સહિત પરમાત્માની ઉપાસના કરે તો તે ઉપાસનામા દેવો, દેવીઓ, ઈશ્વરો, શક્તિઓ અને નારા

પણની ઉપાસનાનો સમાવેશ અનાયાસે થઈ જાય છે કારણ કે ૐકારની સર્વ શક્તિઓ પરમાત્માની જ ઉપાસના કરે છે ૨૩૫

૩૦ જેમ સૂર્ય સ્વરૂપે આકાશે હોવા છતા પોતાની પ્રકાશરૂપ ગતિ વડે સર્વ જગ્યાએ વ્યાપ્ત છે, તેમ પરમાત્મા સ્વરૂપે ન્યારો હોવા છતા પોતાની ગતિ વડે સર્વ જગ્યાએ વ્યાપ્ત છે પરમાત્મા, પ્રકૃતિ એટલે માયાથી રહિત છે, તે કોઈ દિવસ માયામા યા જગતમાં આવતો નથી અને એક જ રૂપ હોઈ બીજા રૂપ ધારણ કરતો નથી દેવો, ઈશ્વરો અને અથાવ તારીઓ પરમાત્મા મોક્ષ નથી, છતા ઈશ્વરોને કોઈ કોઈ સ્થળે પરમાત્માની ઉપમા આપવામા આવી છે જેમ મનુષ્યને પ્રભુરૂપ હોવાની ઉપમા અપાય છે, તેમ ઈશ્વરોને પરમાત્મા પરમેશ્વરની ઉપમા અપાયેલી છે, પરતુ તેઓ પરમાત્મા નથી ૨૩૮

૩૧ પરમાત્મા પરમેશ્વરના કરતા બીજુ કોઈ પણ અધિક શ્રેષ્ઠ એટલે વધુ ઉત્તમ જણાતુ કે જેવાતુ નથી અર્થાત પરમાત્મા શ્રેષ્ઠ તત્ત્વનો, શ્રેષ્ઠ દેવનો, શ્રેષ્ઠ ઈશ્વરનો અને શ્રેષ્ઠ આત્માનો છેડો યાને અવધિ હોઈ પરમશ્રેષ્ઠ છે ૨૪૦

૩૨ પરમાત્માના જપ કરવામા ભેદો રહેલા છે તેથી પાતજલિએ તમામ મન્ત્રોના ત્યાગ કરીને સર્વોત્કૃષ્ટ એવા પ્રણવમન્ત્રનુ ધ્યાન કરવા કહ્યુ છે અર્થાત પ્રણવ જપ કર્યા પછી આત્મ લક્ષ્ય અને બ્રહ્મલક્ષ્ય પરમેશ્વરમાં લગાડીને યોગાભ્યાસ કરવો અને યોગાભ્યાસ કર્યા પછી ફરી પ્રણવ જપ કરવો એ રીતે જપયોગની એકયતાયુક્ત સંપત્તિ હોવાથી ઈચ્છા રાખનારને પરમાત્માનો સાક્ષાત્કાર અને ઈચ્છા નહીં રાખનારને આત્મિક પુરુષ એકત્ર થઈ બ્રહ્માકારવૃત્તિ પ્રાપ્ત થાય છે જેને આ રીતે બ્રહ્માકારવૃત્તિ થઈ જાય છે તેને પરમાત્માનો પરમ પ્રકાશ પ્રત્યેક પળે મળ્યા કરે છે આ અભિપ્રાય મહર્ષિ વેદવ્યાસજીનો છે ૨૪૦

૩૩ જે પરમાત્મામા નાનાપણુ માને છે તે મૃત્યુથી મૃત્યુ પામે છે અથાત પરમેશ્વર એક છે, તેમા નાનાપણુ નથી ૨૪૫

૩૪ નારાયણથી શુદ્ધ પરમગતિ અને તેનાથી પરમાત્મા પુરુષરૂપે શ્રેષ્ઠ છે તે જ શ્રેષ્ઠ વસ્તુનો છેડો છે, તેથી ઉત્તમ કોઈ નથી ૨૪૫

૩૫ પરમાત્માને ઉત્પન્ન કરનાર કોઈ નથી. ૨૪૫

૩૬. સર્વ ભૂતોનો અંતરાત્મા પરમાત્મા સંસારના દુ:ખથી દુ:ખી થતો નથી. કેમ કે તે બાહ્ય એટલે સંસારથી બહાર છે અને નિરવયવ છે. ૨૪૬

૩૭. જ્ઞાનથી કર્મ થાય છે અને કર્મથી મોક્ષ થાય છે. જ્ઞાન કોઈ સ્વતંત્ર મુક્તિનું સાધન નથી, કિંતુ કર્મ મુક્તિનું સાધન છે. જ્ઞાન અને કર્મ બંનેનું મુક્તિને માટે વેદોપનિષદ્‌માં તુલ્ય જણાય છે. ૨૪૬

૩૮. આનંદમય કેવળ પરમબ્રહ્મ, પરમાત્મા, પરમેશ્વર જ છે. ઉપનિષદોમાં પરમાત્મા આનંદમય હોવાનું વારંવાર કથન આવે છે, પરંતુ જીવ વિષે એવું કથન નથી. વેદમાં પણ પરમાત્માને જ આનંદસ્વરૂપ વર્ણવ્યો છે. ૨૪૬

૩૯. આપણા ઉપર મહદાકાશનું આચ્છાદન થયેલું છે, અને મહદાકાશની પાર પરમાત્મા-પરમેશ્વર છે તેથી તે આપણા જોવામાં આવતા નથી. પરંતુ પરમેશ્વરને જોવા માટે મહદાકાશમાં તત્ત્વગુણી માયાનું એક બાકોરું છે. તેમાંથી સુરતા મંડાય તો તે તેજસ્વી પરમેશ્વર જરૂર અનુભવવામાં આવે. એટલે માયા-વિશિષ્ટ બ્રહ્મમાં લક્ષણા પરોવીને નજર મંડાય તો તે પરમેશ્વર-ના તેજનો અનુભવ થાય. ૨૪૭

૪૦. પરમાત્મા વસ્તુ તત્ત્વરૂપે સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે, છતાં બુદ્ધિના સંબંધથી પોતાના સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ દેહ દ્વારા શુદ્ધ આત્મતત્ત્વ વિના પહોંચેલી દૃષ્ટિથી તે સૌને જુદા જુદા સ્વરૂપમાં દેખાય છે. પરંતુ આત્મતત્ત્વના આશ્રયથી આત્મા પરમાત્માની પરમશક્તિનો પ્રવાહ શુદ્ધ સ્વરૂપે ઝીલતો થાય અને પરમાત્માનો સત્ય સ્વરૂપમાં અનુભવ કરી પરમાત્માને જોઈ અને જાણી શકે ત્યારે પ્રથમનાં સર્વ દૃશ્યો અસત્ય જણાય છે. ૨૪૮

૪૧. પરમાત્મા-પરમેશ્વર પ્રેમનું પરિપૂર્ણ સ્વરૂપ છે અને તેની પ્રાપ્તિ પણ કેવળ પ્રેમલક્ષણાભક્તિથી જ થાય છે. જ્ઞાનીઓ પ્રણવનું જ્ઞાન, યોગીએ પ્રણવમંત્રની ઉપાસના અને સાધકે શબ્દબ્રહ્મ પ્રણવની સાધના કરવી અને ક્રમે ક્રમે આગળ વધતાં જીવન્મુક્તદશા પ્રાપ્ત કરી, પ્રણવને પરમાત્માનો વાચક સમજી આત્મબ્રહ્મ વડે ફક્ત એક પરમબ્રહ્મ-પરમેશ્વરની તમામ

મત્રો ત્યજીને એકલા પ્રણવથી જ ઉપાસના કરવી અને તે ઉપાસનામા નિષ્ઠા અને અનન્ય પ્રેમ રાખી, પ્રાજ્ઞપુરુષે પોતાનું તમામ લક્ષ્ય સપૂર્ણ શ્રદ્ધા, પ્રેમ, ભક્તિ અને અડગ ટેક સહિત દૃઢ નિશ્ચયથી પરમેશ્વરમા રાખવુ તેને "પ્રેમલક્ષણાભક્તિ" કહે છે ૨૫૨

૪૨ અમૃતસ્વરૂપ પરમાત્મા અશરીરી છે, તે કદી જન્મતા નથી, પરતુ જે અશાવતારી ઈશ્વરો જન્મે છે તે કેવળ નારાયણમાથી આવે છે ઉત્પત્તિ અને વિનાશરહિત હોવાથી પરમાત્માને જ્ઞાનસ્વરૂપ કહ્યા છે ૨૫૩

પ્રકરણ ૯: શક્તિ, પરમશક્તિ અને પરાશક્તિ: (૨૫૫ ૨૫૮)

૧ પરમાત્મા એક નિર્મળ, નિર્લેપ, અવિચ્છિન્ન, અસ્પર્શ અને દ્વિભાવરહિતનું અલૌકિક તત્ત્વ છે અને તે અદ્ભુત જ્ઞાનચૈતન્યનુ સ્વરૂપ છે તે પોતાના જ્ઞાનચૈતન્યવાળા ઐશ્વર્ય વડે સર્વ સ્થળે વ્યાપક છે અને તેમનુ જે વ્યાપક ઐશ્વર્ય છે તે સચરાચર દરેક સ્થળે વ્યાપ્ત છે, અને તે માયામા પણ છે આત્મામા જે આત્મતત્ત્વ છે તે પરમાત્માની વ્યાપક ઐશ્વર્યશક્તિ છે, અને પરમાત્મામા તથા કૂટસ્થતત્ત્વમા જે ઐશ્વર્ય છે તે ઐશ્વર્યનો મહાન ગુણ દયા, પ્રેમ તથા પવિત્રતા છે અને તે ગુણોવાળા ઐશ્વર્યને એક "શક્તિ" કહેવામા આવેલ છે ૨૫૫

૨ ઉપર જણાવ્યા મુજબ માયાથી બહાર એટલે શુદ્ધ પરમગતિમાં તે શક્તિ "અલૌકિક (પરમ) શક્તિ" રૂપે પૂજ્ય મનાય છે કોઈથી આસુરી શક્તિ, કોઈથી દૈવીશક્તિ, કોઈથી આત્મિક શક્તિ અને કોઈથી અલૌકિક શક્તિ મેળવાય છે પરતુ તે તમામ શક્તિનું મૂળતત્ત્વ સ્થાન પરમાત્મા એક જ છે, અને તે પરમાત્મા પુરુષરૂપે હોવા છતા તે સ્ત્રી પુરુષના ભેદ જણાય તેવા પુરુષ નથી તેથી તેને "પરમશક્તિ" યાને "પરમજ્યોતિ" કહેવામાં આવે છે લૌકિક કહો કે અલૌકિક કહો પણ યોગ-શક્તિ, આત્મશક્તિ, ચેતનાશક્તિ અને બ્રહ્મશક્તિ તે તમામ સ્ત્રીતત્ત્વ છે આ યોગશક્તિ, આત્મશક્તિ, ચેતનાશક્તિ અને બ્રહ્મશક્તિ વડે જ આત્મા પૂર્ણબ્રહ્મ સ્વરૂપ પ્રાપ્ત કરે તેવો બની શકે છે માટે શક્તિ વિના અન્ય તમામ પ્રકારની ભક્તિ નિરર્થક નીવડે છે, એમ માની કેટલાક સત્પુરુષોએ

પુરુષરૂપ પરમેશ્વરને, તેઓ—દયામયી કૃપામયી, અનન્ય પ્રેમમયી અને પૂર્ણ ઉદારતામયી વૃત્તિના હોવાથી, માતા સ્વરૂપ માનેલા છે ૨૫૫

૩ પરમાત્માના જ્ઞાનસ્વરૂપની આસપાસ ચૌદકળા આત્મબળવાળી શુદ્ધ પરમગતિ છે, તેને "પરમશક્તિ" યાને "પરમચેતના" કહેવામા આવે છે, અને તે જ પરમશક્તિનુ મૂળસ્થાન છે યોગીપુરુષો આ પરમશક્તિથી મોક્ષપ્રાપ્તિ કરી શકે છે ૨૫૭

૪ મનુષ્યજીવનમા સિદ્ધિઓ પ્રાપ્ત કરવી, લૌકિક દેવો, ઈશ્વરો અને અક્ષરબ્રહ્મ વિશ્વેશ્વરના ધામને પ્રાપ્ત કરવા તેનું નામ "પરાશક્તિ" છે પરાશક્તિથી તેમના લૌકિક સ્થાનોને મેળવાય છે, તેમના સ્થાનમા જવાય અને રહેવાય છે ૨૫૭

૫ બિંદુના (એટલે પરમાત્માના) બહારની પરમગતિને પરાશક્તિ માનેલી છે એટલે શુદ્ધાશુદ્ધ પરમગતિ, અશુદ્ધ પરમગતિ અને બ્રહ્માંડની અંદર આવેલી ગતિઓ—આ ત્રણેનો સમાવેશ પરાશક્તિમા થાય છે ૨૫૮

પ્રકરણ ૧૦ અપરબ્રહ્મ, સગુણબ્રહ્મ અને વિશ્વેશ્વર-નારાયણ (૨૫૯-૨૬૩)

૧ તમામ માયાના મૂળ પુરુષ હોવાથી નારાયણને "હિરણ્યગર્ભ" અને "મહત્તત્ત્વ" કહેલા છે અર્થાત નારાયણ પોતે સૌથી વિરક્ત છે, છતા માયાવી પ્રકૃતિથી તે પ્રકૃતિરૂપી સોનાવાળા છે તેથી તેમને "હિરણ્યગર્ભ" કહેલા છે ૨૫૮

૨ વિશ્વના (એટલે અકાર, મકાર અને ઉકાર મંડળના) અધિષ્ઠાતા "નારાયણ" યા "વિશ્વેશ્વર" છે સમગ્ર વિશ્વ લય પામીને નારાયણમાં ભરાય છે, અને વિશ્વનું તે ભરણપોષણ કરે છે, માટે તેને "વિશ્વંભર" કહ્યા છે ૨૫૯

૩ જે પ્રકૃતિથી વિરુદ્ધ વર્તી માયાનો ત્યાગ કરે નહીં પણ માયા ઉપર પોતાનું આધિપત્ય એટલે માયાને પોતાની ઇચ્છાનુસાર વર્તાવે પણ પોતાના દેહ, મન, બુદ્ધિ આદિની માયિક ઇચ્છાનુસાર વર્તે નહીં તે "પ્રકૃતિપુરુષ" છે ૨૬૦

૪ નારાયણ અ, મ, ઉ મા વસનારા જીવો, દેવો, ઈશ્વરોના તથા અમરધામમા પોતાના હૃદયમા વસનારા અંશાત્માઓના અધિપતિ છે, તેથી તે "વિશ્વપતિ" યાને "વિશ્વેશ્વર" કહેવાય છે ૨૬૦

૫ વિશ્વના તમામ આત્મા કરતા "મહત્" એટલે મહાન અક્ષર બ્રહ્મ શ્રેષ્ઠ છે, જેને અક્ષરનિવાસ યા અક્ષરધામ કહેવાય છે તેના કરતા તેના અધિપતિ અવ્યક્ત અર્થાત્ નારાયણનો પોતાનો આત્મા અને પરમેશ્વરની પરમગતિ શ્રેષ્ઠ છે, તેથી તે "અવ્યક્ત" કહેવાય છે ૨૬૦

૬ નારાયણ તત્ત્વગુણી માયાના ચારે ગુણોથી, માયાના અધિષ્ઠાતા પણાથી અને તેમના હૃદયમા રહેલ નવસોનવાણુ આત્માઓથી માયાના આવરણોમાં ઘેરાયેલા હોવા છતા તેમની કૂટસ્થ બ્રહ્માત્મજ્યોતિ તમામ માયાથી અલિપ્ત છે તેથી તેને "પરા જ્યોતિ" કહે છે ૨૬૧

૭ ઈશ્વરો સહિતનુ સમગ્ર વિશ્વ "ક્ષર" (એટલે નાશવાન) છે અને તે "ક્ષર" જેમાથી ઉત્પન્ન થયેલુ છે તે વિરાટ બ્રહ્મ નારાયણને "અક્ષર" પુરુષ કહેલા છે આ "અક્ષર" તત્ત્વ "ક્ષર" કરતા ઉત્તમ છે ૨૬૧

૮ નારાયણનો ઉન્માદ ભાવ હજારો વર્ષ સુધી સળગસૂત્ર એકસરખો તેમની સ્વપ્નાવસ્થા સુધી કાયમ રહે છે, તેથી તેમને "તુર્યાવસ્થા સ્વરૂપ" કહેવાય છે ૨૬૨

૯ જેનાથી બ્રહ્માંડ રચાયું છે કે ભાસમાન થાય છે તે આદિ શક્તિઅવિદ્યા અર્થાત માયા એટલે ઘરવ્યવહાર, સ્ત્રી, પુત્ર, ધન, ધંધો આદિ માયા છે ગમે તેવા દૃઢ મનનાને પણ એક ઘડીમા ફેરવી નાખે, વિચારો પલટાવી નાખે, ગમે તેવા ઊંચે ચઢેલાને પણ ઉપરની સીડીથી ઠેઠ નીચે નાખી દેતા વાર લાગે નહીં તેનુ જ નામ "માયા" છે ૨૬૩

૧૦ માયાને પ્રકૃતિ જાણો અને માયાવાનને મહેશ્વર એટલે નારાયણ જાણો આ બંને અવયવ ભૂતોથી આખુ જીવન વ્યાપ્ત છે કહેવાનો અર્થ એ છે કે નારાયણની માયાનો અંશ દરેક જીવમા આવે છે તેથી નારાયણને પ્રકૃતિપુરુષ વિશ્વના હિરણ્યગર્ભ અને માયાના પતિ માનેલા છે ૨૬૩

૧૧ અર્ધમાત્રા કે જેમાં માયાતત્ત્વ ઘણુ જ ઓછુ જણાય છે પરંતુ તે બીજી માયા કરતા અતિશય પરિબળવાળુ થોડુ પણ ઘણુ તાકાતવાળું માયાબળ છે આ માયા તત્ત્વગુણી છે અને તેનું ઉદ્ગમસ્થાન પણ અર્ધમાત્રા છે ૨૬૩

૧૨. ઓમ્‌કાર બ્રહ્મરૂપ હોવાથી "સર્વં ખલ્વિદં બ્રહ્મ"ના મહાવાક્યમાં જગતનાં (માયાવી વિશ્વનાં) તમામ તત્ત્વોને બ્રહ્મ કહેલ છે. પ્રણવની ચારે પાદોમાં આઠ પ્રકારના આત્માઓના અંદરના ભાગમાં ગૂઢ બ્રહ્મત્વ રહેલું છે. તેના ઉપર પ્રાણવાયુ લેનાર ગ્રંથિરૂપ આત્મા અને તેના પર માયાવી દેહો આચ્છાદિત થયેલા છે અને તેના ઉપર બ્રહ્મરૂપ પ્રણવનું આચ્છાદન છે. આ રીતે માયાવી જગતમાં આત્મામાં રહેલ બ્રહ્મત્વથી જ સર્વ વિશ્વ સચેતન બની રહેલું છે. પરંતુ તે માયાવી દેહો અને તેનાં સ્થાનો ઉપર પ્રણવબ્રહ્મ ઓમ્‌કારનું આચ્છાદન હોવાથી તમામ માયાને પણ બ્રહ્મ માનેલ છે. ૨૬૪

૧૩. નારાયણ પરમાત્મામાંથી બહાર નીકળે છે, ત્યારે પરમાત્માની પરમગતિનું દબાણ આવવાથી તેમની કૂટસ્થ બ્રહ્માત્મજ્યોતિમાંથી અનાયાસે ઓમ્‌નો ધ્વનિ નીકળે છે અને તે પરમગતિના આકાશમાં બધે વ્યાપક થઈ જાય છે. તેને "ૐ ખં બ્રહ્મ" એટલે આકાશવત્ વ્યાપક શબ્દબ્રહ્મ કહે છે. અને તે નારાયણ-અક્ષરબ્રહ્મ કરતાં શ્રેષ્ઠ છે. ૨૬૪

૧૪. સૌથી પ્રથમ નારાયણના આત્મમુખથી તમામ વાણીના મૂળરૂપ એવો ઓમ્ શબ્દ નીકળે છે તેથી તેને "શબ્દબ્રહ્મ" કે "અક્ષરબ્રહ્મ" કહે છે અને તે શબ્દબ્રહ્મ અક્ષર સ્વરૂપ છે. ૨૬૪

૧૫. વિશ્વેશ્વર-નારાયણ પોતે તુર્યાવસ્થાવાન બ્રહ્મ અને માયાના વિશિષ્ટ છે. ૨૬૫

૧૬. નારાયણે પોતાની અર્ધમાત્રાના ધામને માટે તત્ત્વગુણ રાખ્યો છે. અકારધામને સત્ત્વગુણ, મકારધામને રાજસગુણ અને ઉકારધામને તામસગુણ આપ્યો છે. ૨૬૫

૧૭. નારાયણ-અક્ષરબ્રહ્મમાં રાજસ, તામસ અને સત્ત્વ ગુણોના મિશ્રણરૂપ તત્ત્વગુણ રહેલો હોવાથી તેને "સગુણબ્રહ્મ" કહેલા છે. ૨૬૫

૧૮. નારાયણ સૃષ્ટિનો લય કરી અતિ સૂક્ષ્મરૂપ ધારણ કરે છે તે વખતે માયા તદ્દન લય થઈ જાય છે. પરંતુ પરમગતિમાં ઓમ્‌કારની મેઘધનુષરૂપે આકૃતિ કાયમ રહી જાય છે અને સુષુપ્તિ અવસ્થાના અંતમાં ધીમે ધીમે તે લય થઈ જાય છે. તેથી કરીને ઓમ્‌કારને "અક્ષરબ્રહ્મ" કહેલો છે. નારાયણનો પરમાત્મામાં લય થાય છે તો પણ ઓમ્‌નો ધ્વનિ પરમગતિના

આકાશમા વ્યાપ્ત રહે છે અને ઓમ્કારનું મેઘધનુષરૂપ દૃશ્ય નારાયણની સુષુપ્તિ અવસ્થા પૂરી થાય ત્યારે બંધ થાય છે, છતા નારાયણ બ્રહ્મરૂપે કાયમ રહે છે માટે નારાયણને પણ "અક્ષરબ્રહ્મ" કહેવામા આવેલ છે ૨૬૫

૧૯ નારાયણમા પોતાનો આત્મા સિવાય બીજા ૯૯૯ આત્માઓ તેમના હૃદયમા રહેલા છે તે આત્માઓ પૈકી અવતાર લેનાર, અંશાવતારી ઈશ્વરો રામ કૃષ્ણાદિને "અંશાત્મા" કહેવાય છે તેમના ગોલોકવાસી અક્ષરધામને તેમનું પરમધામ કહેલું છે ૨૬૬

૨૦ જ્યારે નારાયણ પોતાની સ્વપ્નાવસ્થામા હોય છે ત્યારે કેટલેક અંશે એમની માયાવી વૃત્તિ હોય છે એ માયાવી વૃત્તિ દૂર કર્યા સિવાય તેમનાથી પરમાત્મામા જઈ શકાય નહીં માટે નારાયણ જેટલા વર્ષ સુધી સ્વપ્નાવસ્થામા રહે છે તેટલા જ વર્ષ સુધી તે માયાને સમેટીને સુષુપ્તિ અવસ્થામા રહે છે અને ત્યાર પછી તેટલા જ વર્ષ સુધી પરમાત્માની અંદર જાગ્રદવસ્થા ભોગવી તે શક્તિશાળી બને છે ત્યાર બાદ પરમાત્માનો રેચક થાય ત્યારે નારાયણ પરમાત્મામાંથી બહાર આવે છે ૨૬૬

૨૧ નારાયણ નવ પ્રકારના છે ભોમા, સોમા, વ્યોમા, લક્ષ્મી, વિષ્ણુ, નર, બદરી, શેષ અને આદ્ય નારાયણ ૨૬૬

૨૨ છ પ્રકારના આત્માવાળુ (જડાત્મા, જીવાત્મા, આત્મા, મહાત્મા, દિવ્યાત્મા ને અંશાત્મા) સમગ્ર વિશ્વ "ક્ષર" એટલે નાશવાન છે તેથી તેને "ક્ષરસાગર" કહેવાય છે ૨૬૬

૨૩ આ ક્ષરસાગર પર પોઢેલા અને વિશ્વથી જુદા તે અક્ષરધામના માલિક અક્ષર, સગુણબ્રહ્મ, હિરણ્યગર્ભ "બ્રહ્માત્મા" છે ૨૬૭

૨૪ ક્ષરની ઉત્પત્તિના કારણરૂપ નારાયણનો દેહ (પોતાના ગોલોક સહિત) અક્ષર એટલે અવિનાશી છે સમગ્ર વિશ્વ ક્ષર છે અને તે ક્ષર જેમાથી ઉત્પન્ન થયેલુ છે, તે વિરાટ્બ્રહ્મ નારાયણને "અક્ષર" પુરુષ કહેલા છે ૨૬૭

૨૫ નારાયણના મૂળ કૂટસ્થ પરમાત્મા પરમેશ્વર છે ૨૬૭

૨૬ નારાયણનો આત્મા કદાપિ જન્મમરણના ફેરામા આવતો નથી ૨૬૭

૨૭ નારાયણ "ૐ સોઽહમ્" બોલી વિશ્વનો લય કરે છે અને "ૐ एकोऽहं बहुस्याम्" બોલી વિશ્વનુ સર્જન એક નિમિષ માત્રમાં કરે છે ૨૬૮

૨૮. આત્યંતિક પ્રલયની અદ્ભુત સમજણ. ૨૬૯
૨૯. મનહર છંદોમાં કલ્પની લયોત્પત્તિની અદ્ભુત સમજૂતી. ૨૭૩
૩૦. આત્યંતિક પ્રલય સમયે નારાયણ પૃથ્વીના તમામ આત્માનું, મકારમંડળનું, અકારમંડળનું, ગોલોકવાસીનું, પંચમુખી બ્રહ્માનું, પંચમહાભૂતનું, તેના પર પોતાના ચાર દેહોનું, તેના પર પોતાના આત્માનું અને તેના પર પોતાની આત્મજ્યોતિનું પડ (જેમ કાંદાનાં પડ હોય તેમ) ચઢાવે છે, અને ત્યાર પછી અતિ સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્વરૂપે નારાયણ જ્ઞાનસ્વરૂપ પરમાત્માના મુખ યા નાસિકા દ્વારે પરમાત્માના સ્વરૂપમાં જઈને રહે છે. ૨૭૪
૩૧. ૨૫, ૨૬, ૩૧ અને અનંત તત્ત્વોનો જેમાં સમાવેશ થાય છે તેવા એક જ નારાયણ છે. ૨૭૫
૩૨. અર્ધ જાગૃત અને અર્ધ સ્વપ્ન અવસ્થામાં નારાયણથી ૐનો ધ્વનિ થાય છે, તે વખતે નારાયણ પડો બંધ જ રાખે છે. ૨૭૬
૩૩. જે અંશાવતારી આત્માઓએ પોતાનું અવતારી કર્તવ્ય કરવા ઉપરાંત જો મોક્ષપ્રાપ્તિ માટે ઉપાસના કરી હોય, તે આત્માઓ આત્યંતિક પ્રલય વખતે નારાયણના હૃદયકમલમાંથી છટકી જઈ પરમાત્માના સ્વરૂપમાં એકરસ, એકરૂપ થઈ જાય છે. ૨૭૬
૩૪. પરમાત્માના પૂરક વખતે નારાયણ અનાયાસે પરમાત્મામાં ખેંચાઈ જાય છે. વળી નારાયણ કદાપિ પરમાત્માના સ્વરૂપમાં એકરસ, એકરૂપ થતા નથી; કેમ કે નારાયણ પંદર કળાવાળા હોય છે. ૨૭૬
૩૫. નારાયણનું આત્મબળ પંદર આનીએ પહોંચે છે કે તરત જ તેમને આત્મબળ ઓછું કરવાની ફરજ પડે છે. ૨૭૭
૩૬. આત્યંતિક પ્રલયે નારાયણ પરમાત્મામાં રહેતા હોવાથી પરમાત્માના સ્વરૂપમાં કશો ફેરફાર થતો નથી. પરમાત્માની કમરથી માંડી કંઠસ્થાનના કોઈ પણ ભાગમાં નારાયણ અતિ સૂક્ષ્મરૂપે રહે છે. ૨૭૭
૩૭. નારાયણ અને પરમગતિનો મોક્ષ કદાપિ થતો નથી. ૨૭૮
૩૮. અશુદ્ધ પરમગતિમાં તત્ત્વગ્રંથિ આત્મામાં દશ આની આત્મબળ અને દશ આની તત્ત્વ માયાબળ હોવાથી તે "સમ્ભૂતિ" કહેવાય છે. વળી નારાયણમાં પણ આત્મબળ અને માયાબળ સરખું હોવાથી "સમ્ભૂતિ" કહેવાય છે. ૨૭૮

૩૯ પ્રણવ ૐકારમાં વધારે યોગબળવાળા સર્વ કામનાના ઈશ્વર છે, તેને વિશ્વેશ્વર-નારાયણ નામે સબોધવામા આવે છે નારાયણનું મૂળતત્ત્વ પરમબ્રહ્મ પરમાત્મા છે તે નારાયણ પોતે જગતમા જન્મતા નથી ૨૮૧

૪૦ નારાયણ મોક્ષધર્મના આદ્યસ્થાપક યાને આદિગુરુ છે કેમ કે તેમણે બ્રહ્માને જણાવ્યુ છે કે "જે નિર્ગુણ છે, મહાન છે, અજન્મા છે, સર્વના મૂળરૂપ છે, તે નિર્ગુણ પરમાત્માને નમસ્કાર કરો" વળી વધારામાં હયગ્રીવ-નારાયણે કહ્યુ મેં તમને જણાવેલા મોક્ષધર્મના પ્રવર્તકોને તમે ઉત્પન્ન કરજો" ૨૮૧

૪૧ "તત્ત્વમસિ"નો ગૂઢાર્થ એ છે કે, તું આત્મા નથી, ગ્રથિ નથી, માયા નથી, જડ નથી, પચમહાભૂત નથી, દેહો નથી અને કર્તાધર્તા નથી, આત્માના આત્મદહરમા નિવાસ કરી રહેલો "તુ" અદ્વય, નિષ્પાપ, નિર્લેપ, નિર્દોષ અને મોક્ષની પ્રાપ્તિ કરવા અધિકારવાળો કૂટસ્થ આત્મબ્રહ્મ (તત્ત્વમસિ) જ્ઞાનચૈતન્ય સ્વરૂપ છે તારે માત્ર આત્મદહરમાંથી ખસી જઈ તારા મૂળ સ્વરૂપ પરમબ્રહ્મ, જ્ઞાનચૈતન્ય સ્વરૂપ મોક્ષમા નિવાસ કરવાનો છે અને તે જ તારુ મૂળવતન અને મૂળસ્થાન છે ૨૮૧

૪૨ આત્મામા જે આત્મતત્ત્વ રહેલુ છે તે પરમાત્માની સ્વજાતિ છે, પણ તેની કળા, શક્તિ, બળ, સત્તા, કદ, ગુણો અને કર્તવ્યમા અનતગણી ભિન્નતા ખુલ્લી દેખાય છે માટે સ્પષ્ટ રીતે જણાઈ આવે છે કે આત્મા તે બ્રહ્મ છે જ નહીં, પણ દરેક આત્મામા જે બે આની શુદ્ધતત્ત્વ છે તે બ્રહ્મરૂપે છે તેથી જ એને "કૂટસ્થબ્રહ્મ" કહે છે ૨૮૨

૪૩ પ્રકૃતિથી આરભીને મહાભૂત પર્યંતની ૨૪ અને ગ્રથિતત્ત્વ સહિત ૨૫ તત્ત્વવાળી સૃષ્ટિ તે અદ્વય ઈશ્વરની સૃષ્ટિ છે તેમા પ્રત્યેક આત્મા (જડાત્મા, જીવાત્મા, આત્મા, મહાત્મા, દિવ્યાત્મા, અક્ષાત્મા, પરાત્મા ને બ્રહ્માત્મા)મા બ્રહ્મત્વ વ્યાપ્ત હોવાથી "सब खल्विद ब्रह्म" સર્વ જીવોને, દેવોને, ઈશ્વરોને અને સમગ્ર વિશ્વ તથા બ્રહ્માડને બ્રહ્મ છે એમ કહેલુ છે ૨૮૪

૪૪ 'અક્ષર' એટલે "અક્ષરધામ" અને કૃષ્ણ પોતે અક્ષરથી ઉત્તમ એટલે પુરુષોત્તમ છે પરતુ તેમનું "પરમધામ તે જ અક્ષરધામ" છે, અને જેમ ધામ કરતા ધામી શ્રેષ્ઠ છે, તેમ અક્ષર કરતા

"પુરુષોત્તમ" શ્રેષ્ઠ કહ્યા છે એટલે કૃષ્ણપ્રભુનો આત્મા (નારાયણનો અંશાવતાર હોવાથી) પુરુષોત્તમ છે પણ સર્વોત્તમ નથી તેમ જ તે અક્ષરથી ભિન્ન નથી, તેથી લોકવ્યવહારુ અને વેદમા પણ "પુરુષોત્તમ" નામથી પ્રસિદ્ધ છુ એમ શ્રીકૃષ્ણપ્રભુએ કહ્યુ છે ૨૮૫

૪૫ પોતામાથી જગત ઉત્પન્ન કરતા પહેલા નારાયણ પૂર્ણ હતા, જગત ઉત્પન્ન થયા પછી પૂર્ણ રહે છે અને સૃષ્ટિનો લય થઈ તેમનામા સમાય ત્યારે પણ પૂર્ણ હોય છે ૨૮૫

૪૬ અક્ષરબ્રહ્મ-નારાયણ વિશ્વના પતિ, વિશ્વરૂપ તેમ જ સૌના નિયામક છે અને વિશ્વમા પ્રવેશવાના તથા મોક્ષમા મળવાના સેતુ એટલે મોક્ષના દ્વારરૂપ છે કોઈ પણ આત્માને મોક્ષમાં જવા દેવો કે નહિ તે નારાયણની ઈચ્છા પર આધાર રાખે છે તેથી નારાયણની કૃપાની અવશ્ય જરૂર પડે છે અને નારાયણની ઉપાસના સિવાય તેમની કૃપા મળતી નથી ૨૮૫

૪૭ ઈશ્વરી અવતાર રામચદ્રજી અને શ્રીકૃષ્ણને પરમાત્મા પરમેશ્વર કહી શકાય જ નહીં કેમ કે તેઓ ઈશ્વર છે પણ પરમેશ્વર નથી કેમ કે પરમેશ્વર જન્મ લેતો જ નથી ૨૮૬

૪૮ દેશ એટલે સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ, પ્રદેશ એટલે અકાર મડળ, વિદેશ એટલે અર્ધમાત્રા અને ઉપદેશ એટલે બિંદુરૂપ પરમાત્મા ૨૮૭

૪૯ દરેક વિભૂતિ આત્માઓ એક જન્મમાથી છૂટીને અર્ધમાત્રામા નારાયણના પગ નીચે પ્ર દ ન ઉત્થી "દેહમાયા રહિત, નિત્યમુક્ત, બ્રહ્મ, વિભૂતિ આત્મા"નું જે સ્થાન બતાવેલ છે તે "બ્રહ્મરધ્ર"મા જઈને રહે છે

દરેક યુગમા ઈશ્વરાવતારને મદદ કરવા વિભૂતિ આત્મા આવે છે આ વિભૂતિ આત્મા જનતામા જ્ઞાનમાર્ગનો અને ઈશ્વરી ભક્તિનો પ્રચાર કરે છે આ આત્મા અનેકનું કલ્યાણ કરવા માટે જ જન્મે છે ૨૮૮

૫૦ આદિનારાયણમાથી જ તમામ અવતારી પુરુષો થા અશાવતારી ઈશ્વરો ઉત્પન્ન થાય છે અને પોતાનો દેહ છોડયા પછી તે નારાયણમા જ જાય છે અને તેમની હૃદયગુહામાં સમાય છે ૨૯૦

૫૧ અંશાત્માઓનો મોક્ષ થાય છે (જુઓ પ્રશ્ન નબર ૩૩) ૨૯૧

૫૨ નારાયણના હૃદયકમળમા પોતાના આત્મા સિવાય બીજા નવસો નવાણુ આત્માઓ રહેલા હોઈ તેમને "સહસ્રશીર્ષ" યાને હજાર આત્મા કહેલા છે ને પૃથ્વીઓને સર્વ તરફથી સ્પર્શ કરીને તેનાથી પોતાના વિરાટ સ્વરૂપના દશ આગળ ઊંચા છે ૨૯૧

૫૩ તુરીય બ્રહ્મ-નારાયણ કોઈને સહાય કરતા કે દોરતા નથી અને તે નિષ્ક્રિય હોવાથી ગમે તેટલી સ્તુતિ કરવા છતા અર્ધમાત્રાથી કોઈને સહારો અપાતો ન હોવાથી તેમ જ અક્ષરતત્ત્વ યાને કારણબ્રહ્મ લઈને અક્ષરાતીત સુધી ચઢાવવા કે કોઈને ક્ષરમા નાખવા તત્પર હોતા નથી તેથી વિરાટબ્રહ્મને નિષ્ક્રિય બ્રહ્મ કહ્યા છે ૨૯૨

૫૪ કોઈ પણ આત્માને વિશ્વથી બહાર પરમગતિ સુધી જવા દેવો તે સગુણબ્રહ્મની મરજી પર હોઈ આત્મોદ્ધાર કરવામા તેમના તરફથી વાધો ન પડે તે માટે પરબ્રહ્મ-નારાયણની ઉપાસના કરવી પડે છે તેથી માયાવિશિષ્ટ બ્રહ્મને (એટલે નારાયણને) વિશ્વના સાક્ષાત ગુરુ માન્યા છે ૨૯૨

૫૫ વિશ્વેશ્વર-નારાયણ આત્યંતિક પ્રલયે "ૐ સોઽહમ્" કહીને તમામ માયાવાળા વિશ્વને પોતાના વિરાટસ્વરૂપ દેહમા સમાવી લઈ, તે દેહને તત્ત્વાકુરરૂપ અત્યત સૂક્ષ્મ બનાવી દઈ, દેહોમાથી પોતાના આત્માને બહાર કાઢી, દેહો અને માયાના તત્ત્વો ઉપર પોતાના બ્રહ્મતત્ત્વનુ આચ્છાદન કરી નાંખી, પરમેશ્વરના પૂરકના અંતમાં પરમાત્મામા જઈ, કુંભકમાં સ્થિત રહી, રેચકની શરૂઆતમાં બહાર નીકળીને, પોતાના બ્રહ્મતત્ત્વને આત્મામાં સ્હેલી લઈને "ॐ एकोऽहं बहुस्याम्" કહી પોતાના દેહોને, વિરાટ સ્વરૂપને અને સમગ્ર વિશ્વરૂપ માયાને પૂર્વવત ઉત્પન્ન કરી, પોતાના આત્માને દેહોમા ઉતારી અંતર્મુખ બને છે ૨૯૩

પ્રકરણ ૧૧ આખા વિશ્વની સમજણ (૨૯૪-૩૨૫)

પ્રથમ આપવામાં આવેલી વિશ્વની ઉત્પત્તિની સમજણ ૨૯૪

૧ વિશ્વની ઉત્પત્તિ પહેલા ફક્ત પરમાત્મા પરમેશ્વર એક જ હતા અને તે પુરુષરૂપમા હતા ૨૯૭

૨ વિરાટબ્રહ્મ-નારાયણ સમગ્ર વિશ્વના ઉત્પન્ન કરનાર અને સર્જનહાર છે ૨૯૮

૩. અક્ષરબ્રહ્મ-નારાયણ વિશ્વના પતિ, વિશ્વરૂપ તેમ જ સૌના નિયામક છે અને વિશ્વમાં પ્રવેશવાના તથા મોક્ષમાં મળવાના સેતુ છે એટલે મોક્ષના દ્વારરૂપ છે. ૨૯૮

૪. વિશ્વના કૂટસ્થ વિશ્વેશ્વર-નારાયણ છે અને નારાયણના કૂટસ્થ પરમાત્મા છે. ૨૯૮

૫. ઉકાર, મકાર ને અકાર એ ત્રણ મળીને "વિશ્વ" કહેવાય છે. ૨૯૮

૬. નારાયણનો આત્મા અર્ધો બ્રહ્મદશામાં અને અર્ધો માયાવી દશામાં "ૐ" બોલે છે, તે અવાજ વીજળી ફરી વળે તે પ્રમાણે અક્ષરધામની ઉપરની હદથી આખા બ્રહ્માંડની અને અક્ષરધામની હદ નક્કી કરી નાંખે છે. અને તે પછી ત્યાંથી તે અવાજ ઊછળીને અક્ષરધામની, અકારની, મકારની, ઉકારની અને કડાંગની હદો નક્કી કરી નાંખે છે અને માયાજળના મુખ આગળ તેનું બળ પૂરું થાય છે. ૨૯૮

૭. અર્ધમાત્રાથી માંડી અકાર, મકાર, ઉકાર અને કડાંગ સુધી માયાની હદ છે. ૨૯૯

૮. અર્ધમાત્રા કરતાં અકારમાં, અકાર કરતાં મકારમાં, મકાર કરતાં ઉકારમાં, ઉકાર કરતાં બ્રહ્માંડની ગતિમાં અને તેના કરતાં વિશ્વમાં, અર્ધમાત્રાની નીચે રહેલ વિભૂતિ આત્મામાં ક્રમશઃ માયાતત્ત્વ ઓછું હોય છે. ઉકારના આત્માઓ અને વિભૂતિ આત્માઓ બ્રહ્મલક્ષ્યમાં સ્થિર થતાં માયાવી ભાવ ત્યાગ કરી શકે છે તેથી જ તે પરમપદને પ્રાપ્ત કરી શકે છે અને તેથી જ મનુષ્યાવતારને વિશ્વવૃક્ષના ફળરૂપ અને કલ્યાણનું સાધન માનવામાં આવેલો છે, એટલું જ નહિ પણ કેટલાક મનુષ્યાવતારને મોક્ષનું દ્વાર પણ કહે છે. ૩૦૦

૯. ચતુર્મુખી બ્રહ્મા, વિષ્ણુ, શિવ, શક્તિ, ચોસઠમુખી બ્રહ્મા, પંચમુખી બ્રહ્મા અને આદ્યનારાયણ—આ સાત આત્માઓનો કદાપિ મોક્ષ થતો નથી. ૩૦૦

૧૦. નારાયણના હૃદયકમળની મુખ્ય નવ પાંખડીઓ છે અને તે દરેક પાંખડીની ઉપર બીજી સાત સાત પાંખડીઓ છે. તે નવ પાંખડીની શક્તિના નવ નારાયણ થાય છે અને તેની જ નવ સિદ્ધિ અને નવ નિધિ હોય છે. ૯×૭ = ૬૩, તે શક્તિના

ત્રેસઠ મુખ અને ચોસઠમું મુખ નારાયણની ઈચ્છાશક્તિ દ્વારા પ્રાપ્ત થયેલું હોવાથી "ચોસઠમુખી બ્રહ્મા" કહેવાય છે. 300

૧૧. નારાયણના ત્રણ ગુણોના અંશ લઈને ઉત્પન્ન થયેલા આદિ-શક્તિ તથા તેમનાથી થયેલા એકેક ગુણના અંશરૂપ ચતુર્મુખી બ્રહ્મા, વિષ્ણુ અને શંકર ભગવાન છે. એ ચારેય ઈશ્વરો નારાયણના વિરાટ સ્વરૂપમાંથી ઉત્પન્ન થયેલા છે તેથી તે અવતારી પુરુષોને "અંશાત્મા" કહેલા છે. 301

૧૨. આદિશક્તિ વિશ્વની સંભાળ રાખે છે અને તેઓ ચિત્તના દાતા છે. શિવ અકારાધિપતિ કહેવાય છે અને તેઓ અહંકારદાતા છે. વિષ્ણુ મકારાધિપતિ કહેવાય છે અને બુદ્ધિદાતા છે. અને ચતુર્મુખી બ્રહ્મા ઉકારાધિપતિ કહેવાય છે અને તેઓ મનોદાતા છે. 301

૧૩. જે ત્રણલોકની ઉત્પત્તિ કરી પાછો તેનો સંહાર કરે છે અને જે વિશ્વને ઉત્પન્ન કરવાવાળી અને અનાદિ સિદ્ધ છે, તેને "શૈવીપ્રકૃતિ" કહી છે. 301

૧૪. નારાયણની મહામાયાનું અતિ પરિબળવાળું જે વિષતત્ત્વ નીકળેલું તેને પીવાની કોઈ પણ દેવ, ઈશ્વરો, રાક્ષસો, કિન્નરો વગેરે કોઈમાં શક્તિ ન હતી, પણ શિવની ઉત્પત્તિ અને લયસ્થાન નારાયણનો કંઠપ્રદેશ છે, તેથી શિવના ભૌતિક શરીરનો કંઠપ્રદેશ માયાના વિષને કંઠે જાળવી રાખવા શક્તિમાન હોવાથી શિવે સમુદ્રમંથનમાંથી નીકળેલ માયાના વિષને કંઠે રાખેલ છે. તેથી તેમનું નામ "નીલકંઠ" છે. 302

૧૫. શિવના ભૌતિક શરીરને જપવાથી શિવલોક પ્રાપ્ત થાય, અને શિવના આત્માનું મૂળતત્ત્વ તે પરમશિવ-પરમાત્મા છે, તેથી જે શિવના આત્મતત્ત્વ પરમાત્માને ઓમ્‌કાર વડે જપે છે તેમનું પરમશિવમ્ એટલે શ્રેષ્ઠ કલ્યાણ થાય છે. 303

૧૬. પુરાણોમાં શિવને જગતને લય કરનાર માન્યા છે, પણ શંકરના જેવી તપશ્ચર્યા કરાય તો અંતિમ સમયે પ્રભુમાં લીન થઈ કલ્યાણ થશે એમ શંકરનું સંહારકરૂપે ગુપ્ત વચન છે. 303

૧૭. ચતુર્મુખી બ્રહ્માએ આત્માની ૯૬ પ્રકારની માયાની વૃત્તિઓને જનોઈરૂપે પહેરી તેના ઉપર કાબૂ રાખી આત્માને એકલક્ષ્ય જોડવારૂપ ગાંઠ વાળી છે. તેઓએ જગતના મનુષ્યને બોધ આપ્યો છે કે, તમે પરમેશ્વરમાં એકલક્ષ્ય રાખો અને ૯૬ પ્રકારની માયાની વૃત્તિઓને જીતી કલ્યાણ કરો. 303

૧૮. માયામાં ડૂબેલા જીવને વૈષ્ણવ કહે છે. તેવા સ્વભાવના જીવાને જગતનું પરમ સત્ય સમજવા માટે ભગવાન વિષ્ણુના શ્રેષ્ઠ અનુગ્રહની જરૂર પડે છે. અને જ્યારે તેનો અનુગ્રહ થાય છે ત્યારે જ વ્યાવહારિક જીવોને વ્યવહારમાં અરુચિ થઈ પરમાર્થમાં પ્રીતિ થાય છે. ૩૦૩
૧૯. આદિશક્તિએ ત્રણે ઈશ્વરોને લગ્ન કરવા વિનંતી કરીને જણાવ્યું કે, "સૃષ્ટિની તમામ પ્રજા મોટાના ચારિત્ર્યનું અનુકરણ કરવાવાળી છે. તેથી જ્યાં સુધી તમે લગ્ન નહીં કરો ત્યાં સુધી સૃષ્ટિનો વ્યવહાર ચાલશે નહીં." અંતે ઈશ્વરોએ લગ્ન કર્યાં. આ વિષય પર અદ્ભુત વિવરણ. ૩૦૪
૨૦. ઈશ્વરોએ પોતાના આત્મતત્ત્વ ઉપર દૃષ્ટિ રાખીને પરમાત્માને પોતાનું "પરમધામ" અગર "પરમપદ" કહેલું છે. ૩૦૬
૨૧. ઈશ્વરો ભયવાળા છે તેથી તેમને શસ્ત્રો રાખવાં પડ્યાં છે. તેઓની ઉપાસનાથી તે ઊંચ માર્ગે ચઢાવે છે, અને મોક્ષધર્મ બતાવીને તેનો ઉપદેશ આપે છે. તેથી તેમની ભક્તિ પગથિયાંરૂપ છે પરંતુ ધ્યેયરૂપ નથી. ૩૦૭
૨૨. દેવો, ઈશ્વરો, અંશાવતારી આત્માઓ અને નારાયણથી પણ અતિ શ્રેષ્ઠ છે તે પરમાત્મા છે. પરમાત્મા આ બધાથી ન્યારા છે અને તેઓ કદી જન્મ લેતા નથી. ૩૦૭
૨૩. જેમ દૂધના પ્રત્યેક ટીપામાં ઘી હોય છે, તેમ પરમગતિ પ્રત્યક્ષ નહીં પણ તત્ત્વરૂપે જીવોથી ભરચક હોય છે, તેથી પરમગતિને "જીવ" માનેલ છે. ઈશ્વર એટલે પરમબ્રહ્મ એક અદ્વિતીય સ્વરૂપ હોય છે અને પરમબ્રહ્મની પરમગતિ કે જેમાં જ્ઞાન-ચેતનાશક્તિ અને આત્માનું તત્ત્વસ્વરૂપ વ્યાપક હોય છે. નારાયણ જાગ્રદવસ્થા ભોગવે છે ત્યારે તે માયારૂપે એક જ સ્વરૂપ થઈ પરમેશ્વરમાં નિમગ્ન હોય છે. માયા એટલે નારાયણ સાથનું સમગ્ર વિશ્વ. તેથી જીવ, ઈશ્વર ને માયા અનાદિ છે. ૩૧૧
૨૪. જડ જીવોથી માંડીને ઈશ્વરો સુધીનું સમગ્ર બ્રહ્માંડ ક્ષર છે. ૩૧૩
૨૫. સ્વર્ગમાં અમર સુખ નથી. પરમાત્માને ભૂલી જઈ, મોહ-માયામાં ગરવાયેલા થઈ, ભાન ભૂલી ભટકતા આત્માઓને માયામાં જે ગોંધી રાખે તેનું નામ "ધામ" છે. જે "ધામ" જેવી જડ વસ્તુના આધારે તેના પર અમર તેની અંદર રહે તે રહેનારને

"ધામી" કહેવાય છે. જ્યાં ધામ અને ધામીના ભેદ ન રહે તેને અદ્વૈત-મોક્ષ કહેવાય. ૩૧૪

૨૬. અર્ધમાત્રા અક્ષરધામમાંથી શ્રીકૃષ્ણ પ્રભુ જગતમાં આવેલા અને પોતાનું કાર્ય પૂર્ણ કરીને તેઓ પોતાના અક્ષરધામમાં જ પાછા ગયેલા. ૩૧૫

૨૭. માયાવિશિષ્ટ બ્રહ્મમાંથી સર્વની ઉત્પત્તિ થઈ છે, તેમ તે સર્વ તેમાં જ સમાય છે. તેથી જેટલું બ્રહ્માંડમાં છે તેટલું માયાવિશિષ્ટ બ્રહ્મના પિંડમાં છે. તેથી તેમના "પિંડે સો બ્રહ્માંડે" એમ સમજવાનું છે, પણ આપણા પિંડમાં નહીં. ૩૧૫

૨૮. યોગીને યા સાધકને ઊંચ આધ્યાત્મિક સ્થિતિમાં દેશ, કાળ ને જગત નશ્વર કે નષ્ટ દેખાય એટલે કે તેને દેશ, કાળ ને જગત જણાય નહીં પણ તેથી તેને ખોટું કહી શકાય નહીં. કેમ કે દેશ, કાળ ને જગત પ્રત્યક્ષ છે. આ વિષય પર આપેલી અદ્ભુત સમજણ. ૩૧૯

૨૯. ઓમ્કારમાંથી દેવો, ઈશ્વરો વગેરે ઉત્પન્ન થયા છે. ૩૨૧

૩૦. ઓમ્કારના અ, ઉ, મ વડે ત્રણ ગુણો, ત્રણ વેદો, ત્રણ લોકો અને ત્રણ અવસ્થાઓ ધારણ થઈ. ૩૨૧

પ્રકરણ ૧૨ : જગત અને પંચમહાભૂત : (૩૨૬-૩૩૯

૧. જગતના કર્તા વિશ્વેશ્વર-નારાયણ છે. આ વિષય પર આપવામાં આવેલા વેદાંત દર્શન અને ઉપનિષદોનાં પ્રમાણો. ૩૨

વિશ્વની અને જગતની ઉત્પત્તિ વિષે શ્રીમદ્ ભગવદ્ગીતાનાં પ્રમાણો. ૩૨

૨. લિંગ એટલે શંકરનું "પરમ આત્મીય સ્વરૂપ", એટલું જ નહિ પણ તે લિંગ પરમ વિષ્ણુરૂપ, પરમ શક્તિરૂપ, પરમ બ્રહ્મારૂપ અને પરમ પરબ્રહ્મરૂપ છે અને તે પરમાત્માની પરમગતિ બ્રહ્મરૂપ હોવાથી બ્રહ્માંડને "सर्वं खल्विदं ब्रह्म" કહેવાયું છે, અને "ॐ खं ब्रह्म" પ્રણવરૂપ સ્તંભને આકાશવત્ વ્યાપક બ્રહ્મ વર્ણવેલો છે. આકાશ એ લિંગ છે અને પૃથ્વી તેની પીઠિકા છે. શુદ્ધાકાશમાં લિંગના પ્રાદુર્ભાવથી તે ઉપાદાન કારણ બનીને વિદ્યુતકણો, પરમાણુઓ અને અણુઓથી માંડીને બ્રહ્માંડ સુધીની સંપૂર્ણ સૃષ્ટિ વક્ર અને લિંગરૂપ છે અને જે સીધી રેખા કહેવામાં આવે છે તેનું અસ્તિત્વ જ હોતું નથી. ૩

૩ સમગ્ર જગત કેવી રીતે સ્થિતિ કરી રહ્યું છે તેની સમજણ ૩૩૨
૪ પંચમહાભૂતોની ઉત્પત્તિની સમજણ ૩૩૨
૫ દરેક શરીર પંચમહાભૂતોનું બનેલું છે આ વિષયનું કરેલું ઉત્તમ વર્ણન ૩૩૩
૬ પંચમહાભૂતો, તેઓની વિભૂતિઓ, મન, બુદ્ધિ એ સર્વ પદાર્થો નારાયણમાંથી ઉત્પન્ન થયેલા છે પંચમહાભૂતોના ગુણોની સમજણ ૩૩૪
૭ પંચમહાભૂતોના મુખ્ય ગુણો, તેમાંથી કેવા કેવાં તત્ત્વો ઉત્પન્ન થાય છે તે અને તેના અધિષ્ઠાતાઓની સમજણ ૩૩૫
૮ મૂળ પ્રકૃતિમાંથી જ મનુષ્યના સોળે વિકારો ઉત્પન્ન થયા છે ૩૩૬
૯ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારના અંતઃકરણના ગુણોનું ઐક્ય સ્વરૂપ એ જ પ્રાણ છે ૩૩૬
૧૦ કોશ પાંચ છે અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય પાંચે કોશોની આપેલી સમજણ ૩૩૭
૧૧ આત્માનો આશરો લઈને હિલચાલ કરનારી ઈંદ્રિયોને "અધ્યાત્મ" કહેવાય છે આપણા શરીરથી જુદા એવા શ્રોત્ર, ત્વચા આદિ ચૌદ ઈંદ્રિયોના વિષયને "અધિભૂત" કહેવામાં આવે છે આ ચૌદ ઈંદ્રિયોના દેવતાઓને "અધિદેવ" કહેવામાં આવે છે તે વિષે સ્પષ્ટીકરણ ૩૩૯

પ્રકરણ ૧૩ પ્રકૃતિ અને પ્રકૃતિના ગુણ (૩૪૦–૩૪૮)

૧ નારાયણ મહત્તત્ત્વમાંથી ત્રણ ગુણો (સત્ત્વ, રાજસ ને તામસ)ને ત્રણ અવસ્થા (જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ) પ્રગટ થઈ છે ૩૪૦
૨ પુરુષથી ભિન્ન એવું જગતનું મૂળ ઉપાદાન તે પ્રકૃતિ છે આખા વિશ્વનું મૂળ કારણ છે તેને પ્રકૃતિ કહે છે આ પ્રકૃતિ સ્વભાવથી જ યા મૂળથી પરિણામી હોવાથી તેમાં સ્પંદન થયા કરે છે મનુષ્યમાત્રમાં એક "જડપ્રકૃતિ", બીજી "જડ ચેતન મિશ્ર પ્રકૃતિ" અને ત્રીજી "ચેતન પ્રકૃતિ" છે ૩૪૦
૩ મહત્તત્ત્વમાંથી શુદ્ધ અહંકાર ઉત્પન્ન થયો, શુદ્ધ અહંકારમાંથી ત્રિગુણ ઉત્પન્ન થયા અને એ ત્રિગુણથી આખી સૃષ્ટિ થઈ છે ૩૪૨
૪ પ્રકૃતિના સત્ત્વ, રજ અને તમ, એ ગુણો છે આ ત્રણ ગુણોની સમજણ ૩૪૨

૫ ત્રિગુણનું સ્વરૂપ અને અનુભવની સમજણ 3૪
૬ ગુણો પ્રગટ થયાની જાણ વિષે સમજણ 3૪
૭ સત્ત્વ શાંતિ અને પ્રકાશ શક્તિ છે રાજસ ક્રિયાશક્તિ છે અને તામસ સ્થિતિ અને નિરોધશક્તિ છે 3૪
૮ સત્ત્વગુણમાંથી નિષ્ઠા ને સદ્‌ભાવ જન્મે છે રાજસગુણમાંથી ઉદ્યમ-ઉદ્યોગ અને કામ ક્રોધાદિ જન્મે છે તામસગુણમાંથી જાડ્ય, આલસ્ય, નિદ્રા, મોહ, અશાંતિ વગેરે જન્મે છે 3૪
૯ ત્રિગુણ ધારણ કરવાવાળા કેવા હોય છે તેની સમજણ 3૪
૧૦ ત્રિગુણના ચિહ્નો વિષે સમજણ 3૪
૧૧ સત્ત્વગુણ સુખજનક છે રજોગુણ દુઃખજનક છે અને તમોગુણ કેવળ મોહજનક છે, અંધકારનું સ્વરૂપ છે અને અજ્ઞાનથી ઉત્પન્ન થનારો છે 3૪
૧૨ ત્રિગુણો ધારણ કરનારાના વિચારો કેવા હોય છે તેની સમજણ 3
૧૩ ત્રિગુણમાંથી શાની ઉત્પત્તિ થાય છે તેની સમજણ 3
૧૪ ત્રિગુણના ભાવની યા ઉદયની આપવામાં આવેલી સમજણ 3
૧૫ ત્રિગુણના વર્ણ પર પાડેલો પ્રકાશ 3
૧૬ ત્રિગુણવાળા કેવી ગતિ કરે છે તેની સમજણ 3

**પ્રકરણ ૧૪ : વાણી અને નાદ :** (3૪૯–3

૧ બાવન (૫૨) અક્ષરની આપવામાં આવેલી સમજણ 3
૨. ગુજરાતી વર્ણમાળાના અક્ષરોના ઉચ્ચારની સમજણ 3
3 ઓમ્‌કારના ઉચ્ચારની અદ્‌ભુત સમજણ 3
૪. ઓમ્‌કારના અક્ષરોમાં વિકાર અને નિર્વિકાર બેઉ છે
૫. પ્રણવમાંથી જગતની સર્વ વાણીના મૂળાક્ષરો યા વર્ણમાળાની ઉત્પત્તિ થઈ છે
૬. પ્રણવના નવ વિભાગથી વાણીના મૂળાક્ષરોની ઉત્પત્તિ જણાવવાના ખાસ કારણો
૭. પ્રણવ ૐકારમાંથી અક્ષરો (અ, ઉ, મ) થયા છે
૮ વાણીના અક્ષરો પ્રણવ અક્ષર=નાશરહિત ઓમ્‌માંથી થયા છે તેથી તેને પણ અક્ષર કહ્યા છે અર્થાત્ વાણીના અક્ષરોનું મૂળ ઓમ્ અક્ષર હોવાથી વાણીને પણ "અક્ષર" કહેવાય છે કેમ કે વાણીના અક્ષરોનું મૂળ ઓમ્ અક્ષર હોઈ કાયમ રહે છે 3૫૮

૯ ગાઢ નિદ્રામા જે જગાડે છે તે જ આત્મબ્રહ્મ યા પરમાત્માનું તેજસ છે તેને "બૃહતીવાણી" કહેવામા આવે છે ૩૫૯

૧૦ માયિક ચારે દેહોથી ઉચ્ચારાયેલી વાણી યા પ્રાર્થના પરમાત્માને પહોચતી નથી ૩૫૯

૧૧ પરમાત્મા કેવળ આત્મજ્યોતિથી ઉચ્ચારાયેલી વાણીનું શ્રાવણ કરે છે ૩૬૦

૧૨ સમાધિનિષ્ઠ મનવાળા પરમેષ્ઠી બ્રહ્મદેવના હૃદયાકાશમાથી "નાદ" ઉત્પન્ન થયો તે નાદમાથી ત્રણ માત્રાવાળો, જેની ઉત્પત્તિ જણાતી નથી એવો અને હૃદયમાં સ્વત પ્રકાશતો ઓમ્કાર જણાયો કે જે ઓમ્કાર પરમાત્માને જણાવનારો છે ૩૬૦

૧૩ જે સ્પષ્ટ ઓમ્કારનું શ્રાવણ કરે છે તે પરમાત્મા છે કેમ કે તે ઓમ્કાર પરમાત્માનો વાચક છે ૩૬૦

૧૪ પ્રણવબ્રહ્મની આત્મામા રહેલ કૂટસ્થબ્રહ્મ વડે ઉપાસના થાય તો જ પરમાત્માની પ્રાપ્તિ થાય છે અને તે ઉપાસનાને બ્રહ્મનાદ કહેલો છે કેટલાક તેને બ્રહ્મવાણી પણ કહે છે જ્ઞાનીઓની બ્રહ્મવાણી યા યોગીઓનો બ્રહ્મનાદ તે એક જ પ્રણવોપાસન છે ૩૬૦

૧૫. જે યોગીપુરુષો "શબ્દબ્રહ્મ" પ્રણવનો હૃદયમાથી ઉચ્ચાર કરીને અને બને તો સામૂહિક "શબ્દબ્રહ્મનો" હૃદયગમ પ્રતિધ્વનિ કરીને અક્ષરઘોષ કરે છે, તે શબ્દબ્રહ્મના નાદને આત્મામાં લય કરી દે છે, તે પછી આત્મામાં તેનો "શબ્દનાદ" થાય છે, તેને ઉપનિષદોએ "બ્રહ્મનાદ" કહેલો છે ૩૬૧

૧૬ સાધક કેવળ પ્રણવ ૐકારનો પરમબ્રહ્મરૂપે આત્મા વડે જ્યારે ઉચ્ચાર કરે છે, ત્યારે તેનામાં "બ્રહ્મનાદ" યાને "બ્રહ્મયોગ" પ્રકટ થાય છે ૩૬૧

૧૭ જ્ઞાનયોગી યા મુમુક્ષુ સમાધિસ્થ અગર ધ્યાનસ્થ યા યોગમગ્ન થઈ જતા તેના આત્મબ્રહ્મમાથી "બિંદુનાદ" એટલે બિંદુરૂપ એક જ માત્ર પરમાત્માની એકનિષ્ઠ બ્રહ્માગ્ર ભૂમિનો નાદ થાય અને તેમાં "અ, મ, ઉ, અર્ધમાત્રા"ના ભાવનો લય થઈ જતા "હું" એનું ભાન ન રહે અને સર્વ લક્ષ્ય પરમેશ્વર અખડાનદમા રહે, ત્યારે જીવન્મુક્ત બ્રહ્મદશામા આત્મકૂટસ્થ બ્રહ્મ વડે જે પ્રણવ ધ્યાન થાય તેને ઉપનિષદો અને દર્શનોમાં "પરમબિંદુનાદ" કહેવામા આવ્યો છે ૩૬૧

૧૮ પરમાત્માને કેવળ આત્મજ્યોતિ વડે કરેલો પ્રણવનો ઉચ્ચાર જ પહોંચે છે કેમ કે આત્મજ્યોતિ પરમજ્યોતિ પરમાત્માની સ્વજાતિ છે ૩૬૨
૧૯ વાણી ચાર પ્રકારની છે પરા, પશ્યંતી, મધ્યમા ને વૈખરી પરાવાણીનુ સ્થાન નાભિ છે પશ્યંતીનુ સ્થાન હૃદય છે મધ્યમાનુ સ્થાન કંઠનો મધ્યભાગ છે અને વૈખરીનુ મુખ્ય સ્થાન જીભ, દાંત, હોઠ આદિ મુખમાના અવયવો છે મનહર છંદોમા કરેલુ ચાર વાણીનું અને પ્રણવ-ઓમ્‌કારમાં તેના સ્થાનનું વર્ણન ૩૬૨
૨૦ ડ, ળ, ણ અને છ અલેખ સાનકાઓ મળી નવ અક્ષર થાય છે, તે દોષવાન છે ૩૬૩
૨૧ ચાર અવસ્થા (તુર્ય, સુષુપ્તિ, સ્વપ્ન ને જાગ્રત)ની વાચાની સમજણ ૩૬૩

પ્રકરણ ૧૫: ત્રિપુરીની સમજણ (૩૬૪–૩૮૦)

૧ બ્રહ્મ, પરબ્રહ્મ અને પૂર્ણબ્રહ્મનું કરેલુ નિરૂપણ. ૩૬૪
૨. ક્ષર, અક્ષર અને અક્ષરાતીતનું કરેલુ નિરૂપણ ૩૬૫
૩ વ્યક્ત, અવ્યક્ત અને પરમ અવ્યક્તનુ કરેલુ નિરૂપણ ૩૬૬
૪ દ્વૈત, દ્વૈતાદ્વૈત અને અદ્વૈતનુ કરેલુ નિરૂપણ. ૩૬૭
૫ આત્મામા રહેલ કૂટસ્થ આત્મજ્યોતિને "આત્મબ્રહ્મ" કહીને તથા આ મનઉં પ્રણવમા વસેલા સમગ્ર વિશ્વને "सर्वं खल्विदं ब्रह्म" કહીને (૨) અક્ષરધામી-નારાયણને "અક્ષરબ્રહ્મ" કહીને (૩) પરમગતિ કે જે વિશ્વની બહાર છે તેને "व्याप्त ख ब्रह्म" આકાશવત વ્યાપક બ્રહ્મ કહીને (૪) પ્રણવને "એકાક્ષર બ્રહ્મ" વા "શબ્દબ્રહ્મ" એક જ અક્ષર "શબ્દબ્રહ્મ" કહીને (૫) પરમાત્મા પરમેશ્વર મોક્ષને "પૂર્ણબ્રહ્મ", "અદ્વયબ્રહ્મ", "પરમબ્રહ્મ" અને "પૂર્ણ અદ્વિતીય શ્રેષ્ઠ બ્રહ્મ" કહીને વેદો, ઉપનિષદો, સ્મૃતિઓ, પુરાણો, ગીતાઓ આદિમા બ્રહ્મ શબ્દ વપરાયેલો છે ૩૭૩
૬ એક "પ્રણવ એકાક્ષર શબ્દબ્રહ્મ" અને બીજો "પરમબ્રહ્મ પરમાત્મા" માત્ર બે જ બ્રહ્મ જાણવા યોગ્ય છે. ૩૭૪
૭ ઓમકારની ભિન્ન ભિન્ન શક્તિઓની ભક્તિનુ વર્ણન કરવાના કારણો ૩૭૪

૮. હિંદુ ધર્મમાં અનેક દેવો, દેવીઓ, ઈશ્વરો, શક્તિઓ, અંશાવતારો વગેરેની ભક્તિ જણાવવાનો ખાસ હેતુ. ૩૭૫
૯. ત્રિપુટીનાં નામો અને તેના ઓમ્‌કારમાં સ્થાનોની અદ્‌ભુત સમજણ. ૩૭૭
૧૦. મનહર છંદમાં જણાવેલાં ત્રિપુટીનાં નામો. ૩૮૦

પ્રકરણ ૧૬: પ્રણવ-ૐકારના મુખ્ય ભાગો: (૩૮૧–૩૮૮)

૧. ઓમ્‌કારમાંથી દેવો, ઈશ્વરો ઉત્પન્ન થયા છે. ૩૮૧
૨. ઓમ્‌કારના બ્રહ્મરૂપે ચાર પાદ છે. એ ચાર પાદના સમજાવેલા અર્થ. ૩૮૨
૩. ઓમ્‌કારનાં મુખ્ય સ્થાનોમાં પરમાત્માની કળા કેટલા પ્રમાણમાં આવેલી છે તેની સમજણ. ૩૮૨
૪. આકાશ, હૃદયાકાશ, ચિદાકાશ, શુદ્ધ ચિદાકાશ, પરમાકાશ, બ્રહ્માકાશ અને પરમબ્રહ્માકાશની કરેલી વ્યાખ્યા. ૩૮૩
૫. સૌથી પ્રથમ "પ્રણવ-ૐકાર" ઉત્પન્ન થયો અને તેમાંથી વેદો ઉત્પન્ન થયા છે. ૩૮૪
૬. ચારે વેદોનું મૂળ, બીજ ને ઉત્પત્તિસ્થાન "પ્રણવ-ૐકાર" છે. ૩૮૪
૭. વેદોના નામ પડયાં પહેલાંનો "પ્રણવ" છે અને વાણીના અક્ષરો ઉત્પન્ન થયા તે પહેલાંનો "પ્રણવ" છે. ૩૮૫
૮. પ્રણવ-ૐકાર પહેલાં ઉત્પન્ન થયો છે અને પાછળથી સૃષ્ટિ થઈ છે. ૩૮૬
૯. ઋષિઓ પ્રણવ-ૐકારના દૃષ્ટા નથી. ૩૮૬
૧૦. પ્રણવ-ૐકારના દૃષ્ટા કેવળ વિશ્વેશ્વર-નારાયણ છે. ૩૮૬
૧૧. પરમાત્માનું જ્ઞાન નિત્ય હોય છે, માટે વેદ નિત્ય છે. ૩૮૭
૧૨. વેદના અધિષ્ઠાતા વિશ્વેશ્વર-નારાયણ છે, મનહર છંદોમાં પાંચ વેદનાં પાંચ તત્ત્વોની સમજણ. પ્રણવ-ૐકારને સૂક્ષ્મવેદ કહેવામાં આવે છે. ૩૮૭
૧૩. પ્રણવ-ૐકારમાં જ્ઞાનના, વાણીના, માયાના, વેદના, અવસ્થાના, દેહના, કળાના, કોટિના, માયાની વર્ણના, મુક્તિના અને આત્માનાં સ્થાનાની સમજણ; ૩૮૮

પ્રકરણ ૧૭: પ્રણવ-ૐકારનું મહત્ત્વ: (૩૮૯–૪૧૫)

૧. પ્રણવનું મહત્ત્વ અને દરેક આત્મામાં પ્રણવનું પવિત્ર તત્ત્વ વસેલું છે તેની અદ્‌ભુત સમજણ. ૩૮૯

૨ જે આત્માને આકર્ષી શકે, જે પાપીને પુણ્યશાળી કરી શકે અને આત્માનું પરિવર્તન કરાવી શકે, તેવો એક જ માત્ર "પ્રણવ" છે ૩૯૧

૩ જે પ્રણવજ્ઞાન છે તેને સમજનાર અને સમજાવનાર મળવો દુર્લભ છે તેથી યોગી પતજલિ જણાવે છે કે ઓમ્ એવો એકાક્ષર બ્રહ્મ છે કે તેને સમજનાર અને જાણનાર કોક જ વિરલા હોય છે ૩૯૧

૪ પરમાત્મા પરમેશ્વર તે આપણુ ગોઠવેલું નામ છે, પરતુ કોઈનું ગોઠવેલુ નથી તે "પ્રણવ" છે ૩૯૧

૫ પ્રણવ એ સર્વ વાચ્ય છે પ્રણવ ઉપાસના એ માનવમાત્રનો સર્વોચ્ચ હક છે અને પ્રણવોપાસનાથી જ મોક્ષ થઈ શકે છે ૩૯૧

૬ પ્રણવ ઉપાસનાથી કેવળ મોક્ષ પ્રાપ્ત થાય છે પ્રણવોપાસના બ્રહ્મનિષ્ઠ યોગીપુરુષના અધિભૂત, અધ્યાત્મ ને અધિદૈવ એમ ત્રણે પ્રકારના પાપોને દૂર કરીને જ્યાથી કોઈ કાળે આત્માને પુનર્ભવ લેવા સસારમા આવવું પડતું નથી એવા મોક્ષને આપે છે ૩૯૧

૭. શબ્દોમાં વેદોક્ત મત્ર શ્રેષ્ઠ છે અને મંત્રોમા પ્રણવ એટલે ૐકાર શ્રેષ્ઠ છે ૩૯૧

૮. યોગી, ધ્યાની ને ઉપાસકોમા નિષ્કામભાવે પ્રણવોપાસન કરનારો શ્રેષ્ઠ છે જ્ઞાનીઓમા પ્રણવજ્ઞાની શ્રેષ્ઠ છે અને બ્રાહ્મણોમા પ્રણવના મત્રદૃષ્ટવા બ્રહ્મા અને વિશ્વેશ્વર-નારાયણ શ્રેષ્ઠ છે આથી કહ્યુ છે કે, બ્રાહ્મણોએ જન્મથી આરભી મરણપર્યંત વેદોક્ત મંત્રો ઉચ્ચારવા અને જપવા ૩૯

૯. ૐ એ કોઈ પણ કાળે નાશ ન પામનારો એવો અક્ષરબ્રહ્મ છે તે ૐકાર સર્વ વેદોમાં પ્રથમ છે અને તમામ જીવાત્મા ઓની, વેદો વગેરેની ઉત્પત્તિ પહેલાનો પ્રણવ છે અને સર્વ પ્રકારના મત્રો, તમામ વેદોના અવિચળ બીજરૂપ પ્રણવ છે વાણીની પહેલાંનો, વાણીના મૂળરૂપ અને પ્રથમ શબ્દ ૐ છે અને તે ૐ સૃષ્ટિ વગેરેની પહેલા જ ઉત્પન્ન થયેલો છે તેથી જ ૐકારને "અક્ષર" કહેલો છે ૩૯

૧૦ નારાયણનું આત્મસ્વરૂપ હોવાથી પરમગતિમાં અને અક્ષર ધામમાં જે પ્રથમ ૐ બોલાય છે તે વખતે તેમનું માયાની

સ્વરૂપ એટલે માયાના દાંત, હોઠ, જીભ વગેરે ન હોવાથી ૐકારને કંઠસ્ય, તાલવ્ય, મૂર્ધન્ય, દંત્ય, ઓષ્ઠ્ય, દંત્વૌષ્ટ્ય અને મહાપ્રાણ દ્વારે કોઈ રીતે કહી શકાતો નથી. કેમ કે દેહના કોઈ પણ અવયવ વડે ૐ બોલાતી ન હોવાથી ૐને "ૐ અવ્યય" કહેવામાં આવેલ છે. તેથી કેટલીક જગાએ ૐને "નિરવયવ" પણ કહેલો છે.

પરમેશ્વરના પ્રણવને "અવ્યય" કહે છે. અવ્યય એટલે જેનું પરિવર્તન ન થાય તેને "અવ્યય" કહેવાય છે. પ્રણવનું કોઈ પ્રકારે પરિવર્તન થતું નથી, તેથી તેને "અવ્યય" કહેવાય છે. ૩૯૩

૧૧. ઓમ્કાર એવો મંત્ર છે કે, તે સર્વવ્યાપક બ્રહ્મ છે. તે ઓમ્કારના જાપથી સર્વ દેવો, ઈશ્વરો, વિભૂતિઓ, અંશાવતારો અને વિશ્વેશ્વરના જપ થઈ જાય છે. એટલે કે સમસ્ત વિશ્વનું બ્રહ્મરૂપે ઉપાસના કરવાનું શ્રેષ્ઠ સાધન પ્રણવ છે અને એક જ શબ્દમાં સર્વનું ધ્યાન આવી જતું હોય તેવો માત્ર પ્રણવ છે. ૩૯૩

૧૨. ઉપનિષદો વર્ણવે છે કે : ૐકાર સર્વનો આદિ એટલે મૂળ છે, તથા પરમાત્માનો વાચક છે અને સંસારની માયાના નાશ માટે સમર્થ મંત્ર છે અને બીજા વિચારો ત્યાગીને સ્થિર મનથી જે ધ્યાન કરાય તો ઈચ્છિત ફળ આપનાર તથા દરરોજ ધ્યાન કરવા યોગ્ય તે પ્રણવ છે. કેમ કે ૐકાર એ તારનારું સૂક્ષ્મ રૂપ છે કે જેને પ્રણવ એવું સુપ્રસિદ્ધ નામ આપેલું છે. અને તે પ્રણવ શુદ્ધ, નિર્મળ, તેજસ્વી અને દિવ્ય એવો એકાક્ષર બ્રહ્મ છે કે જે શુદ્ધ, નિર્મળ, અવ્યય છે એમ ઉપનિષદકારો જણાવે છે. ૩૯૩

૧૩. ઓમ્કારને તેના પાદની સાથે એકરૂપ જાણવો જોઈએ. ૩૯૪

૧૪. ૐકાર બ્રહ્મરૂપ અને નિર્ભય છે અને જે આત્મા નિત્ય ૐકારના ધ્યાનમાં જોડાયેલો રહે છે, તેને કોઈ પણ પ્રકારનો ભય કદી ઉત્પન્ન થતો નથી અને રહેતો નથી. ટૂંકમાં, પ્રણવ-ૐકારમાં ચિત્ત જોડનાર નિર્ભય થાય છે. ૩૯૪

૧૫. આ ૐકાર પરબ્રહ્મ તથા પરમબ્રહ્મ (એટલે અપરબ્રહ્મ) છે. તે અક્ષર છે તથા તે પરમબ્રહ્મનો વાચક છે. તેથી ૐકાર વડે પરબ્રહ્મને (અટલે નારાયણને) જાણ્યા પછી પરમબ્રહ્મનું ધ્યાન

કરવા કહેલું છે કેમ કે, જે આત્મા ૐકારનું પરબ્રહ્મરૂપે ધ્યાન કરે છે તે અમરધામને પ્રાપ્ત કરે છે અને જે પરમાત્માનું ૐકાર વડે ધ્યાન કરે છે તે અદ્વૈત મોક્ષને પ્રાપ્ત કરે છે ૩૮૪

૧૬ ગુરુએ શિષ્ય સહિત અને શિષ્યે ગુરુ સહિત એકત્ર થઈને આધ્યાત્મિક કાર્યો કરવા એમ પ્રણવબ્રહ્મની આજ્ઞા છે ૩૮૬

૧૭ વિશ્વરૂપી વૃક્ષના મૂળરૂપ પરમાત્મા છે, થડરૂપ નારાયણ છે, ડાળારૂપ ઈશ્વરો છે, પાખડારૂપ દેવદેવીઓ છે, પાદડારૂપ જીવાત્મા છે, ફૂલરૂપ જીવાત્મા છે અને ફળરૂપ મનુષ્યાવતારી આત્માઓ છે ૩૯૬

૧૮ જેનો અનંત કાળે પણ નાશ ન થાય તે જ સદ્‌ગુરુ ૐ યા પરમાત્મા યા મોક્ષ છે બીજા અર્થમા જે મોક્ષપ્રાપ્તિ કરાવે તે જ સદ્‌ગુરુ છે માટે ૐ એટલે સદ્‌ગુરુ અને તે ૐ પરમાત્મા મોક્ષસ્વરૂપ છે ૩૯૭

૧૯ પ્રણવ નિર્ગુણ સ્વરૂપ પરમાત્માનો વાચક છે, તેથી પ્રણવના જાપ વડે જ નિર્ગુણ બ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ થાય છે તે સિવાય અન્ય મન્ત્રોથી નિર્ગુણ પરમેશ્વરની અર્થાત મોક્ષની પ્રાપ્તિ થતી નથી ૪૦૦

૨૦ બ્રહ્મમા એટલે પરમાત્મામા કથન કરવા યોગ્ય ગુણો આ જગતમા નથી, માટે જગત બ્રહ્મ નથી વળી આ જડ જગત પરમાત્માથી ભિન્ન છે ૪૦૦

૨૧ જ્ઞાનશક્તિનો મહા અદ્‌ભુત બીજમન્ત્ર પ્રણવ છે પ્રણવ સમાન જ્ઞાન, યોગશક્તિવાળો બીજો કોઈ મન્ત્ર છે જ નહીં ૪૦૦

૨૨ બીજમન્ત્રોની ગતિ ઊર્ધ્વ પ્રકારના છ લોક સુધીની છે, પરન્તુ તે ઉપરાતની એટલે માયાથી બહાર પરમાત્મા સુધી પહોચવાની શક્તિ તે બીજમંત્રોમા નથી ત્યારે પ્રણવની ગતિ પચકોષ તથા સપ્ત ઊર્ધ્વલોકથી આગળ પરમેશ્વર સુધી પહોંચનારી છે ૪૦૧

૨૩ પ્રણવબ્રહ્મ મન્ત્રના જપથી મનોકામના સિદ્ધ થાય છે અને અંતે મોક્ષ પ્રાપ્ત થાય છે ૪૦૨

૨૪ પ્રણવ ૐકાર વડે પરમાત્માનુ ધ્યાન કરવું તે જ વેદોનુ અને મોક્ષધર્મનુ યા મોક્ષમાર્ગનું રહસ્ય છે ૪૦૨

૨૫ મુમુક્ષુઓએ પ્રણવમન્ત્રથી પરમાત્માનું ધ્યાન કરવુ અને જ્ઞાન સહિત સાધના કરવી તેનું જ નામ "મોક્ષધર્મ" યાને "મોક્ષ માર્ગ" છે ૪૦૨

૨૬. પ્રણવમાં સર્વ બ્રહ્માંડોના મહાપુરુષો, દેવો, ઈશ્વરો, અંશાવતારો, નારાયણ વગેરેનું ધ્યાન આવી જાય છે. વળી સાથે સાથે મોક્ષ-સ્વરૂપ પરમાત્માના ધ્યાનમાં સર્વનું ધ્યાન સમાઈ જાય છે, તેથી પ્રણવ ધ્યાનમાં સર્વનું ધ્યાન આવી જાય છે એમ માન્યું છે. ૪૦૨

૨૭. પ્રણવ-ઓમ્‌કારમાં જડાત્મા, જીવાત્મા, આત્મા, મહાત્મા, દિવ્યાત્મા, અંશાત્મા, પરાત્મા, બ્રહ્માત્મા અને પરમાત્મા આવેલા છે. ૪૦૩

૨૮. ધર્મશાસ્ત્રોનાં પ્રમાણો સહિત જણાવેલું પ્રણવ-ૐકારનું તત્ત્વ રહસ્ય. ૪૦૩

૨૯. "પરા"વાણીથી પરમશ્રેય મોક્ષની ઉપાસના કરે છે તે બ્રહ્મ-વિદ્યાનો અધિકારી બને છે. ૪૧૨

૩૦. બીજા ધર્મોમાં પણ ઓમ્‌ની બરોબરી શબ્દ છે. ૪૧૩

૩૧. અનાદિ કાળમાં મનુષ્યો એક પરમેશ્વરને જપતા હતા. વળી પ્રણવ-ૐકારના અધિકારીઓ તમામ મનુષ્ય જાતિઓ છે. ૪૧૩

પ્રકરણ ૧૮: ઉપાસના અને મુક્તિ: (૪૧૬–૪૪૦)

૧. સાધકે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારને કાબૂમાં રાખવા ચતુર્મુખી બ્રહ્મા, વિષ્ણુ, શક્તિ અને શંકર ભગવાનની ઉપાસના કરવી. ૪૧૬

૨. જે ઓમ્-પ્રણવની એક જ "ઉ" માત્રાનું ધ્યાન કરે છે, તે આ પૃથ્વીલોકના સુખને પ્રાપ્ત થાય છે. ૪૧૬

૩. જે ઓમ્-પ્રણવની બે માત્રાનું ("ઉ" ને "મ"નું) મનસંપન્ન ધ્યાન કરે છે, તે સ્વર્ગલોકમાં જાય છે. ૪૧૬

૪. જે ઓમ્‌કાર અક્ષરની "ઉ", "મ", "અ" એવી ત્રણ માત્રાઓ વડે તેના શ્રેષ્ઠ પુરુષનું ધ્યાન કરે છે, તે તેજોમંડળરૂપ સૂર્યમાં તેજ સંપન્ન થાય છે. ૪૧૭

૫. જે લોકો પ્રભુના પ્રતીકરૂપમાં ઓમ્‌કારની ઉપાસના કરે છે, તેઓને પ્રણવમંત્ર સ્પષ્ટપણે ઉચ્ચાર અને સ્થૂળ જપ વડે સંસારમાં સુખ આપે છે, દુઃખ-દારિદ્ર્ય નાશ કરે છે અને પવિત્ર વૃત્તિઓ આપે છે. ૪૧૭

૬ જેઓ પોતાના દેહમા ૐકારની કલ્પના કરીને પ્રણવોપાસના કરે છે, તેઓને તે પ્રણવ શારીરિક સુખ, આરોગ્ય અને સ્ત્રી પુત્રાદિનુ સુખ આપે છે તેમ જ જ્ઞાનમાર્ગ દોરે છે. ૪૧૭

૭ જેઓ પ્રણવને બ્રહ્મારૂપ માનીને ઉપાસે છે, તેઓને બ્રહ્મા વૈદિક જ્ઞાન આપે છે, મનોનિગ્રહ કરવાની શક્તિ આપે છે અને છેવટે બ્રહ્મપુરીમા સ્થાન આપે છે ૪૧૭

૮. જેઓ પ્રણવને વિષ્ણુરૂપ માનીને ઉપાસે છે, તેઓને વિષ્ણુ ધ્યાનશક્તિ આપે છે, જ્ઞાન સમજવા માટે તીવ્ર બુદ્ધિ આપે છે, લક્ષ્મી આપે છે અને છેવટે વૈકુઠમા સ્થાન આપે છે ૪૧૮

૯ જેઓ પ્રણવને શિવરૂપ માનીને ઉપાસે છે, તેઓને શકર યોગશક્તિ આપે છે, આત્મકલ્યાણ માટે નિષ્ઠા આપે છે, અકાળ મૃત્યુ વગેરેના ભયથી બચાવે છે અને કૈલાસમા સ્થાન આપે છે ૪૧૮

૧૦ જેઓ પ્રણવને શક્તિરૂપ માનીને ઉપાસે છે, તેઓને શક્તિ સસારનુ સુખ આપે છે, પુત્ર, પત્ની આદિ આપે છે, સસારના દુ ખમાથી બચાવે છે અને છેવટે શક્તિપુરીમા સ્થાન આપે છે ૪૧૮

૧૧ જેઓ પ્રણવને નારાયણરૂપ માનીને ઉપાસે છે, તેઓને નારાયણ તમામ પ્રકારનુ ઐશ્વર્ય અને લૌકિક ફળ આપે છે તેમ જ અલૌકિક માર્ગમા દોરે છે અને છેવટે અક્ષરધામ અગર ગોલોકમા સ્થાન આપે છે ૪૧૯

૧૨. જે આત્મા દેવકોટિ, ઈશ્વરકોટિ ને અક્ષરધામને પામે છે, તે આત્મા પુણ્ય પૂરુ થતા પાછો કર્મભૂમિ મૃત્યુલોકમા પુનર્જન્મ લેવા આવે છે ૪૧૯

૧૩ પ્રણવ વડે કરેલી દેવોની, ઈશ્વરોની અને નારાયણની ઉપાસનાને અધિદૈવિક પ્રણવોપાસના કહેવામા આવે છે. આ ઉપાસના લૌકિક ને અક્ષરનિવાસ જેવુ અલ્પ આધ્યાત્મિક ફળ આપે છે. ૪૨૦

૧૪ ૐનો "અથ" તથા "ઇતિ" તરીકે ઉપયોગ કરવો, પણ ૐનો સગુણ લૌકિક ઉપાસનામાં ઉપયોગ કરવો નહીં ૪૨૦

૧૫ જે પ્રણવબ્રહ્મને માયાવી ગુણો રહિત નિર્ગુણ માનીને પરમાત્માની ઉપાસના કરે તો તે પ્રણવના ધ્યાન વડે મોક્ષ પ્રાપ્ત કરે છે ૪૨૦

૧૬. જેઓ પ્રણવબ્રહ્મ મંત્રથી પરમાત્માની સાકારભાવથી ઉપાસના કરે છે ને દર્શનની અપેક્ષા રાખે છે, તેઓ મન્વંતરોને પ્રાપ્ત થાય છે. પરંતુ ત્યાંથી એટલે અશુદ્ધ પરમગતિમાંથી પાછા આવવું પડે છે. ૪૨૧
૧૭. જેઓ પ્રણવબ્રહ્મ મંત્રથી પરમાત્માને નિરાકાર સમજી ઉપાસે છે, તેઓ અશુદ્ધ પરમગતિમાં જાય છે અને ત્યાં અનંત સમય સુધી ભ્રમણ કર્યા પછી ભાન ભૂલતા ફરી પાછા ગ્રંથિ-સ્વરૂપ થઈ વિશ્વમાં જન્મ લે છે. ૪૨૧
૧૮. જેઓ પ્રણવબ્રહ્મ મંત્રથી પરમાત્માને માત્ર તૈજસ સ્વરૂપ યા દિવ્યજ્યોતિ સ્વરૂપ માનીને ઉપાસે છે, તેઓ શુદ્ધ પરમગતિને પ્રાપ્ત થાય છે. પરંતુ તેઓને પણ ઘણા અનંત લાંબા સમયે માયામાં પાછું આવવું પડે છે. ૪૨૧
૧૯. જેઓ પ્રણવબ્રહ્મ મંત્રથી પરમાત્માને જ્ઞાનચૈતન્યનું સ્વરૂપ યા જ્ઞાનસ્વરૂપ માનીને ઉપાસે છે, તેઓ પરમાત્માના સ્વરૂપમાં વિલીન થાય છે. ૪૨૧
૨૦. જે પ્રણવ અક્ષરની સગુણ બ્રહ્મરૂપે ઉપાસના કરે છે, તે ઈશ-કોટિ, ઈશ્વરકોટિ અને ગોલોકને પ્રાપ્ત થાય છે. કેમ કે જે જેને ભજે છે, તે તેને પ્રાપ્ત થાય છે. ૪૨૧
૨૧. જે આત્માઓ પરમાત્માને જ્ઞાનસ્વરૂપ સમજીને યોગસાધના કરે છે, ને પરમાત્માના સ્વરૂપમાં એકરસ, એકરૂપ થઈ જાય છે. ૪૨૨
૨૨. આધ્યાત્મિક ઉપાસનાની વ્યાખ્યા. ૪૨૨
૨૩. આધ્યાત્મિક ઉપાસનામાં આત્મામાં રહેલ આત્મજ્યોતિને પરમજ્યોતિરૂપ પરમાત્મામાં નિમગ્ન કરનાર, સત્યકામના પૂર્ણ કરનાર તે ૐકાર છે. ૪૨૩
૨૪. દેવો, ઈશ્વરો અને અંશાવતારીઓને પરમાત્મા માની ઉપાસના કદી ન કરાય. કેમ કે તેઓ પરમાત્મા નથી. પરમાત્મા કેવળ અશરીરી છે. ૪૨૩
૨૫. મોક્ષ મેળવવા માટે અવશ્ય આધ્યાસ ને અભ્યાસની જરૂર છે. અને સાધકે પોતાના આત્મતત્ત્વને વધુમાં વધુ ઊંચે મોકલવાની જરૂર છે. ૪૨૩
૨૬. ૐનો જપ કેવી રીતે કરવાથી મોક્ષ થાય તેની અદ્‌ભુત સમજણ. ૪૨૪
૨૭. સત્ય સ્વરૂપ મોક્ષમાં નિમગ્ન થવાની રીત. ૪:

૨૮ "अहम्ब्रह्मास्मि" ને "तत्त्वमसि" મહાવાક્યો જપવાથી શુ ફળ મળે તે વિષે ૪૨૬

૨૯ કોઈ પણ મંત્રની પૂર્વે પ્રણવ ઉઁકારને બોલ્યા કે જપ્યા સિવાય મન્ત્રસિદ્ધિ, આત્મસિદ્ધિ કે મોક્ષસિદ્ધિ થતી નથી ૪૨૬

૩૦ જ્ઞાનશક્તિનો મહાઅદ્ભુત બીજમન્ત્ર પ્રણવ છે પ્રણવ સમાન જ્ઞાનયોગ શક્તિવાળો બીજો કોઈ મન્ત્ર છે જ નહીં ૪૨૭

૩૧ અન્ય મન્ત્રોની ગતિ જે લોકોના દેવની ઉપાસના થતી હોય, તે દેવના લોક સુધી જ તે તે મન્ત્રની ગતિ છે પરંતુ પ્રણવની ગતિ મોક્ષ સુધી છે પ્રણવ સર્વે આધ્યાત્મિક મન્ત્ર શક્તિઓનો સેતુ છે ૪૨૭

૩૨ પ્રણવના જપ વડે જ નિર્ગુણબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ થાય છે કેમ કે પ્રણવ પરમાત્માનો વાચક છે ૪૨૭

૩૩ આત્માની અવિચળ સદ્ગતિ ઇચ્છતા હો તો ઉદ્ગીથરૂપ સર્વ શ્રેષ્ઠ ઉઁકારની ઉપાસના કરો ૪૨૮

૩૪ જે સાધક પોતાના આત્માની અવિચળ સદ્ગતિ ઇચ્છતો હોય, તેણે પ્રણવોપાસના કરવી ૪૨૯

૩૫ પ્રણવબ્રહ્મ મંત્રના જપથી અદ્વૈત મોક્ષની પ્રાપ્તિ થાય છે ૪૨૯

૩૬ જે આત્મા પ્રણવોપાસના કરે છે, તે સર્વ સ્થાને પૂજ્ય મનાય છે ૪૩૦

૩૭ જેને સંસારમાં સુખી થવાની ઇચ્છા હોય તેણે પુણ્યદાન કરવાં ૪૩૧

૩૮. જેને સ્વર્ગસુખની અપેક્ષા હોય તેમણે યજ્ઞ, યાગાદિ કરવા ૪૩૧

૩૯. જેમને જગતમાં માન, કીર્તિ પ્રાપ્ત કરવાં હોય અને વિદ્યા મેળવવી હોય, તેમણે બ્રહ્માનું ધ્યાન કરવું ૪૩૧

૪૦ જેમને લક્ષ્મી તથા સંપત્તિ જોઈતી હોય, તેમણે વિષ્ણુ ભગવાનનુ ધ્યાન કરવુ ૪૩૧

૪૧ જેમને લૌકિક સિદ્ધિઓ, આધ્યાત્મિક શક્તિ ને શારીરિક બળની અપેક્ષા હોય, તેમણે શિવની ભક્તિ કરવી ૪૩૧

૪૨ જેમને પુત્ર પરિવાર, સ્ત્રી, વાહનો, વૈભવાદિ સુખની ઇચ્છા હોય, તેમણે આદ્યશક્તિનું ધ્યાન કરવું ૪૩૧

૪૩ જેમને માત્ર નારાયણનાં દર્શન કરીને આનંદ મેળવવાની ઇચ્છા હોય, તેમણે નારાયણનું ધ્યાન કરવું ૪૩૧

૪૪. જેમને જન્મમૃત્યુના ફેરામાં ન આવવું હોય, તેમણે પરમાત્માની પ્રણવ વડે ઉપાસના કરવી. ૪૩૨
૪૫. મુક્તિ પાંચ પ્રકારની છેઃ સાલોકય, સારૂપ્ય, સામીપ્ય, સાર્ષ્ટય અને સાયુજ્ય. ૪૩૨
૪૬. સાલોકય મુક્તિ અને તેનું પ્રણવમાં સ્થાન. ૪૩૨
૪૭. સારૂપ્ય મુક્તિ અને તેનું ઓમ્કારમાં સ્થાન. ૪૩૩
૪૮. સામીપ્ય મુક્તિ ને તેનું પ્રણવમાં સ્થાન. ૪૩૩
૪૯. સાર્ષ્ટય મુક્તિ ને તેનું પ્રણવમાં સ્થાન. ૪૩૪
૫૦. સાયુજ્ય મુક્તિ અને તેની અદ્ભુત સમજણ. ૪૩૪
૫૧. જીવન્મુક્તિ અને વિદેહમુક્તિની વ્યાખ્યા. ૪૩૬
૫૨. કર્મમુક્તિ અને સદ્યોમુક્તિ એટલે શું તેની સમજણ. ૪૩૯
૫૩. પરમગતિને પામનાર અને અક્ષરબ્રહ્મને પામનાર પરમાત્માનાં દર્શન કરી શકતા નથી. ૪૩૯
૫૪. મનહર છંદોમાં મુક્તિનું કરવામાં આવેલું વર્ણન. ૪૪૦
પ્રણવ-ૐકારની યા એકાક્ષર બ્રહ્મની આરતી.
પ્રણવ-ૐકારની અર્ધમાત્રામાં આવેલા અક્ષરબ્રહ્મ-નારાયણની આરતી.
પ્રણવ-ૐકારના બિંદુમાં આવેલા પરમાત્માની યા પૂર્ણબ્રહ્મની આરતી.
વચનામૃત.

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૬ | ૨૮ | અવતારી | અવતાર |
| ૨૦ | ૨ | ॐ मित्येकाक्षर ब्रह्म ॥ | ॐ मित्येकाक्षर ब्रह्म ॥ |
| ૨૪ | ૩૦ | दीपवच्चेन्द्रियोद्‌मवम् | दीपवच्चेन्द्रियोद्‌मवम् |
| ૨૯ | ૨૦ | સમજે તા | સમજે તો |
| ૩૦ | ૨૬ | ક્ષોત્ર, ત્વચા, જિહ્‌વા, ચક્ષુ ને ઘ્રાણ | શ્રોત્ર, ત્વચા, જિહ્‌વા, ચક્ષુ ને ઘ્રાણ |
| ૩૧ | ૫ | ખચાઈ જાય છે | ખેંચાઈ જાય છે |
| ૩૧ | ૨૭ | Autobiograpny of A yogi | Autobiography of A Yogi |
| ૩૪ | ૨ | નારાયણનું અક્ષરબ્રહ્મપણ | નારાયણનું અક્ષરબ્રહ્મપણું |
| ૪૬ | ૧૪ | નાદબિન્દપનિષિત્ | નાદબિન્દૂપનિષત્ |
| ૪૬ | ૩૦-૩૧ | બધા શિક્ષણનો સાર | બધા શિક્ષણનો સાર છે |
| ૪૭ | ૨૫ | તદ્રપતાને | તદ્રુપતાને |
| ૫૨ | ૧ | મત્તા ગ ઢ બની જાય છે. | મત્તા ગૂઢ બની જાય છે. |
| ૫૨ | ૧૭ ૧૮ ૧૯ | આભાસ નારાયણનો . . . તત્વમાયામાથી | આભાસ (નારાયણનો . . . તત્ત્વમાયામાથી) |
| ૫૫ | ૨૧ | આત્માઆ પરમગતિ- | આત્માઓ પરમગતિ |
| ૫૫ | ૨૭ | બધી પરમગતિઓ | બે પરમગતિઓ |
| ૫૭ | ૧૬ | "અવ્યક્ત | "અવ્યક્ત" |
| ૫૭ | ૨૨ | ગતિ દ્વારા | ગતિ દ્વારા) |
| ૬૩ | ૧૮ | કરણ દેહની | કારણ દેહની |
| ૬૪ | ૧૩ | मवादुत्ताच्यात्मान | मवादुत्तारयात्मान |
| ૬૪ | ૧૮ | પોતે પાતાનું | પાતે પોતાનું |
| ૬૪ | ૨૫ | પોતે તરા અન્યને તારતા નથી, | પોતે તરી અન્યને તારતો નથી, |
| ૬૫ | ૭ | આવી સત્ય, પવિત્ર | એવી સત્ય, પવિત્ર |
| ૭૨ | ૮ | गह्वरिष्ठ | गह्वरेष्ठ |
| ૭૨ | ૧૯ | અથાત્ | અર્થાત્ |
| ૭૪ | ૯ | सुवर्णघनवद्विज्ञानचिन्मात्रम्वमात्मा | सुवर्णघनवद्विज्ञानचिन्मात्रस्वभावं मा |

| | | | |
|---|---|---|---|
| ૭૩ | ૧૦ | द्रह्म विद | ब्रह्म विद् |
| ૭૯ | ૧૯ | એ "ઇચ્છા" છે. | એ "ઇચ્છા" છે.) |
| ૮૦ | ૧૪ | અહમપણાને લીધે | અહમ્‌પણાને લીધે |
| ૮૮ | ૨૪ | સાનિધ્ય | સાંનિધ્ય |
| ૯૧ | ૨૬ | તેને "ગંથિ" કહે છે. | તેને "ગ્રંથિ" કહે છે. |
| ૯૨ | ૭ | चापिदाशक्नवादित्वमवीयतेएके | चापिदाशकितवादित्वमधीयतेएके |
| ૧૦૫ | ૨૬ | તત્વસ્વરૂપ થાય છે | તત્‌સ્વરૂપ થાય છે |
| ૧૦૭ | ૪ | सा काव्ठा सा परागति ॥ | सा काष्ठा सा परागति. ॥ |
| ૧૧૧ | ૧૩ | एपु सर्वेपु मूतेपु | एष सर्वेपु मूतेपु |
| ૧૧૨ | ૧૫ | ब्रह्मतत्व | ब्रह्मतत्त्व |
| ૧૨૧ | ૧૪ | સત્ય, અવિનાશી | આત્મજ્યોતિ સત્ય, અવિનાશી |
| ૧૨૩ | ૨૯ | કામનાના | કામનાનો |
| ૧૨૮ | ૩૨ | ખબર આપનારની તેમજ | ખબર આપનારી તેમજ |
| ૧૩૧ | ૮ | ચણ તેનો સ્વત: | પણ તેનો સ્વત: |
| ૧૩૨ | ૧૮-૧૯ | આત્મા દશાઓથી મુક્ત છે, પરંતુ આત્મજ્યોતિ દશા-ઓથી મુક્ત અને અતીત છે. | આત્મા દશાઓથી મુક્ત છે, પરંતુ આત્મજ્યોતિ દશા-ઓથી વિરક્ત અને અતીત છે. |

| | | | |
|---|---|---|---|
| ૨૦૩ | ૧૧ | જેમ ગુણ નહીં તેને, | જેમાં ગુણ નહીં તેને, |
| ૨૦૯ | ૨૦ | યા મોશમાર્ગનો | યા મોક્ષમાર્ગનો |
| ૨૦૯ | ૨૮ | यस्मात्तिस्मै | यस्मात्तस्मै |
| ૨૧૭ | ૧૫ | सर्वेस्वरस्सर्वंदृक् | सर्वेस्वरस्सर्वंदृक |
| ૨૨૮ | ૩૦ | જડજત્વ | જડતત્વ |
| ૨૪૬ | ૧૪ | तच्छु ॥ | तच्छुते ॥ |
| ૨૪૭ | ૬ | रस ह्येवाय | रसं ह्येवाय |
| ૨૫૨ | ૧૧ | ત્ સ્વરૂપ | તત્ સ્વરૂપ |
| ૨૫૫ | ૧૨ | દયા, પ્રેમ તથા પવિત્રત | દયા, પ્રેમ તથા પવિત્રતા |
| ૨૭૪ | ૧૩ | કુંભડ | કુંભક |
| ૨૭૫ | ૨૬ | તેમના હૃદમાથ | તેમના હૃદયમાંથી |
| ૨૭૬ | ૧ | સુષુપ્તિ અવસ્થામા | અર્ધજાગ્રત અને અર્ધસ્વપ્ન અવસ્થામાં |
| ૨૭૬ | ૩૧ | જ્યારે પરમાત્માનો પૂરક થાય છે | પરમાત્માના પૂરકના અંતમાં |
| ૨૯૧ | ૨૬ | મહસ્રશીર્ષ | સહસ્રશીર્ષ |
| ૨૯૫ | ૨૧ | અધ્યાય | અધ્યાય |
| ૨૯૭ | ૨૯ | દૂરત્યયા | દુરત્યયા |
| ૩૨૫ | ૨૪ | प्रगवम्सर्वंमनोपनिपद्वेद | प्रणवस्सर्वमन्त्रोपनिषद्वेद |
| ૩૨૮ | ૩૦ | અધ્યાય | અધ્યાય |
| ૩૬૨ | ૨૫ | ગાસા | ગ્રાસા |
| ૩૬૩ | ૨૭ | જાગત | જાગ્રત |
| ૩૬૯ | ૩૧ | ભાવથ | ભાવથી |
| ૩૭૩ | ૨૦ | "દ્વૈત" | "દ્વૈત" |
| ૩૭૪ | ૧૨ | આક | એક |
| ૩૭૮ | ૪ | આક | એક |
| ૩૭૯ | ૭ | અર્ધમાત્રામા પરાત્મા છે | અર્ધમાત્રામા બ્રહ્માત્મા છે |
| ૩૯૦ | ૨ | પ્રણવ ૐકારનું મહત્વ | પ્રણવ–ૐકારનું મહત્ત્વ |
| ૪૦૬ | ૨૬ | यच्चान्यत्त्रिकालातीत | यच्चान्यत्त्रिकालातीत |
| ૪૩૦ | ૧૯ | ભાગ નિદ્રિને | ભો ! નિદ્રિને |
| ૪૩૩ | ૧૪ | 'શાશ્વત મોક્ષ, પ્રાપ્ત થશે | 'શાશ્વત મોક્ષ' પ્રાપ્ત થશે |
| ૪૩૭ | ૨ | "માક્ષ" | "મોક્ષ" |

# વલ્લભ પ્રણવદર્શન

વ્યાસ : શ્રી વિદ્યેશ્વર સંહિતા, અધ્યાય ૧૭, શ્લોક ૨માં જણાવ્યું છે કે :

**अस्योत्तरं महादेवो जानाति स्म न चापरः ।।**

અર્થ : પ્રણવનો સાચો અને પૂર્ણ અર્થ માત્ર મહાદેવ જ જાણે છે. તે સિવાય બીજા કોઈ પ્રણવનો સાચો અને પૂરો અર્થ જાણતા નથી.

(૪) શિષ્ય : પ્રણવ-ૐકારનાં સ્થળ કેટલાં? અને તેનાં નામો કહેશો?

વ્યાસ : પ્રણવ-ૐકારનાં પાંચ સ્થળો છે. તે પાંચ સ્થળો ઉકાર (જુઓ પ્ર. દ. નં. ૮૮), મકાર (જુઓ પ્ર. દ. નં. ૬૬), અકાર (જુઓ પ્ર. દ. નં. ૪૧), અર્ધમાત્રા (જુઓ પ્ર. દ. નં. ૨૪ ને ૨૫) અને બિંદુ (જુઓ પ્ર. દ. નં. ૧, ૨ ને ૩) છે. તેથી સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે "પ્રણવવિજ્ઞાન"માં જણાવ્યું છે કે :

(મનહર છંદ)

ૐના જે પાંચ સ્થળ, સમજી લ્યો મોક્ષેચ્છુઓ;
"ઉ" અક્ષર એક સ્થળ, સમજજો સાનમાં.
"મ" અક્ષર બીજું સ્થળ, "અ" અક્ષર ત્રીજું સ્થળ;
એટલું તો જાણપણું, છે ઘણા વિદ્વાનમાં.
"અ", "ઉ" ને "મ" ત્રણ થયા, માત્રા તે તો ચોથું સ્થળ;
પાંચમું છે બિંદુ અદ્વૈત, તે જોવાનું જ્ઞાનમાં.
એ રીતે સ્થળ પાંચ, પ્રણવનું ચિત્ર જોવું;
તે જોઈને પરિપૂર્ણ, રાખવાનું ધ્યાનમાં.

(૫) શિષ્ય : ૐકારનાં પાંચ સ્થળોમાં કોનો કોનો વાસ છે?

વ્યાસ : તમારા પ્રશ્નનો ઉત્તર સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે "પ્રણવવિજ્ઞાન"માં આપ્યો છે; તે તમે સાંભળો :

(મનહર છંદ)

ૐનો પ્રથમોચ્ચાર, વેદ-નારાયણ તણો;
તે "અક્ષર" નીચે "ક્ષર", વિશ્વને પ્રમાણજો.
"અ"કાર છે ઈશ્વરોનો, "મ"કાર છે દેવો તણો;
"ઉ"કાર જીવાત્માઓનો, અંતરમાં આણજો.
"અ", "ઉ", "મ" અક્ષર ત્રણ, તે ત્રણેને એક કરી;
તે અક્ષર એક પર, અર્ધમાત્રા તાણજો.
એ સંજ્ઞા "અક્ષર" વસ્તુ, પરબ્રહ્મ વેદવક્તા;
અક્ષરથી "અક્ષરાતીત", ન્યારો બિંદુ જાણજો. (૧)

અક્ષર અર્ધમાત્રા પર, શુદ્ધ પરમગતિ બિંદુ;
અદ્વૈત, અક્ષરાતીત, પરમાત્મા સ્વાધારે છે.
શિવ, શક્તિ, વિષ્ણુ "બ્રહ્મ, લોક" તે ઈશ્વરો જેવા;
બ્રહ્મા, વિષ્ણુ, શિવ, શક્તિ, ઈશ્વરો "અ"કારે છે.
વાયુ, વરુણ, અગ્નિ, અશ્વિનીકુમાર, દિગ્પાળ;
જળ, તેજ, પૃથ્વી, વાયુ, આકાશ "મ"કારે છે.
ઝાડ, પહાડ, જડાત્મા ને, પશુ, પક્ષી જીવાત્માઓ;
દાનવ, માનવ, આત્મા, મહાત્માઓ "ઉ"કારે છે. (૨)
"ઉ" અક્ષર જીવકોટિ, ચિત્રથી સમજે ભાઈ;
"મ" માયાની ઈશકોટિ, સ્વર્ગે સુખાકાર છે.
ઈશ્વરો "અ" અક્ષરમાં, શક્તિ, શિવ, વિષ્ણુ, બ્રહ્મા;
"માત્રા"માં માયાવિશિષ્ટ, તે જ વિશ્વાધાર છે.
તેનું નામ વિશ્વેશ્વર, પ્રકૃતિપુરુષ એ જ;
તેથી પણ પરમ તેને, જાણવામાં સાર છે.
"બિંદુ" ફક્ત સર્વોપરી, "માત્રા" પર તે અનાદિ;
પરમાત્મા પૂર્ણબ્રહ્મ, તેનો મને પ્યાર છે. (૩)

(૬) શિષ્ય : પ્રણવ—ૐકારની કેટલી માત્રાઓ હશે?

વ્યાસ : પ્રણવ-ૐકારની "અ", "ઉ", "મ" અને અર્ધમાત્રા એમ ચાર માત્રાઓ છે. "અ" એટલે અકાર, "ઉ" એટલે ઉકાર, "મ" એટલે મકાર અને અર્ધમાત્રા, એવી ચાર માત્રાઓ છે.

सर्वं ह्येतद्ब्रह्मायमात्मा ब्रह्म सोऽयमात्मा चतुष्पात् ॥
(શ્રીઅથર્વવેદીય માંડૂક્યોપનિષત્, આગમ પ્રકરણ ૧, મંત્ર ૨)

અર્થ : સર્વ માયામય પ્રપંચ જગતમાં, સત્યજ્ઞાન તથા અવિનાશી જ્ઞાનલક્ષણવાળા બ્રહ્મને (એટલે પરમાત્માને) તું ચૈતન્ય આત્મા જાણી શકે છે. તે પ્રણવ ચાર પાદ યાને ચાર વિભાગવાળો છે.

सोऽयमात्माऽध्यक्षरमोङ्कारोऽधिमात्रं पादा मात्रा
मात्राश्च पादा अकार उकारो मकार इति ॥
( શ્રીઅથર્વવેદીય માંડૂક્યોપનિષત્, આગમ પ્રકરણ ૧, મંત્ર ૮)

અર્થ : આત્મા અધ્યક્ષર, ૐકાર અક્ષરથી અભિન્નરૂપે, ૐકાર સ્વરૂપ છે. અડધી માત્રા તથા અકારાદિ ચાર માત્રાવાળો ૐકાર, અકાર, ઉકાર, મકાર અને અર્ધમાત્રા સ્વરૂપે છે. તેનાં પાદોરૂપે અકાર, ઉકાર અને મકાર એ ત્રણે

માત્રાઓથી અર્ધમાત્રા વિલક્ષણ (એટલે અદ્‌ભુત) સત્ત્વગુણી હોવાથી તે ત્રણેથી જુદી પડે છે. અર્થાત્ અર્ધમાત્રા તત્ત્વગુણી અને ત્રણે પાદોની અધિષ્ઠાતા છે.

चत्वारस्तस्य मात्राः स्युरकारोकारकौतथा।
मकारस्त्वार्धमात्रेयं मात्रेति परिकीर्तिता ॥

(શિવગીતા, અધ્યાય ૧૫, શ્લોક ૧૫)

અર્થ : હે રામ! આ ઓંકારબ્રહ્મની ચાર માત્રા કહી છે : (૧) અકાર, (૨) ઉકાર, (૩) મકાર અને (૪) અર્ધમાત્રા.

(૭) શિષ્ય : ૐકારમાં ઉકારનું સ્થાન ક્યાં છે? અને તે સ્થાનમાં કોનો કોનો વાસ છે?

વ્યાસ : ૐકારમાં ઉકારનું સ્થાન પ્રણવદર્શન નંબર ૮૮થી બતાવેલું છે, તેને "જીવકોટિ" કહેવામા આવે છે. તેમાં "જડાત્મા", "જીવાત્મા" અને "આત્માઓ"નો વાસ છે. પ્ર. દ. નં. ૮૯થી બતાવેલ "જડાત્મા"માં ઝાડ, પહાડનો સમાવેશ થાય છે. પ્ર. દ. નં. ૮૫ થી બતાવેલ "જીવાત્મા"માં પશુ, પક્ષી, કીટ, પતંગ ઈત્યાદિનો સમાવેશ થાય છે. અને પ્ર. દ. નં. ૮૪થી બતાવેલ "આત્મા"માં મનુષ્યાવતારી જીવોનો સમાવેશ થાય છે. મનુષ્ય દ્વિકળાત્મા હોય છે.

(૮) શિષ્ય : ૐકારમાં મકારનું સ્થાન ક્યાં છે? અને તે સ્થાનમાં કોનો કોનો વાસ છે?

વ્યાસ : ૐકારમાં મકારનું સ્થાન પ્ર. દ. નં. ૬૬થી બતાવેલું છે. તેને ઈશકોટિ કહેવામાં આવે છે. તેમાં પ્ર. દ. નં. પાંચથી માંડીને ૬૫ સુધીમાં બતાવેલ ભોમાનારાયણ (એટલે સૂર્ય) અને સૂર્યલોક, સોમાનારાયણ (એટલે ચંદ્ર) અને ચંદ્રલોક, તારાગણ, ઈંદ્ર, વરુણ, વાયુ, દિગ્‌પાળ, અગ્નિ, અશ્વિનીકુમાર, કાલાગ્નિ, મિત્ર, દિવ્ય, સુપર્ણ, યમ, ગુરુત્માન, બૃહસ્પતિ અને પ્રજાપતિ વગેરે મળી તેત્રીસ કુળના દેવતાઓ રહેલા છે. તેઓના આત્માને "મહાત્મા" કહેવામાં આવે છે. દેવો ત્રિકળાત્મા હોય છે.

(૯) શિષ્ય : ૐકારમાં અકારનું સ્થાન ક્યાં છે? અને તે સ્થાનમાં કોનો કોનો વાસ છે?

વ્યાસ : ૐકારમાં અકારનું સ્થાન પ્ર. દ. નં. ૪૧થી બતાવેલ છે. આ સ્થાન-, ને ઈશ્વરકોટિ કહેવામાં આવે છે. તેથી ઈશ્વરી અવતારી શ્રીકૃષ્ણે કહ્યું છે કે :

अक्षराणामकारोऽस्मि ॥

(શ્રીમદ્ ભગવદ્‌ગીતા, અધ્યાય ૧૦, શ્લોક ૩૩)

અર્થ : પ્રણવના અક્ષરોમાં "અકાર" હું છું, એમ શ્રીકૃષ્ણે કહેલું છે. એ બતાવે છે કે "અકાર"માં ઈશ્વરોનું અધિષ્ઠાન (એટલે મુખ્ય સ્થાન) છે.

તેમા પ્ર દ ન ૪૨ ને ૪૩મા આદિશક્તિ અને આદિશક્તિના લોક, પ્ર દ ન ૪૪ ને ૪૫મા શિવ અને શિવના લોક, પ્ર દ ન ૪૬ ને ૪૭મા વિષ્ણુ અને વિષ્ણુના લોક અને પ્ર દ ન ૪૮ ને ૪૯મા ચતુર્મુખી બ્રહ્મા અને બ્રહ્માના લોકનો વાસ છે તેઓના આત્માને "દિવ્યાત્મા" નામે ઓળખ વામા આવે છે ઈશ્વરો ચતુ કળાત્મા છે

(૧૦) શિષ્ય ॐકારમા અર્ધમાત્રાનુ સ્થાન કયા છે? અને તે સ્થાનમા કોનો વાસ છે?

વ્યાસ ॐકારમાં અર્ધમાત્રાનુ સ્થાન પ્ર દ ન ૨૮ ને ૨૫થી બતાવેલ છે અર્ધમાત્રાના અધિપતિ "વેદવક્તા", "અક્ષરધામાધિપતિ", "પરબ્રહ્મ", "તુરીય સ્વરૂપ", "અક્ષરબ્રહ્મ", "સત્યનારાયણ", "પ્રકૃતિ પુરુષ", "વિશ્વોત્તમ", "વિશ્વસૃષ્ટા", "વિરાટ સ્વરૂપ", "માયાવિશિષ્ટ બ્રહ્મ", "સગુણ બ્રહ્મ" અને "નારાયણ" છે પ્ર દ ન ૩૫ ને ૩૦મા બતાવ્યા મુજબ તે પોતાના "ગોલોક" સહિત અક્ષરધામમા રહેલા છે નારાયણના આત્માને "બ્રહ્માત્મા" નામે ઓળખ વામા આવે છે અને તે અષ્ટકળાત્મા છે

(૧૧) શિષ્ય ॐકારની ચાર માત્રાઓમા યા વિભાગોમા શુ શુ આવેલુ છે તે મને સમજાવશો?

વ્યાસ શ્રીશકર ભગવાને "શિવગીતા"મા શ્રીરામચદ્રજીને બોધ આપ્યો છે કે

चतस्रस्तस्य मात्रा स्युरकारोकारकौतया।
मकारश्चावसानेऽर्धं मात्रेति परिकीर्तिता ॥
(શિવગીતા, અધ્યાય ૧૫, શ્લોક ૧૫)

અર્થ પ્રણવની અ, ઉ, મ અને અર્ધમાત્રા એમ ચાર માત્રાઓ છે તેમા ઉકારમા જડાત્મા એટલે ઝાડ, પહાડ, જીવાત્મા એટલે પશુ, પક્ષી, કીટ, પતંગ ઇત્યાદિ, આત્મા એટલે મનુષ્યાવતારી જીવો તથા મકારમા ઇંદ્ર, ચદ્ર, સૂર્ય, વરુણ, વાયુ, દિગ્પાળ આદિ દેવો અને અકારમા શક્તિ, શિવ, વિષ્ણુ બ્રહ્મા, ઈશ્વરો, તેમના લોકો શક્તિલોક, શિવલોક, વિષ્ણુલોક, બ્રહ્માના લોક સહિત, અને અર્ધમાત્રા કે જેના અધિપતિ અક્ષરબ્રહ્મ, પ્રકૃતિ પુરુષ, પરબ્રહ્મ, નારાયણ છે, તે પોતાના ગોલોક યાને બ્રહ્મલોક સહિત અક્ષરધામમા રહેલા છે

स ब्रह्मा स शिव स इन्द्र सोऽक्षर परम स्वराट्।
स एव विष्णु स प्राण स कालाग्नि स चद्रमा ॥
(શ્રીકૃષ્ણયજુર્વેદીય કૈવલ્યોપનિષત, મન્ત્ર ૧૦ ને ૧૧)

અર્થ તે પ્રાણવમા બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર (શિવ), વિનાશી અક્ષરબ્રહ્મ, ઇંદ્ર, કાલાગ્નિ, ચદ્રમા વગેરે આવેલા હોઈ સર્વ ૐકારરૂપ જ છે કેમ કે આ તમામ દેવો અને ઈશ્વરો ૐકારમા જ આવેલા છે

इन्द्र मित्र वरुणमग्निमाहुरथो दिव्यस्स सुपर्णो गुरुत्मान् ।
एक सद्विप्रा बहुधा वदन्त्यग्नि यम मातरिश्वानमाहु ॥
(ઋગ્વેદ મ ૧/અનુ ૨૨/સૂ ૧૬૪/મંત્ર ૪૬)

અર્થ ઇંદ્ર, મિત્ર, વરુણ, અગ્નિ, દિવ્ય, સુપર્ણ, ગુરુત્માન એ સર્વ દેવો એક ૐકારમા જ સમાવેશ થયેલા છે. તને ઋષિઓ બહુ પ્રકાર વર્ણવે છે

(૧૨) શિષ્ય અશાત્મામા કોનો કોનો સમાવેશ થાય છે?

વ્યાસ વિશ્વેશ્વર—નારાયણના ત્રણ ગુણોના અંશ લઈને ઉત્પન્ન થયેલા ત્રિગુણાત્મિકા આદ્યશક્તિ યા આદિશક્તિ તથા તેમના તામસ ગુણના અંશરૂપ શિવ, તેમના સત્ત્વ ગુણના અશરૂપ વિષ્ણુ, તેમના રાજસ ગુણના અશરૂપ ચતુર્મુખી બ્રહ્મા તથા નારાયણના હૃદયમા તેમના સ્વાત્મા સિવાયના નવસોનવાણુ અંશાવતારી ઈશ્વરો—આ બધાનો સમાવેશ અશાત્મામા થાય છે

(૧૩) શિષ્ય ૐકારમા બિંદુ કયા છે અને તેમા કોણ બિરાજે છે?

વ્યાસ ૐકારમા બિંદુનુ સ્થાન પ્ર ૬ ન ૧થી ઉમાં બતાવેલુ છે તેમા જ્ઞાનસ્વરૂપ, પરમાત્મા, પરમેશ્વર, સર્વેશ્વર, પરમજ્યોતિ, અમૃત, મોક્ષ, ધ્યેય, જ્ઞેય, જ્ઞાનાકાર, અક્ષરાતીત, માયાતીત, વર્ણાતીત, ગુણાતીત, સર્વોત્તમ, અખડાનદ, પૂર્ણબ્રહ્મ આકારે બિરાજે છે આ વિષે "પ્રણવવિજ્ઞાન"મા કહ્યુ છે કે

(મનહર છંદ)

ઈશ્વર, વિશ્વેશ્વરથી, શ્રેષ્ઠ નામ પરમેશ્વર,
સર્વાત્માથી શ્રેષ્ઠ એક, પરમાત્મા ભાવશે
પરમાત્મા વડે સર્વ નામી, નુ તે આત્મતત્ત્વ,
નામોમા મહિમા ગુણ, સમજવા ફાવશે
નિરજન, જ્ઞાનાકાર, નિર્દોષ, નિર્લેપ, નિષ્કળ,
નિષ્કલક, નિર્બાધી, જ્ઞાનથી બતાવશે
નિરોપાધિ, નિષ્કૃત્ય ને, માયાથી નિશ્ચળ ન્યારો,
શુદ્ધ બ્રહ્મ, સત્ય, અનત, વિજ્ઞાન ચઢાવશે (૧)

અજર, અમર અને, અવિનાશી, અવિચળ,
અદ્વૈત, અનાદિ વળી, અકળિત નામ છે

અછેદ, અભેદ અને, અકર્તા, અખંડાનંદ;
તુર્યાતીત, ગુણાતીત, માયાતીત ધામ છે.
નિત્ય અને અક્ષરાતીત, પરમાત્મા ને પરમેશ્વર;
પરમબ્રહ્મ, પરમાનંદ, હે, ધ્યેય વિરામ છે.
મોક્ષ, અમૃત અનંત નામ, ગુણ મહિમા સત્તાએ;
ઈશ, ઈશ્વર, વિશ્વેશ્વર, માયાના મુકામ છે. (૨)

(૧૪) શિષ્ય : પરમાત્મા શબ્દનો અર્થ શો થાય છે, તે કૃપા કરી સંક્ષિપ્તમાં જણાવશો?

વ્યાસ : પ્ર. દ. નં. ૮૮થી બતાવેલ "ઉકાર"માં રહેલા "જડાત્મા" (એટલે ઝાડ, પહાડ), "જીવાત્મા" (એટલે પશુ, પક્ષી, કીટ, પતંગ વગેરે) અને "આત્મા", પ્ર. દ. નં. ૬૬થી બતાવેલ "મકાર"માં રહેલા "મહાત્મા", પ્ર. દ. નં. ૪૧થી બતાવેલ "અકાર"માં રહેલા "દિવ્યાત્મા", પ્ર. દ. નં. ૨૬થી બતાવેલ અર્ધમાત્રામાં આવેલા પંચમુખી બ્રહ્માના આત્માને "પરાત્મા" કહેવામાં આવે છે તે, પ્ર. દ. નં. ૨૪ ને ૨૫થી બતાવેલ "અર્ધમાત્રા" કે જેમાં વિશ્વેશ્વર-નારાયણનો વાસ છે અને તેમના હૃદયકમળમાં રહેલા નવસોનવાણું અંશાવતારી આત્માઓને "અંશાત્મા" કહે છે તે અને નારાયણના આત્માને "બ્રહ્માત્મા" કહે છે તે—આ આઠ પ્રકારના આત્મા કરતાં અતિ શ્રેષ્ઠ અને મહાન છે તેને જ "પરમાત્મા" કહેવામાં આવે છે. તેથી સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે "પ્રણવ-વિજ્ઞાન"માં જણાવ્યું છે કે :

(મનહર છંદ)

"જડાત્મા" તે ઝાડ, પહાડ, "જીવાત્મા" તે પશુ, પક્ષી;
"આત્મા" તે મનુષ્ય દેહી, નેત્રોથી નીરખજે.
"મહાત્મા" તે સ્વર્ગલોક, "દિવ્યાત્મા" ઈશ્વરો, બ્રહ્મા;
"અંશાત્મા" અંશાવતારો, અક્ષરમાં પરખજે.
"પરાત્મા" છે નારાયણો, ને બ્રહ્મા (પંચમુખી) અક્ષરથી જુદા;
"બ્રહ્માત્મા" આદ્યનારાયણ, જાણીને હરખજે.
"પરમાત્મા" અખંડાનંદ, બિંદુ સર્વ શ્રેષ્ઠ પરમ;
મોક્ષરૂપ, માયાતીત, તેમાં સૌ સરકજે.

(૧૫) શિષ્ય : પરમેશ્વરનો અર્થ સંક્ષિપ્તમાં કહેશો?

વ્યાસ : પ્ર. દ. નં. ૬૬થી બતાવેલ મકારમંડળમાં આવેલા ઈશ એટલે દેવ જેને વરેલા છે તેને (ઈશ+વર) "ઈશ્વર" કહેવામાં આવે છે. પ્ર. દ. નં. ૪૧થી બતાવેલ અકારમંડળમાં આવેલા ઈશ્વર જેને વરેલા છે તેને "વિશ્વેશ્વર"

કહેવામાં આવે છે. અને અર્ધમાત્રા મંડળમાં આવેલા વિશ્વેશ્વર જેને વ઼ે છે તેને "સર્વેશ્વર" યા "પરમેશ્વર" કહેવામાં આવે છે. તેથી કહ્યું છે

(છપ્પો)

મકારમાત્રાના દેવોને, ઈશો પણ કહેવાય;
ઈશો જેને વરેલા (છે), તેને ઈશ્વરો કહેવાય.
ઈશ્વરો જેને (રહે) આધીન, તેને વિશ્વેશ્વર કહેવાય;
વિશ્વેશ્વર જેને વરેલા (છે), તેને પરમેશ્વર કહેવાય.
ઈશો, ઈશ્વરો ને વિશ્વેશ્વરથી, શ્રેષ્ઠ ઈશ્વર જે ગણાય
મહાન સમર્થ છે તેથી, તે પરમેશ્વર કહેવાય છે.

(૧૬) શિષ્ય : પરમાત્માને પરમજ્યોતિ પણ કહેવામાં આવે છે
ખરી લે

स उत्तमः पुरुषः ॥

(શ્રીસામવેદીય છાંદગ્યોપનિષત્‌, પ્રપાઠક ૮, ખંડ ૧૨, મંત્ર ૩)

એ વાક્યમાં તે પરમજ્યોતિને ઉત્તમ પુરુષનું વિશેષણ આપેલું છે. જો આ ઠેકાણે જ્યોતિ શબ્દનો અર્થ ભૌતિક જ્યોતિવાચક હોત તો તે પરમજ્યોતિ પ્રાપ્ત થનારને ઉત્તમ પુરુષ કદાપિ કહેત નહીં.

(૧૭) શિષ્ય : પરમાત્મા-પરમેશ્વરને પરમશક્તિ પણ કહેવામાં આવે છે. તેનું શું કારણ?

વ્યાસ : દરેક શક્તિનું મૂળ તત્ત્વસ્થાન પરમાત્મા-પરમેશ્વર એક જ છે અને તે પરમાત્મા પુરુષરૂપે હોવા છતાં તે માયાવી સ્રી પુરુષના ભેદ જણાય તેવા પુરુષ નથી, તેથી તેને "પરમશક્તિ" યા "પરમજ્યોતિ" કહેવામાં આવે છે.

(૧૮) શિષ્ય : ભગવાન શબ્દનો અર્થ કહેશો?

વ્યાસ : ધર્મ, જ્ઞાન, યશ, ઐશ્વર્ય, શ્રી (એટલે આત્મશક્તિ) અને વૈરાગ્ય — એ છ દિવ્ય ગુણો અનંતરૂપમાં જેનામાં સદાને માટે વર્તમાન છે તેને જ "ભગવાન" કહેવાય છે.

(૧૯) શિષ્ય : આવા ભગવાન પ્રણવ — ૐકારમાં કોણ છે?

વ્યાસ : આવા ભગવાન પ્ર. ૬. નં. ૧/૩થી બતાવેલ બિંદુમાં આવેલા પરમાત્મા-પરમેશ્વર છે. તે સિવાય પ્રણવ ૐકારમાં આવેલા અક્ષરબ્રહ્મ-નારાયણ, અંશાવતારી ઈશ્વરો અને દેવોને ભગવાન કહેવાય જ નહીં. યથાર્થ રીતે કહીએ તો તેઓ ભગવાન છે જ નહીં. જેમ કોઈ માણસ આપણા ઘેર આવે ત્યારે તેના માનાર્થે "પધારો શેઠ" કહી બોલાવીએ છીએ, તેમ અક્ષરબ્રહ્મ નારાયણ, અંશાવતારી ઈશ્વરો અને દેવોના માનાર્થે ભગવાન શબ્દ લગાડવામાં આવે છે. તેથી કહ્યું છે કે :

(મનહર છંદ)

ધર્મ, ઐશ્વર્ય, જ્ઞાન, શ્રી, યશ ને વૈરાગ્ય;<br>
પ્રભુમાં વર્તમાન હોવાથી, ભગવાન તે કહેવાય છે.<br>
આ દૈવી છ ગુણો, બિંદુ પરમાત્મા સિવાય;<br>
પૂર્ણપણે કોઈમાં નથી તે, વિવેકથી સિદ્ધ થાય છે.<br>
દેવો, અંશાત્મા ને નારાયણ, તેઓ પોતે પ્રભુ નથી;<br>
છતાં તેમના માનાર્થે, શબ્દ ભગવાન જોડાય છે.<br>
પરમધર્મને લાવનાર, પાપોનો વિનાશ કરનાર;<br>
તે તમામ શક્તિના ઈશને, ભગેશ પરમાત્મા કહેવાય છે.

કહેવામાં આવે છે. અને અર્ધમાત્રા મંડળમાં આવેલા વિશ્વેશ્વર જેને વરેલા છે તેને "સર્વેશ્વર" યા "પરમેશ્વર" કહેવામાં આવે છે. તેથી કહ્યું છે કે:

(છપ્પો)

મકારમાત્રાના દેવોને, ઈશો પણ કહેવાય;
ઈશો જેને વરેલા (છે), તેને ઈશ્વરો કહેવાય.
ઈશ્વરો જેને (રહે) આધીન, તેને વિશ્વેશ્વર કહેવાય;
વિશ્વેશ્વર જેને વરેલા (છે), તેને પરમેશ્વર કહેવાય.
ઈશો, ઈશ્વરો ને વિશ્વેશ્વરથી, શ્રેષ્ઠ ઈશ્વર જે ગણાય છે;
મહાન સમર્થ છે તેથી, તે પરમેશ્વર કહેવાય છે.

(૧૬) શિષ્ય : પરમાત્માને પરમજ્યોતિ પણ કહેવામાં આવે છે, એ વાત ખરી છે?

વ્યાસ : હા, પરમાત્મા-પરમેશ્વરને "પરમજ્યોતિ" પણ કહેવામાં આવે છે. પરમાત્મા-પરમેશ્વરના સ્વરૂપમાંથી જે અનંત જ્ઞાનચૈતન્યવાળો યા જ્ઞાન-ચૈતન્ય શક્તિવાળો પરમપ્રકાશનો ધોધ વહે છે તેનું નામ "પરમજ્યોતિ" છે. જો કે પરમાત્મા અને પરમજ્યોતિ સ્વરૂપે એક જ છે, પરંતુ જેમ કોઈ માણસનું મસ્તક છેદાઈ ગયું હોય તો તે માણસ ઓળખી શકાતો નથી પણ મસ્તકથી જ માણસ ઓળખાય છે, તેમ પરમજ્યોતિથી જ પરમાત્મા ઓળખાય છે, સમજાય છે અને તેને પમાય છે. તે પરમજ્યોતિ પરમાત્માનું મસ્તક (એટલે મુખ) ગણાય છે. અહીં એટલું જ યાદ રાખવાનું છે કે, જેમ મનુષ્ય માત્રને દૃષ્ટિમર્યાદા છે, તેમ પરમજ્યોતિ-પરમાત્માને દૃષ્ટિમર્યાદા હોતી નથી. તેથી કહ્યું છે કે :

ज्योतिर्दर्शनात् ॥

(વેદાન્ત દર્શન, અધ્યાય ૧, પાદ ૩, સૂત્ર ૪૦)

અર્થ : જ્યોતિ શબ્દ બ્રહ્મમાં (એટલે પરમાત્મામાં) જણાવાથી જ્યોતિ પણ પરમાત્માનું જ નામ છે. જેમ કે,

एषः सम्प्रसादोऽस्माच्छरीरात् समुत्थाय परंज्योतिरुप संपद्यस्वेन रूपेणाभिनिष्पद्यते ॥

(શ્રી સામવેદીય છાન્દગ્યોપનિષદ્, પ્રપાઠક ૮, ખંડ ૧૨, મંત્ર ૩)

અર્થ : આ સંપ્રસાદ એટલે જીવાત્મા આ શરીરથી ઊઠીને પરમજ્યોતિને પ્રાપ્ત થઈને પોતાના વાસ્તવ સ્વરૂપને પ્રાપ્ત થાય છે. આ વિષયવાક્યમાં પરમજ્યોતિ એ પરમાત્માનું નામ છે.

स उत्तम पुरुष ॥

(શ્રીસામવેદીય છાન્દોગ્યોપનિષત, પ્રપાઠક ૮, ખંડ ૧૨, મંત્ર ૩)

એ વાક્યમાં તે પરમજ્યોતિને ઉત્તમ પુરુષનું વિશેષણ આપેલું છે જો આ ઠેકાણે જ્યોતિ શબ્દનો અર્થ ભૌતિક જ્યોતિવાચક હોત તો તે પરમજ્યોતિ પ્રાપ્ત થનારને ઉત્તમ પુરુષ કદાપિ કહેત નહીં

(૧૭) શિષ્ય પરમાત્મા પરમેશ્વરને પરમશક્તિ પણ કહેવામાં આવે છે તેનું શું કારણ?

વ્યાસ દરેક શક્તિનું મૂળ તત્ત્વસ્થાન પરમાત્મા પરમેશ્વર એક જ છે અને તે પરમાત્મા પુરુષરૂપે હોવા છતાં તે માયાવી સ્ત્રીપુરુષના ભેદ જણાય તેવા પુરુષ નથી, તેથી તેને "પરમશક્તિ" યા "પરમજ્યોતિ" કહેવામાં આવે છે

(૧૮) શિષ્ય ભગવાન શબ્દનો અર્થ કહેશો?

વ્યાસ ધર્મ, જ્ઞાન, યશ, ઐશ્વર્ય, શ્રી (એટલે આત્મશક્તિ) અને વૈરાગ્ય — એ છ દિવ્ય ગુણો અનંતરૂપમાં જેનામાં સદાને માટે વર્તમાન છે તેને જ "ભગવાન" કહેવાય છે

(૧૯) શિષ્ય આવા ભગવાન પ્રણવ — ૐકારમાં કોણ છે?

વ્યાસ આવા ભગવાન પ્ર દ ન ૧/૩થી બતાવેલ બિંદુમાં આવેલા પરમાત્મા પરમેશ્વર છે તે સિવાય પ્રણવ ૐકારમાં આવેલા અક્ષરબ્રહ્મ—નારાયણ, અંશાવતારી ઈશ્વરો અને દેવોને ભગવાન કહેવાય જ નહીં યથાર્થ રીતે કહીએ તો તેઓ ભગવાન છે જ નહીં જેમ કોઈ માણસ આપણા ઘેર આવે ત્યારે તેના માનાર્થે "પધારો શેઠ" કહી બોલાવીએ છીએ, તેમ અક્ષરબ્રહ્મ—નારાયણ, અંશાવતારી ઈશ્વરો અને દેવોના માનાર્થે ભગવાન શબ્દ લગાડવામાં આવે છે તેથી કહ્યુ છે કે

(મનહર છંદ)

ધર્મ, ઐશ્વર્ય, જ્ઞાન, શ્રી, યશ ને વૈરાગ્ય,<br>
પ્રભુમાં વર્તમાન હોવાથી, ભગવાન તે કહેવાય છે<br>
આ દૈવી છ ગુણો, બિંદુ પરમાત્મા સિવાય,<br>
પૂર્ણપણે કોઈમાં નથી તે, વિવેકથી સિદ્ધ થાય છે<br>
દેવો, અંશાત્મા ને નારાયણ, તેઓ પોતે પ્રભુ નથી,<br>
છતાં તેમના માનાર્થે, શબ્દ ભગવાન જોડાય છે<br>
પરમધર્મને લાવનાર, પાપોનો વિનાશ કરનાર,<br>
તે તમામ શક્તિના ઈશને, ભગેશ પરમાત્મા કહેવાય છે

અર્થ : પરમાત્મા દેશ, કાળ કે વસ્તુથી અમાપ છે
अखिलप्रमाणागोचरं ब्रह्म ॥
(त्रिपाद्विभूतिमहानारायणोपनिषद्, १–१५)
અર્થ : પરમાત્મા સર્વ પ્રમાણથી અવિષયરૂપ છે, કોઈ પ્રમાણથી જણાતા નથી
अद्वैतमनिर्वाच्यं ब्रह्म ॥
(त्रिपाद्विभूतिमहानारायणोपनिषद्, १–१८)
અર્થ પરમાત્મા અદ્વૈત અને અવર્ણનીય છે
शिवं प्रशान्तममृतं च परं ब्रह्म ॥
(મહાવાક્ય રત્નાવલિ)
અર્થ ' પરમાત્મા કલ્યાણસ્વરૂપ – મંગળમય, અત્યંત શાંત અને અમૃત સ્વરૂપ છે
तदेव निष्कलं ब्रह्म निर्विकल्पं निरञ्जनम् ॥
(બ્રહ્મબિંદૂપનિષદ, ૮)
અર્થ . તે પરમાત્મા અવયવરહિત (એટલે માયાના અવયવ જેને નથી પણ જ્ઞાનાકાર છે એટલે પરમાત્માના બધા અવયવો જ્ઞાનના જ છે એમ અર્થ લેવાનો છે), વિકલ્પરહિત અને નિર્લેપ છે
सर्वशक्ति परं ब्रह्म नित्यमापूर्णमद्वयम् ॥
(મહાવાક્ય રત્નાવલિ)
અર્થ પરમાત્મા સર્વ શક્તિમાન, નિત્ય, અદ્વૈત અને ચારે બાજુ (પોતાની અનંત જ્ઞાનચૈતન્યની પરમગતિ વડે પ્રણવ-ૐકારમા વ્યાપ્ત હોવાથી) પૂર્ણ છે
परं ब्रह्म परं सत्त्वं सच्चिदानन्दलक्षणम् ॥
(યોગશિખોપનિષદ, અધ્યાય ૨, શ્લોક ૧૬)
અર્થ પરમાત્મા સર્વોત્કૃષ્ટ સત્ય અને સત્ ચિત્-આનંદરૂપ લક્ષણવાળા છે
उत्पत्तिविनाशरहितं चैतन्यं ज्ञानमित्यभिधीयते ॥
(સર્વસારોપનિષત્, મંત્ર ૧૦)
અર્થ ઉત્પત્તિ અને વિનાશરહિત ચૈતન્યબ્રહ્મને યા પરમાત્માને જ્ઞાન -રૂપ કહ્યા છે

चित्स्वरूपं निरञ्जनं परं ब्रह्म ॥
(त्रिपाद्विभूतिमहानारायणोपनिषद् मंत्र ७)
અર્થ : પરમબ્રહ્મ યા પરમાત્મા ચૈતન્ય સ્વરૂપ અને નિર્લેપ છે.

सर्वकालाबाधितं ब्रह्म ॥
(त्रिपाद्विभूतिमहानारायणोपनिषद् १–३)
અર્થ : બ્રહ્મ યા પરમાત્મા સર્વ કાળે અબાધિત-અવિનાશી છે.

आदिमध्यान्तशून्यं ब्रह्म ॥
(त्रिपाद्विभूतिमहानारायणोपनिषद् १–५)
અર્થ : બ્રહ્મ યા પરમાત્મા આદિ, મધ્ય તથા અંતરહિત છે.

मायातीतगुणातीतं ब्रह्म ॥
(त्रिपाद्विभूतिमहानारायणोपनिषद् १–७)
અર્થ : બ્રહ્મ માયારહિત તથા સત્ત્વાદિ ગુણોથી પણ રહિત છે. આનું સ્પષ્ટીકરણ એ છે કે, બ્રહ્મ યા પરમાત્મા ત્રિગુણી અને ત્રિરૂપી માયાથી પોતે જુદા છે તેથી તેમને "માયાતીત" કહ્યા છે. પરમાત્મા માયાના તત્ત્વ, સત્ત્વ, રજસ્, તમસ્ ચારે ગુણોથી પર હોવાથી તેમને "ગુણાતીત" કહ્યા છે.

अनन्तमप्रमेयाखण्डपरिपूर्णं ब्रह्म ॥
(त्रिपाद्विभूतिमहानारायणोपनिषद् १–८)
અર્થ : બ્રહ્મ (પરમાત્મા) અનંત, અમાપ, અખંડ અને પરિપૂર્ણ છે.

अद्वितीयपरमानंद नित्यशुद्धबुद्धमुक्तसत्यस्वरूपव्यापकाभिन्नापरिच्छिन्नं ब्रह्म ॥
(त्रिपाद्विभूतिमहानारायणोपनिषद् १–९)
અર્થ : બ્રહ્મ (પરમાત્મા) અદ્વિતીય, સર્વોત્કૃષ્ટ આનંદરૂપ, નિત્ય, શુદ્ધ, જ્ઞાનવાન, મુક્ત, સત્યસ્વરૂપ, વ્યાપક (એટલે પરમાત્મા પોતાની અનંત જ્ઞાન-ચૈતન્યની ગતિ વડે આખા પ્રણવ-ૐકારમાં વ્યાપક છે પણ પોતાના સ્વરૂપે ન્યારો છે), જ્ઞાનચૈતન્ય સ્વરૂપ અને અમાપ છે.

सच्चिदानंदस्वप्रकाशं ब्रह्म ॥
(त्रिपाद्विभूतिमहानारायणोपनिषद् १–१०)
અર્થ : પરમાત્મા સચ્ચિદાનંદસ્વરૂપ અને સ્વયંપ્રકાશ છે.

मनोवाचामगोचरं ब्रह्म ॥
(त्रिपाद्विभूतिमहानारायणोपनिषद् १–११)
અર્થ : પરમાત્મા વાણી કે મનનો વિષય નથી

देशतः कालतो वस्तुतः परिच्छेदरहितं ब्रह्म ॥
(त्रिपाद्विभूतिमहानारायणोपनिषद् १–१४)

(૨૦) શિષ્ય પરમાત્મા પરમેશ્વર કેવા ગુણો અને કેવી શક્તિવાળા છે તે સંક્ષિપ્તમાં સમજાવશો?

વ્યાસ

**विज्ञानमानन्द ब्रह्म ॥** (શ્રીશુક્લયજુર્વેદીય બૃહદારણ્યકોપનિષત, અધ્યાય ૩, બ્રાહ્મણ ૯, શ્લોક ૨૮)

અર્થ બ્રહ્મ (એટલે પરમાત્મા) વિજ્ઞાન અને આનંદરૂપ છે

**अद्वितीयमखिलोपाधिविनिर्मुक्तं तत्सकलशक्त्युपबृंहितमनाद्यनन्तं नित्यं शिवं शान्तं निर्गुणमित्यादिवाच्यमनिर्वाच्यं चैतन्यं ब्रह्म ।** (નિરાલંબોપનિષત, મંત્ર ૫)

અર્થ અદ્વિતીય (એટલે અજોડ), સર્વ ઉપાધિથી રહિત, સમગ્ર શક્તિઓથી ભરપૂર, આદિ-અંતરહિત, નિત્ય, મંગળસ્વરૂપ, શાંત, નિર્ગુણ (એટલે જેનામાં માયાના ગુણો જેવા કે—તત્ત્વ, સત્ત્વ, રાજસ અને તામસ—નથી) વગેરે શબ્દોથી કહેવાતુ અને વર્ણન કરવુ અશક્ય જે ચૈતન્ય છે, તે બ્રહ્મ (એટલે પરમાત્મા) છે

**एकमेवाद्वितीयं ब्रह्म ॥**

(શ્રીસામવેદીય છાંદોગ્યોપનિષત, પ્રપાઠક ૬, ખંડ ૧, મંત્ર ૧)

અર્થ બ્રહ્મ યા પરમાત્મા એક જ અને અદ્વિતીય (એટલે અજોડ) છે

**सर्वदाऽनवच्छिन्नं परं ब्रह्म ॥**

(યોગચૂડામણ્યુપનિષદ, મંત્ર ૭૨)

અર્થ પરમબ્રહ્મ યા પરમાત્મા સર્વ કાળે ઉપાધિરહિત અથવા અમાપ છે

**सच्चिदानन्दतेजः कूटरूपं तारकं ब्रह्म ॥**

(અદ્વયતારકોપનિષદ્, મંત્ર ૨)

અર્થ સચ્ચિદાનંદ અને તેજના સમૂહરૂપ બ્રહ્મ યા પરમાત્મા સંસારના ભયથી તારે છે

**तन्नित्यमुक्तमविक्रियं सत्यज्ञानानन्तानन्दपरिपूर्णं सनातनमेकमेवाद्वितीयं ब्रह्म ॥** (પૈંગલોપનિષદ્, ૧-૧)

અર્થ તે બ્રહ્મ નિત્ય મુક્ત, વિકારરહિત, સત્ય જ્ઞાન-અનંત આનંદથી પરિપૂર્ણ, સનાતન, એક જ અને અદ્વિતીય છે અહીં પણ બ્રહ્મનો અર્થ પરમાત્મા પરમેશ્વર જ સમજવાનો છે

चित्स्वरूपं निरञ्जनं परं ब्रह्म ॥
(त्रिपाद्विभूतिमहानारायणोपनिषद् मंत्र ७)
અર્થ : પરમબ્રહ્મ યા પરમાત્મા ચૈતન્ય સ્વરૂપ અને નિર્લેપ છે.

सर्वकालाबाधितं ब्रह्म ॥
(त्रिपाद्विभूतिमहानारायणोपनिषद् १–३)
અર્થ : બ્રહ્મ યા પરમાત્મા સર્વ કાળે અબાધિત-અવિનાશી છે.

आदिमध्यान्तशून्यं ब्रह्म ॥
(त्रिपाद्विभूतिमहानारायणोपनिषद् १–५)
અર્થ : બ્રહ્મ યા પરમાત્મા આદિ, મધ્ય તથા અંતરહિત છે.

मायातीतगुणातीतं ब्रह्म ॥
(त्रिपाद्विभूतिमहानारायणोपनिषद् १–७)
અર્થ : બ્રહ્મ માયારહિત તથા સત્ત્વાદિ ગુણોથી પણ રહિત છે. આનું સ્પષ્ટીકરણ એ છે કે, બ્રહ્મ યા પરમાત્મા ત્રિગુણી અને ત્રિરૂપી માયાથી પોતે જુદા છે તેથી તેમને "માયાતીત" કહ્યા છે. પરમાત્મા માયાના તત્ત્વ, સત્ત્વ, રજસ્, તમસ્ ચારે ગુણોથી પર હોવાથી તેમને "ગુણાતીત" કહ્યા છે.

अनन्तमप्रमेयाखण्डपरिपूर्णं ब्रह्म ॥
(त्रिपाद्विभूतिमहानारायणोपनिषद् १–८)
અર્થ : બ્રહ્મ (પરમાત્મા) અનંત, અમાપ, અખંડ અને પરિપૂર્ણ છે.

अद्वितीयपरमानंद नित्यशुद्धबुद्धमुक्तसत्यस्वरूपव्यापकाभिन्नापरिच्छिन्नं ब्रह्म ॥
(त्रिपाद्विभूतिमहानारायणोपनिषद् १–९)
અર્થ : બ્રહ્મ (પરમાત્મા) અદ્વિતીય, સર્વોત્કૃષ્ટ આનંદરૂપ, નિત્ય, શુદ્ધ, જ્ઞાનવાન, મુક્ત, સત્યસ્વરૂપ, વ્યાપક (એટલે પરમાત્મા પોતાની અનંત જ્ઞાન-ચૈતન્યની ગતિ વડે આખા પ્રણવ-ૐકારમાં વ્યાપક છે પણ પોતાના સ્વરૂપે ન્યારો છે), જ્ઞાનચૈતન્ય સ્વરૂપ અને અમાપ છે.

सच्चिदानंदस्वप्रकाशं ब्रह्म ॥
(त्रिपाद्विभूतिमहानारायणोपनिषद् १–१०)
અર્થ : પરમાત્મા સચ્ચિદાનંદસ્વરૂપ અને સ્વયંપ્રકાશ છે.

मनोवाचामगोचरं ब्रह्म ॥
(त्रिपाद्विभूतिमहानारायणोपनिषद् १–११)
અર્થ : પરમાત્મા વાણી કે મનનો વિષય નથી

देशतः कालतो वस्तुतः परिच्छेदरहितं ब्रह्म ॥
(त्रिपाद्विभूतिमहानारायणोपनिषद् १–१४)

અર્થ પરમાત્મા દેશ, કાળ કે વસ્તુથી અમાપ છે

अखिलप्रमाणागोचरं ब्रह्म ॥

(ત્રિપાદ્વિભૂતિમહાનારાયણોપનિષદ, ૧–૧૫)

અર્થ પરમાત્મા સર્વ પ્રમાણથી અવિષયરૂપ છે, કોઈ પ્રમાણથી જણાતા નથી

अद्वैतमनिर्वाच्यं ब्रह्म ॥

(ત્રિપાદ્વિભૂતિમહાનારાયણોપનિષદ્, ૧–૧૮)

અર્થ પરમાત્મા અદ્વૈત અને અવર્ણનીય છે

शिवं प्रशान्तममृतं च परं ब्रह्म ॥

(મહાવાક્ય રત્નાવલિ)

અર્થ પરમાત્મા કલ્યાણસ્વરૂપ – મંગળમય, અત્યંત શાંત અને અમૃત સ્વરૂપ છે

तदेव निष्कलं ब्रह्म निर्विकल्पं निरञ्जनम् ॥

(બ્રહ્મબિંદૂપનિષદ્, ૮)

અર્થ તે પરમાત્મા અવયવરહિત (એટલે માયાના અવયવ જેને નથી પણ જ્ઞાનાકાર છે એટલે પરમાત્માના બધા અવયવો જ્ઞાનના જ છે એમ અર્થ લેવાનો છે), વિકલ્પરહિત અને નિર્લેપ છે

सर्वशक्ति परं ब्रह्म नित्यमापूर्णमद्वयम् ॥

(મહાવાક્ય રત્નાવલિ)

અર્થ પરમાત્મા સર્વ શક્તિમાન, નિત્ય, અદ્વૈત અને ચારે બાજુ (પોતાની અનંત જ્ઞાનચૈતન્યની પરમગતિ વડે પ્રણવ ૐકારમાં વ્યાપ્ત હોવાથી) પૂર્ણ છે

परं ब्रह्म परं सत्यं सच्चिदानन्दलक्षणम् ॥

(યોગશિખોપનિષદ્, અધ્યાય ૨, શ્લોક ૧૬)

અર્થ પરમાત્મા સર્વોત્કૃષ્ટ સત્ય અને સત-ચિત્-આનંદરૂપ લક્ષણવાળા છે

उत्पत्तिविनाशरहितं चैतन्यं ज्ञानमित्यभिधीयते ॥

(નિર્વાણોપનિષત, મંત્ર ૧૦)

અર્થ ઉત્પત્તિ અને વિનાશરહિત ચૈતન્યબ્રહ્મને યા પરમાત્માને જ્ઞાન સ્વરૂપ કહ્યા છે

तद् विद्याविषयं ब્રह्म सत्यज्ञानसुखाद्वयम् ॥

(અન્નપૂર્ણોપનિષદ્, અધ્યાય ૪, મંત્ર ૨૩)

અર્થ તે પરમાત્મા (એટલે બ્રહ્મ) તત્ત્વજ્ઞાનનો વિષય છે અને કેવળ સત્ય, જ્ઞાન તથા સુખસ્વરૂપ છે

शान्त च तदतीत च पर ब्रह्म तदुच्यते ॥

(મહાવાકય રત્નાવલિ)

અર્થ તે પરમાત્મા શાંત અને સર્વથી પર કહેવાય છે

बीज मायाविनिर्मुक्त पर ब्रह्मेति कीर्त्यते ॥

(રામરહસ્યોપનિષદ, અધ્યાય ૧, મત્ર ૭૨)

અર્થ માયારહિત બીજ પરમબ્રહ્મ યા પરમાત્મા કહેવાય છે

પરમાત્મા પરમેશ્વર સ્વાધાર, સ્વસત્તા, સ્વતેજ અને અનત ને અખડ જ્ઞાનચૈતન્ય પ્રેમસ્વરૂપ અને જ્ઞાનાકાર (એટલે જ્ઞાનનુ સ્વરૂપ) છે તે નિત્ય અખડિત (એટલે ખડિત નહિ એવા) અને અવિચળ (એટલે ચળે નહિ એવા યા નિત્ય યા સ્થિર) પરમજ્યોતિ સ્વરૂપ છે વળી તે પરમજ્ઞાનચૈતન્યની અકળ ગતિ વડે સર્વવ્યાપક (એટલે સર્વત્ર વ્યાપી રહેલા યા સર્વવ્યાપી) છે તે પરિપૂર્ણ ધર્મયુક્ત, સપૂર્ણ યોગ ધ્યાન વૈરાગ્યમય, અનત ઐશ્વર્ય, સર્વોપરી સર્વશક્તિ અને પરમતેજવાળા છે

તે પરમાત્મા દયા, શાતિ, ક્ષમા, સત્ય, પ્રેમ, ધીરજ, અહિંસા એવા અસખ્ય ગુણોના નિધિ છે તે નિત્ય માયાતીત (એટલે ત્રિગુણી અને ત્રિરૂપી માયાથી પોતે જુદા છે), ગુણાતીત (એટલે માયાના તત્ત્વ, સત્ત્વ, રજસ, તમસ — એ ચારે ગુણોથી પર છે), તુર્યાતીત (એટલે જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુર્યા — એ ચારે અવસ્થાથી પર છે), કાળાતીત (એટલે વર્તમાન, ભૂત અને ભવિષ્ય — એ ત્રણે કાળોથી પર છે), શબ્દાતીત અને અક્ષરાતીત છે તે કેવળ ઇન્દ્રિયાતીત, આદિ-અતરહિત, અજ, અવિનાશી, દેશકાલાતીત, સર્વજન અને સર્વાતીત છે

તે પરમાત્મા કેવળ પ્રજ્ઞાનમય, મહાવિજ્ઞાનમય, કેવ-યમોક્ષ, પરમપદરૂપ, સર્વસત્તાધીશ, સર્વાંતર્યામીરૂપ, અવિનાશી, અનાદિ, અજન્મા, નિરજન (એટલે જેનામા માયાનું જરા પણ અજન નથી), નિરાકાર (એટલે માયાવી પચભૂતના જેવા આકાર વિનાના), પરમ અવ્યક્ત અને અવ્યય (એટલે શાશ્વત યા જેને જાતિ, વચન કે વિભક્તિના પ્રત્યય ન લાગે તેવા) છે વળી તે સર્વશ્રેષ્ઠ, કલ્યાણરૂપ, સદૈવ અખડાનદ, પરમાનદ, અદ્વૈતાનંદ અને દિવ્યાનંદરૂપ છે તે પરમાત્મા પરમેશ્વર અનંત ગુણોના નિધિ (એટલે ભડાર) છે

સત્ય સનાતન અને પરમ સદ્‌ગુરુ કેવળ એક પરમાત્મા પરમેશ્વર જ છે જો તે પરમાત્મા પરમેશ્વરના ગુણો અને શક્તિઓ લખવા જઈએ તો શાહી અને કાગળ પણ ખૂટી જાય એમ છે તેથી શ્રીગુરુદેવ કબીરજીએ કહ્યુ છે કે

(સાખી)

ધરતી કા કાગજ કરુ, કલમ કરુ વનરાય,

સાત સમુદ્ર કી શાહી કરુ તો, પ્રભુગુણ લિખા ન જાય

છતા પરમાત્મા પરમેશ્વરના મહિમા સબધી અવશ્ય પાછળથી કહેવામા આવશે

(૨૧) શિષ્ય  પરમાત્મા પરમેશ્વર અનત આત્મિક કળાઓથી ભરપૂર છે, છતા પ્રણવપટના ચિત્રમા પરમાત્મા સબધી ષોડશબ્રહ્મ કળા શા માટે કહી છે?

વ્યાસ  પરમાત્મા પરમેશ્વર અનત આત્મિક કળાઓથી ભરપૂર છે, એટલુ જ નહીં પણ તે કેવળ કળાઓના સ્વામી છે અને તે આત્મિક કળાઓની સખ્યા કદી પણ ગણી શકાય એમ નથી છતા દરેકની સમજણ માટે એક અનુમાન તરીકે માની લેવાનુ છે કે, જેમ સોળ આનાથી રૂપિયો પૂર્ણ ગણાય છે તેમ ષોડશ બ્રહ્મકળાથી પરમાત્મા પૂર્ણ છે તે ઉપરાત પરાત્મા, અક્ષાત્મા, બ્રહ્માત્મા, દિવ્યાત્મા, મહાત્મા અને આત્મામા પરમાત્માની ચારે પરમગતિથી માડી જગતમા આવતા સુધીમા કેટલા પ્રમાણમા કળા યા સત્તા ઓછી થતી જાય છે, તે બતાવવા માટે ષોડશ બ્રહ્મકળાનુ પ્રમાણ લેવામા આવ્યુ છે

(૨૨) શિષ્ય  પરમાત્મા પરમેશ્વરનુ સ્વરૂપ શાનુ બનેલુ છે?

વ્યાસ  પરમાત્મા પરમેશ્વરનુ સ્વરૂપ એકલુ જ્ઞાન કે એકલુ ચૈતન્યનું નથી, પરતુ જ્ઞાન અને ચૈતન્ય બનેનુ મિશ્રસ્વરૂપ છે અર્થાત્ તેમનું સમગ્ર શરીર પરમચેતનાનુ જ્ઞાનચૈતન્ય સ્વરૂપ છે તેથી તેમને

"केवल ज्ञानमूर्ति॥"

એટલે કેવળ જ્ઞાનસ્વરૂપ યા જ્ઞાનાકાર કહ્યા છે અર્થાત્ તે પરમાત્મા એક નિર્મળ, નિર્લેપ, અવિચ્છિન્ન, અસ્પર્શ અને દ્વિભાવરહિત અલૌકિક તત્ત્વ છે અને અદ્ભુત જ્ઞાનચૈતન્યનુ સ્વરૂપ છે

હવે આ વિષે ધર્મશાસ્ત્રોના પ્રમાણો આપવામા આવે છે

सत्य ज्ञानमनन्त ब्रह्म॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય તૈત્તિરીયોપનિષત્, શિક્ષાધ્યાય ૨, અનુવાક ૧, મત્ર ૧)

અર્થ  બ્રહ્મ (એટલે પરમાત્મા) સત્સ્વરૂપ, જ્ઞાનરૂપ અને અનત છે

अचक्षुर्विश्वतश्चक्षुरकर्णो विश्वत कर्ण अपादो विश्वत पाद

अपाणिर्विश्वत पाणिरहमशिरा विश्वत शिरा

विद्यानार्थंवसयो विद्याख्य॥

(ભસ્મજાબાલોપનિષદ્, અધ્યાય ૨, મત્ર ૭)

અર્થ : હું (પરમાત્મા) ચક્ષુરહિત છું, છતાં સર્વ તરફ ચક્ષુવાળો છું; કાન વિનાનો છું, છતાં સર્વ તરફ કાનવાળો છું; પગ વિનાનો છું, છતાં સર્વ તરફ પગવાળો છું; હાથ વિનાનો છું, છતાં ચારે બાજુ હાથવાળો છું; મસ્તક વિનાનો છું, છતાં ચારે બાજુ મસ્તકવાળો છું; માત્ર એક જ્ઞાન મારો આશ્રય છે અને કેવળ જ્ઞાનરૂપ છું.

प्रज्ञानमेव तद् ब्रह्म सत्यप्रज्ञानलक्षणम् ॥

(વરાહોપનિષદ્, અધ્યાય ૨, મંત્ર ૧૯)

અર્થ : તે બ્રહ્મ (એટલે પરમાત્મા) સર્વોત્કૃષ્ટ જ્ઞાનરૂપ જ છે; અને સત્ય એવું શ્રેષ્ઠ જ્ઞાન તેમનું લક્ષણ છે.

ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते।

ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य विष्ठितम् ॥

(શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૩, શ્લોક ૧૮)

અર્થ : તે બ્રહ્મ યા પરમાત્મા ચંદ્રસૂર્યાદિકને પણ પ્રકાશ આપે છે; તે અજ્ઞાનરૂપી અંધકારની પેલી બાજુએ છે એમ કહેવાય છે; તે જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞેયસ્વરૂપ છે તથા જ્ઞાનથી પ્રાપ્ત કરવા યોગ્ય છે અને તે જ (દરેક મનુષ્યના આત્માની આત્મગુહામાં પોતાની પરમગતિના પરમજ્ઞાનચૈતન્ય વડે યા બ્રહ્મત્વ વડે (પણ પ્રત્યક્ષ નહીં) સર્વના હૃદયમાં વિદ્યમાન છે.

चिद्रूपमात्रं ब्रह्मैव सच्चिदानंदमद्वयम् ॥

(તેજોબિંદૂપનિષદ્, અધ્યાય ૩, શ્લોક ૨૬)

અર્થ : માત્ર ચૈતન્યરૂપ પરમાત્મા જ અદ્વૈત સચ્ચિદાનંદ છે.

इदं महद्भूतमनन्तमपारं विज्ञानघनएव ॥

(શ્રી શુક્લયજુર્વેદીય બૃહદારણ્યકોપનિષત્, અધ્યાય ૨, બ્રાહ્મણ ૪, મંત્ર ૧૨)

અર્થ : તે (પરમાત્મા) સર્વથી મોટું તત્ત્વ છે, અનંત છે, અપાર છે, વિજ્ઞાનઘન છે અર્થાત્ જ્ઞાનસ્વરૂપ છે.

अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૩, મંત્ર ૧૯)

અર્થ : તે પરમાત્મા હસ્તપાદાદિ અવયવોથી (એટલે માયાવી અવયવોથી) રહિત છે, વેગવાળો છે, સર્વનો ગ્રહણ કરવાવાળો છે, આંખ વગર જોઈ શકે છે, કાન વિના સાંભળી શકે છે. એ પ્રકારે ઇંદ્રિયાદિ કરણરહિત પરમાત્મામાં સર્વ સામર્થ્ય છે). એનાથી સિદ્ધ થાય છે કે, પરમાત્માનું સ્વરૂપ જ્ઞાનચૈતન્યનું છે.

तद्ब्रह्मानन्दमद्वन्द्वं निर्गुणं सत्यचिद्घनम् ॥

(વરાહોપનિષદ્, અધ્યાય ૨, મંત્ર ૨૦)

અર્થ : તે બ્રહ્મ આનંદરૂપ, રાગ-દ્વેષાદિ દ્વંદ્વોથી રહિત, નિર્ગુણ, સત્યમય ને ચૈતન્યવ્યાપ્ત છે.

चिद्रूपमात्रं ब्रह्मैव सच्चिदानंदमद्वयम् ॥
(તેજોબિન્દૂપનિષદ્, અધ્યાય ૩, મંત્ર ૨૬)

અર્થ : માત્ર ચૈતન્યરૂપ બ્રહ્મ જ યા પરમાત્મા જ અદ્વૈત સચ્ચિદાનંદ છે.

सर्वत्रावस्थितं शान्तं चिद्ब्रह्मेत्यनुभूयते ॥
(અન્નપૂર્ણોપનિષદ્, અધ્યાય ૫, મંત્ર ૨૧)

અર્થ : ચૈતન્યરૂપ શાંત બ્રહ્મ યા પરમાત્મા સર્વ સ્થળે (એટલે પ્રત્યક્ષ ડીં પણ પોતાની પરમજ્ઞાનચૈતન્યની પરમગતિ વડે) રહેલો છે, એમ અનુભવાય છે.

પરમાત્માના સ્વરૂપ વિષે સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે પોતાના પ્રત્યક્ષ અનુભવથી ણાવ્યું છે કે :

(પ્રભાતિયું)

જ્ઞાનમય તેજોમય મૂર્તિ, અખંડ અદ્વૈત સ્વામી;
દર્શન દીધાં દયા કરી, નીરખું છું નામી નામી. જ્ઞા. ટેક.
આનંદ ભરેલું મુખડું, મંદ મંદ હોઠ હસતા;
અમી ભરેલી આંખડી, સ્વસત્તાએ જ વસતા. જ્ઞાન. ૧
અંગ રંગ તે અકળિત છે, અપાય ઉપમા ન કોઈ;
જ્ઞાનચક્ષુએ ગમ પડી, ટગ ટગ રહ્યો છું જોઈ. જ્ઞાન. ૨ (૧)
("વચનવલ્લભ", પાનું ૧૦૩, પ્રભાતિયું ૯માંથી લીધેલાં ચરણો)
અનાદિ સ્વરૂપ જ્ઞાનાકાર છો, તે તો વિરલા જ જાણે;
અનુભવે નિશ્ચય થયા, વળી પ્રત્યક્ષ પ્રમાણે.
("વચનવલ્લભ", પાનું ૧૦૪, પ્રભાતિયું ૧૦માંથી લીધેલું ચરણ) (૨)

(મનહર છંદ)

જેણે નથી અનુભવ્યો, તેણે નિરાકાર ગણ્યો;
શબ્દના ભાવાર્થ વિના, બુદ્ધિનો લગાર છે.
અંશાવતારી આત્માને, સાકાર પરમાત્મા માન્યા;
ભૌતાકારને તો વેદે, કહ્યા છ વિકાર છે.
જાયતે, વર્ધતે, અસ્તિ, વિપરિણમતે, અપક્ષીયતે;
વિનશ્યતિ તે છ વિકારો, રહિત બ્રહ્મ આકાર છે.
માનવ (સમ) આકારે સાકાર, અમાયિકે નિરાકાર;
પરમગતિ નિરાકારી, બ્રહ્મ જ્ઞાનાકાર છે. (૩)
("પ્રણવવિજ્ઞાન"માંથી)

(૨૩) શિષ્ય : બ્રહ્મ કેટલા પ્રકારના છે?

વ્યાસ : ધર્મશાસ્ત્રોમાં ઘણી જગાએ પરમાત્માને "બ્રહ્મ" નામે સંબોધેલા છે. અદ્વૈતવાદીઓ યાને બ્રહ્મવાદીઓ યાને જ્ઞાનમાર્ગવાળાઓ પરમાત્માને "બ્રહ્મ" નામથી જ સંબોધે છે. પ્રણવદર્શનનું ચિત્ર જોતાં બે પ્રકારના બ્રહ્મ ખુલ્લા દેખાય છે. પ્રથમ પ્ર. દ. નં. ૧, ૨ અને ૩થી બતાવેલ બિંદુમાં પરમાત્મા-પરમેશ્વરનું સ્થાન છે, તેને "પૂર્ણબ્રહ્મ", "પરમબ્રહ્મ" અને "નિર્ગુણબ્રહ્મ" કહેવામાં આવે છે. બીજું, પ્ર. દ. નં. ૨૪ ને ૨૫થી બતાવેલ અર્ધમાત્રામાં વિશ્વેશ્વર-નારાયણનું સ્થાન છે, તેને "માયાવિશિષ્ટ બ્રહ્મ", "પરબ્રહ્મ", "નિષ્ક્રિય બ્રહ્મ", "અક્ષરબ્રહ્મ", "કારણબ્રહ્મ" અને "સગુણબ્રહ્મ" કહેવામાં આવે છે. આવી રીતે બ્રહ્મ બે પ્રકારના છે. તેથી કહ્યું છે કે :

आसीदिदं तमोभूतमप्रज्ञातमलक्षणम् ॥

(મનુસ્મૃતિ, અધ્યાય ૧, મંત્ર ૫)

અર્થ : તે અવ્યક્તથી એટલે અક્ષરબ્રહ્મ-નારાયણથી પરમાત્મરૂપ પુરુષ પર છે, તે પુરુષથી પર કોઈ વસ્તુ નથી. તે જ કાષ્ટા અર્થાત્ સર્વોપરી છે.

यश्छन्दसामृषभो विश्व रूपः ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય તૈત્તિરીયોપનિષત્, શિક્ષાધ્યાય ૧, બ્રહ્મવલ્લી ૪, મંત્ર ૧)

અર્થ : આ અક્ષરબ્રહ્મ-નારાયણ વિશ્વના પતિ, વિશ્વરૂપ તેમ જ સૌના નિયામક છે અને વિશ્વમાં પ્રવેશવાના તથા મોક્ષમાં મળવાના સેતુ છે. એટલે મોક્ષના દ્વારરૂપ છે.

તેથી સદ્ગુરુ શ્રીવલ્લભરામે "પ્રણવવિજ્ઞાન"માં જણાવ્યું છે કે :

(મનહર છંદ)

જીવો તણા દેવો ઈશ, ઈશ જેને વરેલા છે;
જેને વરેલા તે વર, ઈશ્વર નામ છે.
બ્રહ્મા, વિષ્ણુ, શિવ, શક્તિ, તે છે "બ્રહ્મ" તણી ભક્તિ;
ઈશ્વરકોટિમાં લોકો, સહિત જુદાં ધામ છે.
અક્ષરબ્રહ્મ, પરબ્રહ્મ, ઈશ્વરોનો છે તે સ્વામી;
"પરબ્રહ્મ"ના સ્વામી "પરમ, બ્રહ્મ" શ્રેષ્ઠ અંજામ છે.
ઈશ્વર, વિશ્વેશ્વરથી, પરમશ્રેષ્ઠ પરમેશ્વર;
બ્રહ્મ, પરબ્રહ્મથી ઉત્તમ, શાશ્વત વિરામ છે.

આના પરથી સિદ્ધ થાય છે કે બ્રહ્મ બે પ્રકારના છે અને તેમાં પણ "પરબ્રહ્મ"થી "પરમબ્રહ્મ" શ્રેષ્ઠ છે અને કેવળ તેને અનુભવવાથી જ મોક્ષ થાય છે.

(૨૪) શિષ્ય : પ્રણવ એ જ પરમાત્મા છે કે પરમાત્મા કોઈ બીજો છે?

વ્યાસ : ॐ मित्येकाक्षर ब्रह्मं ॥

(સૂર્યોપનિષત)

અર્થ : પ્રણવ અક્ષર બ્રહ્મ છે.

અને "तस्य वाचकः प्रणवः ॥"

(યોગદર્શન્, સમાધિપાદ, સૂત્ર ૨૭)

અર્થ : તે પ્રણવ પરમેશ્વરનો વાચક હોવાથી પ્રણવનું વાચ્ય પરમેશ્વર છે. પરંતુ પ્રણવ તે જ પરમેશ્વર નથી, કિંતુ પરમેશ્વર જુદો છે એમ સમજીને "तज्जपस्तदर्थभावनम् ॥" (યોગદર્શન્, સમાધિપાદ, સૂત્ર ૨૮) તે ભાવથી પ્રણવનો અર્થ યાને હેતુ પરમાત્મા છે. તે પરમાત્મા પ્રણવના વાચ્ય છે, માટે પ્રણવના જાપ કરવા, તે પરમેશ્વરનું જ ધ્યાન છે.

तत्रं निरतिशयं सर्वज्ञबीजम् ॥

(યોગદર્શન, સમાધિપાદ, સૂત્ર ૨૫)

અર્થ : સર્વોત્કૃષ્ટ જ્ઞાનસ્વરૂપ પરમાત્મા સર્વના અંતરયામી-સર્વજ્ઞ, અને સમગ્ર વિશ્વના તથા વિશ્વેશ્વર-નારાયણના ઉત્પત્તિસ્થાન મૂળ બીજરૂપ છે.

ईश्वरप्रणिधानाद्वा ॥

(યોગદર્શન, સમાધિપાદ, સૂત્ર ૨૩)

અર્થ : પરમેશ્વરનું પ્રણિધાન એટલે ઈશ્વરને સ્વાત્મ સમર્પણ કરવાથી, તેના ધ્યાન વડે મોક્ષપ્રાપ્તિ થાય છે. કેમ કે,

ऋतंभरा तत्र प्रज्ञा ॥

(યોગદર્શન, સમાધિપાદ, સૂત્ર ૪૮)

અર્થ : પ્રજ્ઞાજન્ય પ્રત્યક્ષ જ્ઞાનથી કૈવલ્યબ્રહ્મમોક્ષનો અનુભવ કરાવનારી ઋતંભરા એટલે બ્રહ્મધારણાનો પણ લાભ થાય છે. ત્યારે મહર્ષિ વેદવ્યાસજીના કથાનુસાર,

स्वाध्यायाद्योगमासीत योगात्स्वाध्यायमामनेत्,
स्वाध्याययोगसंपत्त्या "परमात्मा" प्रकाशते ॥

અર્થ : સ્વાધ્યાય વડે યોગમાં નિમગ્ન થઈ જતાં, યોગ અને સ્વાધ્યાયથી આત્મલાભ મળે છે, અર્થાત્ આત્મબળ પ્રાપ્ત થાય છે, અને તે આત્મામાં પરમાત્માનો પરમોત્કૃષ્ટ જ્ઞાનપ્રકાશ વ્યાપ્ત થાય છે કે જેનાથી અનેક જન્મ-જન્માંતરોનાં પાપો બળીને ભસ્મ થાય છે.

આથી સિદ્ધ થાય છે કે, પ્રણવ એ પરમાત્મા નથી પણ પરમાત્મા જુદો છે.

(૨૫) શિષ્ય : પ્રણવ ક્યાંથી ઉત્પન્ન થયો અને તે પ્રણવ શું જણાવે છે?

વ્યાસ : પ્રણવ ક્યાંથી ઉત્પન્ન થયો તેની ઉત્પત્તિ સ્પષ્ટ જણાતી નથી. તે પ્રણવની ત્રણ માત્રા ઉકાર, મકાર અને અકારના ઐક્યથી તે ૐકાર અવ્યક્ત, શ્રેષ્ઠ પરમાત્મા કે જે અલિંગ માયાવી દેહરહિત છે તથા નર, નારી, નાન્યતરના જાતિવાચક અવયવોરહિત છે તથા ઇંદ્રિય વાચક નથી, તેવા શ્રેષ્ઠ બ્રહ્મસ્વરૂપ પરમાત્માને જણાવે છે.

પ્રકરણ ૨

# અલૌકિક અને લૌકિક ૐ

(૧) શિષ્ય : ૐ કેટલા પ્રકારના છે?

વ્યાસ : ૐ બે પ્રકારના છે. એક અલૌકિક ૐ અને બીજો લૌકિક ૐ.

(૨) શિષ્ય : અલૌકિક ૐ કોને કહેવામાં આવે છે તે સમજાવશો?

વ્યાસ : જ્યારે પરમાત્માનો રેચક (શ્વાસને બહાર કાઢવાની ક્રિયા) થાય છે ત્યારે વિશ્વેશ્વરનારાયણ પરમગતિ સાથે પરમાત્મામાંથી સૌથી પહેલાં અનાયાસે બહાર નીકળી આવે છે. વળી નારાયણ પરમાત્મામાં (વડના બીજના તત્ત્વાંકુરની જેમ) અતિ સૂક્ષ્મ આત્મસ્વરૂપે રહેતા હોવાથી તે જ્યારે બહાર આવે છે ત્યારે તેમના આત્મસ્વરૂપ પર પરમાત્માની પરમગતિનું દબાણ આવવાથી તે આત્મસ્વરૂપ વિરાટ થતું જાય છે. અને જ્યારે વિશ્વેશ્વરનારાયણ આગળ વધીને શુદ્ધાશુદ્ધ પરમગતિની બહાર આવે છે, ત્યારે તેમના મુખાકાર સાથે પરમગતિનો જોશબંધ ધોધ અથડાવાથી જે અદ્વૈત અને નિરવયવ ધ્વનિ થાય છે તે "અલૌકિક ૐ" છે. અર્થાત્ જ્યારે નારાયણ શુદ્ધાશુદ્ધ પરમગતિની બહાર આવે છે ત્યારે તેમના મુખાકાર પર પરમાત્માની પરમગતિનો અનંત જ્ઞાનચૈતન્ય શક્તિવાળો પરમપ્રકાશનો ધોધ પડે છે, તે વખતે નારાયણ અલૌકિક અવસ્થામાંથી યા બ્રહ્મદશામાંથી સહેજ જાગ્રત થતાં તેમના આત્મસ્વરૂપના મુખાકારથી ૐનો ધ્વનિ નીકળે છે, તે ૐનો ધ્વનિ પરમગતિના આકાશમાં બધે ફેલાઈ જાય છે, તેને "શુદ્ધ બ્રહ્મ અલૌકિક ૐ" યાને "આકાશવત્ વ્યાપક શબ્દબ્રહ્મ" યાને "ૐ ખં બ્રહ્મ" કહેવામાં આવે છે. આ અલૌકિક ૐનો ધ્વનિ પરમગતિના આકાશમાં સદાને માટે વ્યાપ્ત રહે છે. આત્યંતિક પ્રલયે પરમગતિ પરમાત્મામાં ખેંચાઈ જાય છે છતાં ૐનો ધ્વનિ તો સદાને માટે વ્યાપ્ત રહે છે, તેથી તેને યોગીઓ "પ્રણવબ્રહ્મ" અગર "શબ્દબ્રહ્મ" અગર "ૐ ખં બ્રહ્મ" કહે છે. પ્રણવદર્શન નંબર ૧૨થી જે ઊંધો ઓમ્ બતાવેલ છે તે જ "અલૌકિક ૐ" કહેવાય છે.

ૐમાં ઉકાર, મકાર, અકાર, કલંગ, અર્ધમાત્રા વગેરેમાં જે દેવો, ઈશ્વરો આદિ દર્શાવેલ છે તે સૃષ્ટિ ઉત્પન્ન થયા પછી મહાન યોગીઓએ કરેલી શોધના પરિણામરૂપ છે. માટે ૐ તે દેવો, ઈશ્વરોનું રહસ્ય નથી પણ તમામ દેવો,

ઈશ્વરો વગેરે ઉત્પન્ન થતાં પહેલાં, બ્રહ્માંડની બહાર આકાશમાં અને પરમગતિમાં ॐ શબ્દબ્રહ્મરૂપે વ્યાપક હતો તે ॐને "ॐ ખં બ્રહ્મ" કહેલો છે. અને નારાયણની ઉપર અને બિંદુની નીચે જે ઊંધો ઓમ્ બતાવ્યો છે તે "શબ્દબ્રહ્મ" યાને "ખં બ્રહ્મ" છે અને તે ॐ જ્યારે નારાયણ પરમાત્મામાંથી બહાર નીકળે છે ત્યારે જેમ કૂકડાને પ્રહરે પ્રહરે ગળામાં ખૂજલી આવતાં કૂકડેકૂક બોલાઈ જાય છે, તેમ નારાયણની ઉપર પરમાત્માની પરમગતિનું દબાણ આવ્યાથી, બ્રહ્મદશામાંથી સહેજ જાગ્રત થતાં જ નારાયણ ॐ બોલે છે. તે ॐ પરમગતિના આકાશમાં વિશ્વનો આત્યંતિક પ્રલય થવા છતાં વ્યાપક રહે છે તેથી તેને "આકાશવત્ વ્યાપક શબ્દબ્રહ્મ" કહ્યો છે. અક્ષરધામની નીચે બ્રહ્માંડમાં, મહદાકાશમાં ઈથર હવામાં શબ્દને યા અવાજને ગ્રહણ કરવાનો ગુણ હોઈ રેડિયો અને વાયરલેસ ચાલે છે; અને વળી અક્ષરધામની નીચે મહદાકાશ છે તેમાં પણ આત્મિક અવાજને ગ્રહણ કરી રાખવાની તાકાત છે, તેથી તે અવાજને યોગીઓ યોગબળના વેવલેંગ્થથી સાંભળી શકે છે. અને તેની ઉપર એટલે અક્ષરધામની ઉપર પરમગતિનું આકાશ છે તે (જેમ દૂધમાં ઘી રહે છે તેમ) તત્ત્વરૂપે જીવાત્માઓથી ભરપૂર છે અને તે આકાશમાં નારાયણના બ્રહ્મસ્વરૂપ શુદ્ધાત્માથી ॐ શબ્દ બોલાતો હોવાથી તેનો અવાજ સદાને માટે કાયમ રહે છે. તેથી સૃષ્ટિઉત્પત્તિ પહેલાં નારાયણથી જપાતો અને બ્રહ્મદશામાં નિમગ્ન કરનારો એવો પરમાત્માનો વાચક મંત્ર "ॐ" છે.

આ શબ્દબ્રહ્મનું સ્પષ્ટીકરણ છે. વળી તે ઉપરાંત જાણવું ખાસ જરૂરી છે કે, ॐ બોલતી વખતે હૃદયાકાશના ઊંડાણમાંથી તેનો ઉચ્ચાર થાય છે અને તેથી હૃદયાકાશની અંદર રહેલ આત્માના આત્મતત્ત્વમાં તે ॐનો નિવાસ અને વ્યાપકતા હોવાથી તેને "અક્ષર" અને "શબ્દબ્રહ્મ" કહેવાય છે.

વળી શ્રી પરમહંસ યોગાનંદ પોતાના "Autobiography of A Yogi" નામના પુસ્તકમાં આ શબ્દોને પુષ્ટિ આપતાં જણાવે છે કે, ॐ એ શબ્દ અથવા આત્મામાં ગૂઢરૂપે રહેલું આત્મતત્ત્વ છે. એ અદૃશ્ય દિવ્યશક્તિ યાને પરમાત્માની શુદ્ધ પરમગતિનું નિર્મળ તત્ત્વ છે. એક માત્ર કર્તા છે અને એ જ કેવળ કારણ અને કાર્ય કરાવનારું પ્રેરક બળ છે અને તરંગો દ્વારા એ સકળ સૃષ્ટિને ધારણ કરે છે. ॐ એ કલ્યાણકારી તત્ત્વ છે અને એનો નાદ ધ્યાનમાં સાંભળી શકાય છે. એ સાધકને અંતિમ સત્યનો સાક્ષાત્કાર કરાવે છે અને તેથી બધી ચીજો સ્મૃતિમાં જાગ્રત થાય છે. વળી બાઈબલમાં ઓમ્‌નો આત્મા યા આત્મતત્ત્વ તરીકે અથવા અદૃશ્ય જીવનશક્તિ જેણે આખી સૃષ્ટિને દૈવી રીતે ધારણ કરી રાખી છે તેનો ઉલ્લેખ છે. બાઈબલમાં જણ

"In the beginning was the Word, and the Word was with God, and the Word was God" ( John 1 1 ) એટલે શરૂઆતમા શબ્દ જ હતો અને તે શબ્દ ઈશ્વર પાસે હતો અને તે ઈશ્વર જ હતો

ઉપર જણાવ્યા પ્રમાણે સાધકો યાને યોગીઓ યોગબળના વેધવૈગ્યથી શબ્દનુ શ્રવણ કરે છે એમા તેમને સાત પ્રકારનો શબ્દ સભળાય છે નદીનો ઘોષ (એટલે નદીનો કલકલ ધ્વનિ), ઘટાનો ઘોષ, કાસાના પાત્રનો ઘોષ, રથના પૈડાનો ધ્વનિ, દેડકાનો ડ્રા ડ્રા ધ્વનિ, વૃષ્ટિનો શબ્દ અને ગુહામા વા એવા સ્થલમા થતો પ્રતિધ્વનિ વળી ધ્યાનમા જે પ્રણવધ્વનિ કે ૐકાર સભળાય છે, તે શબ્દબ્રહ્મનુ નાદરૂપે મહર્ષિ પતજલિ વર્ણન કરી ગયા છે

"આકાશવત્ વ્યાપક શબ્દબ્રહ્મ"થી શ્રેષ્ઠ બ્રહ્મ તો "પરમબ્રહ્મ-પરમાત્મા" છે ૐકાર શબ્દ છે તેના દ્વારા સાધક યા યોગી શબ્દબ્રહ્મથી પર થઈ પૂર્ણબ્રહ્મ પરમાત્મામા લીન થઈ સાયુજ્ય મુક્તિ મેળવી શકે છે આ જ દરેક આત્માનો પરમધર્મ, પરમધ્યેય, પરમઆદર્શ, પરમજીવનમત્ર અને પરમ-પુરુષાર્થ છે જેમ કરોળિયો પોતાની અદરથી તતુ કાઢીને આકાશમા ઉપર ચઢે છે, તેવી રીતે સાધક શબ્દબ્રહ્મ દ્વારા સર્વથી પર થઈને અદ્વૈત મોક્ષને પ્રાપ્ત કરે છે ટૂકમા, શબ્દબ્રહ્મથી પાર ગયેલો સાધક પરમબ્રહ્મ પરમાત્માને પ્રાપ્ત કરે છે આ વર્ણન "મૈત્રાયણીય ઉપનિષદ્"મા આપવામા આવ્યુ છે.

सर्वे वेदा यत्पदमामनन्ति तपा॑स्ति सर्वाणि च यद्वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पद॑ सग्रहेण ब्रवीम्योमित्येतत् ॥
(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્, અધ્યાય ૧, વલ્લી ૨, મત્ર ૧૫)

અર્થ સર્વ વેદો જે પદનુ અર્થાત્ પરમબ્રહ્મનુ પ્રતિપાદન કરે છે, સર્વ કર્મો જે પરમબ્રહ્મને ચિત્તશુદ્ધિ દ્વારા પ્રાપ્ત કરે છે, જે પરમબ્રહ્મ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા મુમુક્ષુઓ બ્રહ્મચર્યાદિનુ પાલન કરે છે, તે પરમબ્રહ્મપદને હુ સક્ષેપે કરીને કહુ છું આ શબ્દબ્રહ્મ એ જ ૐ છે આ અક્ષર બ્રહ્મરૂપ છે, પર-રૂપ છે તેને કોઈ જાણે છે, તેની સર્વ કામનાઓ સિદ્ધ થાય છે એવો આ ચરાચરનો મૂળ બીજરૂપ "ૐ" અક્ષર છે

आगमो च विवेकाच्च द्विधा ज्ञानं तदुच्यते ।
शब्दब्रह्मागममय परब्रह्म विवेकजम् ॥
अन्ध तम इवाज्ञान दीपवच्चेन्द्रियोद्भवम् ।
यथा सूर्यस्तथा ज्ञानं यद्विप्रर्षे विवेकजम् ॥
(વિષ્ણુપુરાણ, અધ્યાય ૫, શ્લોક ૬૧ ને ૬૨)

જીવન્મુક્તિના કલ્યાણનાં મુખ્ય સાધન બે છે. શાસ્ત્રજન્ય તથા વિવેકજન્ય. "બ્રહ્મ" એટલે જડાત્મા, જીવાત્મા, આત્મા તથા દેવતાઓ તથા બ્રહ્મા, વિષ્ણુ, શિવ, શક્તિ, ઈશ્વરો સહિત બ્રહ્માંડ અને "પરબ્રહ્મ" એટલે નારાયણનો ૐ શબ્દમાં એટલે શબ્દબ્રહ્મમાં અકાર, ઉકાર, મકાર અને અર્ધમાત્રાનો સમાવેશ થઈ જાય છે. અને પરમબ્રહ્મમાં પોતાની જાગ્રદવસ્થા ભોગવ્યા બાદ બહાર આવીને નારાયણ અર્ધજાગ્રત અને અર્ધસ્વપ્ન અવસ્થામાં પ્રથમ આત્માં વડે જે ૐ શબ્દ બોલે છે, તેને ૐ એટલે એકાક્ષર અવિચ્છિન્ન બ્રહ્મ "શબ્દબ્રહ્મ" કહ્યો છે. માટે તે ૐકારનું જ્ઞાન શાસ્ત્રજન્ય છે. અર્થાત્ વેદો, ઉપનિષદો, પુરાણો અને ગીતાઓ વગેરેનાં પ્રમાણોથી તેને ન્યાયયુક્ત સમજવાનો છે. અને પરમબ્રહ્મનું જ્ઞાન એ શાસ્ત્રજન્ય અર્થાત્ વેદ, શાસ્ત્રાદિનાં પુસ્તકોથી અનુભવસિદ્ધ કરી શકાય તેવું નથી. પરંતુ બ્રહ્મ, પરબ્રહ્મ અને પરમબ્રહ્મનો વિવેક સમજીને અને તે પણ આત્માના વિજ્ઞાનભાવ વડે જે વિવેક જણાય તે વિવેકથી જ પરમબ્રહ્મ-પરમાત્માનો બોધ પ્રાપ્ત કરી શકાય છે. માટે પરમાત્માનું જ્ઞાન શાસ્ત્રજન્ય નથી પણ વિવેકજન્ય છે. તેથી જ કહે છે કે, હે વિપ્ર! અંધકાર એ ઘોર અંધકાર સમાન છે. અને તે અંધકારને નષ્ટ કરવાને માટે શાસ્ત્રજન્ય જ્ઞાન દીપક જેવું છે (પણ સૂર્ય સમાન નથી) અને વિવેક વડે જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તેને મહાન પુરુષો "વિજ્ઞાન" કે "બ્રહ્મજ્ઞાન" કહે છે. તેવું જ્ઞાન સૂર્યની સમાન છે. જેમ સૂર્ય ઊગવાથી અંધકાર કોઈ જગ્યાએ રહી શકતો નથી, તેમ વિવેકપુરઃસર પરમબ્રહ્મનું જ્ઞાન થાય તે જ વિવેકજન્ય જ્ઞાન અજ્ઞાનરૂપી અંધકારને નષ્ટ કરે છે. અને શબ્દબ્રહ્મ પ્રણવમાં પરબ્રહ્મ-નારાયણનો અર્ધમાત્રા સહિત સમાવેશ થયેલો છે. તેથી જ કરીને મૈત્રેયને પારાશર ઉપદેશ કરે છે કે :

द्वे विद्ये वेदितव्ये तु शब्दब्रह्म परं च यत्।
शब्दब्रह्मणि निष्णातः परं ब्रह्माधिगच्छति॥
(બ્રહ્મબિન્દૂપનિષત્, શ્લોક ૧૭)

અર્થ : શબ્દબ્રહ્મ અને પરમબ્રહ્મ એમ વિદ્યા બે પ્રકારની છે. શબ્દબ્રહ્મમાં કુશળ અધિકારી પરમબ્રહ્મ-પરમાત્માને પામે છે.

द्वे ब्रह्मणि वेदितव्ये शब्दब्रह्म परं च यत्।
शब्दब्रह्मणि निष्णातः परं ब्रह्माधिगच्छति॥
(વિષ્ણુપુરાણ, અધ્યાય ૫, શ્લોક ૬૪)

અર્થ : બ્રહ્મ બે પ્રકારના છે. એક શબ્દબ્રહ્મ અને બીજો પરમબ્રહ્મ. શબ્દબ્રહ્મના શાસ્ત્રજન્ય જ્ઞાનમાં જે નિપુણ થઈ જાય છે, તે નિપુણ થઈને મોક્ષજિજ્ઞાસુ બની વિવેકપૂર્વકના જ્ઞાનદ્વારા પરમબ્રહ્મની પ્રાપ્તિના માર્ગમાં

પરમાત્મા તરફ જાય છે અને તેથી જ "तस्य वाचकः प्रणवः" (પાતંજલ યોગસૂત્ર) એટલે પ્રણવ ૐકાર તે પરમાત્માનો વાચક અને તેના તરફ દોરનાર છે એમ કહ્યુ છે

नादं नादितशास्त्रवृन्दवरणं शास्त्रैकवेद्यं शुभं
शास्त्रावादिकृपालुपादरसिकैः साक्षात्कृतं सर्वदा।
शास्त्रं शासनरूपदिव्यममलं प्रोत्साहनोद्दण्डनं
शब्दब्रह्म निरस्तदोषममलं नित्योत्सवेशं भजे॥

(પ્રણવકલ્પ, પ્રણવાક્ષરમાતિકાસ્રોતપ્રકરણ, મંત્ર ૭)

અર્થ જેનાથી સર્વ શાસ્ત્રસમૂહ ગાજે છે, જેને પ્રાપ્ત કરવાથી નાદબ્રહ્મને પ્રાપ્ત કરાય છે, માત્ર શાસ્ત્રો વડે જ જે શુભ બ્રહ્મને જાણી શકાય છે, જેમણે સર્વ શાસ્ત્રોનો સર્વાંગી પરિપૂર્ણ અભ્યાસ કર્યો છે એવા ગુરુઓએ જેનો શ્રવણ, મનન વગેરે ક્રમથી પોતાના આત્મસ્વરૂપમા હમેશા સાક્ષાત્કાર કર્યો છે, જે પશ્યતી, મધ્યમા અને વૈખરી વગેરે ક્રમથી વેદ વગેરે વિદ્યાનું સ્થાન પોતે વ્યક્ત કરે છે, જે અવિદ્યા, આવરણ, વિક્ષેપ વગેરે દોષોનો નાશ કરતુ હોવાથી પવિત્ર છે, જે કામ, કર્મ, વાસના વગેરે મલથી રહિત છે, શુભકર્મો કરવાથી મનુષ્યોને સ્વર્ગાદિ પુણ્યફળની પ્રાપ્તિ થાય છે એમ કહીને જે મનુષ્યોને શુભકર્મમા પ્રોત્સાહન આપે છે અને બ્રહ્મહત્યા જેવા નિષિદ્ધ પાપકર્મો કરવાથી રૌરવ નર્કની પ્રાપ્તિ, ભૂંડ જેવી હલકી યોનિમા જન્મ વગેરે શિક્ષાનો ભય બતાવીને જે મનુષ્યોને નિષિદ્ધ કર્મોથી દૂર રહેવા સમજાવે છે એવુ દિવ્ય, પ્રકાશમાન શાસનરૂપ શાસ્ત્ર તે શબ્દબ્રહ્મ જ છે, જેનાથી નિરતિશય (એટલે ઉત્તમ કોટિનો) આનંદ પ્રાપ્ત થાય છે, જે નિત્ય ઉત્સવના સ્વામીરૂપ છે એવા શબ્દબ્રહ્મને, નાદબ્રહ્મને ભજુ છુ

વળી "અમૃતબિંદૂપનિષદ્"માં પણ કહ્યુ છે કે, વિદ્યા બે પ્રકારની છે, શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ શબ્દબ્રહ્મરૂપ શાસ્ત્રમા કુશળતા પ્રાપ્ત કરનાર પરબ્રહ્મને પામે છે "ધ્યાનબિંદૂપનિષદ્"મા પણ જણાવ્યુ છે કે, તેલની ધારા પેઠે અવિચ્છિન્ન (સતત યાને અખંડ), તથા મોટા ઘટના નાદ જેવા, વાણીથી નહિ ઉપજેલા, ને પ્રણવની પછી પ્રતીત થતા નાદને જે ઉપાસે છે તે વેદવેત્તા છે તેથી શ્રીકૃષ્ણયજુર્વેદીય તૈત્તિરીયોપનિષત, શિક્ષાધ્યાય ૧, અનુવાક ૮મા જણાવ્યુ છે કે, ૐ એ શબ્દબ્રહ્મ છે એમ મન વડે ઉપાસના કરો ૐ એ શબ્દ આ સર્વ છે અર્થાત્ શબ્દરૂપ આ સર્વ પ્રપંચ ૐકારથી વ્યાપ્ત છે તેથી કહ્યુ છે કે:

(મનહર છંદ)

પ્રભુનો સ્થાન રેચક થતા, પ્રથમ નારાયણ બહાર આવે,
ને સ્વરૂપે વિરાટ બની, શુદ્ધાશુદ્ધ પર્મગતિએ જાય છે.

પ્રભુની શુદ્ધ પર્મગતિનો ધોધ, નારાયણના મુખ પર પડે,
તે પ્રચડ ધોધના દબાણથી, ૐનો ધ્વનિ થાય છે
પરમગતિના આકાશમા, ૐનો ધ્વનિ કાયમ રહે,
આ ૐનો જપ કર્યાથી, નિશ્ચય મોક્ષ થાય છે
આત્યતિક પ્રલય બાદ પણ, ૐનો ધ્વનિ કાયમ રહે,
આવા અલૌકિક ૐને, "ૐ ખ બ્રહ્મ" કહેવાય છે

આ વિષે સત કબીરજીએ ગાયું છે કે

"ઊંચા તરુવર ગગન ફળ, બિરલા પંછી ખાય,
ઈસ ફળ સો ચખત હૈ, જો જીવત મર જાય"

આ સાખીનો ગૂઢાર્થ એ છે કે, શ્રીમદ્ ભગવદ્ગીતાના અધ્યાય ૧૫મા શ્લોક ૧થી જ્યાં જે ઊર્ધ્વવૃક્ષનુ વર્ણન આપવામા આવ્યુ છે, તેને વેદમા અક્ષય ઝાડ કહેવામા આવે છે તે અક્ષયવૃક્ષને સત કબીરજીએ પોતાની પરિભાષામાં "ઊંચા તરુવર" જણાવી અલૌકિક ૐનું સ્પષ્ટીકરણ કર્યું છે આત્યતિક પ્રલયના સમયે નારાયણની સુષુપ્તિ અવસ્થા થાય છે અને તે વખતે પરમાત્માનો પૂરક (શ્વાસ અદર લેવાની ક્રિયા) થવાથી નારાયણ અનાયાસે પરમાત્મામા ખેંચાઈ જાય છે ત્યારે પણ જે અલૌકિક ૐ છે તેનો ધ્વનિ પરમગતિના આકાશમા કાયમને માટે વ્યાપ્ત રહે છે, તેથી તે અલૌકિક ૐને અક્ષયઝાડ કહ્યુ છે તેને સત કબીરજીએ "ઊંચુ તરુવર" કહ્યુ છે અને તેના જે અમૃત મોક્ષફળ તેને "ગગનફળ" કહ્યા છે અર્થાત્ ગગનફળ એટલે અમૃતફળ જે મોક્ષસ્વરૂપ પરમાત્મા ગગને બિરાજમાન છે તે તે ગગનફળને વિજ્ઞાની વિરલા સિવાય કોઈ જ ખાઈ શકતું નથી એટલે પ્રાપ્ત કરી શકતું નથી માટે 'બિરલા પંછી ખાય" એમ કહ્યુ છે અને તે ફળને જે કોઈ ખાય, તે સસાર મા માયામા રહેવા, વિચરવા છતા પણ જીવન્મુક્ત ગણાય છે

આ વિષે સદગુરુ શ્રી વલ્લરામે પણ "વલ્લભવિષ્ટિ", ભાગ ૩માં જણાવ્યુ છે કે

"વાવો વાવોને અક્ષય ઝાડ, અમૃત ફળ ખાઈ ખાઈને"

આનો ગૂઢાર્થ એ છે કે, "અક્ષય ઝાડ" એટલે અલૌકિક ૐ વિશ્વરૂપી વૃક્ષના મૂળરૂપ પરમાત્મા છે, થડરૂપ નારાયણ-અક્ષરબ્રહ્મ છે, ડાળારૂપ ઈશ્વરો છે, ડાળીઓરૂપ દેવદેવીઓ છે, પાદડાંરૂપ જડાત્મા છે, ફૂલરૂપ જીવાત્મા છે અને ફળરૂપ મનુષ્યાવતારી આત્માઓ છે આને વેદ, શ્રીમદ્ ભગવદ્ગીતામા ઊર્ધ્વવૃક્ષની ઉપમા આપેલી છે 'तस्य वाचक प्रणव' એટલે પરમાત્માનો વાચક ૐ છે તે પ્રણવ અક્ષય વૃક્ષ યા અલૌકિક ૐ નાશ ન પામે તેવો છે

તેથી પ્રણવને અમૃતફળ મોક્ષદાતા કહ્યો છે. તે ફળને "ખાઈ ખાઈને" એટલે વારંવાર નિદિધ્યાસન કરી કરીને મેળવો. અને તેના ફળને વાવી વાવીને એવું અક્ષય વૃક્ષ બનાવો કે જેથી પાછળ ઘણા મનુષ્યો તેનાં અમૃતફળ ખાઈ શકે એટલે મોક્ષ પ્રાપ્ત કરી શકે.

अनादिनिधं ब्रह्म शब्दतत्त्वम् ।।
(ભર્તૃહરિરચિત વાક્યપદીય, બ્રહ્મકાણ્ડ ૧)
અર્થ : ઉત્પત્તિનાશરહિત શબ્દતત્ત્વરૂપ બ્રહ્મ છે.

प्राहुर्महान्तमृषभम् ।।
(ભર્તૃહરિરચિત વાક્યપદીય, બ્રહ્મકાણ્ડ ૧૩૧)
અર્થ : શબ્દને વ્યાપક સ્વપ્રકાશ બ્રહ્મરૂપ દેવ કહેવાય છે.

(૩) શિષ્ય : અલૌકિક ૐથી શો લાભ થાય?

વ્યાસ : જેણે મોક્ષસંન્યાસ લીધો હોય તે જે આ અલૌકિક ૐનો જપ આત્મજ્યોતિ દ્વારે સવા કલાક કરે તો તેનાથી મોક્ષ થાય છે. અવધૂત અને પરમહંસ શુકદેવ મુનિએ પરીક્ષિતને અલૌકિક ૐનો જપ આત્મજ્યોતિથી ત્રણ પળ કરાવી મોક્ષ અપાવ્યો હતો. મોક્ષસંન્યાસ લીધો હોય તેનાથી જ આ ૐનો જપ થાય છે તે સિવાય બીજા કોઈથી તેનો જપ કરી શકાય નહીં.

(૪) શિષ્ય : અલૌકિક ૐના વિભાગ જણાવશો?

વ્યાસ : અલૌકિક ૐના નવ વિભાગ છે:

(૧) પ્ર. દ. નં. ૧૩, ૧૪, ૧૫ ને ૧૬થી બતાવેલ મન્વંતરોનું સ્થાન.
(૨) પ્ર. દ. નં. ૧૭થી બતાવેલ બ્રહ્મકૂપ યા બ્રહ્મસ્તંભનું સ્થાન.
(૩) પ્ર. દ. નં. ૧૧થી બતાવેલ સહસ્ર ગ્રંથિ ધારણ, તૈજસ બ્રહ્મ, વિભૂતિ આત્માસ્થાન.
(૪) પ્ર. દ. નં. ૧૮થી બતાવેલ દશ કળાત્મજ્યોતિ આત્મિક સ્થૂલ ત્યાગે છે તે સ્થાન.
(૫) પ્ર. દ. નં. ૧૨થી બતાવેલ આકાશવ્યાપક શબ્દબ્રહ્મ યા ૐ ખં બ્રહ્મ-સ્થાન.
(૬) પ્ર. દ. નં. ૯થી બતાવેલ દ્વાદશકળા આત્મજ્યોતિ આત્મિક સૂક્ષ્મ ત્યાગે છે તે સ્થાન.
(૭) પ્ર. દ. નં. ૭થી બતાવેલ ચતુર્દશકળા શુદ્ધાત્મજ્યોતિ આત્મિક કારણ ત્યાગે છે તે સ્થાન.
(૮) પ્ર. દ. નં. ૫થી બતાવેલ પંચોદશકળા આત્મિક મહાકારણ ત્યાગે છે તે સ્થાન; અને

(૯) પ્ર દ નં ૧, ૨ ને ઉથી બતાવેલ બિંદુમા આવેલ જ્ઞાનસ્વરૂપ પર માત્મા પરમેશ્વર

(૫) શિષ્ય લૌકિક ૐ કોને કહેવામા આવે છે તે જણાવશો?

વ્યાસ . અલૌકિક ૐમા જણાવી ગયા પ્રમાણે, જ્યારે પરમાત્માનો રેચક (શ્વાસ છોડવાની ક્રિયા) થાય છે, ત્યારે નારાયણ અનાયાસે પરમાત્મામાથી સીધી પહેલા બહાર નીકળી જાય છે અને પોતાની અર્ધમાત્રામા આવી સ્વપ્નાવસ્થામા "ॐ एकोऽहं बहुस्याम्॥" (એટલે હુ એક છુ તે અનેકરૂપે થાઉ)નો ઉચ્ચાર કરે છે અને તેનાથી અગાઉના કલ્પમા જેવું વિશ્વ હતુ તેવુ જ વિશ્વ ફરીથી બની જાય છે યા વિશ્વનું સર્જન થાય છે અને એ આખા વિશ્વની હદ ચોસઠમુખી બ્રહ્મા નક્કી કરે છે આ રીતે "લૌકિક ૐ"ની રચના થાય છે આ લૌકિક ૐને "સ્થૂલ ૐ" પણ કહેવામા આવે છે પ્રણવદર્શનના ચિત્રમા લૌકિક ૐને ૐકારની ચાર માત્રા (અર્ધમાત્રા, અકાર, મકાર, ઉકાર ને કડાગ)થી બતાવેલ છે યોગીઓ પોતાની યોગસાધના વડે આ લાકિક ૐના પ્રત્યક્ષ દર્શન કરી શકે છે એટલુ જ નહિ પણ લૌકિક ૐ સુધી ગતિ કરી શકે છે જ્યારે નારાયણની સ્વપ્નાવસ્થાના અતે "ૐ સોઽહમ"નો ઉચ્ચાર થાય છે ત્યારે લૌકિક ૐ નારાયણમાં તત્ત્વરૂપે સમાઈ જવાથી તેનો ક્ષય થાય છે તેથી કહ્યુ છે કે

(મનહર છંદ)

દિવ્ય પ્રેમમા ઉન્માદ કરી, ધ્યાનમા નિમગ્ન કરે,
અંતે મોક્ષ અપાવે તે, ૐને સૌ ચાહ્ય છે
ૐના છે બે પ્રકાર, સમજે તા થાય ઉદ્ધાર,
એક છે લૌકિક ૐ, બીજો અલૌકિક ગણાય છે
નારાયણની સ્વપ્નાવસ્થામા, નીકળે ૐનો ઉચ્ચાર,
તે લૌકિક ૐ હોઈ, વ્યાપક બ્રહ્માડે થાય છે
સ્વપ્નના અતમા નારાયણ, "ૐ સોઽહમ્"નો ઉચ્ચાર કરે,
ત્યારે લૌકિક ૐ તત્ત્વરૂપે, નારાયણમા સમાય છે

વિશ્વેશ્વર-નારાયણનો "ॐ एकोऽहं बहुस्याम्॥" ઉચ્ચાર જ વિશ્વનુ આદિ મૂળ છે આ પ્રમાણે વિશ્વની ઉત્પત્તિમા ધ્વનિનુ હોવુ માનવુ પડે છે એટલા માટે મૂળસૃષ્ટિ એ શબ્દસૃષ્ટિ છે સૃષ્ટિની આગળનો વિકાસ સૂક્ષ્મથી સ્થૂલ તરફ થતો ચાલ્યો ગયો છે સૃષ્ટિના જે પ્રકારના સમુદાયમા આપણે રહીએ છીએ તે સ્થૂળમડળ (એટલે ઉકારમાત્રા) છે એના ઉપર સૂક્ષ્મ સમુદાય (એટલે મકારમાત્રા) છે સૂક્ષ્મની ઉપર કારણમડળ (એટલે અકારમાત્રા) છે અને કારણની ઉપર મહાકારણમંડળ (એટલે અર્ધમાત્રા) છે કે જે કાર્ય

કારણથી પરસ્પર જડાયેલી મૂળ પ્રકૃતિ છે. **આવી** રીતે માયાના ચાર દેહો બરોબર માયાનાં ચાર મંડળો છે. તે નીચે મુજબ છે :

| માયાનાં મંડળો | માયાના દેહો | માયાના ગુણો |
|---|---|---|
| (૧) અર્ધમાત્રા (જુઓ પ્ર.દ.નં. ૨૪ને ૨૫) | મહાકારણ દેહ | વાસના યા ઈચ્છા |
| (૨) અકારમાત્રા (જુઓ પ્ર.દ.નં. ૪૧) | કારણદેહ | મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર |
| (૩) મકારમાત્રા (જુઓ પ્ર.દ.નં. ૬૬) | સૂક્ષ્મદેહ | શબ્દ, સ્પર્શ, રસ, રૂપ ને ગંધ |
| (૪) ઉકારમાત્રા (જુઓ પ્ર.દ.નં. ૮૮) | સ્થૂળદેહ | પંચમહાભૂત[1] પાંચ જ્ઞાનેન્દ્રિયો[2] પાંચ કર્મેન્દ્રિયો[3] |

એની ઉપર ચૈતન્ય આત્માના ચાર દેહો બરોબર પરમગતિનાં ચાર મંડળો આવેલાં છે. તે નીચે મુજબ છે :

| પરમગતિનાં મંડળો | | ચૈતન્ય આત્માના દેહો | અંતઃકરણ |
|---|---|---|---|
| (૧) તાત્ત્વિક શુદ્ધ પરમગતિ | (જુઓ પ્ર.દ.નં. ૪) | આત્મિક મહાકારણ | ઊર્ધ્વ ગતિ કરવા માટે આત્મા સાથે દિવ્ય મન સિવાય બીજું કશું હોતું જ નથી. |
| (૨) શુદ્ધ પરમગતિ | (જુઓ પ્ર.દ.નં. ૬) | આત્મિક કારણ | |
| (૩) શુદ્ધાશુદ્ધ પરમગતિ | (જુઓ પ્ર.દ.નં. ૮) | આત્મિક સૂક્ષ્મ | |
| (૪) અશુદ્ધ પરમગતિ | (જુઓ પ્ર.દ.નં. ૨૧) | આત્મિક સ્થૂલ | |

પરમગતિમાં ચૈતન્યના અંતઃકરણમાં કેવળ દિવ્ય મન જ હોય છે.

પ્રત્યેક મંડળ બનવાને માટે પહેલાં તેનું કેન્દ્ર સ્થાપિત થયું. કેન્દ્રમાંથી મંડળના નિર્માણની ઈચ્છાનો થડકાર (એટલે અવાજ) નીકળ્યો અને મંડળ નિર્માણ થયું. મંડળ માત્રના કેન્દ્રમાં કેન્દ્રિય અવાજ રહેલો છે. અવાજનો એવો સ્વભાવ છે કે તે તેના ઉત્પત્તિસ્થાન તરફ આકર્ષિત રહે છે. અર્થાત્ અવાજના આશ્રયથી જે તે મંડળને પાર કરી જઈ શકાય છે. કેન્દ્રિય શબ્દ વર્ણાત્મક નથી પણ ધ્વનિપ્રેરક છે.

સંગીતસૂર અથવા શબ્દોચ્ચાર એ ધ્વનિયુક્ત હોય છે. ધ્વનિની આકર્ષણશક્તિથી સંગીતસૂર ખૂબ ઊંચે સુધી પહોંચવા શક્તિમાન હોય છે. માયાની

---

૧. પંચમહાભૂત : આકાશ, વાયુ, તેજ, જળ ને પૃથ્વી.

૨. પાંચ જ્ઞાનેન્દ્રિયો : શ્રોત્ર, ત્વચા, જિહ્‌વા, ચક્ષુ ને ઘ્રાણ.

૩. પાંચ કર્મેન્દ્રિયો : વાચા, હાથ, પગ, ગુદા ને ઉપસ્થ.

સૃષ્ટિનાં ચાર મંડળો અને પરમગતિનાં ચાર મંડળો દરેક આત્માને માટે આવરણરૂપ છે. આ આઠેય મંડળને પાર કર્યા બાદ જ પરમાત્માના જમણા પાદના અંગૂષ્ઠનું જ્ઞાનચૈતન્યનું ગુરુત્વાકર્ષણ દરેક આત્માની આત્મજ્યોતિને લાગુ પડે છે, તેથી તે નિર્મળ યા વિશુદ્ધ આત્મજ્યોતિ પરમજ્યોતિ-પરમાત્મામાં અનાયાસે ખચાઈ જાય છે. એટલે તે આત્મજ્યોતિ પરમજ્યોતિ-પરમાત્મામાં એકરસ, એકરૂપ થઈ જાય છે.

વિશ્વક્રમમાં ઉપરની બાજુ સૂક્ષ્મતા અને નીચેની બાજુ સ્થૂલતા છે. જે મંડળ જેટલું ઉપર છે તેટલું જ તે સૂક્ષ્મ છે અને જે મંડળ જેટલું નીચે છે તેટલું જ તે સ્થૂલ છે. અને એટલા માટે એ બ્રહ્માંડોનો કેન્દ્રિત અવાજ પણ ઉપરનાં મંડળોમાં વધારેમાં વધારે સૂક્ષ્મ અને નીચેનાં મંડળોમાં વધારેમાં વધારે સ્થૂલ હોય છે. ઉપરનાં મંડળોનાં કેન્દ્રસ્થાનોમાંથી ઉદ્‌ભવિત અવાજ નીચેનાં મંડળોનાં કેન્દ્રો પરથી અનુક્રમે ગ્રહણ થઈ શકે છે. કારણ કે સૂક્ષ્મતત્ત્વની ધારા સ્થૂલતત્ત્વની ધારાથી લાંબી હોય છે. કોઈ મંડળના કેન્દ્રથી તેના ઉપરના સૂક્ષ્મમંડળના કેન્દ્રનો અવાજ આ પ્રમાણે કેન્દ્રિત કરી શકાય છે. નારાયણથી ઉદ્‌ભવિત થયેલા પ્રથમ શબ્દબ્રહ્મ યાને અલૌકિક ૐનો ધ્વનિ અને લૌકિક ૐ શબ્દ બધા પિંડો અને બ્રહ્માંડમાં સદા અપ્રતિહત (અટકાવ વિના), અવિચ્છિનરૂપે (અખંડરૂપે) ગૂંજ્યા કરે છે. વિશ્વની સ્થિતિ જ્યાં સુધી અસ્તિત્વમાં રહેશે ત્યાં સુધી એ ધ્વનિ રહેશે, કેમ કે વિશ્વનું મૂળ કારણ જ આ શબ્દ છે. ઋષિઓએ આ પ્રથમ દિવ્ય નાદને ૐ કહ્યો છે અને એ નાદને અનેક નામોથી વર્ણવ્યો છે.

આ ૐકાર ધ્વનિ જ (એટલે અવાજ) સૃષ્ટિનું આદિ મૂળ અને તેનો ઝંકાર જ (એટલે ઝણઝણ અવાજ યા ઝણકાર) શક્તિકેન્દ્રનો સ્પંદન (એટલે થડકો, સ્ફુરણ, કંપ ને પલકારો) ધ્વનિ છે. જેઓ યોગસાધના કરે છે, તેઓ પણ અંતરમાં એ જ સ્પંદન, એ જ ધ્વનિ, એ જ અદ્‌ભુત પ્રણવઝંકાર સાંભળી શકે છે. યોગીઓ જ્ઞાનચક્ષુ યા દિવ્યચક્ષુ દ્વારા પોતાનું તત્ત્વજ્ઞાન સર્વત્ર ફેલાવતા જાય છે અને ૐકાર ધ્વનિ શ્રવણ કરવા લાગે છે; આ જ છે "સમુદ્રગર્જન" યા "સ્પંદન ધ્વનિ" કે જે સૃષ્ટિ રચવાની એકમાત્ર વાસ્તવિકતા છે. આ વિષે શ્રી પરમહંસ યોગાનંદ "Autobiograpny of A yogi" નામના પુસ્તકમાં જણાવે છે કે : "વિશ્વના સર્જનાત્મક શબ્દ-ૐમાંથી ધ્વનિની અમર્યાદ શક્યતાઓ નિર્માણ થઈ છે. તમામ અણુશક્તિઓની પાછળ પણ વિશ્વની આ જ તરંગશક્તિ કામ કરી રહી છે. કોઈ પણ શબ્દ સ્પષ્ટ સમજપૂર્વક અને ઊંડી એકાગ્રતાથી બોલાયો હોય તો તેનું સર્જકમૂલ્ય હોય છે જ. આખા વિશ્વમાં વ્યાપી રહેલા ૐના તરંગો ("શબ્દ" અથવા તો બાઈબલમાં જણાવેલો અનેક

પાણીની ધારાઓનો ધ્વનિ)મા નર્જન, સરજણ અને વિનાશના ત્રણ ગુણધર્મો છે જ્યાર આપણે કોઈ પણ શબ્દ બોલીએ ત્યારે ૐ શબ્દનો કોઈ એક ગુણ પ્રગટ થાય છે બધા ધર્મશાસ્ત્રો માણસને સત્ય બોલવાનો આદેશ કરે છે તેનું કારણ આ છે ધ્વનિની અનત શક્તિઓ ૐમાથી બહાર આવે છે જે "શબ્દ" છે અથવા વિશ્વચક્રનો સર્જક હતા છે વિશ્વનિયામકનુ સ્પદન જે ૐ તે ઈશ્વરના સર્જક અવાજ તરીકે મેં સાભળ્યુ"

શ્રી પરમહસ યોગાનદ "Cosmic Chants" નામના પુસ્તકમા જણાવે છે કે "સૃષ્ટિમા શબ્દ અથવા ઝમર બહુ જ શક્તિશાળી વસ્તુ છે સગીત એ દેવી કળા છે, અને તેના ઉપયોગ પ્રભુપ્રાપ્તિ માટે જ કરવાનો છે, નહીં કે આનંદ માટે ભક્તિસગીતનો ઝમર, દૈવી ઝકાર અગર શબ્દબ્રહ્મ તરફ પ્રેરે છે એકચિત્ત, પૂર્ણપ્રમાણિકતા અને માનસિક શકારહિતના શબ્દો ઘણા જ શક્તિશાળી ઔષધ જેવા છે કે જેની શક્તિ મહાન મુશ્કેલીઓને દૂર કરવાની અને ઇચ્છાનુસાર ઘડતર કરવાની છે જ્યારે મનુષ્ય તેનું ધ્યાન દૈવી ઝકાર ૐના ધ્વનિ પર કેન્દ્રિત કરે છે (નહિ કે કલ્પિત અગર બહારના ધ્વનિ પર) ત્યાર આ જાતના ધ્યાનને ધ્યાનસ્થ અવસ્થામા થતો મત્રોચ્ચાર કહે છે"

આ પ્રકારની અતરના નાદના પ્રવાહને ગ્રહણ કરવા માટે બહારનો કોઈ પણ પ્રયત્ન કરવો નિરર્થક છે એના માટે અતર જ પ્રયત્ન, અભ્યાસ અને સદ્‌ગુરુનો આશય લેવો જરૂરી છે યોગાભ્યાસ કરવાથી મનુષ્ય પોતાની સૂરત અને ચેતનવૃત્તિ વધારેમા વધારે અતર્મુખી બનાવી શકે છે શરૂઆતમા સૂક્ષ્મ ધ્યાન સ્વભાવ અનુકૂળ ન હોવાથી અનાકર્ષક જેવુ લાગે છે, તેથી માનસ જપ (વિશુદ્ધ મનથી કરાયેલા જપ) કરવા જોઈએ એનાથી મન એકાગ્ર થવા માટે પ્રથમ જડ પ્રતિમાનુ એકચિત્તથી ધ્યાન કરવુ જોઈએ કે જેનાથી સૂક્ષ્મ ધ્યાનના અભ્યાસની વિશેષતા વધે ત્યાર પછી દૃષ્ટિયોગથી એકાગ્રતા પ્રાપ્ત કરવા સૂક્ષ્મ ધ્યાનના અભ્યાસ કરીને નાદપ્રાપ્તિ અથવા સૂરતનન શબ્દયોગમા લાગવું જોઈએ આનાથી નીચેથી ઉપર સુધીના બધા આવરણોને ભેદીને સાધક પર માત્માને પહોંચી શકે છે જે પિડના આવરણને પાર કરી શકે છે તે જ માયાના પડદાને પાર કરી શકે છે એમ વિધિ કહ્યા ગે છે કે પિડના આવરણમાં જે જીવાત્મા હોય છે, તે બ્રહ્માંડના અતરના પડદા પાર કરે છે પરંતુ ચેતન આત્માનાં ચાર મંડળોનુ આવરણ દૂર કરવા માટે તો કેવળ સંત, સમર્થ ને સતતનિમગ્ન સદ્‌ગુરુની અવશ્ય જરૂર પડે છે કેવળ સદ્‌ગુરુની આત્મિક મદદથી જ આ ચારેય મંડળોમાથી સાધક સહેલાઈથી પાર નીકળી પરમાત્મામાં અનન્ય, એકરૂપ થાય છે

(૬) શિષ્ય : લૌકિક ૐના વિભાગ જણાવશો?

વ્યાસ : લૌકિક ૐના નવ વિભાગ છે:

(૧) પ્ર. દ. નં. ૮૮થી બતાવેલ ઉકારમંડળ.
(૨) પ્ર. દ. નં. ૬૬થી બતાવેલ મકારમંડળ.
(૩) પ્ર. દ. નં. ૫૬થી બતાવેલ સૂર્યલોક.
(૪) પ્ર. દ. નં. ૫૮થી બતાવેલ ચંદ્રલોક.
(૫) પ્ર. દ. નં. ૪૧થી બતાવેલ અકારમંડળ.
(૬) પ્ર. દ. નં. ૬૯થી બતાવેલ કડાંગમાં આવેલ ચોસઠમુખી બ્રહ્મા.
(૭) પ્ર. દ. નં. ૩૯થી બતાવેલ બ્રહ્મરંધ્ર સ્થાન.
(૮) પ્ર. દ. નં. ૩૫થી બતાવેલ ગોલોક યાને સામીપ્ય મુક્તિસ્થાન, અને
(૯) પ્ર. દ. નં. ૩૭થી બતાવેલ અક્ષરધામ કે જે અર્ધમાત્રામાં આવેલ છે અને તે અંશાવતારી ઈશ્વરોનું વિલયસ્થાન ગણાય છે તે.

(૭) શિષ્ય : નારાયણ પરમાત્મામાંથી બહાર આવે છે ત્યારે બ્રહ્મદશામાં હોય છે, તો તેઓને વિશ્વ રચવાની ખબર કેવી રીતે પડે છે?

વ્યાસ : નારાયણ પરમાત્મામાંથી બહાર આવે છે ત્યારે તેઓને પૂર્વ-સ્થિતિનું સ્મરણ હોય છે જ. જેમ આપણે સ્વપ્નમાં હોઈએ તે વખતે આપણને ભાન હોતું નથી કે તે વખતે આપણે સ્વપ્નમાં છીએ અને સ્વપ્નાવસ્થામાં બધાં કાર્યો કરીએ છીએ, પણ જ્યારે જાગ્રદવસ્થામાં આવીએ છીએ ત્યારે તેનું ભાન થાય છે. તેમ સગુણબ્રહ્મ-નારાયણને પરમાત્મામાં લીન થઈ જવાથી ભાન હોતું નથી પણ પરમાત્મામાંથી બહાર નીકળ્યા બાદ તે પરમાત્માનું વર્ણન કરી શકે છે અને પહેલે વિશ્વ જેવું હતું તે પણ યાદ આવવાથી વર્ણવી શકે છે એટલું જ નહિ પણ પૂર્વના વિશ્વને "ॐ एकोऽहं बहुस्याम् ॥" કહીને ઉત્પન્ન કરે છે.

(૮) શિષ્ય : લૌકિક અને અલૌકિક તત્ત્વની હદ ૐકારમાં કયાં સુધીની છે? અને અક્ષરબ્રહ્મ કેટલા પ્રકારના છે તે જણાવશો?

વ્યાસ : ઉકારમંડળથી યા સંસારથી માંડીને શુદ્ધાશુદ્ધ પરમગતિ સુધી ઓછાવત્તા પ્રમાણમાં દરેક તત્ત્વ લૌકિક છે અને માત્ર પરમાત્મા તથા શુદ્ધ પરમગતિ અલૌકિક જ્ઞાનચૈતન્ય પ્રકાશ છે.

અક્ષરબ્રહ્મ અલૌકિક અને લૌકિક બે પ્રકારના છે. પરમગતિના આકાશમાં ૐકાર વ્યાપક રહ્યો છે અને તે ૐકાર નારાયણના લય થવા છતાં વ્યાપ્ત રહે છે તે "અલૌકિક બ્રહ્મ" છે. અને નારાયણ "ॐ एकोऽहं बहुस्याम्" એમ કહીને ૐ બોલે છે તે ૐકાર બ્રહ્માંડની ગતિમાં વ્યાપ્ત રહે છે; તે "લૌકિક

અક્ષરબ્રહ્મ" છે નારાયણ કરતા ૐકાર એટલા માટે શ્રેષ્ઠ બ્રહ્મ છે કે તે ત્રિકાલાતીત અને અવસ્થાતીત છે પરંતુ ૐકાર કરતા નારાયણનુ અક્ષરબ્રહ્મપણુ વધુ શ્રેષ્ઠ છે

(૯) શિષ્ય લૌકિક અને અલૌકિક દૃષ્ટિ વિષે સમજાવશો?

વ્યાસ સ્થૂલદૃષ્ટિ, આંતરદૃષ્ટિ, આત્મદૃષ્ટિ અને બ્રહ્મ(જ્ઞાન)દૃષ્ટિ એમ ચાર પ્રકારની દૃષ્ટિઓ છે શરીરના ચક્ષુઓ વડે જે દેખાય તે "સ્થૂલદૃષ્ટિ", મન કે કલ્પનાથી દેખાય તે "આંતરદૃષ્ટિ", આત્માથી દેખાય તે "ગ્રથિતત્ત્વમય આત્મદૃષ્ટિ" અને આત્મજ્યોતિથી દેખાય તે "બ્રહ્મજ્ઞાનદૃષ્ટિ" છે તેથી સદગુરુ શ્રીરણછોડરામે "વલ્લભ વિષ્ટિ", ભાગ ૧ના પદ ૪૩મા જણાવ્યુ છે કે

"જેને જ્ઞાન અલૌકિક થાય, તેનુ આવાગમન ટળી જાય,
સ્થૂલ દૃષ્ટે જોવામા આવે, તે લૌકિક કહેવાય,
જ્ઞાન વડે જે જણાય છે, તે અલૌકિક કહેવાય."

આ પદમા લૌકિક એટલે માયા અને અલૌકિક એટલે માયાતીત લૌકિકનુ નહિ પણ અલૌકિકનુ જ્ઞાન થાય તેનો જન્મ મરણનો (એટલે આવાગમનનો) ફેરો ટળી જાય છે, એમ કહ્યુ છે ઉપરોક્ત પ્રશ્નમા જણાવી ગયા તે પ્રમાણે, સંસારથી માંડીને શુદ્ધાશુદ્ધ પરમગતિ સુધી ઓળખવાના પ્રમાણમા દરેક તત્ત્વ લૌકિક છે અને માત્ર પરમાત્મા તથા શુદ્ધ પરમગતિ અલૌકિક જ્ઞાનચૈતન્ય પ્રકાશ છે તેથી કહ્યુ છે કે

स्थावरादि सर्वं मायायां सुप्रतिष्ठितम् ॥ (श्रुति)
मायामात्रमिदं द्वैतमद्वैतं परमार्थतः ॥ (श्रुति)

અર્થ જીવ, ઈશ, ઈશ્વરો અને વિશ્વેશ્વર અક્ષરબ્રહ્મ તે સર્વ માયાવાળા અને માયામા જ રહેલા લૌકિક છે તે માયા માત્રને "દ્વૈત" કહેવાય છે, અને માયાથી પર કેવળ માત્ર અલૌકિક પરમાત્માને "અદ્વૈત" કહેવાય છે

સૂક્ષ્મ કારણ અને મહાકારણ દેહો અનુક્રમે મકાર, ઉકાર અને અર્ધ માત્રાના લોકોના સ્થૂલ દેહો છે એટલે આપણા ઉકારના લોકોની સૂક્ષ્મ, કારણ, મહાકારણની દૃષ્ટિ તે જ ત્યાંના લોકોની સ્થૂલ દૃષ્ટિ છે એટલુ જ નહિ પણ સદ્ગુરુ શ્રીરણછોડરામે તેમની આગળ વધી "પ્રકાશવિજ્ઞાન"મા લખ્યુ છે કે, "જેવા માણિકના રંગ તેવા ચૈતન્ય મૂર્તિના ચાર દેહો' છે તેથી આત્મચૈતન્યના ચાર દેહો સુધી સર્વ કંઈ માયા હોઈ તે સર્વ લૌકિક છે જ્યારે ગ્રથિતત્ત્વનો મહાકારણ દેહ પણ છૂટી જાય ત્યારે તે મૂળ પૂર્ણસ્થિતિમા પહોંચતા આત્મસમર્પણ કે તે પછી બ્રહ્માત્મસમર્પણ થઈ શકે છે તેવી ચૈતન્યના ચાર દેહો પણ સ્થૂલ દૃષ્ટિવાળાને જડ છે તેથી તે તમામ સ્થૂલ દૃષ્ટિથી જે કાંઈ જોવાય તે તમામ

લૌકિક એટલે માયાનું અગર માયાનાં ગુપ્ત તત્ત્વોના પરિબળવાળું છે. તેથી શિવગીતા, અધ્યાય ૬, શ્લોક ૪૯માં કહ્યું છે કે :

यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह।
आनन्दं ब्रह्मं ज्ञात्वा न बिभेति कुतश्चन॥

અર્થ : જ્યાં માયાવાન દૈહિક વાણી વિરામ પામે છે અને લૌકિક મન પણ જ્યાં ગતિ કરી શકતું નથી અને જેની આત્મા અને આત્મવાણી વડે જ એકયતા થઈ શકે છે, તે મન, વાણીથી અગોચર એવા આનંદમય બ્રહ્મને જાણીને જ્ઞાની પુરુષ કદાપિ ભય પામતો નથી.

માયાના ચારે દેહો અને ચૈતન્યના ચારે (જડ) દેહોમાંથી ગમે તે દેહ દ્વારા જે જોવાય, બોલાય વા નામોચ્ચારણ યા ઉપાસના યા ભક્તિ થાય ત્યાં સુધી તે લૌકિક હોવાથી તે દેહોની વાણી અલૌકિક પરમેશ્વર સુધી કદી પહોંચતી નથી. કેમ કે અલૌકિક પરમેશ્વર માયાનાં બાવન તત્ત્વથી બહાર હોઈ "બિંદુ બાવન બહાર" કહેવાય છે. તેથી ત્યાં વાચા વિરામ પામે છે તથા પાછી પડે છે અને લૌકિક ચારે દેહોના, ચૈતન્યના ચારે દેહોના સંસર્ગથી યા મનની ઇચ્છાથી કે કલ્પનાથી પણ પરમાત્મા કલ્પી કે બોલી શકાતા નથી અને મન, બુદ્ધિ આદિ ત્યાં સુધી પહોંચવા અસમર્થ છે. (એટલે ચૈતન્યનું મન પણ ત્યાં પહોંચવા અસમર્થ છે.) કલ્પનાના ભાવોથી બોલેલ યા કરેલ ભક્તિ પણ પરમેશ્વર સુધી પહોંચતી નથી, કેમ કે તે તમામ એક યા બીજા પ્રકારનાં લૌકિક તત્ત્વો જ છે. તેથી સદ્ગુરુશ્રીએ તેની ટૂંકમાં વ્યાખ્યા આપી છે કે : સ્થૂલદૃષ્ટિ વડે જોવામાં આવે તે તમામ લૌકિક કહેવાય. આનો અર્થ ગમે તે દૃષ્ટિએ જોયેલું એટલે યોગના, સમાધિના, ઉપાસનાના, ભક્તિના ગમે તે પરિબળથી પણ જે જોવાય તે તમામ "લૌકિક જ" છે, પણ "અલૌકિક તત્ત્વ" એ છે કે : જે કદી જોવાય નહીં, જેના પર અગર યા જેમાં જોવાની વૃત્તિ કે દૃષ્ટિ રખાય નહીં અને જે જોવાય નહીં પણ માત્ર અનુભવથી જોયા વિના જણાય તે અલૌકિક (એટલે માયારહિત) લહેવાય એટલે અનુભવાય. આ સ્થળે અલૌકિક કહેવાય એમ સદ્ગુરુશ્રીએ લખ્યું નથી પણ લહેવાય એમ લખ્યું છે. કારણ કે પરમબ્રહ્માનંદનો અનુભવ કોઈ પણ દૃષ્ટિ વડે જોવાતો નથી, કોઈ પણ કર્ણ વડે સંભળાતો નથી, કોઈ પણ મન, બુદ્ધિ કે અંતરથી કલ્પી શકાતો નથી પણ માત્ર અનુભવાય જ છે. અર્થાત્ જોયા વિના, કલ્પ્યા વિના અને જોવાનો ભાવ રાખ્યા વિના જે જણાય તે જ અલૌકિક બ્રહ્માનંદ છે. અને તે બ્રહ્મરસનો અનુભવ માત્ર આત્મચેતનાને (એટલે આત્મજ્યોતિને યા આત્મતત્ત્વને યા કૂટસ્થાત્માને) થતો હોવાથી કોઈ દેહો, મન, બુદ્ધિ કે અંતર તેને જાણી શકતા નથી. કેમ કે

"માયા (જડ)ના અનુભવનું જ્ઞાન ચૈતન્યને થઈ શકે છે, પરંતુ ચૈતન્યના અનુભવનું જ્ઞાન માયાવાળા લૌકિક (એટલે જડ)ને થઈ શકતું નથી." જેવી રીતે મરણ વખતે સ્થૂલ દેહ જડ પડી રહે છે, તેવી રીતે સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને ચૈતન્યના ચારે દેહો ક્રમાનુસાર છૂટતાં યા પરિબળહીન થતાં તે સર્વ માયાતત્ત્વો હોવાથી જડ રહે છે. આમ છતાં જડત્વ ચૈતન્યના સંસર્ગમાં (એટલે સોબતમાં) હોવાથી તે ચેતનરૂપ જણાય છે. પોતાના અંગૂઠાને ચૂસનાર બાળકને ધાવણ કર્યાની મિથ્યા ભ્રમણા થાય છે, (કેમ કે અંગૂઠામાંથી ધાવણ આવતું જ નથી) તેવી રીતે જડમાયામાં ચેતનની ભ્રમણા જ થાય છે. કેમ કે જે ખરેખર ચેતન છે તે તો "एकमेवाद्वितीयं ब्रह्म" એટલે એક જ અદ્વિતીય બ્રહ્મ (અલૌકિક) છે. તેથી તે ચૈતન્યને જોવાતું નથી, પણ જોયા કે ઇચ્છયા કે કલ્પ્યા વિના સ્વતઃ તે અલૌકિક છે. (એટલે જેમ મરચું દેખાય પણ મરચાની તીખાશ ન દેખાય, રાઈ દેખાય પણ રાઈની તીખાશ ન દેખાય, ખાંડ-ગોળ શેરડી-મીઠાઈ દેખાય પણ તેની મીઠાશ જોઈ શકાતી નથી પણ માત્ર અનુભવથી જાણી શકાય છે. તેથી જોયા વિના જે જણાય તે અલૌકિક લહેવાય, એમ કહ્યું છે.) આ રીતે જે જણાય તે અલૌકિક અને બ્રહ્મતત્ત્વાનુસંધાન છે. આ હકીકત દૃષ્ટાંતથી પ્રતિપાદિત કરતાં જણાવ્યું છે કે, ગૃહસ્થાશ્રમના અનુભવવિહીન છોકરી કોઈ સાસરે જઈ આવેલી છોકરીને પૂછે કે ગૃહસ્થાશ્રમમાં પતિનું સુખ કેવું? ત્યારે વાણીમાં તેનો ખ્યાલ ન આપી શકતાં અનુભવથી જ એ સમજાય છે એમ તે કહે છે. આવું કઠેણું દૃષ્ટાંત આપી મન, બુદ્ધિ, વાણી, અંતર, ઇચ્છા, કલ્પના આદિથી પર જે અલૌકિક માર્ગ છે; તે માર્ગ અનુભવે તેને જ અનુભવના સમયે સમજાય તેવો છે. વધુ સ્પષ્ટતા માટે, વેદે પણ "નેતિ" કહી તે વર્ણવવામાં પોતાની અસમર્થતા દર્શાવી છે આ રીતે આત્મચેતન અને પરમચેતનનો બ્રહ્માનુભવ છે તે માત્ર અલૌકિક અનુભવનો માર્ગ છે, ત્યાં મન, બુદ્ધિ, વાણી, કલ્પના આદિ સર્વ નકામા અને વિઘ્નરૂપ છે.

અસાર સંસારમાં લૌકિક દૃષ્ટિથી જે જોવાય તે લૌકિક એટલે માયાવાળું હોય છે અને આત્મદૃષ્ટિથી જે જોવાય તે માયાથી પર એટલે અલૌકિક દેખાય છે. લૌકિક દૃષ્ટિથી અલૌકિક દેખાતું નથી અને અલૌકિક દૃષ્ટિથી લૌકિક દેખાતું નથી.

(૧૦) શિષ્ય : લૌકિક ૐનાં નવ સ્થાન જણાવ્યાં પણ તે સ્થાનો શી રીતે પ્રાપ્ત કરી શકાય તે જણાવશો?

વ્યાસ : આ વિષે "ઉપાસના અને મુક્તિ"ના પ્રકરણ ૧૮માં ઘણાં સ્થાનોનો ખુલાસો કરવામાં આવ્યો છે.

(૧) પ્ર દ ન ૮૮થી બતાવેલ ઉકારમડળ વાચો 'ઉપાસના અને મુક્તિ", પ્રકરણ ૧૮, પ્રશ્ન નંબર ૨

(૨) પ્ર દ ન ૬૬થી બતાવેલ મકારમડળ વાચો "ઉપાસના અને મુક્તિ", પ્રકરણ ૧૮, પ્રશ્ન નબર ૩ ને ૪૬

(૩) પ્ર દ ન ૫૯થી બતાવેલ સૂર્યલોક જેઓ સદાચારવ્રત પાળી સૂર્યનારાયણની ઉપાસના અને ધ્યાન આખી જિંદગી સુધી કરે છે, તેઓને સસારમા વૈદિક જ્ઞાન અને મનોનિગ્રહ કરવાની શક્તિ મળે છે અને મરણ બાદ તેઓ સૂર્યલોકમા જાય છે તેઓ જ્યા સુધી પુણ્યબળ હોય ત્યા સુધી સૂર્યલોકમા રહે છે અને પુણ્ય પૂરુ થતા તેઓને ફરી મૃત્યુલોકમાં જન્મવુ પડે છે

(૪) પ્ર દ ન ૫૮થી બતાવેલ ચદ્રલોક જેઓ સદાચારી રહી આખી જિંદગી સુધી ચંદ્રદેવની ઉપાસના અને ધ્યાન કરે છે, તેઓ મરણ બાદ ચદ્રલોકમા જાય છે અને અહીં પણ જ્યા સુધી પુણ્યબળ હોય ત્યા સુધી તેઓ ચદ્રલોકમા રહે છે અને સુકૃત પૂરુ થતા તેઓને ફરી જગતમાં જન્મ‌ું પડે છે

(૫) પ્ર દ ન ૪૧થી બતાવેલ અકારમડળ અકારમડળ એટલે ઈશ્વર કોટિ ઈશ્વરકોટિમા ચાર સ્થાનો છે (૧) શક્તિલોક, (૨) શિવલોક, (૩) વિષ્ણુ લોક અને (૪) બ્રહ્માના લોક દરેક લોકના વર્ણન નીચે પ્રમાણે છે

- (ક) શક્તિલોક વાચો "ઉપાસના અને મુક્તિ", પ્રકરણ ૧૮, પ્રશ્ન નંબર ૧૦, ૪૨ અને ૪૭
- (ખ) શિવલોક વાચો 'ઉપાસના અને મુક્તિ", પ્રકરણ ૧૮, પ્રશ્ન નબર ૪, ૪૦ અને ૪૭
- (ગ) વિષ્ણુલોક વાચો 'ઉપાસના અને મુક્તિ", પ્રકરણ ૧૮, પ્રશ્ન નંબર ૪, ૪૦ અને ૪૭
- (ઘ) ચતુર્મુખી બ્રહ્માના લોક વાચો 'ઉપાસના અને મુક્તિ", પ્રકરણ ૧૮, પ્રશ્ન નંબર ૭, ૩૯ અને ૪૭

(૬) પ્ર દ ન ૬૯થી બતાવેલ કડાગમા આવેલ ચોસઠમુખી બ્રહ્મા આ બ્રહ્માનું સ્થાન યથાર્થ રીતે જોતા અર્ધમાત્રાની અણી પર આવે‌ું છે તેમની ઉપાસના અતિ કઠિન છે પરતુ શબ્દબ્રહ્મનો આત્મા યા મહાવિભૂતિ આત્મા કે જે મહા સમર્થ ને દિવ્ય સદ્ગુરુ થયો હોય તે જ આ ઉપાસના સિદ્ધ કરી શકે છે આ ઉપાસના અત્યત ભયકર હોવાથી મહાપુરુષોથી પણ સિદ્ધ થતી નથી આ સ્થાનમા માત્ર સર્વશક્તિમાન સદ્ગુરુ અને દ્વાપર યુગના અવતારી પુરુષો જ જઈ શકે છે, તે સિવાય બીજા કોઈ પણ જઈ શકતા નથી

"માયા (જડ)ના અનુભવનું જ્ઞાન ચૈતન્યને થઈ શકે છે, પરંતુ ચૈતન્યના અનુભવનું જ્ઞાન માયાવાળા લૌકિક (એટલે જડ)ને થઈ શકતું નથી." જેવી રીતે મરણ વખતે સ્થૂલ દેહ જડ પડી રહે છે, તેવી રીતે સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને ચૈતન્યના ચારે દેહો ક્રમાનુસાર છૂટતાં યા પરિબળહીન થતાં તે સર્વ માયાતત્ત્વો હોવાથી જડ રહે છે. આમ છતાં જડત્વ ચૈતન્યના સંસર્ગમાં (એટલે સોબતમાં) હોવાથી તે ચેતનરૂપ જણાય છે. પોતાના અંગૂઠાને ચૂસનાર બાળકને ધાવણ કર્યાની મિથ્યા ભ્રમણા થાય છે, (કેમ કે અંગૂઠામાંથી ધાવણ આવતું જ નથી) તેવી રીતે જડમાયામાં ચેતનની ભ્રમણા જ થાય છે. કેમ કે જે ખરેખર ચેતન છે તે તો "एकमेवाद्वितीयं ब्रह्म" એટલે એક જ અદ્વિતીય બ્રહ્મ (અલૌકિક) છે. તેથી તે ચૈતન્યને જોવાતું નથી, પણ જોયા કે ઇચ્છયા કે કલ્પ્યા વિના સ્વતઃ તે અલૌકિક છે. (એટલે જેમ મરચું દેખાય પણ મરચાની તીખાશ ન દેખાય, રાઈ દેખાય પણ રાઈની તીખાશ ન દેખાય, ખાંડ-ગોળ-શેરડી-મીઠાઈ દેખાય પણ તેની મીઠાશ જોઈ શકાતી નથી પણ માત્ર અનુભવથી જાણી શકાય છે. તેથી જોયા વિના જે જણાય તે અલૌકિક કહેવાય, એમ કહ્યું છે.) આ રીતે જે જણાય તે અલૌકિક અને બ્રહ્મતત્ત્વાનુસંધાન છે. આ હકીકત દૃષ્ટાંતથી પ્રતિપાદિત કરતાં જણાવ્યું છે કે, ગૃહસ્થાશ્રમના અનુભવવિહીન છોકરી કોઈ સાસરે જઈ આવેલી છોકરીને પૂછે કે ગૃહસ્થાશ્રમમાં પતિનું સુખ કેવું? ત્યારે વાણીમાં તેનો ખ્યાલ ન આપી શકતાં અનુભવથી જ એ સમજાય છે એમ તે કહે છે. આવું કઢંગું દૃષ્ટાંત આપી મન, બુદ્ધિ, વાણી, અંતર, ઇચ્છા, કલ્પના આદિથી પર જે અલૌકિક માર્ગ છે; તે માર્ગ અનુભવે તેને જ અનુભવના સમયે સમજાય તેવો છે. વધુ સ્પષ્ટતા માટે, વેદે પણ "નેતિ" કહી તે વર્ણવવામાં પોતાની અસમર્થતા દર્શાવી છે આ રીતે આત્મચેતન અને પરમચેતનનો બ્રહ્માનુભવ છે તે માત્ર અલૌકિક અનુભવનો માર્ગ છે, ત્યાં મન, બુદ્ધિ, વાણી, કલ્પના આદિ સર્વ નકામા અને વિઘ્નરૂપ છે.

અસાર સંસારમાં લૌકિક દૃષ્ટિથી જે જોવાય તે લૌકિક એટલે માયાવાળું હોય છે અને આત્મદૃષ્ટિથી જે જોવાય તે માયાથી પર એટલે અલૌકિક દેખાય છે. લૌકિક દૃષ્ટિથી અલૌકિક દેખાતું નથી અને અલૌકિક દૃષ્ટિથી લૌકિક દેખાતું નથી.

(૧૦) શિષ્ય : લૌકિક ૐનાં નવ સ્થાન જણાવ્યાં પણ તે સ્થાનો શી રીતે પ્રાપ્ત કરી શકાય તે જણાવશો?

વ્યાસ : આ વિષે "ઉપાસના અને મુક્તિ"ના પ્રકરણ ૧૮માં ઘણાં સ્થાનોનો ખુલાસો કરવામાં આવ્યો છે.

(૧) પ્ર. દ. નં. ૮૮થી બતાવેલ ઉકારમંડળ : વાંચો "ઉપાસના અને મુક્તિ", પ્રકરણ ૧૮, પ્રશ્ન નંબર ૨.

(૨) પ્ર. દ. નં. ૬૬થી બતાવેલ મકારમંડળ : વાંચો "ઉપાસના અને મુક્તિ", પ્રકરણ ૧૮, પ્રશ્ન નંબર ૩ ને ૪૬.

(૩) પ્ર. દ. નં. ૫૯થી બતાવેલ સૂર્યલોક : જેઓ સદાચારવ્રત પાળી સૂર્યનારાયણની ઉપાસના અને ધ્યાન આખી જિંદગી સુધી કરે છે, તેઓને સંસારમાં વૈદિક જ્ઞાન અને મનોનિગ્રહ કરવાની શક્તિ મળે છે અને મરણ બાદ તેઓ સૂર્યલોકમાં જાય છે. તેઓ જ્યાં સુધી પુણ્યબળ હોય ત્યાં સુધી સૂર્યલોકમાં રહે છે અને પુણ્ય પૂરું થતાં તેઓને ફરી મનુષ્યલોકમાં જન્મવું પડે છે.

(૪) પ્ર. દ. નં. ૫૮થી બતાવેલ ચંદ્રલોક : જેઓ સદાચારી રહી આખી જિંદગી સુધી ચંદ્રદેવની ઉપાસના અને ધ્યાન કરે છે, તેઓ મરણ બાદ ચંદ્રલોકમાં જાય છે અને અહીં પણ જ્યાં સુધી પુણ્યબળ હોય ત્યાં સુધી તેઓ ચંદ્રલોકમાં રહે છે અને સુકૃત પૂરું થતાં તેઓને ફરી જગતમાં જન્મવું પડે છે.

(૫) પ્ર. દ. નં. ૪૧થી બતાવેલ અકારમંડળ : અકારમંડળ એટલે ઈશ્વરકોટિ. ઈશ્વરકોટિમાં ચાર સ્થાનો છે: (૧) શક્તિલોક, (૨) શિવલોક, (૩) વિષ્ણુલોક અને (૪) બ્રહ્માના લોક. દરેક લોકનાં વર્ણન નીચે પ્રમાણે છે :

(ક) શક્તિલોક : વાંચો "ઉપાસના અને મુક્તિ", પ્રકરણ ૧૮, પ્રશ્ન નંબર ૧૦, ૪૨ અને ૪૭.

(ખ) શિવલોક : વાંચો "ઉપાસના અને મુક્તિ", પ્રકરણ ૧૮, પ્રશ્ન નંબર ૪, ૪૦ અને ૪૭.

(ગ) વિષ્ણુલોક : વાંચો "ઉપાસના અને મુક્તિ", પ્રકરણ ૧૮, પ્રશ્ન નંબર ૪, ૪૦ અને ૪૭.

(ઘ) ચતુર્મુખી બ્રહ્માના લોક : વાંચો "ઉપાસના અને મુક્તિ", પ્રકરણ ૧૮, પ્રશ્ન નંબર ૭, ૩૯ અને ૪૭.

(૬) પ્ર. દ. નં. ૬૯થી બતાવેલ કડંગમાં આવેલ ચોસઠમુખી બ્રહ્મા : આ બ્રહ્માનું સ્થાન યથાર્થ રીતે જેનાં અર્ધમાત્રાની અણી પર આવેલું છે, તેમની ઉપાસના અતિ કઠિન છે. પરંતુ શબ્દબ્રહ્મનો આત્મા યા મહાવિભૂતિ આત્મા કે જે મહા સમર્થ ને દિવ્ય સદ્‌ગુરુ થયો હોય ને જ આ ઉપાસના સિદ્ધ કરી શકે છે. આ ઉપાસના અત્યંત ભયંકર હોવાથી મહાપુરુષોથી પણ સિદ્ધ થતી નથી. આ સ્થાનમાં માત્ર સર્વશક્તિમાન સદ્‌ગુરુ અને દ્વાપર યુગના અવતારી પુરુષો જ જઈ શકે છે, તે સિવાય બીજા કોઈ પણ જઈ શકતા નથી.

આ વિષય ચાલતો હતો તેવામાં એક બીજા શિષ્યે વચમાં પૂછયું કે, સદ્‌ગુરુ કોને કહેવાય?

વ્યાસ : જે ગુરુઓ માત્ર માર્ગદ્રષ્ટા બની જ્ઞાન, યોગાદિ શીખવી દૂર ખસી જાય છે તેમને માત્ર "ગુરુ" માનેલા છે, પણ સદ્‌ગુરુ માન્યા નથી. પણ જે ગુરુઓ પોતે આત્મનૌકા બની તેમાં અન્ય આત્માઓને બેસાડી પોતાની જ્ઞાન-યોગશક્તિ અર્પણ કરી પરમાત્મા સુધી પહોંચાડે છે તેમને જ "સદ્‌ગુરુ" માન્યા છે. જે માત્ર ગુરુઓ છે તેમને પોતાના માર્ગે ચાલનારનું કલ્યાણ થાય વા અકલ્યાણ થાય તેની સાથે નિસબત હોતી નથી, ત્યારે સદ્‌ગુરુને તો અમે બંને ગુરુ અને શિષ્ય સાથે સત્કર્મ કરીશું, સાથે તરીશું અને કોઈ પણ રીતે શિષ્યના આત્માનો ઉદ્ધાર થવો જ જોઈએ તે તેનું કર્તવ્યબંધન હોવાથી માતા કરતાં અધિકરૂપે પોતાનું પુણ્ય અર્પણ કરી ભવપાર કરાવનારને "સાચા સદ્‌ગુરુ" માનેલા છે. અર્થાત્ स ऐष पूर्वेपामपि गुरु कालेनाऽनवच्छेदात् । (પતંજલ યોગસૂત્ર) એટલે જે કાળના કાળ વરે છેદાતા નથી અને અનંત કાળે પણ જેનું છેદન કે નાશ થઈ શકતો નથી, તેને જ સૌથી શ્રેષ્ઠ પરમ સદ્‌ગુરુ માન્યા છે અને તેવા શ્રેષ્ઠ પરમ સદ્‌ગુરુ તે પરમાત્મા-પરમેશ્વર છે. જે દેહ છોડનાર ગુરુએ પોતાની હયાતીમાં પોતાના આત્મકલ્યાણ ઉપરાંતનું વધારાનું તમામ પુણ્યબળ અને જ્ઞાન-યોગ શક્તિઓ પોતાના શિષ્યોના આત્મોદ્ધાર માટે પ્રણવ-ૐકારનાં સાત સ્થાનો (કે જ્યાં દરેક આત્માની મોક્ષે જતાં કસોટી થાય છે તે સ્થાનો)માં યા અર્ધું પુણ્યબળ અક્ષરબ્રહ્મમાં અને અર્ધું પુણ્યબળ ને શક્તિઓ પરમગતિમાં સમર્પણ કરી ટ્રસ્ટ કર્યું હોય તે જ "સદ્‌ગુરુ" છે, તે સિવાય બાકીના બધા માત્ર "ગુરુ" છે. આવા સદ્‌ગુરુ પરમાત્માના પ્રતિબિંબરૂપ હોય છે.

(૭) પ્ર. દ. નં. ૩૯થી બતાવેલ બ્રહ્મરંધ્ર સ્થાન : જે યોગીઓ ભક્તિ-પ્રાધાન્ય હોય છે અને તેમાં નવધા ભક્તિ પૈકી છેલ્લી પ્રેમલક્ષણાભક્તિમાં નિમગ્ન થયેલા હોય છે, તેઓ અક્ષરબ્રહ્મ-નારાયણના હૃદયમાં રહેલા અંશાત્માઓ કે જેઓ સંસારમાં ભૂમિભાર ઉતારવા અને ધર્મસ્થાપન કરવા અગર મર્યાદા શીખવવા જે અવતારી પુરુષો તરીકે આવે છે (રામ–કૃષ્ણાદિ) તે નવસોનવાણું અક્ષર હૃદયગ્રંથિ આત્માઓના તથા નારાયણ-અક્ષરબ્રહ્મના આત્માનાં દર્શન કરી આનંદ પામે છે. પરંતુ તેમનામાં મોક્ષ મેળવવાની ભાવના ન હોવાથી તથા મોક્ષની ઉપાસના કરેલી ન હોવાથી તેઓ અક્ષરધામમાં નિવાસ ન કરતાં નિત્યમુક્ત બ્રહ્મસ્વરૂપે પ્ર. દ. નં. ૩૯થી બતાવેલ બ્રહ્મરંધ્રમાં નિવાસ કરે છે. આ જ સ્થળે જેમને કાર્ય માટે શ્રીમન્નારાયણે સંસારમાં મોકલ્યા હોય અને તે

કાર્યો પૂર્ણ કરવા બીજા જન્મો લેવાના બાકી હોય, તે વિભૂતિ આત્માઓ નિત્ય મુક્ત આત્માઓ સાથે વસે છે, પરન્તુ તેમનુ ધ્યેય માત્ર કાર્ય પૂરા કરવાનું અને તે પૂર્ણ કરીને મોક્ષપ્રાપ્તિ કરવાનુ હોય છે એટલે તે આત્માઓ બીજા જન્મ લેતા સુધી ત્યા રહે છે છતા તેમના ધ્યેયને ચૂકતા નથી આ નિત્યમુક્ત આત્માઓ યા વિભૂતિ આત્માઓ અક્ષરનિવાસી લોકો કરતા ઘણી ઊંચી કક્ષાના હોય છે એટલુ જ નહીં પણ અક્ષરબ્રહ્મ નારાયણના જેટલી જ સત્તાવાળા હોવા છતા વિશ્વમા કોઈ સ્થળે પોતાની સત્તા ચલાવતા નથી આ સત્તા તેમને નારાયણે આપેલી હોતી નથી, પણ તેમણે યોગબળથી અને સહસ્રગ્રથિ આત્માઓના અભેદ્ય સ્પર્શનથી પ્રાપ્ત કરેલી હોય છે

(૮) પ્ર દ ન ઉપરથી બતાવેલ ગોલોક યા સામીપ્ય મુક્તિસ્થાન જુઓ પ્રકરણ ૧૮, "ઉપાસના અને મુક્તિ", પ્રશ્ન નબર ૪૩ ને ૪૮મા આ સ્થાન વિષે ખુલાસો કરવામા આવ્યો છે છતા વધારામા જણાવવામા આવે છે કે, જેઓ સદાચારી રહી આખી જિંદગી સુધી અક્ષરબ્રહ્મ-નારાયણનું અગર તેમના વિરાટ સ્વરૂપમાથી ઉત્પન્ન થતા માયાવી કળાવાળા રામ કૃષ્ણાદિ અવતારોનુ ધ્યાન કરે છે, તેઓને સસારમા ચાર ઈશ્વરો (ચતુર્મુખી બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને આદિશક્તિ)મા જે ઐશ્વર્ય આપવાની શક્તિ છે તે તમામ મળે છે અને મરણ બાદ તેઓ અર્ધમાત્રાના ગોલોક યા બ્રહ્મલોકમા જાય છે અને ત્યા અક્ષરનિવાસમા રહી પ્રભુનારાયણના દર્શન કરીને આનદ મેળવે છે પરતુ આ ગતિ પણ સદાસર્વદા કાયમ રહેવાવાળી નથી કેમ કે "ક્ષીણે પુણ્યે મર્ત્યલોક વિશન્તિ" પુણ્ય હોય ત્યા સુધી જ તેઓ આ ઊંચલોકમા રહીને છેવટે મૃત્યુ-લોકમા જન્મમૃત્યુના ફેરામા આવી પડે છે અર્થાત્ જે વિદ્વાન અર્ધમાત્રાના અક્ષરબ્રહ્મ-નારાયણને વિવેક વડે જાણીને જપે છે, તે અક્ષરબ્રહ્મની માયાના તત્ત્વ-ગુણી સત્પુરુષ રૂપે, શાત રૂપે, સર્વ પ્રપચથી રહિત રૂપે, જરારૂપી વિકારથી રહિત અને અમર રૂપે મૂળરૂપ પરબ્રહ્મ નારાયણની સમીપમા રહીને પરબ્રહ્મના સાક્ષાત્કાર દર્શન કર્યા કરે છે આને સામીપ્યમુક્તિ કહેલી છે

(૯) પ્ર દ ન ઉપરથી બતાવેલ અક્ષરધામ કે જે અર્ધમાત્રામા આવેલ છે અને તે અવતારનારી ઈશ્વરોનુ વિરામસ્થાન જણાય છે તે નારાયણના હૃદયમા રહેલા નવસોનવાણુ આત્માઓ કે જેને "ચિદાકાશ" કહી સબોધવામા આવે છે અને તેમ રહેનાર સહસ્રગ્રથિમાના નવસોનવાણુ પૈકી જેને આજ્ઞા થાય તેમને તુરત જવાનુ હોય છે એટલે ખડેપગે તૈયાર રહેવાનુ હોય છે વળી તે જ આત્માઓ ઈશ્વરી અવતારોરૂપે (શ્રીરામ કૃષ્ણ આદિ રૂપે) ધર્મ

[૬]સ્થાપવા માટે ધર્મની હાનિ થાય ત્યારે આવે છે અને અક્ષરધામમાં છેવટે પોતાનું કાર્ય પૂરું કરીને જાય છે પ્ર દ ન ૩૭થી બતાવેલ અક્ષરધામ કે જે અક્ષાવતારીઓનું વિશ્રામસ્થાન છે તે વિશ્વેશ્વર નારાયણનું ધામ છે, પરંતુ ત્યાં માત્ર અવતારી પુરુષો જ જઈ શકે છે

તમોને લૌકિક ૐના નવ વિભાગનું આ સ્થાનનું વર્ણન જણાવ્યું છે આ નરકમાંના કોઈ પણ સ્થાનને જાણવાથી મોક્ષ થતો નથી અને જ્યાં સુધી મોક્ષ થાય નહિ ત્યાં સુધી પાછું જન્મવું પડે છે તેથી કહ્યું છે કે

पुनर्देहान्तर याति यथाकर्मानुसारत ।
आमोक्षात्सचरत्येव मत्स्य कूलद्वय यथा ।।
(શિવગીતા, અધ્યાય ૧૧, શ્લોક ૧૨)

અર્થ દેહમાંથી આ સૂક્ષ્મ ગયેલો લિંગ શરીર સહિત આ જીવ પાછો દેહાન્તરમાં —બીજા શરીરમાં પોતાના કર્માનુસાર પ્રવેશે છે મોક્ષ થતા સુધી જેમ માછલું બે કિનારા પર જળાશયમાં આવજાવ કર્યા કરે છે, તેમ જીવ પણ દેહ દેહમાં આવાગમન કર્યા કરે છે અર્થાત્ મોક્ષ થયા વિના જીવ ગોલોક સુધી જઈ જઈને પાછો આવે છે)

उभाभ्या मनुष्यलोक ।। (શ્રુતિ)

અર્થ પાપોના ભોગને વાસ્તે કેવળ જીવને નર્કોમાં જ વાસ કરવો પડે છે અર્થાત્, પાપ અને પુણ્યોના ભોગ વાસ્તે જીવને મનુષ્યલોકમાં આવવું પડે છે

तत्रव प्रसमानोऽसौ यावत्कर्मफल वसेत ।
तथैव कमशेषेण यथेत पुनरावर्जत् ।।
(શિવગીતા, અધ્યાય ૧૧, શ્લોક ૧૬)

અર્થ ચન્દ્રલોકમાં જ્યાં સુધી કર્મફળ હોય છે ત્યાં સુધી ચન્દ્ર સમાન વૈભવ પામીને જેવો ત્યાં ગયો હતો તેવો જ ત્યાંથી તે પાછો વળે છે

(૧૧) શિષ્ય અલૌકિક ૐના નવ વિભાગનું વર્ણન જણાવશો?

વ્યાસ (૧) પ્ર. દ. ન ૧૩, ૧૪, ૧૫ અને ૧૬થી બતાવેલ મન્વંતરોનું સ્થાન આ સ્થાને થવા આત્માઓ ફસાય છે જેમ વીજળીના ઝટકા લાગે તેમ મન્વંતરોના (સનન્દન, સનત્કુમાર, સનાતન અને સનક) પણ ઝટકા લાગે છે પણ સદ્‌ગુરુના પુણ્યબળ અને જ્ઞાનયોગ શક્તિના પ્રભાવે શિષ્યના આત્માને ખાસ ઝટકાઓ લાગતા નથી. વળી એ ચારે મન્વંતરોના સ્વરૂપ પરમાત્માના જેવા હોવાથી સદ્‌ગુરુની આત્મિક સહાય વિનાનો આત્મા મન્વંતરોને જ પરમાત્મા

માની બેસે છે અહીં જગતમા મહાન ગણાતા પુરુષોના આત્માઓ ફસાયેલા જોવામા આવે છે, જ્યારે સદ્ગુરુનું પુણ્યબળ ને જ્ઞાનયોગ શક્તિઓ શિષ્યના આત્માને ત્યા આગળ ફસાવા ન દેતા ઉછાળો મારી ત્યાથી આગળ ફેંકી દેવાનુ કાર્ય કરે છે

(૨) પ્ર દ ન ૧૭થી બતાવેલ બ્રહ્મકૂપ યા બ્રહ્મસ્તભનુ સ્થાન બ્રહ્મકૂપમા હમેશને માટે ચાલુ તેજનું વમળ આવે છે અને જે આત્મા મોક્ષે જતો હોય તેને આ વમળમાથી નીકળવાનુ હોય છે આ બ્રહ્મકૂપમાથી નીકળવુ તે એક મહા મુશ્કેલ કાર્ય છે, અને તેમા દરેક આત્મા વમળમા ફસાઈ પડે છે પરંતુ સદગુરુની આત્મિક મદદ હોય તો યા આત્મા આત્મબળવાળો હોય તો તેમાથી ગુલાટ મારીને બહાર પરમગતિમા નીકળી જાય છે અને એ આત્મા જાણે પોતે નવીન આત્મા બની ગયો હોય એ ] તેને લાગે છે (તેથી સદગુરુએ કેટલાક શિષ્યોને "તારકમત્ર" તેમની હયાતીમા જ આપેલો હોય છે અને કેટલાક શિષ્યોને આ "તારકમત્ર" બ્રહ્મદશામા સદગુરુથી આ સ્થાને આપે છે આ સ્થાને આપેલો તારકમત્ર જપવાથી બ્રહ્મકૂપ બહુ જ સહેલાઈથી ઓળગી જવાય છે) (જ્ઞાનદીક્ષા એટલે તારકમત્રનો ઉપદેશ માત્ર બ્રહ્મદશામા જ અપાય છે ને લેવાય છે તેથી કેટલાક પુસ્તકોમા ભગવાન શિવ તારકમત્રનો ઉપદેશ આપે છે એમ કહ્યુ છે પણ તેનુ સત્ય રહસ્ય એ છે કે કલ્યાણરૂપ શિવ એટલે સદગુરુ આત્મકલ્યાણનું પરમવિધાન તે વખતે બ્રહ્મદશામા જ્ઞાનાનુભવરૂપે સમજાવે છે અને તારકમત્ર આપે છે) આ તેજના વમળમાથી નીકળવા જતા આત્મા તેજના ખીણમા ઊંડો પેસતો જાય છે તેમ તેને લાગે છે એટલા માટે આ સ્થાને સર્વશક્તિમાન સદગુરુની અવશ્ય જરૂર પડે છે

(૩) પ્ર દ ન ૧૧થી બતાવેલ સહસ્રગ્રથિ ધારણ, તેજસ, બ્રહ્મ, વિભૂતિ આત્માસ્થાન આ સ્થાનમાથી આવનાર આત્મા સદ્ગુરુ થઈ શકે છે કેમ કે આ સ્થાનમાથી આવનાર પરમાર્થી આત્મા કેવળ વિશ્વના આત્માઓના ઉદ્ધારાર્થે જ જન્મે છે અને અનેક આત્માઓને સાયુજ્યમુક્તિ અપાવ્યા બાદ પોતે મોક્ષપદને પામે છે

(૪) પ્ર દ. ન ૧૮થી બતાવેલ દસ કળાત્મજ્યોતિ આત્મિક સ્થૂલ ત્યાગે છે તે સ્થાન અશુદ્ધ પરમગતિમા (જુઓ પ્ર દ ન ૨૧) ગુહ્યરૂપે ચાર મન્વતરો અને બ્રહ્મકૂપ આવેલા છે તેનું વર્ણન ઉપર નબર ૧ ને ૨મા જણાવ્યુ છે મોક્ષે જતા આત્માએ આ બે સ્થાનમાથી નીકળવાનું રહે છે, ત્યાર બાદ પરમગતિમા આગળ વધાય છે આ બે સ્થાનમાથી નીકળનાર આત્મા અશુદ્ધ પરમગતિ વટાવી જઈ ઊર્ધ્વગતિ કરે છે

(૫) પ્ર દ ન ૧૨થી બતાવેલ 'આકાશ વ્યાપક શબ્દબ્રહ્મ' યા 'ૐ બ્રહ્મ' સ્થાન આ પ્રકરણના પ્રશ્ન નંબર (૨)માં ખુલાસો આપ્યો છે આ સ્થાનમાંથી આવનાર આત્મા સમર્થ સદ્‌ગુરુ થઈ શકે છે આ આત્મા પણ મહા વિભૂતિ તરીકે ઓળખાય છે પોતાનું કાર્ય સંપૂર્ણ કરવા માટે ઓછામા ઓછા ત્રણ અને વધારેમાં વધારે પાંચ અવતારો લેવા પડે છે વિશ્વના અનેક આત્માઓની મોક્ષગતિ કર્યા બાદ પોતે મોક્ષપદને પામે છે

(૬) પ્ર દ ન ૯થી બતાવેલ દ્વાદશકળા આત્મજ્યોતિ આત્મિક સૂક્ષ્મ તેજ છે તે સ્થાને મોક્ષ જતા આત્માને આ સ્થાનમાથી નીકળવાનુ હોય છે આ સ્થાને વીજળીના જેવા ઝટકાઓ લાગે છે આ કાર્ય કોઈ પણ આત્માથી સદ્‌ગુરુની આત્મિક મદદ વિના બનવું અતિ મુશ્કેલ છે કેમ કે આ સ્થાને પરમગતિ કાયમને માટે ચક્કર ચક્કર ફર્યા કરે છે અહીં સદ્‌ગુરુનું પુણ્યબળ અને યૌગિક શક્તિઓ શિષ્યના આત્માના આત્મદહરમાં રહેલી આત્મજ્યોતિને જુદી પાડવાનુ કાર્ય કરે છે અને તે આત્મજ્યોતિને પરમાત્માને પામવા માટે શુદ્ધ પરમગતિમાં ધકેલી દે છે અહીં ખાસ યાદ રાખવાનુ છે કે દરેક આત્માના અંતરના ભાગમાં ગૂઢ બ્રહ્મત્વ રહ્યું છે, તે બ્રહ્મત્વને યા આત્મજ્યોતિને આત્માના આત્મદહરમાથી બહાર કાઢવી એ કાર્ય શિષ્યોથી તેમ જ યોગીઓથી પણ બનવું મુશ્કેલ છે આ કાર્ય કેવળ મહાસમર્થ સદ્‌ગુરુ સિવાય કોઈ કરી શકે એમ નથી એટલા કારણે આ સ્થાને પરમ ને દિવ્ય સદ્‌ગુરુ પોતાના શિષ્યોના આત્મક યાથાર્થ જ્ઞાનયોગશક્તિઓ ખાસ રાખે છે સદ્‌ગુરુની આત્મિક કૃપા વિના આ કાર્ય એકલા આત્માથી કદી પણ બનતું નથી

(૭) પ્ર દ ન ૭થી બતાવેલ ચતુર્દશકળા શુદ્ધાત્મજ્યોતિ આત્મિક કારણ લાગે છે તે સ્થાને મોક્ષ જતા આત્માને આ સ્થાનમાથી નીકળવાનુ હોય છે આ ગૂઢ પરમગતિમાથી આત્મજ્યોતિને પસાર થવુ તે પણ ઘણુ મુશ્કેલ કાર્ય છે કેમ કે પરમાત્માના અનંત જ્ઞાનચૈતન્ય શક્તિવાળા પરમપ્રકાશના ધોધને ભેદીને આગળ વધવું યા ધોધમાથી પસાર થવુ તે આત્મજ્યોતિ માટે એક મોટો પ્રશ્ન હોય છે જેમ બપોરે બાર કલાકે સૂર્યનારાયણ સામે ખુલ્લી આંખે જોઈ શકાતુ નથી તેવી જ રીતે કરોડો સૂર્યનારાયણના પ્રકાશરૂપ પરમાત્માના અનંત જ્ઞાનચૈતન્યના ધોધને ભેદીને આગળ વધવું એ કાર્ય સદ્‌ગુરુની આત્મિક મદદ વગર શિષ્યના આત્માની આત્મજ્યોતિથી બનવુ અત્યંત મુશ્કેલ છે એટલા માટે મહાન સદ્‌ગુરુ પોતાની યૌગિક અને આત્મિક શક્તિઓ આ સ્થાને ખાસ રાખે છે જ્યારે સદ્‌ગુરુની આત્મિક મદદથી તે આત્મજ્યોતિ આધી શુદ્ધ પરમગતિ વટાવી જાય છે ત્યારે પરમાત્માના જ્ઞાનચૈતન્યનું ગુરુત્વાકર્ષણ તેને

લાગુ પડે છે જેમ લોહચુંબકની અંતરમર્યાદા હોય છે તેમ પરમાત્માની અંતરમર્યાદા શુદ્ધ પરમગતિ હોઈ, શુદ્ધ પરમગતિમા અર્ધે સુધી પહોચ્યા વિના તે આત્મજ્યોતિને પરમાત્માના જ્ઞાનચૈતન્યનું ગુરુત્વાકર્ષણ લાગુ પડતું નથી ત્યાર બાદ તે આત્મજ્યોતિ જો લૌકિક ઈચ્છારહિત બની હોય તો જ "તાત્ત્વિક શુદ્ધ પરમગતિ"મા (જુઓ પ્ર દ નં ૫) જાય છે અગર તો સદ્ગુરુની જ્ઞાન યોગશક્તિ જ્યોતિરૂપ બની તે આત્મજ્યોતિને તાત્ત્વિક શુદ્ધ પરમગતિમા લઈ જાય છે અને ત્યાંથી પરમાત્માની (જુઓ પ્ર દ ન ૧થી ૩) સન્મુખ લાવી તેને જોરથી ધક્કો મારે છે તેથી તે આત્મજ્યોતિ પરમજ્યોતિ પરમાત્મામા એકરસ, એકરૂપ થઈ જાય છે આને જ અદ્વૈત મોક્ષ કહેવામા આવે છે

(૮) પ્ર દ નં ૫થી બતાવેલ પયોદશક્તિ આત્મિક મહાકારણ ત્યાગે છે તે સ્થાન આ પણ એક ગૂઢ પરમગતિનું સ્થાન છે તેને "તાત્ત્વિક શુદ્ધ પરમગતિ" કહેવામા આવે છે આ સ્થાનમાથી કેવી રીતે નીકળાય છે તે ઉપર નબર (૭)મા જણાવ્યુ છે

(૯) પ્ર દ ન ૧, ૨ ને ૩થી બતાવેલ પરમાત્મા પરમેશ્વર જ્ઞાન સ્વરૂપ પરમાત્માને યા અદ્વૈત મોક્ષને કેવી રીતે પમાય છે તે વર્ણન પણ ઉપરોક્ત નબર (૭)મા જણાવ્યુ છે બિંદુમા આવેલ જ્ઞાનમૂર્તિ પરમાત્મા આકાશે બિરાજે છે

આ અલૌકિક ૐના નવ વિભાગનુ જ્ઞાન કૃષ્ણ મહા ને અમર સદ્ગુરુ (કે જેમ્ નુ પરમાત્માની શુદ્ધ પરમગતિમાથી યા શબ્દબ્રહ્મમાથી મહાવિભૂતિરૂપે પૃથ્વી પર અવતાર લીધો હોય તે) સિવાય કોઈ જાણતું નથી પરમાત્મા પરમેશ્વર સર્વજ્ઞ હોવા છતા કોઈને પોતાનો યા પ્રણવ ૐકારનો મહિમા સમજાવતા નથી, પણ જ્યારે શુદ્ધ પરમગતિનો યા શબ્દબ્રહ્મનો આત્મા મૃત્યુલોકની પૃથ્વી પર આવે છે ત્યારે જ લૌકિક અને અલૌકિક ૐકારનો મહિમા તે મહાવિભૂતિ આત્મા પાસેથી જાણવાનો મળે છે એટલુ જ નહિ પણ તે મહાવિભૂતિ આત્મા પોતાના આત્મબળનો ભોગ આપીને તેના શિષ્યોને તદાકાર ધ્યાન દ્વારે ઊંચે ચઢાવી, પોતાની આત્મનૌકામા બેસાડી, શિષ્યોના આત્માની અંદર રહેલી આત્મજ્યોતિને પરમાત્મા પરમેશ્વર સાથે એક કરી નાખે છે આવુ ગુહ્ય અને અલૌકિક જ્ઞાન બીજા કોઈ સાધારણ ગુરુઓ જાણતા નથી તેથી સદ્ગુરુ શ્રીવ લભરામે "એકાક્ષરબ્રહ્મની આરતી"મા લખ્યુ છે કે

"વેદમા સૂક્ષ્મ વેદ, જય જય, વેદમા સૂક્ષ્મ વેદ
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ, બ્રહ્મા વિષ્ણુ સદાશિવ
શોધન કરે સહુ ભેદ, જય જય જય જય જય ૐકાર

શકિત શેષ નરેશ, જય જય, શક્તિ શેષ નરેશ
સુરીનર મુનિવર સરખા, સુરીનર મુનિવર સરખા
પાર પામે કોઈ લેશ, જય જય જય જય જય ૐકાર"

(૧૨) શિષ્ય આપશ્રીએ પ્રશ્ન (૨)મા શબ્દબ્રહ્મ વિષે કહ્યુ તે યોગ્ય છે, પરતુ આ વિષય પર વધાર સમજૂતી જણાવશો?

વ્યાસ "મહાવાકયેષુ"મા જણાવ્યુ છે કે

परमेश्वरस्य प्रथम प्रथमश्वास निर्गत ॐकारइति ॥

પરમેશ્વરનો પ્રથમ શ્વાસ નીકળતા જ પ્રથમ ૐકાર નીકળ્યો અને તે આકાશમા વ્યાપક થઈ જવાથી 'ખ બ્રહ્મ" અને "શબ્દબ્રહ્મ" કહેવાયો છે જેના વડે જન્મ મૃત્યુ નિવારણ થાય, સદા દુ ખની નિવૃત્તિ થાય અને અખડ સુખની પ્રાપ્તિ થાય, તેવો સર્વશ્રેષ્ઠ મત્ર માત્ર પ્રણવ હોવાથી અને તે પ્રણવ આકાશમા શબ્દબ્રહ્મરૂપે વ્યાપક અને જપવા માટે સર્વોત્કૃષ્ટ હોવાથી વિશ્વેશ્વર નારાયણે બ્રહ્માને "ॐ ख ब्रह्म।"(યજુર્વેદ અને શ્રીસામવેદીય છાદોગ્યોપનિષત, પ્રપાઠક ૪, ખડ ૧૦, મત્ર ૫) આકાશવત વ્યાપક બ્રહ્મ પ્રણવની ઉપાસના કરવાનું કહ્યુ છે

નચિકેતાએ યમને પૂછયુ કે, પરમાત્માની પ્રાપ્તિ માટે કયા મત્રનુ ધ્યાન કરવુ? તેના ઉત્તરમા યમે કહ્યુ કે, પરમાત્માને પ્રાપ્ત કરવાનો મંત્ર શબ્દબ્રહ્મ ૐકાર છે તે અમરબ્રહ્મરૂપ છે આ અક્ષર શ્રેષ્ઠ મત્રોમા અતિ શ્રેષ્ઠ છે

મૂળ સ્વરૂપ પરમાત્મા અક્ષરાતીત હોવા છતા માત્ર તે અવિનાશી હોવાના ઉદ્દેશથી તેમને અક્ષર કહીને વર્ણવ્યા છે કમ કે તે તત્ત્વરૂપ વસ્તુ અક્ષર એટલે અવિનાશી છે અને બીજા શબ્દબ્રહ્મને એટલે જેઓના મુખથી તમામ વાણીના મૂળરૂપ એવો ૐ શબ્દ પ્રથમ નીકળ્યો છે, તેને "શબ્દબ્રહ્મ" કે "અક્ષરબ્રહ્મ" કહે છે અને તે શબ્દબ્રહ્મ તે જ અક્ષર સ્વરૂપ છે કારણ કે વેદવમા નારાયણના શ્રીમુખથી નીકળેલો પ્રથમ શબ્દ ૐ છે તેથી કહ્યુ છે કે

"वाणीना चैवमेवाय।"

(ભાગવત)

"सृष्टयादौ तत्समुत्पत्ते।"

(શક્તિગીતા, અધ્યાય ૪, શ્લોક ૮૨)

વાણીના પહેલાંનો વાણીના મૂળરૂપ અને પ્રથમ શબ્દ ૐ છે, અને તે ૐ સૃષ્ટિ વગેરેની પહેલા જ ઉત્પન્ન થયેલો છે અને તેથી ૐકારને અક્ષર કહેવો છે, અને તમામ વાણી એટલે કે દરેક ભાષાના મૂળાક્ષરો પણ તે ૐમાંથી જ થયેલા છે અને વાણીના અક્ષરોને પણ અક્ષર એટલા માટે કહેવાય છે કે

તમામ વાણીના અક્ષરોનું મૂળ ૐ છે એટલે તે "ओमित्येकाक्षरं ब्रह्म ।।" (શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૮, શ્લોક ૧૩) ૐ એ કોઈ પણ કાળે નાશ ન પામનારો એવો અક્ષરબ્રહ્મ છે.

વળી "બ્રહ્મબિંદૂપનિષત"માં કહ્યું છે કે, શબ્દબ્રહ્મ અને પરમબ્રહ્મ બેઉ વિદ્યમાન છે. પરમબ્રહ્મમાં શબ્દબ્રહ્મનો ક્ષય થવા છતાં કદાપિ પરમબ્રહ્મનો ક્ષય થતો નથી તેથી શાંતિ ઇચ્છનારા આત્માએ અવિનાશી પરમબ્રહ્મનું જ ધ્યાન કરવું. શબ્દવિદ્યા અને બ્રહ્મવિદ્યા બંને જાણવી જોઈએ. કેમ કે શબ્દબ્રહ્મના જ્ઞાનમાં નિપુણ થવાથી બ્રહ્મવિદ્યામાં પ્રવેશ થાય છે. તેથી શબ્દબ્રહ્મના સ્થૂલરૂપ શ્રુતિ જ્ઞાનના અધિકારી વિના બ્રહ્મવિદ્યાનું જ્ઞાન થતું નથી. વળી "બ્રહ્મવિદ્યોપનિષત"માં જણાવ્યું છે કે, નાદરૂપે પ્રણવ સર્વને વ્યાપીને સ્થિત છે. પ્રણવના વાચ્ય બ્રહ્મનું જે એકાગ્રતા વડે ચિંતન કરે છે તે મોક્ષ મેળવે છે.

> ॐ। पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते। पूर्णस्य
> पूर्णमादाय पूर्णमेवावशिष्यते। ॐ खं ब्रह्म। खं पुराणं
> वायुरं खमिति ह स्माऽऽह कौरव्यायणीपुत्रो वेदोऽयं
> ब्राह्मणा विदुर्वेदेनेन यद्वेदितव्यम्॥
> (શ્રીશુક્લયજુર્વેદીય બૃહદારણ્યકોપનિષત, અધ્યાય ૫, બ્રાહ્મણ ૧, મંત્ર ૧)

ૐ તે પૂર્ણ છે અને આ પણ પૂર્ણ છે. કારણ કે પૂર્ણમાંથી પૂર્ણની ઉત્પત્તિ થાય છે તથા પૂર્ણનું પૂર્ણત્વ લઈને પૂર્ણ જ બાકી રહે છે. (આ સૂત્ર કેવા સંજોગમાં કહેવાયું? પ્રાચીન ગુરુઓ પૂર્ણજ્ઞાની, પૂર્ણધ્યાની, પૂર્ણયોગી અને પૂર્ણચરિત્રવાન હતા. તેથી તેઓએ કહ્યું છે કે આત્મા, આત્મજ્યોતિ અને પરમાત્મા જ્યારે પૂર્ણરૂપે થાય ત્યારે પૂર્ણથી અપૂર્ણ પણ પૂર્ણ થાય છે. એટલે કે પરમાત્માથી આત્મજ્યોતિ પૂર્ણ થાય છે અને આત્મજ્યોતિથી આત્મા પૂર્ણ થાય છે; તેવી જ રીતે પરમાત્મા વડે ગુરુ અને ગુરુ વડે શિષ્ય પૂર્ણ થાય છે. ત્યારે આ સૂત્ર કહેલું છે કે આ પૂર્ણ છે, પૂર્ણ કરવામાં આવ્યું છે, બધા પૂર્ણનો મેળાપ છે એટલે કોઈ અપૂર્ણ નથી. અર્થાત્ પ્રભુ સૂર્યરૂપ છે, ગુરુ તેના માધ્યમ છે, ગુરુમાં પડનું સૂર્યના પ્રકાશરૂપી જ્ઞાનનું તત્ત્વ જ્યારે શિષ્યમાં ઉતારવામાં આવે છે, ત્યારે આધ્યાત્મિક દશામાં તે ત્રણે પૂર્ણ થાય છે અને પૂર્ણનો મેળાપ છે. તે વખતે આ પ્રભુ, આ ગુરુ, આ શિષ્ય, કોઈ જપનાર અને કોઈ જપવાની વસ્તુ રહેતી નથી. અર્થાત્ ૐને પ્રાચીન સમયમાં એક જ શ્રેષ્ઠ મંત્રરૂપે પરમેશ્વર સચ્ચિદાનંદનું નામ કહેલું છે. આ પરમબ્રહ્મ સર્વ પ્રકારથી પૂર્ણ છે. આ જગત પણ પૂર્ણતત્ત્વ-આત્મતત્ત્વ જ્ઞાનચૈતન્યથી ભરપૂર છે. પૂર્ણસ્વરૂપ પરમેશ્વરથી જ આ બ્રહ્માંડ ઉત્પન્ન થયું છે એટલે કે પૂર્ણસ્વરૂપ પરમેશ્વરમાંથી

જ્ઞાનચૈતન્યરૂપ આત્મબ્રહ્મને પૂર્ણપણે કાઢી લેવા છતા પણ પૂર્ણબ્રહ્મ જ શેષ રહે છે અર્થાત પ્રત્યેક આત્માનુ જ્ઞાનચૈતન્યતત્ત્વ તે પૂર્ણબ્રહ્મમાથી જ ઉત્પન્ન થયેલુ છે અને તે પૂર્ણબ્રહ્મમા જ સમાઈ જઈ એક માત્ર પૂર્ણબ્રહ્મ જ બાકી રહે છે માટે આત્માને પૂર્ણરૂપે થવા ફક્ત પૂર્ણબ્રહ્મમા તેનુ "સમર્પણ" હોવુ જોઈએ) હવે ૐકારના આલબનપણા વડે પરમાત્માનુ ધ્યાન કહે છે, ૐકાર "ખ"રૂપ (પ્રાચીન વા આમશઅવચ્છિન્નરૂપ) પરમાત્મા (છે એમ ધ્યાન કરવા યોગ્ય છે) ખ (શબ્દનો અર્થ) પ્રાચીન (છે) જેમ વાયુ રહે છે તે (ભૌતિક આકાશ) ખ (છે) એમ પ્રસિદ્ધ કૌરવ્યાયણીપુત્ર કહતા હવા, આ (ૐકાર) વેદ (છે એમ) બ્રહ્મવત્તાઓ જાણતા હવા, (કેમ કે) જે જ્ઞાતવ્ય (બ્રહ્મ છે તે) આ (ૐકાર) વડે (જિજ્ઞાસુ) જાણે છે પ્રસિદ્ધ વેદનુ વેદપણુ પણ જ્ઞાનના હેતુપણાથી જ છે

ब्रह्मप्रणवसधान नादो ज्योतिर्मय शिव ।
स्वयमाविभवेदात्मा मेघापायेंऽशुमानिव ॥
(શ્રીઋગ્વેદીય નાદબિન્દપનિષત, શ્લોક ૩૦)

અર્થ બ્રહ્મ અને પ્રણવના અનુસધાનથી કલ્યાણકારી જ્યોતિર્મય બ્રહ્મ નાદ ઉત્પન્ન થાય છે તેનાથી મેઘરૂપ આત્મા, વેદાત્મા પરમાત્માને આધીન થાય છે

सर्वे तत्र लय यान्ति ब्रह्मप्रणवनादके ।
सर्वावस्थाविनिर्मुक्त सर्वचिन्ताविवर्जित ॥
(શ્રીઋગ્વેદીય નાદબિન્દૂપનિષત, શ્લોક ૫૧)

અર્થ બ્રહ્મ અને પ્રણવના એકત્ર નાદથી વાસના ક્ષય થાય છે અને વિષ્ણુનુ પરમપદ પરમાત્મા પ્રાપ્ત થાય છે)

શબ્દબ્રહ્મ વિષે શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી (ઋષિકેશ) પોતાના "Triple Yoga" નામના ગ્રથમા જણાવે છે કે "સપૂર્ણ વિશ્વ જ ૐમાથી નીકળ્યુ છે સપૂર્ણ ધ્વનિઓનો આધાર ૐ છે ધ્વનિઓના સપૂર્ણ ચિહન ૐમાં કેન્દ્રિત છે ૐ સપૂર્ણ મત્રનો સાર અને આત્મતત્ત્વ છે સપૂર્ણ શાસ્ત્રોનો સાર ૐ છે બધા શબ્દો જે પદાર્થોને સૂચિત કરે છે તેઓ ૐમા કેન્દ્રિત છે એટલા માટે સમગ્ર વિશ્વ ૐમાથી ઉત્પન્ન થયુ છે, ૐમા રહેલુ છે અને ૐમા જ લીન થાય છે બધી જ ભાષાઓ તથા શબ્દ ૐમાંથી નીકળે છે ૐ પ્રણવ એટલે કે મહત્નો શબ્દ છે, તે ગુપ્ત શબ્દ છે એ લે કે બધા શિક્ષણનો સાર

આ જડ સસારમાં ૐનું ઉચ્ચારણ કરવાથી જે કપ ઉત્પન્ન થાય છે તે બરાબર તે જ સ્વરૂપ અથવા કપ છે કે જે સસારની ઉત્પત્તિના સમયે ઉત્પન્ન

થયું હતું. શરૂઆતમાં શબ્દ જ હતો, તે શબ્દ ઈશ્વરની સાથે હતો, તે શબ્દ જ ઈશ્વર હતો. આ જ ૐ છે. સમુદ્ર ગર્જે છે આ ૐ છે. નદી વહે છે આ ૐ છે. માખી ગણગણે છે આ ૐ છે. ટૂંકમાં, ૐ શક્તિ છે તે બ્રહ્મ અથવા ઈશ્વરનું પવિત્ર ચિહ્‌ન છે."

શબ્દબ્રહ્મના વિષય પર શ્રી પરમહંસ યોગાનંદ પોતાના "Autobiography of A Yogi" નામના ગ્રંથમાં જણાવે છે કે "પતંજલિ કહે છે કે ઈશ્વર એટલે ધ્યાનમાં સંભળાતા ૐનો ખરેખરો વિશ્વધ્વનિ. ૐ એ સર્જક શબ્દ છે, આંદોલનો કરનારી ગતિમાંથી નીકળતો ધ્વનિ, દિવ્ય હાજરીનો સાક્ષી. યોગનો શરૂઆતનો સાધક પણ ૐનો આશ્ચર્યકારક ધ્વનિ આંતરિક રીતે સાંભળે છે. આવાં શાંતિદાયક આધ્યાત્મિક ઉત્તેજનો મળવાથી સાધકને ખાતરી થતી જાય છે કે તે દિવ્ય પ્રદેશના સંપર્કમાં આવતો જાય છે. ૐ શબ્દ જે અનેક તરંગોનો દિવ્ય ધ્વનિ છે અને સૃષ્ટિનું એકમાત્ર સત્ય છે તેને યોગીઓ યોગબળના વેધ-લેંગ્યથી સાંભળે છે. . . આખા વિશ્વમાં ગાજી ઊઠતો ૐનો સર્જનાત્મક નાદ-આદિ ધ્વનિ તરીકે–બુદ્ધિગ્રાહ્ય શબ્દોમાં રૂપાંતર પામીને સમાધિમગ્ન ભક્તને સ્પષ્ટ સંભળાય છે. . . . ૐ એ આદિ સ્વર અથવા તંત્રસૃષ્ટિનું મૂર્તરૂપ છે. અમુક મંત્રોચ્ચાર કે સ્વરથી મનુષ્ય પ્રાકૃતિક સૃષ્ટિ પર વિજય મેળવી શકે છે. . . આઈસાહ નામના પેગંબરને ઈશ્વરે પોતાના હેતુઓનો નીચેના શબ્દોમાં ઉલ્લેખ કર્યો છે કે, મારા મુખમાંથી જે નીકળશે તે મારા શબ્દો હશે. (સર્જન ૐનો તરંગ) એ કદી અફળ જશે નહીં, પણ જે હું ઇચ્છું તે કામ એ સફળ કરી આપશે. અને જે કામમાં હું એને યોજું તેને તે આબાદ બનાવશે. માટે તમે આનંદ સાથે વિદાય થાઓ અને શાંતિથી રહો. પર્વતો ને ડુંગરો તમને ઝૂકીને માર્ગ આપશે અને તમારા સંગીતમાં તમને સહાય કરશે અને ખેતરમાં તમામ ઝાડો તમને તાળીઓથી વધાવશે. . . ."

ઉપનિષદભાષ્યમાં જણાવ્યું છે કે : "સર્વનો આદિ, મધ્ય અને અંત પ્રણવ છે એમ જાણનાર તદ્રૂપતાને પ્રાપ્ત થાય છે. પ્રણવજ્ઞાન ચૈતન્યથી ઈશ્વર છે અને સર્વના હૃદયમાં વ્યાપ્ત છે તથા સર્વમાં ૐકાર વ્યાપક હોઈ, ૐકાર સિવાયનું કાંઈ પણ નથી, એમ જાણનાર જ્ઞાની શોક કરતો નથી."

શબ્દબ્રહ્મ યાને અલૌકિક ૐ વિષે સંત કબીરજી કહે છે કે :

(સાખીઓ)

(૧) શબ્દ મારે મર ગયે, શબ્દે છોડા રાજ;
જીને શબ્દ વિવેક કિયા, તાકા સરિયા કાજ.

અર્થ એ (ગુપ્ત) અલૌકિક ॐ યાને શબ્દબ્રહ્મનો સાર મેળવવા જતા અનેક મરણ પામ્યા છે, ને અનેકે પોતાના રાજપાટ છોડી દીધા છે, જેણે તે શબ્દબ્રહ્મને જાણ્યો ને તે મુજબ જિંદગીમા અમલ કીધો તેનુ જ કામ સફળ થયુ છે

(૨) શબ્દ શબ્દ સબ કોઈ કહે, વોહ તો શબ્દ વિદેહ,
જીભ્યા પર આવે નહિ, નીરખ પરખ કર લે

અર્થ શબ્દબ્રહ્મ, શબ્દબ્રહ્મ કરી સર્વ બોલે છે, પણ તે ગુપ્ત શબ્દ બ્રહ્મનો કાઈ આકાર નથી, અને તે શબ્દ કાઈ જીભથી બોલાતો નથી પણ તે તો માત્ર અનુભવાય છે

(૩) શબ્દ બિના સુરતા આધળી, કહો કહા કો જાય,
દ્વાર ન આવે શબ્દકા, ફિર ફિર ભટકા ખાય

અર્થ તે શબ્દબ્રહ્મ વગર માણસનું મન આધળુ જ રહે છે, તેથી તેને ક્યા જવુ ને ક્યો રસ્તો લેવો તેની ખબર પડતી નથી, અને તે શબ્દબ્રહ્મનો દરવાજો નહિ મળવાથી તે બિચારો ફોકટનો ભટકી ભટકીને ખુવાર થાય છે

(૪) હોઠ કઠ હાલે નહિ, જીભ્યા ન નામ ઉચ્ચાર,
ગુપ્ત શબ્દ જો ખેલે, કોઈ કોઈ હસ હમાર

અર્થ તે ગુપ્ત શબ્દ (એટલે અલૌકિક ॐ યાને શબ્દબ્રહ્મ) એવો છે કે બોલવાને માટે હોઠ યા ગળુ હલાવવુ પડતુ નથી, અને જીભે પણ તેનો ઉચ્ચાર થતો નથી એવો એ ગુપ્ત શબ્દ છે, કોઈક વિરલા હસ યાને સાધુપુરુષને જ તેનુ જ્ઞાન થાય છે

(૫) હમ વાસી વહા દેશકે, જાત વરણ કુલ નાહિ,
શબ્દ મિલાવા હો રહા, પર દેહ મિલાવા નાહિ

અર્થ હુ તે દેશનો રહેવાસી થઈ ગયો કે જ્યા જાત, વર્ણ કે કુળ જેવુ કાઈ અંતર હોતું નથી, પણ જ્યા તે અલૌકિક ॐ યાને શબ્દબ્રહ્મથી જ મળી શકાય છે પણ આ શરીરથી ત્યા મળી શકાતુ નથી અર્થાત્ આ દેહથી હુ અલગ થઈ ગયો

(૬) હમ વાસી વહા દેશકે, રૂપ વરણ કછુ નાહિ,
મેન મિલાવા હો રહા, શબ્દ મિલાવા નાહિ

અર્થ તે પછી એવી હાલત થઈ કે જ્યા માયાવી આકાર કે રગ જેવુ પણ કશુ રહ્યુ નહિ, ત્યા અલૌકિક ॐનું પણ કામ રહ્યુ નહિ, પણ તે માત્ર પરમાત્મા અનુભવી શકાય છે તે કેવળ જ્ઞાનસ્વરૂપ જ છે યાને જ્ઞાનાકાર છે

(૭) સુન્ય મડળમેં ઘર ગયા, બાજા શબ્દ રસાલ,
રોમ રોમ દીપક ઝરે, પ્રગટા આપ દયાલ

અર્થ મારુ રહેવાનુ શૂન્યમા થઈ લાગ્યુ કે જ્યા માત્ર તે અલૌકિક ૐનો જ અવાજ થયા કરતો હતો, અને જ્યારે પરમાત્માની શુદ્ધ પરમ ગતિનુ તેજ મારામા દાખલ થયુ ત્યારે મારા રૂવે રૂવે પ્રકાશ પ્રસરી રહ્યો અને ત્યા પ્રકાશ સિવાય બીજુ કાઈ જ રહ્યુ નહિ

(૮) ગગનમંડળમેં બાજા બજે, ગુરુ ગમ સમજ પરે,
હસ્તકમલ દ્વાદસકે ઉપર, ભવર ગુંજાર કરે

અર્થ પરમગતિના આકાશમા અલૌકિક ૐનો નાદ હમેશને માટે થયા કરે છે, તે નાદ વિષે સદગુરુ પાસે રહી તેનો ભેદ સમજશે ત્યારે જ તને સમજાશે અને તારા મૂળ સ્વરૂપનુ એટલે આત્મજ્યોતિનુ ભાન થવાથી તેનો અનુભવ થશે અને અંતે તે આત્મજ્યોતિ પરમજ્યોતિ પરમાત્માનો અનુભવ કરશે

(૯) કબીર શબ્દ શરીર મેં, બિન ગુન બાજે તાંતિ,
બાહરિ ભીતરિ રમિ રહા, તાતેં છૂટિ ભરાંતિ

અર્થ સંત કબીરજી કહે છે કે શરીરમા દોરડા (તંતુ) વિના જ અવાજ (અનાહત શબ્દ યા નાદ) થઈ રહ્યો છે અનાહત નાદ એટલે આઘાત વિના એની મેળે થતો અનહદ ધ્વનિ યાને અલૌકિક ૐનો ધ્વનિ બહાર અદર એ જ શબ્દ ફેલાયો છે, એનાથી સઘળી દ્વિધા દૂર થઈ ગઈ છે

(૧૦) અરસપરસ એમ હોઈ રહ્યા, બાજે અનહદ તુરજી,
દાસ કબીર નિર્ભય ભયા, લાગી અલખ શું લયજી

અર્થ આત્મજ્યોતિ અને પરમજ્યોતિ બને અરસપરસ એવી રીતે રહ્યાં હોય છે કે ત્યા "હુ આત્મા છુ કે આ પરમાત્મા છે", "હુ આત્મજ્યોતિ છુ કે આ પરમજ્યોતિ છે" એવો કાઈ જ ભેદભાવ રહેતો નથી ફક્ત એકયતા સિવાય હુ, તુ, મે, મારુ, તારુ કાઈ જ રહેતુ નથી. અને તે વખતે ત્યા "બાજે અનહદ તુરજી" એટલે વધુમા વધુ પડતો ત્યા અલૌકિક ૐનો નાદ થયા કર છે આથી સંત કબીરજી કહે છે કે એ પૂર્ણબ્રહ્મને અનુભવીને, મેળવીને હુ તો તદ્દન નિર્ભય થઈ ગયો છુ, કેમ કે મારુ લક્ષ કેવળ અલખ, નિરજન, પરમાત્મામા જ લાગી રહેલુ છે

પ્રકરણ ૩

# પરમગતિ અને તેના પ્રકાર

(૧) શિષ્ય  પરમાત્માની પરમગતિ કોને કહેવાય?

વ્યાસ  પરમાત્માની બે જાતની ગતિ છે પ્રથમ "જ્ઞાન"ગતિ અને બીજી "ચૈતન્ય"ગતિ છે આ બેઉ ગતિ મિશ્રિત થયેથી તેને "પરમગતિ" કહેવામા આવે છે તેથી "પ્રણવવિજ્ઞાન"મા લખ્યુ છે કે

(છંદ)

પરમાત્માની જ્ઞાનગતિ, બીજી છે ચૈતન્યગતિ,
બે મિશ્રિત થયે નામ, પરમગતિ થાય છે

(૨) શિષ્ય  પરમાત્માની પરમગતિ કેવા તત્ત્વની છે?

વ્યાસ  પરમાત્માની પરમગતિ પણ જ્ઞાનચૈતન્યનુ સ્વરૂપ છે યા જ્ઞાન ચૈતન્યમય છે યા જ્ઞાનચૈતન્યથી ભરપૂર છે યા જ્ઞાનચૈતન્યયુક્ત છે પ્રત્યેક આત્મામા આ જ્ઞાનચૈતન્યગતિ વ્યાપ્ત હોય છે

(૩) શિષ્ય  પરમાત્માની પરમગતિ કેટલા પ્રકારની અને કેટલી કળાવાળી છે? અને તે ૐકારમા કયા કયા સ્થાને આવેલી છે?

વ્યાસ  પરમાત્માની પરમગતિ ચાર પ્રકારની છે

(૧) તાત્ત્વિક શુદ્ધ પરમગતિ પચોદશ (એટલે પંદર) આત્મકળા, પ્ર દ ન જથી બતાવેલ છે
(૨) શુદ્ધ પરમગતિ ચતુર્દશ (એટલે ચૌદ) આત્મકળા, પ્ર દ ન દથી બતાવેલ છે
(૩) શુદ્ધાશુદ્ધ પરમગતિ દ્વાદશ (એટલે બાર) આત્મકળા, પ્ર દ ન ૮થી બતાવેલ છે
(૪) અશુદ્ધ પરમગતિ દશ આત્મકળા કે જે મન્વતરેના ચિદાભાસવાળી છે તે પ્ર દ ન ૨૧થી બતાવેલ છે તેથી "પ્રણવવિજ્ઞાન"મા કહ્યુ છે કે

(છંદ)

અવિનાશી પરમાત્માની, દ્વિગુણી છે પર્મગતિ,
ચૈતન્ય ને જ્ઞાન ગુણી, તેમા ચાર જાત છે
તાત્ત્વિક શુદ્ધ પર્મગતિ પદર, શુદ્ધ પર્મગતિ ચૌદ,
પદ પરમાત્મા સોગ, કળામય મહાગાત છે

ત્રીજી શુદ્ધાશુદ્ધ બાર, કળાની બિંદુના હ
ચોથી અશુદ્ધ દશ કળાની, નિરાકાર વિજ્ઞાત દે
મગર ચાંદરણાનાં, દૃષ્ટાંતે સમજી લે
ભાસ, આભાસ, ચિદાભાસ, પરમાત્મા તાત છે.

આ વિષે "સર્વોપનિષત્સાર"ના મંત્ર નંબર ૯માં શુદ્ધ પરમગતિ, શુદ્ધાશુદ્ધ પરમગતિ અને અશુદ્ધ પરમગતિનો ઉલ્લેખ ગૂઢરૂપે આપવામાં આવ્યો છે.

(૪) શિષ્ય : તાત્ત્વિક શુદ્ધ પરમગતિ કોને કહેવાય?

*જવાબ : પરમાત્માના સમગ્ર જ્ઞાનચૈતન્યસ્વરૂપમાંથી અનંત જ્ઞાનચૈતન્ય-શક્તિવાળો પરમપ્રકાશનો ધોધ એકસરખી રીતે સતત વહે છે, પણ તે ધોધ પરમાત્માના શિર અને મુખારવિંદની આજુબાજુથી પ્રચંડ રૂપમાં નીકળતાં જ તેમની મુખાકૃતિની આસપાસ કૂંડાળારૂપે ગૂઢ ગતિ ધારણ કરે છે (જેમ સૂર્યનારાયણના સ્વરૂપની આસપાસ પ્રચંડ પ્રકાશનું ગોળ કૂંડાળું દેખાય છે તેમ). તે ગતિને "તાત્ત્વિક શુદ્ધ પરમગતિ પંચોદશ આત્મકળા" (જુઓ પ્ર. દ. નં. ૪) નામે ઓળખવામાં આવે છે. વળી સાથે સાથે જાણી લેવું જોઈએ કે તે પ્રચંડ દિવ્યપ્રકાશના કૂંડાળામાં એક આની સત્તા યા તત્ત્વ ગૂઢ બની જાય છે. આવી રીતે પરમાત્મામાંથી અનંત જ્ઞાનચૈતન્ય શક્તિવાળો પરમપ્રકાશનો ધોધ છૂટતાં જ શક્તિ ક્ષીણ થવાથી એક આત્મિક કળા ઓછી થઈ જાય છે.

(૫) શિષ્ય : શુદ્ધ પરમગતિ કોને કહેવાય?

*જવાબ : પરમાત્માના સમગ્ર જ્ઞાનચૈતન્ય સ્વરૂપમાંથી એકસરખો અનંત જ્ઞાનચૈતન્ય શક્તિવાળો પરમપ્રકાશનો ધોધ સતત વહે છે, પણ તે ધોધ પરમાત્માનાં નેત્રો અને શ્વાસોશ્વાસ દ્વારા અનંત રૂપમાં નીકળીને જેમ હુતાશની હોળી બળતી હોય ત્યાં તેની આજુબાજુ ફરતે પ્રકાશ દેખાય છે અને તે પ્રકાશમાં જો મોટરની બત્તીનો પ્રકાશ ફેંકવામાં આવે તો તે પ્રકાશ અલગ દેખાય છે; વળી જેમ સફેદ કાગળ પર સફેદ ચાકથી લીટો પાડવામાં આવે, તો તે સફેદ લીટો કાગળ પર અલગ દેખાય છે, તેમ તાત્ત્વિક શુદ્ધ પરમગતિ (પંચોદશ આત્મકળાવાળી) ઉપર પડતાં જ તે ધોધમાંનું બીજું વધારાનું એક આની તત્ત્વ ગૂઢ બની જાય છે, અને બિંદુમાં આવેલા પરમાત્માના સ્વરૂપની આસપાસ એટલે બિંદુની હદમાં જ તે ધોધ ગતિ ધારણ કરે છે, તે ગતિ "શુદ્ધ પરમગતિ ચતુર્દશ આત્મકળા" (જુઓ પ્ર. દ. નં. ૬) નામે ઓળખાય છે.

આવી રીતે અનંત જ્ઞાનચૈતન્ય શક્તિવાળો પરમાત્માના પરમપ્રકાશનો ધોધ તાત્ત્વિક શુદ્ધ પરમગતિ અને શુદ્ધ પરમગતિમાં પડતાં બે આની તત્ત્વ

યા કળા યા સત્તા રૂઢ બની જાય છે અહીં ખાસ યાદ રાખવાનું છે કે, આ શુદ્ધ પરમગતિ તત્ત્વરૂપ આત્મજ્યોતિ છે, અને તેનુ રૂપરૂપાતર છે જ નહીં

(૬) શિષ્ય પરમતત્ત્વમા યા પરમાત્માની પરમગતિમા માયાતત્ત્વ ક્યારે પ્રવેશ કરે છે?

વ્યાસ યોગમાર્ગે કહ્યુ છે કે, જ્યા સુધી પરમાત્માનો અનત જ્ઞાન ચૈતન્ય શક્તિવાળો પરમપ્રકાશનો ધોધ પરમગતિ દ્વારા ક્ષીણ થાય નહિ, ત્યા સુધી તેમા માયાતત્ત્વ પ્રવેશ થતુ નથી

(૭) શિષ્ય બ્રહ્માકાશનો અર્થ શો થાય છે?

વ્યાસ પ્રણવ ૐકારના બિદુમાની એટલે પરમાત્માના સ્વરૂપની આસપાસની ચૌદ આની સત્તાવાળી શુદ્ધ પરમગતિને "બ્રહ્માકાશ" કહેવામા આવે છે તે ઉપરાંત શબ્દબ્રહ્મ આકાશને સર્વદા ગ્રહણ કરી રાખતુ હોઈ, તે આકાશને પણ "બ્રહ્માકાશ" કહે છે

(૮) શિષ્ય અશુદ્ધ પરમગતિનો અર્થ શું થાય છે?

*જવાબ પરમાત્માનો અનત જ્ઞાનચૈતન્ય શક્તિવાળો પરમપ્રકાશનો ધોધ શુદ્ધ પરમગતિ દ્વારા થઈને બિદુની નીચેના ભાગમા ઊતરે છે અને તે ધોધ વિશ્વેશ્વર-નારાયણના આત્મહૃદય (કે જેના પર તત્ત્વગુણી માયાના ચાર ગુણો છે તે) પર પડે છે તેને "આભાસ" કહેવામા આવે છે તે આભાસ નારાયણનો આત્મા તે ધોધને પોતામા સમાવી શકતો નથી અને તેથી તે ધોધ પરાવર્તન થઈ નારાયણમાથી એટલે વિશેષ પરિબળવાળી તત્ત્વમાયામાથી પરાવર્તન (એટલે પાછો વળીને) પામી નારાયણની ઉપરની એટલે અર્ધમાત્રા ઉપરની ઓછા બળવાળી પરમગતિ સાથે મિશ્રિત થઈ, તે ઓછા બળવાળી પરમગતિને અશુદ્ધ બનાવે છે અને તે પરાવર્તન થયેલો ધોધ પરમગતિમા જ્યા અટકી જઈ ગતિ ધારણ કરે છે તેને "અશુદ્ધ પરમગતિ દશ આત્મકળા" (જુઓ પ્ર ૬ ન ૨૧) નામથી ઓળખવામાં આવે છે આ અશુદ્ધ પરમગતિમાં પણ અતિ અલ્પ પ્રમાણમાં તત્ત્વમાયાનુ બધન જાય છે, પરતુ આ તત્ત્વમાયા અતિ પરિબળવાળી છે જેમ ઝેરના બે ટીપા એક મણ દૂધને ઝેર બનાવી દે છે, તેવી જ વિશેષ પરિબળવાળી આ તત્ત્વમાયા છે આ માયા બીજી બધી માયાઓ કરતાં અતિ પરિબળવાળી છે

(૯) શિષ્ય અશુદ્ધ પરમગતિ કેવા તત્ત્વની છે?

વ્યાસ અશુદ્ધ પરમગતિ પણ જ્ઞાનચૈતન્યમય યા જ્ઞાનચૈતન્યતત્ત્વથી ભરપૂર છે અને અક્ષરબ્રહ્મ-નારાયણના તત્ત્વગુણી માયાના ચારે ગુણો (જેવા કે તત્ત્વ, નત્ત્વ, સાત્ત્વિક અને તામસ)ના પ્રભાવ વડે ચાર આરમીના અશુદ્ધ

પરમગતિમાં જે ચિદાભાસ (પરાવર્તન) પડે છે, તે ચાર મન્વંતરો (સન્તુ, સનત્કુમાર, સનાતન અને સનક, પ્ર. દ. નંબર ૧૩થી ૧૬માં બતાવ્યા મુજબ)ના નામે ઓળખાય છે. તેને "ચિદાભાસ" યાને "બિંબાભાસ" પણ કહે છે. આવી રીતે અશુદ્ધ પરમગતિમાં ગુહ્ય રીતે વ્યાપ્ત ચાર મન્વંતરો આવેલાં છે. અહીં ખાસ જાણી લેવું આવશ્યક છે કે પ્ર. દ. નં. ૧૩થી બતાવેલ સન્તુના સ્થાન આગળ માયા રહે છે અને તેની અસર પણ ત્યાં જ રહે છે. માટે મન્વંતરો આગળ બધા આત્માઓ ગૂંચવાય છે. વળી મન્વંતરનું સ્વરૂપ પણ પરમાત્માના જેવું જ દેખાવાથી ઘણા આત્માઓ મન્વંતરને જ પરમાત્મા માની બેસે છે, તેથી તેવા આત્માઓ પરમગતિમાં જ પડી રહે છે. આ જગાએ સમર્થ સદ્‌ગુરુની અવશ્ય જરૂર દરેક આત્માને પડે છે. અજર અને અમર સદ્‌ગુરુની આત્મિક કૃપા વિના આ સ્થળેથી આગળ વધી શકાતું નથી.

(૧૦) શિષ્ય : શુદ્ધાશુદ્ધ પરમગતિ એટલે શું?

*જવાબ : પરમાત્માના સમગ્ર જ્ઞાનચૈતન્ય સ્વરૂપમાંથી એકસરખો જ્ઞાન-ચૈતન્ય શક્તિવાળો પરમપ્રકાશનો ધોધ શુદ્ધ પરમગતિ દ્વારા થઈને સતત (નીચે) વહે છે. તે ધોધ, (જેમ પ્રશ્ન નંબર ૮ના અશુદ્ધ પરમગતિના વિષયમાં જણાવી ગયા તે પ્રમાણે) અર્ધમાત્રામાં આવેલા નારાયણના આત્મહૃદય પર સતત પડયા જ કરે છે, પણ નારાયણનું આત્મહૃદય નાનું હોવાથી તે અશુદ્ધ તત્ત્વ-માયાવાળા ધોધને નારાયણ પોતામાં સમાવી શકતા નથી. તેથી તે ધોધ પરાવર્તન થઈ મન્વંતરોના ઉપરના ભાગમાં જાય છે અને ત્યાં પરમગતિને અશુદ્ધ કરી તેનાથી પણ આગળ વધીને એટલે અશુદ્ધ પરમગતિથી પણ આગળ વધીને પરમાત્માના બિંદુની કોરે કોરે, શુદ્ધ પરમગતિના ધોધની સાથે અશુદ્ધ પરમગતિના ધોધનું ઘર્ષણ થાય છે અને ત્યાં તે મિશ્રિતગતિ ધારણ કરે છે તેને "શુદ્ધાશુદ્ધ પરમગતિ દ્વાદશ આત્મકળા" (જુઓ પ્ર. દ. નં. ૮) કહે છે. આ શુદ્ધાશુદ્ધ પરમગતિમાં કાયમને માટે પરાવર્તન પામેલી મિશ્રિત ગતિ ચક્કર ચક્કર ફર્યા જ કરે છે અને જતાંઆવતાં આત્માને આ પરમગતિના વીજળીની માફક ઝટકા લાગે છે. તેથી આ ગતિમાંથી પસાર થવું દરેક આત્મા માટે અત્યંત મુશ્કેલ છે. માટે અહીં પણ સમર્થ સદ્‌ગુરુની અવશ્ય જરૂર પડે છે. અહીં સમર્થ સદ્‌ગુરુ શિષ્યના આત્મામાંથી આત્મજ્યોતિને બહાર કાઢી શુદ્ધ પરમગતિમાં ધકેલી દે છે. આ શુદ્ધાશુદ્ધ પરમગતિ બિંદુ (પરમાત્મા)ની કોરે કોરે આવેલી છે.

(૧૧) શિષ્ય : શું પરમાત્માની જ્ઞાનચૈતન્ય પરમગતિમાં સત્તાની ભિન્નતા છે?

વ્યાસ હા, પરમાત્માની જ્ઞાનચૈતન્ય પરમગતિમા સત્તાની ભિન્નતા ખુલ્લી દેખાય છે જેમ સોળ આનાથી રૂપિયો પૂર્ણ ગણાય છે, તેમ ષોડશકલ્પ કળાથી પરમાત્મા પૂર્ણ છે ૐકારના બિંદુમા રહેલી પ્ર દ ન ૮થી બતાવેલ "તાત્ત્વિક શુદ્ધ પરમગતિ" પદર કળા આત્મબળવાળી છે ૐકારના બિંદુમા પરમાત્માના સ્વરૂપની આસપાસ રહેલી પ્ર દ ન ૬થી બતાવેલ "શુદ્ધ પરમ ગતિ" ચૌદકળા આત્મબળવાળી છે ૐકારના બિંદુની બહાર એટલે બિંદુની કોરે કોર આવેલી પ્ર દ ન ૮થી બતાવેલ "શુદ્ધાશુદ્ધ પરમગતિ" બાર કળા આત્મબળવાળી છે અને પ્ર દ ન ૨૧થી બતાવેલ "અશુદ્ધ પરમગતિ" કે જે મન્વન્તરોના ચિદાભાસવાળી છે તે દશકળા આત્મબળવાળી છે તેવી જ રીતે દરેક આત્માનું આત્મબળ ક્રમે ક્રમે સીણુ થતુ જાય છે

(૧૨) શિષ ગતિ એટલે શુ? અને તે ૐકારમા કયા કયા સ્થળે છે?

વ્યાસ પ્ર દ ન ૯૨થી બતાવેલ માયામા અને વિશ્વમા પરમાત્માની જે પરમગતિ વ્યાપક છે, તેને "ગતિ" કહેવામા આવે છે અર્થાત્ પરમાત્માની પરમગતિ અર્ધમાત્રામા (જુઓ પ્ર દ ન ૨૪ ને ૨૫) અને નીચે આખા બ્રહ્માડમા (જુઓ પ્ર ૯ ન ૯૩) વિકસેલી છે, તેને માત્ર "ગતિ" કહેવામા આવે છે આ ગતિ આઠ કળાની સત્તાવાળી હોય છે અને તે બ્રહ્માડમા ઉપરને ઉપર વહે છે વળી બ્રહ્માડમા પરમાત્માની ગતિ સાથે આત્મગ્રથિઓ (જુઓ પ્ર દ ન ૯૪) પણ હોય છે પરતુ જેમ તળાવમાં ઘાસતેલનો ડબો ઢોળાય તો તે ઘાસતેલ પાણીની ઉપર ને ઉપર વહે છે, તેમ પરમાત્માની ગતિ બ્રહ્માડ મા ઉપર ને ઉપર વહે છે અને જેમ આપણે તળાવમા કાકરો નાખીએ, તો તે કાકરો તરત જ તળાવની નીચેની સપાટીમા બેસી જાય છે, તેમ આત્મગ્રથિઓ બ્રહ્માડમા દબાઈ જાય છે તેથી "પ્રણવવિજ્ઞાન"મા જણાવ્યુ છે કે

(મનહર છદ)

પરમાત્માની જ્ઞાનગતિમા, મિશ્ર ચૈતન્યગતિ,
બિંદુ બહાર ચિદાભાસે, અશુદ્ધ કહેવાય છે
તત્ત્વ વાસના માયાની, પરમગતિમાહી ભળી,
તેથી પયે ઘૃત સમ, તત્ત્વાત્મા ગણાય છે
જળધીએ પર્ણ સમ, અસ્પર્શે વહી જાયે ગતિ,
તે બ્રહ્માડમાં આવ્યાથી, અષ્ટકળા થાય છે
માત્રામાં મહાકારણ દેહ, લઈ ષટકળા રહે,
ગ્રથિ વાસનિક દેહ, જીવ ત્યા બંધાય છે

(૧૩) શિષ્ય : પરમઅક્ષર કોને કહેવામા આવે છે, તે જણાવશો?

વ્યાસ • પ્રણવદર્શનના ચિત્રમા દર્શાવેલ અકાર, મકાર અને ઉકારવાળુ આખુ વિશ્વ ક્ષર છે (એટલે નાશવાન છે) અને તેની ઉત્પત્તિરૂપ હિરણ્યગર્ભ નારાયણ અક્ષર છે, તે પર બિંદુ છે તે પરમાત્માનો પ્રતિબિંબાભાસ જે પરમ ગતિમા ચાર મન્વતરોરૂપે પડે છે, તે વિશ્વના અક્ષરથી શ્રેષ્ઠ "પરમઅક્ષર" છે

(૧૪) શિષ્ય આ પરમઅક્ષરથી કોઈ શ્રેષ્ઠ છે કે નહિ?

વ્યાસ આ પરમઅક્ષરથી પણ નિષ્કલબ્રહ્મ પરમેશ્વર પુરુષ ન્યારા છે અને તે એવુ સ્વરૂપ છે કે જે બહાર અને ભીતર એક જ જ્ઞાનચૈતન્ય તત્ત્વથી વ્યાપ્ત છે તે પરમેશ્વર બહાર અને ભીતર જુદો જુદો હોય તેવો તેમ જ જ્ઞાનચૈતન્યના ઓછાવત્તા પ્રમાણવાળો નથી જેમ મનુષ્યનુ શરીર માયાનુ હોય છે અને હૃદયમા આત્મા જુદો હોય છે અર્થાત્ મનુષ્યમા બહાર અને ભીતર જુદા જુદા તત્ત્વો રહેલ છે, તેનુ પરમેશ્વરમા નથી તેથી જ તેને પૂર્ણબ્રહ્મ યાને પરમબ્રહ્મ કહેવાય છે અને આ પૂર્ણબ્રહ્મ પરમઅક્ષરથી પણ શ્રેષ્ઠ છે

(૧૫) શિષ્ય . સાર્ષ્ટિ મુક્તિ કોને કહેવામા આવે છે?

વ્યાસ માયાના તત્ત્વગુણના પ્રભાવ વડે પરમાત્માની પરમગતિમા જે ચિદાભાસ પડે છે, તે મન્વતરોનુ દૃશ્ય જે પરમગતિ પર પડે છે તે પરમગતિ ને "સાર્ષ્ટિ મુક્તિ" કહે છે

(૧૬) શિષ્ય આત્યતિક પ્રલયે પરમગતિમા રહેલા આત્માઓ પરમગતિ સાથે એકરૂપ થાય છે ખરા?

વ્યાસ ના, આત્યંતિક પ્રલયે પરમગતિમા રહેલા આત્માઓ પરમગતિ-સાથે એકરૂપ થતા નથી પણ કાયમ રહે છે, કેમ કે પરમગતિ વસ્તુતા ગણાતી નથી

(૧૭) શિષ્ય આત્યતિક પ્રલય વખતે પરમગતિનું શું થાય છે?

વ્યાસ જ્ઞાનગતિ અને ચૈતન્યગતિ બેઉના મિશ્રણને પરમગતિ કહેવાય છે અને આત્યતિક પ્રલયે પ્રથમ નારાયણ પરમાત્મામા ખેંચાઈ જાય છે અને તેઓની પાછળ બધી પરમગતિઓ પણ પરમાત્મામા જાય છે પણ નારાયણ અને પરમગતિ પરમાત્મા સાથે એકરૂપ થઈ શકતાં નથી કેમ કે કળાની ભિન્નતા હોય છે પરમાત્મા ષોડશ બ્રહ્મકળાવાળા છે, ત્યારે નારાયણ અને પરમગતિ પદર કળાવાળી છે એટલે આત્યતિક પ્રલય વખતે પણ પરમગતિ તેમની તેમ જ પરમાત્મામા સૂક્ષ્મરૂપે રહે છે

(૧૮) શિષ્ય જ્ઞાનગતિને જ્ઞાન ખરુ કે?

વ્યાસ જ્ઞાનગતિ વસ્તુત કઈ નથી, જેથી તેમા જ્ઞાન કે અજ્ઞાન સંભવતુ નથી પણ તે ચૈતન્યગતિ સાથે એકરસ સભવે છે

(૧૯) શિષ્ય પરમગતિને પામેલો આત્મા પાછો ગર્ભવાસમા કયા કર્મથી આવે છે?

વ્યાસ શુદ્ધ પરમગતિને અશુદ્ધનો સ્પર્શ થયો અર્થાત માયાનો સ્પર્શ થયો એ જ સગકર્મ થયુ તથી તેની ગ્રથિ પડે છે સ્પર્શાસ્પર્શ કર્મ પ્રથમ લાગુ પડે છે, તેથી તેની ગ્રથિ પડ છે, તેથી તે માયાને ઇચ્છે છે અને તે ગ્રથિ તેવા ગર્ભવાસમા આવે છે તે પણ અવિદ્યા માયાને અડ તો તેવા ગર્ભને પામે છે એ રીતે જે ગુણની માયાને સ્પર્શ થાય તે ગુણની માયાને તે ઇચ્છે છે, તેથી તે આત્મા તેવા ગર્ભમાં જાય છે આ ઠેકાણે સગદોષ બળવાન છે માટે અવશ્ય દરક આત્માએ સત્સગ કરવો જોઈએ આ સિદ્ધાતના આધારે પરમગતિને (અશુદ્ધ અને શુદ્ધાશુદ્ધ પરમગતિ) પામેલો આત્મા પણ યુગાન્તર જન્મ લે છે કમ કે જ્યા સુધી આત્માનુ રૂપાતર થતું નથી ત્યા સુધી આત્મ જ્યોતિનો મોક્ષ થતો નથી, એટલે કે તે પરમાત્મામા એકરસ યા એકરૂપ થઈ શકતી નથી

(૨૦) શિષ્ય પરમાત્માની ગતિમા ગ્રંથિઓ પડેલી છે તે જીવાત્માઓ શું કરતા હશે?

વ્યાસ પરમાત્માની ગતિમા જે ગ્રથિઓ પડેલી છે તે જીવાત્માઓ ભ્રમણ કરે છે

(૨૧) શિષ્ય ધર્મશાસ્ત્રોમા પરમગતિનું વર્ણન આવતુ નથી, તો તમે પરમગતિનું વર્ણન શા આધાર કરો છો?

વ્યાસ ભાઈ! ધર્મશાસ્ત્રોમા પરમગતિનુ વર્ણન બહુ જ ગૂઢરૂપે આપેલુ છે અનુભવસિદ્ધ સત્પુરુષોએ આ વિષય સમાધિ ભાષામા લખ્યો છે છતા પરમગતિને લગતા શાસ્ત્રોમાં જે શ્લોકો છે, તે તમોને જણાવીએ છીએ

ओमित्येकाक्षर ब्रह्म व्याहरन्मामनुस्मरन।
य प्रयाति त्यजदेह स याति परमा गतिम ॥

(શ્રીમદ્ ભગવદ્‌ગીતા, અધ્યાય ૮, શ્લોક ૧૩)

અથ ॐ એવા બ્રહ્મવાચક એકાક્ષર મત્રને જપતો, મારુ સ્મરણ કરતા કરતો દેહ છોડે છે તે પરમગતિને પામે છે

महत परमव्यक्तमव्यक्तात्पुरुष पर ।
पुरुषान्न पर किंचित्सा काष्ठा सा परा गति ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત, અધ્યાય ૧, વલ્લી ૩, મંત્ર ૧૧)

અર્થ વિશ્વના તમામ આત્માઓ કરતા જે "महत्" — મહાન અક્ષર બ્રહ્મ શ્રેષ્ઠ છે, જેને અક્ષરનિવાસ યા અક્ષરધામ કહેવાય છે તેના કરતા તેના અધિપતિ અવ્યક્ત અર્થાત્ નારાયણનો પોતાનો આત્મા અને પરમેશ્વરની પરમગતિ શ્રેષ્ઠ છે, તેથી તે અવ્યક્ત કહેવાય છે તે અવ્યક્ત કરતા પણ "असगाह्यपुरुष ।" (શ્રુતિ) જે માયાના સગથી, માયાના રાસર્ગથી અને સ્પર્શથી રહિત છે, તેવો માયાતીત, જ્ઞાનસ્વરૂપ, પરમપુરુષ જે માયાથી જુદો છે તે જ શ્રેષ્ઠ છે તે પુરુષ અર્થાત પરમાત્મા પરમેશ્વરથી શ્રેષ્ઠ હોય તેવુ બીજુ કોઈ પણ નથી તે પરમાત્મા ઉચ્ચમા ઉચ્ચ શ્રેષ્ઠ એવી મોક્ષગતિનુ સ્વરૂપ છે કે જેના કરતા બીજી કોઈ ઉચ્ચ સદગતિ છે જ નહિ

इन्द्रियेभ्य पर मनो मनस सत्त्वमुत्तमम् ।

सत्त्वादधि महानात्मा महतोऽव्यक्तमुत्तमम ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્, અધ્યાય ૨, વલ્લી ૩, મંત્ર ૭)

અર્થ ઈન્દ્રિયોથી મન, મનથી સત્ત્વમય જ્ઞાનબુદ્ધિ, સત્ત્વથી આત્મા, આત્માથી નારાયણ અને નારાયણથી અશુદ્ધ પરમગતિ અવ્યક્ત શ્રેષ્ઠ છે

("મહત્" એટલે નારાયણ યાને તત્ત્વમાયા "અવ્યક્ત એટલે તત્ત્વગ્રથિ રૂપ અશુદ્ધ પરમગતિ, અર્થાત્ વ્યક્તિરૂપે વ્યાપક નહીં તે )

अव्यक्तात्तु पर पुरुषो व्यापकोऽलिंग एव च ।

यज्ज्ञात्वा मुच्यते जन्तुरमृतत्व च गच्छति ॥

( શ્રી કૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત, અધ્યાય ૨, વલ્લી ૩, મંત્ર ૮ )

અર્થ અશુદ્ધ પરમગતિથી પરમાત્મા શ્રેષ્ઠ છે કે જે ( પોતાની પરમ ગતિ દ્વારા વ્યાપક છે અને દેહધારી નથી જેને જાણ્યા પછી આત્માઓ મુક્ત થઈ બ્રહ્માનદને પ્રાપ્ત થાય છે

( "પુરુષો" એટલે પરમાત્મા પુરુષરૂપે )

(૨૨) શિષ્ય શુદ્ધ પરમગતિ સુધી જવા છતા જો એકાદ આશા-આકાક્ષા કે અહમત્વનું સહેજ પણ બીજ બાકી રહ્યુ હોય તો પોતાને પાછા આવવુ પડે છે, તો આત્મિક શક્તિ પરમશક્તિનો ભેગે કરી આપે છે કે સમર્પણ?

વ્યાસ જ્ઞાન, યોગ અને ભક્તિરૂપી ત્રિવેણી ગગાનું તત્ત્વ રહસ્ય તે આત્મસમર્પણ છે આત્મશક્તિથી આગળ વધી છે તે આત્મસમર્પણ સિદ્ધ કર્યા વિના બધુ ધૂળ પર લીંપણ જેવુ છે તેથી વેદો, ઉપનિષદો અને દર્શનો કોઈ પણ વસ્તુ લૌકિક કે અલૌકિક કોઈ પણ કાર્યનું ફળ યા સિદ્ધિ પોતાને અર્પણ ન કરતા દરેક કાર્ય બ્રહ્મને (એટલે પરમાત્માને) અર્પણ એટલે બ્રહ્માર્પણ કરીને

(१८) शिष्य  ज्ञानगतिने ज्ञान खरु के?

व्यास  ज्ञानगति वस्तुत कई नथी, जेथी तेमा ज्ञान के अज्ञान सभवतु नथी पण ते चैतन्यगति साथे एकरस सभवे छे

(१९) शिष्य  परमगतिने पामेलो आत्मा पाछो गर्भवासमा कया कर्मथी आवे छे?

व्यास  शुद्ध परमगतिने अशुद्धना स्पर्श थयो अर्थात मायानो स्पर्श थयो ए ज सगकर्म थयु तेथी तेनी ग्रथि पडे छे स्पर्शास्पर्श कर्म प्रथम लागु पडे छे, तेथी तेनी ग्रथि पडे छे, तेथी ते मायाने इच्छे छे अने ते ग्रथि तेवा गर्भवासमा आवे छे  ते पण अविद्या मायाने अडे तो तेवा गर्भने पामे छे ए रीते जे गुणनी मायाने स्पर्श थाय ते गुणनी मायाने ते इच्छे छे, तेथी ते आत्मा तेवा गर्भमा जाय छे  आ ठेकाणे सगदोष बळवान छे माटे अवश्य दरक आत्माए सत्सग करवो जोईए आ सिद्धातना आधारे परमगतिने (अशुद्ध अने शुद्धाशुद्ध परमगति) पामेलो आत्मा पण युगान्तरे जन्म ले छे केम के ज्या सुधी आत्मानु रुपातर थतु नथी त्या सुधी आत्म ज्योतिनो मोक्ष थतो नथी, एटले के ते परमात्मामा एकरस या एकरुप थई शकती नथी

(२०) शिष्य  परमात्मानी गतिमा ग्रथिओ पडेली छे ते जीवात्माओ शु करता हशे?

व्यास  परमात्मानी गतिमा जे ग्रथिओ पडेली छे ते जीवात्माओ भ्रमण करे छे

(२१) शिष्य  धर्मशास्त्रोमा परमगतिनु वर्णन आवतु नथी, तो तमे परमगतिनुं वर्णन शा आधारे करो छो?

व्यास  भाई! धर्मशास्त्रोमा परमगतिनु वर्णन बहु ज गूढरुपे आपेलु छे अनुभवसिद्ध सत्पुरुषोए आ विषय समाधि भाषामा लख्यो छे छतां परमगतिने लगता शास्त्रोमा जे श्लोको छे, ते तमोने जणावीए छीए

ओमित्येकाक्षर ब्रह्म व्याहरन्मामनुस्मरन।
य प्रयाति त्यजन्देह स याति परमा गतिम्।।
(श्रीमद् भगवद्गीता, अध्याय ८, श्लोक १३)

अर्थ  ॐ एवा ब्रह्मवाचक एकाक्षर मत्रने जपतो, मारु स्मरण करता करतो देह छोडे छे ते परमगतिने पामे छे

महत परमव्यक्तमव्यक्तात्पुरुष  पर ।
पुरुषान्न पर किंचित्सा काष्ठा सा परा गति ।।

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત, અધ્યાય ૧, વલ્લી ૩, મંત્ર ૧૧)

અર્થ વિશ્વના તમામ આત્માઓ કરતા જે "મહત"—મહાન અક્ષર બ્રહ્મ શ્રેષ્ઠ છે જેને અક્ષરનિવાસ યા અક્ષરધામ કહેવાય છે તેના કરતા તેના અધિપતિ અવ્યક્ત અર્થાત નારાયણનો પોતાનો આત્મા અને પરમેશ્વરની પરમગતિ શ્રેષ્ઠ છે તેથી તે અવ્યક્ત કહેવાય છે તે અવ્યક્ત કરતાં પણ "असगाह्यपुरुष ।" (શ્રુતિ) જે માયાના સંગથી, માયાના રાગ થી અને સ્પર્શથી રહિત છે, તેવો માયાતીત, જ્ઞાનસ્વરૂપ પરમપુરુષ જે માયાથી જુદો છે તે જ શ્રેષ્ઠ છે તે પુરુષ અર્થાત પરમાત્મા પરમેશ્વરથી શ્રેષ્ઠ હોય તેવું બીજું કોઈ પણ નથી તે પરમાત્મા ઉચ્ચમા ઉચ્ચ શ્રેષ્ઠ એવી મોક્ષગતિનું સ્વરૂપ છે કે જેના કરતા બીજી કોઈ ઉચ્ચ સદગતિ છે જ નહિ

इन्द्रियेभ्य परं मनो मनस सत्त्वमुत्तमम।

सत्त्वादधि महानात्मा महतोऽव्यक्तमुत्तमम ।।

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત, અધ્યાય ૨, વલ્લી ૩, મન્ત્ર ૭)

અર્થ ઈન્દ્રિયોથી મન, મનથી સત્ત્વમય જ્ઞાનબુદ્ધિ, સત્ત્વથી આત્મા આત્માથી નારાયણ અને નારાયણથી અશુદ્ધ પરમગતિ અવ્યક્ત શ્રેષ્ઠ છે

("મહત" એટલે નારાયણ યાને તત્ત્વમાયા 'અવ્યક્ત એટલે તત્ત્વગ્રંથિ રૂપ અશુદ્ધ પરમગતિ, અર્થાત વ્યક્તિરૂપે વ્યાપક નહીં તે)

अव्यक्तात्तु पर पुरुषो व्यापकोऽलिङ्ग एव च।

यज्ज्ञात्वा मुच्यते जन्तुरमृतत्वं च गच्छति।।

(શ્રી કૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત, અધ્યાય ૨ વલ્લી ૩, મ ૮)

અર્થ અશુદ્ધ પરમગતિથી પરમાત્મા શ્રેષ્ઠ છે કે જે (પોતાની પરમ ગતિ દ્વારા વ્યાપક છે અને દેહધારી નથી જેને જાણ્યા પછી આ માઓ મુક્ત થઈ બ્રહ્માનંદને પ્રાપ્ત થાય છે

(પુરુષો' એટલે પરમાત્મા પુરુષરૂપે)

(૨૨) શિષ્ય શુદ્ધ પરમગતિ સુધી જવા છતા જો એકાદ આશા-આકાંક્ષા કે અહમત્વનુ સહેજ પણ બીજ બાકી રહ્યુ હોય તો પોતાને પાછા આવવું પડે છે, તો આત્મિક શક્તિ પરમશક્તિનો ભેટો કરી આપે છે ` સમર્પણ?

વ્યાસ જ્ઞાન યોગ અને ભક્તિરૂપી ત્રિવેણી ગંગાનુ તત્ત્વ રહસ્ય તે આત્મસમર્પણ છે આત્મશક્તિથી આગળ વધી છેલ્લે આત્મસમર્પણ સિદ્ધ કર્યા વિના બધુ ધૂળ પર લીંપણ જેવુ છે તેથી વેદો, ઉપનિષદો અને દર્શનો કોઈ પણ વસ્તુ લૌકિક કે અલૌકિક કોઈ પણ કાર્યનું ફળ યા સિદ્ધિ પોતાને અર્પણ ન કરતા દરેક કાર્ય બ્રહ્મને (એટલે પરમાત્માને) અર્પણ એટલે બ્રહ્માર્પણ કરીને

કૃષ્ણના આ દા છે આ આત્મિક શક્તિઓ સમયના વહન સાથે આત્માઓમા ઓછી થવાથી તે વખતની જનતાના આત્મબળ પ્રમાણે મહર્ષિ વેદવ્યાસે ભાગવતમા દરેક કાર્ય અને ફળ ચોરને ન મગના તેમ જ કોઈએ ફળની અપેક્ષા ન રાખતા તમામ માત્ર કૃષ્ણાર્પણ કરો, એમ જણાવ્યુ છે કેમ કે ફળની આકાંક્ષાને બંધનનુ અને અનેક જન્મો ધારણ કરવાનુ મૂળ બતાવ્યુ છે, ત્યારે ફલાકાંક્ષાના ત્યાગને બંધનથી મુક્ત થવાનુ અને પ્રભુપ્રાપ્તિનુ સાધન હોવાનુ બતાવ્યુ છે પુરાણની જનતા બ્રહ્માર્પણ કરવાની શક્તિ ઓછી ધરાવતી હોઈ કૃષ્ણાર્પણ કરવાનુ કહ્યુ છે ત ઉપરાત મહર્ષિ વેદ વ્યાસજીએ મહાભારતમા સ્પષ્ટ ચિત્ર બતાવ્યુ છે કે અર્જુન એક સામાન્ય વીર હતો, તેને કૃષ્ણપ્રભુએ કરુણા કરી મહારથી બનાવ્યો અને તે અર્જુનના હાથે ઘણા સમર્થ મહારથીઓનો અને લાખો યોદ્ધાઓનો સંહાર કરાવેલો, પરતુ તે વખતે અર્જુન પર કૃષ્ણનો કૃપામય હસ્ત છત્રછાયા કરી રહ્યો હતો, તેથી તેને વિજય પ્રાપ્ત થયે જતો હતો પરતુ પછી કૃષ્ણ જતા કૃષ્ણની કરુણા અને કૃપા ચાલ્યા જતા તે જ ગાંડીવધારી પાર્થ પોતાની પાસે તે જ ગાંડિવ ધનુષ્ય હોવા છતા ચાર કાબાના હાથે લૂંટાયો અને બે યાદવ છોકરાઓએ દ્વારિકા જતા તેને માર્યો, ત્યારે અર્જુન સ્ત્રીની માફક રુદન કરવા લાગ્યો અને કૃષ્ણની કૃપા હતી ત્યારે પોતાના કરેલા પરાક્રમો અને આજે માર ખવા વખત આવ્યો તે બન્ને સ્થિતિ સરખાવી પોતાની શક્તિ કૃષ્ણની પાછળ ચાલી ગઈ જોઈ નિસ્તેજ મુખે કલ્પાત કરતો હતો તે દાખલો બતાવી મહર્ષિ વેદવ્યાસજીએ માનવમાત્રને ગૂઢ બોધ આપ્યો છે કે, તમારામાં કાંઈ જ શક્તિ નથી, તમે કાંઈ કરવા શક્તિમાન નથી, પ્રભુસદ્‌ગુરુની શક્તિથી જ તમે સારા કાર્યો કરો છો માટે અહમપદ ધરશો નહિ જો સહેજ પણ અહમ્ વાગ્ય કર્યું તો કૃષ્ણની કૃપા જતા અર્જુનની જે હાલત થઈ તે કરતા પણ તમારી વિશેષ બૂરી હાલત થશે

આ રહસ્યના ઉદ્દેશમા યોગી શુકદેવે પરીક્ષિત સમક્ષ ભાગવતનુ રહસ્ય સમજાવતાં કહ્યુ છે કે, જે દરેક કાર્યમાથી પોતાનાપણુ ખેંચી લે એટલે અહમ મમ દૂર કરાવે તે કૃષ્ણ છે અર્જુન કૃષ્ણપ્રભુનો શરણાગત બન્યો હતો, તેથી કૃષ્ણમા તેની તમામ શક્તિઓ સમાઈ ગઈ હતી અર્જુને પોતાની ઇચ્છાથી નહિ પણ કૃષ્ણની ઇચ્છાથી પ્રભુને ફળ સોંપીને યુદ્ધ કર્યું હતુ અને ફળની આશા રાખ્યા વિના તેણે કૃષ્ણની ઇચ્છામાં પોતાની ઇચ્છા સમારી કૃષ્ણાર્પણ કર્યું હતુ, તેથી પરાજય દેખાવા છતા વિજય પામતો હતો કેમ કે કૃષ્ણ બીજાની શક્તિઓ ખેંચી લઈ અર્જુનને આપતા હતા. તે પ્રમાણે જ્યા સુધી નહિ પણ આત્મા પરમાત્માને કે શ્રીકૃષ્ણને અગર સદ્‌ગુરુને આધીન ન થાય અને પ્રભુ

ઈચ્છામા પોતાની ઈચ્છા સમાવી પોતાનુ આત્મસમર્પણ ન કરે ત્યા સુધી તે આત્મશક્તિઓનો અધિષ્ઠાતા કદી બની શકતો નથી તેથી અવધૂત શુકદેવજીએ કહ્યુ છે કે, હુ દેહધારી કૃષ્ણપ્રભુમા દૃષ્ટિ ન રાખતા પરમ કૃષ્ણ પરમેશ્વરમા દૃષ્ટિ રાખી જે ખેંચી લે છે અને સર્વ કાર્ય કરાવે છે એને ચેતનાશક્તિ પ્રભુકૃષ્ણ કહુ છુ

(૨૩) શિષ્ય ધર્મશાસ્ત્રોના પ્રમાણ આપી પરમગતિ વિષે સમજાવો

જવાબ આ વિષય પ્રકરણ ૪ના પ્રશ્ન નબર ૧૩મા જણાવ્યો છે, તે વાચી લેશો

પ્રકરણ ૪

# ચૈતન્ય આત્માના ચાર દેહો

(૧) શિષ્ય ચૈતન્ય આત્માના કેટલા દેહો છે?

વ્યાસ ચૈતન્ય આત્માના ચાર દેહો છે (૧) આત્મિક મહાકારણ (૨) આત્મિક કારણ (૩) આત્મિક સૂક્ષ્મ અને (૪) આત્મિક સ્થૂલ

(૨) શિષ્ય ચૈતન્ય આત્માનો મહાકારણ દેહ ૐકારના કયા સ્થાનેથી પ્રાપ્ત થાય છે?

*જવાબ પરમાત્માના સમગ્ર જ્ઞાનચૈતન્ય સ્વરૂપમાથી એકસરખો અનંત જ્ઞાનચૈતન્ય શક્તિવાળો પરમપ્રકાશનો ધોધ વહે છે પણ તે ધોધ પરમાત્માના શિર અને મુખારવિંદની આજુબાજુથી પ્રચંડ રૂપમા નીકળતા જ પરમાત્માની મુખાકૃતિની આસપાસ કૂડાળારૂપે ગતિ ધારણ કરે છે (જેમ સૂર્યનારાયણના સ્વરૂપની આસપાસ પ્રચંડ પરમપ્રકાશનું કૂડાળું દેખાય છે તેમ), આ સ્થાનેથી ચૈતન્ય આત્માનો મહાકારણ દેહ પ્રાપ્ત થાય છે આ આત્મિક મહાકારણ પ્ર દ ન જમા આવેલો છે કે જ્યા "તાત્વિક શુદ્ધ પરમગતિ"નુ સ્થાન છે

(૩) શિષ્ય ચૈતન્ય આત્માનો કારણ દેહ ૐકારના કયા સ્થાનેથી મળે છે?

*જવાબ પ્રકરણ ૩ના, પ્રશ્ન નંબર (૫)મા જણાવી ગયા પ્રમાણે, પરમાત્માના સ્વરૂપની આસપાસથી જે અનંત જ્ઞાનચૈતન્ય શક્તિવાળો પરમપ્રકાશનો ધોધ વહે છે, તે ચતુર્દશ કળાત્મા શુદ્ધ પરમગતિ નામે ઓળખાય છે આ શુદ્ધ પરમગતિ આત્માનુ મૂળ ઉત્પત્તિસ્થાન છે અને ત્યાથી "ચૈતન્ય આત્માનો કારણ દેહ" પ્રાપ્ત થાય છે આ આત્મિક કારણ પ્ર દ ન દમા આવેલો છે

(૪) શિષ્ય ચૈતન્ય આત્માનો સૂક્ષ્મદેહ ૐકારના કયા સ્થાનેથી મળે છે?

*જવાબ પ્રકરણ ૩ના, પ્રશ્ન નંબર (૧૦)મા જણાવી ગયા પ્રમાણે, પરમાત્માનો અનંત જ્ઞાનચૈતન્ય શક્તિવાળો પરમપ્રકાશનો ધોધ શુદ્ધ પરમગતિ દ્વારા થઈને સતત નીચે વહન કરે છે તે ધોધ અર્ધમાત્રામા આવેલા નારાયણમાથી માયામિશ્રિત બની (એટલે અશુદ્ધ બની) પાછો ઉપરની પરમગતિમા પરાવર્તન થાય છે ત્યારે પરમાત્મા તરફથી સતત નીચે વહી રહેલો ધોધ અને નારાયણમાથી પરાવર્તન થઈ પાછો ઉપર જતો ધોધ, એમ બંને ધોધ સામ સામા અથડાય છે અને ત્યા મિશ્રિતગતિ ધારણ કરે છે તે સ્થાનને શુદ્ધાશુદ્ધ

પરમગતિ કહે છે. અને બન્ને વોધ જ્યારે ચ્યવશ છે ત્યારે તેમાથી ક્વચિત્ ક્વચિત્ ગ્રથિઓ પડે છે, એટલે કે શુદ્ધ યા નિર્મળ પરમગતિમાથી પરમજ્ઞાન ચૈતન્ય તત્ત્વ (એટલે આત્મજ્યોતિ યા આત્મતત્ત્વ) છૂટુ પડે છે અને તેના પર અશુદ્ધ પરમગતિનુ બહુ જ અલ્પ પ્રમાણમા માયાના તાત્ત્વિક ગુણોનુ યા તત્ત્વમાયાનું પડ ચડે છે (કાદાના પડની માફક), તેને "ગ્રથિ" કહેવાય છે તે ગ્રથિ જ "ચૈતન્ય આત્માનો સૂક્ષ્મદેહ" ગણાય છે આ આત્મિક સૂક્ષ્મ પ્ર ૬ ન ૮મા આવેલો છે

(૫) શિષ્ય ચૈતન્ય આત્માનો સ્થૂલદેહ ૐકારના કયા સ્થાનેથી મળે છે?

*જવાબ પ્રકરણ ૩ના, પ્રશ્ન નબર (૮)મા જણાવી ગયા પ્રમાણે, અશુદ્ધ પરમગતિમા જે આત્મા નામ આરોપણ થઈ જ્યા આત્મા કહેવાયો, તે આત્મા "ચૈતન્ય આત્માનો સ્થૂલ દેહ" છે આ આત્મિક સ્થૂલ પ્ર ૬ ન ૨૧ મા આવેલા છે

(૬) શિષ્ય ચૈતન્ય આત્મા માયાના ચાર દેહો કેવી રીતે ધારણ કરે છે?

વ્યાસ તમારા પ્રશ્નની ઉત્તર "પ્રણવવિજ્ઞાન"મા જણાવ્યો છે કે

(મનહર છદ)

તત્ત્વમાયા, પરમગતિ, બેઉ મિશ્ર થયા તેથી,
અશુદ્ધ પરમગતિમા, સજીવ જણાયુ છે
આત્મબળ આપી જીવો, માયામા બહુ ફસાયા,
દેહોથી બધાયેલાનુ, વિશ્વ આ ગણાયું છે
તત્ત્વમાયા, અત કરણ, મન, બુદ્ધિ, અહકાર,
ચિત્ત, વાસના મળીને, વિષયે તણાયુ છે
શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગધ તે વિષય પાચ,
ઇન્દ્રિયોથી સર્વ પ્રાણી, દુખમા હણાયુ છે
પાચ કર્મ, પાચ જ્ઞાન, ઇન્દ્રિયો ને પચભૂત,
ગર્ભે નવ માસે સ્થૂલ, પાચે સજીવ થાય છે
સ્થૂલ પદર, સૂક્ષ્મ પાચ, કારણ ચાર, મહાકારણ એક,
તે પચ્ચીસ માયાતત્ત્વે, આત્માઓ બધાય છે
માયાજાળે ઉકારે, પેસતા એક એક કળા,
આપી માયાતત્ત્વો લેતા, દ્વિકળા રહી જાય છે
ગ્રથિ બધાતા આત્મામા, ચાર કળા ઓછી થાયે,
તેમાની બે કળા બળે, દ્વિકળા શુદ્ધ થાય છે

જેવા ઇચ્છાથી અકારે, અક્ષરની વાગ સમ,
મન, બુદ્ધિ, ચિત્ત, અહકાર, "કારણ" વળગાય છે
પાંચ કળા તો અકારે, "સૂક્ષ્મ" મળે કળા ટળે,
શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગધ, વિષયે બધાય છે
તે ગ્રથિ ભ્રમર સમ, છિદ્ર શોધે ઉંમાહી,
દ્વાર અન્ય ન મળતા, માયાજાળે ફસાય છે
ત્યા ત્રિગુણ પડિપુ, કારણ, સૂક્ષ્મ થકી વાધે,
ઉકારમા પેસતા, દર્શને જાતિ ચહાય છે ૩

(૭) શિષ્ય માયા અને ચૈતન્યના દેહોનુ સ્પષ્ટીકરણ કરશો? અને એ દેહોના તત્ત્વો શામા જાય છે તે જણાવશો?

વ્યાસ તમારા પ્રશ્નનો જવાબ "પ્રણવવિજ્ઞાન"મા આપ્યો છે, તે જ જણાવીએ છીએ

(મનહર છદ)

માયિકના ચાર દેહ, તેવા ચૈતન્યના ચાર,
તેની આટીઘૂટી ઘણી, સમજવી ન્યારી છે
હાડ, માસ, ચામ્ર તણો, પચભૌતિકનો દેહ,
દશ ઇન્દ્રિયો સહિત, સ્થૂલ દેહ ભારી છે
પચ વિષય ને ચાર, અતકરણ મળી,
દશમી વાસના સહિત, સૂક્ષ્મને વિચારી છે
વિષય વિના પાચનો તે, કહેવાયો કારણ દેહ,
ચાર વપુ વાસનાવાળો, મહાકારણ ધારી છે

દશ તત્ત્વનુ સૂક્ષ્મ, તે છે ચૈતન્યનુ સ્થૂલ,
પાચ વિના પાચનુ તે, સૂક્ષ્મ વપુ જાણવુ
ચાર વિના સ્વજાતિની, વાસનાથી વીંટાયેલુ,
તે વાસનિક ચૈતન્યને, કારણ પ્રમાણવુ
વાસના છૂટી કઈ ન રહે, સ્વજાતિમા જાય મળી,
તે ચૈતન્ય પરમબ્રહ્મ, મહાકારણ માનવુ
માયા તણા ચાર દેહ, તેવા ચૈતન્યના ચાર,
આ સર્વ સમજે તેને, વિજ્ઞાને વખાણવુ
મોક્ષે જનારો ઉકારે, પદરનુ સ્થૂલ મૂકે;
ઉકારથી બહાર જતાં, તામસ તજાય છે

મકારની પાસે જતા, પચ વિષયો ત્યા છૂટે,
મકારથી ઉર્ચ્વે જતા, રાજસ મુકાય છે
"અ-ઉ-મ"ની સધિ પાસે, ષડ્રિપુ છૂટી જાય,
મન, બુદ્ધિ, ચિત્ત, અહકાર, સત્ત્વ "અ"મા જાય છે
માત્રામા મહાકારણ દેહે, વાસના તત્ત્વ અશુદ્ધે,
છોડી આત્મા શુદ્ધ બની, મોક્ષમા સમાય છે ૩
પછી માયા વાસનાનુ, આત્માને બધન રહ્યુ,
તે વાસના શરીરને, મહાકારણ માનજો
માયામાથી મોક્ષે જવા, દ્વાર અક્ષરધામ માહી,
તત્ત્વ વાસના છૂટયા વણ, અમોક્ષ ઉર આણજો
શુદ્ધાશુદ્ધ પરમગતિ, તત્ત્વ વાસના ત્યા છૂટે,
માયા રહિત ચૌદ કળા, શુદ્ધાત્મા, વખાણજો
પછી શુદ્ધમા પેસતા, દર્શને સોળકળા બની,
ક્ષણમા એક રસ, પરમેશ્વર જાણજો ૪

(૮) શિષ્ય સાધકથી સત્યસ્વરૂપ મોક્ષમા બ્રહ્માકાર વૃત્તિ વડે કયારે નિમગ્ન થવાય?

વ્યાસ આત્મિક ધ્યાન કરવામા જ્યારે સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહા કારણ દેહની લૌકિક શકિતનો હ્રાસ (એટલે નાશ યા ક્ષય) થાય, ત્યારે જ આત્મોચ્ચાર થયા બાદ આત્મલક્ષ્ય લાગે છે, પરતુ આત્મોચ્ચારમા લૌકિક અલૌકિક બન્ને તત્ત્વો મિશ્ર હોવાથી અથવા આત્મા ગ્રથિતત્ત્વવાળો હોવાથી આત્માના રહેલ કૂટસ્થબ્રહ્મ (એટલે આત્મજ્યોતિ) વડે બ્રહ્મોચ્ચાર થતો નથી માટે તે તમામનો લય કરીને આત્મજ્યોતિ વડે બ્રહ્મોચ્ચાર કરવો એટલે કૂટસ્થ આત્મજ્યોતિએ માત્ર પ્રણવનુ બ્રહ્માકાર વૃત્તિથી ફક્ત પરમેશ્વરમા લક્ષ રાખીને એકાગ્ર ધ્યાન કરી બ્રહ્મોચ્ચાર કરવાનો છે જેવી રીતે માયાના ચાર દેહો યોગમા લય થઈ જાય છે તેવી રીતે ચૈતન્ય આત્માના સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ ચાર દેહો છે તે પૈકી આત્મિક અલૌકિક સ્થૂલ દેહરૂપ ચાર મન્વતરો છે, તે તમામનો આત્મયોગમા અને બ્રહ્મયોગમા ત્યાગ અને વિલય કરાય તો જ આનન્દરૂપ બ્રહ્મથી સત્યસ્વરૂપ મોક્ષમા બ્રહ્માકાર વૃત્તિ વડે નિમગ્ન થવાય

(૯) શિષ્ય પરમાત્મામા એકાગ્ર થવા માટે ચૈતન્યના અત કરણની જરૂર પડે છે કે?

વ્યાસ આ પ્રકરણના પ્રશ્ન નબર (૭) ના પહેલા અને બીજા "મનહર છદ" મા જણાવ્યા પ્રમાણે માયિકના ચાર દેહો છે તેવા ચૈતન્યાત્માના ચાર દેહો

છે અને જેવા માયિકના ચાર તત્ત્વનું અંતઃકરણ છે, તેવા ચૈતન્યના માયારહિત મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારનું અંતઃકરણ છે. માયાવી અંતઃકરણથી વિશ્વમાં અને માયાવી બંધનમાં ફસાવાય છે, ત્યારે ચૈતન્યના અંતઃકરણથી મુક્ત થવાય છે. તેથી જ માયાવી અંતઃકરણનું ષડયંત્ર બંધ કરવા વડે ચૈતન્યના અંતઃકરણનું યંત્ર ચાલુ થતું હોવાથી મન, ઈંદ્રિય ઇત્યાદિને જીતવા માટે ખાસ ભાર મૂકવામાં આવેલો છે. આમ પુરુષાર્થના પ્રયત્નથી મોક્ષપદમાં આત્મિક મન (એટલે પ્ર. ૬ ન. ૨૧થી બતાવેલ અશુદ્ધ પરમગતિમાં મન્વતરો પાસે આત્મિક મન પ્રાપ્ત થાય છે તે) જોડવામાં આવે છે, અર્થાત્ તલ્લક્ષ્ય ભાવથી આત્મચૈતન્ય પરમચૈતન્યમાં એકાગ્ર થાય છે. તે પરમપદને પ્રાપ્ત કરવા દરેક સાધકે નિર્વિકલ્પ થવાનું છે.

तृष्णाग्राहगृहीतानां संसारार्णवपातिनाम्।
आवर्तैरुह्यमानानां दूरं स्वमन एव नौ ॥
मनसैव मनश्छित्त्वा पाशं परमबन्धनम्।
भवादुत्तारयात्मानं नासावन्येन तार्यते ॥
(મહોપનિષત, અધ્યાય ૪, શ્લોક ૧૦૬ ને ૧૦૭)

તૃષ્ણારૂપી મગરે પકડેલા અને સંસારસમુદ્રમાં પડેલા તથા વમળોમાં ગુનાગે ખાનારા મોહબદ્ધ આત્માઓ માટે ચૈતન્ય મનવાળી આત્મનૌકા ઘણી દૂર છે. તે આત્મનૌકામાં બેસી ચૈતન્યના આશ્રય વડે માયામોહથી પાર ઊતરવું જોઈએ. પોતે પોતાનું કલ્યાણ કરવું તેમાં જ સ્વધર્મ પૂરો થતો નથી. પરંતુ આત્મચૈતન્યના મન વડે માયાવી મનના પાશરૂપ બંધનને કાપી નાખીને તારો અને અન્યના આત્માઓને તાર. અર્થાત્ ઉદ્ધાર. મનના બંધન કાપ્યા સિવાય આત્મચૈતન્યની એકતા થતી નથી, માટે જેમાંથી આત્મચૈતન્ય ઉત્પન્ન થયું છે તેમાં સમર્પણ કરી અન્ય આત્માઓને તાર. જેમ પોતાના પિતૃઓની શ્રાદ્ધ, સંવત્સરી ઇત્યાદિ કરી તર્પણ કરવું તે પુત્રનો ધર્મ છે, તેમ અન્ય આત્માઓ કે જે આપણા આત્મબંધુઓ છે તેમને તારવાની પ્રત્યેક જ્ઞાની આત્માની ફરજ છે. કેમ કે જે પોતે તરી અન્યને તારતા નથી, તે સ્વાર્થપરાયણ અગર ઢોંગી છે. પરંતુ જે પોતાના કલ્યાણનું જ પૂરું સાધન કરી શક્યો નથી, અને અન્યને તારવાની વાતો કરી અનેક આત્માઓને ધોખો દઈ રહ્યો છે તેવા આત્માનો કરોડો જન્મે કેમ ઉદ્ધાર થશે, તે તેમણે વિચારવા જેવો વિષય છે.

(૧૦) શિષ્ય : "સમતા"નો અર્થ શું થાય છે?

વ્યાસ : જ્યારે આત્મચૈતન્ય લગભગ ષોડશકળા જેટલું આત્મચૈતન્યવાન થાય અને તે બ્રહ્મનિષ્ઠાત્મિક ધ્યાન વડે તન્મય ભાવથી પરમબ્રહ્મ પરમાત્મામાં લીન થાય, તે વખતે માયાવી તથા ચૈતન્યના તમામ દેહો જડરૂપ બની જાય

અને આત્મજ્યોતિ પરમજ્યોતિના પ્રવાહને ઝીલે, તેવી બનેની સરખી અવસ્થાને "સમતા" જાણવી એટલે કે સરખાપણામા આત્મૈક્યતા સમજવી નહિ તો સૂકા વૃક્ષ સમાન સીધા રહેવામા "સમતા" નથી

(૧૧) શિષ્ય ધારણા, ધ્યાન અને સમાધિના તાત્વિક અર્થ સમજાવો

વ્યાસ જ્યા આત્મિક મન બ્રહ્મભાવથી સ્થિર થાય તેવી પરમાત્મા પરમ બ્રહ્મમા લક્ષ્યરૂપ ધારણાને પરમ "ધારણા" માની છે આત્મતત્ત્વે (એટલે આત્મ જ્યોતિએ) પરમાત્મામા લીન થયા પછી "હુ બ્રહ્મ છુ" એવી સત્ય, પવિત્ર, નિરાભિમાનવૃત્તિથી નિરાલબ (એટલે આધાર વગર) સ્થિતિ પ્રાપ્ત કરવી તેનુ નામ "ધ્યાન" છે અને તે જ પરમાનદદાયક છે નિર્વિકારવૃત્તિથી અગર બ્રહ્મા કારવૃત્તિ વડે વૃત્તિઓનુ સમ્યક્ (એટલે યોગ્ય) વિસ્મરણ થવુ તેને "સમાધિ" કહેવાય છે એટલે કે સમાધિમા માયાવી નિર્વિકારવૃત્તિ અગર બ્રહ્માગરવૃત્તિ બેમાથી એકે વૃત્તિ ન રહેતાં જ્યારે તે બે વૃત્તિઓ એકત્ર થાય ત્યારે આત્મ જ્યોતિ તન્મય અને તલ્લક્ષ્ય થઈ જાય, અને તે વખતે આત્મજ્યોતિ અને પરમજ્યોતિમા ભેદ હોવાપણુ ન જણાય તેનુ નામ "સમાધિ" છે

(૧૨) શિષ્ય ચૈતન્ય આત્માના કેટલા કૂટસ્થ છે, અને તેની સમજૂતી જણાવશો?

*જવાબ ચૈતન્ય આત્માના કૂટસ્થ ચાર છે અને તેની સમજૂતી નીચે પ્રમાણે છે

(૧) મનુષ્યના આત્મામા જે બે આની તત્ત્વ છે તે અને બ્રહ્માડમા જે ગતિઓ છે તે ચૈતન્ય આત્માનો "સ્થૂળ દેહ" ગણાય છે આ દેહના હિસાબે,
(૨) મન્વતરોની નીચે જે વમળરૂપી ગતિ છે, તે ચૈતન્ય આત્માનો "સૂક્ષ્મદેહ" ગણાય છે
(૩) અશુદ્ધ પરમગતિને ચૈતન્ય આત્માનો "કારણદેહ" કહેવામાં આવે છે
(૪) શુદ્ધાશુદ્ધ પરમગતિને ચૈતન્ય આત્માનો "મહાકારણદેહ" કહેવામાં આવે છે

મન્વતરોના સ્થૂળદેહના હિસાબે ચાર ચૈતન્ય આત્મિક દેહની સમજણ

(૧) મનુષ્યના આત્મામા જે બેઆની તત્ત્વ છે અને બ્રહ્માડમા ગતિનો જે સૂક્ષ્મદેહ છે, તે મન્વંતરોની નીચે જે વમળરૂપી ગતિ છે તેનો "સ્થૂળ દેહ" ગણાય છે
(૨) મન્વતરોનો સ્થૂળ દેહ છે, તે અશુદ્ધ પરમગતિનો "સૂક્ષ્મદેહ" ગણાય છે
(૩) મન્વતરોનો સ્થૂળદેહ છે, તે શુદ્ધાશુદ્ધ પરમગતિનો "કારણદેહ" ગણાય છે
(૪) મન્વતરોનો સ્થૂળદેહ છે, તે શુદ્ધ પરમગતિનો "મહાકારણદેહ" ગણાય છે

અશુદ્ધ પરમગતિના સ્થૂલદેહના હિસાબે ચાર ચૈતન્ય આત્મિક દેહની સમજણ

(૧) મન્વતરોની નીચે વમળરૂપી ગતિનો જે સૂક્ષ્મદેહ છે (તે મનુષ્યના આત્મામા જે બેઆની તત્ત્વ છે તેનો અને બ્રહ્માંડમા આવેલી ગતિનો "કારણ દેહ" ગણાય છે), તે અશુદ્ધ પરમગતિનો "સ્થૂલદેહ" ગણાય છે

(૨) અશુદ્ધ પરમગતિનો સ્થૂલદેહ છે, તે શુદ્ધાશુદ્ધ પરમગતિનો "સૂક્ષ્મદેહ" ગણાય છે

(૩) અશુદ્ધ પરમગતિનો સ્થૂલદેહ છે, તે શુદ્ધ પરમગતિનો "કારણદેહ" ગણાય છે

(૪) અશુદ્ધ પરમગતિનો સ્થૂલદેહ છે, તે તાત્ત્વિક શુદ્ધ પરમગતિનો "મહા કારણદેહ" ગણાય છે

શુદ્ધાશુદ્ધ પરમગતિના સ્થૂલદેહના હિસાબે ચાર ચૈતન્ય આત્મિક દેહની સમજણ

(૧) અશુદ્ધ પરમગતિનો જે સૂક્ષ્મદેહ છે (તે મન્વતરોની નીચે વમળરૂપી ગતિનો "કારણદેહ" ગણાય છે અને તે મનુષ્યના આત્મામા બેઆની તત્ત્વ છે તેનો અને બ્રહ્માંડમા ગતિનો "મહાકારણદેહ" ગણાય છે), તે શુદ્ધાશુદ્ધ પરમગતિનો "સ્થૂલદેહ" ગણાય છે

(૨) શુદ્ધાશુદ્ધ પરમગતિનો સ્થૂલદેહ છે, તે શુદ્ધ પરમગતિનો "સૂક્ષ્મદેહ" ગણાય છે

(૩) શુદ્ધાશુદ્ધ પરમગતિનો સ્થૂલદેહ છે, તે તાત્ત્વિક શુદ્ધ પરમગતિનો "કારણ દેહ" ગણાય છે

(૪) શુદ્ધાશુદ્ધ પરમગતિનો સ્થૂલદેહ છે, તે પરમાત્મા જે પરમગતિના શ્વાસોશ્વાસ લે છે તે પરમગતિનો "મહાકારણદેહ" ગણાય છે

(૧૩) શિષ્ય અશુદ્ધ પરમગતિ, શુદ્ધાશુદ્ધ પરમગતિ અને શુદ્ધ પરમ ગતિનુ વર્ણન જણાવ્યુ, પણ તેને લગતા ધર્મશાસ્ત્રોમા પ્રમાણો છે કે?

જવાબ હા, એને લગતા ધર્મગ્રથોમા પ્રમાણો છે

(૧) અશુદ્ધ પરમગતિ સર્વસારોપનિષત, મત્ર ૯મા જણાવ્યુ છે કે –
ब्रह्मादिपिपीलिकापर्यन्त सर्वप्राणीबुद्धिष्वविशिष्टतयोपलभ्यमान सर्वप्राणीबुद्धिस्थो यदा तदा कूटस्थ इत्युच्यते ॥

અર્થ ચૈતન્ય-બ્રહ્મથી જીવડા (એટલે કડમા નાના જતુ) સુધી બધા પ્રાણીઓની બુદ્ધિમા અવિશેષ રૂપમા યા વિશેષ રૂપ વગર ફક્ત ચૈતન્યના આકાર મા માલમ પડે છે અને બધા પ્રાણીઓના આધાર માટે સ્થિર થાય છે, તેને "કૂટસ્થ" કહે છે અથાત પરમચૈતન્યથી માડી કીડા (એટલે પેટે ચાલનારા નાના જીવડા) સુધીમા અને વિકાસ પામતા બધા પદાર્થોમા દરકમા ચૈતન્ય જુએ તેને "કૂટસ્થ" કહેવાય છે

આ મંત્રમા ગૂઢરૂપે "અશુદ્ધ પરમગતિ" વિષે કહ્યુ છે પ્રકરણ ૩ના અશુદ્ધ પરમગતિના પ્રશ્ન નંબર (૮)મા કહ્યા મુજબ, તે જ્ઞાનચૈતન્યનો ધોધ નારાયણમાથી પરાવર્તન થઈ ઉપરની નિર્મળ પરમગતિમા જઈને જ્યા અટકે છે તેને જ "અશુદ્ધ પરમગતિ" કહે છે કેમ કે નારાયણમાં તત્ત્વગુણી માયા હોવાથી તે ઉપરની નિર્મળ ગતિને પણ અશુદ્ધ બનાવે છે

શુદ્ધાશુદ્ધ પરમગતિએ શુદ્ધ પરમગતિના ધોધને (કે જે આત્મતત્ત્વથી યા આત્મજ્યોતિથી ભરપૂર છે તે) અશુદ્ધ પરમગતિના ધોધનો (કે જે તત્ત્વાત્માથી ભરપૂર છે તે) સ્પર્શ થવાથી ચેતન ગ્રંથિઓ અગ્નિના તણખા રૂપે પ્રગટે છે યા માયિક જીવાત્માઓ પ્રગટ થાય છે પણ તે કેવી રીતે? શુદ્ધ પરમગતિના ધોધમાથી આત્મતત્ત્વ યા આત્મજ્યોતિ છૂટી પડે છે અને તેના પર અશુદ્ધ પરમગતિના ધોધમાથી (એટલે તત્ત્વગુણી માયાના મિશ્રિત ધોધમાથી) કાદાના પડની માફક પડ ચઢે છે, તેને જ "ગ્રંથિતત્ત્વ આત્મા" કહેવામા આવે છે કેમ કે આત્મતત્ત્વે યા આત્મજ્યોતિએ કોઈ પણ જાતનું પાપ યા પુણ્ય કર્યું જ ન હોવાથી નીચે ગતિ કરવાનુ કશું કારણ નથી અને આ આત્મતત્ત્વને રજોટીરૂપે અશુદ્ધ પરમગતિનો સ્પર્શ લાગતો હોવાથી, તે લાગેલા સ્પર્શને લીધે "આત્મા" કહેવામા આવે છે એટલે આત્માને શુદ્ધાશુદ્ધ પરમગતિએથી જ અહમ્ લાગુ પડે છે પરતુ આ અહમ્ સાચું છે કેમ કે "હુ ચૈતન્ય આત્મા છુ", "હુ પરમાત્માની પરમગતિનો ભાગ છુ" અને "હુ પરમાત્માનો શુદ્ધ પુત્ર છું" આવુ સ્ફુરણ અંતરાત્માને થાય છે તે "સાચુ અહમ્" છે

"કૂટસ્થ" કહેવાનું શું કારણ? આઠ પ્રકારના આત્માઓમા [જેવા કે, ઉકારમડળમા આવેલા "જડાત્મા", "જીવાત્મા" ને "આત્મા", મકારમડળમાં આવેલા "મહાત્મા", અકારમડળમા આવેલા "દિવ્યાત્મા", નારાયણના હૃદયકમળમાં રહેલા નવમોનવાણુ "અંશાત્મા", નરનારાયણના (એટલે પંચમુખી બ્રહ્માના) આત્માને "પરાત્મા" અને આદિનારાયણના આત્માને "બ્રહ્માત્મા"] પરમાત્માની શુદ્ધ પરમગતિનું નિર્મળ તત્ત્વ યા પરમજ્ઞાનચૈતન્યતત્ત્વ યા આત્મતત્ત્વ યા આત્મજ્યોતિ દરેક પ્રકારના આત્માઓમા ઓછા યા વધારે પ્રમાણમા ગૂઢરૂપે રહેલી હોવાથી અને તેનો સાક્ષાત્કાર કેવળ યોગ યા ધ્યાન દ્વારા આત્માથી તદ્દન જુદો થતો હોવાથી તેને "કૂટસ્થતત્ત્વ" કહેવામાં આવે છે

તત્ત્વગુણી માયાનું વધારે પડતુ બધન અશુદ્ધ પરમગતિથી લાગુ પડે છે આ અશુદ્ધ પરમગતિમા ગુહ્યરૂપે ચાર મન્વતરો પ્ર દ ન ૧૩, ૧૪, ૧૫ ને ૧૬થી બતાવેલ સન્તુ, સનત્કુમાર, સનાતન અને સનક આવેલા છે તે મન્વ તરોનો જેના પર ચિદાભાસ પડી રહેલો છે તે પરમગતિની પાછળ એટલે તેનાથી

ઊંડાણવાળા ભાગમાં અશુદ્ધમા શુદ્ધ પરમગતિનું કૂટસ્થતત્ત્વ સમાયેલુ છે કે જે જળકમળવત્ હોવા ઉપરાત કોઈ કાળે પણ અશુદ્ધ થતું નથી અને માયાના કોઈ પણ પ્રકારના સ્પર્શથી તે લેપાતું નથી તે જ પ્રકારે દરેક આત્મામા જે કૂટસ્થતત્ત્વ રહેલુ છે, તે લાખો પાપ કરવા છતા પણ ભ્રષ્ટ કે પાપી થતું નથી અને તે સદૈવ નિષ્પાપ અને નિર્વિકાર રહે છે અને તેથી જ દરેક આત્મા ગમે તેવો પાપી હોય તોપણ ઓછાવત્તા ગમે તે સમયે પણ ધર્મપરાયણ થાય છે અને કૂટસ્થતત્ત્વ જ તેને ધર્મ અને પરમાત્મા તરફ દોરે છે

કૂટસ્થતત્ત્વ યા આત્મજ્યોતિ તે મૂળ અને ચાલુમા અશુદ્ધ પરમગતિ સાથેનો કરટ દરેકમા વહેતો હોવાથી તે પરમાત્માની વ્યાપક શકિત છે તેથી કૂટસ્થતત્ત્વ અને દરેક આત્માને એક "બ્રહ્મ" જ માનેલા છે (બ્રહ્મ અને પર બ્રહ્મથી જે જુદા અને પરમશ્રેષ્ઠ છે તેને જ "પરમબ્રહ્મ" જણાવ્યા છે, પણ તેને કેટલીક વખત "બ્રહ્મ" પણ કહેલા છે ટૂકા શબ્દમા પરમબ્રહ્મને બ્રહ્મ કહેલા છે)

કૂટસ્થતત્ત્વ યા આત્મજ્યોતિને પરમાત્માની વ્યાપક શક્તિ માનવાનું શુ કારણ? કેમ કે પરમાત્માનું ગતિ તત્ત્વ (પરમગતિ) અનત, અગાધ અને અખૂટ છે અર્થાત્ પરમાત્માનો જે અનત પરમ જ્ઞાનચૈતન્યનો શકિતશાળી ધોધ શુદ્ધ પરમગતિ દ્વારા આખા ૐકારમા સર્વવ્યાપક છે, તેને એક શક્તિ માનવામા આવે છે અર્થાત્ સર્વોત્કૃષ્ટ પરમાત્માની ગતિ એ દિવ્ય શક્તિના મહાન ધોધ રૂપ છે કેમ કે આ પરમ જ્ઞાનચૈતન્યની ગતિમા દયા, પ્રેમ, પવિત્રતા વગેરે નિર્મળ ગુણો રહેલા હોવાથી તેને "શક્તિ" કહેવામા આવે છે જેમ સૂર્ય માથી પ્રકાશ ન ઘટતા અનત પ્રકાશ વહ્યા કરે છે, તેમ કોટાનકોટિ સૂર્યના તેજવાન પરમાત્મામાથી જ્ઞાનચૈતન્ય શકિતવાળો પરમપ્રકાશ ધોધમાર વહ્યા કરે છે તેમાથી ઊર્ધ્વમુખી આત્મા જેટલી આત્મશક્તિને મેળવવા ઇચ્છે તેટલી આધ્યાત્મિક શક્તિ મેળવી શકે છે આ જ્ઞાનચૈતન્ય શક્તિને કેટલાક યોગીઓએ દિવ્ય પ્રકૃતિ અગર દિવ્ય શક્તિનું અવતરણ માનેલુ છે

આત્મા એ પરમાત્માની અપરિમિત શક્તિમાથી એટલે પરમગતિમાથી ઉત્પન્ન થયેલો છે તેથી પરમાત્મતત્ત્વ સાથે તેને નિકટનો સબધ છે આત્મામાં અન્ય કોઈ બીજુ છે એવો ભાસ કરાવનાર છતા આત્મા સાથે તે સ્વરૂપે થઈ રહેલી છે તે જ પરમાત્માની પરમગતિ કૂટસ્થતત્ત્વ છે વળી તે પરમાત્માની પરમગતિ જ્ઞાનચૈતન્યનું સ્વરૂપ છે અને જ્ઞાનચૈતન્યથી ભરપૂર છે આત્માની અંદર રહેલી આત્મજ્યોતિ પરમાત્માની ગતિ (શક્તિ) છે આત્મતત્ત્વ યા આત્મજ્યોતિ અને પરમાત્મામા તત્ત્વનો કાંઈ ભેદ નથી બનેમાં તત્ત્વ તો એક જ

છે. પરંતુ તફાવત માત્ર સ્વરૂપના તથા જ્ઞાનચૈતન્ય અને શક્તિના ઓછાવત્તાપણાનો જ છે. જેમ એટમ તત્ત્વના થોડા બિંદુઓ અતિ ભારી યંત્રોને ચલાવવા શક્તિમાન છે, તેમ આત્મચૈતનાનાં થોડાં બિંદુઓ ક્રમાનુસાર ચારે દેહોને ગતિ કરાવવા શક્તિમાન છે. જેમ સૂર્યપ્રકાશમાં છાયા તડકાનો ભેદ જણાય છે, તેમ અશુદ્ધ પરમગતિમાં માયા અને જ્ઞાનચૈતન્યનો ભેદ જણાય છે.

**सर्वव्यापिनमात्मानं क्षीरे सर्पिरिवार्पितम् ॥**

(શ્રીકૃષ્ણયજુર્વેદીય બ્રહ્મોપનિષત્, મંત્ર ૩૭)

અર્થ : આત્મતત્ત્વ સર્વવ્યાપી છે. પરમગતિમાં દૂધમાં ઘીની માફક આત્મતત્ત્વ વ્યાપ્ત છે.

આ મંત્રનો ગૂઢાર્થ એ છે કે, પરમાત્માની પરમગતિમાં જ્ઞાનચૈતનાશક્તિ યાને કૂટસ્થતત્ત્વ યાને આત્મતત્ત્વ યાને આત્મજ્યોતિ અને આત્માનું તત્ત્વસ્વરૂપ વ્યાપક છે. એટલે જેમ દૂધના પ્રત્યેક ટીપામાં ઘી હોય છે તેમ પરમગતિ પ્રત્યક્ષ નહિ પણ તત્ત્વરૂપે જીવોથી ભરચક છે. તેથી પરમગતિને "જીવ" માનેલ છે.

**आत्मा ह्याकाशवत् ॥** (શ્રીગોડપાદીયકારિકાસહિત અથર્વવેદીય માંડૂકયોપનિષત્, અદ્વૈત પ્રકરણ ૩, મંત્ર ૩)

અર્થ : આત્મા આકાશવત્ છે એટલે પરમગતિ આત્માથી સભર અને આત્માથી વ્યાપ્ત છે.

તેથી સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે "પ્રણવવિજ્ઞાન"માં કહ્યું છે કે :

પરમાત્માની જ્ઞાનગતિ, માં મિશ્ર ચૈતન્યગતિ;
બિંદુ બહાર ચિદાભાસે, અશુદ્ધ કહેવાય છે.
તત્ત્વ વાસના માયાની, પર્મગતિમાંહી ભળી;
તેથી પયે ઘૃત સમ, તત્ત્વાત્મા ગણાય છે.

**अजायमानो बहुधा विजायते ॥** (શ્રીગોડપાદીયકારિકાસહિત અથર્વવેદીય માંડૂકયોપનિષત્, અદ્વૈત પ્રકરણ ૩, મંત્ર ૨૪)

અર્થ : જે પરમતત્ત્વવાળી પરમગતિ અજન્મા છે, તે બહુ પ્રકારે જુદા જુદા રૂપે જન્મે છે. તેથી જુદા જુદા પ્રકારના આત્માઓ કહેવાય છે.)

**तत्र यत्प्रकाशते चैतन्यं स क्षेत्रज्ञ इत्युच्यते ॥**

(સર્વસારોપનિયત્, મંત્ર ૯માંથી)

અર્થ : જ્યાં ચૈતન્ય પ્રકાશિત થાય છે તેને ક્ષેત્રજ્ઞ (એટલે આત્મા) કહે છે.

पुण्यपापकर्मानुसारी भूत्वा प्राप्तशरीरसंयोगमप्राप्तशरीरसंयोगमिव कुर्वाणो यदा दृश्यते तदोपहितजीव इत्युच्यते ।।

(सर्वसारोपनिषत्, मन्त्र ६)

અર્થ દેહ સયુક્ત ન હોવા છતા પુણ્ય, પાપ અનુસાર શરીરનો સબધ રાખે તથા આલોક, પરલોકમા આવજાવ કરે એવી દશાવાળાને "જીવાત્મા" કહેવાય છે

आत्मा ह्याकाशवज्जीवैर्घटाकाशैरिवोदित ।।

(શ્રીગોડપાદીયકારિકાસહિત અથર્વવેદીય માંડૂક્યોપનિષત, અદ્વૈત પ્રકરણ ૩, મંત્ર ૩)

અર્થ આત્મા આકાશવત અને જીવો ઘટાકાશવત છે એટલે પરમગતિમાં રહેલા આત્માઓને "આત્મા" અને વિશ્વમા રહેલાઓને "જીવાત્મા" કહેવાય છે

सतो हि मायया जन्म युज्यते न तु तत्वत ।।

(શ્રીગોડપાદીયકારિકાસહિત અથર્વવેદીય માંડૂક્યોપનિષત્, અદ્વૈત પ્રકરણ ૩, મંત્ર ૨૭)

અર્થ સત વસ્તુનો જન્મ (એટલે આત્માનો જન્મ) માયા વડે જ ઘટે છે પણ પરમાર્થથી નહીં

સક્ષિપ્તમા કહીએ તો, તત્ત્વાત્માનું ગૌણસ્થાન કે જે ગતિરૂપે છે તેને જ "અશુદ્ધ પરમગતિ" કહેવામા આવે છે પ્ર ૬ ન ૨૧થી આ સ્થાનને બતાવેલ છે વળી આ પરમગતિના ઊંડાણવાળા ભાગમા શુદ્ધ પરમગતિનું કૂટસ્થતત્ત્વ આવેલું છે તેથી તે ચૈતન્યતત્ત્વને યા આત્મજ્યોતિને યા આત્મતત્ત્વને જે ઉપરોક્ત બતાવેલ આઠે પ્રકારના આત્માઓમા જોવામા આવે તેને જ ઉપનિષદકારોએ "કૂટસ્થ" કહ્યુ છે આ વિષય પર વધુ સમજૂતી જોઈતી હોય તો પ્રકરણ ૮નો પ્રશ્ન નંબર (૧૫) અવશ્ય વાચવો

(૨) શુદ્ધાશુદ્ધ પરમગતિ સર્વસારોપનિષત, મન્ત્ર ૯માં જણાવ્યુ છે કે

कूटस्थोपहितभेदाना स्वरूपलाभहेतुर्भूत्वा मणिगणे सूत्रमिव सर्वक्षेत्रेष्वनुस्यूतत्वेन यदा काश्यते आत्मा तदान्तर्यामीत्युच्यते ।।

અથ જેવી રીતે મણિઓ દોરામાં પોવાઈ રહે છે એવી રીતે ચૈતન્ય કૂટસ્થ બધા શરીરોમા પરોવાઈને સ્થિર રહે છે આ ચૈતન્યકૂટસ્થ અનાદિની બધી ઉપાધિઓ સાથે વિશેષ વિશેષ અવસ્થાઓને લીધે હમાણાના સ્વરૂપને પ્રાપ્ત કરે છે (કારણરૂપ છે) આવા આત્માને "અંતર્યામી" કહે છે અર્થાત્ દોરામાં પરોવેલા મણિની માફક ચૈતન્યકૂટસ્થ સર્વમાં વ્યાપક સમજી અવસ્થાઓને સ્વરૂપ પ્રાપ્તિનું કારણ માને તે આત્મા "અંતર્યામી" છે

આ મંત્રમાં તાત્ત્વિકરૂપે શુદ્ધાશુદ્ધ પરમગતિ વિષે જાણ કરવામાં આવી છે. પ્રકરણ ૩ના શુદ્ધાશુદ્ધ પરમગતિના પ્રશ્ન નંબર (૧૦)માં જણાવ્યા પ્રમાણે ચૈતન્યકૂટસ્થ યા આત્મજ્યોતિ યા આત્મતત્ત્વ રૂપી દોરામાં સર્વ પ્રકારના આત્માઓ મણિની માફક પરોવાયેલા છે. એટલે શુદ્ધ પરમગતિ અને અશુદ્ધ પરમગતિના ઘર્ષણથી યા સામસામા અથડાવાથી (જેમ બે ચકમકના પથ્થરના ઘર્ષણથી ક્વચિત્ ક્વચિત્ અગ્નિના તણખાઓ નીકળે છે તેમ) શુદ્ધ પરમગતિમાંથી ચૈતન્યકૂટસ્થ યા આત્મજ્યોતિ યા આત્મતત્ત્વ છૂટું પડે છે અને તેના પર અશુદ્ધ પરમગતિનું કાંદાના પડની માફક યા રજોટીરૂપે પડ ચઢે છે તેને "આત્મા" કહે છે. આવી રીતે બંને પરમગતિનું જે સ્થાને ઘર્ષણ થાય છે તે સ્થાનને જ "શુદ્ધાશુદ્ધ પરમગતિ" કહે છે.

આ આત્મચેતનાના મહદ્ અંશને પ્રત્યક્ષરૂપે શોધવા સાયન્ટિસ્ટોએ અથાગ અને અવિરત પરિશ્રમો કર્યા છે. સૂક્ષ્મદર્શક યંત્રો અને દૂરબીનોનો ઉપયોગ કર્યો છે, છતાં અદ્ભુત ચેતનાના માયામિશ્રિત ગ્રંથિતત્ત્વ (આત્મા)ને પ્રત્યક્ષ જોઈ શક્યા નથી. આ અનુભવ કેવળ યોગમાર્ગથી જ થાય છે.

हृदि चैतन्यं तिष्ठति ।। (શ્રીકૃષ્ણયજુર્વેદીય બ્રહ્મોપનિષત્, મંત્ર ૨૩)

અર્થ : આત્માના હૃદયમાં ચૈતન્ય વસે છે. ચૈતન્ય એટલે આત્મતત્ત્વ યા આત્મજ્યોતિ યા બ્રહ્મત્વ એવો અર્થ કરવાનો છે.

हृद्याकाशे तद्विज्ञानमाकाशं तत् सुषिरमाकाशं तद्वेद्यं हृद्याकाशं
तस्मिन्निदं च विचरति यस्मिन्निदं सर्वमोतं प्रोतं ।।
(શ્રીકૃષ્ણયજુર્વેદીય બ્રહ્મોપનિષત્, મંત્ર ૧૯)

અર્થ : હૃદયાકાશમાં આત્મા અને આત્માના બ્રહ્માકાશમાં આત્મજ્યોતિ પ્રકાશે છે. તે દૃશ્ય ઓતપ્રોત છે.

आत्मानमरणिं कृत्वा प्रणवं चोत्तरारणिम् ।
ध्याननिर्मथनाभ्यासादेव पश्येन्निगूढवत् ।।
(શ્રીકૃષ્ણયજુર્વેદીય બ્રહ્મોપનિષત્, શ્લોક ૩૧)

અર્થ : આત્માને નીચેની અને પ્રણવને ઉપરની અરણી બનાવી ધ્યાનના નિર્મંથનથી આત્માનું ગૂઢતત્ત્વ (કે જેને આત્મતત્ત્વ યાને આત્મજ્યોતિ કહેવામાં આવે છે તે) જણાય છે.

पद्मकोशप्रतीकाशं सुषिरञ्चाप्यधोमुखम् ।
हृदयन्तद्विजानीयाद्विश्वस्यायतनं महत् ।।
(શ્રીકૃષ્ણયજુર્વેદીય બ્રહ્મોપનિષત્, શ્લોક ૩૪)

અર્થ નીચે મુખવાળા હૃદયકમળમા આત્મા અને આત્માહૃદયમા આત્મ જ્યોતિ વસે છે આત્મહૃદય ઊર્ધ્વમુખવાળુ છે

हृदिस्था देवता सर्वा हृदि प्राणा प्रतिष्ठिता ।
हृदि प्राणाश्च ज्योतिश्च त्रिवृत्सूत्र च तद्विदुरिति ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય બ્રહ્મોપનિષત્, શ્લોક ૨૨)

અર્થ બ્રહ્મજ્ઞાનીને બાહ્યપૂજા કરવાની જરૂર નથી આત્મજ્યોતિ અવ્યકત હૃદયમાં છે તેની આત્મપૂજા તેને માટે શ્રેષ્ઠ છે

त दुर्दर्शं गूढमनुप्रविष्ट गुहाहित गह्वरेष्ठ पुराणम् ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત, અધ્યાય ૧, વલ્લી ૨, મત્ર ૧૨)

અર્થ અધ્યાત્મ યોગથી દુ ખે દેખાતા, ગુપ્ત વ્યાપ્ત બુદ્ધિમા સ્થિર, સર્વસાક્ષી જ્ઞાનસ્વરૂપને જાણીને હર્ષ, શોક છોડી દે છે

તે દુર્દર્શ અને ગૂઢપણે સૌમા પ્રવેશેલો, હૃદયગુહામા રહેલો, સકટમયી ગહ્વરમા ઊભેલો પુરાણ પુરુષ. આ શ્રુતિ પ્રત્યગાત્મા (એટલે આત્માની સાથે છતાં જુદી રહેલ આત્મજ્યોતિ)—જીવાત્માનો ગુહાનિવાસ બતાવે છે

योऽय विज्ञानमय प्राणेषु हृदि अन्त ज्योति पुरुष ॥

(શ્રી શુક્લયજુર્વેદીય બૃહદારણ્યકોપનિષત, અધ્યાય ૪, બ્રાહ્મણ ૩, મત્ર ૭માંથી)

અર્થ આ વિજ્ઞાનમય પુરુષ હૃદયમાં પ્રાણો સહિત ચેતન જ્યોતિ પુરુષ છે અર્થાત્ આ વિજ્ઞાનમય પ્રાણોમા હૃદયની ભીતર અંતર જ્યોતિ પુરુષ એટલે બ્રહ્મત્વ યા આત્મતત્ત્વ યા આત્મજ્યોતિ યા ગૂઢાત્મા પુરુષ છે

આ મંત્રનો તાત્ત્વિક અર્થ એ છે કે, આત્મા જ્યોતિરૂપ છે અને આત્મા ના આત્મદહરમાં બ્રહ્મત્વ રહેતુ છે તે તદ્દન શુદ્ધ જ્યોતિ પુરુષ છે આવી રીતે બે જ્યોતિઓ છે પ્રથમ જ્યોતિમા તત્ત્વગુણી માયાનો અશ આવવાથી તે નિર્મળ જ્યોતિ નથી પણ બ્રહ્મત્વવાળી જ્યોતિ કેવળ વિશુદ્ધ છે પ્રણવના ચાર પાદો (અર્ધમાત્રા, અકાર, મકાર ને ઉકાર) છે તે પાદોમા રહેતા જીવાત્માઓમા બ્રહ્મત્વ છે એટલે ઉપરોક્ત જણાવેલ આઠ પ્રકારના આત્માની આત્મગુહામાં ગૂઢ બ્રહ્મત્વ રહેતુ છે તેના ઉપર પ્રાણવાયુ લેનાર ગ્રંથિરૂપ આત્મા અને તેના ઉપર માયાવી દેહો આચ્છાદિત થયેલા છે અને તેના ઉપર બ્રહ્મરૂપ પ્રણવનું આચ્છાદન છે આ રીતે માયાવી જગતમાં આત્મામા રહેલ બ્રહ્મત્વથી જ સર્વ વિશ્વ સચેતન બની સંચાલન થઈ રહેતુ છે

तत्त्वमाध्यात्मिक दृष्ट्वा तत्त्व दृष्ट्वा तु बाह्यत ।
तत्त्वीभूतस्तदारामस्तत्त्वादप्रच्युतो भवेत् ॥

(શ્રીગોડપાદીયકારિકાસહિત અથર્વવેદીય માંડૂક્યોપનિષત્, વૈતથ્ય પ્રકરણ ૨, શ્લોક ૩૮)

અર્થ : આધ્યાત્મિક તત્ત્વને જોઈને અને બાહ્યતત્ત્વનો અનુભવ કરીને આત્મતત્ત્વરૂપ થયેલા અને આત્મતત્ત્વમાં રમણ કરનાર આત્મા આત્મતત્ત્વથી ચલિત ન થાય.

जीवात्मनो पृथक्त्वं यत्प्रागुत्पत्तेः प्रकीर्तितम् ।
भविष्यद्वृत्त्या गौणं तन्मुख्यत्वं हि न युज्यते ॥

(શ્રીગોડપાદીયકારિકાસહિત અથર્વવેદીય માંડૂક્યોપનિષત્, અદ્વૈત પ્રકરણ ૩, શ્લોક ૧૪)

અર્થ : ઉત્પત્તિની પૂર્વે જે આત્મા અને પરમાત્માનું ભિન્નપણું કહ્યું છે તે ભવિષ્યવૃત્તિ વડે ગૌણ છે અને તેઓનું મુખ્યત્વ એટલે જ્ઞાનચૈતન્ય ગુણનું અભેદરૂપ કોઈ રીતે ઘટતું નથી.

यथाग्नेः क्षुद्राः विस्फुलिंगाः ॥

(શ્રીશુક્લયજુર્વેદીય બૃહદારણ્યકોપનિષત્, ૨-૧-૨૦)

અર્થ : જેવી રીતે અગ્નિમાંથી ક્ષુદ્ર તણખા નીસરે છે તેવી રીતે પરમાત્માની શુદ્ધાશુદ્ધ પરમગતિમાંથી (એટલે શુદ્ધ અને અશુદ્ધ પરમગતિના ઘર્ષણથી) આત્માઓ પ્રકટે છે.

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ॥

(શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૫, શ્લોક ૭)

અર્થ : નારાયણની માયાનો અંશ દરેક જીવોમાં છે. અર્થાત્ જીવમાં નારાયણની માયાનો અંશ આવે છે. (શ્રીકૃષ્ણપ્રભુ માયાની સોળ કળાવાળા હોવાથી નારાયણ સમાન છે. તેથી તેઓશ્રીએ આ વચન આત્મભાવથી કહ્યું છે.)

पुंस्त्वादिवत्त्वस्य सतोऽभिव्यक्तियोगात् ॥

(વેદાંતદર્શન, અધ્યાય ૨, પાદ ૩, સૂત્ર ૩૧)

આ સૂત્રમાં પણ નવો આત્મા થવા વિષે ખુલ્લું કથન છે. મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર એ ચારના બનેલા હૃદયમાં આત્મા રહે છે. અને અનાદિકાલથી પરમાત્માનું સ્વત્વ હોવાથી જીવાત્માને આત્મા કહ્યો છે.

परं ज्योतिर्ज्योतिष्कामो ज्योतिरानन्दयते ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય બ્રહ્મોપનિષત્, મંત્ર ૧૦)

અર્થ : સુષુપ્તિમાં આત્મામાં ગૂઢરૂપે રહેલી આત્મજ્યોતિ પરમજ્યોતિનો અનુભવ કરે છે.

समात्मस्थं ये नु पश्यन्ति धीरास्तेषां शान्ति शाश्वतं नेतरेषाम ॥
(શ્રીકૃષ્ણયજુર્વેદીય બ્રહ્મોપનિષત, મંત્ર ૩૦)

અર્થ જે આત્મજ્યોતિને પોતાના આત્મામા જુએ છે તેને અવિચળ શાંતિ પ્રાપ્ત થાય છે, બીજા કોઈને થતી નથી

સંક્ષિપ્તમા કહીએ તો, ગ્રથિતત્ત્વ આત્માનુ અને આત્માની અંદર ગૂઢ રૂપે રહેલી આત્મજ્યોતિનુ ગતિરૂપે જે ગૌણ સ્થાન છે તેને જ 'શુદ્ધાશુદ્ધ પરમગતિ" કહેવામા આવે છે પ્ર દ ન ૮થી આ સ્થાનને બતાવેલ છે

(૩) શુદ્ધ પરમગતિ સર્વસારોપનિષત, મંત્ર ૯મા જણાવ્યુ છે કે

सर्वोपाधिविनिर्मुक्तः सुवर्णघनवद्विज्ञानचिन्मात्रस्वभावात्मा यदा भासते तदा त्वंपदार्थः प्रत्यगात्मेत्युच्यते ॥

અર્થ જ્યા આત્મા બધી ઉપાધિઓથી છૂટી જાય છે, વિજ્ઞાન ચિન્માત્ર (એટલે જ્ઞાનમય યા સ્થિતપ્રજ્ઞ) રૂપે દેખાય છે ત્યારે આવી અવસ્થાવાળો આત્મા "પ્રત્યગાત્મા" (એટલે આત્માની સાથે છતા જુદી રહેલ આત્મજ્યોતિ) કહેવાય છે અર્થાત જ્યારે તમામ ઉપાધિઓથી છૂટી આત્મા વિજ્ઞાન ચિન્માત્ર ભાસે છે, તેને "પ્રત્યગાત્મા" કહેવાય છે

આ મંત્રમા શુદ્ધ પરમગતિનો ગૂઢાર્થ જણાવવામાં આવ્યો છે પ્રકરણ ૩ના શુદ્ધ પરમગતિના પ્રશ્ન નંબર (૫)મા જણાવ્યા પ્રમાણે, આ શુદ્ધ પરમ ગતિ જ્ઞાનચૈતન્યમય છે અને આત્મજ્યોતિથી ને તાત્ત્વિકરૂપે આત્માથી ભરચક યા ભરપૂર છે જ્યાર ગ્રથિતત્ત્વવાળો આત્મા આત્મિક ધ્યાનમા યા યોગમા સદ્ગુરુની પરમકૃપાથી ૫૦ ટકા જેટલુ ગ્રથિતત્ત્વ અર્ધમાત્રામા અને બાકી રહેલુ ૫૦ ટકા ગ્રથિતત્ત્વ પરમગતિમા છોડે છે, ત્યારે તે આત્મા ગ્રથિતત્ત્વમાંથી મુક્ત બને છે અને શુદ્ધાશુદ્ધ પરમગતિએ તે આત્માની અંદર ગૂઢરૂપે રહેલી આત્મજ્યોતિને સદ્ગુરુશ્રી પોતાની જ્ઞાનયોગશક્તિથી બહાર કાઢે છે અને તે આત્મજ્યોતિને તેના મૂળ ઉત્પત્તિસ્થાન શુદ્ધ પરમગતિમાં ધકેલી દે છે અને આત્માનુ ગૌણ ઉત્પત્તિસ્થાન શુદ્ધાશુદ્ધ પરમગતિ હોવાથી કેવળ શુદ્ધ ને નિર્મળ આત્માનુ જ આ ગતિએ રૂપાંતર થાય છે ત્યાર બાદ તે આત્મજ્યોતિ જો લૌકિક ઈચ્છારહિત બની હોય તો જ "તાત્ત્વિક શુદ્ધ પરમગતિ"મા (જુઓ પ્ર. દ નં ૫) જાય છે અગર તો સદ્ગુરુશ્રીની જ્ઞાનયોગશક્તિ જ્યોતિરૂપ બની તે આત્મજ્યોતિને "તાત્ત્વિક શુદ્ધ પરમગતિ'માં લઈ જાય છે અને ત્યાંથી પરમાત્માની સન્મુખ લાવી જોરથી ધક્કો મારે છે તેથી તે આત્મજ્યોતિ પરમ જ્યોતિ પરમાત્મામાં એકરસ, એકરૂપ થઈ જાય છે આને જ અદ્વૈત મોક્ષ કહેવામા આવે છે

અહીં ખાસ જાણી લેવું જોઈએ કે, જ્યારે સદ્‌ગુરુની શક્તિથી તે આત્મ જ્યોતિ અર્ધી શુદ્ધ પરમગતિ વટાવી જાય છે ત્યારે પરમાત્માનુ જ્ઞાનચૈતન્યનુ ગુરુત્વાકર્ષણ લાગુ પડે છે જેમ લોહચુબકની અતરમર્યાદા હોય છે તેમ પર માત્માની અતરમર્યાદા શુદ્ધ પરમગતિ હોઈ, શુદ્ધ પરમગતિમા અર્ધે સુધી પહોચ્યા વિના તે આત્મજ્યોતિને પરમાત્માનુ જ્ઞાનચૈતન્યનુ ગુરુત્વાકર્ષણ લાગુ પડતુ નથી

તેથી જ વેદશાસ્ત્રોના સિદ્ધાતો આત્મોન્નતિ કરવા અને આત્મશક્તિ વધારી પ્રત્યેક આત્માને પરમાત્માનુ સાનિધ્ય સાધવા જ્ઞાનાદિ સમર્પે છે આમ છતા પરમાત્માનુ સાનિધ્ય પણ જો ઊંચે જવા છતા આત્મામા સમર્પણ ભાવના ન હોય તો યોગ નિષ્ફળ નીવડે છે અગર એકાદ લૌકિક ઈચ્છા પણ બાકી હોય તો પરિશ્રમ નકામો થઈ તે આત્મા અશુદ્ધ પરમગતિમા અને ત્યાથી વિશ્વમા પાછો આવે છે

ज्ञातृज्ञानज्ञेयानामाविर्भावतिरोभावज्ञाता स्वयमाविर्भावतिरोभावरहित स्वयज्योति साक्षीत्युच्यते ।। (સર્વસારોપનિષત્, મત્ર ૯માથી)

અર્થ ચૈતન્ય જ્ઞાનજ્ઞાન વિષય ઉપલબ્ધિ અને પ્રાપ્તિ છતા સ્વય અવિનાશી રહે છે, તે જ્યોતિસ્વરૂપને "સાક્ષી" યા "આત્મજ્યોતિ" કહેવાય છે

नह्यनध्यात्मविद्वेदाञ्ज्ञातु शक्नोति तत्त्वत ।
नह्यनध्यात्मविरकश्चित्क्रियाफलमुपाश्नुते ।।
(મનુસ્મૃતિ, અધ્યાય ૨, શ્લોક ૮૨)

અર્થ અધ્યાત્મતત્ત્વને નહિ જાણનાર વેદોના તત્ત્વને જાણવામા સમર્થ થતો નથી અને આત્મતત્ત્વને નહિ જાણનાર કોઈ પણ કલ્યાણના ફળરૂપ તત્ત્વ જ્ઞાનને પામતો નથી

न जायते म्रियते वा विपश्चिन्नाय कुतश्चिन्न बभूव कश्चित्।
अजो नित्य शाश्वतोऽय पुराणो न हन्यते हन्यमाने शरीरे ।।
(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત, અધ્યાય ૧, વલ્લી ૨, મત્ર ૧૮ અને શ્રીમદ્ ભગવદ્‌ગીતા, અધ્યાય ૨, શ્લોક ૨૦)

અર્થ જે કોઈ પણ કાળમા જન્મતા નથી, મરતા નથી અને થયા પછી પાછા થતા નથી તે જ અજન્મા, નિત્ય, સનાતન અને પુરાતન છે કે જે શરીરના નાશથી તેનો નાશ થતો નથી, એવું એ પરમતત્ત્વ છે કે જેનો સંબધ ફક્ત પરમાત્માની સાથે છે અને તે પરમાત્માના પ્રતિબિંબરૂપ છે, તે પરમતત્ત્વના અને પરમાત્માના ઐક્યમા પોતાની કલ્પિત ભિન્ન ભાવના તથા શક્તિ વગેરેનો સર્વ પ્રકારે લય કરી નાખવો અને તે પરમતત્ત્વ જેવુ છે તેને

જ તે મળવા ચાહે છે છતા અલ્પજ્ઞાની વા અજ્ઞાન આત્માઓ તેને માયાવી દેવતાઓના દાસ બનાવવા જાય છે

અહીં ખાસ જણાવવાનું આવશ્યક છે કે, જ્યા સુધી શરીર અને આત્મા મા ભિન્નતા છે ત્યા સુધી સર્વ પદાર્થ સર્વ ચરાચર વિશ્વ અનિત્ય છે, પરતુ તે અનિત્યની અદર તેની પાછળ અનિત્યના કર્તા હર્તા આત્માની ઓથે જે એક સત્ય છુપાઈ રહ્યુ છે જેને પરિપૂર્ણ, એકરસ, દિવ્યઆનદમય, નિત્ય વસ્તુ કહેવાય છે, જેને જ્ઞાનવાન પુરુષો કૂટસ્થતત્ત્વ અગર આત્મતત્ત્વ અગર આત્મ જ્યોતિ કહે છે તેનુ વર્ણન ઉપરના શ્લોકમા છે પરતુ કેટલાક ભાષ્યકાર અને વિવરણકર્તાઓએ તેને આત્મા હોવાનુ કલ્પી અગર ઘટાવી દેવાથી મૂળ લેખકની ખરી ભાવના સમજી શકાઈ નથી

अथ अतरात्मन् पुरुष ।। (શત ૧૦-૬-૩-૨)

અર્થ પરમાત્માની શુદ્ધ પરમગતિનુ બેઆની જ્ઞાનચેતના શક્તિવાળુ યા આત્મબળવાળુ નિર્મળતત્ત્વ (કે જેને ધર્મશાસ્રોમા કૂટસ્થતત્ત્વ અને આત્મ જ્યોતિ યાને આત્મતત્ત્વ યાને ગૂઢાત્મા પુરુષ કહેવામા આવે છે તે) દરેક આત્માની આત્મગુહામા ગૂઢરૂપે રહેલું છે

य आत्मनि तिष्ठन्नात्मन अतर ।। (શ્રીશુક્લયજુર્વેદીય બૃહદારણ્યકો પનિષદ, ૩-૭-૩૦)

અર્થ આત્માના આત્મગુહ્યમા ગૂઢાત્મા પુરુષ (એટલે કૂટસ્થતત્ત્વ) રહેલી છે

ટૂકમા, પરમાત્માની ગતિ એટલી બધી છે કે જે વિશ્વમા દરેકે દરેક જગાએ વ્યાપ્ત છે દરેક આત્માઓ પણ તેના જ છે અને આખું વિશ્વ એ ગતિ વડે જ્ઞાનચૈતન્ય પામી ચાલી રહ્યુ છે તથા જેમ આકાશમા પતગ ઊડી ગયો હોય તેમ પરમાત્માની અનહદ અને અગાધ પરમગતિમાં આ વિશ્વ એક પતગ જેવુ છે આ વિશ્વની દરેક બાજુએ પરમાત્માની પરમગતિ આવેલી હોવાથી તેના જ આધારથી વિશ્વ રહેલું છે

સંક્ષિપ્તમા કહીએ તો, આત્મજ્યોતિનુ મૂળસ્થાન કે જે ગતિરૂપે છે તેને જ "શુદ્ધ પરમગતિ" કહેવામા આવે છે પ્ર. ૬ નં. ૯થી આ સ્થાનને બતાવેલ છે

પાપી યા પુણ્યશાળી દરેકના આત્મામાં એક એવુ પવિત્ર તત્ત્વ છે કે જે લાખો પાપ થવા છતા નિર્લેપ અને ગુપ્ત રહ્યુ છે કે જે કદાપિ ભ્રષ્ટ થતું જ નથી. અને જ્યારે તેના પરનો કચરો અર્થાત્ પાપ ને માયાની બળ તથા અજ્ઞાનતાનો અધકાર દૂર કરીને બહાર કાઢવામાં આવે છે ત્યારે તે તત્ત્વ

અગ્નિની માફક પવિત્ર, કલ્યાણદાયી અને અવિચળ શુદ્ધ આત્મતત્ત્વ પ્રકાશે છે, અને કલ્યાણના બંધ થયેલા દ્વારો જ્ઞાનબળથી ખોલી નાખે છે માયાના સુખ વૈભવાદિના અહકારથી અધ બનેલા આત્માને જ્ઞાનચક્ષુ આપી સત્યનો માર્ગ બતાવનાર અને જ્ઞાનરૂપી દીવો પ્રગટાવી તેમા ભવોભવના લાખો પાપોને બાળી ભસ્મ કરનાર તે આત્મજ્યોતિ છે આત્મા પરમાત્માને શરણે રહી આત્મજ્યોતિના પવિત્ર હુકમોને માન્ય કરીને માયામા મોહાધ થયા સિવાય સસારમા નીતિમય રહી ગમે તેટલા સુખવૈભવો ભોગવે છતા તે આત્મા માયામા બધાતો નથી અર્થાત્ સસારના કાર્યો કરવા છતા તે તેમા બધાતો નથી, તેથી "सर्वं खल्विद ब्रह्म" (શ્રુતિ) કહી આત્માને બ્રહ્મ કહ્યો છે અને તે બ્રહ્મરૂપ આત્મા જે કર્મ કરે અને "ब्रह्म विद ब्रह्मैव भवति" (શ્રુતિ) બ્રહ્મને જાણે તો તે બ્રહ્મ થાય છે જો આત્મામા શુદ્ધ નિર્મળ બ્રહ્મત્વ ન રહ્યુ હોય તો તે શુદ્ધ નિર્લેપ બ્રહ્મમા એકરૂપ થઈ શકે જ નહિ, પરમાત્મા પર પ્રેમ રાખી શકે નહિ અને એ પવિત્ર આત્મતત્ત્વ ગમે તેવા પાપી આત્માને પણ એક વખત જાગૃત કરી, સન્માર્ગે દોરી ભવોભવના પાપમેલને આત્મતત્ત્વના પ્રબળ વેગથી ધોઈ નાખી આત્માનો ઉદ્ધાર કરી દે છે તેથી નરસિંહ મહેતાએ પોતાના ઊંડા ધાર્મિક અનુભવથી લખ્યુ છે કે "જ્યાં લગી આત્મા તત્ત્વ ચીન્યો નહિ ત્યા લગી સાધના સર્વ જૂઠી" એટલે જ્યા સુધી આત્માએ પોતાના તત્ત્વનો અનુભવ કર્યો નથી ત્યા સુધી તમામ સાધનાઓ નિરર્થક છે માટે આત્મતત્ત્વ એ કાર્યો કરવા છતા બધનમુક્ત રહેનાર સનાતન તત્ત્વ છે તેથી "પ્રણવવિજ્ઞાન"મા કહ્યુ છે કે

(મનહર છદ)

તે ત્રિકળા શુદ્ધરૂપે, સર્વ આત્મામા વ્યાપેલી,
આત્મા સગે રહી શીખ, દે તે જ્યોતિ જણાય છે
લાખો પાપોને તે બાળે, નિષ્પાપ, નિર્લેપ રહે,
તે કૂટસ્થ શુદ્ધ રહી, પર્માત્માને ચાહ્ય છે
પોતે પોતાના પર ઘૃણા, ઉપજાવી અટકાવે,
માર્ગદર્શક બને તે, તત્ત્વાત્મા કહેવાય છે
શુદ્ધ પરમગતિ ને તે, સત્તા માત્ર ફેર રહ્યો,
આત્મા ધાર માયામા તે, "કૂટસ્થ" કહેવાય છે

તેથી શકર ભગવાને કહ્યુ છે કે .

तद्वद् ब्रह्मविदोपदेशमननध्यानादिभिर्लभ्यते ।
मायाकार्यतिरोहित स्वमनल तत्त्व न दुर्युक्तिभि ॥

અર્થ માયાના કાર્યોથી (આત્માની અદર) ઢકાયેલુ નિર્મળ આત્મતત્ત્વ પણ બ્રહ્મવેત્તાના ઉપદેશ, મનન અને ધ્યાનાદિથી પ્રાપ્ત થાય છે, ખોટા તર્કો કરવાથી પ્રાપ્ત થતુ નથી

य एष हृदन्तर्ज्योति पुरुष ॥ (શ્રુતિ )

અર્થ આત્માના હૃદયમા રહેલ આત્મજ્યોતિ પુરુષરૂપે જ છે

घृतमिव पयसि निगूढ भूते भूते च वसति विज्ञानम्।
सतत मन्थयितव्य मनसा मन्थानभूतेन ॥ (બ્રહ્મબિન્દૂપનિષદ્ શ્લોક ૨૦)

અર્થ દૂધમા ગુપ્તરૂપે ઘી રહ છે તેમ પ્રત્યેક ભૂતાત્મામા જ્ઞાનમય વિજ્ઞાન આત્મા વિદ્યમાન છે, તેને મનરૂપી મથનદડથી મથીને ઘી કાઢવારૂપ આત્મતત્ત્વ પ્રાપ્ત કરો.

પ્રકરણ ૫

# માયિક દેહો વિષે

(૧) શિષ્ય  માયિક દેહો કેટલા છે? અને તે પ્રણવ ૐકારના કયા કયા સ્થાનેથી મળે છે?

વ્યાસ  માયિક દેહો મહાકારણ, કારણ, સૂક્ષ્મ અને સ્થૂલ એમ ચાર છે (૧) મહાકારણ દેહ અર્ધમાત્રામાથી મળે છે (૨) કારણ દેહ અકારમડળ માથી મળે છે (૩) સૂક્ષ્મદેહ મકારમડળમાથી મળે છે અને (૪) સ્થૂળદેહ ઉકાર મડળમાથી મળે છે

(૨) શિષ્ય  માયિક મહાકારણ દેહ ધરતા આત્મા કેટલી આત્મિક કળા ગુમાવે છે? અને તે નારાયણનો કયો ગુણ પ્રાપ્ત કરે છે?

વ્યાસ  દશકળાવાળો આત્મા અહમ્પણાને લીધે અશુદ્ધ પરમગતિમાથી (જુઓ પ્ર દ ન ૨૧) ક્રમાનુસાર નીચે ઊતરી અર્ધમાત્રામા આવી તત્ત્વ ગુણી માયાનો વાસના યા ઇચ્છા યા અપેક્ષા તત્ત્વનો પ્ર દ ન ૩૧થી બતાવેલ પષ્ઠકળાના માયિક મહાકારણ દેહ ધારણ કર છે દશકળાવાળા આત્માની અશુદ્ધ પરમગતિમાથી અર્ધમાત્રામાં મહાકારણ દેહ ધરતા સુધીમા ચાર આત્મિકકળા ઓછી થઈ જાય છે ફક્ત નારાયણ તે આત્માના પ્રગટ્યનો જ લાભ લે છે પણ તે આત્માના જ્ઞાનચૈતન્યની શકિત નારાયણથી લઈ શકાતી નથી (આવી રીતે દરેક આત્માને સૌથી પ્રથમ એ ઇચ્છા માયાનો મહાકારણ દેહ વળગે છે નારાયણે પણ "ॐ एकोऽहं बहुस्याम्" વદીને વિશ્વને ઉત્પન્ન કર્યું અને ઇચ્છા શક્તિએ તેને પ્રાબલ્ય આપી એનો વિસ્તાર કર્યો માટે તમામ વિશ્વનુ, આત્મા ના પ્રથમ કાર્યનુ મૂળ એ "ઇચ્છા" છે

(૩) શિષ્ય  માયિક કારણદેહ ધરતા આત્મા કેટલી આત્મિક કળા ગુમાવે છે, અને તે અકારમડળના કયા ગુણો પ્રાપ્ત કરે છે?

વ્યાસ  છ કળાવાળો આત્મા ૐકારને નારાયણની પૂંછની સાથે લટકતો દેખે છે અને તરત જ તે આત્મા વાસનાના ગુણને અગે તે ૐકારને પૂર્ણ જોવા માટે (જેમ ભ્રમર કાષ્ટમા માથા મારી છિદ્ર શોધે છે તેમ) ૐકારમા પેસવા છિદ્ર શોધે છે અર્થાત્ અક્ષરધામમાથી મૃત્યુલોકગમન અગે ષષ્ઠ કળાના અહમ્ પણાને લીધે તેમ જ વાસનાના તત્ત્વને અગે નીચે દેખાતા વિશ્વને (જુઓ પ્ર દ ન ૯૨) યા બ્રહ્માડને (જુઓ પ્ર દ ન. ૯૩) જેવાની ઇચ્છાને લીધે

ક્રમાનુસાર અર્ધમાત્રામાંથી વધુ નીચે ઊતરી પ્ર. દ. નં. ૫૧થી બતાવેલ પંચ-કળાત્મા અકારમંડળે આવી સત્ત્વગુણી માયાના ચાર તત્ત્વનો (ચિત્ત, અહંકાર, બુદ્ધિ, મન) કારણદેહ ધારણ કરે છે. એ કારણદેહના તત્ત્વો, તેના વિષયો અને અધિષ્ઠાતાઓ નીચે પ્રમાણે છે. (૧) ચિંતવન એ ચિત્તનો વિષય છે અને તેની અધિષ્ઠાત્રી પ્ર. દ. નં. ૪૨ થી બતાવેલ આદિશક્તિ છે. (૨) "હું"પદ યા અભિમાન એ અહંકારનો વિષય છે અને તેના અધિષ્ઠાતા પ્ર. દ. નં. ૪૪થી બતાવેલ શિવ છે. (૩) નિશ્ચય એ બુદ્ધિનો વિષય છે અને તેના અધિષ્ઠાતા પ્ર. દ. નં. ૪૬થી બતાવેલ વિષ્ણુ છે. (૪) સંકલ્પવિકલ્પ એ મનનો વિષય છે અને તેના અધિષ્ઠાતા પ્ર. દ. નં. ૪૮થી બતાવેલ ચતુર્મુખી બ્રહ્મા છે. પષ્ઠ-કળાત્માનું અર્ધમાત્રામાંથી અકારમંડળે કારણદેહ ધારણ કરતાં સુધીમાં એક કળા આત્મબળ નષ્ટ થઈ જાય છે. ઈશ્વરો તે આત્માની એક કળા આત્મબળ લઈ લે છે.

(૪) શિષ્ય : માયિક સૂક્ષ્મદેહ ધરતાં આત્મા કેટલી આત્મિક કળા ગુમાવે છે? અને તે મકારમંડળના કયા વિષયો પ્રાપ્ત કરે છે?

વ્યાસ : પંચકળાત્મા અહમપણાને લીધે બ્રહ્માંડને જોવાની ઇચ્છાથી અકાર-મંડળથી ક્રમાનુસાર નીચે ઊતરી મકારમંડળે આવી પ્ર. દ. નં. ૬૭થી બતાવેલ ચતુ'કળાત્મા રજોગુણી માયાના પાંચ તત્ત્વનો (શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ) સૂક્ષ્મદેહ ધારણ કરે છે. આ મંડળમાં પંચકળાત્માનું એક કળા આત્મબળ નષ્ટ થઈ જાય છે. એ સૂક્ષ્મદેહના તત્ત્વો, તેના વિષયો અને તેના અધિષ્ઠાતા-ઓ નીચે મુજબ છે: (૧) શબ્દ આકાશનો ગુણ છે અને તેના અધિષ્ઠાતા પ્ર. દ. નં. ૬૩થી બતાવેલ દિક્‌પાળ છે. (૨) સ્પર્શ વાયુનો વિષય છે અને તેના અધિષ્ઠાતા પ્ર. દ. નં. ૬૨થી બતાવેલ વાયુદેવ છે. (૩) રસ પાણીનો વિષય છે અને તેના અધિષ્ઠાતા પ્ર. દ. નં. ૬૧થી બતાવેલ વરુણદેવ છે. (૪) રૂપ અગ્નિનો વિષય છે અને તેના અધિષ્ઠાતા પ્ર. દ. નં. ૬૪થી બતાવેલ અગ્નિદેવ છે. (૫) ગંધ પૃથ્વીનો વિષય છે અને તેના અધિષ્ઠાતા પ્ર. દ. નં. ૬૫થી બતાવેલ અશ્વિનીકુમાર છે.

(૫) શિષ્ય : કર્દંગમાં યા માયાજાળમાં આવતાં આત્મા કેટલી આત્મકળા ગુમાવે છે?

વ્યાસ : ચારકળાવાળો આત્મા અહમ્‌પણાને લીધે વધારે જોવાની જિજ્ઞાસાથી ક્રમાનુસાર પ્ર. દ. નં. ૭૧થી બતાવેલ કર્દંગમાં આવવાની ઇચ્છા ધરાવે છે અને તરત જ પ્ર. દ. નં. ૭૩થી બતાવેલ ત્રિકળાત્માનો માયાજાળમાં પ્રવેશ થાય છે. કર્દંગમાં (જુઓ પ્ર. દ. નં. ૭૧) એટલે માયાજાળમાં મકારમંડળથી

માડી કડાગમા પ્રવેશતા સુધીમા ચતુ કળાત્માનુ એકકળા આત્મબળ નષ્ટ થઈ જાય છે

(૬) શિષ્ય માયિક સ્થૂલદેહ ધરતા આત્મા કેટલી આત્મિક કળા ગુમાવે છે? અને તે ઉકારમડળમા (એટલે જીવકોટિમા) કયા ગુણો પ્રાપ્ત કરે છે?

વ્યાસ ત્રણકળાવાળો આત્મા અહમ્‌પણાને લીધે ક્રમાનુસાર માયાજાળમાથી પ્ર દ ન ૭૨થી બતાવેલ જગતમા જવાના પ્રવેશદ્વારમા દાખલ થઈ ત્રિકળાત્મા પ્ર દ ન ૮૮થી બતાવેલ ઉકારમડળમા (એટલે જગતમા) તમોગુણી માયાનો પદર તત્ત્વનો સ્થૂલદેહ ધારણ કરવા ગમન (જુઓ પ્ર દ ન ૭૫) કરે છે આ પદર તત્ત્વનો સ્થૂલદેહ ગર્ભવાસમા રહેવાથી બધાય છે ત્રિકળાત્માનુ કડાગથી માડી જગતમા આવતા સુધીમા એકકળા આત્મબળ નષ્ટ થઈ જાય છે આ સ્થૂલદેહના પદર તત્ત્વો (પચમહાભૂત, પાચ જ્ઞાનેન્દ્રિયો અને પાચ કર્મેન્દ્રિયો), તેના વિષયો અને અધિષ્ઠાતાઓ નીચે પ્રમાણે છે

પચમહાભૂત આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી

(૧) આકાશના પાચ તત્ત્વો કામ, ક્રોધ, શોક, મોહ અને ભય

(૨) વાયુના પાચ તત્ત્વો ચલન, વલન (વળવુ), દોડવુ તે, પહોળુ કરવું તે અને સકોચવુ તે

(૩) તેજના પાચ તત્ત્વો ભૂખ, તરસ, આળસ, નિદ્રા અને કાતિ

(૪) જળના પાચ તત્ત્વો વીર્ય, લોહી, લાળ, મૂત્ર અને પરસેવો

(૫) પૃથ્વીના પાચ તત્ત્વો હાડકા, માસ, ચામડી, નાડીઓ અને વાળ

પાચ જ્ઞાનેન્દ્રિયો શ્રોત્ર (કાન), ત્વચા (ચામડી), જિહવા (જીભ), ચક્ષુ (આખ) અને ઘ્રાણ (નાસિકા)

(૧) શ્રોત્રઈંદ્રિયનો વિષય શબ્દ છે અને તેના અધિષ્ઠાતા પ્ર દ ન ૬૩થી બતાવેલ દિક્પાળ છે

(૨) ત્વચાઈંદ્રિયનો વિષય સ્પર્શ છે અને તેના અધિષ્ઠાતા પ્ર દ ન ૬૨થી બતાવેલ વાયુદેવ છે

(૩) જિહવાઈંદ્રિયનો વિષય રસ છે અને તેના અધિષ્ઠાતા પ્ર દ ન ૬૧થી બતાવલ વરુણદેવ છે

(૪) ચક્ષુઈંદ્રિયનો વિષય રૂપ છે અને તેના અધિષ્ઠાતા પ્ર દ ન ૫૫થી બતાવેલ સૂર્યદેવ છે

(૫) ઘ્રાણઈંદ્રિયનો વિષય ગધ છે અને તેના અધિષ્ઠાતા પ્ર દ ન ૬૫થી બતાવેલ અશ્વિનીકુમાર છે

પાચ કર્મેન્દ્રિયો વાક (વાણી), પાણિ (હાથ), પાદ (પગ), ગુદ (ગુદા) અને ઉપસ્થ (લિંગ)

(૧) વાકઇંદ્રિયનો વિષય બોલવુ તે અને તેના અધિષ્ઠાતા અગ્નિદેવ છે
(૨) પાણિઈંદ્રિયનો વિષય ગ્રહણ કરવું તે અને તેના અધિષ્ઠાતા પ્ર દ ન દ૦થી બતાવેલ ઇંદ્ર છે
(૩) પાદઇંદ્રિયનો વિષય ચાલવુ ને અને તેના અધિષ્ઠાતા વામજી છે
(૪) ગુદઇંદ્રિયનો વિષય મળત્યાગ છે અને તેના અધિષ્ઠાતા યમ છે
(૫) ઉપસ્થઇંદ્રિયનો વિષય રતિવિલાસ છે અને તેના અધિષ્ઠાતા પ્રજાપતિ છે

(૭) શિષ્ય ૐકારમા આત્માથી માંડી ગર્ભવાસ સુધીનુ વર્ણન સક્ષિપ્તમા કરો

વ્યાસ તમારા પ્રશ્નનો ઉત્તર સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે "પ્રણવવિજ્ઞાન"માં જણાવ્યો છે, તે તમોને કહીએ છીએ

(મનહર છંદ)

પરમાત્માની જ્ઞાન ગતિ, બીજી છે ચૈતન્ય ગતિ,
બે મિશ્રિત થયે નામ, પરમગતિ થાય છે
તે ગતિ માયાને અડે, તરત તેની ગ્રંથિ પડે,
તે ગ્રંથિનો વાસનિક, જીવાત્મા બંધાય છે
મહદાકાશમા તે બને, ૐકાર વસ્તુને દેખે,
તે વસ્તુ પૂર્ણ જોવા, પેસવાને ચાહ્ય છે
ભ્રમર કાષ્ટમા જવા, માયા મારી છિદ્ર શોધે,
તે શોધ્યાથી માયાજાળે, છિદ્રમા પેસાય છે

પહેલી ગ્રંથિ પડવાથી, વાસનિક દેહ બને,
અકારે અંત કરણ, કારણ દેહ થાય છે
માયાજાળમા પેઠાથી, વળગે વિષય પાચ,
એવી નવ વસ્તુથી, સૂક્ષ્મદેહ બધાય છે
જ્ઞાનઇંદ્રિ, કર્મઇંદ્રિ, વળી પાચ ભૂત મળે,
એવા તેવા પંદરનો, સ્થૂલદેહ કહેવાય છે
તે તો ઉકારમા બને, ગર્ભવાસમા રહેવાથી,
ઝીણા ઝીણા વિચારોથી, સારુ સમજાય છે

મન, બુદ્ધિ, ચિત્ત અને, ચોથો અહકાર બને,
તે ચારે મળીને પચ, વિષયને ચહાય છે
શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગધ તે વિષય પાચ,
અંત કરણને મળેથી, સૂક્ષ્મ બધાય છે

પંચભૂતના જે તત્ત્વ, પંદર છે તેને મળે;
એવું તેવું મળે તેનું, સ્થૂલ જ કહેવાય છે.
તે તો સ્થૂલ ગર્ભવાસે, નવ માસે પૂર્ણ બને;
પાંચ માસે જીવ વસે, ગર્ભ તે ગણાય છે. ૩.

(૮) શિષ્ય : ગર્ભમાં જીવાત્મા ક્યારે પ્રવેશ કરે છે?

વ્યાસ : માતાના ગર્ભમાં પાંચમા માસે જીવ પ્રવેશ થાય છે. છતાં કેટલાક ખાસ કેસોમાં સાત યા નવ મહિને પ્રવેશ થાય છે. જેમ અભિમન્યુનો જીવ પાંચમે પ્રવેશ્યા છતાં બહાર ભ્રમિત રહેતો હતો. ઈશ્વરી અવતારો અને વિભૂતિ આત્માઓ કોઈક વખત પાંચમે તો કોઈક વખત સાતમે પ્રવેશી તે દેહમાં ન રહેતાં બ્રહ્માંડમાં (જુઓ પ્ર. દ. નં. ૯૩) ભ્રમિત રહે છે તથા નવમા માસમાં સ્થિર રહી થોડો સમય ગર્ભદુઃખ ભોગવે છે.

(૯) શિષ્ય : જગતમાં પ્રથમ આવનાર આત્મા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર વર્ણ કેવી રીતે ધારણ કરે છે?

વ્યાસ : જે આત્મા અક્ષરબ્રહ્મ-નારાયણના મુખ પાસેથી થઈને નીચે ઊતરી જગતમાં જન્મ લે છે, તે આત્મા "બ્રાહ્મણ" વર્ણ ધારણ કરે છે. જે આત્મા વેદવક્તા-સત્યનારાયણની છાતીવાળા ભાગ પાસેથી થઈને નીચે ઊતરી જગતમાં જન્મ લે છે, તે આત્મા "ક્ષત્રિય" વર્ણ ધારણ કરે છે. જે આત્મા પરબ્રહ્મ-નારાયણની કમ્મર યા પેટના ભાગ પાસેથી થઈને નીચે ઊતરી જગતમાં જન્મ લે છે, તે આત્મા "વૈશ્ય" વર્ણ ધારણ કરે છે. વળી જે આત્મા માયા-વિશિષ્ટબ્રહ્મનારાયણના પગ પાસેથી થઈને નીચે ઊતરી જગતમાં જન્મ લે છે, તે આત્મા "શૂદ્ર" વર્ણ ધારણ કરે છે. આવી રીતે પ્રથમ જગતમાં આવનાર આત્માનો ચારેય વર્ણોમાં જન્મ થાય છે. (વધારામાં વાંચો "આખા વિશ્વની સમજણ" પ્રકરણનો પ્રશ્ન ૨૭.)

(૧૦) શિષ્ય : જગતમાં પ્રથમ આવનાર આત્મા કેવી રીતે યોનિ ધારણ કરે છે?

વ્યાસ : જેમ ઈંડાનું સેવન કરતી વખતે મરઘી જો બહારથી મરઘાનો કૂકરેકૂકનો અવાજ સાંભળે છે તો તે ઈંડામાંથી મરઘાનો (એટલે નર યોનિનો જ) જન્મ થાય છે, અને ઈંડાનું સેવન કરતી વેળા જો મરઘીને મરઘાનો અવાજ સાંભળવામાં ન આવે તો તે ઈંડાઓમાંથી મરઘીનો જન્મ થાય છે. તેવી જ રીતે જ્યારે પ્રણવ-ૐકારમાં પ્રથમ જન્મનાર ત્રણ કળાવાળા આત્માને કર્દમમાંથી (એટલે માયાજાળમાંથી) અહમ્‌પણાને અને વાસનાને લીધે જગતમાં જવાના પ્રવેશદ્વારમાં પેસતાં જ પુરુષનાં દર્શન યા શુકન થાય તો તે આત્મા ગર્ભવાસમાં

"પુરુષ" યોનિ ધારણ કરે છે જો તે આત્માને પ્રથમ સ્ત્રીના દર્શન યા શુકન થાય તો તે આત્મા ગર્ભવાસમા "સ્ત્રી" યોનિ ધારણ કરે છે અને જો તે આત્માને પ્રથમ વ્યંઢળના દર્શન યા શુકન થાય તો તે આત્મા ગર્ભવાસમા "વ્યંઢળ" યોનિ ધારણ કરે છે ફકત યાદ રાખવાનુ એ જ છે કે જગતમા પ્રથમ આવનાર આત્માને જગતમા જવાના પ્રવેશદ્વારમા પેસતાં થતા બીજા બધા દર્શન યા શુકનની અસર જરા પણ થતી નથી

(૧૧) શિષ્ય મનુષ્યના શરીરમા આ ચારેય દેહો કેવી રીતે રહેલા છે અને તેની જાણ કેવી રીતે થાય? અને આ માયાના દેહોથી મુક્ત ક્યારે થવાય?

વ્યાસ સ્થૂલની અદર સૂક્ષ્મ, સૂક્ષ્મમા કારણ, કારણમા મહાકારણ દેહો રહેલા છે, મહાકારણ દેહમા આત્મા અને આત્મામા કૂટસ્થબ્રહ્મ (એટલે આત્મ જ્યોતિ) રહેલ છે જ્યારે સાધક પોતાના આત્મામા ખોજ કરે છે ત્યારે આત્મ સ્વરૂપનો સાક્ષાત્કાર કરવામા તેને યોગપરિબળથી જણાય છે કે, મનુષ્યના સ્થૂલ દેહના અગુષ્ઠપુર સૂક્ષ્મદેહ, સૂક્ષ્મદેહના અગુષ્ઠપુર કારણદેહ, કારણદેહના અગુષ્ઠ પુર મહાકારણદેહ, મહાકારણદેહના અગુષ્ઠપુર પ્રાણતત્ત્વ યાને ગ્રથિતતત્ત્વ અને "अगुष्ठमात्र पुरुषो" ।। તેના અગુષ્ઠપુર આત્મા જણાય છે તે આત્મદર્શન આત્મજ્યોતિના આરસીરૂપ ગુણને લીધે થાય છે

अगुष्ठमात्र पुरुषो मध्य आत्मनि तिष्ठति।
ईशानो भूतभव्यस्य न ततो विजुगुप्सते। एतद्वै तत्॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત, અધ્યાય ૨, વલ્લી પહેલી, શ્લોક ૧૨)

અર્થ લિંગ શરીરના અગુષ્ઠપુર કારણ, તેના અગુષ્ઠપુર મહાકારણ, તેના અગુષ્ઠપુર આત્મા, તેના અગુષ્ઠપુર પુરુષરૂપ આત્મતત્ત્વ જે ભૂત, ભવિષ્યનો સ્વામી છે તેને આત્મહૃદયમા જ (ત્યા જ) જોનારને કદી શોક થતો નથી તે બ્રહ્મ (એટલે પરમાત્માનુ બ્રહ્મત્વ) તે પૂછ્યુ તે આ જ છે શ્રીનરસિંહ મહેતાએ પોતાના અનુભવથી કહ્યુ છે કે

"જ્યા લગી આતમા તત્ત્વ ચીન્યો નહિ,
ત્યા લગી સાધના સર્વ જૂઠી"

अगुष्ठमात्र पुरुषो ज्योतिरिवाधूमक ।
ईशानो भूतभव्यस्य स एवाद्य स उ श्व । एतद्वै तत्॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્, અધ્યાય ૨, વલ્લી પહેલી શ્લોક ૧૩)

અર્થ તેં જેની જિજ્ઞાસા કરી છે તે (અગુષ્ઠમાત્ર પુરુષ એટલે આત્મ તત્ત્વ યા આત્મજ્યોતિ) ધુમાડા રહિત અને પ્રકાશ જેવો નિર્મળ, ભૂત,

ભવિષ્યનો સ્વામી (છે), આજનો અને કાલનો માયિક તે જેની જિજ્ઞાસા કરી છે તે બ્રહ્મ છે

अगुष्ठमात्र: पुरुषोऽन्तरात्मा सदा जनाना हृदये सन्निविष्ट: ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૩, મંત્ર ૧૩ અને શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્, અધ્યાય ૨, વલ્લી ત્રીજી, મત્ર ૧૭)

અર્થ . આત્મા સ્ત્રી નહીં પણ પુરુષરૂપે છે સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, મહા કારણના અગુષ્ઠપુર આત્મા અને તેના અગુષ્ઠપુર આત્મતત્ત્વ છે, કે જે પુરુ યાથી આત્માનો "પુરુષ" છે આત્મહૃદયમા તે પુરુષતત્ત્વ આત્મતત્ત્વ છે અને તે આત્મા સાથે આત્મહૃદયમા અને આત્મા મનુષ્યના હૃદયમા રહેલ છે

જ્યારે દૃષ્ટા, દર્શન અને દૃશ્યનો ભાવ ત્યજી દેવાય ત્યારે આત્માના મધ્યમા ગ્રથિતત્ત્વના પડળમા રહેલ શુદ્ધ બ્રહ્મત્વ યાને શુદ્ધ જ્ઞાનચૈતન્યવાળી પરમગતિ યાને આત્મજ્યોતિ જણાય છે દેહાદિ ભાવોમાથી મુક્ત થઈ આત્મિક ભાવોમા ઊંડા ઊતરવાની આત્માની ગતિ અવરોધ પામેલી હોવાથી નિષ્ક્રિય (એટલે ક્રિયારહિત) અને શિથિલ બની ગયેલી જણાય છે પરતુ જ્યારે તે આત્મ જ્યોતિ તરફ આત્મદૃષ્ટિ સ્થિર થાય ત્યારે તે સ્વયં સચાલિત ક્રિયાત્મક બને છે અને તે વખતે આત્માના અહમ્ મમ્ ભાવો વિલય થયા હોય તો જ તે આત્મ-જ્યોતિ પરમજ્યોતિ પરમાત્મા તરફ ઊંચે ગતિ કરે છે આત્મજ્યોતિ પોતે એન્જિનરૂપ બની આત્માને ડબ્બારૂપ બનાવી પરમપદ મોક્ષ સુધી પ્રયાણ કરે છે આ આત્મજ્યોતિ પરમેશ્વરનો સાક્ષાત્કાર અને બ્રહ્માનુભવ કરી, આત્મપરિ બળનો સંચય (એટલે સગ્રહ) કરી આત્મા સાથે જોડાયેલી હોવાથી પુન આત્મા સાથે દેહોમા પાછી આવે છે અને આવી રીતે જે આત્માને ક્રમાનુસાર આગળ વધી ઓછામા ઓછો બે વખત બ્રહ્માનુભવ થાય તે પ્રારબ્ધ બધન અને દેહાદિ બધનથી મુક્ત થતા ભાવિ અનુસાર જીવન પૂરુ કરીને અવશ્ય મોક્ષપ્રાપ્તિ કરે છે પરતુ આ દિવ્ય અનુભવ ધ્યાન દ્વારા જ થાય છે જ્યારે યોગસાધનામા આગળ વધાય છે, ત્યારે સદ્‌ગુરુશ્રીની અસીમ કૃપાથી આ દિવ્ય અનુભવ થાય છે એટલા જ કારણે **"मोक्षमूल गुरुकृपा"** ॥ એમ કહ્યુ છે આવા દિવ્ય અનુભવવાળો પુરુષ ફરીથી જન્મ-મરણના ફેરામા આવતો નથી અને માયાના દેહો ધરતો નથી

(૧૨) શિષ્ય ઉઁકારમા માયાના સ્થૂલ દેહો કોને કોને હોય છે, તે જણાવશો ?

વ્યાસ : પ્ર દ ન ૮૮થી બતાવેલ ઉકારથી (એટલે જગતથી) માડીને અક્ષરબ્રહ્મ સુધી દરેક લોકોને જુદા જુદા પ્રકારની માયાના સ્થૂલદેહો હોય છે

તે જ રીતે દરેક સ્થળના આત્માને દરેક સ્થળે ચાર દેહો હોય છે કોઈ પણ આત્મા વિશ્વમા ચાર દેહોથી મુક્ત હોતો નથી મનુષ્યનો જે દેહ છે, તેને "સ્થૂળદેહ" કહેવામા આવે છે ઉકારના લોકોનો સૂક્ષ્મદેહ છે, તે મકારના લોકોનો "સ્થૂલદેહ" છે, ઉકારના લોકોનો કારણદેહ છે, તે અકારના લોકોનો "સ્થૂળદેહ" છે અને ઉકારના લોકોનો મહાકારણદેહ છે, તે અર્ધમાત્રાના અમર ધામના લોકોનો "સ્થૂલદેહ" છે એટલે માનવ આત્માના સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહો છે, તે અનુક્રમે દેવકોટિના, ઈશ્વરકોટિના અને અક્ષરધામના સ્થૂલદેહો છે તેથી ચારેય દેહોને સ્થૂલ માનેલા છે

(૧૩) શિષ્ય માયિક દેહના કેટલા કૂટસ્થ છે, તે જણાવશો?

વ્યાસ માયિક દેહના કૂટસ્થ ચાર છે અને તેની સમજૂતી નીચે પ્રમાણે કહી શકાય છે (૧) ઉકારધામમા જે મનુષ્યનો દેહ છે, તેને "સ્થૂલદેહ" કહેવામા આવે છે (૨) ઉકારધામના લોકોનો સૂક્ષ્મદેહ છે, તે મકારધામના લોકોનો "સ્થૂલદેહ" ગણાય છે (૩) મકારધામના દેવતાઓનો સૂક્ષ્મદેહ છે (તે ઉકાર ધામના મનુષ્યનો "કારણદેહ" ગણાય છે), તે અકારધામના ઈશ્વરોનો "સ્થૂલદેહ" ગણાય છે (૪) અકારધામના ઈશ્વરોનો સૂક્ષ્મદેહ છે (તે મકારધામના દેવોનો કારણદેહ અને ઉકારધામના મનુષ્યનો મહાકારણદેહ છે), તે અર્ધમાત્રાના અક્ષરધામનો "સ્થૂલદેહ" ગણાય છે (૫) અર્ધમાત્રાના અક્ષરધામનો સૂક્ષ્મદેહ છે (તે અકારધામના ઈશ્વરોનો કારણદેહ અને મકારધામના દેવોનો મહાકારણદેહ છે), તે અર્ધમાત્રાના નારાયણનો "સ્થૂલદેહ" ગણાય છે (૬) અર્ધમાત્રાના નારાયણનો સૂક્ષ્મદેહ છે (તે અર્ધમાત્રાના અક્ષરધામનો કારણદેહ અને અકાર ધામના ઈશ્વરોનો મહાકારણ દેહ છે), તે અર્ધમાત્રાના નારાયણના આત્માનો "સ્થૂલ દેહ" ગણાય છે

માયિક દેહોના કૂટસ્થ નીચે મુજબ છે

(૧) (ક) આપણો જે દેહ છે, તેને "સ્થૂલ" કહેવામા આવે છે
(ખ) મકારમા જે દેવો છે તેનો દેહ, તે આપણો "સૂક્ષ્મ" ગણાય છે
(ગ) અકારમા જે ઈશ્વરો છે તેનો દેહ, તે આપણો "કારણ" ગણાય છે
(ઘ) અર્ધમાત્રામા નારાયણનું અક્ષરધામ, તે આપણો "મહાકારણ" ગણાય છે

(૨) (ક) મકારના દેવતાઓનો દેહ, તેને "સ્થૂલ" કહેવામા આવે છે
(ખ) અકારના ઈશ્વરોના દેહને, દેવતાઓના દેહના હિસાબે, "સૂક્ષ્મ" કહેવામા આવે છે

(ગ) નારાયણનુ જે અક્ષરધામ છે, તે મકારના દેવતાઓના હિસાબે, અક્ષરધામનો "કારણદેહ" ગણાય છે

(ઘ) નારાયણના દેહને, મકારના દેવતાઓના હિસાબે, "મહાકારણદેહ" કહેવામા આવે છે

(૩) (ક) અકારના ઈશ્વરોનો દેહ, તેને "સ્થૂલ" કહેવામા આવે છે

(ખ) નારાયણનુ જે અક્ષરધામ છે, તે અકારના ઈશ્વરોના દેહના હિસાબે, અક્ષરધામનો "સૂક્ષ્મદેહ" ગણાય છે

(ગ) નારાયણના દેહને, અકારના ઈશ્વરોના દેહના હિસાબે, "કારણદેહ" કહેવામા આવે છે

(ઘ) નારાયણનુ હૃદય જે ચાર ગુણોવાળુ છે તેને, અકારના ઈશ્વરોના દેહના હિસાબે, "મહાકારણ દેહ" કહેવામા આવે છે

(૪) (ક) નારાયણનુ અક્ષરધામ તેને "સ્થૂલ" કહેવામા આવે છે

(ખ) નારાયણનો દેહ તેને, નારાયણના ધામના હિસાબે, "સૂક્ષ્મ" કહેવામા આવે છે

(ગ) નારાયણનુ હૃદય જે ચાર ગુણોવાળુ છે તેને, નારાયણના ધામના હિસાબે, "કારણદેહ" કહેવામા આવે છે

(ઘ) નારાયણમા માયા પર આચ્છાદન કરવાની અને આત્મા પર પણ આચ્છાદન કરવાની જે શક્તિ છે, તેને નારાયણના ધામના હિસાબે, તેના આત્માનો "મહાકારણદેહ" કહેવામા આવે છે

(૧૪) શિષ્ય  લૌકિક ચેતનાથી કેવા કેવા અનુભવો દેહોને થાય છે, તે જણાવશો?

વ્યાસ  લૌકિક ચેતનામા મહાકારણ, કારણ અને સૂક્ષ્મ એમ ત્રણ દેહો વડે અનુભવાતી અગર જોવાતી જુદા જુદા ગુણોવાળી ચેતના હોય છે (૧) તેમા સસારની ઈચ્છિત યા કાલ્પનિક યા જોયેલી વસ્તુઓના તથા સ્વર્ગલોક, જનલોક, તપલોક, પિતૃલોક, સૂર્યલોક આદિ સ્વર્ગના સ્થાનોના જે દૃશ્યો જોવાય યા અનુભવાય છે, તે જેમ સ્વપ્નમા સૂક્ષ્મદેહથી સ્વપ્નસૃષ્ટિ જણાય છે તેવા હોય છે તેમા મનનુ પ્રાધાન્ય હોય છે, પરતુ તે મનની કલ્પનાઓવાળુ હોવાથી અસત્ય દૃશ્ય હોય છે (૨) જ્યા મનથી, બુદ્ધિથી, ચિત્તથી અને તે ત્રણેય યુક્ત અહકારથી જે દૃશ્યો થાય છે, બ્રહ્માડના ગ્રથિ તત્ત્વોમા ભ્રમણ થાય છે, આકાશમા ઊચે રહીને (એરોપ્લેનમાં ઊચે ચઢી નીચેની સૃષ્ટિ જુઓ છે તેમ) ભૂલોકની, ભુવરલોકની, મહરલોકની, જનલોકની, સત્યલોકની, સ્વર્ગલોકની સૃષ્ટિને તથા તારાઓ પરની પૃથ્વીને અને તેના દૃશ્યો જોવાય છે, તે "કારણદેહની

હલકા પ્રકારની ચેતનાનું" કાર્ય છે પરંતુ જેઓ બ્રહ્મલોક, વિષ્ણુલોક, શિવલોક, શક્તિલોક (અર્થાત બ્રહ્મપુરી, વૈકુંઠ, કૈલાસ, શક્તિપુરી)ના લોકોના અગર તેના અધિષ્ઠાતા દેવોના જે દર્શન કરે છે, દેવોને પ્રસન્ન થયાનું અનુભવે છે, આશીર્વાદ મળ્યાનું યા હાથ ઊંચા કર્યાનું યા હૃદય સ્પર્શન કર્યાનું જાણી શકે છે, તે "કારણદેહની ઉત્તમ કક્ષાની ચેતનાનું" કાર્ય છે જ્યા અહમત્વનો લૌકિક ભાવો પ્રત્યે લય થાય છે, માયા પ્રત્યેનો મોહ છૂટે છે, પ્રભુ પ્રત્યેનો પ્રેમ જોડાય છે, પરંતુ હુ ભક્ત છુ અને ભગવાનની કૃપા મેળવુ છુ અર્થાત્ હુ ભક્ત છુ અને આ ભગવાન છે, એવા "અહમ" અને "ત્વમ્" પણાના ભાવસહિત જુદા રહીને (એટલે કે સસારના સુખો, વૈભવો ભોગવવાની ભાવના ગુપ્ત રીતે રાખીને જે પ્રભુના દર્શન થાય છે અને તે વખતે તે દર્શનમાં એટલા તો તલ્લીન થઈ જવાય છે કે સસારના તમામ સુખો તુચ્છ લાગે છે અને પ્રભુની કૃપા દયા અગર પ્રભુનુ કોઈ બીજુ દિવ્ય સ્વરૂપ પોતાની સાથે ભ્રમણ કરતુ અગર તો ઇચ્છે ત્યારે દર્શન દેતુ, બચાવતુ હોય તેવુ જણાય છે તથા અક્ષરધામમા (જુઓ પ્ર દ ન ૩૦), ગોલોકમા (જુઓ પ્ર દ ન ૩૫) પોતે પ્રભુ-નારાયણની સામે રહી, દૂરથી દર્શન કરી આનદ કરતો હોય તેમ જણાય છે ત્યારે તે અવસ્થામા કેટલાક ભક્તોએ પ્રભુ પાસે "મને ફરી ફરી પાછો આવો જ અવતાર આપજો, મારે મુક્તિની કે મોક્ષની ઇચ્છા નથી" એવુ માગે છે કેમ કે પ્રભુ-નારાયણ પોતાની પાસે જ છે, સાનિધ્યમા જ છે, સ્તુતિ કરતા તુરત જ હાજર થાય છે એવુ દૃશ્ય લાગે છે, તે મહાકારણ દેહની વાસના તત્ત્વનું હલકા પ્રકારનુ ચેતના કાર્ય છે પરંતુ જ્યારે તે ચેતના વારવાર અવતાર લેવાની, સસારના સુખ વૈભવો ભોગો અને દર્શનની ભાવનાઓ છોડી દઈ, અહમત્વ, 'અહમ્' અને 'ત્વમ્'-પણાના ભાવો છોડી દઈ મુક્તિ ઇચ્છે અને જીવન્મુક્તિ માટે પ્રભુકૃપા ઇચ્છે ત્યારે દેહો છૂટી ગોલોક (અક્ષરધામ પ્રાપ્ત થતાં તેને સામીપ્ય યા સાનિધ્ય મુક્તિ પ્રાપ્ત થાય છે) એટલે કે અમર નિવાસ કરે તેને "લૌકિક મહાકારણ દેહની ઊંચ ચેતનાનું" કાર્ય માનેલુ છે આમ છતાં (આથી અદ્વય સાયુજ્ય મુક્તિ અગર જન્મમૃત્યુ નિવારણ થાય તેવો મોક્ષ પ્રાપ્ત થતો નથી) જે યોગીઓ ભક્તિપ્રાધાન્ય હોય છે અને તેમાં પણ નવધાભક્તિ પૈકી છેલ્લી પ્રેમલક્ષણા ભક્તિમાં નિમગ્ન થયેલા હોય છે, તેઓ અક્ષરબ્રહ્મ-નારાયણના હૃદયમાં રહેલા સંસારમા ભૂમિભાર ઉતારવા અને ધર્મસ્થાપન કરવા અગર મર્યાદા શીખવવા જે અવતારી પુરુષો (રામ, કૃષ્ણાદિ) આવે છે તે લક્ષ્ય અમર હૃદય વાસિ આત્માઓના તથા નારાયણ-અમરબ્રહ્મના આત્માનાં દર્શન કરી આનંદ

પામે છે. પરંતુ તેમનામાં મોક્ષ મેળવવાની ભાવના ન હોવાથી તથા મોક્ષની ઉપાસના કરેલી ન હોવાથી તેઓ અક્ષરનિવાસ ન કરતાં (જુઓ પ્ર. દ. નં. ૩૫ ને ૩૦) નિત્યમુક્ત બ્રહ્મસ્વરૂપ (જુઓ પ્ર. દ. નં. ૩૯) બ્રહ્મરંધ્રમાં નિવાસ કરે છે. આ જ સ્થળે વિભૂતિ આત્માઓ કે જેમને એક યા વધુ જન્મો લઈને જે કાર્ય માટે શ્રીમન્નારાયણે સંસારમાં મોકલ્યા હોય અને તે કાર્ય પૂર્ણ કરવા બીજા જન્મો લેવાના બાકી હોય, તે વિભૂતિ આત્માઓ નિત્યમુક્ત આત્માઓ સાથે વસે છે. પરંતુ તેમનું ધ્યેય માત્ર કાર્ય પૂરાં કરવાનું અને તે પૂર્ણ કરીને મોક્ષપ્રાપ્તિનું હોય છે. એટલે તે આત્માઓ બીજે જન્મ લેતાં સુધી ત્યાં રહે છે છતાં તેમના ધ્યેયને ચૂકતા નથી. આ નિત્યમુક્ત આત્માઓ અગર વિભૂતિ આત્માઓ અક્ષરનિવાસી લોકો કરતાં ઘણી ઉચ્ચ કક્ષાના હોય છે. એટલું જ નહિ પણ અક્ષરબ્રહ્મ-નારાયણના જેટલી જ સત્તાવાળા હોવા છતાં વિશ્વમાં કોઈ સ્થળે પોતાની સત્તા ચલાવતા નથી. આ સત્તા તેમને નારાયણે આપેલી હોતી નથી. પણ તેમણે યોગબળથી અને સહસ્રગ્રંથિ આત્માઓના અભેદ્ય સ્પર્શનથી પ્રાપ્ત કરેલી હોય છે. તેને લૌકિક મહાકારણની તત્ત્વગુણી ચેતનાનું આત્મિક કાર્ય માનેલું છે. એટલે આ આત્માઓ ફક્ત કાર્ય પૂરતા જ વચન-બંધનથી બંધાયેલા છે, તે સિવાય તે મુક્ત છે. આ કાર્યબંધનનું વચનપાલન પૂરું થતાં ગમે ત્યારે દેહો છોડીને તે આત્માઓ મોક્ષે જવા અધિકારી હોય છે. આને જેમ નારાયણનો આત્મા દ્વૈતાદ્વૈત છે તેમ દ્વૈતાદ્વૈત સ્વરૂપ માનેલા છે.

* * *

હલકા પ્રકારની ચેતનાનુ" કાર્ય છે પરતુ જેઓ બ્રહ્મલોક, વિષ્ણુલોક, શિવલોક, શક્તિલોક (અર્થાત્ બ્રહ્મપુરી, વૈકુઠ, કૈલાસ, શક્તિપુરી)ના લોકોના અગર તેના અધિષ્ઠાતા દેવોના જે દર્શન કરે છે, દેવોને પ્રસન્ન થયાનુ અનુભવે છે, આશીર્વાદ મળ્યાનુ યા હાથ ઊંચા કર્યાનું યા હૃદય સ્પર્શન કર્યાનુ જાણી શકે છે, તે "કારણદેહની ઉત્તમ કક્ષાની ચેતનાનુ" કાર્ય છે જ્યા અહમત્વનો લૌકિક ભાવો પ્રત્યે લય થાય છે, માયા પ્રત્યેનો મોહ છૂટે છે, પ્રભુ પ્રત્યેનો પ્રેમ જોડાય છે, પરતુ હુ ભક્ત છુ અને ભગવાનની કૃપા મેળવુ છુ અર્થાત્ હુ ભક્ત છુ અને આ ભગવાન છે, એવા "અહમ" અને "ત્વમ્" પણાના ભાવસહિત જુદા રહીને (એટલે કે સસારના સુખો, વૈભવો ભોગવવાની ભાવના ગુપ્ત રીતે રાખીને જે પ્રભુના દર્શન થાય છે અને તે વખતે તે દર્શનમા એટલા તો તલ્લીન થઈ જવાય છે કે સસારના તમામ સુખો તુચ્છ લાગે છે અને પ્રભુની કૃપા દયા અગર પ્રભુનુ કોઈ બીજુ દિવ્ય સ્વરૂપ પોતાની સાથે ભ્રમણ કરતુ અગર તો ઇચ્છે ત્યારે દર્શન દેતુ, બચાવતુ હોય તેવુ જણાય છે તથા અક્ષરધામમા (જુઓ પ્ર. દ ન ૩૦), ગોલોકમા (જુઓ પ્ર દ ન ૩૫) પોતે પ્રભુ-નારાયણની સામે રહી, દૂરથી દર્શન કરી આનંદ કરતો હોય તેમ જણાય છે ત્યારે તે અવસ્થામા કેટલાક ભક્તોએ પ્રભુ પાસે "મને ફરી ફરી પાછો આવો જ અવતાર આપજો, મારે મુક્તિની કે મોક્ષની ઇચ્છા નથી" એવું માગેલુ છે કેમ કે પ્રભુ-નારાયણ પોતાની પાસે જ છે, સાંનિધ્યમા જ છે, સ્તુતિ કરતા તુરત જ હાજર થાય છે એવુ દૃશ્ય લાગે છે, તે મહાકારણ દેહની વામના તત્ત્વનું હલકા પ્રકારનુ ચેતના કાર્ય છે પરતુ જ્યારે તે ચેતના વારવાર અવતાર લેવાની, સંસારના સુખ વૈભવો ભોગો અને દર્શનની ભાવનાઓ છોડી દઈ, અહમત્વ, 'અહમ' અને 'ત્વમ્'-પણાના ભાવો છોડી દઈ મુક્તિ ઇચ્છે અને જીવન્મુક્તિ માટે પ્રભુકૃપા ઇચ્છે ત્યારે દેહો છૂટી ગોલોક (અક્ષરધામ પ્રાપ્ત થતા તેને સામીપ્ય યા સાન્નિધ્ય મુક્તિ પ્રાપ્ત થાય છે) એટલે કે અક્ષર નિવાસ કરે તેને "લૌકિક મહાકારણ દેહની ઊંચ ચેતનાનું" કાર્ય માનેલુ છે આમ છતા (આથી અદ્વય સાયુજ્ય મુક્તિ અગર જન્મમૃત્યુ નિવારણ થાય તેવો મોક્ષ પ્રાપ્ત થતો નથી) જે યોગીઓ ભક્તિપ્રાધાન્ય હોય છે અને તેમા પણ નવધાભક્તિ પૈકી છેલ્લી પ્રેમલક્ષણા ભક્તિમા નિમગ્ન થયેલા હોય છે, તેઓ અક્ષરબ્રહ્મ-નારાયણના હૃદયમા રહેલા સસારમાં ભૂમિભાગ ઉતારવા અને ધર્મસ્થાપન કરવા અગર મર્યાદા શીખવવા જે અવતારી પુરુષો (રામ, કૃષ્ણાદિ) આવે છે તે ૯૯૯ અક્ષર હૃદય સ્થિત આત્માઓના તથા નારાયણ-અક્ષરબ્રહ્મના આત્માનાં દર્શન કરી આનંદ

પામે છે. પરંતુ તેમનામાં મોક્ષ મેળવવાની ભાવના ન હોવાથી તથા મોક્ષની ઉપાસના કરેલી ન હોવાથી તેઓ અક્ષરનિવાસ ન કરતાં (જુઓ પ્ર. દ. નં. ૩૫ ને ૩૦) નિત્યમુક્ત બ્રહ્મસ્વરૂપ (જુઓ પ્ર. દ. નં. ૩૯) બ્રહ્મરંધ્રમાં નિવાસ કરે છે. આ જ સ્થળે વિભૂતિ આત્માઓ કે જેમને એક યા વધુ જન્મો લઈને જે કાર્ય માટે શ્રીમન્નારાયણે સંસારમાં મોકલ્યા હોય અને તે કાર્યો પૂર્ણ કરવા બીજા જન્મો લેવાના બાકી હોય, તે વિભૂતિ આત્માઓ નિત્યમુક્ત આત્માઓ સાથે વસે છે. પરંતુ તેમનું ધ્યેય માત્ર કાર્ય પૂરાં કરવાનું અને તે પૂર્ણ કરીને મોક્ષપ્રાપ્તિનું હોય છે. એટલે તે આત્માઓ બીજો જન્મ લેતાં સુધી ત્યાં રહે છે છતાં તેમના ધ્યેયને ચૂકતા નથી. આ નિત્યમુક્ત આત્માઓ અગર વિભૂતિ આત્માઓ અક્ષરનિવાસી લોકો કરતાં ઘણી ઉચ્ચ કક્ષાના હોય છે. એટલું જ નહિ પણ અક્ષરબ્રહ્મ-નારાયણના જેટલી જ સત્તાવાળા હોવા છતાં વિશ્વમાં કોઈ સ્થળે પોતાની સત્તા ચલાવતા નથી. આ સત્તા તેમને નારાયણે આપેલી હોતી નથી. પણ તેમણે યોગબળથી અને સહસ્ત્રગ્રંથિ આત્માઓના અભેદ્ય સ્પર્શનથી પ્રાપ્ત કરેલી હોય છે. તેને લૌકિક મહાકારણની તત્ત્વગુણી ચેતનાનું આત્મિક કાર્ય માનેલું છે. એટલે આ આત્માઓ ફક્ત કાર્ય પૂરતા જ વચન-બંધનથી બંધાયેલા છે, તે સિવાય તે મુક્ત છે. આ કાર્યબંધનનું વચનપાલન પૂરું થતાં ગમે ત્યારે દેહો છોડીને તે આત્માઓ મોક્ષે જવા અધિકારી હોય છે. આને જેમ નારાયણનો આત્મા દ્વૈતાદ્વૈત છે તેમ દ્વૈતાદ્વૈત સ્વરૂપ માનેલા છે.

* * *

પ્રકરણ ૬

# આત્મજ્યોતિ અને તેનો અનુભવ

(૧) શિષ્ય આત્મજ્યોતિ અને આત્મા કોને કહેવાય? અને આ બેઉનું ગતિરૂપે હોવાનું ઉંકારના કયા સ્થાનેથી થાય છે?

*જવાબ પરમાત્મા પરમેશ્વરનો અનંત જ્ઞાનચૈતન્ય શક્તિવાળો પરમ પ્રકાશનો ધોધ શુદ્ધ પરમગતિ દ્વારા થઈને સતત નીચે વહન કરે છે તે ધોધ અને "પરમગતિ અને તેના પ્રકાર" પ્રકરણમા પ્રશ્ન નંબર ૮ અને ૧૦થી જણાવી ગયા પ્રમાણે નારાયણમાથી (એટલે વિક્ષેપ પરિબળવાળી તત્ત્વમાયામાથી) માયામિશ્રિત (એટલે અશુદ્ધ) બની પાછો ઉપરની નિર્મળ પરમગતિમાં પરાવર્તન થાય છે તે ધોધ—આવી રીતે આ બન્ને ધોધો એકબીજા સાથે ઘસાય છે યા સામસામા અથડાય છે અને (જેમ બે ચકમકના પથ્થરના ઘર્ષણથી કવચિત્ કવચિત્ અગ્નિના તણખા નીકળે છે તેમ) તેમાથી કવચિત્ કવચિત્ ચૈતનગ્રંથિઓ અગ્નિના તણખા રૂપે પ્રગટે છે એટલે કે શુદ્ધ પરમગતિમાથી (એટલે પરમ ચેતનામાથી) પરમજ્ઞાનચૈતન્યતત્ત્વ યા આત્મજ્યોતિ યા કૂટસ્થતત્ત્વ છૂટુ પડે છે અને તેના પર અશુદ્ધ પરમગતિનું કાદાના પડની માફક પડ ચઢે છે, તેને "ગ્રંથિ" યા "સૂક્ષ્મ જીવ" યા "આત્મા" યા "ચેતન" કહે છે આવી રીતે નિર્મળ પરમગતિમાથી આત્મજ્યોતિનુ છૂટાપણુ શુદ્ધાશુદ્ધ પરમગતિથી જ (જુઓ પ્ર દ ન ૮) થાય છે વળી આત્મા નામ આરોપણ પણ શુદ્ધા શુદ્ધ પરમગતિથી જ લાગુ પડે છે અહીં અવશ્ય યાદ રાખવાનુ છે કે પરમાત્માની શુદ્ધ પરમગતિ પરમજ્ઞાનચૈતન્યમય (એટલે આત્મજ્યોતિમય) છે, પણ તેમા માયાનો અહમ્-પણાનો ગુણ ન હોવાથી તેને કોઈ પણ જાતની ઇચ્છા થતી જ નથી, પણ તે પરમજ્ઞાનચૈતન્યતત્ત્વને (એટલે આત્મજ્યોતિને) અહમ્પણાનો તાત્ત્વિક ગુણ શુદ્ધા શુદ્ધ પરમગતિએથી મળે છે આવો અભિપ્રાય જ્ઞાનીઓ, મહા યોગેશ્વરો (જેવા કે ઋષભદેવ, અત્રિ, અવધૂત અને પરમહસ શુકદેવજી, વામદેવ અને પતજલિ), સમર્થ સત્પુરુષો અને બ્રહ્મવેત્તાઓએ પોતાના અનુભવથી જણાવ્યો છે (આ અલૌકિક વસ્તુઓ યોગદ્વારા બહુ જ ઉત્તમ રીતે સમજી શકાય એમ છે)

ગ્રંથિરૂપ આત્મા ખાસ કરીને શુદ્ધાશુદ્ધ પરમગતિમાથી અલ્પ પ્રમાણમા માયાના તાત્ત્વિક ગુણો ગ્રહણ કરે છે, પણ તે ગ્રંથિરૂપ આત્મા અશુદ્ધ પરમ-

ગતિને (જુઓ પ્ર. ૬. નં. ૨૧) અડતાં જ માયાના તાત્ત્વિક ગુણો વધારે પ્રમાણમાં ધારણ કરે છે. હવે દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :—

(૧) જેમ પાષાણ અને લોઢું ટીચાવાથી અગ્નિના તણખા પ્રગટ થાય છે, તેમ અશુદ્ધ પરમગતિ અને શુદ્ધ પરમગતિ એકબીજાને અથડાવાથી "જીવાત્મા" પ્રગટ થાય છે.

(૨) જેમ સૂર્યકાચ હોય છે તે સૂર્યકાચમાં સૂર્યનો પ્રકાશ પડવાથી નીચે અગ્નિ પ્રગટ થાય છે, તેમ અશુદ્ધ પરમગતિમાં શુદ્ધ પરમગતિ પડવાથી માયિક જીવાત્મા પ્રગટ થાય છે એટલે ઉત્પન્ન થાય છે.

(૩) જેમ વરસાદ પડતાં યા દાતણ કરતાં મુખમાંથી પાણીના ફોરાં ધૂળ ઉપર પડે છે અને તે ફોરાંની ઉપર ધૂળનું પડ ચઢીને ગરગોળી થઈ ગબડે છે, પણ તે ગરગોળીને જો ફોડવામાં આવે તો અંદર ચોખ્ખું, સ્વચ્છ અને નિર્મળ પાણી હોય છે, તેમ આત્મજ્યોતિ ઉપર કાંદાના પડની માફક અશુદ્ધ પરમગતિનું પડ ચઢે છે, તેને જ "આત્મા" યાને "ગ્રંથિતત્ત્વ" કહેવામાં આવે છે.

(૪) જેમ જળનું ફોરું રજોટી ઉપર પડવાથી ગરગોળી થઈ ગબડે છે, તેમ શુદ્ધ પરમગતિ અશુદ્ધ પરમગતિમાં પડવાથી જીવાત્મા માયિક દેહ ધરી વિશ્વમાં વિચરે છે.

(૫) જેમ ગરમ ઘીની ધારાને પવનનો સ્પર્શ લાગવાથી ઘીનો છાંટો જુદો પડે છે. અને તે છાંટાને શીતળતાનો સ્પર્શ થવાથી તે ઘીના ઝીણાં ઝીણાં કણ પડી જાય છે, તેમ શુદ્ધ પરમગતિને અશુદ્ધ પરમગતિનો સ્પર્શ થવાથી પરમગતિનો માયિક જીવાત્મા બને છે.

આત્મા એટલે આત્મામાં રહેલ આત્મજ્યોતિ યા બ્રહ્મત્વ ઉપર માયાની વાસના અજ્ઞાનરૂપ આચ્છાદિત છે, જેને ગ્રંથિ કહેવાય છે તે જ "આત્મા" છે. અગર ધૂમ્રાચ્છાદનથી અગર ડુંગર પરના વાદળાંથી એક મનુષ્ય વાદળાને લીધે થોડે દૂરના મનુષ્યને જોઈ શકતો નથી, તે પ્રમાણે પરમગતિ પર આચ્છાદિત માયાતત્ત્વને "ગ્રંથિ" કહેવાય છે. ગ્રંથિ એટલે જ્ઞાનચૈતન્યને (એટલે આત્મજ્યોતિને) તત્ત્વગુણી માયાનો સંસર્ગ યા સ્પર્શ થાય છે, તેને "ગ્રંથિ" કહે છે. વળી પરમાત્મામાંથી "પરમ" શબ્દ જતો રહ્યો હોવાથી તેને "આત્મા" કહેવામાં આવે છે. તેથી શ્રીઅથર્વવેદીય મુંડકોપનિષત્, મુંડક ૨, શ્લોક ૧માં જણાવ્યું છે કે :

तदेतत्सत्यं यथा सुदीप्तात्पावकाद्विस्फुलिङ्गाः सहस्रशः प्रभवन्ते सरूपाः ।
तथाऽक्षराद्विविधाः सोम्य भावाः प्रजायन्ते तत्र चैवापियन्ति ॥

તે આ સત્ય છે જેમ સારી રીતે પ્રજ્વલિત અગ્નિથી અનેક અગ્નિના સમાન રૂપવાળા તણખાઓ નીકળે છે, તેમ હે પ્રિયદર્શન ! અક્ષર એટલે નારાયણની યા માયાવિશિષ્ટ બ્રહ્મની તત્ત્વગુણીમાયા કે જેનાથી અશુદ્ધ પરમગતિ બની છે, તે અશુદ્ધ પરમગતિને શુદ્ધ પરમગતિનો સ્પર્શ થવાથી અનેક જીવાત્મા યા આત્મા યા ગ્રથિતતત્ત્વ આત્મા ઊપજે છે તેથી જીવને અગ્નિની ચિનગારીના દૃષ્ટાંતથી બ્રહ્મનો ભાગ કહ્યો છે

अंशोनानाव्यपदेशादन्यथा चापिदाशकितवादित्वमधीयतेएके ॥

(વેદાન્ત દર્શન, અધ્યાય ૨, પા૦ ૩, સૂત્ર ૪૩)

જીવ બ્રહ્મનો (એટલે પરમાત્માનો) અંશ છે કારણ કે જીવોમાં નાનાપણું જણાય છે અર્થાત્ જીવોમાં નાનાપણું જણાવાથી અને તે સર્વ જીવોમાં (એટલે આત્મામાં) પરમાત્માની શુદ્ધ પરમગતિનું નિર્મળ જ્ઞાનચૈતન્યતત્ત્વ યા આત્મજ્યોતિ ગૂઢરૂપે રહેલી હોવાથી તેને બ્રહ્મનો અંશસમાન માનવામાં આવ્યો છે અર્થાત્ સર્વ આત્મામાં યા જીવોમાં અંદરના ભાગમાં ગૂઢ બ્રહ્મત્વ યા આત્મતત્ત્વ યા આત્મજ્યોતિ રહેલી છે, તેથી તેને પરમાત્માનો અંશસમાન માનવામાં આવ્યો છે તેથી સદ્ગુરુશ્રીએ "પ્રણવવિજ્ઞાન"માં લખ્યું છે કે .

(મનહર છંદ)

ભાસ મૂળ પરમાત્મા, આભાસ નારાયણ છે,
ચિદાભાસ મન્વંતરો, અશુદ્ધે પર્યાપ્ત છે
ગયા માયા કેરા ગુણો, તેથી કળા ઓછી થઈ,
તત્ત્વરૂપે જીવ સભર, જળે લીલ વ્યાપ્ત છે
અગ્નિ રવિના પ્રકાશ, ભેગી રહે ઊણુ ગતિ,
ગતિ રવિ, અગ્નિ ન્યારા, તે જ્ઞાને સમાપ્ત છે
પરમગતિ કેરી ગ્રંથિ, ગ્રંથિ સાથે વિશ્વેગતિ,
પરમ અને માયાની ગતિ, ગ્રંથિ "વ્યાસ" પ્રાપ્ત છે ૧

પરમાત્મા પરમેશ્વર એક અદ્વિતીય (એટલે અજોડ યા અનન્ય) સ્વરૂપ છે અને પરમાત્માની પરમગતિ કે જેમાં જ્ઞાન ચેતના શક્તિ અને આત્માનું તત્ત્વસ્વરૂપ વ્યાપક છે એટલે જેમ દૂધના પ્રત્યેક ટીપાંમાં ઘી હોય છે, તેમ પરમગતિ પ્રત્યક્ષ નહિ પણ તત્ત્વરૂપે જીવોથી ભરચક હોય છે

પરમાત્માની જ્ઞાનગતિ, મા મિશ્ર ચૈતન્યગતિ,
બિંદુ બહાર ચિદાભાસે, અશુદ્ધ કહેવાય છે
તત્ત્વ વાસના માયાની, પરમગતિમાંહી ભળી,
તેથી પયે ઘૃત સમ તત્ત્વાત્મા ગણાય છે

જળધોધે પર્ણ સમ, અસ્પર્શે વહી જાય ગતિ;
તે બ્રહ્માંડમાં આવ્યાથી, અષ્ટકળા થાય છે.
માત્રામાં મહાકારણ દેહ, લઈ ષટ્કળા રહે;
ગ્રંથિ વાસનિક દેહ, જીવ ત્યાં બંધાય છે. ૨

(સાખીઓ)

પ્રભુએ ઘડયાં મનુષ્યને, કેવળ પોતાના સ્વરૂપ;
આત્મહૃદયમાં આત્મજ્યોતિ મૂકી, જે છે જ્ઞાનચૈતન્યરૂપ. ૧
શુદ્ધ 'ગતિમાંથી હું જન્મ્યો, લઈ આત્મજ્યોતિ નામ;
શુદ્ધાશુદ્ધ' ગતિએ જુદો થઈ, કહેવાયો હું આત્મારામ. ૨
શુદ્ધ પર અશુદ્ધ તત્ત્વ ચઢવાથી, આત્મગ્રંથિ પડયું નામ;
આત્મગુહામાં આત્મજ્યોતિ રહે, તેથી કહેવાય છે આત્મારામ. ૩
પ્રભુએ મૂકયા માનવહૃદયમાં, અલૌકિક આત્મારામ;
આત્મદહરમાં આત્મજ્યોતિ મૂકી, જવા પરમપિતાને ધામ. ૪
બે દિવ્ય તત્ત્વનો સમાવેશ, કેવળ આત્મારામમાં થાય;
એક છે ગ્રંથિતત્ત્વ, ને બીજું બ્રહ્મત્વ કહેવાય. ૫
કેવળ મહાકારણ દેહમાં, રહે છે આત્મારામ;
દ્વિકળા નિર્મળતત્ત્વ રહ્યું હોવાથી, પડયું બ્રહ્મત્વ નામ. ૬

(૨) શિષ્ય : આત્માના આત્મહૃદયમાં આત્મજ્યોતિ રહેલી છે, તે પાપથી લેપાય છે ખરી?

વ્યાસ : અશુદ્ધ પરમગતિરૂપ આત્માના આત્મદહરમાં આત્મજ્યોતિ દશઆની સત્તાવાળી નિર્મળરૂપે રહેલી છે. એટલે આત્મા ગમે તેટલાં પાપ કરે છતાં તે આત્મજ્યોતિ પાપથી ખરડાતી કે લેપાતી નથી અને સદા પરમ પવિત્ર જ રહે છે. પણ ગ્રંથિતત્ત્વમાં (એટલે આત્મામાં) રહેલ આત્મજ્યોતિ કહો અગર જીવમાં રહેલ જ્ઞાનચૈતન્યતત્ત્વ કહો, તે નિર્મળ બ્રહ્મત્વવાન છે. પરંતુ જ્યારે આત્મા અહમ્પણાને યા વાસનાને લીધે માયાના ચાર દેહો ધારણ કરે છે, ત્યારે આત્માની અંદર રહેલી આત્મજ્યોતિની સત્તા આઠઆની ઓછી થઈ જાય છે.

(૩) શિષ્ય : આત્મજ્યોતિને કેવાં કેવાં નામોથી સંબોધવામાં આવે છે?

વ્યાસ : આત્મજ્યોતિને અનેક નામોથી સંબોધવામાં આવે છે, જેવાં કે દ્વિકળા આત્મતત્ત્વ, દ્વિકળા કૂટસ્થ આત્મતત્ત્વ, નિર્મળ પરમગતિનું શુદ્ધ તત્ત્વ, કૂટસ્થ બ્રહ્મત્વ, ગૂઢ અને સૂક્ષ્મ બ્રહ્મત્વ, આત્મતત્ત્વ, જ્ઞાનચૈતન્ય તત્ત્વ, અન્તરાત્મા, અધ્યાત્મતત્ત્વ, પરમજ્ઞાનચૈતન્યતત્ત્વ, બ્રહ્મજ્યોતિ, આત્મપ્રદ્યોત

બ્રહ્મ, જ્ઞાનજ્યોતિ, આત્મજ્યોતિ બ્રહ્મત્વ, પ્રજ્ઞાબુદ્ધિ, આધ્યાત્મિક ઓટમ જ્ઞાન-ચૈતન્યનું બિંદુ, પરમગતિનું શુદ્ધ બિંદુ, ઈશ્વરાંશ, આત્મવિજ્ઞાન, સહદેવ, જ્ઞાન-ચેતના, આત્મચેતના, બ્રહ્મચેતના, જ્ઞાનચૈતન્ય, આત્મચૈતન્ય, કૂટસ્થચૈતન્ય, ચૈતન્ય-પુરુષ, કૂટસ્થપુરુષ, બ્રહ્મચૈતન્ય પુરુષ, અંતરાત્મા, ગૂઢાત્મા, દહરાત્મા, બ્રહ્માત્મા અને કૂટસ્થાત્મા અગર આત્માના મધ્યમાં રહેલ શુદ્ધ બ્રહ્મત્વ યાને શુદ્ધ જ્ઞાન-ચૈતન્યવાળી પરમગતિ.

(૪) શિષ્ય : ધ્યાનીઓ, વિજ્ઞાનીઓ અને યોગીઓ આત્મજ્યોતિને કેવાં નામોથી સંબોધે છે?

વ્યાસ : તે આત્મજ્યોતિને ધ્યાનીઓ આત્મજ્યોતિ, વિજ્ઞાનીઓ પ્રજ્ઞાબુદ્ધિ અને યોગીઓ આત્મબ્રહ્મ કહે છે.

(૫) શિષ્ય : કૂટસ્થનો અર્થ શું થાય છે?

*જવાબ : કૂટ=એરણ અને સ્થ=રહેનાર, એટલે કે એરણની માફક નિર્વિકારી રહેનાર તે કૂટસ્થ. લુહારની એરણનું નામ કૂટ છે. એ એરણની ઉપર અનેક ઘાત પડવા છતાં તે જેવી ને તેવી જ રહે છે. જેમ એરણ ઉપર અનેક જાતના ઘાટ ઘડવામાં આવે છે પણ તેની જરા પણ અસર એરણને થતી નથી યા એરણને જરા પણ વિકાર થતો નથી અને તે સદાને માટે નિર્વિકારી જ રહે છે, તેમ આત્માના આત્મદહરમાં પરમાત્માની શુદ્ધ પરમગતિનું કૂટતસ્થતત્ત્વ રહેલું છે એટલે આત્મા ગમે તેટલાં પાપો કરે તે પાપોની અસર આત્મા માયામાં રહેવા છતાં કૂટસ્થતત્ત્વને થતી નથી, પણ તે સદા નિર્મળ, દયાથી ભરપૂર, પ્રેમથી ભરપૂર અને પવિત્રતાથી ભરપૂર રહે છે. તે જ્ઞાનચૈતન્યતત્ત્વ "કૂટસ્થાત્મા" યા "કૂટસ્થ આત્મતત્ત્વ" યા "કૂટસ્થ બ્રહ્મત્વ" યા "કૂટસ્થચૈતન્ય" વગેરે નામોથી ઓળખાય છે. તેથી સદ્‌ગુરુ શ્રી-વલ્લભરામે "પ્રણવવિજ્ઞાન"માં લખ્યું છે કે :

(મનહર છંદ)

તે ટિકળા શુદ્ધરૂપે, સર્વ આત્મામાં વ્યાપેલી;<br>
આત્મા સંગે રહી શીખ, દે તે જ્યોતિ જણાય છે.<br>
લાખો પાપોને તે બાળે, નિષ્પાપ નિર્લેપ રહે;<br>
તે કૂટસ્થ શુદ્ધ રહી, પરમાત્માને ચાહ્ય છે.<br>
પોતે પોતાના પર ઘૃણા, ઉપજાવી અટકાવે;<br>
માર્ગદર્શક બને તે, તત્ત્વાત્મા કહેવાય છે.<br>
શુદ્ધ પરમગતિ ને તે, સત્તા માત્ર દૂર રહ્યો;<br>
આત્મા ધારે માયામાં તે, કૂટસ્થ કહેવાય છે.

(સાખીઓ)

શુદ્ધ, નિત્ય ને નિર્વિકાર, છે કૂટસ્થતત્ત્વનું રૂપ;
સર્વજ્ઞ, સર્વત્ર ને નિર્મળ, વળી છે સચ્ચિદાનંદ રૂપ. ૧
નિરંજન ને નિરાકાર, છે કૂટસ્થાત્માનું રૂપ;
નિર્વિકલ્પ ને સર્વવ્યાપક, વળી છે સર્વરૂપ. ૨
કેવળ ગ્રંથિતત્ત્વ ઉપર, માયાનું આચ્છાદન થાય;
બ્રહ્મત્વ સાથે રહેવા છતાં, તેને માયાનો સ્પર્શ ન થાય. ૩

(૬) શિષ્ય : આત્મજ્યોતિ યાને જ્ઞાનચેતના કેવા તત્ત્વની છે? એનો મુખ્ય ગુણ અને ધ્યેય શું છે?

વ્યાસ : જેવી રીતે પરમાત્મા જ્ઞાનસ્વરૂપ છે, તે પ્રમાણે આત્મામાં રહેલ આત્મજ્યોતિનું યા કૂટસ્થ બ્રહ્મનું પણ જ્ઞાનસ્વરૂપ છે. વળી આત્મજ્યોતિને જ્ઞાનચેતના નામથી પણ ઓળખવામાં આવે છે. જ્ઞાનચેતના શક્તિમાં હલનચલન કરવાનો ચૈતન્ય ગુણ છે તથા સમજવાનો, ગ્રહણ કરવાનો અને યાદ રાખવાનો જ્ઞાનગુણ સંમિશ્રિત હોય છે. જેમ લોહચુંબક નાની લોખંડની વસ્તુ સોય વગેરેને પોતાના તરફ ખેંચી લે છે એટલે કે આકર્ષણ કરીને ધારણ કરી રાખે છે તેમ પોતાના કરતાં ઓછા પરિબળવાળી અન્ય વસ્તુને ધારણ કરી રાખવાનો એટલે કે આકર્ષી યાને ખેંચી રાખવાનો અને આત્મજ્ઞાન તથા પરમાત્મજ્ઞાનને સમજવાનો, યાદ રાખવાનો અને સંગ્રહી રાખવાનો—એ રીતના જ્ઞાનચેતનામાં યાને આત્મ-જ્યોતિમાં ત્રણ ગુણો હોય છે. જ્ઞાનચેતના એટલે આત્માના હૃદયાકાશમાં રહેલું પરમાત્માની પરમગતિનું નિર્મળતત્ત્વ કે જેને "આત્મજ્યોતિ" કહેવામાં આવે છે તેને "જ્ઞાનચેતના" નામે પણ ઓળખાય છે.

આત્મામાં જે આત્મજ્યોતિ રહેલી છે તે આત્મા અનેક પાપો કરે છતાં પાપ કે મમતાથી ખરડાતી નથી, સદાસર્વદા શુદ્ધ અને નિષ્પાપ રહે છે. તે જ્ઞાનચૈતન્યનું સ્વરૂપ હોઈ પોતાના સ્વજાતિ પરમપિતા પરમાત્માની પ્રાપ્તિ માટે ધર્મધ્યાન, યોગાદિ કરવાથી (પરમાત્મા પણ જ્ઞાનચૈતન્ય સ્વરૂપ હોવાથી) પોતાના ધ્યેયને પ્રાપ્ત કરે છે.

(૭) શિષ્ય : આત્મતત્ત્વમાં ચૈતન્યગુણ અને જ્ઞાનગુણ રહેલા છે. એમાં ચૈતન્ય અને જ્ઞાન એ દૃશ્ય છે કે?

વ્યાસ : દરેક આત્માના આત્મહૃદયમાં રહેલી આત્મજ્યોતિમાં (એટલે આત્મતત્ત્વમાં યા કૂટસ્થતત્ત્વમાં) ચૈતન્ય અને જ્ઞાન ગુણ રહેલા છે તેમાં ચૈતન્ય દૃશ્ય નથી, કેમ કે જે દૃશ્ય હોય તો તે જડ થઈ જાય. એ ચૈતન્યનો કોઈ બીજાથી કે પોતાથી પણ પ્રકાશ થતો નથી, પણ તે દીવાની પેઠે પોતે જ

પ્રકાશરૂપ છે જો ચૈતન્યને બીજાથી પ્રકાશ થતો હોય તો બીજાના પ્રકાશને માટે ત્રીજો અને ત્રીજાના પ્રકાશને માટે ચોથો આધાર જોઈએ અને એમ થવાથી અનવસ્થા દોષ (એટલે અનવસ્થાયુક્ત તર્કદોષ) પ્રાપ્ત થાય અને બીજાથી પ્રકાશ ન થતો હોય તો પોતે જ કર્મ અને પોતે જ કર્તા થવાનો વિરોધ આવે માટે યથાર્થ રીતે જોતા સિદ્ધ થાય છે કે, એ ચૈતન્ય પોતે જ પ્રકાશમાન અને બીજાઓનુ પ્રકાશક છે વળી આત્મજ્યોતિમા જ્ઞાનરૂપ સ્વરૂપ પણ નિત્ય છે કારણ કે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્ત એ ત્રણે અવસ્થાઓમા દૃશ્યરૂપ પદાર્થ માત્રનો વ્યભિચાર થાય છે, પણ જ્ઞાનનો વ્યભિચાર કોઈ વખતે અનુભવમા આવતો નથી જો જ્ઞાનના અભાવનો અનુભવ થતો હોય તો એ અનુભવ જેને થાય છે તે પોતે જ્ઞાન સ્વરૂપવાળો સાક્ષી અવશેષ રહે છે તેથી જ્ઞાનની નિત્યતા સિદ્ધ થાય છે એટલા માટે જ ઉત્તમ શાસ્ત્રના પંડિતો, એ જ્ઞાનને નિત્ય કહે છે તે ઉપરાંત એ જ્ઞાનસ્વરૂપ આત્મતત્ત્વ પરમપ્રેમના સ્થાનરૂપ છે તેથી આનંદરૂપ કહેવાય છે "મારો કોઈ સમયે પણ અભાવ નહિ થતા સર્વદા ભાવ રહે તો સારુ" એવી રીતે આત્મા ઉપર શ્રેષ્ઠ પ્રેમ જોવામા આવે છે વળી જ્ઞાન એ આત્મજ્યોતિનો ધર્મ નથી પરતુ આત્મજ્યોતિનું સ્વરૂપ જ છે, ધર્મ હોય તો આત્મજ્યોતિને જડતા પ્રાપ્ત થાય, જ્ઞાન એ જડના અગભૂત હોય એ વાત અનુભવમા આવતી નથી અને સંભવિત પણ નથી

આત્મા જડ નથી કિંતુ ચૈતન્યરૂપ છે અને જ્ઞાન પણ ચૈતન્ય છે, અને ચૈતન્ય ચૈતન્યથી કદાપિ ભિન્ન હોય જ નહીં તેથી કરીને આત્મા સર્વદા જ્ઞાનરૂપ, સત્ય, પૂર્ણ, અસંગ અને દ્વૈતજાળથી રહિત છે

(૮) શિષ્ય દરેક મનુષ્યના આત્મામા પરમાત્માની ગતિ કૂટસ્થરૂપે કઈ રીતે રહેલી છે?

વ્યાસ તમારા પ્રશ્નનો ઉત્તર "પરમાત્મા પરમેશ્વર" પ્રકરણ ૮ના સવાલ નબર (૧૫)મા સપૂર્ણપણે આપ્યો છે, તે વાચી લેશો વધારામા આ વિષે "પ્રણવવિજ્ઞાન"મા જણાવ્યું છે કે

(મનહર છદ)

પરિપૂર્ણ બ્રહ્મ એક, વ્યાપક છે વિશ્વ વિષે,
એવી અવિચારી વાણી, વદે તેની ભૂલ છે
પોતે એક ક્યા કર્યાં રહ્યો, રહ્યો તો અનેક થયો,
પૂર્ણ આખો બધે કહીએ, તો કહાપણ દૂલ છે
વ્યાપક તેની પરમગતિ, જ્ઞાન ને ચૈતન્ય ગુણી,

પૂર્ણ સ્વસ્વરૂપે ન્યારો, દિનકર તુલ્ય છે.
ગતિથી વ્યાપક જાણો, સ્વરૂપે ન્યારો માનો;
વ્યાપક ન્યારાનો નિશ્ચે, "વલ્લભ" અમૂલ્ય છે.

(૯) શિષ્ય : જ્ઞાનચેતના વા જ્ઞાનચૈતન્ય એટલે શું? એનો મુખ્ય ગુણ અને ધ્યેય શું?

વ્યાસ : જે ચૈતન્યતત્ત્વનું અખંડ સ્થાન છે, અને જેની ચેતનાશક્તિ નાનામાં નાના જીવથી માંડીને નારાયણ સુધી, એક બ્રહ્માંડમાં નહિ પણ અનેક બ્રહ્માંડમાં અને પરમગતિમાં સર્વત્ર વ્યાપ્ત છે, જે ચૈતન્યતત્ત્વ સાથે, પ્રત્યેક જીવમાં જે જ્ઞાનતત્ત્વ છે, તેને "જ્ઞાનચેતના" વા "જ્ઞાનચૈતન્ય" કહેવાય છે. તે મૂળ જ્ઞાનચૈતન્યતત્ત્વ પરમેશ્વર સાથે અતૂટ સંબંધ રાખે છે. તેથી શ્રીકૃષ્ણ-યજુર્વેદીય કઠકોપનિષત્, અધ્યાય ૨, વલ્લી ૧, શ્લોક ૧૦માં જણાવ્યું છે કે :

यदेवेह तदमुत्र यदमुत्र तदन्विह ॥

જે ચૈતન્ય અંતરાત્મામાં છે, તે જ ચૈતન્ય ત્યાં અર્થાત્ પરમજ્યોતિરૂપ પરમાત્મામાં છે. જે ચૈતન્ય પરમેશ્વરમાં છે તે જ ચૈતન્ય "આત્મચેતના" યાને "બ્રહ્મચેતના"માં છે. અર્થાત્ જ્ઞાનચેતનામાં માયામાં મોહાન્ધ થવાનો, અહમત્વનો, મમત્વનો, મનેન્દ્રિયો અને વિષયો તરફ દોરાવાનો સહેજ પણ ગુણ નથી. પરંતુ તે બધાથી આત્માને મુક્ત કરી સદ્ધર્મ, સન્માર્ગ, સદાચાર, જ્ઞાન, ધ્યાન, યોગ અને મોક્ષપ્રાપ્તિના કાર્યમાં દોરી જવાનો ઉચ્ચતર ગુણ રહેલો છે. તેથી જ આત્મા ગમે તેવાં પાપોથી ખરડાયેલો હોય તોપણ આત્મામાં રહેલ જ્ઞાનચેતના (જેને કેટલાક જ્ઞાનજ્યોતિ, આત્મજ્યોતિ, બ્રહ્મત્વ, ઈશ્વરાંશ ઇત્યાદિ કહે છે તે) આત્માને તેના મોહાન્ધ, વિષયાન્ધપણા માટે તથા ધર્મત્યાગી પશુ સમાન જીવન-સમય ગુમાવતો હોવા માટે, પાપથી ખરડાતો હોવા માટે અને માંસલુબ્ધ મત્સ્ય સમાન વિષય સુખાભિલાષા માટે, ઘોર દુષ્કર્મ કરવા માટે, આત્મામાં રહેલ કોઈ સંતપુરુષ બોલતો હોય તેમ, જ્ઞાનચૈતન્ય આત્માને ધિક્કારે છે, તેનાં પાપકર્મો, જીવનચારિત્ર અને મોહ ઘેલછા તરફ ધૃણા વરસાવે છે અને આત્માને કોઈ ઉચ્ચ કલ્યાણના માર્ગે જવા પ્રેરણા કરે છે. તે આત્મબ્રહ્મ પાપીને પાપ કરતાં, ચોર યા લુટારાને ચોરી કે લૂંટ કરતાં, દુરાચારીને વ્યભિચાર કરતાં, દુષ્કર્મીને દુષ્કર્મ કરતાં, ઠગને ઠગાઈ કરતાં, હરામીને હરામનું ખાતાં, હિંસકને હિંસા કરતાં, વ્યસનીને વ્યસન કરતાં, મનોવિકારીને મનમાં પાપ કરતાં અવરોધે છે. તેથી હિંસા કરનારનો હિંસા કરતાં હાથ ધ્રૂજે છે, મદિરાપાન કરનારનો મદ્યપાન કરતાં હાથ ધ્રૂજે છે, હૈયું કમકમે છે અને મુખ કટાણું થઈ જાય છે. પરસ્રીનો સંગ કરતાં વ્યભિચારીની ઇન્દ્રિયો શિથિલ થાય છે, મન ગભરાઈ જાય છે, છતાં

'इन्द्रियस्य 'परा'ह्यर्या ।। (શ્રુતિ) ઇન્દ્રિયો કરતાં ઇન્દ્રિયોના વિષયો ઘણા જ બળવાન અને ગેબ છે તેથી જેમ કોઈ ઘોડેસવાર ઘોડાની લગામ બરાબર પકડી ન રાખતા ઢીલી પકડે ત્યારે તોફાની અશ્વો તેના સવારને ગમે ત્યા ફેંકી દે છે, તેમ મનરૂપી અશ્વના ઉપર સવારી કરનાર જીવાત્માને મનરૂપી તોફાની અશ્વ સંયમરૂપી લગામનો બરાબર કાબૂ ન હોય તો ઘોર પાપરૂપ ગર્તામા નાખી દે છે તે પાપ પુણ્યનાં બંધનોનુ ફળ કોઈને પ્રભુ ન્યાયાધીશ બનીને ન્યાય કરીને આપતો નથી, પરંતુ પ્રત્યેક આત્મામાં રહેલ જ્ઞાનચેતના આત્માને શુભાશુભ કર્મોનું ફળ આપે છે તે એવી રીતે કે, જ્યાર આત્મા દેહમુક્ત થવાનો હોય ત્યારે પાપી અને પુણ્યશાળી દરેક આત્માઓને પ્રથમ કંઠસ્થાને વિશ્રામ લેવો પડે છે, ત્યા જ્ઞાનચેતનાના પરિબળથી આત્માને જીવનભરમા કરેલા જાહેર અને છૂપા તમામ પાપો યાદ આવે છે, ત્યારે કેટલાક જીવોને જ્ઞાનચેતનાના પ્રભાવથી ગ્રથિતત્ત્વના તત્ત્વગુણી માયાના પડદા ઉપર પોતાના તમામ પાપોનું દૃશ્ય દેખાય છે તે વખતે આત્માને અનેક પ્રકારે ભય લાગે છે તેથી શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્, અધ્યાય ૨, વલ્લી ૩, શ્લોક ૩મા જણાવ્યું છે કે .

भयादस्याग्निस्तपति भयात्तपति सूर्यं ।
भयादिन्द्रश्च वायुश्च मृत्युर्धावति पञ्चम ।।

તે બ્રહ્મરૂપ આત્મતત્ત્વના ભયથી શરીરમા રહેલ અગ્નિ બળે છે અર્થાત અગ્નિતત્ત્વો દાહ કરે છે, સૂર્ય તપે છે અર્થાત્ સૂર્યના તેજથી ગતિ કરનારી નાડીઓ ગરમી અને ગભીના રોગો ઉપસ્થિત કરે છે ઇન્દ્ર વૃષ્ટિ કરે છે અર્થાત્ જલતત્ત્વની નાડીઓમાથી જલનું જોર ઉત્પન્ન થાય છે વાયુ પ્રબળ વહે છે અર્થાત્ વાયુ પ્રકોપ કરીને શરીરમા અનેક પ્રકારના દુખાવા કરે છે અને પાચમું મૃત્યુ પણ તે પરમેશ્વરના ભયથી પાપીઓને શિક્ષા કરવા દોડે છે અર્થાત જીવાત્માને અનંત ભય આપીને અનેક પીડા ભોગવાવીને મૃત્યુદેવ દેહમુક્ત કરે છે, ત્યારે મહવાડામાં પાપી જીવાત્મા માગે તો પણ તેનું મૃત્યુ કે તેનો છુટકારો થતો નથી આ જ ભાવાર્થવાળુ શ્રીકૃષ્ણયજુર્વેદીય તૈત્તિરીયોપનિષત, બ્રહ્મવલ્લી ૮, શ્લોક ૧મા વર્ણન છે

તે પછી આત્માનો બીજો વિશ્રામ બ્રહ્માડે (બ્રહ્મરંધ્રે) થાય છે ત્યા પોતાના પાપથી ગભરાયેલો આત્મા અચેતન [ ડ્મૂઢ બની જાય છે, દેહનુ જ્ઞાન ભાન ભૂલી જાય છે, માત્ર શ્વાસ ચા શ કરે છે અનંત પશ્ચાત્તાપ (એટલે પસ્તાવો) કરવા છતાં તેને બચવાનો કોઈ માર્ગ જણાતો નથી આ પછી જ્ઞાનચેતનાના પરિબળથી પોતાના કર્મ પ્રમાણે દેહ છોડનાર આત્માને, તે હવે પછી જ્યા જન્મવાનો હોય તે દેહનુ મમત્વ લાગે છે કેટલાક અધોગતિમા જનારા આત્માઓ

બ્રહ્માંડે ન જતા નાભિમા વિશ્રામ કરી પોતાના પાપનુ ફળ ભોગવવા લઘુશંકા દ્વારા અથવા ગુદા દ્વારા વા વીર્યસ્રાવ દ્વારા દેહ ત્યજીને અધોગતિમા ભૂત, પ્રેત, સર્પ આદિ યોનિમા જાય છે ત્યારે ઉચ્ચ ગતિએ જનારા આત્માઓ કર્ણ દ્વારા, નાસિકા દ્વારા, મુખ દ્વારા, ચક્ષુ દ્વારા દેહ છોડે છે આ રીતે દેહ છોડનારની તરફ તેના અતિમ સમયે જો સપૂર્ણ કાળેન બુદ્ધિદૃષ્ટિથી જોવાય તો તે આત્મા હવે ક્યાં જશે, તે અનુભવી પુરુષો કહી શકે છે

ઉપર મુજબ જ્ઞાનચેતના મનુષ્યને પોતાનુ આયુષ્ય સમાપ્ત થવા આવ્યુ છે અગર સમાપ્ત થશે, એવી વૃદ્ધાવસ્થામા આખરી ચેતવણી આપી માનવજીવનનુ સાર્થક્ય કરવા આત્માને પ્રભુ તરફ વળવા આદેશ આપે છે પરતુ જગતમા આત્મા બુદ્ધિથી, બુદ્ધિ મનથી, મન ઇન્દ્રિયોથી અને ઇન્દ્રિયો વિષયોથી બધાયેલા અને ખેચાતા હોઈ, મન, બુદ્ધિ આત્મચેતનાના આદેશને સાભળી, માની કે પાળી શકતા નથી, તેથી જ્ઞાનચેતના આત્માને વાસના અને કર્મબધનોમાં ખરડાયેલો જોઈને વારવાર આદેશ ન આપતા કોઈક વખતે જ દૈવી સત્યાદેશ આપે છે, તથા આત્મા તે આદેશને પાળતો ન હોવાથી કર્મફળ અર્થાત્ પ્રારબ્ધયોગ અને જન્મજન્માતર તથા હર્ષશોક અને સુખ દુ ખ ભોગવે છે અને તે ભોગવવા માટે જ્ઞાનચેતનાના પ્રકાશથી આત્માને અતિમ સમયે જ્યા જવાનો છે ત્યા જ પ્રેમ અને મમતા લાગે છે, અને ઊચ વા નીચ જન્મમા જવાનો હોય તે પ્રમાણે તેને મરણ સમયે ભાવના થાય છે તેથી 'मरणे या मति सा गति" ॥ (શ્રુતિ) મરણ સમયે જેવી મતિ થાય, તે પ્રમાણે જ તે જીવની ગતિ થાય છે અર્થાત્ આત્માને જવાના ઊચ વા નીચ સ્થાન પ્રમાણે તેની અતિમ સમયે વૃત્તિ દોરાઈને તેમા જ લક્ષ્ય જાય છે માટે આત્મા વડે જ્ઞાનચેતનાના સમાગમા જેના પ્રમાણમાં રહેવાશે તેના જ પ્રમાણમા દરેક આત્માથી પ્રભુના સાનિધ્યમા જવાશે

યોગવિદ્યા એવી વિચિત્ર છે કે, જેમ મત્સ્ય વારિમા રહેવા છતા જ્યા સુધી ગુલાટ ન મારે ત્યા સુધી પાણીનુ એક પણ બિંદુ તે પી શકતુ નથી, તેમ આત્મા જ્ઞાનચેતનાના જલપ્રવાહમા વચેચો હોવા છતા જ્યા સુધી માયામોહના તથા અહતામમતાના ત્યાગરૂપી ગુલાટ ન મારે ત્યા સુધી તેનાથી જ્ઞાનચેતનાનુ યોગરૂપી જલ પી શકાતુ નથી જેમ મત્સ્ય જેટલી ગુલાટો મારે તેટલા જ ઘૂટડા પાણી પી શકે છે, તેમ આત્મા જેટલો યોગમા નિમગ્ન થઈને માયા મોહભર્યા સસારમા જેટલી ગુલાટો મારે તેટલુ જ પ્રભુકૃપામૃત અને જ્ઞાનચેતનાનું અપરિમિત (એટલે અમાપ) બળ આત્માને મળી શકે છે

જીવ જેટલો જ્ઞાનચેતનાથી દૂર રહેશે તેટલો તે સંસારમાં ડુબશે અને અનેક જન્મોમાં ભટકશે. માટે જ્ઞાનચેતનાના સહવાસમાં જીવવું, તેનાથી વિમુખ ન થવું, અને તેને અંતરના ઊંડાણમાં સદા સર્વદા અખંડ ઝીલવી, તેનું નામ જ આત્મબળપ્રાપ્તિ છે.

(૧૦) શિષ્ય : પરમજ્યોતિ-પરમાત્મા અને આત્મજ્યોતિમાં સમાનતા અને ભિન્નતા શાની છે?

વ્યાસ : પરમાત્મા કેવળ જ્ઞાનચૈતન્યનું સ્વરૂપ છે, તેથી પરમાત્માને જ્ઞાનાકાર કહ્યા છે. તેવી જ રીતે આત્મજ્યોતિ પણ જ્ઞાનચૈતન્યનું સ્વરૂપ છે તથા જેમ પરમાત્મા અજર, અમર, અવિનાશી છે, તેમ આત્મજ્યોતિ પણ અજર, અમર, અવિનાશી હોઈ, આત્મતત્ત્વ (એટલે આત્મજ્યોતિ) અને પરમાત્મતત્ત્વ બન્નેમાં સમાનતા જણાય છે. પણ પરમાત્મા અને આત્મજ્યોતિમાં રૂપ, ગુણ, બળ, ઐશ્વર્ય, કળા, સત્તા, શક્તિ, કદ, કર્તવ્ય વગેરેમાં અનંતગણી ભિન્નતા ખુલ્લી દેખાય છે. એટલે કે પરમાત્માને હોળીરૂપી મોટો દાવાનળ (એટલે દાવાગ્નિ) કહ્યો છે, ત્યારે આત્મા અને આત્મજ્યોતિને અગ્નિનો એક તણખો કહ્યો છે પરમાત્માને અનંત પ્રકાશમય સૂર્ય કહ્યો છે, ત્યારે આત્મા અને આત્મજ્યોતિને એક નાનો દીવો કહ્યો છે. પરમાત્માને મહાસાગર કહ્યો છે, ત્યારે આત્મા અને આત્મજ્યોતિને એક જલબિંદુ કહ્યુ છે પરમાત્મામાં અનંત મહાનત્ત્વ છે, ત્યારે આત્મા અને આત્મજ્યોતિમાં અલ્પતત્ત્વ છે. પરમાત્મા અનંત આત્મિક કળાઓથી ભરપૂર છે, ત્યારે આત્મજ્યોતિમાં બે જ આત્મિક કળા છે. નાની ખીલીરૂપી આત્મા અને આત્મજ્યોતિ છે, ત્યારે મહાન ગુરુત્વાકર્ષણ ધરાવનાર મોટા લોહચુંબકરૂપી પરમાત્મા છે. આવી રીતે અનેક સંતોએ આત્મજ્યોતિ અને પરમાત્માની ભિન્નતા બતાવી છે.

(૧૧) શિષ્ય : આત્મામા બ્રહ્મત્વ કેવી રીતે રહેલું છે અને એ બ્રહ્મત્વનો વિકાસ કેવી રીતે થાય?

વ્યાસ : જેમ ફૂલની કળી બીડાયેલી હોય છે પણ સમય જતાં ખીલી નીકળે છે તેમ આત્મામા અંદરના ભાગમાં ગૂઢ બ્રહ્મત્વ (એટલે આત્મતત્ત્વ યાને આત્મજ્યોતિ) બિડાઈને રહેલું છે. એ બ્રહ્મત્વને વિકસાવવા માટે દરેક આત્માએ માયામોહનો ત્યાગ કરી, પરમાત્મા યા સદ્‌ગુરુશ્રીનું તદાકાર ધ્યાન કરી બ્રહ્મત્વમાં વધારો કરવાનો છે. આવી રીતે જે આત્મા સત્કાર્ય કરે છે, તેને પરમાત્માની આકર્ષણની સત્તાવાળી જે ગતિ બ્રહ્માંડમાં વહે છે તે ગતિ તે આત્માને મદદરૂપ થઈ પડે છે અને તેના દ્વારા બ્રહ્મત્વમા વધારો થતો જાય છે.

(૧૨) શિષ્ય : આત્મબ્રહ્મ યા નીરવબ્રહ્મ એટલે શું? આ વિષય સંપૂર્ણપણે સમજાવો.

વ્યાસ : યોગમાર્ગનો અંતિમ અને એકમાત્ર ઉદ્દેશ આત્માને પરમાત્મામાં સમર્પણ કરવાનો અને પ્રભુમય બનાવવાનો હોય છે. જેમાં પોતાની જાતને લય કરી નાંખે, અહમ્‌પણાનું અસ્તિત્વ મટી જાય, ત્વમ્‌પણાનું ભાન ન રહે અને આત્મચેતના (એટલે આત્મજ્યોતિ) પરમચેતના (એટલે પરમાત્માની ચૌદ-આની સત્તાવાળી શુદ્ધ પરમગતિ) સાથે અખંડ એકાકાર થાય તેનું નામ "આત્મબ્રહ્મ" અગર "નીરવબ્રહ્મ"નો સાક્ષાત્કાર છે. તે આત્મબ્રહ્મ અગર નીરવ-બ્રહ્મના સાક્ષાત્કારથી પોતાના યોગકાર્ય ઉપર પૂર્ણ પ્રેમ પ્રગટે છે. પરંતુ વારંવાર જેવામાં (જેમ પોતાનું ભવિષ્ય બતાવનાર જ્યોતિષને વારંવાર જેવાથી મનુષ્ય અતિ વહેમી, ડરપોક અને હતાશ બની જાય છે તેમ) મનુષ્ય ઓછી શક્તિ આવતી જાણે તો નિરાશ થાય છે, વધુ શક્તિ આવતી જાણે તો અભિમાની થાય છે અને તેથીયે વધુ શક્તિ ત્વરિત મેળવવા જતાં પોતાના આત્મદ્વાર બંધ કરી દે છે અને ઊંચે ચઢેલો પછડાય છે, માટે તેના સાક્ષાત્કારની ભાવનાને સમર્થ યોગીપુરુષોએ દોષરૂપ માની છે. જેને "આત્મચેતના" અથવા "આત્મજ્યોતિ" કહેવામાં આવે છે, તેને કેટલાક યોગીપુરુષોએ "નીરવબ્રહ્મ" કહ્યો છે.

યોગસાધનામાં આત્માનો અગર નીરવબ્રહ્મનો સાક્ષાત્કાર કરવો તે અનુ-ભૂતિ (એટલે અનુભવ) અગર પ્રાથમિક મંજિલ (એટલે મુસાફરી) છે. પરંતુ નીરવબ્રહ્મે (એટલે આત્મજ્યોતિએ) પરમચેતનાનો (એટલે પરમાત્માની ચૌદ આની સત્તાવાળી શુદ્ધ પરમગતિ છે તેનો) આત્મચેતનાના બ્રહ્મદહરમાં સંગ્રહ કરવો અને આત્મલક્ષમાં "હું આત્મા છું" તે ભાવનાનું પરિવર્તન કરીને "હું આત્મ-બ્રહ્મ છું" તેવો ભાવ સ્થિત કરવો તે યોગમાર્ગોનો અંતિમ અને અદ્વિતીય ઉદ્દેશ છે. કેટલાકને પોતાના સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થાય, તેમાં ઘણા મનુષ્યોને ફક્ત આત્માનો સાક્ષાત્કાર થાય છે પણ નીરવબ્રહ્મનો સાક્ષાત્કાર થતો નથી. આમાં કેટલાકને બેમાંથી એક અગર બંને સ્વરૂપોનો અનુભવ થાય છે. એકમાં આત્મા રૂપે અને બીજામાં અંતરાત્મા અગર ચૈતન્યપુરુષ રૂપે જણાય છે. આ બેમાં એ તફાવત હોય છે કે, આત્મા વિશ્વમય યા વૈશ્વિક પુરુષ રૂપે અર્થાત્ માયાના ચાર દેહો અને તેના તત્ત્વ ગુણો સહિત અનુભવાય છે. જ્યારે આત્મચૈતન્ય-પુરુષ એક વ્યક્તિ રૂપે મનાદિ અંતઃકરણને તથા પ્રાણાદિ પંચમહાભૂત તત્ત્વને તથા મહાકારણાદિ દેહોને આધાર આપી ટકાવી રહેલો છે. આ ચૈતન્યપુરુષ પરમબ્રહ્મ-પરમાત્મામાં માત્ર આસક્ત રહે છે. છતાં મનાદિ ઇન્દ્રિયોના પ્રબળ વેગને આધીન રહેતા આત્માને તે પરમબ્રહ્મમાં (એટલે પરમાત્મામાં) દોરી

શકતો નથી તેથી તે સર્વદા લૌકિક કાર્યોથી અનાસક્ત, અસ્પર્શ અને અકર્તા રહે છે, આથી તેને અહમત્વના પાપદોષોનું બંધન ન લાગતા તે નિર્બંધ રહે છે તથાપિ જ્યારે પહેલી જ વાર આત્માનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે લૌકિક પદાર્થ માત્રથી તે જુદો પોતાનામા જ લીન અને અનાસક્ત હોય એમ લાગે છે આ આત્મસાક્ષાત્કારને શ્રીફળના સુકાઈ ગયેલા ગોટાની ઉપમા આપી શકાય જેમ નાળિયેરમા તેનો ગલવાળો ભાગ સુકાઈ છૂટો પડીને ગોટો થઈ જાય છે, ત્યારે શ્રીફળ ખખડાવતાં ને ગોટો છૂટો પડેલો જણાય છે, તેમ નીરવબ્રહ્મ યાને આત્મ ચેતનાથી આ આત્મારૂપી ગોટો જુદો પડી ગયેલો અનુભવાય છે પરતુ આત્મ ચૈતન્યપુરુષનો સાક્ષાત્કારનો અનુભવ આ પ્રમાણે હોતો નથી કારણ કે આત્મ ચૈતન્યના સાક્ષાત્કારના પરિણામે પ્રભુ (એટલે પરમાત્મા) સાથે એકતાનું ભાન થાય છે, એટલું જ નહીં પણ પ્રભુમા સપૂર્ણ અને અનન્ય આશ્રયનો, નિર્ભય તાનો, સંપૂર્ણ આત્મસમર્પણની લાગણીનો અને આત્મચેતના સાથે પરમચૈતન્યના અનુસંધાનનો અનુભવ થાય છે તે સાથે પોતાની લૌકિક લાગણીઓ નિર્મળ બનતી જાય છે અને આધ્યાત્મિક લાગણી વધુ ચેતનવતી બને છે

પોતાની પ્રકૃતિનું રૂપાંતર કરવાની અને પોતામાં રહેલી સાચી માનસિક સત્તાને શોધી કાઢી તેને યોગ્ય માર્ગે વાળવાની શક્તિ પણ સાધક પુરુષમા રહેલી છે યોગસાધના માટે આ બને અનુભવોની આવશ્યકતા છે કેમ કે મનુષ્યની અદર જે "હુ" એટલે કે શુદ્ર ભાવે "અહમ" રહેલું છે, તે તો માત્ર પ્રકૃતિની કરામત છે મનના કોશો એક નદી યા તળાવના જુદા જુદા ઘાટ હોઈ બહિર્મુખ ચેતના ને તથા આત્મકર્મને કેન્દ્રિત કરવા માટે તથા વ્યક્તિત્વ પ્રાપ્ત કરવા માટે છે જ્યા લૌકિક સાધના અને સિદ્ધિઓ પ્રાપ્ત થાય ત્યાં અહમ્‌ની વૃદ્ધિ થાય છે અગર તેની ઉપયોગિતા પૂરી થાય છે આ માયાની બનાવટના "અહમ"નો અત આવવો જરૂરી છે તેથી જ્યારે સાધક લૌકિક ભાવના ત્યજી દે, મળતી લૌકિક સિદ્ધિઓમાં ન લલચાતા લાત મારે, તો જ નીરવબ્રહ્મની ચેતનાનો આશ્રય મળે અને અહમના સ્થાને સાધક સાચી આત્મચેતનાને અનુભવે

(૧૩) શિષ્ય જીવાત્માને યા આત્માને બ્રહ્મ શા માટે કહ્યો છે?

*જવાબ આત્માને બ્રહ્મ એવા અભિપ્રાયથી કહ્યો છે કે, આત્મામાં બ્રહ્મનું (એટલે પરમાત્માનું) સ્વત્વ એટલે કે પોતાની વસ્તુ છે એ માટે બ્રહ્મ શબ્દથી કથન કર્યું છે યથાર્થ રીતે કહીએ તો દરેક આત્મામા ગૂઢરૂપે બ્રહ્મત્વ (એટલે કે પરમાત્માની શુદ્ધ પરમગતિનુ પરમજ્ઞાન ચૈતન્યતત્ત્વ કે જે રૂપિયાની બેઆની જેટ[લું જ છે) રહે[લું] હોવાથી આત્માને ઘણા ભાષ્યકારોએ બ્રહ્મ (એટલે પરમાત્મા) કહ્યો છે આ પરમજ્ઞાનચૈતન્યતત્ત્વને આત્મજ્યોતિ, આત્મતત્ત્વ,

કૂટસ્થતત્ત્વ, કૂટસ્થાત્માં, જ્ઞાનચેતના, નીરવબ્રહ્મ, આત્મબ્રહ્મ વગેરે અનેક નામોથી સંબોધવામાં આવે છે. આ પરમજ્ઞાનચૈતન્યતત્ત્વ પર શુદ્ધાશુદ્ધ પરમગતિથી જ અશુદ્ધ પરમગતિનું મિશ્રિત તત્ત્વગુણી માયાનું પડ (કાંદાના પડની જેમ) ચડે છે, તેથી તેને આત્મા, આત્મગ્રંથિ, ગ્રંથિ, ગ્રંથિતત્ત્વ આત્મા વગેરે નામોથી સંબોધવામાં આવે છે. અર્થાત્ પરમાત્મામાંથી "પરમ" શબ્દ નીકળી જવાથી "આત્મા" કહેવાયો. એના પરથી સિદ્ધ થાય છે કે આત્મા કદી પણ પરમાત્મા નથી. એટલા માટે "વેદાન્ત દર્શન", અધ્યાય ૧, પાદ ૨, સૂત્ર ૭માં જણાવ્યું છે કે :

अर्भकौकस्त्वात्तद्व्यपदेशाच्चनेतिचेन्न निचाय्यत्वादेवंव्योमवच्च ॥

જીવના યા આત્માના હૃદયમાં પરમાત્માની શુદ્ધ પરમગતિનું બ્રહ્મત્વ ગૂઢરૂપે રહેવું છે. પરંતુ તે બ્રહ્મત્વ કેવળ ટ્રિકળા જેટલું જ છે. (તેથી ઘણા ભાષ્યકારોએ પરમાત્માને જીવાત્માના અંતઃકરણરૂપી ગુફામાં અલ્પસ્થાનવાળો કહ્યો છે.) જો કે બ્રહ્મ યા પરમાત્મા તો ષોડશબ્રહ્મ કળાવાળા છે. અર્ભક અલ્પનું નામ છે અને ઓક એ સ્થાનનું નામ છે. અલ્પ છે સ્થાન જેનું તેને અર્ભકૌક કહેવાય છે.

(૧૪) શિષ્ય : આત્મા અને આત્મતત્ત્વમાં ભેદ છે ખરો ?

* જવાબ : વેદાન્ત દર્શન, અધ્યાય ૧, પાદ ૨, સૂત્ર ૧૧માં જણાવ્યું છે કે :

गुहांप्रविष्टावात्मानौ हि तद्दर्शनात् ॥

અંતઃકરણરૂપી ગુફામાં આત્મા અને આત્માની આત્મગુહામાં રહેલ બ્રહ્મત્વ યા આત્મતત્ત્વ યા આત્મજ્યોતિ બે દેખાવાથી એ બેમાં ભેદ છે.

शरीरश्चोभयेऽपिहिभेदेनैनमधीयते ॥

(વેદાન્ત દર્શન, અધ્યાય ૧, પાદ ૨, સૂત્ર ૨૦)

આ મંત્રમાં પણ મહર્ષિ વેદવ્યાસજીએ આત્મા અને આત્મતત્ત્વનો ભેદ જ કહ્યો છે.

*ऋतं पिबन्तौ सुकृतस्य लोके गुहां प्रविष्टौ परमे परार्धे।*

छायातपौ ब्रह्मविदो वदन्ति पञ्चाग्नयो ये च त्रिणाचिकेताः ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્, અધ્યાય ૧, વલ્લી ૩, મંત્ર ૧)

કર્મનાં ફળ ભોગવતાં સુકર્મરૂપી લોકમાં અર્થાત્ સુંદર કર્મની દશામાં અંતઃકરણરૂપી ગુફામાં પ્રવિષ્ટ (એટલે પેઠેલા) થયેલ આત્મા અને આત્માની આત્મગુહામાં યા હૃદયકમળમાં રહેલ કૂટસ્થાત્મા યા બ્રહ્મત્વ યા આત્મતત્ત્વ (કે જેને અહીં ભાષ્યકારોએ પરમાત્મા નામે સંબોધ્યો છે તે), એમ બંને રહે છે; છતાં

તાપ અને છાયાની પેઠ પરસ્પર ભિન્ન ભિન્ન સ્વરૂપવાળા છે છાયા અને આતપ (એટલે તાપ) શબ્દથી એટલુ તો સિદ્ધ છે કે બને એક વસ્તુ નથી. આનો ગૂઢાર્થ એવો છે કે, સૂર્યપ્રકાશમા છાયા તડકાનો ભેદ જણાય છે તેમ અશુદ્ધ પરમગતિમા માયા અને જ્ઞાનચૈતન્યનો ભેદ જણાય છે પચાગ્નિ વિદ્યોપાસના (ગાર્હપત્ય, દક્ષિણાગ્નિ, આહવનીય, સભ્ય અને આવસથ્ય એ પાચ અગ્નિ) કરવાવાળા બ્રહ્મવેત્તાઓ અને જેણે નાચિકેત નામના અગ્નિની ત્રણ વાર ઉપાસના કરી છે એવા કર્મકારીઓ આત્મા અને આત્મતત્ત્વના ભેદનુ કથન કરે છે

यआत्मनितिष्ठन्नात्मनोन्तरो यमात्मानवेद यस्यात्माशरीरम् ॥

(શ્રીશુકયજુર્વેદીય બૃહદારણ્યકોપનિષત્, અધ્યાય ૩, બ્રાહ્મણ ૭, મન્ત્ર ૨૨)

જે આત્મામા રહે છે અને આત્મા જેને જાણતો નથી, અને જેનુ આત્મા શરીર છે અને જે આત્માને નિયમમા રાખવાવાળુ છે, તે તારુ આત્મતત્ત્વ યા બ્રહ્મત્વ (યા આત્મજ્યોતિ) અંતર્યામી મૃત્યુરહિત છે

એ પ્રમાણે આત્મા અને આત્મતત્ત્વનો ભેદ જણાવ્યો છે

(૧૫) શિષ્ય આત્મજ્યોતિને બ્રહ્મમગ્ન થવા માટે વેદનો શો ઉપદેશ છે?

વ્યાન મનુષ્યમાત્રના હૃદયમા કામનાઓના ભડાર ભર્યા છે પરન્તુ સાચા મુમુક્ષુઓ હમેશા અમૃતતત્ત્વને (એટલે મોક્ષને) જાણીને અનિત્ય માયાવી વસ્તુઓની ઈચ્છા કરતા નથી આવા અનિચ્છાવાદી જ્ઞાનીના હૃદયમા ભરેલી સર્વ કામનાઓ પ્રભુમા અનન્ય પ્રેમ જાગ્રત થવામાથી જ નષ્ટ થઈ જાય છે, ત્યારે તે મનુષ્ય મૃત્યુનો ભય ત્યાગવાથી તથા દુ ખની દરકાર છોડી દેવાથી અમર અને આનદમય થઈ જાય છે. તે જ વખતે તેના આત્મશરીરમાથી આત્મજ્યોતિ જાગૃત થઈ બ્રહ્માનદના અનુભવથી વધુ આત્મબળ મેળવી બ્રહ્મરૂપ થાય છે અને સસારમા જ યાને જીવિત અવસ્થામા જ આવા જ્ઞાનવાનના હૃદયની ગ્રથિઓ તૂટી જાય છે પ્રત્યેક મનુષ્યમા નિર્મળ પરમગતિનુ દ્વિકળા આત્મતત્ત્વ વ્યાપક છે, તે બ્રહ્મરૂપ છે અને તદુપરાત દ્વાદશકળા બ્રહ્મતત્ત્વનો ઉમેરો થાય છે એટલે પરમગતિમા વાસનાઓનુ માયાવી તત્ત્વ દૂર ખસી જવાથી દ્વિકળા આત્મતત્ત્વમા દ્વાદશકળા બ્રહ્મતત્ત્વનો ઉમેરો થાય છે એટલે જેમ ધૂમ્રાચ્છાદનથી અગર ડુગરપરના વાદળાથી એક મનુષ વાદળાને લીધે થોડે દૂરના મનુષ્યને જોઈ શકતો નથી, તે પ્રમાણે પરમગતિ પર આચ્છાદિત માયાતત્ત્વને ગ્રથિ કહેવાય છે અને તે ગ્રથિતત્ત્વમા રહેલ આત્મતત્ત્વ કહો અથવા આત્મામા રહેલ કૂટસ્થતત્ત્વ કહો આ ઝ જીવમા રહેલ આત્મજ્યોતિ કહો કે જે નિર્મળ બ્રહ્મત્વવાન છે, તે જાગ્રત

થઈ પૂર્ણબ્રહ્મ-પરમાત્મામાં તલ્લક્ષ્ય અને ધ્યાનમગ્ન થઈ સમર્પિત થાય છે ત્યારે તે બ્રહ્મમગ્ન બની જાય છે. આ પ્રમાણે વેદનો ઉપદેશ છે.

(૧૬) શિષ્ય : આત્મજ્યોતિનું અને આત્મપુરુષનું મૂળ સ્થાન કયું?

વ્યાસ : આત્મજ્યોતિનું અને આત્મપુરુષનું મૂળસ્થાન તો પરમાત્માની પ્ર. દ. નંબર ૬થી બતાવેલ ચૌદ આની સત્તાવાળી શુદ્ધ પરમગતિ છે. એટલે કે આખી શુદ્ધ પરમગતિનો ધોધ પરમ જ્ઞાનચૈતન્યમય જ છે અને તે ધોધ યા ગતિ આત્મજ્યોતિ અને આત્માથી ભરચક યાને ભરપૂર છે. પણ ફક્ત આત્મજ્યોતિ અને આત્માનું જુદાપણું શુદ્ધાશુદ્ધ પરમગતિથી જ થાય છે.

(૧૭) શિષ્ય : અશુદ્ધ પરમગતિમાં અને દરેક આત્મામાં રહેલું કૂટસ્થતત્ત્વ કેવું છે?

વ્યાસ : પ્ર. દ. નં. ૨૧થી બતાવેલ અશુદ્ધ પરમગતિ કે, જે મન્વંતરોના ચિદાભાસવાળી છે, તે મન્વંતરોનો જેના પર ચિદાભાસ પડી રહેલો છે, તે પરમગતિની પાછળ એટલે તેનાથી ઊંડાણવાળા ભાગમાં અશુદ્ધમાં શુદ્ધપરમગતિનું કૂટસ્થતત્ત્વ સમાયેલું છે કે જે જળકમળવત્ હોવા ઉપરાંત કોઈ કાળે પણ અશુદ્ધ થતું જ નથી અને તે માયાના કોઈ પણ પ્રકારના સ્પર્શથી લેપાતું નથી. તે જ પ્રકારે દરેક આત્મામાં જે કૂટસ્થતત્ત્વ રહેલું છે, તે લાખો પાપ કરવા છતાં પણ ભ્રષ્ટ કે પાપી થતું નથી અને તે સદૈવ નિષ્પાપ અને નિર્વિકાર રહે છે.

(૧૮) શિષ્ય : આત્મજ્યોતિથી શ્રેષ્ઠ શું છે?

વ્યાસ : આત્મજ્યોતિથી શ્રેષ્ઠ પરમાત્મ જ્યોતિ છે અને તેમાંથી આત્મજ્યોતિ તેમ જ બ્રહ્માંડના તમામ આત્માઓ પ્રકાશ મેળવે છે.

(૧૯) શિષ્ય : પરમાત્માનો અનુભવ આત્માને કે આત્મજ્યોતિને થાય છે, તે જણાવશો?

વ્યાસ : જેવી રીતે પરમેશ્વરનું જ્ઞાનસ્વરૂપ છે, તે પ્રમાણે આત્મામાં રહેલ આત્મજ્યોતિ અને કૂટસ્થબ્રહ્મનું પણ જ્ઞાનસ્વરૂપ છે. એમ જ્ઞાનમાર્ગ સમજીને જે પરમેશ્વરની ઉપાસના કરે છે, તે મોક્ષસ્વરૂપ પરમેશ્વરમાં તત્ત્વસ્વરૂપ થાય છે અને જન્મ-મૃત્યુ તથા માયાથી સદા સર્વદા મુક્ત બને છે. ત્યાં ધ્યાતા કે ધ્યેયનો, દૃષ્ટા કે દૃશ્યનો, ભક્ત કે ભગવાનનો કોઈ ભેદ રહેતો નથી, પણ ધ્યાન કરનાર યોગી પરમ ધ્યેય સ્વરૂપ જ બની જાય છે. તેથી પરમયોગી શુકદેવજીએ કહ્યું છે કે : ધર્મધ્યાન, યોગ-પ્રયોગાદિ વખતે ચારે દેહોમાંથી આત્માને પ્રથમ બહાર કાઢો અને અક્ષરધામ વટાવ્યા પછી આત્મદહરમાંથી કૂટસ્થ આત્માને એટલે આત્મજ્યોતિને બહાર કાઢી, આત્મજ્યોતિને એન્દ્રિજન અને આત્માને

ઙબ્બારૂપ બનાવી, આત્માને આત્મજ્યોતિની પાછળ જોડી દો એટલે કે કૂટસ્થ આત્મા પરમેશ્વરના સાનિધ્ય સુધી પહોંચી પરમેશ્વરના ચરણામૃતરૂપ બ્રહ્માનંદા મૃતનું પાન કરશે અને તેમાથી તૃપ્તિ મેળવી પાછો આત્મામા પ્રવેશી કૂટસ્થ આત્મા તે ગ્રથિરૂપ આત્મા સહિત પાછો દેહોમા પ્રવેશશે આવી રીતે જે ઓછામાં ઓછુ બે વખત બ્રહ્માનૃત પાન કર્યું હશે તો તેનો અવશ્યમેવ દેહ છૂટયા બાદ મોક્ષ થશે તે નિ શક છે ઘણી વાર આવા યોગીઓ ભ્રમણામા પણ પડે છે, કેમ કે તેમના દેહો જડરૂપે પડયા રહે છે, બ્રહ્મામૃત પાનનો અનુભવ ગ્રથિરૂપ આત્મા ને થતો ન હોવાથી પોતે નિદ્રાધીન જડરૂપે પડી રહ્યા હોય તેવુ લાગે છે આથી પોતે તરશે કે કેમ? તેવી મિથ્યા ભ્રમણારૂપ શકા થાય છે, કારણ કે બ્રહ્માનંદનો અનુભવ બ્રહ્મામૃતનુ પાન કરતા કૂટસ્થાત્માને થતો હોવાથી આત્માને માત્ર નજીવા આનદનો અનુભવ થાય છે અહીં દરેક યોગીએ સમજવાનુ છે કે જે આનદ અને અનુભવ ગ્રથિરૂપ આત્માને થાય તે પરમાનંદ હોતો નથી, કેમ કે આત્મા ગ્રથિરૂપ હોઈ માયાનાં તત્ત્વોથી બંધન પામેલો છે, ત્યારે આત્મા મા રહેલ કૂટસ્થ આત્મા બધનરહિત છે નિર્બંધનનો આનદ બદીવાનને ન થાય, તેમ માયાતીતનો આનદ માયાવાળાને થતો નથી માયાવી જીવો જાગૃત વસ્થામા દેખે તેને સાચુ માને છે અને સ્વપ્નામા દેખે તેને જૂઠુ માને છે, પરતુ સ્વપ્નાવસ્થામા જે દૃશ્ય અને અનુભવ થાય છે તે સ્વપ્નાવસ્થા માટે સત્ય હોય છે તે પ્રમાણે યોગાવસ્થામા કૂટસ્થાત્માને બ્રહ્મામૃત પાનનો જે બ્રહ્માનદ પ્રાપ્ત થાય છે, તે તે વખતે સાચો હોય છે પરતુ માયામા ઘેરાયેલા જીવાત્માને પોતાના ચારે દેહોના ચર્મચક્ષુ વડે જે જણાય તેને જ સાચુ માનવાની આદત હોવાથી કૂટસ્થાત્માના આનદને તે સમજી કે સાચો માની શકતો નથી, કેમ કે તેનું તેને ભાન રહેતુ નથી તેનું કારણ એ છે કે, જેમણે પોતાના આત્મા ને નિર્મળ બનાવ્યો નથી તે પરમાનદને સમજી શકતા નથી અને આવી જ સ્થિતિ ઘણા યોગીઓ માટે શક્ય છે, પરતુ તેમણે આથી કરીને યોગાવસ્થાની પરાકાષ્ટાને એટલે બ્રહ્માનદના અનુભવને અસત્ય માનવાની ભૂલ કરવી ન જોઈએ જેમ મૃગ પોતાની નાભિમાથી આવતી કસ્તૂરીની સુવાસને બહારથી આવતી હોવાનું માની તરણા સૂધી વ્યર્થ પરિશ્રમ કર છે, તેમ યોગીએ પરમ ધ્યેય પરમાત્માની ઉપાસના મૂકી અગર તેમા શકા કરી અન્ય સાધનાઓમા ફાફા મારવા ન જોઈએ આ પરમશક્તિનુ બળ અખૂટ અને અતૂટ છે જેમને પરમ શક્તિ પ્રાપ્ત થાય છે, તેમને શકા, અશ્રદ્ધા કે ભ્રમણા ન થાય તેટલુ જ સમજાવવાનુ છે લૌકિક ફૂટપટ્ટીથી અલૌકિકનું માપ કાઢી શકાય નહીં, લૌકિક દૃષ્ટિથી અલૌકિક દૃષ્ટિને સમજી શકાય નહીં માટે "શ્રદ્ધા યોગાદ્દેહિ ।।" શ્રદ્ધા

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્, અધ્યાય ૨, વલ્લી ૧, મંત્ર ૪)

અર્થ જેની સત્તાથી જાગ્રત, સ્વપ્નનો અનુભવ થાય છે તે મહાન વિભુઆત્માને (એટલે આત્મજ્યોતિને) જાણીને જ્ઞાની પુરુષ કદી શોક કરતો નથી

अगुष्ठमात्रः पुरुषो मध्य आत्मनि तिष्ठति।
ईशानो भूतभव्यस्य न ततो विजुगुप्सते। एतद्वै तत्॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્, અધ્યાય ૨, વલ્લી ૧, મંત્ર ૧૨)

અર્થ લિંગ શરીરના અંગુષ્ઠપુર કારણ, તેના અંગુષ્ઠપુર મહાકારણ, તેના અંગુષ્ઠપુર આત્મા, તેના અંગુષ્ઠપુર પુરુષરૂપ આત્મતત્ત્વ (એટલે આત્મજ્યોતિ) જે ભૂત, ભવિષ્યનો સ્વામી છે તેને આત્મહૃદયમા જ (ત્યા જ) જોનારને કદી શોક થતો નથી તે બ્રહ્મ તેં પૂછ્યુ તે આ જ છે

अगुष्ठमात्र पुरुषो ज्योतिरिवाधूमक॰।
ईशानो भूतभव्यस्य स एवाद्य स उ श्व. एतद्वै तत्॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્, અધ્યાય ૨, વલ્લી ૧, મંત્ર ૧૩)

અર્થ તેં જેની જિજ્ઞાસા કરી છે તે (અંગુષ્ઠ માત્ર પુરુષ એટલે આત્મતત્ત્વ યા આત્મજ્યોતિ) ધુમાડારહિત અને પ્રકાશ જેવો નિર્મળ, ભૂત ભવિષ્યનો સ્વામી, આજનો અને કાલનો માલિક બ્રહ્મ છે

જ્યારે આત્મા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાથી રહિત બની તુર્યાવસ્થામા નિમગ્ન થાય છે ત્યારે તેને જણાય છે કે સ્થૂલદેહના અંગુષ્ઠપુર સૂક્ષ્મદેહ છે, સૂક્ષ્મદેહના અંગુષ્ઠપુર કારણદેહ છે, કારણદેહના અંગુષ્ઠપુર મહાકારણદેહ છે અને મહાકારણદેહના અંગુષ્ઠપુર આત્મા છે તથા આત્માના અંગુષ્ઠપુર આત્માની મધ્યમા રહેલ બ્રહ્મપુરુષ (એટલે આત્મતત્ત્વ યા આત્મજ્યોતિ યા બ્રહ્મત્વ) છે કે જે બ્રહ્મનિષ્ઠ તથા પાપથી રહિત સર્વદા પૂર્ણ પવિત્ર છે, તે ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળની જ્ઞાન-અવસ્થાનો શાસક (એટલે રાજા) અને સાક્ષી છે અર્થાત્ માયાના દેહો ઉપર અને માયાવી વસ્તુઓ ઉપર કાબૂ ધરાવનાર છે, પણ માયાના દેહો અને માયાની ઇચ્છાનુસાર જે કદી વર્તતો નથી પણ માયાને તથા માયાના દેહોને પોતાની ઇચ્છાનુસાર વર્તાવે છે તેથી તેને "શાસક" કહ્યો છે આવો આત્મજ્ઞાની આત્મા પોતાના શરીરની રક્ષા કરવા ઇચ્છતો નથી, કેમ કે પોતે અજર, અમર છે એમ સમજે છે તે જ તેનુ "બ્રહ્મત્વ" (એટલે (આત્મજ્યોતિ) છે આ અંગુષ્ઠ માત્ર પુરુષ ધૂમ્રરહિત જ્યોતિ સમાન છે, ને યોગીઓ આ પ્રકારે આત્મહૃદયમા (આત્મજ્યોતિમા) લક્ષ્ય સ્થિર કરે છે, તે ભૂત, ભવિષ્યના ઉપર પોતાનુ શાસન ચલાવે છે અર્થાત્ ભૂતકાળમા ગમે તે પ્રકારનુ પ્રારબ્ધ બધાયેલુ હોય તથા ભવિષ્યમા ગમે તે થવા સર્જિત હોય તોપણ

તેને "નિત્ય કૂટસ્થબ્રહ્મ" યાને "આત્મજ્યોતિ"ના પરિબળથી ફેરવી નાખે છે તેથી શ્રી નરસિંહ મહેતાએ કહેલું છે કે

"જ્યા લગી આતમા તત્ત્વ ચીન્યો નહિ, ત્યા લગી સાધના સર્વ જૂઠી"

જ્યા સુધી આત્માએ પોતાની અંદર રહેલ રૂપિયાની બે આની નિર્મળ આત્મતત્ત્વ (એટલે આત્મજ્યોતિ)ને ઓળખ્યું નથી એટલે જુદુ પાડયુ નથી અને તે આત્મતત્ત્વ દ્વારા પરમાત્માનુ ધ્યાન કરી બે આની આત્મતત્ત્વમા વધારો કર્યો નથી, તે આત્માની સર્વ સાધના નિરર્થક ગઈ છે યાને તેનો મનુષ્ય દેહ નકામો ગયો છે

વળી એક શ્લોકમા જણાવ્યુ છે કે

इद तीर्थं इद तीर्थं, भ्रमन्ति तामसा जना ।
आत्मतीर्थं न जानाति, सर्वतीर्थं निरर्थकम् ॥

અર્થ . આ તીર્થ, પે | તીર્થ એમ તીર્થમા ભ્રમણ કર્યા કરવુ તે માયાની તમોગુણી સાધના છે અને જ્યા સુધી આત્મતીર્થ અર્થાત્ આત્મા અને આત્માના તીર્થરૂપ પરમાત્માનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કર્યું નથી ત્યા સુધી સર્વ તીર્થો નિરર્થક છે ધર્મ, અર્થ અને કામ—એ ત્રણ વસ્તુને જાણી અને ગ્રહણ કરી, તેથી શુ ? પણ આત્મતીર્થ એટલે આત્માના આત્મદહમા રહે | પરમાત્માની શુદ્ધ પરમગતિનુ બે આની નિર્મળ આત્મતત્ત્વ યાને આત્મજ્યોતિ યાને કૂટસ્થ તત્ત્વને જાણ્યું નહિ, ત્યા સુધી સર્વ તીર્થો નકામા છે એટલે કે મેળવેલી ત્રણે વસ્તુઓ (ધર્મ, અર્થ અને કામ) નકામા થઈ પડે છે ટૂકમા, ત્રણે વસ્તુઓને જાણી, આત્માના આત્મતત્ત્વને પિછાણી તે આત્મતત્ત્વ દ્વારા પરમાત્માનુ ધ્યાન ધરી પરમપદને પામવામા "આત્મતીર્થ"ની સિદ્ધિ છે

આત્મજ્યોતિ તે મૂળ અને બાકીમા અશુદ્ધ પરમગતિ સાથેનો પ્રવાહ દરેકમા વહેતો હોવાથી તે પરમાત્માની વ્યાપક શક્તિ છે તેથી તે અને દરેક આત્માને એક બ્રહ્મ જ માનેલા છે

यथोदक दुर्गे वृष्ट पर्वतेषु विधावति ।
एव धर्मान्पृथक् पश्यस्तानेवानुधावति ॥
(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત, અધ્યાય ૨, વલ્લી ૧, મન્ત્ર ૧૪)

અર્થ ઊંચે નીરે પડેલ જળ નીચા ભાગમા જાય છે, તેમ ધર્મોને પૃથક્ જાણનાર અને તે આત્મજ્યોતિના શરણે જાય છે

यथोदक शुद्धे शुद्धमासिक्त तादृगेव भवति ।
एव मुनेर्विजानत आत्मा भवति गौतम ॥
(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્, અધ્યાય ૨, વલ્લી ૧, મન્ત્ર ૧૫)

અર્થ . શુદ્ધ જળમા નાંખેલ શુદ્ધ જળ શુદ્ધ થાય છે, તેમ આત્મા પવિત્ર આત્મતત્ત્વને મળે છે ત્યારે પવિત્ર થાય છે અર્થાત્ આત્મકલ્યાણ પ્રયોગમા તે તેને મળે છે

अन्तराभूतग्रामवत् स्वात्मन ॥

(વેદાંત દર્શન, અધ્યાય ૩, પાદ ૩, સૂત્ર ૩૫)

અર્થ "અન્તરા" જીવની અંદર પણ પરમાત્મા વ્યાપક છે "ભૂતગ્રામ વત્" જેવી રીતે અન્ય ભૂતોના સમુદાયમા છે તેમ કેમ કે,

एको देव सर्वभूतेषु गूढ सर्वव्यापी सर्वभूतान्तरात्मा।

कर्माध्यक्ष सर्वभूताधिवास साक्षी चेता केवलो निर्गुणश्च॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત, અધ્યાય ૬, શ્લોક ૧૧)

તે પરમાત્મા અદ્વિતીય, સ્વયપ્રકાશ, દરેક પ્રાણીના આત્મામા અંદરના ભાગમા કૂટસ્થતત્ત્વરૂપે (એટલે કે પરમાત્મા પોતાની શુદ્ધ પરમગતિ વડે) ગુપ્ત રહેલો છે, (તે પરમાત્મા) પોતાની પરમ જ્ઞાનચૈતન્યની ગતિ દ્વારા સર્વ વ્યાપક છે (પણ પોતાના જ્ઞાનસ્વરૂપે ન્યારો છે) દરેક પ્રાણીના આત્મામા (તે પરમાત્મા પ્રત્યક્ષ નહીં પણ) પોતાની શુદ્ધ પરમગતિના પરમ જ્ઞાનચૈતન્યતત્ત્વરૂપે એટલે અંતરાત્મારૂપે રહેલો છે એ પરમ જ્ઞાનચૈતન્ય તત્ત્વ (એટલે આત્મામા ગૂઢરૂપે રહેલી આત્મજ્યોતિ) પુણ્ય પાપના ફળ આપવાવાળુ છે તે (કૂટસ્થ ગૂઢાત્મા) દરેકનો સાક્ષી છે, ચેતન છે અને કેવળ નિર્ગુણ છે (કેમ કે તે કૂટસ્થાત્મામા માયાના ત્રણ ગુણો નથી)

આ જગતમા સર્વ જીવોમા જીવો સાથે સલગ્ન છતા ન્યારી એવી કૂટસ્થ સ્વરૂપે પરમાત્મગતિ વસી રહી છે અર્થાત્ પરમાત્મા પોતાની પરમગતિ વડે તમામ જીવોમા વ્યાપક છે અગર પરમાત્મા પોતાની ગતિ વડે દરેકના આત્માના કૂટસ્થતત્ત્વરૂપે વ્યાપક છે જે જ્ઞાન અને ચૈતન્યની શક્તિ તમામ જીવાત્માઓમા વ્યાપક છે તે તત્ત્વનુ મૂળ પરમાત્મા છે અર્થાત્ તે પરમાત્માની ગતિ છે દરેક આત્મામા પરમાત્માની ગતિ વ્યાપક છે, અને તે ગતિ તે જ "આત્મતત્ત્વ" છે બીજી રીતે પરમાત્માની ગતિ દરેક આત્મામા કૂટસ્થતત્ત્વરૂપે વ્યાપક છે પરમાત્માની પરમગતિ દરેક આત્મામા તત્ત્વરૂપે માયાના સસર્ગ રહિત યાને નિર્મળ સ્વરૂપે રહેલી છે, જે પોતાના જ્ઞાનચૈતન્યનો પ્રવાહ આત્મામા પ્રેરે છે, આત્માને જાગ્રત કરે છે, આત્માને અસત્યના માર્ગ તરફથી સત્યના માર્ગ તરફ ખેંચી જાય છે એટલે કે, આત્મામા અન્ય કોઈ બીજુ છે એવો ભાસ કરાવનાર તે જ પરમાત્માની પરમગતિ કૂટસ્થતત્ત્વ છે, અને તે પરમાત્માની પરમગતિ જ્ઞાનચૈતન્યનુ સ્વરૂપ છે અને જ્ઞાનચૈતન્યથી ભરપૂર છે દરેક ભૂતાત્માઓમા એક

જ કૂટસ્થતત્ત્વ વ્યાપક છે તમામ આત્માઓમા રહેલ કૂટસ્થતત્ત્વનુ મૂળ અને મન્વતરોવાળી પરમગતિમાં રહેલા કૂટસ્થતત્ત્વનુ મૂળ મુ૦ પરમાત્મા છે પરમાત્મરૂપ પરમાત્મામાથી જ કૂટસ્થતત્ત્વ અને આત્મામા રહેલ કૂટસ્થતત્ત્વ એ મતાં ભૂતાત્માઓનાં મૂળ તત્ત્વો પરમાત્મામાથી ઉત્પન્ન થયેલા છે, અને તે શુદ્ધ સ્વરૂપે વ્યાપક છે

अणोरणीयान्महतो महीयानात्माऽस्य जन्तोर्निहितो गुहायाम्।
तमक्रतु पश्यति वीतशोको धातुप्रसादान्महिमानमात्मन ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૩, મંત્ર ૨૦ અને શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત, અધ્યાય ૧, વલ્લી ૨, મંત્ર ૨૦)

અર્થ અતિ સૂક્ષ્મ ને અતિ મહાન માનવના આત્માના આત્મહૃદયમા પરમાત્માની શુદ્ધ પરમ ગતિનુ પરમ જ્ઞાનચૈતન્યતત્ત્વ (એટલે આત્મતત્ત્વ યા આત્મજ્યોતિ) ગૂઢરૂપે રહેલુ છે તેને વિષયોમા ન રમનાર શોકરહિત જાણે છે

एष सर्वेषु भूतेषु गूढोत्मा न प्रकाशते।
दृश्यते त्वग्र्यया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभि ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્, અધ્યાય ૧, વલ્લી ૩, મંત્ર ૧૨ અને શિવ ગીતા, અધ્યાય ૧૦, મંત્ર ૧૨)

અર્થ સર્વ આત્મામા રહેલી આત્મજ્યોતિ પ્રકાશતી નથી મનુષ્યોને તે જણાતી નથી, પણ સૂક્ષ્મદર્શીઓને જણાય છે

આનુ સ્પષ્ટીકરણ એ છે કે, મનુષ્યના આત્માની આત્મગુહામાં આત્મજ્યોતિ (કે જેને પરમાત્માની શુદ્ધ પરમ ગતિનુ પરમ જ્ઞાનચૈતન્યતત્ત્વ યા આત્મતત્ત્વ યા બ્રહ્મતત્ત્વ યા કૂટસ્થાત્મા યા ગૂઢાત્મા જેવા અનેક નામોથી સંબોધવામા આવે છે તે) ગૂઢરૂપે રહેલી હોવાથી સાધકોને ઘણી રીતે તેનો અનુભવ થતો નથી ઘણાને આત્માનો સાક્ષાત્કાર થાય છે, પણ આત્મજ્યોતિનો થતો નથી આ મૂળ વસ્તુને ભાષ્યકારોએ જુદી રીતે રજૂ કરેલા જણાય છે કે, દરેક મનુષ્યના આત્મામા નિત્ય નિયમના પરમાત્મા ગુપ્તરૂપે રહેલો છે

यच्छेद्वाङ्मनसी प्राज्ञस्तद्यच्छेज्ज्ञान आत्मनि।
ज्ञानमात्मनि महति[१] नियच्छेत्तद्यच्छेच्छान्त आत्मनि ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્ અધ્યાય ૧, વલ્લી ૩, મંત્ર ૧૩)

અર્થ ડાહ્યા મનુષ્યે મન, વાણી, વિષયોને બુદ્ધિમા, તેને જ્ઞાનવાળા આત્મામા, જ્ઞાનાત્માને આત્મજ્યોતિમા, તેને પ મહાન પરમાત્મામા જોડવા જોઈએ.)

अङ्गुष्ठमात्र पुरुषोऽन्तरात्मा सदा जनानां हृदये संनिविष्ट ॥

---

(મહતિ[१] એટલે અશુદ્ધ પરમ ગતિરૂપ આત્મા)

(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૩, મંત્ર ૧૩ અને શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્, અધ્યાય ૨, વલ્લી ૩, મંત્ર ૧૭)

અર્થ : આત્મા સ્ત્રી નહિ પણ પુરુષરૂપે છે. સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહના અંગુષ્ઠપુર આત્મા અને તેના અંગુષ્ઠપુર આત્મતત્ત્વ છે, જે પુરુષાર્થી આત્માનો "પુરુષ" છે. આત્માના આત્મહૃદયમાં રહેલ તે પુરુષતત્ત્વ યા આત્મતત્ત્વ છે. અને તે આત્મા સાથે આત્મહૃદયમાં અને આત્મા મનુષ્યના હૃદયમાં રહેલ છે.

यथैव विम्बं मृदयोपलिप्तं तेजोमयं भ्राजते तत्सुधान्तम् ।
तद्वाऽऽत्मतत्त्वम् प्रसमीक्ष्य देही एकः कृतार्थो भवते वीतशोक ॥।

(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૨, મંત્ર ૧૪)

અર્થ : જેમ પ્રસિદ્ધ બિંબ (દર્પણાદિ) (શુદ્ધ કરનાર શ્વેત) માટી વડે ઉપલેપન કરે (સતે) તે મલરહિત (તથા) ઘણા તેજવાળું (થઈ) પ્રકાશે છે તેમ જ સાધક (પોતાના આત્માના આત્મહૃદયમાં ગૂઢરૂપે રહેલ) આત્મતત્ત્વને યા બ્રહ્મત્વને યા આત્મબ્રહ્મને અનુભવીને કૃતકૃત્ય થઈ શોકથી રહિત થાય છે.)

यदाऽऽत्मतत्त्वेन तु ब्रह्मतत्त्वं दीपोपमेनेह युक्तः प्रपश्येत् ।
अजं ध्रुवं सर्वतत्त्वैर्विशुद्धं ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૨, મંત્ર ૧૫)

અર્થ : જ્યારે સાધક યોગયુક્ત થઈને પોતાના આત્માની અંદર રહેલી (સ્વયંપ્રકાશ) આત્મજ્યોતિ વડે બ્રહ્મતત્ત્વને અનુભવે છે ત્યારે તે જન્મરહિત, અવિનાશી તથા (માયા ને માયાનાં કાર્યરૂપ) સર્વ તત્ત્વોથી અલિપ્ત દેવને જાણીને (અવિદ્યાદિ) સર્વબંધનોથી મોકળો થાય છે.

एतज्ज्ञेयं नित्यमेवाऽऽत्मसंस्थं नातः परं वेदितव्यं हि किञ्चित् ।
भोक्ता भोग्यं प्रेरितारं च मत्वा सर्वं प्रोक्तं त्रिविधं ब्रह्ममेतत् ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૧, મંત્ર ૧૨)

અર્થ : આ આત્માના હૃદયકમળમાં રહેલું પરમાત્માની શુદ્ધ પરમગતિનું નિર્મળતત્ત્વ યા આત્મતત્ત્વ યા પ્રત્યગાત્મા (એટલે આત્માની સાથે છતાં જુદી રહેલ આત્મજ્યોતિ યા બ્રહ્મત્વ) સાક્ષાત્ કરવા યોગ્ય છે. કેમ કે આનાથી અધિક કાંઈ પણ જાણવા યોગ્ય નથી. જે આત્માને જાણે તે આત્મતત્ત્વને જાણે અને જે આત્મતત્ત્વને જાણે તેના સ્વજાતિ પરમપિતા પરમાત્મા-પરમેશ્વરને યા પરમબ્રહ્મને (અહીં ટૂંકમાં જેને "બ્રહ્મ" કહી સંબોધ્યો છે તે) જાણીને કૃતાર્થ થાય છે.

पुरुष एवेदं विश्वं कर्म तपो ब्रह्म परामृतम्।
एतद्यो वेद निहितं गुहायां सोऽविद्याग्रन्थि विकिरतीह सोम्य॥
(શ્રીઆથર્વવેદીય મુંડકોપનિષત્, મુંડક ૨, પ્રથમ ખંડ, શ્લોક ૧૦)

અર્થ : પુરુષ જ આ સર્વ (છે.) કર્મ (ને) તપ (બ્રહ્મનું કાર્ય છે. તેથી) હે પ્રિયદર્શન! (મનુષ્યોના આત્માની) આત્મગુહામાં ગૂઢરૂપે સ્થિત રહેલ પરમાત્માની શુદ્ધ પરમગતિના પરમઅમૃતરૂપ બ્રહ્મત્વને જે જાણે છે તે અહીં અવિદ્યાની ગ્રંથિનો નાશ કરે છે.

आत्मानं च पृथङ् मत्वा प्रेरितारं ततः पृथक्।
असौ जुष्टस्ततस्तेन ह्यमृतत्वाय कल्पते॥
(રુદ્ર વાયવીય સંહિતા પુરાણ, અધ્યાય ૬, શ્લોક ૭)

અર્થ : પોતાના આત્માને તથા આત્મામાં પ્રેરણા કરવાવાળાને ભિન્ન માનીને આ આત્મા ઉપાસના દ્વારા ઈશ્વરો વડે અનુગ્રહ પામીને અમૃતરૂપ થાય છે. અર્થાત્ આત્મામાં રહેલ આત્મજ્યોતિની (કૂટસ્થ તત્ત્વની) પ્રેરણાનુસાર જે આત્મા ધ્યાન કરે છે તે પ્રણવના ધ્યાન વડે ઈશ્વરોની કૃપા પ્રાપ્ત કરે છે અને અમૃતરૂપ મોક્ષ થાય છે.

सर्वं भूताधिवासश्च साक्षी चेता च निर्गुणः।
एको वशी निष्क्रियाणां बहूनां विवशात्मनाम्॥
(શિવપુરાણ વાયવીય સંહિતા, પૂર્વ ભાગ, અધ્યાય ૬, શ્લોક ૬૪)

અર્થ : તે સર્વ પ્રાણીમાં રહેલ જીવોમાં પોતાની ગતિ વડે સાક્ષીરૂપ જ્ઞાનચૈતન્યરૂપે યાને કૂટસ્થરૂપે તથા નિર્ગુણરૂપે છે. આ ઈશ્વર સર્વ મહાયોગીઓનું એક જ ધ્યેય હોઈ તે એક જ અનેક યોગીઓને વશ કરવાવાળા છે. (શંકર ભગવાન પણ પરમયોગી છે અને તેમનું ધ્યેય તથા તેમને પણ વશ કરનાર પરમ શિવતત્ત્વ પરમાત્મા છે.)

ध्यानं द्विविधं सगुणं निर्गुणं च।
सगुणं मूर्तिध्यानं निर्गुणं आत्मयाथात्म्यम्॥
(શાંડિલ્યોપનિષત્, પ્રથમ અધ્યાય, મંત્ર ૧૦)

અર્થ : ધ્યાન બે પ્રકારનું છે : સગુણ અને નિર્ગુણ. મૂર્તિનું ધ્યાન કરવું તે "સગુણ ધ્યાન" છે અને "આત્મતત્ત્વ"ને ઓળખીને તેનું ધ્યાન કરવું તે "નિર્ગુણ ધ્યાન" છે.

આલોક અને પરલોકમાં જ્યાં સુધી લોક શબ્દ લાગુ છે અગર જ્યાં સુધી શરીર અને આત્મામાં ભિન્નતા છે ત્યાં સુધી સર્વ પદાર્થ સર્વ ચરાચર વિશ્વ અનિત્ય છે. પરંતુ તે અનિત્યની અંદર અનિત્યના કર્તાહર્તા આત્માની

ઓથે જે એક સત્ય તત્ત્વ છુપાઈ રહ્યું છે જેને પરિપૂર્ણ, એકરસ, દિવ્યઆનંદમય નિત્ય વસ્તુ કહેવાય છે, યા જેને જ્ઞાનવાન પુરુષો "કૂટસ્થતત્ત્વ" અગર "આત્મ-જ્યોતિ" કહે છે, તેનું શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં વર્ણન છે. પરંતુ કેટલાક ભાષ્યકાર અને વિવરણકર્તાઓએ તેને આત્મા હોવાનું કલ્પી અગર ઘટાવી દેવાથી મૂળ લેખકની સત્ય ભાવના સમજી શકાઈ નથી.

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे॥
(શ્રીમદ્ ભગવદ્‌ગીતા, અધ્યાય ૨, શ્લોક ૨૦)

અર્થ : જે કોઈ પણ કાળમાં જન્મતા નથી, મરતા નથી અને થયા પછી પાછા થતા નથી તે જ અજન્મા, નિત્ય, સનાતન અને પુરાતન છે, અને શરીરના નાશથી તેનો નાશ થતો નથી. એ એવું પરમતત્ત્વ છે કે જેનો સંબંધ ફક્ત પરમાત્માની સાથે છે અને તે પરમાત્માના પ્રતિબિંબરૂપ છે. તે પરમતત્ત્વના અને પરમાત્માના ઐક્યમાં પોતાની કલ્પિત ભિન્ન ભાવના તથા શક્તિ વગેરેનો સર્વ પ્રકારે લય કરી નાંખવો જોઈએ. તે પરમતત્ત્વ જેનું છે તેને જ તે મળવા ચાહ્ય છે છતાં અલ્પ જ્ઞાની વા અજ્ઞાન આત્માઓ તેને માયાવી દેવતાઓના દાસ બનાવવા જાય છે તેથી આત્મિક શક્તિઓ અદૃશ્ય થાય છે અથવા ઘેરાઈ જાય છે અને મનુષ્ય જીવનનું પરમધ્યેય સિદ્ધ થઈ શકતું નથી. આ રીતે જે જેનું છે તે તેને અર્પણ કરવું અને તેમાં જ વિલીન બનાવવું અને તે ધ્યેયને સિદ્ધ કરવા તેમાં નિરંતર લાગ્યા રહેવું તેનું જ નામ આત્માનો સાચો પુરુષાર્થ છે અને તે પુરુષાર્થ ટકાવવા વૈરાગ્ય એ તેનું પ્રથમ સાધન છે.

તેથી સદ્‌ગુરુશ્રીએ લખ્યું છે કે :

(સાખીઓ)

આત્મબ્રહ્મ છે સ્વરૂપ, તે છે સત્-ચિત્-આનંદ;
યોગી સમાધિમાં અનુભવે, આત્મબ્રહ્મમાં પરમાનંદ. ૧
પચીશ તત્ત્વોનું માયાવી તન, તેમાં રહે છે આત્મારામ;
બ્રહ્મત્વની શક્તિથી થાય છે, વિશ્વમાં અદ્‌ભુત કામ. ૨
પ્રભુની શુદ્ધ પરમગતિનો, કૂટસ્થાત્મા છે (એક) ભાગ;
પ્રભુસ્વરૂપથી જુદો નથી, માટે હે માનવ! તું જાગ. ૩
માયાના સંગથી માનવ ભૂલે, પોતાનું જ્ઞાનચૈતન્ય સ્વરૂપ;
અનંત કાળથી ભમી રહ્યો, પોતાનું જુદું માની રૂપ. ૪
આત્મા ને આત્મજ્યોતિ, છે અકળિત સૌંદર્યવાન;
"વલ્લભ" એનો અનુભવ કરે, તે સાધક છે ભાગ્યવાન. ૫

મનુષ્ય સૌંદર્ય જોવા, અનેક સ્થળે જાય,
પણ ખરુ સૌંદર્ય છે, દરેક મનુષ્યના ઘટમાય ૬
આત્મા ને આત્મજ્યોતિ, છે મનુષ્યના ઘટમાય,
પચકોશનું આવરણ હોવાથી, તેનો અનુભવ ન થાય ૭
જ્ઞાનગુણ ને ચૈતન્યગુણ, કેવળ આત્મજ્યોતિમાં જણાય,
ચૈતન્ય ચલાવે શરીરને, ને સ્વપ્નમા જ્ઞાનની આંખ થાય ૮
લૌકિક જ્ઞાન શ્રેષ્ઠ નથી, વળી નથી સાયન્સનું જ્ઞાન,
મૂળસ્વરૂપની જાણ કરાવે, તે જ છે સાચુ જ્ઞાન ૯
પ્રભુને અરજ કરવા છતાં, જગમાં દેખાય છે દુ ખ,
પ્રભુ તો કલ્પતરુ છે, તો કેમ ન દેખાય સુખ ૧૦
પ્રભુને પહોચતી નથી, મનુષ્યની ચારેય વાણી,
કેવળ પ્રભુને પહોચે છે, "વલ્લભ" આત્મજ્યોતિની વાણી ૧૧
આત્મજ્યોતિ પ્રભુને અરજ કરે, જગના ઓછા કરવા દુ ખ,
પ્રભુકૃપાથી ચોમેર ભાસે, સુખ, સુખ ને સુખ ૧૨
ચારેય લૌકિક વાણી, મનુષ્યને ઉચ્ચારવી સહેલ,
આત્મજ્યોતિથી વાણી ઉચ્ચારવી, "વલ્લભ" અત્યત છે મુશ્કેલ ૧૩

(૨૧) શિષ્ય મનુષ્યના શરીરમા જે ચૈતન્યશક્તિ છે તેને શું કહેવામાં આવે છે? અને તેનો અનુભવ શું કરવાથી થાય?

વ્યાસ તત્ત્વદર્શી સત્પુરુષોએ કહ્યુ છે કે, આ શરીરરૂપી એક પવિત્ર પુર (એટલે નગર) છે તેને બે નેત્ર, બે કર્ણ, બે નાસિકાછિદ્ર, મુખ, ગુદા અને લિંગ એ નવ દ્વારો છે અને તે પુર પૂર્વોક્ત સર્વ ભાવોથી યુક્ત છે સર્વથી મહાન એવો આત્મામા રહેલ ગૂઢાત્મા યા કૂટસ્થાત્મા આ પુરમા રહે છે માટે તેને પુરુષ "पुरि शते पुरुष" કહેવામા આવે છે અર્થાત મનુષ્યના શરીરમા જે ચૈતન્યશક્તિ છે તેને "આત્મા" કહેવામા આવે છે અને જેની જ્ઞાન ચૈતન્યશક્તિથી આત્મા દરેક કાર્ય કરે છે તેને "ગૂઢાત્મા" યા "કૂટસ્થાત્મા" કહેવામા આવે છે પણ આત્માના હૃદયાકાશમા પરમાત્મા પરમેશ્વરની નિર્મળ પરમગતિનુ શુદ્ધ જ્ઞાનચૈતન્યતત્ત્વ છે તેને "ગૂઢાત્મા" યા "કૂટસ્થાત્મા" યા "આત્મજ્યોતિ" એવા અનેક નામોથી ઓળખવામા આવે છે, અને સુખ, શાતિ, જ્ઞાન અને આનદ એ તેનુ સ્વરૂપ છે

આ આત્મા અજર (એટલે જરારહિત યા વૃદ્ધાવસ્થા રહિત), અમર (એટલે મૃત્યુરહિત), સૂક્ષ્મ છે અને સર્વભૂતોનું તથા સત્ત્વાદિક ગુણોનુ આશ્રય સ્થાન છે (અધિષ્ઠાન છે) જેમ પ્રકાશરૂપ દીવો ઉપાધિને લીધે જ નાનો કે

મોટો દેખાય છે, તેમ જ્ઞાનસ્વરૂપ આત્મા પણ તે તે શરીરરૂપ ઉપાધિને લીધે જ નાનો, મોટો જણાય છે. વસ્તુત: આત્મા તો સર્વ શરીરમાં એટલે ચારે શરીરમાં, જેવાં કે સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણમાં એકસરખો જ છે.

શ્રોત્રેન્દ્રિય જેના આધારે પોતાના શબ્દવિષયને ગ્રહણ કરે છે, તે આત્મા જ વાસ્તવિક રીતે શબ્દને શ્રવણ કરનારો છે; તેમ જ ચક્ષુઇન્દ્રિય જેના આધારે પોતાના રૂપવિષયને ગ્રહણ કરે છે, તે આત્મા જ ખરી રીતે રૂપને જોનારો છે. દેહ તો શબ્દાદિના જ્ઞાનમાં એક નિમિત્તભૂત છે, પરંતુ આત્મા જ સર્વ કર્મોનો કર્તા છે.

જેમ કાષ્ઠમાં રહેલો અગ્નિ કાષ્ઠને ચીરી જોવાથી પ્રત્યક્ષ થતો નથી પરંતુ મથવાથી જ પ્રત્યક્ષ થાય છે, તેમ શરીરમાં રહેલા આત્માનો અને આત્માની અંદર રહેલા ગૂઢાત્મા પુરુષનો અનુભવ યોગાભ્યાસ દ્વારા જ થાય છે.
(મહાભારત, શાંતિપર્વ, અધ્યાય ૨૧૦)

તેથી કહ્યું છે કે :

(સાખીઓ)

અતિ સૂક્ષ્મ ને અત્યંત મહાન, "વલ્લભ" આત્મા જણાય;
કેવળ પ્રણવ ઉપાસનાથી જ, મહિમા આત્માનો અનુભવાય. ૧
અસંગ, અબદ્ધ ને અવિનાશી, કેવળ છે આત્મારામ;
આત્મામાં નિષ્ઠા રાખી, જાવ પરમાત્માને ધામ. ૨
સર્વને જાણવાનો સ્વભાવ, આત્મામાં ખુલ્લો જણાય;
કેવળ આત્માને જાણવાથી, પરની જાણ થાય. ૩
જ્યોતિ સ્વરૂપ આત્મા, કેવળ તેજવાળો જણાય;
"વલ્લભ" આત્માના તેજથી જ, દેહેન્દ્રિયોનું હલનચલન થાય. ૪
આત્માના પરોક્ષ જ્ઞાનથી, કદી ન મોક્ષ થાય;
આત્માનું અપરોક્ષ જ્ઞાન જ, "વલ્લભ" મોક્ષે લઈ જાય. ૫
આત્માનું પરોક્ષ જ્ઞાન, શ્રવણ મનન વડે સમજાય;
આત્માનું અપરોક્ષજ્ઞાન, નિદિધ્યાસન વડે થાય. ૬
"પરમ" શબ્દ ઊડી જવાથી, કેવળ આત્મા કહેવાય;
દાસ "આત્મા" અનેક છે, એમ અનુભવથી સમજાય. ૭
મન સ્વરૂપ બનવું, એ તો સૌથી સહેલ;
"વલ્લભ" આત્મસ્વરૂપ બનવું, અત્યંત છે મુશ્કેલ. ૮
મન હૃદયમાં સ્થિર થવાથી, ખોટો "હું" ભાગી જાય;
તે જ ક્ષણે આત્મરામનો, હૃદયમાં સાક્ષાત્કાર થાય. ૯

કેવળ આત્મસ્વરૂપમા, મનનો લય જો થાય,
દાસ ત્યારે જ સાધના, પૂર્ણ થઈ ગણાય ૧૦
અનત દુ ખનુ કારણ, કેવળ છે અજ્ઞાન,
સ્વાત્માને અનુભવવાથી, અવશ્ય થાય છે જ્ઞાન ૧૧
કલિમા શ્રેષ્ઠ તપ, "વલ્લભ" કોને ક્હેવાય?
"પોતે કોણ"? તે જાણવુ, એ જ તપ શ્રેષ્ઠ ગણાય ૧૨

(૨૨) શિષ્ય સસારના પદાર્થો યા વસ્તુઓ પ્રાપ્ત કરવામા સુખ છે કે? જ્યારે મનુષ્યને ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત થાય છે ત્યારે અનાયાસે તે મનુષ્ય આનદમા આવી જાય છે આ આનદ તેને ઈચ્છિત વસ્તુમાથી મળે છે કે?

*જવાબ સુખ, શાતિ અને આનદ—એ આત્માની અંદર રહેલા ગૂઢાત્મા પુરુષનો સ્વભાવ છે અર્થાત સુખ, શાતિ અને આનદ એ ગૂઢાત્માનુ (એટલે આત્મજ્યોતિનુ) સ્વરૂપ છે મન સમક્ષ જ્યારે ઈચ્છિત વસ્તુઓ હાજર કરવામા આવે છે, ત્યારે મનને આનદ થાય છે પરતુ સાચી વાત એ છે કે, વસ્તુત આનદ આપણા આત્મામા અતર્ગત છે વસ્તુમાં કે પદાર્થમા આનદ છે જ નહિ જો વસ્તુમાં આનદ હોય તો દરેકને તેનો સરખો આનદ લાગવો જોઈએ મહાપુરુષોએ કહ્યુ છે કે, વસ્તુની પ્રાપ્તિ કરવામા સાચો આનદ નથી, પણ વસ્તુની ત્યાગભાવનામા જ સાચો આનદ સમાયેલો છે વળી તમોને જે સુખ બીજી વસ્તુઓમાથી મળે છે તે આત્માના સુખનો અશ છે પણ તે પૂર્ણ સુખ નથી પૂર્ણ સુખનો અનુભવ ગાઢ નિદ્રામા કરવામા આવે છે ગાઢ નિદ્રામા કોઈ વસ્તુ પ્રાપ્ત થતી દેખાતી નથી, છતા સુખનો અનુભવ કરવામા આવે છે તેનુ શુ કારણ? ઊંઘમા મિલકત, પરિવાર, સગાવહાલાઓ કશુ દેખાતુ નથી, છતા ઊંઘમા તેના વિયોગથી દુ ખ કેમ થતુ નથી? માણસ જાગીને કહે છે કે, હુ સુખે સૂતો હતો એ શુ બતાવે છે? આના પરથી સિદ્ધ થાય છે કે, જ્યા આત્મા સિવાય બીજુ કાઈ નથી ત્યા જ સુખ છે ઈચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ થના તમો આનદમા આવો છો, તે વેળા પણ તમે તમારા આત્મામાં જ અનાયાસે મજ્જન યા સ્નાન યા રમણતા કરો છો એ મજ્જનને લીધે જ તમે આત્મગત આનદ મેળવો છો પરતુ અવિદ્યાના કારણે એ આનદ મનુષ્યને વસ્તુઓમા દેખાય છે યથાર્થ રીતે જોતા માલમ પડશે કે, એ આનંદ તમારી અદર જ છે આવા પ્રસગોમા પણ તમો અનાયાસે તમારા આત્મામાં જ ડૂબકી મારો છો અર્થાત જ્યારે કોઈ માણસને પોતાના ઈચ્છિત પદાર્થો પ્રાપ્ત થાય, તે જોતા જ તે માણસનુ મન અને બુદ્ધિ ક્ષણવાર માટે સ્થિર થઈ જાય છે એટલે કે બીજા બહારના વિષયોમાં મન અને બુદ્ધિ જતા નથી અને પોતાન

સ્થાનમાં જ સ્થિર રહે છે. મન અને બુદ્ધિની આવી વૃત્તિને વેદાંતમાં અંતર્મુખ-વૃત્તિ કહેવામાં આવે છે. આવી અંતર્મુખ બુદ્ધિની વૃત્તિમાં ચૈતન્ય આત્માના સ્વરૂપાનંદનું પ્રતિબિંબ પડે છે એટલે તે માણસને આનંદનો અનુભવ થાય છે. યથાર્થ રીતે આ આનંદ આત્માનો જ છે, પણ અજ્ઞાનના કારણે તે આનંદ વસ્તુઓમાં અને વિષયોમાં દેખાય છે.

સુખ, શાંતિ અને આનંદ બહારથી મેળવવાના નથી અને બહારથી મળી શકવાના નથી. તે તો તમોને મળેલાં જ છે, પણ તમારા અંતરાત્મા પર આત્માનું, માયાના ચારે દેહોનું અને પ્રણવ-ૐકારનું આચ્છાદન છે, તેથી કરીને આ ત્રણેનો અનુભવ થતો નથી. માટે ધ્યાનયોગથી આ માયાનાં બંધનોને દૂર કરી, શ્રદ્ધા અને જ્ઞાન સહિત તમારા આત્મામાં ડૂબકી મારો તો અવશ્ય તમોને આત્મ-પ્રાપ્તિની દશા અનુભવમાં આવશે. સુખ, શાંતિ અને આનંદનું મૂળ આત્મા અને આત્માની અંદર રહેલા ગૂઢાત્માના સાક્ષાત્કારમાં છે. આત્મા અને આત્માની અંદર રહેલા ગૂઢાત્માનો સાક્ષાત્કાર કરવો એ જ મોટામાં મોટું તપ અને સિદ્ધિ છે. તેથી સદ્ગુરુ શ્રીવલ્લભરામે કહ્યું છે કે :

(સાખીઓ)

આનંદ પાછળ સૌ દોડે, પણ આનંદ ન આવે હાથ;
આનંદ બહાર છે જ નહિ, પણ જડાયો છે અંતર સાથ. ૧
આનંદ નથી કાંઈ ચીજ, ન મળે એ ભરબજાર;
"વલ્લભ" કદી ન પ્રાપ્ત થાય, ભલે ખર્ચે લાખો હજાર. ૨
કાબૂમાં રહે જો ઇન્દ્રિયો, ને વાસનાઓ સમી જાય;
"વલ્લભ" અવશ્ય તે મનુષ્યને, અંતરમાં આનંદ થાય. ૩
નિષ્કામ કર્મમાં તન્મય બને, ને ઉરમાં ઉત્તમ ભાવના થાય;
અવશ્ય તેના અંતરમાં, આનંદનો અનુભવ થાય. ૪
કેવળ આનંદ શોધવા, દેશ પરદેશ જાય;
"વલ્લભ" આનંદ છે જ, દરેક મનુષ્યના ઘટમાંય. ૫
સંયમ, સાદાઈ ને સંતોષ, "વલ્લભ" જો ધારણ થાય;
આનંદ પામવાની ચાવી, અવશ્ય હાથ આવી જાય. ૬
આનંદ બહાર છે જ નહિ, નથી વિષયોમાં આનંદ;
અંતર્મુખ દૃષ્ટિ કરે તો, અનુભવે પરમ આનંદ. ૭
અઢળક સંપત્તિ હોવા છતાં, "વલ્લભ" નથી મળતું સુખ;
શાંતિ, આનંદ મળતાં નથી, એ જ છે મોટું દુઃખ. ૮

આંતરિક શાંતિ મેળવવા, રાજાઓએ છોડયાં રાજ;
ઋષિમુનિઓ વનમાં વસ્યા, "વલ્લભ" શાંતિને કાજ. ૯
સુખ, શાંતિ ને આનંદ, મુખથી કહેવાં સહેલ;
સ્વરૂપચિંતન કર્યા વિના, "વલ્લભ" મેળવવાં મુશ્કેલ. ૧૦
સોના, ચાંદી, હીરાની, કિંમત જરૂર અંકાય;
શાંતિ આનંદ અનંતગણાં મોંઘાં, તેનું મૂલ ન થાય. ૧૧
સુખ, શાંતિ ને આનંદ, છે ગૂઢાત્માનો સ્વભાવ;
"વલ્લભ" દેહાધ્યાસ છોડી દઈ, ગૂઢાત્માના ગુણ ગાવ. ૧૨
સુખ, શાંતિ ને આનંદ, "વલ્લભ" ગૂઢાત્મામાં જણાય;
કેવળ તેના અનુભવથી, અનાયાસે પ્રાપ્ત થાય. ૧૩

(ભજન)

પરમ આનંદ ગૂઢાત્માનો, પ્રતિબંધોથી નહિ ભાસે;
પ્રતિબંધો પૂરા થતાં, પરમ આનંદની પ્રાપ્તિ.
અવિદ્યા મુખ્ય કારણભૂત, નિજાનંદની અપ્રાપ્તિમાં;
હણો બ્રહ્મવિદ્યાથી એને તો, પરમ આનંદની પ્રાપ્તિ.
શરીરોથી નિજાત્માને, કરી જુદો ઈપીકાવત;
જુઓ જો જ્ઞાનપૂર્વક તો, પરમ આનંદની પ્રાપ્તિ.
નિજાનંદનો નશો ચડતાં, તમે નિર્ભય બની જાશો;
સમજતાં વાણી "શંકર"ની, પરમ આનંદની પ્રાપ્તિ.

(ભજન)

સુખને ન શોધ મનવા, તું અન્યના આધારે;
કોઈને મળ્યું ન મળશે, એ જગતના બજારે. સુખને...ટેક.
માયાનું જોર ભારી, લાખો ગયા છે હારી;
દૃષ્ટિ ખૂલે જો તારી, સદ્‌ગુરુ તણા ઈશારે. સુખને...૧
જગ સુખની એ આશા, દિન ચારના દિલાસા;
અંતે થશે નિરાશા, મૃત્યુ તણા કિનારે. „ ૨
દશ ઈન્દ્રિયો છે વેરી, લેશે તને તે ઘેરી;
પતનની ન લાગે દેરી, ભૂલ્યો જો તું લગારે. „ ૩
મોહ નિદ્રામાંથી જાગી, કર્મો સકામ ત્યાગી;
રહેવું સદા નિરાગી, એક ઈશને આધારે. „ ૪
શક્તિ અનંત તારી, શીદને બને ભિખારી;
નિજ રૂપને વિચારી, ભટકે છે દ્વાર દ્વારે. „ ૫

એક વાત માન મારી, ઘટમા તું જા વિચારી,
બ્રહ્મ જ્યોતિની ખુમારી, ચઢશે તને એ વારે „ ૬
લઈ સતનો સહારો, કરશે તુ જે સુધારો,
"પ્રભુદાસ"ના પોકારો, પડશે તો કાન તારે „ ૭

(૨૩) શિષ્ય મોક્ષની ઉપાસના અને મોક્ષમા જવાનો અધિકાર આત્માને છે કે આત્મજ્યોતિને, તે સમજાવશો?

વ્યાસ મોક્ષની ઉપાસના અને મોક્ષમા જવાનો અધિકાર કેવળ આત્મ જ્યોતિ (એટલે આત્મબ્રહ્મ)ને છે જેમ લશ્કરના શૂરવીરોને શૂરવીરતા પ્રગટાવવા શૌર્યપ્રેરક વાજિંત્રોની જરૂર રહે છે અને દૂર સુધી જોવા માટે દૂરબીનની જરૂર હોય છે, તેમ ઉપાસકને યોગશક્તિની ૩ને જ્ઞાનીને જ્ઞાનની પ્રતીતિ કરાવનાર, ઉત્સાહ પ્રેરનાર અને માનસિક દુર્બળતાને હઠાવી ઊંચે ચઢવા ધક્કો મારનાર જ્ઞાની, યોગી, સમર્થ સદ્ગુરુની જરૂર રહે છે તે સદ્ગુરુ જ્ઞાનનિષ્ઠામા સ્થિતિ કરાવે છે, ધ્યાનનિષ્ઠામા ધ્યેય બતાવે છે અને દૂરબીનરૂપ બની આત્માને બ્રહ્મત્વના (એટલે આત્મજ્યોતિના) અને પરમબ્રહ્મ પરમાત્માના સત્ય દર્શન કરાવી, દેહોત્યાગી આત્માને પરમબ્રહ્મ તરફ ધકેલી દે છે યોગશાસ્ત્રનો સિદ્ધાંત છે કે, પરમપદ પામનારે સદ્ગુરુની હયાતીમા અને તેમની સમક્ષમાં મૃત્યુ પામવુ તે અભય મોક્ષપ્રાપ્તિનુ સાધન છે કદાચ જો તેમ ન બને તો સદ્ગુરુને ખબર આપીને દેહ છોડવાની તૈયારી કરવી તે ઉત્તમ સાધન છે આવા વખતે સદ્ગુરુ આત્મબ્રહ્મ અને પરમબ્રહ્મનો બ્રહ્મનાદ દ્વારા બ્રહ્મતાર સાધી આપે છે, બ્રહ્મ નિષ્ઠા સાધી આપે છે અને બ્રહ્માવસ્થમા સ્થિતિ કરાવે છે આમ છતા પણ કેટલાક આત્માઓ જો ભૂલે તો સદ્ગુરુ તે આત્માને પોતાના યોગબળથી સમર્થ વેગયુક્ત બનાવી (જેમ એન્જિન ડબ્બાને ધક્કો મારીને નજીકના ઇચ્છિત સ્થળે વગર એન્જિને દોડાવીને મોકલે છે તેમ) પરમેશ્વર સુધી પહોંચાડે છે તેથી જ યોગશાસ્ત્ર યોગીનું પરમધ્યેય મોક્ષ માને છે, તે૩ | જ અગર તેથી વિશેષ જીવન ધ્યેય સદ્ગુરુને માને છે એ૩ | જ નહિ પણ સદ્ગુરુની આત્મિક મદદ વિના કોઈ આત્માનો ઉદ્ધાર થતો નથી એમ પણ માને છે (ગુરુ વિના નારદ પૂર્ણ પ્રેમ, જ્ઞાન, યોગ, ઉપાસના અને ભક્તિવાન હોવા છતા પાછળ પસ્તાના દાખલા છે) આથી સિદ્ધ થાય છે કે, જ્ઞાનનું સ્વરૂપ ઉપાસનાથી વિલક્ષણ છે જ્ઞાન આત્માના સ્થાને આત્મબ્રહ્મને ઉપાસક બનાવી આત્મબ્રહ્મ અને પરમબ્રહ્મનો તાત્ત્વિક, આત્મિક અને જ્ઞાનચૈતન્યનો અવિનાશી અભેદભાવ પ્રતિપાદિત કરે છે, ત્યારે ઉપાસના આત્મા અને બ્રહ્મમા ભેદભાવ બતાવે છે તેથી ભેદભાવ દૂર કરવા ઉપાસક પરમબ્રહ્મ તરફ ગતિ કરે છે, કિંતુ આત્મા અને પરમબ્રહ્મ

વચ્ચે ઉપાસક ભેદ માનતો જાણતો હોવાથી ઉપાસક આત્મા અભેદ બની શકતો નથી એટલે ભેદમા અસત્યની સાથે સબધ થાય છે અને ભેદવાદીને અહમ્પણા અને ત્વમ્પણાનુ બધન રહે છે ત્યારે જ્ઞાની જ્ઞાનચૈતન્યની ઐકયતા સમજતો હોવાથી અને આત્માને ઉપાસક ન માનતા આત્મબ્રહ્મને ઉપાસના કરનાર માનતો હોવાથી પરમસત્યના સબધ વડે સદ્યગ્ન થાય છે અને દેહાદિના ભાવથી મુક્ત થાય છે આથી છાંદોગ્યોપનિષદ્મા તથા બીજી શ્રુતિઓમા વિશેષમાં કહ્યુ છે કે, ભેદભાવની ઉપાસનાથી ભેદ ઘટી શકતો નથી, પણ અભેદ ભાવથી તથા મોક્ષ પ્રાપ્તિના અધિકારવાળી દૃઢ ભાવનાથી જ ભેદ ઘટે છે છતા જે ભેદભાવથી જુએ છે તે મૃત્યુરૂપ થઈ મૃત્યુ પામે છે વળી બીજી રીતે ન્યાયશાસ્ત્ર સમજાવે છે કે, જે ઉપાસક અહમ્પણાના અભાવની જગ્યાએ ત્વમ્પણાના ભાવથી પરમેશ્વરની ઉપાસના કરે છે તે અસત્ય આચરે છે તેની ઉપાસના મોક્ષપ્રાપ્તિમા અવરોધક બને છે અને બ્રહ્મને તતરૂપ જોવાથી જે કાંઈ દૃશ્યો દેખાય તે અસત્ય હોય છે તેથી ઉપાસ્ય અને ઉપાસકનો સબંધ અસત્યનો સંબધ બને છે આજ રીતે સત્યની સાથે સત્યનો જ સબધ થઈ શકે છે સત્ય, અવિનાશી અને જ્ઞાનચૈતન્યનુ સ્વરૂપ છે, તેમ પરમેશ્વર પરમબ્રહ્મ, પરમજ્યોતિ, અવિનાશી અને જ્ઞાનચૈતન્યનુ સ્વરૂપ છે અર્થાત્ બને સમભાવવાળા, સમલક્ષણવાળા છે, તેમ જ આત્મજ્યોતિ અને પરમજ્યોતિ લૌકિક કાર્યથી અલિપ્ત રહેનાર અને સર્વ પાપોથી જુદી રહેનારી છે તેથી આત્મબ્રહ્મ અને પરમબ્રહ્મ બને એક જ તત્ત્વ (જ્ઞાનચૈતન્ય) સ્વરૂપ હોવાથી આત્મબ્રહ્મ પરમબ્રહ્મમાં તન્મય, તદ્રૂપ થવાના હક અધિકારવાળો હોઈ તથા સહેજ પરમબ્રહ્મનો સ્પર્શ થતા તેમા વિલય થઈ જાય તેવા સદ્ગુણવાળો હોવાથી આત્મબ્રહ્મની પરમબ્રહ્મમા ઐકયતા થાય છે અને તેને "મોક્ષ" કહેવાય છે કારણ કે જ્યા આત્મબ્રહ્મ ઉપાસક હોય ત્યા આત્મા કે આત્માનુ ચિતત્ત્વ રહેતું નથી પણ તે આપોઆપ છૂટી જાય છે તેથી નિર્મળ બ્રહ્મત્વ (એટલે આત્મજ્યોતિ યા આત્મબ્રહ્મ) જેમ નદીના પ્રવાહમા પાણીના એક બે ટીપા ભળી જાય તેમ પરમબ્રહ્મમા ભળી જાય છે તે પછી જેમ જળબિંદુ ટીપારૂપ ન ગણાતાં નદીરૂપ દેખાય, લેખાય છે, તેમ આત્મબ્રહ્મ આત્મજ્યોતિ ન ગણાતા પરમજ્યોતિરૂપ મોક્ષ ગણાય છે આથી શ્રુતિવાક્યો બતાવે છે કે, બ્રહ્મજ્ઞાન વખતે બ્રહ્મભાવરૂપ જ્ઞાનનુ ફળ તુરત પ્રાપ્ત થાય છે, જેમ નારાયણે નાભિકમળના ચતુર્મુખી બ્રહ્માને "તત્ત્વમસિ" એટલે "તે તું છે" એમ કહ્યુ છે એટલે સમર્થ સદ્ગુરુ પણ અનન્ય પવિત્ર શિષ્યને સત્યજ્ઞાન સમર્પિત કરતી વખતે તે જ ઉપદેશ આપે છે કે : તું આત્મા નથી, પ્રકૃતિ નથી, માયા નથી, જડ નથી, પચમહાભૂત નથી, દેહો નથી અને કર્તાધર્તા નથી,

આત્માના આત્મદહરમા નિવાસ કરી રહેલો "તું" અદ્વય, નિષ્પાપ, નિર્લેપ, નિર્દોષ અને મોક્ષની પ્રાપ્તિ કરવાના અધિકારવાળો કૂટસ્થ આત્મબ્રહ્મ (તત્ત્વમસિ) જ્ઞાનચૈતન્ય સ્વરૂપ છે તારે માત્ર આત્મદહરમાથી ખસી જઈ તારા મૂળ સ્વરૂપ પરમબ્રહ્મ જ્ઞાનચૈતન્ય સ્વરૂપ મોક્ષમા નિવાસ કરવાનો છે અને તે જ તારુ મૂળવતન અને મૂળસ્થાન છે, આ જગતમાં કે વિશ્વમા કે પરમગતિમા તારુ સ્થાન કે વતન નથી, મૃત્યુ તને સ્પર્શ કરી શકતું નથી, મૃત્યુ પામવુ અને જન્મવુ તે તારો ધર્મ નથી, કર્તવ્ય નથી, તુ તેનાથી પર છે એટલે કે આત્મભાવ ત્યાગ કરી બ્રહ્મભાવ ધારણ કર્યા વિના બ્રહ્મમા નિમગ્ન થવાતું નથી તુ મૃત્યુ પછી મોક્ષ પામીશ, એમ ઉપાસકની ભાવનાથી જોતો રહીશ તો જીવિત દશામા પરમબ્રહ્મનો સાક્ષાત્ અનુભવ થશે નહિ અને જ્યા સુધી તેવો અનુભવ નહિ થાય ત્યા સુધી મોક્ષપ્રાપ્તિનો અધિકાર પ્રાપ્ત થશે નહિ અને જ્યા સુધી તેવો અધિકાર પ્રાપ્ત થશે નહિ ત્યા સુધી અનાધિકારી વૃત્તિ રહેવાથી મોક્ષાનુભવ ન થતા તુ અહમ્ભાવમા અને ઉપાસકભાવમા દબાઈ રહી આત્મતત્ત્વને (એટલે આત્મબ્રહ્મને યા આત્મજ્યોતિને) સ્વય ગતિ કરવા દઈ શકીશ નહિ અને અનેક જન્મ સુધી તારા મૂળવતનથી તું અળગો રહીશ માટે મૃત્યુભાવમાથી અમરત્વ પ્રાપ્ત થવાની ભાવના ત્યજી દેજે અમરભાવથી અવિચળ શાશ્વત શાતિ મળતી નથી, પણ મૃત્યુભાવથી પર થવાથી જ બ્રહ્મભાવનુ ફળ અનુભવાય છે બ્રહ્માનુભવના સમયે વિજ્ઞાનીનો પ્રાણ કૂટસ્થબ્રહ્મમા સમાઈ જાય છે અને સર્પની કાચળીની પેઠે તેનો દેહભાવ તથા આત્મભાવ આપોઆપ ઊતરી જાય છે તેથી કહ્યુ છે કે

(ભજન)

ભલે માગે જગત મુક્તિ, પડ્યુ ભવપાશમા તેથી,
પરતુ થા ન તુ ઘેલો, સદાયે મુક્ત છે આત્મબ્રહ્મ ૧
ન ધર્માધર્મ છે તારા, નહિ સુખદુ ખ પણ તારા,
ન તુ કર્તા, ન તું ભોક્તા, સદાયે મુક્ત છે આત્મબ્રહ્મ ૨
સુખાદિ સર્વ છે મનના, તને લાગે ન વળગે કઈ,
વારે સમજે રડે શાને? સદાયે મુક્ત છે આત્મબ્રહ્મ. ૩
તું છે સર્વનો દ્રષ્ટા, ન દ્રષ્ટા કોઈ પણ તારો,
જગતની ગધ નહિ "તું"મા, સદાયે મુક્ત છે આત્મબ્રહ્મ. ૪
તને જાણે ન તું તેથી, જગત આ સત્યરૂપ ભાસે,
કહે "શકર" વિચારી જો, સદાયે મુક્ત છે આત્મબ્રહ્મ ૫

(ભજન)

તજી આશા આભાસની, કૂટસ્થબ્રહ્મ સ્વીકાર,
"શંકર" બેહદ પર રહી, કાયમ તત્ત્વ વિચાર
તજી આભાસની આશા, આત્મજ્યોતિને સ્વીકારી લે,
સજી શણગાર શાંતિના, આત્મજ્યોતિને સ્વીકારી લે ૧
ભ્રમાશોને તજ્યા વિના, ન થાશે જ્ઞાન 'જ્યોતિ'નું,
તજી તેથી જગત ભ્રાંતિ, આત્મજ્યોતિને સ્વીકારી લે ૨
અભયમા ભય જુએ તેઓ, સદા સસારમા આવે,
બની નિર્ભય નિજાનંદે, આત્મજ્યોતિને સ્વીકારી લે ૩
આત્માની ગ્રંથિ ભેદાતા, જગત આ બ્રહ્મમય ભાસે,
મજા લેવા મોક્ષપદની, આત્મજ્યોતિને સ્વીકારી લે ૪
જગતની ચાલબાજીથી, સદાયે દૂર તું રહેજે,
કહે "શંકર" બની શંકર, આત્મજ્યોતિને સ્વીકારી લે ૫

(૨૪) શિષ્ય આત્મા અને આત્મચેતનાના દર્શન ક્યારે થાય?

વ્યાસ એમા પ્રથમ આત્મજ્ઞાનની જરૂર રહે છે નચેતન દેહને ચેતન કરનાર ચૈતન્યરૂપ આત્મા છે, એમ માની પ્રથમ આત્મદર્શન કરવા અને બ્રહ્મનો તથા આત્માનો અભેદ અનુભવવા બ્રહ્મનિષ્ઠ જ્ઞાની પાસે સર્વ શંકાઓ અને સંકલ્પવિકલ્પોની (એટલે તર્કવિતર્કની) તથા અજ્ઞાનભ્રમની નિવૃત્તિ કરીને જ્ઞાન મેળવાય તો જ આત્મદર્શન અને બ્રહ્મદર્શન થાય છે આવા જ્ઞાનના ફળરૂપે, મોક્ષપ્રાપ્તિમા અતરાયરૂપ માયાના અભાવથી શુદ્ધજ્ઞાન પામેલ શિષ્યના આત્માને સસારમા જન્મ મૃત્યુ પામવાવાળી પુનર્ગતિ કદાપિ થતી નથી. જે આત્મા અને મોક્ષની વચ્ચે માયા મોહના અતરાયો, અડચણો યા વિઘ્નો, વાસના અને આ [illegible] ક્ષાઓ છે, તેનો લય થાય તો જ બ્રહ્મજ્ઞાનનો અને તન્મય ધ્યાનનો ઉ [illegible] થાય છે આત્મા અને પરમાત્માના વિષયમા તર્ક અને બુદ્ધિ ત[illegible]ન નિરર્થક છે કેમ કે તર્કથી કે બુદ્ધિથી આત્મા જાણી શકાય તેવો નથી, તો પછી બ્રહ્મને ક્યાંથી જાણી શકાય? કેમ કે તર્કમાત્ર જડબુદ્ધિ વડે જ [illegible] પન હોય છે, ત્યારે આ ના અને બ્રહ્મ (એટલે પરમાત્મા) એ બે સત્ય હોઈ [illegible] પન નથી, પણ સ્વયંસિદ્ધ જ છે કિંતુ તેને સમજવા અને અનુભવવા માટે જ્ઞાનપૂર્ણ [illegible] દૃઢ શ્રદ્ધા અને ધૈર્ય આવશ્યક છે જેમ પૃથ્વીમા [illegible] ગુરુત્વનો ભાગ [illegible] વિષય છે, તેમ કર્મનુ [illegible] પણ [illegible] વિષય છે [illegible]

અનિત્ય છે અનિત્ય દ્રવ્યોના હોમ કે સમર્પણ વડે પરમાત્માના જ્ઞાનચૈતન્યનો "બ્રહ્મનિધિ" એટલે અક્ષય જ્ઞાનભંડાર કોઈ કાળે પ્રાપ્ત થતો નથી અનિત્ય પદાર્થો વડે ઉપાસના કર્યાથી સ્વર્ગાદિથી માંડીને અક્ષરધામ સુધીના નશ્વર સ્થાનો વા ત્યાંના લોકની પ્રાપ્તિ થાય છે જ્યારે મોક્ષની પ્રાપ્તિ અવિનાશી આત્મતત્ત્વ વડે જ થાય છે આ આત્મતત્ત્વને શાસ્ત્રકારો "આત્મચૈતના" કહે છે જે આત્મા અણિમાદિ સિદ્ધિના ઐશ્વર્યને અને હિરણ્યગર્ભના (એટલે અક્ષરધામના) પદ પર્યંતને અનિત્ય સમજીને તેની સ્પૃહા, અપેક્ષા કે તેનું સ્મરણ કરતો નથી તે જ બ્રહ્મવિદ્યાનો સાચો અધિકારી છે આત્મામા રહેલ પરમજ્ઞાનચૈતન્ય કે જેને શાસ્ત્રોએ "આત્મવિજ્ઞાન" કહીને વર્ણવેલ છે, તેના વડે સંસાર તથા માયાની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિ થાય છે જ્ઞાન, ધ્યાન વડે બ્રહ્મ અને પરમબ્રહ્મ વચ્ચેની આત્મબળની ભિન્નતા દૂર કરવાથી, આત્મા વધારે આત્મબળ પ્રાપ્ત કરવાથી મોક્ષસ્વરૂપ બને છે તે આત્મા ગૂઢ આત્મ બ્રહ્મને (કૂટસ્થને) યોગબળરૂપી આરસી વડે જોઈ શકે છે

त दुर्दर्शं गूढमनुप्रविष्ट गुहाहित गह्वरेष्ठ पुराणम्।
अध्यात्मयोगाधिगमेन देव मत्वा धीरो हर्षशोकौ जहाति ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્, અધ્યાય ૧, વલ્લી ૨, મંત્ર ૧૨)

અર્થ તે દુર્દર્શી (એટલે દુરદૃષ્ટિવાળુ), ગૂઢ, આત્માથી ઢંકાયેલ, આત્મ ગુહામા સ્થિત, સકટોમા સ્થિત, અબદ્ધ, સનાતન, આત્મ-બ્રહ્મદેવનો બિંદિધ્યાસન વડે સાક્ષાત્કાર કરીને વા જ્ઞાનયોગથી સમજીને બુદ્ધિમાન પુરુષ હર્ષ શોકને ત્યજે છે

વિષયોના વિકારયુક્ત જ્ઞાન વડે ટકાયેલી બુદ્ધિ વિષે, બુદ્ધિરૂપી ગુહામા આત્મા અને આત્મરૂપ ગુહામા ગૂઢાત્મા, રાગ દ્વેષાદિ અહમ્તત્ત્વ મમતત્ત્વથી પર અને હર્ષશોકથી રહિત સ્થિત છે તે ગૂઢાત્મદેવનો બુદ્ધિમાન પુરુષ અધ્યાત્મ યોગ વડે સાક્ષાત્કાર કરી લાભ હાનિના અભાવથી હર્ષ શોકને ત્યાગે છે જે આત્મા બ્રહ્મરૂપ ગુહામા નિમગ્ન થાય છે, તે જ મોક્ષાધિકારી થાય છે સર્વ વેદો જેને પ્રતિપાદિત કરે છે, જેમાથી વેદો આદિની ઉત્પત્તિ થઈ છે, અને સર્વ તપશ્ચર્યાઓ જેને શ્રેષ્ઠ અને છેનું તપ કહે છે, જેની પ્રાપ્તિ માટે બ્રહ્મચર્ય પળાય છે, તે પદ સંક્ષેપમા ૐ છે માત્ર પ્રણવના ધ્યાન વડે જ પરમબ્રહ્મની શીઘ્ર પ્રાપ્તિ અને કૂટસ્થબ્રહ્મની આત્મોન્નતિ થાય છે, એમ યમે નચિકેતાને કહ્યુ છે

અધ્યાત્મશાસ્ત્ર એ છે કે, દેહો વડે આત્મા તથા આત્મા વડે બ્રહ્મત્વ (એટલે આત્મજ્યોતિ) અને મોક્ષજિજ્ઞાસા ઢંકાઈ રહ્યા છે અર્થાત્ બ્રહ્મત્વરૂપી અગ્નિ ઉપર માયારૂપી રાખોડી લાગેલી હોવાથી બ્રહ્મત્વ જન્મજન્માંતરોના

પાપકર્મ, વાસના અને બંધનોને બાળી શકતું નથી. તેથી બ્રહ્મજ્ઞાનના જ્ઞાનચૈતન્ય-યોગને પ્રદીપ્ત કરી સર્વની અહંભાવના, મમભાવના તથા કર્મફળની અપેક્ષાને ભસ્મીભૂત કરવામાં અને મોક્ષેચ્છા સિવાયની તમામ ઇચ્છાઓનો ત્યાગ કરવામાં જ પરમકલ્યાણ છે, તે મોક્ષધર્મનું રહસ્ય છે. માટે જેમ અરણીના કાષ્ટનો અગ્નિ તેના સ્વરૂપને બાળીને ભસ્મ કરે છે, તેમ તમે તમારા જીવસ્વરૂપને બાળીને ભસ્મ કરી નાંખો અને બ્રહ્મરૂપ બનો તો જ પરમબ્રહ્મ મોક્ષસ્વરૂપ પરમાત્માને સત્વર મેળવી શકશો.

પ્રથમ આત્મદહરમાં આત્મસ્વરૂપનાં દર્શન કરવાં, પરંતુ દર્શનની અપેક્ષા ન રાખતાં આત્માનો પરમાત્મામાં ઐક્ય-તન્મયભાવ કરવો તે જ અધ્યાત્મશાસ્ત્ર, યોગ અને વેદોનું ગુપ્ત રહસ્ય છે. કેવળ શાસ્ત્રોથી યા અનુમાનથી પરમાત્માનુ-ભવ યાને બ્રહ્મભાવાનુભવ કરવો અશક્ય છે. જેમ પાકશાસ્ત્રના જ્ઞાનથી ઉદરની ભૂખ ભાંગતી નથી પણ તે માટે દરેકને ખાવું જ પડે છે, તેમ જ્ઞાનથી આત્મ-ચૈતન્યની ક્ષુધા નિવૃત્ત થતી નથી. માટે દરેકે યોગ વા ધ્યાન કરવું જોઈએ. જો આત્માને અને કૂટસ્થબ્રહ્મને પરમબ્રહ્મમાં સમર્પણ કરીને તેમાં તન્મય થવાય તો જ યોગ વડે અથવા નિર્વિકલ્પ સમાધિ વડે અગર તાદાત્મ્ય ધ્યાન વડે મોક્ષાનુભવ મેળવી શકાય છે. એક મહાપુરુષે "આત્મજ્યોતિ" ઉપર બહુ જ સરસ ભજન બનાવ્યું છે, તે નીચે મુજબ છે :

(હરિગીત છંદ)

માનવ તુઝે નહિ યાદ ક્યા, તૂ બ્રહ્મકા હી અંશ હૈ;
કુલ ગોત્ર તેરા બ્રહ્મ હૈ, સત્ બ્રહ્મ તેરા વંશ હૈ.
ચૈતન્ય હૈ અતિ અચલ, શાશ્વત સહજહી સુખરાશી હૈ;
મરતા નહિ, નહિ જન્મતા, કૂટસ્થ હૈ, અવિનાશી હૈ. ૧
નિર્દોષ હૈ, નિસ્સંગ હૈ, પુરુષરૂપ[૧] હૈ, વિનું રંગ હૈ;
ચારો શરીરોસે રહિત, સાક્ષી સદા વિનું અંગ હૈ.
સુખ શાંતિકા હૈ સિંધુ તૂ, આત્મબ્રહ્મ પરમ આનંદ હૈ;
ક્યોં ભૂલતા હૈ આપકો, તુઝમેં ન કોઈ દ્વંદ્વ હૈ. ૨
ક્યોં દીન તૂ હો રહા, ક્યોં હો રહા મન ખિન્ન હૈ;
ક્યોં હો રહા ભયભીત, તૂ તો એક તત્ત્વ અભિન્ન હૈ.
કારણ નહીં હૈ શોકકા, તૂ શુદ્ધ બુદ્ધ અજન્મ હૈ;
ક્યા કામ ચિંતા મોહકા, નિર્મોહ આત્મ અનન્ય હૈ. ૩

૧. પુરુષરૂપ

અનિત્ય છે અનિત્ય દ્રવ્યોના હોમ કે સમર્પણ વડે પરમાત્માના જ્ઞાનચૈતન્યનો "બ્રહ્મનિધિ" એટલે અક્ષય જ્ઞાનભડાર કોઈ કાળે પ્રાપ્ત થતો નથી અનિત્ય પદાર્થો વડે ઉપાસના કર્યાથી સ્વર્ગાદિથી માંડીને અક્ષરધામ સુધીના નશ્વર સ્થાનો વા ત્યાના લોકની પ્રાપ્તિ થાય છે જ્યારે મોક્ષની પ્રાપ્તિ અવિનાશી આત્મતત્ત્વ વડે જ થાય છે આ આત્મતત્ત્વને શાસ્ત્રકારો "આત્મચેતના" કહે છે જે આત્મા અણિમાદિ સિદ્ધિના ઐશ્વર્યને અને હિરણ્યગર્ભના (એટલે અક્ષરધામના) પદ પર્યંતને અનિત્ય સમજીને તેની સ્પૃહા, અપેક્ષા કે તેનું સ્મરણ કરતો નથી તે જ બ્રહ્મવિદ્યાનો સાચો અધિકારી છે આત્મામા રહેલ પરમજ્ઞાનચૈતન્ય કે જેને શાસ્ત્રોએ "આત્મવિજ્ઞાન" કહીને વર્ણવેલ છે, તેના વડે સસાર તથા માયાની નિવૃત્તિ અને પરમાનદની પ્રાપ્તિ થાય છે જ્ઞાન, ધ્યાન વડે બ્રહ્મ અને પરમબ્રહ્મ વચ્ચેની આત્મબળની ભિન્નતા દૂર કરવાથી, આત્મા વધારે આત્મબળ પ્રાપ્ત કરવાથી મોક્ષસ્વરૂપ બને છે તે આત્મા ગૂઢ આત્મ બ્રહ્મને (કૂટસ્થને) યોગબળરૂપી આરસી વડે જોઈ શકે છે

त दुर्दर्शं गूढमनुप्रविष्ट गुहाहित गह्वरेष्ठ पुराणम् ।
अध्यात्मयोगाधिगमेन देव मत्वा धीरो हर्षशोकौ जहाति ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્, અધ્યાય ૧, વલ્લી ૨, મત્ર ૧૨)

અર્થ તે દૂર્દર્શી (એટલે દૂરદૃષ્ટિવાળુ), ગૂઢ, આત્માથી ઢકાયેલ, આત્મ ગુહામા સ્થિત, સકટોમા સ્થિત, અબદ્ધ, સનાતન, આત્મ બ્રહ્મદેવનો નિદિધ્યાસન વડે સાક્ષાત્કાર કરીને વા જ્ઞાનયોગથી સમજીને બુદ્ધિમાન પુરુષ હર્ષ શોકને ત્યજે છે

વિષયોના વિકારયુક્ત જ્ઞાન વડે ઢંકાયેલી બુદ્ધિ વિષે, બુદ્ધિરૂપી ગુહામા આત્મા અને આત્મરૂપ ગુહામા ગૂઢાત્મા, રાગ દ્વેષાદિ અહમૂતત્ત્વ મમૂતત્ત્વથી પર અને હર્ષશોકથી રહિત સ્થિત છે તે ગૂઢાત્મદેવનો બુદ્ધિમાન પુરુષ અધ્યાત્મ યોગ વડે સાક્ષાત્કાર કરી લાભ હાનિના અભાવથી હર્ષ-શોકને ત્યાગે છે જે આત્મા બ્રહ્મરૂપ ગુહામા નિમગ્ન થાય છે, તે જ મોક્ષાધિકારી થાય છે સર્વ વેદો જેને પ્રતિપાદિત કરે છે, જેમાથી વેદો આદિની ઉત્પત્તિ થઈ છે, અને સર્વ તપશ્ચર્યાઓ જેને શ્રેષ્ઠ અને છેલ્લુ તપ કહે છે, જેની પ્રાપ્તિ માટે બ્રહ્મચર્ય પળાય છે, તે પદ સક્ષેપમા ॐ છે માત્ર પ્રણવના ધ્યાન વડે જ પરમબ્રહ્મની શીઘ્ર પ્રાપ્તિ અને કૂટસ્થબ્રહ્મની આત્મોન્નતિ થાય છે, એમ યમે નચિકેતાને કહ્યુ છે

અધ્યાત્મશાસ્ત્ર એ છે કે, દેહો વડે આત્મા તથા આત્મા વડે બ્રહ્મત્વ (એટલે આત્મજ્યોતિ) અને મોક્ષજિજ્ઞાસા ઢકાઈ રહ્યા છે અર્થાત્ બ્રહ્મત્વરૂપી અગ્નિ ઉપર માયારૂપી રાખોડી લાગેલી હોવાથી બ્રહ્મત્વ જન્મજન્માતરોના

પાપકર્મ, વાસના અને બંધનોને બાળી શકતું નથી. તેથી બ્રહ્મજ્ઞાનના જ્ઞાનચૈતન્ય-યોગને પ્રદીપ્ત કરી સર્વની અહંભાવના, મમભાવના તથા કર્મફળની અપેક્ષાને ભસ્મીભૂત કરવામાં અને મોક્ષેચ્છા સિવાયની તમામ ઇચ્છાઓનો ત્યાગ કરવામાં જ પરમકલ્યાણ છે, તે મોક્ષધર્મનું રહસ્ય છે. માટે જેમ અરણીના કાષ્ટનો અગ્નિ તેના સ્વરૂપને બાળીને ભસ્મ કરે છે, તેમ તમે તમારા જીવસ્વરૂપને બાળીને ભસ્મ કરી નાંખો અને બ્રહ્મરૂપ બનો તો જ પરમબ્રહ્મ મોક્ષસ્વરૂપ પરમાત્માને સત્વર મેળવી શકશો.

પ્રથમ આત્મદહરમાં આત્મસ્વરૂપનાં દર્શન કરવાં, પરંતુ દર્શનની અપેક્ષા ન રાખતાં આત્માનો પરમાત્મામાં ઐક્ય-તન્મયભાવ કરવો તે જ અધ્યાત્મશાસ્ત્ર, યોગ અને વેદોનું ગુપ્ત રહસ્ય છે. કેવળ શાસ્ત્રોથી યા અનુમાનથી પરમાત્માનુભવ યાને બ્રહ્મભાવાનુભવ કરવો અશક્ય છે. જેમ પાકશાસ્ત્રના જ્ઞાનથી ઉદરની ભૂખ ભાંગતી નથી પણ તે માટે દરેકને ખાવું જ પડે છે, તેમ જ્ઞાનથી આત્મ-ચૈતન્યની ક્ષુધા નિવૃત્ત થતી નથી. માટે દરેકે યોગ વા ધ્યાન કરવું જોઈએ. જો આત્માને અને કૂટસ્થબ્રહ્મને પરમબ્રહ્મમાં સમર્પણ કરીને તેમાં તન્મય થવાય તો જ યોગ વડે અથવા નિર્વિકલ્પ સમાધિ વડે અગર તાદાત્મ્ય ધ્યાન વડે મોક્ષાનુભવ મેળવી શકાય છે. એક મહાપુરુષે "આત્મજ્યોતિ" ઉપર બહુ જ સરસ ભજન બનાવ્યું છે, તે નીચે મુજબ છે :

(હરિગીત છંદ)

માનવ તુઝે નહિ યાદ ક્યા, તૂ બ્રહ્મકા હી અંશ હૈ;
કુલ ગોત્ર તેરા બ્રહ્મ હૈ, સત્ બ્રહ્મ તેરા વંશ હૈ.
ચૈતન્ય હૈ અતિ અચલ, શાશ્વત સહજહી સુખરાશી હૈ;
મરતા નહિ, નહિ જન્મતા, કૂટસ્થ હૈ, અવિનાશી હૈ. ૧
નિર્દોષ હૈ, નિસ્સંગ હૈ, પુરુષરૂપ[1] હૈ, વિનું રંગ હૈ;
ચારો શરીરોંસે રહિત, સાક્ષી સદા વિનું અંગ હૈ.
સુખ શાંતિકા હૈ સિંધુ તૂ, આત્મબ્રહ્મ પરમ આનંદ હૈ;
ક્યોં ભૂલતા હૈ આપકો, તુઝમેં ન કોઈ દ્વંદ્વ હૈ. ૨
ક્યોં દીન તૂ હો રહા, ક્યોં હો રહા મન ખિન્ન હૈ;
ક્યોં હો રહા ભયભીત, તૂ તો એક તત્ત્વ અભિન્ન હૈ.
કારણ્ નહીં હૈ શોકકા, તૂ શુદ્ધ બુદ્ધ અજન્મ હૈ;
ક્યા કામ ચિંતા મોહકા, નિર્મોહ આત્મ અનન્ય હૈ. ૩

૧. પુરુષરૂપ.

અને આનંદને આપણી ચેતનામાં ઉતારી લાવવી અને વધુમાં વધુ પ્રભુપરાયણ બનવું તે જ વધારે સલામત અને ખાતરીભર્યો માર્ગ છે. ઊર્ધ્વમાં દરેક આત્મજ્યોતિ પર પરમજ્યોતિનું (એટલે પરમાત્માનું) ગુરુત્વાકર્ષણ હોઈ તે આત્મજ્યોતિને સ્વીકારવા તત્પર હોય છે. આ શાંતિ, સ્થિરતા અને આનંદનું અવતરણ ન કરાવાય ત્યાં સુધી ઊર્ધ્વમાં જે અનુપમ અપાર શક્તિ, અનંત જ્ઞાનજ્યોતિ અને અપૂર્વ આનંદ છે તેને ધારણ કરવાં તે આપણી લૌકિક પ્રકૃતિ માટે ઘણું મુશ્કેલ પડે છે. પણ જેને ઉચ્ચતર આધ્યાત્મિક ચેતના, દિવ્યચેતના અને બ્રહ્મચેતના કહીએ છીએ, તે બધાં તત્ત્વો એકસામટાં મળીને એક આધ્યાત્મિક સ્તર બની જાય તો હૃદયમાંના ચૈતન્ય દ્વારા દિવ્યચેતના અને પરમચેતના પ્રત્યે અંશ પણ આવરણ કે આચ્છાદન રાખ્યા વિના પરમચેતના પ્રત્યે ખુલ્લા થવાથી આપણા આત્મા સાથે પ્રભુ અંગત સંબંધમાં છે એમ સ્પષ્ટ જણાય છે. પ્રભુ સાથે આપણે સંબંધ છે અને તેમની કૃપા આપણા પર વરસી રહેલી દેખાય છે. જેમ જેમ ચેતનાઓ ગ્રહણ કરીએ તેમ તેમ અલૌકિક પ્રેમભક્તિ વધી પ્રભુ પર વિશ્વાસ વધતાં દિવ્યચેતના તેનું કાર્ય કરી રહી છે એમ જણાય છે અને તે દિવ્યચેતના આત્માને આધ્યાત્મિક નવજન્મ અથવા તો નવા જન્મો સ્વપ્ન અગર બીજાં દ્રવ્યો દ્વારા એક જન્મમાં ભોગવાવીને ઊર્ધ્વમાં દૃઢ કરે છે. તે શાંતિ પ્રતિષ્ઠાથી ઊર્ધ્વમાં રહેલ દિવ્યશક્તિ આપણી ચેતનામાં અવતરણ કરી કામ કરે છે. સામાન્ય રીતે એ શક્તિ પ્રથમ મસ્તકમાં, પછી મન-બુદ્ધિના કેન્દ્રમાં, પછી આત્માના હૃદય-કેન્દ્રમાં, પછી આત્માના હૃદયમાં અને છેવટે ચૈતન્યપુરુષમાં (એટલે આત્મજ્યોતિમાં યા ગૂઢાત્મામાં) અવતરણ કરી તે બધાને મુક્ત કરે છે અને તે પછી તેનું ઊર્ધ્વીકરણ કરી ઊર્ધ્વમાં લઈ જાય છે. તે પછી તમામ મુશ્કેલીઓનો સ્વતઃ અંત આવે છે, અને તમામ પ્રકૃતિનાં તત્ત્વોમાં નવચેતન પ્રગટે છે.

સાધનાનું અંતિમ કાર્ય પરમચેતના (એટલે પરમાત્માની ૧૪ આત્મકળાવાળી શુદ્ધ પરમગતિ) થી આગળ એટલે માયા બહાર કરવામાં આવે છે. આવી રીતે અતિ શ્રેષ્ઠ વિજ્ઞાનમય ચેતનાશક્તિનું આત્મજ્યોતિમાં અવતરણ થાય છે. જેમ નારાયણ જાગ્રદવસ્થામાં પરમપુરુષમાં (એટલે પરમાત્મામાં) જાય છે, તેમ આત્મહૃદયમાં રહેલ ચૈતન્યપુરુષ (એટલે આત્મજ્યોતિ) વારંવાર વિજ્ઞાનમય શક્તિમાં જોડાઈ (જેમ પુલ, નદીના બંને કિનારાને જોડે છે તેમ) લૌકિક અને અલૌકિક બંનેને સાધે છે અને તે આત્માને લૌકિકમાંથી ઉઠાવી, અલૌકિકમાં ઉતારી વળી પાછો તેને લૌકિકમાં (દેહોમાં) લાવી મૂકે છે. આ રીતે આત્મહૃદય, પ્રેમભક્તિ અને સમર્પણ પૂર્ણ કરી જ્યોતિની આત્મસાધનાનો વિકાસ ઝડપી અને પૂર્ણ કરે છે. દૈહિક વા આત્મિક પ્રકૃતિના રૂપાંતરની ક્રિયાઓનો

તૂ અજ અમર હૈ અજર હૈ, પરિણામ તુઝમેં હૈ નહીં,
સચ્ચિત તથા આનંદઘન, આતા ન જાતા હૈ કહીં
જ્ઞાન સંવિત શુદ્ધ તુઝમેં, ન રૂપ હૈ નહિ નામ હૈ,
કૂટસ્થ આત્મા નિત્ય હૈ, નિષ્કામ આત્મારામ હૈ ૪
માયા રચી તૂ આપહી, હૈ આપ હી તૂ ફસ ગયા,
કૈસા મહા આશ્ચર્ય હૈ, તૂ ભૂલ માયા વશ ભયા
સંસારસાગરમેં પડા તૂ, ડૂબકિયા હૈ ખા રહા,
અજ્ઞાનસે ભવ સિંધુમેં, બહતા ચલા હૈ જા રહા ૫
તુ રો રહા હૈ કિસ લિયે, આંસુ બહાના છોડ દે,
ચિંતા ચિતામેં મત જલે, મનકો જલાના છોડ દે
દે મોહ નિદ્રા ત્યાગ તૂ, સોના તુઝે નહીં સોહતા,
દે શોક તંદ્રા કો ભગા, રોના તુઝે નહીં સોહતા ૬
તૂ આપ અપની યાદ કર, ફિર આત્મબ્રહ્મ કો પ્રાપ્ત હો,
મત જન્મ લે મર ભી નહીં, મત તાપસે સંતપ્ત હો
તલ્લીન હો પરમાત્મમેં, યહ મુખ્ય તેરા કામ હૈ,
કહતે જિસે હૈ "વિષ્ણુપદ ભોલા", વહી તવ ધામ હૈ ૭

(૨૫) શિષ્ય કેવી રીતે વર્તવાથી સાધકના આત્મા અને આત્મજ્યોતિમાં પરમજ્યોતિમાંથી હમેશ શક્તિ અને ચેતના મળતા રહે અને કાર્ય પૂર્ણ થાય?

વ્યાસ "જ્યોતિષામપિ તજ્જ્યોતિ" આત્મા અને તેમા રહેલ આત્મજ્યોતિ એક માત્ર નાની જ્યોતિ છે, જ્યારે સૂર્ય, ચંદ્ર આદિ તેથી મોટી જ્યોતિ છે તથા નારાયણ તેથી પણ મોટી જ્યોતિ છે અને પરમજ્યોતિ પરમાત્મા સવથી શ્રેષ્ઠ મહાન જ્યોતિ છે એટલું જ નહિ પણ સર્વ પ્રકારના આનંદો કરતા પણ પરમ આનંદની પ્રાપ્તિ તેમા રહેલ છે જેમ મોટી જ્યોતિમાંથી અનેક નાની જ્યોતિઓ પ્રદીપ્ત થયા કરે છે, તેમ પરમાનંદમાંથી તમને આનંદની પ્રાપ્તિ થયા કરે છે, અને બ્રહ્માનંદ તે જ પરમાનંદની પ્રાપ્તિનો પાયો છે આત્મજ્યોતિમા પરમચેતનામાંથી (એટલે પરમાત્માની ચતુર્દશ આત્મકળાવાળી શુદ્ધ પરમગતિમાંથી) ચેતનાનું અવતરણ થઈ રહે છે એમાંથી કોઈ એક બે નહીં પણ બધીએ શાંતિ પ્રાપ્ત થાય છે અને એકલી શાંતિ જ નહિ પરંતુ પરમશાંતિ પ્રાપ્ત થાય છે તે શાંતિ, આનંદ, તૃપ્તિ, હર્ષ શોકથી રહિત મુક્તિ આદિ બધું જ આપનારી લૌકિક અને અલૌકિક શાંતિદાત્રી ચેતનાનું ઊર્ધ્વમાંથી અવતરણ કરે છે જેમ પાણીનો ધોધ જે સ્થાનમાં પડે છે ત્યા પથ્થર જેવી મજબૂતી જરૂરની છે, તેમ શાંતિ, સ્થિરતા

અને આનંદને આપણી ચેતનામાં ઉતારી લાવવી અને વધુમાં વધુ પ્રભુપરાયણ બનવું તે જ વધારે સલામત અને ખાતરીભર્યો માર્ગ છે. ઊર્ધ્વમાં દરેક આત્મ-જ્યોતિ પર પરમજ્યોતિનું (એટલે પરમાત્માનું) ગુરુત્વાકર્ષણ હોઈ તે આત્મ-જ્યોતિને સ્વીકારવા તત્પર હોય છે. આ શાંતિ, સ્થિરતા અને આનંદનું અવ-તરણ ન કરાવાય ત્યાં સુધી ઊર્ધ્વમાં જે અનુપમ અપાર શક્તિ, અનંત જ્ઞાનજ્યોતિ અને અપૂર્વ આનંદ છે તેને ધારણ કરવાં તે આપણી લૌકિક પ્રકૃતિ માટે ઘણું મુશ્કેલ પડે છે. પણ જેને ઉચ્ચતર આધ્યાત્મિક ચેતના, દિવ્યચેતના અને બ્રહ્મચેતના કહીએ છીએ, તે બધાં તત્ત્વો એકસામટાં મળીને એક આધ્યાત્મિક સ્તર બની જાય તો હૃદયમાંના ચૈતન્ય દ્વારા દિવ્યચેતના અને પરમચેતના પ્રત્યે અંશ પણ આવરણ કે આચ્છાદન રાખ્યા વિના પરમચેતના પ્રત્યે ખુલ્લા થવાથી આપણા આત્મા સાથે પ્રભુ અંગત સંબંધમાં છે એમ સ્પષ્ટ જણાય છે. પ્રભુ સાથે આપણે સંબંધ છે અને તેમની કૃપા આપણા પર વરસી રહેલી દેખાય છે. જેમ જેમ ચેતનાઓ ગ્રહણ કરીએ તેમ તેમ અલૌકિક પ્રેમભક્તિ વધી પ્રભુ પર વિશ્વાસ વધતાં દિવ્યચેતના તેનું કાર્ય કરી રહી છે એમ જણાય છે અને તે દિવ્યચેતના આત્માને આધ્યાત્મિક નવજન્મ અથવા તો નવા જન્મો સ્વપ્ન અગર બીજાં દ્રવ્યો દ્વારા એક જન્મમાં ભોગવાવીને ઊર્ધ્વમાં દૃઢ કરે છે. તે શાંતિ પ્રતિષ્ઠાથી ઊર્ધ્વમાં રહેલ દિવ્યશક્તિ આપણી ચેતનામાં અવતરણ કરી કામ કરે છે. સામાન્ય રીતે એ શક્તિ પ્રથમ મસ્તકમાં, પછી મત-બુદ્ધિના કેન્દ્રમાં, પછી આત્માના હૃદય-કેન્દ્રમાં, પછી આત્માના હૃદયમાં અને છેવટે ચૈતન્યપુરુષમાં (એટલે આત્મજ્યોતિમાં યા ગૂઢાત્મામાં) અવતરણ કરી તે બધાને મુક્ત કરે છે અને તે પછી તેનું ઊર્ધ્વીકરણ કરી ઊર્ધ્વમાં લઈ જાય છે. તે પછી તમામ મુશ્કેલીઓનો સ્વતઃ અંત આવે છે, અને તમામ પ્રકૃતિનાં તત્ત્વોમાં નવચેતન પ્રગટે છે.

સાધનાનું અંતિમ કાર્ય પરમચેતના (એટલે પરમાત્માની ૧૪ આત્મ-કળાવાળી શુદ્ધ પરમગતિ) થી આગળ એટલે માયા બહાર કરવામાં આવે છે. આવી રીતે અતિ શ્રેષ્ઠ વિજ્ઞાનમય ચૈતન્યશક્તિનું આત્મજ્યોતિમાં અવતરણ થાય છે. જેમ નારાયણ જાગ્રદવસ્થામાં પરમપુરુષમાં (એટલે પરમાત્મામાં) જાય છે, તેમ આત્મહૃદયમાં રહેલ ચૈતન્યપુરુષ (એટલે આત્મજ્યોતિ) વારંવાર વિજ્ઞાન-મય શક્તિમાં જોડાઈ (જેમ પુલ, નદીના બંને કિનારાને જોડે છે તેમ) લૌકિક અને અલૌકિક બંનેને સાધે છે અને તે આત્માને લૌકિકમાંથી ઉઠાવી, અલૌકિક-માં ઉતારી વળી પાછો તેને લૌકિકમાં (દેહોમાં) લાવી મૂકે છે. આ રીતે આત્મ-હૃદય, પ્રેમભક્તિ અને સમર્પણ પૂર્ણ કરી જ્યોતિની આત્મસાધનાનો વિકાસ ઝડપી અને પૂર્ણ કરે છે. દૈહિક વા આત્મિક પ્રકૃતિના રૂપાંતરની ક્રિયાઓનો

અર્થ પ્રભુ સાથે વધારે ને વધારે ગાઢ સબધ, એકતા અને આત્મમિલન એવો થાય છે આત્મહૃદય ચૈતન્યપુરુષ પાસે અગર બ્રહ્મચૈતન્યપુરુષ સદગુરુ પાસે ખુલ્લુ થાય તો જ સાધકની ચેતનાને ઊર્ધ્વ ચેતના પ્રત્યે ખુલ્લી કરી શકાય છે અર્થાત જેમના અતરમા અહમ આદિ કોઈ દોષ રહેલો હોય તેઓ ખુલ્લા થઈ શકતા નથી આ હકીકત યોગસિદ્ધિની ચાવીરૂપ સમજવાની છે

(૨૬) શિષ્ય સૂતૈકા કોને કહેવામા આવે છે? ૧૦૧ નાડીઓ ઉપનિષદો એ બતાવી છે તે કઈ?

વ્યાસ આ વિષે શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત, અધ્યાય ૨, વલ્લી ૩, મત્ર ૧૬મા કહ્યુ છે કે

शत चैका च हृदयस्य नाड्यस्तासा मूर्धानमभिनि सृतैका।
तयोर्ध्वमायन्नमृतत्वमेति विश्वन्या उत्क्रमणे भवन्ति॥

અર્થ હૃદયમા સ્થૂલનો અવાજ સૂક્ષ્મદેહને પહોચાડનાર "૧૦૧" નાડીઓ છે તેમા સુન નાડી મસ્તકમા ગયેલી હોય છે જેમ રેડિયોનો અવાજ લાઉડ સ્પીકરમા જાય છે તેમ તે નાડીમા થઈને ઊંચે જનાર, અમૃતત્વને પ્રાપ્ત થાય છે તે નાડી સિવાય, મરણ વખતે બીજેથી જનાર જન્મ મૃત્યુના ફેરામા પડે છે ૧૦૧ નાડીઓ અને તેનુ કાર્ય નીચે જણાવ્યા મુજબ હોય છે

(ક) કર્મેન્દ્રિય હાથ, પગ, મુખ, મૈથુન અને ગુદા
જ્ઞાનેન્દ્રિય આખ, નાક, કાન, જિહવા અને ત્વચા

(ખાસ સૂચના વસ્તુત જિહવા મુખનો ભાગ હોઈ મુખ શબ્દમા તેનો સમાવેશ થઈ જાય છે તેથી નવ ઇન્દ્રિયોને કાર્યકર્તા ગણેલી છે)


દરેક ઇન્દ્રિયની નસોને મળનાર બે નાડીઓ છે, (૧) વિષયઉત્તેજની (૨) વિષયનિરોધિની અને નવે ઇન્દ્રિયો ચાર અત કરણ (મન, બુદ્ધિ, ચિત્ત અને અહમર)ને મળેલીહોય છે, એટલે

| ઇન્દ્રિયો | ઇન્દ્રિયો સાથે જોડાયેલી નાડી | | નાડી | | ચાર અત કરણ | | |
|---|---|---|---|---|---|---|---|
| ૯ | × | ૨ | = | ૧૮ × ૪ | = | ૭૨ | નાડી હૃદયની |

થઈ, જેને લોકો ૭૨ કોઠા પણ કહે છે

(ખ) મન, બુદ્ધિ, ચિત્ત અને અહકાર સાથે આત્મહૃદયમા જઈ આત્માને ખબર આપનારી, અને આત્મહૃદયમાથી આત્માની ખબર લાવનારી એમ બીજી બબ્બે નાડીઓ મન, બુદ્ધિ, ચિત્ત અને અહકાર—એ ચારે અત કરણ સાથે જોડાયેલી હોય છે

| અત કરણ | ખબર આપનારની તેમજ ખબર લાવનારી નાડી | | |
|---|---|---|---|
| ૪ | × ૨ | = | ૮ નાડી |




ઉત્તેજક નાડી
નવ નિરોધક
ડીઓ છે

અંતકરણની હૃદયને
ખબર પહોંચાડનાર
નાડી છે.

મન,બુધ્ધિ,ચિત્ત,
અહંકાર પર ફરી વળતી
(પાંચવાળી) બે,નાડી.

થી મન,બુધ્ધિ,
, અહંકાર તરફ
નિરોધક નાડી.

હૃદયનો મન,અહંકારને
હુકમ દેનાર (પાંચવાળી)
નાડીઓ છે.

દેહનું હૃદય (મોટુ)
સ્થૂળનું સૂક્ષ્મ.
દેહમા જતી સૂતૈકા
નું દ્વાર, સૂક્ષ્મ દેહ
નુ હૃદય નાનુ છે.

<u>૧૦૦,નાડીઓ અને એક સૂતૈકા સાથે</u>

<u>૧૦૧ નાડીઓ નું ચિત્ર.</u>

<u>કર્તા:- રમુજીલાલ વલ્લભરામ વ્યાસ.</u>

(ગ) મન અને અહંકાર જ કાર્યકર્તા છે બુદ્ધિ વિચાર કરીને અને ચિત્ત ચિંતવન કરીને બેસી રહે છે, પણ તેમનામાં મન અને અહંકાર સિવાય કંઈ કરવાની શક્તિ નથી તેથી આત્માના હૃદયના હુકમ મન અને અહંકાર ઉપર જ છૂટે છે, અને આત્મા વિષય ભોગવવાનો યા ન ભોગવવાનો હુકમ મન અને અહંકારને આપે છે તેથી પંચવિષય (શબ્દ, સ્પર્શ, રસ, રૂપ ને ગંધ) પ્રવર્તક પાંચ નાડી મન તરફ જનારી અને પાંચ નાડી અહંકાર તરફ જનારી હોય છે, તથા પંચવિષય નિરોધક પાંચ નાડી મન તરફ જનારી અને પાંચ અહંકાર તરફ જનારી હોય છે

| વિષય | | વિષય પ્રવર્તક અને વિષય નિરોધક નાડી | | |
|---|---|---|---|---|
| ૫ | × | ૨ | = | ૧૦ મન તરફ જનારી નાડી |
| ૫ | × | ૨ | = | ૧૦ અહંકાર તરફ જનારી નાડી |
| | | | | ૨૦ |

(ઘ) ઉપર જણાવ્યા મુજબ (ક) + (ખ) + (ગ) ની ૭૨ + ૮ + ૨૦ = ૧૦૦ નાડીઓ થાય છે

આ ૧૦૦ નાડી હૃદયમાં રહેલી છે તેમાંની ઘણી નાડી કર્મ કરનારી નવ ઇંદ્રિયોની નાડીઓને મળે છે દરેક ઇંદ્રિયની ગતિકર ૧૦૦ નાડી છે, એટલે નવ ઇન્દ્રિયોની નવસો (૯૦૦) નાડીઓ કહેવાય છે તે નવસો નાડીને મળનારી મૂળ નાડી બોતેર (૭૨) છે કે જે આત્માના સ્થૂલહૃદયની છે અને વિષયો તરફ દોરનારી છે તેથી કેટલાકે નવસો નાડીને બોતેર કોઠા (એટલે મુખ્ય સ્થળ) દેહમાં વિષય જીતવા ખાતર બતાવ્યા છે ખરી રીતે આ ઉપરાંત શરીરમાં હજારો નાડીઓ છે

આ સિવાય આત્માના સ્થૂલદેહના હૃદયમાં "સુનેમ" નામની જેને "સુષુમ્ણા" કહે છે તે નાડી હૃદયમાં કમળના દાંડા રૂપે છે જ્યારે આત્મા મન અને અહંકારની વિષયપ્રવર્તક તથા હલનચલન ક્રિયાશક્તિને બંધ કરે છે અર્થાત્ મનોવેગ રોકે છે, ત્યારે સુનેમ ઉપર આત્માની ચેતનશક્તિ અસર કરી તેને ચલાવે છે પછી તે સૂક્ષ્મદેહના હૃદયને, પછી તે કારણદેહના હૃદયને અને પછી તે મહાકારણદેહના હૃદયને ચલાવીને તે પર આત્મા વિજયી થાય છે તેથી આત્માનું જ્ઞાનચૈતન્ય ક્રિયામય બની જાય છે ત્યાર પછી (જેમ એન્જિન માફક મોટરમાં મશીન ચાલે છે તેમ) આત્મચૈતન્યના ધક્કાથી આ મહત્ ખુલી જ છે તે આત્મહૃદયમાં રહેલ "પૂર્ણચૈતન્ય પુરુષ" આત્માના હૃદયમાંથી નીકળી મહાકારણ, કારણ, સૂક્ષ્મ અને સ્થૂલ દેહની સુનેમમાંથી નીકળીને જાય છે ૦

તે
? અમૃત પરમાત્માનો સાક્ષાત્ અનુભવ જ્ઞાન, ધ્યાન દ્વારા કરે છે, અને આત્મા ( આત્મતત્ત્વ સાથે એક લક્ષ્ય નિમગ્ન રહે છે તેથી તેને દેહાદિનો અનુભવ થતો નથી આ રીતે કૂટસ્થ આત્મતત્ત્વને શરીરના દ્વારથી નીકળવાના માર્ગને "સૂતેમ" કહે છે યોગીપુરુષ યોગસમાધિ કરીને આત્માના નીકળતા પહેલા આત્મતત્ત્વ પુરુષને તે સૂતેકા દ્વારા બહાર કાઢે છે તે પછી આત્મા નીકળી તેને મળીને અમૃત મોક્ષને પામે છે આથી કરીને સૂતેકા સાથે ૧૦૧ નાડી ઉપનિષદે (શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષદ્) વર્ણવી છે

આ વિષય સમજવા માટે જુઓ ચિત્ર નંબર – ૧

જ્યા આત્મામા મનની ઇચ્છાને રોકવાની શકિત ન હોય, ત્યા પ્રકૃતિ બળવાન સિંહ જેવી બને છે અને જ્યા મનેચ્છાઓને રોકવાની આત્માને આદત હોય, ત્યા પ્રકૃતિ ગરીબ બકરી જેવી બને છે એટલું જ નહિ પણ વારવાર મનેચ્છાઓનુ અવરોધન થતું હોય અને એકેય પણ લૌકિક ઇચ્છા પાર પાડવા દેવામા આવતી ન હોય, ત્યા પ્રકૃતિ જાણે છે કે અહીં મારી ઇચ્છા પાર પડશે નહીં, માટે ઇચ્છા જ ન કરુ આ રીતે ઉપનિષદોના કથન મુજબ ૧૦૦ નાડી લૌકિક કાર્યની હોય છે અને ૧૦૧મી નાડી અલૌકિક કાર્યની હોય છે તે નો પૈકી આઠ નાડીઓ મન, બુદ્ધિ, ચિત્ત અને અહકાર તે ચારેય સાથે બબ્બે નાડીઓ જોડાયેલી હોય છે તે પૈકી એક અધોમુખી અને બીજી ઊર્ધ્વમુખી, તે રીતે બબ્બે નાડીઓ હોય છે જ્યારે તે અધોમુખી નાડીઓ પ્રથમ આત્મનિશ્ચયથી અવરોધન કરે તો જે ૯૨ નાડીઓ ચાર અધોમુખી નાડીઓના હુકમથી લૌકિક પદાર્થો યા વિષયો તરફ દોડે છે, તેની દોરને ચાર ઊર્ધ્વમુખી નાડીઓ વારવાર અટકાવી દે તો ૯૨ નાડીઓ જેમ વૃદ્ધની શારીરિક નસો નિર્બળ બની જાય છે તેમ નિર્બળ બની અત કરણની મૂળભૂત ચાર નાડીઓને નિસ્તેજ બનાવી દે છે આને મનોમર્દન એટલે પ્રકૃતિના વિરકખને કાઢવાનુ સાધન માનેલું છે

મન, બુદ્ધિ, ચિત્ત અને અહકાર દ્વારા વિષયો તરફ ગતિ કરવાની યા લૌકિક સુખાભિલાષાની ભાવના છતાં તે સૂક્ષ્મદેહને અને સૂક્ષ્મદેહના પચમહાભૂતોનાં તત્ત્વોને તાત્ત્વિક રીતે અસર થાય છે એટલું જ નહિ પણ જ્ઞાનેન્દ્રિયોને અને કર્મેન્દ્રિયોને વિષય સાથે જોડનારી તમામ નાડીઓ એટલે કે ૯૮ નાડીઓ શીઘ્ર ગતિ કરી નાખે છે તે પછી તેને માત્ર આસન કે મુદ્રિકાથી (જેમ નદીમા ચઢેલા પૂરને રોકી શકાતું નથી તેમ) રોકી શકાતી નથી માટે યોગીપુરુષે અધોમુખી ચાર નાડીને જ પ્રથમ ગતિ કરતી અટકાવવી કે જેથી બીજી નાડીઓ સહેજ પણ ચાલી શકે જ નહિ અને ઊર્ધ્વગતિમા લઈ જનારી ચાર નાડીઓ જ તત્સમયે ચાલી શકે જેમ ક્લોરોફોર્મ ગમે તેવા દૃઢ અને

અસ્થિર મનના મનુષ્યને આપવામાં આવે ત્યારે તે બેભાન ન થઈ જવા મજબૂત રહે તો પણ બેભાન થઈ જાય છે અને દેહ જડવત્ બની જાય છે તેમ ઊર્ધ્વ-ગતિ કરનારી ચાર નાડીઓ દ્વારા યોગીજન મન-બુદ્ધિ-ચિત્ત-અહંકારમાં ક્લૉરો-ફૉર્મ રૂપી આધ્યાત્મિક ઍટેમ તત્ત્વ નાંખે છે કે જેથી અધોમુખી ચાર નાડીઓ અને ને સાથે જોડાયેલી ૯૨ નાડીઓ તમામ જડવત્ બની જાય છે. આને "પ્રકૃતિ પરનો વિજય યા મન પરનો વિજય" કહેવાય છે. આ રીતે જેણે મનો-વિજય કર્યો હોય તે ગમે તેવી અવસ્થામાં, ગમે તેવી સ્થિતિમાં જીવન જીવે તો પણ તેનો સ્વતઃ કાબૂ અખંડ અને અભંગ રહે છે. કેટલાક તેને શ્વાસો-શ્વાસથી રોકવા ઇચ્છે છે, પણ શ્વાસોશ્વાસની ક્રિયા માત્ર સૂક્ષ્મદેહ કરે છે, એટલે કારણદેહના તત્ત્વો મનાદિને અટકાવી શકતા નથી. આ મનોનિગ્રહને આત્મચેતનાનો ઉત્તમ પ્રકાર માનેલો છે.

(૨૭) શિષ્ય : આત્મજ્યોતિનો ઉલ્લેખ પ્રશ્ન નંબર (૨૦)માં શાસ્ત્રોના પ્રમાણો આપી સમજાવ્યો છે તે ઉત્તમ છે, પણ અમારે જાણવું છે કે બીજા કોઈ આચાર્યે એનો ઉલ્લેખ કર્યો છે કે?

*જવાબ : આત્મજ્યોતિનો ઉલ્લેખ તો ઘણા આચાર્યોએ કર્યો છે, પણ તેઓની ગૂઢ ભાષા આપણા સમજવામાં આવતી નથી. શૃંગેરીમઠના શંકરપાદની પીઠિકા પર વિરાજનારા જે જે મહાત્માઓ શંકરાચાર્યને નામે થયા છે તેમાની એક પટ્ટાવળી પ્રમાણે ૩૩મા અને બીજી અંકાવલી પ્રમાણે ૧૨મા, "પંચદશી"ના કર્તા શ્રીવિદ્યારણ્ય સ્વામી હતા. તેઓએ આત્મજ્યોતિ માટે આ "પંચદશી"ના ગ્રંથમા બહુ જ સારો ઉલ્લેખ કર્યો છે. આ ગ્રંથની બીજી આવૃત્તિનું ગુજરાતી ભાષાન્તર શ્રી ઇચ્છારામ સૂર્યરામ દેસાઈએ કર્યું છે આ પુસ્તકના "ચિત્રદીપ" નામના પ્રકરણ ૬માં "આત્મતત્ત્વ વિવેચન" અને "કૂટસ્થદીપ" નામના પ્રકરણ ૮માં "કૂટસ્થાત્મા" ઉપર બહુ જ ઉત્તમ લખાણ કર્યું છે. તે ઉપરાંત આ ગ્રંથમાં આત્મજ્યોતિને અનેક નામોથી સંબોધવામાં આવી છે (જેમ કે, કૂટસ્થઆત્મા, કૂટસ્થચૈતન્ય, આત્મતત્ત્વ, બ્રહ્મત્વ અને બ્રહ્મચૈતન્ય), માટે તમો આ પુસ્તક અવશ્ય વાંચશો.

તે અમૃત પરમાત્માનો સાક્ષાત્ અનુભવ જ્ઞાન, ધ્યાન દ્વારા કરે છે, અને આત્મા
ઃ આત્મતત્ત્વ સાથે એક લય નિમગ્ન રહે છે તેથી તેને દેહાદિનો અનુભવ થતો નથી આ રીતે કૂટસ્થ આત્મતત્ત્વને શરીરના દ્વારથી નીકળવાના માર્ગને "સૂનેકા" કહે છે યોગીપુરુષ યોગસમાધિ કરીને આત્માના નીકળતાં પહેલા આત્મતત્ત્વ પુરુષને તે સૂનેકા દ્વારા બહાર કાઢે છે તે પછી આત્મા નીકળી તેને મળીને અમૃત મોક્ષને પામે છે આથી કરીને સૂનેકા સાથે ૧૦૧ નાડી ઉપનિષદે (શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્) વર્ણવી છે

આ વિષય સમજવા માટે જુઓ ચિત્ર નંબર – ૧

જ્યા આત્મામા મનની ઈચ્છાને રોકવાની શક્તિ ન હોય, ત્યા પ્રકૃતિ બળવાન સિંહ જેવી બને છે અને જ્યા મનેચ્છાઓને રોકવાની આત્માને આદત હોય, ત્યા પ્રકૃતિ ગરીબ બકરી જેવી બને છે એટલું જ નહિ પણ વારવાર મનેચ્છાઓનુ અવરોધન થતું હોય અને એકેય પણ લૌકિક ઈચ્છા પાર પાડવા દેવામા આવની ન હોય, ત્યા પ્રકૃતિ જાણે છે કે અહીં મારી ઈચ્છા પાર પડશે નહીં, માટે ઈચ્છા જ ન કરુ આ રીતે ઉપનિષદોના કથન મુજબ ૧૦૦ નાડી લૌકિક કાર્યની હોય છે અને ૧૦૧મી નાડી અલૌકિક કાર્યની હોય છે તે સો પૈકી આઠ નાડીઓ મન, બુદ્ધિ, ચિત્ત અને અહકાર તે ચારેય સાથે બબ્બે નાડીઓ જોડાયેલી હોય છે તે પૈકી એક અધોમુખી અને બીજી ઊર્ધ્વમુખી, તે રીતે બબ્બે નાડીઓ હોય છે જ્યારે તે અધોમુખી નાડીઓ પ્રથમ આત્મનિશ્ચયથી અવરોધ કરે તો જે ૯૨ નાડીઓ ચાર અધોમુખી નાડીઓના હુકમથી લૌકિક પદાર્થો યા વિષયો તરફ દોડે છે, તેની દોટને ચાર ઊર્ધ્વમુખી નાડીઓ વારવાર અટકાવી દે તો ૯૨ નાડીઓ જેમ વૃદ્ધની શારીરિક નસો નિર્બળ બની જાય છે તેમ નિર્બળ બની અંત કરણની મૂળભૂત ચાર નાડીઓને નિસ્તેજ બનાવી દે છે આને મનોમર્દન એટલે પ્રકૃતિના વિપક્ષને કાઢવાનું સાધન માનેલુ છે

મન, બુદ્ધિ, ચિત્ત અને અહકાર દ્વારા વિષયો તરફ ગતિ કરવાની યા લૌકિક સુખાભિલાષાની ભાવના છતા તે સૂક્ષ્મદેહને અને સૂક્ષ્મદેહના પંચમહાભૂતોના તત્ત્વોને તાત્ત્વિક રીતે અસર થાય છે એટલુ જ નહિ પણ જ્ઞાનેન્દ્રિયોને અને કર્મેન્દ્રિયોને વિષય સાથે જોડનારી તમામ નાડીઓ એટલે કે ૯૬ નાડીઓ શીઘ્ર ગતિ કરી નાખે છે તે પછી તેને માત્ર આસન કે મુદ્રિકાથી (જેમ નદીમા ચઢેલા પૂરને રોકી શકાતું નથી તેમ) રોકી શકાતી નથી માટે યોગીપુરુષે અધોમુખી ચાર નાડીને જ પ્રથમ ગતિ કરતી અટકાવવી કે જેથી બીજી નાડીઓ સહેજ પણ ચાલી શકે જ નહિ અને ઊર્ધ્વગતિમા લઈ જનારી ચાર નાડીઓ જ તત્સમયે ચાલી શકે જેમ ક્લોરોફોર્મ ગમે તેવા દૃઢ અને

અસ્થિર મનના મનુષ્યને આપવામા આવે ત્યારે તે બેભાન ન થઈ જવા મજબૂત રહે તો પણ બેભાન થઈ જાય છે અને દેહ જડવત્ બની જાય છે તેમ ઊર્ધ્વ ગતિ કરનારી ચાર નાડીઓ દ્વારા યોગીજન મન બુદ્ધિ ચિત્ત-અહકારમા ક્લોરોફૉર્મ રૂપી આધ્યાત્મિક ઍટૅમ તત્ત્વ નાખે છે કે જેથી અધોમુખી ચાર નાડીઓ અને તે સાથે જોડાયેલી ૯૨ નાડીઓ તમામ જડવત્ બની જાય છે આને "પ્રકૃતિ પરનો વિજય યા મન પરનો વિજય" કહેવાય છે આ રીતે જેણે મનો વિજય કર્યો હોય તે ગમે તેવી અવસ્થામા, ગમે તેવી સ્થિતિમા જીવન જીવે તો પણ તેનો સ્વત કાબૂ અખડ અને અભગ રહે છે કેટલાક તેને શ્વાસો શ્વાસથી રોકવા ઇચ્છે છે, પણ શ્વાસોશ્વાસની ક્રિયા માત્ર સૂક્ષ્મદેહ કરે છે, એટલે કારણદેહના તત્ત્વો મનાદિને અટકાવી શકતા નથી આ મનોનિગ્રહને આત્મચેતનાનો ઉત્તમ પ્રકાર માનેલો છે

(૨૭) શિષ્ય આત્મજ્યોતિનો ઉલ્લેખ પ્રશ્ન નબર (૨૦)મા શાસ્રોના પ્રમાણો આપી સમજાવ્યો છે તે ઉત્તમ છે, પણ અમારે જાણવું છે કે બીજા કોઈ આચાર્યે એનો ઉલ્લેખ કર્યો છે કે?

*જવાબ આત્મજ્યોતિનો ઉલ્લેખ તો ઘણા આચાર્યોએ કર્યો છે, પણ તેઓની ગૂઢ ભાષા આપણા સમજવામા આવતી નથી શૃગેરીમઠના શકરપાદની પીઠિકા પર બિરાજનારા જે જે મહાત્માઓ શકરાચાર્યને નામે થયા છે તેમાંની એક પટ્ટાવલી પ્રમાણે ૩૩મા અને બીજી અંકાવલી પ્રમાણે ૧૨મા, "પચદશી"ના કર્તા શ્રીવિદ્યારણ્ય સ્વામી હતા તેઓએ આત્મજ્યોતિ માટે આ "પચદશી"ના ગ્રથમા બહુ જ સારો ઉલ્લેખ કર્યો છે આ ગ્રથની ત્રીજી આવૃત્તિનુ ગુજરાતી ભાષાન્તર શ્રી ઠચ્છારામ સૂર્યરામ દેસાઈએ કર્યું છે આ પુસ્તકના "ચિત્રદીપ" નામના પ્રકરણ ૬મા "આત્મતત્ત્વ વિવેચન" અને "કૂટસ્થદીપ" નામના પ્રકરણ ૮મા "કૂટસ્થાત્મા" ઉપર બહુ જ ઉત્તમ લખાણ કર્યું છે તે ઉપરાત આ ગ્રથમા આત્મજ્યોતિને અનેક નામોથી સબોધવામાં આવી છે (જેમ કે, કૂટસ્થઆત્મા, કૂટસ્થચૈતન્ય, આત્મતત્ત્વ, બ્રહ્મત્વ અને બ્રહ્મચૈતન્ય), માટે તમો આ પુસ્તક અવશ્ય વાચશો.

પ્રકરણ ૭

# આત્મા અને તેનો અનુભવ

(૧) શિષ્ય આત્માનો મૂળ દેશ કયો?

વ્યાસ દરેક આત્માનો સ્વભાવ પોતે જે સ્થાનમા, જે દેહમા, જે ગામ, તાલુકા કે શહેર કે જે જાતિમા, જે દેશમા રહેલો હોય તે જ ગામનો, દેશનો, જ્ઞાતિનો પોતે છે એમ માનવાનો હોય છે, અને એમ માનીને જ તે દરક ક્રિયા કર છે એટલું જ નહિ પણ તમારુ વતન કયુ, એમ પૂછવામાં આવે ત્યારે પોતાનુ વતન અને મૂળ વતન અમુક ગામ, જિલ્લો અને અમુક દેશ બતાવે છે પરતુ તે જાણતો નથી કે, આ બધાં ગામ, જ્ઞાતિ અને વતન એ તો જન્મ લીધેલા દેહના છે, પણ આત્માના નથી આત્માને વિશ્વની કોઈ પણ જગ્યાએ દેશકાળનો સબધ નથી આત્માનો દેશ એટલે આત્માની ઉત્પત્તિનું મૂળસ્થાન જે પરમેશ્વરની ગતિ છે, તેને અનત જ્ઞાનીપુરુષોએ આત્માનો દેશ માની 'ઉપદેશ' કહ્યો છે અને તેને આત્માનુ વતન માની, મોક્ષને મૂળ વતન માન્યું છે

(૨) શિષ્ય આત્મા શી વસ્તુ છે?

વ્યાસ આત્મા વિજ્ઞાનમય છે પ્રાણની અંદર અથવા હૃદયની અંદર રહેલ તે પુરુષ છે આત્માને જ્ઞાન-ચૈતન્યનો પ્રકાશ આપનાર આત્મા સાથે આત્મામા જ રહેલ આત્મજ્યોતિ છે તે આત્માને આલોક અને પરલોક બંનેનો પ્રકાશ આપે છે આત્મક્રિયા વખતે તે (આત્મજ્યોતિ) આત્મક્રિયારૂપ, ધ્યાન વખતે બ્રહ્મરૂપ અને જ્ઞાન વખતે વિજ્ઞાનરૂપ જણાય છે વાસ્તવમાં આત્મા દશાઓથી યુક્ત છે, પરતુ આત્મજ્યોતિ દશાઓથી મુક્ત અને અતીત છે

(૩) શિષ્ય આત્માનો આકાર કલ્પી શકાય ખરો?

વ્યાસ કોઈના આત્માનો આકાર કલ્પી શકાય નહિ, કેમ કે તે અતિ સૂક્ષ્મ અને જ્યોત જેવો હોય છે સદ્દગત મહારાજશ્રીએ "વલ્લભ વિષ્ટિ", ભાગ (૧)ના પદ ૪૩મા લખ્યું છે કે

"ભૌતિક ચીજ આવે જોવામા, જીવ નહિ જોવાય,
જોયા વણ જે જણાય છે તે, અલૌકિક લહેવાય"

માયાની ચીજો જોવાય છે પણ જીવ કે જે માયામા રહેલો હોવા છતાં

મૂળ સ્વરૂપે તે પરમાત્માની પરમગતિ હોવાથી થાને અલૌકિક તત્ત્વમાંથી તેનું ઉત્પન્ન થવું હોઈ તે કોઈ પણ સ્થૂલ, સૂક્ષ્મ, કારણ કે મહાકારણ દૃષ્ટિ વડે જોઈ શકાતો નથી, પણ આત્માના અલૌકિક અને એકાગ્ર પરિબળથી જ જોઈ અને જાણી શકાય છે અત્યંત સૂક્ષ્મ આત્મા જે દૂરબીન વડે પણ જોઈ શકાતો નથી, તેનામા એટલી બધી શક્તિ છે કે તે ત્રણ, ચાર મણના દેહને ઊંચકે છે અને તે દેહના વજન સિવાય બીજી ત્રણ, ચાર મણની વસ્તુ ઊંચકે છે અર્થાત્ પોતાના દેહના વજન કરતા ઘણી વજનદાર બીજી વસ્તુઓ ઊંચકી શકે છે આ માત્ર તેની લૌકિક શક્તિનું માપ છે, પરંતુ અલૌકિક શક્તિનું માપ કોઈ રીતે કાઢી શકાય તેમ નથી કેમ કે જેની જેવી પવિત્ર ભાવના, ઊંચું ચારિત્ર્ય અને અલૌકિક પરાયણવૃત્તિ તેટલી તેને આત્મસિદ્ધિ અને શક્તિ પ્રાપ્ત થાય છે માટે આત્માના સ્વરૂપ કે આકારની કલ્પના કરી શકાય નહિ તેથી સદ્ગુરુ શીવવલ્લભરામે લખ્યું છે કે

(સાખીઓ)

લૌકિક દૃષ્ટિઓ વડે, આત્મા ન દેખાય,
આત્માના અલૌકિક પરિબળથી, આત્માનો સાક્ષાત્કાર થાય ૧
ભૌતિક સાધનો વડે, આત્મા ન દેખાય,
આત્માના એકાગ્ર પરિબળથી, આત્માની જાણ થાય ૨
અલૌકિક આત્મારામ, કેવળ છે જ્યોતિસ્વરૂપ,
"વલ્લભ" અકલ્પનીય છે, કેવળ આત્મારામનું રૂપ. ૩
અલૌકિક આત્મારામની, શક્તિ છે અપાર,
સૂક્ષ્મ આત્મા ઊંચકે, માનવ તનનો ભાર. ૪
"વલ્લભ" કેવળ જગમાં, સ્વજન છે આત્મારામ,
અનન્ય પ્રેમથી ચાહીને, જાવ પરમપિતાને ધામ ૫

(૪) શિષ્ય ૐકારમા ગ્રંથિરૂપ આત્માને વધારે પ્રમાણમા કોણ બંધન લગાડે છે?

દાસ પ્રથમ આત્માને અશુદ્ધ પરમગતિએ થોડુ બંધન લગાડ્યું છે, પણ ચોનકમુખી બ્રહ્મા તે આત્માને એનુ ભારે પ્રનાલમા માયા અને મોહનું બંધન લગાડે છે કે તેમાંથી છૂટવું દરેક આત્માને માટે બહુ જ મુશ્કેલ અને અઘરુ કાર્ય છે યાદ રાખવાનું એટલું જ છે કે, મોહની સાથે કામ, ક્રોધ, લોભ, મદ અને મત્સર વગેરે ખટ વિકારો વળગેલા જ હોય છે મનની સ્થિરતા અને એકાગ્રવૃત્તિથી જ આ બંધન ધીમે ધીમે ઓછુ થતુ જાય છે તે સિવાય બીજો એકે ઉપાય નથી

(૫) શિષ્ય  આત્માને કેવા કેવા નામોથી સબોધવામા આવે છે?

વ્યાસ  ગ્રથિ, ગ્રથિતત્ત્વ, અહમ્તત્ત્વ, ગ્રથિતત્ત્વવાળુ અહમ્, પ્રાણતત્ત્વ, ગ્રથિરૂપ આત્મા, અહમ્ ગ્રથિતત્ત્વ આત્મા, માયાના મિશ્રણવાળુ અહમત્વવાળુ જ્ઞાનચૈતન્યતત્ત્વ અને વાસનિક જીવાત્મા—એવા અનેક નામોથી આત્માને સબોધવામા આવે છે

(૬) શિષ્ય  અહમ્તત્ત્વ એટલે શુ? અને તેનુ ઉત્પત્તિસ્થાન ૐકારમાં કયુ છે?

વ્યાસ  લૌકિ ચારેય દેહોના મૂળ તત્ત્વોમા જે વાણીનો ઉચ્ચાર કરે છે તે "અહમ્" ગ્રથિતત્ત્વ આત્મા (જુઓ પ્ર દ ન ૩૧) છે પરમજ્ઞાનચૈતન્ય તત્ત્વ અહમપણાને લીધે શુદ્ધ પરમગતિ (જુઓ પ્ર દ ન ૬)માથી શુદ્ધાશુદ્ધ પરમગતિ (જુઓ પ્ર દ ન ૮) તથા અશુદ્ધ પરમગતિ (જુઓ પ્ર દ નં ૨૧)મા થઈને આવે છે અને તે માયાના તાત્ત્વિક ગુણો ગ્રહણ કરે છે, ત્યારે તેને "આત્મા" અગર "ગ્રથિ" અગર "અહમ્તત્ત્વ" કહેવાય છે જો તેને અહમ તત્ત્વ ન હોત તો ક્રમાનુસાર નીચે ઊતરવાની ઈચ્છા થાત જ નહિ અને થોડું ઊતર્યા પછી અટકી જાત પરતુ અહમપણાનો તાત્ત્વિક ગુણ તેને શુદ્ધાશુદ્ધ પરમગતિમાથી જ પ્રાપ્ત થયેલો હોવાથી તે બ્રહ્માડમા પ્રવેશ થતા વિકસે છે તે વિકસેના અહમ્તત્ત્વને ચૈતન્યગ્રથિરૂપ હોવાનું યોગીઓ, જ્ઞાનીઓ અને બ્રહ્મ વેત્તાઓએ માન્યુ છે પરતુ મહાયોગી અને સમર્થ મહાપુરુષોએ શુદ્ધાશુદ્ધ પરમગતિ (જુઓ પ્ર દ ન ૮)ને જ અહમતત્ત્વ માનેલુ છે

(૭) શિષ્ય  અહમતત્ત્વ કેટલા પ્રકારના છે? અને તેમાં તફાવત શો છે?

વ્યાસ  અહમતત્ત્વ બે પ્રકારના છે (૧) ગ્રથતત્ત્વવાળુ અહમ્ એટલે આત્માનુ અહમ (૨) આત્મચેતનાનું અહમ્તત્ત્વ એટલે આત્મજ્યોતિનુ અહમ તત્ત્વ આ બને અહમતત્ત્વમાં ઘણો ફરક છે જ્યારે ગ્રથિતત્ત્વવાળુ અહમ લૌકિક કાર્યોમા અગર આધ્યાત્મિક કાર્યોમા ઉપયોગ લાગે છે પરતુ મોક્ષસ્વરૂપની પ્રાપ્તિ મા બ્રહ્માડથી પાર ઊર્ધ્વમા ગયેલા આત્માને તે લેશ પણ ઉપયોગનુ નથી, ત્યારે પ્ર દ નં ૮થી બતાવેલ શુદ્ધાશુદ્ધ પરમગતિમાનુ આત્મચેતનાનુ અહમ્તત્ત્વ પરમ દિવ્યચેતનામાં વિલય થવાના, આત્મસમર્પણ થવાના અને આત્મચેતનાને પરમચેતનામા એકલક્ષ્ય થવાના મહાન આધારરૂપ છે તદુપરાત મહાપુરુષોની આત્મચેતનાનો તે મુખ્ય આધારસ્થભ છે કેમ કે આત્મચેતનામા દિવ્યચેતના (એટલે પરમગતિ) અને પરમચેતના (એટલે પરમાત્માની ચૌદકળા આત્મબળ વાળી પ્ર દ ન ૬થી બતાવેલ શુદ્ધ પરમગતિ છે તે) બને પ્રાપ્ત થાય છે,

વિકસે છે અને ચારેય દેહો (એટલે મહાકારણ, કારણ, સૂક્ષ્મ અને સ્થૂલ) સુધી વ્યાપ્ત બને છે.

(૮) શિષ્ય: આત્મા કેવડો છે?

વ્યાસ : શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૫, મંત્ર ૯માં જણાવ્યું છે :

बालाग्रशतभागस्य शतधा कल्पितस्य च।

भागो जीवः स विज्ञेयः॥

અર્થ : વાળના અગ્રનો જે સોમો ભાગ છે, તેના પાછા સો ભાગ કરીએ તો તેમાંના એક ભાગ જેટલો સૂક્ષ્મ જીવ છે. તેથી જીવાત્મા અણુરૂપ અનુભવાય છે.

(૯) શિષ્ય : જીવાત્મા આનંદ સ્વરૂપ છે કે?

*જવાબ : વેદાન્ત દર્શન, અધ્યાય ૧, પાદ ૧, સૂત્ર ૧૬માં કહ્યું છે કે :

नेतरोऽनुपपत्तेः॥

અર્થ : જીવને આનંદસ્વરૂપ હોવાની કોઈ પણ યુક્તિ નથી. જો જીવ આનંદસ્વરૂપ હોત તો સંસારના દુઃખમાં કદી ન પડતે. આ સૂત્રના ભાષ્યમાં સ્વામી શંકરાચાર્યજીએ પણ એ જ અર્થ માન્યો છે કે જીવ આનંદમય નથી.

रसंह्येवायं लब्ध्वानन्दी भवति॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય તૈત્તરીયોપનિષત્, બ્રહ્મવલ્લી ૨, મંત્ર ૩)

અર્થ : તે પરમાત્માને પામીને જીવાત્મા આનંદી થાય છે.

(૧૦) શિષ્ય : જીવ બ્રહ્મ છે કે?

* જવાબ : अनुपपत्तेस्तु न शारीरः॥

(વેદાન્ત દર્શન, અધ્યાય ૧, પાદ ૨, સૂત્ર ૩)

અર્થ : જીવને બ્રહ્મ (એટલે પરમાત્મા) થવાની કોઈ પણ યુક્તિ ન હોવાથી જીવ બ્રહ્મ નથી) એ વાત ઘણા ભાષ્યકારોએ સ્વીકારી છે.

(૧૧) શિષ્ય : જીવ અને બ્રહ્મમાં ભેદ છે કે?

* જવાબ : अधिकंतु भेदनिर्देशात्॥

(વેદાન્ત દર્શન, અધ્યાય ૨, પાદ ૧, સૂત્ર ૨૨)

અર્થ : તે બ્રહ્મ (એટલે પરમાત્મા) જીવથી અધિક અર્થાત્ મહાન છે. અને તે શરીરમાં પ્રવિષ્ટ થતો નથી.

જીવ, બ્રહ્મનો ભેદ ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ દેખાય છે. વળી વિશેષતઃ

आत्मावारेदृष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्य ॥

(શ્રીશુકલયજુર્વેદીય બૃહદારણ્યકોપનિષત્, અધ્યાય ૨, બ્રાહ્મણ ૨, મંત્ર ૫)

અર્થ આત્મા અર્થાત પરમાત્મા જ્ઞાનચક્ષુથી જોવા યોગ્ય છે, શ્રુતિ વાક્યથી સાભળવા યોગ્ય છે, યુક્તિઓથી મનન કરવા યોગ્ય છે અને વારવાર અભ્યાસવૃત્તિથી જાણવા યોગ્ય છે

सोऽन्वेष्टव्य •स विजिज्ञासितव्य ॥

(શ્રીસામવેદીય છાદોગ્યોપનિષત, પ્રપાઠક ૮, ખડ ૭, મંત્ર ૧)

અર્થ તે પરમાત્મા પરમેશ્વર જાણવા યોગ્ય છે

सतासोम्य तदा सम्पन्नो भवति ॥

(શ્રીસામવેદીય છાદોગ્યપનિષત, પ્રપાઠક ૬, ખડ ૮, મંત્ર ૧)

અર્થ હે સોમ્ય! ત્યારે એ જીવ યા આત્માની અદર રહેલી આત્મ જ્યોતિ (કે જે પરમાત્માની સ્વજાતિ છે તે) તે પરમાત્માની સાથે મળે છે

शारीर आत्मा प्राज्ञेनात्मनान्वारुढ ॥

(શ્રીશુકલયજુર્વેદીય બૃહદારણ્યકોપનિષત્, અધ્યાય ૪, બ્રાહ્મણ ૩, મંત્ર ૩૫)

અર્થ આ પ્રાણધારી જીવાત્મા યા આત્મા પરમાત્મા પરમેશ્વરના આશ્રય થી રહેલો છે

આવી રીતે ઉપનિષદ્ વાકયોમા જીવ, બ્રહ્મનો ભેદ સ્પષ્ટ જણાય છે ઉપર વર્ણવાયો છે તે બ્રહ્મ (એટલે પરમાત્મા) જીવથી (એટલે આત્માથી) મહાન છે તે બ્રહ્મ કદાપિ જીવ બની શકતો નથી

વૈદિક મત પ્રમાણે તો

तत्सृष्ट्वा तदेवानुप्राविशत ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય તૈત્તિરીયોપનિષત, બ્રહ્મવલ્લી ૨, મંત્ર ૬)

अनेन जीवेनाऽऽत्मनाऽनुप्रविश्य नामरुपे व्याकरवाणीति ॥

(શ્રીસામવેદીય છાદોગ્યોપનિષત્, પ્રપાઠક ૬ ખડ ૩, મંત્ર ૨)

જીવરૂપે બ્રહ્મનો પ્રવેશ બતાવવામા આવ્યો છે

આનો ગૂઢાર્થ એ છે કે, પરમાત્માની શુદ્ધાશુદ્ધ પરમગતિમા શુદ્ધ પરમગતિમાનુ પરમ જ્ઞાનચૈતન્યતત્ત્વ યા બ્રહ્મત્વ યા નિર્મળતત્ત્વ યા આત્મ જ્યોતિ યા કૂટસ્થતત્ત્વ છૂટુ પડે છે અને તેના પર અશુદ્ધ પરમગતિનું (કાદાના પડની જેમ) પડ ચડે છે, તેને જ "જીવ યા ગ્રથિ યા ગ્રથિઆત્મા" નામે કહેવામા આવ છે (આ વિષય પ્રકરણ ૬, પ્રશ્ન નબર ૧૧મા સપૂર્ણપણે જણાવ્યો છે) આવી રીતે (તે) પરમાત્માની આત્મજ્યોતિ અને આત્મા કેવળ ગતિરૂપે હોવાથી અને તે પરમાત્માની પરમગતિમા પરમાત્માના મહાન ગુણો

(જેવા કે : જ્ઞાન, ચૈતન્ય, પ્રેમ, દયા અને પવિત્રતા વગેરે) હોવાથી ભાષ્યકારોએ જીવરૂપે બ્રહ્મમાં પ્રવેશનું કથન કરેલું છે, તે બ્રહ્મની આત્મભૂત (માલિક અને મિલકતના સંબંધથી) વસ્તુ હોવાથી કરેલું છે, પરંતુ કાંઈ અભેદના અભિપ્રાયથી નથી. બ્રહ્મને સર્વાંતરાત્મા એવા અભિપ્રાયથી કહ્યો છે કે સર્વ આત્માની અંદર તે ગતિરૂપે વ્યાપક રહેલો છે. અર્થાત્ આત્મજ્યોતિ તે મૂળ અને ચાલુમાં અશુદ્ધ પરમગતિ સાથેનો કરંટ (એટલે પ્રવાહ) દરેકમાં વહેતો હોવાથી તે પરમાત્માની વ્યાપક શક્તિ છે. તેથી તે અને દરેક આત્માને એક બ્રહ્મ જ માનેલા છે.

ज्ञेयत्वावचनाच्च ॥ (વેદાન્ત દર્શન, અધ્યાય ૧, પાદ ૪, મંત્ર ૪)

અર્થ : તે જીવાત્માને જ્ઞેયપણાનું વચન નથી અર્થાત્ તેને પરમાત્માની સમાન "જાણવા યોગ્ય" એમ કોઈ પણ ઠેકાણે કહ્યું નથી.

જેમ કે પરમાત્માના વિષયમાં કહ્યું છે કે :

तद्विष्णोः परमंपदं सदा पश्यन्ति सूरयः ॥

(અથર્વવેદ, ૭-૩-૭)

અર્થ : તે વિભુ પરમાત્માનું સ્વરૂપ સદા જ્ઞાનીલોક જુએ છે. એવી રીતે જ્ઞાનીઓના જ્ઞાનનો વિષય પરમાત્માની પેઠે જીવાત્માને ક્યાંયે કથન કર્યો નથી.

अन्योऽसावन्योऽहमस्मीति न स वेद यथा पशु रेवं स देवानाम् ॥

(શ્રીશુક્લયજુર્વેદીય બૃહદારણ્યકોપનિષત્, અધ્યાય ૧, બ્રાહ્મણ ૪, મંત્ર ૧૦)

આ મંત્રનો અર્થ એમ છે કે, જે એમ નથી જાણતો કે હું અલ્પજ્ઞત્વાદિ ગુણવાળો જીવ છું અને સર્વજ્ઞત્વાદિ ગુણવાળા પરમેશ્વર જુદા છે, તે વિદ્વાનોમાં પશુ છે.

(૧૨) શિષ્ય : જીવ બ્રહ્મ બની શકે છે કે?

*જવાબ : વેદાન્ત દર્શન, અધ્યાય ૨, પાદ ૧, સૂત્ર ૨૩માં કહ્યું છે કે :

अश्मादिवच्च तदनुपपत्तिः ॥

અર્થ : પથ્થર આદિની સમાન જીવ બ્રહ્મ બની શકતો નથી. જે પ્રમાણે પથ્થરાદિ અત્યંત વિજાતીય (એટલે બીજી જાતનો) પદાર્થ છે, તે પ્રમાણે જીવ પણ અત્યંત વિજાતીય પદાર્થ હોઈ, તે કદાપિ બ્રહ્મ (એટલે પરમાત્મા) બની શકતો નથી, અને બ્રહ્મ કોઈ પણ સમયે જીવ બની શકતો નથી.

આ ભાવ તદ્દન યથાર્થ છે. કેમ કે આત્મજ્યોતિ અને આત્માના પ્રગટવા સંબંધી પ્રકરણ નંબર (૬)ના પ્રશ્ન નંબર (૧)માં સંપૂર્ણ ખુલાસો જણાવવામાં આવ્યો છે. તે આધારે પ્ર. દ. નં. ૮થી બતાવેલ શુદ્ધાશુદ્ધ પરમગતિમાં એટલે

પરમાત્માની અનંત જ્ઞાન ચૈતન્યશક્તિવાળો પરમપ્રકાશનો ધોધ શુદ્ધ પરમગતિ દ્વારા થઈને સતત નીચે વહન કરે છે તે ધોધ અને પ્રકરણ નંબર (૩)ના પ્રશ્ન નંબર (૮)માં જણાવી ગયા મુજબ નારાયણમાંથી (એટલે વિશેષ પરિબળવાળી તત્ત્વમાયામાંથી) અશુદ્ધ યા માયામિશ્રિત બની પાછો ઉપરની નિર્મળ પરમગતિમાં પરાવર્તન થાય છે ને તેને અશુદ્ધ બનાવે છે તે ધોધ—આવી રીતે આ બંને ધોધો એક બીજા સાથે યા સામસામા અથડાય છે, તેમાંથી કવચિત્ કવચિત ચેતન ગ્રંથિઓ અગ્નિના તણખારૂપે પ્રગટે છે એટલે કે પરમચેતનામાંથી (એટલે શુદ્ધ પરમગતિમાંથી) પરમજ્ઞાનચૈતન્યતત્ત્વ (કે જે પરમાત્માની સ્વજાતિ ગણાય છે તે) છૂટું પડે છે અને તેના ઉપર પ્ર ૬ ન ૨૧થી બતાવેલ અશુદ્ધ પરમગતિનું કાદાના પડની માફક પડ ચડે છે, તેને "ગ્રંથિ" યા "જીવ" યા "આત્મા" કહેવાય છે, કે જે પરમાત્માથી વિજાતીય છે, કેમ કે જીવમાં નારાયણની માયાના ગુણો રહેલા હોય છે તેથી શિવગીતા, અધ્યાય ૨, શ્લોક ૨૮માં જણાવ્યું છે કે

विस्फुलिङ्गा यथा वहने जायन्ते काष्ठयोगत ।
अनादि कर्म सबद्धास्तद्वदशा नारायण ॥
जीवेशावाभासेन करोतिमाया विदया च स्वयमेव भवति ॥ (श्रुति)

અર્થ જેમ લાકડાના યોગથી અગ્નિમાં તણખા ઉત્પન્ન થાય છે, તેમ અનાદિ કર્મના સંબંધ વડે કરીને નારાયણની તત્ત્વગુણી માયાએ બનાવેલી અશુદ્ધ પરમગતિમાંથી જીવો તણખારૂપે પ્રગટે છે યા થાય છે અર્થાત નારાયણની માયાનો અંશ જીવોમાં યા આત્માઓમાં આવે છે

તેથી કહ્યું છે કે, જેવી રીતે પથ્થર આદિ અન્ય વસ્તુ બ્રહ્મ થઈ શકે નહીં, તેમ જીવ પણ બ્રહ્મ થઈ શકે નહીં છેવટે એટલે સુધી વર્ણન કર્યું છે કે સર્વજ્ઞ, સત્ય બ્રહ્મ કદાપિ જીવ થઈ શકે નહિ

સ્વામી રામાનુજાચાર્યજીએ આ સૂત્રનો એવો જ અર્થ કર્યો છે કે, જેમ પાષાણાદિ અત્યંત વિજાતીય પદાર્થો બ્રહ્મ બની શકતા નથી, તે પ્રમાણે જીવ પણ બ્રહ્મ થઈ શકે નહિ સર્વજ્ઞ, સત્યસ્વરૂપ બ્રહ્મ કદાપિ જીવ થઈ શકે નહિ

જ્યાં સુધી ગ્રંથિતત્ત્વનું વિસર્જન થાય નહીં, ત્યાં સુધી આત્મતત્ત્વ યા આત્મજ્યોતિ પરમાત્મામાં ભળે નહીં ૫૦ ટકા ગ્રંથિતત્ત્વનું વિસર્જન અર્ધ માત્રામાં (પ્ર ૬ નં ૩૨થી બતાવેલ) થાય છે અને બાકીનું ૫૦ ટકા ગ્રંથિ તત્ત્વનું વિસર્જન પરમગતિમાં થાય છે આવી રીતે ગ્રંથિઆત્માના વિસર્જન બાદ જ આત્મજ્યોતિ પરમજ્યોતિ પરમાત્મામાં એકરૂપ અને એકરસ બને છે

(૧૩) શિષ્ય ગ્રંથિમાં રહેલું ચૈતન્ય અ-કારવાળું છે ખરું કે?

વ્યાસ ગ્રથિતત્ત્વ આત્મામા રહે] ચૈતન્ય આકારવાળુ હોય છે

(૧૪) શિષ્ય આત્માની બેઠક મનુષ્યના ક્યા શરીરમા છે?

વ્યાસ માયાના ચાર દેહો (જેવા કે મહાકારણ, કારણ, સૂક્ષ્મ અને સ્થૂલ દેહ) પૈકી મનુષ્યના મહાકારણ દેહમા આત્માની બેઠક છે

(૧૫) શિષ્ય આત્મા સ્વરૂપે કેવો છે?

વ્યાસ આત્મા કેવળ જ્યોતિસ્વરૂપ છે અને તેજવાળો છે, પણ તેનું રૂપ અકલ્પનીય છે

(૧૬) શિષ્ય આત્મા પરમાત્માનું પ્રતિબિંબ ગણાય કે ગ્રથિ?

વ્યાસ આત્મા કેવળ ગતિ ગણાય

(૧૭) શિષ્ય આત્મા કોને કહેવો?

વ્યાસ શરીરમા સમજનાર વસ્તુ છે તે આત્મા છે

(૧૮) શિષ્ય આત્મા નાનો, મોટો થાય છે કે?

*જવાબ આત્મા નાનો, મોટો થતો નથી

(૧૯) શિષ્ય આત્મા પરમગતિને પામે છે કે અને તે કેવા રૂપે?

વ્યાસ આત્મા પરમગતિને પામે છે, પણ તે કેવળ ગતિ રૂપે

(૨૦) શિષ્ય આત્મા સાકાર કે નિરાકાર?

વ્યાસ સાકારે

(૨૧) શિષ્ય ગ્રથિ કોને કહેવી?

વ્યાસ પરમગતિ અને માયા એ બન્નેના મિશ્રિતપણાને ગ્રથિ કહે છે

(૨૨) શિષ્ય ગ્રથિ સાકાર કે નિરાકાર?

વ્યાસ ગ્રથિ સાકાર

(૨૩) શિષ્ય મન, બુદ્ધિ વડે આત્માની જાણ થાય છે કે?

વ્યાસ આત્માની જાણ પ્રણવોપાસના વડે થાય છે અર્થાત આત્મામા રહેલ કૂટસ્થચૈતન્ય યા આત્મજ્યોતિ વડે આત્માની જાણ થાય છે

(૨૪) શિષ્ય આત્મા ભૌતિક સાધન વડે દેખાય છે કે?

વ્યાસ કેવળ આત્માના એકાગ્ર અલૌકિક પરિબળથી જ આત્માની જાણ થાય છે

(૨૫) શિષ્ય આત્માની દર્શનશક્તિ કેટલા પ્રકારની છે?

વ્યાસ આત્માની દર્શનશક્તિ બે પ્રકારની છે એક સ્થૂલ અને બીજી દિવ્ય છે આત્માને સ્થૂલદૃષ્ટિથી લૌકિક પદાર્થો દેખાય છે અને દિવ્યદૃષ્ટિથી પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે

(૨૬) શિષ્ય આત્મસાક્ષાત્કારથી જીવનનું ધ્યેય સિદ્ધ થયું ગણાય કે?

વ્યાસ  આત્મસાક્ષાત્કાર યોગમા આગળ વધવાના એક પગથિયા રૂપ છે જ્યારે આત્માની અદર રહેલી આત્મજ્યોતિ પરમજ્યોતિ પરમાત્મામા એકરસ, એકરૂપ યા વિલય થાય ત્યારે જ માનવજીવનનો ધ્યેય સિદ્ધ થયો ગણાય

(૨૭) શિષ્ય  અલૌકિક ખજાનો આત્માને કેવી રીતે હાથ આવે?

વ્યાસ  અલૌકિક ખજાનો બહાર ઢૂઢવાથી હાથ આવતો નથી, પણ મનુષ્ય સ્વત આત્મખોજ કર તો જ જે સુખ, શાતિ ને આનદનો ખજાનો એની હૃદયગુહામા એટલે આત્મજ્યોતિમા રહેલો છે, તે પ્રાપ્ત થાય એમ છે

(૨૮) શિષ્ય  આત્મા આકાર છે તો તે નષ્ટ થાય છે કે?

વ્યાસ  આત્મા આકાર છે પણ તે કદી નષ્ટ થતો નથી

(૨૯) શિષ્ય  આત્મા માયાના ગુણથી રહિત છે કે?

વ્યાસ  આત્મા માયાના ગુણથી રહિત નથી, તેથી તેને બધન થાય છે આ કારણે આત્મા મુક્તિની અપેક્ષા રાખે છે

(૩૦) શિષ્ય  આત્મા જાણવા યોગ્ય છે કે આત્મતત્ત્વ?

*જવાબ  યથાર્થ રીતે જોતા માલૂમ પડશે કે આત્મતત્ત્વ યા આત્મ જ્યોતિ જાણવા યોગ્ય છે તેથી વેદાન્ત દર્શન, અધ્યાય ૧, પાદ ૩, સૂત્ર ૧૪મા જણાવ્યુ છે કે

दहर उत्तरेभ्य ॥
अथ यदिदमस्मिन्ब्रह्मपुरे दहर पुण्डरीक वेश्म
दहरोऽस्मिन्नन्तराकाशस्तस्मिन्यदन्तस्तदन्वेष्टव्य तद्वाव
विजिज्ञासितव्यमिति ॥

(શ્રીસામવેદીય છાદોગ્યોપનિષત, પ્રપાઠક ૮, ખડ ૧, મત્ર ૧)

અર્થ  આ બ્રહ્મપુરમા (એટલે બ્રહ્મની પ્રાપ્તિના સ્થાનરૂપ શરીરમા) જે હૃદયકમળ છે તેમા જે વિશાળ આકાશ છે તેમા આત્મા છે અને જે (આત્માની અદર રહેલ) આત્મતત્ત્વ શોધવાયોગ્ય છે, તે સદ્ગુરુના આશ્રય તથા શ્રવણાદિક ઉપાયો વડે સાક્ષાત્કાર કરવા યોગ્ય છે

(૩૧) શિષ્ય  આત્મા આત્મતત્ત્વ અને પરમાત્મામા શું ભિન્નતા છે?

વ્યાસ  મહાત્માઓએ પરમાત્માને જ્ઞાનચૈતન્યનુ સ્વરૂપ વર્ણવ્યા છે, તેથી આત્મતત્ત્વ પણ જ્ઞાનચૈતન્યનુ સ્વરૂપ છે તથા જેમ પરમાત્મા અજર, અમર, અવિનાશી છે, તેમ આત્મતત્ત્વ પણ અજર, અમર, અવિનાશી હોઈ આત્મતત્ત્વ અને પ્રભુતત્ત્વ બનેમા સમાનતા છે પણ તણખા કરતા હોળી અને તારા કરતા સૂર્ય અનેકગણો શ્રેષ્ઠ છે, તેમ ભક્તે પરમાત્માને પોતાના કરતા અનેક રીતે શ્રેષ્ઠ સમજવાના છે કેમ કે આત્મા અલ્પજ્ઞ છે ત્યારે પરમાત્મા સર્વજ્ઞ છે

વળી આત્મા પોતાના માથામા કેટલા વાળ છે તથા શો રોગ થયો છે પણ જાણતો નથી તેથી વૈદ્ય-ડૉકટરો પાસે જવુ અને પૂછવુ પડે છે, પ્રભુ એટલે પરમાત્મા સર્વાંતર્યામી છે આત્મા પ્રત્યેક પળે હર્ષ શોકનો ભા થાય છે અગર બહુ તો માત્ર અલ્પાનદ મેળવી શકે છે, ત્યારે પરમાત્મ આનદ અખડ અને અપાર છે આત્મા માયાવી દેહવાળો હોવાથી ક્ષુધા તૃષા રહે છે, ત્યારે પરમાત્મા પરિપૂર્ણ તૃપ્ત રહે છે આત્મામાં પોતાનો રોગ મ વાની તાકાત નથી, ત્યારે પરમાત્મા સર્વશક્તિમાન છે, તેથી આત્મા ક પરમાત્મા દરેક રીતે શ્રેષ્ઠ છે

(૩૨) શિષ્ય આત્માના કેટલા શત્રુઓ છે?

વ્યાસ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર—એ આત્માના શત્રુઓ યોગમા વિઘ્ન કરનારા છે તે શત્રુઓને છોડાય તો જ યોગ સધાય

(૩૩) શિષ્ય આત્માની અંદર રહેલું બ્રહ્મત્વ કેવી રીતે જાગ્રત શકે?

વ્યાસ કેટલાક જ્ઞાનીઓ માને છે કે જેટલી ઇંદ્રિયો છે તેટલી ચેત છે તથા ચેતનતત્ત્વ તે જ આત્મા છે કેટલાક મનને આત્મારૂપે માને છે, કેટ આત્મામા બ્રહ્મત્વ નથી એમ માને છે કેટલાક પ્રાણને આત્મા માને છે માની, આત્માને શૂન્યરૂપે માને છે કેટલાક આત્માને ભોક્તા માને છે, કેટલ આત્માને કર્મનો અકર્તા માને છે પરતુ તમામ જીવ માત્રના દેહનો, ઇંદ્રિયો મનનો, બુદ્ધિ, ચિત્તનો—આ તમામનો ચેતન સત્તાધીશ માત્ર એક આત્મા તેથી તે કર્મનો કર્તા ભોક્તા છે કેમ કે મન, બુદ્ધિ, ચિત્ત, અહકાર, પ્રાણ આ જડને ચેતન કરનાર આત્મા છે માટે આત્માને યુક્તિવાદ કે બુદ્ધિવાદથી બ્ર જ્ઞાન થતું નથી જેમ ટલિફોન ઑપરેટર અનેક સ્થળેથી આવેલા સમાચા એક સ્થળે સાભળે છે તેમ ઇંદ્રિયોના અનુભવો દ્વારા આવેલા સમાચારોને મ સાંભળે છે, મનના સમાચાર બુદ્ધિ અને બુદ્ધિના સમાચાર આત્મા સાંભળે અને તે જ પ્રમાણે ઇંદ્રિયોની વિષયોપેક્ષાથી મન, બુદ્ધિ, પ્રાણ અને આ દોરાતા હોવાથી, આત્મા બુદ્ધિને, બુદ્ધિ મનને અને મન ઇંદ્રિયોને વિષયો ત જવા પ્રેરે છે તેથી જ તમામનુ મૂળ આત્મા હોવાથી આત્મા કર્તા તેમ ભોક્તા છે જેમ આત્મામા કલ્પાત થયા સિવાય ચક્ષુમાથી અશ્રુ વહેતા ન તે જ રીતે આસુ વહેવા છતાં આખને દુ ખની અસર થતી નથી પરતુ મ બુદ્ધિ, ચિત્ત અને પ્રાણને એકબીજા દ્વારા દુ ખની અસર થાય છે કેમ કે મ બુદ્ધિનો સચાલક આત્મા હોવાથી કાર્યોનો કર્તા ભોક્તા આત્મા જ છે જ્ય

આત્મા મન, બુદ્ધિ તરફ જતો અટકીને શૂન્ય એટલે જડ થઈ જાય છે, ત્યારે આત્મદહર સ્વય ખૂલે છે અને બ્રહ્મત્વ સચેતન થાય છે જ્યારે બ્રહ્મત્વ સ ચેતનજાગ્રત થાય છે, ત્યારે તે મોક્ષપ્રાપ્તિ ઇચ્છતુ હોવાથી તેને બ્રહ્મજિજ્ઞાસા ઉત્પન્ન થાય છે તે પછી તે બ્રહ્મત્વ જ મોક્ષનો યથાયોગ્ય અનુભવ મેળવી શકે છે તે સિવાય આત્માને કે મનોબુદ્ધિને બ્રહ્મત્વનુ ભાન હોતું નથી માટે,

तद्विजिज्ञासस्व तद्‌ब्रह्म ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય તૈત્તિરીયોપનિષત્)

તુ બ્રહ્મને જાણવાની ઇચ્છા કર કે જે ઇચ્છામા કોઈ પાપદોષ નથી આત્માની અવનતિનો કે આત્માને દુખમાં પડવાનો સભવ નથી, કેમ કે આત્મબ્રહ્મને પરમ, શાશ્વત્, શાતિ આપી શકે તેવી તે પવિત્ર ઇચ્છા છે બ્રહ્મ જિજ્ઞાસા એ જ આત્મકલ્યાણનો શ્રેષ્ઠ પાયો છે બ્રહ્મજિજ્ઞાસાવાળો આત્મા માયામા જીવતો હોવા છતા મુક્ત છે, દેહાદિબધનમા હોવા છતા તે દેહોથી પર (એટલે ન્યારો) છે અને કર્મ કરતો હોવા છતા કર્મબધનથી રહિત છે માટે જેને કલ્યાણની ઇચ્છા હોય તેણે કોઈ માયાવી જિજ્ઞાસા ન રાખતા માત્ર બ્રહ્મજિજ્ઞાસા રાખવી આવશ્યક છે બ્રહ્મજિજ્ઞાસા એ જ મોક્ષપ્રાપ્તિનુ પ્રથમ અને મુખ્ય સાધન છે બ્રહ્મજિજ્ઞાસા હૃદયગ્રથિ અને આત્મગ્રથિને છેદવાનુ પરમ શસ્ત્રાસ્ત્ર અને ચૈતન્યને, લૌકિક દેહો ત્યાગવાનુ પ્રથમ પગથિયુ છે તેથી સદ્‌ગુરુ વેદવ્યાસ ભગવાને "વેદાન્ત દર્શન"ના અધ્યાય ૧, પાદ ૧, સૂત્ર ૧મા જણાવ્યુ છે

अथातो ब्रह्मजिज्ञासा ॥

એટલે પહેલી બ્રહ્મજિજ્ઞાસા રાખવા કહ્યુ છે તેનો ભાવ અને હેતુ એ છે કે, દરેક આત્મામા પ્રથમ બ્રહ્મજિજ્ઞાસા ઉત્પન્ન થવી જોઈએ બ્રહ્મજિજ્ઞાસા સિવાય આત્મસિદ્ધિ, આત્મબળપ્રાપ્તિ, આત્મોન્નતિ અને પરમબ્રહ્મ મોક્ષની પ્રાપ્તિ થવી અશક્ય છે આત્મામા રહેલ બ્રહ્મત્વની, પરમબ્રહ્મને પ્રાપ્ત કરવાની જિજ્ઞાસાને જ બ્રહ્મજિજ્ઞાસા કહેલી છે અર્થાત્ આત્મદહરમા રહેલ આત્મજ્યોતિ બ્રહ્મ તત્ત્વપ્રાપ્તિની જિજ્ઞાસા રાખે છે તેને જ બ્રહ્મજિજ્ઞાસા કહેલી છે આત્મજિજ્ઞાસા બ્રહ્મ તરફ તેમ જ માયા તરફ એ રીતે બને તરફ જિજ્ઞાસા રાખી શકે છે પણ આત્મદહરમા રહેલ બ્રહ્મરૂપ ગૂઢાત્મામા પરમબ્રહ્મ મોક્ષપ્રાપ્તિ સિવાયની કોઈ જિજ્ઞાસા હોતી નથી તેમ જ તે માયા તરફ જિજ્ઞાસા રાખતો નથી માટે આત્મ બ્રહ્મ પરમબ્રહ્મ પરમેશ્વરની જિજ્ઞાસા રાખે છે તેને જ બ્રહ્મજિજ્ઞાસા માનેલી છે

(૩૪) શિષ્ય આત્મા મનના ખરાબ વિચારોને કેવી રીતે અટકાવી શકે?

વ્યાસ ચિત્તવૃત્તિ એવી રીતે ઉત્પન્ન થાય છે કે પ્રથમ મનમા કામ, ક્રોધ, મોહ, લોભ, રાગ દ્વેષ, મદ, મત્સર ઇત્યાદિ ઉત્પન્ન થાય છે તે વડે

મન ઇંદ્રિયોના વિષયો તરફ આકર્ષાઈને તેની અપેક્ષા કરે છે તે બાદ બુદ્ધિ તેના સારાસારનો આદિથી અંત સુધી વિચાર કરીને નિર્ણય કરે છે. તે પછી ચિત્ત તેનું પુનરાવલોકન કરે છે, તે પછી નિશ્ચય થઈને નિર્ણય, અહંકાર પાસે જાય છે. તત્પશ્ચાત્, ચિત્તની આજ્ઞાનુસાર અહંકાર પોતાને સુખાનુભવ થવાની લાલચે ઇંદ્રિયોને વિષયોના સુખ તરફ જવા આજ્ઞા આપે છે. તેથી દરેક મનુષ્ય પોતાને યોગ્ય લાગે તે સારું વા ખોટું કાર્ય કરે છે. આ રીતે મનના ભાવોને બુદ્ધિ વિચારે છે, બુદ્ધિના ભાવોને ચિત્ત વિચારે છે, અહંકારમાં વિચારવાની શક્તિ હોતી જ નથી, તેથી તે ચિત્તની આજ્ઞા મુજબ ઇંદ્રિયોને દોરે છે. માટે જેમ નીચલી અદાલતના ફેંસલાને જિલ્લાની અદાલત ફેરવે છે અને જિલ્લાની અદાલતના ફેંસલાને રાજ્યની અદાલત અથવા દેશનું ન્યાયાલય ફેરવે છે અગર કાયમ રાખે છે તેમ, મનરૂપી નીચલી અદાલત છે, બુદ્ધિ તેની અપીલ અદાલત છે અને ચિત્ત તેની સર્વોપરી અપીલ અદાલત છે આ રીતે મનના ભાવને બુદ્ધિ અને ચિત્ત તપાસી જુએ છે, તેના ગુણદોષ વિચારી તેને સ્વેચ્છાચારી થવા દેવાનો યા ન થવા દેવાનો નિર્ણય આપે છે. એટલું જ નહિ પણ જો બુદ્ધિ વા ચિત્ત વિચાર કરે તે સમયમાં પવિત્ર આત્મા મોહ વા પાપવૃત્તિને ઓળખીને જાગ્રત થઈ જાય તો મોહિત અને પાપના વિચારોને અટકાવી શકે છે. પરંતુ જો તે સમયમાં આત્મા પવિત્ર વિચારોથી જાગ્રત ન થયો તો મનનો નિર્ણય અહંકાર પાસે પહોંચી જઈ, અહંકાર કર્મેન્દ્રિયોને ગમે તેવા શુભાશુભ કર્મોમાં યોજે છે. આ રીતે આત્માને મનના ખરાબ વિચારોને અટકાવવાની સ્વતંત્રતા કુલ પાંચ વખત મળે છે. તે એવી રીતે કે : (૧) મનમાં વિચાર થાય ત્યારે, (૨) બુદ્ધિ ગુણદોષ વિચારે ત્યારે, (૩) ચિત્ત નિર્ણય કરી અમુક કાર્ય કરવાની યા ન કરવાની આજ્ઞા આપે ત્યારે, (૪) અહંકાર ઇંદ્રિયોને અમુક કાર્ય કરવા હુકમ આપે ત્યારે અને (૫) ઇંદ્રિયો કર્મ કરે તે વખતે. આ રીતે પાપમાર્ગમાં જતી ઇંદ્રિયોને રોકાણ કરવાની આત્માને પાંચ સ્થાન પર સપૂર્ણ સત્તા છે. પરંતુ જેમ કમાન પરથી તીર દૂર ફેંકાઈ ગયું, તે પછી તેને પાછું ખેંચી લાવવું મુશ્કેલ છે, તેમ અહંકારને ચિત્તની આજ્ઞા આપાઈ જાય અને ઇંદ્રિયો તે માર્ગે ગતિ કરે ત્યારે તેને રોકવી મહદ્ અંશે મુશ્કેલ છે. તેથી આત્માએ મનમાં ઉત્પન્ન થતા વિચારોને શીઘ્ર અટકાવવા, છતાં ન અટકે તો બુદ્ધિ વિચારે ત્યારે અટકાવવા, છતાં ન અટકે તો ચિત્ત આજ્ઞા કરે ત્યારે મનના વિચારોને અવશ્ય અટકાવવા. કેમ કે ચિત્ત આજ્ઞા આપી દે તો તે પછી અહંકાર અને ઇંદ્રિયો અતિ વિષયોત્સુક હોવાથી અટકાવવા મુશ્કેલ છે. તેથી યોગી પુરુષે છેલ્લામાં છેલ્લા ચિત્તના ચિંતવન વખતે વિચારોને અટકાવવા એવો યોગ-

માર્ગનો સિદ્ધાંત છે અહંકાર ઈંદ્રિયોને આજ્ઞા આપે ત્યારે તેને અટકાવવાની અને ઈંદ્રિયો તેના માર્ગે ગતિ કરે ત્યારે વિષયોન્મુખી ઈંદ્રિયોને છેલ્લી કક્ષાએ અટકાવવાની શક્તિ માત્ર સર્વશ્રેષ્ઠ સિદ્ધયોગી પુરુષો સિવાય અન્ય કોઈમા હોતી નથી આ રીતે આત્માને પાપકર્મ કરતા પાપ વખત ઈંદ્રિયોને રોકવાની તક મળે છે છતા જે આત્મા તેને રોકતો નથી, તે આત્મા કર્મ તેમ જ પાપ વડે બંધનને પામે છે

(૩૫) શિષ્ય આત્મા પાપ અને બંધનને કેમ પામે છે?

વ્યાસ ઉપરોક્ત પ્રશ્ન નંબર (૩૪)મા જણાવી ગયા પ્રમાણે ઈંદ્રિયો જડ છે તેથી તે પોતાની મેળે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારની આજ્ઞા અને મદદ સિવાય કઈ જ કરી શકતી નથી કારણ કે ઈંદ્રિયો તો માત્ર જડ હથિયાર છે પણ ઈંદ્રિયોને મળતા સુખનો અને આનંદનો મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર દ્વારા આનંદ મેળવનાર અને આનંદનુ સુખ ભોગવનાર આત્મા છે તેથી જ પાપ પુણ્યનો જવાબદાર અને ભોગવનાર આત્માને માનેલો છે જેમ કોઈ માણસ બીજા માણસને હથિયાર વડે મારી નાખે ત્યારે તે ગુનેગાર ન્યાયાધીશને કહે છે કે, આ માણસનું ખૂન મેં કર્યું નથી પણ મારા તલવાર આદિ હથિયારે કર્યું છે, માટે હથિયારને ફાંસીની સજા આપો ત્યારે ન્યાયાધીશ કહે છે કે, હથિયાર પોતાની મેળે ચાલી શકતું નથી માટે હથિયાર વાપરનારને સજા કરવી પડે ત્યારે ખૂન કરનાર કહે છે કે મારા અમુક હાથે આ હથિયાર ચલાવ્યુ છે માટે તેને સજા કરો, પણ મારા ગળાએ કોઈ અપરાધ કર્યો ન હોવાથી ગળાને સજા કરાય નહિ ત્યારે ન્યાયાધીશને કહેવુ પડે છે કે હાથ વગેરે ઈંદ્રિયો જડ છે પણ તેને હથિયાર વાપરવા જેણે આજ્ઞા કરી છે તેને સજા કરવી પડે એમ કહી ગુનેગારની દલીલો ન માનતા તે મનુષ્યના દેહ અને આત્માને અલગ કરવા તેને ફાંસીએ ચઢાવે છે, તેમ ઈંદ્રિયો, મન, બુદ્ધિ ચિત્ત, અહંકાર માત્ર આત્માની ચેતના વડે હલનચલન કરે છે, પણ તેઓ પોતાની મેળે હલનચલન કરતા નથી જેમ એક ઘડિયાળ વાપરનારે તેના મિત્રને કહ્યુ કે, આ ઘડિયાળ મને નિયમસર ચોક્કસ વર્તાવ કરાવે છે અને મને નિયમમા રાખે છે તેના મિત્રે જણ્યુ કે હુ મારી ઘડિયાળને નિયમમા રાખીને તેની પાસે સમય બતાવવાનો ચોક્કસ વર્તાવ કરાવુ છુ તે પછી બન્નેએ વિચાર કરી નિર્ણય કર્યો કે જો આપણે ઘડિયાળને ચાવી આપી નિયમિત ચલાવીએ તો જ તે આપણને સમય બતાવીને નિયમિત ચલાવે છે માટે ઘડિયાળને ચાવી આપવી તથા સમયાનુસાર આળસુ ન બનતા કામ કર્યે જવું તે આપણી ફરજ છે ઘડિયાળ આપણને હાથ પકડીને કામ કરવા મોકલી શકે તેમ નથી માટે ઘડિયાળના સમય પ્રમાણે વ્યવસ્થિત

કામ કરવા હોય તો જ ઘડિયાળ પહેરવી અગર પાસે રાખવી, નહિ તો શોભા માટે ઘડિયાળ રાખવી નહિ આ પ્રમાણે જે આત્મામા મન, બુદ્ધિ, ચિત્ત અને અહકારરૂપી ઘડિયાળને સન્માર્ગે દોરવારૂપી ચાવી આપવાની શક્તિ હોય તો તે તેને સદ્‌ગતિ અપાવે છે પરતુ તેનામા સદ્‌બુદ્ધિ અને સત્કર્મરૂપી ચાવી આપ વાની શક્તિ ન હોય તો ખોટો ટાઈમ બતાવનાર ઘડિયાળની માફક મન, બુદ્ધિ, ચિત્ત અને અહકારરૂપી યત્રો આત્માને અનિયમિત, સ્વેચ્છાચારી, વ્યસની, દુર્ગુણી અને કુકર્મી બનાવે છે માટે યોગશાસ્ત્રે મનને, બુદ્ધિને અને છેવટે ચિત્તને કુમાર્ગમા જતા અટકાવવુ અને સન્માર્ગે દોરવુ, તેને જ "યોગ" માનેલો છે આ રીતે મનાદિનો નિરોધ કરી જે ક્લેશ ત્યજીને અવિચળ સાચો આનંદ પ્રાપ્ત થાય તેવા કર્મો કરે તે જ "યોગી" છે આવા કર્મમા રત (એટલે આસક્ત) રહીને જે માયામા લલચાઈ મોહાસક્ત કે વિષયાસક્ત થયા વિના યોગમા નિમગ્ન રહે છે તેને "જીવન્મુક્ત" કહેલો છે

(૩૬) શિષ્ય કેટલાક વિદ્વાનો આત્મા અને આત્મજ્યોતિમા તફાવત જોતા નથી અને કહે છે કે બેઉ એક જ છે એ વાત સાચી છે કે? વળી ઘણા ધર્મમા આગળ વધેલાઓનું માનવુ છે કે સેન્ટ્ર અને સ્પિરિટમા ખાસ તફાવત નથી વળી તેઓ સ્પિરિટ અને સેન્ટ્રને એક જ માને છે, માટે ખુલાસો કરો

વ્યાસ પ્રણવ ૐકારના અર્ધમાત્રા-અક્ષરધામ (પ્ર દ ન ૩૦)થી માડીને (પ્ર દ ન ૮૮થી બતાવેલ) ઉકારમાત્રામા રહેતા તમામ આત્માઓને સ્પિરિટ (એટલે આત્મા) માનેલા છે પરતુ આ બધા આત્માઓમા વિવિધ શક્તિ હોવાથી તેની સમજણ જાણવા જેવી છે (૧) પ્ર દ ન ૮૮થી બતાવેલ ઉકારમાત્રામા રહેનારા આત્માઓને ઉચ્ચ માન્યા છે (૨) તેથી પણ ઉચ્ચ પ્ર દ ન ૬૬થી બતાવેલ મકારમાત્રામા (એટલે દેવકોટિમા) રહેનારા દેવોના આત્માઓને ઉચ્ચ માન્યા છે (૩) વળી દેવકોટિમા રહેનારા દેવોથી પણ ઉચ્ચ પ્ર દ ન. ૪૧થી બતાવેલ અકારમાત્રામા (એટલે ઈશ્વરકોટિમા) રહેનારા ઈશ્વરોના આત્માઓને માન્યા છે (૪) વળી પ્ર દ ન ૬૯થી બતાવેલ કડાગ માયાજાળમા પ્રવેશતા અને નીકળતા આત્માઓને પણ ઉચ્ચ માન્યા છે (૫) વળી પ્ર દ ન ૯૩થી બતાવેલ બ્રહ્માડમા ટપકા ટપકા ગ્રંથિરૂપ આત્માઓને, પ્ર દ ન ૩૯થી બતાવેલ વિભૂતિ આત્માઓને, પ્ર દ ન ૩૨ ને ૩૭થી બતાવેલ અક્ષરધામ તથા તેમા જતા, આવતા ને વસતા આત્માઓને અને અશાવતારી ઈશ્વરોના આત્માઓને અનુક્રમે સૌથી ઉચ્ચ સ્પિરિટ (એટલે આત્મા) માનેલા છે

કેટલાક પુસ્તકોમા છ પ્રકારના આત્મા જણાવેલા છે કેટલાક પરદેશી પુસ્તકોમા સાત પ્રકારના આત્માઓ જણાવેલા છે, તેમા પ્રેતાત્માનો પણ સમાવેશ કર્યો છે અમુક પુસ્તકોમા નવ પ્રકારના આત્માઓ જણાવેલા છે

માયાના સચાલક, ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનાર માયાવિશિષ્ટ નારાયણના પોતાના આત્માને પણ આત્મા માનેલો છે નારાયણની નાભિના પચમુખી બ્રહ્મા, ઈશ્વરકોટિના શક્તિ, શિવ, વિષ્ણુ અને બ્રહ્મા કડાગમાના ચોમકમુખી બ્રહ્મા—આ છ આત્માઓ અને તેમા નારાયણનો આત્મા ઉમેરતા કુલ્લે સાત આત્માઓ ગણાય છે આ સાતે આત્માઓ માયાના અધિષ્ઠાતાઓ હોઈ તેમના આત્માઓનો કદી મોક્ષ થતો નથી નારાયણને સમગ્ર માયાનો આત્મા કહેલો છે તમામ માયાને ક્ષર એટલે નાશવત કહેલી છે અને માયાના પ્રાણરૂપ આ સાત આત્માને "આત્મા" કહેલા છે અને સમગ્ર આત્માઓના આત્મામા વસેલ આત્માના અગુષ્ઠપુર ગૂઢાત્મા (યા આત્મતત્ત્વ યા આત્મજ્યોતિ) જે આત્મામા હોવા છતા આત્માથી પર એવુ નિર્મળ આત્મતત્ત્વ છે, જેને "સેલ્ફ" કહેલુ છે

આ "સ્પિરિટ" (એટલે આત્મા) અને "સે ફ" (એટલે નિર્મળ આત્મતત્ત્વ યાને આત્મજ્યોતિ)ને એક ગણી શકાય નહિ ઘણાઓ "મૅટર" (એટલે વસ્તુ) અને "સ્પિરિટ" (એટલે આત્મા) જુદા હોવા છતા એક જ છે એમ કહે છે, પણ તેઓએ આ અર્ધશબ્દને વચ્ચેથી ઉઠાવેલો છે

માયાથી સભર "મૅટર" (એટલે વસ્તુ) અને માયા ને પરમગતિથી મિશ્રિત ગ્રથિતત્ત્વ યાને સ્પિરિટથી સસારવ્યવહાર ચાલે છે ત્યા સુધી બેઉ એક લાગે છે પણ જ્ઞાનદશામા બને જુદા લાગે છે માયાના દેહ વિના સ્પિરિટ અને સ્પિરિટ વિના નિર્મળ આત્મતત્ત્વ (સેલ્ફ) રહી શકતા નથી જો કે બેઉ એક દેખાય છે, છતા બેઉ જુદા છે

ગ્રથિઆત્મા અને દેહના મિશ્રિતભાવવાળાને "જીવ" કહેવામા આવે છે માયાના દૈહિક ભાવોથી જે નશ્વર નથી તેને "આત્મા" કહેવામા આવે છે આત્મા માર્ગ ભૂલે તો પણ જે માર્ગ ન ભૂલે, પાપ ન કરે અને સર્વદા નિર્દોષ, અબાધ્ય અને અવિચળ રહે તેને "સેલ્ફ" યાને "નિર્મળ આત્મતત્ત્વ" યાને "આત્મજ્યોતિ" કહેવામા આવે છે

ઇચ્છા યા વાસના યા તૃષ્ણા યા અપેક્ષાનો એક તત્ત્વનો તત્ત્વગુણી માયાનો મહાકારણ દેહ અર્ધમાત્રામાથી મળે છે અને મોક્ષગમન કરતી વેળા આ ધામમા જ એ તત્ત્વનો દેહ છોડવામા આવે છે મન, બુદ્ધિ, ચિત્ત અને અહકારવાળો ચાર તત્ત્વનો સત્વગુણી માયાનો કારણ દેહ ઈશ્વરકોટિના અકારધામમાથી મળે છે અને મોક્ષગમન કરતી વેળા તે ધામમા જ ચારે તત્ત્વો છોડવામા આવે છે

શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ, એ પાંચ તત્ત્વનો રજોગુણી માયાનો સૂક્ષ્મદેહ દેવકોટિના મકારધામમાંથી મળે છે અને મોક્ષગમન કરતી વેળા તે ધામમાં જ પાંચે તત્ત્વો છોડવામાં આવે છે. પંચમહાભૂત, પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિયનો પંદર તત્ત્વનો તમોગુણી માયાનો સ્થૂલદેહ જીવકોટિના ઉકારધામમાંથી મળે છે અને મૃત્યુ પામતાં આ જગતમાં જ પંદર તત્ત્વો છોડવામાં આવે છે. તેથી સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે "પ્રણવવિજ્ઞાન"માં લખ્યું છે કે :

(મનહર છંદ)

મોક્ષે જનારો "ઉકારે", પંદરનું સ્થૂલ મૂકે;
"ઉકાર"થી બહાર જતાં, તામસ તજાય છે.
"મકાર"ની પાસે જતાં, પંચવિષયો ત્યાં છૂટે;
"મકાર"થી ઊંચે જતાં, રાજસ મુકાય છે.
"અ ઉ મ"ની સંધિ પાસે, ષડ્રિપુ છૂટી જાય;
મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, સત્ત્વ "અ"માં જાય છે.
માત્રામાં મહાકારણ દેહે, વાસના તત્ત્વ અશુદ્ધે;
છોડી આત્મા શુદ્ધ બની, મોક્ષમાં સમાય છે.

મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર—આ ચારેય અંતઃકરણ તમામ જડ છે, પણ આત્મચૈતન્યના બળથી સચેતન બની દરેક કાર્ય કરે છે, તેથી આત્મા કર્તા ભોક્તા હોવાથી તેને પાપ-પુણ્યનું બંધન લાગે છે.

જે પ્રત્યક્ષ અનુભવવામાં આવે તે જ્ઞાન યાને વસ્તુ જ્ઞાન છે. જેને "મેટર" (એટલે જડ વસ્તુ) કહેવામાં આવે છે, અને તે જડ વસ્તુઓ આત્મ-ચૈતન્યના ચૈતન્યબળથી ચાલે છે અને કાર્ય કરે છે. જેની શક્તિ દ્વારા તે કાર્ય કરે છે તે સ્પિરિટ છે.

મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર પણ જડતત્ત્વો છે. છતાં જેમ પકડવાનું કાર્ય હાથથી અને ચાલવાનું કાર્ય પગથી થાય છે, તેમ મનથી મનન કરવાનું, બુદ્ધિથી વિચારવાનું, ચિત્તથી ચિંતવન કરવાનું અને અહંકારથી કાર્ય કરવાનો છેલ્લો હુકમ મળે છે અંતઃકરણના આ ચારે તત્ત્વો જડ છે અને જેમ ઇલેક્ટ્રિકની સ્વીચ (એટલે બટન) દબાવાથી જેમ કરન્ટ મળે છે, તેમ જડતત્ત્વ ચૈતન્યની માફક કાર્ય કરે છે, એટલું જ નહિ પણ તે પોતાનો અનુભવ આત્મા સુધી પહોંચાડે છે અને તેને આત્મા ગ્રહણ કરે છે.

અંતઃકરણમાં ગ્રહણ કરવાની કોઈ શક્તિ નથી, પણ મહાકારણ દેહમાં ગ્રહણ કરવાની શક્તિ હોય છે. ચારે દેહોથી અગર બે કે ત્રણ દેહોથી જે

આત્મા બધાયેલો હોય છે તે તમામને "જીવ" કહે છે અને જે માત્ર મહા કારણ દેહથી બધાયેલો હોય છે તે "આત્મા" કહેવાય છે

ભૂતપ્રેત તથા સૂક્ષ્મદેહવાળા આત્માઓ તથા પ્ર દ ન ૭૧થી બતાવેલ કડાગમા પ્રવેશનાર અગર પ્રવેશેલા આત્માઓ, પ્ર દ ન ૭૫ મકાર આગળ, પ્ર દ ન ૬૭ યા ૩૭ મહાકાળના માથા ઉપર, પ્ર દ ન ૩૧ ને ૩૬ નારાયણની નીચે બતાવેલા છે તે તમામ "સ્પિરિટ" (એટલે આત્મા) છે જે વિભૂતિ આત્માઓ (જુઓ પ્ર દ ન ૩૯) અક્ષરધામ નારાયણના પગ તરફ અર્ધમાત્રાની નીચે બતાવેલ છે તે નિત્યમુક્ત આત્માઓ છે અને તેમનો મહા યોગીની શક્તિથી જન્મ થાય છે

આ બધાથી વધુ પૂર્ણ સ્પિરિટ તો નારાયણની ઉપર રહેલા આત્માઓ છે કે જે પ્ર દ ન ૮થી ૨૦મા બતાવેલા છે સદ્‌ગત મહારાજ શ્રીવલ્લભ રામે "પ્રણવવિજ્ઞાન"મા લખ્યુ છે કે જેવા માયાના ચાર દેહો છે, તેવા ચૈતન્યના ચાર દેહો છે એટલે કે જેવી રીતે માયાના સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહો છે, તેવી રીતે ચૈતન્યના પણ તેવા જ ચાર દેહો છે જેમા સ્થૂલથી આગળ સૂક્ષ્મ, કારણ અને મહાકારણ ચૈતન્યના દેહોને "સેલ્ફ" યાને "આત્મબ્રહ્મ" કહેલ છે જેમ સમુદ્રનુ જળ એક જ કહેવાય છે પણ તેમા માછલી પકવનાર, મોતી પકવનાર વગેરે જુદા હોય છે, તેમ ચૈતન્યનો મહાકારણ દેહ એટલે પરમાત્માના મુખ પાસેનો પ્ર દ ન ૬ને ૭વાળી શુદ્ધ પરમગતિ કરતા પ્ર દ ન ૧૦ને ૨૦વાળી આત્મજ્યોતિ જે પરમાત્માના ચરણનો સ્પર્શ કરી જમણા અગૂઠેથી પરમાત્માના સ્વરૂપમા સમાય છે તે ઉત્તમ છે કેમ કે આ આત્મજ્યોતિ યાને સેલ્ફ ક્રમાનુસાર વધનું અને સર્વ પ્રકારે સપૂર્ણ થતુ આત્મતત્ત્વ છે

યોગમાર્ગનો અનુભવ છે કે જ્યા સુધી આત્મચૈતન્ય ક્ષીણ ન થાય ત્યા સુધી તેમા માયા મિશ્રિત થઈ શકતી નથી એટલે કે અશુદ્ધ પરમગતિમાં મહાન વિભૂતિ આત્માઓ (પ્ર દ ન ૧૧મા) સોનું ગાળવાની કુલડીમાં જેમ સોનાના રવા ચોટી રહે છે તેમ રહે છે જો કે તેઓ માયામિશ્રિત ચૈતન્યતત્ત્વમા રહેલા હોય છે છતા માયાથી મુક્ત રહે છે એટલે કે નવસોનવાણું અશાત્મા પૂરા થઈ જાય તો તે ઉપરાતના આત્માઓ પ્ર દ ન ૧૧મા રહે છે અને સમર્થયોગીને જો તે વિભૂતિ આત્મા મેળવવાની ઈચ્છા હોય તો તે મેળવી શકે છે કેમ કે યોગના પરિબળથી તે મુક્ત વિભૂતિ આત્માને આવવુ પડે છે અને માયામા રહેવું પડે છે, પરતુ તે આત્મા મુક્ત હોઈ તેનુ માયાવી જીવન કર્તવ્ય પૂરનું હોય છે પ્રથમ તેને અનેક આત્માઓનો ઉદ્ધાર કરવો પડે છે અને તે

કર્યા બાદ છેલ્લે તેને પોતાના આત્મકલ્યાણ માટે શ્રવણ, મનન, નિદિધ્યાસન અને યોગસિદ્ધિ વગેરે કરવાં પડે છે. કેમ કે પહેલાંની તમામ શક્તિઓ તેને બીજાઓના આત્મકલ્યાણ કરવા માટે વાપરવાની હોય છે પણ પોતાને માટે વાપરવાની હોતી નથી. તેથી તેની નિવૃત્તિ તે જ તેના આત્માના કલ્યાણનો પાયો હોઈ તેને સ્વ માટે કરવાનું હોય છે. જો કે આ આત્મા જ્ઞાનાવધિ અને યોગાવધિ હોય છે છતાં જો તે એક સામાન્ય આત્માની માફક કાર્ય કરે તો જ મોક્ષ પ્રાપ્ત કરી શકે. અને જેમ સૂર્યનાં કિરણ માઈલોના માઈલો સુધી જઈ શકે છે અને જેમ ઈથરની હવામાં અવાજ સત્વર જઈ શકે છે, તેમ તે યોગીની ઈચ્છા બ્રહ્મમય બની જાય છે અને તે તુરત જ જઈ શકે છે. પરંતુ તે કદી ઈચ્છા કરતો નથી, છતાં કરે ત્યારે તે પૂર્ણ થયા વિના રહેતી નથી. આ વર્ણન વેદો, ઉપનિષદોમાં નથી પણ ફક્ત ન્યાયશાસ્ત્રના પરમગતિના વિષયમાં છે પણ તે સમજાય તેવું નથી. કેમ કે આમાં યોગ સભર ભરેલો છે.

ટૂંકા અર્થમાં માયામાં મશગૂલ રહે તે "જીવ", અને સમય આવ્યે પ્રભુ તરફ વળે તેને ઉપનિષદોએ "આત્મા" કહેલો છે. જો કે આ જ્ઞાનની જાણ પુસ્તકો વાંચવાથી થતી નથી પણ સાધક અનુભવથી જ જાણી શકે છે.

પંદર તત્ત્વનો સ્થૂલદેહ, પાંચ તત્ત્વનો સૂક્ષ્મદેહ, ચાર તત્ત્વનો કારણદેહ અને એક તત્ત્વનો મહાકારણદેહ છે. (ખાસ સૂચના: આ ચારે દેહોનું સ્પષ્ટીકરણ "પ્રકરણ ૫"ના પ્રશ્ન નંબર ૨થી ૬માં સંપૂર્ણપણે જણાવ્યું છે.) આ બધાં માયિક તત્ત્વો છે. જ્યાં સુધી મહાકારણ એટલે કે ઈચ્છા ન થાય ત્યાં સુધી અન્ય દેહો મેળવી શકાતા નથી. અને અન્ય સ્થળે સ્થૂલદેહ ધારણ કરવાનો હોય તો છ માસ અગાઉથી વૃત્તિ બદલાય છે અને જેમ જૂનાં કપડાં કાઢી નવાં કપડાં પહેરાય તેમ નવા દેહ તરફ લક્ષ જાય છે. અને જેમ સમગ્ર બ્રહ્માંડ આંખના પલકારામાત્રમાં ઉત્પન્ન થાય છે અને પૂર્વે જેમ હોય તેમ ચાલે છે, તેમ આત્મા એક દેહમાંથી બીજા દેહમાં વધુમાં વધુ ૨૪થી ૪૮ કલાકમાં જાય છે. પરંતુ ઈશ્વરકોટિ અને ગોલોકમાં જનાર પોતાનું પુણ્ય પૂરું ન થાય ત્યાં સુધી બીજે જન્મી શકતા નથી. મોક્ષે જનાર આત્માને માટે પણ મોક્ષમાં જવા માટે વધુમાં વધુ ૨૪ કલાક હોય છે પણ તે ઈચ્છા કરીને આવે ત્યારથી ગણાય છે.

(૩૭) શિષ્ય : આત્મા જેવો સૂક્ષ્મ પદાર્થ આ સ્થૂલ શરીરમાં શી રીતે રહે છે? શું સ્થૂલ શરીર તેને રોકી રાખે છે, કે તે પોતે રોકાઈ રહે છે?

વ્યાસ : આત્મામાં ચેતનાશક્તિ આપનાર અને જ્ઞાનપ્રભાવ ફેલાવનાર એવી મહાપ્રકાશિત વસ્તુ છે કે જેને પરમેશ્વરનું બીજું રૂપ યા પ્રતિબિંબ કહીએ

તો ચાલી શકે. તેની સત્તાથી આત્મા સ્થૂલદેહમાં રહે છે અગર દેહ છોડીને ચાલ્યો જાય છે અને સ્વપ્નમાં સ્થૂલદેહમાંથી સૂક્ષ્મદેહ વડે જનાર આત્મા બાહ્ય દુનિયાનો અનુભવ કરી આવે છે તે વખતે તે સૂક્ષ્મ દેહસહિત આત્મા જરૂર જાય છે. પરંતુ તેનું મૂળ યંત્ર આત્મજ્યોતિ આત્મતત્ત્વથી આચ્છાદિત શરીરમાં રહેલ હોવાથી તેને તુરત બોલાવી શકે છે. માટે આત્માના ઉદ્ધાર યા અનુદ્ધારનો, જીવવા યા ન જીવવાનો આધાર તથા ભૂત, ભવિષ્ય અને વર્તમાન સર્વ જાણનાર, લૌકિકમાં ન લપટાનાર અને અલૌકિકનો અનુભવ કરનાર એવું જ્ઞાનચૈતન્યરૂપ તે આત્મજ્યોતિ છે.

(૩૮) શિષ્ય : આત્મા નજરે દેખાતો નથી છતાં દેહનું ચૈતન્યત્વ અટકવાથી આત્મા જતો રહેવાનું ભાન થાય છે. તો આત્મા પ્રભુની સાથે એકાગ્ર થવાનું અને પ્રભુને પામશે તેની ખાતરીનું અનુમાન સાધન શું?

વ્યાસ : આપણા દેહમાં આત્મા છે છતાં આપણે આત્માનો એક ઉચ્ચાર પણ સાંભળ્યો નથી, તેનો સ્પર્શ કર્યો નથી, તથા નજરે જોયો નથી છતાં દેહના સંબંધને લીધે અનુમાન થઈ શકે છે. પરંતુ આત્મામાં રહેલ અદ્ભુત આત્માનો પ્રત્યક્ષ અનુભવ થતો નથી છતાં કદાચ તેનું અનુમાન થઈ શકે, પણ આત્મામાં રહેલ જ્ઞાનચૈતન્યતત્ત્વ એવી ગહન વસ્તુ છે કે જે સાથે રહેવા છતાં આત્માને તાબેદાર નથી. જેમ દાંતનું ચાવેલાનો જીભ સ્વાદ લઈ જાય છે પણ જીભના સ્વાદની ખબર દાંતને પડતી નથી, તેમ આત્માને યોગમાર્ગે દોષોનો અનુભવ શુદ્ધાત્મતત્ત્વ (એટલે આત્મજ્યોતિ) કરે છે પણ શુદ્ધાત્માના અનુભવની માહિતી આત્માને મળી શકતી નથી. કેમ કે પ્રત્યેક આત્મા માયાથી સંદિગ્ધ છે, જ્યારે શુદ્ધાત્મતત્ત્વ નિત્ય મુક્ત છે. અને તેનો જ સંબંધ નિર્વિકાર પરમાત્માથી જોડાયેલો છે. પ્રભુ (એટલે પરમાત્મા) નજરે દેખાતો નથી, તેમ તેનો અનુભવ શુદ્ધાત્મતત્ત્વની દૃષ્ટિ સિવાય કોઈ આત્મજ્ઞાનીથી પણ આત્મા વડે થઈ શકતો નથી, તેથી જેમ અર્જુન સર્વકાર્ય કરનાર હતો પણ તેની મૂળ ચાવી તો કૃષ્ણ હતા, તેમ કર્તારૂપ તરીકેનું સર્વ આરોપણ આત્મામાં છે, પણ તેના કલ્યાણના માર્ગમાં તેની મૂળ ચાવી શુદ્ધાત્મતત્ત્વ છે. માટે શુદ્ધાત્મતત્ત્વની ભાવનામાં અને તેની પ્રાર્થનામાં પરમેશ્વર સર્વશક્તિમાન છે તેના કરતાં કાંઈક ઓછી છતાં તેના જેવી જ સર્વશક્તિમાન શક્તિ શુદ્ધાત્મતત્ત્વમાં સમાયેલી છે કે જે અદૃશ્ય છે. પરમસિદ્ધ પુરુષો સિવાય તેને કોઈ જાણતું નથી અને તે આત્મજ્યોતિ સર્વ કાંઈ કરે છે છતાં કાંઈ જ કરતી જણાતી નથી (જેમ પ્રભુને કર્તા અને અકર્તાં બંનેપણું છે). અગ્નિની પરીક્ષા લેનાર દાઝી જાય છે, વીજળીની પરીક્ષા લેનાર ઝટકો ખાઈ મૃત્યુ પામે છે, તેમ આત્મતત્ત્વની પરીક્ષા લેનાર પોતાનું અકલ્યાણ

અને સર્જનાશ કરે છે સત્ અને અસત્ તેનાં રૂપ છે અને જેવી દૃષ્ટિથી જોવાશે તેવું દેખાશે માટે હે જિજ્ઞાસુઓ! અહબુદ્ધિ છોડી દઈ, અહંકાર અને મમતા ત્યાગી એ હૃદયસ્થિત વિચાર, ઇચ્છા, વાણી અને કર્મથી એકીભાવથી સ્થિર થાઓ! આત્મનૌકા પરમાત્મા યા સદ્ગુરુના હાથમા સોપી દો અને વિદ્યુતપ્રકાશ સમાન ક્ષણસ્થાયી જીવનઆસક્તિઓનો ત્યાગ કરી પરમગુરુના ચરણોનું શરણ કરો, પરમપ્રેમથી આત્મા વડે આત્મદેવની પૂજા કરો, એમની આજ્ઞાનુસાર ચાલો, એની કૃપા મેળવો કે જેથી તમારા સર્વ દુ ખો દૂર થશે, તે તમારી કવચ સમાન રક્ષા કરશે. કલિયુગ તમારા ઉપર પોતાનો પ્રભાવ નાખી નહીં શકે, અને કૂટસ્થ આત્મતત્ત્વની ભક્તિથી એ કૂટસ્થ આત્મા પરમતત્ત્વની ભક્તિ કરતો હોવાથી ઘોર કલિયુગમા સત્યયુગનુ તત્ત્વ સચવાશે અને સમય જતા સત્યયુગનુ સામ્રાજ્ય સ્થાપિત થશે.

(૩૯) શિષ્ય હાવે વિજ્ઞાનીઓ બહુ જ શોધ કરી આગળ વધી રહ્યા છે, પણ તેઓ આત્માની અને પ્રભુની શોધ યા તેઓના અનુભવ કોઈ પણ ભૌતિક વસ્તુના આધારે કરી શકશે કે?

વ્યાસ અત્યારે સાયન્સની ઘણી શોધો ચાલે છે પ્રભુના સર્જનરૂપ સસાર અને સસારની વસ્તુઓ છે, તેના ગુણો અને શક્તિઓની શોધ વિજ્ઞાન વેત્તાઓ કરે છે, કિંતુ તે તમામના સર્જક પ્રભુની ખોજ કોઈ કરતા નથી પ્રભુસર્જિત સર્વ વસ્તુઓ જીવાત્માની જરૂરિયાતો પૂરી કરવા માટે છે તેનો સદુપયોગ કરવો જોઈએ, તે બહુ યોગ્ય છે પણ સ્થિર રહેતી ધરતીમા ધરતી કપ થાય છે, જ્વાળામુખી ફાટે છે, જળ ત્યા સ્થળ અને સ્થળ ત્યા જળ થાય છે આ વસ્તુઓને સાયન્સની દૃષ્ટિથી શોધાય છે પણ તેના સર્જનહારને શોધાતો નથી વિજ્ઞાનની મદદથી ઇજનેરો મોટા અને ઊંચા મકાનો બનાવી શકે છે, પરતુ દરેક મકાનને થાભલા મૂકવા પડે છે, તો અતિ વિશાળ આકાશનુ સ્તંભ વિનાનુ સર્જન કેટલુ અદ્ભુત છે કે જેને એક પણ થાભલો નથી સમયાનુસાર ઋતુઓ બદલાઈ તેની અસર કરે છે આકાશમા "ઇથર નામક હવા રહેતી હોવાથી રેડિયો અને વાયરલેસો ચલાવી શકાય છે, પરતુ આકાશમા એવુ કયું તત્ત્વ છે કે જે ઇથર હવાને સગ્રહી શકે છે અને શબ્દને સર્વવ્યાપક બનાવે છે? આ તો વિશ્વના મહાન સાયન્ટિસ્ટ અને ઇજનેર પ્રભુની શક્તિ અને કૃતિ માનવદૃષ્ટિએ જોવાની વાત થઈ, પણ આધ્યાત્મિક દૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે માનવબુદ્ધિનો સદુપયોગ કરવાની આવશ્યકતા છે પ્રત્યેક શરીરમા જીવને પ્રવેશતા કે નીકળી જતા દૂરબીનો લઈને જોવા છતા, તેમ જ નાની વસ્તુને મોટા સ્વરૂપમા જોવાય તેવા સાધનો લઈને જોવા છતા ન દેખાય

તેવો અતિ સૂક્ષ્મ જીવ યા આત્મા યા ચેતન કેટલું શક્તિમાન છે કે જેનાથી જડ દેહો ચાલે છે અને તે ચેતનમા એટલી વિશાળ તાકાત છે કે પોતાના માનવદેહના ચારપાચ મણના વજનને હલાવે ચલાવે છે, તદુપરાત પાચ મણનો થેલો પણ ઊચકાવી શકે છે અને તે જીવ જ્યારે દેહ છોડે ત્યારે તેને જતો કોઈ પણ રીતે કોઈથી દેખી શકાતો નથી તેમ જ તેને રોકી શકાતો નથી આવી ચેતન વસ્તુનુ સર્જન જે પરમેશ્વરથી થયેલુ છે, અર્થાત્ જેની પરમચેતનામાથી ચેતન ગ્રથિઓ અગ્નિના તણખારૂપે પ્રગટી છે, તે પરમચેતના પરમેશ્વરની શોધ જેમણે કરી છે તેઓ ઋષિમુનિઓ અગર ધર્મગુરુઓ કહેવાયા છે તેમા શોધ કર્યા પછી તે પ્રભુની પ્રાપ્તિનો જે સરળ માર્ગ તેમણે નક્કી કર્યો તેના નિયમો ઘડાયા છે અર્વાચીન સમાજ જો કોઈ વૈજ્ઞાનિક પોતાના અનુભવની વાત કરે તો તે માની લેવા તત્પર છે, પરતુ ધર્મજ્ઞાતાઓના અનુભવની વાત એટલે સત્શાસ્ત્રોને, ઉપનિષદોને તથા તેમના અનુભવી વચનોને માનવા તૈયાર નથી તેનુ મુખ્ય કારણ એ છે કે તે માર્ગમા માનવ ઊતરવા ઇચ્છતો નથી તેનો અનુભવ કરવા સુધીની કુશાગ્રબુદ્ધિ (એટલે તીવ્ર બુદ્ધિ), સયમ, સહનશીલતા અને ધીરજ ધારણ કરી શકતો નથી તેથી જેમ અજ્ઞાન બાળકને હથેળીમા ચાદ જોવાની ઇચ્છા થાય છે, તેમ માયામોહના જડવાદમા ફસેલા દરેક જીવાત્માને વગર મહેનતે પ્રભુ જોવાની ઇચ્છા થાય છે તેથી તેઓ ધર્મજ્ઞાતાઓ સમક્ષ એમ કહે છે કે જો પ્રભુ હોય તો અમને પ્રત્યક્ષ બતાવો? પરતુ ચાણક્ય ધર્મજ્ઞાનીઓ જો તેમને પૂછે કે દુનિયા ઉપર લડન કે ન્યૂયોર્ક છે? ત્યારે તે "હા" કહેશે ત્યારે ધર્મવિત્તા પૂછે કે, જો હોય તો અમોને અહીં બતાવો? ત્યારે તે માણસ જવાબ આપશે કે, તે અહીં બેઠા જોવાય નહિ, પણ જો લડન યા ન્યૂયોર્ક જોવા હોય તો સ્ટીમર કે એરોપ્લેન દ્વારા તે સ્થળોએ જાઓ તો જ તે દેખાશે ધર્મવાન આ પછી અર્વાચીન માનવને કહે છે કે, જેમ લડન અને ન્યૂયોર્ક જોવા તે સ્થળે જવુ પડે છે અને સ્ટીમર કે એરોપ્લેનમા બેસવુ પડે છે, તેમ પ્રભુ તો આ સ્થળો કરતા અનતગણો દૂર છે, તો તે પરમાત્માના દર્શન કરવા માટે માનવ દૈહિક જડચક્ષુઓ ત્યજી, પ્રજ્ઞા (એટલે જ્ઞાન) ચક્ષુઓ અને ધર્મમાર્ગે આગળ વધીને બ્રહ્મદૃષ્ટિ પ્રાપ્ત કરો તો જ પરમાત્માને પૂર્ણ રીતે જાણી શકશો, અને ત્યારે જ તેને જ્ઞાનચક્ષુ યાને બ્રહ્મનેત્રો વડે દેખી શકશો જેમ કુરુક્ષેત્રમા મહાભારતના યુદ્ધ વખતે કૃષ્ણપ્રભુએ અર્જુનને વિરાટસ્વરૂપના દર્શન કરાવ્યા ત્યારે તું મને જુએ છે એમ પૂછ્યુ, તો તેણે ના પાડી પરતુ જ્યારે પ્રભુએ નરને (અર્જુનને) દિવ્યચક્ષુઓ આપ્યા ત્યારે તે વિરાટસ્વરૂપનાં દર્શન કરી શકયો અને તે સાથે ભીષ્મ, દ્રોણ, ધર્મ વગેરે પ્રજ્ઞાચક્ષુ જ્ઞાનનેત્રો

વાળા પુરુષો હતા તેમણે પણ પ્રભુના વિરાટસ્વરૂપના દર્શન કર્યાં હતાં, તે સિવાય અન્ય લાખો માણસોને દર્શન થયા ન હતા તે પ્રમાણે જ્ઞાનદૃષ્ટિ વા બ્રહ્મદૃષ્ટિ પ્રાપ્ત કર્યા સિવાય આત્માને કે આત્મબ્રહ્મને (એટલે આત્મજ્યોતિને) કે પરમાત્માને કોઈથી જોઈ શકાતા નથી માટે અર્વાચીન બુદ્ધિશાળીઓએ મિથ્યા વિતંડાવાદના વચનો ઉચ્ચારવા ન જોઈએ તેથી કહ્યુ છે કે

(સાખીઓ)

બે પ્રકારની દર્શનશક્તિ, જીવાત્મામા ખુલ્લી જણાય,
એક છે કેવળ સ્થૂલ, ને બીજી દિવ્ય ગણાય ૧
નેત્રે દેખે દર્પણમા, પોતાનુ બાહ્ય સ્વરૂપ,
યોગબળથી જીવાત્મા દેખે, પોતાનુ સૂક્ષ્મ સ્વરૂપ ૨
સ્થૂલદૃષ્ટિથી જીવાત્માને, લૌકિક પદાર્થ દેખાય,
દિવ્યદૃષ્ટિથી જીવાત્માને, સ્વસ્વરૂપની જાણ થાય ૩
આત્મારામનો સાક્ષાત્કાર, બાહ્યચક્ષુ વડે ન થાય,
કેવળ આત્માનો અનુભવ, જ્ઞાનચક્ષુ દ્વારા જ થાય ૪
યુગોથી માનવે વધાર્યું, પોતાનુ લૌકિક જ્ઞાન,
યુગોથી સ્વાત્માને ન જાણ્યો, એટલુ જ છે અજ્ઞાન ૫
સ્વાત્માને જાણવો, એ જ છે સાચુ જ્ઞાન,
પોતાને પોતે ન જાણવો, એ જ છે અઘોર અજ્ઞાન ૬
લૌકિક જ્ઞાનની ડિગ્રીથી, ભૌતિક લાભ થાય,
સ્વાત્માની જાણ કરાવે, એ જ જ્ઞાન શ્રેષ્ઠ કહેવાય ૭
વસ્તુત જ્ઞાન જાણવાનો, એક છે સરળ ઉપાય,
કેવળ સ્વાત્માને જાણવાથી, વસ્તુત જ્ઞાન થાય ૮
કલિના હડહડતા યુગમા, કયું જ્ઞાન છે શ્રેષ્ઠ?
કેવળ સ્વાત્માને જાણવો, એ જ જ્ઞાન છે શ્રેષ્ઠ ૯
દરેક મનુષ્યના અતરમા, છે જાતજાતનું જ્ઞાન,
સ્વાત્માને નથી જાણતો, એટલુ જ છે અજ્ઞાન ૧૦
અણુનુ સામર્થ્ય શોધનાર, કેવળ છે આત્મારામ,
નિજ સામર્થ્યને અનુભવી, જાવ પરમાત્માને ધામ ૧૧
રહ્યો ખજાનો હૃદયગુહામા, પણ ઢૂંઢે માનવ બહાર,
કેવળ આત્મખોજ કરવાથી, હાથ આવે ભંડાર ૧૨
વૈદિક ધર્મશાસ્ત્રોમા, એક જ છે તત્ત્વસાર,
મારુ તારુ છોડી દઈ, કરો આત્મતત્ત્વનો વિચાર ૧૩

મન, બુદ્ધિ વડે, આત્મા ન જણાય,
કેવળ પ્રણવોપાસના વડે, આત્માની જાણ થાય ૧૪
શ્રવણ, પ્રવચનો વડે, આત્મા ન ઓળખાય,
આત્મામા રહેલ આત્મતત્ત્વ વડે, આત્માની જાણ થાય ૧૫
નત્ય સ્વરૂપનો અનુભવ, શુ કરવાથી થાય?
"વલ્લભ" દેહાભિમાનને તજવાથી, કેવળ સ્વાત્મા અનુભવાય ૧૬

(૪૦) શિષ્ય દેહ છોડનાર આત્માનો ન્યાય કોણ કરે છે? અને તે ન્યાયાધીશ આત્માને શુ આદેશ આપે છે?

વ્યાસ તમારા પ્રશ્નનો ઉત્તર "પ્રકરણ ૬"ના પ્રશ્ન નબર (૯)મા પૂર્ણ-પણે જણાવ્યો છે, તે વાચી લેશો

(૪૧) શિષ્ય શુ દેહ છોડનાર આત્મા કેવી ગતિ કરશે તે વિષ્નો બતાવતો જાય છે?

વ્યાસ પ્રથમ ગર્ભમા જીવાત્મા ક્યારે પ્રવેશ કરે છે, તે પણ જાણવું જોઈએ. માતાના ગર્ભમાં પાચમા માસમા જીવપ્રવેશ થાય છે છતા કેટલાક ખાસ કેસોમા સાત યા નવ મહિને જીવપ્રવેશ થાય છે જેમ અભિમન્યુનો જીવ પાચમે પ્રવેશ્યા છતા બહાર ભ્રમિત રહેતો હતો ઈશ્વરી અવતારો અને વિભૂતિ આત્માઓ કોઈક વખતે પાંચમે તો કોઈ વખત સાતમે પ્રવેશી તે દેહમા ન રહેતા બ્રહ્માડમા ભ્રમિત રહે છે તથા નવમા માસમાં ગર્ભમાં સ્થિર રહી થોડો સમય ગર્ભદુ ખ ભોગવે છે દેહ છોડી બીજા ગર્ભમા જનાર મમન કે સ્થાન નક્કી કરી શકતા નથી તથા ક્યા જવાનુ છે તે જાણી શકતા નથી પણ તેનો પ્રેમ પોતાના ચાલુ દેહ ઉપરથી ઊઠી જઈ નવા દેહ પ્રત્યે સ્વત દોરાય છે અને નવા દેહ ઉપર પ્રેમ લાગતો હોઈ "વાસા ત્યા બાના" થાય છે તેથી સદ્ગુરુ શ્રીવલ્લભરામે લખ્યુ છે કે :

(કુંડળિયો)

મરણ વખતે જાયે મતિ, થાય ગતિ તે ઠામ,
પૂર્વ અભ્યાસી મૂળનો, સૂઝે તે જ મુકામ
સૂઝે તે જ મુકામ, જેમ તિમિરે નવ નીરખે,
પણ પહેરે ઉપાન, માટ અભ્યાસે પરખે.
કહે છે "વલ્લભરામ", મતિ ત્યા ગતિ જ થાયે,
મૂળ જેનો જ્યા પ્રેમ, જીવ તેનો ત્યાં જાયે

કોઈ પણ મનુષ્યનું મૃત્યુ થવાનું હોય ત્યારે તેના મરણચિહ્ન બારીક નજરેથી જોવાય તો તે આત્મા કયાં જશે તે સમજી શકાય છે અધોગતિનાં

લઘુશંકા, દસ્ત અને વીર્યદ્વાર એમ ત્રણ દ્વારો છે જો લઘુશંકા સાથે જીવ જાય તો ધન, સંપત્તિ ખાતર પ્રેત, સર્પ યા વિષયવાસનાથી ભરપૂર કીડામા જન્મે, વીર્યથી જીવ જાય તો તે બ્રહ્મરાક્ષસ, જીન અગર ખરાબ પ્રેતમા (એટલે પિશાચ જેવી યોનિમા) અવતરે અને લાબુ જીવી અનેકને દુ ખી કરે, અને જો દસ્ત દ્વારે જીવ જાય તો અમુક વર્ષો પ્રેતયોનિ ધારણ કરી તેમાથી મુક્ત થવા અને લખચોરાશી અવતારોમાથી છૂટવા ઇચ્છે તેવો ખરાબ અવતાર લે છે મુખદ્વાર વચ્ચેની ફૂકથી દેહ છોડનાર આત્મા લખચોરાશીમા જાય, તેમા એક ફૂકે છૂટનાર ઝાડ, પહાડમા (એટલે પ્ર દ ન ૮૯થી બતાવેલ જડાત્મામા) અને બે ફૂકે છૂટનાર પશુ, પક્ષીમાં (એટલે પ્ર દ ન ૮૫થી બતાવેલ જીવાત્મામા) જાય છે મુખની ડાબી બાજુથી છૂટનાર કીટ, પતગમાં (એટલે પ્ર દ નં ૮૫થી બતાવેલ જીવાત્મામા) જાય છે અને મુખની જમણી બાજુથી છૂટનાર પશુ, પક્ષીના અવ તારમા (છતા ઘણા સુખી એટલે રાજા મહારાજાના માનીતા શ્વાન કે અશ્વ જેવા અવતારમા) જાય છે જમણા નાકેથી છૂટનાર સ્વર્ગલોકમા, સૂર્યાદિના ઊંચા લોકમા, બંને નાસિકાના સરખા શ્વાસથી છૂટનાર પિતૃલોક, તપલોક, સત્યલોક આદિમા અને ડાબી નાસિકાથી છૂટનાર સ્વર્ગલોકમા, અપ્સરા તથા ગાંધર્વલોક આદિ દેવલોકમા જાય છે ડાબા કાનેથી છૂટનાર બ્રહ્મપુરીમા કે શિવલોકમા જાય છે જો કાનની બુટ્ટી ઉપર વળી જાય તો શિવલોકમા અને નીચે વળી જાય તો બ્રહ્મલોકમા એટલે ત્યાના સામાન્ય લોકોમા જાય પણ જો જમણા કાનની બુટ્ટી વળી જાય તો ત્યાના ઊંચ અને સત્તાધારી શિવલોક અને બ્રહ્મલોકમા જાય જો જીવ ડાબી આખના ડાબા ખૂણેથી જાય તો વૈકુઠમાં અને વચ્ચેથી જાય તો ચોસઠમુખી બ્રહ્માના બ્રહ્મલોકમા અને જમણા ખૂણેથી જાય તો શક્તિલોકમાં જાય અને ઊંચસ્થાન પ્રાપ્ત કરે છે જો જીવ જમણી આખના ડાબા ખૂણેથી જાય તો અક્ષરધામ ગોલોકમા તથા વચ્ચેથી જાય તો અશુદ્ધ પરમગતિમા અને બેથી વધુ પલકારા મારી આખમાથી પાણી સાથે વચ્ચેથી જાય તો શુદ્ધ પરમગતિમા, અને ત્રણ પલકારા મારી જમણી આંખના જમણા ખૂણેથી જાય તો તે આત્મા મોક્ષમા જાય છે મોક્ષ પામવા ઉપરાતનું જેટલુ વધારે પુણ્યબળ હોય તેટના આખના પલકારા વિશેષ થાય, તે પરથી ત્રણ પલકારે એક આત્માનો મોક્ષ કરવાની શક્તિનુ પુણ્ય ગણાતું હોઈ મરનારના પુણ્યની શક્તિ જાણી શકાય

(૪૨) શિષ્ય હુ કોણ છુ, એનો ખુલાસો આપશો?

વાસ્ત "હુ" ઉપરનીચે, ઉત્તરદક્ષિણ, સર્વ ઠેકાણે છે કોઈ શકા કરે કે, માણસ તો અમુક જાતિનો, અમુકનો દીકરો છે પણ "હુ"નું ખરુ સ્વરૂપ ×

આત્મા છે તે આત્મા ઊચે નીચે સર્વ દિશાઓમા સર્વ સ્થળે છે, પરતુ આત્માની શક્તિ આત્મા દેહના બધનમા રહેલો હોઈ અલ્પ છે અને બ્રહ્મની (એટલે પરમાત્માની) શક્તિ પરિપૂર્ણ છે જેમ કૃષ્ણપ્રભુ અર્જુનને ભૂમાનારાયણ પાસે લઈ ગયા ત્યાર નારાયણની જ્યોત ખડિત દેખાતી હતી ત્યારે અર્જુને પૂછ્યુ કે, આ તો અખડ જ્યોતિ છે તે છતા ખડિત કેમ છે? કૃષ્ણપ્રભુએ ઉત્તરમા કહ્યુ કે, "તેટલો હુ છુ" ત્યાર અર્જુને કહ્યુ કે, મને તે પૂર્ણ જ્યોતિના દર્શન કરવાની ઇચ્છા છે તેથી કૃષ્ણપ્રભુએ પોતામા આવેલ તેજસ તત્ત્વ ભૂમા નારાયણમા અર્પણ કર્યું એટલે તે જ્યોતિ પૂર્ણ થઈ પછી અર્જુને તે તત્ત્વ સહિત પાછા પૂર્ણ થવા કૃષ્ણને સ્તુતિ કરી આ રીતે આત્મજ્યોતિ પરમજ્યોતિમા નિમગ્ન અગર લય થઈ જાય તેને "બ્રહ્મમિલન" કે "આત્મમિલન" કહેવાય છે અને તેના જ્ઞાનથી બ્રહ્માત્મક કીડા થાય છે, આત્મામા પ્રેમ થાય છે અને આત્મામા આનદના મહાસાગર ઘૂઘવે છે જગત જીવોની દૃષ્ટિએ તે કદાચ ભિખારી અને દુ ખી દેખાય છતા આત્મિક દૃષ્ટિએ તે સમૃદ્ધિવાન, સુખી તથા આનંદમગ્ન બને છે, એટલુ જ નહિ પણ તે સ્વાત્માનદી સમ્રાટ થાય છે તેના આત્માની શક્તિ એટલી આગળ વધી જાય છે કે તેની ઇચ્છા તે પ્રભુઇચ્છા બને છે અને તેની ઇચ્છા બધે ઠેકાણે પરિપૂર્ણ થાય છે

(૪૩) શિષ્ય ઈશ્વરાભિમુખ થવુ તે દરેક આત્માની ફરજ છે લૌકિક કાર્યો પ્રભુને સમર્પણ કરાય તો આત્માને પાપ અને મોહબધનમા ફસાવુ પડતુ નથી તેથી તે પણ યોગ્ય છે, પરતુ જે સત્કર્મ કરીએ તે જો પ્રભુમા સમર્પણ કરી દેવાય તો તેનાથી આત્માને જે પુણ્યફળ મળે તે પણ પ્રભુને જ અર્પણ થઈ ગયુ હોવાથી તે આત્માને મળે નહિ અને તેથી આત્મા નિર્વાણપદની પ્રાપ્તિ કરી શકે નહિ માટે આપનો અભિપ્રાય જણાવો

વ્યાસ દેહના સબધના અધ્યાસથી દેહ અને આત્માના પ્રાણયુક્ત મિલન ને સવ જીવાત્માઓ અહમ્ (હુ) કહે છે અને તે 'હુ' દેહોમા રહેવા છતા દેહોને ચલાવનાર જે મૂળ યત્ર છે, તે ચૈતન્યરૂપ આત્મા છે, જેને ગ્રથિ એટલે કે માયાના મિશ્રણવાળુ અહમત્વવાળુ જ્ઞાનચૈતન્યતત્ત્વ પણ કહેવામા આવે છે આ આત્મામા "મારો દેહ" એવી ભાવના હોવાથી દેહ પરત્વે મમત્વ રહે છે અને પ્રાણયુક્ત મન-બુદ્ધિ ચિત્ત અહકારથી માયામિશ્રિત અને સ્વાન થયેલ જ્ઞાનચૈતન્ય તત્ત્વને પ્રાણસયુક્ત દેહો મારો આત્મા કહે છે અને તે આત્માની ક્રિયાશક્તિ વડે તે ચેતન થતાં હોવાથી અને ક્રિયાવાન બનતા હોવાથી આત્માને "મારો આત્મા" કહે છે આમ લૌકિક તત્ત્વો માયાથી પર એવા પરમતત્ત્વને જાણતા, સમજતા કે અનુભવતા નથી, તો તે પોતાના આત્માનો ઉદ્ધાર થાય, આત્મા

માયામાથી મુક્ત થાય એમ કદી ઈચ્છે કે આત્માને માયામા રાખવા ઈચ્છે? જેમ સાસારસુખની અભિલાષાવાળી સ્ત્રી પોતાના પતિને મોહાસક્તિમા રાખવા ઈચ્છે છે તેમ માયાવી તત્ત્વો આત્માને મુક્ત કરવા નહિ, પણ માયામા ઘેરાયેલ રાખવા ઈચ્છે છે જેમ કેદી પોતાની સાથે કેદમા રહેલો અને મિત્ર બનેલો કોઈ કેદી મુદત પૂરી થતા જેલમાથી છૂટે ત્યારે કહે છે કે, ભાઈ! તમો હતા ત્યારે ઘણી ગમ્મત કરતા, આનદ આવતો હતો, હવે તમે જેલમાથી જશો તો તમારા વિના અમને ગમશે નહિ, તેમ જ દેહ ત્યજનારા સગા-સ્નેહી કુટુબીઓ પણ મુક્ત થનારના મૃત્યુથી સ્વાર્થી હેતુથી કલ્પાત કરે છે અર્થાત કોઈ તેને મુક્ત થવા દેવા ઈચ્છતા નથી લૌકિકતત્ત્વો માયાની મુક્તિ ચાહતા નથી એમ સરળતાથી સમજાય છે તો મારા એવા "અહમ્ મમ્ના" બે ભાવ રહે છે માયામા રહેવા છતા જેને માયાનો સ્પર્શ થતો નથી, લૌકિક કર્મો યા પાપ કરતી વખતે જે આત્માનો સાથીદાર થતો નથી અને મોહ, લોભ, વિષયા દિની માયાવી પ્રવૃત્તિમા જતા આત્માને જે તેનો ગુરુ બનીને, દ્રષ્ટા બનીને (સૃષ્ટા કે કર્તા બન્યા વિના) અટકાવે છે, લગામ ખેંચી અવરોધે છે અને નીચે (એટલે નીચ કાર્યમાં) ન જવા દેવા આત્માને શોભાવી "રુક જા"નો આદેશ આપે છે, તે પવિત્ર તત્ત્વ જ "અહમ્' બની માયામિશ્રિત આત્માને "મારો આત્મા" કહી તેનું આત્મકલ્યાણ ઈચ્છે છે કેમ કે આ નિર્મળ પવિત્ર તત્ત્વ વેશ્યારૂપી માયાના મોહબધનમા ફસેલ આત્મામા ફસાયેલુ હોવા છતા સર્વદા નિર્મળ, નિર્દોષ રહેતા બ્રહ્મચારીની માફક માત્ર પરમબ્રહ્મમા જ લક્ષ્ય રાખી સ્થિતપ્રજ્ઞ બનીને વસે છે તે કોઈ મોહ, આકાક્ષા કે સ્વેચ્છા રાખતુ ન હોવાથી સર્વદા નિર્દોષ, પાપમુક્ત, નિર્લેપ અને અવિચ્છિન્ન બ્રહ્મરૂપ રહે છે જેમ અણુનું એક જ બિંદુ હજારો હોર્સપાવરના યત્રોને ચલાવવા શક્તિમાન છે, તેમ આધ્યાત્મિક અણુ જ્ઞાનચૈતન્યનુ બિંદુ એટલે આત્મતત્ત્વ, આત્મજ્યોતિ, બ્રહ્મજ્યોતિ યાને કૂટસ્થબ્રહ્મ છે તેથી જ તેને "સર્વં ખલ્વિદ બ્રહ્મ" (શ્રુતિ) કહેલ છે કેમ કે જગતના તમામ આત્માઓના હૃદયમા જ્ઞાનચૈતન્ય પરમગતિનું શુદ્ધ બિંદુ વ્યાપક છે અને તે શુદ્ધ તત્ત્વનો કાસડી સજીવ પરબ્રહ્મ, પરમ તત્ત્વ સાથે છે તેથી આકાશમા રહેલી પરમગતિમા અને આત્માના હૃદયાકાશમા રહેલ પરમગતિના બિંદુમા પરમચૈતન્ય પરમેશ્વરનો જ્ઞાનચૈતન્ય પ્રવાહ (ઈલેક્ટ્રિક પાવર સ્ટેશનનો પ્રવાહ દરેક વાયરમા વ્યાપે છે તેમ) સર્વદા વ્યાપક રહેતો હોવાથી આત્મામા રહેલ કૂટસ્થબ્રહ્મ પરમબ્રહ્મના મિલનને જ ચાહ્યા છે, પરંતુ તેને માયાતત્ત્વથી મિશ્રિત બનેલ ગ્રથિતત્ત્વનુ બધન (એટલે આચ્છાદન) હોવાથી તે ગ્રથિતત્ત્વનું બધન ન છૂટે ત્યા સુધી પોતે પ્રભુમા મળી શકતું ન હોવાથી

તે "બ્રહ્મત્વ" યાને "આત્મતત્ત્વ" પોતાના આત્માનો ઉદ્ધાર ઇચ્છે છે. એટલે કે તે આત્માને ગ્રંથિતત્ત્વથી મુક્ત કરી પ્રભુમાં સમર્પણ કરી દેવા ચાહ્ય છે. જેમ ચિનગારી ભડકામાં, નદી સમુદ્રમાં ભળી જવા ચાહ્ય છે, જેમ દિવસના સમયે કરેલા દીવાનો પ્રકાશ પોતાનાથી વધુ પ્રકાશિત એવા સૂર્યના મહાપ્રકાશમાં ભળી જાય છે, તેમ જ્ઞાનચૈતન્યનું તત્ત્વ તેના પરમજ્ઞાન તત્ત્વમાં ભળી જવા ચાહ્ય છે. વિપ્રો અગર ભક્તો સમુદ્રને અંજલિ આપે છે ત્યારે પાંચ-દશ ટીપાંની અંજલિ સમુદ્રમાં પડવાથી તે થોડા જળથી કાંઈ સમુદ્રની સપાટી વધી જતી નથી કે તે ઊભરાઈ જતો કે છલકાઈ જતો નથી. એટલે તે અંજલિ સમુદ્રને કોઈ રીતે વૃદ્ધિકર્તા કે મદદરૂપ નથી. પરંતુ મહાપુરુષો એવી ભાવનાથી સમુદ્રને અંજલિ આપે છે કે, મારી અંજલિનું વારિબિંદુ નાના રૂપમાંથી મહાન સમુદ્રમાં ભળી જઈ સુકાઈ ન જાય તેવા મહાન સમુદ્રરૂપ થઈ જાય, તેમ જ પરમાકાશે જે સદા સત્‌ચિદ્‌રૂપ, અવિચળ, અખંડ, માયાતીત, અક્ષરબ્રહ્મ-ૐકારના મૂળરૂપ પરમબિંદુ છે, તેમાં આત્મકૂટસ્થ બિંદુ ભળી જતાં તે અલ્પબિંદુ અલ્પમાંથી વિરાટ્ અને મહાન બને છે. તે બિંદુસ્વરૂપ પરમેશ્વર કદી માયામાં આવતો નથી, જન્મતો નથી, મરતો નથી અને શુદ્ધ કૈવલ્ય જ્ઞાનચૈતન્યરૂપ જ રહે છે. તે જ પરમાત્માની જ્ઞાનચૈતન્યવાળી પરમગતિનું એક બિંદુ કે જે પ્રત્યેક આત્માના આત્મહૃદયમાં શુદ્ધ જ્ઞાનચૈતન્યરૂપ નિર્દોષ અને નિર્લેપ રહે છે. આ રીતે એક મહાન બિંદુ સંસાર અને માયામાં લપટાયેલ, બંધાયેલ ગ્રંથિરૂપ આત્માના હૃદયમાં રહે છે, તે માયાથી પર યાને માયામોહથી નિર્મોહી અને નિર્લેપ રહે તે સહજ સ્વાભાવિક છે. માયાના મોહ-લોભના કે પ્રેમના પ્રવાહના પૂર ઇંદ્રિયોને ખેંચી જતાં અને ડૂબકાં ખવડાવતાં હોઈ વિષયોની પ્રપંચજાળની ભૂલભૂલામણીમાં ભૂલા પડેલા આત્માની સાથે આત્મતત્ત્વબિંદુ કે જે આત્માના હૃદયમાં જ રહે છે તે પોતાના પરમતત્ત્વબિંદુને એટલે મોક્ષને ભૂલતું નથી. તેથી જ તેને "બ્રહ્મત્વ" કહેલું છે; ત્યારે બીજું જ્ઞાનચૈતન્યના મૂળ પ્રવાહોત્પાદક પરમબિંદુ સર્વદા માયાથી વિરક્ત આકાશે રહે છે. આ બેમાં શ્રેષ્ઠ બિંદુ કયું? અદ્વય પરમબિંદુ કે જે માયાથી સર્વદા પર રહે છે અને બીજું બિંદુ કે જે માદ્વય સાથે ક્ષુબ્ધ-લુબ્ધ બનેલ આત્મામાં રહેવા છતાં આત્માના કોઈ કાર્યમાં સાથ કે સંમતિ ન આપે, લલચાય નહિ, કર્તા ન બને અને સર્વશ્રેષ્ઠ પરમેશ્વર પરમબિંદુમાં જ સર્વ લક્ષ્ય રાખે તે બિંદુ (આત્મતત્ત્વ)—એ બેમાં કોણ શ્રેષ્ઠ?

જ્ઞાનદૃષ્ટિએ જોતાં તો પરમબિંદુમાં લક્ષ્ય રાખનાર, આત્મહૃદયમાં રહેનાર, અનેક ઝંઝાવાતોમાં પવિત્ર, નિર્દોષ, નિર્લેપ, અસંગ રહેનાર બિંદુ એટલે કૂટસ્થ-બ્રહ્મ જ મહાન શ્રેષ્ઠ ગણાય, પરંતુ તેને એટલા જ માટે શ્રેષ્ઠ ગણ્યું નથી

કે, આત્મજ્યોતિ કૂટસ્થબ્રહ્મમાં જે પરમાનંદનો પ્રવાહ (કરન્ટ) ચાલે છે તેનાથી જ તે આત્મતત્ત્વબિંદુ અડગ, સ્થિર અને એકલક્ષ રહી શકે છે અને તે પ્રવાહ આત્મામાં રહેલ બિંદુનો નથી પણ આકાશે રહેલ પરમબિંદુનો છે. જેમ "ધૃ" ધાતુ ઉપરથી "ધર્મ" શબ્દ થયો છે, એટલે કે જે સર્વ આત્માને અનેક ઝંઝાવાતમાં ધારણ કરી રાખે તે ધર્મ છે, તે જ પ્રમાણે આત્મતત્ત્વ કૂટસ્થને ધારણ કરી રાખનાર અને તેમાં જેના પરિબળથી પ્રવાહ પહોંચે છે તે (જ્ઞાનચૈતન્ય વિદ્યુતનું ઉત્પત્તિસ્થાન) પરમબિંદુ પરમેશ્વર છે. તેનો પ્રવાહ આત્મકૂટસ્થમાં વ્યાપતો હોઈ તેના પરિબળથી સ્થિતપ્રજ્ઞ રહેતા આત્મબિંદુનો મૂલાધાર પરમબિંદુ છે. ઉપર જણાવ્યા મુજબ સાગરને પાણીની અંજલિ તે જલબિંદુ સિંધુ બની જાય તે માટે આપવામાં આવે છે, તે પ્રમાણે આત્મામાં રહેલ કૂટસ્થબ્રહ્મ બિંદુની અંજલિ પરમેશ્વર પરમબિંદુને આપવાનો અને અંજલિ અર્પીને કૂટસ્થબ્રહ્મ બિંદુને પરમબિંદુમાં (એટલે મહાન સિંધુમાં) સમર્પણ કરવાનો અધિકાર આત્માને હોવાથી તે બ્રહ્મત્વ (એટલે આત્મજ્યોતિ) આત્માનો ઉદ્ધાર ઇચ્છે છે. એટલે કે જો તે આત્મા આત્મજ્યોતિ બ્રહ્મબિંદુ સહિત પ્રભુમાં સમર્પણ થાય તો તેની લૌકિક ચેષ્ટાઓ બંધ થઈ જાય, કર્મબંધન અને પ્રારબ્ધ બંધાતાં અટકી જાય અને તે નિર્દોષ, નિર્લેપ પરમજ્યોતિ પરમચૈતન્યરૂપ બની જાય. તેથી કૂટસ્થ આત્મતત્ત્વ, આત્મજ્યોતિ જે જ્ઞાનચૈતન્ય બિંદુ પ્રત્યેક આત્મામાં છે તે જ સ્વાત્માનો મોક્ષ ઇચ્છે છે. લૌકિક દેહો આત્માની સદ્‌ગતિ ઇચ્છતા નથી. આત્મા અને આત્મતત્ત્વ અપૂર્ણ છે ત્યારે પરમેશ્વર પરિપૂર્ણ છે. તે અપૂર્ણને પૂર્ણ બનાવનાર ધોરી માર્ગ સમર્પણ છે. જેટલું નિર્મળ, નિરાકાંક્ષી, પૂર્ણરૂપનું સમર્પણ હશે તેટલું ત્વરિત પૂર્ણત્વ પ્રાપ્ત થશે.

(૪૪) શિષ્ય : આત્માને ઉજ્જવલ અને ઝળહળતી જ્યોતિ જેવો કરવા માટે શું કરવું જોઈએ ?

વ્યાસ : "બત્રીસ યોગનો" સંગ્રહ કરવાથી આત્માને ઉજ્જવલ અને ઝળહળતી જ્યોત જેવો બનાવી શકાય છે. તે બત્રીસ યોગો નીચે મુજબ છે : (૧) મોક્ષસાધકે યોગ માટે અને શિષ્યે વધુ ઊંચે ચઢવા માટે સદ્‌ગુરુ યા જીવનાચાર્ય પાસે આલોચના કરવી. સદ્‌ગુરુની આજ્ઞાનુસાર અગર તેઓ ચઢાવે તેમ શિષ્યે ઉચ્ચમાર્ગે ચઢવું. (૨) આચાર્યે તે આલોચના બીજા પાસે પ્રકાશવી નહીં. (૩) શાસ્ત્રોએ આપદ્‌ધર્મ કહીને કેટલીક છૂટ આપી છે, છતાં આપત્તિકાળે પણ ધર્મનું ધર્મકર્તવ્ય કદી ત્યાગવું નહીં. (૪) આલોક અને પરલોકના સુખના ફળની વાંચ્છના રાખ્યા વિના તન, મનનું તથા વાણીનું તપ કરવું. (૫) સદ્‌ગુરુની શિક્ષા મળે તે પ્રમાણે સર્વદા નમ્ર શિષ્યભાવે વર્તવું અને જે નવી શિક્ષા જીવના-

ચાર્ય તરફથી મળે તો વિવેકપૂર્વક ગ્રહણ કરવી પણ સદગુરુ કે જીવનાચાર્ય વિના અન્યના વચનમા ખોટી અંધશ્રદ્ધા રાખવી નહીં ગુરુ, સદ્ગુરુ, શિષ્ય અને જીવનાચાર્યના ભેદનો વિવેકપૂર્વક વિચાર કરીને માનવાયોગ્ય હોય તેનુ વચન વિવેકથી માનવુ (૬) તમામ અહમત્વ મમત્વનો ત્યાગ કરવો (૭) લોકોને જણાવવા માઈ દેખાવ ન કરતા ગુપ્ત તપ કરવુ (૮) નિર્મોહીપણુ અને નિર્લોભિતા રાખવી જ્યા અભિમાનના અંકુરો ફૂટે તેવા માન મહત્તાના સ્થાન લેવા, મેળવવા નહિ (૯) જગતકીર્તિથી સર્વદા દૂર રહેવુ (૧૦) કામિની, કાચન કરતા કીર્તિને ભયંકર મણિધર સર્પિણી સમજવી અને તેનાથી સર્વદા જાગતા રહેવુ (૧૧) મનને નિર્મળ, ચિત્તને સરળ અને આત્માને નિર્દ્વન્દ્વ રાખવો (૧૨) દૈહિક, માનસિક અને આત્મિક સયમ શુદ્ધ રીતે પાળવો (૧૩) યોગ્ય સ્થાને અને યોગ્ય પાત્રમા જ સદ્જ્ઞાનનો, સદ્યોગનો ધોધ વહેવડાવવો તે સિવાય અપાત્રમા જ્ઞાનબીજ વાવવુ નહિ, કુપાત્રને આપેલો સદોપદેશ વિષવૃદ્ધિરૂપ થશે પોતાનુ વર્તન સર્વદા વાણી પ્રમાણે પવિત્ર અને સરખુ રાખવુ પાલન વિશેષ કરવુ પણ વાણીમા ઓછુ બોલવુ વર્તન કરતાં વાણીને વધારે વાચાળ બનવા છૂટ આપવી નહિ, કેમ કે વાણી કરતાં વર્તન શ્રેષ્ઠ છે (૧૪) દૈહિક સમાધિ કરતા એકાગ્ર મનની, એકાગ્ર આત્માની સમાધિ એટલે જેમા ધ્યાતા અને ધ્યાનનો ખ્યાલ લુપ્ત થઈ ધ્યેયનુ સ્વરૂપ જ ચિત્તમા રહે છે તેવુ ઊંડુ ધ્યાન શ્રેષ્ઠ છે એકાગ્ર મનની સમાધિ કરતા આત્માની અને તેના કરતા આત્મબ્રહ્મ (એટલે આત્મજ્યોતિ)ની સમાધિ શ્રેષ્ઠ છે સમાધિ દેખાવ કે પ્રસિદ્ધિ માટે નહિ પણ આત્માને પ્રભુના સમાન યા જેવો નિર્મળ, પવિત્ર બનાવવા માટે છે (૧૫) ઢોંગ, દભ, આડંબરરહિત આચાર પાળવો વિચાર કરતા આચાર શ્રેષ્ઠ છે આચાર અને વિચારનુ અદભુત રૂપ સદાચાર હોવાથી સદાચાર વધુ શ્રેષ્ઠ છે (૧૬) વિનય કરવા યોગ્ય મહાપુરુષોનો યથાયોગ્ય વિનય કરવો જનતાના લોકો યા મોટા મનાતા પુરુષો માને તેને મહાપુરુષ માનવા નહિ, પણ જેનો સદાચાર મહાન હોય તેને મહાપુરુષ સમજવો (૧૭) મોહને ઉત્પન્ન થતા જ દ્રામવો સતોષ વડે તૃષ્ણાની મર્યાદા ટૂકી કરતા જવુ (૧૮) તીવ્ર વૈરાગ્ય કરતા તૃપ્ત વૈરાગ્ય અતિ ઉત્તમ હોઈ નિત્ય વૈરાગ્યભાવનામા નિમગ્ન રહેવુ (૧૯) માયા મોહિત ન બનતા માયાના બધનથી રહિત બને તેટલા માયામુક્ત બનવુ, વર્તવુ (૨૦) શુદ્ધ કરણીમા સાવધાન રહેવું સદ્ગુરુ પાસે પાપકરણી કે ભૂલ છુપાવવા પ્રયત્ન કરવો નહિ કેમ કે તે છુપાવવા વજ્રલેપ બનશે, તેને કોઈ ફેરી શકશે નહિ (૨૧) પુણ્યને આદરવુ અને પાપને રોકવુ (૨૨) પોતાના દોષ પોતે શોધી સમભાવપૂર્વક ટાળવા. પોતાના દોષ અન્યને પૂછી દભી બનવો નહિ

મેઈ સત્પુરુષ સમજવા છતા તમોને તમારા પાપ કહી બતાવીને પોતાને પાપના છાટા ઊડવા દેશે નહિ માટે સ્વદોષ જાતે જ શોધો. (૨૩) સર્વ પ્રકારના વિષયથી વિરક્ત બનવા પ્રયત્ન કરવો (૨૪) મૂળગુણે અને ઉત્તરગુણે પચ મહાવ્રત વિશુદ્ધ રીતે પાળવા (૨૫) ઉત્સાહપૂર્વક કાર્યો કરવા સદા ક્રિયાશીલ રહેવુ અર્થાત્ કોઈએ બેઠાખાઉ કે મહેનત વગરનું ખાનાર કે માળા આદિ કરી ધર્મધ્યાનના બહાને બેસી રહેનાર બનવું નહિ જ્યા સુધી શરીરબુદ્ધિ પહોચે ત્યા સુધી શારીરિક અને માનસિક પરિશ્રમ કરીને જ પોતાનુ તથા ઘરકુટુબનુ પોષણ કરવું (૨૬) પ્રમાદરહિત જ્ઞાન, ધ્યાન, યોગમા પ્રવૃત્ત યા મડયા રહેવુ (૨૭) હમેશા આત્મચારિત્ર્યમાં સૂક્ષ્મદૃષ્ટિથી જોવુ અને વર્તવુ (૨૮) ધ્યાન અને સમાધિ વડે મનેન્દ્રિયજિત બનવુ એકાગ્રતાપૂર્વક મનની કેળવણી કરવી (૨૯) મરણાન્ત દુ ખથી પણ ભય પામવો નહિ (૩૦) સ્ત્રી આદિના સંગને ત્યાજ્ય સમજી યોગ્યકાળે ત્યાગવા, પણ ત્યા સુધી ન પહોચાય તો તેના મોહ વિકારને ત્યાગવો (૩૧) પ્રાયશ્ચિત્ત કરી વિશુદ્ધિ કરવી અર્થાત પાપ યા ભૂલને છુપાવ્યા વિના જાહેર કરવા, જેથી અન્યને સત્ય માર્ગદર્શન મળે આતરશુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત યા ઉપવાસ ઉત્તમ માર્ગ છે, પરતુ ત્રણથી વધુ વાર પ્રાયશ્ચિત્ત હોઈ શકે નહિ (૩૨) જીવનકાળે પરમેશ્વરમા લક્ષ્ય રાખવો બ્રહ્મોપાસન કરવુ અને બ્રહ્મયોગમાં બ્રાહ્મમુહૂર્તમા (એટલે સૂર્યોદય પહેલાંની બે ઘડીનો સમય) આત્મ બ્રહ્મને પરમબ્રહ્મમા જોડવાનો અભ્યાસ અને અધ્યાસ કરવો, જેથી મરણકાળે આત્મબ્રહ્મને પરમબ્રહ્મમા સમાઈ જતા વિલબ થાય નહિ જેમ ચાલુ નોકરીએ રજા ઉપર ગયેલો નોકર પાછો ફરતાં નોકરીએ તુરત જ દાખલ થઈ શકે, જેમ પતિગૃહે રહેતી નવોઢા પતિઆજ્ઞાથી પિયર જઈ આવ્યેથી પતિગૃહે દાખલ થઈ શકે તેમા તેને વિલબ લાગે નહિ, તેમ પ્રત્યેક આત્મા અને આત્મબ્રહ્મને પરમ બ્રહ્મ પરમાત્મામાં જોડાતા, સમર્પણ થતાં, એકરૂપ થતા, દેહો છૂટયા પછી મોક્ષ પતાં વિલબ થાય નહિ તેવાં જ્ઞાન, ધ્યાન અને યોગ સાધવા

ઉપરોક્ત બત્રીસ યોગ પૈકી કેટલાંક શાસ્ત્રોએ ત્રેવીસ યોગ બતાવ્યા છે, તો કેટલાકે વધુ બતાવ્યા છે પરતુ મુખ્ય સિદ્ધાત એક જ છે કે, જે બત્રીસ યોગનો સગ્રહ કરી રાખે છે તે આત્મા પરિણામે અનતસુખ મોક્ષને પામે છે માટે આત્મબ્રહ્મનો (એટલે આત્મજ્યોતિનો) અવાજ પ્ર દ ન ૧૨થી બતાવેલ "ॐ તત્ બ્રહ્મ" ।। જેમ આકાશમા પ્રણવ સર્વદા અખડ વ્યાપ્ત રહેલો છે, તેમ આત્માને પરમાકાશ સુધી પહોચાડે અને તેના તમામ તત્ત્વો છેદનભેદન થાય તેવો અભ્યા ર અને અભ્યાસ રાખવો પ્રણવ ધનુષ્યને પોતાની શક્તિ હોય તેટલું જોરથી એટલી હદે ખચવુ કે, તીરરૂપી આત્મા વેધવ્ય પરમબ્રહ્મ : "

પહોંચે, આત્મા ગ્રંથિતત્ત્વ મટી આત્મતત્ત્વ થાય, આત્મબ્રહ્મ જ્યોતિ થઈ પરમગતિ સુધી પહોંચી, પરમબ્રહ્મમાં પહોંચી જાય, તે રીતે આત્મા અને આત્મબ્રહ્મરૂપી તીરને અનંત ઊંચે મોકલી શકાય, અને તે તીર પરમબ્રહ્મમાં વિલય તન્મય થઈ જાય એટલે તદ્રૂપ મોક્ષ થઈ જાય, તે પ્રમાણે આત્મતત્ત્વને વધુ ને વધુ ઊંચે મોકલવાનું છે. મોક્ષસુખના અભિલાષીને કોઈ પ્રમાદ સેવવાનો નથી. જેના જીવનમાં પ્રમાદ પ્રવેશે છે, તેનાથી કોઈ પણ મહાન કાર્ય થઈ શકતું નથી. અમુક ધર્મમાં એટલે સુધી કહેલું છે કે, જે મનુષ્ય તુચ્છ માયા મેળવવામાંથી થાકી, કંટાળી ગયો તે અકલ્પનીય-અનેકગણા કિંમતી હીરારૂપ પરમેશ્વરને શી રીતે મેળવી શકવાનો છે? માટે સહેજ પણ આળસુ થઈશું તો આત્મોદ્ધારનું મહાન કાર્ય બનશે નહિ. અગર થાકી જઈ ગળકાં ખાઈને કામ કરીશું તો આત્મોદ્ધારનું કાર્ય અનેક જન્મે પણ કદાચ પૂરું થશે નહિ અને કરવા યોગ્ય સમજ કરી લઈશું તો જ સત્વર પૂર્ણ થશે.

(ત્રા) શિષ્ય : આત્માની કિંવસૂદી વિષે કંઈક કહેશો?

વ્યાસ : આત્માના સૂક્ષ્મદેહવાળા દૈહિક ગ્રંથિ સ્વરૂપમાં જે અનુભવ થાય છે તે જાગ્રદવસ્થામાં અસત્ય દેખાય છે, પરંતુ સ્વપ્નમાં તે સત્ય હોય છે. દરેક અવસ્થામાં તે અવસ્થાનો જ અનુભવ સત્ય મનાય છે, અને બીજી અવસ્થાનો અનુભવ અસત્ય લાગે છે. યોગના સિદ્ધાંત પ્રમાણે જાગ્રદવસ્થા જડ છે, સ્વપ્નાવસ્થા અર્ધચૈતન્ય અને અર્ધજડ છે અને સુષુપ્તિઅવસ્થા પૂર્ણચૈતન્ય છે. કેમ કે સુષુપ્તિ અવસ્થામાં જે માણસના ઉપર હુમલો કરી ખૂન કરવામાં આવે તોપણ તેને ખબર પડતી નથી અર્થાત્ દેહનો માયાવી સંબંધ છૂટી ગયેલો હોય છે. આપણે જાગ્રદવસ્થાને ડહાપણ માનીએ છીએ, પરંતુ યોગમાર્ગ તેને મૂર્ખ અને પાપાવસ્થા માને છે. તેથી મહાયોગી કબીરજીએ લખ્યું છે કે :

> "વાહ વાહ સાહેબજી, અજબ ખેલ તુમ્હારાજી...... ટેક.
> મૂંગા બહેરા બાન ચલાવે, અંધા પુરાણ બાંચે;
> જન્મ ઠૂંઠાને મૃદંગ બજાયા, લંગડા કથા ખૂબ નાચે."

સ્વપ્નાવસ્થા કે જે અર્ધજાગ્રત અને અર્ધસુષુપ્તિ છે તેમાં એટલી બધી શક્તિ છે કે, સ્વપ્નમાં ન જોયેલા, ન કલ્પેલા, ન અનુભવેલા બજારો, ડુંગરો, જંગલો, સમુદ્રો વગેરે દેખાય છે, અનુભવાય છે તેમ જ કોઈ મૃત્યુ પામેલાઓની સાથેના તથા જેને કદી મળવાનો પ્રસંગ ન આવે તેવા આત્માઓના મેળાપનો અનુભવ થાય છે. ન ધારેલાં, ન કલ્પેલાં સુખદુઃખાદિનો અનુભવ થાય છે. આ બધું જાગ્રતમાં અસત્ય લાગે છે, પણ સ્વપ્નમાં સત્ય લાગે છે.

કેમ કે સ્વપ્નાવસ્થામાં અમુક ચૈતન્યશક્તિ વ્યાપક હોય છે અને તેમાં કોઈ પણ આત્મા મૃત્યુ પામેલો ન હોવાથી સ્વપ્નમાં મૃત્યુ પામેલાંનું પણ પાછું મૃત્યુ થાય છે. અર્થાત્ આત્માના ગ્રંથિતત્ત્વમાં એટલી બધી શક્તિ છે કે એક કલ્પનામાત્રમાં સ્વપ્નસૃષ્ટિનું સર્જન કરે છે. મનોમયસૃષ્ટિનો અધિષ્ઠાતા ગ્રંથિવાળો અને મહાકારણ દેહવાળો આત્મા છે. પરમાત્મા-પરમેશ્વર હાથ વડે જ લઈ શકે અને પગ વડે જ ચાલી શકે એવું નથી, પણ પગ વડે સાંભળી શકે, હાથ વડે બોલી શકે ઇત્યાદિ દરેક કાર્ય દરેક અવયવ વડે કરી શકે તેવું તેમનું જ્ઞાનસ્વરૂપ છે. તેમ આત્મા પણ જ્ઞાનચૈતન્યસ્વરૂપ છે, એટલે દેહના કાનથી સાંભળેલો અવાજ આત્મા પોતાના કાન વડે સાંભળી શકે તેમ નથી, પણ દેહના કાનથી સાંભળેલો અવાજ આત્મા પગેથી સાંભળી શકે, આંખોથી જોયેલો અનુભવ મુખ દ્વારા જાણી શકે એટલે કે કાનનો અવાજ કાન સાંભળે, મુખનો અનુભવ મુખ જાણે તેમ નથી; પણ જ્ઞાનચૈતન્યનો એ સિદ્ધાંત છે કે દેહનું મન કે જે મૂંગું છે, દેહનું મુખ કે જે બહેરું છે, દેહના હાથ કે જે ચાલવા અશક્ત છે, દેહના પગ કે જે ઝાલવા અશક્ત છે અર્થાત્ દેહનો અનુભવ ઇંદ્રિયો દ્વારા થાય છે. આંખ જ જોઈ શકે છે, આંખ ન હોય તો જોઈ શકાતું નથી. કાન સાંભળી શકે છે પણ કાન વગર સાંભળી શકાતું નથી. મુખ જ બોલી શકે છે પણ મુખ વિના બોલી શકાતું નથી. પગે જ ચાલી શકે છે પણ પગ વિના ચાલી શકાતું નથી. હાથે જ ઝાલી શકે છે પણ હાથ વિના ઝાલી શકાતું નથી. પણ તેવું આત્મચૈતન્યમાં નથી, પણ તેથી ઊલટું છે. ચૈતન્યસ્વરૂપમાં કાન જ સાંભળે, મુખ જ બોલે, આંખ જ જુએ, પગ જ ચાલે, હાથ જ ઝાલે, તેવું નથી પણ તેથી ઊલટું છે. એટલે કે પગ વિના ચાલી શકે, હાથ વિના ઝાલી શકે, આંખ વિના જોઈ શકે, મુખ વિના બોલી શકે, કાન વિના સાંભળી શકે; અર્થાત્ ચૈતન્યસ્વરૂપ દરેક અવયવથી દરેક કાર્ય કરી શકે છે તેથી જ તેને જ્ઞાનસ્વરૂપ કહેવાય છે. અર્થાત્ આત્માને ઇંદ્રિયો નથી છતાં મૂંગા એવા દેહના કાનેથી સાંભળે છે, આંધળા અને બહેરા મુખેથી જવાબ દે છે, નહિ સાંભળનાર નહિ બોલનાર એવી આંખોથી જુએ છે. આત્માને પગ ન હોવા છતાં એક ઘડી કરતાં ઓછા સમયમાં ઇલેક્ટ્રિક અને ઈથર વાયુ કરતાં પણ જલદીથી લાખો માઈલ દૂરનો ખ્યાલ અને અનુભવ કરી શકે છે. હાથ નથી છતાં પોતાની માનસિક શક્તિથી રોકી શકે છે અને પકડી શકે છે. ઊડવાની દેહમાં શક્તિ નથી, છતાં આત્મિકશક્તિથી આત્મા ઊડી શકે છે. તેથી આત્મામાં રહેલ જ્ઞાનચૈતન્યનો સર્વોપરી, સર્વેશ્વર, પરમેશ્વરની જ્ઞાનચૈતન્ય ગતિથી પ્રાદુર્ભાવ (એટલે પ્રગટ થવું તે) થયેલો હોઈ તેમને "સાહેબજી" કહ્યા છે. અને તેનો ખેલ અર્થાત

તેની શક્તિ અજબ છે એમ કહીને વર્ણવ્યું છે કે મૂંગા કાન, બહેરું મુખ અંતરાત્માના અવાજ મુજબ કાર્ય કરતાં હોઈ તેઓ વાત ચલાવે છે અને આ બંને ગુણોવાળી બહેરી અને મૂંગી આંખો એકબીજા સાથે નયનપરભાષામાં વાતો કરે છે અને આંધળું મોઢું કે જે દેખતું નથી તે પુરાણ ઇત્યાદિ વાંચે છે. પણ આંખ જેવા છતાં બોલી શકતી નથી અને મનુષ્ય હાથ વિનાનો ઠૂંઠો હોવા છતાં આત્મિકશક્તિથી મૃત્યુની ખબરરૂપી અને પ્રભુના અનુભવરૂપી મૃદંગ વગાડે છે, ત્યારે લંગડો એવો પગ વિનાનો આત્મા બ્રહ્માનંદના અનુભવથી ખૂબ ખૂબ નાચે છે એટલે કે આત્મા ઇંદ્રિયરહિત ગુણોવાળો છે. દેહ ઇંદ્રિયોના બંધનથી બંધાયેલો છે પણ આત્મા ઇંદ્રિયોના બંધનથી બંધાયેલો નથી. આ બધી સામાન્ય અનુભવવાળા આત્માની વાતચીત છે, પણ જેનો આત્મા જ્ઞાન-યોગમાં ચઢયો છે તે એટલી ઉચ્ચ કક્ષામાં હોય છે કે અનેક આત્માઓની આત્મિક ભાવના ઉપર પોતાની યોગશક્તિથી રાજ્ય ચલાવે છે, અન્ય આત્માઓ સાથે વાતચીત કરે છે, અન્ય આત્માઓની ઇચ્છા ન હોય તોપણ તે આત્માને આત્મિકબળથી કલ્યાણના માર્ગે દોરે છે અને મોક્ષ સુધી ખેંચી જાય છે. તેથી નારાયણ કોઈને હાથ ઝાલીને તારતા નથી તેથી ઠૂંઠા ગણાય છે, પરંતુ જ્યારે તેમની આજ્ઞારૂપી મૃદંગો વાગે છે ત્યારે તેમની આજ્ઞાનુસાર નર્કમૂત્રવાળા દેહમાં ફસાઈ રહેલો, માયાવી મોહમાં ફસેલો, એવો ગુરુઆજ્ઞા પાલન કરનાર, ઈશ્વરની અને ગુરુની આજ્ઞાનુસાર કાર્ય કરવા કમર કસી પોતે માયાવી શક્તિઓના બંધનમાં બંધાયેલો પોતે લંગડો હોવા છતાં એટલે કે સ્રીપુત્રાદિના બંધનમાં બંધાયેલો હોવા છતાં આત્માનો અદ્ભુત, અનંત નાચ કરી ઈશ્વર-ગુરુની આજ્ઞા પાળી અનેકનાં કલ્યાણ કરે છે, તેથી લંગડો ખૂબ નાચે છે એમ કહેવું છે.

(૪૬) શિષ્ય : આત્માનો મહિમા વિગતે જણાવશો?

વ્યાસ : કોઈનો આત્મા જન્મતો નથી, મરતો નથી, અજ્ઞાન નથી, તેને કોઈએ ઉત્પન્ન કર્યો નથી અને આ આત્માથી કોઈ ઉત્પન્ન થતું નથી. આત્મા અજન્મા, નિત્ય, શાશ્વત અને અવિનાશી છે. શરીરનું હનન થવા છતાં પણ આત્મા હણાતો નથી, તે આત્મા અપરિલુપ્ત ચૈતન્યવાળો હોવાથી જ્ઞાનવાન છે. આત્માને જન્મવા, મરવાપણું નથી, તે બાલ્ય, યુવા કે વૃદ્ધ અવસ્થાને પામતો નથી. શરીરને રોગો થાય છે, આત્માને ઇચ્છા યા વાસના સિવાયનો કોઈ રોગ થતો નથી, તેથી તેને પુરાણ એટલે અતિ જૂનો માનેલો છે. આત્મા શરીરમાં સ્થિત હોવા છતાં તે આકાશની પેઠે વ્યાપક છે. તે "અજર-અમર" હોવાથી શસ્રાદિથી તેના શરીરનું હનન થવા છતાં તે આત્માનું હનન થતું નથી, તે વૃદ્ધ થતો નથી. 'અસંગ' હોવાથી આત્મા સ્વયં માયારૂપ બનતો નથી. આત્મા

કોઈને હણતો નથી અને આત્માને કોઈ હણી શકતું નથી "વિવેકી સવદા મુક્ત" (શ્રુતિ) જેને આત્મવિવેક અને બ્રહ્મવિવેક પ્રાપ્ત થયો છે (જેને "આત્મા" અને "બ્રહ્મ" શબ્દ લાગુ હોય તેવા શબ્દોના ભેદ સમજાયા છે) તે વિવેકી પુરુષ સર્વદા માયાના બંધનથી મુક્ત છે જેમ શ્રીકૃષ્ણ અને જનક નિર્લેપ એવા પરમબ્રહ્મ મોક્ષપદનો આશ્રય કરીને મુક્તપુરુષ બન્યા હતા, તેથી તેઓ વ્યવહારદૃષ્ટિએ અનેક લૌકિક કાર્યો કરતા હોવા છતાં તેમનામા કર્તાપણાની ભાવના અને કોઈ પદાર્થમાં મમત્વ ન હોવાથી તેઓ "અકર્તા" અને કર્મથી "મુક્ત" હતા તેમ જે આત્મા વિવેકધારી બનીને, નિર્લેપ પરમપદનો આશ્રય કરીને પ્રણવોપાસના કરે છે, તે સદા સર્વદા મુક્ત છે તે વ્યાવહારિક દૃષ્ટિએ કાર્યો કર છતાં પણ તે પાપબંધનથી બંધાતો નથી આત્મા સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ છે અને પૃથ્વી આદિ મહદ્ પરિમાણથી પણ અનંત મહાન છે છતા તે સ્થૂલદૃષ્ટિથી દૃષ્ટિગોચર થતો નથી એવો અતિ સૂક્ષ્મ છે તે આત્મા પરબ્રહ્મ નારાયણથી અને બ્રહ્માથી માંડીને સર્વ પ્રાણી તથા જન્તુઓ સુધીના દરેકની હૃદય ગુહામા "ચૈતનપણાથી" સ્થિત છે નિષ્કામભાવનાથી અને પ્રણવોપાસનથી આત્માનો મહિમા અનુભવાય છે ત્યારે આત્મા સ્વયં જન્મ મરણનો કે સુખ દુ ખનો ભાજન થતો ન હોવાથી તેમાં કોઈ શોક રહેતો નથી આત્મા અનત છે, કિંતુ તેનું ચૈતન્યતત્ત્વ સર્વમા એકરૂપે વ્યાપક છે અહભાવ વડે આત્મા ચૈતન્યથી વિમુખ થાય છે, તેથી કર્તૃત્વ ભાવનાથી તે કર્મના પ્રારબ્ધ વડે બંધાય છે પરંતુ જે આત્મા અહમત્વનો નાશ કરે છે અને આત્મચૈતન્યને આધીન વર્તે છે, તેને કોઈ પણ સુખ દુ ખ વડે હર્ષ શોક થતો નથી, તેવા આત્મવેત્તાને શોકનો અંશમાત્ર સ્પર્શ થઈ શકતો નથી

આ આત્મા પ્રવચનો વડે જાણવાયોગ્ય નથી, મન વડે જાણવાયોગ્ય નથી, બુદ્ધિ વડે જાણવાયોગ્ય નથી, બહુશ્રવણ વડે જાણવાયોગ્ય નથી, તેમ જ જણાતો નથી, એમ વેદો અને ઉપનિષદોએ માનેલું છે પરંતુ આત્મામાં રહેલ કૂટ સ્થ ચૈતન્ય વડે અગર પ્રણવોપાસન વડે આત્મા જાણવાયોગ્ય છે આત્મબ્રહ્મ (એટલે આત્મજ્યોતિ યા કૂટસ્થચૈતન્ય) જેને ઇચ્છે છે તેને આત્મા પોતાનો પારમાર્થિકભાવ પ્રકાશમાન કરીને પ્રાપ્ત કરે છે

પાપથી નિવૃત્ત નહિ થયેલા આત્માને વિજ્ઞાનરૂપ પરમચૈતન્ય પ્રાપ્ત થતું નથી જે આત્મા અશાંત અથવા અસ્થિર મનવાળો છે, તે આત્મબ્રહ્મને કે પરમ બ્રહ્મને પ્રાપ્ત થતો નથી અર્થાત તેવો આત્મા આત્મચૈતન્યને કે પરમચૈતન્યરૂપ પરમાત્માને જોઈ વા જાણી શકતો નથી

જે આત્મા ક્ષત્રિયગુણવાળો બની પાપનુ છેદન કરે છે અને બ્રાહ્મણ ગુણવાળો બની બ્રહ્મમા આત્માને સમર્પણ કર છે, તે સમયે બ્રહ્મભાવ જેનુ ભોજન છે, મૃત્યુ જેનુ શાક છે, જેણે નામ, રૂપ, ક્રિયા તથા જગતભાવોને ત્યાજ્ય કરેલ છે, તેને સર્વનો નાશ કરનાર મૃત્યુ પણ નાશ કરી શકતુ નથી, એટલુ જ નહિ પણ તેની ઇચ્છા વગર મૃત્યુ પણ તેને લઈ જઈ શકતુ નથી

માટે આત્મામા અને આત્મામા રહેલ કૂટસ્થબ્રહ્મને જે જાણે છે તે જ સાચો આત્મજ્ઞાની છે જ્યા સુધી આત્માને આવું આત્મજ્ઞાન પ્રાપ્ત થતુ નથી, ત્યા સુધી કોઈ રીતે આત્માનો ઉદ્ધાર થઈ શકતો નથી આત્મજ્ઞાન એ જ બ્રહ્મજ્ઞાનનો પાયો છે તેથી કહ્યુ છે કે

आत्मज्ञानविहीना मूढा पच्यन्ते नरकनिगूढा ॥

અર્થ આત્મજ્ઞાન વિનાના મૂઢ પુરુષો અઘોર નર્કમા રુધાય છે

योगात्सजायते ज्ञान ॥ (આદિત્ય પુરાણ)

आत्मज्ञानेन मुक्ति स्यात् । तच्चयोगाद् ऋते न हि ॥ (સ્કન્દપુરાણ)

અર્થ યોગ વડે આત્મા, પરમાત્માનું જ્ઞાન ઉત્પન્ન થાય છે અને યોગ નામનુ આત્માની એકાગ્રતાનું છે અને તે આત્મજ્ઞાન વડે જ મુક્તિ થાય છે તેમ જ આત્મજ્ઞાન યોગ સિવાય પ્રાપ્ત થતું નથી

સૌથી પ્રથમ આત્માની એકાગ્રતા કરવી જોઈએ કેમ કે કોઈ ધર્મ શ્રવણમાત્રને આત્મસાક્ષાત્કારનું કારણ માને છે અને કોઈ ધર્મ નિદિધ્યાસનને આત્મસાક્ષાત્કારનું કારણ માને છે પરંતુ શ્રવણ, મનન અને નિદિધ્યાસન સાથે આત્મવૃત્તિઓ વડે એકાગ્ર ચિત્તથી ધ્યાનથી થાય તેને જ આત્મસાક્ષાત્કારનું કારણ માનવું ઉચિત છે જેના મન, બુદ્ધિ, ચિત્ત એકાગ્ર થયેલા છે તેવો બ્રહ્મનિષ્ઠ યોગી આત્માને જુએ છે તેમ જ સૂક્ષ્મદૃષ્ટિવાળા પુરુષોથી સૂક્ષ્મ અને આત્મૈકાગ્રબુદ્ધિથી આત્મા દેખાય છે અને તે પછી આત્માના મૂળરૂપ પરમાત્માનો પણ સાક્ષાત્કાર કરી શકાય છે.

વેદાન્તદર્શન, અધ્યાય ૪, પાદ ૪મા કહ્યુ છે કે

सम्पद्याविर्भाव स्वेनशब्दात् ॥ (સૂત્ર ૧)

ब्राह्मेण जैमिनि रुपन्यासादिभ्य ॥ (સૂત્ર ૫)

चितितन्मात्रेण तदात्मकत्वादित्यौडुलोमि ॥ (સૂત્ર ૬)

एवमप्युपन्यासात्पूर्वभावादविरोध बादरायण ॥ (સૂત્ર ૭)

अतएव चानन्याधिपति ॥ (સૂત્ર ૯)

અર્થ જ્યાં સુધી જીવ પોતાના સ્વકીય સ્વરૂપને, પ્રાપ્ત થવા નર્ક મળોથી રહિત થઈને પવિત્ર થતો નથી, ત્યાં સુધી ચહાય તેવા કર્મયોગથી પણ

ઐશ્વર્યને પ્રાપ્ત કરી પોતાના અંતર્યામી બ્રહ્મને પ્રાપ્ત થઈ કે બ્રહ્માનંદમા સ્થિત થઈ શકતો નથી તથા જ્યારે યોગીપુરુષ પાપાદિરહિત ઐશ્વર્યયુક્ત થાય છે ત્યારે જ બ્રહ્મની સાથે એકતારવૃત્તિથી મુક્તિના આનંદને ભોગવી શકે છે, એવો જૈમિનિ આચાર્યનો મત છે જ્યારે અવિદ્યાદિ દોષોથી છૂટીને શુદ્ધ ચૈતન્યસ્વરૂપથી જીવ શુદ્ધ થાય છે ત્યારે જ તદાત્મૈકત્વ અર્થાત્ બ્રહ્મસ્વરૂપને શ્રેષ્ઠમા શ્રેષ્ઠ તદાકાર ધ્યાનથી પ્રાપ્ત કરાય છે

જીવાત્મા માયાવી કર્મો કરીને સુખ દુ ખના અને પુણ્ય પાપના ફળો અવશ્ય ભોગવે છે કૂટસ્થાત્મા જ્ઞાનયોગી છે તે મોક્ષપ્રાપ્તિ માટે કરેલા કર્મના ફળરૂપે પરમપદ મોક્ષને ભોગવે છે જીવ માયાવી કર્મફળનો ભોકતા છે, પણ કૂટસ્થાત્મા લૌકિક કર્મફળનો ભોક્તા નથી છતાં પણ જેમ કોઈ બે માણસ છત્રી ઉઘાડીને જતા હોય, તેમાં એક પાસે છત્રી હોય અને બીજા પાસે ન હોય તોપણ દૂરના પુરુષો તેમને છત્રીવાળા પુરુષો છે એ રીતે જુએ છે, તેમ આ શરીરરૂપ લોકમા બુદ્ધિરૂપ ગુહામા આત્મા અને આત્મતત્ત્વ બને પ્રવેશ પામેલા હોવાથી તેમની આકાશમા ધ્યાનસ્થ વા યોગસ્થ સ્થિતિને લીધે કૂટસ્થને મોક્ષફળનો ભોક્તા માનેલો છે કેમ કે તે કૂટસ્થબ્રહ્મ પરમબ્રહ્મમા તન્મય થાય થાય છે, તેથી તે આત્માના ગ્રથિતત્ત્વનું છેદન કરીને આત્માનો મોક્ષ કરી તન્મય, તદ્રૂપ થાય છે કેમ કે જીવાત્મા અજ્ઞાનરૂપ, અધકારમય છે અને કૂટસ્થાત્મા જ્ઞાનરૂપ પ્રકાશમય છે તેથી જીવને સંસારપણાથી અને કૂટસ્થને માયામુક્તપણાથી બ્રહ્મવેત્તાઓ વર્ણવે છે

તેથી શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત, અધ્યાય ૧, વલ્લી ૩, મંત્ર ૨થી માંડી ૧૧ સુધીમા જણાવ્યું છે કે

"દુ ખની નિવૃત્તિ માટે બ્રહ્મકર્મ કરનારાઓના સેતુરૂપ કૂટસ્થાત્મા છે તે જ પ્રમાણે આત્માને મોક્ષ જવાના સેતુરૂપ કૂટસ્થ-અક્ષરબ્રહ્મ નારાયણ છે કર્મફળભોક્તા સંસારી આત્માને રથનો સ્વામી, શરીરને રથ, નિશ્ચયરૂપ આત્મ બુદ્ધિને સારથિ અને સંકલ્પવિકલ્પને મનાદિરૂપી અશ્વોને બાધવાની રજજુ જાણો જેમ અશ્વો રથને ખેંચે છે તેમ ઇંદ્રિયો શરીરને વિષયો તરફ ખેંચે છે જે સારથિ લગામ બરાબર પકડી રાખી અશ્વને બરોબર કાબૂમા રાખતો નથી તેના અશ્વો તેને ખાડામા ફેંકી દે છે, તેમ ઇંદ્રિયોના વિષયો આત્માના રથનો માર્ગ હોવાથી ઇંદ્રિયોરૂપી અશ્વો રથરૂપી શરીરને ગમે ત્યાં ખેંચી જાય છે પરંતુ જેનો સારથિ વિવેકી હોય છે, તે જ ખાડામા પડતો નથી જે આત્મા ચચલ મનવાળો છે, જેની ધ્યાનમાં નિષ્ઠા નથી, જેના અંતરમા સત્યશ્રદ્ધા નથી, જેનામા દૃઢ ભક્તિ નથી તેવો અવિવેકી મનુષ્ય એકાગ્રતા પ્રાપ્ત કર્યા

વિના ગમે ત્યાં પટકાય છે માટે કુશળ સારથિએ ઇંદ્રિયોરૂપી અશ્વોને વશ કરી દેહરૂપી રથને ગમે ત્યાં જવા દેવો જોઈએ નહિ રસ્તાનો અજાણ સારથિ ખાડામા અગર જળસ્થાનમા રથને પડવા દે છે, તેમ વિવેકરહિત આત્મા પાપથી ખરડાયેલો હોવાથી સંસારના મોહસુખાદિ વિષયમા પડીને પરમપદને પ્રાપ્ત થતો નથી કિંતુ તે સંસારમાં વારવાર જન્મે છે અને મૃત્યુ પામે છે" માટે વિવેકી માર્ગદ્રષ્ટા સારથિ જો એકાગ્ર મનવાળો હોય, પવિત્ર હોય અને બ્રહ્મજિજ્ઞાસાવાળો હોય તો, તે એવા સર્વશ્રેષ્ઠ મોક્ષપદને પામે છે કે જે તમામ દુ ખોથી રહિત એવુ "શાશ્વત" છે કે જ્યાંથી કોઈ પણ આત્મા પુન સંસારમા જન્મતો નથી તેમ જ સંસારમાં પાછો આવતો નથી આ રીતે એકાગ્ર મનવાળો મનુષ્ય વિશ્વગતિની સદ્‌ગતિના પારને પામે છે ઇંદ્રિયો કરતાં ઇંદ્રિયોના વિષયો (સૂક્ષ્મ, મહાન અને અધ્યાસથી પ્રત્યેક આત્મારૂપે) શ્રેષ્ઠ છે, ઇંદ્રિયોના વિષયો કરતાં મન શ્રેષ્ઠ છે, મન કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે, બુદ્ધિ કરતાં આત્મા શ્રેષ્ઠ છે, આત્મા કરતાં "મહત" અક્ષરબ્રહ્મનારાયણ શ્રેષ્ઠ છે, તેના કરતા અવ્યક્ત પરમગતિ શ્રેષ્ઠ છે અને તે અવ્યક્ત પરમગતિ કરતાં અવ્યક્ત, અસંગ, નિર્લેપ, પુરુષ "પરમાત્મા" શ્રેષ્ઠ છે તે પરમપુરુષ પરમાત્મા કરતા બીજુ કોઈ શ્રેષ્ઠ નથી તે પુરુષ જ શ્રેષ્ઠતાની અવધિ અને "**सा काष्ठा सा परा गतिः** ॥ (શ્રુતિ) તે ઉચ્ચમાં ઉચ્ચ સર્વોત્કૃષ્ટ મોક્ષગતિ છે આ મોક્ષપુરુષ પરમેશ્વરને પ્રાપ્ત કરવા માટે માત્ર "ગૂઢાત્મા" આત્મબ્રહ્મ શક્તિમાન છે તે ભૂતોમાં અને આત્મામા જ્ઞાન ચૈતન્યવાન ગૂઢ રહેલો હોવાથી એકાગ્રતાવાળી સૂક્ષ્મ આત્મબુદ્ધિ વડે સૂક્ષ્મ દૃષ્ટિથી આત્મજ્ઞાનીઓથી દેખાય તેમ જ અનુભવાય છે ને માયાથી મુક્ત હોવા છતાં માયાથી ઢંકાયેલો જણાય છે તેથી જીવાત્માને આવું આત્મદર્શન થતું નથી આત્મા સ્વપ્રકાશિત હોવાથી વસ્તુત તે લૌકિક દૃશ્ય નથી, પરંતુ આત્મજ્ઞાન માટે દૃશ્યનું આરોપણ કરવામાં આવ્યું છે માટે વિવેકીપુરુષે ચારે દેહોની વાણી આદિ તમામ વૃત્તિનો આત્મબુદ્ધિમાં લય કરવો, જ્ઞાનરૂપ બુદ્ધિનો (સમગ્ર વિશ્વ સહિત) વિશ્વની પહેલાં સૌથી પ્રથમ ઉત્પન્ન થયેલા હિરણ્યગર્ભ, મહતત્ત્વરૂપ મહાન આત્મા અક્ષરબ્રહ્મનારાયણમા લય કરવો, તથા તે મહતત્ત્વનો પરમ ગતિમાં લય કરવો અને પરમગતિનો શુદ્ધ જ્ઞાનસ્વરૂપ નિરંજન, નિર્લેપ, પરમપુરુષ પરમાત્મામાં લય કરવો આ રીતે જે લય કરવાની પ્રણાલિકાને સમજે છે, તે જ સત્પુરુષે વિવેકીપુરુષ છે તેથી કહ્યુ છે કે

(ભજન—હરિગીત છંદ)

યોગ્ર ક્રિગ પરકી સ્વારી, અશ્વ ગજ પર ચઢ ચૂકે,<br>
દેશો દિશાવરમેં ફિરે, આયારામેંભી ઊડ ચૂકે,

છાના કિયે હો ખાક, અબતક જન્મ નિષ્ફળ હી ગયા;
"પહુંચે નહિ યદિ આત્મપુર", તો કુછ નહિ તુમને કિયા. ૧
ઊંચે ચુનાયે મહેલ સુંદર, બાગ બાગીચે લગા;
હથિયાર લેકર હાથમેં, રણસે દિયે શત્રુ ભગા;
દે દાન યા કરી યજ્ઞ યશ, ચારો તરફ ફેલા દિયા;
"નહીં પ્રાપ્ત કીન્હા આત્મપશ", તો કુછ નહિ તુમને કિયા. ૨
પટ શાસ્ત્રકા કીન્હા પઠન, ભાષા બહુતસી જાનતે;
સંગીત વિદ્યા રાગ રાગિની, તાલ સ્વર પહિચાનતે;
કરી કે સભામેં વાદ લાખોં પર, વિજય પાભી લિયા;
"કીર્તન કિયા નહિ આત્મકા", તો કુછ નહિ તુમને કિયા. ૩
ક્રીડા કરી વર્ષો તલક, નવ યુવતિયોંકે સાથમેં;
જ્યોં ઇંદ્ર ભોગે ભોગ કયા, આયા તુમ્હારે હાથમેં;
જન્મે હજારો યોનિયોમેં, કાલ ફિર ફિર ખા લિયા;
"ક્રીડા કરી નહીં આત્મસે", તો કુછ નહિ તુમને કિયા. ૪
આસક્ત હોકર ગંધમેં, બાગોં બગીચોમેં ફિરે;
સુંદર લગાઈ વાટિકા જો, ઇંદ્રકા ભી મન હરે;
અત્તરાદિ વસ્રોમેં લગા ધર, બાહ્ય સબ મહકા દિયા;
"નહીં ગંધ સૂંઘી આત્મકી", તો કુછ નહિ તુમને કિયા. ૫
અતિ લુબ્ધ હોકર સ્વાદમેં, વ્યંજન અનેકો ખા લિયે;
ખાતે રહે મિષ્ટાન્ન, તીખે ચટપટે ભોજન કિયે;
જીતને પદાર્થ હૈ જગતમેં, સ્વાદ સબકા લે લિયા;
"ચકખા નહીં યદિ આત્મરસ", તો કુછ નહિ તુમને કિયા. ૬
જા દેશ દેશી વસ્તુયેં, દેખી હજારો રંગકી;
સુર દેખિ જિનકો મોહતે, એસે નિરાલે ઢંગકી;
યદિ પદ્મિની યા અપ્સરા ભી, દેખ લી તો કયા ભયા;
"દેખી નહીં છબી આત્મકી", તો કુછ નહિ તુમને કિયા. ૭
આરામ તકિયે કો લગા, સોયે મુલાયમ સેજ પર;
તરુણી સદા કરતી રહી, સેવા તુમ્હારી જન્મભર;
નંગે પદો નહીં ભૂમિ ઉપર, એક ક્ષણભી પગ દિયા;
"નહીં સ્પર્શ આત્માકા કિયા", તો કુછ નહિ તુમને કિયા. ૮
મીઠે સુરીલે રાગ, કાનોમેં સદા પડતે રહે;
ઇતિહાસ કવિતા સંહિતા, સારી ઉંમર સુનતે રહે;

કિસ્સે કહાની રાતદિન, સુન વ્યર્થ આયુ ગઁવા દિયા,
"ચર્ચા સુની નહીં આત્મકી", તો કુછ નહિ તુમને કિયા ૯
કીર્તન કરો તો આત્મકા, ચર્ચા સુનો તો આત્મકી,
પૂજા કરો નિજ આત્મકી, નહિ અન્ય પૂજા કામકી,
કૌશલ્ય મનકો જીત કર, મુખ મોડ યદિ જગસે લિયા,
"પહિચાન લીન્હા આત્મકો", તો કાર્ય સબ તુમને કિયા ૧૦

(૪૭) શિષ્ય આત્માનુ મૂળસ્વરૂપ કયુ? અને જગતમા આવતા આત્મામા દ્વિકળા આત્મચૈતન્ય કેમ રહે છે?

વ્યાસ પ્ર દ ન દથી બતાવેલ ચતુર્દશ આત્મકળાવાળી શુદ્ધ પરમગતિ તે જ આત્માનું મૂળસ્વરૂપ છે પરતુ પ્રથમ વાસના (એટલે ઇચ્છા)થી, બીજુ અત કરણના મન, બુદ્ધિ, ચિત્ત, અહકારથી, ત્રીજુ પચ વિષયોથી, ચોથું કાગમા થઈને પસાર થવાથી અને પાંચમુ પચમહાભૂતને ઇંદ્રિયોવાળા દેહરૂપ માયાના સહવાસથી—એ રીતે ક્રમાનુસાર માયાતત્ત્વો મળવાથી આત્મિકશક્તિઓ ક્ષીણ થતા પ્રત્યેક ભૂલોકના આત્મામા માત્ર દ્વિકળા આત્મચૈતન્ય રહેવુ છે

(૪૮) શિષ્ય આત્માના કેટલા ક્ષેત્રો છે?

વ્યાસ પ્રત્યેક આત્માના બે ક્ષેત્રો છે સસારી કાર્યોમા કર્તુંત્વ (એટલે કર્તાપણુ), ભોક્તૃંત્વ, અહતા મમતા, મારુ તારુ, નર-નારી, પિતા પુત્ર આદિ દ્વૈતદશા—એ સસારી જીવનનું પ્રથમ ક્ષેત્ર છે કિંતુ કર્તા ભોક્તા વગેરેના ભાવો વિના સસારનું કાર્ય કરવુ, છતા તેમા આસક્તિ કે પ્રીતિ ન રાખતા પ્રભુમાં પ્રેમ રાખવો તે બીજુ ક્ષેત્ર છે કર્તૃંત્વ ભોક્તૃંત્વના વિકારી ભાવ વડે ક્ષેત્રજ્ઞ આત્માના સ્વરૂપને જાણી શકાતો નથી, ત્યારે કર્તા-ભોક્તાના ભાવરહિત આત્મા અધ્યાત્મજ્ઞાનને અને યોગત્વને જાણી શકે છે તથા કોઈમાં મમત્વ રાખતો ન હોવાથી તે કર્મ કરવા છતાં કોઈ રીતના કર્મબધનમા બંધાતો નથી પ્રાણીમાત્રમાં "વિદાત્મા" યાને "બ્રહ્માત્મા" ગૂઢસ્વરૂપે રહેલો છે એટલે આત્માના આત્મદહરમાં ગુહાત્મા યાને કૂટસ્થબ્રહ્મ યાને આત્મબ્રહ્મ ગૂઢરૂપે રહેલો છે, છતાં તે સ્પષ્ટ સ્વરૂપે જણાતો નથી તેનો અનુભવ કેવળ સદ્ગુરુની આત્મિક કૃપાથી જ થઈ શકે છે

(૪૯) શિષ્ય નાની વસ્તુ મોટી વસ્તુ તરફ સ્વાભાવિક ખેંચાય છે તો આત્માને પરમાત્મા તરફ ખેંચાઈ જવા માટે ભક્તિયોગ, ઉપાસના અને જ્ઞાનયોગ શા માટે કરવા જોઈએ?

વ્યાસ નાની સોયોરૂપી માનવમાત્ર છે અને મહાન ગુરુત્વાકર્ષણ ધરાવનાર મોટા લોહચુંબકરૂપી પ્રભુ (પરમાત્મા) છે કેટલાક સંતોએ માનવઆત્માને એક

અગ્નિનો તણખો અને પરમાત્માને હોળીરૂપી મોટો દાવાનળ (એટલે દાવાગ્નિ) કહ્યો છે, તો કેટલાક સતોએ આત્માને એક જળબિંદુ અને પરમાત્માને મહા સાગર કહ્યો છે અને કેટલાક મહાપુરુષોએ આત્માને એક નાનો દીવો અને પરમાત્માને અનત પ્રકાશમય સૂર્ય કહ્યો છે સર્વના સારાશમા તમામ જીવાત્માઓમા અલ્પતત્ત્વ છે, ત્યારે પરમાત્મામા અનત મહાતત્ત્વ છે જેમ સૂર્યના પ્રકાશમા તારાઓનો પ્રકાશ દિવસના સમયમા દેખાતો નથી, તેમ પરમાત્માના અનત પ્રકાશમા આત્માનો પ્રકાશ ઘણો અલ્પ બની જતો હોવાથી ઘણો નિસ્તેજ (એટલે ઝાખો યા ફીકો) બની જાય છે કેમ કે જ્યા પોતાનુ અસ્તિત્વ કે અહમત્વ માનવામા આવે છે ત્યા નિયતિનો પ્રકાશ મળતો નથી, છતા કદાચ મળે તો તેને આત્મા ગ્રહણ કરી શકતો નથી, પરતુ જે આત્મા પરમાત્માને આધીન બને છે ત્યા નિયતિમાથી અનત શક્તિઓ પ્રાપ્ત કરતો આત્મા વધુ ને વધુ મહાન બનતો જાય છે સોયોરૂપી અનંત જીવોને લોહચુબક-રૂપી પરમાત્મા-સદ્ગુરુ આડાઅવળા ન ફરવા દેતા આત્મચેતના આપી પોતાના તરફ ખેંચી લે છે, એટલુ જ નહિ પણ લોહચુબક જેમ સોયોને પોતાના તરફ ખેંચે છે ત્યારે સોયો અમુક અતર સુધી ઊછળીને લોહચુબકને વળગી પડે છે, તેમા જેમ લોહચુબકને સોયોને પોતાની સાથે વળગાડવાની ઇચ્છા કરવાની જરૂર રહેતી નથી, તેમ પરમાત્માને કોઈ આત્માને પોતાના તરફ ખેંચવાની ઇચ્છા કરવાની હોતી નથી પરતુ ગુરુત્વાકર્ષણના સિદ્ધાત અનુસાર મોટી પ્રબળ વસ્તુ ઓછા બળવાળી વસ્તુને ખેંચી લે છે, તે પ્રમાણે અનતશક્તિ અલ્પશક્તિને પોતાના તરફ ખેંચે છે

જેમ તારા, ચદ્ર અને સૂર્ય પોતાની નીચેના ભાગમા પ્રકાશ આપે છે પરતુ પોતાની ઉપર પ્રકાશ આપી શકતાં નથી, ત્યારે કોડિયામા કરેલો દીવો પોતાની ઊંચે અને આસપાસ પ્રકાશ આપે છે પણ નીચે પ્રકાશ આપી શકતો નથી, તે સિદ્ધાત અનુસાર નાની વસ્તુને મોટા થવાની, હલકાને શ્રેષ્ઠ થવાની, નીચાને ઊંચા થવાની અને તુચ્છને મહાન થવાની, કોડિયાના દીવાને મહાન પ્રકાશમય બનવાની ઇચ્છા હોય છે ત્યારે મહાનને વધુ ઊંચ થવાની ભાવના હોતી નથી, પરતુ માત્ર અલ્પને સ્વીકારવાનુ તેનું કર્તવ્ય હોવાથી તે સ્વાભાવિક રીતે પોતાના તરફ ખેંચે છે

લોહચુબક (મહાનતત્ત્વ) સોયને (અલ્પને) પોતાના તરફ ખેંચી લે છે, પરતુ લોહચુબક જેમ પોતાની શક્તિ અનુસાર અમુક અતર સુધીમા રહેલી સોયને જ પોતાના તરફ ખેંચી લે છે, પણ વધુ અતરમા રહેલી સોયને ખેંચી લેતુ નથી, તેમ આત્માને પરમેશ્વરની પ્રાપ્તિ માટે પ્રથમ તો જેમ લોહચુબક

કાટવાળી સોયને ખેંચતું નથી તેમ અહમ મમ્, આશા તૃષ્ણા, મોહ માયા આદિ વાળા (કાટવાળા) આત્માને પરમેશ્વર પોતાના તરફ ખેંચતો નથી પરતુ જે કાટરહિત હોય તેને જ ખેંચે છે, તેમા પણ તે સોયરૂપી આત્મા જો વધુ અંતરે દૂર હોય તો તેને ખેંચતો નથી પણ જે આત્મા આત્મિક સત્કર્મ કરીને અલ્પ પ્રમાણમા માયા સ્પર્શથી રહિત થઈ એટલે ઉકારમાથી નીકળી અર્ધમાત્રાથી ઉપર અશુદ્ધ પરમગતિ (જુઓ પ્ર દ ન ૧૮) તથા શુદ્ધાશુદ્ધ પરમગતિને (જુઓ પ્ર દ ન ૯) પાર કરી શુદ્ધ પરમગતિ (જુઓ પ્ર દ ન ૭) સુધી પહોચે, તો તે પછી તે આત્માને પરમાત્મા પરમેશ્વર પોતાના તરફ ગુરુત્વાકર્ષણના સિદ્ધાતથી ખેંચી લે છે પરતુ ત્યા સુધી આગળ વધવા માટે અલ્પશક્તિમાંથી પરમશક્તિ બનવા માટે પરમાત્માના સાનિધ્ય સુધી (પરમગતિમા આગળ) પહોચવા માટે પ્રત્યેક આત્માને આત્મિક કર્મ કરવાની અને આત્મબળથી ઊંચે સુધી ચઢવાની આવશ્યકતા રહે છે જ્ઞાન, યોગ અને ભક્તિની શક્તિ પ્રાપ્ત કરાય તે જ આત્મશક્તિ છે અને તે પ્રાપ્ત કર્યા વિના (જેમ લોહચુંબકની અંતરમર્યાદા હોય છે તેમ) પરમાત્માની અતરમર્યાદા શુદ્ધ પરમગતિ (જુઓ પ્ર દ ન ૬) હોઈ, શુદ્ધ પરમગતિ (જુઓ પ્ર દ ન ૭)માં અર્ધે સુધી પહોચ્યા વિના તે આત્માને પરમાત્માનુ જ્ઞાનચૈતન્યનું ગુરુત્વાકર્ષણ લાગુ પડતુ નથી તેથી જ વેદશાસ્ત્રાદિના સિદ્ધાતો આત્મોન્નતિ કરવા અને આત્મશક્તિ વધારી પ્રત્યેક આત્માને પરમાત્માનું સાનિધ્ય સાધવા જ્ઞાનાદિ સમર્પે છે આમ છતા પરમાત્માનું સાંનિધ્ય પ્રાપ્ત કરવામા પણ જો ઊંચે જવા છતા આત્મામા સમર્પણ ભાવના ન હોય તો યોગ નિષ્ફળ નીવડે છે અગર એકાદ લૌકિક ઇચ્છા પણ બાકી હોય તો પરિશ્રમ નકામો થઈ તે આત્મા અશુદ્ધ પરમગતિમા (જુઓ પ્ર દ ન ૨૧) અને ત્યાથી વિશ્વમા (પ્ર દ ન ૯૨) પાછો આવે છે

## પ્રકરણ ૯
# પરમાત્મા–પરમેશ્વર અને તેનો અનુભવ

(૧) શિષ્ય : પરમાત્માની વ્યાખ્યા શાસ્ત્રનાં પ્રમાણો આપી સમજાવશો?

વ્યાસ : પ્ર. દ. નં. ૮૮થી બતાવેલ ઉકારમાત્રામાં આવેલા "જડાત્મા", "જીવાત્મા" અને "આત્મા"; પ્ર. દ. નં. ૬૬થી બતાવેલ મકારમાત્રામાં આવેલા "મહાત્મા"; પ્ર. દ. નં. ૪૧થી બતાવેલ અકારમાત્રામાં આવેલા "દિવ્યાત્મા" અને પ્ર. દ. નં. ૨૮, ૨૬ ને ૨૪/૨૫થી બતાવેલ અર્ધમાત્રામાં આવેલા "અંશાત્મા", "પરાત્મા" અને "બ્રહ્માત્મા"—આ આઠ પ્રકારના આત્મા કરતાં અતિ શ્રેષ્ઠ અને મહાન છે તેને જ "પરમાત્મા" કહેવામાં આવે છે. તેથી કહ્યું છે કે:

परश्चासावात्मा च य आत्मभ्यो जीवेभ्य: परम: आत्मा स परमात्मा ।।

અર્થ : જે જડાત્મા (એટલે ઝાડ, પહાડ), જીવાત્મા (એટલે પશુ, પક્ષી, કીટ, પતંગ વગેરે), આત્મા (મનુષ્યો), મહાત્મા (મહાપુરુષો તથા સ્વર્ગના દેવતાઓ), દિવ્યાત્મા (એટલે શક્તિ, શિવ, વિષ્ણુ અને ચતુર્મુખી બ્રહ્મા ઈશ્વરો), પરાત્મા (એટલે પંચમુખી બ્રહ્મા) અંશાત્મા (એટલે અંશાવતારી ઈશ્વરો જે નારાયણના હૃદયકમલમાં રહેલા નવસોનવાણું અંશાત્મા છે તે) અને બ્રહ્માત્મા (એટલે અક્ષરબ્રહ્મ-નારાયણ)—આ આઠ પ્રકારના આત્માઓથી પણ સર્વ પ્રકારે શ્રેષ્ઠ આત્મા તે જ પરમાત્મા છે.

यः जीवेभ्यः आत्मेभ्यः परम् आत्मा स परमात्मा ।।

અર્થ : જે તમામ પ્રકારના જીવો અને આત્માઓ કરતાં અત્યંત પરમ-શ્રેષ્ઠ આત્મા છે તેને જ "પરમાત્મા" કહેલા છે. વિશ્વમાં આવેલા જડાત્મા, જીવાત્મા, આત્મા, મહાત્મા, દિવ્યાત્મા, અને અર્ધમાત્રામાં આવેલા અંશાત્મા, બ્રહ્માત્મા અને પરાત્મા, તેના કરતાં પરમાત્મા અતિ શ્રેષ્ઠ અને મહાન છે અર્થાત્ આઠ પ્રકારના આત્મા કરતાં શ્રેષ્ઠ છે.

(૨) શિષ્ય : આત્માઓમાં શ્રેષ્ઠ કોણ?

વ્યાસ : જડાત્માથી શ્રેષ્ઠ જીવાત્મા, જીવાત્માથી શ્રેષ્ઠ આત્મા, આત્માથી શ્રેષ્ઠ મહાત્મા, મહાત્માથી શ્રેષ્ઠ દિવ્યાત્મા, દિવ્યાત્માથી શ્રેષ્ઠ અંશાત્મા, અંશાત્માથી શ્રેષ્ઠ પરાત્મા, પરાત્માથી શ્રેષ્ઠ બ્રહ્માત્મા અને બ્રહ્માત્માથી શ્રેષ્ઠ "પરમાત્મા" છે. પરંતુ પરમાત્માથી શ્રેષ્ઠ કોઈ નથી.

(૩) શિષ્ય પરમેશ્વરની વ્યાખ્યા શાસ્ત્રના પ્રમાણે આપી સમજાવશો?

વ્યાસ પ્ર દ ન દ૬થી બતાવેલ મકારમડળમા આવેલા ઈશ જેને વરેલા છે તેને ઈશ+વર="ઈશ્વર" કહેવામા આવે છે પ્ર દ નબર ૪૧થી બતાવેલ અકારમડળમા આવેલા ઈશ્વર જેને વરેલા છે તેને "વિશ્વેશ્વર" કહેવામા આવે છે પ્ર દ ન ૨૪/૨૫થી બતાવેલ અર્ધમાત્રામડળમા આવેલા વિશ્વેશ્વર જેને વરેલા છે તેને "સર્વેશ્વર" યા "પરમેશ્વર" કહેવામા આવે છે તેથી કહ્યુ છે કે

**तमीश्वराणा परम महेश्वर, त देवताना परम च दैवतम् ।**

(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત, અધ્યાય ૬, મન્ત્ર ૭)

અર્થ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર (શિવ), શક્તિ, રામ કૃષ્ણાદિ અવતારો ક જેમને દરેકને "ઈશ્વર" કહેવાય છે અને અક્ષરબ્રહ્મ-નારાયણ કે જે સમગ્ર વિશ્વના ઈશ્વર છે તેઓને "વિશ્વેશ્વર" કહેવાય છે તે તમામ ઈશ્વરો ના કરતા જે સર્વશ્રેષ્ઠ અને મોટામા મોટો, અનત શક્તિશાળી ઈશ્વર છે તેને "પરમેશ્વર" કહેવાય છે

**य ईश्वरेषु समर्थेषु परम श्रेष्ठ स परमेश्वर ।।**

અર્થ જે સમર્થમા સમર્થ ઈશ્વરો કરતા વધુ સમર્થ અને સર્વ શ્રેષ્ઠ ઈશ્વર છે તેને જ "પરમેશ્વર" માનેલો છે અર્થાત્ બ્રહ્મા, વિષ્ણુ, શિવ, શક્તિ તથા રામકૃષ્ણાદિ અવતારી ઈશ્વરો "ઈશ્વર" છે, પણ તે મનુષ્ય કે દેવકોટિના નથી ઈશ્વરોનુ સ્થાન અકારમડળમા આવેલુ છે અને અવતારીઓનુ સ્થાન અર્ધમાત્રાના અક્ષરબ્રહ્મ-નારાયણના હૃદયકમલમાં આવેલા નવસોનવાણુ અધ્યાત્મા ઓ પૈકીમાથી છે તેમના કરતા તેમનુ ઉત્પત્તિસ્થાન નારાયણ "विश्वस्य ईश्वर विश्वेश्वर ।।" (શ્રુતિ) સમગ્ર વિશ્વના જે ઈશ્વર છે તેને વિશ્વેશ્વર કહેવાય છે તે વિશ્વેશ્વર ઈશ્વરો કરતા શ્રેષ્ઠ છે અને તે વિશ્વેશ્વરના કરતા પણ પરમાત્મા પરમેશ્વર સર્વોત્કૃષ્ટ પરમ+ઈશ્વર=પરમેશ્વર છે અર્થાત્ અકારમા તથા અર્ધ માત્રામાં આવેલા તથા અવતાર આદિ ઈશ્વરોમા પણ સમર્થમા સમર્થ અને જેના તુલ્ય કોઈ પણ હજી થયું નથી અને થશે નહીં એવા સર્વોત્કૃષ્ટ તે "પરમેશ્વર" (પરમાત્મા) છે જેને ટૂકા શબ્દમા ઘણી જગ્યાએ "ઈશ્વર" કહેલો છે

(૪) શિષ્ય પરમેશ્વરને ધર્મશાસ્ત્રોમા ઘણી જગાએ ઈશ્વર કહેલો છે ત્યાં ઈશ્વરનો અર્થ શુ કરવો?

વ્યાસ :

**य इष्टे सर्वैश्वर्यवान् वर्तते स ईश्वरः।**

અર્થ : જેનું સત્ય વિચારશીલ જ્ઞાન અને અનંત ઐશ્વર્ય છે એથી પરમાત્માનું નામ "ઈશ્વર" છે.

(૫) શિષ્ય : ઈશ્વરોમાં શ્રેષ્ઠ કોણ?

વ્યાસ : ઈશો (એટલે દેવો)થી શ્રેષ્ઠ ઈશ્વરો છે, ઈશ્વરોથી શ્રેષ્ઠ વિશ્વેશ્વર (એટલે અક્ષરબ્રહ્મ-નારાયણ) છે અને વિશ્વેશ્વરથી શ્રેષ્ઠ પરમેશ્વર છે. પરંતુ પરમેશ્વરથી શ્રેષ્ઠ કોઈ નથી.

(૬) શિષ્ય : બ્રહ્મમાં શ્રેષ્ઠ કોણ?

વ્યાસ : બ્રહ્મ (એટલે વિશ્વ)થી શ્રેષ્ઠ પરબ્રહ્મ (એટલે અક્ષરબ્રહ્મ-નારાયણ) છે અને પરબ્રહ્મથી શ્રેષ્ઠ પરમબ્રહ્મ (એટલે પરમાત્મા-પરમેશ્વર) છે.

(૭) શિષ્ય : ભગવાનની વ્યાખ્યા શાસ્ત્રોનાં પ્રમાણો આપી સમજાવો.

વ્યાસ : ભગવાન શબ્દ દરેક દેવો, ઈશ્વરોને માટે વપરાય છે. તેને માટે ખુલાસો એવો છે કે :

**ऐश्वर्यस्य समग्रस्य धर्मस्य यशसश्श्रियः।**
**ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरणा॥**
(વિષ્ણુપુરાણ, અધ્યાય ૫, શ્લોક ૭૪)

અર્થ : "ભગ" એટલે શું? ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી અર્થાત્ આત્મશક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય—એ "છ" વસ્તુઓ જેમાં પરિપૂર્ણ હોય તેને જ "ભગ" કહેવાય છે. એટલે કે પરમાત્મા સિવાય કોઈમાં પણ પૂરેપૂરો ધર્મ, પૂરેપૂરું ઐશ્વર્ય, પૂરેપૂરું જ્ઞાન, પૂરેપૂરો યશ, પૂરેપૂરો ધર્મ, પૂરેપૂરો વૈરાગ્ય છે જ નહીં, અને તે કોઈમાં સંભવે જ નહીં.

કારણ કે પરમાત્મા એક જ પરિપૂર્ણ છે અને તે સિવાય સર્વ અપૂર્ણ છે. તેથી કહ્યું છે કે :

निर्लेपः परिपूर्णश्च सच्चिदानंद विग्रहः॥
(શિવગીતા, અધ્યાય ૧૦, શ્લોક ૬)

सत्यं ज्ञानात्मकोऽनन्तः परमानन्दविग्रहः।
परमात्मा परमज्योतिरव्यक्तो व्यक्तकारणम्॥
(શિવગીતા, અધ્યાય ૧૦, શ્લોક ૫)

અર્થ : પરમાત્મા માયાના લેપનરહિત નિર્લેપ, તથા સર્વ પ્રકારે પૂર્ણ, સર્વદા આનંદમય, સત્ય, જ્ઞાનસ્વરૂપ, અવિનાશી, પરમ આનંદરૂપ, શ્રેષ્ઠાત્મા, સર્વ આત્મજ્યોતિથી શ્રેષ્ઠ પરમજ્યોતિ અને વ્યક્તના કારણરૂપ અવ્યક્ત સ્વરૂપ છે.

यस्मात्पर नापरमस्ति किञ्चित् यस्मान्नाणीयो न ज्यायोऽस्ति कश्चित् ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૩, મન્ત્ર ૯)

અર્થ જે પરમાત્માના કરતાં કોઈ પણ શ્રેષ્ઠ નથી, અને જેના કરતા કોઈ પણ સૂક્ષ્મ નથી, અને જે પરમાત્મા કરતા કોઈ મોટું નથી યા ઉત્તમ નથી અને પરિપૂર્ણ જ્ઞાન, ધર્મ, ઐશ્વર્ય, યશ, શ્રી અને વૈરાગ્ય પરમાત્મા સિવાય કોઈ પણ દેવ કે ઈશ્વરમા નથી માટે પરમાત્મા સિવાય કોઈને માટે "ભગવાન" શબ્દ વપરાય જ નહીં તેમ છતા સામાન્ય રીતે માનાર્થે તથા પૂજ્યભાવના પ્રદર્શિત કરવા બીજાઓને માટે "ભગાવાન" શબ્દ વપરાય છે

तत्र पूज्यपदार्थोक्तिपरिभाषासमन्वित ।
शब्दोऽय नोपचारेण त्वन्यत्र ह्युपचारत ॥

(વિષ્ણુપુરાણ, અધ્યાય ૫, શ્લોક ૭૭)

અર્થ પૂજ્ય પદાર્થોનું સૂચન કરવા માટે "જ્ઞાનલક્ષણથી યુક્ત એવા ભગવાન શબ્દનો પરમાત્મામાં મુખ્ય પ્રયોગ થાય છે" અર્થાત્ ખાસ કરીને પરમાત્મા માટે વાપરી શકાય છે તથા બીજાઓને માટે ગૌણભાવે માનાર્થે, સામાન્ય અર્થમાં ભગવાન શબ્દ વપરાય છે એટલે ભગવાન શબ્દ ગુણજ્ઞાન-યુક્ત કૃષ્ણ પરમાત્માને માટે જ વાપરી શકાય તે સિવાય બીજા દેવો, ઈશ્વરો કે અંશાવતારી ઈશ્વરો માટે ભગવાન શબ્દ વપરાય છે તે ભગવાન શબ્દના હેતુ અને ભાવના માટે નહિ, પણ વિશેષ માન આપવા તરીકે જ વપરાય છે

तदेव भगवद्वाच्य स्वरूप परमात्मन ।
वाचको भगवच्छब्दस्तस्याद्यस्या क्षयात्मन ॥
एव निगदितार्थस्य तत्तत्व तस्य तत्त्वत ।
ज्ञायते येन तज्ज्ञान परमन्यत्त्रयीमयम् ॥

(વિષ્ણુપુરાણ, અધ્યાય ૫, શ્લોક ૬૯ ને ૭૦)

અર્થ કૃષ્ણ તે પરમાત્મા સ્વરૂપ જ "ભગવત્" શબ્દનું વાચ્ય છે, અને "ભગવત્" શબ્દ તે જ આદ્ય (એટલે સૌથી પ્રથમ અર્થાત્ જે પરમાત્માના પહેલા કોઈ જ ન હતું તે) અને જે અક્ષયાત્મા અર્થાત્ અવિનાશી આત્મા (એટલે કે જેનો દેહ યા આત્મા કદી પણ નાશ ન પામે તેને જ અવિનાશી અથવા અભય કહેવાય છે તેવા) પરમાત્મા છે તેનો જ "ભગવત્ શબ્દ" વાચક છે) જે ઈશ્વરી અવતારો પોતાનો દેહ છોડી જાય છે, તે અવિનાશી નથી, અને દેહધારી સર્વ નાશવાન છે

यर्मायह पाप्नुर भगेन ज्ञान्यात्मत्यममृत विन्दयाम ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૬, મંત્ર ૬)

અર્થ : પરમધર્મને લાવનાર, અનેક પાપોનો વિનાશ કરનાર તથા જેતે જેને ભગવાન કહેવાય છે, તે તમામના ઈશ એટલે પૂજ્ય દેવ એવો ભગ + ઈશ ="ભગેશ" પરમાત્મા છે.

આના પરથી સિદ્ધ થાય છે કે, પરમાત્મા સિવાય કોઈ પણ દેવ કે ઈશ્વર કે અંશાવતારને પરમાત્મસ્વરૂપ માની "ભગવાન" કહેવા અગર ભગવાનના રૂપવાળા માનવા તે પણ અજ્ઞાન છે.

(૮) શિષ્ય : પરમાત્માનું સ્વરૂપ કેવું જાણવું?

વ્યાસ : પરમાત્મા, પરમેશ્વર, સચ્ચિદાનંદ, અખંડાનંદ, પરમાનંદનું જ્ઞાનમય સ્વરૂપ મનુષ્ય આકૃતિનું છે. વળી :

किशोराकृतिरुच्यते पंचवर्षानि मूर्तयेत ॥

પરમેશ્વરનું સ્વરૂપ પાંચ વર્ષની ઉંમરના બાળક જેવડું છે અને તે કદી નાનું, મોટું, યુવાન , વૃદ્ધ થતું નથી. કેમ કે જેનામાં યુવાની આવે તેને વૃદ્ધત્વ આવે અને જેને વૃદ્ધત્વ આવે તેનું મરણ થાય. આ રીતે વયાતીત અને અવસ્થાતીત સ્વરૂપ પરમાત્મા છે. અર્થાત્ પાંચ વર્ષના બાળક સમાન આનંદમય બ્રહ્મ તે પરમાત્મા છે.

તે પરમેશ્વર પરમચેતનાનું જ્ઞાનચૈતન્ય સ્વરૂપ છે અર્થાત્ તેમનું સમગ્ર શરીર જ્ઞાનચૈતન્યનું સ્વરૂપ છે. તેથી તેમને "केवलं ज्ञानमूर्ति ।।" એટલે કેવળ જ્ઞાનસ્વરૂપ કહ્યા છે. તે પરમેશ્વરને મનુષ્યના જેવી માયિક ઇંદ્રિયો નથી પણ જ્ઞાનચૈતન્યના અવયવો છે. તે જ્ઞાનચૈતન્યના અવયવો દ્વારે દરેક કાર્ય કરવા સામર્થ્યવાન છે. તેથી કહ્યું છે કે :

अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः।
स वेत्ति वेद्यं न च तस्यास्ति वेत्ता तमाहुरग्र्यं पुरुषं महान्तम् ।।
(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૩, શ્લોક ૧૯)

તે (પરમાત્મા) હાથપગરહિત છતાં દૂર ગમન કરનાર એટલે પરમાત્મા કેવળ જ્ઞાનચૈતન્યના અવયવોથી અને પોતાની જ્ઞાનચૈતન્યની પરમગતિ વડે (પણ પ્રત્યક્ષ નહીં) દૂર ગમન કરનાર, તથા સર્વને ગ્રહણ કરનાર છે. નેત્રરહિત છતાં સર્વ જુએ છે, કાનરહિત છતાં સર્વ સાંભળે છે. તે મનરહિત છતાં સર્વ જાણવા યોગ્યને જાણે છે, પણ તેનો જાણનાર કોઈ નથી. તેને બ્રહ્મવેત્તાઓ સર્વના કારણપણાથી પ્રથમ, સર્વત્ર પૂર્ણ હોવાથી પુરુષ, ને (દેશ, કાલ તથા વસ્તુના પરિચ્છેદથી રહિત હોવાથી) મહાન કહે છે.

આ મંત્રથી સિદ્ધ થાય છે કે, પરમાત્માનું સ્વરૂપ કેવળ જ્ઞાનચૈતન્યનું છે અને તે પરમબ્રહ્મ પરમેશ્વરના અવયવો કેવળ જ્ઞાનચૈતન્યના જ છે તેથી સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે ગાયું છે કે

(પડો રે પોપટ રાજા રામના — એ રાગ)
જ્ઞાનમય તેજોમય મૂર્તિ, અખંડ અદ્વૈત સ્વામી,
દર્શન દીધાં દયા કરી, નીરખું છુ નામી નામી જ્ઞાનમય ટેક
આનંદ ભરેલું મુખડુ, મંદ મંદ હોઠ હસતા,
અમી ભરેલી આંખડી, સ્વસત્તાએ જ વસતા „ ૧
અંગ રંગ તે અકળિત છે, અપાર ઉપમા ન કોઈ,
જ્ઞાનચક્ષુએ ગમ પડી, ટગ ટગ રહ્યો છુ જોઈ „ ૨
("વચન વલ્લભ", પ્રભાતિયું ૯, પાનું ૧૦૩)

સદ્‌ગુરુશ્રીએ પોતાના પ્રત્યક્ષ અનુભવથી જણાવ્યું છે કે, તે પરમાત્મા જ્ઞાનાકાર છે અને તેના સર્વ અવયવો કેવળ જ્ઞાનના જ છે

(૯) શિષ્ય પરમાત્મા પરમેશ્વર કેવી જાતિના (પુરુષલિંગ, સ્ત્રીલિંગ કે નપુંસકલિંગ) છે? તે પરમાત્મા પરમેશ્વરને ઈંદ્રિયો છે કે?

વ્યાસ પરમાત્મા પરમેશ્વર કેવળ સૌમ્યરૂપ જ છે એટલે પુરુષાકૃતિના છે અને નથી એમ બને રીતે કહી શકાય પરમાત્માનો આકાર માયામા રહેતા ઈશ્વરો, દેવો અને મનુષ્યના જેવો નથી, પણ પરમચેતનાના અદ્‌ભુત જ્ઞાન ચૈતન્યનો આકાર હોવાથી તેમને કેવળ જ્ઞાનાકાર કહેવાય છે તે પરમાત્માનુ સ્વરૂપ એવુ છે કે, જેમાં બહાર અને ભીતર એક જ જ્ઞાનચૈતન્યતત્ત્વ વ્યાપ્ત છે તે પરમાત્મા બહાર અને ભીતર જુદો જુદો હોય તેવો તેમ જ જ્ઞાનચૈતન્ય ના ઓછાવત્તા પ્રમાણવાળો નથી જેમ મનુષ્યનુ શરીર માયાનુ હોય છે અને હૃદયમા આત્મા જુદો હોય છે અર્થાત્ મનુષ્યમા બહાર અને ભીતર જુદા જુદા તત્ત્વો રહેલ છે, તેવુ પરમબ્રહ્મ પરમાત્મામા નથી તેથી જ તેને પૂર્ણબ્રહ્મ યાને પરમબ્રહ્મ કહેવાય છે વળી તે પરમાત્માને આપણા જેવી માયાની ઈંદ્રિયો નથી, પણ કેવળ જ્ઞાનની ઈંદ્રિયો છે અને તે કોઈ પણ જ્ઞાનેન્દ્રિયો દ્વારા દરેક કાર્ય કરી શકે છે ટૂકમા, પરમાત્માનું સ્વરૂપ અને ઈંદ્રિયો સર્વ જ્ઞાનમય જ છે તેથી કહ્યુ છે કે

दिव्यो ह्यमूर्तं पुरुष सबाह्याभ्यन्तरो ह्यज ।
अप्राणो ह्यमना शुभ्रो ह्यक्षरात्परत पर ॥
(શ્રીઅથર્વવેદીય મુંડકોપનિષત, મુણ્ડક ૨, મત્ર ૨)

આ પરમબ્રહ્મ પરમાત્મા અજન્મા છે અર્થાત્ જન્મ મૃત્યુના ફેરામા કોઈ પણ સમયે આવતો નથી દિવ્ય છે (અર્થાત માયાવાળા સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ દેહવાળો નથી), અમૂર્ત છે (અર્થાત્ જેની મૂર્તિ કે ફોટો કે આકૃતિ કોઈથી કાઢી કે ચીતરી શકાય તેવો નથી, અને તે મનુષ્યોના જેવો ઇંદ્રિયવાચક નથી, માટે અમૂર્ત કહેલ છે), પુરુષ છે (અર્થાત્ પુરુષ આકૃતિનો હોવા છતા તે પુરુષપણાની ઇંદ્રિયોવાળો નથી), પ્રાણરહિત છે (અર્થાત્ જેમ મનુષ્યમા પ્રાણ હોય છે, અને પ્રાણવાયુના શ્વાસોશ્વાસ લે છે ત્યારે જ જીવે છે, એવો તે પ્રાણવાળો નથી), મનોબુદ્ધિરહિત છે (અર્થાત્ જેને જીવોની માફક મનોબુદ્ધિ દ્વારા પોતાના વિચારો પ્રગટ કરવાના હોતા નથી), માયાના સગથી રહિત છે (અર્થાત્ તે માયાના અસગપણાથી શુદ્ધ છે) પ્રણવદર્શનમા દર્શાવેલ "અ"કાર, "ઉ"કાર અને "મ"કારવાળુ આખુ વિશ્વ "ક્ષર" એટલે નાશવાન છે અને તેની ઉત્પત્તિરૂપ હિરણ્યગર્ભનારાયણ (જુઓ પ્ર ૬ ન ૨૪/૨૫) "અક્ષર" છે તે પર બિંદુ છે, તે પરમાત્માનો પ્રતિબિંબાભાસ જે પરમગતિમા ચાર મન્વતરેરૂપે (જુઓ પ્ર ૬ ન ૧૩થી ૧૬) પડે છે તે વિશ્વના અક્ષરથી શ્રેષ્ઠ "પરમ અક્ષર" છે તે પરમઅક્ષરથી પણ નિષ્કલબ્રહ્મ પરમેશ્વર પુરુષ (જુઓ પ્ર ૬. ન ૧થી ૩) ન્યારા છે અને તે એવુ સ્વરૂપ છે કે, જેમાં બહાર અને ભીતર એક જ જ્ઞાનચૈતન્ય વ્યાપ્ત છે તે પરમેશ્વર બહાર અને ભીતર જુદો જુદો હોય તેવો તેમ જ જ્ઞાન-ચૈતન્યના ઓછાવત્તા પ્રમાણવાળો નથી તેથી તેને પૂર્ણબ્રહ્મ યાને પરમબ્રહ્મ સમજવા

**सदा चिदमलाकारा निर्विकल्पा निरास्पदा ॥**
(મહોપનિષદ્, અધ્યાય ૫, મત્ર ૧૦૩)

અર્થ આ (પરમાત્મા) ચેતના નિર્મળ આકારવાળી છે, સશયરહિત છે અને અમુક નિયત સ્થાનવાળી નથી

**न शून्य नापि चाकारि न दृश्य नापि दर्शनम् ॥**
(મહોપનિષદ્, અધ્યાય ૨, મત્ર ૬૬)

અર્થ . બ્રહ્મ (એટલે પરમાત્મા) શૂન્ય નથી, આકારવાળુ નથી (એટલે પચભૂતના માયાવી આકારવાળુ નથી), દર્શન કરવાને શક્ય નથી (એટલે પર માત્માનો કેવળ તદાકાર ધ્યાન યા સમાધિ દ્વારા અનુભવ થાય છે) અને જોવુ એ ક્રિયારૂપ પણ નથી

**चैत्यानुपातरहित सामान्येन च सर्वगम् ॥**
(મહોપનિષદ્, અધ્યાય ૪. શ્લોક ૧૧૮)

અર્થ : બ્રહ્મ (એટલે પરમાત્મા) જાણવા યોગ્યની કોટિમાં આવતું નથી અને સામાન્યપણે સર્વવ્યાપક છે (એટલે પરમાત્મા પ્રત્યક્ષ નહીં પણ પોતાની અનંત જ્ઞાનચૈતન્યની પરમગતિ વડે સર્વવ્યાપક છે.)

मनोवचोभ्यामग्राह्यं पूर्णात् पूर्णं सुखात् सुखम् ।।
(મહોપનિષદ્, અધ્યાય ૫, મંત્ર ૪૬)

અર્થ : બ્રહ્મ એટલે પરમાત્મા મન કે વચનથી ગ્રહણ કરવાને શક્ય નથી, પૂર્ણથી પૂર્ણ અને સુખથી પણ સુખકારક છે.

निर्लेपकं निरापायं कूटस्थमचलं ध्रुवम् ।।
(યોગશિખોપનિષદ્, અધ્યાય ૩, મંત્ર ૨૧)

અર્થ : બ્રહ્મ (એટલે પરમાત્મા) નિર્લેપ, નાશરહિત, સર્વદા એક સ્થિતિમાં રહેનાર, અચળ અને નિશ્ચયાત્મક-સ્થિર સ્વરૂપ છે.

दृष्टृदर्शनदृश्यादिवर्जितं तदिदं पदम् ।।
(મહોપનિષદ્, અધ્યાય ૫, મંત્ર ૪૮)

અર્થ : તે બ્રહ્મપદ (એટલે પરમાત્મપદ) દૃષ્ટા, દર્શન કે દૃશ્ય આદિથી રહિત છે.

(૧૦) શિષ્ય : પરમાત્માનું કેવું રૂપ છે? અને તેમની પરમગતિ કેવા પ્રકારની છે?

વ્યાસ : પરમાત્મા સૌમ્યરૂપ છે. એટલે કે તે પરમાત્મા શાંતરૂપ, સુંદરરૂપ, મનોહરરૂપ અને સૌંદર્યના નિધિ છે. વળી તેમની તાત્ત્વિક શુદ્ધ પરમગતિ, શુદ્ધ પરમગતિ, શુદ્ધાશુદ્ધ પરમગતિ, અશુદ્ધ પરમગતિ અને ગતિ પણ સર્વ સૌમ્યરૂપ જ છે. દરેક મનુષ્યના આત્માના આત્મહૃદયની અંદર રહેલી આત્મજ્યોતિ (એટલે આત્મતત્ત્વ યાને કૂટસ્થતત્ત્વ યાને બ્રહ્મત્વ) પણ સૌમ્યરૂપ જ છે.

(૧૧) શિષ્ય : પરમાત્માને પરમબ્રહ્મ, પરમવિષ્ણુ, પરમશિવ અને પરમ-રુદ્ર કહેવાનું શું કારણ?

વ્યાસ : પરમાત્માને કેટલીક જગ્યાએ તે સર્વની ઉત્પત્તિનું મૂળ રહસ્ય હોવાથી તેમને "પરમબ્રહ્મ" કહ્યા છે. તે સર્વનું જીવન, પાલન પોતાના જ્ઞાન-ચૈતન્યથી કરતા હોવાથી તેમને "પરમવિષ્ણુ" કહ્યા છે. તેમની કૃપાથી સર્વનું શ્રેષ્ઠ આત્મકલ્યાણ મોક્ષ થાય છે તેથી તેમને "પરમશિવ" કહ્યા છે. અને સર્વ વિશ્વ તથા વિશ્વંભર (એટલે માયાવિશિષ્ટ બ્રહ્મ યાને નારાયણ) પરમાત્મામાં લય થતા હોવાથી તેમને "પરમરુદ્ર" કહેલા છે.

(૧૨) શિષ્ય પરમાત્માનો કોઈ નિયંતા યા માલિક છે કે? અને તેઓને પરમશિવ પરમાત્મા શા માટે કહેવામા આવે છે?

વ્યાસ न तस्य कश्चित्पतिरस्ति लोके, न चेशिता नैव च तस्य लिङ्गम्।
स कारण करणाधिपाधिपो न, चास्य कश्चिज्जनिता न चाधिप ॥
(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૬, મંત્ર ૯)

જે જીવસમુદાયને "લોક" શબ્દ લાગે છે, તેવો અગર જે પોતમોતાના લોકોના "પતિ" છે અર્થાત્ બ્રહ્મલોકના બ્રહ્મા, વિષ્ણુલોકના વિષ્ણુ, શિવલોકના શકર, શક્તિલોકના આદિશક્તિ અને ગોલોક ઉર્ફે બ્રહ્મલોકના નારાયણ, પતિ છે તે પ્રમાણે આ મરમાત્માનો બીજો કોઈ મતિ (એટલે સ્વામી, માલિક, સત્તાધીશ, ઉપરી) નથી એટલે તેમના ઉપર બીજો કોઈ સત્તાધારી નથી કેમ કે પરમાત્મા પોતે જ સર્વનો નિયતા (નિયતિ) છે પણ પરમાત્માનો અન્ય કોઈ પણ નિયતા નથી તે મરમાત્માને માયાવી દેહોવાળુ, શરીરની જાતિ બતાવનારુ લિંગ નથી તે સર્વનો મૂળકારણ પુરુષ છે વિશ્વ સહિત નારાયણ, તે પરમેશ્વરમા લય થાય છે અને તેમાથી પાછા ઉત્પન્ન થાય છે પરતુ તે પરમાત્મા બીજા કોઈમાથી ઉત્મન્ન થયો નથી તેથી તેની ઉત્પત્તિનું કારણ અન્ય કોઈ મણ નથી તે પરમેશ્વર તમામ વિશ્વની અને વિશ્વેશ્વરની પાલક છે, પરતુ તે પરમાત્માનો અન્ય કોઈ પણ પાલક નથી તે પરમેશ્વર ક્ષર અને અક્ષર બનેનું ઉત્પત્તિસ્થાન છે, પણ તે પરમેશ્વરનુ ઉત્પત્તિસ્થાન બીજુ કોઈ જ નથી તેવો તે પરમેશ્વર છે

उत्पत्त्य सभवान् ॥ (વેદાન્તદર્શન, અધ્યાય ૨, પાદ ૨, સૂત્ર ૪૨)

અર્થ પરમાત્માના જન્મનો જ અસભવ છે તો પછી તેનો કોઈ કર્તા કેમ થઈ શકે? અર્થાત્ તેનો કોઈ કર્તા નથી

नचकर्त्तुं करणम् ॥ (વેદાન્તદર્શન, અધ્યાય ૨, પાદ ૨, સૂત્ર ૪૩)

અર્થ અને તે કર્તાનુ કારણ કાઈ થઈ શકે નહીં

न तस्य कार्यं करण च विद्यते न तत्समश्चाम्यधिकश्च दृश्यते।
पराऽस्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च ॥
(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત, અધ્યાય ૬, મત્ર ૮)

અર્થ એનું (પરમાત્માનુ) કોઈ કાર્ય નથી તેમ જ કારણ પણ નથી, તે પરમાત્માની બરોબર કોઈ નથી તેમ જ અધિક કોઈ નથી, તેના સ્વાભાવિક જ્ઞાન, બલ, ક્રિયારૂપ શક્તિ બહુ પ્રકારે સંભળાય છે

विज्ञानादिभावे वा तदप्रतिषेध ॥

(વેદાન્તદર્શન, અધ્યાય ૨, પાદ ૨, સૂત્ર ૪૪)

અર્થ પરમાત્મામા સર્વજ્ઞતાદિ, વિજ્ઞાનાદિ હોવાથી તેની ઉત્પત્તિના સભવનો નિષેધ છે અર્થાત જ્યારે તે અનાદિકાળથી છે તો જ સર્વનો જ્ઞાતા થઈ શકે છે, અન્યથા નહીં

વિશ્વના અધિપતિરૂપ મહેશ્વર (અર્ધમાત્રામા આવેલા અક્ષરબ્રહ્મ-નારાયણ) છે અને ચૈતન્યના અધિપતિરૂપ પરમાત્મા મહેશ્વર છે તેમને "પરમશિવ" કહેવાય છે તે પરમાત્માનો કોઈ માલિક નથી તેને સાક્ષાત જોઈને કહેવાવાળો કોઈ નથી, તથા ત લિગવાચક (જાતિ બતાવનારા) નથી અર્થાત પુંલિંગ, સ્ત્રીલિંગ કે નપુસકલિંગ નથી તેની કોઈ અધિપતિ નથી, પણ કાર્ય તથા કારણના તેઓ સ્વામી છે તેને કોઈ ઉત્પન્ન કરવાવાળુ નથી, તેનો કદી જન્મ નથી અને તે પરમાત્માનું કદી મૃત્યુ નથી અને જન્મનાં કારણોરૂપ મળ વગેરે કોઈ માયાવી તત્ત્વો તેમા નથી માયાથી પર જે છે તેને જ "પરમશિવ પરમાત્મા" કહેવાય છે અને તે સર્વ પ્રાણીમાં રહેલ જીવોમા પોતાની ગતિ વડે સાક્ષીરૂપ જ્ઞાનચૈતન્યરૂપે યાને કૂટસ્થરૂપે તથા નિર્ગુણરૂપે છે

अशब्दमस्पर्शमरूपमव्ययम् ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત, અધ્યાય ૧, વ લ્લી ૩, મંત્ર ૧૫)

પરમાત્માને અશરીરી, અવ્યય કહ્યો છે વાસ્તવમા પરમાત્મા અશરીરી છે

दिव्यो ह्यमूर्तं पुरुष सबाह्याभ्यन्तरो ह्यज ॥

(શ્રીઅથર્વવેદીય મુંડકોપનિષત, મુણ્ડક ૨, મત્ર ૨)

અર્થ તે (પરમાત્મા) પુરુષ દિવ્ય છે, અમૂર્ત્ત છે, સર્વની બહાર અને અદર છે (એટલે પરમાત્મા પ્રત્યક્ષ નહીં પણ પોતાની પરમજ્ઞાનચૈતન્યની ગતિ વડે સર્વની બહાર અને અદર છે) અને અજન્મા છે

(૧૩) શિષ્ય પરમાત્મા પરમેશ્વરને પરમાધાર કહેવાનું શું કારણ?

વ્યાસ પરમાત્મા પરમેશ્વર સર્વાધાર એટલે સર્વની આધાર છે, પરતુ તે પરમાત્માને આધાર આપનાર કોઈ જ નથી તેને કોઈનો પણ આધાર નથી તેથી તેને "સ્વાધાર" કહેલો છે વિશ્વના આધારરૂપ જે વિશ્વધામ (એટલે અક્ષરધામ) છે તેનો પણ જે મૂળ આધાર છે તેવા નિયંતા, પરમાધાર, પરમેશ્વરને જાણીને બ્રહ્મજ્ઞાની પુરુષ સંસારથી મુક્ત થઈને મોક્ષ પ્રાપ્ત કરે છે

(૧૪) શિષ્ય પરમાત્માને પરમ અવ્યક્ત કહેવાનું શું કારણ?

વ્યાસ महत परमव्यक्तमव्यक्तात्पुरुष पर ।

पुरुषान्न पर किंचित्सा काष्ठा सा परा गति ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત, અધ્યાય ૧, વલ્લી ૩, મંત્ર ૧૧)

વિશ્વના તમામ આત્મા કરતાં "મહત્" (વિશ્વમાં સર્વથી શ્રેષ્ઠ મહત્-તત્ત્વ અક્ષરબ્રહ્મ-નારાયણ છે તે) એટલે મહાન અક્ષરબ્રહ્મ શ્રેષ્ઠ છે, જેને અક્ષરનિવાસ યા અક્ષરધામ (જુઓ પ્ર. દ. નં. ૩૦) કહેવાય છે, તેના કરતાં તેના અધિપતિ અવ્યક્ત અર્થાત્ નારાયણનો પોતાનો આત્મા અને પરમેશ્વરની પરમગતિ શ્રેષ્ઠ છે, તેથી તે "અવ્યક્ત" કહેવાય છે. તે અવ્યક્ત કરતાં પણ "असंगोह्ययंपुरुषः॥ (श्रुतिः) જે માયાના સંગથી, સંસર્ગથી અને સ્પર્શથી રહિત છે, તેવો માયાતીત, જ્ઞાનસ્વરૂપ, પરમપુરુષ જે માયાથી જુદો છે તે શ્રેષ્ઠ છે. તે પુરુષ અર્થાત્ પરમાત્મા-પરમેશ્વરથી શ્રેષ્ઠ હોય તેવું બીજું કોઈ પણ નથી. તે પરમાત્મા ઊંચમાં ઊંચ શ્રેષ્ઠ એવી મોક્ષગતિનું સ્વરૂપ છે કે જેના કરતાં બીજી કોઈ ઊંચ સદ્‌ગતિ છે જ નહીં. તેથી તે પરમાત્માને "પરમ અવ્યક્ત" કહેવામાં આવે છે.

(૧૫) શિષ્ય : પરમાત્મા-પરમેશ્વર એક જ છે તો તે સર્વવ્યાપક શી રીતે હોઈ શકે? યા પરમાત્મા પોતે સ્વરૂપે અદ્વિતીય હોવા છતાં સર્વવ્યાપક શી રીતે હોઈ શકે?

વ્યાસ : य ह्यात्मभूह्यावकं साधकं च यन्मन्त्रवत्स्यात्यति चापि लोके।
यः सर्वहेतुः परमात्मकारी तत्कारणं कार्यमतो यदन्यत्॥

અર્થ : પરમાત્મા પોતાની ગતિ વડે સર્વવ્યાપક હોઈ વ્યાપ્ય સ્વરૂપ પણ છે. જગતમાં, સર્વ જીવોમાં જીવો સાથે સંલગ્ન છતાં ન્યારી એવી પરમાત્મગતિ કૂટસ્થ સ્વરૂપે વસી રહી છે. પરમાત્મા સર્વના કારણભૂત એટલે કે મૂળ ઉત્પત્તિ સ્વરૂપ અને અદ્વિતીય સ્વરૂપે સર્વના મૂળ સ્રષ્ટા છે. તેથી તેમને સર્વના મૂળ કારણસ્વરૂપ કહેવામાં આવે છે, અને તે સિવાયની બીજી સર્વ વસ્તુઓને કાર્ય કહેવામાં આવે છે.

પરમાત્મા પોતે અદ્વિતીય સ્વરૂપ હોવા છતાં સર્વવ્યાપક શી રીતે હોઈ શકે? એ જ સમજવાનું છે. જેમ સૂર્ય પોતાની ગતિ વડે જગતમાં પ્રકાશ આપીને વ્યાપ્ત છે, જેમ દીવો મકાનમાં એક સ્થળે રહી મકાનમાં બધે પ્રકાશ વડે વ્યાપ્ત છે, જેમ ફૂલ બાગમાં એક સ્થળે રહી પોતાની વાસના વડે બાગમાં વ્યાપક છે એટલે કે પોતે એક સ્વરૂપે રહેવા છતાં પોતાની ગતિ વડે અન્ય સ્થળે વ્યાપ્ત છે. તે પ્રમાણે અદ્વિતીય પરમાત્મા માયાના સંગથી રહિત હોઈ જગતમાં પોતાના પ્રકાશ એટલે ગતિ, જેને પરમગતિ કહેવાય છે અને જે પરમગતિ જ્ઞાન અને ચૈતન્ય ગુણવાળી છે તે ગતિ વડે સર્વમાં વ્યાપ્ત છે એટલે તેઓની ગતિ સર્વ સ્થળે સર્વ આત્માઓમાં વ્યાપક છે. તેથી કહ્યું છે કે :

सूर्योऽसौ सर्वलोकस्य चक्षुष्ट्वेन व्यवस्थितः।
तथापि चाक्षुषै र्दोषैर्न कदाचिद्विलिप्यते ॥
(શિવગીતા, અધ્યાય ૨, શ્લોક ૭)

અર્થ : જેમ સૂર્ય જગતમાં પોતાની ગતિ વડે વ્યાપ્ત રહેલો છે અને સ્વસ્વરૂપે આકાશે રહી દરેકના ચક્ષુઓમાં વસી રહેલો છે. અર્થાત્ પ્રકાશથી સર્વ સ્થળે વિદ્યમાન છે અને ચક્ષુઓનાં દોષો વડે બિલકુલ લેપાતો નથી, તેમ પરમાત્મા પોતાની પરમગતિ વડે તમામ જીવોમાં વ્યાપક હોવા છતાં માયાના સંસર્ગથી લેપાતો નથી, તથા સ્વરૂપે માયાતીત રહેલો છે છતાં પોતાની ગતિ વડે દરેકના આત્મામાં એ કૂટસ્થતત્ત્વરૂપે વ્યાપક છે. જે જ્ઞાન અને ચૈતન્ય (સમજશક્તિ અને હલનચલન કરવાની શક્તિ) શક્તિઓ તમામ જીવાત્માઓમાં વ્યાપક છે તેનું મૂળ પરમાત્મા છે. અર્થાત્ તે શક્તિઓ પરમાત્માની છે, અને તેથી કહ્યું છે કે :

આદમકો ખુદા મત કહો, આદમ ખુદા નહિ હૈ;
લેકીન ખુદાકે નૂરસેં, આદમ જુદા નહિ હૈ.

એટલે આત્માને પરમાત્મા ન કહો, આત્મા એ પોતે ખુદ માલિક પરમાત્મા નથી પરંતુ તે આત્મા ખુદાની એટલે પરમાત્માની ગતિથી જુદો નથી, એટલે કે દરેક આત્મામાં પરમાત્માની ગતિ વ્યાપક છે, અને ગતિ તે જ "આત્મતત્ત્વ" છે, એટલે પરમાત્મા દરેક આત્મામાં કૂટસ્થતત્ત્વરૂપે વ્યાપક છે.

માયાનું ઉત્પત્તિસ્થાન અક્ષરબ્રહ્મ-નારાયણ (જુઓ પ્ર. દ. નં. ૨૪/૨૫) છે. કેમ કે તે માયાના સંસર્ગમાં અને માયાની ઉપર માયાના અધિષ્ઠાતા માલિક-રૂપે રહેલા છે અને પોતે વિશ્વ (જુઓ પ્ર. દ. નં. ૯૨)ની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનાર છે. માટે તે માયાના એટલે અકાર (જુઓ પ્ર. દ. નં. ૪૧), ઉકાર (જુઓ પ્ર. દ. નં. ૮૮), મકાર (જુઓ પ્ર. દ. નં. ૬૬) અર્ધમાત્રા (જુઓ પ્ર. દ. નં. ૨૪/૨૫) અને કર્ણંગ (જુઓ પ્ર. દ. નં. ૭૧)ના કૂટસ્થ છે, અને નારાયણનું મૂળ કૂટસ્થ સ્વરૂપ તે પરમાત્મા (જુઓ પ્ર. દ. નં. ૧થી ૩) છે. કેમ કે નારાયણ આત્યંતિક પ્રલય બાદ તમામ વિશ્વને (જુઓ પ્ર. દ. નં. ૯૨) પોતાના શરીરમાં સમાવી લીધા પછી વડના બીજ અને તેના તત્ત્વાંકુર સમાન માયાને અત્યંત સૂક્ષ્મ બનાવી દઈ તેના ઉપર પોતાનો આત્મા જે શુદ્ધ બ્રહ્મ છે (અને તેથી શ્રુતિમાં "अहंब्रह्मास्मि" અને "अयमात्मा ब्रह्म" કહેલું છે), તે શુદ્ધ બ્રહ્મસ્વરૂપ આત્માનું આચ્છાદન કરી લઈ પોતાની સુષુપ્તિ અવસ્થાના અંતની અને જાગ્રદવસ્થાની શરૂઆતની સંધિમાં શુદ્ધ બ્રહ્મરૂપે અદ્વૈત-પરમાત્મામાં પરમાત્માના પ્રોરકના અંતમાં સમાય છે અને તેમાં પોતાની જાગ્રદ-વસ્થા પરમાત્માના કુંભક સુધી ભોગવી રહ્યા બાદ પરમાત્માના રેચક વખતે

સહુથી પહેલા જાગ્રદવસ્થાના અતની અને સ્વપ્નાવસ્થાની સધિમા બહાર આવે છે અને જેમ બોંબગોળાનો ઉપરનો ભાગ પૉલિશ કરેલો હોય છે પરતુ અદરના ભાગમા કાચ, લોખડ વગેરે જેવી વસ્તુઓ રહેલી હોય છે તેમ નારાયણમા તમામ વિશ્વ (જુઓ પ્ર દ ન ૯૨), માયા અત્યત સૂક્ષ્મરૂપે સમાયેલા હોવાથી પોતે, જળમા જેમ પથ્થર રહે છે તે પ્રમાણે પરમાત્મામા રહે છે અને તેમા ભળી જઈ શકતા નથી અને તેથી પરમાત્મામાથી નીકળ્યા પછી નારાયણ "ॐ एकोऽहं बहुस्याम् ।" કરીને સૃષ્ટિની ફરી ઉત્પત્તિ કરે છે અર્થાત્ નારાયણ મૂળ પરમાત્મામાથી ઉત્પન્ન થતા હોવાથી (નવીન નહીં પરતુ આવિર્ભાવ તિરોભાવ રૂપે ગયેલા હતા તે પાછા આવવા સમાન પરમાત્માને નારાયણના મૂળ કૂટસ્થ સ્વરૂપ માનવામા આવેલા છે હવે આપણે આત્મામા પરમાત્માની ગતિ કૂટસ્થરૂપે કઈ રીતે રહેલી છે તે જોઈએ

તેમાં પ્રત્યક્ષ પ્રમાણથી સમજવાનુ છે કે, ઘણી વાર આપણા અંતરમાથી આપણને શિખામણ આપનાર આપણને પોતાને કહે છે કે "અરે મૂર્ખ! તુ આ કાર્ય ન કર" અગર "આ કાર્ય કરવામા તુ ભૂલો કરી રહેલો છે" અગર "તુ પોતે સત્યને ભૂલી ગયેલો છે" અગર "તું નિર્બળ થઈ હિંમત હારી ગયો છે માટે કર્મ કરી લે" અગર "ધર્મનો માર્ગ તજી અધર્મના માર્ગે જઈ તુ તારી અધોગતિ કરી રહેલો છે" એવી શિખામણ આપનાર આત્માના પ્રેરકરૂપે જે વસ્તુ છે તે જ આત્માના તત્ત્વરૂપે, માયાના સસર્ગરહિત નિર્મળ સ્વરૂપે રહેલી એવી પરમાત્માની પરમગતિ છે, જે પોતાનો જ્ઞાનચૈતન્યનો પ્રવાહ આત્મામા પ્રેરે છે, આત્માને જાગ્રત કરે છે, આત્માને અસત્યના માર્ગ પરથી સત્યના માર્ગ પર ખેંચી જાય છે તેને "કૂટસ્થતત્ત્વ" પણ કહેવાય છે એટલે કે આત્મામાં અન્ય કોઈ બીજુ છે એવો ભાસ કરાવનાર તે પરમાત્માની પરમગતિ યાને કૂટસ્થતત્ત્વ છે અને તે પરમગતિ જ્ઞાનચૈતન્યનું સ્વરૂપ હોઈ જ્ઞાનચૈતન્યથી ભરપૂર છે પરતુ તેમા સત્તાની ભિન્નતા રહેલી છે પ્ર દ નં ૧થી ઉમા બતાવેલ બિંદુમા રહેલી શુદ્ધ પરમગતિ ચતુર્દશકળા (જુઓ પ્ર દ ન ૬), શુદ્ધાશુદ્ધ પરમગતિ દ્વાદશકળા (જુઓ પ્ર દ ન ૮) અને અશુદ્ધ પરમગતિ (જુઓ પ્ર દ ન ૨૧) જે મન્વતરોના ચિદાભાસવાળી છે તે દશકળા આત્મબળવાળી છે એટલે કે દરેક આત્માનું આત્મબળ ક્રમે ક્રમે ક્ષીણ થતું જાય છે તે મન્વતરો (જુઓ પ્ર દ ન ૧૩થી ૧૬)નો જેના પર ચિદાભાસ પડી રહેલો છે તે પરમગતિની પાછળ એટલે તેનાથી ઊંડાણવાળા ભાગમા અશુદ્ધમા શુદ્ધ પરમગતિનુ કૂટસ્થતત્ત્વ સમાયેલુ છે કે જે જળકમળવત સ્થિતિમા રહેતું હોવાથી કોઈ કાળે પણ અશુદ્ધ થતુ જ નથી માયાના કોઈ

પણ પ્રકારના સ્પર્શથી તે લેપાતુ નથી તે જ પ્રકારે દરેક આત્મામા જે કૂટસ્થ તત્ત્વ રહેલું છે ને લાખો પાપ કરવા છતા પણ ભ્રષ્ટ કે પાપી થતુ નથી અને તે સદૈવ નિષ્પાપ અને નિર્વિકાર રહે છે અને તેથી જ દરેક આત્મા ગમે તેવો પાપી હોય તોપણ ક્યારેક તો તે ધર્મપરાયણ થાય છે, અને કૂટસ્થતત્ત્વ જ તેને ધર્મ અને પ્રભુ તરફ દોરે છે જેમ પુણ્ય અને પાપ એ બંને મનુષ્યના સહયોગમા જ રહે છે અને તે એકબીજાના વિરુદ્ધ હોવા છતા તેમના સગભિ રહેવામા બાધ આવતો નથી, અને પાપ, પુણ્યથી તથા પુણ્ય, પાપથી બદલાઈ જતુ નથી, પરતુ બન્ને પોતાના સત્ય સ્વરૂપ અને ગુણમા કાયમ રહે છે તેથી કહ્યુ છે કે

अन्त प्रविष्ट शास्ताजनना सर्वात्मा ॥ (श्रुति)

જેમ પાણીના બિંદુઓની ઉપર, નીચે અને ચારે બાજુએ રજોગીથી અસ્પર્શ જળ રહેલું હોય છે, તેમ દરેક આત્માની અદર આત્માની સાથે હોવા છતા, માયામાં રહેવા છતા, આત્મા પુણ્ય, પાપ કરી કર્મથી બધન થતો હોવા છતા તેમ જ અનેક અવતારોમા ભટકતો રહેવા છતાં તેની સાથે તદ્દન નિર્લેપ રીતે રહેનાર એવું તત્ત્વ તે કૂટસ્થતત્ત્વ છે દરેક આત્મામા ટ્રિકુળા શુદ્ધ આત્મ બળવાળુ આત્મતત્ત્વ સદૈવ વ્યાપક છે આત્માની સાથે રહેવા છતાં તે કૂટસ્થતત્ત્વ આત્માના આકારે રહેતું નથી, આત્મા કોઈ પણ સજોગોમાં કૂટસ્થતત્ત્વ ઉપર હુકમ ચલાવી શકતો નથી, પણ આત્માને પોતાને આધીન બનાવે છે અને તે કૂટસ્થતત્ત્વ ચિદાભાસ કૂટસ્થતત્ત્વના સંબંધથી દ્વાદશમાંથી દશકળા થતા જ દરેક આત્મામા શુદ્ધરૂપે ટ્રિકળા આત્મતત્ત્વ નિર્લેપ અને અસંગ થઈ જાય છે, અને તે તત્ત્વ ગમે તે પાપીઓના આત્મામાં હોય તોપણ કરોડ પાપોથી ઓછું થઈ શકતુ નથી, અને તે કૂટસ્થતત્ત્વ મન્વતરોની પાછળ પરમગતિમા અશુદ્ધ મા શુદ્ધ રૂપે રહેવા ભાગમા તે કૂટસ્થ આત્મતત્ત્વના સમાન એટલે તેના પ્રતિબિંબરૂપ હોય છે અને પરમાત્માના ચિદાભાસરૂપ કૂટસ્થ (પરમગતિવાળો) અને તેના કૂટસ્થ ચિદાભાસરૂપ દરેક આત્મામા રહેલું કૂટસ્થતત્ત્વ છે તેથી નદ્દગુરુ શીવ-વાભરામે "પ્રણવવિજ્ઞાન"મા લખ્યું છે કે

(મનહર છંદ)

તે ટ્રિકળા શુદ્ધરૂપે, સર્વ આત્મામા વ્યાપેલી,
આત્મા સને રહી શીખ, દે તે જ્યોતિ જણાય છે
લાખો પાપોને તે બાળે, નિષ્પાપ નિર્લેપ રહે,
તે કૂટસ્થ શુદ્ધ રહી, પરમાત્માને ચાહ્ય છે

પોતે પોતાના પર ઘૃણા, ઉપજાવે અટકાવે,
માર્ગદર્શક બને તે, તત્ત્વાત્મા કહેવાય છે
શુદ્ધ પરમગતિ ને તે, સત્તા માત્ર ફેર રહ્યો,
આત્મા ધારે માયામા તે, કૂટસ્થ કહેવાય છે

"મંત્ર વિભાગ"મા કહ્યુ છે કે .

एक एव हि भूतात्मा भूते भूते व्यवस्थित ।
एकधा वहुधा चैव दृश्यते जलचन्द्रवत् ।।

અર્થ દરેક ભૂતાત્માઓમા એક જ એવુ કૂટસ્થતત્ત્વ વ્યાપક છે, અને તે જેમ પાણીમા દરેક જગાએ ચદ્રનુ પ્રતિબિંબ દેખાય છે, એટલે ઘણા ચદ્ર દેખાય છે, પરતુ મૂળ ચદ્ર તો એક જ છે, તેમ દરેક ભૂતાત્માઓમા રહેલ કૂટસ્થતત્ત્વ બહુધા રૂપે જણાય છે પરતુ તેનુ મૂળ એક રૂપે છે એટલે તમામ આત્માઓમા રહેલા કૂટસ્થતત્ત્વનુ મૂળ મન્વતરોવાળી પરમગતિમા રહેલુ કૂટસ્થતત્ત્વ છે અને તેનુ મૂળ ખુદ પરમાત્મા છે

तदात्मान स्वयमकृत ।। आनदाद् ध्येवखल्विमानि भूतानिजायते ।।

માટે આત્માને પોતામાં રહેલા કૂટસ્થતત્ત્વમા સમાવી, તે કૂટસ્થતત્ત્વને મન્વતરોવાળા કૂટસ્થતત્ત્વમા સમાવી, અને તેને મૂળ પરમાત્મામા સમાવી, આત્માને પોતાનાપણુ છોડાવી, તેમા જ પોતાનાપણુ લાવી, આત્માને પરમાત્માધીન બનાવી દેવો કેમ કે પરમાનદરૂપ પરમાત્મામાથી જ કૂટસ્થતત્ત્વ અને આત્મામા રહેલ કૂટસ્થતત્ત્વ એ સર્વે ભૂતાત્માઓના મૂળ તત્ત્વો પરમાત્મામાથી ઉત્પન્ન થયેલા છે, અને તે શુદ્ધ સ્વરૂપે વ્યાપક છે, અને તે પરમાત્મામાથી ઉત્પન્ન થતુ હોવા છતા પરમાત્મામા કોઈ પ્રકારે ક્ષીણતા કે ન્યૂનતા થતી નથી તેમ પાછા સમાવાથી અધિકતા પણ થતી નથી અને તેવી જ રીતે પરમગતિમા રહેલ કૂટસ્થતત્ત્વ પણ વૃદ્ધિ કે ક્ષીણતા પામતુ નથી તેમ આત્મામા રહેલ કૂટસ્થતત્ત્વ પણ લાખો પાપથી ક્ષીણતા પામતુ નથી, અને ગમે તેટલા પુણ્ય થવાથી વૃદ્ધિ પામતુ નથી, તેમ જ તે પાપના કે માયાના સસર્ગથી બધનમાં કે લેપનમા આવતુ નથી અને તેથી જ કરીને કેટલાક બ્રહ્મવાદીઓ આત્મામા સાક્ષાત્ પરમાત્માનું સ્વસ્વરૂપે જ હોવુ માની લે છે

પરતુ આત્મા કોઈ રીતે ગુણ, રૂપ, લક્ષણ અને કર્મથી પરમાત્મા નથી જેમ કોઈ મનુષ્ય સારી રીતે કરેલા પુણ્ય, પાપના યોગથી શુભ યા અશુભ ફળને પ્રાપ્ત કરે છે અને તે રીતે પ્રાપ્ત થયેલુ શુભ, અશુભ ફળ વિના વિરોધે મનુષ્યના શરીરમા એકત્ર રહે છે, તે પ્રમાણે જ પુણ્ય, પાપના યોગથી શુભ, અશુભ ગણાતા સર્વ જડ શરીરોમાં ચૈતન્યરૂપ એવુ "આત્મતત્ત્વ" જ્ઞાનસ્વરૂપે

રહે । છે અર્થાત્ જેમ પુણ્ય અને પાપ વિના વિરોધે એક સાથે રહે છે, તેમ જડ શરીર અને ચૈતન્ય આત્મા વિના વિરોધે એક સાથે રહે છે, અને તેથી જ તે ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ ગવાય છે, તેમ જ તેને નિર્લેપ પણ કહેવામા આવે છે તે ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ નિર્લેપ એટલે માયાના કે પાપના બધનોથી રહિત આત્મા ની સાથે નિર્મળ રહે । છે જેમ એક પ્રદીપ્ત દીવો દેદીપ્યમાન થઈને આગળ રહેલા બીજા સર્વ દીવાને પ્રકાશમાન કરે છે, તેમ આ શરીરમા રહેલ પાચ ઇંદ્રિયોરૂપી દીવીઓ, કૂટસ્થ જ્ઞાનરૂપી દીવાથી આત્મા દ્વારા દેદીપ્યમાન થઈને પ્રવર્તે છે અને મન, બુદ્ધિ, ઇંદ્રિયો આદિને આત્માના આધારથી મન ગ્રહણ કરે છે તેથી જ મન, બુદ્ધિ આદિ તથા ઇંદ્રિયો વગેરેને પરતત્ર અને જડ કહ્યા છે અને એ આત્મા સ્વતત્ર છતા પરમ ચૈતન્યના પ્રકાશની અપેક્ષા રાખનાર છે કદાચ તે સ્વચ્છદી થઈને જ્ઞાનસ્વરૂપ કૂટસ્થના આદેશને સમજી શકતો નથી અગર તેને અનુસરી શકતો નથી પણ તે જ્ઞાન-ચૈતન્યની પ્રબળતા એટલે સુધી છે કે ગમે તેવા અજ્ઞાન, જડ અને વિષયાધ આત્માને પણ જાગ્રત કરી, પાપનો પથ તજાવી પ્રભુના માર્ગ તરફ વાળે છે એટલે જેમ રાજાના અમાત્યો રાજાની આજ્ઞાને આધીન રહીને તેમના હાથ નીચેનાઓને જુદી જુદી આજ્ઞાઓ કરે છે, તેમ શરીરની અદર રહેલ પાચ ઇંદ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ સર્વ આત્માની પ્રેરણાને આધીન રહીને તે તે વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરે છે અને તેથી જ જેમ અમાત્યો કરતાં રાજા ઉત્તમ ગણાય છે, તેમ મન, બુદ્ધિ અને ઇંદ્રિયો આદિ કરતા આત્મા ઉત્તમ ગણાય છે અને જેમ ગમે તેવો અભિમાની રાજા એક સમયે પ્રભુના શરણે જાય છે, તેમ ભાન ભૂલેલો આત્મા પણ સમય આવે જ્ઞાનસ્વરૂપ એવા કૂટસ્થ આત્મતત્ત્વના શરણે જઈ તેના દ્વારા શુદ્ધ જ્ઞાનસ્વરૂપ પરમાત્માને શરણે જાય છે જેમ અગ્નિની જ્વાળાઓ, પવનનો વેગ, સૂર્યનાં કિરણો અને નદીઓના જળ ઉત્પન્ન થાય છે, અને અમુક સમય સુધી રહી અંતે લય પામે છે, તેમ પ્રાણીઓનાં શરીરો ઉત્પન્ન થાય છે અને અમુક સમય સુધી રહી પાછા લય પામે છે જેમ કોઈ પુરુષ લાકડામાં રહેલા અગ્નિને જોવાની ઇચ્છાથી હાથમા કુહાડી લઈને લાકડાને ચીરી નાંખે તોપણ તેને ધુમાડાનાં કે અગ્નિનાં દર્શન થતાં નથી, તેમ જ શરીરમાં રહેલા આત્માને જોવાની ઇચ્છાથી શરીરનાં હાથ, પગ, પેટ વગેરે અવયવોને કાપી નાંખવામાં આવે તોપણ આત્માનો સાક્ષાત્કાર થઈ શકતો નથી, કેમ કે આત્મા શરીરથી ભિન્ન છે, છતાં દેહની અંદર રહેલો છે જેમ દેહમાં શોધવાથી આત્મા મળી શકતો નથી, તેમ આત્માને બાહ્ય સ્વરૂપે જોવાથી ખરા સ્વરૂપમાં કદી જોઈ પણ શકાય, તોપણ આત્મા સાથે સલગ્ન રહે । કૂટસ્થ આત્મતત્ત્વ

જે આત્માની સાથે હોવા છતા તત્ત્વરૂપે ભિન્ન છે અને નિર્લેપ રહે છે તે આત્માના ઊંડા અનુભવ સિવાય જાણી શકાતું નથી અને તેને ઓળખી શકાતું નથી અને કેટલાક અધૂરા જ્ઞાનીઓ તે આત્મતત્ત્વને જ (જેમ અંધકારમા રહેલો જીવ પેટ્રોમેક્સ કે વીજળીના પ્રકાશમાન દીવાને સૂર્ય માની બેસે તેમ) પરમાત્મ સ્વરૂપ માની લે છે પરંતુ પ્રત્યક્ષ સ્વરૂપ અને પ્રતિબિંબ, શરીર અને પડછાયો એ વચ્ચે જેમ સત્તાનો, ગુણ વગેરેનો ફેરફાર છે, તેમ આત્મતત્ત્વ અને પરમાત્મ સ્વરૂપ વચ્ચે પણ ફેરફાર છે તે સમજવામા ન આવવાથી કેટલાક આત્માઓ આત્મતત્ત્વ પોતામા રહેલુ હોઈ તેના હિસાબે પોતે જ પરમાત્મા થઈ બેસે છે અને તેથી આત્મતત્ત્વ દ્વારા પરમાત્માની પરમગતિનો શુદ્ધ જ્ઞાનમય પ્રકાશ દરેક આત્માએ મેળવવાનો છે, તેનાથી વચિત રહી જાય છે અને તે પ્રકાશ ન મળતા આત્મા ઉચ્ચ કર્મો, ઉચ્ચ ધર્મભાવનાઓ અને પવિત્ર કર્મોમા આગળ વધવાને બદલે અટકી જાય છે તેથી જ્ઞાન છતા અજ્ઞાની જેવુ જીવન બરબાદ કરી બેસે છે પરતુ જેમ લાકડામાથી અગ્નિના દર્શન કરવા માટે તે જ લાકડા ઓને મથવામા આવે છે તો તુરત જ અગ્નિ અને ધુમાડાના દર્શન થાય છે, તેમ કોઈ બુદ્ધિમાન જીવ યોગધર્મનો આશ્રય કરીને જો શરીરને મથવા માંડે તો મન, બુદ્ધિ, અહકારાદિના, આત્માના અને આત્મતત્ત્વ તથા પરમાત્માના વાગ ફૂરની યા થોડા અંતરે એકીસાથે દર્શન કરી શકે છે પરતુ તે દર્શન એવી રીતે હોય છે કે, જેમ પુરુષ સ્વપ્નમા પોતાના શરીરને પોતાનાથી જુદુ પડેલુ જુએ છે, તેમ મરણ સમયે પોતાના શરીરને આત્માથી ભિન્ન જોવા છતા પણ સૂક્ષ્મ દેહને આત્માથી ભિન્ન નહીં જાણનારો પુરુષ એક સ્થૂલદેહનો ત્યાગ કરીને બીજા સ્થૂલદેહમાં પ્રવેશ કરે છે શરીરની ઉત્પત્તિથી, વૃદ્ધિથી, ક્ષીણતાથી કે નાશથી શરીરની અદર રહેલો જીવાત્મા ઉત્પત્તિને, વૃદ્ધિને, ક્ષીણતાને કે નાશને પામતો જ નથી માત્ર મરણ સમયે પ્રાચીન કર્મના ફળના યોગે પૂર્વના શરીરનો ત્યાગ કરી બીજા શરીરમા પ્રવેશ કરે છે જેમ લોઢાનો ગોળો સમીપ અગ્નિમા બળી રહેલા અગ્નિના તાપના સબધથી લાલચોળ જેવો દેખાય છે, તોપણ તે ગોળો ખરી રીતે લાલ નથી, તેમ તે દાહકશક્તિસ્વરૂપ પણ નથી, પણ બીજાના સયોગથી તે તેવો દેખાય છે તે જ પ્રમાણે જડ દેહ આત્માના સબધને લીધે ચૈતન્ય ન હોવા છતા ચૈતન્ય જેવો દેખાય છે, તોપણ વસ્તુત દેહ ચૈતન્ય છે જ નહીં તેમ જ જીવાત્મા એક શરીરનો ત્યાગ કરી બીજા શરીરમા પ્રવેશ કરે છે, અને પૂર્વના શરીરના પચભૂતોને તજી દઈને તેવા બીજા શરીરના ભૂતોને અને શરીરને ધારણ કરે છે, અને દેહાભિમાની જીવ તે પંચમહાભૂતોથી બનેલા શરીરનો ત્યાગ કરીને પણ આકાશ, વાયુ, તેજ, જળ, પૃથ્વી એ પાચ ભૂતોના

કાર્યરૂપ બીજા શરીરને ધારણ કરે છે અને તેની સાથે સાથે અનેક પ ર્થોનો આશ્રય કરનારી તથા કર્મમા પ્રવૃત્તિ કરનારી, ઇંદ્રિયો તથા પચવિષયનો આશ્રય કરે છે, અને પાચ ઇંદ્રિયોના પાચ વિષયો, આકાશાદિ મહાભૂતોને વિષે વસે છે અને પ મહાભૂતો ઇંદ્રિયોને વિષે વસે છે ઇંદ્રિયો, તેના વિષયો અને પચ મહાભૂતો મનને અનુસરનારા છે મન બુદ્ધિને અનુસરનાર છે અને બુદ્ધિ આત્માને અનુસરનાર છે પણ આત્મા જો પોતાની ઇચ્છા હોય અગર તેને જ્ઞાન થયું હોય તો જ આત્મતત્ત્વને અનુસરે છે તેથી આત્માને સ્વતંત્ર અને પુણ્યપાપનો જવાબદાર કહ્યો છે, અને ઇંદ્રિયો, મહાભૂતો અને મન એ તમામ નો બુદ્ધિમા જ અતરભાવ થાય છે, અને આત્મા તે બુદ્ધિના સબધને લીધે પુન પુન સમારમા પડે છે પૂવમા જે શુભાશુભ કર્મ કરેલા હોય તે કર્મને ઇંદ્રિયો આદિ તત્ત્વો પોતાના નવા શરીરમા ગ્રહણ કરે છે અને જેમ જળચર પ્રાણીઓ જળના અનુકૂળ પ્રવાહમા સહેલથી ઘસડાઈ જઈને બીજા જળમા દાખલ થાય છે, તેમ બુદ્ધિ, વિષયો, મનના વેગને અનુસરીને તેની સાથે બીજા શરીરમા નિવાસ કરે છે

નાગણ કે પૂર્વજન્મના સસ્કારને આધીન થઈને ઉત્તરોત્તર નવા દેહમા દાખલ થનારો જીવાત્મા કર્મો કરીને પુન પુન બધાણા જ કરે છે ઘણા કાળથી ચાલ્યા આવેલા કર્મબધનો અને માયાવી ભ્રમને મૂળમાથી ઉખાડી નાખવા માટે અને માયા, મોહથી પર એવા પરમાત્માનો પ્રેમ મેળવવા માટે તત્ત્વજ્ઞાની પુરુષો જ સમર્થ થઈ શકે છે

પરમાત્મા પોતાની પરમગતિ દ્વારા યા જ્ઞાનચૈતન્યના ઐશ્વર્ય વડે સર્વ સ્થળે વ્યાપક છે, અને તેમનુ જે વ્યાપક ઐશ્વર્ય છે તે સચરાચર દરેક સ્થળે વ્યાપ્ત છે અને માયામા પણ છે અર્થાત્ પરમાત્મા પરમેશ્વર પરમજ્યોતિ છે અને તેમની પરમગતિ આત્મતત્ત્વથી ભરપૂર છે અને તે પરમાત્મા (પ્રત્યક્ષ નહિ) સર્વ આત્માઓમા પોતાની ગતિ વડે આત્મતત્ત્વરૂપે વ્યાપ્ત છે, યા તો સર્વ પ્રાણીમા રહેલ જીવોમા પોતાની ગતિ વડે સાક્ષીરૂપ જ્ઞાનચૈતન્યરૂપે યા કૂટસ્થરૂપે યા નિર્ગુણરૂપે છે

(૧૯) શિષ્ય કેટલાક જ્ઞાનીઓ પરમાત્મા પરમેશ્વરને નિરાકાર કહે છે, જ્યારે કેટલાક તેને સાકાર કહે છે માટે પરમાત્મા પરમેશ્વર કેવા છે, તે જણાવશો?

વ્યાન નિરાકાર એટલે (નિ+આકાર) માનાનો આકાર નથી, એમ શાસ્ત્રોએ કહ્યુ છે નાકાર એટલે નાપવા જેવો આકાર. તેથી કહ્યુ છે કે

निर्गत आकारात्स निराकार ॥

અર્થ પરમાત્માને પંચભૂતનો આકાર યા માયાવી આકાર નથી અને તે કદી શરીર ધારણ કરતા નથી એથી પરમાત્મા પરમેશ્વરને નિરાકાર કહ્યા છે

પરંતુ જો પરમેશ્વરનો આકાર જ નથી એમ માનીશુ તો કોઈ પણ આકાર વિનાની વસ્તુને તે છે અગર તો તે એક યા બે છે એમ શી રીતે કહી શકીશુ? વેદે કહ્યુ છે કે

एकमेवाद्वितीय ब्रह्म ।।

(શ્રીસામવેદીય છાંદોગ્યોપનિષત, પ્રપાઠક ૬, ખંડ ૧, મંત્ર ૧) અને (પૈંગલોપનિષદ, અધ્યાય ૧, મંત્ર ૧)

અર્થ બ્રહ્મ એટલે પરમાત્મા પરમેશ્વર એક જ અને અદ્વિતીય છે

એનુ સ્પષ્ટીકરણ એ છે કે, એક જ અદ્વિતીય બ્રહ્મ એટલે જેના જેવુ બીજુ કોઈ બ્રહ્મ નથી, તેવુ તે માત્ર એક જ બ્રહ્મ છે એમ કહેવું છે તો કોઈ પણ માપ કે આકારવાળી વસ્તુ હોય તેને જ એક, બે, ત્રણ કહી શકાય આથી કરીને વેદે તેને એક કહેલો હોવાથી પરમાત્મા પરમેશ્વર નિરાકાર નથી પણ સાકાર છે

સાકાર એટલે આપણા જેવો આકાર જો પરમાત્મા આપણા જેવા આકાર ના હોય તો તેમને ક્ષુધા, પિપાસા, નિદ્રા, ભય, ચિંતા, કલેશ, જન્મ મૃત્યુ, સ્ત્રી પુરુષાદિ દ્વંદ્વો રહે, પરંતુ પરમાત્મામા તેવુ કઈ જ નથી તેથી પરમાત્મા આપણા જેવા આકારના નથી પણ નિરાકાર છે એટલે આપણા જેવા લૌકિક આકાર વિનાના છે

વેદના સિદ્ધાંતના બે પ્રતિપક્ષો છે તેનું નિરાકરણ કરતા સિદ્ધાંત કરેલ છે કે, પરમેશ્વર નિરાકાર છે તેમ જ સાકાર છે એટલે કે પોતાની જ્ઞાનચૈતન્ય પરમગતિ વડે સર્વસ્થળે વ્યાપ્ત છે જે જે સ્થળે સજીવ આત્માઓ છે, તે તમામમા પરમેશ્વરની ગતિ વ્યાપ્ત હોઈ વ્યાપક છે પરંતુ તે એકમા પ્રતિબંધિત નથી ત્યાર બીજો પ્રતિપક્ષ કહે છે કે, પરમેશ્વર અજન્મા છે, જન્મ મૃત્યુ, માયાથી પર છે, સ્ત્રી પુત્રાદિના દ્વંદ્વથી પર છે, પરંતુ તે જગતમા કોઈ જગાએ જન્મ ધરી આવતો નથી, માયામા પ્રવેશતો નથી, માટે તે સ્વરૂપે ન્યારો છે તેનો પ્રત્યુત્તર વેદશાસ્ત્રોએ આપ્યો છે કે

सूर्योऽसौ सर्वलोकस्य चक्षुष्टवेन व्यवस्थित ।
तथापि चाक्षुषै दोषैर्न कदाचिद्विलिप्यते ।।

(શિવગીતા, અધ્યાય ૨, શ્લોક ૭)

અર્થ સૂર્ય સર્વલોકને પ્રકાશ આપી ચક્ષુઓ વડે દેખતા કરીને વ્યવસ્થિત થયો છે, છતા પણ તે ચક્ષુઓના દોષોથી કદાપિ પણ લેપાતો નથી અર્થાત

તેને આંખના વિકારોનો સ્પર્શ થતો નથી. જેમ સૂર્ય "સ્વરૂપે" આકાશે રહી જગતમાં પ્રકાશે છે અને ગતિથી સઘળે વ્યાપ્ત છે, તેમ પરમાત્મા-પરમેશ્વર પરમગતિ વડે વિશ્વમાં વ્યાપ્ત છે, પરંતુ પોતાના "જ્ઞાનસ્વરૂપે" આકાશે અને માયાથી ન્યારો રહેલો છે, તે કદાપિ માયાથી લેપાતો કે માયાના બંધનમાં આવતો નથી. અર્થાત્ બીજી રીતે કહીએ તો, જે પ્રમાણે સૂર્ય સ્વરૂપે આકાશે ન્યારો છે, પરંતુ પોતાના પ્રકાશથી જગતમાં સઘળે વ્યાપ્ત છે; જેમ ફૂલ પોતાની સુવાસથી આખા બાગમાં વ્યાપ્ત છે, પરંતુ સ્વરૂપે જ્યાં રહે તે સ્થળ ન્યારું છે તથા જેમ દીવાનો પ્રકાશ દીવો કર્યો હોય તે ઘર મંડપાદિ સ્થળે વ્યાપ્ત છે પરંતુ દીપક સ્વરૂપે ન્યારો છે. એટલે કે જેમ સૂર્ય પોતાના પ્રકાશથી જગતમાં વ્યાપ્ત રહે છે, તે જ રીતે દીવો પ્રકાશથી વ્યાપ્ત અને સ્વરૂપે ન્યારો છે. પરંતુ જો સૂર્ય કે દીવો પ્રત્યક્ષ સ્વરૂપે વ્યાપ્ત થાય તો જગત અને સ્થળો બળીને ખાખ થઈ જાય તેમ જ જેમ સૂર્ય ચક્ષુઓના દોષનો ભાજન થતો નથી, કોઈના ચક્ષુઓમાં આવી વસતો નથી પણ માત્ર પ્રકાશ આપે છે, તેમ પરમેશ્વર સ્વરૂપે ન્યારો છે પણ પોતાની જ્ઞાનચૈતન્ય શક્તિથી સર્વ જીવોના હૃદયમાં પોતાની ગતિ વડે વ્યાપ્ત છે. તે પરમેશ્વરની "જ્ઞાનગતિ"થી આત્માઓ હિતાહિત સમજી, બુદ્ધિ દોડાવી શકે છે, આત્મજ્ઞાન-પરમાત્મજ્ઞાન સમજી શકે છે, યોગ-ધારણા આદિ કરી સત્કર્મ સાધી શકે છે અને "ચૈતન્ય-ગતિ"થી દરેક આત્મા ક્રિયાશક્તિ યુક્ત હલનચલન કરી શકે છે. જે પ્રમાણે પાણીમાં મેલ દૂર કરવાનો અને ઠંડક આપવાનો ગુણ છે, તેમ પરમેશ્વરની પરમગતિમાં જ્ઞાન અને ક્રિયાશક્તિનો ચૈતન્યગુણ છે. તેથી જ સમગ્ર વિશ્વ પરમેશ્વરની શક્તિથી ચાલી રહ્યું છે એમ કહેવાય છે. આ રીતે પરમેશ્વર પોતાની ગતિથી વ્યાપક અને પ્રત્યક્ષ સ્વરૂપે ન્યારો છે.

આ પરમેશ્વરને "પ્રથમ પુરુષ:"॥ અને "અસંગોહ્યયંપુરુષઃ"॥ (શ્રુતિઃ) સૌથી પ્રથમ પુરુષ અને માયાના સંગથી પર એટલે કે માયાતીત પુરુષ જણાવ્યો છે. આ રીતે પરમેશ્વરને પુરુષરૂપે વર્ણવેલો હોવાથી સાકારના મતવાળા પરમેશ્વરને સાકાર કહે છે. પણ માયાના સંગથી પરમેશ્વર વિરક્ત છે એટલે તે માયાતીત હોવાથી તેને પુરુષાકૃતિના અવયવો હોય નહીં, કેમ કે માયામાં જ સ્ત્રી-પુરુષના ભેદ છે પણ અલૌકિકમાં સ્ત્રી-પુરુષના ભેદ નથી. ત્યાં સર્વ આત્મા એક સરખા છે. પરમેશ્વર પુરુષાકૃતિના હોય તો તેને સ્ત્રી જોઈએ અને જો તે સ્ત્રી રાખે તો અદ્વૈત કહેવાય નહીં. કેમ કે,

मायामात्रमिदं द्वैतमद्वैतं परमार्थतः ॥

(આગમ પ્રકરણ, શ્લોક ૧૭ અને શ્રુતિઃ)

असंगोह्ययंपुरुषः ।। (શ્રુતિ :)

सत्यं ज्ञानमनन्तं ब्रह्म ।।

(શ્રીકૃષ્ણયજુર્વેદીય તૈત્તિરીયોપનિષત્, બ્રહ્મવલ્લી ૨, અનુવાક ૧, મંત્ર ૧)

અર્થ : માયા માત્ર દ્વૈત પદાર્થ છે અને માયાથી જુદા રહેલા એવા પરમાત્મા જ ફક્ત અદ્વૈત છે. પરમાત્મા પુરુષાકૃતિ તથા માયાના સંગથી રહિત છે. નાશરહિત, જ્ઞાનમય, સત્યસ્વરૂપ બ્રહ્મ તે પરમાત્મા છે.

અર્થાત્ જ્યાં માયા છે ત્યાં દરેક સ્થળે હું અને તું, સ્ત્રી અને પુરુષ છે. અક્ષરબ્રહ્મ-નારાયણ (જુઓ પ્ર. દ. નં. ૨૪/૨૫) પોતે સૌથી વિરક્ત છે, છતાં માયાવી પ્રકૃતિથી તે પ્રકૃતિરૂપી સ્ત્રીવાળા છે તેથી તેમને "હિરણ્યગર્ભ" કહેવાય છે. પરંતુ પરમેશ્વર (જુઓ પ્ર. દ. નં. ૧/૩) તો માયાતીત છે, તેમની પાસે દ્વૈત જેવું બીજું કાંઈ પણ છે જ નહીં, તેથી અદ્વૈત હોઈ પરમ અર્થ, પરમ લાભ, મોક્ષદાતા, અદ્વૈત સ્વરૂપ મોક્ષ આપનાર છે. માટે તે સાકાર ન હોઈ નિરાકાર છે એમ બીજો પક્ષ માને છે.

તેનો ન્યાયશાસ્ત્રમાં અને વેદમાં પ્રત્યુત્તર છે કે, પરમેશ્વર સાકાર પણ નથી અને નિરાકાર પણ નથી, એટલે કે મનુષ્યના જેવા આકારવાળા, માયાવી દોષોવાળા સાકાર નથી તેથી "નિરાકાર" કહ્યા છે. પરંતુ ખરી રીતે તે પરમેશ્વર માયાના કે માયાવી તત્ત્વોના આકારવાળા નથી તેમ જ કોઈ સ્વરૂપ કે આકાર વિનાના પણ નથી.

સાકાર અને નિરાકારના ભેદ તેના હેતુ સમજ્યા વિના સમજાતા નથી. સાચા અર્થમાં પરમેશ્વર :

ज्ञान स्वरूप मुच्यते ।।

ब्रह्मानंदं परमसुखदं, केवलं ज्ञानमूर्तिं ।।

અર્થ : તે પરમેશ્વર માત્ર જ્ઞાનનું સ્વરૂપ છે. તે પરમેશ્વર-પરમબ્રહ્મ સર્વદા આનંદમય, પરમસુખરૂપ અને કેવળ જ્ઞાનની મૂર્તિ છે એટલે કેવળ જ્ઞાનસ્વરૂપ છે.

તેથી સદ્ગુરુ શ્રીવલ્લભરામે "પ્રણવવિજ્ઞાન"માં "અક્ષરાતીતની આરતી" નામના મથાળા નીચે લખ્યું છે કે :

"ભૂતથી નિરાકાર, જેજે, ભૂતથી નિરાકાર
જ્ઞાનસ્વરૂપ છો સ્વામી, જ્ઞાનસ્વરૂપ છો સ્વામી
મોક્ષપદ વિશ્વાધાર, જેજેજેજે પુરણબ્રહ્મ."

જેમ ખાંડની પૂતળી બનાવી હોય, તેને હાથ, નાક, કાન, પગ, આંખો, મોઢું, કપડાં, શણગાર, બેડું વગેરે હોય છે પરંતુ તે બધું માત્ર ખાંડનું જ હોય

છે, તેમ પરમેશ્વરને મનુષ્ય પુરુષાકૃતિની માફક હાથ, નાક, આંખો, મોઢું આદિ બધા અવયવો છે પરંતુ તે માત્ર જ્ઞાનસ્વરૂપના જ છે, ત્યારે આપણા અવયવો માયાવી ઇંદ્રિયગમ્ય છે આપણે આખા શરીરમાં માત્ર આંખ વડે જ જોઈ શકીએ છીએ, કાન વડે જ સાંભળી શકીએ છીએ, મુખ વડે જ બોલી શકીએ છીએ, હાથ વડે જ ઝાલી શકીએ છીએ, પગ વડે જ ચાલી શકીએ છીએ આપણે હાથ, પગ, પેટ આદિથી દેખી કે બોલી કે સાંભળી શકતા નથી એટલે ઇંદ્રિયોના આધારે ક્રિયા કરનાર, ઇંદ્રિયો કાર્ય કરે તો જ આપણે ઇંદ્રિયગમ્ય કાર્ય કરી શકીએ છીએ ત્યારે પરમેશ્વરને જ્ઞાનસ્વરૂપ એટલા માટે કહ્યા છે કે, તે જ્ઞાનસ્વરૂપની દરેક જગ્યાએથી દરેક કાર્ય કરી શકે છે, તે પોતાના શરીરના ગમે તે ભાગથી એટલે શરીરના દરેક ભાગથી બોલી શકે છે, સાંભળી શકે છે, જોઈ શકે છે, ઝાલી શકે છે અર્થાત્ શરીરના દરેક સ્થળેથી દરેક કાર્ય કરી શકે છે, તેમનું સમગ્ર શરીર જ્ઞાનચૈતન્યનું સ્વરૂપ છે તેથી તેમને "કેવલ જ્ઞાનમૂર્તિ" એટલે કેવળ જ્ઞાનનું સ્વરૂપ કહ્યા છે ત્યાં જ્ઞાન સિવાય અજ્ઞાન કે માયા કે ઇંદ્રિયગમ્યતાનો અંશ પણ અસર કરી શકતો નથી તે પરમેશ્વર કોઈના આધારે રહેલા નથી પરંતુ સ્વાધાર, સ્વસત્તા, સ્વતેજ, જ્ઞાનસ્વરૂમ છે તેથી ધર્મશાસ્ત્રોમાં કહ્યુ છે કે

प्रशासितारं सर्वेषामणीयासमणोरपि।
रुक्माभं स्वप्नधीगम्यं विद्यात्तं पुरुषं परम्॥ (મનુસ્મૃતિ)

અર્થ સ્વતેજથી પ્રકાશનાર, જેના ગુણો કેવળ ધ્યાનથી સમજી શકાય છે તથા જે મહાન જ્ઞાનમય ઝીણી બુદ્ધિથી જણાય છે, તેવા અગમ્ય, સ્વચ્છ સુવર્ણ કરતા પણ તેજસ્વી, એવા પરમપુરુષ પરમાત્માને દરેક આત્માએ સમજવો જોઈએ)

सत्यं ज्ञानात्मकोऽनन्तं परमानन्दविग्रहं।
परमात्मा परं ज्योतिरव्यक्तोऽव्यक्तकारणम्॥
(શિવગીતા, અધ્યાય ૧૦, શ્લોક ૫)

અર્થ સત્ય, જ્ઞાનાત્મકસ્વરૂપ (એટલે જ્ઞાનસ્વરૂપ) અનંત અર્થાત્ અવિનાશી શ્રેષ્ઠ, આનંદરૂપ, કોટાનકોટિ સૂર્યોથી અધિક તેજવાન, પરમજ્યોતિરૂપ પરમાત્મા તે અવ્યક્ત છે અને આત્યંતિક પ્રલય થાય છે ત્યારે વ્યક્ત નારાયણ તે અવ્યક્ત પરમાત્મામાં પોતાના બ્રહ્મસ્વરૂપે સમાય છે અને તેમાથી પાછા ઉત્પન્ન થાય છે, માટે વ્યક્તિઓ અને વ્યક્તના મૂળરૂપ અવ્યક્ત પરમાત્મા છે

ब्रह्मचिद्रूपतो नित्यं, महाबीजं निरामयम्।
तदवाच्यं प्रणवस्याद्यं, सर्वेवाचलमध्रुवम्॥ (તત્ત્વસાર)

અર્થ તે પરમબ્રહ્મ પરમાત્મા સત્યચિદ્રૂપથી નિત્ય છે, સર્વના બીજરૂપ છે, માયાથી રહિત છે, પ્રણવ એટલે ૐકારનુ પણ આદિ એટલે મૂળ છે અને ચળે નહીં તેવું સદા નિશ્ચય જ્ઞાનસ્વરૂપ છે. તેને જ્ઞાની પુરુષોથી પરમાત્મા એવા નામથી બોલાય છે

परब्रह्म निर्लेप सुखनिरधि ॥

यो वेद निहित गुहायां ब्रह्म ॥ (श्रुति)

અગ પરમબ્રહ્મ પરમાત્મા માયાના લેપન સિવાયના હોવાથી નિર્લેપ અને સુખસાગર છે કે જેને પામવાથી કદાપિ દુ ખ ઉત્પન્ન થઈ શકતું નથી તે પરમાત્મા અજ્ઞાનમય માયાની કળાથી રહિત હોવાથી બ્રહ્મ (એટલે પરમાત્મા) નિષ્કળ કહેવાય છે પરમેશ્વર માયાવી મૂર્તિરહિત દિવ્ય પુરુષ છે અને પરિપૂર્ણ બહાર તથા અતરમા એક જ જ્ઞાનસ્વરૂપ છે એટલે "कैवल्य ज्ञानमूर्ति" ॥ કૈવલ્ય બ્રહ્મ (એટલે પરમાત્મા) જ્ઞાનસ્વરૂપ છે

આને લગતો એક મત્ર છે કે

दिव्योह्यमूर्त पुरुष सबाह्याभ्यन्तरो ह्यजोऽप्राणो ह्यमना ।

त पश्यन्ति ये क्षीणदोषा ॥

(શ્રીઅથર્વવેદીય મુડકોપનિષત, મુણ્ડક ૨, ખડ ૨, મત્ર ૨)

અર્થ તે પરમપુરુષ પરમાત્મા દિવ્ય છે, અમૂર્ત છે, સર્વની બહાર અને અદર છે અને અજન્મા છે જેમ મનુષ્યોમા આત્મા અને દેહની વસ્તુત ભિન્નતા હોય છે, તેમ પરમાત્મામા આત્મા તથા દેહની ભિન્નતા નથી અને એક જ સ્વરૂપ છે અને તે જન્મમરણરહિત તથા પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત, અહકારાદિરહિત છે અને તેના દર્શનથી યતિઓના દોષો નાશ પામે છે, એવા "किशोराकृतिरुच्यते" ॥ (શ્રુતિ) પાચ વર્ષના બાળક સમાન આનદમય બ્રહ્મ તે પરમાત્મા છે

તેથી સદગુરુ શ્રીવલ્લભરામે "પ્રણવવિજ્ઞાન"મા જણાવ્યુ છે કે

(પરમાત્મા આકાર વિષે—કુડળિયો)

જ્ઞાનાકારે બ્રહ્મ છે, અવર રૂપ નવ જાણ,
સાકારે ઘટ વિકાર છે, વેદ તણો પ્રમાણ
વેદ તણો પ્રમાણ, બ્રહ્મ નહિ નિરાકારી,
નિરાકાર તો "પ્રભુ" છે, તેમા રહે શકા ભારી
શુ દીઠલા દૃષ્ટ, અગ શુ સ્પર્શ થયેલો?
જે કહીશ સાકાર, તો બનીશ બોલતા ઘેલો (૧)

(પરમાત્મા જ્ઞાનાકાર વિષે—છપ્પો)

પરમેશ્વર છે એક, શુદ્ધ જ્ઞાનાકાર સ્વામી,

કિશોરાકૃતિ સ્વરૂપ, ગુણાતીત અંતરયામી.
સર્વ શકિતવાન, નહિ છાયા માયાની;
પરમગતિ વ્યાપક, સર્વમાં વિશ્વરાયાની.
જ્ઞાન ચૈતન્ય ગુણ, સંબંધ શુદ્ધ પરમગતિનો;
પરમેશ્વર છે પરોક્ષ, "વલ્લભ"ને શુદ્ધ મતિનો. (૨)

નહિ ઘટાકાશ, નહિ મઠાકાશ, નહિ મહદાકાશ વારૂં;
જ્ઞાનમૂર્તિ આકાશે વિરાજી, જુએ ન જીવ વિકારું;
જાણ્યું "વ્યાસે" સારામાં સારું. (૩)

("વલ્લભ વિષ્ટિ", ભાગ ૧, પદ ૪૪માંથી)

વળી શ્રીકૃષ્ણપ્રભુએ પણ ભગવદ્ગીતામાં કહ્યું છે કે :

ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य विष्ठितम्॥

(શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૩, શ્લોક ૧૮)

અર્થ : તે બ્રહ્મ (એટલે પરમાત્મા-પરમેશ્વર) ચંદ્ર, સૂર્યાદિકને પણ પ્રકાશ આપે છે; તે અજ્ઞાનરૂપી અંધકારની પેલી બાજુએ છે એમ પણ કહેવાય છે; તે (પરમાત્મા) જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞેયસ્વરૂપ છે, તથા જ્ઞાનથી પ્રાપ્ત કરવા યોગ્ય છે અને તે જ સર્વના હૃદયમાં વિદ્યમાન છે. એટલે બ્રહ્મ (પરમાત્મા) પોતાની જ્ઞાન-ચૈતન્યની ગતિ વડે સર્વ આત્માના આત્મદહરમાં વિદ્યમાન છે. પ્રખર યોગીઓ આ પરમજ્ઞાનચૈતન્ય તત્ત્વને અનેક નામોથી જેવા કે, બ્રહ્મતત્ત્વ, આત્મતત્ત્વ, આત્મજ્યોતિ, કૂટસ્થતત્ત્વ વગેરે નામોથી સંબોધે છે.

सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम्॥
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति॥

(શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૩, શ્લોક ૧૪)

અર્થ : જગતમાં સર્વ તરફ જેને હાથ, પગ, નેત્ર, મસ્તક, મુખ, કાન છે અને તે સર્વને ઘેરીને રહેલું છે. એટલે અનાદિ પરમબ્રહ્મ-પરમાત્મા જે છે તેને હાથ, પગ, મુખ, નેત્ર, નાક વગેરે છે. આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે પરમબ્રહ્મ આકારવાન છે. સદ્ગુરુ શ્રીવલ્લભરામે પોતાના અનુભવથી સિદ્ધ કરી જણાવ્યું છે કે તે પરમબ્રહ્મ-પરમાત્મા જ્ઞાનાકાર છે. એટલે તેમનો ભૌતિક માયિક આકાર નહીં પણ જ્ઞાનવસ્તુનો આકાર છે.

સાકાર પ્રતિપાદન કરનાર વેદ કહે છે કે, પરમેશ્વરનો આપણા જેવો મનુષ્યનો આકાર છે. માયાના સંગથી એટલે માયા તથા સ્ત્રી યાને દ્વૈત વસ્તુથી રહિત એવો એક જ પરમેશ્વર છે અર્થાત્ વધારે નથી. વધારે હોય તે ઈશ્વરો

છે પણ પરમેશ્વર નથી. માયાની, સ્ત્રીની અને સર્જન કરવાની શક્તિતત્ત્વના મૂળથી અને સંગથી અસંગ હોય તેવો પુરુષાકૃતિનો પાંચ વર્ષના બાળક જેવડો પરમેશ્વર છે. પરંતુ જેમ પુરુષને સ્ત્રીની આવશ્યકતા રહે છે, તેમ પરમેશ્વરને કોઈ સ્ત્રીની, કોઈ સર્જનની આવશ્યકતા નથી, તેથી તે અસંગ છે. જો પરમેશ્વર નિરાકાર હોય એટલે કોઈ આકાર જ ન હોય તો "एकमेवाद्वितीयं ब्रह्म" એટલે એક જ અદ્વિતીય એવો બીજો કોઈ નથી તેવો પરમેશ્વર છે, એમ શા માટે કહ્યું? જો પરમેશ્વરની કોઈ આકૃતિ ન હોય તો એક, બે, ત્રણ એમ કોને કહો છો? જો કાંઈ પણ ગણતરીની વસ્તુ હોય તો જ તેને એક, બે કહી શકાય. માટે નિરાકાર ખોટું છે પણ સાકાર છે.

"पुरुष:" એટલે પુરુષ આકૃતિ. પુરુષ લિંગ છે, પણ માયાના પુરુષોને સ્ત્રી આદિના માયાવી સંગની (બ્રહ્મા, વિષ્ણુ, શિવ સપત્ની છે તેમ) અપેક્ષા રહે છે, પણ પરમેશ્વરને માયાવી અપેક્ષા રહેતી નથી તેથી તે અસંગ છે છતાં સાકાર છે.

ત્યારે નિરાકાર માનનાર પક્ષ કહે છે કે, પરમેશ્વર આપણા જેવા આકારવાળો નથી. જો આપણા જેવા આકારવાળો સાકાર હોય તો આપણી માફક કોઈ માતાપિતાના પેટે જન્મવો જોઈએ. તેનાં માતાપિતા કોણ? ક્યારે જન્મ્યો? કોણે ઉછેર્યો? વળી તે ધીરે ધીરે મોટો થવો જોઈએ. તેને બાલ્ય, યુવા, વૃદ્ધા અને મૃત્યુ આવવું જોઈએ. તે સાકારને બાલ્ય, યુવા, વૃદ્ધા અને મૃત્યુ હોય તો તે પરમેશ્વર નથી પણ ઈશ્વર છે. અને તે છ દોષોથી (જેવા કે જાયતે, અસ્તિ, વર્ધતે, વિપ્રીણમતે, અપક્ષીયતે અને નશ્યતિ)રહિત છે માટે નિરાકાર છે. જેમ બે સમજુ માણસો એક પશુને જુએ અને તે જોયાનું એક સમજુને કહે, ત્યારે જોનાર જણાવે છે કે અમે એક પ્રાણી જોયું છે તે ઘોડું નહીં પણ ઘોડા જેવું છે. ત્યારે બીજો કહે કે, અમે જોયું છે તે ગધેડા જેવું છે પણ ગધેડું નથી. ત્યારે બંનેની વાત સાંભળનાર નિર્ણય કરે કે, ઘોડુંય નથી અને ગધેડુંય નથી, તેમ જ ઘોડા જેવું અને ગધેડા જેવું પ્રાણી તે ખચ્ચર છે કે જે ઘોડા અને ગધેડા જેવું જણાય છતાં ઘોડું કે ગધેડું નથી. તે પ્રમાણે અનંત જ્ઞાની-પુરુષોએ નિર્ણય કર્યો કે, પરમેશ્વરમાં કોઈ માયાનો કે કોઈ લિંગનો (સ્ત્રી, પુરુષ, નાન્યતરનો) આકાર નથી તેથી તે "નિરાકાર" છે, અને મનુષ્યના જેવો આકાર હોવાથી "સાકાર" કહેલો છે.

પરંતુ ખરી રીતે પરમેશ્વર સાકાર કે નિરાકાર નથી પણ "જ્ઞાનાકાર" છે. જ્ઞાનાકાર એટલે ખાઈને સર્વ કોઈ તૃપ્તિ પામે પણ જમ્યા વિના (જેમ ભૂખ્યો બાપ પોતાનાં બાળકોને જમ્યા સાંભળીને) તૃપ્તિ પામે તેને જ "જ્ઞાનાકાર"

કહેવાય પરમેશ્વરના જેવું બીજું કોઈ જ્ઞાનસ્વરૂપ છે જ નહીં અને તેથી તેમના વર્ણનનો કોઈ દાખલો, દૃષ્ટાંત આપી બીજાથી સાબિત કરી શકાતું નથી

માત્ર યોગ જ્ઞાનાવસ્થામાં ચડેલ કોઈ જ્ઞાનયોગી પુરુષ જેમ અનેકના કલ્યાણ માટે પોતાનું અને ઐહિક લાભનું બલિદાન આપી અનંત અમૃતનો વરસાદ વરસાવે છે, અનંત કાર્ય કરી નાંખે છે છતા તેને પોતાને લાગતું નથી કે તેણે કાંઈ કાર્ય કર્યું છે, સર્વસ્વ આપ્યા છતા કાંઈ આપ્યું નથી અને પોતાનું હોય તેવુ રાખ્યા સિવાય કાંઈ રાખ્યું નથી, તેમ પોતાનું સર્વસ્વ આત્મબળ આપ્યા છતા કાંઈ સમર્પણ કર્યું નથી એવુ જેને લાગે તે અનંતજ્ઞાની પુરુષ છે તે પ્રમાણે અનંત કાર્ય કરવા છતા પોતાની ઈચ્છાથી કાંઈ ન કરતાં અકર્તા રહેનાર, માગવાથી ન દેનાર, વણમાગે અનંતગણું દેનાર, જેની આંખના પલકારા જેટલી કૃપા જો મળે તો આત્માનું અનંતાનંત હિત થઈ જાય એવુ અનંત પ્રેમભર્યું સ્વરૂપ તે પરમાત્મા છે તેને મનુષ્યાકૃતિ હોવાથી સાકાર માન્યા છે અને માયાનો આકાર ન હોવાથી નિરાકાર માન્યા છે પરંતુ સત્ય હકીકતમા અનંત પિંડ બ્રહ્માંડોથી પાર જેમની જ્ઞાનદૃષ્ટિ અમર્યાદ રૂપે પહોંચી શકે છે, કાર્ય કરી શકે છે અને નિઃસ્વાર્થ પૂર્ણપ્રેમનું સ્વરૂપ હોવાથી તે પરમેશ્વર જ્ઞાનાકાર છે

જેમ એક દીવામાંથી અનેક દીવા સળગાવવામા આવે છતા તે મૂળ દીવો તો કાયમ જ રહે છે, તેમ પરમેશ્વર મૂળ દીવો છે અને નારાયણ, અક્ષાવતારી ઈશ્વરો, દેવો, અવતારી પુરુષો અને અનેક જ્ઞાનીપુરુષો બીજા દીવાઓ છે જેમ અનેક દીવાનુ મૂળ તારા, તારાનું મૂળ ચન્દ્ર, ચન્દ્રનું મૂળ સૂર્ય, સૂર્યનું મૂળ ઈશ્વરો, ઈશ્વરોનું મૂળ નારાયણ અને નારાયણનું મૂળ પરમેશ્વર છે, તેમ તેઓ પોત પોતાના મૂળમાંથી સર્વદા પ્રકાશ અને શક્તિ મેળવ્યા કરે છે એટલે પરમેશ્વર માંથી નારાયણમા, નારાયણમાંથી ઈશ્વરોમા, ઈશ્વરોમાંથી સૂર્યમા અને તે પ્રમાણે એકબીજાઓમા પ્રકાશ અવિરત ઊતરે છે, તેથી તે ક્ષીણ થતા નથી અને ઝાંખા પડતા નથી

સર્વના મૂળ સૂર્યરૂપે, મૂળ પુરુષરૂપે, મૂળ માતૃરૂપે અને કેવળ પ્રેમસ્વરૂપ માત્ર પરમેશ્વર છે આથી અનંત જ્ઞાનીપુરુષો જેમ અનેક નદીઓ સાગરમા ભળે છે, તેમ પરમેશ્વરમા સમાય છે મહાજ્ઞાનયોગી પુરુષો ગુરુરૂપે રહી કોઈને આશીર્વાદ કે કાંઈ આપતા નથી, પણ પોતાના પરમસદ્‌ગુરુરૂપ પરમેશ્વરને સર્વસ્વ સોંપી પોતાની સર્વ ઈચ્છા સહિતના પ્રેમને સમર્પણ કરી સર્વભાવથી તેમના શરણાગત બને છે તેથી સત્પુરુષની ઈચ્છાના પરિબળનું મોજુ પરમગતિમાં ઊછળે છે અને તેથી લૌકિક, અલૌકિક દરેક કાર્ય તે પરમગતિની પરમશક્તિ દ્વારા થાય છે

સમજુ જ્ઞાનયોગી પુરુષ પોતે અનેક કાર્ય કરે છતાં તેની સર્વ સત્તા અને ફળ પરમેશ્વરમાં સમર્પણ કરી દેતા હોવાથી તે તમામ કાર્ય પરમશક્તિ દ્વારા પરમયોગથી થતું હોય છે આને શ્રીમદ્ ભગવદ્‌ગીતામા શ્રીકૃષ્ણપ્રભુએ અનાસક્તિ યોગ કહ્યો છે યોગી એટલે આસક્તિરહિત કાર્ય કરનારો જ્ઞાનીપુરુષ તે જો અનાસક્ત બની જાય તો તેના તમામ કાર્યની જવાબદારી, પરિણામ, સફળતા, નિષ્ફળતા અને તમામ બોજો પરમેશ્વરના હાથે થાય છે તેથી ભૂલચૂક વિગેરે સુધારી પરમેશ્વર દરેક કાર્ય શ્રેષ્ઠ રીતે કરાવે છે, પરતુ જો સહેજ પણ આસક્તિ હોય અગર કર્તાપણાનો કે યશ લેવાનો ભાવ હોય તો સર્વ કાંઈ નિષ્ફળ જાય છે

સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે "પ્રણવવિજ્ઞાન"મા સાકાર નિરાકારનું ઉત્તમ રીતે નિરૂપણ કર્યું છે, તે તમો સાભળો

(મનહર છંદ)

આકાર ન દેખે દેહે, તેથી નિરાકાર માને,
આકાર નથી તો છે, એમ શાથી જાણ્યુ?
(ઈશ્વર) હોવા વિના જાણ્યુ શાથી, જાણ્યું તો કાઈક વસ્તુ,
વસ્તુ તો આકાર કાઈક, સ્વરૂપ પ્રમાણ્યું
વસ્તુતાએ નહીં તો તો, પરમેશ્વર કહો છો કોને?
પરમેશ્વર છે નહીં તો, ઉરમા શુ આણ્યું?
નથી તો સાકારે નહીં, તેમ નિરાકારે નહીં,
કોઈ રીતે નહીં ત્યારે, ટીલું શાનું તાણ્યું? ૧

પરમેશ્વર નિરાકાર, એટલે આકાર વિના,
આકારે કઈ ન તો કેમ, કહો છો કે તે એક છે
એક, બેની ગણતરીમા, હોય માપવાળી વસ્તુ,
વસ્તુતાએ માનશો તો, નિરાકારે છેક છે
નિરાકાર ન દીઠેલા, તો છે એક કેમ કહો છો?
બોલ તણા તોલ વિના, ક્યા બોલવાનો ટેક છે?
નથી જાણપણુ જરા, વાચ્યુ તો વિચાર્યું નથી,
જ્ઞાન વણ વિચાર્યું ત્યાં, ક્યાં વિચાર, વિવેક છે? ૨

જેણે નથી અનુભવ્યો, તેણે નિરાકાર ગણ્યો,
શબ્દના ભાવાર્થ વિના, બુદ્ધિનો લગાર છે
અંશાવતારી આત્માને, સાકાર પરમાત્મા માન્યા,
ભૌતાકારને તો વેદે, કહ્યા છ વિકાર છે

જાયતે, વર્ધતે, અસ્તિ, વિપ્રીણ, અપક્ષીયતે,
નશ્યતિ તે છ વિકારો, રહિત બ્રહ્મ આકાર છે
માનવ (સમ) આકારે સાકાર, અમાયિકે નિરાકાર,
પરમગતિ નિરાકારી, બ્રહ્મ જ્ઞાનાકાર છે ૩

સૂર્ય, ચદ્ર આકાર છે, તેથી કહી શકે સર્વ,
આવડો કે એવડો છે, હાથથી બતાવે છે
તેજ તેનું નિરાકાર, તેને કોઈ ન કહી શકે,
આવડુ કે એવડુ છે, કોણ માપ લાવે છે?
પુષ્પ વસ્તુ આકાર છે, સુગધી છે નિરાકાર,
આવડુ કે એવડુ છે, પુષ્પ સૌ સરખાવે છે
પણ તેની સુગધી તે, કેવડી ને છે કયા લગી?
એવુ બોલતાં તો સહુ, જીભ અટકાવે છે ૪

બત્તી પર દીવો બળે, તેને નાનો મોટો કહે,
પણ તેના પ્રકાશનું, માપ કર્યા કળાય છે?
પ્રકાશ છે નિરાકાર, દીપકનો છે આકાર,
નિરાકાર વસ્તુતાને, બોલ્યે બોલ જાય છે
પરમાત્માનો છે આકાર, ગતિ તેની નિરાકાર,
નિરાકાર માનનારા, ગતિમા સમાય છે
પરમપદ જ્ઞાનાકારી, એવું જાણનારા જ્ઞાની,
દેહ મૂકયા પછી મોક્ષ, રૂપ પોતે થાય છે ૫

સાકાર અને નિરાકાર વિષે હજી પણ તમારે વધારે જાણવુ હોય તો સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે લખેલ "ભાવાર્થ પ્રકાશ" નામનો ગ્રથ અવશ્ય વાચયો. આ ગ્રથમા પરમાત્મા પરમેશ્વરનું અનુભવસિદ્ધ નિરૂપણ સદ્‌ગુરુશ્રીએ વિવેકપૂર્વક કરેલુ છે માટે તમો અવશ્ય તે વાંચશો

(૧૭) શિષ્ય પરમાત્મા સગુણ છે કે નિર્ગુણ?

વ્યાસ સગુણ એટલે ગુણયુક્ત યા ગુણસહિતના અને નિર્ગુણ એટલે ગુણ વગરના આ રીતે વેદોએ જ એકે નિર્ગુણ (નિ+ગુણ) અને બીજાએ સગુણ (સ+ગુણ) કહ્યા છે

જો તે પરમેશ્વરમાં માયાના ગુણો હોય તો તે પરમેશ્વર કહેવાય નહીં કેમ કે પરમેશ્વર માયાતીત એટલે માયાના ગુણ (જેવા કે—તત્ત્વ, સત્ત્વ, રજસ અને તમસ)થી રહિત છે અર્થાત્ માયાના ગુણોથી રહિત હોય તેને જ "ગુણાતીત" પરમેશ્વર કહેલા છે જન્મવું, નાના થવુ, મોટા થવુ, વધવુ, જુવાન થવું,

ઘરડા થવું, સશક્ત થવું, અશક્ત થવું, ક્ષીણ થવું અને મૃત્યુ પામવું—આવી રીતના દોષોવાળા પરમાત્મા-પરમેશ્વર હોતા નથી. એટલે કે જો પરમેશ્વર સગુણ હોય તો સદ્‌ગુણ સાથે દુર્ગુણ (એટલે ભલું કરવા સાથે બૂરું કરવાનો ભાવ) ઇત્યાદિ અનેક દોષો લાગે છે. માટે તમામ દોષોથી રહિત હોવાથી પરમેશ્વર સગુણ નથી અને માયાના ગુણોથી રહિત હોવાથી પરમેશ્વરને નિર્ગુણ કહેલા છે. તેથી કહ્યું છે કે :

अशब्दमस्पर्शमरूपमव्ययम् ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્, વલ્લી ૩, અધ્યાય ૧, મંત્ર ૧૫)

અર્થ : જે શબ્દ, સ્પર્શ, રૂપાદિથી ગુણરહિત છે, એથી પરમાત્માનું નામ નિર્ગુણ છે. ઇત્યાદિ ઉપનિષદોનાં પ્રમાણ છે.

साक्षिचेताः केवलो निर्गुणश्च ॥ (શ્રુતિઃ)

अनादित्वात् निर्गुणत्वात् परमात्माऽयमव्ययः ।

असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृच ॥

એ રીતે શ્રુતિ અને ગીતાસ્મૃતિમાં નિર્ગુણ શબ્દ યોજાયેલો છે.

જેનામાં ગુણનો દોષ પેસે, તેને જ રૂપાંતરો બદલવાં પડે છે. જેનામાં ગુણાવગુણનો દોષ પેસતો નથી, તેનામાં રૂપાંતરો થતાં નથી. પણ પરમેશ્વર માયાના ગુણોથી રહિત હોવાથી "નિર્ગુણ" અને "ગુણાતીત" છે.

વેદો અને ઉપનિષદોમાં પરમેશ્વરના સ્વરૂપનું વર્ણન "पंचवर्षाणि मूर्तयेत्" પાંચ વર્ષના બાળક જેવડી પુરુષાકૃતિ છે એમ જણાવ્યું છે. અને તે પરમેશ્વરનું સ્વરૂપ અનંત યુગો જવા છતાં નાના, મોટા, બાળક, યુવાન, વૃદ્ધ કદી થતું નથી.

मायातीतगुणातीतं ब्रह्म ॥

(ત્રિપાદ્વિભૂતિ મહાનારાયણોપનિષત્, અધ્યાય ૧, મંત્ર ૭)

અર્થ : પરમેશ્વર માયારહિત તથા સત્ત્વાદિ ગુણોથી પણ રહિત છે.

तद्ब्रह्मानन्दमद्वन्द्वं निर्गुणं सत्यचिद्घनम् ॥

(વરાહોપનિષત્, અધ્યાય ૨, મંત્ર ૨૦)

અર્થ : તે બ્રહ્મ (એટલે પરમેશ્વર) આનંદરૂપ, રાગ-દ્વેષાદિ દ્વંદ્વોથી રહિત, નિર્ગુણ, સત્યમય અને ચૈતન્યવ્યાપ્ત છે.

कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेता केवलो निर्गुणश्च ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૬, શ્લોક ૧૧)

અર્થ : તે પરમાત્મા કર્મોના નિયંતા, સર્વ પ્રાણીઓના વાસરૂપ, સર્વના સાક્ષી, ચેતનરૂપ, ઉપાધિરહિત અને સત્ત્વાદિ ગુણોથી રહિત છે.

गुणमविक्रियमव्यपदेश्यमसत्त्वमरजस्कमतमस्कममायमभियमप्यौपनिषदमेव॥
(નૃસિંહોત્તર ઉપનિષદ્, મંત્ર ૯)

અર્થ : આ પરમાત્મા ગુણરહિત, વિકારરહિત, સત્ત્વગુણરહિત, રજોગુણરહિત, તમોગુણરહિત, માયારહિત, ભયરહિત, ઉપનિષદોથી જણાય તેવા છે. આ મંત્ર બહુ જ મોટો છે, પણ અહીં ગુણ વિષય જ લીધો છે.

ઈશ્વર અને પરમેશ્વરમાં ખાસ ભેદ છે. પ્ર. દ. નં. ૪૧થી બતાવેલ અકારમંડળમાં આવેલા ઈશ્વરો (શક્તિ, શિવ, વિષ્ણુ અને ચતુર્મુખી બ્રહ્મા—જુઓ પ્ર. દ. નં. ૪૨, ૪૪, ૪૬, ને ૪૮) અને ભગવાન રામ (જુઓ પ્ર. દ. નં. ૨૭), કૃષ્ણ (જુઓ પ્ર. દ. નં. ૪૦), બુદ્ધ વગેરે જે કોઈ મહાપુરુષો છે, તે નારાયણમાં રહેલા નવસોનવાણું આત્માઓ પૈકીના અંશાવતારી અવતારો (જુઓ પ્ર. દ. નં. ૨૮) છે. આ ઉપર જણાવેલા અંશાત્માઓ છે, ત્યારે નારાયણનો આત્મા માયામાં રહેવા છતાં માયાથી પર એટલે સગુણ-નિર્ગુણના મિશ્રરૂપે હોઈ તેને "પરાત્મા" કહેલો છે. પ્ર. દ. નં. ૧થી ૩માં બતાવેલ નિર્ગુણ પરમાત્મા અને સગુણ અંશાત્મા ઈશ્વરો છે, ત્યારે નારાયણ (જુઓ પ્ર. દ. નં. ૨૪ ને ૨૫) કોઈનું કાંઈ કાર્ય કરતા ન હોવાથી અંતરભાવનાથી નિર્ગુણ અને માયામાં રહેલા, વસેલા અને વિશ્વસર્જન કરતા હોવાથી સગુણ છે. નિર્ગુણ પરમાત્મા સુધી પહોંચવા માટે સગુણ ઈશ્વરોની ઉપાસના એક પગથિયાંરૂપ છે અને તે ખાસ જરૂરી છે. પણ જો સગુણ ઈશ્વરની સાધનામાં લપટાઈ પડયા તો નિર્ગુણ પરમેશ્વર સુધી જવાશે નહીં. કેમ કે ગુણ જ ન હોય તો પરમેશ્વરને જપશે કોણ? લૌકિક કાર્ય સિદ્ધ કરવા, લૌકિક સાધનાઓ અને સિદ્ધિઓ સિદ્ધ કરવા સગુણ ઈશ્વરની ઉપાસનાની જરૂર છે. પરંતુ તે શરૂઆતમાં જ કામની છે, પણ જ્યારે તે ઉપાસના કરી પરવારી નિવૃત્ત થવાય ત્યારે સમર્પણ કાર્યની પૂર્ણતા માટે છેલ્લે નિર્ગુણ ઉપાસના કરવાની રહે છે.

કેટલાક બળદગાડીમાં, કેટલાક ઘોડાગાડીમાં, કેટલાક મોટરમાં, કેટલાક ટ્રેનમાં અને કેટલાક વિમાનમાં—આ રીતે જુદી જુદી ઓછી-વધતી ઝડપથી આગળ વધનારા હોય છે. સર્વને એકસરખું શિક્ષણ હોતું નથી. સગુણ ઈશ્વરની ઉપાસનાથી જ નિર્ગુણ પરમેશ્વરની ઉપાસનામાં સ્થિત થવાય છે અને નિર્ગુણ પરમેશ્વરની ઉપાસના કર્યા વિના જન્મમૃત્યુનો ફેરો ટળી મોક્ષ થતો નથી.

જે માયાના ગુણને ગ્રહણ કરતા નથી કે તેનો સંગ્રહ કરતા નથી અને કોઈને માયાના ગુણ આપતા નથી તે જ તેનો નિર્ગુણપણાનો ગુણ છે અને તેથી જ તેને પરમેશ્વર કહેલા છે. નિર્ગુણ પરમેશ્વરથી સગુણ ઈશ્વરનું સ્થાન આપી શકાય છે, પણ સગુણ ઈશ્વરમાં (એટલે અંશાવતારી ઈશ્વરો વગેરેમાં)

નિર્ગુણ, માયાતીત પરમેશ્વરનું સ્થાન આપવાની શક્તિ નથી અને તેમના પોતાના કલ્યાણ માટે પણ મોક્ષ માગવાનો અધિકાર રહેતો નથી. જેમ કલેક્ટર વાઇસરૉયની જગ્યા આપી શકે નહીં, પણ વાઇસરૉય પોતાના હાથ નીચેની જગા આપી શકે અગર રાજા પોતાની પાછળ પોતાનો વારસ બનાવી શકે, એટલે શ્રેષ્ઠ અધિકાર નિર્ગુણ પરમેશ્વરનો છે.

આ વિષે સદ્ગુરુ શ્રીવલ્લભરામે "પ્રાણવવિજ્ઞાન"માં જણાવ્યું છે કે :

(મનહર છંદ)

અદ્વૈત અચળ બ્રહ્મ, તેને નિર્ગુણ કહે;
તે કહેનાર મંદબુદ્ધિ, જીવને ધિક્કાર છે.
અલ્પજ્ઞ સૌ ગુણવાળા, સર્વજ્ઞ શું ગુણ વિના?
જેમ ગુણ નહીં તેને, સ્મરતાં શો સાર છે?
સગુણ તો આત્મા જેવા, ગુણીમાં શો ફેર રહ્યો;
પાંચ તત્ત્વ તમો ગુણે, (તે) ઈશ્વરે વિકાર છે.
ચૈતન્ય ગુણે સગુણ, અમાયિક ગુણે નિર્ગુણ;
જ્ઞાન ગુણે અલૌકિક, ચૈતન્ય ભંડાર છે. ૧

સત્ત્વ ગુણોના જે ગુણો, જીવો વિષે રહેલા જે;
ન્યાય, નીતિ, વિવેક ને, શ્રદ્ધા, સદાચાર છે.
શાંતિ ને સંતોષ વળી, દયા, અહિંસા ને સત્ય;
પણ સત્ત્વનું જે તત્ત્વ, તત્ત્વ ગુણાધાર છે.
તત્ત્વનું જે સત્ત્વ શુભ, તે તો(અશુદ્ધ) પરમગતિ વિષે;
જ્ઞાનગુણે સદ્ગુણી, સગુણી ઉચ્ચાર છે.
રજો, તમો, સત્ત્વ, તત્ત્વ, મૂળ માયાના જે ચાર;
તે ગુણોથી નિર્ગુણ, જ્ઞાનીનો પોકાર છે. ૨

(પરમાત્માની આરતી)

ત્રિગુણે નિર્ગુણ, જે જે, ત્રિગુણે નિર્ગુણ
જ્ઞાન ગુણે છો ગુણી, જ્ઞાન ગુણે છો ગુણી
ગતિ વ્યાપક ચોખૂણ, જેજેજે પૂરણબ્રહ્મ. ૩

(૧૮) શિષ્ય : પરમાત્મા-પરમેશ્વર માયાના બાવન તત્ત્વોની બહાર છે, તે કેવી રીતે? અને તે બાવન તત્ત્વો કયાં છે, તે જણાવશો?

વ્યાસ : સદ્ગત મહારાજ શ્રીવલ્લભરામે "વલ્લભ વિષ્ટિ", ભાગ ૧ના પદ નંબર (૧)માં લખ્યું છે કે :

"ૐ માત્રા માયા તણા, બિંદુ બાવન બહાર;
તેનું જ્ઞાન થયા વિના, નથી જીવનો ઉદ્ધાર.
કહ્યું કૃષ્ણે ગીતામાં, તે "વ્યાસે" જાણ્યું રે;
તેવા જાણી બેઠા, મોક્ષમાર્ગના જીવ."

ૐકારની ઉકાર (જુઓ પ્ર. દ. નં. ૮૮), મકાર (જુઓ પ્ર. દ. નં. ૬૬), અકાર (જુઓ પ્ર. દ. નં. ૪૧) અને અર્ધમાત્રા (જુઓ પ્ર. દ. નં. ૨૪/૨૫)—એ ચાર માત્રાઓ જણાવેલી છે. ઉકારમાં સમગ્ર ભૂર્લોક (એટલે ભૂલોક યાને મૃત્યુલોક યા પૃથ્વીના લોક) એટલે આપણી પૃથ્વી પરના લોકો છે. મકારમાં (એટલે સ્વર્ગમાં) સૂર્ય, ચંદ્ર, મંગળ આદિ ગ્રહો પરના લોકો છે. અકારમાં બ્રહ્મા અને બ્રહ્માના લોક (જુઓ પ્ર. દ. નં. ૪૮ ને ૪૯), વિષ્ણુ અને વિષ્ણુના લોક (જુઓ પ્ર. દ. નં. ૪૬ ને ૪૭), શિવ અને શિવના લોક (જુઓ પ્ર. દ. નં. ૪૪ ને ૪૫) અને શક્તિ અને શક્તિના લોક (જુઓ પ્ર. દ. નં. ૪૨ ને ૪૩) છે. તે ઉપર અર્ધમાત્રામાં વેદનારાયણ યા સત્યનારાયણ આદિ નામોથી કહેવાતા પરબ્રહ્મ યા અક્ષરબ્રહ્મ યા માયાવિશિષ્ટ બ્રહ્મ છે. અને તે વિશ્વેશ્વર-નારાયણના હૃદયમાં પોતાના આત્મા ઉપરાંત બીજા નવસોનવાણું અંશાવતારી આત્માઓ (જુઓ પ્ર. દ. નં. ૨૮) છે કે જેઓ અવતારી પુરુષ તરીકે પ્રગટ થાય છે અને પોતાનું કાર્ય પૂર્ણ કરીને પાછા સ્વધામ યા અક્ષરધામ (જુઓ પ્ર. દ. નં. ૨૯) રામ, કૃષ્ણ વગેરેની માફક જાય છે.

પરંતુ ૐકારની જે ચારે માત્રાઓ યા સ્થાનો છે તે તમામ માયાના છે. તેથી તેમની ઉપાસનાથી મોક્ષ થતો નથી. આ માત્રાઓથી પર એટલે જે ન્યારા છે તે પરમાત્મા (જુઓ પ્ર. દ. નં. ૧થી ૩) માયાનાં બાવન તત્ત્વોથી બહાર છે એટલે માયારહિત છે. જે માયાથી ન્યારા તે માયાતીત અને તે અખંડ, અદ્વિતીય (એટલે અજોડ યા અનન્ય), પરમેશ્વર છે. તે કદી પણ માયામાં આવતા જ નથી. તેથી કહ્યું છે કે :

सपर्यगाच्छुक्रमकायमव्रणम् ॥
(યજુર્વેદ, અધ્યાય ૪૦, મંત્ર ૮)

અર્થ : પરમાત્મા-પરમેશ્વર શુદ્ધ (એટલે જેમાં માયાના ગુણ નથી તેથી શુદ્ધ) અને અકાય (એટલે જે કદી શરીર ધારણ કરતા નથી કે જન્મ લેતા નથી તેથી અકાય) છે.

दिव्यो ह्यमूर्तः पुरुषः सबाह्याभ्यन्तरो ह्यजः ॥
(શ્રીઅથર્વવેદીય મુંડકોપનિષત્, મુણ્ડક ૨, મંત્ર ૨)

અર્થ : તે પુરુષ એટલે પરમાત્મા દિવ્ય છે, અમૂર્ત્ત (એટલે જેને પંચ-ભૂતના જેવો માયાવી આકાર નથી તેથી અમૂર્ત્ત), સર્વની બહાર અને અંદર છે અને અજન્મા છે.

अशब्दमस्पर्शमरूपमव्ययम् ।।

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્, વલ્લી ૩, અધ્યાય ૧, મંત્ર ૧૫)

અર્થ : પરમાત્મા-પરમેશ્વરને અશરીરી, અવ્યય કહ્યો છે. વાસ્તવમાં પરમાત્મા અશરીરી છે.

વળી શ્રીગુરુદેવ કબીરજીએ પણ કહ્યું છે કે :

(સાખી)

"સાહેબ સબકા બાપ હૈ, બેટા કિસીકા નાહિ;
બેટા હોકર જન્મ લે, સો કબહુ-સાહેબ નાહિ."

અર્થ : સર્વ શ્રેષ્ઠ પરમેશ્વર કે જેના કરતાં બીજો કોઈ શ્રેષ્ઠ નથી, તે પરમેશ્વરને સર્વોપરી સત્તાવાળા "સાહેબ" તરીકે વર્ણવ્યા છે. તેથી કહ્યું છે કે, સર્વ શ્રેષ્ઠ પરમાત્મા માત્ર સર્વના પિતા એટલે સર્વનું મૂળ ઉત્પત્તિનું સ્થાન છે. તે પરમેશ્વર કોઈમાંથી ઉત્પન્ન થયેલા નથી અને બીજી રીતે તે કોઈનો દીકરો થઈને જન્મતો નથી એટલે તે જન્મ-મરણથી મુક્ત છે. માટે અવતારી પુરુષો જે કોઈના દીકરા થઈ જન્મ લે છે તે સર્વોપરી પરમેશ્વર નથી. અર્થાત્ અવતારી પુરુષો એ નારાયણમાંથી (એટલે નવસોનવાણું ગ્રંથિઓ યા આત્માઓ પૈકીમાંથી) જગતમાં આવેલા અંશાવતારી જીવો છે પણ તેઓ પરમાત્મા-પરમેશ્વર નથી અર્થાત્ જે કોઈને ત્યાં દીકરો થઈને જન્મે છે તે પરમેશ્વર નથી.

ૐકારની ચાર માત્રા માયાવાળી છે. તેમાં આવનાર, રહેનાર અને જન્મનાર તમામ માયાવાળા ઈશ્વરો છે અર્થાત્ અવતારી પુરુષો છે પણ તે પરમેશ્વર નથી. પરમેશ્વર માયાની ચારે માત્રાઓથી તદ્દન ન્યારા અને અસંગ છે. તેથી તેને માયાતીત કહેવાય છે. માયાવી દેવો અને ઈશ્વરો પોતે પરમેશ્વર નથી, તેથી તેમની ઉપાસનાથી પરમેશ્વરની ઉપાસના થઈ ગણાતી નથી. એટલા માટે જ માયાવી ઈશ્વરોની ઉપાસનાથી અદ્વિતીય પરમેશ્વરની પ્રાપ્તિ થતી નથી. આથી શ્રીકૃષ્ણપ્રભુએ ભગવદ્ગીતામાં જણાવ્યું છે કે :

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ।।
उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ।।

(શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૫, શ્લોક ૧૬ ને ૧૭)

અર્થ આ વિશ્વમા ક્ષર અને અક્ષર એવા બે જ પુરુષ છે, તેમા જે પ્રાણીપદાર્થો છે તે ક્ષર (એટલે નાશવાન) અને તેની ઉત્પત્તિના કારણરૂપ જે માયાવિશિષ્ટ-નારાયણ તે અક્ષર છે એટલે વિનાશી છે પણ તે અવિનાશી કહેવાય છે પરતુ સર્વથી ઉત્તમ પુરુષ તો ખરખર એ બંનેથી બીજો જ છે, જેને જ્ઞાનવાન પુરુષો પરમાત્મા એવા નામથી બોલે છે, અને તે પરમેશ્વર ત્રણે લોકમા ગતિથી વ્યાપી રહીને સર્વનુ પોષણ કર છે

અર્થાત સમગ્ર વિશ્વ (જુઓ પ્ર દ ન ૯૨)મા ક્ષર અને અક્ષર એવા બે પુરુષતત્ત્વ છે તમામ ભૂતપ્રાણીનો સમુદાય એટલે ઉકાર, મકાર, અકાર અને અર્ધમાત્રાના (એટલે નારાયણના પોતાના આત્મા સિવાયના) તમામ જીવો "ક્ષર" એટલે નાશવત છે અને તે તમામની ઉત્પત્તિના કારણરૂપ નારાયણ કૂટસ્થ "અક્ષર" છે કૂટસ્થ એટલે માયામા રહેવા છતા માયાથી વિરક્ત વૃત્તિવાળા છે, તે માયામા રહેનાર અધિષ્ઠાતા (એટલે નિયામક) છે પણ તે માયાના બધનથી મુક્ત છે જે કેદખાનામા ગુનેગાર કેદીઓ રહે છે, તે જ કેદખાનામા જેલર, ડૉક્ટર અને અધિકારીઓ જાય છે પરતુ તેમને કેદખાનામા રહેવાનું હોતુ નથી તેઓ બિનગુનેગાર હોવાથી બહાર નીકળી જાય છે તે રીતે નારાયણ જેલરરૂપે છે અને તે સિવાયના તમામ જીવો માયાના કેદી તરીકે છે પરતુ બિદુરૂપ પરમાત્મા પરમેશ્વર તો માયાના બાવન તત્ત્વોથી બહાર છે અર્થાત્ તમામ દેહોથી બોલાતી વાણીથી પર છે તે બાવન તત્ત્વો નીચે પ્રમાણે છે

૧ ચૌદ લોક (૧) ભૂલોક "ઉકાર"મા છે (૨) સુરલોક (૩) ભુવરલોક (૪) મહરલોક, (૫) તપલોક, (૬) જનલોક, (૭) સત્યલોક, (૮) પિતૃલોક અને (૯) યમલોક "મકાર"મા છે (૧૦) શકિતલોક, (૧૧) શિવલોક, (૧૨) વિષ્ણુલોક અને (૧૩) બ્રહ્મલોક "અકાર"મા છે અને (૧૪) ગોલોક અર્ધમાત્રામા છે

૨ સાત પાતાલ અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ અને પાતાલ (એટલે પૃથ્વીથી નીચાણના ભાગને "પાતાલ" કહેવાય છે)

૩ તમોગુણી માયાના પદર તત્ત્વ (પાચ જ્ઞાનેન્દ્રિયો, પાચ કર્મેન્દ્રિયો અને પચમહાભૂત)નો પ્ર દ ન ૮૮ ઉકારમાં રહેલ "સ્થૂલદેહ" છે પદર તત્ત્વોની સમજણ નીચે પ્રમાણે છે

પાચ જ્ઞાનેન્દ્રિયો શ્રોત્ર (કાન), ત્વચા (ચામડી), જિહવા (જીભ), ચક્ષુ (આખ) અને ઘ્રાણ (નાસિકા)

(૧) શ્રોત્ર ઇંદ્રિયનો વિષય "શબ્દ" છે અને તેના દેવતા પ્ર. દ ન. ૬૩થી બતાવેલ "દિક્પાળ" છે

(૨) ત્વચા ઇંદ્રિયનો વિષય "સ્પર્શ" છે અને તેના દેવતા પ્ર દ ન ૬૨થી બતાવેલ "વાયુ" છે
(૩) જિહ્વા ઇંદ્રિયનો વિષય "રસ" છે અને તેના દેવતા પ્ર દ ન ૬૧થી બતાવેલ "વરુણ" છે
(૪) ચક્ષુ ઇંદ્રિયનો વિષય "રૂપ" છે અને તેના દેવતા પ્ર દ નં ૫૫થી બતાવેલ "સૂર્ય" છે
(૫) ઘ્રાણ ઇંદ્રિયનો વિષય "ગંધ" છે અને તેના દેવતા પ્ર. દ ન ૬૫થી બતાવલ "અશ્વિનીકુમાર" છે

પાંચ કર્મેન્દ્રિય. વાક (વાણી), પાણિ (હાથ), પાદ (પગ), ગુદ (ગુદા) અને ઉપસ્થ (ગુહ્યેન્દ્રિય)

(૧) વાક્ ઇંદ્રિયનો વિષય બોલવુ તે અને તેના દેવતા પ્ર દ ન ૬૪થી બતાવેલ 'અગ્નિ' છે
(૨) પાણિ ઇંદ્રિયનો વિષય ગ્રહણ કરવુ તે અને તેના દેવતા પ્ર દ ન ૬૦થી બતાવેલ "ઇંદ્ર" છે
(૩) પાદ ઇંદ્રિયનો વિષય ચાલવુ તે અને તેના દેવતા "વામનજી" છે
(૪) ગુદ ઇંદ્રિયનો વિષય મળત્યાગ છે અને તેના દેવતા "યમ" છે
(૫) ઉપસ્થ ઇંદ્રિયનો વિષય રતિવિલાસ છે અને તેના દેવતા "પ્રજાપતિ" છે

પચમહાભૂત આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી

| | |
|---|---|
| (૧) આકાશના પાચ તત્ત્વો | કામ, ક્રોધ, શોક, મોહ અને ભય |
| (૨) વાયુના પાચ તત્ત્વો | ચલન, વલન (વળવુ તે), દોડવુ તે, પહોળુ કરવુ તે અને સકોચવુ તે |
| (૩) તેજના પાચ તત્ત્વો | ભૂખ, તરસ, આળસ, નિદ્રા અને કાતિ |
| (૪) જળના પાચ તત્ત્વો | વીર્ય, લોહી, લાળ, મૂત્ર અને પરસેવો |
| (૫) પૃથ્વીના પાચ તત્ત્વો | હાડકા, માસ, ચામડી, નાડીઓ અને વાળ |

૪ રજોગુણી માયાનો પચવિષયોના તત્ત્વવાળો (શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ) પ્ર દ ન ૬૬ મકારમા (સ્વર્ગમા) રહેલો "સૂક્ષ્મદેહ" છે

૫ સત્ત્વગુણી માયાનો ચાર પ્રાણતત્ત્વવાળો (ચિત્ત, અહકાર, બુદ્ધિ અને મન) પ્ર દ ન ૪૧ અકારમા રહેલો "કારણદેહ" છે તેની સમજણ નીચે મુજબ છે

(૧) ચિત્ત ઇંદ્રિયનો વિષય ચિંતવન છે અને તેની અધિષ્ઠાત્રી પ્ર. દ ન ૪૨થી બતાવેલ "આદ્યશક્તિ" યા "આદિશક્તિ" છે

(૨) અહકાર ઈંદ્રિયનો વિષય અભિમાન છે અને તેના અધિષ્ઠાતા પ્ર દ ન ૪૪થી બતાવેલ "શિવ" છે
(૩) બુદ્ધિ ઈંદ્રિયનો વિષય નિશ્ચય છે અને તેના અધિષ્ઠાતા પ્ર દ ન ૪૬થી બતાવેલ "વિષ્ણુ" છે
(૪) મન ઈંદ્રિયનો વિષય સકલ્પવિકલ્પ છે અને તેના અધિષ્ઠાતા પ્ર દ ન ૪૮થી બતાવેલ "ચતુર્મુખી બ્રહ્મા" છે

૬ તત્ત્વગુણી માયાનો એક તત્ત્વવાળો (વાસના યા ઈચ્છા યા અપેક્ષા) પ્ર દ ન ૩૦થી બતાવેલ અક્ષરધામમા રહેલો પ્ર દ ન ૩૫નો "મહાકારણ દેહ" છે તે અક્ષરધામમા પ્ર દ ન ૩૩થી મહાકારણ દેહ ત્યાગનારનું અને પ્ર દ ન ૩૧થી ધારણ કરનારનુ સ્વરૂપ બતાવેલુ છે

૭ ષડ્રિપુ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર કે જે મહા પ્રાણ, વાસના અને મન, બુદ્ધિ, ચિત્ત, અહકારમાથી માયાના સ્પર્શરૂપ વિકૃતરૂપે છે અને તે દરેક મનુષ્યના જીવતા છ આતર શત્રુઓ છે

ટૂકમા, ચૌદલોક, સાત પાતાલ, પચીસ તત્ત્વોના ચાર દેહો અને ષડ્રિપુ મળી બાવન તત્ત્વો થાય છે આ બાવન તત્ત્વોનુ આખું વિશ્વ બનેલુ છે તેથી શ્રીકૃષ્ણપ્રભુએ ભગવદગીતામા ક્ષર અને અક્ષરથી ન્યારો એવો ધ્યાન કરવા યોગ્ય અને સર્વ કરતા ઉત્તમ પરમાત્મા પરમેશ્વર છે એમ કહ્યુ છે એટલા કારણે શ્રીકૃષ્ણપ્રભુએ જણાવ્યુ છે કે

तमेव शरण गच्छ सर्वभावेन भारत।
तत्प्रसादात्परा शान्ति स्थान प्राप्स्यसि शाश्वतम्॥
(શ્રીમદ્ ભગવદગીતા, અધ્યાય ૧૮, શ્લોક ૬૨)

અર્થ હે અર્જુન! સર્વ પ્રકારે તું તે જ ઈશ્વરને (એટલે પરમેશ્વરને) શરણે જા તેની કૃપાથી તું પરમશાતિને અને જન્મ મરણરહિત મોક્ષસ્થાનને પામીશ અર્થાત હે અર્જુન! તું સર્વ પ્રકાર વડે તે જ પરમાત્માને શરણે જા મારી કૃપાથી નહીં પણ તેની કૃપાથી જન્મ મૃત્યુરહિત પરમશ્રેષ્ઠતાને તુ પામીશ માટે જો મોક્ષની અપેક્ષા હોય તો તે પરમેશ્વરની ઉપાસના કર અને તેના શરણે જા (અહીં કૃષ્ણ અર્જુનને પોતાને શરણે આવવાનું કહેતા નથી)

એમ શ્રીમદ ભગવદ્ગીતામા શ્રીકૃષ્ણપ્રભુએ અર્જુનને ગુહ્ય જ્ઞાન આપી મોક્ષનો રાહ બતાવ્યો છે, કે જે સામાન્ય મનુષ્યોથી સમજાતો નથી સદ્ગત મહારાજશ્રીએ કૃષ્ણના આ ગુહ્યજ્ઞાનને જાણ્યું અને તે જ્ઞાન મોક્ષમાર્ગના જીવાત્માને જણાવ્યુ છે

વેદશાસ્ત્રો અને ઉપનિષદોમા પરમાત્મા પરમેશ્વરનું ભારોભાર જ્ઞાન ભર્યું છે, પરન્તુ ને સાથે બીજા દેવો, ઈશ્વરોના વર્ણનો હોવાથી લોકો સ્પષ્ટપણે સમજી શકતા નથી

વળી ભગવદગીતામા શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યુ છે કે

मन्मना भव मदभक्तो मद्याजी मा नमस्कुरु।
मामेवैष्यसि सत्य ते प्रतिजाने प्रियोऽसि मे।।
सर्वधर्मान्परित्यज्य मामेक शरण व्रज।
अह त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच ।।

(શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૮, શ્લોક ૬૫ ને ૬૬)

અર્થ મારામા જ મનવાળો થા, મારો ભક્ત થા, મારુ પૂજન કર, મને નમસ્કાર કર, હુ સત્ય પ્રતિજ્ઞાથી કહુ છુ કે, તેથી તું મને જ પામીશ સર્વ ધર્મને છોડી દઈને મારે જ શરણે થા, હુ તને સર્વ પાપથી મુકત કરીશ, શોક કર નહીં

અર્થાત્ અર્જુનને મોક્ષની અપેક્ષા ન હતી, પણ પાપથી છૂટવાની અપેક્ષા હતી છતા શ્રીકૃષ્ણપ્રભુ તેનુ કલ્યાણ ઇચ્છતા હોવાથી તેને મોક્ષજ્ઞાન સમજાવ્યુ છે અને તેમાં જણાવ્યુ છે કે, મારી ભકિત કરવાથી તું મને જ પામીશ એટલે શ્રીકૃષ્ણપ્રભુનું પરમધામ છે તે ગોલોકના સ્થાન (જુઓ પ્ર. ૬ ન. ૩૫)ને પામીશ એ સાયુજ્યમુકિત યા મોક્ષ જોઈતો હોય તો પરમેશ્વરની ઉપાસના કર

આનાથી પણ આગળ શ્રીકૃષ્ણપ્રભુએ જણાવ્યુ છે કે, મે તને બને માર્ગ (૧) કૃષ્ણપ્રભુની ભકિતનો (૨) પરમાત્માની ભકિતનો યા મોક્ષમાર્ગનો એમ બે માર્ગ બતાવ્યા છે તેમાથી તને જે માર્ગ પસદ પડે તે માર્ગ ગ્રહણ કરીને જેમ ઇચ્છનો હોય તેમ કર. મોક્ષ જોઈતો હોય તો પરમેશ્વરની ઉપાસના કર અને પાપથી છૂટવું હોય તો મારી ઉપાસના કર

(૧૯) શિષ્ય પરમાત્મા પરમેશ્વરનો મહિમા સમજાવો.

વ્યાસ ભાઈ! પરમાત્મા પરમેશ્વરનો મહિમા અકથિત છે છતા ધર્મ-શાસ્ત્રોમા જે જણાવવામા આવ્યું છે, તેમાથી થોડુ તમોને કહીએ છીએ

ज्ञाता ज्ञान तथा ज्ञेय, द्रष्टा दर्शन दृश्यभू ।
कर्ता हेतु क्रिया यस्मात्तिस्मै ज्ञानात्मने नम ।। (યોગવાશિષ્ઠ)

અર્થ જાણનાર, જાણવાનું અને જાણવાની વસ્તુ તથા જોનાર, જોવાનું અને જોવાની વસ્તુ તેમ જ કર્તા, ક્રિયા અને ક્રિયાના હેતુરૂપ કારણ તે સર્વ પ ર્થો જેની સત્તાથી થયા કરે છે, તે જ્ઞાનરૂપ પરમાત્માને નમસ્કાર કરુ છું

यतः सर्वाणि भूतानि, प्रतिभांति स्थितानि च।
यत्रैवोपशमं यांति, तस्मै सत्यात्मने नमः॥ (યોગવાશિષ્ઠ)

અર્થ : સઘળા ભૂત, ભૌતિક પદાર્થો જેની ગતિથી સત્તા પામીને પ્રગટ થયા છે, સ્થિતિકાળમાં જેની સત્તાથી રહ્યા છે, પ્રલયકાળમાં જેની સત્તાએ તિરોભૂત (અદૃશ્ય) થાય છે, તે સત્યસ્વરૂપ પરમાત્માને નમસ્કાર કરું છું.

स्फुरंति सीकरा यस्मादानंदस्याम्बरेऽवनौ।
सर्वेषां जीवनं तस्मै, ब्रह्मानंदात्मने नमः॥ (યોગવાશિષ્ઠ)

અર્થ : જેમાંથી સઘળાં બ્રહ્માંડની અંદર આનંદનાં કિરણો સ્ફુરે છે અને જે સર્વેના મૂળ તત્ત્વરૂપ છે, તે સચ્ચિદાનંદ પરમાત્માને પ્રણામ કરું છું.

यं ब्रह्मावरुणेंद्ररुद्रमरुतः स्तुन्वंति दिव्यैःस्तवैर्वेदैः
सांगपदक्रमोपनिषदैर्गायंति यं सामगाः॥
ध्यानावस्थिततद्गतेन मनसा पश्यंति यं योगिनो।
यस्यांतं न विदुःसुरासुरगणा देवाय तस्मै नमः॥

અર્થ : બ્રહ્મા, વરુણ, ઈંદ્ર, રુદ્ર (એટલે શંકર) અને મરુત (એટલે વાયુ) વગેરે દેવો, ઈશ્વરો જેમની દિવ્ય સ્તોત્રો વડે સ્તુતિ કરે છે, સામવેદનું ગાન કરનારા ઉદ્ગાતા (એટલે સામવેદની ઋચાઓ ગાનાર બ્રાહ્મણ) મુનિઓ, અંગો, પદ, ક્રમ અને ઉપનિષદો સહિત વેદો વડે જેમની સ્તુતિ ગાય છે, ધ્યાનરૂઢ યોગીઓ આત્મિક મન વડે જેમના દર્શન કરે છે અને તમામ સુરગણો અર્થાત્ ચૌદલોકના દિવ્ય લોકો અને મહાન દેવો પણ જેમને જાણી શકતા નથી અને જેનો પાર પામી શકતા નથી, તેવા તમામ દેવો, ઈશ્વરોના કરતાં શ્રેષ્ઠ દેવ "પરમાત્મદેવને" નમસ્કાર હો!

ब्रह्मानंदं परमसुखदं, केवलं ज्ञानमूर्ति।
द्वंद्वातीतं गगनसदृशं, तुर्यातीतं त्वंपदं॥
एकं नित्यं विमलमचलं सर्वधीसाक्षिभूतं।
भावातीतं त्रिगुणरहितं सत्स्वरुपं नमामि॥

અર્થ : બ્રહ્માનંદ સ્વરૂપ, પરમસુખના દાતા, કેવળ જ્ઞાનમૂર્તિ સ્વરૂપ, દ્વંદ્વાતીત, આકાશવત્ નિર્મળ, તુર્યાવસ્થાથી ન્યારું એવું તમારું પદ છે; એક, નિત્ય, વિમળ, અચળ, સર્વ બુદ્ધિના સાક્ષી સ્વરૂપ, ભાવાતીત, ત્રણે ગુણરહિત, એવા સત્યસ્વરૂપ પરમાત્માને નમસ્કાર કરું છું.

निःशब्दं परमं ब्रह्म परमात्मा समीर्यते ॥
(નાદબિંદૂપનિષદ્, મંત્ર ૪૦)
અર્થ : શબ્દરહિત પરમાત્મા-પરમબ્રહ્મ કહેવાય છે.

सदेव पुरस्तात् सिद्धं ब्रह्म ॥
(મહોપનિષદ્, અધ્યાય ૯, મંત્ર ૬)
અર્થ : આ પરમાત્મા માત્ર સત્તારૂપ અને પ્રથમથી જ સિદ્ધ છે.

आदिमध्यान्तशून्यं ब्रह्म ॥
(ત્રિપાદ્વિભૂતિમહાનારાયણોપનિષત્, અધ્યાય ૧, મંત્ર ૫)
અર્થ : પરમાત્મા આદિ, મધ્ય તથા અંતરહિત છે.

अक्षरं परमं ब्रह्म निर्विशेषं निरञ्जनम् ॥
(યોગશિખોપનિષદ્, અધ્યાય ૩, મંત્ર ૧૬)
અર્થ : પરમબ્રહ્મ અક્ષર-અવિનાશી, સર્વશ્રેષ્ઠ, અવયવરહિત અને નિર્લેપ છે.

सद्रूपं परमं ब्रह्म त्रिपरिच्छेदवर्जितम् ॥
(કઠરુદ્રોપનિષદ્, મંત્ર ૨૭)
અર્થ : કેવળ સત્તાસ્વરૂપ અને સર્વશ્રેષ્ઠ પરમબ્રહ્મ-પરમાત્મા વસ્તુ, દેશ અને કાળ—એ ત્રણેના માપ વિનાના છે.

सर्वाधिष्ठानमद्वन्द्वं परं ब्रह्म सनातनम् ॥
(રુદ્રહૃદયોપનિષદ્, મંત્ર ૨૬)
(અન્નપૂર્ણોપનિષદ્, અધ્યાય ૪, મંત્ર ૨૯)
અર્થ : પરમબ્રહ્મ-પરમાત્મા સર્વના આશ્રય, રાગદ્વેષાદિ દ્વંદ્વો વિનાના અને સનાતન-સર્વકાળે હોનાર છે.

नित्यानंदमयं ब्रह्म केवलं सर्वदा स्वयम् ॥
(તેજોબિંદૂપનિષદ્, અધ્યાય ૬, મંત્ર ૭૨)
અર્થ : પરમાત્મા પોતે સર્વકાળે કેવળ નિત્યાનંદમય છે.

चिन्मात्रात् परमं ब्रह्म चिन्मात्रान्नास्ति कोऽपि हि ॥
(તેજોબિંદૂપનિષદ્, અધ્યાય ૨, મંત્ર ૩૫)
અર્થ : માત્ર ચૈતન્યથી બીજું કોઈ પરમબ્રહ્મ નથી; અને માત્ર ચૈતન્યથી બીજો કોઈ પરમાત્મા નથી.

अखण्डैकरसं ब्रह्म चिन्मात्रान्नहि विद्यते ॥
(તેજોબિંદૂપનિષદ્, અધ્યાય ૨, મંત્ર ૪૧)
અર્થ : માત્ર ચૈતન્યથી બીજું અખંડ એક રસવાળું બ્રહ્મ (પરમાત્મા) નથી જ.

शुद्धं वुद्धं सदा मुक्तमनामकमरूपकम् ॥

(તેજોબિંદૂપનિષત્, અધ્યાય ૬, મંત્ર ૭૦)

અર્થ : બ્રહ્મ (પરમાત્મા) શુદ્ધ, જ્ઞાનયુક્ત, સદા મુક્ત, નામરહિત તથા રૂપરહિત છે.

शुद्धं सूक्ष्मं निराकारं निर्विकारं निरञ्जनम् ॥

(યોગશિખોપનિષદ્, અધ્યાય ૨, મંત્ર ૧૭)

અર્થ : પરમાત્મા-પરમેશ્વર શુદ્ધ, સૂક્ષ્મ, નિરાકાર, નિર્વિકાર અને નિર્લેપ છે.

अप्रमाणमनिर्देश्यम प्रमेयमतीन्द्रियम् ॥

(યોગશિખોપનિષદ્, અધ્યાય ૩, મંત્ર ૧૮)

અર્થ : પરમાત્મા-પરમેશ્વર પ્રમાણરહિત, અનિર્દેશ્ય, પ્રમાણથી જાણવો અશક્ય અને ઇંદ્રિયોથી પર છે.

सद्घनं चिद्घनं नित्यमानन्दघनमव्ययम् ।
प्रत्यगेकरसं पूर्णमनन्तं विश्वतोमुखम् ॥

(અધ્યાત્મોપનિષદ્, મંત્ર ૬૧)

અર્થ : પરમાત્મા કેવળ હોવારૂપ, ચૈતન્યમય, નિત્ય, આનંદપૂર્ણ, નિર્વિકાર, પ્રત્યેકમાં વ્યાપકતારૂપે જનાર (એટલે પરમાત્મા પોતાની પરમજ્ઞાનચૈતન્યની ગતિ વડે સર્વ આત્મામાં આત્મતત્ત્વરૂપે વિદ્યમાન છે), પૂર્ણ, અનંત અને સર્વ તરફ મુખવાળા છે.

अगोचरं मनोवाचामवधूतादिसंप्लवम् ।
सत्तामात्रप्रकाशैकप्रकाशं भावनातिगम्॥

(મૈત્રેય્યુપનિષદ્, અધ્યાય ૧, મંત્ર ૯)

અર્થ : બ્રહ્મ (પરમાત્મા) મન તથા વાણીનો વિષય નથી; રાગ દ્વેષ વગેરેથી રહિત સ્થિતિવાળું છે; માત્ર સત્તારૂપ પ્રકાશ તે જ તેનો પ્રકાશ છે અને તે ભાવનાથી પર છે.

निष्कलं निर्मलं शान्तं सर्वातीतं निरामयम् ॥

(યોગશિખોપનિષદ્, અધ્યાય ૧, મંત્ર ૫)

અર્થ : તે બ્રહ્મ (પરમાત્મા) માયિક કળાઓ કે અંશોથી રહિત, નિર્મળ, શાંત, સર્વથી પર અને નિર્દોષ છે.

यद् दृष्ट्वा न परं दृश्यं, यद् भूत्वा न पुनर्भवः ।

અર્થ : જેને જોયા પછી તેનાથી કોઈ શ્રેષ્ઠ વસ્તુ જોવાલાયક નથી, એવા જેના સ્વરૂપને પામ્યા પછી જન્મમરણના બંધનમાં આવવું પડતું નથી એવા શ્રેષ્ઠ પરમેશ્વર છે.

निर्लेपः परिपूर्णश्च सच्चिदानंद विग्रहः ॥
(શિવગીતા, અધ્યાય ૨, મંત્ર ૬)

અર્થ : પરમાત્મા નિર્લેપ, પરિપૂર્ણ અને સચ્ચિદાનંદસ્વરૂપ છે.

परश्चासावात्मा च य आत्मभ्यो जीवेभ्यः परमः आत्मा स परमात्मा ॥
य ईश्वरेषु समर्थेषु परमः श्रेष्ठः स परमेश्वरः ॥
इन्द्रियेभ्यः परा ह्यर्था अर्थेभ्यश्च परं मनः ।
मनसस्तु पराबुद्धिर्बुद्धेरात्मा महान्परः ॥
महतः परमव्यक्तमव्यक्तात्पुरुषः परः ।
पुरुषान्न परं किंचित्सा काष्ठा सा परा गतिः ॥
(શ્રીકૃષ્ણયજુર્વેદીય કઠોપનિષત્, વલ્લી ૩, અધ્યાય ૧, શ્લોક ૧૦ ને ૧૧)

અર્થ : જે જડાત્મા (ઝાડ, પહાડ), જીવાત્મા (પશુ, પક્ષી, કીટ, પતંગ), આત્મા (મનુષ્યો), મહાત્મા (મહાપુરુષો તથા સ્વર્ગના દેવતાઓ), અંશાત્મા (ઈશ્વરી અવતારો તથા બ્રહ્મા, વિષ્ણુ, શિવ, શક્તિ ઈશ્વરો), પરાત્મા (અક્ષર-બ્રહ્મ-નારાયણ)—આ પાંચ પ્રકારના આત્માઓથી પણ સર્વ પ્રકારે શ્રેષ્ઠ આત્મા છે તે પરમાત્મા છે. તેમ જ અકારમાં તથા અર્ધમાત્રામાં આવેલા તથા અંશાવતાર આદિ ઈશ્વરોમાં પણ સમર્થમાં સમર્થ અને જેના તુલ્ય કઈ પણ હજી થયું નથી અને થશે નહીં એવા સર્વોત્કૃષ્ટ (એટલે સર્વોપરી) પરમાત્મા-પરમેશ્વર છે. ઇંદ્રિયોથી ઇંદ્રિયોનાં કર્મો શ્રેષ્ઠ છે, ઇંદ્રિયોનાં કર્મ કરતાં મન શ્રેષ્ઠ છે, મન કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે, બુદ્ધિ કરતાં આત્મા શ્રેષ્ઠ છે, આત્મા કરતાં વ્યક્ત પ્રકૃતિપુરુષ નારાયણ શ્રેષ્ઠ છે અને નારાયણ કરતાં માયાથી પર પરમપુરુષ, સત્ય, જ્ઞાનમય બ્રહ્મ, પરમાત્મા શ્રેષ્ઠ છે. તે પરમાત્માથી બીજું કાંઈ પણ શ્રેષ્ઠ નથી અને તે જ પરમાત્મા શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વસ્તુનો છેડો છે અને તે જ પરમગતિ છે.

यस्मात् पूर्वं नास्ति परं चास्ति स आदिरित्युच्यते,
न विद्यते आदिः कारणं यस्य सोऽनादिरीश्वरः ॥

અર્થ : જેની પૂર્વે કંઈ ન હોય અને પરે હોય તેને "આદિ" કહે છે. જેનું આદિ કારણ કોઈ પણ નથી એથી પરમેશ્વરનું નામ "અનાદિ" છે.

प्रशासितारं सर्वेषामणीयांसमणोरपि ।
रुक्माभं स्वप्नधीगम्यं विद्यात्तं पुरुषं परम् ॥ (મનુસ્મૃતિ)

અર્થ સ્વતેજથી પ્રકાશનાર, જેના ગુણો કેવળ ધ્યાનથી સમજી શકાય છે તથા જે મહાન જ્ઞાનમય ઝીણી બુદ્ધિથી જણાય છે, તેવા અગમ્ય, સ્વચ્છ, સુવર્ણ કરતા પણ તેજસ્વી **પરમપુરુષ પરમાત્માને** દરેક આત્માએ સમજવો જોઈએ

**सत्य ज्ञानात्मकोऽनन्त परमानन्दविग्रह ।**
**परमात्मा पर ज्योतिरव्यक्तोऽव्यक्तकारणम् ।।**
**(શિવગીતા, અધ્યાય ૧૦, શ્લોક ૫)**

અર્થ સત્ય, જ્ઞાનાત્મકસ્વરૂપ (જ્ઞાનસ્વરૂપ), અનત અર્થાત્ અવિનાશી શ્રેષ્ઠ, આનદરૂપ, કોટાનકોટિ સૂર્યોથી અધિક તેજવાન, પરમજ્યોતિરૂપ પરમાત્મા તે "અવ્યક્ત" છે અને આત્યતિક પ્રલય થાય છે ત્યારે વ્યક્ત નારાયણ તે આ વ્યક્ત પરમાત્મામા પોતાના બ્રહ્મસ્વરૂપે સમાય છે અને તેમાથી પાછા ઉત્પન્ન થાય છે, માટે વ્યક્તિઓ અને વ્યક્તના મૂળરૂપ અવ્યક્ત પરમાત્મા છે

**ब्रह्मचिद्रूपतो नित्य, महाबीज निरामयम् ।**
**तद्वाच्य प्रणवस्याद्य, सर्वैवाचलमध्रुवम् ।।** (તત્ત્વસાર)

અર્થ તે પરમબ્રહ્મ પરમાત્મા સત્યચિદ્ રૂપથી નિત્ય છે સર્વના બીજરૂપ છે, માયાથી રહિત છે, પ્રણવ એટલે ૐકારનુ પણ આદિ એટલે મૂળ છે અને ચળે નહીં તેવુ સદા નિશ્ચય જ્ઞાનસ્વરૂપ છે જ્ઞાની પુરુષોથી તે પરમાત્મા એવા નામથી બોલાય છે

**सूर्योऽसौ सर्वलोकस्य चक्षुष्ट्वेन व्यवस्थित ।**
**तथापि चाक्षुर्वैर्दोषैर्न कदाचिद्विलिप्यते ।।**
**(શિવગીતા, અધ્યાય ૨, શ્લોક ૭)**

અર્થ સૂર્ય સર્વ લોકને પ્રકાશ આપી ચક્ષુઓ વડે દેખતા કરીને વ્યવસ્થિત રહ્યો છે, તે ચક્ષુઓના દોષોથી કદાપિ પણ લેપાતો નથી અર્થાત્ તેને આખના વિકારોનો સ્પર્શ થતો નથી જેમ સૂર્ય "સ્વરૂપે" આકાશે રહી જગતમા પ્રકાશે છે અને ગતિથી સઘળે વ્યાપ્ત છે, તેમ પરમાત્મા પરમગતિ વડે વિશ્વમા વ્યાપ્ત છે, પરતુ પોતાના "જ્ઞાનસ્વરૂપે" આકાશે માયાથી ન્યારો રહેલો છે, અને તે કદાપિ માયાથી લેપાતો કે માયાના બધનમા આવતો નથી

**परब्रह्म निर्लेप सुखनिरधि· ।।** (શિવગીતા)
**मो वेद निहित गुहाया ब्रह्म ।।** (શ્રુતિ)
**दिव्यो ह्यमूर्त पुरुष सबाह्याभ्यन्तरो ह्यजोऽप्राणो ह्यमना ।**
**त पश्यन्ति मे क्षीणदोषा ।।**

(શ્રીઅથર્વવેદીય મુંડકોપનિષત્, ખંડ ૨, મંત્ર ૨)

અર્થ : પરમબ્રહ્મ-પરમાત્મા માયાના લેપન સિવાયના હોવાથી નિર્લેપ અને સુખસાગર છે કે જેને પામવાથી કદાપિ દુઃખ ઉત્પન્ન થઈ શકતું નથી. તે પરમાત્મા અજ્ઞાનમય માયાની કળાથી રહિત હોવાથી બ્રહ્મ નિષ્કળ કહેવાય છે. પરમેશ્વર માયાવી મૂર્તિરહિત દિવ્ય પુરુષ છે અને પરિપૂર્ણ બહાર તથા અંતરમાં એક જ જ્ઞાનસ્વરૂપ છે એટલે "कैवल्यं ज्ञानमूर्तिः" ।। કૈવલ્ય બ્રહ્મ ફક્ત જ્ઞાનસ્વરૂપ છે અર્થાત્ જેમ મનુષ્યમાં આત્મા અને દેહની વસ્તુતઃ ભિન્નતા હોય છે તેમ પરમાત્મામાં આત્મા તથા દેહની ભિન્નતા નથી અને એક જ સ્વરૂપ છે. અને તે જન્મ-મરણરહિત તથા પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારાદિ રહિત છે અને તેના દર્શનથી યતિ (એટલે જિતેન્દ્રિય પુરુષ યા સંન્યાસી)ઓના દોષો નાશ પામે છે એવા "किशोराकृतिरुच्यते" ।। (શ્રુતિ :) પાંચ વર્ષના બાળક સમાન આનંદમય બ્રહ્મ તે પરમાત્મા છે.

यत्तदव्यक्तमजरमचिन्त्यमजमव्ययम् ।
अनिर्देश्यरूपं च पाणिपादाद्यसंयुतम् ।।
विभु सर्वगतं नित्यं भूतयोनिरकारणम् ।
व्याप्य व्याप्तं यतः सर्वं यद्वै पश्यन्ति सूरयः ।।
तद्ब्रह्म तत्परं धाम तद्ध्येयं मोक्षकाङ्क्षिभिः ।
श्रुतिवाक्योदितं सूक्ष्मं तद्विष्णोः परमं पदम् ।।

(વિષ્ણુપુરાણ, અધ્યાય ૫, શ્લોક ૬૬, ૬૭, ને ૬૮)

અર્થ : તે અવ્યક્ત (એટલે પરમાત્મા) અજર (એટલે ઘરડા ન થાય એવા), અચિંત્ય (એટલે ચિંતવી ન શકાય એવા), અજ (એટલે અનાદિ), અવ્યય (એટલે ન બદલાય એવા), અનિર્દેશ્ય (એટલે નિર્દેશ ન કરી શકાય એવા), માયાવી રૂપ વિનાના અરૂપ, માયાવી હાથ-પગાદિ વિનાના, પાણિપાદ (એટલે હાથપગ) રહિત, ગતિથી વ્યાપ્ત એવા વ્યાપક, સર્વગત (એટલે સર્વત્ર રહેલા), નિત્ય, સર્વના આદિકારણ (એટલે મૂળકારણ), સ્વયંકારણ રહિત અર્થાત્ તેમને ઉત્પન્ન કરનાર કોઈ વસ્તુ નથી અથવા તે પરમેશ્વર કોઈમાંથી ઉત્પન્ન થયા નથી તથા જેમાંથી સંપૂર્ણ વ્યાપ્ત અને વ્યાપક પ્રગટ થયેલા છે. અર્થાત્ જેને પૂજ્ય દેવો જેવા જ્ઞાનીઓ માત્ર જ્ઞાનચક્ષુ દ્વારા દેખે છે તે જ બ્રહ્મ (એટલે પરમાત્મા) તે વિષ્ણુનું પરમધામ છે અર્થાત્ વિષ્ણુ વગેરેના આત્માની સર્વ ઉત્પત્તિનું મૂળસ્થાન અને તેમના આત્માના કલ્યાણનું પરમસ્થાન તે જ તે બ્રહ્મ (એટલે પરમાત્મા) છે. અને તેથી કહે છે કે, તે જ પરમાત્મા મોક્ષને ઇચ્છનારાઓનું પરમધ્યેય છે. માટે દરેકે તેનું જ ધ્યાન કરવું જોઈએ અને તે

જ શ્રુતિઓનાં વચનોથી પ્રતિપાદિત અત્યંત સૂક્ષ્મ અર્થાત્ અતિ ગુહ્ય અને પ્રભુ વિષ્ણુના આત્માનું "પરમ-શ્રેષ્ઠપદ" મોક્ષપદ છે. આ શ્લોકો સ્પષ્ટ બતાવે છે કે, વિષ્ણુ પોતાના આત્માના પરમકલ્યાણ માટે જે સ્વરૂપમાં જવાની અપેક્ષા સેવે છે અને પોતે જેનું ધ્યાન કરે છે, તે પરમધામ અને પરમપદ તે પરમાત્મા જ છે અને મોક્ષેચ્છુઓનું પરમધ્યેય પણ તે પરમાત્મા જ છે. એટલે કે તે પરમાત્મા સિવાય કોઈના પણ ધ્યાનથી મોક્ષ મળતો નથી તે સ્પષ્ટ કરે છે.

यस्मात्परं नापरमस्ति किंचिद्यस्मान्नाणीयो न ज्यायोऽस्ति कश्चित् ।।

(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૩, મંત્ર ૯)

અર્થ : જે પરમાત્માના કરતાં કોઈ પણ શ્રેષ્ઠ નથી અને જેના કરતાં કોઈ પણ સૂક્ષ્મ નથી અને જે પરમાત્મા કરતાં કોઈ મોટું નથી યા ઉત્તમ નથી અને પરિપૂર્ણ જ્ઞાન, ધર્મ, ઐશ્વર્ય, યશ, શ્રી (આત્મશક્તિ) અને વૈરાગ્ય પરમાત્મા સિવાય કોઈ પણ દેવ કે ઈશ્વરમાં નથી. માટે પરમાત્મા સિવાય કોઈને માટે "ભગવાન" શબ્દ વપરાય જ નહીં. તેમ છતાં સામાન્ય રીતે માનાર્થે તથા પૂજ્યભાવના પ્રદર્શિત કરવા અર્થે બીજાઓને માટે "ભગવાન" શબ્દ વપરાય છે.

तत्र पूज्यपदार्थोक्तिपरिभाषासमन्वितः ।

शब्दोऽयं नोपचारेण त्वन्यत्र ह्युपचारतः ।।

(વિષ્ણુપુરાણ, અધ્યાય ૫, શ્લોક ૭૭)

અર્થ : પૂજ્ય પદાર્થોનું સૂચન કરવા માટે "જ્ઞાનલક્ષણથી યુક્ત એવા ભગવાન શબ્દનો પરમાત્મામાં મુખ્ય પ્રયોગ થાય છે." અર્થાત્ ખાસ કરીને પરમાત્મા માટે ભગવાન શબ્દ વાપરી શકાય છે તથા બીજાઓને માટે ગૌણ ભાવે માનાર્થે સામાન્ય અર્થમાં ભગવાન શબ્દ વપરાય છે. એટલે કે ભગવાન શબ્દ ગુણજ્ઞાન યુક્ત ફક્ત પરમાત્માને માટે જ વાપરી શકાય. તે સિવાય બીજા દેવો, ઈશ્વરો કે અંશાવતારી ઈશ્વરો માટે ભગવાન શબ્દ વપરાય છે તે ભગવાન શબ્દના હેતુ અને ભાવના માટે નહીં પણ વિશેષ માન આપવા તરીકે જ વપરાય છે.

तदेव भगवद्वाच्यं स्वरूपं परमात्मनः ।

वाचको भगवच्छब्दस्तस्याद्यस्याक्षयात्मनः ।

एवं निगदितार्थस्य सत्तत्त्वं तस्य तत्वतः ।।

ज्ञायते येन तज्ज्ञानं परमन्यत्त्रयीमयम् ।।

(વિષ્ણુપુરાણ, અધ્યાય ૫, શ્લોક ૬૯ ને ૭૦)

અર્થ : હમ તે પરમાત્મ સ્વરૂપ જ "ભગવત્" શબ્દનું વાચ્ય છે "ભગવત્" શબ્દ તે જ આદ્ય (એટલે કોઈથી પ્રથમ અર્થાત્ જે પરમાત્માના પહેલાં કોઈ જ ન હતું તે) અને અક્ષરાત્મા અર્થાત્ અવિનાશી આત્મા (એટલે કે જેનો દેહ યા આત્મા કોઈ પણ કદી નાશ ન પામે તેને જ અવિનાશી અથવા અક્ષર કહેવાય છે તેવા) પરમાત્મા છે. તેનો જ "ભગવત્ શબ્દ" વાચક છે જે ઈશ્વરી જ્યારે પોતાના દેહ છોડી જાય છે, તે અવિનાશી નથી અને દેહધારી સર્વ નાશવાન છે

समस्त कल्याण गुणात्मकोऽसौ ॥

(વિષ્ણુપુરાણ, અધ્યાય ૫)

અર્થ : તે પરમાત્મા તમામ કલ્યાણના ગુણોનું આત્મસ્વરૂપ છે અર્થાત્ પરમાત્મા સિવાય બીજું કોઈ સમસ્ત કલ્યાણરૂપ નથી પણ અલ્પ કલ્યાણરૂપ છે

तेजोबलैश्वर्यमहावबोध सुवीर्यशक्त्यादिगुणैकराशिः ।
परः पराणां सकला न यत्र क्लेशादयः सन्ति परावरेशे ॥
स ईश्वरो व्यष्टिसमष्टिरूपो व्यक्तस्वरूपोऽप्रकटस्वरूपः ।
सर्वेश्वरस्सर्वदृक् सर्वविच्च समस्तशक्तिः परमेश्वराख्यः ॥
संज्ञायते येन तदस्तदोषं शुद्धं परं निर्मलमेकरूपम् ।
संदृश्यते वाप्यवगम्यते वा तज्ज्ञानमज्ञानमतोऽन्यदुक्तम् ॥

(વિષ્ણુપુરાણ, અધ્યાય ૫, શ્લોક ૮૫, ૮૬ ને ૮૭)

અર્થ : તે પરમાત્મા તેજ, બળ, ઐશ્વર્ય, મહાવિજ્ઞાન, શક્તિરૂપ છે આત્મબળ અપાર શક્તિ આદિ સર્વે મહાન ગુણોની એક માત્ર રાશિ છે અર્થાત્ તે સર્વ શ્રેષ્ઠનાનો શ્રેષ્ઠ છે અને પ્રકૃતિ (એટલે માયા) વગેરેથી પરમાત્મા ન્યારા છે અને તે પરમેશ્વરમાં અવિદ્યાદિ ક્લેશોનો સર્વથા અભાવ છે અર્થાત્ કોટાનકોટિ સૂર્યના તેજપુંજ, પરિપૂર્ણ આત્મબળ પુંજ, સર્વશ્રેષ્ઠ ઐશ્વર્યપુંજ અને સર્વ વિદ્યાનો કરનાર મહાવિજ્ઞાનરૂપ, સંપૂર્ણ આત્મબળ વગેરે ઉત્તમ ગુણોને ધરનારું તે હમ એક જ સ્વરૂપ છે જેમાં અજ્ઞાન, અવિદ્યા, દુઃખ કે ક્લેશ કદાપિ હોતા જ નથી, તે જ પરમેશ્વર છે અને તે ઈશ્વર સમષ્ટિ અને વ્યષ્ટિરૂપ છે વ્યક્ત અને અવ્યક્ત સ્વરૂપ છે અર્થાત્ સૂર્ય અને સૂર્યના પ્રકાશ સમાન આનુષંગિકતાથી સૂક્ષ્મ આત્મતત્ત્વ સહિત, સ્થાનાંતરના સંબંધથી તેમને અને દૂરે માન્યા છે અને તે જ પરમાત્મા સર્વનો સ્વામી અર્થાત્ સર્વ સમ્રાટ છે અને તે સર્વ જીવાત્માઓ અંતર્યામી છે અને તે જ સર્વ શક્તિમાનની "પરમેશ્વર" એવા નામની સંજ્ઞા છે

एकमेवाद्वितीयं ब्रह्म ॥
(पैंगलोपनिषद्, अध्याय १, मंत्र १)
(श्रीसामवेदीय छांदोग्योपनिषद्, प्रपाठक ६, खंड १, मंत्र १)

અર્થ : પરમાત્મા એક અદ્વિતીય બ્રહ્મ છે કે જે એકરૂપ છે પણ બહુરૂપ નથી. એટલે જેમ સૂર્ય સ્વરૂપે આકાશે હોવા છતાં પોતાની પ્રકાશરૂપ ગતિ વડે સઘળી જગ્યાએ વ્યાપ્ત છે, તેમ પરમાત્મા સ્વરૂપે ન્યારો હોવા છતાં પોતાની ગતિ વડે સઘળી જગ્યાએ વ્યાપ્ત છે. પરમાત્મા, પ્રકૃતિ એટલે માયાથી રહિત છે, તે કોઈ દિવસ માયામાં આવી શકતો નથી અને એક જ રૂપ છે, તે બીજાં રૂપ ધારણ કરતો નથી એટલે કે ઈશ્વરી અવતાર થઈને માયામાં, માયાવી ગુણવાળો દેહધારી બનીને તે આવતો નથી.

यत्र न सूर्यस्तपति, यत्र न वायुर्वाति, यत्र न चन्द्रमा भाति,
यत्र न नक्षत्राणि भान्ति, यत्र नाग्निर्दहति, यत्र न मृत्युर्प्रविशति,
यत्र न दुःखानि प्रविशन्ति, सदानंदं परमानंदं शान्तं
शाश्वतं सदाशिवं ब्रह्मादि वन्दितं योगिध्येयं
परं पदं यत्र गत्वा न निवर्तन्ते योगिनः ॥
(बृहज्जाबालोपनिषत्, ब्राह्मण ८, श्लोक ६)

અર્થ : જ્યાં સૂર્ય પ્રકાશતો-તપતો નથી, જ્યાં વાયુ વાતો નથી, જ્યાં ચંદ્રમા દેખાતો નથી, જ્યાં તારા-નક્ષત્રો જણાતા નથી, જ્યાં મૃત્યુ આવી શકતું નથી, જ્યાં દુઃખો પ્રવેશી શકતાં નથી, તેવું સર્વદા આનંદસ્વરૂપ, પરમાનંદરૂપ, પરમશાંતિરૂપ, જે કોઈ કાળે નાશ ન પામે તેવું અવિચળ, શાશ્વત, સદા પરમ-કલ્યાણરૂપ, બ્રહ્માદિ જેનાં વંદન-ઉપાસના કરે છે તેવું, યોગીઓને જે ધ્યેય એટલે મોક્ષપ્રાપ્તિ કરવાનું પરમલક્ષ્ય છે તેવું પરમપદ તે પરમેશ્વર છે. ત્યાં ગયા પછી યોગીઓ કદાપિ સંસારમાં પાછા આવી શકતા નથી, તેવું અખંડ, અવિચળ, મોક્ષપદ તે પરમેશ્વર સ્વરૂપની પ્રાપ્તિ છે, જેને શાસ્ત્રકારો "સાયુજ્ય મુક્તિ" કહે છે અને યોગીપુરુષો "પરમધ્યેય" કહે છે.

निष्कलं निष्क्रियं ॐ शान्तं निरवद्यं निरंजनम्।
अमृतस्य परं ॐ सेतुं दग्धेन्धनमिवानलम् ॥
(श्रीकृष्णयजुर्वेदीय श्वेताश्वतरोपनिषत्, अध्याय ६, मंत्र १९)

અર્થ : જે પરમતત્ત્વ નિરવયવ (અવયવ વગરનું), ક્રિયારહિત, નિર્વિકાર, નિર્દોષ અર્થાત્ માયાના અવયવોથી, માયાવી ક્રિયાથી, માયાવી વિકારસંબંધથી રહિત છે, જે માયાના સંસર્ગથી તથા માયાના લેપનથી રહિત છે, જે ઉત્કૃષ્ટ મર્યાદારૂપ મોક્ષસ્વરૂપ છે, જે ઈંધણ (એટલે બળતણ) બળ્યા પછી અગ્નિ

સળગતો હોય તેવો અત્યંત જ્ઞાનસ્વરૂપ પ્રકાશમાન છે, તેને જ પરમાત્મા, પરમેશ્વર, મોક્ષ માન્યો છે તેમ જ વર્ણવ્યો છે.

ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।।

(શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૩, શ્લોક ૧૮)

અર્થ : અંધકારથી તથા અન્યના પ્રકાશથી પર તે પરમાત્મા તમામ જ્યોતિઓ કરતાં શ્રેષ્ઠ એવી પરમજ્યોતિ છે. તે પરમાત્મા સર્વ જ્યોતિઓને (સૂર્ય, ચંદ્ર, તારા આદિને) પ્રકાશ આપનાર પરમજ્યોતિ છે. પણ તે પરમાત્માને પ્રકાશ આપનાર અન્ય કોઈ જ્યોતિ નથી. તે પરમેશ્વર કોટાનકોટિ સૂર્યના તેજવાળો અત્યંત પ્રકાશમાન છે. પરમાત્માના કરતાં બીજું કોઈ શ્રેષ્ઠ છે જ નહીં, પણ તે પરમાત્મા સ્વયં અતિ શ્રેષ્ઠ વસ્તુનો છેડો હોઈ સર્વોત્તમ છે.

न तस्य कश्चित्पतिरस्ति लोके, न चेशिता नैव च तस्य लिङ्गम् ।

स कारणं करणाधिपाधिपो न, चास्य कश्चिज्जनिता न चाधिपः ।।

(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૬, મંત્ર ૯)

અર્થ : જે જીવસમુદાયને "લોક" શબ્દ લાગે છે તેવો અગર જે પોતપોતાના લોકોના "પતિ" છે, અર્થાત્ બ્રહ્મલોકના બ્રહ્મા, વિષ્ણુલોકના વિષ્ણુ, શિવલોકના શંકર, શક્તિલોકના આદિશક્તિ અને ગોલોક ઉર્ફે બ્રહ્મલોકના નારાયણ પતિ છે; તે પ્રમાણે આ પરમાત્માનો બીજો કોઈ પતિ (સત્તાધીશ, ઉપરી) નથી એટલે તેમના ઉપર બીજો કોઈ સત્તાધારી નથી. કેમ કે પરમાત્મા પોતે જ સર્વનો નિયંતા છે પણ પરમાત્માનો અન્ય કોઈ પણ નિયંતા નથી. તે પરમાત્માને માયાવી દેહોવાળું, શરીરની જાતિ બતાવનારું લિંગ નથી. તે સર્વનું મૂળ કારણ પુરુષ છે. તેથી વિશ્વ સહિત નારાયણ તે પરમેશ્વરમાં લય થઈ, તેમાંથી પાછા ઉત્પન્ન થાય છે, પરંતુ તે પરમાત્મા બીજા કોઈમાંથી ઉત્પન્ન થયો નથી, તેથી તેની ઉત્પત્તિનું કારણ અન્ય કોઈ પણ નથી. તે પરમેશ્વર તમામ વિશ્વનો અને વિશ્વેશ્વરનો પાલક છે, પરંતુ તે પરમાત્માનો અન્ય કોઈ પણ પાલક નથી. તે પરમેશ્વર ક્ષર અને અક્ષર બંનેનું ઉત્પત્તિસ્થાન છે, પણ તે પરમેશ્વરનું ઉત્પત્તિસ્થાન બીજું કોઈ જ નથી, તેવો તે પરમેશ્વર છે.

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।

यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ।।

(શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૫, શ્લોક ૧૭)

અર્થ : "ક્ષર" અને "અક્ષર" બંને કરતાં જે ઉત્તમોત્તમ અને ધ્યાન કરવા યોગ્ય ઈશ્વર છે, તે પોતાની જ્ઞાનચેતના વડે સર્વમાં વ્યાપ્ત છે, તે પરમતત્ત્વ જ્ઞાનચૈતન્ય અવિનાશી પરમેશ્વર, અખંડાનંદ અને પરમાત્મા એવા

નામથી ઓળખાય છે. તે ઉત્તમ પુરુષ આ વિશ્વ અને વિશ્વંભર, વિશ્વેશ્વર, નારાયણ એટલે ક્ષર અને અક્ષર એવા બંનેના કરતાં સર્વોત્કૃષ્ટ અને ન્યારો છે.

महाचिदेकैवेहास्ति महासत्तेति चोच्यते ॥

(અન્નપૂર્ણોપનિષદ્, અધ્યાય ૫, મંત્ર ૫૫)

અર્થ : આ સૃષ્ટિમાં મહાચેતના એક જ છે અને તે જ મહાસત્તા કહેવાય છે.

निष्कलंका समा शुद्धा निरहंकाररूपिणी ॥

(મહાવાક્ય રત્નાવલિ, અધ્યાય ૧૩, મંત્ર ૯)

અર્થ : તે ચેતના કલંકરહિત, એકસરખી, શુદ્ધ અને અહંકારરહિત છે.

सकृद्विभाता विमला नित्योदयवती समा।

सा ब्रह्म परमात्मेति नामभिः परिकीर्त्यते ॥

(મહાવાક્ય રત્નાવલિ, અધ્યાય ૧૩, મંત્ર ૧૦)

અર્થ : તે (ચેતના) એક જ વાર પ્રકાશે છે, નિર્મળ છે, નિત્યઉદયવાળી છે અને તે જ બ્રહ્મ અને પરમાત્મા એવાં નામોથી કહેવાય છે.

सर्वसंकल्परहितः सर्वनादमयः शिवः।

सर्ववर्जितचिन्मात्रः सर्वानन्दमयः परः ॥

(તેજોબિંદૂપનિષદ્, અધ્યાય ૫, શ્લોક ૨)

અર્થ : પરમાત્મા સર્વ સંકલ્પોથી રહિત, (શરીરમાં થતા) સર્વ નાદમય, મંગળસ્વરૂપ, સર્વથી રહિત, કેવળ ચૈતન્યરૂપ, સર્વ આનંદમય અને સર્વથી પર છે.

તેથી કહ્યું છે કે :

(સાખીઓ)

પરમાત્મા છે અજર અમર, છે નિર્ભય નિર્વિકાર;<br>
આઠ અંગ સીધાં કરી, કરીએ કોટિ નમસ્કાર. ૧<br>
પરમાત્મા સર્વજ્ઞ છે, છે નિરંજન, નિરાકાર;<br>
આઠ અંગ સીધાં કરી, કરીએ અનંત નમસ્કાર. ૨<br>
પરમાત્મા પરમશ્રેષ્ઠ છે, છે અખંડ જ્ઞાનસ્વરૂપ;<br>
કેવળ સ્વયંપ્રકાશમાન છે, છે એક સચ્ચિદાનંદરૂપ. ૩<br>
કેવળ પરમાત્માનો અર્થ, પરમ આત્મા થાય;<br>
આઠ પ્રકારના આત્માઓથી શ્રેષ્ઠ, તેને જ "પરમાત્મા" કહેવાય. ૪<br>
કેવળ પરમેશ્વરનો અર્થ, પરમ ઈશ્વર થાય;<br>
ઈશ્વર, વિશ્વેશ્વરથી શ્રેષ્ઠ, તેને જ "પરમેશ્વર" કહેવાય. ૫

અનંતરૂપમાં છે પ્રભુમાં, વૈરાગ્ય, શક્તિ ને ધ્યાન;
"વલ્લભ" તેથી જ પરમેશ્વરને, કહેવાય છે "ભગવાન." ૬

અનંતરૂપમાં છે પ્રભુમાં, ધર્મ, ઐશ્વર્ય ને જ્ઞાન;
"વલ્લભ" તેથી જ પરમાત્માને, કહેવાય છે "ભગવાન." ૭

'એકમેવાદ્વિતીયં બ્રહ્મ', કેવળ છે પ્રભુ અવિનાશ;
એક સર્વવ્યાપક કેમ બને? એ જાણવું જોઈએ ખાસ. ૮

અદ્ભુત જ્ઞાનચૈતન્યનું સ્વરૂપ, ૐકાર બિંદુના છે પરમેશ્વર;
જ્ઞાનચૈતન્યના ઐશ્વર્ય વડે, સર્વસ્થળે વ્યાપક છે સર્વેશ્વર. ૯

(૨૦) શિષ્ય : ધર્મશાસ્ત્રોમાં ઘણી જગ્યાએ પરમાત્માને ઈશ્વર કહીને સંબોધ્યા છે. તેનું શું કારણ?

વ્યાસ : પરમાત્મા-પરમેશ્વરનું ટૂંકું નામ "ઈશ્વર" છે. પરંતુ એ નામથી ઈશ્વરની સર્વજ્ઞતા, સર્વ શક્તિમત્તા (સામર્થ્ય), પૂર્ણતા અને પૂર્ણાનંદતા સિદ્ધ થતી નથી. તેથી કહ્યું છે કે

**य जीवेभ्यः आत्मभ्यः परम आत्मा स परमात्मा ।।**

અર્થ : જે તમામ પ્રકારના જીવો અને આત્માઓ કરતાં અત્યંત પરમ-શ્રેષ્ઠ આત્મા છે, તેને જ પરમાત્મા કહેલો છે.

કેવળ પરમાત્મા-પરમેશ્વર કહેવાથી જ સર્વ કરતાં શ્રેષ્ઠ આત્મા એવો અર્થ પ્રતીત થાય છે.

(૨૧) શિષ્ય : ધર્મશાસ્ત્રોમાં અને ધર્મનાં અનેક પુસ્તકોમાં અનેક જગ્યા પર ઈશ્વર, ભગવાન, પરમેશ્વર વગેરે શબ્દો વાપરવામાં આવ્યા છે. આથી વાચકવર્ગ સાધારણ રીતે ગૂંચવાડામાં પડે છે. તેથી એ જરા વિગતે સમજાવશો?

વ્યાસ : "પ્રણવ-ૐકારની રૂપરેખા"ના પ્રકરણમાં આ વિષય વિસ્તારપૂર્વક જોઈ ગયા છીએ. છતાં વિશેષ રહસ્ય માટે આ વિષય ફરીથી જોઈએ

દરેક મનુષ્યે જીવ, ઈશ, ઈશ્વર, વિશ્વેશ્વર, પરમેશ્વર અને અંશાત્મા —એ બધાના ભેદો વિવેકપૂર્વક અવશ્ય જાણવા જોઈએ. જેમ મેજિસ્ટ્રેટ (ન્યાયાધીશ) શબ્દ એક છે, પરંતુ તેમાં પણ પહેલા વર્ગના, બીજા વર્ગના અને ત્રીજા વર્ગના એવા ભેદ છે અને તેઓનાં કામોમાં પણ ફેરફાર હોય છે. તેવી જ રીતે જીવ, ઈશ, ઈશ્વર, પરમેશ્વર વગેરેના ભેદો સમજવાના છે. આ વિષય પર દૃષ્ટાંત કહીએ છીએ.

## દૃષ્ટાંત

ચાનોદ ગામે ગિરજાશંકર નામના બ્રાહ્મણે અને કાંતિલાલ નામના વાણિયાએ ભાગીદારીમા ધધો શરૂ કર્યો અસલના વખતમા ગામડામા પૈસાનું ચલણ ન હતુ તેથી લોકો જે વસ્તુ દુકાનમાથી ખરીદે તેના બદલામા દુકાનદારને જુદી જુદી જાતનું અનાજ આપી જતા હતા આ બેઉ ભાગીદારો એક જ વાસણમા જુદી જુદી જાતનુ અનાજ ઠાલવતા હતા સાજના વખતે બંને ભાગીદારો સરખે ભાગે અનાજ વહેંચી લેતા હતા

એક દિવસે બપોરના બાર કલાકે કોઈ કામ અગે ભાગીદાર બ્રાહ્મણ મતિલાલના મકાને જઈ ચઢ્યો કાંતિલાલને શાક, રોટલી, દાળભાત વગેરે ખાતાં જોઈ બ્રાહ્મણ વિસ્મય પામ્યો અને મનમા વિચાર્યું કે, જરૂર કાંતિલાલ ભાગીદારીમાથી કાંઈક ચોરી કરે છે, જેથી એ ખાવામા મોજ ઉડાવે છે અને હુ તો ગેજ રોટલા જ ખાઉં છુ

પછી બેઉ ભાગીદારો દુકાને ગયા બ્રાહ્મણનું મોઢુ પડેલું જોઈ, કાંતિલાલે પૂછયુ કે ભાઈ! તમોને શી ચિંતા છે કે જેથી તમો ઉદાસ દેખાઓ છો? ત્યારે બ્રાહ્મણે કહ્યુ હે કાંતિલાલભાઈ! તમો ખચીત દુકાનમાથી ચોરી કરો છો, જેનાથી શાક, રોટલી, દાળભાત વગેરે જમો છો, ત્યારે હુ તો રોજ સેળભેળ અનાજના રોટલા ખાઉં છુ ત્યારે વાણિયાએ કહ્યું – હે ભાઈ, તમારી શંકા સદંતર ખોટી છે તમારે ખાત્રી કરવી હોય તો તાત્કાલિક મારા મકાને જાઓ અને જુઓ કે મારી પત્ની શું કાર્ય કરે છે? પછીથી તમે તમારો અભિપ્રાય બાધો

ગિરજાશંકર તરત જ ભાગીદારના મકાને જઈને જુએ છે તો વાણિયાની પત્ની ભાગમાં જે અનાજ મળેલું તેને મોટી થાળીમા નાખી જુદી જુદી જાતનું અનાજ છૂટુ પાડીને વીણતી દેખાઈ બ્રાહ્મણે પૂછયુ કે બહેન! તમો આ શું કરો છો? ત્યારે તેણીએ કહ્યુ કે 'ભાઈ! આ ભેગા થયેલા અનાજમાથી ઘઉં, ચોખા, દાળ (મગ, મસૂર, વાલ, તુવર, વટાણા) જુવાર, બાજરી વગેરે છૂટા પાડુ છું પછીથી ઘઉંને દળીને તેનો આટો બનાવીશ અને તે આટાની રોટલી કરવામાં આવશે જાતજાતની દાળ બનાવવામા આવશે એટલે દરરોજ જાતજાતની રસોઈ ખાવાની મળશે, પછી બ્રાહ્મણ પોતાને ઘેર ગયો અને ત્યાં જુએ છે તો તેની પત્ની બાજુવાળા સાથે બેસીને સાંસારિક વાતો કરે છે બ્રાહ્મણે પૂછ્યું કે તમે શું કરો છો? બ્રાહ્મણીએ જવાબ આપ્યો કે ખાલી વાતના માજવાના છે તમો સાંજે ઘેર આવશો એટલે તરત જ બે રોટલાનું અનાજ દળી નાખીશ અને તેના રોટલા બનાવીશ. બ્રાહ્મણે વિચાર કર્યો કે ખરેખર! મારી

સ્રીના અવિવેકને લીધે હુ રોજ રોટલા ખાઉં છુ અને વાણિયો તેની સ્રીના વિવેકને લીધે દાળ, ભાત, શાક અને રોટલી જમે છે

આ દૃષ્ટાંત પરથી સમજવાનું છે કે, અનાજ શબ્દ એક છે પણ એના જુદા જુદા વર્ગો છે તેનો સ્વાદ પત્નીના વિવેકથી વાણિયાને પ્રાપ્ત થયો અને અવિવેકને લીધે અનાજના જુદા જુદા વર્ગોના સ્વાદનો લાભ બ્રાહ્મણને ન મળ્યો તે જ પ્રમાણે ઈશ, ઈશ્વર, વિશ્વેશ્વર અને પરમેશ્વર દરેકને ઈશ્વર શબ્દ લાગેલો છે કેટલીક જગાએ દેવોને પણ ઈશ્વર શબ્દ લગાડવામા આવે છે વળી રામ, કૃષ્ણ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ, નારાયણ અને અશાવતારીના માનાર્થે આગળ યા પાછળ ભગવાન શબ્દ બોલવામા આવે છે પરતુ દરેક જુદા છે એટલુ જ નહિ પણ દરેકની કળા, સત્તા, શક્તિ, બળ, ગુણ અને કર્તવ્ય વગેરેમા ફેરફાર છે જે ન્યાય, નીતિ અને વિવેકપૂર્વક આપણે આગળ વિચારી ગયા તે પ્રમાણે પૃથક્કરણ કરીને ઈશ્વર, વિશ્વેશ્વર, પરમેશ્વર આ ત્રિપુટીનુ રહસ્ય સમજે તેને જ જ્ઞાનવાન માનવામા આવે છે

(૨૨) શિષ્ય દેવકોટિને, ઈશ્વરકોટિને, નારાયણને અને મન્વતરોને અનુક્રમે કોણ ધારણ કરી રાખે છે?

વ્યાસ તામસગુણી પૃથ્વીની ચેતના જે મૂળ અગ્નિરૂપમા સમાયેલી હોય છે અને પૃથ્વીના પડોમા અગ્નિ ઠડો થયેલો હોવા છતાં જવાળામુખી અને લાવારસ તથા અન્ય ધાતુઓ, તેમ જ બીજોત્પાદકગુણ સમાઈ રહેલા છે, તે પૃથ્વી (જુઓ પ્ર દ ન ૮) તેના કરતા નીચેની સપાટીવાળી તીવ્ર તામસ ગુણી પૃથ્વી જેને પાતાળ કહેવામાં આવે છે, તેને ચેતનાના પરિબળવાળી ભૂ લોકની પૃથ્વી ધારણ કરી રાખે છે આ ભૂર્લોકની પૃથ્વીને સ્વર્ગલોકની પૃથ્વીઓ, જેને આપણે તારાઓ કહીએ છીએ અને જ્યા સુરલોક, ભુવર્લોક, મહર લોક, પિતૃલોક, જનલોક, સત્યલોક, તપલોક વસે છે (જુઓ પ્ર. દ ન ૫૫થી ૬૫) તેમ જ ભૂર્લોકની ઉકારની પૃથ્વીને સૂર્ય ધારણ કરી રાખે છે વળી સ્વર્ગની તથા સૂર્યચદ્ર લોકની રાજસગુણી પૃથ્વીને બ્રહ્મપુરી, વૈકુઠ, કૈલાસ અને શક્તિ પુરીની સત્ત્વગુણી અકારની પૃથ્વીઓ (જુઓ પ્ર દ ન ૪૧થી ૪૯) કે જેમાં બ્રહ્મલોક, વિષ્ણુલોક, શિવલોક અને શક્તિલોક વસે છે, તે ઈશ્વરકોટિની પૃથ્વી ઓ ધારણ કરી રાખે છે તે અકારની ઈશ્વરકોટિની પૃથ્વીઓને તત્ત્વગુણી— અર્ધમાત્રા—અક્ષરધામની યાને ગોલોકની પૃથ્વી (જુઓ પ્ર. દ ન ૩૦ અને ૩૫) ધારણ કરી રાખે છે અક્ષરધામની પૃથ્વીને અશુદ્ધ પરમગતિમા ગુહ્યવાચ્ય ચાર મન્વતરો નનક, સનાતન, સનત્કુમાર અને સનુ (આ નામના મુનિ સનત્કુમારે છે તે નહીં. જુઓ પ્ર. દ નબર ૧૩થી ૧૬) ધારણ કરી રાખે છે અને તે

મન્વતરોને અનત, અસગ, જ્ઞાનસ્વરૂપ, પરમજ્યોતિ, પરમેશ્વર યાને પરમાત્મા (જુઓ પ્ર દ ન ૧ થી ૩) ધારણ કરી રાખે છે

(૨૩) શિષ્ય પરમસુખનુ સ્થાન ૐકારમા કયુ?

વ્યાસ જગતમા કોઈને દુ ખની ઇચ્છા નથી, સર્વને સુખની ઇચ્છા છે પરતુ કયુ સુખ પરમ છે? અખડિત છે? અવિચળ છે? તેનુ જ્ઞાન ન હોવાથી અનેક આત્માઓ અલ્પસુખમા પરમસુખ માની અથડાય છે જો દરેક આત્માને સમજાય કે પરમાત્મા પરમેશ્વરના ચરણ શરણમા રહેવામા જ પરમસુખ છે યા મોક્ષમા જ પરમસુખ છે અને મોક્ષ કરતા શ્રેષ્ઠ સુખ બીજે કયાયે નથી, તો પરમસુખની પ્રાપ્તિમા સૌ ચિત્ત એકાગ્ર કર મોક્ષસુખની જિજ્ઞાસાવાળી બુદ્ધિ થાય અને સસારમા કે સસારના યા વિશ્વના કોઈ પણ સ્થળમા, ઉકારથી આર્ધમાત્રા સુધીમા કોઈ સ્થળે કોઈમા પણ પરમસુખ નથી, એમ સ્પષ્ટ સમજાય ત્યારે આત્માનો ઉત્કટ પ્રેમ મોક્ષમા જોડાય અને તેમ થાય ત્યારે જ માયાવી વિચારો ઉદ્‌ભવ થતા આપોઆપ અટકે અને ચિત્ત એકાગ્ર થઈ જાય

(૨૪) શિષ્ય પરમસુખનો અર્થ શા થાય છે?

વ્યાસ જે સુખમા દુ ખની છાયા સરખી પ્રવેશી શકતી ન હોય, જે સુખમા કાઈ પણ સુખની ઊણપ જણાતી ન હોય, જે સુખના ભાર ન્યૂનતામા વા કોઈ પણ કાળે દુ ખમા પલટાતા ન હોય અને જે સુખ કાળાંતર પર્યંત એકસરખી સ્થિતિમા સર્વદા કાયમ રહેતુ હોય તેમ જ જે નષ્ટ યા ખડિત થતુ ન હોય, તેનુ જ નામ "પરમસુખ" છે

(૨૫) શિષ્ય ચેતનાશક્તિના પ્રવાહનુ મૂળ ઉત્પત્તિસ્થાન કયુ? અને પરમાત્માની ચેતનાશક્તિ કેવી રીતે પ્રણવ ૐકારમા ઊતરે છે?

વ્યાસ આ ચેતનાશક્તિના પ્રવાહનુ મૂળ ઉદ્‌ભવ સ્થાન પરમાત્મા પરમેશ્વર છે તેની ચેતના પ્રતિબિબિત થઈ એકબીજા સ્થળો વટાવીને નીચે ઊતર્યા કરે છે એટલે કે પરમાત્માની ચેતના મન્વતરોમા, મન્વતરોની ચેતના નારાયણ અને અક્ષરધામમા, નારાયણની ચેતના બ્રહ્મા, વિષ્ણુ, શિવ શક્તિ તથા તેમના લોકો શક્તિલોક, શિવલોક, વિષ્ણુલોક, બ્રહ્મલોકમા અને ઈશ્વરોની તથા તેમની પૃથ્વીઓની ચેતના સૂર્યચદ્રમા અને સૂર્ય-ચદ્રની ચેતના સ્વર્ગની પૃથ્વીમા તેમ જ ભૂર્લોક (ઉકાર)ની પૃથ્વીમા અને ઉપરની પૃથ્વીની ચેતના પાતાલ કે નીચી ભૂમિમા વ્યાપ્ત રહે છે, એટલુ જ નહિ પણ જ્ઞાનની પૃથ્વીમા જ્ઞાનતત્ત્વ વિશેષ હોવાથી તેને તેમ જ આખા વિશ્વને અક્ષરબ્રહ્મ-નારાયણ પોતાની બ્રહ્માડ (જુઓ પ્ર. દ ન ૯૩) વ્યાપ્ત અને બ્રહ્માડ ધૃત ચેતનાશક્તિથી ધારણ કરી રાખે છે જેમ સૂર્યની નીચે વાઈનબધ પાંચ, સાત કાચ રાખ્યા હોય તો

જેમ સૂર્યનો પ્રકાશ એક કરતાં બીજા કાચમા ઓછા પરિબળવાળો અને બીજા કરતા ત્રીજામા ઓછા પરિબળવાળો પસાર થાય છે, તે પ્રમાણે આ ચેતના પરમાત્મા માથી પરમાત્માની પરમગતિરૂપે નીકળીને ક્રમાનુસાર ઓછી થતી થતી એકબીજામા પહોચે છે આથી પરમાત્માની ચેતના ક્ષીણ થઈને ભૂલોકની પૃથ્વીમાં બહુ જ ઓછા પ્રમાણમા આવતી હોવાથી જગતના (ભૂલોકના) જીવોમાં જ્ઞાનચેતના શક્તિ ઘણી ઓછી હોય છે તેથી પૃથ્વી ઉપર જ્ઞાનબુદ્ધિ ક્ષીણ થતા અજ્ઞાન બુદ્ધિની વૃદ્ધિ થવાથી પાપભાર વધે છે, ત્યારે પૃથ્વીની અધિષ્ઠાત્રી દેવી પાપ ભાર ઉતારવા દેવોની, ઈશ્વરોની અને ખાસ કરીને નારાયણની સ્તુતિ કરે છે તેમ જ ત સાથે ચેતનાને આત્મરૂપી ગુફામા ઝીલનારા ભૂલોકના જ્ઞાની, સત, મહાત્મા પુરુષો પણ પાપભાર ઉતારી ધર્મની પુન સ્થાપના કરવા અવતાર લેવા માટે પ્રભુને સ્તુતિ કરે છે ત્યારે અંશાવતારી ઈશ્વર અવતાર લે છે, અને તે ઈશ્વરને સહાયક થવા સ્વર્ગના દેવતાઓ વગેરે અવતરે છે, તથા બ્રહ્મા, વિષ્ણુ, શિવના મહદ અંશવાળા લોકમાથી મુક્ત થનાર આત્મા અવતાર લે છે અંશાવતારી ઈશ્વરની પધરામણી થવાની વધામણી આપવા તથા અંશાત્માને ઓળખાવવા, તેમના પ્રત્યે જનતામાં પૂજ્યભાવ પ્રદીપ્ત કરવા અને અજ્ઞાનરૂપ અંધકારમા ફસાયેલા જીવાત્માને સદ્ધર્મના જ્ઞાનરૂપી મશાલ ધરીને "આર્યધર્મ દર્શન" કરાવવા તેમ જ અંશાવતારી ઈશ્વરનુ (જેમ કોઈ ગુરુ કે નેતાનું વ્યાખ્યાન હોય ત્યારે તેમના માણસો સભાની અને વ્યાખ્યાતાને બેસવાની, ઓળખાવવાની ક્રિયા કરી કાર્યક્ષેત્ર તૈયાર કરે છે, તેમ) કાર્યક્ષેત્ર તૈયાર કરવા અંશાવતાર સમાન, છતાં તે કરતા માયાવી શક્તિમાં જ સહેજ ઊતરતા પ્રકારના એવા વિભૂતિ આત્મા (જુઓ પ્ર દ ન ૩૯) અર્થાત્ નિત્યમુક્ત, બ્રહ્મ, વિભૂતિ આત્મા જન્મ લઈને દરેક દ્વાપર યુગમા અંશાવતાર માટે કાર્યક્ષેત્ર તૈયાર કરે છે ત્યારે મોહમા મસ્ત બનેલો માનવ ઈશ્વરને અને પરમેશ્વરને શોધે છે તે શોધમાં જો સદ્ગુરુનો મેળાપ થઈ જાય તો તેના દ્વારા નિયતિને ઓળખીને તેમ જ આત્મામા રહેલ આત્મતત્ત્વ ચૈતન્યના અવાજને અનુસરીને પરમાત્માનું શરણ પ્રાપ્ત કરે છે

(૨૬) શિષ્ય વિશ્વના તમામ આત્માઓની સાચી જનેતા કોણ? વળી "ૐ ખ બ્રહ્મ" એટલે શુ અને તે શુ સૂચવે છે?

વ્યાસ વિશ્વમા તમામ આત્માઓની સાચી જનેતા પરમાત્મા પરમેશ્વર મોક્ષ છે, તેનું સ્થાન નદી આદિ, અવિનાશી છે હર્ષ શોક, સુખ દુઃખ, સ્ત્રી પુરુષ, ઇંદ્રિયો અને ઇંદ્રિયોના વિષયો, જન્મ મૃત્યુ, આધિ વ્યાધિ ઉપાધિથી રહિત અને જેનો આનંદ અખડ, અવિચલ અને એક છે, તે સત ચિત્-આનદરૂપ

મોક્ષપદ સર્વ આત્માનુ મૂળવતન છે શબ્દબ્રહ્મ વિષે કહ્યુ છે કે

परमेश्वरस्य प्रथम प्रथमश्वास निर्गत. ॐकार इति ॥ (મહાવાક્યેષુ)

અર્થ પરમેશ્વરનો પ્રથમ શ્વાસ નીકળતા જ પ્રથમ ૐકાર નીકળ્યો તે (પરમગતિના) આકાશમા વ્યાપક થઈ જવાથી "ખ બ્રહ્મ" (જુઓ પૃ. ૬ ન. ૧૨) અને "શબ્દબ્રહ્મ" કહેવાયો છે

ખ્રિસ્તી લોકોના ધર્મગ્રથ બાઈબલમા પણ શબ્દબ્રહ્મ વિષે ઉલ્લેખ છે કે

In the beginning was the Word, and the Word was with God, and the Word was God

(John I1

અર્થ શબ્દબ્રહ્મ તે જ ઈશ્વર કારણ કે તે ઈશ્વર પાસે હતો અને તે જ શબ્દબ્રહ્મ ઉત્પત્તિ વખતે હતો

આ શબ્દબ્રહ્મ તે પરમાત્માના શ્વાસોશ્વાસમાથી પ્રથમ નીકળતો ૐકાર "પ્રણવ" છે ને સમગ્ર આકાશમા સર્વદા વ્યાપક હોવાથી યજુર્વેદે તેને "ૐ ખ બ્રહ્મ" કહ્યો છે અને સામવેદે પ્રણવોચ્ચારને "શબ્દબ્રહ્મ" કહ્યો છે આ શબ્દબ્રહ્મ એ કોયલરૂપી પરમજ્યોતિ પરમેશ્વરનો ટહુકો છે કે જો તમારે મારી પાસે આવવુ હોય તો, હે આત્માઓ! પ્રણવોચ્ચાર કરો અને મારી પાસે આવો તો હુ તમને પરમશાંતિરૂપ શાશ્વત મોક્ષ આપીશ

(૨૭) શિષ્ય મોક્ષ એટલે શુ? કહે છે કે, હૃદયની અજ્ઞાનતાની ગ્રંથિના નાશ તે જ મોક્ષ છે આમા હૃદયનુ અજ્ઞાન એટલે શુ?

વ્યાસ ૐનો, આત્મબ્રહ્મનો અને આત્માનો એક લય થાય યા સનન્વય થાય તેનું નામ "મોક્ષ" છે શિવગીતામા કહ્યુ છે કે

मोक्षस्य नहि वासोऽस्ति न ग्रामान्तरमेव वा।

अज्ञानहृदयग्रन्थिनाशो मोक्ष इति स्मृत ।

(શિવગીતા, અધ્યાય ૧૩, શ્લોક ૩૨)

અર્થ મોક્ષ એ કાઈ વાસ કે ગામનગર નથી હૃદયની અજ્ઞાનની ગ્રંથિના નાશ તે જ મોક્ષ છે, અને આત્માનુ કલ્યાણ, જન્મ મૃત્યુની નિવૃત્તિ એ જ્ઞાનથી જ થઈ શકે છે, અને તે જ મોક્ષ છે અર્થાત્ મોક્ષ એટલે આત્માની હૃદય ગ્રંથિઓને છેદીને, તેનો નાશ કરીને માયાથી મલિન થયેલા આત્માને શુદ્ધ, નિર્મળ, નિર્દોષ બનાવી પરમ પરમાત્મસ્વરૂપમા વિલય કરવો તેનું જ નામ મોક્ષ છે માત્ર એ કોઈ સ્થાન, નગર, પ્રદેશ કે દેશ નથી

न मोक्षो नभस पृष्ठे न पाताले न भूतले।

ज्ञानाद्हृदयग्रंथेर्नाशो मोक्ष इति स्मृत ॥

અર્થ આકાશમંડળમા મોક્ષ નથી, પાતાલમાં કે ભૂતળમા મોક્ષ નથી, પરંતુ હૃદયમા અજ્ઞાનરૂપ જે ગ્રંથિ છે તેનો નાશ કરવો એ જ મોક્ષ છે

एवं विदित्वा "परमात्मरूप" गुहाशयं निष्कलमद्वितीयं।
समस्तसाक्षिं सदसद्विहीनं प्रयाति शुद्धं "परमात्मरूप"॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કૈવલ્યોપનિષત્, મંત્ર ૨૭)

અર્થ પરમાત્માને જાણીને આત્મ બુદ્ધિરૂપ ગુહામા રહેલ ગૂઢાત્મા, માયાવી સોળે કળા રહિત, માયાવી ગુણોરહિત, અદ્વિતીય, ભાવાભાવ રહિત એટલે જન્મ મૃત્યુ, મારુ તારુ, સ્ત્રી પુરુષ, હર્ષ-શોકાદિ ભાવો માયામા છે તેવા ભાવાભાવથી રહિત, સર્વોત્કૃષ્ટ પરમાત્માના ગુહ્ય સ્વરૂપને જાણીને, સર્વના સાક્ષીરૂપ, માયા વડે જે કદાપિ અશુદ્ધ થતા નથી તેવા શુદ્ધ પરમાત્માના સ્વરૂપને પ્રાપ્ત થાય છે જ્ઞાનાજ્ઞાન, સત્યાસત્ય, દ્વંદ્વ વગેરેથી મુક્ત થઈને પરમાત્માના સ્વરૂપમા તદ્રૂપ તન્મય થવાય તેને "મોક્ષ" થયો કહેવાય છે

अव्यक्तात्तु परः पुरुषो व्यापकोऽलिङ्ग एव च।
यं ज्ञात्वा मुच्यते जन्तुरमृतत्वं च गच्छति॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત, વલ્લી ૩, અધ્યાય ૨, મંત્ર ૮)

અર્થ અવ્યક્ત-નારાયણના પોતાના આત્મા તથા પરમગતિના કરતા પણ શ્રેષ્ઠ પુરુષ પરમાત્મા પરમેશ્વર એવો છે કે જે મહત્તત્ત્વથી પર છે, ચેતનત્વથી વ્યાપક છે અને માયાતીત હોવાથી અલિંગ છે તે પુરુષરૂપે હોવા છતા તે પુરુષનુ રૂપ બતાવનારી ઈંદ્રિયોવાળો, આપણા જેવો ઈંદ્રિયવાચક પુરુષ નથી તે પરમાત્માને જાણીને, જંતુ (એટલે 'અ, ઉ, મ'ના જીવોને વિશ્વ કહેવાય છે તે) એટલે વિશ્વના જીવાત્માઓ તથા અક્ષરધામના અવ્યક્ત આત્માઓ માયાથી મુક્ત થાય છે ત્યારે તેઓ જ્ઞાનચૈતન્ય સ્વરૂપ થઈ "અમૃત" એટલે "મોક્ષ" પ્રાપ્ત કરે છે

તેથી મ ગુરુ શ્રીવ-વભગમે "પ્રણવવિજ્ઞાન"મા કહ્યુ છે કે

(મનહર છંદ)

મોક્ષ માહી સુખ શુ છે, ન ખાવાનુ ન પીવાનુ,
તેવુ બોલનાર જીવો, નતિ તાણ મદ છે
ખાવુ પીવુ, હર્ષ, શોક, સુખ, દુ ખ, વિષય, ભોગ,
અતૃપ્તિ તેની છે સદા, તે માયાનો ફંદ છે
મોક્ષમા છે સદા તૃપ્તિ, તૃપ્તિના આનંદ અતિ,
અતૃપ્તિ તો તૃપ્તિ માગે, અતૃપ્તિથી બંધ છે

માયા નહિ ત્યા સદા તૃપ્તિ, તૃપ્તાનદ તૃપ્તિ તણો,
તેથી "વ્યાસ" નામ ગાયુ, તે અખડાનદ છે ૧
કેવળ અજ્ઞાની જીવ, માયા મોહે બધાયેલા,
ઈશ્વરની સ્તુતિ કરી, અવતારો માગે છે
કહે છે કે મનુષ્યદેહ, વારવાર દેજો પ્રભુ,
નાવુ, ધોવુ, ખાવુ, પીવુ, ભક્તિ સારી લાગે છે
મોક્ષમા તો ઠીક નથી, નહિ કોઈ સગુ સાથ,
કથા, વાર્તા, દેવ, "દર્શ, નોમા" સદા ભાગે છે
નહિ મોક્ષ પુણ્ય નહિ દાન, નહિ જવા આવવાનુ,
તેથી રૂડો અવતાર, જન્મે ભાગ્ય જાગે છે ૨
પણ જેનુ ભાગ્ય જાગે, તે તો મોક્ષપદ માગે,
નિવૃત્તિથી ઠરવાનુ, પદ અવિનાશમા
દેહમા તો દુ ખ પડે, કાક કર્મ આવી નડે,
ભણ્યો ભૂલે તારો ડૂબે, તેવું દેહ દાસમાં
ક્ષુધા, પિપાસા ને આધિ, વ્યાધિ ને ઉપાધિ અતિ,
સદા ધર્મ સાચવવો, નર્ક તણા વાસમા
નર્કવાસ, નર્કદુ ખ, પણ બીજુ દુ ખ નહિ,
નર્ક કરતા સહસ્ર ઘણુ, દુ ખ ગર્ભવાસમા ૩
એક રસ, એક રૂપ, એક રગ, એક અંગ,
એક ઢગ, બગ મતિ, એક ગતિ થાય છે
એક સત્તા, એક તેજ, એક ધ્યાન, જ્ઞાન, ભાન,
જેમ જળ લૂણ એક, તેમ તે ભળાય છે
પરમાત્મામા મળ્યો આત્મા, તે તો થયો પરમાત્મા,
આત્મા ને પરમાત્મા તવ, એક જ કહેવાય છે
તે વિના કહે તે મૂઢ, થયા પછી કયાં કહેવાનું?
માટે મોક્ષ થવા "વ્યાસ", પરમબ્રહ્મ ગાય છે ૪

અજ્ઞાન એટલે શુ? ઉકાર (જગત), મકાર (દેવકોટિ), અકાર (ઈશ્વરકોટિ) અને અર્ધમાત્રા (વિશ્વેશ્વર-નારાયણ) સુધીનુ જે બ્રહ્માંડ છે તે બધું માયાથી હોવાથી તેને અલૌકિક દૃષ્ટિએ અજ્ઞાન કહેવામાં આવે છે આ અજ્ઞાનનો અવશ્ય નાશ થવો જોઈએ

વળી હૃદય કયુ? પરમાત્મા પરમેશ્વરનો અનત જ્ઞાનચૈતન્ય શક્તિવાળો પરમપ્રકાશનો પ્રચડ ધોધ જે વિશ્વેશ્વર નારાયણના હૃદય પર પડે છે, તે ધોર

પાછો નારાયણમાથી પરાવર્તન થઈ પરમેશ્વરની નિર્મળ પરમગતિ સાથે સામ સામો અથડાય છે અને મિશ્રિતગતિ ધારણ કરે છે તેને શુદ્ધાશુદ્ધ પરમગતિ કહે છે (ખાસ સૂચના પૂર્ણ વિષય સમજવા માટે વાચો "પરમગતિ"નુ પ્રકરણ, વિષય શુદ્ધાશુદ્ધ પરમગતિ) આ શુદ્ધાશુદ્ધ પરમગતિ જ ગ્રંથિતત્ત્વ આત્માનુ ઉત્પત્તિ સ્થાન હોવાથી એ જ્ઞાનનો પણ નાશ થવો જોઈએ આત્માના આત્મ હૃદયમા રહેલુ નિર્મળ આત્મતત્ત્વ યા આત્મજ્યોતિ કે જેનુ ઉત્પત્તિસ્થાન પરમાત્માની ૧૪ આની સત્તાવાળી શુદ્ધ પરમગતિ છે, તે હૃદયના જ્ઞાનનો પણ નાશ થવો જોઈએ આવી રીતે આત્માનું ઉત્પત્તિસ્થાન કે જે શુદ્ધાશુદ્ધ પરમ ગતિ (જુઓ પ્ર દ ન ૮) કહેવાય છે તે અને નિર્મળ આત્મતત્ત્વનુ ઉત્પત્તિ સ્થાન કે જે પરમાત્માની શુદ્ધ પરમગતિ (જુઓ પ્ર દ ન ૬) કહેવાય છે તે—આ બેઉ હૃદયના જ્ઞાનનો નાશ થાય તેને જ "મોક્ષ" કહેવામા આવે છે

માયાના ચારે દેહો (જેવા કે સ્થૂલદેહ પ્ર દ ન ૮૯થી બતાવેલ જગતમા, સૂક્ષ્મદેહ પ્ર દ ન ૬૮થી બતાવેલ મકારમડળમા, કારણદેહ પ્ર દ ન પરથી બતાવેલ અકારમડળમા અને મહાકારણ દેહ પ્ર દ ન ૩૩થી બતાવેલ) અનુક્રમે છોડીને એટલે પિંડ બ્રહ્માડથી બહાર નીકળીને પછી આત્મા પ્ર દ ન ૧૩, ૧૪, ૧૫ ને ૧૬થી બતાવેલ મન્વતરો અને પ્ર દ ન ૧૭થી બતાવેલ બ્રહ્મકૂપ વગાવીને અનુક્રમે ચૈતન્ય આત્માના ચાર દેહો (જેવા કે સ્થૂલદેહ પ્ર દ ન ૧૮થી બતાવેલ અશુદ્ધ પરમગતિમા, સૂક્ષ્મદેહ પ્ર દ ન ૯થી બતાવેલ શુદ્ધાશુદ્ધ પરમગતિમા, કારણદેહ પ્ર દ ન ૭થી બતાવેલ શુદ્ધ પરમગતિમા અને મહાકારણ દેહ પ્ર દ ન પથી બતાવેલ તાત્ત્વિક શુદ્ધ પરમગતિમા) છોડી ઠેઠ જ્ઞાનચૈતન્ય સ્વરૂપ પ્ર દ ન ૧, ૨, ૩થી બતાવેલ પરમાત્મા પરમેશ્વરના ચરણકમલ પાસે બેસીને આત્મજ્યોતિ પરમાત્માનુ ધ્યાન કરી તેમનો અનુભવ કરે તે જ પરમપદ મોક્ષનો અધિકારી બને છે

(૨૮) શિષ્ય પરમાત્માના સ્વરૂપને માયાના ચારેય દેહો દ્વારા જાણી શકાય છે કે? અને જેને સત્યસ્વરૂપમા પરમાત્માને જાણવાની ઇચ્છા હોય તેણે કોનો આશ્રય લેવો?

વ્યાસ પરમાત્માના જ્ઞાનસ્વરૂપ સુધી ચર્મચક્ષુની, માનસ નેત્રની કે અન્ય નેત્રોની દૃષ્ટિ પહોચતી નથી વારવાર મનન કરવા છતા ત્યા મન પહોચતુ નથી તેને માટે તર્ક અને બુદ્ધિથી અભ્યાસ અને કલ્પના કરવા છતા તે બુદ્ધિથી જણાતો નથી અત કરણથી અને વિશેષ રૂપથી પણ તેને જાણી શકાતો નથી, અનેક પ્રકારની ભાષાવિદ્યાઓ શીખવા છતા તે જણાતો નથી અમુક અશે પરમેશ્વર વેદો ઉપનિષદો આદિથી જણાય છે, પણ પૂર્ણ સત્યરૂપે

તે તેનાથી જુદો અને ઉચ્ચ પ્રકારનો છે તેમ જ તે ન જાણવાથી અન્ય છે અને જાણવા ન જાણવા બનેથી પણ અન્ય છે, એટલે તમામ દેહોથી અને વિજ્ઞાનકોશાદિથી ન જણાય તેવો તે પરમેશ્વર પરમાત્મા છે તેમનું વર્ણન વાણી કરી શકતી નથી કારણ કે વાણી ત્યા જતા વિરામ પામે છે પરતુ તે પ્રભુની ચેતનાથી વાણી પોતાનુ કાર્ય કરી શકે છે એવા મન વાણીથી અગોચરને પરમ બ્રહ્મ જાણો લોકો જેની વાણીરૂપે અગર વાણી વડે બ્રહ્મોપાસના કરે છે તે બ્રહ્મવાણી નથી જે પ્રભુને મન વડે કોઈ જાણી શકતું નથી, પરતુ જેની શક્તિથી મન તેના ગ્રાહ્ય એવા લૌકિક પદાર્થોને જાણવા સમર્થ થાય છે તેને જ બ્રહ્મ જાણો જેની લોકો મનરૂપે અગર મન વડે ઉપાસના કરે છે તે બ્રહ્મ નથી જે બ્રહ્મને નેત્રો દેખવા સમર્થ નથી, પરતુ જેની ચેતના દ્વારા નેત્રો લૌકિક પદાર્થોને દેખે છે તેને જ બ્રહ્મ જાણો લોકો જેની નેત્રરૂપે યા નેત્રો વડે ઉપાસના કરે છે તે બ્રહ્મ નથી જે બ્રહ્મના અવાજને કોઈ જીવ, શ્રોત્ર (અથવા કાનથી) સાભળી શકતો નથી, કર્ણ તેને સાભળવા શકિતમાન નથી, પરતુ જે બ્રહ્મની શક્તિથી શ્રોત્ર વિશ્વ બહારના બ્રહ્મમય અવાજને (એટલે શબ્દબ્રહ્મને) શ્રવણ કરી શકે છે તેને જ બ્રહ્મ જાણો કેમ કે લોકો જેની શ્રોત્રરૂપે યા શ્રોત્રગ્રાહ્ય અવાજરૂપે યા કર્ણ વડે આશીર્વાદ સાભળવા માટે ઉપાસના કરે છે તે બ્રહ્મ નથી અર્થાત પરમબ્રહ્મ પરમાત્મા કોઈને સ્વમુખે આશીર્વાદ દેતા નથી, અને તે આશીર્વાદ કોઈ આત્મા થી, ચારે દેહોમાના કોઈ શ્રોત્ર વડે સાભળી શકાતો નથી જે બ્રહ્મ જીવાત્મા-ઓની માફક પ્રાણ વડે ચેષ્ટા (એટલે હલનચલન) કરતું નથી અને જે પ્રાણ વડે બ્રહ્મ નથી, પરતુ પ્રાણ જેની ચેતનાથી સચેતન બની પ્રાણવાયુના શ્વાસો શ્વાસ લે છે તેને જ બ્રહ્મ જાણો લોકો જે બ્રહ્મને પ્રાણરૂપ માની અગર પ્રાણ વડે ગ્રાહ્ય માની પ્રાણ વડે ઉપાસના કરે છે તે બ્રહ્મ નથી જેણે બ્રહ્મને પોતાની કલ્પના પ્રમાણે જાણ્યો નથી અર્થાત્ "જે પોતાની કલ્પનારૂપ બ્રહ્મને કલ્પતો નથી, તેણે જ સત્યરૂપમા બ્રહ્મને જાણ્યુ છે અને જેણે પોતાની કલ્પના મુજબ બ્રહ્મને જાણ્યુ છે, તેણે સાચી રીતે બ્રહ્મને જાણ્યુ જ નથી" એટલે કે બ્રહ્મજ્ઞાતાઓ બ્રહ્મને જાણ્યુ નથી પણ જે બ્રહ્મસ્વરૂપના જ્ઞાન વિનાનો અજ્ઞાન દેખાય છે તેવા આત્માઓ અર્થાત્ જેણે જ્ઞાન વડે બ્રહ્મના સ્વરૂપની ક પના કરી નથી, તેવા બ્રહ્મ-અજ્ઞાનીએ જ સાચી રીતે બ્રહ્મને જાણ્યુ હોય છે કેમ કે જે સ્વરૂપ માટે વેદે પણ વારવાર "નેતિ" કહ્યુ છે, તેને જીવ પોતાની બુદ્ધિ અનુસાર કે કલ્પના અનુસાર જાણવા સર્વદા અસમર્થ છે (જુઓ શ્રીસામવેદીય છાદોગ્યોપનિષત, અને શ્રીઅથર્વવેદીય પ્રશ્નોપનિષત્)

માટે જેને સત્ય સ્વરૂપમા બ્રહ્મને જાણવાની ઇચ્છા હોય, તેમણે માનવ બુદ્ધિનો આગ્રહ ત્યજી દઈને, સદગુરુના જ્ઞાન વચનમા નિષ્ઠા રાખીને જાણવો

જોઈએ. અને જ્યારે મનોબુદ્ધિને જડ બનાવી, આત્મબુદ્ધિના સાક્ષીરૂપ બ્રહ્મને આધીન થઈ, આત્મબ્રહ્મને ઓળખાય ત્યારે જ આત્મકૂટસ્થ પરમબ્રહ્મને જાણવા ઈચ્છે છે. તેને માત્ર સદ્‌ગુરુની કૃપા-દયાથી જ જાણ છે. સમાહિત મન વડે જ્ઞાનપ્રાપ્તિ અને શંકાનિવારણની શક્તિ પ્રાપ્ત પરંતુ અનુભવસિદ્ધ જ્ઞાન યાને પૂર્ણ વિજ્ઞાનવાળું મોક્ષજ્ઞાન પ્રા નથી. કેમ કે જે આત્મગુહામાં રહેલ બ્રહ્મ વડે મૂળ બ્રહ્મને જાણે છે નિ:શંકપણે અમૃતરૂપ મોક્ષને પ્રાપ્ત થાય છે. આવી બ્રહ્મવિદ્યાથી જ સંસારમાં ડૂબેલા આત્મા અમૃત-મોક્ષને પ્રાપ્ત કરે છે. (જુઓ શ્રીસ તલવકારોપનિષત્, ખંડ ૧, મંત્ર ૩થી ૮; ખંડ ૨, મંત્ર ૨થી ૪).

શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્, વલ્લી ૩, અધ્યાય ૧, મંત્ર જણાવ્યું છે કે :

अशब्दमस्पर्शमरूपमव्ययं तथाऽरसन्नित्यमगन्धवच्च यत् ।
अनाद्यनन्तं महतः परं ध्रुवम् निचाय्य तन्मृत्युमुखात्प्रमुच्यते ॥

અર્થ : જે બ્રહ્મ શબ્દરહિત, સ્પર્શરહિત, રૂપરહિત, અવયવોરહિત, રહિત ગંધરહિત, રસરહિત, અવ્યય, નિત્ય, અનંત (એટલે જેનો કોઈ ક થતો નથી), મહત (એટલે વિશ્વમાં સર્વથી શ્રેષ્ઠ મહત્ત્વ, અક્ષર-બ્રહ્મ છે તેનાથી પર) અને પરમ એટલે સર્વોત્કૃષ્ટ તથા ધ્રુવમ્ (એટલે સદા કલ્યાણકારી) બ્રહ્મ છે, તેને જાણીને આત્મજ્ઞાની પુરુષો મૃત્યુના મુખમાં થાય છે અર્થાત્ જન્મ-મૃત્યુને તરી જાય છે.

જે પરમબ્રહ્મને વાણી, મન, ચક્ષુ, શ્રોત્ર, બુદ્ધિ પ્રાપ્ત કરી શક અને જે ગુહ્ય તત્ત્વસ્વરૂપ છે તેને નાસ્તિક શી રીતે જાણી શકે? આ પ્રત્યુત્તરમાં ઉપર શ્લોક જણાવ્યો છે તે ઉપરાંત બીજો મંત્ર એવો છે

यत्तदद्रेश्यमग्राह्यमगोत्रमवर्णमचक्षुः श्रोत्रं तदपाणिपादम् ।
नित्यं विभुं सर्वगतं सुसूक्ष्मं तदव्ययं यद्भूतयोनिं परिपश्यन्ति
(શ્રીઅથર્વવેદીય મુંડકોપનિષત્, મુંડક ૧, ખંડ ૧, મંત્ર ૬)

અર્થ : જે બ્રહ્મ અદૃશ્ય, અગ્રાહ્ય, અગોત્ર, અવર્ણ, ચક્ષુ અને રહિત છે તથા માયાવી હાથપગ વિનાના છે, તેવા નિત્ય, અવિનાશી સર્વગત જેની ચેતના સર્વવ્યાપક છે, એવા અત્યંત સૂક્ષ્મ અને સમસ્ત મૂળરૂપ છે, તેને જ્ઞાનનિષ્ઠ-ધીરપુરુષ જ્ઞાનનેત્ર વડે જુએ છે.

. તે બ્રહ્મ ચક્ષુ વડે ગ્રહણ કરાતો નથી, અર્થાત્ તો દેખાતો નથી, તે ગ્રહણ કરાતો નથી અર્થાત્ વાણી વડે મુખોચ્ચાર દ્વારા બોલાતો નથી, તે ઇંદ્રિયોથી ગ્રહણ કરાતો નથી અર્થાત્ ત્વચાથી સ્પર્શ કરીને, કર્ણ વ

કરીને, વાણી વડે બોલીને, નાસિકા વડે સૂંઘીને, જિહ્વા વડે ચાખીને, મનથી કલ્પીને, બુદ્ધિ વડે વિચારીને અગર બીજા કોઈ પ્રકારે જાણી શકાતો નથી

પરમેશ્વર અનેક તપો કરીને સમજાતો કે પ્રાપ્ત કરાતો નથી તેને અનેક કર્મો કરીને ગ્રહણ કરાતો કે પ્રાપ્ત કરાતો નથી તેથી કાયર અને અર્ધદગ્ધ આત્માઓ પરમેશ્વર સુધી ન પહોંચતા પરિશ્રમ કરવા અસમર્થ બનીને સ્વર્ગના દેવો, ઈશ્વરકોટિના ઈશ્વરો અને અર્ધમાત્રાના અક્ષરબ્રહ્મની સગુણ ઉપાસના કરીને, નિર્ગુણ માયાતીત-પરમેશ્વરને મેળવવા ઇચ્છે છે ત્યારે તેમનો સર્વ પ્રયત્ન મિથ્યા જાય છે કેમ કે જવાનુ સ્થળ પૂર્વમા હોય ત્યારે પશ્ચિમમા જવાથી તે સ્થાન આવતુ નથી જેમ રાખોડીના લાડુમા ઘઉના લાડુનો સ્વાદ આવતો નથી, જેમ લઘુશકામા અત્તરની સુવાસ આવતી નથી તે પ્રમાણે માયાતીત પરમેશ્વરને મેળવવા માટે માયાવાળા પ્રકૃતિપુરુષ રૂપ ઈશ્વરોને ભજવાથી નિર્ગુણ પરમેશ્વર મોક્ષની પ્રાપ્તિ થતી નથી તેમ જ તેના સત્ય દર્શન થતા નથી જ્યારે "બ્રહ્મ જ્ઞાન વડે" આત્માનુ (અત કરણ) આત્મદહર શુદ્ધ થતા માયા મોહરહિત થઈ જાય છે ત્યારે આત્મા જ્ઞાનદૃષ્ટિ વડે એકાગ્ર ધ્યાન કરવાથી પરમ નિષ્કલબ્રહ્મને જુએ છે (જુઓ શ્રીઅથર્વવેદીય મુડકોપનિષત્, મુડક ૧, અધ્યાય ૧, મત્ર ૬ તથા મુડક ૩, અધ્યાય ૧, મત્ર ૮)

શ્રીઅથર્વવેદીય મુંડકોપનિષત્, મુડ્ક ૨, ખડ ૧, મન્ત્ર ૨મા કહ્યુ છે કે

दिव्यो ह्यमूर्तः पुरुषः सबाह्याभ्यन्तरो ह्यजः।
अप्राणो ह्यमनाः शुभ्रो ह्यक्षरात्परतः परः ॥

અર્થ આ પરમબ્રહ્મ અજન્મા છે (અર્થાત્ જન્મ મૃત્યુના ફેરામા કોઈ પણ સમયે આવતો નથી), દિવ્ય છે (અર્થાત્ જેની મૂર્તિ કે ફોટો કે આકૃતિ કોઈથી કાઢી કે ચીતરી શકાય તેવો નથી, અને તે મનુષ્યના જેવો ઇંદ્રિયવાળો નથી, માટે અમૂર્ત કહેલ છે), પુરુષ છે (અર્થાત્ પુરુષ આકૃતિનો હોવા છતા તે પુરુષપણાની ઇંદ્રિયોવાળો નથી), પ્રાણરહિત છે (અર્થાત્ જેમ મનુષ્યમા પ્રાણ હોય છે અને પ્રાણવાયુના શ્વાસોશ્વાસ લે છે ત્યારે જ જીવે છે, એવો તે પ્રાણ વાળો નથી), મનોબુદ્ધિરહિત છે (અર્થાત જેને જીવોની માફક મનોબુદ્ધિ દ્વારા પોતાના વિચારો પ્રગટ કરવાના હોતા નથી), માયાના સગથી રહિત છે (અર્થાત્ તે માયાના અસગપણાથી શુદ્ધ છે), પ્રણવદર્શનમા દર્શાવેલ "અ"કાર, "ઉ"કાર અને "મ"કારવાળુ આખુ વિશ્વ ક્ષર એટલે નાશવાન છે અને તેની ઉત્પત્તિ રૂપ હિરણ્યગર્ભ-નારાયણ "અક્ષર" છે તે પર બિંદુ છે, તે પરમેશ્વરનો પ્રતિ બિંબાભાસ જે પરમગતિમા ચાર મન્વતરોરૂપે પડે છે, તે વિશ્વના અક્ષરથી શ્રેષ્ઠ "પરમઅક્ષર" છે તે પરમઅક્ષરથી પણ નિષ્કલબ્રહ્મ પરમેશ્વર પુરુષ ન્યારા

છે તેને "અક્ષરાતીત" કહેવામાં આવે છે. અને તે એવું સ્વરૂપ છે કે જેમાં બહાર અને ભીતર એક જ જ્ઞાન-ચૈતન્યતત્ત્વ વ્યાપ્ત છે. તે પરમેશ્વર બહાર અને ભીતર જુદો જુદો હોય તેવો તેમ જ જ્ઞાન-ચૈતન્યના ઓછાવત્તા પ્રમાણવાળો નથી. (જેમ મનુષ્યનું શરીર માયાનું હોય છે અને હૃદયમાં આત્મા જુદો હોય છે અર્થાત્ મનુષ્યમાં બહાર અને ભીતર જુદાં જુદાં તત્ત્વો રહેલ છે તેવું પરમબ્રહ્મ-પરમાત્મામાં નથી) તેને જ "પૂર્ણબ્રહ્મ" યાને "પરમબ્રહ્મ" સમજવા. (જુઓ શ્રીઅથર્વવેદીય મુંડકોપનિષત્, મુંડક ૩, અધ્યાય ૧, મંત્ર ૮).

પરમબ્રહ્મને મન અને વાણી જોઈ, અનુભવી કે વર્ણવી શકતાં નથી તેથી તે મન, વાણી સર્વે પરમબ્રહ્મને પ્રાપ્ત કર્યા વિના પાછાં આવે છે અને જેને જાણીને તેને જોયાનો યા પ્રાપ્ત કર્યાનો કોઈ અનુભવ જાગ્રત થયા બાદ કોઈને યાદ રહેતો નથી પણ આત્માને માત્ર આનંદ જ થાય છે. તેવા પરમબ્રહ્મને જાણનાર જ્ઞાનનિષ્ઠ-બ્રહ્મવિદ્યાવાળો વિદ્વાન પુરુષ માયાથી મુક્ત થાય છે, એમ બ્રહ્મોપનિષતમાં કહ્યું છે.

જ્યાં સૂર્ય તપતો નથી, જ્યાં વાયુ વાતો નથી, જ્યાં ચંદ્રમા દેખાતો નથી, જ્યાં નક્ષત્રો ભાસતાં નથી, જ્યાં અગ્નિ પ્રજ્વલિત થતો નથી, જ્યાં મૃત્યુ પ્રવેશ કરી શકતું નથી, જ્યાં દુઃખનો કોઈ અંશ આવી શકતો નથી, જે સર્વદા અખંડ આનંદ છે કે જેનો આનંદ કોઈ કાળે ખંડિત થતો નથી, અને જે પરમાનંદ છે કે જેના આનંદ સમાન બીજો કોઈ આનંદ ઉત્તમ નથી, જે સર્વદા જ્ઞાનરૂપે શાંત છે કે જેમાં ક્રોધાદિ ગુણો આવતા નથી, એવું મોક્ષપદ સર્વદા અવિનાશી છે. જે પરમ સદાશિવ અર્થાત્ સર્વદા અનંત આત્માઓનું કલ્યાણ કરનારું છે. જે બ્રહ્મા, વિષ્ણુ, શિવ, શક્તિ, નારાયણથી વંદિત છે એટલે સર્વ ઈશ્વરો તથા વિશ્વેશ્વર નારાયણ જેમને વારંવાર વંદન કરે છે, જેની પ્રાર્થના અને ઉપાસના કરે છે, તે જ પરમબ્રહ્મ-મોક્ષ છે. યથાર્થ રીતે તે મોક્ષેચ્છુ યોગીઓનું પરમધ્યેય એવું પરમપદ છે કે, જેને પ્રાપ્ત કર્યા પછી કોઈ પણ યોગી, કોઈ પણ કાળે, કદી વિશ્વમાં માછો આવતો નથી. (જુઓ બૃહત્જાબાલોપનિષત્, બ્રાહ્મણ ૮, પંક્તિ ૨૨)

જ્યારે આત્માને દ્વૈતભાવ થાય છે ત્યારે પુષ્પાદિને સૂંઘે છે, દૃષ્ટિથી બીજા પદાર્થોને જુએ છે, શ્રોત્રથી અન્યના અવાજોને સાંભળે છે, ત્વચાથી બીજી વસ્તુને સ્પર્શ કરે છે, મુખ વડે હોઠ, જીભ અને વાયુ એકત્ર થઈને વાણીના શબ્દોચ્ચાર બોલે છે. આ રીતે થવાથી એક વ્યક્તિ બીજી વ્યક્તિને કહે છે, સાંભળે છે, સ્પર્શે છે, સૂંઘે છે, જુએ છે, વિચારે છે, જાણે છે ત્યાં સુધી પ્રત્યગ્ એટલે દ્વૈત ભાવના છે. તે દ્વૈત ભાવ વડે પરમબ્રહ્મનો કોઈ કાળે અનુભવ

થતો જ નથી કેમ કે તે સ્થૂલ, સૂક્ષ્માદિ તથા તમામ આણુઓથી ભિન્ન છે, સ્નેહ અને પ્રેમથી ભિન્ન છે, પ્રત્યક્ષ સ્વરૂપ અને છાયાથી ભિન્ન છે, જલ, તેજ, વાયુ, પૃથ્વી અને આકાશથી ભિન્ન છે નેત્ર, નાસિકા, કર્ણ, જિહ્વા, ત્વચા, મન, બુદ્ધિ, અંતઃકરણ, પ્રાણ, મૂળમાત્રા અક્ષરબ્રહ્મથી તથા બહાર ભીતર ના ભેદથી ભિન્ન છે તે પરમબ્રહ્મ પરમાત્મા કોઈ જીવ, દેહ કે પદાર્થને ભોગવતો નથી અને કોઈ પણ આત્મા તે પરમેશ્વરને કોઈ પણ પ્રકારે ભોગવતો નથી

કેટલાક ધર્મનિષ્ઠો એમ માને છે કે, પરમાત્મા તેની સખી સ્ત્રીજાતિ સાથે ભોગ ભોગવે છે તે સદંતર ખોટુ છે કેમ કે પરમેશ્વર અદ્વૈત હોવાથી અને માયાવી ઈંદ્રિયોવાળો ન હોવાથી તેને કોઈ સ્ત્રીની જરૂર હોતી નથી અને ત્યા અદ્વય હોઈ કોઈ અન્ય યા સ્ત્રી હોતી નથી જો પરમેશ્વરને સ્ત્રી હોય તો તે દ્વંદ્વાતીત અને માયાતીત કહેવાય જ નહીં કેમ કે ત્યા દૃષ્ટા અને દૃશ્યભાવ, કર્તા અને ભોક્તાભાવ, અહમ્ અને ત્વમ્ભાવ તદ્દન ક્ષય થઈ જઈને માત્ર એકાત્મભાવ હોય છે એટલે કે પરમબ્રહ્મનો અનુભવ કરનાર આત્મબ્રહ્મ તેમા નિમગ્ન થઈ જાય છે ત્યા કોઈ બીજુ તત્ત્વ જણાતુ જ નથી ત્યારે કોણ કોને જુએ? કોણ કોને સાંભળે? કોણ કોને કહે? કોણ કોનો વિચાર કરે? કોણ કોને જાણે? કોણ કોને સમજાવે? કોણ કોને સ્પર્શાદિ કરે? અને જ્યા તમામ દ્વૈત પદાર્થોનો જડમૂળથી ઉચ્છેદ અને વિલય થઈ ગયો હોય ત્યા જાણવાવાળો કયા સાધન વડે જાણે? અર્થાત્ ત્યા જાણવા જેવુ કે જણાવવા જેવુ કાંઈ જ હોતુ નથી, માત્ર એક બ્રહ્મમય અને જ્ઞાન-ચૈતન્યમય અદ્વય સ્વરૂપ હોય છે કે જેમા કોઈ ભિન્નતા રહેતી નથી આવી રીતે જેણે બ્રહ્મનો અનુભવ કર્યો હોય તેને કદી માયા ઉપર કે માયાવી સાધનો ઉપર કે માયાવાળા દેવો, ઈશ્વરો ઉપર મોહ કે પ્રેમ રહેતો નથી તેવો બ્રહ્મજ્ઞાની આત્મા જ્યારે દેહ ત્યજે છે, ત્યારે પરમબ્રહ્મ મોક્ષમા જ તેના આત્મબ્રહ્મ વિલય પામે છે કે જ્યાથી કોઈ આત્માનું પુનરાગમન થતુ નથી કેમ કે તમામ આત્મા મોક્ષમા તદ્રૂપ, તત્સ્વરૂપ થાય છે માટે શ્રોતા અને ઉપદેશકનો, ગુરુ અને શિષ્યનો, દૃષ્ટા અને દૃશ્યનો, ઉપાસક અને ઉપાસ્યનો આદિ તમામ પ્રકારના ભાવો લય કરીને જ્ઞાન વડે બ્રહ્મનિષ્ઠા રાખીને બ્રહ્મમા લક્ષ્ય રાખશો તો તમારા આત્માનો મોક્ષ થતા કાંઈ પણ વિલંબ થશે નહીં માટે વિવેકયુક્ત જ્ઞાનયોગને પ્રાપ્ત કરો તેથી કહ્યુ છે કે

> उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत् ।
> क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत्कवयो वदन्ति ॥
> (શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્, વલ્લી ૩, અધ્યાય ૧, મંત્ર ૧૪)

અર્થ ક્ષુર (એટલે અસ્ત્રા)ની ધાર સમાન તીક્ષ્ણ કરેલી અને જેના ઉપર મહાન દુ ખથી ચલાય તેવા મોક્ષગમનના માર્ગને તે બુદ્ધિમાનો દુર્ગમ (એટલે મુશ્કેલીથી જઈ શકાય એવુ) કહે છે છતા જો તમારામાં ભક્તિ, શ્રદ્ધા અને જ્ઞાન-યોગ હોય તો માયાની ઘોર નિદ્રામાથી ઊઠો, જાગો અને માયાવી તમામ તત્ત્વોમાથી લક્ષ્ય, ધ્યાન, બુદ્ધિ, મમત્વ દૂર કરીને માત્ર પરમશ્રેષ્ઠ પરમેશ્વરમા મન, બુદ્ધિ, લક્ષ્ય, ભાવ આદિને (માયામાથી ઉઠાવી જઈ તેમા જોડી દઈને તે પરમેશ્વરને બ્રહ્મજ્ઞાન વડે અનુભવસિદ્ધ જાણો)

તે પરમબ્રહ્મમા લક્ષ્ય લગાવી તેની જ ઉપાસના કરીને તે પરમબ્રહ્મની સમીપમા આત્મબ્રહ્મને સમર્પણ કરો, તે વખતે તમારામા અહતત્ત્વનો પૂર્ણપણે નાશ થવો જ જોઈએ કેમ કે જ્ઞાનભક્તિનો માર્ગ શૂરવીરનો છે, તેમાં કાયરનુ કામ નથી માટે મુશ્કેલીનો સહેજ પણ વિચાર કરશો તો શાશ્વત પરમપદ મોક્ષને પ્રાપ્ત કરી શકશો નહીં સસ્કારી આત્માઓ! જ્ઞાનનિષ્ઠ આચાર્યની પાસે જઈ પ્રણવનો ઉપદેશ લો, આત્માનું અને આત્મતત્ત્વનું દુર્લભ જ્ઞાન જાણો અને પરમતત્ત્વની સાથે આત્મતત્ત્વને જોડવા પરમબ્રહ્મ યોગનો આશ્રય કરો, એમ ઉપનિષદોના વચનો છે વળી અવિરત પ્રેમથી, અટલ શ્રદ્ધાથી અને અનન્ય પ્રેમલક્ષણાભક્તિથી આત્માનુ ધ્યેય મોક્ષ તમારી સામે છે, તેને મેળવી તમામ શોકથી રહિત થાવ તેમ જ તૃષ્ણાના અને માયાનાસ્નેહના તાંતણે‌નું બંધન તોડી નાખીને અખડ, અવિચળ આનદ પ્રાપ્ત કરો તે જ સાચું બ્રહ્મ સાન્નિધ્ય છે જો લવલેશ પણ અહમ્ કે મમ્ભાવ આવશે તો બ્રહ્મની સાનિધ્ય માથી તમે ઘણે દૂર માયામા ફેંકાઈ ગયા હશો

(૨૯) શિષ્ય મનુષ્યના ટૂકા આયુષ્યમા પ્રણવ ૐકારની કઈ શક્તિની પૂજા કરવી યોગ્ય છે, તે જણાવશો?

વ્યાસ . પ્રણવ ૐકારમા અનેક દેવો, દેવીઓ, ઈશ્વરો, શક્તિઓ, નાગગણ વગેરેનો સમાવેશ થયેલો છે સર્વ દેવો, દેવીઓ, ઈશ્વરો, શક્તિઓ અને નાગગણ વગેરેની બાહ્ય, માનસિક, આતરિક અને આત્મિક પૂજાઓ કરી તેઓની કૃપા પ્રાપ્ત કરવી એ મનુષ્યના ટૂકા આયુષ્યમા બનવું અતિ મુશ્કેલ છે, પણ મનુષ્ય પ્રણવબ્રહ્મ મત્ર સહિત પરમાત્માની ઉપાસના કરે તો તે ઉપાસનામા દેવો, દેવીઓ, ઈશ્વરો, શક્તિઓ અને નાગગણની પૂજાનો સમાવેશ અનાયાસે થઈ જાય છે જેમ એક માણસ પર રાજાની કૃપા હોય તો તે માણસને રાજાના પ્રધાનમંડળના સભ્યોની કૃપાની જરૂર રહેતી જ નથી, છતાં પણ તેના પર અનાયાસે પ્રધાન મડળના સભ્યોની કૃપા થઈ જ જાય છે, તેવી જ રીતે જે સાધક પર પરમાત્માની કૃપા હોય તે સાધકને દેવો, દેવીઓ, ઈશ્વરો, શક્તિઓ, અને

નારાયણની કૃપા મેળવવાની જરૂર રહેતી નથી, કેમ કે અનાયાસે પરમાત્માની કૃપાથી સાધક પર બધી શક્તિઓની કૃપા થઈ જાય છે કારણ કે ૐકારની સર્વ શક્તિઓ પરમાત્માની જ ઉપાસના કરે છે જેમ હાથીના પગલામા મનુષ્યના પગલાનો સમાવેશ થઈ જાય છે તેમ એકલા પરમાત્માની પ્રણવબ્રહ્મ મત્ર સહિતની ઉપાસનામા સર્વ ઉપાસનાનો સમાવેશ થઈ જાય છે (ખાસ સૂચના અતિ ઉત્તમ વિગત આ વિષય પર મેળવવા માટે "પરમશક્તિ, પરા શક્તિ અને શક્તિ"નુ પ્રકરણ અવશ્ય વાચવુ ખાસ કરીને પ્રશ્ન એવો છે કે, શક્તિ કોને કહેવામા આવે છે? અને તે શક્તિને પ્રણવ ૐકારમા કેવા કેવા નામોથી જુદા જુદા સ્થાને સબોધવામા આવે છે?)

જ્યા સુધી પ્રણવ ૐકારનુ સંપૂર્ણ જ્ઞાન નથી, ત્યા સુધી પ્રણવબ્રહ્મ મન્ત્રથી કરવી પરમાત્માની ઉપાસના ફળદાયી થતી નથી માટે દરેકે પ્રણવ ૐકારનુ જ્ઞાન અવશ્ય જાણવુ જોઈએ પ્રથમ ૐકારનુ સપૂર્ણ રહસ્ય સમજી પરમાત્માની ઉપાસના યા યોગધ્યાન કરવા માટે ધર્મશાસ્ત્રોએ આજ્ઞા કરી છે એટલા જ માટે,

ऋतेज्ञानान्नमुक्ति ॥ (શ્રુતિ)

જ્ઞાન વિનાની ઉપાસનાથી મુક્તિ મળતી નથી એમ કહ્યુ છે જ્યા સુધી ૐ કારનુ જ્ઞાન અને રહસ્ય જાણવામા ન આવે યા તે જાણ્યા વગર પરમાત્માની ઉપાસના યા યોગસાધના કરવામા આવે તો તે ઉપાસનાથી મુક્તિ પ્રાપ્ત થતી નથી માટે પરમાત્માનુ પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ ઉપાસના કરવામા આવે તો તે ઉપાસનાથી સદા દુખની નિવૃત્તિ અને અખડ સુખની પ્રાપ્તિ થાય છે તેથી કહ્યુ છે કે

यो ब्रह्माण विदधाति पूर्वं यो वं वेदाश्च प्रहिणोति तस्मं ।
त ह देवमात्मबुद्धि प्रकाश मुमुक्षुर्वं शरणमह प्रपद्ये ॥
(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત, અધ્યાય ૬, મત્ર ૧૮)
तस्य वाचक प्रणव ॥
(પાતજલયોગ, સમાધિ, સૂત્ર ૨૭)
एतदेवाक्षर ब्रह्म एतदेवाक्षर परम ।
एतदेवाक्षर ज्ञात्वा ब्रह्मरुप महीयते ॥
प्रविलीन तदोंकारे परब्रह्म सनातनम् ।
तस्मादोंकारजापी य स मुक्तो नात्र सशय ॥
(શિવગીતા, અધ્યાય ૧૫, શ્લોક ૧૨ ને ૨૪)
तस्मादोमित्युदाहृत्य यज्ञदानतप क्रिया ।
प्रवर्तन्ते विधानोक्ता सतत ब्रह्मवादिनाम् ॥

तदित्यनभिसधाय फल यज्ञतप क्रिया ।
दानक्रियाश्च विविधा क्रियते मोक्षकांक्षिभि ।।
(શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૭, શ્લોક ૨૪ ને ૨૫)
अभ्यसेन्मनसा शुद्ध त्रिवृद ब्रह्माक्षर परम् ।
मनो यच्छेज्जितश्वासो ब्रह्मबीजमविस्मरन् ॥

(ભાગવત)

સર્ગ સૃષ્ટિની શરૂઆત વખતે નારાયણ બ્રહ્માને ઉત્પન્ન કરે છે અને વેદોનું સંપ્રદાન કરે છે અર્થાત "ઉપદેશ દ્વારા આત્મબુદ્ધિ પ્રકાશક દેવના શરણને હું મુમુક્ષુ પામું છું" આનો હેતુ એ છે કે નારાયણ દ્વારા વેદોમ્ તથા પરમાત્મા સંબંધી જ્ઞાન બ્રહ્માદિને થયું છે અને પરમેશ્વરનું પ્રણિધાન કરવા સારુ નારાયણ પ્રથમ ઈશ્વરવાચક શબ્દ ૐ કહે છે કેમ કે સર્વશ્રેષ્ઠ, સનાતન પરમાત્માને જાણવા માટે પ્રથમ શબ્દ ૐકાર છે અને તે વડે જ પરમેશ્વર પ્રતિ લક્ષ્ય દોરાય છે તેથી બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ દેનાર અને મૂળબ્રહ્મ પરમાત્મામાં ભાવના કરાવનાર બ્રહ્મનો પ્રતીક ૐકાર છે અને તે એકાક્ષર બ્રહ્મ એવો શ્રેષ્ઠ છે કે તેને જાણવાથી બ્રહ્મસ્વરૂપ કૈવલ્યપદને પમાય છે આવા સર્વોત્કૃષ્ટ ૐકારમાં સર્વ વિશ્વ લય પામે છે અને અવશેષમાં સનાતન પરમબ્રહ્મ પરમાત્મા રહે છે માટે ૐકારનો જપ કરનાર આત્માનો નિઃશંકપણે મોક્ષ થાય છે ૐકાર સહિત પરમાત્માને જપવો તે "મોક્ષનો માર્ગ છે" અને તે મોક્ષના માર્ગથી મોક્ષપદ પમાય છે બ્રહ્મને જાણનારા યજ્ઞ, દાન, તપ, ક્રિયા વગેરે સર્વ સત્કર્મો ૐકારના ઉચ્ચારથી જ કરે છે અને તેથી માયિક ફળની પણ પ્રાપ્તિ થાય છે પરંતુ મોક્ષની ઈચ્છાવાળા માયિક ફળની ઈચ્છારહિત યજ્ઞ, દાન, તપ અને ક્રિયા, વિધિ વગેરે ૐકાર સહિત પરમાત્માના ઉચ્ચારથી કરે છે અને ૐકારમાં તમામ દેવો, ઈશ્વરો, નારાયણ વગેરે આવેલ હોવાથી તમામનું એક સાથે ધ્યાન થાય તેવો ૐ છે અને સાધક પુરુષ ગમે તે દેવને ભજતો હોય તોપણ ૐકારના જપથી જ તે દેવને પ્રાપ્ત કરી શકે છે માટે ૐકારનો તથા તે સાથે શુદ્ધબ્રહ્મ પરમાત્માનો જપ કરવો અને સર્વ મંત્રોના બીજરૂપ ૐકાર તથા મૂળબ્રહ્મને સહેજ પણ ભૂલવા નહીં

તેથી સદ્ગુરુ શ્રીવલ્લભરામે "પ્રણવવિજ્ઞાન"માં જણાવ્યું છે કે

(મનહર છંદ)

ચાહ્ય તેવી વિદ્યા યુક્તિ તેથી નવ હોય મુક્તિ,
જ્ઞાન વિના નથી મોક્ષ, મહાત્માનો પોકાર છે
તેમ શિવગીતા વિષે, શિવે કહ્યું પાર્વતીને,

નાગયણની કૃપા મેળવવાની જરૂર રહેતી નથી, કેમ કે અનાયાસે પરમાત્માની કૃપાથી સાધક પર બધી શક્તિઓની કૃપા થઈ જાય છે કારણ કે ૐકારની સર્વ શક્તિઓ પરમાત્માની જ ઉપાસના કરે છે જેમ હાથીના પગલામા મનુષ્યના પગલાનો સમાવેશ થઈ જાય છે તેમ એકલા પરમાત્માની પ્રણવબ્રહ્મ મંત્ર સહિતની ઉપાસનામા સર્વ ઉપાસનાનો સમાવેશ થઈ જાય છે (ખાસ સૂચના અતિ ઉત્તમ વિગત આ વિષય પર મેળવવા માટે "પરમશક્તિ, પરા શક્તિ અને શક્તિ"નુ પ્રકરણ અવશ્ય વાચવુ ખાસ કરીને પ્રશ્ન એવો છે કે, શક્તિ કોને કહેવામા આવે છે? અને તે શક્તિને પ્રણવ ૐકારમા કેવા કેવા નામોથી જુદા જુદા સ્થાને સબોધવામા આવે છે?)

જ્યા સુધી પ્રણવ ૐકારનુ સપૂર્ણ જ્ઞાન નથી, ત્યા સુધી પ્રણવબ્રહ્મ મત્રથી કરેલી પરમાત્માની ઉપાસના ફળદાયી થતી નથી માટે દરેક પ્રણવ ૐકારનુ જ્ઞાન અવશ્ય જાણવુ જોઈએ પ્રથમ ૐકારનુ સપૂર્ણ રહસ્ય સમજી પરમાત્માની ઉપાસના યા યોગધ્યાન કરવા માટે ધર્મશાસ્ત્રોએ આજ્ઞા કરી છે એટલા જ માટે,

ऋतेज्ञानान्नमुक्ति ॥ (શ્રુતિ)

જ્ઞાન વિનાની ઉપાસનાથી મુક્તિ મળતી નથી એમ કહ્યુ છે જ્યા સુધી ૐકારનુ જ્ઞાન અને રહસ્ય જાણવામા ન આવે યા તે જાણ્યા વગર પરમાત્માની ઉપાસના યા યોગસાધના કરવામા આવે તો તે ઉપાસનાથી મુક્તિ પ્રાપ્ત થતી નથી માટે પરમાત્માનુ પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ ઉપાસના કરવામા આવે તો તે ઉપાસનાથી સ ા દુ ખની નિવૃત્તિ અને અખડ સુખની પ્રાપ્તિ થાય છે તેથી કહ્યુ છે કે

यो ब्रह्माण विदधाति पूर्वं यो वै वेदाश्च प्रहिणोति तस्मै।
त ह देवमात्मबुद्धि प्रकाश मुमुक्षुर्वै शरणमह प्रपद्ये ।।
(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત, અધ્યાય ૬, મત્ર ૧૮)
तस्य वाचक प्रणव ॥
(પાતજલયોગ, સમાધિ, સૂત્ર ૨૭)
एतदेवाक्षर ब्रह्म एतदेवाक्षर परम्।
एतदेवाक्षर ज्ञात्वा ब्रह्मरूप महीयते ।।
प्रविलीन तदोकारे परब्रह्म सनातनम् ।
तस्मादोंकारजापी य स मुक्तो नात्र सशय ॥
(શિવગીતા, અધ્યાય ૧૫, શ્લોક ૧૨ ને ૨૪)
तस्मादोमित्युदाहृत्य यज्ञदानतप क्रिया ।
प्रवर्तन्ते विधानोक्ता सतत ब्रह्मवादिनाम् ॥

तदित्यनभिसधाय फल यज्ञतप क्रिया ।
दानक्रियाश्च विविधा क्रियते मोक्षकाक्षिभि ॥
(શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૭, શ્લોક ૨૪ ને ૨૫)
अभ्यसेन्मनसा शुद्ध त्रिवृद ब्रह्माक्षर परम् ।
मनो यच्छेज्जितश्वासो ब्रह्मबीजमविस्मरन ॥

(ભાગવત)

અર્થ સૃષ્ટિની શરૂઆત વખતે નારાયણ બ્રહ્માને ઉત્પન્ન કરે છે અને વેદોનુ સપ્રદાન કરે છે અર્થાત "ઉપદેશ દ્વારા આત્મબુદ્ધિ પ્રકાશક દેવના શરણને હુ મુમુક્ષુ પામુ છુ" આનો હેતુ એ છે કે નારાયણ દ્વારા વેદોમ્ન તથા પરમાત્મા સબધી જ્ઞાન બ્રહ્માદિને થયુ છે અને પરમેશ્વરનુ પ્રણિધાન કરવા સારુ નારાયણ પ્રથમ ઈશ્વરવાચક શબ્દ ૐ કહે છે કેમ કે સર્વશ્રેષ્ઠ, સર્વજ્ઞ પરમાત્માને જાણવા માટે પ્રથમ શબ્દ ૐકાર છે અને તે વડે જ પરમેશ્વર પ્રતિ લક્ષ્ય દોરાય છે તેથી બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ દેનાર અને મૂળબ્રહ્મ પરમાત્મા મા ભાવના કરાવનાર બ્રહ્મનો પ્રતીક ૐકાર છે અને તે એકાક્ષર બ્રહ્મ એવો શ્રેષ્ઠ છે કે તને જાણવાથી બ્રહ્મસ્વરૂપ કૈવલ્યપદને પમાય છે આવા સર્વોત્કૃષ્ટ ૐકારમા સર્વ વિશ્વ લય પામે છે અને અવશેષમા સનાતન પરમબ્રહ્મ પરમાત્મા રહે છે માટે ૐકારનો જપ કરનાર આત્માનો નિ શકપણે મોક્ષ થાય છે ૐકાર સહિત પરમાત્માને જપવો તે "મોક્ષનો માર્ગ છે" અને તે મોક્ષના માર્ગથી મોક્ષપદ પમાય છે બ્રહ્મને જાણનારા યજ્ઞ, દાન, તપ, ક્રિયા વગેરે સર્વ સત્કર્મો ૐકારના ઉચ્ચારથી જ કરે છે અને તેથી માયિક ફળની પણ પ્રાપ્તિ થાય છે પરતુ મોક્ષની ઈચ્છાવાળા માયિક ફળની ઈચ્છારહિત યજ્ઞ, દાન, તપ અને ક્રિયા, વિધિ વગેર ૐકાર સહિત પરમાત્માના ઉચ્ચારથી કરે છે અને ૐકારમા તમામ દેવો, ઈશ્વરો, નારાયણ વગેર આવેલ હોવાથી તમામનું એક સાથે ધ્યાન થાય તેવો ૐ છે અને સાધક પુરુષ ગમે તે દેવને ભજતો હોય તોપણ ૐકારના જપથી જ તે દેવને પ્રાપ્ત કરી શકે છે માટે ૐકારનો તથા તે સાથે શુદ્ધબ્રહ્મ પરમાત્માનો જપ કરવો અને સર્વ મત્રોના બીજરૂપ ૐકાર તથા મૂળબ્રહ્મને સહેજ પણ ભૂલવા નહીં

તેથી સદગુરુ શ્રીવલ્લભરામે "પ્રણવવિજ્ઞાન"મા જણાવ્યુ છે કે

(મનહર છદ)

વાહ્ય તેવી વિદ્યા યુક્તિ, તેથી નવ હોય મુક્તિ,
જ્ઞાન વિના નથી મોક્ષ, મહાત્માનો પોકાર છે
તેમ શિવગીતા વિષે, શિવે કહ્યુ પાર્વતીને,

માટે વિદ્યા ભલે ભણે, પણ કયાં ઉદ્ધાર છે?
મુક્તિ જ્ઞાન વિના નથી, શ્રુતિ પોકારીને કહે,
કર્મ ઉપાસનાથી, અધિક જ્ઞાનાગાર છે
માટે મોક્ષ ઈચ્છનારા, મોમેચ્છુઓ માની લેજો,
ૐ જ્ઞાન મેળવો તો, આનંદ અપાર છે

(૩૦) શિષ્ય પરમાત્મા યા ભગવાન જગતમાં અવતાર લે છે કે? દેવો, ઈશ્વરો અને અવતારીઓને પરમાત્મા યા ભગવાન માની ઉપાસના કરાય કે?

વ્યાસ તમારા પ્રશ્નનો ઉત્તર આ જ પ્રકરણમાં કહેવાઈ ગયો છે છતાં કહીએ છીએ કે

एकमेवाद्वितीय ब्रह्म ॥ (શ્રુતિ)

પરમાત્મા એક અદ્વિતીય બ્રહ્મ છે કે તે પરમાત્માના જેવું બીજું કોઈ નથી અને તે એકરૂપ છે પણ બહુરૂપ નથી એટલે જેમ સૂર્ય સ્વરૂપે આકાશે હોવા છતાં પોતાની પ્રકાશરૂપ ગતિ વડે સર્વ જગ્યાએ વ્યાપ્ત છે, તેમ પરમાત્મા સ્વરૂપે ન્યારો હોવા છતાં પોતાની ગતિ વડે સર્વ જગ્યાએ વ્યાપ્ત છે માટે પરમાત્મા, પ્રકૃતિ એટલે માયાથી રહિત છે, તે કોઈ દિવસ માયામાં યા જગતમાં આવતો નથી અને એક જ રૂપ હોઈ બીજા રૂપ ધારણ કરતો નથી. એટલે ઈશ્વરી અવતાર થઈને માયામાં માયાવી ગુણોવાળા દેહધારી બનીને તે આવતો નથી, છતાં તે માયાતીત પરમાત્માને માયામાં આવનાર પ્રકૃતિવાળા દેહધારી થનાર માનવા, અને માયાવી દેવો ઈશ્વરો તથા ઈશ્વરી અવતારોને પરમાત્મસ્વરૂપ માનવા, તે અપરા અર્થાત્ અજ્ઞાનમય વિદ્યા છે અને પરમાત્મા સિવાય કોઈ પણ દેવ કે ઈશ્વર કે અવતારને પરમાત્મસ્વરૂપ માની "ભગવાન" કહેવા અગર ભગવાનના રૂપવાળા માનવા તે પણ અજ્ઞાન છે

ઘણા ગ્રંથોમાં વર્ણન અને ઉલ્લેખો છે કે, બ્રહ્માજી અને શંકર ભગવાન તપ કરવા ગયા, વિષ્ણુ ભગવાન તથા રામ કૃષ્ણાદિ અવતારોને ધ્યાન વા તપ કરતા જોયા, ઋષિ મુનિઓ તપ કર્યું, નારાયણ તુર્યાવસ્થાના પરમધ્યાનમાં નિમગ્ન રહે છે આ બધા કોનું ધ્યાન અને તપ કરવા જતા હતા? તેના ઉપર આપણે વિચાર કરવાના છે કેમ કે તે ઈશ્વરોના કરતા જો શ્રેષ્ઠ પુરુષ હોય તેનું જ તેઓ ધ્યાન, તપ વગેરે કરવા જાય, કાંઈ પોતે પોતાનું તપ કે ધ્યાન કરે નહિ કે પોતાના કરતાં ઓછાવાળાનું ધ્યાન કરે નહીં પણ સર્વાધિકનું ધ્યાન કરે માટે તે ઈશ્વરોને પરમાત્મા પરમેશ્વરનું જ્ઞાન "સ્વરૂપ ધામ" [illegible] હોય છે તેથી તેઓ સર્વોત્કૃષ્ટ પરમાત્મા પરમેશ્વરનું ધ્યાન, તપ, [illegible]

આદિ કરવા જતા હતા જેમ નાનો અમલદાર મોટા અમલદારની અને મોટો અમલદાર દીવાન કે રાજાની આજ્ઞા ઉઠાવે છે, તેમ સર્વનો નિયતા યા નિયતિ એક માત્ર પરમાત્મા હોવાથી ઈશ્વરો તથા નારાયણને પણ તેના નિયમાનુસાર વર્તવું પડે છે સૂર્ય, ચંદ્રને નિયમમાં ઊગવું પડે છે, સમુદ્રને મર્યાદા રાખવી પડે છે અને પૃથ્વીને સ્થિર રહેવું પડે છે જેમ રાજાનો હજૂરિયો રાજાનો મેળાપ કરાવી શકે છે પણ તે કોઈને રાજા બનાવી શકતો નથી, તેમ કોઈ ઈશ્વરો તેના ઉપાસકને મોક્ષધર્મનો બોધ આપી ઊંચા માર્ગે દોરી શકે છે પણ તેઓ પરમશાંતિવાળો શાશ્વત મોક્ષ આપી શકતા નથી અર્થાત દેવો, ઈશ્વરોની ઉપાસના મોક્ષધર્મે ચઢવાની સીડીના પગથિયારૂપ છે, પણ માળ પર જવાના ધ્યેયથી જ સીડી ચઢાતી હોવાથી તે સીડીના પગથિયા માત્રરૂપી ધ્યેય નથી આત્મકલ્યાણનું ધ્યેય પરમાત્મા મોક્ષની પ્રાપ્તિ યાને મોક્ષ છે પરંતુ ઈશ્વરો પરમેશ્વર મોક્ષ નથી, છતા ઈશ્વરોને કોઈ કોઈ સ્થળે પરમાત્માની ઉપમા આપી છે જેમ મનુષ્યને પ્રભુરૂપ હોવાની ઉપમા અપાય છે, તેમ ઈશ્વરોને પરમેશ્વર પરમાત્માની ઉપમા અપાયેલી છે, પરંતુ તે પરમાત્મા નથી તેથી શંકર ભગવાને પ્રભુરામને કહ્યુ છે કે

परामियमिह प्राप्य "मम लोके" महीयते ॥

(શિવગીતા, અધ્યાય ૧૬, શ્લોક ૩૭)

અર્થ મને બિલ્વપત્રાદિ ચઢાવી પૂજન કરનાર લક્ષ્મી પ્રાપ્ત કરીને "મારા લોકને" અર્થાત 'શિવલોકને' પ્રાપ્ત થાય છે

આવી રીતે "શિવેશ્વર સંહિતા, અધ્યાય ૧૫ના શ્લોક ૩૦'મા તેમના "શિવ લોક'ને પ્રાપ્ત થવાનું કહેલું છે અર્થાત તે શિવ શંકર ભગવાનની ભક્તિથી 'શિવલોક"ની પ્રાપ્તિ થાય છે પણ મોક્ષની પ્રાપ્તિ થતી નથી તે જ રીતે વિષ્ણુની ભક્તિથી વિષ્ણુલોકની, બ્રહ્માની ભક્તિથી બ્રહ્માના લોકની, શક્તિની ભક્તિથી શક્તિલોકની, નારાયણની ભક્તિથી લોકોત્તર યાને બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે, પરંતુ મોક્ષની પ્રાપ્તિ થતી નથી એટલે જે જેને ભજે છે, તે તેને જ પામે છે અર્થાત માયાતીતને ભજવાથી મોક્ષપ્રાપ્તિ થાય છે, પરંતુ માયાવાળા દેવો, ઈશ્વરોને ભજનારી માયાના અધિષ્ઠાના દેવો, ઈશ્વર અને નારાયણને પ્રાપ્ત થાય છે પણ તેથી પરમાત્મા પરમેશ્વરની પ્રાપ્તિ થતી નથી તેથી પરમાત્મા સિવાય અન્યની ભક્તિથી મોક્ષપ્રાપ્તિ થાય નહીં આમ સ્પષ્ટ શાસ્ત્રે તેથી કહ્યુ છે કે

देहादमेतपुरुषम्महान्तमादित्य वर्णं तमसः परस्तात।
तमेवविदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय॥
(યજુર્વેદ ૩૧/૧૮)

અર્થ : જે મહાન પરમાત્મા સ્વતઃ પ્રકાશરૂપ છે, તેને જાણીને જ મોક્ષ-પ્રાપ્તિ થાય છે, અન્યથા નહીં. એ મંત્રથી સ્પષ્ટ જણાય છે કે પરમાત્મ-જ્ઞાનથી જ મોક્ષ થાય છે.

योऽन्यां देवतामुपासते ॥

(શ્રીશુકલયજુર્વેદીય બૃહદારણ્યકોપનિષત્, અધ્યાય ૧, બ્રાહ્મણ ૪, મંત્ર ૧૦)

આ મંત્રનો આશય એવો છે કે : જે પરમાત્માથી ભિન્ન દેવતાઓની ઉપાસના કરે છે તે પશુ છે.

(૩૧) શિષ્ય : પ્રણવ-ૐકારમાં પરમાત્માથી કોઈ શ્રેષ્ઠ છે કે?

વ્યાસ : શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૬, મંત્ર ૮માં કહ્યું છે કે, તે પરમાત્મા-પરમેશ્વરના કરતા બીજુ કોઈ પણ અધિક શ્રેષ્ઠ એટલે વધુ ઉત્તમ જણાતું કે જોવાતું નથી. અર્થાત્ પરમાત્મા શ્રેષ્ઠ તત્ત્વનો, શ્રેષ્ઠ દેવનો, શ્રેષ્ઠ ઈશ્વરનો અને શ્રેષ્ઠ આત્માનો છેડો યાને અવધિ હોઈ પરમશ્રેષ્ઠ છે.

(૩૨) શિષ્ય : પરમાત્માના જપ કરવામાં કેવા કેવા ભેદો રહેલા છે?

વ્યાસ : શ્રીસામવેદીય છાંદોગ્યોપનિષત્માં કહેલું છે કે :

स यो नाम ब्रह्मेत्युपास्ते यावन्नाम्नो गतं तत्रास्य यथाकामचारो भवति ॥ (પ્રપાઠક ૭, ખંડ ૧, મંત્ર ૫)

स यो वाचं ब्रह्मेत्युपास्ते यावद्वाचो गतं तत्रास्य यथाकामचारो भवति ॥ (પ્રપાઠક ૭, ખંડ ૨, મંત્ર ૨)

स यो मनो ब्रह्मेत्युपास्ते यावन्मनसो गतं तत्रास्य यथाकामचारो भवति ॥ (પ્રપાઠક ૭, ખંડ ૩, મંત્ર ૨)

स यः संकल्पं ब्रह्मेत्युपास्ते क्लृप्तान् वै स लोकान्ध्रुवान्ध्रुवः
प्रतिष्ठितान् प्रतिष्ठितोऽव्यथमानानव्यथमानोऽभिसिध्यति
यावत्संकल्पस्य गतं तत्रास्य यथाकामचारो भवति ॥ (પ્રપાઠક ૭, ખંડ ૪, મંત્ર ૩)

स यश्चित्तं ब्रह्मेत्युपास्ते चित्तान्वै स लोकान्ध्रुवान्ध्रुवः प्रतिष्ठितान्प्रति-ष्ठितोऽव्यथमानानव्यथमानोऽभिसिध्यति यावच्चित्तस्य गतं तत्रास्य यथाकामचारो भवति ॥ (પ્રપાઠક ૭, ખંડ ૫, મંત્ર ૩)

स यो ध्यानं ब्रह्मेत्युपास्ते यावद्ध्यानस्य गतं तत्रास्य यथाकामचारो भवति ॥ (પ્રપાઠક ૭, ખંડ ૬, મંત્ર ૨)

स यो विज्ञानं ब्रह्मेत्युपास्ते विज्ञानवतो वै स लोकाञ्ज्ञानवतोऽभिसिध्यति यावद्विज्ञानस्य गतं तत्रास्य यथाकामचारो भवति ॥ (પ્રપાઠક ૭, ખંડ ૭, મંત્ર ૨)

स योऽपो ब्रह्मेत्युपास्ते आप्नोति सर्वान्कामांस्तृप्तिमान्भवति यावदपां गतं तत्रास्य यथाकामचारो भवति॥
(प्रपाठक ७, खंड १०, मंत्र २)
स यस्तेजो ब्रह्मेत्युपास्ते तेजस्वी वै स तेजस्वतो लोकान्भास्वतोऽपहततमस्कानभिसिध्यति यावत्तेजसो गतं तत्रास्य यथाकामचारो भवति॥
(प्रपाठक ७, खंड ११, मंत्र २)
स य आकाशं ब्रह्मेत्युपास्ते आकाशवतो वै स लोकान्प्रकाशवतोऽसंबाधानुरुगायवतोऽभिसिध्यति यावदाकाशस्य गतं तत्रास्य यथाकामचारो भवति॥
(प्रपाठक ७, खंड १२, मंत्र २)
स यः स्मरं ब्रह्मेत्युपास्ते यावत्स्मरस्य गतं तत्रास्य यथाकामचारो भवति॥
(प्रपाठक ७, खंड १३, मंत्र २)

અર્થ : જે જેનું બ્રહ્મરૂપથી નામ લઈને બ્રહ્મોપાસના કરે છે તે નામની જ્યાં સુધી ગતિ હોય ત્યાં સુધી સ્વેચ્છાચારી થાય છે અને દેહ વડે વાણીથી બોલેલા નામનો અવાજ જ્યાં સુધી જાય તથા અંતરમાં ઉચ્ચાર કરેલો હોય તો શ્વાસોશ્વાસવાળી વાણીનો અવાજ જ્યાં સુધી જાય તથા મનથી ઉચ્ચાર કર્યો હોય તો મનોયુક્ત વાણીનો અવાજ જ્યાં સુધી જાય તથા બુદ્ધિથી નામ ઉચ્ચાર્યું હોય તો બુદ્ધિયુક્ત વાણીનો અવાજ જ્યાં સુધી જાય તથા ચિત્તથી નામ ઉચ્ચાર્યું હોય તો ચિત્તયુક્ત વાણીનો અવાજ જ્યાં સુધી જાય અને અહંકારથી નામ ઉચ્ચાર્યું હોય તો અહંકારયુક્ત વાણીનો ઉચ્ચાર જ્યાં સુધી જાય ત્યાં સુધી વાણી વડે તે નામસ્મરણ કરનાર પોતાના જુદા જુદા એટલે સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ દેહ વડે ગતિ કરી શકે છે અને ઈચ્છાશક્તિ વડે ઉચ્ચાર થાય તો મહા કારણ દેહ વડે અક્ષરધામ (જુઓ પ્ર. દ. નં. ૩૦) સુધી તથા આત્મા વડે ઉચ્ચાર થાય તો મન્વંતરો (જુઓ પ્ર. દ. નં. ૧૩થી ૧૬) સુધી તથા આત્મજ્યોતિ-બ્રહ્મત્વ વડે ઉચ્ચાર થાય તો પરમેશ્વર (જુઓ પ્ર. દ. નં. ૧ થી ૩) સુધી પહોંચી શકે છે. તેથી વાણીની ગતિ પ્રમાણે પહોંચે છે એમ કહ્યું છે. તે પછી જણાવ્યું છે કે, મનની બ્રહ્મરૂપથી ઉપાસના વડે મનની ગતિ છે ત્યાં સુધી (એટલે પ્ર. દ. નં. ૮૮થી બતાવેલ બ્રહ્માના લોક સુધી) મનોપાસના કરનાર સ્વેચ્છાચારી થાય છે. બુદ્ધિથી ઉપાસના કરનાર વિષ્ણુલોક (જુઓ પ્ર. દ. નં. ૪૭) સુધી, અહંકારથી ઉપાસના કરનાર શિવલોક (જુઓ પ્ર. દ. નં. ૬૫) સુધી અને ચિત્તથી ઉપાસના કરનાર શક્તિલોક (જુઓ પ્ર. દ. નં. ૬૩) સુધી ગતિ કરી શકે છે. જે કોઈ સંકલ્પથી બ્રહ્મરૂપની ઉપાસના કરે છે તે પ્રતિષ્ઠિત ધ્રુવ વ્યાકુળતારહિત કલ્પના કરેલા ધ્રુવલોકમાં (એટલે પિતૃલોકમાં) જાય છે

અને જ્યા સુધી સકલ્પની શક્તિ હોય ત્યા સુધી ત્યા રહી શકે છે જે ચિત્તની બ્રહ્મરૂપથી ઉપાસના કરે છે તે ચિત્તયુક્ત ધ્રુવલોક કે વ્યાકુળતારહિત શક્તિલોકને (જુઓ પ્ર ૬ ન ૪૩) પ્રાપ્ત થાય છે અને પોતાની ચિત્તવૃત્તિનુ બળ પૂર્ણ થાય ત્યા સુધી ત્યા સ્વેચ્છાચારી થાય છે ધ્યાન તે ધ્યેય નથી છતા જે ધ્યાનની બ્રહ્મરૂપે ઉપાસના કરે છે તે ધ્યાનની જ્યા સુધી ગતિ છે ત્યા સુધી (એટલે પ્ર ૬ ન ૩પથી બતાવેલ ગોલોક સુધી) સ્વેચ્છાચારી થાય છે અને ધ્યાન શક્તિ પૂર્ણ થતા સુધી રહે છે જે કોઈ વિજ્ઞાનની બ્રહ્મરૂપે ઉપાસના કરે છે તે પોતે જ્ઞાનવાળા થઈને વિજ્ઞાનવાળા લોકો સાથે (અશુદ્ધ પરમગતિમા પ્ર ૬ ન ૧૩થી ૧૬ બતાવેલ મન્વતરો સાથે) રહે છે અને જ્યા સુધી વિજ્ઞાનની ગતિ છે ત્યા સુધી સ્વેચ્છાચારી થઈ શકે છે અને વિજ્ઞાનમા નિષ્ઠા રહે ત્યા સુધી ત્યા રહી શકે છે જે કોઈ જપની બ્રહ્મરૂપે ઉપાસના કરે છે તે લૌકિક સર્વ કામનાઓ પ્રાપ્ત કરી તૃપ્ત થાય છે અને જગતમા જપની ગતિ છે ત્યા સુધી જઈ શકે છે જે કોઈ સૂર્ય, ચદ્ર આદિના તેજની બ્રહ્મરૂપે ઉપાસના કરે છે તે તેજસ્વી તેજવાળા અને અવકાશરહિત પ્રકાશિત લોકને (પ્ર ૬ ન ૫૬ ને ૫૮થી બતાવેલ સૂર્યલોક યા ચદ્રલોકને) પ્રાપ્ત થાય છે અને જ્યા સુધી તેજની ગતિ હોય ત્યાં સુધી સ્વેચ્છાચારી થાય છે પરતુ જળ, તેજ આદિ પચમહાભૂતોની ઉપાસના કરનાર બીજાઓની માફક પુણ્ય પૂર્ણ થયે મૃત્યુલોકમા આવે છે જે આકાશની બ્રહ્મરૂપે ઉપાસના કરે છે તે આકાશમા પીડારહિત વિસ્તીર્ણ ગતિવાળા લોકોને પ્રાપ્ત કરે છે અને આકાશની જ્યા સુધી ગતિ છે ત્યા સુધી સ્વેચ્છાચારી થાય છે જે સ્મરણની બ્રહ્મરૂપે ઉપાસના કરે છે તે જ્યા સુધી સ્મરણની ગતિ છે ત્યા સુધી જઈ શકે છે આમા જગતથી માડી અક્ષરધામ (જુઓ પ્ર ૬ ન ૩૦) અને તે ઉપર મન્વતર (જુઓ પ્ર ૬ ન ૧૩થી ૧૬) સુધી પ્રાપ્ત કરવાની ગતિઓ બતાવેલી છે

असन्नेव स भवति। असद्ब्रह्मेति वेद चेत्। अस्ति ब्रह्मेति चेद्वेद।
सन्तमेनं ततो विदुरिति॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય તૈત્તિરીયોપનિષત્, બ્રહ્મવલ્લી ૨, અનુવાક ૨જો, મત્ર ૬)

स वा एष महानज आत्माऽजरोऽमरोऽमृतोऽभयो
ब्रह्माभयं वै ब्रह्माभयः हि वै ब्रह्म भवति य एवं वेद॥

(શ્રીશુક્લયજુર્વેદીય બૃહદારણ્યકોપનિષત, અધ્યાય ૪, બ્રાહ્મણ ૪, મત્ર ૨૫)

અર્થ જે પરમબ્રહ્મને અસત્ અથવા નાશવાન માને છે તે પોતે જ અસત્ થાય છે એટલે કે લૌકિક નશ્વર દેવ, ઈશ્વરોને પ્રાપ્ત કરે છે, પરતુ

જે બ્રહ્મને પરમબ્રહ્મરૂપે તથા સત્ એટલે અવિનાશીરૂપે માની-સમજી બ્રહ્મત્વ વડે તેની ઉપાસના કરે છે તે બ્રહ્મવેત્તા સત થાને બ્રહ્મજ્ઞાની થાય છે કેમ કે તે પરમબ્રહ્મ સર્વ કરતા મહાન અને નિર્ભય છે જેમ દેવો, ઈશ્વરો અને ઈશ્વરાવતારોને પોતે ભયયુક્ત હોવાથી હથિયારો રાખવા પડયા છે તેવા હથિયારો પરમાત્માને રાખવા પડતા નથી અને કોઈ તેમના પર ચઢી આવતું નથી તેથી બ્રહ્મ અભય છે એમ નિશ્ચય જાણો આવી રીતે જાણીને જે બ્રહ્મની ઉપાસના કરે છે તે આવા નિર્ભય બ્રહ્મને પ્રાપ્ત થાય છે અને તેવા નિર્ભય બ્રહ્મને પ્રાપ્ત થવા "तस्य वाचक प्रणव "॥ (પાતંજલ યોગસૂત્ર) પરમેશ્વરનો વાચક પ્રણવ હોવાથી બીજા મંત્રો વગેરેને ન જપતા પરમેશ્વરમા લક્ષ્ય રાખી માત્ર પ્રણવને જપે છે

नित्यो नित्यानां चेतनश्चेतनानामेको बहूनां यो विदधाति कामान।
तत्कारण सांख्ययोगाधिगम्य ज्ञात्वा देव मुच्यते सर्वपाशैः ॥
(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત, અધ્યાય ૬, મંત્ર ૧૩)
नैव वाचा न मनसा प्राप्तु शक्यो न चक्षुषा।
अस्तीति ब्रुवतोऽन्यत्र कथं तदुपलभ्यते॥
(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત, અધ્યાય ૨, વલ્લી ૩, મંત્ર ૧૨)

અર્થ પરમેશ્વર નિત્ય એટલે અવિનાશીઓના મૂળતત્ત્વ રૂપ નિત્ય અવિનાશી છે, તમામ પ્રકારના ચેતનોને જેમાથી ચેતન મળે છે તે મૂળ ચૈતન્ય છે, ઘણા બ્રહ્માંડોમા (બહુ હોવા છતા તે એક જ છે) તે એકની જ શક્તિ વ્યાપક છે અને તેની જ્ઞાનચૈતન્યશક્તિથી કામનાઓ ધારણ કરાતી હોવાથી તે કામનાઓનુ તત્ત્વ કારણ છે તથા તે સાંખ્ય યોગાદિથી ગમ્ય છે આવા સર્વ દેવોના દેવને જાણીને સર્વ પાશોથી (એટલે કે પશુભાવરૂપ બંધનો જેવા કે, ઘૃણા, લજ્જા, ભય, શંકા, નિંદા, કુલાભિમાન, શીલસ્વભાવ અને જાતિ અભિમાન) મુક્ત થવાય છે આ પરમેશ્વર વાણીથી, મનથી, નેત્રોથી (સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ દેહોના મન, વાણી, નેત્રોથી) પ્રાપ્ત થઈ શકતા નથી એટલું જ કહેવામા આવે છે પરતુ તે કઈ રીતે પ્રાપ્ત થાય છે તે જાણી શકાતું નથી.

अदृष्ट विग्रहो देवो भावग्राह्यामनोमय ।
तस्योकार स्मृतो नाम तेनाहूत प्रसीदति॥

યોગી યાજ્ઞવલ્કયે કહ્યુ છે કે, પરમેશ્વર ઈંદ્રિયોનો વિષય નથી અને ઈંદ્રિયોથી અગમ્ય છે, તમામ ભાવ ગ્રાહ્ય મનને વશ કરવાથી ઉત્પન્ન થતા આત્મિક ભાવવાળો જે દેવ છે, તેનુ નામ ૐકાર છે કેમ કે ૐકાર નામથી જ પરમેશ્વર પ્રસન્ન થાય છે જેમ ગોપદનું ઉચ્ચારણ કરતાં શૃગાદિ વિશિષ્ટ

વ્યક્તિ વિશેષ ભાવમાં ભાસ્યમાન થાય છે, તેમ ૐકારના ઉચ્ચારથી તરત જ સચ્ચિદાનંદ પરમાત્માનું ભાન થતું જાય છે. તેથી આત્મબ્રહ્મ અને પરમબ્રહ્મ બંનેનો વાચ્ય-વાચક ભાવનો સંબંધ છે અને તે બંનેને એકત્ર કરનાર તે ૐકાર છે. ૐકારમાં બ્રહ્મબુદ્ધિનો ઉપદેશ હોવાથી ૐકાર એ બ્રહ્મબુદ્ધિનું પ્રતીક છે. તેથી જ કહ્યું છે કે : "एतदालंबनं श्रेष्ठ मेतदालंबनं परम् ॥ (શ્રુતિ:) યમે નચિકેતા પ્રતિ ૐકારને શ્રેષ્ઠ આલંબન કહેલ છે.)

નારાયણે બ્રહ્માને ઉત્પન્ન કરી જ્ઞાનોપદેશ આપેલો છે. તેમાં કહેલું છે કે :

यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदाश्च प्रहिणोति तस्मै ।
तः ह देवमात्मबुद्धिप्रकाश मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये ॥
(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૬, મંત્ર ૧૮)

અર્થ : જે પરમાત્માએ બ્રહ્માદિ સર્વને પેદા કર્યા છે અને જેની કૃપાથી બ્રહ્માને વેદોનું સંપ્રદાન થયું છે અને નારાયણના ઉપદેશ દ્વારા બ્રહ્માના હૃદયમાં જેનો પરમ પ્રકાશ છે તે આત્મબુદ્ધિ પ્રકાશક પરમ જ્ઞાનસ્વરૂપ શ્રેષ્ઠ દેવના શરણને હું મુમુક્ષુ (મોક્ષેચ્છુ-બ્રહ્મા) પામું છું.

આ રીતે બ્રહ્માએ વેદોનું તત્ત્વ રહસ્ય જાણીને પરમાત્માનું ધ્યાન કરી પરમાત્માના શરણને શ્રેષ્ઠ માન્યું છે. તેથી પાતંજલિએ તમામ મંત્રોનો ત્યાગ કરી સર્વોત્કૃષ્ટ એવા પ્રણવ મંત્રનું ધ્યાન કરવા કહ્યું છે.

तज्जपस्तदर्थं भावनम् ॥ (પાતંજલ દર્શન, સમાધિપાદ સૂત્ર ૨૮)

અર્થ : તે પ્રણવનો જ જપ કરવો અને તેનો અર્થ હેતુ જે પરમાત્મા છે તેનું જ ધ્યાન કરવું. આથી કરીને વેદાંતદર્શનમાં—

स्वाध्यायाद् योगमासीत योगात्स्वाध्याय मामनेत् ।
स्वाध्याय योगसंपत्या परमात्मा प्रकाशते ॥

વેદવ્યાસજીએ યોગમાર્ગનું ટૂંક રહસ્ય સમજાવ્યું છે કે, સ્વાધ્યાય નામ પ્રણવના આત્મિક જપનું છે. માટે તેવા પ્રણવ જપ કર્યા પછી આત્મલક્ષ્ય અને બ્રહ્મલક્ષ્ય પરમેશ્વરમાં લગાડીને યોગાભ્યાસ કરવો અને યોગાભ્યાસ કર્યા પછી ફરી પ્રણવ જપ કરવો. એ રીતે જપ યોગની ઐકયતા યુક્ત સંપત્તિ હોવાથી ઇચ્છા રાખનારને પરમાત્માનો સાક્ષાત્કાર અને ઇચ્છા નહિ રાખનારને આત્મિક પુણ્ય એકત્ર થઈ બ્રહ્માકારવૃત્તિ થઈ જાય છે. જેને આ રીતે બ્રહ્માકારવૃત્તિ થઈ જાય છે તેને પરમાત્માનો પરમ પ્રકાશ પ્રત્યેક પળે મળ્યા કરે છે અને તેમાં આત્માને દોરનાર જ્ઞાનતેજોમય શક્તિ હોય છે અને તે શક્તિ સર્વ વિઘ્નોનો નાશ કરાવી તેને મહાન બ્રહ્મયોગમાં લીન કરે છે. આ પ્રકારે ઉન્નત માર્ગે ચઢી મોક્ષની અપેક્ષાવાળાએ મોક્ષપ્રાપ્તિ માટે મોક્ષની સાધના કરવી જોઈએ.

(૩૩) શિષ્ય  પરમાત્મામા નાનાપણુ છે કે?

વ્યાસ  પરમાત્મા પરમેશ્વરમા નાનાપણુ નથી તેથી શ્રીશુક્લયજુર્વેદીય બૃહદારણ્યકોપનિષત, અધ્યાય ૪, બ્રાહ્મણ ૪, મત્ર ૧૯મા કહ્યુ છે કે .

मृत्यो स मृत्युमाप्नोति ॥

આનો અર્થ એવો છે કે, જે પરમાત્મામા નાનાપણુ માને છે તે મૃત્યુ થી મૃત્યુ પામે છે અર્થાત પરમેશ્વર એક છે તેમા નાનાપણુ નથી

(૩૪) શિષ્ય  પરમાત્માથી કોઈ શ્રેષ્ઠ છે કે?

વ્યાસ  આ વાત અગાઉના પ્રશ્નોમા કહેવાઈ ગઈ છે છતા જણાવીએ છીએ કે પરમાત્માથી કોઈ શ્રેષ્ઠ નથી તેથી કહ્યુ છે કે

महत परमव्यक्तमव्यक्तात्पुरुष पर ।
पुरुषान्न पर किंचित्सा काष्ठा सा परा गति ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત, અધ્યાય ૧, વલ્લી ૩, મત્ર ૧૧)

અર્થ  મહત એટલે અમરબ્રહ્મ વિશટરૂપ નારાયણથી અવ્યક્ત (એટલે શુદ્ધ પરમગતિ), તેનાથી પરમાત્મા પુરુષરૂપે શ્રેષ્ઠ છે, તે જ શ્રેષ્ઠ વસ્તુનો છેડો છે, તેથી ઉત્તમ કોઈ નથી

(૩૫) શિષ્ય  પરમાત્માને ઉત્પન્ન કરનાર કોઈ છે કે?

વ્યાસ  આ વિષે અગાઉ જણાવી ગયા છીએ છતા તમોને ફરીએ છીએ કે, પરમાત્માને ઉત્પન્ન કરનાર કોઈ નથી આ વિષે શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત, અધ્યાય ૬, શ્લોક ૯મા કહ્યુ છે કે

न तस्य कश्चित्पतिरस्ति लोके न चेशिता नैव च तस्य लिंगम।
स कारण करणाधिपाधिपो न चास्य कश्चिज्जनिता न चाधिप ॥

અર્થ  તેનો જગતમા કોઈ સ્વામી નથી, તેનો કોઈ નિયતા નથી, અને તેને માયાવી પચમહાભૂતનું શરીર પણ નથી  તે જ સર્વનું કારણ છે, આત્માનો અને આત્માના આત્મદહરમાં રહેલા કટસ્થમાનો (કે જેને બ્રહ્મત્વ યા આત્મ જ્યોતિ યા આત્મતત્ત્વ કહેવામા આવે છે તે) પણ સ્વામી તે જ છે, તેનો કોઈ ઉત્પન્નકર્તા તથા પાલક પણ નથી

(૩૬) શિષ્ય  પરમાત્મા જગતના દુખથી દુખી થાય છે કે?

વ્યાસ  ના, પરમાત્મા જગતના દુખથી દુખી થતા નથી તેથી કહ્યુ છે કે

एकस्तथा सर्वभूतान्तरात्मा न लिप्यते लोकदु खेन बाह्य ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત અધ્યાય ૨, વલ્લી ૨, મત્ર ૧૧)

અર્થ : સર્વ ભૂતોનો અંતરાત્મા પરમાત્મા સંસારના દુઃખથી દુઃખી થતો નથી. કેમ કે તે બાહ્ય એટલે સંસારથી બહાર છે અને નિરવયવ (એટલે માયાવી અવયવ વગરનો યા અખંડ) છે.

(૩૭) મોક્ષ જ્ઞાનથી થાય છે કે કર્મથી?

* જવાબ : વેદાન્તદર્શનમાં મહર્ષિ વેદવ્યાસજીએ કહ્યું છે કે :

पुरुषार्थोऽतः शब्दादितिबादरायणः ॥ (અધ્યાય ૩, પાદ ૪, સૂત્ર ૧)

અર્થ : "અતઃ" જ્ઞાનકર્મના સમુચ્ચયથી એટલે બેઉના સમૂહથી "પુરુષાર્થ:" મોક્ષ પ્રાપ્ત થાય છે. એ શ્રીબાદરાયણ યા વેદવ્યાસજીનો મત છે.

शेषत्वात्पुरुषार्थवादोयथान्येष्वितिजैमिनिः ॥ (અ. ૩, પાદ ૪, સૂત્ર ૨)

અર્થ : "शेषत्वात्" જ્ઞાન એ કર્મનું અંગ હોવાથી "पुरुषार्थवादः" મોક્ષનું સાધન કહ્યું છે. અર્થાત્ જ્ઞાનથી કર્મ થાય છે અને કર્મથી મોક્ષ થાય છે. જ્ઞાન કોઈ સ્વતંત્ર મુક્તિનું સાધન નથી. કિંતુ કર્મ મુક્તિનું સાધન છે.

आचार दर्शनात् ॥ (અધ્યાય ૩, પાદ ૪, સૂત્ર ૩)

तच्छ्रुतेः ॥ (અધ્યાય ૩, પાદ ૪, સૂત્ર ૪)

तुल्यन्तुदर्शनम् ॥ (અધ્યાય ૩, પાદ ૪, સૂત્ર ૯)

અર્થ : ઔપનિષદ લોકોમાં જ્ઞાન હોવા છતાં પણ આચાર જણાય છે. જેમ કે જનકવિદેહીએ ઘણી દક્ષિણાવાળા યજ્ઞ વડે યજન કર્યું. એ પ્રમાણે કર્મકાંડનો આચાર વેદાન્ત વાક્યોમાં જણાય છે. એ વાત ઉપનિષદ્‌માં સંભળાય પણ છે કે જે જ્ઞાનપૂર્વક કર્મ કરાય છે તે જ બળવાળું છે. "तुल्यम्" એટલે જ્ઞાન અને કર્મ બંનેનું મુક્તિને માટે વેદોપનિષદ્‌માં તુલ્ય જણાય છે.

(૩૮) શિષ્ય : પરમાત્મા આનંદ સ્વરૂપ છે, એ વિષય સમજાવો.

*જવાબ : "વેદાન્ત દર્શન"માં કહ્યું છે કે :

आनन्दमयोऽभ्यासात् ॥ (અધ્યાય ૧, પાદ ૧, સૂત્ર ૧૨)

અર્થ : આનંદમય કેવળ પરમબ્રહ્મ, પરમાત્મા, પરમેશ્વર જ છે. ઉપનિષદોમાં પરમાત્માને જ આનંદમય હોવાનું વારંવાર કથન આવે છે, પરંતુ જીવનું નથી.

मान्त्रवर्णिकमेवचगीयते ॥ (અધ્યાય ૧, પાદ ૧, સૂત્ર ૧૫)

અર્થ : વેદમાં પણ પરમબ્રહ્મ, પરમાત્માને જ આનંદસ્વરૂપ વર્ણવાયો છે. જેમ કે,

नमः शम्भावायच मयोभवायच नमः ॥ (યજુર્વેદ, ૧૬/૪૦)

આ મંત્રમાં "मयोभव" શબ્દ સિદ્ધ કરે છે કે તે પરમાત્મા સુખસ્વરૂપ

છે અર્થાત આનદસ્વરૂપ છે તે પોતાના આનદથી સર્વને આનન્દિત કર છે (આનો અર્થ એવો છે કે, દરેક આત્માના આત્મદહરમા પરમાત્માની શુદ્ધ પરમગતિનું જે પરમજ્ઞાનચૈતન્યતત્ત્વ (યા કૂટસ્થતત્ત્વ યા આત્મતત્ત્વ યા આત્મ જ્યોતિ) રહેલુ છે, તે કૂટસ્થતત્ત્વ પરમાત્માની સ્વજાતિ હોવાથી તે દ્વારા પરમાત્મા સર્વને આનદિત કરે છે

रसो वै स । रस ह्येवाय लब्ध्वाऽऽनन्दी भवति ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય તૈત્તિરીયોપનિષત, અધ્યાય ૨, બ્રહ્મવલ્લી ૨, મત્ર ૭)

અર્થ તે રસનામ આનદ છે તેનો લાભ લઈને પુરુષ આનદ પામે છે એથી પણ પરમબ્રહ્મ પરમાત્મા આનદમય દેખાય છે, જીવ આનદમય નથી

आनन्दादय प्रधानस्य ॥ (વેદાન્ત દર્શન અધ્યાય ૩, પાદ ૩, સૂત્ર ૧૧)

અર્થ પ્રધાન જે પરમબ્રહ્મ પરમાત્મા છે તેના આનદાદિ ગુણ છે જેમ કે,

आनन्द ब्रह्मणोविद्वान्नबिभेतिकुतश्चन ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય તૈત્તિરીયોપનિષત, ભૃગુવલ્લી ૨, મંત્ર ૮)

आनन्दो ब्रह्मेतिव्यजानात् ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય તૈત્તિરીયોપનિષત અધ્યાય ૧, ભૃગુવલ્લી ૩, મત્ર ૬)

ઇત્યાદિ વાક્યોમા પરમાત્મા જ આનદ શબ્દથી વર્ણવાયો છે એ માટે આનદાદિ ગુણ પરમાત્માના જ હોઈ શકે છે, અન્યના નહીં

(૩૮) શિષ્ય તારા, ચદ્ર અને સૂર્ય પરમેશ્વર કરતા ઘણા જ ઓછા તેજસ્વી છે, છતા તે આખા જગતના જોવામા આવે છે પણ સૂર્ય ચદ્ર કરતા કોટાનુકોટિ તેજસ્વી પરમેશ્વર છે તો તે પરમેશ્વર જોવામાં કેમ આવતા નથી તેમ જ તેમનુ તેજ પણ કેમ જોવામા આવતું નથી?

વ્યાસ પરમેશ્વર અનહદ તેજસ્વી છે અને તેમનુ તેજ કોટાનકોટિ સૂર્યના કરતા વિશેષ છે એ વાત ખોટી નથી પણ તે તેજસ્વી વસ્તુ અથવા વસ્તુનુ તેજ નજર જોવામા આવતુ નથી, તેનું મુખ્ય કારણ જે છે કે આપણે સર્વે મહદાકાશની (જુઓ પ્ર દ ન ૩૭) મહીં છીએ એટલે આપણા ઉપર મહદાકાશનું આચ્છાદન થયું છે, અને મહદાકાશની પાર પરમાત્મા પરમેશ્વર છે તેથી તે આપણા જોવામા આવતા નથી જેમ આપણા ને સૂર્યની વચમાં વાદળુ આવે છે ત્યાર સૂર્યનારાયણ દેખવામા આવતા નથી પણ સૂર્યનારાયણ મહા તેજસ્વી છે એમ જાણીએ છીએ તેમ મહદાકાશના આચ્છાદનથી મહાતેજસ્વી પરમેશ્વર દેખાતા નથી પણ મહાતેજસ્વી વસ્તુ પરમેશ્વર છે એમ જાણીએ છીએ એ રીતે પરમેશ્વર છે વળી જેમ કોઈ ડેરાનગુમા આપણે હોઈ

તેની બહાર સૂર્યનો પ્રકાશ હોય છે પણ તે પ્રકાશને આપણે જોઈ શકતા નથી, પણ જો ડેરાતંબુમા એક જગાએ બાકોરુ હોય, તો બાકોરામાથી જોઈએ તો અવશ્ય સૂર્યનારાયણ દેખાય છે તેમ પરમેશ્વરને જોવાનુ મહદાકાશમા તત્ત્વગુણી માયાનુ એક બાકોરુ છે તેમાથી સુરતા મળાય તો તે તેજસ્વી પરમેશ્વર જરૂર અનુભવવામા આવે એટલે માયાવિશિષ્ટ બ્રહ્મમા લક્ષણા પરોવીને નજર મળાય તો તે પરમેશ્વરના તેજનો અનુભવ થાય જેમ કોઈ ઝાડની નીચે બેઠા હોઈએ એટલે ઝાડની છાયાને લીધે સૂર્ય દેખાતો નથી તેમ તે પરમાત્મા દેખાતા નથી પણ પવન લાગવાથી ઝાડના ડાળા, પાખડા અને પાદડા હાલીને આઘાપાછા થાય છે તે વખત ઝાડમા બાકોરા પડવાથી સૂર્યના દર્શન થાય છે તેમ પરમેશ્વરનો અનુભવ થઈ શકે છે પણ કેવળ તદાકાર યા સૂક્ષ્મ ધ્યાન કરનારને જ તેનો અનુભવ થાય છે

(૪૦) શિષ્ય પરમાત્માના સ્વરૂપ સબધમા અનેક મતમતાતરો ચાલી રહેલા છે તેનુ શુ કારણ?

વ્યાસ જેમ પુસ્તકના સૂક્ષ્મ અક્ષરો ચશ્મા વગર સૂક્ષ્મદર્શક યન્ત્રથી મોટા દેખાય છે તેમ પરમાત્મા વસ્તુ તત્ત્વરૂપે સૂક્ષ્મમા સૂક્ષ્મ છે, છતા બુદ્ધિના સબધથી પોતાના સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ દેહ દ્વારા શુદ્ધ આત્મતત્ત્વ વિના પહોચેલી દૃષ્ટિથી સૌને જુદા જુદા સ્વરૂપમા દેખાય છે કોઈને જ્યોતિ સ્વરૂપે, કોઈને તેજના ગોળા સ્વરૂપે, કોઈને આકાર સ્વરૂપે, કોઈને નિરાકાર સ્વરૂપે, કોઈને ઇંદ્રિયગમ્ય, કોઈને ઇંદ્રિયોરહિત, એમ જુદી જુદી રીતે દેખાય છે પણ તે તમામનું મૂળ રહસ્ય તો એ છે કે દરેકને દેખાયેલુ સ્વરૂપ ઓછા યા વત્તા અશે સૌ સૌની દૃષ્ટિ પ્રમાણે સત્ય છે જેમ સ્વપ્નમા દેખાયેલી હકીકત સત્ય છે, પણ તેજ બીજી અવસ્થામા અસત્ય છે, તેમ આત્માને દેહો દ્વારા દૃષ્ટિથી જે અનુભવ થયો હોય તે તેના અનુભવ પ્રમાણે સત્ય છે, પરતુ જેમ જાગ્રતમા સ્વપ્ન અને સૂક્ષ્મથી દેખાતા સ્થૂલ દૃષ્ટિએ જોયેલુ અસત્ય જણાય છે, તેમ સૂક્ષ્મદેહના આશ્રયથી જણાયેલુ કારણદેહ વડે અસત્ય છે, કારણદેહ વડે જણાયેલુ મહાકારણદેહ વડે અસત્ય છે, મહાકારણદેહ દ્વારા જણાયેલુ આત્મદૃષ્ટિ વડે અસત્ય છે અને આત્માને આત્મદૃષ્ટિથી જણાયેલુ આત્મતત્ત્વ વડે અસત્ય છે, વળી આત્મતત્ત્વના આશ્રયથી જણાયેલુ પરમાત્માની પરમશક્તિનો પ્રવાહ આત્મા શુદ્ધ સ્વરૂપે ઝીલતો થાય અને પરમાત્માનો સત્યસ્વરૂપમા અનુભવ કરી પરમાત્માને જોઈ અને જાણી શકે ત્યારે પ્રથમના સર્વ દરશો અસત્ય જણાય છે એટલે જે માણસ જ્યા સુધી ગયો હોય ત્યા સુધીનો જ અનુભવ કરી શકે છે અને ત્યા સુધીની વાત તે

કહી શકે છે. એટલે તેને તેની વાત પર તોડી ન નાખતાં, મહાન પુરુષોએ તેનુ સાક્ષાત્કાર નામ આપીને દરેક આત્માને આગળ વધારવા ઉત્સાહ પ્રેરેલો છે પરન્તુ આત્માનો દ્રષ્ટા અને દૃશ્યભાવ નષ્ટ થઈ જઈ જ્યારે છેલ્લી આધ્યાત્મિક શક્તિ પ્રદીપ્ત કરીને દર્શનભાવ વિના અનાયાસે જે પરમાત્માનો અનુભવ થાય અને એ અનુભવમા તે આત્માને હુ આત્મા છુ અને આ પરમાત્મા છે, અને હુ પરમાત્માનો અનુભવ કરુ છુ, એવો કાંઈ પણ ખ્યાલ કે ભાવ ન આવતા તદાત્મૈકત્વભાવથી જે અદ્ભુત અનુભવથી જાણી, જોઈ તથા અનુભવ કરી શકે છે, તે અનુભવ થતા ઉપર કહેલા તમામ દૃશ્યો તેને અગત્ય જણાય છે, અને એ અનુભવ એવો ગૂઢ છે કે તેને જિહ્વા વડે વર્ણવી, સમજાવી કે અવસ્થાના ભાવમા તેનું ભાન લાવી શકાતુ નથી એટલે કે આત્માની તુર્યાવસ્થાથી પણ તે પર (એટલે જુદો) હોઈ અવસ્થા જેવી દશા જ ન રહે તેવી પરિસ્થિતિ જ્યારે થાય છે ત્યારે તેને તે દશામા ખરો અનુભવ થાય છે પણ તે અનુભવ શુ થયો હતો તેનુ તે આત્માને પણ ભાન રહેતું નથી કેમ કે તે અનુભવ વખતે અવસ્થાના બધનોથી તે પર થયેલો હતો તે અવસ્થામા બધાયા પછી તેને કઈ રીતે ભાન રહી શકે? એટલે કેટલાક ઉચ્ચમા ઉચ્ચ દરજ્જે પહોચેલા આત્માઓ પણ જેઓ પોતાને દેહોના આશ્રયથી દર્શન થયા નથી અને તેઓ પોતાને અજ્ઞાન માની પોતાનુ કલ્યાણ થશે કે કેમ, તેવી શકાવાળા રહી મનમા ગૂચાયા કરે છે પણ જેના ઉપર પરમાત્મા અને સદ્ગુરુની પરમ દયા, કૃપા અને મદદ હોય તેઓને જ તે અનુભવ થયા હોય છે અને તેવા આત્માઓની તુલના કોઈ રીતે કરી શકાય તેમ નથી

જેમ દર્પણ પોતાના મુખને બતાવી શકે છે પણ ચક્ષુ દર્પણના આશ્રય સિવાય મુખને જોઈ શકતુ નથી, તેમ આ સમાગમા સર્વ આત્માઓ દર્પણરૂપી માયાવી દેહોના કે દૃષ્ટિઓના કે અવસ્થાઓના આશ્રય વિનાના અનુભવને સત્ય સમજી શકતા નથી માત્ર તત્ત્વજ્ઞાની પુરુષો જ તેઓના આશ્રય વિનાના અનુભવને જ શ્રેષ્ઠ, પરમકલ્યાણરૂપ અને આત્માના પરમ શ્રેયસ્ રૂપે માને છે માટે જ્યા સુધી માયાવી દૃષ્ટિઓનો દ્રષ્ટા અને દૃશ્યભાવનો અને "આ હુ છુ અને આ તે છે" એવો અહભાવનો આશ્રય છે, ત્યાં સુધી આત્મા પરમાત્માનો કોઈ પણ રીતે અદ્ભુત અનુભવ કરી શકાતો નથી અને જે આત્માના અદ્ભુત અનુભવમા જણાય છે તે કોઈ પણ રીતે જોઈ શકતુ નથી (જેમ મરચાની તીખાશ અનુભવાય પણ દેખાય નહિ, ફૂલની સુવાસ દેખાય નહિ પણ અનુભવાય અને ખાડની મીઠાશ દેખાય નહિ પણ અનુભવાય તેમ) દર્પણની માફક બુદ્ધિ પ્રત્યેક વસ્તુને અજ્ઞાનથી કલ્પી કાઢી ગમે તે અવસ્થા, ગમે તે દેહ,

ગમે તે ચક્ષુઓનો આશ્રય કરીને આકાશાદિ અનેક સ્વરૂપે દેખાડી આપે છે. પરંતુ જેમ ચક્ષુ પર ચઢાવેલાં ચશ્માં દૂર કરવાથી પુસ્તકના અક્ષરોનું મોટાપણું દૂર થાય છે, અને મુખ સામે ધરેલા દર્પણને ખસેડી લેવાથી પોતાના મુખનું દૃશ્યપણું પણ અદૃશ્ય થાય છે, તેમ ભ્રાંતિજનક બુદ્ધિમાર્ગનો આશ્રય તજી દે તો જ આત્મા પરમાત્માના વાસ્તવિક સ્વરૂપને જાણી શકે છે. માટે મનુષ્યને અનાદિ કાળથી લાગી રહેલ બુદ્ધિમાર્ગનો આશ્રય તજાય નહીં, ત્યાં સુધી પરમાત્માનો ખરો અનુભવ થઈ શકે નહિ. અને બુદ્ધિમાર્ગના અનુભવ સિવાય જે અનુભવ થયેલો હોય તે માત્ર આત્માના અને આત્મામાં રહેલ કૂટસ્થતત્ત્વના શુદ્ધ જ્ઞાનાનુભવમાં જણાયેલ હકીકતને બુદ્ધિમાર્ગનો આશ્રય કરેલ આત્મા માની શકતો નથી એટલે કે તેને સત્ય માની શકતો નથી. પરંતુ જેને આવો છેલ્લો અનુભવ થઈ ગયેલો હોય તેને કદાપિ બુદ્ધિમાર્ગના આશ્રયના દર્શન થઈ શકતાં જ નથી. તેથી કેટલાક આત્માઓ પોતાની ઉચ્ચતા ન સમજી શકવાથી અધમ દશા માને છે. એ પણ આ અનુભવથી બુદ્ધિમાર્ગ વિરુદ્ધ અને અસંબંધિત હોવાથી ભ્રાંતિરૂપ લાગવાનું કારણ છે. દરેક આત્માને મોડા યા વહેલા આ જન્મે યા અનેક જન્મે છેવટે કોઈક સમયે તે દશા પ્રાપ્ત કરવાની, મોક્ષ મેળવવાની ઇચ્છા ઉત્પન્ન થશે અને કર્મ પ્રમાણે સદ્‌ગતિ પમાશે, પણ તફાવત માત્ર એટલો જ છે કે કોઈ સીડી દ્વારા પહોંચવાના સ્થળે પહોંચી જઈને ઊભા રહે છે ત્યારે કેટલાક વચ્ચેના પગથિયામાં બેસી જાય છે. માટે પગથિયામાં બેસી ન રહેતાં છેવટ સુધી આગળ વધવું તે આપણો દરેકનો મુખ્ય ધર્મ છે.

(૪૧) શિષ્ય : આ પ્રકરણમાં પ્રેમલક્ષણા શબ્દોનો ઉપયોગ ઘણી જગાએ કરવામાં આવ્યો છે. માટે પ્રેમલક્ષણા એટલે શું?

વ્યાસ : પરમાત્મા-પરમેશ્વર પ્રેમનું પરિપૂર્ણ સ્વરૂપ છે અને તેની પ્રાપ્તિ પણ કેવળ પ્રેમલક્ષણાભક્તિથી જ થાય છે.

પરમાત્માને પામવાના અનેક માર્ગો છે. કોઈ યોગથી, કોઈ ભક્તિથી, કોઈ ઉપાસનાથી, કોઈ જ્ઞાનથી, કોઈ ત્યાગથી, કોઈ વૈરાગ્યથી, કોઈ સ્મરણથી ઇત્યાદિ અનેક પ્રકારે પરમાત્માને પામવાના માર્ગો બતાવે છે, પરંતુ તે પરિપૂર્ણ માર્ગ અને સિદ્ધાંત નથી. કારણ કે પરમાત્મા પરિપૂર્ણ છે, મન-બુદ્ધિ-શક્તિ વાણી અને કલ્પનાથી અગોચર છે અને વાણી તે પરમાત્મા સુધી પહોંચી શકતી નથી. આથી મહાપુરુષોએ જ્ઞાનથી જ મોક્ષ માન્યો છે. પરંતુ જો પરમાત્મા જ્ઞાનથી જ મળે તો અજ્ઞાન, બુદ્ધિ વિનાના મનુષ્યો અધોગતિમાં જાય. તેથી શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે :

योगिनामपि सर्वेषा मद्गतेनातरात्मना।

श्रद्धावान्भजते यो मा स मे युक्ततमो मत ।। (અધ્યાય ૬, શ્લોક ૪૭)

અર્થ સર્વ યોગીઓમાથી પણ મારી સાથે જે શ્રદ્ધાપૂર્વક ઐકય પામી મને ભજે છે, તે મને પરમ માન્ય છે

मय्यावेश्य मनो ये मा नित्ययुक्ता उपासते।

श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मता:।। (અધ્યાય ૧૨, શ્લોક ૨)

અર્થ હે અર્જુન ! મારામા ચિત્ત સ્થિર કરી નિત્યયુક્ત થઈ જે ઉત્કૃષ્ટ શ્રદ્ધાથી મને ભજે છે, તે ભક્તિયોગને ઉત્તમ રીતે જાણે છે, એમ હુ માનુ છુ

કિંતુ રાખના લાડુમા લાડુનો સ્વાદ અને લઘુશકામા અત્તરની વાસ કયાથી આવે? ત્યા જ્ઞાન વિના એકલી શ્રદ્ધા નિરર્થક નીવડે છે માટે એવુ કયુ સાધન છે કે જે પરમાત્માના પ્રત્યક્ષ દર્શન કરાવે અને આત્માને પરમાત્મા સુધી પહોચાડે? આનો ખુલાસો એ છે કે મનુષ્ય માત્રને માટે માતા, પિતા, બધુ, સ્ત્રી, પુત્ર અને સગાસ્નેહી આદિ પ્રત્યે જેટલો અનન્ય પ્રેમ હોય છે, તેટલો તમામ પ્રેમ પૂર્ણ શ્રદ્ધાપૂર્વક પરમાત્મામા રખાય તો મોક્ષપ્રાપ્તિ થતા વાર ન લાગે ચોર, લૂટારા, ગણિકા, કસાઈ આદિ પોતાના કુટુબના હિતની ખાતર ચોરી, લૂટ, વ્યભિચાર, ખૂન ઇત્યાદિ ભયકર કૃત્યો કરે છે એટલે તેમને કુટુબ પ્રત્યે મહાન પ્રેમ હોય છે ત્યારે જ પોતાના જાનને જોખમમા નાખી કાયદાની, જેલની, રાજસત્તાની કે ફાસીની પરવા કર્યા સિવાય અપકૃત્યો કરે છે તે ખુલ્લુ છે સ્વજનોને પ્રેમ કરતા શીખવાનું સાધન (બાળકના રમકડા માફક) માને અને તે સર્વ પ્રત્યેનો પ્રેમ ઊઠાવીને તે તમામ પ્રેમ એકમાત્ર પરમાત્મામા પૂર્ણપણે સમર્પણ કરે તો પરમાત્માનો પ્રત્યક્ષ અનુભવ થઈ શકે, પરન્તુ તે વિશુદ્ધ પ્રેમ મનુષ્યમા પગેપગે ડગમગતા મન, બુદ્ધિના પ્રતાપે સ્થિર થઈ શકતો નથી, પણ નિરપેક્ષ, નિષ્કામભાવથી ફળની આશા રાખ્યા વિના કરવામા આવતા ભજન, ધ્યાન, સેવા, સત્સગ અને આર્દ્રભાવથી થતી સ્તુતિ મનુષ્યના હૃદયને ને આત્માને નિર્મળ અને પવિત્ર કરે છે તેથી તે અધિકારી સત્પાત્ર બને છે જ્યારે તે સત્પાત્ર બને છે ત્યારે તેને સન્માર્ગે ચઢાવનાર ગુરુ અગર કોઈ સદગુરુ મળી આવે છે કદાચ ઉપાસક તેવા મહાપુરુષને શોધી ન શકે, ઓળખી ન શકે તો તે મહાપુરુષને તે અધિકારી આત્માને શોધી તેને માર્ગદર્શન આપવા અને ઊંચે ચઢાવવા જવુ પડે છે અને જેમ બાણાવળી તીરને વેધ્યસ્થાને છોડે છે, તેમ સદ્ગુરુ ઉપાસકને પરમાત્મા તરફ છોડી, પરમાત્માના ચરણ-શરણમા જીવત દશામા નોકલી, પરમાત્માનો સાક્ષાત અનુભવ કરાવે છે કલ્પના મુજબ દર્શન

થાય તે માત્ર દર્શન છે પણ તે પરમાત્મા પ્રાપ્તિનું સાધન નથી અને અનુભવ કરાય તે સાક્ષાત્કાર હોઈ, સદ્ગુરુ તે આત્માનો સહાયક બને છે. તેથી સંસ્કારી આત્મા ગુરુ યા સદ્ગુરુને ઓળખી ગુરુ યા સદ્ગુરુમાં પૂર્ણપ્રેમ ધારણ કરે છે ત્યારે ગુરુ યા સદ્ગુરુ તે તમામ પ્રેમને પરમાત્મામાં સમર્પણ કરાવી દે છે અને પ્રબોધે છે કે, "સત્-ચિત્-આનંદ પ્રાપ્ત કરવા યોગ્ય સ્વરૂપ એક માત્ર પરમાત્મા છે, તેને મેળવવો તે જ માનવ જીવનનું અને જન્મ ધર્યાનું પરમધ્યેય છે. જીવનનું તત્ત્વ ધર્મ છે અને ધર્મનું લક્ષ મોક્ષ છે." જ્યારે આત્મા પરમાત્મામાં સમર્પણ થાય છે ત્યારે તેમાં અહમત્વ કે મમત્વ કાંઈ પણ રહેતુ નથી અને ત્યારે જ તે પરમાત્માના તત્સ્વરૂપને પામે છે.

"श्रद्धावान लभते ज्ञानम्"। એટલે શ્રદ્ધાવાનને સત્યજ્ઞાન પ્રાપ્ત થાય છે અને તે જ્ઞાન સાથે પ્રેમશક્તિ ભળવાથી આત્મા પરમાત્મામાં પહોંચી ત સ્વરૂપ યા મોક્ષસ્વરૂપ બને છે અર્થાત્ પૂર્ણપ્રેમ વિનાના અનેક સાધનો સાધ્યાં હોય તોપણ તે મોક્ષપ્રાપ્તિ માટે પ્રેમ વિના અપૂર્ણ અને અપંગ છે. આત્માને પરમાત્મા સુધી પહોંચાડનાર અને પરમાત્મામય બનાવનાર માત્ર એક પૂર્ણપ્રેમ છે. પ્રેમ એટલે ઘેલી કે આવેશભરી લાગણી નથી પણ સંપૂર્ણ વિશુદ્ધ શ્રદ્ધા, સંપૂર્ણ વિશ્વાસ, મોક્ષપ્રાપ્તિની તીવ્ર ઉત્કટ ઉત્સુકતા અને બ્રહ્મપ્રાપ્તિની જિજ્ઞાસા "अथातो ब्रह्मजिज्ञासा"॥ (વિદાન્ત દર્શન, અધ્યાય ૧, પદ ૧, સૂત્ર ૧) હોય તેને જ "પ્રેમ" માનેલો છે. પરમજ્યોતિ-પરમાત્માને પામવા માટે આત્માને અને આત્માની અંદર ગૂઢરૂપે રહેલી આત્મજ્યોતિને તીવ્ર જિજ્ઞાસા અવશ્ય થવી જ જોઈએ. જેટલી તીવ્ર જિજ્ઞાસા હોય તેટલી કાર્યમાં વેગશક્તિ મળે છે. અને તે વેગશક્તિ જ પરમધ્યેયના સ્થાને પહોંચાડે છે. તેથી અન્ય સાધનો પછી છેલ્લું સાધન "પ્રેમલક્ષણા" માનેલું છે. જેમ અપુત્રને પુત્રની પ્રાપ્તિ થાય ત્યારે, મોટી ઉંમર સુધી ન પરણેલાને પત્ની મળે ત્યારે અને સર્વદા ગરીબીમાં જીવન જીવનારને એકાએક પુષ્કળ ધનસંપત્તિ મળે ત્યારે; જેવી રીતે વાંઝિયાનું પુત્રમાં, વાંઢાનુ પત્નીમાં અને નિર્ધનનું ધનમાં ગમે ત્યાં જાય તોપણ અંતરાત્માથી લક્ષ્ય રહે છે, તેમને જ સંભાળે છે, તેમને જ મનમાં કલ્પે છે અને તેમના જ વિચારો વારંવાર કરે છે તેનું નામ "લક્ષણા" છે. તે પ્રમાણે જે મનુષ્ય માત્ર એક પરમાત્મામાં પૂરેપૂરી શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વકનો પૂર્ણપ્રેમ રાખી પરમાત્મામાં જ લક્ષ્ય રાખે તો તે આત્મા સત્વર પરમાત્માનો બની જાય છે અને પરમાત્મામાં જ વિલય થાય છે. એટલે પ્રેમલક્ષણા સિવાયના જ્ઞાન, ધ્યાન, સમાધિ વગેરે સાધન છે પણ તે પરમાત્માની ચાચૂક પ્રાપ્તિ કરાવનાર "પ્રેમલક્ષણા" જેવું અજોડ અસ્ત્ર નથી.

જેના જીવનમા ધર્મ હોય છે તે જ ઉપાસના કરે છે, જ્ઞાન મેળવે છે, ધ્યાનનિષ્ઠ બને છે અને બ્રહ્મનિષ્ઠા પ્રાપ્ત કરી અંતિમ શ્રેષ્ઠ મોક્ષ મેળવે છે તેથી તુલસીદાસનો સિદ્ધાંત છે કે કદાચ પાણીના મથનમાથી ઘી ભલે નીકળે અને કદાચ રેતીમાથી ભલે તેલ નીકળે (આ રીતે ભલે અશક્યમાથી શક્ય થાય) તોપણ પ્રેમલક્ષણાભક્તિ વિના કોઈ જીવ ભવપાર નહીં તરી શકે આ પ્રેમલક્ષણા ભક્તિનો હેતુ એ છે કે જેમ કોઈ વિષયાંધ મનુષ્ય કોઈ સ્ત્રી પ્રત્યે આકર્ષાય તો તેનુ રાત્રિદિવસ રટણ, મનન અને તેના સ્વરૂપના દર્શન કર્યા કરે છે, તેના સિવાય તેને બીજુ કાઈ જ દેખાતુ નથી કે સમજાતુ નથી અને વિષયાંધપણામા ખાવાપીવાની, શરીર બગડવાની કે ઇજ્જતની કે મૃત્યુની પણ બીક રહેતી નથી તે રીતે "મનુષ્યમા જ્યારે પ્રતિપળે પ્રણવનુ જ ધ્યાન રહે, પ્રણવની જ ઉપાસના રહે અને પ્રણવના રહસ્યરૂપ પરમેશ્વરમાં જ લક્ષ રહે તથા પરમેશ્વરના અદ્‌ભુત બ્રહ્માનંદ આગળ જગતના અને સ્વર્ગના તમામ સાધનો અને વૈભવો તુચ્છ જણાય ત્યાર તે પ્રેમલક્ષણા ભક્તિથી એક જ જન્મમા અને અલ્પ સમયમા આત્માનો મોક્ષ થાય છે" અને તે પ્રેમલક્ષણા ભક્તિ તેવા જ આત્માને જાગ્રત થાય છે કે જેમણે પૂર્વજન્મમા અનેક સત્કર્મો, ધ્યાન, જ્ઞાન વગેરે કર્યાં હોય તે પુણ્યફળ બીજરૂપે આ જન્મે પ્રગટ થઈ તેને મોક્ષ માર્ગમા તીવ્ર ઉત્સુક બનાવે છે અર્થાત જ્ઞાનીએ પ્રણવનુ જ્ઞાન, યોગીએ પ્રણવ મત્રની ઉપાસના અને સાધકે શબ્દબ્રહ્મ પ્રણવની સાધના કરવી અને ક્રમે ક્રમે વધતા જીવન્મુક્તદશા પ્રાપ્ત કરી પ્રણવને પરમાત્માનો વાચક સમજી આત્મ બ્રહ્મ (એટલે આત્મજ્યોતિ) વડે ફક્ત એક પરમબ્રહ્મ પરમેશ્વરની તમામ મત્રો ત્યજીને એકલા પ્રણવથી જ ઉપાસના કરવી અને તે ઉપાસનામા નિષ્ઠા અને અનન્ય પ્રેમ રાખીને તેમ જ (જેમ કામાતુરને ગમે ત્યા ફરે તો પણ લક્ષ્ય સ્ત્રીમા રહે છે, વાઝિયાને પુત્ર પ્રાપ્ત થતા તે ગમે ત્યા ફરે તોપણ લક્ષ્ય પુત્રમા રહે છે, વ્યસનીને અન્ય કાર્યો કરતી વખતે લક્ષ્ય વ્યસન મેળવવામા રહે છે, તેમ) પ્રાણપુરુષે પોતાનુ તમામ લક્ષ્ય સંપૂર્ણ શ્રદ્ધા, નિષ્ઠા, પ્રેમ, ભક્તિ અને અડગ ટેક સહિત દૃઢ નિશ્ચયથી પરમેશ્વરમા રાખવુ તેને "પ્રેમલક્ષણા ભક્તિ" કહે છે તેથી પ્રેમલક્ષણાભક્તિથી જીવનમુક્ત આત્મા જીવન્મુક્ત દશા અને મોક્ષપદની પ્રાપ્તિ કરે છે તે તેનું ઉત્કૃષ્ટ ફળ છે

(૪૭) શિષ્ય અમૃતમોક્ષ પરમાત્મા જન્મે છે કે? જો પરમાત્મા અ શરીરી છે તો જન્મે છે કોણ?

વ્યાસ શ્રીગોડપાદીયકારિકા સહિત અથર્વવેદીય માડૂક્યોપનિષત, અદ્વૈત પ્રકરણ ૩, શ્લોક ૧૯, ૨૦, ૨૧ ને ૨૨મા જણાવ્યુ છે કે

मायया भिद्यते ह्येतन्नान्यथाज कथञ्चन।
तत्त्वतो भिद्यमाने हि मर्त्यताममृत व्रजेत् ॥

અર્થ આશાવતારી આત્માઓ માયા વડે જ ભેદ પામે છે જે અજન્મા છે તે કોઈ પણ પ્રકારે સંસારમા આવે નહિ અને ભેદ પામે નહિ જો અજન્મા ભેદ પામે તો અમૃતમોક્ષ પરમાત્મા મરવાની યોગ્યતા પામે માટે જે જન્મ મૃત્યુને આધીન છે તે અમૃતમોક્ષ પરમાત્મા નથી

अजातस्यैव भावस्य जातिमिच्छन्ति वादिन ।
अजातो ह्यमृतो भावो मर्त्यता कथमेष्यति ॥

અર્થ કેટલાક અજન્માની જન્મભાવમા ઉત્પત્તિ ઇચ્છે છે અર્થાત્ મોક્ષરૂપ પરમાત્મા જગતમા જન્મ લઈને આવે છે એમ માને છે પરતુ જે અજન્મા છે અને અમૃતમોક્ષ છે તે જન્મ મૃત્યુના ભાવની યોગ્યતાને કેમ પામે?

न भवत्यमृत मर्त्यं न मर्त्यममृत तथा।
प्रकृतेरन्यथाभावो न कथञ्चिद्भविष्यति ॥

અર્થ અમૃત મોક્ષ મરવા યોગ્ય થતુ નથી અને મરવા યોગ્ય તત્ત્વ તે અમૃત મોક્ષ નથી માટે આશાવતારી ઈશ્વરો તે મોક્ષ નથી અને મોક્ષ તે આશાવતારી ઈશ્વરો નથી

स्वभावेनामृतो यस्य भावो गच्छति मर्त्यताम्।
कृतकेनामृतस्तस्य कथ स्थास्यति निश्चल ॥

અર્થ જેનો મૂળસ્વભાવ અમૃતરૂપ છે તે જો મરવાની યોગ્યતાને પામે તો કાર્યપણા વડે અમૃતમોક્ષ કેમ નિશ્ચલ થશે? અર્થાત્ મોક્ષભાવમા મૃત્યુ હોય નહિ અને મૃત્યુભાવ હોય તે મોક્ષ નથી

આના પરથી જાણ થાય છે કે, અમૃત મોક્ષ પરમાત્મા અશરીરી છે, તે કદી જન્મતા નથી પરતુ જે આશાવતારી ઈશ્વરો જન્મે છે તે કેવળ નારાયણ માથી આવે છે કેમ કે નારાયણના હૃદયકમળમા પોતાના આત્મા સિવાય નવસોનવાણુ આશાવતારી આત્માઓ છે તેથી નારાયણને એક હજાર હાથવાળા, એક હજાર પગવાળા, એક હજાર આખવાળા, એક હજાર કાનવાળા વગેરે કહેલા છે તેથી કહ્યુ છે કે

उत्पत्तिविनाशरहित चैतन्य ज्ञानमित्यभिधीयते ।।
(સર્વોપનિષત્સાર, મત્ર ૧૦માથી)

અર્થ - ઉત્પત્તિ અને વિનાશરહિત હોવાથી પરમાત્મા પરમેશ્વરને જ્ઞાન સ્વરૂપ કહ્યા છે

## પ્રકરણ ૯

# શક્તિ, પરમશક્તિ અને પરાશક્તિ

(૧) શિષ્ય શક્તિ કોને કહેવામા આવે છે? અને તે શક્તિને પ્રણવ ૐકારમા જુદા જુદા સ્થાને કેવા કેવા નામોથી સબોધવામા આવે છે?

વ્યાસ પરમાત્મા પરમેશ્વર એક નિર્મળ, નિર્લેપ, અવિચ્છિન્ન, અસ્પર્શ અને દ્વિભાવરહિતનું અલૌકિક તત્ત્વ છે અને તે અદ્‌ભુત જ્ઞાનચૈતન્યનુ સ્વરૂપ છે ને પોતાના જ્ઞાનચૈતન્યવાળા ઐશ્વર્ય વડે સર્વ સ્થળે વ્યાપક છે અને તેમનુ જે વ્યાપક ઐશ્વર્ય છે તે સચરાચર દરેક સ્થળે વ્યાપ્ત છે, અને તે માયામા પણ છે છતા તે માયાથી ભ્રષ્ટ નહીં થનારુ, માયાનું લેપન નહિ લગાડનારુ, સદા નિર્મળ અને પવિત્ર તત્ત્વ છે અને દરેક આત્માના હૃદયમા તે ઐશ્વર્ય દ્વિકળા આત્મતત્ત્વરૂપે રહેલુ છે, તે આત્માના કૂટસ્થતત્ત્વરૂપે સર્વ આત્મામા વ્યાપ્ત છે અને જે આત્મતત્ત્વ છે તે પરમાત્માની વ્યાપક ઐશ્વર્યશક્તિ છે, અને પરમાત્મામા તથા કૂટસ્થતત્ત્વમા જે ઐશ્વર્ય છે તે ઐશ્વર્યનો મહાન ગુણ દયા, પ્રેમ તથા પવિત્રતા છે અને તે ગુણોવાળા ઐશ્વર્યને એક "શક્તિ" કહેવામા આવેલ છે

માયાથી બહાર એટલે શુદ્ધ પરમગતિમા (પ્ર ૬ ન ૬) તે શક્તિ "અલૌકિક (પરમ) શક્તિ"રૂપે, અક્ષરબ્રહ્મ (પ્ર ૬ ન ૨૪ ને ૨૫)મા તે "મહા શક્તિ" અને "મહાલક્ષ્મી" રૂપે વિશ્વ (પ્ર ૦ ન ૯૨)મા તે "શક્તિ" અને "લક્ષ્મી" રૂપે પૂજા મનાય છે અને દરેકને તેની આવશ્યકતા રહે છે અને તે "શક્તિ" મેળવવા માટે અનેક પ્રકારના ઉપાયો કરાય છે

(૨) શિષ્ય પરમશક્તિ એટલે શુ? અને પરમાત્માની માતારૂપે ઉપાસના શા માટે કરવામાં આવે છે?

વ્યાસ કોઈથી આસુરી શક્તિ, કોઈથી દૈવી શક્તિ, કોઈથી આત્મિક શક્તિ અને કોઈથી અલૌકિક શક્તિ મેળવાય છે પરતુ તે તમામ શક્તિનુ મૂળતત્ત્વ સ્થાન પરમાત્મા એક જ છે, અને તે પરમાત્મા પુરુષરૂપે હોવા છતા તે સ્ત્રી પુરુષના ભેદ જણાય તેવા પુરુષ નથી તેથી તેને "પરમ શક્તિ" યા "પરમજ્યોતિ" કહેવામા આવે છે બીજી રીતે કહીએ તો આત્મામાં

આત્મજ્યોતિ અને પરમજ્યોતિના જ્ઞાનમિલનથી પરમજ્યોતિરૂપ મોક્ષ મેળવાય છે કે જેને મેળવવા માટે આપણુ સર્વનો આ બધો પરિશ્રમ છે

(૩) શિષ્ય પરમશક્તિનું મૂળસ્થાન ક્યુ? અને તે પરમશક્તિથી શો લાભ થાય?

વ્યાસ પ્રણવૐકારના બિંદુમા પ્ર ૬ ન ૯થી બતાવેલ પરમાત્માના જ્ઞાનસ્વરૂપની આસપાસ ચૌદકળા આત્મબળવાળી શુદ્ધ પરમગતિ છે, તેને "પરમશક્તિ" યાને "પરમ ચેતના" કહેવામા આવે છે, અને તે જ પરમશક્તિનું મૂળ સ્થાન છે આત્મામા જે કૂટસ્થ આત્મા (એટલે આત્મજ્યોતિ) રહેલો છે ને અનેક પાપો કરવા છતા પાપ કે મમતાથી ખરડાતો નથી, સદાસર્વદા શુદ્ધ અને નિષ્પાપ રહે છે તે જ્ઞાનચૈતન્યનું સ્વરૂપ હોઈ પોતાના સ્વજાતિ પરમપિતા પરમેશ્વરની પ્રાપ્તિરૂપ ધ્યેયને ધર્મધ્યાન, યોગાદિ કરીને (પરમેશ્વર પણ જ્ઞાનચૈતન્ય સ્વરૂપ હોવાથી) સિદ્ધ કરે છે યોગીપુરુષો પરમશક્તિથી મોક્ષપ્રાપ્તિ કરી શકે છે તે પરમશક્તિનુ અવતરણ પોતાના આત્મામાં, પોતાના આત્મદહરમા કરવા માટે યોગની, જ્ઞાનની અને ધ્યાનની પરાકાષ્ટાએ પહોચવાનું છે તેમા જે માયાના ભાવો કે દર્શનના ભાવો ઉત્પન્ન થાય તો કૂટસ્થ આત્મા પરમાત્મા સુધી પહોચી શકતો નથી જો કે પરમશક્તિનુ બળ અખૂટ અને અતૂટ છે જેમને પરમશક્તિ પ્રાપ્ત થાય છે તેમને શકા, અશ્રદ્ધા કે ભ્રમણા ન થાય તેટલુ જ સભાળવાનું હોય છે તમારામા પ્રવેશેલી પરમશક્તિ દેહાદિ અવસ્થામા કાર્ય કરી શકવાની નથી પણ જ્યારે દેહોથી મુક્ત થશો ત્યારે મહાન અદભુત કાર્ય કરી સાક્ષાત પરમાત્મ સ્વરૂપ સુધી લઈ જશે અને તદ્રૂપ બનાવશે આ રીતે "સા કાષ્ઠા સા પરાગતિ"॥ શ્રેષ્ઠ વસ્તુનો છેડો અને સર્વોત્તમ ઉચ્ચ વસ્તુની પ્રાપ્તિ તે જ મોક્ષપ્રાપ્તિ છે મોક્ષપ્રાપ્તિ સિવાય જન્મમૃત્યુનો અત અને પરમશાંતિ પ્રાપ્ત થતા નથી માટે પરમશક્તિ પ્રાપ્ત કરી મોક્ષ સુધી પહોચવું તે પ્રત્યેક યોગાત્માનું ધ્યેય છે

(૪) શિષ્ય પરાશક્તિ એટલે શુ? અને એ શક્તિ મેળવવાથી શો લાભ?

વ્યાસ મનુષ્ય જીવનમા સિદ્ધિઓ પ્રાપ્ત કરવી, લૌકિક દેવો, ઈશ્વરો અને અક્ષરબ્રહ્મ વિશ્વેશ્વરના ધામને પ્રાપ્ત કરવા તેનું નામ "પરાશક્તિ" છે પરાશક્તિથી તેમના લૌકિક સ્થાનોને મેળવાય છે, તેમના સ્થાનમા જવાય અને રહેવાય છે સ્વર્ગના દેવોના દેહોમા નિવાસ કરાય છે સૂર્યલોક (જુઓ પ્ર ૬ ન ૫૬), તપલોક, જનલોક, સત્યલોક, પિતૃલોક ઈત્યાદિ દેવલોકના સ્વરૂપો યજ્ઞાદિ કરવાથી પ્રાપ્ત થાય છે દેવલોકની મુક્તિને "સાલોક્ય મુક્તિ" કહે છે તેથી ઉપર જે ઈશ્વરની ઉપાસના કરતો હોય તો તે ઈશ્વરના સ્વરૂપ જેવા

એટલે તે ઈશ્વરના લોક (પ્ર. દ. નં. ૪૩, ૪૫, ૪૭ ને ૪૮થી બતાવેલ શક્તિ-લોક, શિવલોક, વિષ્ણુલોક અને બ્રહ્મલોક)માં જવાય છે અને તેમના જેવા સ્વરૂપના બનાય છે. ઈશ્વરલોકની મુક્તિને "સારૂપ્ય મુક્તિ" કહે છે. તેથી ઉપર વિશ્વેશ્વર-અક્ષરબ્રહ્મની ઉપાસનાથી અક્ષરલોક યાને વિરજાપારે ગોલોક (જુઓ પ્ર. દ. નં. ૩૫) સ્વરૂપ જવાય છે. આમાં ઈશ્વરોના અને વિશ્વેશ્વરના માત્ર વારંવાર દર્શન કરાય છે. પરંતુ તે ઈશ્વરોના કે વિશ્વેશ્વરના સ્વરૂપમાં પોતાનો લય થતાં ન હોવાથી તેમના સ્વરૂપથી ન્યારા, દૂર રહી માત્ર દર્શન થાય છે. તેથી તે ઈશ્વરો કે વિશ્વેશ્વર જેવી શક્તિ તથા તેજ તે લોક પ્રાપ્ત કરનાર આત્માને મળતાં નથી. અક્ષરલોક યા ગોલોકની મુક્તિને "સામીપ્ય મુક્તિ" કહે છે.

(૫) શિષ્ય : પ્રણવ-ૐકારમાં પરાશક્તિ કોને કહેવામાં આવે છે? અને તે શક્તિથી શો લાભ મળે?

વ્યાસ : ૐકારના બિંદુના (એટલે પરમાત્મા-પરમેશ્વરના) અંતરની પરમ-ગતિને પરાશક્તિ માનેલી છે. પ્ર. દ. નં. ૮થી બતાવેલ શુદ્ધાશુદ્ધ, પ્ર. દ. નં. ૨૧થી બતાવેલ અશુદ્ધ પરમગતિ અને શ્રમાંક (જુઓ પ્ર. દ. નં. ૯૩)ની અંદર આવેલી ગતિઓ—આ બધાનો સમાવેશ પરાશક્તિમાં થાય છે. એટલે કે જે સ્વર્ગના દેવો, ઈશ્વરો અને વિશ્વેશ્વરની કૃપા પ્રાપ્ત કરવા ધ્યાન, હોમ, પ્રાણાયામાદિ કરવા તે પરાશક્તિ છે. તે પરાશક્તિનું અવતરણ આત્મા માયામાં રહેલો એકાગ્રતાથી અન્તર થાય છે અને તેથી તે ઉપાસક દેવો, ઈશ્વરો આદિની ઉપાસનાથી તેમનાં દર્શનો કરી દર્શનનો આનંદ મેળવી શકે છે.

પ્રકરણ ૧૦

# અક્ષરબ્રહ્મ, સગુણબ્રહ્મ અને વિશ્વેશ્વર-નારાયણ

(૧) શિષ્ય . હિરણ્યગર્ભ-નારાયણનો અર્થ શુ થાય છે? તે નારાયણને મહત્તત્ત્વ માનવાનું શુ કારણ?

વ્યાસ અનાદિ કાળથી માયા અને ઈશ્વર, કાયા અને જીવ, પ્રકૃતિ અને પુરુષ એકબીજાના પૂરક અને ગહ અંગ છે પુરુષ અને પ્રકૃતિ સસાર રથચક્રના બે પૈડા છે પુરુષ વિના પ્રકૃતિ અને પ્રકૃતિ વિના પુરુષ નિ સહાય છે એટલુ જ નહિ પણ પક્ષઘાતના રોગ સમાન અપગ છે તેથી અક્ષરબ્રહ્મ-નારાયણને હિરણ્યગર્ભ એટલે કે માયાના તત્ત્વરૂપ પ્રકૃતિપુરુષ વર્ણવેલા છે નારાયણ એટલે નારા + અયન અર્થાત જેમણે માયામા અયન (પ્રયાણ) કર્યુ છે અને વિશ્વમા સ્થિતિ રહે ત્યા સુધી એટલે આત્યંતિક પ્રલય સુધી કોઈ સંજોગમા તે માયાથી અલિપ્ત થઈ કે રહી શકતા નથી તેથી તેમને નારાયણ કહેલા છે અર્થાત્ માયામા અયન કરી સૂતેલા હોવાથી તેમને નારાયણ કહેવાય છે તેથી તેમને ત્રણ ગુણોના (સત્ત્વ, રાજસ ને તામસ ગુણ) ઐક્યરૂપ "મહત્તત્ત્વ" માનેલા છે.

(૨) શિષ્ય નારાયણને વિશ્વેશ્વર, હિરણ્યગર્ભ, વિશ્વભર અને મહત્તત્ત્વ શા માટે માટે કહેવામા આવે છે?

વ્યાસ "यो विश्वमीष्टे स विश्वेश्वर "।।

અર્થ વિશ્વના એટલે અકારમડળ, મકારમડળ અને ઉકારમડળના અધિષ્ઠાતા નારાયણ યા વિશ્વેશ્વર છે

સમગ્ર વિશ્વ લય પામીને અક્ષરબ્રહ્મ નારાયણમા ભરાય છે, અને વિશ્વનુ તે ભરણપોષણ કરે છે, માટે તેને "વિશ્વભર" કહ્યા છે ને તમામ માયાના મૂળપુરુષ હોવાથી તે "હિરણ્યગર્ભ" અને "મહત્તત્ત્વ" છે અને તેમાથી દેવો, ઈશ્વરો અને સમગ્ર જગત ઉત્પન્ન થાય છે. અર્થાત અક્ષરબ્રહ્મ-નારાયણ પોતે સૌથી વિરક્ત છે, છતા માયાવી પ્રકૃતિથી તે પ્રકૃતિરૂપી સ્રીવાળા છે તેથી તેમને "હિરણ્યગર્ભ" કહ્યા છે વિશ્વભર વિષે કહ્યુ છે કે

यो विश्व बिभर्ति धरति पुष्णाति वा स विश्वम्भरो जगदीश्वर।।

અર્થ જે વિશ્વનુ ધારણ અને પોષણ કરતા છે તેથી તે નારાયણનુ નામ "વિશ્વભર" છે

(૩) શિષ્ય નારાયણને પ્રકૃતિપુરુષ કહવાનુ શુ કારણ?

વ્યાસ નારાયણનું શરીર અને જેના પર નારાયણનુ આધિપત્ય છે તે તમામ માયા છે માયા એટલે પ્રકૃતિ યોગની દૃષ્ટિએ પ્રકૃતિ એટલે વિશેષ કરીને દુનિયા કરતા મહાન કૃતિ તે પ્રકૃતિ છે, અને પુરુષ એટલે માયામા રહેવા છતા લપટાય નહિ તે પુરુષ છે માનવમાત્રના હૃદયમા જેવો હર્ષ, શોક થાય છે તવો નારાયણના હૃદયમા થતો નથી નારાયણને મોહ, ઇચ્છા, આશા અને લાભ મેળવવાની ભાવના ન હોવાથી તેઓને પ્રકૃતિપુરુષ કહેવામા આવે છે જેમ દીવો, અગરબત્તી પોતે બળીને અન્યને માટે પ્રકાશ તથા સુવાસ ફેલાવે છે તેમ જે વર્તે છતા પ્રકૃતિથી વિરુદ્ધ વર્તી માયાનો ત્યાગ કરે નહીં પણ માયા ઉપર પોતાનુ આધિપત્ય એટલે માયાને પોતાની ઇચ્છાનુસાર વર્તાવે પણ પોતાના દેહ, મન, બુદ્ધિ આદિની માયિક ઇચ્છાનુસાર વર્તે નહીં તે પ્રકૃતિપુરુષ છે મ કે નારાયણ પોતે ઈશ્વરના અધિપતિ તમામ રીતે સમર્થ હોવા છતા કાઈ જ કરતા નથી અને માત્ર પરમાત્મામા બ્રહ્મલક્ષ્યથી તદાકાર રહે છે તેથી જ તે નારાયણ પ્રકૃતિપુરુષ છે માયાતીત રહેવુ સહેલુ છે, તેમ માયામાં રહેવુ પણ સહેલુ છે પરતુ માયામા રહેવા છતા માયાથી મુક્ત રહેવુ અને પરમાત્મામા જ લક્ષ્ય સ્થિતિ રાખવી એ કાર્ય ઘણુ જ અઘરુ છે કેમ કે સર્વ મોહ છોડાય છે પણ પ્રભુકૃપાનો મોહ એ પણ મોહ હોઈ તે પણ છોડવાતો હોય છે તેને જે છોડે તે પ્રકૃતિપુરુષ છે

(૪) શિષ્ય નારાયણને પ્રકૃતિપુરુષ અને વિશ્વપતિ શા માટે કહેવામાં આવે છે?

વ્યાસ પ્રથમ નારાયણના પોતાના આત્માને "બ્રહ્માત્મા" કહેવાય છે કે જે માયામાં રહેતા પ્રકૃતિ+પુરુષ છે તેમનો દેહ માયાનો અને આત્મા પુરુષરૂપ બ્રહ્મ હોઈ તે માયાવાળા હોવા છતાં તે "પ્રકૃતિ" એટલે માયાના તાબામાં નથી પરતુ માયા તે નારાયણના તાબામા છે તેથી નારાયણને "પ્રકૃતિપુરુષ" કહેવાય છે આ રીતે નારાયણ અ, મ, ઉ માં વસનાર જીવો, દેવો, ઈશ્વરોના તથા અક્ષરધામમાં પોતાના હૃદયમા વસનાર બ્રહ્માત્માઓના અધિપતિ છે તેથી તે 'વિશ્વપતિ" યાને 'વિશ્વેશ્વર" કહેવાય છે

(૫) શિષ્ય નારાયણને અગમ્ય કહેવાનું શું કારણ?

વ્યાસ તમારા પ્રશ્નનો જવાબ 'પરમાત્મા પરમેશ્વર" પ્રકરણ, સવાલ નંબર ૧૮મા આપવામાં આવ્યો છે, તે વાંચી લેશો

(૬) શિષ્ય નારાયણને પરાજ્યોતિ શા માટે કહેવામા આવે છે?

વ્યાસ જેવી રીતે માયામા રહેલ જીવાત્માના આત્મહૃદયમા કૂટસ્થબ્રહ્મ (એટલે આત્મજ્યોતિ) છે, તેવી રીતે હિરણ્યગર્ભ-અક્ષરબ્રહ્મ (એટલે નારાયણ) તત્ત્વગુણી માયાના ચારે ગુણોથી, માયાના અધિષ્ઠાતાપણાથી અને તેમના હૃદયમા રહેલ નવમોનવાળુ અધ્યાત્માઓથી માયાના આવરણોમા ઘેરાયેલા હોવા છતા તેમની કૂટસ્થ બ્રહ્માત્મજ્યોતિ તમામ માયાથી અલિપ્ત છે, તેથી તેને પરાજ્યોતિ કહે છે

(૭) શિષ્ય અક્ષર કોને કહેવામા આવે છે?

*જવાબ "क्षर सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते"॥ (શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૫, શ્લોક ૧૬)

અર્થ "ઉ"કાર, "મ"કાર, અને "અ"કાર તે ત્રણેને વિશ્વ કહેવાય છે તે તમામ "ક્ષર" એટલે નાશવાન છે "ક્ષર"ની ઉત્પત્તિના કારણરૂપ માયાવિશિષ્ટ, હિરણ્યગર્ભ, નારાયણનો દેહ (પોતાના અક્ષરધામ યાને ગોલોક સહિત) "અક્ષર" એટલે અવિનાશી છે પરંતુ તે "અક્ષરાતીત" (એટલે પરમાત્મા) નથી

अक्षरमम्बरान्त धृते ॥ (શ્રીશુક્લયજુર્વેદીય બૃહદારણ્યકોપનિષત્)

અર્થ ગાર્ગીના પ્રશ્નના ઉત્તરમા યાજ્ઞવલ્ક્ય ઋષિ કહે છે કે, આકાશ પર્યંતના પદાર્થો અક્ષરમા રહેલા છે અહીં "અક્ષર" શબ્દ પ્ર દ ન ૨૪/૨૫ થી બતાવેલ માયાવિશિષ્ટ બ્રહ્મ, અક્ષરબ્રહ્મ, વિશ્વેશ્વર-નારાયણ માટે જ છે

अक्षरात्परत पर ॥ (શ્રીઅથર્વવેદીય મુણ્ડકોપનિષત, ખંડ ૨, મુણ્ડક ૨, મંત્ર ૨)

અર્થ અહીં પણ "અક્ષર" શબ્દ માયાવિશિષ્ટ બ્રહ્મને માટે જ છે

अक्षरमवरान्तधृते ॥ (વેદાન્તદર્શન, અધ્યાય ૧, પાદ ૩, સૂત્ર ૧૦)

અર્થ આકાશાદિ કોને ધારણ કરવાથી "અક્ષર" એટલે આ ઠેકાણે માયા વિશિષ્ટ બ્રહ્મનુ યા અક્ષરબ્રહ્મ નારાયણનુ જ નામ છે કારણ એ ધારણશક્તિ અક્ષરબ્રહ્મમા જ છે

શ્રીશુક્લયજુર્વેદીય બૃહદારણ્યકોપનિષતમા ગાર્ગી પૂછે છે કે હે યાજ્ઞવલ્ક્ય! આ આકાશ કોને વિષે ઓતપ્રોત છે અહીં આકાશ વગેરે સર્વભૂત માયાવિશિષ્ટ બ્રહ્મમા જ ઓતપ્રોત છે

सा च प्रशासनात् ॥ (વેદાન્તદર્શન, અધ્યાય ૧, પાદ ૩, સૂત્ર ૧૧)

तस्य प्रशासने सूर्याच न्द्रमसौ विधृतौ तिष्ठत ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય બૃહદારણ્યકોપનિષત, અધ્યાય ૩, બ્રાહ્મણ ૮, મંત્ર ૯)

અથ આ માયાવિશિષ્ટ બ્રહ્મના શાસનમા સૂર્ય ચદ્રાદિ જગત રહેલુ છે અહીં જગતનુ પ્રશાસન કરવુ એ ધર્મ અક્ષરબ્રહ્મ-નારાયણનો છે એટલે કે સગુણ બ્રહ્મનો છે પૃથ્વી આદિ આકાશપર્યંત પદાર્થોને ધારણ કરનારી મહામાયા આદ્ય શક્તિ યાને આદિશક્તિ શુદ્ધ સત્ત્વાત્મિક પ્રકૃતિરૂપ "સા" (માયા)મા પ્રશાસનાદિ ધર્મો રહેલા હોવાથી તે આદ્યશક્તિ-આદ્યનારાયણ જગતના ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનારા માતાપિતારૂપ છે

હે ગાર્ગી! આ પ્રસિદ્ધ "અક્ષર" ની એટલે અક્ષરબ્રહ્મ-નારાયણની આજ્ઞામાં સૂર્ય તથા ચદ્રમા (દાસની પેઠ) નિયમિત રીતે વર્તે છે

તેથી શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૦, શ્લોક ૩૭મા કહ્યુ છે કે

मुनीनामप्यह व्यास कवीनामुशना कवि ॥

અથ આ વિશ્વ તથા વ્યાસાદિ વિભૂતિ આત્માઓ મારાથી (એટલે નારાયણમાથી) ઉત્પન્ન થયેલા છે

બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને શક્તિ ચારે ઈશ્વરો નારાયણના વિરાટ સ્વરૂપ માથી ઉત્પન્ન થયેલા છે (જુઓ શ્રીમદ ભગવદ્ગીતા, અધ્યાય ૧૦, શ્લોક ૩૮થી ૪૧) તેથી અવતારી પુરુષોને "આત્મા" કહેવા છે આ ઈશ્વરો સહિતનું સમગ્ર વિશ્વ "ક્ષર" એટલે નાશવાન છે અને તે "ક્ષર" જેમાથી ઉત્પન્ન થયેલુ છે, તે વિરાટ બ્રહ્મ-નારાયણને "અક્ષર" પુરુષ કહેલા છે આ "અમર" તત્ત્વ "ક્ષર" કરતાં ઉત્તમ છે

(૮) શિષ્ય નારાયણને તુર્યાવસ્થાસ્વરૂપ કહેવાનું શું કારણ?

વ્યાસ નારાયણને ઉન્માદ ભાવ થાય છે વળી મહાત્માઓને, યોગીઓને, ઈશ્વરોને પણ ઉન્માદ ભાવ થાય છે પણ તેમા તફાવત એ છે કે, મનુષ્ય, દેવો ઈશ્વરો અને મહાત્માઓને અમુક સમય પૂરતો જ ઉન્માદ ભાવ થાય છે અને તે ઉન્માદ ભાવમાં કોઈ રડી ઊઠે છે, કોઈ નાચી ઊઠે છે (શકર અને વિષ્ણુ ભગવાને પણ ઉન્માદભાવથી નૃત્યો કર્યાં છે), કોઈ ગાયન ગાય છે, કોઈ નિસાસા નાખે છે, કોઈ હસી પડે છે અને કોઈ દિગ્મૂઢ, અવાચક અને સ્તબ્ધ બની જાય છે પરતુ એ બધા કરતાં યોગીઓ તો આત્માથી ઉન્મા બને છે એટલે તેનો ઉન્માદ ભાવ બાહ્યસ્વરૂપમા પ્રકાશિત થતો નથી પરતુ તે ભાવ અમુક સમય સુધી આત્મામા રહે છે અને પછી તે જાય છે અને પાછો પણ ઉત્પન્ન થાય છે પરતુ નારાયણનો ઉન્માદ ભાવ હજારો વર્ષ સુધી સગત સૂઢ એમનરખા પોતાની સ્વપ્નાવસ્થા સુધી મગ્ન રહે છે, તેથી તેમને "તુર્યાવસ્થાસ્વરૂપ" કહેવાય છે

(૯) શિષ્ય : માયાનો અર્થ શું થાય છે?

વ્યાસ : જેનાથી બ્રહ્માંડ રચાયું છે કે ભાસમાન થાય છે તે આદિશક્તિ-અવિદ્યા. અર્થાત્ માયા એટલે ઘરવ્યવહાર, સ્ત્રી, પુત્ર, ધન, ધંધો આદિ માયા છે અને તે માયાનો એવો આકર્ષક ગુણ છે કે, ગમે તેવા દૃઢ મનનાને પણ એક ઘડીમાં ફેરવી નાંખે, વિચારો પલટાવી નાંખે, પ્રભુની આજ્ઞા કરતાં પણ સ્ત્રી આદિની આજ્ઞા પહેલી અને પૂરી ઉઠાવવી પડે. કેમ કે તેમની મોહકશક્તિ અતિ વિશાળ હોય છે. મોહિની શક્તિથી નહીં તો પત્નીની રુક્ષશક્તિથી (કઠોર શક્તિથી) પણ દરેકને પહેલું સ્ત્રીનું તથા પ્રથમ ઘરનું કાર્ય કરવું પડે છે તેથી બધી શક્તિઓ નીચી હોવાનું વર્ણવેલું છે. કેમ કે ગમે તેવા દૃઢ મનવાળાને એક પળમાં ફેરવી નાંખે, મનનો સંકલ્પ, નિશ્ચય, પ્રતિજ્ઞા આદિ સર્વ કાંઈ ચાલ્યાં જતાં વાર લાગે નહીં તથા ગમે તેવા દૃઢ મનનાને ચલિત કર્યા વિના ન રહે અને ગમે તેવા ઊંચે ચઢેલાને પણ ઉપરની સીડીથી ઠેઠ નીચે નાંખી દેતાં વાર લાગે નહિ તેનું જ નામ "માયા" છે.

(૧૦) શિષ્ય : માયાના પતિ કોણ?

વ્યાસ : શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૪, મંત્ર ૧૦ અને શિવગીતા, અધ્યાય ૨, મંત્ર ૨૬માં જણાવ્યું છે કે :

मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम्।
तस्यावयवभूतैस्तु व्याप्तं सर्वमिदं जगत्॥

માયાને પ્રકૃતિ જાણો અને માયાવાનને મહેશ્વર એટલે નારાયણ જાણો. આ બંને અવયવ ભૂતોથી આખું જગત વ્યાપ્ત છે. અર્થાત્ તમામ દેહધારી જીવો પ્રકૃતિવાળા એટલે માયાવાળા હોઈ પ્રકૃતિપુરુષ છે. કહેવાનો અર્થ એ છે કે, નારાયણની માયાનો અંશ દરેક જીવમાં આવે છે. વળી તે વિષે શ્રુતિમાં પણ કહ્યું છે કે : "ममैवांशो जीवलोके जीवभूतः सनातनः"॥ એટલે નારાયણની માયાનો અંશ દરેક જીવોમાં છે. તે જ રીતે નારાયણને પ્રકૃતિપુરુષ વિશ્વના હિરણ્યગર્ભ અને માયાના પતિ માનેલા છે. વળી શ્રીકૃષ્ણપ્રભુએ પણ કહ્યું છે કે :

मयाऽध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम्॥

(શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૯, શ્લોક ૧૦)

અર્થ : મને પોતાને માયાનો અધ્યક્ષ માનવો, કેમ કે મારી સત્તાથી જ ચરાચર પ્રપંચ વિશ્વને હું ઉત્પન્ન કરું છું. આ રીતે માયાવિશિષ્ટ નારાયણ માયામાં વસેલા છે.

(૧૧) શિષ્ય અર્ધમાત્રામા માયા છે ને કેવા પરિબળવાળી છે?

વ્યાસ અર્ધમાત્રા કે જેમા માયાતત્ત્વ ઘણુ જ ઓછુ જણાય છે પરંતુ તે બીજી માયા કરતા અતિશય પરિબળવાળુ થોડુ પણ ઘણુ તાકાતવાળુ માયાબળ છે જેમ બે મણ દૂધમાથી એક શેર ઘી બને ને દૂધનુ તત્ત્વ ઘી છે તે થોડુ છતા તત્ત્વવાળુ છે, તેમ અર્ધમાત્રાના નારાયણ તત્ત્વગુણી માયાવાળા છે એટલે તેમા માયા ઓછી જણાય છે, છતા બીજી બધી માયા કરતા તે અત્યંત પરિબળવાળી માયા હોય છે ને માયાનું ઉદગમસ્થાન (ઉત્પત્તિસ્થાન) પણ અર્ધમાત્રા છે

(૧૨) શિષ્ય તમામ માયાને બ્રહ્મ માનવાનુ શુ કારણ?

વ્યાસ ૐકાર બ્રહ્મરૂપ હોવાથી માયાવી વિશ્વને 'सर्वं खल्विद ब्रह्म"ના મહાવાકયમા જગતના તમામ તત્ત્વોને બ્રહ્મ કહેલા છે તેમ જ પ્રણવના જે ચાર પાદો (ઉકાર, મકાર, અકાર અને અર્ધમાત્રા) છે તે પાદોમા રહેલા જીવાત્માઓમા કૂટસ્થતત્ત્વ (એટલે બ્રહ્મત્વ) છે એટલે કે દરેક આત્મામા અંગના ભાગમા ગૂઢ બ્રહ્મત્વ રહેલુ છે તેના ઉપર પ્રાણવાયુ લેનાર ગ્રથિરૂપ આત્મા અને તેના પર માયાવી દેહો આચ્છાદિત થયેલા છે અને તેના ઉપર બ્રહ્મરૂપ પ્રણવનું આચ્છાદન છે આ રીતે માયાવી જગતમા આત્મામા રહેલ બ્રહ્મત્વથી જ સર્વ વિશ્વ સચેતન બની રહ્યુ છે આચ્છાદન એ જ જીવાત્માને દેહોરૂપે બધન છે પરંતુ તે માયાવી દેહો અને તેના સ્થાનો ઉપર પ્રણવબ્રહ્મ ૐકારનુ આચ્છાદન હોવાથી તમામ માયાને પણ બ્રહ્મ માનેલ છે કેમ કે આત્મચૈતન્ય સિવાય દેહો ગતિ કરી શકતા નથી

(૧૩) શિષ્ય "ૐ ખ બ્રહ્મ" શ્રેષ્ઠ છે કે નારાયણ?

વ્યાસ અલૌકિક ૐના પ્રશ્નના ઉત્તરમાં કહી ગયા પ્રમાણે, જ્યારે નારાયણી તેમની કૂટસ્થ બ્રહ્માત્મજ્યોતિમાથી અનાયાસે ૐનો ધ્વનિ નીકળે છે, તે પરમ ધ્વનિના આ શમા બધે વ્યાપક થઈ જાય છે તેને "ૐ ખ બ્રહ્મ" એટલે આકાશવત વ્યાપક શબ્દબ્રહ્મ કહે છે અને તે નારાયણ-અક્ષરબ્રહ્મ કરતા શ્રેષ્ઠ છે

(૧૪) શિષ્ય શબ્દબ્રહ્મ એ તે શુ?

વ્યાસ અલૌકિક ૐના પ્રશ્નના ઉત્તરમા કહી ગયા પ્રમાણે જ્યારે નારાયણ પરમાત્મામાં પોતાની જાગ્રતાવસ્થા ભોગવ્યા બાદ બહાર આવે છે ત્યારે તેમના આત્મા પર પરમાત્માની પરમ ધ્વનિનો અનત જ્ઞાનચૈતન્ય તમિસ્રાનો પરમપ્રમાથનો ધોધ પડે છે તે વખતે નારાયણ સપૂર્ણ અલૌકિક અવસ્થાવાળા હોવાથી યા બ્રહ્મ શાખા હોવાથી પોતાની અર્ધજાગ્રત અને અર્ધસ્વપ્ન અવસ્થામા તેઓના આત્મમુખથી ૐનો ધ્વનિ નીકળે છે, ને ૐને એકાક્ષર અવિચ્છિન્ન બ્રહ્મ "શબ્દબ્રહ્મ" કહ્યો છે તેથી પ્રથમ નારાયણના આત્મમુખથી તમામ

વાણીના મૂળરૂપ એવો ૐ શબ્દ નીકળે છે તેથી તેને "શબ્દબ્રહ્મ" કે "અક્ષર-બ્રહ્મ" કહે છે અને તે શબ્દબ્રહ્મ અક્ષર સ્વરૂપ છે.

[બ્રહ્મ એટલે ઉકારમાં આવેલા જડાત્મા, જીવાત્મા ને આત્મા, મકારમાં આવેલા દેવતાઓ અને અકારમાં આવેલા ઈશ્વરો સહિત બ્રહ્માંડ અને અર્ધ-માત્રામાં આવેલા પરબ્રહ્મ-નારાયણનો ૐ શબ્દમાં એટલે "શબ્દબ્રહ્મ"માં સમાવેશ થાય છે.]

(૧૫) શિષ્ય : વિશ્વેશ્વર-નારાયણ કેવા અવસ્થાવાન બ્રહ્મ છે?

વ્યાસ : "तुरीयं ब्रह्म यत्स्वयम्" ॥ (શિવગીતા, અધ્યાય ૬, શ્લોક ૩૮)

અર્થ : વિશ્વેશ્વર-નારાયણ પોતે તુરીયાવસ્થાવાન બ્રહ્મ અને માયાના વિશિષ્ટ છે.

(૧૬) શિષ્ય : નારાયણના તત્ત્વગુણી માયાના ચાર ગુણો ૐકારમાં કયાં કયાં સ્થળે વહેંચાયેલા છે?

વ્યાસ : નારાયણે પોતાના અર્ધમાત્રાના ધામને માટે તત્ત્વગુણ રાખ્યો છે. અકારધામને સત્ત્વગુણ આપ્યો છે, મકારધામને રાજસગુણ આપ્યો છે અને ઉકારધામને તામસગુણ આપ્યો છે.

(૧૭) શિષ્ય : વિશ્વેશ્વર-નારાયણને સગુણબ્રહ્મ કહેવાનું શું કારણ?

વ્યાસ : વિશ્વેશ્વર-નારાયણને સગુણબ્રહ્મ કહેવાનું કારણ એ છે કે, નારાયણ-અક્ષરબ્રહ્મમાં રાજસ, તામસ અને સત્ત્વગુણોના મિશ્રણરૂપ તત્ત્વગુણ રહેલો હોવાથી તેને સગુણબ્રહ્મ કહેલા છે.

(૧૮) શિષ્ય : ૐકારને અને નારાયણને અક્ષરબ્રહ્મ શા માટે કહેવામાં આવે છે?

વ્યાસ : વિશ્વેશ્વર-નારાયણ સૃષ્ટિનો લય કરી અતિ સૂક્ષ્મરૂપ ધારણ કરે છે તે વખતે માયા તદ્દન લય થઈ જાય છે. પરંતુ પરમગતિમાં ૐકારની મેઘ-ધનુષરૂપે આકૃતિ કાયમ રહી જાય છે અને સુષુપ્તિ અવસ્થાના અંતમાં ધીમે ધીમે તે લય થઈ જાય છે. તેથી કરીને ૐકારને "અક્ષરબ્રહ્મ" કહેલો છે. એટલે વિશ્વેશ્વર-નારાયણ-અક્ષરે તમામ માયાનો લોપ કરી નાખ્યો તેથી તે ક્ષર છે, પણ મેઘધનુષરૂપ પરમગતિમાં દૃશ્ય થતાં ૐકારનો લોપ કરી શકતા નથી. તેથી જેવા નારાયણ અક્ષર છે તેવો ૐકાર અક્ષર છે. કેમ કે નારાયણનો પરમાત્મામાં લય થાય છે તો પણ ૐનો ધ્વનિ પરમગતિના આકાશમાં વ્યાપ્ત રહે છે અને ૐકારનું મેઘધનુષરૂપ દૃશ્ય નારાયણની સુષુપ્તિ અવસ્થા પૂરી થાય ત્યારે બંધ થાય છે, છતાં નારાયણ બ્રહ્મરૂપે કાયમ રહે છે. માટે નારાયણને પણ "અક્ષરબ્રહ્મ" કહેવામાં આવેલા છે.

(૧૯) શિષ્ય અંશાત્મા કોને કહેવાય? અંશાત્માનું પરમધામ ક્યું? વળી અક્ષરબ્રહ્મ-નારાયણને હજારો હાથ, પગ, મુખવાળા કહેવાનું શું કારણ?

વ્યાસ નારાયણમાં પોતાના આત્મા સિવાય બીજા નવસોનવાણું આત્માઓ તેમના હૃદયમાં રહેલા છે (જુઓ પુરુષસુક્ત ૧ તથા નારાયણોપનિષત, મંત્ર ૧૩) તે આ માંઓ પૈકી અવતાર લેનાર, અંશાવતારી ઈશ્વરો રામ કૃષ્ણાદિને 'અંશાત્મા" કહેવાય છે તમના ગોલોકવાસી અક્ષરધામને તેમનું પરમધામ કહેલું છે ત અંશાવતારો વિશ્વેશ્વર નારાયણની આજ્ઞાને આધીન રહીને જન્મ લે છે નારાયણનો પોતાનો આત્મા તથા તેમના હૃદયકમળમાં રહેલા નવસો નવાણું આત્મા મળીને એક હજાર આત્માઓ થાય છે તેથી તે અક્ષરબ્રહ્મ-નારાયણને હજારો હાથ, પગ, મુખવાળા કહ્યા છે અર્થાત આ અક્ષરબ્રહ્મ નારાયણના હૃદયકમળમાં પોતાના આત્મા સિવાય બીજા નવસોનવાણું અંશાત્મા રહલા હોઈ તમને સહસ્રગ્રથિ યાન હજાર આત્માવાળા કહેલા છે તેથી કહ્યું છે કે

नमोऽस्त्वनन्ताय सहस्रमूर्तये सहस्रपादाक्षिशिरोरुबाहवे।
सहस्रनाम्ने पुरुषाय शाश्वते सहस्रकोटि युगधारिणे नम ॥

અર્થ હજારો સ્વરૂપ, હજારો ચરણ, હજારો નેત્ર, હજારો મસ્તક, હજારો સાથળ તથા હજારો બાહુવાળા અંતરહિત નારાયણને નમસ્કાર હો હજારો નામ વાળા અને સહસ્ર કોટિ યુગોને ધારણ કરનારા શાશ્વત પુરુષને નમસ્કાર હો

(૨૦) શિષ્ય વિશ્વેશ્વર-નારાયણની કેટલી અવસ્થા છે?

વ્યાસ જ્યારે નારાયણ પોતાની સ્વપ્નાવસ્થામાં હોય છે ત્યારે પ્રત્યેક અંશે એમની માયાવી વૃત્તિ હોય છે એ માયાવી વૃત્તિ દૂર કર્યા સિવાય પરમાત્મામાં જઈ શકાય નહીં માટે નારાયણ જેટલા વર્ષ સુધી સ્વપ્નાવસ્થામાં રહે છે તેટલાં જ વર્ષ સુધી નારાયણ સુષુપ્તિ અવસ્થામાં માયાને સંકેલીને રહે છે અને ત્યાર પછી નારાયણ તેટલાં જ વર્ષ સુધી પરમાત્માની અંદર જાગ્રદવસ્થા ભોગવી શક્તિશાળી બને છે ત્યાર બાદ પરમાત્માનો રેચક થાય ત્યારે નારાયણ પરમાત્મામાંથી બહાર આવે છે

(૨૧) શિષ્ય નારાયણ કેટલા પ્રકારના છે?

વ્યાસ નારાયણ નવ પ્રકારના છે (૧) ભૂમાનારાયણ (૨) સોમાનારાયણ (૩) વ્યોમાનારાયણ (૪) લક્ષ્મીનારાયણ (૫) વિષ્ણુનારાયણ (૬) નરનારાયણ (૭) બદરીનારાયણ (૮) શેષનારાયણ અને (૯) આદ્યનારાયણ

(૨૨) શિષ્ય ક્ષરનારાયણ એટલે શું?

વ્યાસ પ્રણવમા (૧) જડાત્મા (૨) જીવાત્મા (૩) આત્મા (૪) મહાત્મા (૫) દિવ્યાત્મા (નારાયણના ત્રણ ગુણોના અંશ લઈને ઉત્પન્ન થયેલા આદિ શક્તિ તથા તેમનાથી થયેલા એકેક ગુણના અંશરૂપ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર ભગવાન તથા નારાયણના હૃદયમાં રહેલા તેમના સ્વાત્મા સિવાયના નવસો નવાણુ અંશાવતારી ઈશ્વરો), આ છ પ્રકારના આત્માવાળુ સમગ્ર વિશ્વ "ક્ષર" એટલે નાશવાન છે તેથી તેને "ક્ષરસાગર" કહેવાય છે .

(૨૩) શિષ્ય બ્રહ્માત્મા એટલે શુ?

વ્યાસ પ્રશ્ન ૨૨મા કહી ગયા પ્રમાણે, તે ક્ષરસાગર પર પોઢેલા વિશ્વથી જુદા તે અક્ષરધામના માલિક અક્ષર, સગુણબ્રહ્મ, હિરણ્યગર્ભ "બ્રહ્માત્મા" છે

(૨૪) શિષ્ય અક્ષર કોને કહેવાય?

વ્યાસ ક્ષરની ઉત્પત્તિના કારણરૂપ માયાવિશિષ્ટ, હિરણ્યગર્ભ, નારાયણ નો દેહ (પોતાના અક્ષરધામ યાને ગોલોક સહિત) અક્ષર એટલે અવિનાશી છે પરતુ તે અક્ષરાતીત નથી આ ચારે (બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને શક્તિ) ઈશ્વરો સહિતનુ સમગ્ર વિશ્વ "ક્ષર" એટલે નાશવાન છે અને તે "ક્ષર" જેમાથી ઉત્પન્ન થયે‌ુ છે, તે વિરાટબ્રહ્મ નારાયણને "અક્ષર" પુરુષ કહેલા છે આ "અક્ષર" તત્ત્વ "ક્ષર" કરતા ઉત્તમ છે

(૨૫) શિષ્ય નારાયણના મૂળ કૂટસ્થ કોણ?

વ્યાસ તમારા પ્રશ્નનો જવાબ "પરમાત્મા પરમેશ્વર"ના પ્રકરણ, સવાલ ૧૫મા આપવામા આવ્યો છે તે વાંચી લેશો

(૨૬) શિષ્ય નારાયણનો આત્મા જન્મમરણના ફેરામા આવે છે કે?

વ્યાસ અક્ષરબ્રહ્મ નારાયણનો આત્મા કદાપિ જન્મ મૃત્યુના ફેરામા આવતો નથી અને તે આત્મા પરમપુરુષ પરમેશ્વરના જ્ઞાનયોગમા જ તલ્લીન રહે છે તે આત્મા કૃષ્ન "ॐ एकोऽहं बहुस्याम्"॥ કહીને પૂર્વે પોતાનામા સમાયેલા સમગ્ર વિશ્વની ઉત્પત્તિ કરે છે અને આત્યતિક પ્રલય વખતે "ॐ सोऽहम्"॥ કહીને સમગ્ર વિશ્વને પોતાના સ્વરૂપમા સમાવે છે, તે વખતે વિરાટ સ્વરૂપમા કઠે શિવ, હૃદયે વિષ્ણુ, નાભિએ બ્રહ્મા, ગુદાએ ગણપતિ, આખે સૂર્ય-ચદ્ર ઈત્યાદિનો સમાવેશ થાય છે આ સિવાય નારાયણ પોતે બીજુ કોઈ પણ કાર્ય ન કરતા બ્રહ્માત્મિક ધ્યાનમા જ નિમગ્ન રહે છે અને સમગ્ર વિશ્વના અનેક કાર્યો તેમના હૃદયમા રહેલ નવસોનવાણ (સહસ્રગ્રથિ આત્મા) અંશાત્માઓ, પચમુખી બ્રહ્મા, ચોસઠમુખી બ્રહ્મા, અક્ષરના ઈશ્વરો કરે છે અને જેમ વ્યાપાર પ્રધાન, નાણાપ્રધાન, પરદેશ ખાતા પ્રધાન ઇત્યાદિ જુ । જુદા કાર્યો લોકસભાના

કાર્યને સંભાળે છે, તેમ ઉપર જણાવેલી શક્તિઓ તમામ કાર્યો સંભાળે છે અને જરૂર પડે ત્યારે કોઈ અંશાત્મા દ્વિકળા યા પાંચકળા યા દશકળા યા પંદરકળા યા તો કોઈ સોળકળાની કાર્ય પરત્વેની શક્તિઓ લઈને ભૂમિ પર અવતાર ધારણ કરે છે

(૨૭) શિષ્ય નારાયણ વિશ્વનો લય અને ઉત્પત્તિ કેવી રીતે કરે છે?

ધ્યાન જ્યારે અક્ષરબ્રહ્મ-નારાયણ "ॐ सोऽहम्" ॥ કહી વિશ્વને અત્યંત સૂક્ષ્મરૂપ બનાવી, સ્વસ્વરૂપમા સમાવી તેના ઉપર પોતાના આત્મબ્રહ્મનું આચ્છાદન કરીને (જેમ બોમ્બમા અણુતત્ત્વો, કાચ, અણીદાર લોખંડની વસ્તુઓ ઇત્યાદિ ભરેલા હોવા છતા તેના ઉપરનું પડ જેમ નિર્ભય અને સ્પર્શ કરવા યોગ્ય પણ થયેલું હોય છે, તથા જેમ ઈંડાના ઉપરનું પડ અને ઈંડાની અંદર ભરેલા પદાર્થમા જુદાં તત્ત્વો હોય છે તેમ) અદ્વિતીય પરમબ્રહ્મમા તેમના પૂરકમા છેલ્લે સુષુપ્તિ અવસ્થાના અંતે જઈને પોતાની જાગ્રદવસ્થા પરમાત્માના કુંભકમા પરમતત્ત્વના ધ્યાનમા પસાર કરીને અને રેચકમાં પ્રથમ નીકળી અક્ષરબ્રહ્મ વિશ્વંભર "ॐ एकोऽहं बहुस्याम्" ॥ કહી વિશ્વનું સર્જન એક નિમિષ (એક વેળા આંખના પલકારા) માત્રમા કરે છે તથા પોતે અર્ધમાત્રામા સ્વપ્નાવસ્થામાં રહે છે નારાયણ (વિશ્વંભર)ની સ્વપ્નાવસ્થા હોય ત્યાં સુધી સમગ્ર સંસાર ચાલે છે અર્થાત નારાયણ આત્યંતિક પ્રલય વખતે "ॐ सोऽहम्" ॥ કહીને તમામ માયાવાળા વિશ્વને પોતાના વિરાટસ્વરૂપ દેહમા સમાવી લઈ તે દેહને તત્ત્વાંકુરરૂપ અત્યંત સૂક્ષ્મ બનાવી દઈ, દેહમાંથી પોતાના આત્માને બહાર કાઢી, દેહો અને માયાના તત્ત્વો ઉપર પોતાના બ્રહ્મતત્ત્વનું આચ્છાદન કરી નાંખી પરમેશ્વરના પૂરકના અંતમા પરમબ્રહ્મમાં જઈ, કુંભકમાં સ્થિત રહી રેચકની શરૂઆતમા બહાર નીકળીને પોતાના બ્રહ્મતત્ત્વને આત્મામા સમેટી લઈને, પોતાના અર્ધમાત્રા ધામમાં "ॐ एकोऽहं बहुस्याम्" ॥ કહી પોતાના દેહોને, વિરાટસ્વરૂપને અને સમગ્ર વિશ્વરૂપ માયાને પૂર્વવત ઉત્પન્ન કરી, પોતાના આત્માને દેહમા ઉતારી અંતર્મુખ બને છે તે બાદ વિશ્વનો લય થાય છે ત્યારે તે વિરાટ અક્ષરબ્રહ્મના કંઠે શિવ, હૃદયે વિષ્ણુ, નાભિએ બ્રહ્મા, વસુએ સૂર્યચંદ્ર મસ્તકે કપાળ, ગુદાએ ગણપતિ ઇત્યાદિ તેમના વિરાટ્ સ્વરૂપમાં સમાય છે તેથી "પ્રણવવિજ્ઞાન"માં કહ્યુ છે કે

(મનહર છંદ)

પરમબ્રહ્મ તણો શુદ્ધ, પરમગતિ (નો) પ્રાણાયામ,  
તેના પૂરકના અંતે, પરમમાં સમાય છે  
શુદ્ધ ગતિના આધારે, કુંભકમા પરમે સ્થિત,  
બ્રહ્મ માયા સાથે હોય, પરમે ન ભળાય છે

પરબ્રહ્મ સો વર્ષ રહી, રેચકમાં પહેલા આવી;
"एकोऽहं बहुस्याम्" કહી, વિશ્વ સરજાય છે.
આચ્છાદન તત્ત્વમાયા, મહદાકાશ ક્ષર પર;
સ્વપ્ને વિશ્વ ચલાવવા, માયા પ્રસરાય છે. ૧
"ॐ सोऽहम्" કહેતાં વિશ્વ, માયા તત્ત્વાંકુર થઈ;
વૈરાટ રૂપમાં સર્વ, સ્વસ્થાને સમાય છે.
બ્રહ્માત્મા દેહોથી બહાર, કાઢી દેહો (મહા) સૂક્ષ્મ કરી;
માયા વિકારો સમાવી, આત્માથી ઢંકાય છે,
વિશ્વના તમામ આત્મા, કેરા આચ્છાદન પર;
નારાયણ બ્રહ્માત્માનું, આચ્છાદન થાય છે.
સ્વપ્ન પછી સુષુપ્તિ, માત્રામાં ગાળી લય થતાં;
અક્ષર બ્રહ્માંડ સ્થાને, પરમગતિ ફેલાય છે. ૨

(૨૮) શિષ્ય : આત્યંતિક પ્રલયનો અર્થ શું થાય છે? અને તે પ્રલય ક્યારે થાય છે?

વ્યાસ : આત્યંતિક પ્રલય એટલે આખરી યા અંતિમ વિનાશ. પ્રથમ પાંચ પ્રકારના પ્રલય છે. તે વિષે "પ્રણવવિજ્ઞાન"માં કહ્યું છે કે :

(મનહર છંદ)

પ્રલય પ્રકાર પાંચ, તેની સમજવું ખાંચ;
નિત્ય ને નિમિત્ત પ્રલય, માનવમાં મનાય છે.
પૃથ્વી પ્રલય જગતનો, ઈશ્વરો સહ મહાપ્રલય;
માત્રા વિના વિશ્વ કેરો, પ્રલય જણાય છે.
છેવટનો આત્યંતિક પ્રલય, વિશ્વ સમાય વિશ્વેશ્વરે;
અતિ સૂક્ષ્મ માયા પર, બ્રહ્મ આચ્છાદન થાય છે.
સુષુપ્તિ માત્રામાં કાઢી, જાગૃત સંધિમાં અક્ષર;
માયા સહિત બ્રહ્મરૂપે, પર્મમાં સમાય છે.

આત્યંતિક પ્રલયનો કાળક્રમ મુનિઓએ એવી રીતે ગણ્યો છે કે :

કોઈ પણ પ્રકારે વિભાગ પાડી ન શકાય તેને પરમાણુ કહેવાય છે. બે પરમાણુનો એક અણુ.

ત્રણ અણુનો એક ત્રસરેણુ. (સૂર્યના પ્રકાશની સાથે જે નાની રજ ઊડતી જણાય છે તેને ત્રસરેણુ કહેવાય).

જેટલી વારમાં ત્રણ ત્રસરેણુ ઓળંગીને સૂર્ય આગળ વધે તે કાળને ત્રુટિ કહે છે.

ત્રણસો ત્રુટિઓનો એક બોધ

ત્રણ બોધનો એક લવ

ત્રણ લવની એક નિમેષ (નિમેષ એટલે આખનો પલકારો)

ત્રણ નિમેષની એક ક્ષણ

પાચ ક્ષણની એક કાષ્ટા

પંદર કાષ્ટાનો એક લઘુ

પદર લઘુની એક ઘડી

બે ઘડીનુ એક મુહૂર્ત અથવા ૩૦ કાષ્ટાની એક કલા અને ૩૦ની કલાનુ એક મુહૂર્ત

છ/સાત ઘડી થતા મનુષ્યનો એક પહોર

ચાર પહોરનો દિવસ } અથવા ૩૦ મુહૂર્તનો એક રાત્રિદિવસ
ચાર પહોરની રાત

આઠ પહોરનો રાત્રિદિવસ

સાત રાત્રિદિવસનુ એક સપ્તાહ

પદર દિવસનો પક્ષ (પક્ષ પણ શુક્લ અને કૃષ્ણના ભેદથી બે છે)

બે પક્ષનો માસ યા ૩૦ દિવસનો માસ

બે માસની એક ઋતુ

ત્રણ ઋતુનો અયન (ઉત્તરાયણ એટલે સૂર્યનું ઉત્તર તરફની રાશિ પૃષ્ટકમાં જવું તે) અને દક્ષિણાયન (એટલે સૂર્યનુ કર્ક રાશિમા જવું તે) બે છે યા છ, છ માસના ઉત્તરાયણ અને દક્ષિણાયન

બે અયનનું મનુષ્યનુ એક વર્ષ થાય છે

(મનુષ્યોનો શુક્લપક્ષ તે પિતૃઓનો દિવસ હોઈ તેમાં તેઓ પ્રવૃત્તિ કરે છે અને મનુષ્યોનો કૃષ્ણપક્ષ તે પિતૃઓની રાત્રિ છે તેથી ભાદ્રપદ કૃષ્ણપક્ષ પિતૃઓની જાગરણ રાત્રિ છે)

સારાશ કે, મનુષ્યોનું ઉત્તરાયણ તે દેવોનો દિવસ છે

મનુષ્યોનું દક્ષિણાયન તે દેવોની રાત્રિ છે

અથવા મનુષ્યનું એક વર્ષ થાય ત્યારે દેવતાઓનો એક અહોરાત્ર (દિન-રાત) થાય છે

દેવતાઓના ૩૬૦ દિવસને એક દેવવર્ષ યા દિવ્યવર્ષ કહેવામા આવે છે
મનુષ્યના આયુષ્ય મુજબ ૧૭,૨૮,૦૦૦ વર્ષોનો સત્યયુગ ગણાય છે
મનુષ્યના આયુષ્ય મુજબ ૧૨,૯૬,૦૦૦ વર્ષોનો ત્રેતાયુગ ગણાય છે
મનુષ્યના આયુષ્ય મુજબ ૮,૬૪,૦૦૦ વર્ષોનો દ્વાપરયુગ ગણાય છે
મનુષ્યના આયુષ્ય મુજબ ૪,૩૨,૦૦૦ વર્ષોનો કલિયુગ ગણાય છે

૪૩,૨૦,૦૦૦

(આ ચારે યુગો સનાતન અને શાશ્વત એવા જીવોને ધારણ કરી રાખે છે બ્રહ્મવેત્તા પુરુષો ચતુર્યુગને બ્રહ્મા સમાન માને છે આ ચાર યુગના એકંદર વર્ષો તે દેવતાઓના બાર હજાર વર્ષો છે તેને "મહાયુ ." કહ્યો છે)

આવા એક હજાર મહાયુગો વીતી જાય છે એટલે બ્રહ્મદેવનો એક દિવસ થાય છે અને તેવા એક હજાર મહાયુગની તેની રાત્રિ ગણાય છે

(સમર્થ દેવ બ્રહ્મા પોતાની રાત્રિના આરભ સમયે યોગનિદ્રામા પ્રવેશ કરીને ધ્યાનમગ્ન દશામા બેસી રહે છે, એટલે આ જગતનો પ્રલય થાય છે અને પછી તે રાત્રિ સમાપ્ત થાય છે ત્યારે પુન બ્રહ્મદેવ યોગનિદ્રામાથી જાગૃત થાય છે જે મનુષ્યો બ્રહ્મદેવના દિવસને એક હજાર મહાયુગનો જાણે છે અને બ્રહ્મદેવની રાત્રિને પણ તેટલા પ્રમાણની જ જાણે છે, તેઓને જ રાત્રિ દિવસનું ખરુ જ્ઞાન છે) ચાર યુગનું નામ એક ચોકડી યા મનુષ્યના ૪૩,૨૦,૦૦૦ વર્ષની એક ચોકડી એવી એક હજાર (૧૦૦૦) ચોકડીનો બ્રહ્માનો દિવસ

(બ્રહ્માના દિવસે જગત વ્યવહાર ચાલે છે અને રાત્રે બ્રહ્મા યોગનિદ્રામા રહેતા હોવાથી તે વખતે જગતનો નિદ્રાસમાન પ્રલય હોય છે બ્રહ્મા જાગૃત થઈને પુન સૃષ્ટિ રચના કરે છે અર્થાત તમામ જીવોમા દેહ પ્રત્યે અહમ્ ઉત્પન્ન થાય છે તે અહકારમાથી વ્યક્ત સ્વરૂપ મન વ્યાપક થાય છે તેથી આ સર્વ જગત કેવળ મનોમય જ યા મોહમય જ છે મોહમય એટલે મનોમય સૃષ્ટિના સ્રષ્ટા બ્રહ્મા છે)

એવી એક હજાર (૧૦૦૦) ચોકડીની બ્રહ્માની રાત્રિ હોય છે

અર્થાત બીજી રીતે કહીએ તો મનુષ્યના ૪૩,૨૦,૦૦૦ વર્ષની એક ચોકડી આવી ઈકોતેર (૭૧) ચોકડી વીતી જાય ત્યારે એક મન્વતર થાય (મન્વતર સમાપ્ત થતા જ પાછલા ઇંદ્ર, મનુ, સપ્તર્ષિ વગેરે બદલાઈ જાય છે) એવા ચૌદ (૧૪) મન્વતર વીતી જાય ત્યારે બ્રહ્માનો દિવસ થાય એટલી જ મોટી બ્રહ્માની રાત્રિ હોય છે

(બ્રહ્માના એક દિવસમા ચૌદ ઈંદ્ર અને ચૌદ મનુ બદલાઈ જાય છે બ્રહ્માના એક દિવસને કલ્પ કહે છે આ કલ્પમા તો ત્રણ જ લોકોનો નાશ થાય છે તેને "નિમિત્ત પ્રલય" કહેવામા આવે છે દિવસમા તેઓ સૃષ્ટિનુ કામ કરે છે અને રાત્રે બધી સૃષ્ટિનો સહાર કરીને તેને પોતમા લીન કરીને સૂઈ જાય છે તથા દિવસ થતા જ પાછા કામે લાગી જાય છે)

બ્રહ્માના ૩૬૦ દિવસનુ બ્રહ્મવર્ષ થાય છે

આવા વર્ષોથી બ્રહ્માજીની ઉંમર સો વર્ષની હોય છે આવા સો વર્ષે બ્રહ્માનો લય થાય છે ત્યારે સ્વર્ગ, મૃત્યુ અને પાતાળનો નાશ થાય છે તેને "પૃથ્વી પ્રલય" કહેવામા આવે છે

૧૦૦ વર્ષ બ્રહ્માના થાય ત્યારે વિષ્ણુની પહોર થાય છે
તેવી આઠ પહોરનો વિષ્ણુનો એક દિવસ
તેવા ૩૬૦ દિવસનુ વિષ્ણુનુ એક વર્ષ
તેવા ૧૦૦ વર્ષ વિષ્ણુના થાય ત્યારે શિવની એક ઘડી થાય છે
તેવી સાઠ ઘડીનો શિવનો એક દિવસ
તેવા ૩૬૦ દિવસનુ શિવનુ એક વર્ષ ગણાય છે
તેવા ૧૦૦ વર્ષ શિવના થાય ત્યારે શક્તિની એક પળ થાય છે
તેવી ૬૦ પળની શક્તિની એક ઘડી ગણાય છે.
તેવી ૬૦ ઘડીનો શક્તિનો એક દિવસ ગણાય છે
તેવા ૩૦ દિવસનો શક્તિનો એક માસ થાય છે
તેવા ૩૬૦ દિવસનુ શક્તિનુ એક વર્ષ ગણાય છે

તેવા ૧૦૦ વર્ષ શક્તિના જાય એટલે શકિત લય પામે છે, ત્યારે નારાયણની એક વિપળ થાય છે

(૧૦૦ વર્ષ શક્તિના પૂરા થાય છે ત્યારે "મહાપ્રલય" થાય છે ત્યારે આખુ વિશ્વ, શિવ, વિષ્ણુ અને શક્તિ સહિત સગુણબ્રહ્મમા સમાય છે અર્થાત્ આખું વિશ્વ નારાયણમા સમાય છે )

એવી ૬૦ વિપળ થાય ત્યારે નારાયણની એક મિનિટ ગણાય છે
એવી ૬૦ મિનિટનો નારાયણનો એક કલાક
એવા ૨૪ કલાકનો નારાયણનો એક દિવસ
એવા ૩૬૦ દિવસનું નારાયણનુ એક વર્ષ

એવા ૧૦૦ વર્ષ નારાયણના પૂરા થાય એટલે સગુણબ્રહ્મ લય થાય છે, તેને "આત્યંતિક પ્રલય" કહેવાય છે

(નારાયણને તેમના સો વર્ષ પર્યંતની પ્રથમ સ્વપ્નાવસ્થા, પછી ૧૦૦ વર્ષની સુષુપ્તિ અવસ્થા અને પછી સો વર્ષની જાગ્રતાવસ્થા હોય છે)

અક્ષરબ્રહ્મ-નારાયણની સ્વપ્નાવસ્થા બરોબર પરમાત્માના રેચક
અક્ષરબ્રહ્મ-નારાયણની સુષુપ્તિ અવસ્થા બરોબર પરમાત્માનો પૂરક
અક્ષરબ્રહ્મ-નારાયણની જાગ્રતાવસ્થા બરોબર પરમાત્માનો કુંભક

બીજા મતમા પણ ઉપર મુજબ બ્રહ્માના, વિષ્ણુના, શિવના, શક્તિના અને નારાયણના વર્ષો માનેલા છે પરંતુ દેવોના વર્ષો બાબત મતભેદ છે

વચ્ચે એક બીજા શિષ્યે પૂછ્યુ કે, "નિત્ય પ્રલય"ની વાત કેમ ન આવી?

વ્યાસ પશુ પક્ષી અને મનુષ્યનું આયુષ્ય પૂરુ થાય છે તેને "નિત્ય પ્રલય" કહેવાય છે

(૨૯) શિષ્ય કલ્પની લયોત્પત્તિ વિષે ટૂંકમા સમજાવશો?

વ્યાસ તમારા સવાલનો ઉત્તર સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે "પ્રાણવિજ્ઞાન"મા આપ્યો છે, તે તમો સાંભળો

(મનહર છંદ)

સત્ય, ત્રેતા દ્વાપર ને કલિ ચાર યુગ મળી,
તેવા ચાર યુગ એક, ચોકડી ગણાય છે
તેવી ચોકડી હજાર, જ્યારે પૂરી થાય ત્યારે,
બ્રહ્મપુરીના બ્રહ્માનો એક દિન થાય છે
તેવા ત્રણસો ને સાઠ દિવસે બ્રહ્માનું વર્ષ,
તેવા સો વરસે બ્રહ્મા, લય પામી જાય છે
બ્રહ્માના સો સંવત્સર વિષ્ણુ તણો એક પ્રહર,
તેવા આઠ પહોર એક, દિવસ [illegible] છે ૧

તેવા ત્રણસો ને સાઠ, [illegible],
તે હિસાબે શત વર્ષ, [illegible]
તેવી સાઠ ઘડી તણો, [illegible],
તેવા ત્રણસો ને સાઠ, [illegible]
તેવા શત વર્ષે શક્તિ, [illegible],
પણ હિસાબે સો વર્ષ, [illegible]
વિષ્ણુના હિસાબે [illegible]
પરબ્રહ્મ વિષે [illegible]

વિપળને હિસાબે સો, વર્ષ પૂરા થાય ત્યારે,
પરબ્રહ્મ વિષે સર્વ, માયા સંકેલાય છે
માયિકનું તત્ત્વ થઈ, તત્ત્વનો અંકુર થઈ,
તે અંકુર પરબ્રહ્મ, ગ્રંથિમા સમાય છે
પરબ્રહ્મ પરમબ્રહ્મ, તણી ગતિની જ ગ્રંથિ,
તે ગ્રંથિમા માયા જીવો, મહા સૂક્ષ્મ થાય છે
તે સમે પરમબ્રહ્મ, તણો થાય પ્રાણાયામ,
પ્રોરકની આખરે, તે થતામા પોવાય છે ૩

પરમબ્રહ્મમા પરોવાઈ, હૃદય આકાશ વિષે,
કુંભકમા થાય સ્થિત, જીવ માયા ભળીને
પરબ્રહ્મના સો વર્ષ, સુધી તે કુંભક રહે,
પછી થાય છે રેચક, કુંભક તે ટળીને
કુંભક ટળીને જ્યારે, રેચક થાય છે ત્યારે,
જીવ બ્રહ્મ માયા એક, આવે છે નીકળીને
તેનું બને મહદાકાશ, ક્ષરસાગરમા સ્થિત,
માયા બ્રહ્મ એક રૂપ, રહે બેઉ મળીને ૪

તે કહેવાયા વિશ્વંભર, જેમા વિશ્વ સમાયું હતું,
તે વિશ્વ ગયેલા કલ્પ, નું હતું તે થાય છે
તેમા જે જે જીવો તણા, કર્મોના સંચિત હતાં,
તે સચિતે પ્રારબ્ધનો, દેહજ બધાય છે
કોઈ કીટ, પશુ, પક્ષી, ઝાડ, પહાડ, જળચર,
માનવ, દાનવ, દેવ, પતંગ થાય છે
એ રીતે બનાવે વિશ્વ, વિશ્વની ઉત્પત્તિ એમ,
જેમ છે ઉત્પત્તિ તેમ, કાળે પાછું જાય છે ૫

(૩૦) શિષ્ય : આત્યંતિક પ્રલય સમયે નારાયણ પોતાના પર કેવી રીતે પડો ચડાવે છે? અને ઉત્તરમા ક્યાં જઈને રહે છે?

વ્યાસ : જેમ આપણા આત્મા પર સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહોના પડ છે, તેવી જ રીતે પૃથ્વીના પ્રલય વખતે પૃથ્વીના તમામ આત્માનું સૂક્ષ્મ સ્વરૂપ બને છે અને તેના પર સ્વર્ગના દેવો અને દેવતાના લોકનું પડ ચડે છે, તેના પર ઈશ્વરો અને ઈશ્વરોના લોકનું પડ ચડે છે, તેના પર ગોલોકવાસીનું તેના પર પંચમુખી બ્રહ્માનું, તેના પર પંચમહાભૂતાનું, તેના પર નાગ શેષના ચાર દેહોનું, તેના પર નારાયણના આત્માનું અને તેના પર નારાયણની આત્મજ્યોતિનું પડ (જેમ કાંદાના પડ હોય છે તેમ) ચડે છે, અને ત્યાર પછી

નારાયણ અતિ સૂક્ષ્મમા સૂક્ષ્મ સ્વરૂપે જ્ઞાનસ્વરૂપ પરમાત્માના મુખ યા નાસિકા દ્વારે પરમાત્માના સ્વરૂપમા જઈને રહે છે

(૩૧) શિષ્ય પચીશ, છવીશ, એકત્રીસ અને અનત તત્ત્વ જે એકમા જ છે, તેવી શક્તિ ૐકારમા કોણ છે?

पञ्चविंशक इत्येके षड्विंश इति चापरे ।
अर्कत्रिंशक इत्याहुरनन्त इति चापरे ॥

(શ્રીગોડપાદીયકારીકા સહિત અથર્વવેદીય માડુક્યોપનિષત્, વૈતથ્ય પ્રકરણ ૨, શ્લોક ૨૬)

વ્યાસ આ બધા તત્ત્વનો જેમા સમાવેશ થાય છે તેવા એક જ આત્મા, અક્ષરબ્રહ્મ, નારાયણ છે પ્રલય વખતે જ્યારે પચીશ તત્ત્વ નારાયણમા સમાય છે, ત્યારે તે પચીશ તત્ત્વના કહેવાય છે ત્યાર પછી જ્યારે પચીશ તત્ત્વ મા પોતાના વધારાના તત્ત્વ (કે જે જગતને પોતામા સમાવવુ અને પાછુ બહાર કાઢવુ તે)નું આચ્છાદન થાય છે, ત્યારે તે છવ્વીશ તત્ત્વના કહેવાય છે (૧) બ્રહ્માડની અદર જે આત્માઓ વિચરી રહેલા છે, તેને નારાયણ પોતાની અદર લપેટે છે, તે પહેલુ તત્ત્વ (૨) છકળાવાળા આત્માને નારાયણ પોતાની અદર લપેટે છે, તે બીજુ તત્ત્વ (૩) અષ્ટકળાવાળા આત્માને નારાયણ પોતાની અદર લપેટે છે, તે ત્રીજુ તત્ત્વ (૪) વિભૂતિ આત્માઓને નારાયણ પોતાની અદર લપેટે છે, તે ચોથુ તત્ત્વ (૫) ચાર મન્વતરોને નારાયણ પોતાની અદર લપેટે છે, તે પાચમુ તત્ત્વ આવી રીતે છવીશમા પાચ તત્ત્વ ઉમેરતા કુલ એકત્રીસ તત્ત્વોના નારાયણ કહેવાય છે તમામ તત્ત્વોની ઉપર પોતાની આત્મજ્યોતિનુ આચ્છાદન કરી, નારાયણ અતિ સૂક્ષ્મ તત્ત્વરૂપે જ્ઞાનસ્વરૂપ પરમાત્માના મુખ યા નાસિકા દ્વારે પરમાત્મામા જાય છે ત્યારે તેમનામા અનત તત્ત્વો સમાયેલા હોવાથી તે અનત તત્ત્વોના પણ કહેવાય છે આવી રીતે નારાયણને પચીશ, છવીશ, એકત્રીસ અને અનત તત્ત્વોના કહેવામા આવે છે અર્થાત્ તમામ આત્માઓ નારાયણ સહિત માયાના પચીશ તત્ત્વવાળા હોય છે અને નારાયણ જ્યારે "ૐ સોઽહમ્" ॥ બોલી સૃષ્ટિનો લય કરે છે, તે વખતે તેમના હૃદયમાથ સહસ્ર ગ્રથિઓ બહાર કાઢે છે અને વળી નારાયણ પોતાના આત્માને પણ બહાર કાઢે છે નારાયણ આત્માને બહાર કાઢી માયાના ઉપર આચ્છાદિત કરવાના ગુણ વડે છવ્વીસ તત્ત્વવાળા છે અને તે પછી જ્યારે વિશ્વ તેમનામા લય થઈ જાય છે, તે પછી તેમનામા બ્રહ્માડમા રહેલી ગ્રથિઓ, ગતિ, સપ્ત કળા આત્માઓ, અષ્ટકળાત્માઓ અને વિભૂતિ આત્માઓ સમાય છે, ત્યારે તે એકત્રીસ તત્ત્વવાળા થઈ જાય છે અને જ્યારે અર્ધમાત્રાથી ઉપર પરમગતિમા હોય છે ત્યારે સહસ્રગ્રથિ ધારણ સમયે અનત તત્ત્વોવાળા થઈ જાય છે

(૩૨) શિષ્ય સુષુપ્તિ અવસ્થામા નારાયણથી ૐનો ધ્વનિ થાય છે, તે વખતે નારાયણ પર ચઢેલા પડો ખૂલી જાય છે કે?

વ્યાસ ના તે વખતે નારાયણ પોતાના પર ચઢાવેલા પડો બધ જ રાખે છે જો નારાયણ તે પડોને ખુલ્લા કરે તો આખુ જગત ઉત્પન્ન થઈ જાય પરતુ તેમ થતુ નથી પણ પાછળથી અર્ધમાત્રામા નારાયણ પોતાની સ્વપ્નાવસ્થામા "ॐ एकोऽह बहुस्याम्"॥ એટલે હુ એકરૂપે છુ તે બહુરૂપે થઈ જાઉ, એવુ ઉચ્ચારે છે એટલે આત્યતિક પ્રલય સમયે પોતાના પર ચઢાવેલા પડો અનાયાસે ખુલી જાય છે અને આખુ વિશ્વ જેવુ પૂર્વે હતુ તેવુ ઉત્પન્ન થઈ જાય છે

(૩૩) શિષ્ય આત્યતિક પ્રલયે નારાયણના હૃદયકમળમા રહેલા નવનો નવાણુ અશાવતારી આત્માઓનુ શુ થાય છે?

વ્યાસ આ નવ્વાણુ પૈકી જે આત્માઓએ અવતારી પુરુષ તરીકે પૃથ્વી પર ભૂમિભાર ઉતારવાનુ પોતાનુ અવતારી કર્તવ્ય કરવા ઉપરાત જો મોક્ષ પ્રાપ્તિ માટે ઉપાસના કરી હોય તો તે અશાવતારી આત્માઓ પોતાનુ કાર્ય પૂર્ણ કરી પાછા નારાયણના હૃદયકમળમા જ જાય છે સર્વ અશાવતારી ઈશ્વરોનુ ઉત્પત્તિસ્થાન અને લયસ્થાન નારાયણ છે આ આત્યતિક પ્રલય વખતે એટલે પરમાત્માનો પૂરક (પ્રાણાયામમા શ્વાસ અદર ખેંચવાની ક્રિયા) થાય છે ત્યારે તમામ માયાના તત્ત્વોની ઉપર નારાયણ પોતાની આત્મજ્યોતિનુ આચ્છાદન કરે તે અગાઉ, અવતારી આત્માઓ કે જેઓ પૃથ્વી પર ઈશ્વરી અવતાર ધારણ કરીને પરમાત્મપદ ને પામવાની શક્તિવાળા થયા હોય તેઓ નારાયણના હૃદયકમળમાથી છટકી જઈ પરમાત્માના સ્વરૂપમા એકરસ, એકરૂપ થઈ જાય છે ત્યાર બાદ તમામ માયાના તત્ત્વોની ઉપર નારાયણ પોતાની આત્મજ્યોતિનુ આચ્છાદન કરી પરમગતિ સાથે પરમાત્મામા ખેંચાઈ જાય છે પરમાત્માના કુભક (શ્વાસ રોકાય ત્યા સુધી) વખતે નારાયણ પરમાત્મામા સ્થિત રહે છે અને પરમાત્માનો રેચક (એટલે શ્વાસ છોડવો તે) થતા પરમગતિ સાથે નારાયણ પરમાત્મામાથી સૌથી પહેલા બહાર અનાયાસે નીકળી આવે છે ત્યારે નારાયણ નવ્વાણુ અશાત્માઓ પૈકી ખૂટતા આત્માઓને પરમગતિમાથી લઈ લે છે અને અર્ધમાત્રામા જઈ સ્વપ્નાવસ્થા ભોગવે છે

(૩૪) શિષ્ય પરમાત્મા આત્યતિક પ્રલય વખતે નારાયણને પોતાનામા લે છે કે? અને નારાયણ પરમાત્માના સ્વરૂપમા એકરૂપ થઈ જાય છે કે?

વ્યાસ જ્યારે પરમાત્માનો પૂરક થાય છે એટલે પરમાત્મા પરમગતિના શ્વાસને અદર ખેંચે છે ત્યારે આત્યતિક પ્રલય થઈ ગયેલો હોય છે પરમાત્મા

નારાયણને પોતામા લેતા નથી પરંતુ નારાયણ પોતે સર્વ માયાને અતિ સૂક્ષ્મરૂપે પોતાનામા સમાવી દઈ પરમગતિની સાથે પરમાત્મામા ખેંચાઈ જાય છે જેવી રીતે સખત વગેળિયામા આપણે ખુલ્લી છત્રી લઈને ઊભા રહીએ તો સ્વાભાવિક રીતે આપણે ઊડી જતા હોય એમ લાગે છે તેવી જ રીતે નારાયણ પરમાત્માના પૂરક વખતે પરમગતિ સાથે સ્વાભાવિક રીતે જ્ઞાનસ્વરૂપ પરમાત્માના મુખ યા નાસિકા દ્વારે તેમના કમ્મરથી માંડી કંઠસ્થાનના ભાગમા અતિ સૂક્ષ્મરૂપે રહે છે યા સમાય છે, અને તરત જ ત્યા વિગ્રહ શરૂ થાય છે પરમાત્મા પોતે નિર્ગુણ, નિરંજન અને નિર્લેપ છે, ત્યારે નારાયણ પોતાના આત્મા અને તેમા સંકેલેલી તમામ માયા સાથે હોવાથી બે ભિન્ન તત્ત્વ થવાથી એ બે શક્તિ વચ્ચે વિગ્રહ થાય છે વળી નારાયણના આત્માની ચોમેર ફરતે ચતુર્દશ આત્મકળાવાળી પરમગતિ હમેશ ફરતી રહે છે અને તે પરમગતિ નારાયણના આત્માને પરમાત્મા સાથે એકરૂપ થવા દેતી નથી અને તે એકરૂપ થઈ શકે એમ પણ હાતું નથી પરમાત્માની જ્ઞાનચૈતન્ય શક્તિ નારાયણના આત્માને બહાર કાઢવા માટે ચારે તરફથી મહેનત કરે છે અને તે જ્ઞાનચૈતન્યશક્તિ નારાયણના આત્મા સાથે પુષ્કળ અથડાય છે તે વખતે નારાયણ અને તેમની અંદર સૂક્ષ્મરૂપે રહેલા ચોસઠમુખી બ્રહ્મા પંચમુખી બ્રહ્મા શક્તિ, શિવ, વિષ્ણુ, ચતુર્મુખી બ્રહ્મા પરમાત્માની જ્ઞાનચૈતન્ય શક્તિને પોતાનામા વિશેષ પ્રમાણમાં ગ્રહણ કરે છે આવી રીતે નારાયણ પરમાત્માના કુંભક (શ્વાસ રોકાય ત્યા સુધી) સુધી પરમાત્મામાં સ્થિત રહે છે અને જ્યાર પરમાત્માનો રેચક (શ્વાસ છોડવો તે) થાય છે, ત્યારે પરમગતિ સાથે નારાયણ પરમાત્મામાથી નીચી પડેલા બહાર નીકળી જાય છે

(૩૫) શિષ્ય નારાયણનુ આત્મબળ કેવી રીતે ઓછુ થતુ જાય છે?

વ્યાસ જ્યારે નારાયણનુ આત્મબળ રૂપિયાની ૫ સ્થાનીઓ પહોંચે છે કે તરત જ તેમને આત્મબળ ઓછુ કરવાની ફરજ પડે છે વળી તે વખતે ભૂમિ પર પાપભાર પણ વધી ગયો હોય છે ત્યાર નારાયણ પોતાના હૃદયકમળ મા રહેલા નવસોનવાણુ આત્માઓ પૈકી એક આત્માને પોતાનું આત્મબળ આપી પૃથ્વી પર પાપભાર ઓછો કરવા અને ધર્મના સંસ્થાપનાર્થે મોકલે છે આ ઉપરાંત નારાયણની ઉપાસના કરવાવાળાઓ પણ પૃથ્વી પર ઘણા આત્માઓ હોય છે તેઓને પણ નારાયણ પોતાનું આત્મબળ થોડા આગળ વધારવા અર્પણ કરે છે આવી રીતે અનાયાસે નારાયણનું આત્મબળ ઓછુ થાય છે

(૩૬) શિષ્ય આત્યંતિક પ્રલયે નારાયણ પરમાત્મામા રહેતા હોવાથી પરમાત્માના સ્વરૂપમા કાંઈ ફેરફાર થાય છે કે? અને નારાયણ પરમાત્માના સ્વરૂપમા કયા ભાગમા જઈને રહે છે?

વ્યાસ જેમ વડના બીજમા તેના સોળમા ભાગનો અંકુર યા બીજ હોય છે અને તેના સોળમા ભાગનો તત્ત્વાંકુર અને તત્ત્વાંકુરના સોળમા ભાગનું સૂક્ષ્મતત્ત્વ હોય છે, તેવી જ રીતે ઉપરના પ્રશ્નોમા જણાવી ગયા તેમ નારાયણ જ્ઞાનસ્વરૂપ પરમાત્માના મુખ યા નાસિકા દ્વાર પરમાત્મામા અતિ સૂક્ષ્મ સ્વરૂપે યા તત્ત્વરૂપે રહે છે અને તેમના રહેવાથી પરમાત્માના સ્વરૂપમા કોઈ પણ જાતની વધઘટ થતી નથી જેમ આપણા શરીરમા પોલાણ છે તેમ પરમાત્મામા નથી એટલે નારાયણ પરમાત્માના હૃદયાકાશમા જઈને રહે છે એમ માનવુ તે ભૂલ છે પરતુ પરમાત્માની કમ્મરથી માંડી કંઠસ્થાનના કોઈ પણ ભાગમા નારાયણ અતિ સૂક્ષ્મરૂપે રહે છે જેમ નદીમા પથ્થર નાખવાથી નદીમા વધઘટ થતી નથી, તેમ પરમાત્મામા નારાયણ રહેવાથી પરમાત્માના સ્વરૂપમા વધઘટ થતી નથી

(૩૭) શિષ્ય નારાયણ અને પરમગતિનો મોક્ષ થાય છે કે?

વ્યાસ પરમગતિ ચતુર્દશ આત્મકળાવાળી હોવાથી તે પરમાત્માના પૂરક વખતે પરમાત્મામા ભળી જતી નથી કારણ કે પરમાત્મા પોતે ષોડશબ્રહ્મકળાવાળા છે નારાયણ લગભગ પચોદશ આત્મકળા હોવાથી તે પરમાત્માના પૂરક વખતે પરમાત્મામા અતિ સૂક્ષ્મ તત્ત્વરૂપે જવા છતા એકરૂપ થઈ શકતા નથી અને તે ઉપરાત તેઓ માયાના અધિષ્ઠાતા હોવાથી તેમનો મોક્ષ થતો નથી પરતુ અહીં યાદ રાખવાનુ છે કે પરમગતિ કરતા નારાયણ શ્રેષ્ઠ છે

(૩૮) શિષ્ય સમ્ભૂતિ એટલે શુ? આ વિષય સપૂર્ણપણે સમજાવો

વ્યાસ સમ્+ભૂતિ=સરખા તત્ત્વો એટલે કે પ્ર દ ન ૨૧થી બતાવેલ અશુદ્ધ પરમગતિમા આત્મા (તત્ત્વગ્રથિમા) દશઆની આત્મબળ અને દશઆની તત્ત્વ માયાબળ એટલે આત્મા અને માયા બળ બન્ને સરખા હોવાથી તે "સમ્ભૂતિ" કહેવાય છે અને તે જ રીતે નારાયણમા પોતાનામા દશઆની આત્મબળ અને દશઆની માયાબળ બન્ને સરખા હોવાથી તે "સમ્ભૂતિ" કહેવાય છે અને તેમનામાથી ઉત્પન્ન થનાર અજ્ઞાત્માને સમ્ભૂતિથી ઉત્પન્ન થનાર અર્થાત તે સમ્ભૂતિ નહીં હોવાથી તેને વિસ્મભૂતિ=જુદી "ભૂતિ" કહેવાય છે અને તે સિવાયનાને તો કેવળ "ભૂતિ", એટલે તેનાથી થયેલા કહેવાય છે

| | | |
|---|---|---|
| પ્ર દ ન ૧ થી ૩મા બતાવેલ | પરમાત્મામા | સોળ આની આત્મબળ |
| પ્ર દ ન ૪થી બતાવેલ | તાત્ત્વિક શુદ્ધ પરમગતિમા | પદર આની આત્મબળ |
| પ્ર દ ન ૬થી બતાવેલ | શુદ્ધ પરમગતિમા | ચૌદ આની આત્મબળ |
| પ્ર દ ન ૮થી બતાવેલ | શુદ્ધાશુદ્ધ પરમગતિમાં | બાર આની આત્મબળ |
| પ્ર દ ન ૨૧થી બતાવેલ | અશુદ્ધ પરમગતિમા | દશ આની આત્મબળ |
| પ્ર દ ન ૯૩થી બતાવેલ | બ્રહ્માંડમાં ગતિમા | આઠ આની આત્મબળ |

પ્ર ૬ ન ૩૧થી બતાવેલ માત્રામા ગ્રથિમા છ આની આત્મબળ
પ્ર ૬ ન ૫૧થી બતાવેલ આકારમા (પાસે) ગ્રથિમા પાચ આની આત્મબળ
પ્ર ૬ ન ૬૭થી બતાવેલ મકારમા (પાસે) ગ્રથિમા ચાર આની આત્મબળ
પ્ર ૬ ન ૭૩થી બતાવેલ કડાગમા પ્રવેશતા ગ્રથિમા ત્રણ આની આત્મબળ
પ્ર ૬ ન ૭૫થી બતાવેલ કડાગમાથી નીકળીને ઉકારમા બે આની આત્મબળ પ્રવેશતા—ગ્રથિમા ]

સોળ આની માયાબળની વહેંચણી

દસ આની માયાબળ નારાયણમા
એક આની માયાબળ નવસોનવાણુ અક્ષાત્મામા
એક આની માયાબળ અક્ષરધામમાં ને પચમુખી બ્રહ્મામા
એક આની માયાબળ અકારમા
એક આની માયાબળ મકારમા
એક આની માયાબળ કડાગમા ચોસઠમુખી બ્રહ્મામા
એક આની માયાબળ ઉકારમા

આ નારાયણમા રહેલા દસ આની માયાબળનું તત્ત્વ માયાબળ બિબા ભાગથી અશુદ્ધ પરમગતિમા જાય છે, તેથી તે પણ દસ આની માયાબળવાળી ગણાય છે તેથી ત્યા મન્વતરોના ચાર સ્વરૂપ જણાય છે તે અશુદ્ધ પરમગતિને અને નારાયણ બનેને "સમ્ભૂતિ" કહેવામા આવે છે

૧૬ આની આત્મબળમાથી નારાયણમા દસ આની આત્મબળ જ રહે છે, કેમ કે

નારાયણના આત્મબળમાથી નીચે મુજબનુ છ આની આત્મબળ વહેંચાય જાય છે

૧ નવસોનવાણુ અક્ષાત્મામા એક આની આત્મબળ
૨ અક્ષરધામ, પચમુખી બ્રહ્મામા એક આની આત્મબળ
૩ અકારમા (બ્રહ્મા, વિષ્ણુ, શિવ, શક્તિમા) એક આની આત્મબળ
૪ મકારમા દેવોમા એક આની આત્મબળ
૫ ચોસઠમુખી બ્રહ્મામા (કડાગમા) એક આની આત્મબળ
૬ આઠ પ્રકારના નારાયણોમાં એક આની આત્મબળ

આત્યતિક પ્રલય વખતે નારાયણ પોતાનામાથી ગયેલા છ આની આત્મબળને તથા છ આની માયાબળને પાછુ મેળવી લે તો જ માયાને સૂક્ષ્મ કરી તે પર આત્મતત્ત્વનુ આચ્છાદન કરી શકે તેથી "ૐ માઽત્મ્" બોલી તે છ આની

આત્મબળ તેમ જ માયાબળ પાછું મેળવી લે છે તે પછી નારાયણને તથા અશુદ્ધ પરમાત્માને "સમ્ભૂતિ" કહી શકાતા નથી

ઈશોપનિષદ્‌ના શ્લોક ૧૪મા કહ્યુ છે કે

सम्भूतिं च विनाशं च यस्तद्वेदोभयं सह।
विनाशेन मृत्युं तीर्त्वाऽसम्भूत्याऽमृतमश्नुते॥

અર્થ જે અસમ્ભૂતિ અને સમ્ભૂતિ એ બનેને સાથે ઉપાસે છે (તે) સમ્ભૂતિ વડે મૃત્યુને તરીને અસમ્ભૂતિ વડે અમૃતને પામે છે

(૩૯) શિષ્ય પ્રણવ ૐકારમા વધાર યોગબળવાળા સર્વ ધામનાના ઈશ્વર કોણ? તે ઈશ્વરનુ ૐકારમા મૂળતત્ત્વ કયુ? અને તે ઈશ્વર જગતમા જન્મે છે કે?

વ્યાસ શ્રીકૃષ્ણયજુર્વેદીય તૈત્તિરીયોપનિષત, શિક્ષાધ્યાય ૧, અનુવાક ૪, મંત્ર ૧મા જણાવ્યુ છે કે

यश्छन्दसामृषभो विश्वरूप। छन्दोभ्योऽध्यमृतात्सम्बभूव। स मेन्द्रो मेधया स्पृणोतु। अमृतस्य देव धारणो भूयासम।

અર્થ વેદોમા કહેવાયેલા શ્રેષ્ઠ પવિત્ર શબ્દો ૐકારરૂપ છે, જેને વિષે વેદો રહેલા છે અને જે વેદોના કરતા વધારે યોગબળવાળા સર્વ ધામનાના ઈશ્વર છે, જેને વિશ્વેશ્વર નારાયણ કહેલા છે, તે નારાયણ વિશ્વના સેતુરૂપ છે અર્થાત્ ધામમા જવાના પુલરૂપી નારાયણ છે

यत्परं ब्रह्म सर्वात्मा विश्वस्यायतनं महत्॥
वेदैरनेकैरहमेव वेद्यो वेदान्तकृद्वेदविदेव चाहम्॥
(શ્રીકૃષ્ણયજુર્વેદીય કૈવલ્યોપનિષત, મંત્ર ૧૯ ને ૨૫)

અર્થ જે બ્રહ્મ વિશ્વના સર્વ પ્રાણીઓના આત્મા એટલે સર્વ વિશ્વ અને વિશ્વેશ્વર-નારાયણ કરતા ઉત્કૃષ્ટ અને સર્વ જીવોના આધારભૂત, પરમ મહાન છે નારાયણે કહ્યું કે, હુ ઘણા વેદો વડે પ્રતિપાદિત છુ તથા "વેદવિત વેદાન્તકાર વેદવ્યાસ પણ હુ જ છુ" અને પરમબ્રહ્મ પરમાત્મા મારુ મૂળતત્ત્વ છે

न पुण्यपापे मम नास्ति नाशो न जन्मदेहेन्द्रियबुद्धिरस्ति।
न भूमिरापो मम वह्निरस्ति न चानिलो मेऽस्ति न चाम्बरं च॥
(શ્રીકૃષ્ણયજુર્વેદીય કૈવલ્યોપનિષત મંત્ર ૨૨)

અર્થ નારાયણે કહ્યુ મારે પુણ્ય કે પાપ નથી હુ અમર હોવાથી મારો નાશ નથી, તેમ મારે પોતાને જન્મ, દેહ, ઇન્દ્રિય કે બુદ્ધિ નથી, વળી મારે વિષે પૃથ્વી, જળ, તેજ, વાયુ કે આકાશ નથી, એવો હુ પ્રકૃતિપુરુષ છું અર્થાત્

ારાયણે વિશ્વને ઉત્પન્ન કરી નાંખ્યા પછીથી આવું કહ્યું છે. કેમ કે નારાયણ ોતે જન્મતા નથી, પણ પોતાની અંદર રહેલા નવસોનવાણું અંશાત્મા પૈકીના ામે તે આત્માને ભૂમિભાર ઉતારવા માટે ઉત્પન્ન કરે છે. તેથી નારાયણ પોતે ગતમાં જન્મતા નથી, એમ કહ્યું છે.

(૪૦) શિષ્ય : નારાયણે આખા વિશ્વને મોક્ષધર્મનો બોધ આપેલો છે, ેમ શા માટે કહ્યું?

વ્યાસ : મહાસુર મધુ-કૈટભ ઈશ્વરકોટિના બ્રહ્મદેવના દેખતાં મૂર્તિમાન સનાતન વેદોને લઈ જઈને મહાસાગરમાં સત્વર રસાતાલમાં પ્રવેશી ગયા, તેથી બ્રહ્માજી શોક કરવા લાગ્યા અને બ્રહ્માએ નારાયણની સ્તુતિ કરી, ત્યારે પ્રકૃતિ-ુરુષ નારાયણે યોગનિદ્રાનો ત્યાગ કરી વેદો પાછા લાવવા તૈયારી કરી. "हैवो हयशिरोधरः" ।। (જુઓ મહાભારત, શાંતિ મોક્ષધર્મપર્વ, અ. ૩૪૭) હયગ્રીવ (અશ્વના મુખવાળું) સ્વરૂપ ધારણ કરીને નારાયણ વેદોને પાછા લઈ આવ્યા અને બ્રહ્મદેવને અર્પણ કરી પોતાની મૂળ સ્થિતિ યોગનિદ્રાનો આશ્રય કર્યો. જ્યારે બ્રહ્માએ તેમની સ્તુતિ કરી, ત્યારે તેમણે કહ્યું કે, મને નમસ્કાર અને સ્તુતિ કરવા કરતાં (જુઓ મહાભારત, શાંતિ મોક્ષધર્મપર્વ, અ. ૩૪૦, શ્લોક ૧૦૧) "જે નિર્ગુણ છે, મહાન છે, અજન્મા છે, સર્વના મૂળરૂપ છે, તે નિર્ગુણ પરમાત્માને નમસ્કાર કરો", અને તેમણે બ્રહ્માને અક્ષય-અમૃત ધર્મનું સેવન કરનારા પુરુષોની ગતિરૂપ, નિવૃત્તિધર્મનો આશ્રય કરી યોગનિદ્રામાં શયન કર્યું (જુઓ તે જ અધ્યાયનો શ્લોક ૯૯). તે વખતે બ્રહ્માએ સ્તુતિમાં નારાયણને "मोक्षधर्मानुभाषिते" ।। મોક્ષધર્મનું ભાષણ આપનારા કહેલા છે. અર્થાત્ 'નારાયણે સર્વને મોક્ષધર્મનો બોધ આપેલો છે." વળી જ્યારે બ્રહ્માએ સ્તુતિ ારી ત્યારે (નારાયણ) હયગ્રીવે બ્રહ્માને કહ્યું કે, "મેં તમને જણાવેલા મોક્ષ-ધર્મના પ્રવર્તકોને તમે ઉત્પન્ન કરજો."

(૪૧) શિષ્ય : "तत्त्वमसि"નો અર્થ સમજાવો.

વ્યાસ : નારાયણે નાભિકમળના પંચમુખી બ્રહ્માને "तत्त्वमसि" (એટલે ે તું છે અર્થાત્ આધ્યાત્મિક તત્ત્વ તું છે) એમ કહ્યું. એટલે સમર્થ સદ્‌ગુરુ અનન્ય પવિત્ર શિષ્યને સત્યજ્ઞાન સમર્પિત કરતાં સમયે તે જ ઉપદેશ આપે છે કે, તું આત્મા નથી, ગ્રંથિ નથી, માયા નથી, જડ નથી, પંચમહાભૂત નથી, ેહો નથી અને કર્તા-ધર્તા નથી; આત્માના આત્મદહરમાં નિવાસ કરી રહેલો "તું" અદૃષ્ય, નિષ્પાપ, નિર્લેપ, નિર્દોષ અને મોક્ષની પ્રાપ્તિ કરવા અધિકારવાળો ટસ્થ આત્મબ્રહ્મ (तत्त्वमसि) જ્ઞાન-ચૈતન્ય સ્વરૂપ છે. તારે માત્ર આત્મદહર-

માંથી ખસી જઈ તારા મૂળસ્વરૂપ પરમબ્રહ્મ, જ્ઞાન ચૈતન્ય સ્વરૂપ મોક્ષમા નિવાસ કરવાનો છે અને તે જ તારૂ મૂળવતન અને મૂળસ્થાન છે

"તત્ત્વમસિ" એટલે "તત્-ત્વમ્-અસિ" એટલે તે તુ છે ગૂઢાર્થ એ છે કે, દરેક સાધકે યા યોગીએ પોતાના આત્માના આત્મહૃદયમા રહેલી આત્મ જ્યોતિને પરમજ્યોતિ પરમાત્મા સાથે જોડી દેવામા કલ્યાણ સમાયેલુ છે માયાવી દેહના કલ્યાણની જરૂર નથી, વળી આત્મા કે જે પરમગતિ અને માયામિશ્રિત ગ્રથિ છે તેના કલ્યાણની પણ જરૂર નથી કેમ કે તેના માયાના તત્ત્વો માયામા મળી જવાના છે અને અશુદ્ધ પરમગતિમા ભળી જવાના છે પણ જે શુદ્ધ પરમગતિ તત્ત્વરૂપ આત્મજ્યોતિ છે તેનુ રૂપ રૂપાતર ન હોવાથી પરમાત્મામા વિલીનીકરણ કરવાની જરૂર છે અને તેનાથી જ મોક્ષ થાય છે

(૪૨) શિષ્ય "અયમાત્મા બ્રહ્મ" આ મહાવાકયનો અર્થ સમજાવો

*જવાબ નાભિકમળના પદ્મમુખી બ્રહ્માએ નારાયણને પ્રશ્ન કર્યો કે, જગત તો માયાવાળુ બ્રહ્મ છે, તો આપણે માયાવાળા કે માયા વગરના, કેવા બ્રહ્મ છીએ? ત્યારે નારાયણે પોતાના હૃદય તરફ આગળી કરીને કહ્યુ કે "અયમાત્મા બ્રહ્મ" એટલે આ આત્મા બ્રહ્મ છે ત્યારે બ્રહ્માએ પૂછ્યુ કે આપણામા અને એમનામા ફેર શો? ત્યારે નારાયણે કહ્યુ કે, જગતના મનુષ્યનો જે દેહ છે તે તો માયાવી છે અને એના આત્મામા જે રૂપિયાની બેઆની શુદ્ધતત્ત્વ છે (કે જેની ઉત્પત્તિ પરમાત્મા પરમેશ્વરની ચૌદઆની સત્તાવાળી શુદ્ધ પરમગતિમાથી થાય છે) અને તે શુદ્ધતત્ત્વ બ્રહ્મરૂપે જ છે પરમાત્મા પરમેશ્વર જ્ઞાનચૈતન્યનુ પૂર્ણ સ્વરૂપ છે, જ્યારે જગતના મનુષ્યના આત્માના આત્મદહરમા રહેલી આત્મજ્યોતિમા તો બેઆની જ શુદ્ધતત્ત્વ છે છતા આજના કેટલાક કહે છે કે, આત્મા તે જ બ્રહ્મ યા પરમાત્મા છે પરંતુ તેઓએ વિચાર ન કર્યો કે, ક્યા બેઆની શુદ્ધતત્ત્વ અને ક્યા જ્ઞાનચૈતન્યનું પૂર્ણ સ્વરૂપ પરમાત્મા પરમેશ્વર? આ બેના કદમા, કળામા, ગુણોમા, બળમા, શક્તિમા, સત્તામા અનતગણો તફાવત લાગે છે, તનો વિવેકપૂર્વક વિચાર કીધો જ નથી આ વિષય પર એક દૃષ્ટાત આપવામા આવે છે

દૃષ્ટાત

પૂરણ નામના મહાન યોગેશ્વર ઋષિ હતા તેમનો આશ્રમ ગગા નદીથી થોડે દૂર હતો તેમને શરદ નામનો એક શિષ્ય હતો અને તે બ્રહ્મવાદી હતો શરદ આત્મા તે જ બ્રહ્મ છે એમ માનતો હતો એટલે આત્માના શુદ્ધતત્ત્વની સત્તા ને કળા અને પરમાત્માની સત્તા ને કળા આ બેઉની

ભિન્નતાને તે માનતો ન હતો તેના ગુરુદેવ પૂરણદાસ આ વિષય પર કાંઈ બોલતા નહોતા

એક દિવસે ગુરુદેવે શિષ્યને ચામડાની પખાલ આપી અને કહ્યુ કે, આમા ગગાજળ ભરી લાવ તરત જ શિષ્ય ગગાજળ ભરી લાવ્યો અને ગુરુદેવ સમક્ષ મૂક્યુ

ગુરુદેવે કહ્યુ કે બેટા! આ ગગાજળ નથી

શિષ્યે સોગનપૂર્વક કહ્યુ કે હે પ્રભો! આ ગગાજળ છે

ત્યારે ગુરુદેવે કહ્યુ કે ગગાજળમા તો મોટેથી વધારે નાની, મોટી હોડીઓ દેખાય છે, હજારો માછલા પાણીમા રહે છે, હજારો મનુષ્યો તેમા સ્નાન કરતા નજરે પડે છે, તેના કિનારા પર પવતો, ઝાડો અને નગરો વગેરે દેખાય છે, ત્યાર આ ચામડાની પખાલમા તો કશુ દેખાતુ નથી

ત્યારે શિષ્ય બોલ્યો કે હે ગુરુદેવ! તમારી વાત સદતર સાચી છે ગગાજીમા તો પાણીનો પ્રવાહ બહુ જ મોટો છે અને તેના કિનારા પર નગરો અને પર્વતો આવ્યા છે, પણ આ ચામડાની પખાલમા ગગાજીના અનત પ્રવાહનો બહુ જ નાનામા નાનો હિસ્સો છે એટલે તેમા આવી બધી વસ્તુઓ સભવે નહીં

ત્યારે ગુરુદેવે યથાર્થ બોધ આપી સમજાવ્યુ કે બેટા શકર! તેવી જ રીતે દિવ્ય ગગાજીરૂપ જ્ઞાનચૈતન્યસ્વરૂપ પરમાત્મા પરમેશ્વર છે અને મનુષ્યના આત્મામા રૂપિયાની બેઆની પરમાત્માની શુદ્ધ પરમગતિનુ નિર્મળ તત્ત્વ રહેલુ છે તે ચામડાની પખાલના ગગાજળ સમાન છે જેમ ચામડાની પખાલના ગગાજળમા નગરો, પવતો, માછલાઓ, હોડીઓ, સાધુઓ વગેરે દેખાતા નથી, તેમ મનુષ્યના આત્માની આત્મજ્યોતિમાં પરમાત્માની અનત કળાઓ દેખાતી નથી એટલુ જ નહિ પણ સભવતી નથી અલબત્ત, આત્મામા જે આત્મતત્ત્વ રહેલુ છે તે પરમાત્માની સ્વજાતિ છે, પણ તેની કળા, શક્તિ, બળ, સત્તા, ઇ૰, ગુણો અને કર્તવ્યમા અનતગણી ભિન્નતા ખુલ્લી દેખાય છે માટે સ્પષ્ટ રીતે જણાઈ આવે છે કે, આત્મા તે બ્રહ્મ છે જ નહીં, પણ દરેક આત્મામા જે બે આની શુદ્ધતત્ત્વ છે તે બ્રહ્મરૂપે છે તેથી જ એને "કૂટસ્થબ્રહ્મ" કહે છે

વળી ગુરુદેવે વધારામા કહ્યુ કે હે શકર! જો તુ આત્મા અને પરમાત્માની શક્તિમા તફાવત જોતો જ ન હોય તો તુ જણાવ કે "આત્મા" શબ્દની પહેલા "પરમ" શબ્દ શા માટે ન જોડવામા આવ્યો? શા માટે "પરમ" શબ્દને વિખૂટો પાડીને ખાલી "આત્મા" શબ્દ મહાન યોગીમુનિઓએ જણાવ્યો? જેમ એક પિતા તેના પુત્રને કહે કે, હુ તારો બાપ છુ પણ જો પુત્ર સામો જવાબ

આપી તેના પિતાને કહે કે, હુ તારો બાપ છુ તો પુત્રનો એ ખુલ્લો અવિવેક છે તેવી જ રીતે અવિવેકી લોકો કહે છે કે આ આત્મા એ પરમાત્મા જ છે તે વિષે "બ્રહ્મવાદ ખડન"મા સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે જણાવ્યુ છે કે.

(છપ્પા)

"अहब्रह्मास्मि" વેણુ, વેદ નારાયણુ બોલે,
તેનુ કહેવું કહેવુ, કહીને થયા બ્રહ્મ તોલે
બાપ કહે હુ બાપ, સાભળી સૂત કહે છે,
બાપ બને તે આપ, પાપ પોતે શિર લે છે
ન વિચાર વેદ વેણુને, હુ છુ બ્રહ્મ કહેતા ફરે,
કરો વાદ "વલ્લભ વ્યાસ"થી, ત્યારે તો બ્રહ્મ જ ખરે ૧

બ્રહ્મ સદા સર્વજ્ઞ, તમે સર્વજ્ઞ જ ક્યા છો?
અતર્યામી બ્રહ્મ, તમે તેવા શામાં છો?
સર્વશક્તિવાન, વળી અચળિત છે એ તો,
નિરજન, નિર્લેપ, નિરાધાર બ્રહ્મ જ તે તો
તેમાના લક્ષણ એક બે, જો દેખાડો તો ખરા,
નહિ તો ભોળિયા લોકને, શીદ નાખો ઊંડા ધરા ૨

(સાખીઓ)

"एकमेवाद्वितीय ब्रह्म", વેદનું મહાવાક્ય ગણાય,
કેવળ પરમેશ્વર એક જ છે, અનુભવથી સિદ્ધ થાય ૧
"अहब्रह्मास्मि" મહાવાક્ય, કેવળ ઉચ્ચારે વિશ્વેશ્વર,
વગર પુરુષાર્થે વધી પડ્યા, વલ્લભ સંસારમા પરમેશ્વર ૨
જીવની કળા, ગુણ, શક્તિને, સરખાવો વિશ્વેશ્વર સાથ,
માનવ આત્મા છે જલબિંદુ, મહાસાગર છે વિશ્વનાથ ૩

શકરે કહ્યુ કે પ્રભો! તમે મારુ અજ્ઞાન દૂર કર્યું "આત્મા" શબ્દ આગળથી "પરમ" શબ્દ નીકળી ગયો, તે જ આત્મા અને પરમાત્માની ભિન્નતા પુરવાર કરે છે

(૯૩) શિષ્ય "सर्वं खल्विद ब्रह्म" આ મહાવાક્યનો અર્થ સમજાવો

ગાન પ્રકૃતિથી આરભીને મહાભૂત પર્યંતની ૨૪ અને ગ્રથિતત્ત્વ સહિત ૨૫ તત્ત્વવાળી સૃષ્ટિ તે અટ્રષ્ટ ઈશ્વરની સૃષ્ટિ છે તેમા પ્રત્યેક આત્મામાં બ્રહ્મ અતર્યામી હોવાથી "सर्वं खल्विद ब्रह्म" (સામવેદીય છાદોગ્યોપનિષત્, પ્રપાઠક ૩, ખડ ૪, મત્ર ૧) સર્વ જીવોને, દેવોને, ઈશ્વરોને અને સમગ્ર વિશ્વ તથા બ્રહ્માડને બ્રહ્મ છે એમ કહેલુ છે તે બ્રહ્મસૃષ્ટિ જોઈને બધનકર્તા

નથી તે સૃષ્ટિમા વસનારો ક્ષેત્રજ્ઞ આત્મા કોઈ રીતે બધન પામતો નથી, કેમ કે તે બ્રહ્મમય હોઈ માયારહિત છે પરન્તુ જ્યારે તેને વિષયો, ઇંદ્રિયો અને મનોબુદ્ધિથી ઉત્પન્ન થયેલી જીવની મોહકવૃત્તિ વડે (આ મારુ ઘર છે, આ મારી જમીન છે, આ મારી સ્રી છે, આ મારો પુત્ર છે, આ મારુ ધન છે, આ મારુ શરીર છે, હુ ધનવાન, વિદ્વાન, બુદ્ધિમાન વા જ્ઞાની છુ ઇત્યાદિ અહ ભાવ અને મમભાવવાળી જીવાત્માની મોહક સૃષ્ટિ જીવાત્માને બધનનુ કારણ છે, તે વળગે છે તેથી) દરેક આત્મા મોહ અને અપેક્ષાથી બધાયેલો છે વધારામા જુઓ પ્રકરણ ૧૭, પ્રશ્ન ૨૮મા ખુલાસો કર્યો છે

(૪૪) શિષ્ય શ્રીકૃષ્ણપ્રભુને પુરુષોત્તમ કહેવાનુ કારણ શુ?
વ્યાસ શ્રીકૃષ્ણપ્રભુએ ભગવદ્ગીતામા કહ્યુ છે કે

ये त्वक्षरमनिर्देश्यमव्यक्त पर्युपासते ।
सर्वत्रगमचिंत्य च कूटस्थमचल ध्रुवम ॥
सनियम्येंद्रियग्राम सर्वत्र समबुद्धय ।
ते प्राप्नुवति मामेव सर्वभूतहिते रता ॥

(શ્રીમદ્ ભગવદ્‌ગીતા, અધ્યાય ૧૨, શ્લોક ૩ ને ૪)

જેઓ અનિર્દેશ્ય, સર્વવ્યાપી, અચિત્ય અને કૂટસ્થ, અચળ એવા અક્ષરની ઉપાસના ઇંદ્રિયોનો સયમ કરી, સર્વત્ર સમબુદ્ધિ રાખીને કરે છે, તેઓ પણ "મને જ પ્રાપ્ત થાય છે" અર્થાત્ "અક્ષર" એટલે "અક્ષરધામ" અને પોતે અક્ષરથી ઉત્તમ એટલે પુરુષોત્તમ છે પરતુ તેમનુ "પરમધામ તે જ અક્ષરધામ" છે, અને જેમ ધામ કરતા ધામી શ્રેષ્ઠ છે, તેમ "અક્ષર" કરતા "પુરુષોત્તમ" શ્રેષ્ઠ કહ્યા છે એટલે કૃષ્ણપ્રભુનો આત્મા (નારાયણમાનો અશાવતાર હોવાથી) પુરુષોત્તમ છે પણ સર્વોત્તમ નથી તેમ જ તે અક્ષરથી ભિન્ન નથી, તેથી લોક વ્યવહાર અને વેદમા પણ "પુરુષોત્તમ" નામથી પ્રસિદ્ધ છુ, એમ કહ્યુ છે

(૪૫) શિષ્ય નારાયણ જ્યારે અર્ધજાગ્રત અને અર્ધસ્વપ્ન અવસ્થામાં પોતાનામાથી જગતને ઉત્પન્ન કરે છે ત્યારે તેમના સ્વરૂપમા ઘટ થાય છે કે?

વ્યાસ જગતનિયતા ભગવાન નારાયણ જગત પોતામાથી ઉત્પન્ન કરતા પહેલા પૂર્ણ હતા, ઉત્પન્ન થયા પછી પૂર્ણ રહે છે અને સૃષ્ટિનો લય થઈ તેમનામા સમાય ત્યારે પણ પૂર્ણ હોય છે અર્થાત્ સૃષ્ટિના જવાથી તેમનામા અપૂર્ણતા આવતી નથી અને સૃષ્ટિના સમાવાથી તેમનામા પૂર્ણતા થતી નથી

(૪૬) શિષ્ય શા માટે મુમુક્ષુને નોક્ષપ્રાપ્તિ પહેલા તેમ જ પરમાત્મામા નિમગ્ન થવા પહેલા નારાયણની ઉપાસના કરવાની હોય છે, તે જણાવો

વ્યાસ શ્રીકૃષ્ણયજુર્વેદીય તૈત્તિરીયોપનિષત્, શિક્ષાધ્યાય ૧, અનુવાક ૪, મત્ર ૧મા કહ્યુ છે કે

**यश्छन्दसामृषभो विश्वरूपः ।**

આ અક્ષરબ્રહ્મ-નારાયણ વિશ્વના પતિ, વિશ્વરૂપ તેમ જ સૌના નિયામક છે અને વિશ્વમા પ્રવેશવાના તથા મોક્ષમા મળવાના સેતુ એટલે મોક્ષના દ્વારરૂપ છે અર્થાત મોક્ષપ્રાપ્તિના સાધન અને સેતુરૂપ અક્ષરબ્રહ્મ-નારાયણ હોવાથી તે માયાના અધિષ્ઠાતા છે, માયામા રહેલા છે છતા અક્ષરબ્રહ્મ માયાના તાબેદાર રૂપે નથી પણ માયાના માલિકરૂપે છે તેવી રીતે દૃષ્ટા બનેલા આત્માને માયાનો તાબેદાર ન થવા દેતા માયાનો માલિક બનાવનાર અને માયાના મોહથી પર રાખનાર હિરણ્યગર્ભ-નારાયણ હોવાથી મુમુક્ષુ પોતાના મહાકારણ દેહ વડે ૐ એવા અક્ષરબ્રહ્મથી મોક્ષપ્રાપ્તિ તથા પરમાત્મામા નિમગ્ન થતા પહેલા ૐ વડે નારાયણની ઉપાસના કરે છે, તેથી "गुरु साक्षात् परब्रह्म" આત્માને જ્ઞાનચક્ષુ આપનાર પરબ્રહ્મ-નારાયણને ગુરુ માનેલા છે

(૪૭) શિષ્ય રામ, કૃષ્ણ વગેરેને પરમેશ્વર ગણી શકાય?

વ્યાસ તમારા પ્રશ્નનો જવાબ "પરમાત્મા પરમેશ્વર" પ્રકરણના સવાલ ૧૯મા સપૂર્ણપણે આપ્યો છે પરતુ તેના અનુસધાનમા જણાવીએ છીએ કે

**भक्त्या निर्वाणरूप तु लभते मोक्षमुत्तमम् ॥**

(શિવગીતા, અધ્યાય ૧૫, શ્લોક ૧)

નિર્વાણરૂપ પરમાત્માની ભક્તિથી ઉત્તમ મોક્ષ પ્રાપ્ત થાય છે, એમ શકર ભગવાને પ્રભુ રામચદ્રજીને ઉપદેશ આપતા કહ્યુ છે આ પરમાત્માને "**वेदान्ते परम गुह्य**" ॥ (શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત, અધ્યાય ૬, મત્ર ૨૨) વેદાતના જ્ઞાનમા અત્યત શ્રેષ્ઠ અને ગુહ્ય કહ્યો છે તેનુ જ્ઞાન મેં તમને સમજાવ્યુ છે હવે તમે સમજશો કે "જે માયાથી રહિત છે, દ્વદ્વથી રહિત છે, જે જન્મ મૃત્યુના ફેરામા કદાપિ આવતો નથી, જે કોઈ પણ સમયે જન્મ ધરતો નથી, જે સર્વનો પિતા છે, જે કોઈનો પુત્ર બનતો નથી, જે કોઈનાથી ઉત્પન્ન થતો નથી, જે માયાવી દેહ ધરતો નથી, જે માયાવી દેહોના અવયવોવાળો છે નહિ અને થતો નથી, જેને સ્ત્રી પુત્રાદિ દ્વદ્વો નથી અને જે સ્ત્રી પુત્રાદિ દ્વદ્વ વાળો થતો નથી, જેને કોઈ દિવસ હર્ષશોક થતો નથી, જે કોઈ પણ સમયે નાનો મોટો થતો નથી, જે બાળક, યુવાન કે વૃદ્ધ થતો નથી, જે મૃત્યુ પામતો નથી, જે મનુષ્યના જેવો લિંગવાચક નારી યા નર થતો નથી, જે કોઈ ઉપર રિઝાતો કે ખિજાતો નથી, અને જેની ઉપાસનાથી જન્મ મૃત્યુને, હર્ષ-શોકને અને

સસારને યોગી આત્મા તરી જાય છે તેને જ પરમાત્મા, પરમેશ્વર, મોક્ષ મનાય છે તે સિવાય જે માયાવી હોય, જે બાળક, યુવાન અને વૃદ્ધ થતા હોય, જે જન્મ મૃત્યુના ફેરામા આવતા હોય, જેમને હર્ષ શોક, ગ્લાનિ થતા હોય, જે સુખથી હાસ્ય અને દુ ખથી કલ્પાત કરતા હોય, જે મારુ તારુ માનતા હોય, જેમના મૃત્યુ થતા હોય, જેમનો દેહ, અવસ્થા નાશ પામતા હોય, જે અવિચળ રહેતા ન હોય, જે એકબીજા સ્થળે જતાઆવતા હોય, જે કોઈનો આવાર, કોઈની કળા, કોઈનો કળા અશ, કોઈની મદદ મેળવીને કાઈ પણ કરતા હોય, તેવા પગશ્રયી પગધારીને કોઈને પરમેશ્વર કહેવાય જ નહીં માટે બ્રહ્મા, વિષ્ણુ, શિવ, શક્તિ, રામ કૃષ્ણાદિ અશાવતારી પુરુષો ઈશ્વર છે પણ તેઓ પરમેશ્વર નથી" તેમ જ નારાયણ વિશ્વેશ્વર છે, પણ તે પરમાત્મા નથી કેમ કે તેઓ માયાવાળા છે, માયામા રહેલા છે, સ્ત્રી પુત્રાદિ દ્વદ્વોવાળા છે, હર્ષ શોક તથા દુ ખ-સુખના ભાજન થનારા અને જન્મ મૃત્યુ ભોગવનારા તથા બાળક, યુવાન અને વૃદ્ધ થનારા છે માટે તેમને પરમેશ્વર, પરમાત્મા મનાય જ નહીં ટૂકમા, માયા વાળાને ઈશ્વર અને વિશ્વેશ્વર કહ્યા છે, પરતુ માયાતીતને જ પરમેશ્વર, પરમાત્મા અદ્વયબ્રહ્મ કહ્યા છે ઇંદ્ર, સૂર્યાદિ દેવો કરતા ઈશ્વરો ઉચ્ચકોટિના છે પરતુ પરમેશ્વર પરમાત્મા તો તેમના કરતા અતિ ઉચ્ચ કક્ષાનો છે

(૪૮) શિષ્ય દેશ, પ્રદેશ, વિદેશ અને ઉપદેશ કોને કહેવામા આવે છે?

વ્યાસ . દેશ એટલે સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ (હાલ માનેલો દેશ)

પ્રદેશ એટલે અકારમા ઈશ્વરકોટિના બ્રહ્મા, વિષ્ણુ, શિવ, શક્તિના પોતાના લોકો સહિત સ્થાન છે તે

વિદેશ એટલે અર્ધમાત્રામા નારાયણ, અક્ષરબ્રહ્મ, ગોલોક તથા નાભિ-કમળના બ્રહ્મા સહિત છે તે

ઉપદેશ એટલે ચિદ્રુપ પરમાત્મા, પરમેશ્વર, અખડાન"

આત્માનો દેશ એટલે આત્માની ઉત્પત્તિનુ મૂળસ્થાન જે પરમેશ્વરની ગતિ (પરમાત્માની ચૌદ આત્મકળાવાળી શુદ્ધ પરમગતિ) છે, તેને અનત જ્ઞાનીપુરુષોએ આત્માનો દેશ માની "ઉપદેશ"ની વ્યાખ્યા કરેલી છે, અને તેને આત્માનુ વતન માની મોમને મૂળવતન માન્યુ છે પ્રત્યેક આત્માનો સ્વભાવ ભૂલી જવાનો હોવાથી તે બધુ ભૂલી ગયો છે મૂળ તત્ત્વજ્ઞાન આત્મામા પવિત્રતા ન હોવાથી વિસરાઈ ગયુ છે તેથી મનુષ્ય ફાવે તેમ બોલે છે, પરતુ જયા બેસીને આત્માના મૂળ પિતા પરમેશ્વરના દર્શન થાય અગર તે પરમગતિના (મન્તરો પાસે બેસીને) પરમેશ્વરના દર્શન કરાય તેને ઉપ + આસન = ઉપાસન માનેલું છે

જગલ કે નિર્જન એકાન સ્થાન એ ધ્યાન માટે "દેશ" નથી, પરન્તુ જ્યા ચિત્તત્ત્વતી એટલે માયાની કોઈ પ્રકારે અસર નથી ત્યા રહીને અર્થાત શુદ્ધ પરમગતિમા રહીને ધ્યાન થાય તેનુ જ નામ "દેશ" છે આ દેશનો તાત્ત્વિક અર્થ છે

(૪૯) શિષ્ય વિભૂતિ આત્માઓ સસારમાથી છૂટયા બાદ ક્યા જાય છે?

વ્યાસ દરેક વિભૂતિ આત્માઓ, એક જન્મમાથી છૂટીને અર્ધમાત્રામા નારાયણના પગ નીચે, પ્ર દ ન ૩૯માં "દેહમાયા રહિત, નિત્યયુક્ત, બ્રહ્મ, વિભૂતિ આત્મા"નુ જે સ્થાન બતાવેલ છે તે "બ્રહ્મરધ્ર"મા જઈને રહે છે તે પાછા યોગ્ય સમયે સસારમાં આવે છે અને પોતાનુ કર્તવ્ય પૂર્ણ કરીને કર્મરહિત બને ત્યાર જ મોક્ષે જાય છે

આ સવાદની વચ્ચે એક બીજા શિષ્યે એવો પ્રશ્ન કર્યો કે વિભૂતિ આત્માની સમજૂતી જણાવો

વ્યાસ દરેક યુગમા ઈશ્વરાવતારને મદદ કરવા વિભૂતિ આત્મા આવે છે તે વિભૂતિ આત્મા જન્મ લઈને દરેક દ્વાપરયુગમા અશાવતાર માટે કાર્યક્ષેત્ર તૈયાર કરે છે એટલે કે તે વિભૂતિ આત્માઓ મુખદ્વારા વા પુસ્તકો દ્વારા વા શિષ્યો દ્વારા જનતામા જ્ઞાનમાર્ગનો અને ઈશ્વરીભક્તિનો પ્રચાર કરે છે ભાગવત સ્કધ ૧, અધ્યાય ૩, શ્લોક ૨૮મા કહ્યુ છે કે, સર્વ અવતારોમાં કેટલાક ભગવાનના અશરૂપ છે શ્રીકૃષ્ણપ્રભુ સોળેકળા પૂર્ણ હોવાથી સાક્ષાત્ નારાયણ સમાન છે અને નારાયણની આજ્ઞાથી થતા કેટલાક અવતારો વિભૂતિરૂપ છે અશાવતારી ઈશ્વરને અનેક મહાન કાર્યો કરવાના હોય છે, તે પ્રમાણે તેઓ માયાની કળા શક્તિના અશ લઈને અવતાર ધારણ કરે છે તેથી રામચંદ્ર પ્રભુને કાર્ય પ્રમાણે માયાની ૧૫ કળાઓ પ્રાપ્ત થયેલી હતી અને શ્રીકૃષ્ણપ્રભુને ૧૬ કળાઓ પ્રાપ્ત થયેલી હતી ૧૬મી "મનહર કળા" એટલે બળ-બુદ્ધિ ખેંચી લેવાની આકર્ષણ શક્તિ શ્રીકૃષ્ણપ્રભુએ તે કળા ચોસઠમુખી બ્રહ્મામાથી (જુઓ પ્ર દ ન ૬૯ ને ૭૦) પ્રાપ્ત કરેલી તે પ્રભુ રામમા ન હતી કેમ કે તેમને મનહરકળાની જરૂર પડે તેવા કાર્યો કરવાનાં ન હતા રામચંદ્રના વખતમા વશિષ્ઠજી વિભૂતિ આત્મા હતા, અને તેઓ વિજ્ઞાનના ભડાર હતા

જેવી રીતે રામના વખતમા વશિષ્ઠજી વિભૂતિ આત્મા હતા, તેવી રીતે શ્રીકૃષ્ણપ્રભુના વખતમા વેદવ્યાસ વિભૂતિ આત્મા હતા

આવા વિભૂતિ આત્માઓ ત્રણ પ્રકારે જન્મ લે છે (૧) નારાયણની આજ્ઞા પ્રેરણાથી, (૨) તેઓ વિભૂતિ આત્માની પ્રબળ ઇચ્છા અથવા ના છૂટકે અને (૩) પોતાના વ સન બધનથી અ ર તો પોતાની કર્મભૂમિમા માર્ગ કરવાની

ઈચ્છા થાય ત્યારે આ ત્રણમાના ગમે તે કારણથી વિભૂતિ આત્માઓ જગતમા આવે છે, પોતાનુ અવિરળ કાર્ય કરે છે અને મોક્ષપ્રાપ્તિ સુધીના પૂર્ણ સત્કર્મો કર્યા, કરાવ્યા બાદ વિશ્વથી મુક્ત થાય છે પરતુ જ્યા સુધી તેમનું કાર્ય પૂર્ણ ન થયુ હોય ત્યા સુધી તેઓ સસારમાથી પાછા અર્ધમાત્રાની નીચે વિભૂતિ સ્થાનમા યાને બ્રહ્મરધ્રમા (જુઓ પ્ર દ ન ૩૯) રહે છે અને ત્યા માયામા હોવા છતા સર્વદા માયાથી મુક્ત, બ્રહ્મદશામા અને પરમાત્મધ્યાનમા નિમગ્ન રહે છે અર્થાત્ અશાવતારી ઈશ્વરોને ઘણે ભાગે વિભૂતિ આત્માની સહાય લેવી જ પડે છે (શ્રીકૃષ્ણયજુર્વેદીય કઠકોપનિષત, વલ્લી ૨, શ્લોક ૨૨–૨૩) તે વિભૂતિ આત્મા શરીરોમા રહેવા છતા શરીરોથી મુક્ત, અનિત્ય માયાવી પદાર્થોમા રહેવા છતા નિત્ય, અર્થાત કર્મો કરવા છતા કર્મબધનોથી, પ્રારબ્ધથી, જન્મ મૃત્યુથી વા ગર્ભાવાસના દુખોથી, સ્ત્રીઓના મોહથી, લખચોરાશીથી અને જન્મજન્માતરોના બધનોરૂપી અનિત્ય તત્ત્વોથી વિમુક્ત રહે છે જગતમા વસનાર, આવનાર માનવ આત્માઓ કરતા આત્મિકશક્તિ વડે મહાન એવા વિભૂતિ અર્થાત "વિભૂ" એટલે કલ્યાણ કરનાર આત્માને જાણીને ધીર અર્થાત્ જ્ઞાની, ધ્યાની, યોગી, બ્રહ્મનિષ્ઠ પુરુષ લૌકિક વિચારો અને આત્મકલ્યાણની ચિંતા કરતા નથી કેમ કે વિભૂતિ આત્મા અનેકનુ કલ્યાણ કરવા માટે જ જન્મે છે અને તેઓ એક યા વધુ જન્મો લઈને અનેક આત્માઓનું કલ્યાણ કરીને પછી જ પોતાના કલ્યાણ માટે મોક્ષગમન કરે છે એટલે જ્યા સુધી વિભૂતિ આત્મા પોતાના કર્તવ્યનુ પાલન કરી પરવારતા નથી, ત્યા સુધી તે આત્મા બ્રહ્મદશામા રહેતા હોવા છતા તથા મોક્ષના અધિકારી હોવા છતા મોક્ષમા જતા નથી તેથી ધૈર્યવાન, જ્ઞાની પુરુષો પોતાના આત્મકલ્યાણની જવાબ દારી આવા વિભૂતિ આત્માને સોપ્યા પછી પોતાના કલ્યાણની કોઈ ચિંતા કરતા નથી કેમ કે તેઓના આત્માનો અવશ્યમેવ મોક્ષ થશે એમ તેઓ નિશ્ચય માને છે આ વિભૂતિ આત્મા પ્રવચન (વ્યાખ્યાનો, ઉપદેશો, બોધ અને વૈદિક ક્રિયાની સિદ્ધિ), મેધા (અનેક ગ્રથોના અર્થ, હેતુ અને ભાવાર્થો જાણવા) વડે, તેને (અર્થાત વિભૂતિ આત્મા કે જે જાણવા યોગ્ય છે, છતા તે) પ્રાપ્ત કરતો નથી વેદોના, દર્શનોના, વેદાતના અને ઉપનિષદોના પઠન પાઠનાદિથી તથા સમથ અને તીવ્ર બુદ્ધિ વડે તેમના અર્થ રહસ્ય સમજવાથી તથા સેવાપૂજા કરવાથી પણ વિભૂતિ આત્માની કૃપા મળતી નથી કેમ કે ઉપનિષદો વગેરે ગ્રથોના શ્રવણ વડે તે પ્રાપ્ય નથી, તેથી બ્રહ્મનિષ્ઠ ગુરુના શુદ્ધ, સરળ ઉપદેશ વિના વેદોપનિષદોના શ્રવણથી, સેવાથી, ધનથી કે કોઈ વસ્તુથી વિભૂતિ આત્મા જોઈના પર પ્રસન્ન થઈ કોઈને આશીર્વાદ આપતો નથી

હવે તે વિભૂતિ આત્માને શી રીતે પોતાનો કરી શકાય અને તે શી રીતે કૃપા કરે? જ્યારે કોઈ સંસારી આત્મા પોતાના મન-બુદ્ધિયુક્ત આત્માનું વિભૂતિ આત્માને ચરણે સમર્પણ કરે તથા સમર્પણ કરી અભિન્ન રૂપ બને અને તેનું નિત્ય ચિંતન, ભજન, ધ્યાન, પ્રાર્થના કરે તો તે વડે મોક્ષાશીર્વાદ ખચીત પ્રાપ્ત થાય છે, અને વિભૂતિ આત્મા કૃપા કરીને સત્ય આશીર્વાદ આપે છે અર્થાત કોઈ સાધક પુરુષ કોઈ વિભૂતિ આત્માને ચાહે છે, તે તેને જાણવા, સમજવા તત્પર થાય છે આવા નિષ્કામ, નિર્લેપ વિભૂતિ આત્માને જે કલ્યાણરૂપ સમજી આત્મતત્ત્વ (એટલે આત્મજ્યોતિ) વડે જાણે છે, તેની આત્મપૂજા કરે છે, તેને તે આત્મજ્ઞાન, અધ્યાત્મજ્ઞાન, પરમાત્મજ્ઞાન અને યોગબળ આપીને પરમ કલ્યાણની ગુપ્ત ચાવીઓ બતાવીને પરમાનંદ સ્વરૂપનો અર્થાત આત્માના મૂળસ્વરૂપ પરમ જ્યોતિના પરમપ્રકાશનો (પરમાત્મા-મોક્ષનો) અધિકારી બનાવી છેવટે જ્ઞાનજ્યોતિનો પરમપ્રકાશ આપે છે અંશાત્મા (એટલે ઈશ્વરી અવતારો) માત્ર પાપમુક્ત કરી વૈકુંઠ, કૈલાસ કે અક્ષરધામની સદગતિ આપી શકે છે ત્યારે વિભૂતિ આત્મા તેથી ઉચ્ચ એવી મોક્ષગતિ આપે છે તેથી વિભૂતિ આત્માના ચરણશરણમાં ગયેલો સત્યનિષ્ઠ આત્મા નિઃશંક મોક્ષ પ્રાપ્ત કરે છે માટે જેણે વિભૂતિ આત્માની કૃપા મેળવી, તેણે પરમેશ્વરની કૃપા દયા મેળવી, તથા જે વિભૂતિ આત્માનો પ્રિય બન્યો તે પ્રભુનો પ્રિય બન્યો સમજવું.

(૫૦) શિષ્ય અવતારી પુરુષો કયા સ્થાનેથી ઉત્પન્ન થાય છે?

ધ્યાન આદિનારાયણ ભગવાનનું સ્વરૂપ સર્વ અંશાવતારોના મૂળસ્વરૂપ રૂપ છે કે જ્યાંથી તેઓ જન્મ લઈને સંસારમાં આવે છે, અને પોતાનો દેહ છોડયા પછી તે નારાયણમાં જ જાય છે અને તેમની હૃદયગુહામાં સમાય છે આ રીતે દેહમુક્તિ પછીનું અને પ્રલય વખતે અંશાવતારોને પ્રવેશ કરવાનું સ્થાન વિશ્વેશ્વર નારાયણ છે અર્થાત્ "નારાયણ અંશાવતારી ઈશ્વરોનું ઉત્પત્તિસ્થાન અને લયસ્થાન નારાયણ છે, તેથી નારાયણમાંથી શ્રીકૃષ્ણપ્રભુ તથા રામચંદ્ર ભગવાન અને બીજા અવતારી ઈશ્વરો ઉત્પન્ન થયા છે" તેમ જ તમામ અવતારી પુરુષો નારાયણમાંથી જ ઉત્પન્ન થાય છે શ્રીમદ ભાગવત, સ્કંધ ૧, અધ્યાય ૩, શ્લોક ૧માં નારાયણના સ્વરૂપનું વર્ણન કરતાં જણાવ્યું છે કે ભગવાન નારાયણને હજારો ચરણ, હજારો સાથળો, હજારો ભુજાઓ અને હજારો મુખાથી અદ્ભુત છે તથા જેને હજારો કાન હજારો નેત્રો, હજાર નાસિકા અને હજાર મસ્તક છે, તેથી હજારો મુકુટો, વસ્ત્રો તથા કુંડળોથી તે શોભાયમાન છે અને યોગીઓ તે સ્વરૂપનો વિશાળ જ્ઞાનદૃષ્ટિથી સાક્ષાત્કાર કરે છે તે આદિ નારાયણ સ્વરૂપ પ્રવેશ વેળા તથા પોતાનું કાર્ય પૂર્ણ કરી પાછા ફરેલા અંશાવતારો

માટે પ્રવેશ કરવાનું સ્થાન છે. તે અવિનાશી છે અને તે સ્વરૂપના એક એક અંશના અંશ વડે દેવો, પશુ, પક્ષીઓ અને મનુષ્યાદિ સરજાય છે, તથા એક અંશ વડે બ્રહ્મા, વિષ્ણુ, શિવ, શક્તિ ઈશ્વરો સરજાય છે અને એક અંશ વડે અંશાવતારી ઈશ્વર સરજાય છે.

જગતમાં જેટલું દેખાય છે, સંભળાય છે, તે બધામાં નારાયણ વ્યાપ્ત છે. અને શ્રીકૃષ્ણપ્રભુ તે નારાયણમાંથી આવેલા હોવાથી તેમને વિશ્વેશ્વર તેમ જ પ્રણવરૂપ કહેલા છે.

(૫૧) શિષ્ય : અંશાત્માઓનો મોક્ષ થાય છે કે?

વ્યાસ : હા, અંશાત્માઓનો મોક્ષ થાય છે. પુણ્યબળથી અંશાત્માઓ ભૂલોકમાં રહીને આત્મોદ્ધારનું યા મોક્ષપ્રાપ્તિનું સત્કર્મ કરે છે, તેઓ દેહ છોડીને નારાયણમાં જ જાય છે પરંતુ જ્યારે આત્યંતિક પ્રલય થાય ત્યારે વેદ-વક્તા અક્ષરબ્રહ્મ "ॐ સોઽહં" (જુઓ પ્ર. ૬. નં. ૨૩) ઓમ્કારના તમામ જીવાત્માઓ સહિત હું એકરૂપ થઈ જાઉં, એવી ઇચ્છા અને વાણી ઉચ્ચારવાથી સમગ્ર વિશ્વ તેમનામાં ભરાવા માંડે તે જ વખતે જે અંશાત્માઓ ભૂલોકમાં આવી મોક્ષનું જ્ઞાન, ધ્યાન, યોગ, શક્તિ પ્રાપ્ત કરી મોક્ષાધિકારી બન્યા હોય તે આત્માઓ નારાયણના હૃદયમાંથી નીકળી જઈ મોક્ષમાં ચાલ્યા જાય છે. આ રીતે અંશાત્માઓનો પણ મોક્ષ થાય છે.

(૫૨) શિષ્ય : નારાયણને સહસ્ત્રગ્રંથિ કહેવાનું શું કારણ? ॐકારની દરેક પૃથ્વી કેટલા પ્રમાણમાં ઊંચી છે? તે જણાવો.

વ્યાસ : અક્ષરબ્રહ્મ-નારાયણના હૃદયકમળમાં પોતાના આત્મા સિવાય બીજા નવસોનવાણું આત્માઓ રહેલા હોઈ તેમને સહસ્ત્રગ્રંથિ યાને હજાર આત્મા કહેલા છે.

ॐ सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात् ।
स भूमिं सर्वतः स्पृत्वात्यतिष्ठद्दशाङ्गुलम् ॥
(વૈદિક પુરુષસૂક્તમ્ ૧)
सहस्रशीर्षं देवं विश्वाक्षं विश्वशम्भुवम् ।
विश्वं नारायणं देवमक्षरं परमं पदम् ॥
(નારાયણોપનિષત્, શ્લોક ૧૩)

અર્થ : જે હજારો માથાવાળા છે, હજારો નેત્રવાળા અને હજારો પાદવાળા છે; તે પૃથ્વીઓને સર્વ તરફથી સ્પર્શ કરીને તેનાથી વિરાટ સ્વરૂપના દશ આંગળ ઊંચા છે. અર્થાત્ ઉકારની પૃથ્વીથી મકારના સ્વર્ગની પૃથ્વી, મકારની પૃથ્વીથી અકારના ઈશ્વરકોટિની પૃથ્વી, અકારની પૃથ્વીથી અક્ષરધામની પૃથ્વી અને

અક્ષરધામની પૃથ્વીથી નારાયણ સ્વસ્વરૂપે પોતાના વિરાટ સ્વરૂપના દશ આગળ ઊંચા છે આ રીતે દરેક પૃથ્વી નીચની પૃથ્વી કરતા વિરાટના દસ આગળ ઊંચી છે તે હજાર માથાવાળા દેવ નારાયણ વિશ્વના નેત્ર, વિશ્વના શભુ, વિશ્વનારાયણ, અક્ષર વિશ્વથી પર છતા નિત્ય વિશ્વરૂપ તેમ જ વિશ્વમાનું પરમ (શ્રેષ્ઠ) ૫૦ છે જગતમા જેટલુ દેખાય છે, સભળાય છે, તે બધામા નારાયણ વ્યાપ્ત છે

(૫૩) શિષ્ય અક્ષરને નિષ્ક્રિય બ્રહ્મ શા માટે કહ્યુ?

વ્યાસ "ક્ષર" એટલે નાશવત માયા મોહનો સંસાર અને "અક્ષર" એટલે નાશવત વિશ્વનુ તત્ત્વ સર્વનો નાશ થયા છતા જે અવિનાશી અને કાયમ રહે છે છતા તે અસત્‌મા સત્‌રૂપે અને સત્યમા અસત્‌રૂપે છતા સત્યાનત્ય મિશ્રિત બને રૂપો દેખાય તેવુ નાશી છતા અવિનાશી અને અવિનાશી છતા નાશી એવુ મિશ્રિત તત્ત્વ તે "અક્ષર" છે, અને તે અક્ષરને યોગમાર્ગે "નિષ્ક્રિય બ્રહ્મ" કહ્યા છે કેમ કે તે કોઈને સહાય કરતા કે દોરતા નથી અને તે નિષ્ક્રિય હોવાથી ગમે તેટલી સ્તુતિ કરવા છતા ત્યાંથી (અર્ધમાત્રાથી) કોઈને સહારો અપાતો ન હોવાથી તેમ જ અક્ષરતત્ત્વ કોઈને અક્ષરાતીત (એટલે પરમાત્મા) સુધી ચઢાવવા કે કોઈને ક્ષરમા નાખવા તત્પર હોતુ નથી તેથી જેમ સ્વેચ્છાથી ગ્રથિત્વને ક્ષરમા જવાનું હોય છે, જેમ S S Cમા પાસ થયા પછી કોઈ પણ કૉલેજમા જવાનું હોવાથી S S C તે કૉલેજનુ પ્રવેશદ્વાર છે તેમ અક્ષર અક્ષરાતીતનું પ્રવેશદ્વાર છે તેથી અક્ષર સુધી પહોચવા તથા તે પછી અક્ષરાતીત સુધી પહોચવા માટે વિશ્વના દ્વાર રૂપ અક્ષરને વટાવી આગળ જવાનું કાર્ય પ્રત્યેક આત્માને સ્વત કરવાનુ હોય છે આમ છતા જો અક્ષરથી આગળ નીકળી જવા અને શુદ્ધ પરમચેતના સુધી પહોચાય તો અક્ષરાતીતનુ આકર્ષણ અને પરમચેતના સારી રીતે મળે છે પરતુ અક્ષર પ્રકૃતિ પુરુષ હોઈ તે કોઈને કોઈ સહાય કે માર્ગદર્શન ન આપતા નિષ્ક્રિય એટલા માટે રહે છે કે કોઈ આત્માને માયામા નાખવાનો કે કોઈને તરતા અટકાવવાનો તેમ જ કોઈને માયામાથી મુક્ત કરી છોડવાનો લૌકિક કે અલૌકિક કોઈ બાજુનો આક્ષેપ લેતા નથી તેથી તે નિષ્ક્રિય બ્રહ્મ છે અને સાધકને પોતાની પ્રકૃતિના બધારણ અને અધિકાર મુજબ તે માર્ગનુ અનુશીલન કરવા તે અક્ષર સર્વ આત્માને છૂટ આપે છે, જેથી તે અક્ષરની હદથી આગળ જતા પરમશક્તિ પરમચેતના પાસે ખુલ્લો થઈ શકે અને સમર્પણ કરી શકે

(૫૪) શિષ્ય નારાયણને વિશ્વના નારાયણ ગુરુ શા માટે કહ્યા?

વ્યાસ શ્રીકૃષ્ણયજુર્વેદીય તૈત્તિરીયોપનિષત, શિક્ષાધ્યાય ૧, અનુવાક ૪, મંત્ર ૧મા જણાવ્યું છે કે

यश्छन्दसामृषभो विश्वरूप ॥

વિશ્વથી બહાર જવા માટે જેમને વિશ્વના નારાયણ અને વિશ્વપતિ માનેના છે કેમ કે કોઈ પણ આત્માને વિશ્વથી બહાર પરમગતિ સુધી જવા દેવો તે તેમની મરજી પર હોઈ આત્મોદ્ધાર કરવામા જેમના તરફથી વાંધો ન પડે તે માટે અક્ષરબ્રહ્મ યાને પરબ્રહ્મ-નારાયણની ઉપાસના કરવી પડે છે અને તેમની કૃપા મેળવ્યા પછી જ આગળ વધાય છે તેથી બ્રહ્મા, વિષ્ણુ અને શંકરને ગુરુ માન્યા છે ત્યારે અક્ષરબ્રહ્મ પરબ્રહ્મને વિશ્વના સાક્ષાત એટલે પ્રત્યક્ષ ગુરુ માન્યા છે

(૫૫) શિષ્ય નારાયણ અંતર્મુખ ક્યારે બને છે?

વ્યાસ નારાયણ આત્યંતિક પ્રલયે "ॐ सोऽहं" ॥ કહીને તમામ માયા વાળા વિશ્વને પોતાના વિરાટસ્વરૂપ દેહમા સમાવી લઈ તે દેહને તત્ત્વાણુરૂપ અત્યંત સૂક્ષ્મ બનાવી દઈ, દેહોમાથી પોતાના આત્માને બહાર કાઢી, દેહો અને માયાના તત્ત્વો ઉપર પોતાના બ્રહ્મતત્ત્વનું આચ્છાદન કરી નાખી, પરમેશ્વરના પૂરકના અંતમા પરમાત્મામા જઈ, કુંભકમા સ્થિત રહી, રેચકની શરૂઆતમા બહાર નીકળીને, પોતાના બ્રહ્મતત્ત્વને આત્મામા સંકેલી લઈને "ॐ एकोऽहं बहुस्याम" ॥ કહી પોતાના દેહોને, વિરાટ સ્વરૂપને અને સમગ્ર વિશ્વરૂપ માયાને પૂર્વવત ઉત્પન્ન કરી, પોતાના આત્માને દેહોમા ઉતારી અંતર્મુખ બને છે

પ્રકરણ ૧૧

# આખા વિશ્વની સમજણ

પૂર્વે સકળ વિશ્વનો વિશ્વંભર નારાયણ સહિત લય થઈ ગયો હતો સૃષ્ટિનો પ્રલય થયેલો હોવાથી પૃથ્વી જળમા, જળ તેજમા, તેજ વાયુમા, વાયુ આકાશમા, આકાશ મનમા, મન મહત્તત્ત્વમા, મહત્તત્ત્વ પ્રકૃતિપુરુષમા અને નારાયણ પ્રકૃતિપુરુષનો પરમાત્મામા લઈ થઈ ગયો હતો (જુઓ મહાભારત, શાંતિ મોક્ષધર્મ પર્વ, અ ૩૪૭, શ્લોક ૧૩થી ૧૬)

इद वा अग्रेनैव किंचिदासीत् सदेवसोम्येदमग्र आसीत् एकमेवाद्वितीयब्रह्म ॥

(શ્રીસામવેદીય છાંદોગ્યઉપનિષત, પ્રપાઠક ૬, ખંડ ૨, મંત્ર ૧)

इदमेक एवाग्र आसीत्। नान्यत्किंचनमिषत् ॥

(શ્રીઋગ્વેદીય ઐતરેયોપનિષત, અધ્યાય ૧, મંત્ર ૧)

અર્થ (ત્યારે) નારાયણ પરમાત્મામા વિલય થયેલા હોવાથી એક માત્ર અદ્વિતીય પરમાત્મા સિવાય બીજુ કંઈ જ ન હતુ

જ્યારે પરમાત્માનો સ્ચક થાય છે ત્યારે નારાયણ પ્રથમ બહાર આવે છે અને તેની પાછળ પ્રમગતિ બહાર આવે છે, અને પોતાના અર્ધમાત્રાના સ્થાનમાં આવી અર્ધજાગૃત અને અર્ધસ્વપ્ન અવસ્થામા "ॐ एकोऽहं बहुस्याम्" કહીને વિશ્વનુ સર્જન કરે છે તેથી કહ્યુ છે કે

यो ब्रह्माण विदधाति पूर्वं यो वै वेदाश्च प्रहिणोति ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત, અધ્યાય ૬, મંત્ર ૧૮)

અર્થ તે અદ્વૈત પરમાત્મામાથી ઉત્પન્ન થઈને નારાયણે સમસ્ત વિશ્વને પોતાની અંદરથી ઉત્પન્ન કર્યુ

સૃષ્ટિની શરૂઆત વખતે "ॐ एकोऽहं बहुस्याम् ।" કહીને નારાયણે સૃષ્ટિને ઉત્પન્ન કરી તે વખતે નારાયણે પોતાના નાભિકમળમાથી પંચમુખી બ્રહ્માને ઉત્પન્ન કર્યા અને તેમને વેદોનુ પ્રદાન કર્યુ પંચમુખી બ્રહ્માએ "અ"કાર માત્રાના ચતુર્મુખી બ્રહ્માને વેદોનુ પ્રદાન કર્યું તેથી કહ્યુ છે કે

ईश्वरो हि जगत्स्रष्टा प्रभुर्नारायणो विराट् ॥

(મહાભારત, શાંતિ મોક્ષધર્મ પર્વ, અ ૩૪૭, શ્લોક ૧૨)

અર્થ વિરાટસ્વરૂપ ધારણ કરીને નારાયણે સમસ્ત વિશ્વને ઉત્પન્ન કર્યુ છે, તેથી તે જગતના સ્રષ્ટા છે

તે નારાયણના નાભિથી ઉત્પન્ન થયેલા પચમુખી બ્રહ્માને નારાયણના દર્શન ન થવાથી તે ૯૬ વખત નાભિમા ચઢયા ઊતર્યા ૯૬મી વખતે આકાશ વાણી થાય છે કે, તપ! તપ! તપ! આથી પચમુખી બ્રહ્માએ તપ કર્યાથી નારાયણના દર્શન થયા (બ્રહ્મા ૯૬ વખત નાભિમા ચઢયા ઊતર્યાથી જનોઈના ૯૬ તાર હોય છે) નારાયણના દર્શન થતા પચમુખી બ્રહ્માએ પૂછયુ કે, તમે કોણ છો?

ત્યારે નારાયણે કહ્યુ કે "अहं ब्रह्मास्मि" ॥ હુ બ્રહ્મ છુ

ત્યારે બ્રહ્માએ પૂછયુ હુ કોણ છુ?

નારાયણે ઉત્તર આપ્યો "तत्त्वमसि" ॥ તુ પણ (મારા જેવો જ) છે

બ્રહ્માએ પ્રશ્ન કર્યો આ વિશ્વ શુ છે?

નારાયણે જણાવ્યુ "सर्वं खल्विदं ब्रह्म" ॥ સકળ જગત બ્રહ્મ છે

બ્રહ્માએ કહ્યુ જગત તો માયાવાળુ બ્રહ્મ છે તો આપણે માયાવાળા કે માયા વગરના કેવા બ્રહ્મ છીએ?

નારાયણે પોતાના હૃદય તરફ આંગળી કરીને કહ્યુ "अयमात्मा ब्रह्म" ॥ આપણો આત્મા બ્રહ્મ છે

બ્રહ્માએ પૂછયુ આપણો આત્મા બ્રહ્મ છે છતા દેહ માયાના છે, તો જેનો દેહ કે આત્મા ભિન્ન તત્ત્વવાળા ન હોય તેવુ બ્રહ્મ કયુ?

નારાયણે ઊંચો હાથ કરીને પરમાત્મા પરમેશ્વર તરફ આંગળી બતાવીને કહ્યુ

प्रज्ञानमानन्दं ब्रह्म ॥

(શ્રીઋગ્વેદીય ઐતરેયોપનિષત, અધ્યાય ૩, ખડ ૧, મત્ર ૩)

सत्यं ज्ञानमनन्तं ब्रह्म ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય તૈત્તિરીયોપનિષત, બ્રહ્માનદવલ્લી ૧, અનુવાક ૧, મત્ર ૧)

दिव्यो ह्यमूर्तः पुरुषः सबाह्याभ्यन्तरो ह्यजः ।

अप्राणो ह्यमनाः शुभ्रो ह्यक्षरात्परतः परः ॥

(શ્રીઅથર્વવેદીય મુડકોપનિષત, દ્વિતીય મુણ્ડક, ખડ ૨, શ્લોક ૨)

અર્થ જે સ્વયજ્યોતિરૂપ પ્રકાશમાન, તન આકારી રહિત, પુરુષ, બહાર તથા ભીતર (આપણામા જેમ દેહ અને આત્મા ભિન્ન હોય છે તેમ ભિન્નત્વ વિનાના) એકસ્વરૂપ, જન્મ મૃત્યુ રહિત, પ્રાણ રહિત, મન રહિત, શુદ્ધ અને ક્ષરબ્રહ્મ વિનાશી વિશ્વ કરતા આપણે શ્રેષ્ઠ અને (નાશરહિત) અક્ષરબ્રહ્મ છીએ આપણા કરતા પણ જે શ્રેષ્ઠ અને પર (એટલે નારા) એવા તે નિરૂપાધિક પરમબ્રહ્મ પરમાત્મા ઉત્તમ છે

આ વિષય પર શ્રીઅથર્વવેદીય મુણ્ડકોપનિષત્‌ના પ્રથમ મુંડક, ખંડ ૧માં, જણાવ્યું છે કે :

ॐ। ब्रह्मा देवानां प्रथमः संबभूव विश्वस्य कर्ता भुवनस्य गोप्ता।
स ब्रह्मविद्यां सर्वविद्याप्रतिष्ठामथर्वाय ज्येष्ठपुत्राय प्राह ॥

(શ્લોક ૧)

અર્થ : સૌથી પહેલાં નારાયણથી (નાભિકમળના ચંચમુખી) બ્રહ્મા ઉત્પન્ન થયા. તેમણે સર્વ વિદ્યામાં ઉત્તમ એવી વિદ્યા (અકારમાત્રાના ચતુર્મુખી) બ્રહ્માને આપી. તે બ્રહ્માએ પોતાના મોટા પુત્ર અથર્વાને બ્રહ્મવિદ્યા સંભળાવી.)

अथर्वणे यां प्रवदेत ब्रह्माऽथर्वा तां पुरोवाचाङ्गिरे ब्रह्मविद्याम्।
स भारद्वाजाय सत्यवहाय प्राह भारद्वाजोऽङ्गिरसे परावराम् ॥

(શ્લોક ૨)

અર્થ : અથર્વાએ (બ્રહ્મવિદ્યા) અંગિરને આપી, અંગિરે ભારદ્વાજને અને ભારદ્વાજે અંગિરાને (બ્રહ્મવિદ્યા) આપી.

शौनको ह वै महाशालोऽङ्गिरसं विधिवदु पसन्नः पप्रच्छ।
कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञाते भवतीति ॥

(શ્લોક ૩)

અર્થ : અંગિરા મુનિ પાસે શૌનક ગયા અને તેમને શિષ્યવૃત્તિથી પૂછ્યું કે, હે ભગવાન ! શું જાણવાથી આ સર્વ જાણ્યું એમ લાગે?

तस्मै स होवाच। द्वे विद्ये वेदितव्ये इति ह स्म यद्‌ब्रह्मविदो वदन्ति परा चैवा-
परा च ॥

(શ્લોક ૪)

અર્થ : અંગિરાએ જવાબ આપ્યો કે, બે વિદ્યા જાણવા લાયક છે. એક પરા અને બીજી અપરા કે જે શ્રેષ્ઠ વિદ્યા છે કે જેથી અક્ષર (નારાયણ) તથા અક્ષરાતીત (પરમાત્મા)નું જ્ઞાન થાય છે.

यत्तदद्रेश्यमग्राह्यमगोत्रमवर्णमचक्षुः श्रोत्रं तदपाणिपादम्।
नित्यं विभुं सर्वगतं सुसूक्ष्मं तदव्ययं यद्‌भूतयोनिं परिपश्यन्ति धीराः ॥

(શ્લોક ૬)

અર્થ : મૂળ પુરુષ (પરમાત્મા) તે છે કે જે દેહો દ્વારા આંખોથી જોઈ શકાતો નથી, હાથથી પકડી શકાતો નથી, જેને ગોત્ર નથી, આંખો નથી, કાન નથી, હાથપગ નથી, છતાં જે દરેક કાર્યો કરી શકે એવો છે. નિત્ય છે, મહાન છે, સૂક્ષ્મ છે, અવિનાશી છે, અને તેની ગતિ ત્રણે વ્યાપ્ત છે. તથા અક્ષર પુરુષ (વિશ્વેશ્વરનારાયણ) એ છે કે જેમાંથી તમામ પ્રાણીમાત્ર ઉત્પન્ન થયાં છે.

यथोर्णनाभिः सृजते गृह्णते च यथा पृथिव्यामोषधयः सम्भवन्ति ।
यथा सत पुरुषात्केशलोमानि तथाक्षरात्सम्भवतीह विश्वम् ।।
(શ્લોક ૭)

અર્થ : જેમ કીડો પોતાની લાળ ઉત્પન્ન કરે છે, જેમ પૃથ્વીમાંથી ઔષધિઓ વગેરે ઉત્પન્ન થાય છે, મનુષ્યથી વાળ, નખ સહિતનો મનુષ્ય ઉત્પન્ન થાય છે, તેમ તે અક્ષરથી (નાગમણથી) આ તમામ વિશ્વ ઉત્પન્ન થયું છે, અને તે વિશ્વને લય કરે છે

भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः ॥
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे ॥
(શ્રીઅથર્વવેદીય મુંડકોપનિષત્, મુણ્ડક ૨, ખંડ ૨, મંત્ર ૮)

અર્થ તે અક્ષરથી શ્રેષ્ઠ તે અક્ષરાતીત છે, તેનું જેથી જ્ઞાન મળે તે પરા વિદ્યા છે તે એકનું જ્ઞાન થાય તો સર્વનું જ્ઞાન થાય અને તેને જાણ્યા પછી કાંઈ ન જાણ્યુ એવુ બાકી રહે નહીં તે એક વસ્તુ જાણવાથી હૃદયની માયારૂપ ગ્રંથિઓ ભેદાય છે, સંશયો છેદાય છે અને કર્મોનો ક્ષય થાય છે

न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ।
तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति ॥
(શ્રીઅથર્વવેદીય મુંડકોપનિષત્, મુણ્ડક ૨, ખંડ ૨, મંત્ર ૧૦)

અર્થ (તેવા) પરમપુરુષ પરમાત્માને સૂર્ય પ્રકાશી શકતો નથી, ચંદ્ર, તારા, વીજળી પણ પ્રકાશ આપી શકતા નથી, પણ તે પરમાત્મામાંથી જ સૂર્ય, ચંદ્ર વગેરેને પ્રકાશ મળે છે

प्राणादिभिरनन्तैश्च भावैरेतैर्विकल्पितः ।
मायैषा तस्य देवस्य यया सम्मोहितः स्वयम् ।।
(શ્રીગૌડપાદીયકારિકા સહિત અથર્વવેદીય માંડૂક્યોપનિષત્, પ્રકરણ ૨, શ્લોક ૧૯)

અર્થ વિશ્વ એ તેની માયા છે અને તેના વડે તે પોતે પણ મોહિત થાય છે અર્થાત માયિક દૃષ્ટિ પણ કરે છે ગીતામાં "मममाया दुरत्यया"।। મારી માયાનો પાર કઠિન છે એમ કહ્યુ છે

(૧) શિષ્ય : વિશ્વની ઉત્પત્તિ પહેલાં કોણ હતું તે સમજાવો

વ્યાન : आत्मैवेदमग्र आसीत्पुरुषविधः ।
(શ્રીશુક્લયજુર્વેદીય બૃહદારણ્યકોપનિષત, અધ્યાય ૧, બ્રાહ્મણ ૪, મંત્ર ૧)

અર્થ જગતની ઉત્પત્તિ પહેલા ફક્ત પરમાત્મા પરમેશ્વર એક જ હતા, અને તે પુરુષ રૂપમા હતા

**आत्मा वा इदमेक एवाग्र आसीत नान्यत्किञ्चन मिषत् ॥**

(શ્રીઋગ્વેદીય ઐતરયોપનિષત, અધ્યાય ૧, મંત્ર ૧)

અર્થ આ જગતની ઉત્પત્તિ પહેલા એક જ પરમાત્મા પરમેશ્વર હતા, અને તે સિવાય બીજુ કઈ જ નહોતું

**इद वाग्रेनैव किंचिदासीत सदेवसोम्येदमग्र आसीत एकमेवाद्वितीय ब्रह्म॥**

(શ્રીસામવેદીય છાન્દોગ્યોપનિષત, પ્રપાઠક ૬, ખંડ ૨, મંત્ર ૧)

અર્થ પૂર્વે વિશ્વની ઉત્પત્તિ પહેલા અનાદિ, અનંત, જન્મમૃત્યુરહિત, માયારહિત, દિવ્ય, જગરહિત, દ્વન્દ્વહીન, નિર્વિકાર અને અવિનાશી એવા એકમાત્ર પરમબ્રહ્મ પરમેશ્વર હતા તેઓ (માયાથી પર એવી) તેમની શુદ્ધ પરમગતિના શ્વાસોશ્વાસ લે છે

(૨) શિષ્ય સમગ્ર જગત યા વિશ્વની ઉત્પત્તિ કરનાર કોણ છે?

ગુરુ **ईश्वरो हि जगत्स्रष्टा प्रभुर्नारायणो विराट् ॥**

(મહાભારત, શાંતિ મોક્ષધર્મ પર્વ, અધ્યાય ૩૪૭ શ્લોક ૧૭)

અર્થ વિરાટ અક્ષર નારાયણ સમગ્ર જગતના ઉત્પન્ન કરનાર અને સર્જનહાર છે આ અક્ષરમાંથી ક્ષર એવા વિશ્વને નારાયણે **"ॐ एकोऽहं बहुस्याम्"** ॥ (શ્રુતિ) કહીને ઉત્પન્ન કર્યુ છે તેથી વિશ્વની સર્વ વ્યક્તિઓ (એટલે તમામ જીવાત્માઓ) અવ્યક્ત એવા નારાયણમાંથી ઉત્પન્ન થયેલ છે

(૩) શિષ્ય વિશ્વના પતિ કોણ? વિશ્વ અને મોક્ષમા પ્રવેશવાના સેતુ કોણ?

ગુરુ **यश्छन्दसामृषभो विश्वरूप ॥** (શ્રુતિ અને શ્રીકૃષ્ણયજુર્વેદીય તૈત્તિરીયોપનિષત, શિક્ષાવલ્લી ૧ અનુવાક ૪, મંત્ર ૧)

અર્થ આ અક્ષરબ્રહ્મ-નારાયણ વિશ્વના પતિ, વિશ્વરૂપ તેમ જ તેનો વિરામ છે અને વિશ્વમા પ્રવેશવાના તથા મોક્ષમા મળવાના સેતુ છે એટલે મોક્ષના દ્વારરૂપ છે

(૪) શિષ્ય વિશ્વના કૂટસ્થ કોણ? અને નારાયણના મૂળ કૂટસ્થ કોણ?

ગુરુ તમારા પ્રશ્નનો ઉત્તર "પરમાત્મા પરમેશ્વર" પ્રકરણમા આપવામા આવ્યો છે જુઓ સવાલ "પરમાત્મ પરમેશ્વર એક જ છે તો તે સર્વવ્યાપક શી રીત હોઈ શકે? વાંચો 'માયાનું ઉત્પત્તિસ્થાન અક્ષરબ્રહ્મ નારાયણ પરમાત્માને નારાયણના મૂળ કૂટસ્થ સ્વરૂપ માનવામા આવેલા છે'

(૫) શિષ્ય વિશ્વ કોને કહેવાય?

વ્યાસ ઉકાર, મકાર અને અકાર —એ ત્રણ મળીને વિશ્વ કહેવાય છે

(૬) શિષ્ય ૐકારની હદ કેવી રીતે બધાય છે?

વ્યાસ અર્ધમાત્રામા નારાયણનો આત્મા અર્ધી બ્રહ્મદશામા અને અર્ધી માયાવી દશામા "ॐ एकोऽहं बहुस्याम् ।।" બોલે છે, તે અવાજ વીજળી ફરી વળે તે પ્રમાણે અક્ષરધામની ઉપરની હદથી આખા બ્રહ્માંડની અને અક્ષરધામની હદ નક્કી કરી નાખે છે તે માયા તત્ત્વગુણી માયા કરતા ઊંચા પ્રકારની અને બ્રહ્મતત્ત્વવાળી હોવાથી તેને માયાનું ઈંડ ન કહેતા બ્રહ્માંડ કહેવાય છે અને તે પછી ત્યાથી તે અવાજ ઊછળીને અક્ષરધામની, અકારની, મકારની, ઉકારની અને કડાગની હદો નક્કી કરી નાખે છે અને માયાજાળના મુખ આગળ તેનું બળ પૂર્ણ થઈ જાય છે માટે તે નારાયણ માયાવી છતા અક્ષરબ્રહ્મ છે ચોસ૦ મુખી બ્રહ્મા ૐકારની હદ નક્કી કરવાના કારક ગણાય છે

(૭) શિષ્ય ૐકારમા માયાની હદ કયા સુધીની છે?

વ્યાસ જડાત્મા, જીવાત્મા, આત્મા, મહાત્મા, દિવ્યાત્મા, અક્ષાત્મા, પરાત્મા અને બ્રહ્માત્મા નારાયણ સુધીના તમામ પદાર્થો ઓછાવત્તા માયાવી પ ચોથી ભરપૂર છે એટલે અર્ધમાત્રાથી માડી અકાર, મકાર, ઉકાર અને કડાગ સુધી માયાની હ છે તેથી "પ્રણવવિજ્ઞાન"મા કહ્યુ છે કે

(મનહર છંદ)

ૐમા માયા ક્યા સુધી? ક્યા છે માયાતીત જુદા?
એટલું સમજવાથી, માયાથે મુકાય છે
તમોગુણી, રજોગુણી, સત્ત્વગુણી તે ત્રિગુણી,
ચોથી તત્ત્વગુણી પણ, માયા સમજાય છે
વિશ્વ ત્રિગુણી માયાનું સગુણી તત્ત્વ નાયાના,
તેથી માયાવિશિષ્ટમા, નામ જ ગણાય છે
સગુણ કહ્યા તે માયા, માટે માત્રા માયામાહી,
તેથી ઊંચે બિંદુ તે, માયાતીત લહેવાય છે

તમોગુણી માયા સ્થળ, ઉકારે આ લોક વિષે,
રજોગુણી મકારમા, સ્થાન સ્વર્ગ વાસમા
સત્ત્વગુણી અકારમા, ઈશ્વરકોટિમા સ્થાન,
તત્ત્વગુણી માત્રા વિષે, સગુણી વિનાશમા
કસ્તૂરીની પોટલી તે, પેટીમા મૂકી લે પાછી,
પણ વાસના રહે છે, તે જ તત્ત્વ કયાસમા

સગુણ સુધી છે માયા, માટે સર્વ માયા, માયા,
માયાતીત પરમ બિંદુ, "વ્યાસ"ની તપાસમા ૨

(૮) શિષ્ય ૐકારની ચારેય માત્રાઓમા અને વિભૂતિ આત્માઓના સ્થાનમા માયાતત્ત્વ અને પરમતત્ત્વ કટલા પ્રમાણમા પ્રવેશેલા છે? વળી તેઓ તે માયાતત્ત્વને તરી જઈ શક છે કે નહીં તે જણાવો

વ્યાસ અર્ધમાત્રા કરતા અકારમા અકાર કરતા મકારમા, મકાર કરતા ઉકારમા ઉકાર કરતા બ્રહ્માડની ગતિમા અને તેના કરતા વિશ્વમા, અર્ધમાત્રાની નીચે રહલ વિભૂતિ આત્મામા (એટલે પ્ર દ ન ૩૮થી બતાવેલ બ્રહ્મરધ્રમા) ક્રમશ માયાતત્ત્વ ઓછુ હોય છે જ્યા માયાતત્ત્વ ઓછુ હોય છે ત્યા પરમતત્ત્વ પ્રવશતા વાર લાગતી નથી અક્ષરધામમા (જુઓ પ્ર દ ન ૩૦) માયાતત્ત્વ અને પરમતત્ત્વ બને પ્રવેશ પામેલા છે પરતુ જેમ નાટક કે સિનેમાના ઍક્ટર જુદા જુદા સ્વાગ સજે છે અને પોતાના પાત્ર પ્રમાણે દરક પાઠ ભજવે છે તમ અક્ષરધામના અધિષ્ઠાતા પરમાત્મોપાસનામા તન્મય બની શક છે, આત્મબ્રહ્મનુ આચ્છાદન કરી શકે છે, પરતુ તે સાચા સ્વરૂપમા માયાના અધિષ્ઠાતા, માયાવિશિષ્ટ અને હિરણ્યગર્ભ જ રહે છે કેમ કે તે માયાથી સપૂર્ણ મુક્ત થઈ શકતા નથી ત્યારે ઉકારના આત્માઓ અને વિભૂતિ આત્માઓ બ્રહ્મરન્ધ્રમા સ્થિર થતા માયાવી ભાવ ત્યાગ કરી શકે છે, તેથી જ તે પરમપદને પ્રાપ્ત કરી શકે છે અને તેથી જ મનુષ્યાવતારને વિશ્વરૂપના ફળરૂપ અને કલ્યાણનું સાધન માનવામા આવેલો છે એટલુ જ નહિ પણ કેટલાક મનુષ્યાવતારને મોક્ષનુ દ્વાર પણ કહે છે

(૯) શિષ્ય ૐકારમા કયા સાત આત્માઓનો કદાપિ મોક્ષ થતો નથી?

વ્યાસ બ્રહ્મા વિષ્ણુ શિવ, શક્તિ, ચોસઠમુખી બ્રહ્મા, પચમુખી બ્રહ્મા અને નારાયણ—આ સાત આત્માઓનો કદાપિ મોક્ષ થતો નથી

(૧૦) શિષ્ય ચોસઠમુખી બ્રહ્માની ઉત્પત્તિ કેવી રીતે થઈ? ૐકારમાં તેમનુ સ્થાન અને કાર્ય શુ?

વ્યાસ નારાયણના હૃત્કમળની મુખ્ય નવ પાખડીઓ છે અને તે દરેક પાંખડીની ઉપર બીજી સાત સાત પાંખડીઓ છે તે નવ પાખડીની શક્તિના નવ નારાયણ થાય છે અને તેની જ નવસિદ્ધિ અને નવનિધિ હોય છે એટલે ૯×૭= ૩, તે શક્તિના ત્રેસઠમુખ અને ચોસઠમુ મુખ નારાયણની ઇચ્છા શક્તિ દ્વારા પ્રાપ્ત થયેલુ હોવાથી ચોસઠમુખી બ્રહ્મા (જુઓ પ્ર દ ન ૪૯) કહેવાય છે નારાયણમાં તત્ત્વરૂપે તત્ત્વગુણી માયાના ચોસઠ ગુણો રહેલા છે અને તેના મૂળરૂપે ચોસઠમુખી બ્રહ્મા ઉત્પન્ન થયા છે યથાર્થ રીતે આદિનારાયણની

SS01



નક્કી ચોમસ્મુખી બ્રહ્મા છે જ્યારે ઈશ્વરી અવતારોને પૃથ્વી પર જન્મ ધર્યા બાદ કાંઈ કળા યા શક્તિની જરૂર પડે તો ચોસકમુખી બ્રહ્મા પાસેથી મેળવવી પડે છે જેથી કરીને માયાની ખાસ ઉત્તમ શક્તિઓ ચોમકમુખી બ્રહ્મા પાસે જ છે જ્યારે બ્રહ્માંડ અને પરમગતિમાંથી કોઈ પણ આત્માને ગોતી કાઢવો હોય, ત્યારે સદગુરુશ્રી ચોમકમુખી બ્રહ્માને અરજ કરે છે અને તુરત જ તે આત્માને ગોતી કાઢી આ બ્રહ્મા સદ્ગુરુશ્રી સમક્ષ હાજર કરે છે ખાસ કરીને આનુ મુખ્ય અને અતિ ઉત્તમ કાર્ય કેવળ ચોમકમુખી બ્રહ્મા જ કરે છે

ચોમસ્મુખી બ્રહ્માનુ સ્થાન કલાગમા આવેલુ છે, પણ તેમની મનહર કળાનું તત્ત્વ અર્ધમાત્રાની અણી આગળ છે

(૧૧) શિષ્ય ચારેય ઈશ્વરોનુ ઉત્પત્તિસ્થાન કયુ?

વ્યાસ નારાયણના ત્રણ ગુણોના અંશ લઈને ઉત્પન્ન થયેલા આદિશક્તિ (જુઓ પ્ર ૬ ન ૯૨) તથા તેમનાથી થયેલા એકેક ગુણના અશરૂપ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર ભગવાન છે તે ચારેય ઈશ્વરો નારાયણના ત્રિગુણોના (એટલે સત્ત્વ, રાજસ અને તામસ) અશરૂપે નારાયણમાંથી ઉત્પન્ન થયેલા છે અર્થાત્ એ ચારેય ઈશ્વરો નારાયણના વિરાટ્ સ્વરૂપમાંથી ઉત્પન્ન થયેલા છે તેથી તે અવતારી પુરુષોને અશાત્મા કહેલા છે

(૧૨) શિષ્ય આ ચારેય ઈશ્વરોનુ શુ કર્તવ્ય છે અને તેઓ શાના દાતા છે?

વ્યાસ (૧) આદિશક્તિ વિશ્વની સભાળ રાખે છે તેથી તેમને વિશ્વના આગેવાન માનવામા આવે છે (૨) શિવ અકારધામની સભાળ રાખે છે, તેથી તેઓને અકારાધિપતિ કહેવામા આવે છે (૩) વિષ્ણુ મકારધામની સભાળ રાખે છે, તેથી તેઓને મકારાધિપતિ કહેવામાં આવે છે અને ચતુર્મુખી બ્રહ્મા ઉકાર ધામની સભાળ રાખે છે, તેથી તેઓને ઉકારાધિપતિ કહેવામા આવે છે

આદિશક્તિ ચિત્ત દાતા, શિવ અહકારદાતા, વિષ્ણુ બુદ્ધિદાતા અને ચતુર્મુખી બ્રહ્મા મનોદાતા છે

(૧૩) શિષ્ય શૈવીપ્રકૃતિ એટલે શું? અને તેનું શુ કર્તવ્ય છે?

વ્યાસ एकोऽपि त्रीमिर्मान्‌लोकान् बहुधा शक्तियोगत ।
विदधाति विचेत्यते विश्वमादो महेश्वर ॥

(રુદ્ર વાયવ્યસહિતા પુરાણ, અધ્યાય ૬, શ્લોક ૨૭)

શૈવીપ્રકૃતિ એ એક એવી પ્રકૃતિ છે કે જે ત્રણલોકની ઉત્પત્તિ કરી પાછો તેનો સહાર કરે છે આ પ્રકૃતિ વિશ્વને ઉત્પન્ન કરવાવાળી અને અનાદિ સિદ્ધ છે, તેને "શૈવીપ્રકૃતિ" કહેવાય છે તે રજોગુણયુક્ત થવાથી

લાલ વર્ણવાળી, સત્ત્વગુણયુક્ત હોવાથી શ્વેતવર્ણવાળી અને તમોગુણ યુક્ત હોવાથી કૃષ્ણ એટલે કાળાવર્ણવાળી છે અર્થાત જેવા ગુણોના રંગો છે તેવા ગુણોવાળી તે થઈ જાય છે રજોગુણવાળી પ્રકૃતિથી અનેક પ્રકારની પ્રજાને ઉત્પન્ન કરે છે, સત્ત્વગુણવાળી પ્રકૃતિથી શાંતરૂપે રહી સંસાર ચાલવા દે છે અને તમોગુણવાળી પ્રકૃતિથી સૃષ્ટિનો સંહાર કરે છે આવી શૈવીપ્રકૃતિ શિવમાં અને જીવમાં બંનેમાં છે અને તે બંને તેના કર્તા અને ભોક્તા છે જીવ સંસારસુખને ભોગવતો છતાં ઉત્પન્ન થયેલ પ્રજામય બની જાય છે અને શિવ ઉત્પન્ન થયેલ પ્રજામય ન બનતા તે પ્રકૃતિ પર શયન (એટલે પથારી) કરે છે અર્થાત તે પ્રકૃતિને વશ રાખે છે જીવસ્વરૂપ પ્રકૃતિને ભોગવી તેમાં લુબ્ધ બને છે અને શિવસ્વરૂપ પ્રકૃતિને ભોગવીને તેનો ત્યાગ કરે છે આ રીતે શૈવીપ્રકૃતિવાળા જીવ અને શિવ બંને વિશ્વમાં જ વસે છે પરંતુ તે બેમાં શો તફાવત છે? તે વિષે શિવપુરાણ, વાયવીય સંહિતા પૂર્વાર્ધના, અધ્યાય ૬મા બે પક્ષીઓના દૃષ્ટાંત સાથે શ્લોક ૨૯થી ૩૩મા વર્ણન છે કે બે પક્ષીઓ જીવ અને શિવ સમાન અવસ્થાવાળા તથા સખારૂપ છે, અને તે બંને પ્રકૃતિના દેહરૂપી વૃક્ષમાં સમાનતાથી રહેલા છે તેમાં જીવ પક્ષી વિશ્વરૂપ વૃક્ષના ફળને ખાય છે અર્થાત્ કર્મફળને ભોગવે છે બીજુ શિવ પક્ષી પ્રકૃતિના વૃક્ષના ફળને ખાતુ નથી અર્થાત કર્મફળને ભોગવતુ નથી, પરંતુ ફળ ભોગવનારને દૃષ્ટા બની જુએ છે જીવરૂપી પક્ષી સંસારવૃક્ષ પર મગ્ન બની તેના ભોગને ભોગવી મોહ વડે શોક કરે છે, ત્યારે શિવરૂપી પક્ષી કારણરૂપ પરમેશ્વરનું જ્ઞાન થવાથી પોતાની ઈશ્વર સ્વરૂપિણી શૈવી માયાને જોઈ હર્ષ શોકથી રહિત રહે છે અને ભોગ ભોગવવા છતા ત્યાગમય રહે છે જીવપક્ષી દુ:ખો પડતા આક્રંદ કરે છે, ત્યારે શિવપક્ષી આ સમયે આનંદયુક્ત રહે છે જીવપક્ષી ભૂત, ભવિષ્ય સમજતુ નથી અને વર્તમાન પણ જૂજ સમજે છે છતા ક્ષણભરના સુખ માટે કર્મબંધન પામ્યા કરે છે, ત્યારે શિવપક્ષી ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણે છે, કર્મબંધનને પામતુ નથી અને છ, યજ્ઞાદિ કર્મો સર્વ કાંઈ એ રીતે કરે છે કે જેથી તે માયાના અધિષ્ઠાતા માયામાં પ્રવેશીને સંસારનું નિર્માણ કરે છે છતા પોતે સંસારથી ત્યાગરૂપ છે આ રીતે "માયા" પ્રકૃતિરૂપે છે તથા "માયી" યાને માયાના અધિષ્ઠાતા શિવરૂપે છે

(૧૮) શિષ્ય શિવને નીલકંઠ શા માટે કહેવામાં આવે છે?

વ્યાસ વિશ્વેશ્વરનાગયણની મહામાયાનું અતિ પરિબળવાળુ જે વિષતત્ત્વ નીકળ્યું તેને (એટલે ઝેરને) પીવાની કોઈ પણ દેવ, ઈશ્વરો, રાક્ષસો, કિન્નરો વગેરે કોઈમાં શક્તિ ન હતી, પણ શિવની ઉત્પત્તિ અને લયસ્થાન નારાયણનો

કંઠપ્રદેશ છે, તેથી શિવના ભૌતિક શરીરનો કંઠપ્રદેશ માયાના વિષને કંઠે જાળવી રાખવા શક્તિમાન હોવાથી શિવે સમુદ્રમંથનમાંથી નીકળેલ માયાના વિષને કંઠે રાખેલ છે. તેથી તેમનું નામ નીલકંઠ (એટલે શિવ) પણ છે.

(૧૫) શિષ્ય : શિવના ભૌતિક શરીરને જપવાથી શો લાભ મળે? અને શિવના આત્માના મૂળતત્ત્વને જપવાથી શો લાભ મળે?

વ્યાસ : શિવના આત્માનું મૂળતત્ત્વ તે પરમશિવ-પરમાત્મા છે. તેથી જે શિવના આત્મતત્ત્વ પરમાત્માને પ્રણવ-ૐકાર વડે જપે છે, તેમનું પરમશિવમ્ એટલે શ્રેષ્ઠ કલ્યાણ યાને મોક્ષ થાય છે. પરંતુ જેઓ શિવના ભૌતિક શરીરને જપે છે, પણ આત્મિક સ્વરૂપને સમજી તેના મૂળ શિવસ્વરૂપને જપતા નથી, તેઓ શિવના સ્થૂલ શરીરવાળા શિવલોકને (જુઓ પ્ર. દ. નં. ૪૫) પ્રાપ્ત થાય છે, અને પોતાનું પુણ્ય હોય ત્યાં સુધી શિવના જેવા થઈને શિવલોકમાં નિવાસ કરે છે.

(૧૬) શિષ્ય : શંકર ભગવાને તપ કરી જગતના મનુષ્યોને કેવો બોધ આપ્યો છે?

વ્યાસ : પુરાણોમાં શિવને જગતને લય કરનાર માન્યા છે, પણ શંકરના જેવી તપશ્ચર્યા કરાય તો અંતિમ સમયે પ્રભુમાં લક્ષ્ય જઈ કલ્યાણ થશે એમ શંકરનું સંહારક રૂપે ગુપ્ત વચન છે.

(૧૭) શિષ્ય : ચતુર્મુખી બ્રહ્માએ ૯૬ તારવાળી જનોઈ ધારણ કરી રાખીને જગતના મનુષ્યોને શો બોધ આપ્યો છે?

વ્યાસ : નશ્વર જગતને ઉત્પન્ન કરનાર બ્રહ્મા મનાય છે. તે બ્રહ્માએ ૯૬ તારવાળી જનોઈ પહેરેલી છે અને ઈશ્વર હોવા છતાં તે વેદાધ્યયન અને તપ કરે છે. તે ભ્રાંતિરૂપ ઉત્પન્ન થનાર જગતને સૂચવે છે કે મારી માફક વેદમાર્ગને અનુસરો, તપ કરો અને જેમ મેં આત્માની ૯૬ પ્રકારની માયાવી વૃત્તિઓને જનોઈરૂપે પહેરી તેના ઉપર કાબૂ રાખી આત્માને એક લક્ષ્ય જોતરારૂપ ગાંઠવાળી છે, તેમ તમે પરમેશ્વરમાં એક લક્ષ્ય રાખો અને ૯૬ પ્રકારની માયાવી વૃત્તિઓને જીતો તો કલ્યાણ થશે

(૧૮) શિષ્ય : વિષ્ણુ ભગવાને જગતના મનુષ્યોને કેવો બોધ આપ્યો છે?

વ્યાસ : નશ્વર જગતને સ્થિર જાળવનાર, જગતને સ્થિતિ આપનાર સત્તાને પુરાણોમાં વિષ્ણુ કહ્યા છે. તેથી વૈષ્ણવો વિષ્ણુ ભગવાનની ભક્તિ કરીને ભજે છે, પણ અસત્ય જગતના વ્યવહારને સાચો માનનાર માનવ વૈષ્ણવ કહેવાય છે અર્થાત્ માયામાં ડૂબેલા જીવને વૈષ્ણવ કહે છે. તેવા સ્વભાવના જીવોને જગતનું પરમ સત્ય સમજવા માટે ભગવાન વિષ્ણુના શ્રેષ્ઠ અનુગ્રહની

જરૂર પડે છે અને જ્યારે તેનો અનુગ્રહ થાય છે ત્યારે જ તે વ્યાવહારિક જીવોને વ્યવહારમા અરુચિ થઈ પરમાર્થમા પ્રીતિ થાય છે

(૧૯) શિષ્ય ત્રણે ઈશ્વરો (બ્રહ્મા, વિષ્ણુ અને શિવ)ને લગ્ન કરવાનુ કારણ શુ? અને તેઓને શા માટે લગ્ન કરવા પડયા તે જણાવશો?

ગુરુ અતિશય પરાપૂર્વના પ્રાચીન સમયથી સ્ત્રી અને પુરુષની જાતિ ચાલે છે પરન્તુ પ્રાચીન સમયમા એકબીજા વચ્ચે દેહનો કોઈ સબધ ન હતો કોઈનામા કામવિકાર હતો નહીં કોઈ કોઈની સાથે લગ્ન કરતુ નહીં સ્ત્રીઓ કોઈ પણ પુરુષના રૂપ, શારીરિક શક્તિ કે મિષ્ટ શબ્દો ઉપર આકર્ષિત થતી ન હતી પુરુષો કોઈ પણ સ્ત્રીના દેહની રમણીયતા ઉપર, સુડોળ, સુકોમળ, પ્રફુલ્લિત અગો ઉપર, લાલિત્ય કે શૃગાર ઉપર કદાપિ મોહિત થતા ન હતા કેમ કે કોઈ પણ સ્ત્રી પુરુષમા દેહની કે ઈંદ્રિયોની વાસના જેવુ કોઈ મોહિત તત્ત્વ જ ન હતુ દેહમા વિષયાગ્નિ ન હોવાથી સ્ત્રીને પુરુષની અને પુરુષને સ્ત્રીની કોઈ જરૂરિયાત ન હતી વિકાર ન હોવાથી પરસ્પર દેહનો સબધ ન હતો

તે જમાનામા તપ, ત્યાગ, વિરાગ અને સદ્‌ગુણોની જ પૂજા હતી અને થતી સદ્‌ગુણો પ્રમાણે મનુષ્યોની પ્રતિષ્ઠા ગણાતી, છતા કવચિત્ મનુષ્યો મન્ત્રોથી અને તપથી માનસસતાન અર્થાત્ આશીર્વાદના સતાન પ્રાપ્ત કરતા આ રીતે સૃષ્ટિમા ઘટાડો થવા લાગ્યો, ત્યારે સૃષ્ટિસર્જક બ્રહ્માને વિષ્ણુ અને શકર પાસે જવુ પડયુ ત્રણે એકત્ર થયા ત્યારે તેમને માનસપુત્રરૂપે ઉત્પન્ન કરનાર ત્રિગુણાત્મિકા આદિશક્તિઓ કહ્યુ કે, તમે મારી સાથે લગ્ન કરો ત્યારે બ્રહ્માએ કહ્યુ, તમે અમારા જનેતા છો એટલે તમારી સાથે લગ્ન ન થાય જો આપણા લગ્ન થાય તો આપણા દાખલાથી સ્વર્ગ અને સૃષ્ટિના લોકો ચારિત્ર્યહીન થાય શક્તિઓ કહ્યુ, તમે મારા શરીરના ગર્ભથી ઉત્પન્ન થયેલા નથી, પરતુ મારી ઈચ્છાથી ઉત્પન્ન થયેલા માનસસતાન છો સૃષ્ટિની તમામ પ્રજા મોટાના ચારિત્ર્યનુ અનુકરણ કરવાવાળી છે તેથી જ્યા સુધી તમે લગ્ન નહીં કરો, ત્યા સુધી સૃષ્ટિનો વ્યવહાર ચાલશે નહીં આપણે દેહનો કોઈ વિકારી સબધ રહેવાનો ન હોવાથી કોઈ દોષ લાગશે નહીં વિષ્ણુએ કહ્યુ, અમો ત્રણ વચ્ચે એક જ સ્ત્રી હોય તો સ્ત્રીઓનુ સતીત્વવાળુ ઉત્તમ ચારિત્ર્ય રહી શકે નહીં માટે તમારી સાથે લગ્ન કરવા અનુચિત છે શકરે કહ્યુ જેમ ગુરુને માનસપિતા મનાય છે તેમ તમે અમારા માનસમાતા છો, માટે આવી વાત કરવી આપને શોભતી નથી જો સૃષ્ટિને લગ્નના માર્ગે દોરવી હોય તો બ્રહ્મા દેવો પાસે જાય અને લોકોને લગ્ન કરવા પ્રેરે આથી બ્રહ્મા દેવો પાસે ગયા દેવોને લગ્ન કરવા સમજાવ્યા તેથી ઈંદ્ર, વાયુ, અશ્વિનીકુમાર, વરુણ વગેરે કુલ પાંચ-સાત દેવોએ

લગ્ન કર્યાં પરંતુ બીજા દેવોએ લગ્ન કર્યાં નહીં અને અન્ય દેવોએ બ્રહ્માને લગ્ન કરવા ના પાડીને કહ્યુ કે, લગ્નમા અને સ્ત્રીમા શુ આનંદ છે કે જેની ખાતર અમે લગ્ન કરીએ? બ્રહ્માને સમજ પડી કે સ્ત્રી અને પુરુષ દરેક પાસે માત્ર અર્ધાં અંગ છે, તેથી સ્ત્રી પુરુષમા એવુ તત્ત્વ ઉત્પન્ન કરવુ જોઈએ કે જેનાથી એકબીજા પ્રત્યે આકર્ષણ અને પ્રત્યેકને એકબીજાની જરૂર પડે આથી બ્રહ્માએ ભગવાન વિષ્ણુ, શંકર અને શક્તિમાતાની સલાહ લીધી અને કામદેવને તથા તેની સ્ત્રી રતિને ઉત્પન્ન કર્યાં તેમ જ કામદેવને સૃષ્ટિની વૃદ્ધિ અર્થે પુરુષજાતિમા અને કામદેવની સ્ત્રી રતિને સ્ત્રીજાતિમા પોતાનો મોહક ગુણ ઉત્પન્ન કરવા મોકલ્યા તેની અસરથી સ્ત્રી પુરુષના દેહોમા કામવિકાર જાગૃત થયો

પરંતુ દુનિયા મોટાના ચારિત્ર્યનું અનુસરણ કરનારી હોવાથી શક્તિએ તે ત્રણે ઈશ્વરોને પોતાની સાથે લગ્ન કરવા ફરી કહ્યુ અને સમજાવ્યુ કે, સ્ત્રી વિના પુરુષ અને પુરુષ વિના સ્ત્રી નિરાધાર અને અપંગ છે તેથી એકબીજાના અંગોને પરસ્પરના સાથની અને સહવાસની આવશ્યકતા છે જેમ રથને બે પૈડા માથી એક પૈડુ ન હોય તો રથ ચાલી શકતો નથી, તેમ સ્ત્રી પુરુષના અંગો એક બીજા સાથે જોડાય તો જ સંસારનો રથ ચાલે, કેમ કે તેઓ બંને અર્ધાં અંગો છે પુરુષ વિના સ્ત્રી અને સ્ત્રી વિના પુરુષ એમ્લા રહીને સંતતિ ઉત્પન્ન કરી શકે નહીં માટે તમે મારી સાથે લગ્ન કરો મહાન આત્માઓએ જ ગત હિતાર્થે પોતાના સિદ્ધાંતનો ભોગ આપવા અચકાવુ જોઈએ નહીં સૃષ્ટિની ઉત્પત્તિનુ કાર્ય બ્રહ્મા, સંચાલનનુ કાર્ય વિષ્ણુ અને સંહારનુ કાર્ય શંકર કરતા હોવાથી શક્તિએ પ્રથમ બ્રહ્માને લગ્ન કરવા કહ્યુ અને વિશેષમા ધમકી આપી કે, જો ના પાડશો તો તમને શાપ દઈ બાળીને ભસ્મ કરી દઉંશ બ્રહ્મા મૃત્યુના ભયથી ધ્રૂજી ઊઠ્યા, પરંતુ માતા સાથે લગ્ન કરવુ તેને મહાપાપ માની તેમણે ના પાડી તેથી તે શક્તિએ તેમને શાપ દઈ બાળીને ભસ્મ કર્યા પછી વિષ્ણુને તે જ પ્રમાણે લગ્ન કરવા કહ્યુ, પરંતુ તેમણે ના પાડી તેથી વિષ્ણુને પણ બાળીને ભસ્મ કર્યા આથી શંકર ભગવાન આ બંનેનો નાશ થયો જોઈ અતિશય ભયભીત અને હતાશ થઈ ગયા સૃષ્ટિના કાર્યમા પોતાનો સાથ તૂટ્યો જાણી કલ્પાંત કરવા લાગ્યા બ્રહ્મા અને વિષ્ણુ જે ચિતામા બળીને ભસ્મ થયેલા તે ભસ્મમા સ્ શિવ શંકર ભગવાન આળોટી પડવા ત્યારે શક્તિએ કહ્યુ તમારા રડવા કલ્પા વાથી હુ દયા ખાવાની નથી, સત્વર નિર્ણય કરી લગ્ન કરવાનો યા નહિ કરવાનો શીઘ્ર જવાબ આપો શંકર ભગવાને કહ્યુ માતા' આપના ક્રોધને શાંત કરો અને ભગવાન વિષ્ણુ તથા બ્રહ્માને પુન ઉત્પન્ન કરો, એટલે અમે ત્રણે નગી લગ્ન કરવાનો ગમે તે માર્ગ શોધી કાઢીશુ આથી શક્તિએ બ્રહ્મા અને

વિષ્ણુને પુનઃ સજીવન કર્યા અને શંકર ભગવાન હતા તે જ કાયમ રહ્યા. આમ ખરેખર રીતે ત્રિગુણાત્મિકા આદિશક્તિએ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર ત્રણેને પ્રથમ ઉત્પન્ન કરેલા પરંતુ બ્રહ્મા અને વિષ્ણુને શાપ દઈ જે ચિતામાં બાળી દીધા ત રાખો ીમા શંકર ભગવાન આળોટી પડયા તેથી શંકર ભગવાનના શરીર આ ચિતાની ભસ્મ લેપન થયેલી હોવાથી "चिताभस्मा लेप"॥ આ બનેની ચિતાની ભસ્મ શંકર ભગવાનને લેપન થયેલી હોવાથી શૈવભકતો પોતાના શરીર ભસ્મ લગાડે છે અને ભસ્મથી શુ ફાયદા છે તે શિવપુરાણ, ભાગવી ભાગવત, જાબાલોપનિષદ વગેરમા જણાવેલ છે પરંતુ શંકર ભગવાનને કયાથી, શાથી અને કઈ ભસ્મ લાગી? તેમ જ શૈવભકતોએ શાથી ભસ્મ કરવી જોઈએ? તેનો હજુ ઘણા ભકતો જાણતા નથી ઉપર મુજબ બ્રહ્મા અને વિષ્ણુ ફરી ઉત્પન્ન થયા પરંતુ શંકર ભગવાન ફરી ઉત્પન્ન ન થતા પ્રથમ મુજબના કાયમ રહ્યા તેથી શંકર ભગવાનને "अजन्मानो स्तोक"॥ અજન્મા એટલે જન્મરહિત કહ્યા છે

આ પછી ત્રણેય ઈશ્વરોએ એકાંતે ગોષ્ટિ કરી શક્તિમાતાને કહ્યુ કે, તમે તે પ્રમાણે અમે તમારાથી ઉત્પન્ન થયા છીએ, માટે તમે અમારા જનેતા ગણાવ, તેથી અમે તમારી સાથે લગ્ન કરી શકીએ નહીં પરંતુ તમે અમને ઉત્પન્ન કર્યા તેવી ત્રિગુણાત્મિકા શક્તિ વડે એક એક ગુણવાળી એક એક શક્તિને ઉત્પન્ન કરો તો તેની સાથે અમે લગ્ન કરીએ તે પ્રમાણે શક્તિએ ત્રણ દેવીઓ ઉત્પન્ન કરીને રાજસગુણી બ્રહ્માણીને બ્રહ્મા સાથે, સત્ત્વગુણી વૈષ્ણવીને વિષ્ણુ સાથે અને તામસગુણી શિવાને શંકર ભગવાન સાથે પરણાવી આ રીતે પ્રથમ નવોઢા સ્ત્રીની લગ્નપ્રથા શરૂ થયેલી એટલે (૧) ગણની પદ્ધતિ, (૨) નવોઢા સ્ત્રી પદ્ધતિ, (૩) નિયોગ પદ્ધતિ, (૪) અમિશ્ર લગન પદ્ધતિ અને નિયમ લગ્ન પદ્ધતિ ચાલુ થયેલી આ પાચે લગન પદ્ધતિઓ ક્રમાનુસાર લાંબા લાંબા ગાળે સ્વર્ગલોકોમાં અને મૃત્યુલોકમાં આચરણમાં આવેલી તેથી કહ્યુ છે કે

(દુર્જીગો)

મૈથુન સૃષ્ટિ રચવા, આદિશક્તિએ કર્યો વિચાર,
મોહકશક્તિનું સર્જન કર્યું, વધારવા સંસાર.
વધારવા સંસાર, સીમા મોહશક્તિ ઉતારી,
કામ મોહથી આકર્ષાયા, નર વિશ્વના નરનારી
લગ્ન પ્રથા દાખલ કરી, કામ મોહને દાબવા,
નરનારી પતિપત્ની બન્યાં, વિશ્વ સૃષ્ટિને વધારવા.

(૨૦) શિષ્ય ઈશ્વરોનું પરમધામ શા માટે પ્રગટ કર્યુ?

વ્યાસ ઇંદ્ર, સૂર્યાદિ દેવો કરતા ઈશ્વરો ઊંચ કોટિના છે પરંતુ પરમાત્મા પરમેશ્વર તો તેમના કરતા અતિ ઉચ્ચ કક્ષાનો છે બ્રહ્મા, વિષ્ણુ, શિવ, શક્તિ, રામ કૃષ્ણાદિ અંશાવતારો તથા નારાયણનું મૂળ ઉત્પત્તિસ્થાન પરમેશ્વર હોવાથી તે ઈશ્વરોએ પોતાના આત્મતત્ત્વ ઉપર દૃષ્ટિ રાખીને પરમાત્માને પોતાનું "પરમધામ" અગર 'પરમપદ' કહેલુ છે તે ગુહ્ય વચનો અને ભેદો સમજવાની અત્યાવશ્યકતા છે

*(૨૧) શિષ્ય ઈશ્વરો નિર્ભય છે કે ભયવાળા? તેઓની ઉપાસનાને મોક્ષના પગથિયારૂપ માનવાનું શુ કારણ?*

વ્યાસ ત્રણે ઈશ્વરો બ્રહ્મા, વિષ્ણુ અને શકર આદિશક્તિને આધીન છે, આદિશક્તિ નારાયણને આધીન છે અને નારાયણ પરમાત્મા પરમેશ્વરને આધીન છે કેમ કે અક્ષરધામ સિવાયના બ્રહ્મા, વિષ્ણુ, શિવ, શક્તિના ધામો ઉપર અસુરોએ ચઢાઈઓ કર્યાના ઘણા દાખલા છે તમામ ઈશ્વરોને લડાઈઓ લડવી પડી છે, તેઓ ભયગ્રસ્ત હોવાથી તેમને શસ્ત્રાસ્ત્રો રાખવા પડયા છે, તેમના ધામો મનુષ્યના તપથી ડોલ્યા છે એટલે તે સ્થાનો ચલિત, અસ્થિર અને નાશ વત છે, પણ અવિચળ નથી માટે ઈશ્વરો અભય નથી પણ ભયવાળા છે તેમ જ તેઓ ભયવાળા હોવાથી બ્રહ્મા બ્રહ્મદડ, વિષ્ણુ સુદર્શનચક્ર, શકર તથા શક્તિ ત્રિશૂળ તેમજ બ્રહ્માસ્ત્ર, પાશુપતાસ્ત્ર અને નારાયણ નારાયણાસ્ત્ર નામક શસ્ત્રાસ્ત્રો રાખે છે તેથી માયાવી કોઈ ઈશ્વરો સવદા આનદમય કે સુખસ્વરૂપ નથી તેમને વારવાર દુ ખના આવરણો આવે છે જે ઈશ્વરો પોતે જ પૂર્ણ આનદમય અને સુખસ્વરૂપ ન હોય તે અન્યને નિર્ભય અને પરમસુખ કયાથી આપી શકે? ન જ આપી શકે પરતુ તેઓની ઉપાસનાથી તે ઊંચ માર્ગે ચઢાવે છે, અને મોક્ષધર્મ બતાવીને તેનો ઉપદેશ આપે છે તેથી તેમની ભક્તિ પગથિયારૂપ છે પરતુ ધ્યેયરૂપ નથી જેમ સમજુ મનુષ્ય પગથિયામા બેની રહેતો નથી, પણ વાગફરતી પગથિયા ચઢીને માળ ઉપર જવા રૂપી ધ્યેય સુધી પહોચે છે, તેમ આત્મધ્યેય સિદ્ધ કરવા ઈશ્વરો આદિની ઉપાસના કરતાં કરતાં મોક્ષ પ્રાપ્તિ કરવી જોઈએ પરતુ જેમ પગથિયામા બેની રહેવાનુ નથી, તેમ ઈશ્વરોની ઉપાસનામા કાયમ પડી ન રહેતા ઠેઠ પરમેશ્વર સુધી આગળ ને આગળ વધીને ત્યા પહોચવુ જોઈએ આવી રીતે જે ક્રમાનુસાર વારાફરતી જુદા જુદા ઈશ્વરોની ઉપાસના કરીને છેવટે મોક્ષધર્મે ચઢે છે તેને "ક્રમમુક્તિ" કહેવાય છે

*(૨૨) શિષ્ય બ્રહ્મા, વિષ્ણુ, શિવ, શક્તિ, નારાયણ અને નારાયણમાથી જે રામ, કૃષ્ણાદિ અંશાવતારો ઉત્પન્ન થાય છે તે જ પરમાત્મા છે કે તેમનાથી પરમાત્મા જુદા છે?*

વ્યાસ આ વિષય "પરમાત્મા પરમેશ્વર"ના પ્રકરણમા જણાવી ગયા છીએ, છતા ફરીથી તમોને કહીએ છીએ

**द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च।**
**क्षर सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते॥**

(શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૫, શ્લોક ૧૬)

અર્થ આ સસારમા ક્ષર અને અક્ષર એવા બે પુરુષો અર્થાત્ બે પુરુષ તત્ત્વ છે તેમા જે પ્રાણી પ દાર્થો છે તે ક્ષર એટલે નાશવાન અને તેની ઉત્પત્તિ ના કારણરૂપ જે માયાવિશિષ્ટ તે અક્ષર છે એટલે વિનાશી છે પણ તે અ વિનાશી કહેવાય છે પરતુ તે અક્ષરાતીત નથી

**अक्षराणामकारोऽस्मि॥**
(શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૦, શ્લોક ૩૩)

અર્થ પ્રણવના અગ્રભાગમા 'અ'કાર હુ છુ, એમ શ્રીકૃષ્ણે કહેલુ છે
**यच्चापि सर्वभूतानां बीज तदहमर्जुन॥**
(શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૦, શ્લોક ૩૯)

અર્થ હે અર્જુન ! તમામ ભૂતોની ઉત્પત્તિના કારણરૂપ બીજ હુ છુ

આ વચનો શ્રીકૃષ્ણે આત્મભાવથી કહ્યા છે તેમનો આત્મા નારાયણમાં વસનારો હોવાથી, શ્રીકૃષ્ણ પોતે નારાયણની સેવ કળાવાળા પૂર્ણાવતાર હોવાથી કહેલા છે

**माया तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम्।**
**तस्यावयवभूतैस्तु व्याप्तं सर्वमिदं जगत्॥**

(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત અધ્યાય ૪, મંત્ર ૧૦)

**मयाऽध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम्॥**

(શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૯, શ્લોક ૧૦)

અર્થ માયાને પ્રકૃતિ જાણો અને માયાવાનને મહેશ્વર જાણો આ બને અવયવ ભૂતોથી આખું જગત વ્યાપ્ત છે અર્થાત તમામ દેહધારી જીવો પ્રકૃતિ એટલે માયાવાળા હોઈ પ્રકૃતિ પુરુષ છે તે જ રીતે નારાયણને પ્રકૃતિપુરુષ વિશ્વના હિરણ્યગર્ભ અને માયાના પતિ માનેલા છે શ્રીકૃષ્ણપ્રભુએ ગીતામાં કહ્યુ છે કે, મને પોતાને માયાનો અધ્યક્ષ માનવો, કેમ કે મારી સત્તાથી જ ચરાચર પ્રપચ વિશ્વને હુ ઉત્પન્ન કરુ છુ આ રીતે નારાયણ માયાવિશિષ્ટ અર્થાત્ માયામા વર્તતા છે

નારા+અયન=માયામાં અયન કરી સૂતેલા હોવાથી તેમને નારાયણ કહેવાય છે. વળી તેમને ત્રણ ગુણોના ઐક્યરૂપ મહત્તત્ત્વ માનેલા છે (જુઓ શ્રીમદ્ ભાગવત્, સ્કંધ ૧૧, અધ્યાય ૨૪, શ્લોક ૪, ૫, ૯ ને ૧૦). આ રીતે સમગ્ર વિશ્વના જીવાત્માઓ વ્યક્તિ તત્ત્વવાળા વ્યક્ત વ્યાપક છે. પણ નારાયણ પોતે વિશ્વના પતિ, વિશ્વંભર અને વિશ્વની લયોત્પત્તિ કરતા હોવાથી અવ્યક્ત છે.

परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातनः।
यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति॥
(શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૮, શ્લોક ૨૦)

અર્થ : પરંતુ તે અવ્યક્ત નારાયણથી પણ પર એવો જે બીજો પરમ કૈવલ્ય બ્રહ્મ "પરમ અવ્યક્ત" પુરુષ છે, જેને સચ્ચિદાનંદ, પૂર્ણબ્રહ્મ, પરમાત્મા કહેવાય છે. તે વ્યક્ત અને અવ્યક્ત બંનેથી જુદો છે. તેથી સર્વ ભૂતપ્રાણીઓવાળા વિશ્વનો નાશ થઈ જાય છે તેમ જ અક્ષર ગોલોક યાને બ્રહ્મલોક અક્ષરધામનો નાશ થઈ જાય છે, તો પણ "सत्यं ज्ञानमनन्तं ब्रह्म"॥ (શ્રુતિ:) તે પરમેશ્વર સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ અને અનંત એટલે તમામનો નાશ થાય તો પણ જેનો કોઈ પણ કાળે નાશ થતો નથી તેવો બ્રહ્મ હોવાથી તે પરમ અવ્યક્તનો (સત્ય-જ્ઞાન ચૈતન્ય સ્વરૂપનો) કદાપિ નાશ થતો નથી તેથી તે પૂર્ણ અવિનાશી છે.

उत्तमः पुरुषस्त्वन्यः "परमात्मे" त्युदाहृतः।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः॥
(શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૫, શ્લોક ૧૭)

અર્થ : ઉપર જણાવેલ "ક્ષર" અને "અક્ષર" બંને કરતાં જે ઉત્તમોત્તમ અને ધ્યાન કરવા યોગ્ય ઈશ્વર છે, તે પોતાની જ્ઞાનચેતના વડે સર્વમાં વ્યાપ્ત છે, તે પરમતત્ત્વ જ્ઞાનચૈતન્ય પરમેશ્વર, અખંડાનંદ અને "પરમાત્મા" એવા નામથી કહેવાયેલો છે. તે ઉત્તમ પુરુષ આ વિશ્વ અને વિશ્વંભર નારાયણ એટલે ક્ષર અને અક્ષર એવા બંનેય કરતાં સર્વોત્કૃષ્ટ અને ન્યારો છે. માટે શ્રીકૃષ્ણે અર્જુનને સમજાવ્યું છે કે :

तमेव शरणं गच्छ सर्वभावेन भारत।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम्॥
(શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૮, શ્લોક ૬૨)

અર્થ : હે ભારત! જેની ચેતના વડે માયાવી શરીરરૂપી જડ યંત્રો ચાલી રહેલાં છે તેવા પરમાત્માને શરણે તું સર્વભાવ વડે જા. જો આત્માના અમુક જ ભાગથી તેના શરણે જઈશ તો તે પરમેશ્વરની કૃપા પ્રાપ્ત કરી શકીશ નહીં. માટે "सर्वभावेन" શબ્દ વાપરીને કૃષ્ણે અર્જુનને સ્પષ્ટ સૂચન કર્યું છે કે,

કોઈ પણ કાળે તારા આત્માને જન્મ મૃત્યુના ફેરામા પાછા આવવુ ન પડે તેવી પરમ અને શાશ્વત શાંતિ ઈચ્છતો હોય તો તે પરમાત્માને શરણે જા "તત" તેને શરણે જવાથી તું જન્મ મૃત્યુ રહિત અવિચળ પરમમોક્ષને પામીશ

આ સ્થળે શ્રીકૃષ્ણે અર્જુનને એમ નથી કહ્યુ કે મારે શરણે આવ, અગર હુ તને પરમશાંતિ મોક્ષ આપીશ કેમ કે મોક્ષ આપવાનુ કામ તેમની શક્તિ બહારનુ હતુ શ્રીકૃષ્ણ પોતે પણ મોક્ષ મેળવવા તે પરમાત્માનુ ધ્યાન કરતા હતા એટલે તે મોક્ષ આપી શકે તેમ ન હોવાથી તેમ જ અર્જુન આત્મકલ્યાણનો શ્રેષ્ઠ માર્ગ પૂછે છે પરન્તુ "તેની ઈચ્છા માત્ર મારાથી મુક્ત થવાની છે" તેમ જ અર્જુન અસ્થિર મનનો હોઈ પરમાત્મામા તમામ ભાવ સમર્પણ કરે તેવો નથી એમ શ્રીકૃષ્ણ જાણતા હોવાથી શ્રીકૃષ્ણે ભગવદ્‌ગીતા, અધ્યાય ૧૮ના શ્લોક ૬૪–૬૬મા અર્જુનને કહ્યુ છે કે તુ મારો જ ભક્ત થા, મારામા જ મનવાળો થા, મને જ નમસ્કાર કર, હુ સત્ય પ્રતિજ્ઞાપૂર્વક કહુ છુ કે તેથી તુ મને જ પ્રાપ્ત થઈશ અને હુ તને સર્વ પાપોથી મુક્ત કરીશ કેમ કે શ્રીકૃષ્ણ અવતારી ઈશ્વર હોવાથી તેમનામા અર્જુનને મારાથી મુક્ત કરવાની શક્તિ અને સત્તા હતી પરન્તુ શાશ્વત પરમમોક્ષ આપવાની અને જન્મ મૃત્યુ નિવારણ કરવાની તેમનામાં સત્તા વા શક્તિ ન હતી કેમ કે તે પોતે જ માયાવાળા સગુણી અને માયાવી દેહવાળા પ્રકૃતિપુરુષ હતા તેમ જ તેમનુ ઉત્પત્તિસ્થાન અક્ષરબ્રહ્મનારાયણ, પોતે પણ માયાવાળા હોવાથી, તે બીજાને શી રીતે માયાથી મુક્ત કરી શકે? જે પોતે જ જન્મ મૃત્યુરહિત પરમ શાંતિ પ્રાપ્ત કરી શક્યા ન હો, તે શી રીતે અન્યને મોક્ષ આપી શકે? વારી ?

मायामात्रमिद द्वैतमद्वैत परमार्थत ॥ (श्रुति)

અર્થાત ઉકાર, મકાર, અકાર અને અર્ધમાત્રા અક્ષરબ્રહ્મ સુધી દરેક સ્થળે માયા છે તેથી તે તમામ "ધામ" જેવી જડ માયાના આકારે બ્રહ્મપુરી, વૈકુંઠ, કૈલાસ, શક્તિપુરી અને અક્ષરધામ નામ- "ધામમાં વસનાર છે" તેમ જ તેઓ સ્ત્રી-સંતાનવાળા, હર્ષશોક- સુખદુઃખ, સ્ત્રીપુરુષ આદિ દ્વંદ્વતત્ત્વો વાળા તથા ભયગ્રસ્ત છે, તેથી તે દ્વૈત છે અદ્વૈત માત્ર પરમેશ્વરરૂપ નાદ ના છે તેને કોઈનો ભય નથી, અને તેને દ્વંદ્વ વસ્તુનો કે માયાનો સ્પર્શ થતો નથી, તે જન્મ મૃત્યુના દ્વંદ્વમા આવતો નથી તેમ જ ફનાતો નથી, તેથી તે દ્વૈતથી ન્યારો એવો નિરંજન નિર્લેપ, અદ્વૈત પુરુષ છે

एकमेवाद्वितीय ब्रह्म, निश्चल मारग उच्यते ॥

(ત્રિશિખાપનિષદ, અધ્યાય ૧, મંત્ર ૧૪)

અર્થ તે પરમાત્મા એક જ અદ્વિતીય બ્રહ્મ છે કે જેના જેવું શ્રેષ્ઠ અન્ય કોઈ પણ બ્રહ્મ નથી તેને નિશ્ચલ મોક્ષ કહે છે

**महत परमव्यक्तमव्यक्तात्पुरुष पर ।**
**पुरुषान्न पर किंचित्सा काष्ठा सा परागति ॥**

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત, વલ્લી ૩, અધ્યાય ૧, મન્ત્ર ૧૧)

અર્થ વિશ્વના તમામ આત્મા કરતા જે મહત=મહાન અક્ષરબ્રહ્મ છે, જેને અક્ષરનિવાસ યા અક્ષરધામ કહેવાય છે, તેના કરતા તેના અધિપતિ નારાયણનો પોતાનો આત્મા અને પરમેશ્વરની પરમગતિ શ્રેષ્ઠ છે, તેથી તે અવ્યક્ત કહેવાય છે તે અવ્યક્ત કરતા પણ "असगोह्ययपुरुष" ॥ (શ્રુતિ) જે માયાના સગથી, માયાના સસર્ગથી અને સ્પર્શથી રહિત છે, તેવો માયાતીત, જ્ઞાનસ્વરૂપ, પરમપુરુષ જે માયાથી જુદો છે તે શ્રેષ્ઠ છે તે પુરુષ અર્થાત્ પરમાત્મા પરમેશ્વરથી શ્રેષ્ઠ હોય તેવુ બીજુ કોઈ પણ નથી તે પરમાત્મા મોક્ષગતિનું એવુ શ્રેષ્ઠ સ્વરૂપ છે કે જેના કરતા બીજી કોઈ ઉચ્ચ સદ્ગતિ છે જ નહીં

પ્રણવની ચાર માત્રાની ઉપર બિંદુ બિરાજમાન છે, તે પ્રણવનુ શિરછત્ર છે પણ તે પ્રણવની માત્રા નથી તે બિંદુ જ્યા દ્વૈતભાવનુ કોઈ તત્ત્વ ન હોય તેવુ એક અદ્વિતીય તત્ત્વ છે, તેને જ પરમાત્મા પરમેશ્વર કહેતા છે

આ સમજણ પરથી ખાતરી થશે કે, દેવો, ઈશ્વરો, અશાવતાગી આત્માઓ અને નારાયણથી પણ અતિ શ્રેષ્ઠ છે તે પરમાત્મા છે માટે પરમાત્મા આ બધાથી ન્યારા છે અને તેઓ કદી જન્મ લેતા નથી

(૨૩) શિષ્ય જીવ, ઈશ્વર અને માયા—એ ત્રણેને અનાદિ માનવાનુ શુ કારણ?

વ્યાસ નારાયણની સ્વપ્નાવસ્થા સુધી સસાર ચાલે છે અને તેના અતે "ॐ सोऽहम्" ॥ કહીને નારાયણ વિશ્વને પોતાના વિરાટ સ્વરૂપમા સમાવી, તેને અતિ સૂક્ષ્મ બનાવી, તેના ઉપર પોતાના બ્રહ્મતત્ત્વનુ આચ્છાદન કરે છે પછી તુર્યાવસ્થામય સુષુપ્તિ અવસ્થા પરમબ્રહ્મના ધ્યાનમા જ અક્ષરધામમા પસાર કરીને જાગ્રતવસ્થામા પરમબ્રહ્મના પૂરકમા જાય છે અને તે પૂર્ણ થતા સ્વપ્નની શરૂઆતમા પરમેશ્વરના રેચકમા પ્રથમ બહાર આવીને "ॐ एकोऽह बहुस्याम्" ॥ બોલી નિમિષ માત્રમા જેવુ વિશ્વ લય થયુ હોય તેવી જ સ્થિતિમા તેનુ પુન સર્જન કરે છે તેથી જીવ, ઈશ્વર અને માયા ત્રણેને અનાદિ માન્યા છે કેમ કે કર્તા, કાર્ય અને કારણ, તેમ જ મૃત્તિકા, પાણી અને કુભાર તેમ જ એરણ, હથોડી અને ચીપિયો ત્રણે વિના કોઈ કાર્ય કે ઘાટ થતો નથી અર્થાત નારાયણ

જાગ્રાવસ્થા ભોગવે છે ત્યારે તે માયારૂપે એક જ સ્વરૂપ થઈ પરમેશ્વરમા નિમગ્ન હોય છે ત્યારે ઈશ્વર એટલે પરમબ્રહ્મ એક અદ્વિતીય સ્વરૂપ હોય છે અને પરમબ્રહ્મની પરમગતિ કે જેમા જ્ઞાન-ચેતના શક્તિ અને આત્માનુ તત્ત્વ સ્વરૂપ વ્યાપક હોય છે, એટલે જેમ દૂધના પ્રત્યેક ટીંપામા ઘી હોય છે, તેમ પરમ ગતિ પ્રત્યક્ષ નહીં પણ તત્ત્વરૂપે જીવોથી ભરચક હોય છે, તેથી પરમગતિને જીવ માનેલ છે એટલે જીવ, ઈશ્વર અને માયા ત્રણેને અનાદિ એટલે સર્વદા કાયમ રહેનારા અવિનાશી માનેલા છે તેથી સદગુરુશ્રીએ "પ્રણવવિજ્ઞાન"મા કહ્યુ છે કે

(મનહર છંદ)

જીવ, ઈશ્વર અને માયા, અનાદિના સત્ય સિદ્ધ,
સિદ્ધ માન્યા વિના નથી, કોઈ કાળે છૂટકો
જીવ, માયા કર્યા કહીએ, તો કાર્ય કારણ વિના,
ન બને ને બનાવ્યુ તો, આખરમા ખૂટકો
કર્યું તો કર્યાની વસ્તુ, હોવા વિના કયાથી કર્યું?
કર્તા ને કારણ વિના, કાર્ય તણો તુટકો
કર્તા, કાર્ય ને કારણ, ત્રણ સિદ્ધ માન્યા વિના,
ગપોડુ ગણાશે ગર્વ, વેદ ગ્રથ ગુટકો ૧

કારણ મૃત્તિકા હોય, તો જ કાર્ય કુભ બને,
કર્તા કુભાર વિના, કર્યું કેમ માનીએ?
કર્યું તો કર્તા થયો, કર્તાને ચાર દોષ,
નૈર્ઘન્ય, વૈષમ્ય, કૃત, નાશ ત્રીજો જાણીએ
અકર્તા અભ્યાગમ, ચોથો દોષ વેદ વદે,
નિર્દોષી પરમાત્મા વિના, કયાને પ્રમાણીએ
નિર્દોષી નિરબાધ, પરમેશ્વરને વેદ વદે,
માટે જીવ, માયા, બ્રહ્મ, સત્ય સિદ્ધ આણીએ ૨

જીવ સિદ્ધ માનીએ તો, મોક્ષ સભવે જ નહિ,
એવી શકા ઊઠે તેનો, ઉત્તર લો સાભળી
મોક્ષ પામે તેથી તેનો, નાશ તો ગણાતો નથી,
અવિનાશી સદા જીવ, રહે બ્રહ્મમાં મળી
પરગત સ્વરૂપ તે, છે છે ને છે સિદ્ધ રહ્યો,
અનાદિ અનંત જીવ, જગત કયા જશે ટળી?
માટે જીવ, માયા, બ્રહ્મ, ત્રણે સિદ્ધ અનાદિના,
"વ્યાસ"નો સિદ્ધાત સત્ય, જ્ઞાની જન લો કળી ૩

શ્રીકૃષ્ણ પ્રભુએ ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે હે અર્જુન ! મારી અધ્યક્ષતાથી આ ત્રિગુણાત્મક માયા આ ચરાચર જગતને ઉત્પન્ન કરે છે અને એ જ કારણથી વિશ્વ ફરતું રહ્યા કરે છે (જુઓ અધ્યાય ૯, શ્લોક ૧૦) આનો ભાવાર્થ એ છે કે, ઈશ્વરના ઉપરીપણા નીચે પ્રકૃતિ સ્થાવરજંગમ જગત ઉપજાવે છે અર્થાત્ ઈશ્વર ઉપજાવતા નથી વળી અધ્યાય ૪ના, શ્લોક ૧૩મા જણાવ્યુ છે કે, ગુણ કર્મના વિભાગાનુસાર (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર) ચાર વર્ણ મેં ઉત્પન્ન કરેલી છે અને તેથી યદ્યપિ હુ એ વર્ણોનો કર્તા દેખાતો હોઉં તથાપિ મને અકર્તા, નાશરહિત અને અસગાગી છુ એમ તુ જાણ અર્થાત્ ઈશ્વરને અકર્તા કહ્યા છે તે ઉપરાન અધ્યાય ૧૩ના શ્લોક ૨૦મા જણાવ્યુ છે કે, પ્રકૃતિ તથા પુરુષ એ ઉભય અનાદિ જ છે એમ તું સમજ, અને વિકાર (બુદ્ધિ, ઇંદ્રિયો, શરીર વગેરે) તથા ગુણ (સત્ત્વ, રજસ અને તમસ) એ પ્રકૃતિમાથી ઉત્પન્ન થયેલા છે એમ તુ જાણ

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, પરમેશ્વર અકર્તા છે અને જીવ, ઈશ્વર અને માયા અનાદિના છે જો તે ન હોય તો તેનો કર્તા કોણ ને નહોતું તે ક્યાથી લાવીને કર્યું ? જો પરમેશ્વરે પોતાનામાથી કાઢયુ કહીએ તો તે પરમેશ્વરના હતુ એમ માનીએ તો પરમેશ્વરને નિર્લેપ અને નિરજન કહેવાય છે તે ખોટુ થાય છે વળી કર્યું કહીએ તો ચાર દોષ લાગે છે, તો પછી પરમેશ્વર નિર્દોષી કહેવાય નહીં માટે જીવ, ઈશ્વર અને માયા અનાદિના સભવે છે

**द्वा सुपर्णा सयुजा सखाया समानम्वृक्षम्परिषस्वजाते ।**
**तयोरन्य पिप्पल स्वाद्वत्त्यनश्नन्नन्योऽभिचाकशीति ॥**

(ઋગ્વેદ મત્ર ૧ । સૂત્ર ૧૬૪, । મત્ર ૨૦)

અર્થ બે ચેતન છે જેનુ અનાદિપણુ હોવાથી પરસ્પર સબધ છે અને સ્વસમાન પ્રકૃતિરૂપ વૃક્ષના આશ્રયી છે તેમાથી એક કર્મનો ભોક્તા છે અને બીજો અભોક્તા છતા સાક્ષીરૂપે સ્થિર છે

આ વેદમત્રથી એવુ સિદ્ધ થાય છે કે, અનાદિ પદાર્થ ત્રણ છે જીવ, ઈશ્વર અને માયા (પ્રકૃતિ) પ્રકૃતિ ઉપાદાન કારણ છે અને વિશ્વેશ્વરનારાયણ નિમિત્ત કારણ છે

(૨૪) શિષ્ય ક્ષર એટલે શુ ? અને તેની હદ ૐકારમા ક્યા સુધી છે ?

વ્યાસ ક્ષર એટલે નાશવત સમગ્ર વિશ્વ (જુઓ પ્ર દ નં ૯૨) કે જેમા પ્ર દ ન ૮૮થી બતાવેલ ઉકાર, પ્ર દ ન ૬૬થી બતાવેલ મકાર, પ્ર દ ન ૪૧થી બતાવેલ અકાર, પ્ર દ ન ૭૧થી બતાવેલ કડાગ સહિત જે ૭૩ જીવોથી માડીને ઈશ્વરો સુધીનું સમગ્ર બ્રહ્માડ છે તે ક્ષર છે

તે વિશ્વમાં પ્રણવની "ઉ" માત્રામા જડાત્મા, જીવાત્મા અને આત્મા રહેલા છે તેની ઉપર "મ" માત્રામા સ્વર્ગના દેવો રહેલા છે તે મહાન આત્માઓને તથા પૃથ્વીના શ્રેષ્ઠ જ્ઞાની પુરુષોને "મહાત્મા" કહેવાય છે તેની ઉપર "અ" માત્રામા ચાર ઈશ્વરો તેઓના લોકસહિત રહેલા છે ને ઈશ્વરોના આત્માને "દિવ્યાત્મા" કહેવાય છે તે તમામ "ક્ષર" એટલે નાશવાન છે

(૨૧) શિષ્ય સ્વર્ગમા અમર સુખ છે કે? ધામ અને ધામીનો તાત્ત્વિક અર્થ શુ થાય છે? ધામમાં રહેવાથી મોક્ષ મળ્યો એમ કહી શકાય કે?

વ્યાસ સ્વર્ગમા એક માત્ર દેહનુ અમરત્વ પ્રાપ્ત કરાય છે જો કે આત્મા અજર, અમર છે પરતુ તેનું નિવાસસ્થાન એટલે દેહ અમર નથી તેથી મૃત્યુલોકમા, સ્વર્ગભૂમિઓમા, ઈશ્વરકોટિની ભૂમિઓમા અને ગોલોકભૂમિમા પણ આત્મા ક્રમાનુસાર એક કરતા બીજી ભૂમિમા વધુ વખત રહી શકે છે, કિંતુ નિત્ય સર્વદા કાયમ રહી શક્તો નથી તેથી આત્માનું ઊંચનીચ જન્મો, ઊંચનીચ સ્થાનો અને ઊંચનીચ પદવીઓમા વારવાર ભ્રમણ થયા કરે છે તે ભ્રમણને અટકાવવા અને આત્માને અહીંથી તહીં અને તહીંથી અહીં, ઉચ્ચમાથી નીચસ્થાને અને નીચમાથી ઊંચસ્થાને એમ વારવાર રખડાવવાવાળો આત્માના ચક્ષુઓ પર મોહ મમત્વનો અને દેહાભિમાનનો પડદો પડી ગયો છે તે પડદાને લીધે મૃત્યુલોકથી માડીને અક્ષરધામ સુધી આત્માને ઠરવાનું કોઈ પણ અવિચળ સ્થાન નથી જ્યા સુધી હલકુ ધામ કે ઉચ્ચધામ કે પરમધામ આદિ ગમે તે ધામમા, તેના ધામી એટલે ધામમા રહેનાર થઈને રહેવાશે, ત્યા સુધી કોઈ પણ આત્માને કોટિકાળે પરમશાતિ કે વિશ્રાતિ મળવાની નથી કેમ કે જેના આધાર પર તેમા વસનારા રહી કે ટકી શકતા હોય અને તેમા વસનારા જેની છત્રછાયા નીચે આશ્રય મેળવતા હોય તેવા રક્ષણ અને આશ્રય આપનારા સ્થળને 'ધામ' કહેવાય છે આનો તાત્ત્વિક અર્થ એ થાય છે કે, જેમ અનેક ગુનેગારોને એક સ્થળમા કેદ કરી રાખે તેનું નામ જેલ છે, તે પ્રમાણે પરમાત્માને ભૂલી જઈ, મોહમાયામા ગર્વઘેલા થઈ, ભાન ભૂલી ભટક્તા આત્માઓને માયામા જે ગોંધી રાખે તેનુ નામ "ધામ" છે જે આત્માને પોતાનો આધાર આપી વા આચ્છાદન કરીને પોતાની અદર રાખે તે "ધામ" છે જે "ધામ" જેવી જડ વસ્તુના (મકાનના, માળના, છાપરાના) આધારે તેના પર અગર તેની અદર રહે તે રહેનારને "ધામી" કહેવાય છે આ "ધામ" એ કોઈ ચેતન વસ્તુ નથી પણ "જડ" છે ત્યારે આત્મા "ચેતન" છે જ્યા સુધી ચેતનને જડનુ બધન હોય અને ધામરૂપ જડનો આશ્રય હોય ત્યા સુધી તેનામા બ્રહ્મચૈતન્ય શી રીતે પ્રાગટ્ય થાય? જ્યા ધામ અને ધામીના ભેદ ન રહે તેને અદ્વૈત

ક ત્રાણરૂપ અવિચળ મોક્ષ કહેવાય મોક્ષમા કોઈનો આધાર હોતો નથી, ત્યા કોઈ કોઈના આધારે રહેતું નથી, ત્યા કોઈ આધાર, દાતા કે આશ્રિત નથી તેમ જ ત્યા કોઈ તત્ત્વભિન્નતા હોતી નથી તેથી આત્મા નિર્બંધ આકાશમાં ઊડતો રહે, કોઈનો આશ્રય કરે નહિ અને જ્યારે પરમક ત્રાણરૂપ પરમશિવ પરમાત્મા પરમેશ્વર પખીની સાથે બેસીને તેના ધ્યાન લક્ષ્યમા નિમગ્ન થઈને ૐનો આત્મોચ્ચાર કરે ત્યારે જીવપખીને શિવપખી પોતાનામા સમાવી લે છે જ્યા સુધી ધામ કે પરમધામ આદિ ગમે તે ધામમા તેના ધામી એટલે ધામમા રહેનાર થઈને રહેવાશે, ત્યા સુધી કોઈ પણ આત્માને કોટિ કાળે પરમશાતિ કે વિશ્રાતિ મળવાની નથી

(૨૬) શિષ્ય ઘણા સાધકો વૈકુઠને શ્રીકૃષ્ણપ્રભુનુ ધામ માને છે તો કેટલાક અમરધામ ગોલોકને તેમનુ ધામ માને છે માટે શ્રીકૃષ્ણપ્રભુનુ સાચુ ધામ કયુ?

વ્યાસ શ્રીકૃષ્ણપ્રભુનુ ધામ "અમરધામ" (જુઓ પ્ર ૬ ન ૩૦) છતુ તે માટે કહ્યુ છે કે,

**अर्धमात्रात्मक कृष्णो ।।** (ગોપાલોત્તરતાપિન્યુપનિષદ, શ્લોક ૧૨માથી)

અર્ધમાત્રા અક્ષરધામમાથી શ્રીકૃષ્ણપ્રભુ જગતમા આવેલા અને પોતાનુ કાર્ય પૂર્ણ કરીને તેઓ પોતાના અભયધામ, અક્ષરધામમા જ પાછા ગયેલા

કેટલાક લોકો શ્રીકૃષ્ણપ્રભુનુ ઉત્પત્તિ અને અતિમ ગમનસ્થાન વૈકુઠ સમજે છે પરતુ જે કળાઓ વૈકુઠેશ્વર વિષ્ણુમા ન હતી તે લઈને શ્રીકૃષ્ણપ્રભુએ અવતાર લીધેલો છે, અને વૈકુઠ અભયસ્થાન ન હોવાથી વિષ્ણુ ભગવાનને સુદર્શન વગેરે હથિયારો રાખવા પડ્યા છે પરતુ શ્રીકૃષ્ણપ્રભુએ બ્રહ્મા, વિષ્ણુ, શિવ, અગ્નિ, નારાયણ, સૂર્ય, ચદ્ર તથા ચોસઠમુખી બ્રહ્મા વગેરમાથી કળાઓ લઈને કળા રૂપાવતાર ધારણ કરેલો છે અને તેમા વિષ્ણુ ભગવાનની બૌધિકકળા વિશેષ છે, તેથી વૈકુઠને કૃષ્ણપ્રભુનુ પરમધામ માનવાની ભ્રમણા ઉત્પન્ન થાય છે પરતુ જ્યા કોઈનો ભય હોય નહીં તેવા અભયસ્થાનને જ પરમધામ કહેવાય છે અર્થાત્ વૈકુઠ પર અસુરો વગેરેના હુમલા થઈ ચૂકયા છે, તેથી વૈકુઠ અભયસ્થાન ન હોવાથી તે કૃષ્ણપ્રભુનું પરમધામ નથી પરતુ અમરગર્ભ, હિરણ્યગર્ભ, પ્રકૃતિપુરુષ, નારાયણનુ અમરધામ તે જ કૃષ્ણપ્રભુનુ તેમ જ દરેક ઈશ્વરી અવતારોનુ પરમધામ છે

(૨૭) શિષ્ય "પિડે સો બ્રહ્માડે" આ સૂત્રનો સાચો અર્થ શુ થાય છે?

વ્યાસ "પિડે સો બ્રહ્માડ" એટલે જે પિડમા છે તે બ્રહ્માડમા છે કારણ કે દરેકના પિડ પ્ર ૬ ન ૯૩થી બતાવેલ બ્રહ્માડમા જ આવેલા છે અહીં "બ્રહ્માડે સો પિડે" એટલે બ્રહ્માડમા છે તે પિડમા છે એમ કહેલુ નથી

પિંડ એટલે દેહ યા શરીર (પિંડનો બીજો અર્થ હિંદુધર્મમા મૃત્યુ પછી મૃતાત્મા સાથેની સગાઈ તોડવા મૂકવામા આવતો ચોખાનો પિંડ યા પિતૃઓ નિમિત્તે લોટ કે ભાતનો વાળેલો ગોળો) બ્રહ્માંડ (એટલે બ્રહ્મ+અંડ)નો અર્થ અક્ષરબ્રહ્મ યા નારાયણ હિરણ્યગર્ભ (જુઓ પ્ર દ ન ૨૪ ને ૨૫) હોવાથી તેમના અક્ષર સ્વરૂપમાથી જે અકાર (જુઓ પ્ર દ ન ૪૧), મકાર (જુઓ પ્ર દ ન ૬૬), ઉકાર (જુઓ પ્ર દ ન ૮૮) અને કડાગ (જુઓ પ્ર દ ન ૭૧)વાળુ બ્રહ્માંડ એવો થાય છે

એક નહિ પણ અનંત દેહધારી જીવોવાળા પિંડો (સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, દેહવાળા શરીરો) બ્રહ્માંડમા રહેતા હોવાથી પિંડે તે બ્રહ્માંડે એમ કહેવાય છે બીજી રીતે મૃતાત્મા સ્થૂલદેહ છોડયા પછી સૂક્ષ્મદેહ વડે ઊંચ ગતિએ ન ગયો હોય, તે આત્મા પોતાના છોડેલા દેહવાળા ઘરની આસપાસ ફર્યા કરે છે અને પિંડ ઉપર તેનુ લક્ષ (એટલે વાસના) રહે છે જ્યારે તેને પિંડ આપવામા આવે છે ત્યારે તેની સગાઈ છૂટી એમ સમજી તે આત્મા બ્રહ્માંડમા ચાલ્યો જાય છે યથાર્થ રીતે જોતા પિંડમા આશા રાખી રહેલો જીવ બ્રહ્માંડમા જ રહે છે, પણ તેથી આગળ અક્ષરધામ, પરમગતિ કે પરમાત્મામા જઈ શકતો નથી

યોગની દૃષ્ટિએ દેહમા અને ચોખાના પિંડમા લક્ષ્ય રાખનાર બ્રહ્માંડની બહાર ન જતા બ્રહ્માંડમા જ રહે છે તેથી "પિંડે સો બ્રહ્માંડે" કહેવુ છે, પણ "બ્રહ્માંડે સો પિંડે" કહ્યુ નથી છતા કેટલાક "પિંડે સો બ્રહ્માંડે"નો અર્થ બ્રહ્માંડમા છે તે પિંડમા છે એવો કરે છે તે ભોગે અર્થ છે છતા તાત્ત્વિક રીતે યોગ્ય છે કેમ કે જેમ બ્રહ્માંડમા અનેક જીવો રહેતા હોઈ તેનો નાશ થતા અનંત જીવોનો નાશ થાય છે, તેમ કોઈ પણ જીવના દેહનો નાશ થતા શરીરમા લોહીના લાખો જંતુઓ, મસ્તકમાના અને પેટમાના કૃમિ વગેરે અસંખ્ય જંતુઓ મૃત્યુ પામતા હોઈ, એક જીવની હત્યા કરનારને લાખો જીવની હત્યાનુ પાપ લાગે છે અને અસંખ્ય આશાભર્યા જીવોના નિઃશ્વાસ અને શાપ મળે છે તેથી "હિંસા સમ પાતક નહિ" એટલે યોગમા મોટુ પાપ હિંસા કરવી અગર કરાવવી અગર તેને ઉત્તેજન આપવુ તે છે

યોગમાર્ગની દૃષ્ટિમા અક્ષરબ્રહ્મનુ એક જ બ્રહ્માંડ નથી પણ અનેક છે વળી જ્ઞાનમાર્ગે પણ અનેક બ્રહ્માંડો માન્યા છે અને ખાસ કરીને યથાર્થ રીતે કહીએ તો પરમાત્મા પરમેશ્વર પરમબ્રહ્મ તે પોતે જ બ્રહ્મ છે અને સાખા ૐકારની આસપાસ ફરતી પરમગતિ તે તેનુ બ્રહ્માંડ છે, એટલે કે અશુદ્ધ પરમગતિ (જુઓ પ્ર દ ન ૨૧) તેનુ બ્રહ્માંડ છે

જેમ પિંડમાં અસંખ્ય જીવાત્માઓ છે તેમ નાગયણની ઉપર અને ક્ષર બ્રહ્માંડની તમામ બાજુએ અશુદ્ધ પરમગતિ છે, જેના બળથી નારાયણ અને સમગ્ર બ્રહ્માંડ સ્થિર થઈ તરી રહ્યુ છે, તે પરમગતિમા તત્ત્વરૂપ અગણિત આત્માઓ છે જેવીરીતે પિંડના (શરીરના) આત્માના આત્મહૃદયમાં આત્મજ્યોતિ યા કટસ્થબ્રહ્મ છે, તે જ પ્રમાણે જેને મૂળ બ્રહ્માંડ માનેલુ છે તે પરમગતિમા અનત આત્મજ્યોતિઓ છે, તેથી "પિંડે સો બ્રહ્માંડે" કહેવું છે

જેમ પિંડમા લગ રાખનારો આત્મા અધઃપાત છે અને ઊંચે ચઢતો નથી, તેમ અશુદ્ધ પરમગતિમા રહેલ આત્માઓ પરમગતિને જ પોતાનુ સ્થાન માન વાથી પરમબ્રહ્મ પરમેશ્વરનુ ગુરુત્વાકર્ષણ હોવા છતા પોતાનું લક્ષ્ય પરમેશ્વરમા ન હોવાથી પરિભ્રમણ કર્યા કરે છે શુદ્ધ પરમગતિમા (જુઓ પ્ર ૬ ન ૭) રહેલો આત્મા આત્મજ્યોતિરૂપ હોય છે એ હમેશા યાદ રાખવાનું છે

યોગ શબ્દ "યુજ" ધાતુ પરથી થયેલો છે આત્માને પરમબ્રહ્મમા યોજવો એટલે લગાડવો તેનુ નામ "યોગ" છે જેમ સ્ત્રીપુરુષે અહમ ઇત્યાદિ છોડી, ક્ષમાદૃષ્ટિ રાખી એકબીજામા જ્ઞાનપૂર્વક લય થઈ જાય તેને "લગ્ન" કહેવાય છે, તેમ પિંડમા રહેલા જીવાત્માએ પિંડ એટલે દેહમા લગ ન રાખતા પોતાના યોગનું પ્રથમ આસન બ્રહ્માંડ એટલે અશુદ્ધ પરમગતિ ઉપર (સનક, સનત્કુમાર, સનાતન અને સનક મન્તરો આગળ પ્ર ૬ ન ૧૩થી ૧૬માં બતાવ્યા પ્રમાણે) લગાવવુ અને પછી ત્યાથી આગળ વધવુ અને મોક્ષ સુધી જાય તે યોગનો સિદ્ધાંત છે એટલે કે સાચા યોગીએ પ્રથમ આસન ઉકાર, મકાર, અકાર અને અર્ધમાત્રામા ન લગાવતા પરમગતિમાં આસન કરવુ તેને "યોગાસન" યાને "બ્રહ્માસન" કહેવાય છે તેથી જે પિંડે રહી શકે છે તે બ્રહ્માંડે રહી યોગ સાધી શકે છે એવો યોગનો ગૂઢાર્થ છે

સાચા યોગીપુરુષો દેહના જીવન પૂરતા અને દેહ ટકાવવા શ્વાસોચ્છ્વાસ લેવા પૂરતા પિંડમા હોય છે અને તેઓ યોગસાધના માટે બિંદુ પરમાત્માની નીચે મન્તરોની પાસે હોય છે તેઓની યોગસાધના અહીંથી શરૂ થાય છે અને અન્યાત્માઓના ઉદ્ધાર માટે તેમ જ તેઓના હિત માટે ઉપર રહી નિસ્વાર્થભાવી અને યોગમયી દૃષ્ટિ ફેંકે છે તેથી અનેક પિંડધારી આત્માઓના હિત અને કલ્યાણ થાય છે

યોગની દૃષ્ટિમા પિંડ એટલે દેહ નથી, પણ આત્મા જેને પોતાનુ નિવાસ માને તે પિંડ છે યોગના પુસ્તકોમા "પિંડે સો બ્રહ્માંડ" લખીને "બ્રહ્માંડે સો પિંડે" કહેલો છે એટલે કે બ્રહ્માંડમા છે તે પિંડમા છે એમ કહેવાય છે

સૂત્રકાર શ્રીધર લખે છે કે, જેના અડને (એટલે બ્રહ્માડનું કોયુ) કોઈ હદમર્યાદા કે અવરોધ હોય તેને જ "બ્રહ્માડ" કહેવાય એટલે દશકળામય અશુદ્ધ પરમગતિને કોઈ હદ નથી, કોઈ મર્યાદા નથી, કોઈ અવરોધ નથી અને તે સમગ્ર વિશ્વનો લય થાય તો પણ કાયમ રહેવાવાળુ હોવાથી અને પરમેશ્વર પણ શુદ્ધ પરમગતિના શ્વાસ લેતા અને કાઢતા હોવા છતા જે તેના શ્વાસોશ્વાસમા પણ લય પામતુ નથી તવુ આત્માઓનુ ઉત્તમ યોગીઓનુ પ્રથમ સ્થાન તે બ્રહ્માડ નહિ પણ બ્રહ્મરધ્ર (જુઓ પ્ર દ ન ૩૯) છે

પરમેશ્વરમાથી આ બ્રહ્માડ ઈશરૂપે પ્રગટ થતુ નથી, તેથી પણ તે બ્રહ્માડ નથી અને ત્યા તત્ત્વગુણી માયાનો બિબાભાસ અને ચિદાભાસ માયાનો તાત્ત્વિક સ્પર્શ થતો હોવાથી તેને આત્માનો પિંડ માન્યો છે અને તેવા પિંડ રહે તેને ત્યાનુ બ્રહ્માડ માન્યુ છે

સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે "વલ્લભ વિષ્ટિ, ભાગ ૧"ના, પદ ૪૫માં જણાવ્યુ છે કે

(રાગ હોળીનો)

આત્માનો એક તાર લગાવો,
લગાવો રે, આત્માનો એક તાર લગાવો આત્માનો ટેક
સ્થૂલદૃષ્ટિ છોડી સૂક્ષ્મદૃષ્ટિ, કરી કારણને જગાવો,
કારણ છોડી મહાકારણે ચઢવુ, ત્યાથી પણ વૃત્તિ ડગાવો,
માયિક લક્ષણને ભગાવો " ૧
પિંડ બ્રહ્માડથી પાર પડીને, પરમગતિને હઠાવો,
તેને મૂકીને આગળ વધવુ, પરમપદે ચઢી જાવો,
"વલ્લભ" પ્રેમા એક જ થાવો " ૨

વળી સદ્‌ગત મહારાજશ્રીએ "પ્રણવવિજ્ઞાન"મા લખ્યું છે કે, જેવા માયાના ચાર દેહો છે તેવા ચૈતન્યના પણ ચાર દેહો છે માયાનો મહાકારણ દેહ અમરબ્રહ્મમાથી, કારણ દેહ અકારમાથી, સૂક્ષ્મદેહ મકારમાથી અને સ્થૂલદેહ ઉંકારમાથી મળે છે તેવી જ રીતે ચૈતન્યના ચાર દેહો પૈકી આત્મિક મહા કારણદેહ પરમાત્મા પરમેશ્વરના શ્વાસોશ્વાસવાળા મુખ પાસેની તાત્ત્વિક શુદ્ધ પરમગતિમાથી (જુઓ પ્ર દ ન ૪), આત્મિક કારણદેહ પરમાત્માની શુદ્ધ પરમગતિમાથી (જુઓ પ્ર દ ન ૬), આત્મિક સૂક્ષ્મદેહ શુદ્ધાશુદ્ધ પરમગતિ વાળી હ માથી (જુઓ પ્ર દ ન ૮) અને આત્મિક સ્થૂલદેહ અશુદ્ધ પરમ ગતિવાળી યા મન્વતરોવાળી હદમાથી (જુઓ પ્ર દ ન ૨૧) મળે છે વળી

તેવી જ રીતે મોમે જતા જે જગાએથી દેહો પ્રાપ્ત થાય છે, તે જ સ્થળે દેહો છોડવામા આવે છે આ હકીકત જ્ઞાન કરતા યોગથી વિશેષ સમજાય છે

ઘણા એમ કહે છે કે, 'પિંડે સો બ્રહ્માંડે' એટલે પિંડમા છે તે બ્રહ્માડમા છે આ કહેનારનુ કહેવુ તો ખરુ છે પણ સમજનારનુ સમજવું ઊંધુ છે એમ કે જેટલુ બ્રહ્માડમા છે તેટલુ પિંડમા છે એમ કહે છે તે જ ઊંધુ છે જો બ્રહ્માડમા છે તે પિંડમા છે એવો કહેનારનો હેતુ હોત તો એમ કહેત કે 'બ્રહ્માડે સો પિંડે' પણ આ તો એમ કહ્યુ છે કે 'પિંડે સો બ્રહ્માડ' એટલે પિંડમા છે તેટલુ બ્રહ્માડમા છે અને બ્રહ્માડમા છે તેટલુ તો સગુણ બ્રહ્મ-નારાયણના પિંડમા છે તે સભવે છે, કેમ કે આખુ બ્રહ્માડ લય પામે છે ત્યારે સગુણ બ્રહ્મમા જાય છે તેથી તેના પિંડમાં સભવે છે બાકી આપણા પિંડમા કહીએ તે સભવતુ નથી અને તે ઉત્પત્તિ સમયમા તેમાથી નીકળે છે એટલે વ્યક્તમાથી (એટલે નારાયણમાથી) નીકળે છે, એમ શ્રીમદ ભગવદગીતાના અધ્યાય ૮, શ્લોક ૧૮મા કહ્યુ છે તેથી વેદમા કહ્યુ છે કે

ब्राह्मणोऽस्य मुखमासीद् बाहू राजन्य कृत ।
ऊरू तदस्य यद्वैश्य पदभ्या शूद्रो अजायत ।।
(પુરુષસૂક્તમ્ શ્લોક ૧૧)

વળી સગુણ બ્રહ્મના મુખથી બ્રાહ્મણો, બાહુથી ક્ષત્રી, ઉદરથી વૈશ્ય, ચરણથી શૂદ્ર થયા છે એવુ વેદનુ પ્રમાણ છે

આ ઉપરથી સિદ્ધ થાય છે કે, માયાવિશિષ્ટ બ્રહ્મમાથી સર્વની ઉત્પત્તિ થઈ છે, તેમ તે સર્વ તેમા જ સમાય છે તેથી જેટલું બ્રહ્માડમા છે તેટલુ માયા વિશિષ્ટ બ્રહ્મના પિંડમા છે તેથી તેમના 'પિંડે સો બ્રહ્માડ' એમ સમજવુ, પણ આપણા પિંડમા નહીં તેથી "પ્રાણવિજ્ઞાન"મા લખ્યુ છે કે

(મનહર છદ)

અજ્ઞાનીને ઊંધા લોકો, ઊંધુ પોતે સમજીને,
ભોળાભોટ ભક્તોને, ઊંધુ સમજાવે છે
બ્રહ્માડમા જેટલું છે, તેટલું આ પિંડમા છે,
સૂર્ય, ચદ્ર, બ્રહ્મા, વિષ્ણુ, શિવજી બનાવે છે
આપણા હાથે છે ઈંદ્ર, ગુદાએ છે ગણપતિ,
એવા નીચા વેણ વદી, ઘૃણા ઉપજાવે છે
બ્રહ્માડનો પિંડ વિષે, સમાસ ન થાય કદી,
પણ પરબ્રહ્મ પિંડમા, વિશ્વ સમાવે છે

(૨૮) શિષ્ય શું દેશ, કાળ અને જગત કલ્પિત છે?

વ્યાસ દેશ, કાળ અને જગતને વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક રીતે અમુક પ્રમાણમા માનેલા છે આધ્યાત્મિક રીતે આત્મા, પરમાત્મા, બ્રહ્મ, પરબ્રહ્મ અને પૂર્ણબ્રહ્મને માન્યા છે પરબ્રહ્મને (એટલે વિશ્વેશ્વર નારાયણને) માત્ર દ્વારરૂપ ગણ્યા છે તે સાચુ છે

પરતુ દેશ એટલે જે દેશમા જે રિવાજ હોય તે દાખલા તરીકે પુરુષોએ ધોતિયા કે પાટલૂન પહેરવા, સ્ત્રીઓએ ફ્રાક ચણિયા-સાડી પહેરવા કોઈ દેશમા સ્ત્રીએ વાળ કપાવવા, તો કોઈ દેશમા સ્ત્રીઓએ સૌભાગ્ય ચિહન તરીકે વાળ ન કપાવવા ઇત્યાદિ રિવાજે દેશે માનેલા છે બીજી રીતે સ્થાનને દેશ કહેલો છે જે પ્રદેશ શાત, ગરબડાટરહિત, નેત્રને પીડા ન કરનારો, જળાશય અને પવિત્રતાથી મનને અનુકૂળ હોય, ગુફા જેવો હોય, જ્યા મન સ્થિર થઈ શકતુ હોય એવા પ્રદેશમા પોતાનુ આસન કરવુ તેને "દેશ" કહેવાય છે

આધ્યાત્મિક માર્ગે નર્કના કુડ ઉપર, કસાઈખાનામા બેસીને જે તપ કરે તેનુ નામ "તપ" છે વધાગમા એવુ કહેનાર જ કહે છે કે, પવિત્ર સ્થાન, પવિત્ર જગ્યા, શાતિ અને શુદ્ધ હવા આધ્યાત્મિક માર્ગમા ચટાવનાર સાધન છે સારો દિવસ, સારો યોગ જોઈને આધ્યાત્મિક કર્મ શરૂ કરવુ તે "દેશ કાળ" છે

ખરી હકીકતમા ઘણુ આગળ વધ્યા પછી ગમે ત્યા બેસીને ગમે તે સ્થિતિમા કાર્ય કરી શકાય, પણ શરૂઆતમા જો દેશ કાળને છોડી દેવામા આવે તો આગળ વધાય નહીં જો કે જ્યોતિષ પૂર્ણ સત્ય નથી પણ તેની ગણતી બાર આની સત્ય પડે છે ફક્ત આધ્યાત્મિક માર્ગને શ્રેષ્ઠ કહ્યો છે યોગમાર્ગમા ઊડા ઊતર્યા બાદ એટલે યોગમા ઘણે આગળ વધી ગયા પછી આધ્યાત્મિક સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે સાધકને દેશ, કાળ અને જગત દેખાતા નથી તેમ જ નડતા નથી

જેમ એકડે એક ભણનાર અને 'એમ એ' થયેલાને સરખા નિયમો લાગુ કરી શકાય નહીં, તેમ દ્વૈતવાદ, દ્વૈતાદ્વૈતવાદ અને અદ્વૈતવાદને એકઠા કરી શકાય નહીં તેમ દેશ, કાળ અને જગત પ્રત્યક્ષ છે યોગીને યા સાધકને ઊંચ આધ્યાત્મિક સ્થિતિમા નશ્વર કે નષ્ટ દેખાય એટલે કે તેને દેશ, કાળ અને જગત જણાય નહીં પણ તેથી તેને ખોટુ કહી શકાય નહીં

જીવ એટલે વિશ્વમા અનેક પ્રકારના રહેલા આત્મા ઈશ્વર એટલે પરમાત્મા પરમેશ્વર અને માયા એટલે તમામ પ્રકારના દેહોના મૂળતત્ત્વો પચ મહાભૂત, બ્રહ્માડમાં રહેનારા તમામ જીવો, દેવો, ઈશ્વરો અને માયાનુ મૂળ સ્થાન માયાવિશિષ્ટ પરબ્રહ્મ સહિત માયા તે અનાદિ છે

માયાનો આત્યતિક પ્રલય વખતે બાહ્ય લય થાય છે, પણ તે માયાનાં મૂળતત્ત્વો એટલે આખુ વૃક્ષ (બે ગાઉ ફરતો વડ) એક વડના બીજમાં સમાયેલુ

છે. અને બીજના સોળમા ભાગનો અંકુર એટલે ફણગો અને અંકુરના સોળમા ભાગનો તત્ત્વાંકુર એટલે બીજમાં રહેલ તત્ત્વબીજ બાહ્યતત્ત્વનો લય થવા છતાં ગૂઢતત્ત્વ કાયમ રહે છે. અર્થાત્ આત્યંતિક પ્રલય વખતે તામસગુણી શિવ તેની પ્રજાસહિત વિરાટ્સ્વરૂપ નારાયણના કંઠે સમાય છે. સત્ત્વગુણી વિષ્ણુ તેની પ્રજાસહિત વિરાટ્સ્વરૂપ નારાયણના હૃદયે સમાય છે. રાજસગુણી બ્રહ્મા તેની પ્રજાસહિત વિરાટ્સ્વરૂપ નારાયણની નાભિમાં સમાય છે અને ગણપતિ અર્થાત્ ગુણપતિ વિરાટ્સ્વરૂપ નારાયણની ગુદાએ સમાય છે. જેમ પેટમાંથી ગૅસ છૂટે છે તેમ ત્રિગુણાત્મિકા માયાને નારાયણના વિરાટ્સ્વરૂપમાંથી ઉત્પન્ન થવાનું હોય છે.

તેજોબિંદુ ઉપનિષદ્માં દેશનો અર્થ નીચે મુજબ કર્યો છે :

आदावन्ते च मध्ये च जनो यस्मिन्न विद्यते।

येनेदं सततं व्याप्तं स देशो विजनः स्मृतः॥ (શ્લોક ૨૩)

અર્થ : આદિ (વિશ્વોત્પત્તિ સમયે), મધ્ય (વિશ્વ ચાલુ સમયે) અને અંત (વિશ્વના લય સમયે)માં પરમતત્ત્વમાં જન (જીવ) નથી. પરંતુ જેની પરમગતિથી આ સર્વ વ્યાપ્ત છે એવો દેશ તે જ નિર્જન દેશ છે. અર્થાત્ જંગલ કે નિર્જન એકાંત સ્થાન એ ધ્યાન માટે દેશ નથી પરંતુ જ્યાં ગ્રંથિ-તત્ત્વની એટલે માયાની કોઈ પ્રકારે અસર નથી ત્યાં રહીને અર્થાત્ શુદ્ધપરમ-ગતિમાં રહીને ધ્યાન થાય તેનું જ નામ "દેશ" છે.

ઉપદેશ=ઉપ+દેશ. "ઉપ" એટલે શ્રેષ્ઠ, સર્વોત્કૃષ્ટ આસન. જેમ ઉપદેશ એટલે સર્વશ્રેષ્ઠ દેશ એવો અર્થ થાય છે. દરેક આત્માનો સ્વભાવ પોતે જે સ્થાનમાં, જે દેહમાં, જે ગામ, તાલુકા કે શહેર કે જે જાતિમાં, જે દેશમાં રહેલો હોય તે જ ગામનો, દેશનો, જ્ઞાતિનો પોતે છે એમ દરેક માને છે અને એમ માનીને જ દરેક ક્રિયા કરે છે. એટલું જ નહિ પણ તમારું વતન કયું? એમ પૂછવામાં આવે ત્યારે પોતાનું વતન અને મૂળવતન અમુક ગામ, જિલ્લો અને અમુક દેશ બતાવે છે, પરંતુ તે જાણતો નથી કે, આ બધાં ગામ, જ્ઞાતિ અને વતન એ તો જન્મ લીધેલા દેહના છે પણ આત્માના નથી. આત્માને વિશ્વની કોઈ પણ જગ્યાએ દેશકાળનો સંબંધ નથી. આત્માનો દેશ એટલે આત્માની ઉત્પત્તિનું મૂળસ્થાન જે પરમેશ્વરની ગતિ છે તેને અનંત જ્ઞાનીપુરુષો-એ આત્માનો દેશ માની "ઉપદેશ" કહ્યો છે. અને તેને આત્માનું વતન માની મોક્ષને મૂળવતન માન્યું છે.

દેશ, પ્રદેશ, વિદેશ અને ઉપદેશને ટૂંકા શબ્દમાં દેશ કહેલો છે. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ હાલ જગતના જીવોનો માનેલો "દેશ" છે. અને બ્રહ્મલોક, વિષ્ણુલોક, શિવલોક અને શક્તિલોક એટલે કે ચારેય ઈશ્વરોને પામનાર લોકોના

સ્થાનને બ્રહ્મપુરી, વૈકુંઠ, કૈલાસ અને શક્તિપુરીને "પ્રદેશ" માનેલો છે. તારાયણના સૂક્ષ્મ લિંગદેહ, વિરાટદેહ અને અક્ષરધામના ગોલોકવાસને (સ્વામીનારાયણ ધર્મ માને છે તે) "વિદેશ" માનેલો છે.

પરમાત્માની પ્રાપ્તિ મોક્ષને તથા બિંદુમાં શુદ્ધપરમગતિની પ્રાપ્તિને તથા બિંદુની બહાર અશુદ્ધ પરમગતિમાં મન્વંતરોના સ્થાન કે જ્યાં ઊંચ કક્ષાનો દેહધારી હયાત યોગીઓ આસન લગાવી સર્વ વિશ્વને નશ્વર જુએ છે, તેમને દેશ, કાળ અને જગત આધ્યાત્મિક સ્થિતિમાં જણાતાં નથી પણ તમામ હોય છે અને છે.

યોગીની સમાધિસ્થિતિ કાળથી અબાધિત હોય છે. કેમ કે તેની ઇચ્છા એ જ કાળ અને સમાધિસ્થિતિમાં પડેલો હોય ત્યારે તેનું મૃત્યુ પણ પાછું જાય. આ સ્થિતિમાં યોગીની જે ભાવના હોય તે અનંતરૂપે ફેલાય, સમગ્ર આકાશમાં શુદ્ધપરમગતિમાં તે ઇચ્છા વ્યાપ્ત થાય તે બળ નારાયણ, ઈશ્વરો અને દેવોને થતું હોઈ અન્યનું આયુષ્ય પણ આ રીતે તે વધારી શકે છે, તેથી તે કાળાતીત છે. જગત માયાનાં તમામ તત્ત્વો સહિત નશ્વર છે છતાં નશ્વર માયાનો અને અવિચળ આત્માનો સંબંધ તે જ વિશ્વ અને જગત છે. આથી તેને અવિચળ કે નશ્વર કહી શકાય નહીં.

નારાયણમાં માયાનાં મૂળતત્ત્વોનો લય થાય છે. તે પછી તે ગૂઢ માયાતત્ત્વ ઉપર આત્મતત્ત્વનું આચ્છાદન કરી નાંખ્યા પછી નારાયણ પરમાત્મામાં જાય છે અને ત્યાં રહે છે. તે સમયે માયા, જીવ અને ઈશ્વર પરમાત્મા કરતાં જુદાં દેખાતાં નથી. જેમ સ્ત્રી એક દેખાય છે પણ સ્ત્રીના ગર્ભમાં બાળક હોય છે, તેમ નારાયણ પરમાત્મામાં બ્રહ્મરૂપે રહે છે પણ નારાયણમાં માયા હોય છે. આથી એક ઈશ્વરનું અવિચળ અસ્તિત્વ યોગમાર્ગે માન્યું છે પણ આત્મા કે માયા નાશ પામતાં નથી.

જેમ ઉનાળામાં જમીન ઉપર ઘાસ દેખાતું નથી પણ જમીનમાં ઘાસનું બીજ હોય છે, તેને પાણી મળતાં ઘાસ ઊગી નીકળતાં વાર લાગતી નથી તેમ જીવ અને માયા યાને જગત એટલે સમગ્ર વિશ્વ અનાદિ છે. તાત્ત્વિક રીતે કાયમ રહેવાવાળું છે.

માટીના વાસણ જેવી માયા તે ઉકારના સ્થૂલ દેહધારી જીવોની છે. ચીનાઈ કપરકાબી જેવી માટીની માયા તે સૂક્ષ્મ દેહધારી વર્ગના મકારમાં રહેનાર દેહધારી જીવોની છે. કાચના ગોળાઓ જેવી માયા અકારના ઈશ્વરોની અને તેના લોકોની છે. અને દૂરબીન જેવી માયા અર્ધમાત્રા અક્ષરધામના વસનારાઓની અને નારાયણની છે. જેમ આ બધા કાચ એક અગર બીજી હલકી યા ઊંચ

પ્રકારની માટીના છે, તેમ સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ ચારેય યા તેમાંના ગમે તે દેહધારીનુ જેમ ઓછા દેહનું બધન તેમ ઊંચ પ્રકારનુ માયાતત્ત્વ બંધન છે તે જ પ્રમાણે વિશ્વ અને જગત ઓછી વધતી માયાના તત્ત્વ બધનવાળુ છે વળી અશુધ્ધ પરમગતિમા પણ અતિ અલ્પ પ્રમાણમા તત્ત્વમાયાનું બંધન જાય છે

જેમ સૂર્ય એટલે "ભાસ" અને જેમા સૂર્યનું પ્રતિબિંબ દેખાય તે આરસીનો કાચ "આભાસ" અને તે આરસીનુ ભીંત પર પ્રતિબિંબ પડે તે "ચિદાભાસ" છે, તેમ પરમાત્માનો અનંત જ્ઞાન-ચૈતન્યનો ધોધ નારાયણ પર પડે છે તે "આભાસ", નારાયણમાથી પરાવર્તન થઈ ઉપર અશુધ્ધ પરમગતિમા (એટલે કે નારાયણના તત્ત્વ, સત્ત્વ, રાજસ અને તામસ ચાર ગુણની ચાર આરસીના પરમગતિમા જે) ચિદાભાસ પડે છે તે સનુ એટલે તત્ત્વ, સનત્કુમાર એટલે સત્ત્વ, સનાતન એટલે રાજસ અને સનક એટલે તામસ—તે ચારેય મન્વતરોને "ચિદાભાસ" યાને "બિંબાભાસ" માનેલા છે અને તે મન્વતરોના દર્શન કરીને પરમાત્માની આકૃતિના વર્ણનો વેદ અને ઉપનિષદે કરેલા છે કેમ કે કોટાનકોટિ સૂર્યનું તેજ પરમાત્મામા હોવાથી અતિ પ્રકાશમા યોગીના ચક્ષુઓ ખુલ્લા છતા બધ થઈ જાય છે, ત્યારે જેમ આખ મીંચીને ડૂબકી મારવાની હોય તેમ યોગીને પરમાત્માના જીવિતદશાના પ્રત્યક્ષ અનુભવ માટે માત્ર (આત્મ ચક્ષુ બહુ તેજમા બધ થઈ જતા હોવાથી) આત્મજ્યોતિના જ્ઞાનચક્ષુ (જેને દિવ્ય બ્રહ્મચક્ષુ કહેલા છે તે) વડે જોવાનુ અને અનુભવવાનું હોય છે અને કોઈ આત્માનો મોક્ષ કરવાનો હોય ત્યારે શુદ્ધ પરમગતિમા પોતે એન્જિનરૂપે જઈને ત્યા સુધી આત્માને લઈ જઈને ઇન્જીરૂપી આત્માને પૂર્ણ જુસ્સાથી પરમાત્મા તરફ ધક્કો મારવાનો હોય છે અને માત્ર આત્મજ્યોતિથી દૃષ્ટિ રાખવાની હોય છે આ સમય કાળાતીત હોઈ તેને કાળ સમય લાગુ પડતો નથી

તેજોબિંદુ ઉપનિષદ શ્લોક ૨૩મા કાળનો અર્થ નીચે મુજબ કરેલ છે . બ્રહ્મા આદિ સર્વભૂતોની નિમેષની ગણનાથી ક પના થાય છે માટે તે "કાળ" નથી પરનુ જેની કોઈ ગણતરી દ્વારા ઉત્પન્ન યા લય થવાની કલ્પના થતી નથી એવા અખડ અદ્વૈત, પરમાત્માને "કાળ" કહે છે

વળી તે મહાયોગી પણ તે આત્મા પરમાત્મામા ભળે એટલે સુધી તો જોઈ શકનો નથી પણ જોરથી મારેલા ધક્કા પરથી માને છે કે તે મોક્ષ પામ્યો કેમ કે તે પાછો આવે તો દૃષ્ટિગોચર થાય અને દૃષ્ટિગોચર ન થાય તો મોક્ષ પામ્યો આવી આત્મજ્યોતિની દૃષ્ટિ હોય ત્યા તેને દેશ, કાળ કે જગત કયા રહે? આવા આત્માનો દેશ તે જ ઉપદેશ યાને દેશ કહેવાય વૈજ્ઞાનિકને વસ્તુ

(matter) ઉપર ગણતરી કરવાની હોય છે. ત્યારે યોગાત્માને આ જગત એ પોતાનો દેશ નથી. જગત પરનાં સ્થાનો હિંદ, જર્મની, અમેરિકા કે બીજા દેશો પોતાનું વતન નથી પણ ઉપદેશ (મોક્ષ) તે જ તેમનો (યોગાત્માનો) દેશ યાને વતન છે.

લિંગ એટલે શરીર. આ બધું સ્થૂલ દેહનું હોય છે. સ્થૂલદેહ દેહોથી ઉત્પન્ન થાય છે. સૂક્ષ્મદેહ પંચમહાભૂત, શબ્દ-સ્પર્શ-રસ-રૂપ-ગંધના ગુણ અને મકારથી ઉત્પન્ન થાય છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારવાળો કારણદેહ મોહના વિકાસને લીધે ઈશ્વરકોટિ યા અકારથી ઉત્પન્ન થાય છે. અને મહાકારણ દેહ એટલે આ શું છે તે જાણવાની આત્માને ઇચ્છા બ્રહ્માંડમાં પ્રવેશતાં થવાથી અક્ષરધામથી લાગુ પડે છે.

માટે ઊંચ કક્ષાના મહાપુરુષોએ વધુને વધુ જાણવાની ઇચ્છાને યા અપેક્ષાને વધુ જાણવાનો એક વિકાર અને જ્ઞાનનો અતિરેક (એટલે અતિશયતા) માનેલો છે. જ્ઞાનનો અતિરેક એટલે અતિ જાણવાનો દોષ માન્યો તેનું કારણ એ છે કે આત્માના કલ્યાણનું રહસ્ય અવશ્ય જાણવું જોઈએ. જેમ તળાવનું પાણી પીવું હોય તો પાણી પરનો કચરો, લીલ આઘાં કરી નાંખી પાણી પીવાની ફરજ છે, પરંતુ અતિરેક એટલે કોઈ વસ્તુની પાછળ વધુ પડવું તે, વધુ જાણવાની અપેક્ષાના ઢોર છૂટા મૂકવા જેવું છે. તેથી જેમ માયાની અપેક્ષા અમુક સુખ મળ્યા પછી અટકાવવાની છે, તેમ આત્મા પરમાત્માનું સાચું જ્ઞાન મળ્યા પછી વધુ મેળવવાની અપેક્ષાને અટકાવવાની છે. કેમ કે તે અટકાવાય તો જ પૂરતું બ્રહ્મજ્ઞાન યાને અવધજ્ઞાન મળે.

અવધજ્ઞાન દેહથી બોલાય નહિ, કાનથી સંભળાય નહિ, આંખથી દેખાય નહિ, પણ બ્રહ્મયોગીદ્વારા સાધકની સુષુપ્ત અવસ્થામાં અને યોગીની બ્રહ્મદશામાં અપાય. જેમ ધરાઈને જમ્યા પછી કોઈ પક્વાન આપે તો પણ ખાઈ શકાતાં નથી, તેમ બ્રહ્મજ્ઞાન, આત્મ-પરમાત્મ જ્ઞાન મળ્યા પછી વધુ ફેંફ્સ કરવું નિરર્થક છે. જેમ તળાવમાંથી પાણી પીનાર તળાવમાં અને કાદવમાં હાથ કે લાકડી ઘાલી પાણી ડ્હોળી નાંખે તો કાદવ, કચરો પાણીમાં ભળી જાય અને તરસ્યા રહેવું પડે. માટે અમુક હદે પહોંચ્યા પછી વધુ જ્ઞાનપિપાસા પતનના માર્ગરૂપ બને છે.

માટે દેશ, કાળ અને જગતને આધ્યાત્મિક દશા માનતી નથી. કેમ કે તે જીવ જગતનો હોતો નથી. જગતની નિંદા યા વખાણથી ડરતો યા ફુલાતો નથી. કોઈને તે દેશ માનતો ન હોવાથી કોઈ દેશ પ્રત્યે પ્રેમ રાખતો નથી.

મરવા કે જીવવા ઉપર મોહ રાખવો નથી. સર્વ કાંઈ પ્રભુ પર છોડી દે તેનું નામ "વૈરાગ્ય" છે.

જ્ઞાનની ટોચ તે અવધજ્ઞાનનો પાયો છે. જ્ઞાનના શિખર પર રાચનાર અને નાચનાર સમર્થ પુરુષો પડયા અને પટકાયા છે. ઋષિમુનિઓના સંશોધનને અને તેની પૂર્ણ હકીકતો ન મળતી હોવાથી સાયન્સથી કોઈ સ્થળે નવું, કોઈ સ્થળે જૂનું વૈજ્ઞાનિકોને સિદ્ધાંતપૂર્વક નક્કી કરવું પડે છે, તેથી મૅટરની (એટલે વસ્તુની) ઉપમા આપે છે. પણ તે ખરું નક્કર જ્યાં સુધી પહોંચ્યા હોય ત્યાં સુધી ગણાય.

(૨૯) શિષ્ય : દેવો, ઈશ્વરોમાંથી ૐકાર ઉત્પન્ન થયો છે કે ૐકારમાંથી દેવો, ઈશ્વરો ઉત્પન્ન થયા છે?

વ્યાસ : તમારા પ્રશ્નનો ઉત્તર "પ્રણવ-ૐકારની રૂપરેખા" પ્રકરણમાં સવાલ નંબર ૧૧માં સંપૂર્ણ જણાવ્યો છે. તે વાંચી લેશો.

(૩૦) શિષ્ય : ૐકારના ત્રણ વર્ણો વડે (અ, ઉ, મ) શું શું ધારણ થયું તે જણાવો.

વ્યાસ : ૐકારના અ, ઉ, મ એવા ત્રણ વર્ણો છે. તે વડે સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો, ઋગ્વેદ, અથર્વવેદ અને સામવેદ એ ત્રણ વેદો, ઈશ્વરના લોક, ભૂર્લોક અને દેવલોક એ ત્રણ લોકો અને જાગૃત, સુષુપ્તિ અને સ્વપ્ન એ ત્રણ અવસ્થાઓ ધારણ કરાય છે. બ્રહ્માજીએ અ, ઉ, મના ત્રણ અક્ષરોમાંથી ય, ર, લ, વ એ ચાર અંતસ્થ (એટલે સ્વર અને વ્યંજન બંનેના ધર્મવાળો—અર્ધસ્વર) અને શ, ષ, સ, હ એ ચાર ઉષ્માક્ષર (એટલે ઉચ્ચારમાં લાંબું) અને 'ક'થી 'મ' સુધીના સ્પર્શ વ્યંજનો અને રસ્વ તથા દીર્ઘ વગેરે અક્ષરોનો સમુદાય ઉત્પન્ન કર્યો અને કરવા યોગ્ય કર્મને કહેવાની ઇચ્છાથી બ્રહ્માએ પોતાના ચાર મુખ વડે ઉપર કહેલા અક્ષરમાંથી ભૂર, ભુવર, સ્વર એ ત્રણ વ્યાહૃતિઓ તથા ચારે વેદોની ઉત્પત્તિરૂપ "प्रणवस्तस्यमंत्रोपनिषद्वेद बीजं सनातनम्"॥ (શ્રીમદ્ ભાગવત્, સ્કંધ ૧૨, અધ્યાય ૬, શ્લોક ૪૧) પ્રણવ એટલે નવ અક્ષરોને વિશેષરૂપ આપ્યું હોવાથી પ્રણવ કહ્યો છે, તેને પ્રસિદ્ધ કર્યો.

* * *

પ્રકરણ ૬૨

# જગત અને પંચમહાભૂત

(૧) શિષ્ય : જગતના કર્તા કોણ?

* જવાબ : ईक्षतेर्नाशब्दम् ॥ (વિદાન્ત દર્શન, અધ્યાય ૧, પાદ ૧, સૂત્ર ૫)

અર્થ : પ્ર. દ. નં. ૨૪ ને ૨૫થી બતાવેલ અર્ધમાત્રામાં આવેલ માયાવિશિષ્ટ બ્રહ્મમાં એટલે નારાયણમાં ઇચ્છા જણાય છે. માટે પ્ર. દ. નં. ૧થી ૩માં બતાવેલ પરમબ્રહ્મ, પૂર્ણબ્રહ્મ, પરમાત્મા વિશ્વનું યા જગતનું કારણ નથી પણ વિશ્વેશ્વર-નારાયણ પોતે છે.

तदैक्षत बहुस्यां प्रजायेय ॥

(શ્રીકૃષ્ણસામવેદીય છાંદોગ્યોપનિષત્, પ્રપાઠક ૬, ખંડ ૨, મંત્ર ૩)

અર્થ : માયાવિશિષ્ટ બ્રહ્મે યા નારાયણે ઇચ્છા કરી કે, હું બહુ સંસારવાળો થઈને સંસારમાં (પ્રત્યક્ષ નહિ પણ ત્રિગુણી માયાની ગતિ વડે) વ્યાપ્ત થાઉં.

अस्मान्मायी सृजते विश्वमेतत् । तस्मिन् चान्यो मायया संनिरुद्धः ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૪, મંત્ર ૯)

અર્થ : આ સઘળો પ્રપંચ પ્ર. દ. નં. ૨૪ ને ૨૫થી બતાવેલ માયાવિશિષ્ટ બ્રહ્મ એટલે અક્ષરબ્રહ્મ યા સગુણબ્રહ્મ યા પરબ્રહ્મ યા વિશ્વેશ્વરનારાયણથી ઉત્પન્ન થાય છે અને જીવમાં માયા પ્રયુક્ત જ બંધ છે.

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ॥ (શ્રુતિ:) (શ્રીમદ્ ભગવદ્‌ગીતા અધ્યાય ૧૫, શ્લોક ૭)

અર્થ : નારાયણની માયાનો અંશ દરેક જીવોમાં છે.

प्रकृतिश्च प्रतिज्ञा दृष्टान्तानुपरोधात् ॥

(વિદાન્ત દર્શન, અધ્યાય ૧, પાદ ૪, સૂત્ર ૨૩)

અર્થ : પ્રતિજ્ઞા અને દૃષ્ટાંતના અનુપરોધથી માયાવિશિષ્ટ બ્રહ્મ યા સગુણબ્રહ્મ યા અક્ષરબ્રહ્મ યા પરબ્રહ્મ અને પ્રકૃતિ (એટલે આદિશક્તિ યા આદ્યશક્તિ) એ બંને જગતનાં કારણો છે.

કેમ કે "निष्कलं, निष्क्रियं, शान्तं, निरवद्यं, निरंजनम्" ॥ એ શ્રુતિથી પૂર્ણબ્રહ્મ યા પરમબ્રહ્મ યા નિર્ગુણ બ્રહ્મ, માયા-અવિદ્યા તથા ક્રિયારહિત

છે, એટલે શુદ્ધ (જેનામા માયાના ગુણો નથી તેથી) પરમાત્મામા યા પૂર્ણબ્રહ્મમા જગત્કારણતાનો સભવ જ નથી

स ईक्षाञ्चक्रे ॥ (શ્રુતિ)

એ શ્રુતિથી ઈક્ષણ કરવુ એ ધર્મ જડ-ચેતન ઉભયાત્મકનો હોવાથી ઘટ બનાવવામા કુભાર જેમ નિમિત્તકારણ છે તેની પેઠે માયાવિશિષ્ટ બ્રહ્મ જગતનું નિમિત્ત કારણ છે, અને મૃત્તિકાની જેમ માયા ઉપાદાન કારણ છે વળી શ્રીકૃષ્ણ સામવેદીય છાંદોગ્યોપનિષતમા એક વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાનની પ્રતિજ્ઞા કરવામાં આવી છે, તો ચેતન અને પ્રજ્ઞાન બ્રહ્મના જ્ઞાનથી જડ-ચેતન ઉભયાત્મક જગતનુ જ્ઞાન થવાનો સભવ નથી, માટે ચિદચિદ્વિશિષ્ટ માયાવિશિષ્ટ બ્રહ્મના વિજ્ઞાનથી જ સર્વ વિજ્ઞાન હોવાનો સભવ છે કેમ કે માયાવિશિષ્ટ બ્રહ્મ વિજ્ઞાન છે અને પૂર્ણબ્રહ્મ તો પ્રજ્ઞાન છે

अभिध्योपदेशाच्च ॥ (વેદાન્ત દર્શન, અધ્યાય ૧, પા૦ ૪, સૂત્ર ૨૪)

અર્થ માયાવિશિષ્ટ બ્રહ્મે યા વિશ્વેશ્વર-નારાયણે આ સસાર ધ્યાનપૂર્વક સમજીને બનાવ્યો છે

साक्षाच्चोभयाम्नानात् ॥ (વેદાન્ત દર્શન, અ ૧, પા ૪, સૂત્ર ૨૫)

અર્થ વેદોપનિષદોમા સાક્ષાત્ બંનેનુ વર્ણન કરેલું છે અર્થાત્ નિમિત્ત કારણ માયાવિશિષ્ટ બ્રહ્મ (જુઓ પ્ર દ ન ૨૪ ને ૨૫) અને ઉપાદાન કારણ પ્ર દ ન ૪૨થી બતાવેલ આદિશક્તિ યા પ્રકૃતિ (એટલે માયા) છે

आत्मकृते परिणामात् ॥ (વેદાન્ત દર્શન, અ ૧, પા ૪, સૂત્ર ૨૬)

અર્થ પ્ર દ ન ૨૪ ને ૨૫થી બતાવેલ અક્ષરબ્રહ્મ યા માયાવિશિષ્ટ બ્રહ્મ યા વિશ્વેશ્વર-નારાયણની પ્રકૃતિનું જ પરિણામ આ જગત છે

योनिश्चहि गीयते ॥ (વેદાન્ત દર્શન, અ ૧, પાદ ૪, સૂત્ર ૨૭)
यद्भूतयोनिं परिपश्यन्ति धीरा ॥ (શ્રુતિ)

અર્થ વેદાન્ત દર્શન અને શ્રુતિમા પંચભૂતનુ કારણ પણ પ્ર દ ન ૨૪/૨૫થી બતાવેલ માયાવિશિષ્ટ બ્રહ્મ જ હોઈ શકે અર્થાત માયાવિશિષ્ટ બ્રહ્મને સર્વ ભૂતોનો કારણ કથન કર્યો છે એથી પણ માયાવિશિષ્ટ બ્રહ્મ નિમિત્ત કારણ જણાય છે વળી શ્રુતિઓમા પ્રકૃતિ નારાયણને આધીન છે એમ કહ્યુ છે

सर्वोपेताचतद्दर्शनात ॥ (વેદાન્ત દર્શન, અધ્યાય ૨, પાદ ૧, સૂત્ર ૩૦)

અર્થ "સર્વોપેતા" એ શબ્દથી તે નારાયણ શક્તિ, ઇચ્છા, ક્રિયા અને વિજ્ઞાન વગેરે સર્વશક્તિથી યુક્ત છે, એ માટે તે અક્ષરબ્રહ્મથી એટલે નારાયણથી યા માયાવિશિષ્ટ બ્રહ્મથી સર્વ જગત ઉત્પન્ન થઈ શકે છે

આ સિદ્ધાંતને શ્રીશુક્લયજુર્વેદીય બૃહદારણ્યકોપનિષત્, અધ્યાય ૩, બ્રાહ્મણ ૮, મંત્ર ૯મા સ્પષ્ટ કર્યો છે કે :

एतस्यवाक्षरस्यप्रशासने गार्गिसूर्याचन्द्रमसौविघृतौतिष्ठत ॥

અર્થ હે ગાર્ગી ! તે એક અક્ષરબ્રહ્મ (એટલે વિશ્વેશ્વર-નારાયણ)ની આજ્ઞામા સૂર્ય, ચંદ્ર સ્થિર છે ઇત્યાદિ વાક્યોથી એટલું સિદ્ધ થાય છે કે તે અક્ષરબ્રહ્મ જ સર્વ જગતનુ નિમિત્ત કારણ છે

तदधीनत्वादर्थवत् ॥ (વેદાન્ત દર્શન, અ ૧, પાદ ૪, સૂત્ર ૩)

અર્થ આ સૂત્રમા ભગવાન બાદરાયણ યા મહર્ષિ વેદવ્યાસજી કહે છે કે તે અવ્યક્ત (એટલે નારાયણ) પ્રકૃતિનો પ્રધાન, આકાશ, અક્ષર, માયા વગેરે શબ્દોથી ઉપનિષદોમા નિર્દેશ કરવામા આવ્યો છે

આના ઉપરથી સિદ્ધ થાય છે કે, પ્ર દ ન ૨૪/૨૫થી બતાવેલ અક્ષર બ્રહ્મ-નારાયણ યા માયાવિશિષ્ટ બ્રહ્મ વિશ્વનું યા સર્વ જગતનું નિમિત્ત કારણ છે અને પ્રકૃતિ યા માયા યા આદિશક્તિ સર્વ જગતનું યા વિશ્વનું ઉપાદાન કારણ છે

આ સંવાદની વચ્ચે એક શિષ્યે એવો પ્રશ્ન રજૂ કર્યો કે, વિશ્વની ઉત્પત્તિ વિષે કહો.

*જવાબ : વિશ્વની અને જગતની ઉત્પત્તિ કોણે કરી તે વિષે ઘણા શ્લોકો શ્રીમદ્ ભગવદ્ગીતામા છે

प्रकृतिं स्वामधिष्ठाय सम्भवाम्यात्ममायया ॥ (અધ્યાય ૪, શ્લોક ૬)

અર્થ શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે, હુ મારી પ્રકૃતિનું અવલંબન કરીને યા પ્રકૃતિનો સ્વીકાર કરીને એ (પ્રકૃતિરૂપ) માયારૂપ ઉપાદાન વડે આ અખિલ નિખિલ જગત રૂપે પરિણામ પામુ છુ

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥
(અધ્યાય ૭, શ્લોક ૪)

અર્થ ભૂમિ, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મન, બુદ્ધિ—એવી આઠ પ્રકારની મારી પ્રકૃતિ છે

ये चैव सात्त्विका भावा राजसास्तामसाश्च ये ॥
(અધ્યાય ૭, શ્લોક ૧૨)

त्रिभिर्गुणमयैर्भावै ॥ (અધ્યાય ૭, શ્લોક ૧૩)

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ॥ (અધ્યાય ૭, શ્લોક ૧૪)

અર્થ ત્રિગુણાત્મિક માયા (પ્રકૃતિ)થી સાત્ત્વિક, તામસ, રાજસ જગતના પદાર્થો ઉત્પન્ન થાય છે (કારણ કે) અતિ દિવ્ય અને ત્રિગુણાત્મિક એવી મારી માયા દુસ્તર છે

सर्वभूतानि कौंतेय प्रकृतिं यान्ति मामिकाम्।
कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम्॥ (અધ્યાય ૯, શ્લોક ૭)

અર્થ હે અર્જુન! જ્યારે કલ્પ પૂરો થાય છે ત્યારે સર્વ ભૂતો મારી પ્રકૃતિમાં લય પામે છે, અને પાછો કલ્પની આદિમા હુ જાતે જ પ્રકૃતિથી ઉત્પન્ન કરુ છુ

मयाऽध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम्॥ (અધ્યાય ૯, શ્લોક ૧૦)

અર્થ મારા સાંનિધ્યથી પ્રકૃતિ (પોતાના સ્વાતન્ત્ર્યથી) આ ચરાચર જગતને ઉત્પન્ન કરે છે

महाभूतान्यहंकारो बुद्धिरव्यक्तमेव च॥ (અધ્યાય ૧૩, શ્લોક ૬)

અર્થ પંચમહાભૂત, અહંકાર, બુદ્ધિ, અવ્યક્ત — આ પ્રમાણે આઠ તત્ત્વો છે કેમ કે મન અને બુદ્ધિ એ બેઉ પ્રકૃતિના પ્રધાન કાર્યો છે

प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि।
विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसंभवान्॥
(અધ્યાય ૧૩, શ્લોક ૨૦)

અર્થ પ્રકૃતિ અને પુરુષ એ બેઉ અનાદિ તત્ત્વ છે અને ગુણો તથા તેના વિકારો એ સઘળા પ્રકૃતિથી ઉત્પન્ન થયા છે એમ જાણ શ્રીકૃષ્ણ ભગવાન પોતાના જ મુખથી આ કહે છે

सत्त्वं रजस्तम इति गुणा प्रकृतिसंभवा॥ (અધ્યાય ૧૪, શ્લોક ૫)
नान्यं गुणेभ्यः कर्तारं॥ (અધ્યાય ૧૪, શ્લોક ૧૯)

અર્થ સત્ત્વ, રજ અને તમ એ ગુણો પ્રકૃતિથી ઉત્પન્ન થયા છે અને એ પ્રકૃતિના ગુણો જ સર્વ કાર્ય કરે છે એવુ નિશ્ચિત થાય છે

अक्षराणामकारोऽस्मि॥ (અધ્યાય ૧૦, શ્લોક ૩૩)
यच्चापि सर्वभૂतानां बीजं तदहमर्जुन॥ (અધ્યાય ૧૦, શ્લોક ૩૯)

અર્થ પ્રણવ ૐકારના અક્ષરોમા પ્ર દ નં ૪૧થી બતાવેલ "અ.ા." હુ છુ, એમ શ્રીકૃષ્ણે કહે્ છે તમામ ભૂતોની ઉત્પત્તિના મગરૂપ બીજ હુ છું

(ધ્યાન સૂચના આ બધા વચનો શ્રીકૃષ્ણે આત્મભાવથી કહ્યા છે એટલે તેમનો આત્મા પ્ર દ ન ૨૪/૨૫થી બતાવેલ અમરબ્રહ્મ યા માયાવિશિષ્ટ

બ્રહ્મમા યા નારાયણમા વસનારો હોવાથી, શ્રીકૃષ્ણ પોતે નારાયણની સોળ કળા વાળા પૂર્ણાવતાર હોવાથી કહેલાં છે)

શ્રીમહાભારત શાન્તિપર્વ, અધ્યાય ૨૦૨ના પ્રથમ શ્લોકમા કહ્યુ છે કે

अक्षरात् ख ततो वायुस्ततो ज्योतिस्ततो जलम्।
जलात्प्रसूता जगती जगत्या जायते जगत्॥

અર્થ અક્ષરબ્રહ્મમાથી આકાશ ઉત્પન્ન થયુ, આકાશમાથી વાયુ, વાયુમાથી તેજ, તેજમાથી જળ, જળમાથી પૃથ્વી અને પૃથ્વીમાથી જગત ઉત્પન્ન થયુ છે

ब्रह्म तेजोमय शुक्र यस्य सर्वमिद जगत्।
एकस्य भूत भूतस्य द्वय स्थावरजगमम्॥

(મહાભારત, શાતિપર્વ, અધ્યાય ૨૩૨, શ્લોક ૧)

અર્થ મહત્તત્ત્વ જ આ સર્વ જગતના બીજરૂપે છે કેમ કે સૂક્ષ્મ બુદ્ધિરૂપ એવુ તે મહત્તત્ત્વ અનેક પ્રકારની સૂક્ષ્મ વાસનાઓથી ભરપૂર હોય છે. તેથી સ્થાવરજગમાત્મક આ સર્વ જગત એકલા તે મહતતત્ત્વમાથી જ ઉત્પન્ન થયું છે

(૨) શિષ્ય લિંગ એટલે શુ? શુ આકાશ પણ લિંગ છે? વળી તે આકાશ અને ૐકારની બીજી શક્તિઓ કેવા રૂપમાં આવેલી છે?

વ્યાસ લિંગ એટલે "શકરનુ પરમ આત્મિય સ્વરૂપ" છે એટલુ જ નહિ પણ તે લિંગ પરમ વિષ્ણુરૂપ, પરમ શક્તિરૂપ, પરમ બ્રહ્મરૂપ અને પરમ પર બ્રહ્મરૂપ છે અને તે પરમાત્માની પરમગતિના બ્રહ્મરૂપ હોવાથી બ્રહ્માડને "सर्वं खल्विद ब्रह्म"॥ (શ્રુતિ) કહેવાયું છે, અને "ॐ ख ब्रह्म"॥ (યજુર્વેદ) પ્રણવરૂપ સ્તભને આકાશવત્ વ્યાપક બ્રહ્મ વર્ણવેલો છે તેમ જ સ્કદપુરાણમાં તેનું વર્ણન આપ્યુ છે કે

आकाश लिंग मित्याहु पृथिवी तस्य पीठिका।
आलय सर्व देवाना लयना लिंग मुच्यते॥

આકાશ એ લિંગ છે અને પૃથ્વી તેની પીઠિકા (એટલે આધાર) છે, સવ દેવો તેનું આલય (એટલે ઘર યા રહેઠાણ) છે અને તે લિંગરૂપ સ્થભમા સર્વનો લય થાય છે અને લિંગની પીઠિમ પૃથ્વી હોવાથી લિંગના બોજાથી (જેમ જળમા કાંકરો નાંખવાથી ગોળ કુડાળા એટલે ગોળ આકૃતિ પડે છે, તેમ પૃથ્વીમા ગોળ કુડાળાં જેવું પડે છે અને તેટલી પૃથ્વી ખમી જાય છે) તે પૃથ્વીના કુડાળાને (જેમ સૂર્યની આતપાન સૂર્યના અતિ તેજનો ગોળો પડે છે તેમ)

લિંગના વિશેષ પ્રભાવની હદ બાંધી લેવાય તેને પીઠિકા યાને જળાધારી (જેમાં શિવલિંગ બેસાડવામા આવે છે તે કયારા જેવો ઘાટ) કહે છે અને તે જળાધારી ગોળ જ હોય છે (તેને બદલે સ્રીનું ગુપ્ત સ્વરૂપ કેટલાક માને છે તે સપૂર્ણ ખોટુ છે કેમ કે શિવાલયમા પાર્વતીમાતા જુદા ગોખમાં વિરાજમાન હોય છે એટલે તેમનું ગુપ્ત શરીર તેમના આખા શરીરથી જુદુ હોઈ જ શકે નહીં તેમ જ સ્રી આકૃતિથી જળાધારીની આકૃતિ તદ્દન જુદા પ્રકારની એટલે લબગોળ નહિ પણ ગોળ હોવાથી જળાધારીનો ખોટે અર્થ કરવામા આવ્યો છે તે પ્રત્યક્ષ જણાય છે) માટે શાબ્દ પ્રમાણને પ્રત્યક્ષ પ્રમાણ કરતાં વિશેષ માની શકાય નહિ આ રીતે જીવકોટિ, ઈશકોટિ, ઈશ્વરકોટિ તથા ચૌ લોક, સાત પાતાલ વગેરે સર્વનો લય આ લિંગમા થતો હોવાથી તેને લય કરનાર એવા હેતુથી લિંગ કહેવાય છે આ સ્થળે વિચાર કરવાનો છે કે આકાશ કે જે ત્રણે લોકથી પર છે, મોહ અને ઈંદ્રિયથી પર છે વિકારનું તેમા નામનિશાન પણ નથી તેવા આકાશને જ લિંગ કહે છે અ, ઉ મ, અર્ધમાત્રામા વસેના માયિક તત્ત્વો વાળા લિંગને લિંગ કહ્યુ નથી

હવે વિજ્ઞાનની દૃષ્ટિએ તે આકાશના લિંગને સમજવાની જરૂર છે સમ્પ્રતિ જર્મણ્ય દેશના વિશ્વવિખ્યાત ગણિતાચાર્ય આલ્બર્ટ આઈન્સ્ટાઈનને સિદ્ધ કર્યું છે કે, આકાશ એ પોલાણ છે અને તે સીધું નથી પણ વક્ર છે (આ માન્યતા ન્યાયશાસ્રે પણ માનેલી છે અને ઊંચે આકાશ સામું જોતા તે છેડાઓમાં ઢળેલું હોય તેવું વાકુ જણાય છે) અને પૃથ્વી તથા દેહ માત્ર ગોળ અને વક્ર છે અને તેથી કૂવાઓ પણ લાબા કે ચોરસ ન બનાવતાં ગોળ બનાવાય છે અને જે લિંગ છે તે પણ સીધું ન હોઈ ગોળ અને વક્ર છે અને ત્રિગુણાત્મિક વિશ્વ પણ વક્ર છે અને વિશ્વ જેમા રહેલું છે તે બ્રહ્માંડ પણ વક્ર છે અને બ્રહ્માંડ (ક્ષર) પર એટલે વિશ્વ પર નારાયણ પોઢેલા છે તે પણ સીધા પોઢવા નથી પણ વાંકા પોઢલા છે અક્ષરધામ પણ વાંકુ છે મન્વતરો પણ ઊંચા નીચાં વાકા છે અને જે આણશકિત અથવા આધ્યાત્મિક શકિત છે તે પણ સીધી નથી પણ વક્ર છે તેથી લિંગ સીધું નથી પણ વક્ર છે અને જેમ પાણીમા કોઈ પણ પદાર્થ નાખવાથી પાણીના ગોળ અને વક્ર એકમાથી અનેક કૂંડાળા થાય છે પણ સીધા કુંડાળા થતા નથી તથા જેમ વાયુ પણ ગોળ અને વાંકો ચૂંકો વાય છે પણ સીધો વાતો નથી તથા વંટોળિયો પણ ગોળ ફરીને વાંકો અને ઊંચો થાય છે તેથી તે આકાશમા કોઈ વસ્તુના પડવાથી યા જવા આવ વાના ધક્કાથી સીધી જાને લાબી આકૃતિ ન થતા ગોળ અને વક્ર આકૃતિ થાય છે તેથી કરીને વાદળાઓ પણ સીધાં ન હોઈ વક્ર હોય છે જેમ શુદ્ધાગમશમાં

ત્રિગના પ્રાદુર્ભાવથી તે ઉપાદાન કારણ બનીને વિદ્યુતકણો, પરમાણુઓ અને અણુઓથી માંડીને બ્રહ્માંડ સુધીની સંપૂર્ણ સૃષ્ટિ વક્ર અને ત્રિગરૂપ છે અને જે સીધી રેખા કહેવામાં આવે છે તેનું અસ્તિત્વ જ હોતું નથી

(૩) શિષ્ય આ સમગ્ર જગત કેવી રીતે સ્થિતિ કરી રહ્યું છે?

વ્યાસ આ વિષે મહાભારત, શાંતિપર્વ, અધ્યાય ૨૧૦માં જણાવ્યું છે કે, સૃષ્ટિના આરંભ સમયે પ્રથમ અવ્યક્તથી (માયાવિશિષ્ટ બ્રહ્મ યા વિશ્વેશ્વર નારાયણ શકી) કર્મજન્ય બુદ્ધિ (મહત્તત્ત્વ) ઉત્પન્ન થાય છે, બુદ્ધિમાંથી અહંકાર ઉત્પન્ન થાય છે, અહંકારમાંથી આકાશ, આકાશમાંથી વાયુ, વાયુમાંથી તેજ, તેજમાંથી જળ અને જળમાંથી પૃથ્વી ઉત્પન્ન થાય છે આઠેને (અવ્યક્ત, મહત્તત્ત્વ, અહંકાર, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધને) મૂળ પ્રકૃતિ કહેવામાં આવે છે અને તેના વિષે આ સમગ્ર જગત સ્થિતિ કરી રહ્યું છે

(૪) શિષ્ય પંચમહાભૂતો કેવી રીતે ઉત્પન્ન થયા?

વ્યાસ આવો પ્રશ્ન અવધૂત અને પરમહંસ શુકદેવજીએ પોતાના પિતા વેદવ્યાસજીને પૂછ્યો હતો તેનો ઉત્તર પરમ સદ્‌ગુરુ શ્રીવેદવ્યાસજીએ જે કહ્યો હતો, તે જ તમોને જણાવીએ છીએ

ચતુર્મુખી બ્રહ્માજી પોતાના દિવસના પ્રારંભ સમયે જાગ્રત થઈને માયા વડે જગતને ઉત્પન્ન કરે છે પરંતુ તે વખતે પ્રથમ મહત્તત્ત્વ જ ઉત્પન્ન થાય છે અને તે મહત્તત્ત્વ જ તત્કાળ આકાશાદિ વ્યક્તસ્વરૂપે બની જઈને "મન" એવી સંજ્ઞાને ધારણ કરે છે "મન" સંજ્ઞાને ધારણ કરનારું આ મહત્તત્ત્વ આત્મસ્વરૂપથી દૂર રહેનારું છે, અનેક પ્રકારે ગતિ કરનારું છે અને પ્રાર્થનાત્મક તથા સંશયાત્મક છે તે મનના પ્રકાશક એવા ચિદાત્માને આવૃત્ત કરી દઈને પોતાના નહિત નામ માનસતત્ત્વોને (પાંચ મહાભૂતો, મહત્તત્ત્વ અને અહંકાર) ઉત્પન્ન કરે છે સૃષ્ટિને ઉત્પન્ન કરવાની ઇચ્છાથી મનને જ્યારે પ્રેરણા કરવામાં આવે છે ત્યારે તે વિકારવાળું થાય છે એટલે તુરત જ તેમાંથી શબ્દગુણવાળું "આકાશ" ઉત્પન્ન થાય છે તે આકાશ જ્યારે વિકાર પામે છે ત્યારે તેમાંથી સર્વ બંધને વહન કરનારો બળવાન અને પવિત્ર "વાયુ" ઉત્પન્ન થાય છે તેનો ગુણ સ્પર્શ છે આ વાયુ જ્યારે વિકાર પામે છે ત્યારે તેમાંથી ઉજ્જ્વળ સ્વરૂપવાળું અને પ્રકાશમાન એવું "તેજ" ઉત્પન્ન થાય છે તેનો ગુણ "રૂપ" કહેવાય છે આ તેજ પણ વિકારને પામે છે ત્યારે તેમાંથી રસગુણવાળું "જળ" ઉત્પન્ન થાય છે અને તે જળમાંથી ગંધગુણવાળી "પૃથ્વી" ઉત્પન્ન થાય છે આ રીતે સર્વ મહાભૂતોની સૃષ્ટિ તે મહત્તત્ત્વમાંથી જ થયેલી છે, એમ વિદ્વાનો

કહે છે. ટૂંકમાં, પ્રથમ એક અદ્વિતીય બ્રહ્મ હતું, તેમાંથી વ્યક્ત પ્રકાશરૂપ અક્ષર થયું, અક્ષરમાંથી મહત્, મહત્‌માંથી અહંકાર, અહંકારમાંથી પંચ તન્માત્રા તથા તેમાંથી પંચમહાભૂતો થયેલાં છે.

(૫) શિષ્ય : દરેક શરીર પંચમહાભૂતોથી બનેલાં છે એમ કહેવાનું શું કારણ?

વ્યાસ : આ વિષે મહાભારતમાં તત્ત્વદર્શી સત્પુરુષોએ જણાવ્યું છે કે, દરેક મનુષ્યના શરીર પંચમહાભૂતોથી જ બનેલાં છે. કેમ કે તેમાં જે પોલાણ જોવામાંઆવે છે તે "આકાશ"નો અંશ છે. ચેષ્ટા જોવામાં આવે છે તે "વાયુ"-નો અંશ છે. ગરમી જોવામાં આવે છે તે "તેજ"નો અંશ છે. પ્રવાહી ભાગ જોવામાં આવે છે તે "જળ"નો અંશ છે. અને હાડકાં વગેરે જે કંઈ કઠિન ભાગ જોવામાં આવે છે તે "પૃથ્વી"નો અંશ છે.

સર્વ મનુષ્યોનું શરીર પંચમહાભૂતોથી જ બનેલું છે એટલું જ નહિ પણ પાંચ જ્ઞાનેન્દ્રિયો (શ્રોત્ર, રસ, સ્પર્શ, ચક્ષુષ, ઘ્રાણ) પણ પંચમહાભૂતોથી બનેલી છે. શ્રોત્રેન્દ્રિય "આકાશ"થી ઉત્પન્ન થઈ છે, સ્પર્શેન્દ્રિય "વાયુ"થી ઉત્પન્ન થઈ છે, ચક્ષુષઈંદ્રિય "તેજ"થી ઉત્પન્ન થઈ છે, રસઈંદ્રિય "જળ"થી ઉત્પન્ન થઈ છે અને ઘ્રાણેન્દ્રિય "પૃથ્વી"થી ઉત્પન્ન થઈ છે.

દરેક મનુષ્યના શરીરમાં પાંચ ધાતુઓ રહેલી છે. પરંતુ તે જુદા જુદા પ્રકારે રહેલી છે તેથી દરેક મનુષ્યનું શરીર હાલીચાલી શકે છે. પ્રત્યેક મનુષ્યના શરીરની અંદર શ્રોત્ર (કાન), ઘ્રાણ (નાક), મુખ, હૃદય અને કોઠો (પેટ)—આ પાંચ પદાર્થો "આકાશમય" છે. કફ, પિત્ત, પરસેવો, ચરબી ને લોહી—આ પાંચ ધાતુઓ "જળમય" છે. "પ્રાણવાયુ"ને લીધે પ્રાણી ગમનઆગમન કરી શકે છે. "વ્યાનવાયુ"ને લીધે બળસાધ્ય ઉદ્યમ કરી શકે છે, "અપાનવાયુ" શરીરના નીચેના ભાગમાંથી ગતિ કરે છે, "સમાનવાયુ" હૃદયમાં સ્થિતિ કરે છે અને "ઉદાનવાયુ"થી મનુષ્ય શ્વાસોશ્વાસ લઈ શકે છે તથા કંઠ આદિ પ્રત્યેક સ્થાનના ભેદથી બોલી શકે છે. આ રીતે પાંચ વાયુઓ દરેક મનુષ્યને ચેષ્ટા કરાવી રહ્યા છે. તેજ, કોપ, ચક્ષુ, ઉષ્ણતા અને જઠરાગ્નિ—આ પાંચ પદાર્થો "અગ્નિમય" છે. ચામડી, માંસ, હાડકાં, ચરબી અને સ્નાયુ—આ પાંચે પદાર્થો "પૃથ્વીમય" છે.

વળી શરીરને ધારણ કરનાર મનુષ્ય પોતાનામાં રહેલા આકાશને લીધે શબ્દના ગુણને સાંભળી શકે છે, પોતાનામાં રહેલા વાયુને લીધે સ્પર્શના ગુણને અનુભવી શકે છે, પોતાનામાં રહેલા તેજને લીધે રૂપના ગુણને જોઈ શકે છે,

પોતાનામા રહેલા જળને લીધે રસના ગુણને જાણી શકે છે અને પોતાનામાં રહેલી પૃથ્વીને લીધે ગધના ગુણને ગ્રહણ કરે છે

આકાશની અદર કેવળ એક શબ્દગુણ જ રહેલો છે વાયુમાં શબ્દ અને સ્પર્શ, એવા બે ગુણ રહેલા છે તેજની અદર શબ્દ, સ્પર્શ અને રૂપ, એ ત્રણ ગુણો રહે ા છે શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ આ ચાર ગુણો જળમા રહેલા છે અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગધ, આ પાચે મહાભૂતોના ગુણો પૃથ્વીમા રહેલા છે

જળ, અગ્નિ અને વાયુ, એ ત્રણે પદાર્થો મનુષ્યોના શરીરમા સદાકાળ જાગૃત રહ્યા કરે છે, તેઓ પ્રત્યેક શરીરનુ મૂળ છે અને પ્રાણોમા વ્યાપ્ત થઈને રહેલા છે

ઋષિમુનિઓ કહે છે કે, સર્વ જગત આ પાચમહાભૂતોની જ સતતિ છે અને ભાવના, જ્ઞાન તથા કર્મ એ ત્રણ પદાર્થો મળીને આઠ તત્ત્વો થાય છે અને તે ઉપરાત નવમું મન છે, દશમી બુદ્ધિ છે તથા અગિયારમો આત્મા છે કે જે આત્માને અનત, સ I સ્વરૂપ અને સર્વના કરતા શ્રેષ્ઠ કહેવામા આવે છે આ અગિયારે તત્ત્વોમા બુદ્ધિને નિશ્ચય ધર્મવાળી કહેવામા આવે છે, અને કર્મોના આશ્રયથી અનુમાન કરવા યોગ્ય જીવને "ક્ષેત્રજ્ઞ" કહેવામા આવે છે

(૬) શિષ્ય પાચમહાભૂતો, તેઓની વિભૂતિઓ, મન અને બુદ્ધિ એ સર્વ પ ર્થો શામાથી ઉત્પન્ન થયા? સાથે સાથે પાચમહાભૂતોના ગુણો પણ કહેશો?

વ્યાસ વેદો કહે છે કે, પાચ મહાભૂતો, તેઓની વિભૂતિઓ, મન અને બુદ્ધિ એ સર્વ પદાર્થો અક્ષર એવા અક્ષરબ્રહ્મ-નારાયણમાથી ઉત્પન્ન થયેલા છે પાચ મહાભૂતો, પાચ મહાભૂતોના પચાસ ગુણો અને બુદ્ધિના પાચ ગુણો એમ સર્વ મળીને બુદ્ધિના સાઠ ગુણો થાય છે અને તે સર્વ ગુણો નિત્ય એવા આત્મ ચૈતન્યની સાથે સબધવાળા થઈને રહેલા છે

શાસ્ત્રકારોએ પાચ મહાભૂતોની અંદર દેખાતા પચાસ ગુણોનું વર્ણન નીચે પ્રમાણે કર્યું છે

(૧) આકાશના ગુણો શબ્દ, વ્યાપકતા, અવકાશ (આકાશ), આશ્રય પણાનો અભાવ (એટલે કોઈને આશ્રય નહીં થવુ તે), નિરાધારતા, નિરાકારપણું, અવિકારિતા, અસ્ખલિતતા (અખડતા), શ્રોત્રેન્દ્રિયની ઉપાદાન કારણતા અને શરીરની અંદર રહેલા છિદ્રો—આ દસ ગુણો આકાશના છે

(૨) વાયુના ગુણો સમશીતોષ્ણ સ્પર્શ, વાણી ઇંદ્રિયના ગોલકો, ગમનાદિકમાં સ્વતત્રતા, બળ, શીઘ્રતા, મળમૂત્રાદિનો ત્યાગ કરવાની શક્તિ, શ્વાસો

શ્વાસ આદિ ચેષ્ટા, પ્રાણરૂપે ચૈતન્યને ઉપાધિપણું અને જન્મ તથા મરણ—આ દશ ગુણો વાયુના છે

(૩) અગ્નિના ગુણો . ઉગ્રતા, દાહકક્રિયા, તાપ, પાચન, પ્રકાશન, શોક, રાગ (રતાશ), શીઘ્રગામિતા, તીક્ષ્ણતા અને નિરંતર ઊર્ધ્વગામિતા વગેરે ગુણો અગ્નિના છે

(૪) જળના ગુણો શીતળતા, રસ, આર્દ્રતા (ભીનાશ), પ્રવાહિતા, સ્નેહ (ચીકાશ), સૌમ્યતા, જિહ્વા, સ્રાવ, ક્ષુદ્રતા (અંદર પ્રવેશ કરી પૃથ્વીના અવયવના સંયોગને શિથિલ કરવો તે) અને પાર્થિવ દ્રવ્યોનું પાચન—આટલા ગુણો જળના છે

(૫) પૃથ્વીના ગુણો સ્થિરતા, ગુરુતા, કઠિનતા, ઉત્પાદકતા, ગંધ, વિશાળતા, ગંધગ્રહણનુ સામર્થ્ય, સંઘાત (અવયવોનુ પરસ્પર વળગી રહેવાપણું), સર્વ આશ્રયદાતાપણું અને ધારણશક્તિ—આ દસ ગુણો પૃથ્વીના છે

શાસ્ત્રકારોએ મન અને બુદ્ધિના ગુણો નીચે પ્રમાણે બતાવ્યા છે

(૧) મનના નવ ગુણો ધૈર્ય, ઊહાપોહ કરવાની કુશળતા, સ્મરણશક્તિ, ભ્રાંતિ, મનોરથવૃત્તિ, ક્ષમા, વૈરાગ્યાદિક શુભ વૃત્તિ, રાગદ્વેષાદિક અશુભવૃત્તિ અને ચંચળતા—આ નવ ગુણો મનના છે

(૨) બુદ્ધિના પાંચ ગુણો નિદ્રા, ઉત્સાહ, ચિત્તની સ્થિરતા, સંશય તથા પ્રત્યક્ષ આદિ પ્રમાણની વૃત્તિ—આ પાંચ ગુણો બુદ્ધિના છે

આ બધી બાબતોમા આચાર્યોના અને વાદીઓના જુદા જુદા મતો છે, પણ તે વેદાંતથી વિરુદ્ધ હોવાથી સાચા નથી વેદોક્ત સિદ્ધાંત જ સાચા છે અને સાચા માનવાના છે

(૭) શિષ્ય પંચમહાભૂતોમા કેવા ગુણો રહેલા છે? તેમાંથી શુ શું ઉત્પન્ન થાય છે અને તેઓના અધિષ્ઠાતાઓ કોણ છે?

વ્યાસ આકાશમા કેવળ શબ્દગુણ રહેલો હોઈ તે વાયુમા વ્યાપક થાય છે વાયુમા શબ્દ અને સ્પર્શ બે ગુણો છે, તે તેજમા, જળમા અને પૃથ્વીમા વ્યાપક થાય છે તેથી તેજમા શબ્દ, સ્પર્શ અને રૂપ એમ ત્રણ ગુણ છે જળમા શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ તે ચાર ગુણો છે અને પૃથ્વીમા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એમ પાંચ ગુણો છે આ રીતે પ્રત્યેક ભૂતોમા રહેલા ગુણો વ્યવસ્થાપક તત્ત્વભૂતો યાને સૂક્ષ્મભૂતોનો જ આશ્રય કરનારા છે દરેક તત્ત્વભૂત અવયવ માત્ર એક એક ગુણને અધિક ધારણ કરે છે શ્રોત્ર શબ્દને, ત્વચા સ્પર્શને, ચક્ષુ રૂપને, જિહ્વા રસને અને નાસિકા ગંધને ધારણ કરે છે પરંતુ પાંચે પાંચ સ્થૂલભૂતોમા પાંચ પાંચ ગુણો ઉપલબ્ધ થાય છે

આકાશમાંથી શરીરમાંનો પોલાણવાળો ભાગ ઉત્પન્ન થાય છે. વાયુમાંથી પાન, અપાન, ઉદાન, વ્યાન અને સમાન નામના શરીરમાંના વાયુઓ ઉત્પન્ન થાય છે. અગ્નિ તથા સૂર્યમાંથી તેજ તથા ચક્ષુની જોવાની શક્તિ ઉત્પન્ન થાય છે. જળમાંથી શરીરમાનું થૂક, લીંટ, રક્ત, ધાતુ વીર્ય ઉત્પન્ન થાય છે અને પૃથ્વીમાંથી પંચભૌતિક શરીર ઉત્પન્ન થાય છે. તેથી જ્ઞાનેન્દ્રિયો વિષયોને ગ્રહણ કરતી હોવાથી ઇંદ્રિયો વિષયોનાં દ્વાર છે. તેના અધિપતિ દેવો આકાશના દિક્પાળ, વાયુના વાસુદેવ, તેજના સૂર્ય અને અગ્નિદેવ, જળના વરુણ અને પૃથ્વીના અશ્વિનીકુમાર છે તેમના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ રીતે પાંચ વિષયો તરફ ઇંદ્રિયોની ગતિ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારવાળા અંતઃકરણ વડે થાય છે અને અતઃકરણ પ્રાણવાયુથી ચાલે છે. તેમ જ તે ઇંદ્રિયોથી જીવાત્મા પ્રાણવાયુના શ્વાસોશ્વાસ લે છે.

(૮) શિષ્ય : મનુષ્યના સોળે વિકારો શામાંથી ઉત્પન્ન થાય છે?

વ્યાસ : પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ વિષયો અને મન એ સોળે વિકારો તે મૂળ પ્રકૃતિમાંથી જ ઉત્પન્ન થાય છે. શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જિહ્વા અને ઘ્રાણ (નાક) એ પાંચ જ્ઞાનેન્દ્રિયો; પાદ, ગુદા, ઉપસ્થ (લિંગ), હાથ અને વાચા એ પાંચ કર્મેન્દ્રિયો; ગતિ, વિસર્ગ, આનંદ, આદાન ને વચન એ પાંચ કર્મેન્દ્રિયોનાં કર્મો તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ જ્ઞાનેન્દ્રિયોના વિષયો તે કેવળ વ્યાપક એવા ચિત્તરૂપ જ છે એમ સમજવું. કેમ કે તે સર્વમાં કેવળ મનનું અનુસરણ હોય છે. જેમકે જ્યારે રસનું જ્ઞાન મેળવવું હોય છે ત્યારે મન જ જિહ્વારૂપે બને છે અને વચન બોલવું હોય છે ત્યારે પણ મન જ વાણીરૂપે થાય છે. આ રીતે જુદી જુદી ઇંદ્રિયોથી યુક્ત થનારા સર્વ બાહ્યાભ્યંતર પદાર્થો પણ કેવળ મનરૂપે જ વ્યક્ત થાય છે. આ સોળે વિકારો જુદા જુદા વિભાગના સોળ દેવતાઓ જ છે. પ્રત્યેક મનુષ્યની અંદર રહેલો રસ એ જળનો ગુણ છે, ગંધ એ પૃથ્વીનો ગુણ છે, શબ્દ એ આકાશનો ગુણ છે, રૂપ એ અગ્નિનો ગુણ છે અને સ્પર્શ એ વાયુનો ગુણ છે. મન એ સત્ત્વનું (બુદ્ધિનું) કાર્ય છે અને સત્ત્વ એ અવ્યક્તનું કાર્ય છે. માટે બુદ્ધિમાન પુરુષે સર્વ પ્રાણીઓના આત્મારૂપ ઈશ્વરની સમીપ ઉપાધિરૂપે રહેલા સત્ત્વને જ પ્રથમ ઓળખવું જોઈએ. જ્ઞાની પુરુષો જેને પ્રકૃતિથી પર કહે છે, તે સર્વ પ્રવૃત્તિથી રહિત કૂટસ્થ પરમાત્માનો જ આશ્રય કરીને આ સર્વ સત્ત્વાદિ પદાર્થો ચરાચર જગતને ધારણ કરી રહ્યા છે.

(૯) શિષ્ય : પ્રાણ એટલે શું?

વ્યાસ પંચમહાભૂતવાળા સ્થૂલ શરીર, દશે ઇંદ્રિયો અને ઇંદ્રિયોના રહસ્યને જાણનાર પ્રાણને કેટલાક તત્ત્વ માને છે પરંતુ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારના અંતઃકરણના ગુણોનું ઐક્ય સ્વરૂપ એજ પ્રાણ છે તેથી તેને તત્ત્વ ન ગણતાં પંદર તત્ત્વોનો સ્થૂળદેહ કહેવાય છે સૂક્ષ્મદેહ પાંચ વિષયોનો છે કારણદેહ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારવાળા અંતઃકરણનો છે અને મહાકારણ દેહ વાસના યા ઇચ્છાવાળો અહમત્વનો છે

(૧૦) શિષ્ય કોશ કેટલા છે અને તેની સમજૂતી જણાવો વળી કોશ જ આત્મા છે કે?

*જવાબ કોશ પાંચ છે તેનાં નામ (૧) અન્નમય કોશ, (૨) પ્રાણમય કોશ, (૩) મનોમય કોશ, (૪) વિજ્ઞાનમય કોશ અને (૫) આનંદમય કોશ

મનુષ્યનો દેહ છે તેને અન્નમય કોશ કહેવામાં આવે છે એ અન્નમય કોશની અંદર પ્રાણમય કોશ છે, પ્રાણમય કોશની અંદર મનોમય કોશ છે, મનોમય કોશની અંદર વિજ્ઞાનમય કોશ છે અને વિજ્ઞાનમય કોશની અંદર આનંદમય કોશ છે

(૧) અન્નમય કોશ દેહની ઉત્પત્તિ અન્નથી યા ખોરાકથી થાય છે, વળી તે ખોરાકથી જ વૃદ્ધિ પામે છે, માટે તેને "અન્નમય" કહે છે તે કોશેટા (એટલે રેશમના કીડાનું ઘર)ની પેઠે આત્માનું આવરણ કરે છે તેથી તેને "કોશ" કહેવામાં આવે છે અર્થાત્ પંચ સ્થૂલભૂતો વડે અન્નમય કોશ ઉત્પન્ન થાય છે અન્નમય કોશથી જ સ્થૂલ શરીર ઉત્પન્ન થાય છે, તેથી સ્થૂલ શરીરને અન્નમય કોશ કહેવાય છે

(૨) પ્રાણમય કોશ દેહમાં રહેલા પ્રાણોથી દેહ પ્રાણમય કોશરૂપે છે શરીર અર્થાત અન્નમય કોશમાં એક પ્રકારનો વાયુ રહેલો છે, તે પ્રાણમય કોશ છે આ પ્રાણ-વાયુ ક્ષુધા અને તૃષાથી આકુલવ્યાકુલ (એટલે ખૂબ ગભરાયેલું) થાય છે પંચપ્રાણ તથા પાંચ કર્મેન્દ્રિયો મળીને પ્રાણમય કોશ થાય છે વળી પ્રાણમય કોશ એ આત્મા નથી, તે તો શરીરમાં રહેલો એક વાયુ છે એ પ્રાણ વાયુ પાદથી મસ્તક પર્યંત સંપૂર્ણ દેહમાં વ્યાપીને રહેલો છે પાંચ જ્ઞાનેન્દ્રિયમાં અને પાંચ કર્મેન્દ્રિયમાં જે શક્તિ છે તે પ્રાણવાયુની મદદથી જ થાય છે ટૂંકમાં, સર્વ ઇંદ્રિયોનો પ્રેરક પ્રાણવાયુ છે એ પ્રાણવાયુને જ પ્રાણમય કોશ કહે છે પરંતુ પ્રાણમયકોશ તો જડ છે અને તેને જ આત્મા માનવો તે મહાન ભૂલ છે

(૩) મનોમય કોશ "આ દેહ છે તે હું છું" અને સ્ત્રી, પરિવાર, માલ મિલકત વગેરે મારાં છે, એ પ્રકારે શરીરમાં જે અહંતા અને ગૃહાદિમાં જે મમતા થાય છે તેને મનોમય કોશ કહે છે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર,

મમતા અને ઇચ્છાદિ વગેરે પણ આ મનોમયકોશના ધર્મો છે મન તથા પાચ જ્ઞાનેન્દ્રિય મળીને મનોમયકોશ થાય છે સ્રી, પરિવાર, માલમિલકત વગેરે મારા છે એવી મમતા તે દેહમા કરે છે અને "દેહ જ હુ છુ" આવા પ્રકારનો અધ્યાસ ઉત્પન્ન કર છે મનોમયકોશ પણ દેહની પેઠે વિકારી છે, કેમ કે તે વિકારી વૃત્તિઓ ઉત્પન્ન કર છે આ મનોમયકોશ બુદ્ધિ અને ઇંદ્રિય સહિત તથા સકલ્પવિકલ્પ સ્વરૂપવાળો છે ખાસ યાદ રાખવાનુ એ છે કે, આ મનોમયકોશ પણ આત્મા નથી, કેમ કે આ કોશ પણ દેહની માફક વિકારી છે

(૪) વિજ્ઞાનમય કોશ વેદશાસ્રાર્થના નિશ્ચયવાળી જે કર્મવિષયવાળી બુદ્ધિ છે, તે બુદ્ધિ અને પાચ જ્ઞાનેન્દ્રિયો (શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જિહ્વા અને ઘ્રાણ) મળી વિજ્ઞાનમય કોશ કહેવાય છે ધર્મશાસ્રોમા કહ્યુ છે કે, સુષુપ્તિ અવસ્થામા લય પામેલી અને જાગ્રદવસ્થામા નખથી તે શિખાપર્યંત આખા શરીર મા વ્યાપીને રહેનારી તથા ચિદના આભાસવાળી એવી જે બુદ્ધિ તે વિજ્ઞાનમય કોશ છે પરમાત્મા પરમેશ્વરને જાણવામા જે ચોથુ આવરણ છે તે વિજ્ઞાનમય કોશ છે વળી વિજ્ઞાનમય કોશ પણ આત્મા નથી કેમ કે એ કોશનો સુષુપ્તિ મા લય થાય છે, અને આત્મા તો સર્વદા અવિનાશી તથા સદા પ્રકાશમાન છે, તેથી આ કોશ અને બુદ્ધિ પણ આત્મા નથી

(૫) આનદમય કોશ આત્મસ્વરૂપના અજ્ઞાનરૂપ, પ્રિયમોદ અને પ્રમોદ એ ભાવયુક્ત કારણ શરીરરૂપ અવિદ્યામા રહેલ મલિન સત્ત્વને વેદમા પારગત વિદ્વાનો આનદમય કોશ કહે છે. બીજી રીતે કહીએ તો જ્યારે ચૈતન્ય માયા દ્વારાએ મોહિત થાય છે ત્યારે તે જીવની પ્રથમ દશા કહેવાય છે જેને આનંદ મય કોશ કહેવામા આવે છે આ કોશ એક જાતની બુદ્ધિની વૃત્તિ છે આ કોશ પણ આત્મા નથી કેમ કે તે ક્ષણિક છે એટલે કોઈક કાળમા છે

ત્રણે દેહના (સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ) મધ્યમા અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનદમય આ પાંચ કોશોનો અતરભાવ નિરતર થઈ જાય છે આ પાચે કોશોથી આત્મા ઢકાયેલો છે એટલે આત્મદર્શન થવામાં આ પાચ કોશો વિઘ્નરૂપ છે જ્યારે આ પાચ કોશોના આવરણને દૂર કરવામા આવે છે, મહાકારણ દેહને પણ ત્યજી દેવાય ત્યારે જ આત્મદર્શન થાય છે આપણુ સ્થૂલ શરીર છે તે અન્નમય કોશ છે, સૂક્ષ્મ શરીરમા પ્રાણમય, મનો મય અને વિજ્ઞાનમય એ ત્રણે કોશોનો સમાવેશ થાય છે સુષુપ્તિમાં ભાસમાન અવિદ્યાથી અવિચ્છિન્ન જે કારણ શરીર છે તે કારણ શરીરને જ આનંદમય

કોશ કહેવામા આવે છે ખાસ યાદ રાખવાનુ એ છે કે મહાકારણ શરીર આ પચકોશથી અતીત છે

(૧૧) શિષ્ય અધ્યાત્મ, અધિભૂત અને અધિદેવનો અર્થ શો થાય છે?

વ્યાસ આત્માનો આશરો લઈને હિલચાલ કરનારી ઇંદ્રિયોને "અધ્યાત્મ" કહેવાય છે અર્થાત્ પાચ જ્ઞાનેન્દ્રિયો (શ્રોત્ર, ત્વચા, જિહ્વા, ચક્ષુ અને ઘ્રાણ), પાચ કર્મેન્દ્રિયો (વાક્, પાણિ, પાદ, ગુદ અને ઉપસ્થ) અને અત કરણ (મન, બુદ્ધિ, ચિત્ત અને અહકાર) મળી ચૌદ ઇંદ્રિયો છે તેને "અધ્યાત્મ" કહે છે આપણા શરીરથી જુદા પરતુ શ્રોત્ર, ત્વચા આદિ ચૌદ ઇંદ્રિયોનો વિષય તેને "અધિભૂત" કહેવામા આવે છે અને આપણા પોતાના શરીરથી જુદા શ્રોત્ર, ત્વચા આદિ ચૌદ ઇંદ્રિયોના દેવતાઓને "અધિદેવ" કહેવામા આવે છે તેની વિગત નીચે મુજબ છે

| અધ્યાત્મ (ઇંદ્રિય) | | | અધિભૂત (શ્રેષ્ઠ તત્ત્વ યા વિષય) | અધિદેવ (રક્ષક દેવ) |
|---|---|---|---|---|
| શ્રોત્ર | (કાન) | ઇંદ્રિય | શબ્દ | દિક્પાળ વા દિશા |
| ત્વચા | (ચામડી) | ,, | સ્પર્શ | વાયુ |
| જિહ્વા | (જીભ) | ,, | રસ | વરુણ |
| ચક્ષુ | (આખ) | ,, | રૂપ | સૂર્ય |
| ઘ્રાણ | (નાસિકા) | ,, | ગધ | અશ્વિનીકુમાર |
| વાક્ | (વાણી) | ,, | બોલવુ તે (વચન) | અગ્નિ |
| પાણિ | (હાથ) | , | ગ્રહણ કરવુ તે (આદાન) | ઇંદ્ર |
| પાદ | (પગ) | ,, | ચાલવુ તે (ગમન) | વામનજી |
| ગુદ | (ગુદા) | ,, | મળત્યાગ | યમ |
| ઉપસ્થ | (ગુહ્યેન્દ્રિય) | ,, | રતિવિલાસ | પ્રજાપતિ |
| મન | | | સંકલ્પવિકલ્પ | ચતુર્મુખી બ્રહ્મા |
| બુદ્ધિ | | | નિશ્ચય | વિષ્ણુ |
| ચિત્ત | | | ચિતવન | આદિશક્તિ |
| અહકાર | | | અભિમાન | શિવ યા શકર |

* * *

પ્રકરણ ૧૩

# પ્રકૃતિ અને પ્રકૃતિના ગુણ

(૧) શિષ્ય નારાયણ મહત્તત્ત્વમાથી શુ શુ પ્રગટ થયુ?

વ્યાસ જેમ કસ્તૂરીની પોટકી કોઈ પેટીમા મૂકી કાઢી લેવામા આવે તો પણ પેટીમા તેની વાસ રહી જાય છે તેને તત્ત્વગુણ કહેવાય છે, તેમ નારાયણ "તુરીય બ્રહ્મ યત્સ્વય"॥ (શ્રુતિ) મહત્તત્ત્વમા તત્ત્વગુણ અને તુર્યાવસ્થા છે તત્ત્વગુણમાથી ત્રણેય ગુણો સત્ત્વ, રાજસ અને તામસ અને તુર્યાવસ્થામાથી જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ એમ ત્રણે અવસ્થાઓ પ્રગટ થાય છે મહતતત્ત્વ ની અસર આકાશમા વ્યાપક થવાથી સમગ્ર વિશ્વમા યાને બ્રહ્માડમા મન, બુદ્ધિ, ચિત્ત અને અહકારના ગુણો વ્યાપક થાય છે મનનુ પ્રત્યક્ષ ફળ અહભાવ છે અર્થાત્ દરેકને પોતે કોણ છે તેનું ભાન થાય છે

(૨) શિષ્ય પ્રકૃતિ એટલે શું? પ્રકૃતિના પ્રકાર જણાવો

વ્યાસ પ્રકૃતિ એટલે પુરુષથી ભિન્ન એવુ જગતનું મૂળ ઉપાદાન આખા વિશ્વનુ મૂળ કારણ છે તેને પ્રકૃતિ કહે છે આ પ્રકૃતિ સ્વભાવથી જ યા મૂળથી પરિણામી હોવાથી તેમા સ્પદન થયા કરે છે

પ્રકૃતિથી પર કોઈ પણ આત્મા કે કોઈ પણ મનુષ્ય નથી મનુષ્ય માત્ર પ્રકૃતિનો જ ગુલામ છે પરતુ જેમણે પ્રકૃતિને પવિત્ર માર્ગે દોરી છે, તેમની પ્રકૃતિ સતી સાધ્વી સન્નારી જેવી હોઈ આત્માની આજ્ઞામા રહેનારી હોય છે તેથી તે પ્રકૃતિ આત્માને અવરોધક યા બાધક થતી નથી પણ ઉત્સાહપૂર્વક અને ઉચ્ચ ગતિમાં ગમન કરાવનાર બને છે મનુષ્ય માત્રમા એક "જડ પ્રકૃતિ" છે બીજી "જડચેતન મિશ્ર પ્રકૃતિ" છે અને ત્રીજી "ચેતન પ્રકૃતિ" છે

(૧) જડ પ્રકૃતિ મનુષ્યના આત્માને ઉચ્ચ માર્ગે જવા દેતી નથી પણ પોતાના પજામા પકડી રાખે છે પોતાને જેટલો અને જેમા જે સુખનો આનદ લાગ્યો હોય તેને જ સુખ માની બીજે સાચા સુખને શોધવા આત્માને જવા દેતી નથી તે કર્કશા (એટલે વઢકારી) નારી જેવી જડ પ્રકૃતિ છે કે જે જડ પ્રકૃતિ પોતે સુધરતી નથી તેમ જ આત્માને પોતાનું સુધારવા દેતી નથી આવી જડ પ્રકૃતિને જે સર્વદા આધીન રહે છે, તે મનુષ્યને સર્વદા ઇંદ્રિયો,

વિષયો અને કામક્રોધાદિમા આનદ ભાસે છે, અને બ્રહ્મચેતનાનો આનદ કદી પ્રિય લાગતો નથી કેમ કે તે તેને અસત્ય સમજે છે

(૨) જડચેતન મિશ્ર પ્રકૃતિ આ મિશ્ર પ્રકૃતિ જડનો અને ચેતનનો બનેનો આનદ લેવા ઇચ્છે છે કિંતુ બેમાથી એકેનો તે સાચો અને પૂરો આનદ મેળવી શકતી નથી કારણ કે જેમ હાડકાને કરડનાર શ્વાનને પોતાનાં ગલોફા માથી લોહી નીકળે છે છતા તે હાડકામાથી લોહી આવતું માને છે, તેમ જડમાથી ચેતનમા આનદ મેળવવા જાય અગર ચેતનમાંથી જડનો આનંદ મેળવવા જાય તે વિરૂપ હોવાથી અશક્ય છે આવી પ્રકૃતિના મનુષ્યો વિષયવાસનામા તરબોળ હોય છે, તેમ જ પ્રભુભક્તિમા પણ ઊતરે છે છતા તેમનો આત્મીય પ્રભુપ્રેમ જડ પ્રકૃતિને આધીન હોઈ વિષયવાસનામા તરબોળ રહેનાર હોય છે એટલે જડ પ્રકૃતિમા તલ્લીન રહેનાર રાગીથી વૈરાગી બનાતું નથી, તો વિતરાગ કયાથી બને? એટલે આવા મનુષ્યો ઘણે ભાગે દાંભિક, ઢોંગી અને અસ્થિર મનના હોઈ જડ પ્રકૃતિ કે ચેતન પ્રકૃતિ બેમાંથી એકેયનો સાચો આનદ મેળવી શકતા નથી પરંતુ જેમ કુવાસી ભ્રમરે સુવાસ લેવા જતી વખતે વિષ્ટાની ગોળી સાથે લીધી હતી, તેથી સુવાસ કુવાસની મિશ્ર વાસના આવવા લાગી તેમ મિશ્ર પ્રકૃતિના મનુષ્યો ચેતનનો આનંદ લેતી વખતે જડ પ્રકૃતિમા પ્રેમ રાખીને તથા જડ પ્રકૃતિનો આનદ લેતી વખતે ચેતન પ્રકૃતિને સ્મરીને બને આનદથી દૂર રહે છે એટલુ જ નહિ પણ આવી મિશ્ર પ્રકૃતિના મનુષ્યો ઈશ્વરમા, ગુરુમાં, ધર્મમા, જ્ઞાનમા, યોગમાં ખરેખરી સાચી અને પૂર્ણ શ્રદ્ધા ધરાવતા ન હોવા છતા તેઓ ભક્તિભાવ કરે છે, જ્ઞાનસાધના કરે છે, પરતુ તે કરતી વખતે તેમા જડ પ્રકૃતિની અસર વ્યાપ્ત હોવાથી અશ્રદ્ધાના અનેક અકુરો ફૂટે છે તેથી સાચી શ્રદ્ધા હોતી નથી, દૃઢતા હોતી નથી, અતરમા વિશ્વાસ હોતો નથી તેથી આવા મનુષ્યો કર્મધર્મ કરતા હોવા છતા તેનાથી દૂર રહે છે અને ભ્રષ્ટ બને છે અગર શ્રદ્ધા વિના તેમનો યોગ, સુયોગ થઈ સફળ થતો નથી આથી આવા અર્ધદગ્ધ મનુષ્યો જન્મજન્માતરો સુધી જ્ઞાનયોગ સાધનાઓ કરે તોપણ તેવા આત્માઓનો કદી ઉદ્ધાર થતો નથી

(૩) ચેતન પ્રકૃતિ ચેતન પ્રકૃતિ ગણ્યાગાઠયા મનુષ્યોમા જ જોવામા આવે છે જે લોકો અત્યત પાપ કરી ધરાઈ ગયેલા હોય છે અગર વિષયાદિ સુખોથી, અનેક આધિ, વ્યાધિ, ઉપાધિઓથી ત્રાસી ગયા હોય છે, તેવા મનુષ્યો ચેતન પ્રકૃતિના આશ્રિત બને છે અને તે અધકારમાથી પ્રકાશમાં આવવા મથે છે જેમ પગતળે દબાયેલો દડો ઊંચે ઊછળે છે, તેમ જડ પ્રકૃતિથી કટાળી ગયેલા મનુષ્યો ચેતન પ્રકૃતિના અનુયાયી બની પ્રભુ તરફ દોડવા મથે છે જે

મનુષ્યોમા અર્ધા જ્ઞાનયોગ હોય, અર્ધા પાપ હોય, અર્ધા પુણ્ય હોય તેવા મનુષ્યોને ચેતન પ્રકૃતિના બનતા ઘણો જ વિલબ લાગે છે કેમ કે જ્યારે જ્ઞાનની ચર્ચા નીકળે ત્યાર "આ હુ જાણુ છુ" તેવુ તેમને અભિમાન રહે છે યોગની ચર્ચા નીકળે ત્યારે "આ સાધના હુ કરુ છુ" એટલે તેથી વિશેષ અમારે જાણવુ નથી એમ ગૌરવ રહે છે પરતુ પોતે જડ પ્રકૃતિથી અને વિષયવાસનામાથી દૂર ખસ્યા નથી તે ખ્યાલ ભૂલી જાય છે તેથી તેવા આત્માઓ ચેતનના પથે પ્રયાણ કરી શકતા નથી એટલુ જ નહિ પણ ચેતનાના જ્ઞાનયોગ અને યોગની ગુપ્ત ચાવીઓ ગૂઢ જ્ઞાન તેઓ સ્વીકારી શકતા નથી કેમ કે જ્યા ટેકરો હોય ત્યા વરસાદનુ પાણી ટકે નહીં પણ ખાડો હોય ત્યાં જ ભરાય, તેમ જ્યા સુધી પોતાનામા વિદ્યાનું, જ્ઞાનનુ કે યોગનુ અભિમાન હોય ત્યા સુધી ચેતના પ્રવેશતી નથી અગર પ્રવેશે તોપણ તેવા આત્મા ચેતનાને આત્મદહરમા ભરી લઈ શકતા નથી, તેથી જીવનભર કોરાને કોરા રહી જાય છે ત્યારે જે ચેતન પ્રકૃતિના છે તેઓ પ્રતિપળે પરમેશ્વરની પરમોપાસના માટે ઉત્સુક અને તત્પર હોય છે અને તે સાથે તેઓ નિરાભિમાની હોઈ પ્રભુના વિયોગથી મુઝાઈ રહેવા હોય છે એટલે પ્રભુનો સહયોગ કરવા યોગ સાધી, પ્રયોગમા પ્રયાણ કરી, આત્મ ચેતનાને પરમ વહાલથી (જેમ નિર્ધન પોતાની મૂડીને સગ્રહે તેમ) સગ્રહે છે

(૩) શિષ્ય ત્રિગુણ શામાથી ઉત્પન્ન થયા ?

વ્યાસ મહત્તત્ત્વમાથી શુદ્ધ અહકાર ઉત્પન્ન થયો, શુદ્ધ અહકારમાથી ત્રિગુણ (સત્ત્વ, રજસ, તમસ) ઉત્પન્ન થયા અને એ ત્રિગુણથી આખી સૃષ્ટિ થઈ છે તમોગુણથી પચમહાભૂત (આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી) અને પાચ તન્માત્રા એટલે પચમહાભૂતોના શુદ્ધસૂક્ષ્મરૂપો (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગધ) થયા રજોગુણમાથી પાચ કર્મેન્દ્રિય (વાક, પાણિ, પાદ, ગુદ અને ઉપસ્થ) અને પચપ્રાણ (વ્યાન, સમાન, ઉદાન, પ્રાણ અને અપાન) થયા અને સત્ત્વગુણથી ચૌદ દેવતા (જુઓ "જગત અને પચમહાભૂત" પ્રકરણ, પ્રશ્ન ૧૧મા જણાવ્યા છે તે દેવતાઓ) અને અત કરણ (મન, બુદ્ધિ, ચિત્ત અને અહકાર) થયા

(૪) શિષ્ય પ્રકૃતિના ત્રિગુણ વિષે કાઈક કહો

વ્યાસ પ્રકૃતિના સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો છે મહાભારત, અધ્યાય ૩૧૪ના, પ્રથમ શ્લોકમા કહ્યુ છે કે

एते प्रधानस्य गुणास्त्रय पुरुषसत्तम।
कृत्स्नस्य चैव जगतस्तिष्ठन्त्यनपगा सदा॥

અર્થ : પૂર્વોક્ત સત્ત્વાદિ ત્રણ ગુણો પ્રકૃતિના જ છે અને તેઓ સમગ્ર જગતનો નિત્ય સંબંધ રાખનારા છે.

અવ્યક્તરૂપ નારાયણ પોતે આ ત્રણ ગુણો સાથે જોડાઈને જીવાત્માને સેંકડો, હજારો, લાખો અને કરોડો સ્વરૂપે કરે છે. તેમાં જે સાત્ત્વિક હોય તેને ઉત્તમ સ્થાન પ્રાપ્ત થાય છે, રાજસ હોય તેને મધ્યમ સ્થાન પ્રાપ્ત થાય છે અને તામસ હોય તેને અધમ સ્થાન પ્રાપ્ત થાય છે, એમ અધ્યાત્મનું ચિંતન કરનારા વિદ્વાનો કહે છે.

ઇંદ્રિયોની ઉત્પત્તિ અને નાશ કેવળ રજોગુણમાંથી જ થયા કરે છે, માટે વિદ્વાન પુરુષે શાસ્ત્રદૃષ્ટિથી યથાવત્ પરીક્ષા કરીને જગતમાં વર્તવું. અર્થાત્ રજોગુણની પ્રવૃત્તિનો નિરોધ કરવાથી ઇંદ્રિયોનો પણ નિરોધ થઈ જાય છે અને ઇંદ્રિયોનો નિરોધ થઈ ગયા પછી સર્વ દુઃખોની પણ નિવૃત્તિ થઈ જાય છે, માટે બનતા પ્રયત્ને રજોગુણની પ્રવૃત્તિ થવા દેવી નહીં.

મનુષ્યનું અંતઃકરણ સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણોની જાળમાં ફસાયેલું છે. આ ત્રણે ગુણો એકબીજાનો પરાજય કરે છે, કાર્ય કરે છે, આશરો લે છે, પોષણ કરે છે અને વિરોધી આચરણ કરે છે. આમાંથી અંતઃકરણને મુક્ત કરવાનું છે. જેમ પાણી અને મીઠું એકરસ થઈને રહે છે, તેમ રજોગુણ અને તમોગુણ હળીમળીને રહે છે અને બંને સાથે મળીને જ કામ કરે છે. આ બંને ગુણો સત્ત્વથી વિરુદ્ધ માર્ગે ચાલે છે. આ બેઉ ગુણની આગળ સત્ત્વગુણ કાંઈ કરી શકતો નથી. આજે જગતમાં દોષોનું પ્રમાણ અધિક જોવામાં આવે છે, તેનું મુખ્ય કારણ રજો અને તમોગુણનું જોર છે. તેથી કહ્યું છે કે :

काम एव क्रोध एव रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्धयेनमिह वैरिणम् ॥
(શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૩, શ્લોક ૩૭)

અર્થ : પરાણે પાપકર્મ કરાવનાર કામ અને ક્રોધ છે. એ કામ રજોગુણથી ઉત્પન્ન થયેલો છે. તે મહા ખાઉધરો અને પાપી છે. તેને જ આ સંસારમાં વૈરી જાણવો.

સાત્ત્વિક, રાજસ અને તામસ એમ ત્રણે પ્રકારના સર્વ પદાર્થો મન, બુદ્ધિ અને અહંકાર એ ત્રણેને અનુસરીને જ પ્રવૃત્તિ કર્યા કરે છે અર્થાત્ સત્ત્વાદિ ગુણો જગતના કોઈ પદાર્થમાં રહેલા નથી, પણ મન, બુદ્ધિ અને અહંકાર એ ત્રણમાં જ રહેલા છે.

રજોગુણ, તમોગુણ અને શુદ્ધ સત્ત્વગુણ પ્રાણીઓને દેહપ્રાપ્તિનું કારણ થઈ પડે છે પરંતુ જેણે પોતાના મનને જીત્યું હોય છે તે પુરુષને તો સત્ત્વ-

ગુણને લીધે પરબ્રહ્મની પ્રાપ્તિ થઈ જાય છે માટે જીવાત્મા પુરુષે રજોગુણનો તથા તમોગુણનો તો ત્યાગ જ કરી દેવો, કેમ કે રજ અને તમથી મુક્ત થયેલી બુદ્ધિ નિર્મળ સ્વરૂપને ધારણ કરે છે રજોગુણ તથા તમોગુણને દૂર કરનારુ જે કર્મ તેને યોગધર્મ પણ કહેવામા આવે છે

એટલા માટે એક હિંદી ભક્તે એવા ઉદ્‌ગારો કાઢયા છે કે .

નિકૃષ્ટ (તમોગુણી) માનવકી યહ વૃત્તિ, મેરા સો મેરા, તેરા ભી મેરા,
મધ્ય (રજોગુણી) માનવકી યહ વૃત્તિ, મેરા સો મેરા, તેરા સો તેરા,
ઉત્તમ (સત્ત્વગુણી) માનવકી યહ વૃત્તિ, તેરા સો તેરા, મેરા ભી તેરા,
બ્રહ્મજ્ઞ (તત્ત્વગુણી) માનવકી યહ વૃત્તિ, ઝૂઠા ઝમેલા, ન મેરા ન તેરા

(૫) શિષ્ય ત્રિગુણના સ્વરૂપ અને અનુભવ જણાવો

વ્યાસ સત્ત્વગુણનુ સ્વરૂપ પ્રસન્નતા છે રજોગુણનું સ્વરૂપ શોક છે અને તમોગુણનું સ્વરૂપ મોહ છે પ્રકાશરૂપ ગુણ સત્ત્વગુણનો છે પ્રવૃત્તિ અને દુ ખ એ બને ગુણો રજોગુણના છે કર્મમા અપ્રવૃત્તિ, કર્મનો વિરોધ અને વિપરીત પ્રવૃત્તિ એ ત્રણ ગુણો તમોગુણના છે સત્ત્વગુણ પવિત્ર બુદ્ધિ રખાવી, સતોષ અને શાતિ આપી સુખનો અનુભવ કરાવે છે રજોગુણ મોહ, માયા, મમતા તથા અહકાર વધારી, વિખવાદો કરાવી દુ ખનો અનુભવ કરાવે છે તમોગુણવાળાને વ્યાવહારિક સુખનો કે દુ ખનો કઈ પણ અનુભવ થતો નથી અર્થાત્ કેવળ મોહગ્રસ્ત બની જવાય છે

(૬) શિષ્ય કયો ગુણ પ્રકટ થયો છે, તેની જાણ કેવી રીતે થાય?

વ્યાસ . સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ—આ ત્રણે ભાવો કેવળ ચિત્તના જ વિકાર છે, અને તેઓ દેવ, મનુષ્ય વગેરે સર્વ પ્રાણીઓમા એક સરખી રીતે જ રહેલા છે, તો પણ તેના કાર્ય દ્વારા તેઓને ઓળખવા તેમા જ્યારે પોતાના અત કરણમાં પ્રીતિયુક્ત શાત અને શુદ્ધ ભાવ ઉત્પન્ન થાય ત્યારે જાણવું કે આ સમયે અત કરણમા "સત્ત્વગુણ" છે પણ જ્યારે શરીરમાં કે મનમાં સંતાપયુક્ત ભાવ ઉત્પન્ન થાય ત્યારે જાણવું કે, આ વખતે "રજોગુણની" પ્રવૃત્તિ થયેલી છે અને જ્યારે શરીરમા કે મનમા મોહ ઉપજાવનારો, જાણી જાણાય નહિ તેવો અને વિચારમા પણ ન આવી શકે તેવો દુર્વિજ્ઞેય ભાવ ઉત્પન્ન થાય ત્યારે જાણવું કે આ વેળા "તમોગુણ" પ્રકટ થયો છે

વળી કોઈ સમયે અકસ્માત અથવા કોઈ કારણને લીધે હર્ષ, પ્રીતિ, આનદ, સમભાવ અને ચિત્તની શાતિ વગેરે સૌમ્યભાવો ઉત્પન્ન થાય ત્યારે જાણવું કે આ વેળા "સાત્ત્વિક ગુણો" પ્રકટ થયા છે પરતુ કારણ હોય અથવા ન હોય છતાં અભિમાન, અસત્ય ભાષણ, લોભ, મોહ અને અક્ષમા વગેરે મલિન

ભાવો ઉત્પન્ન થાય ત્યારે જાણવું કે "રાજસગુણો" પ્રકટ થયા છે અને એ જ પ્રમાણે કોઈ જાતનું કારણ હોય અથવા ન હોય છતા મોહ, પ્રમાદ, નિદ્રા, તદ્રા અને અજ્ઞાન વગેરે મોહક ગુણો ઉત્પન્ન થાય ત્યારે જાણવુ કે આ સમયે "તામસગુણો" પ્રકટ થયા છે

જે વેળા શરીરમાં કે મનમા પ્રસન્નતાનો સચાર થવા લાગે તે વેળા જાણવુ કે "સત્ત્વગુણ" પ્રકટ થયો છે જ્યારે પોતાના મનમા શોક કરાવનાર દુ ખનો સચાર થવા લાગે ત્યાર જાણવુ કે આ વેળા "રાજસભાવ" ઉત્પન્ન થયો છે જ્યારે પોતાના મનમા કે શરીરમાં મોહનો સચાર થવા લાગે, સર્વ વિષયો કેવળ અસ્પષ્ટ સ્વરૂપે ભાસે અને તે વિષેનો તર્ક કરવા છતા પણ કઈ જાણવામા ન આવે ત્યારે સમજવુ કે આ વેળા "તમોગુણ" પ્રકટ થાય છે ત્યારે વ્યાવહારિક સુખનો કે દુ ખનો કાઈ પણ અનુભવ ન થઈ શકે તેવો કેવળ કામ, ક્રોધ અને મોહગ્રસ્ત સ્વભાવ બની જાય છે કેમ કે કામ, ક્રોધ, મોહથી મન અને ઇંદ્રિયો વિષયો તરફ અતિ ત્વરિત ગતિથી દોડે છે અને સુખ મળવા છતા તેમાં વિકાર બુદ્ધિને લીધે દુ ખદાવાનળ અનુભવાતો હોવાથી જેમ અધને રાત્રિદિવસ સરખા છે તેમ તામસી પ્રકૃતિથી સુખ દુ ખનો અનુભવ પોતે જડ સ્વરૂપ હોય તેવી રીતે થાય છે

(૭) શિષ્ય ત્રિગુણની શક્તિ જણાવો

વ્યાસ સત્ત્વ શાતિ અને પ્રકાશ શક્તિ છે રજસ ક્રિયાશક્તિ છે અને તામસ સ્થિતિ અને નિરોધશક્તિ છે

(૮) શિષ્ય ત્રિગુણમાથી શાનો જન્મ થાય છે?

વ્યાસ સત્ત્વગુણમાથી નિષ્ઠા અને સદભાવ જન્મે છે રાજસગુણમાથી ઉદ્યમ-ઉદ્યોગ અને કામ ક્રોધાદિ જન્મે છે તામસગુણમાથી જાડ્ય, આલસ્ય, નિદ્રા, મોહ, અશાતિ વગેરે જન્મે છે

(૯) શિષ્ય ત્રિગુણવાળા કેવા હોય છે?

વ્યાસ સત્ત્વગુણમાં સ્થિતિ કરનારો પુરુષ હમેશાં શુદ્ધ સાત્ત્વિક ભાવોનુ દર્શન કરે છે, પવિત્ર હોય છે, શ્રીમાન હોય છે અને સત્ત્વગુણના આશ્રયને લીધે તે પુરુષ શ્રદ્ધાસપન્ન તથા વિદ્યાસપન્ન પણ હોય છે જે રજોગુણથી વ્યાપ્ત હોય છે તે હમેશા અધર્મયુક્ત કાર્યો જ કરે છે અને અર્થની સાથે સબધ ધરાવનારા બીજા કાર્યોમાં પણ અત્યંત આસક્ત થઈને સર્વ પ્રકારના વિષયોનું સેવન કરે છે જે તમોગુણથી વ્યાપ્ત હોય છે, તે ક્રોધ અને લોભવાળા કાર્યોનું સેવન કરે છે, નિત્ય હિંસાવિહાર કરવામાં પ્રીતિ રાખે છે અને આલસ્ય

તથા ઊંઘણથી હોય છે સત્ત્વ એ દૈવી ગુણ છે રજોગુણ આસુરી છે અને તમોગુણ પણ આસુરી છે

(૧૦) શિષ્ય ત્રિગુણનાં ચિહ્નો શું છે?

વ્યાસ ધૈર્ય, આનંદ, ઐશ્વર્ય, પ્રીતિ, ઇંદ્રિયોની પ્રસન્નતા, સુખ, શુદ્ધિ, આરોગ્ય, સંતોષ, શ્રદ્ધાળુપણું, દાતાપણું, ક્રોધનો અભાવ, ક્ષમા, સહનશીલતા, અહિંસા, સમાનતા, સત્ય, હર્ષથી ઉત્પન્ન થનારી પ્રીતિ, અસંદેહ, સ્મરણશક્તિ, ઋણથી મુક્ત થવું, નમ્રતા, લજ્જા, શાંતપણું, ત્યાગીપણું, ઉદ્વેગ, પ્રકાશપણું, પુણ્ય કરવાનો સ્વભાવ, પવિત્રતા, સરળતા, સદાચાર, લોલુપતાનો અભાવ, હૃદયની શાંતિ, ઇષ્ટ કે અનિષ્ટનો વિયોગ થયો હોય તોપણ મનની સ્થિરતા, દાન આપીને સર્વને વશ કરવાપણું, નિઃસ્પૃહપણું, પરોપકારીપણું અને પ્રાણી માત્ર પર દયા રાખવી, આ બધા "સાત્ત્વિક ગુણો" છે

કામ, મોહ, પ્રમાદ, ભય, શ્રમ, રૂપ અને ઐશ્વર્યનું અભિમાન, યુદ્ધ, લોભીપણું, નિર્દયતા, સુખ અને દુઃખ એ બન્નેનું મિશ્ર સેવન, પારકી નિંદા કરવામાં પ્રીતિ, વાદવિવાદ કરવાની ટેવ, અહંકાર, હરકોઈનું અપમાન કરવું, ચિંતા, વેરનું સેવન, પશ્ચાત્તાપ, ચોરી, નિર્લજ્જપણું, કુટિલપણું, ભેદ, ક્રૂરતા, કામના, ક્રોધ, મદ, ગર્વ, દ્વેષ અને અત્યંત વાદવિવાદ કરવા, આ બધા "રાજસ ગુણો" છે

વિષાદ (ખેદ), શોક, અપ્રીતિ, માન, ગર્વ, નીચતા, મોહ, ઇંદ્રિયોની દુષ્ટતા, તામિસ્ર અને અંધતામિસ્ર વગેરે "તામસ ગુણો" છે તેમાં મરણને અંધતામિસ્ર કહેવામાં આવે છે અને ક્રોધને તામિસ્ર કહેવામાં આવે છે વળી જુદા જુદા પદાર્થોનું ભક્ષણ કરવાની અભિરુચિ, ભોજન કર્યું હોય છતાં અતૃપ્તિ, મદિરા આદિ અપેયનું પાન કરવામાં પણ અતૃપ્તિ, ગંધ, વસ્ત્ર, વિહાર, શયન, આસન, દિવસે ઊંઘવું, અત્યંત વાદવિવાદ કરવા અને પ્રમાદ રાખવો વગેરેમાં પ્રીતિ, ગીત, વાદિત્ર અને નૃત્ય વગેરેમાં અજ્ઞાનને લીધે શ્રદ્ધા રાખવી અને જુદા જુદા ધર્મોનો દ્વેષ કરવો, આ બધા "તામસ ગુણો" છે

(૧૧) શિષ્ય ત્રિગુણો કેવા છે?

વ્યાસ સત્ત્વગુણ સુખજનક છે રજોગુણ દુઃખજનક છે અને તમોગુણ કેવળ મોહજનક છે, અંધકારનું સ્વરૂપ છે અને અજ્ઞાનથી ઉત્પન્ન થનારો છે

(૧૨) શિષ્ય ત્રિગુણીઓ કેવા વિચારવાળા હોય છે યા કેવું જીવન જીવે છે?

વ્યાસ "તારું એ તારું અને મારું એ પણ તારું" એવા વિચારવાળા સત્ત્વગુણી માણસો હોય છે "મારું એ મારું અને તારું એ તારું" એવું માનીને

જીવન વ્યતીત કરનારા રજોગુણી માણસો છે અને "મારુ એ મારુ અને તારુ એ પણ મારુ" એમ માનીને જિંદગી પસાર કરનારા તમોગુણી માણસો છે "આ મારુ-તારુ જ ખોટુ છે, કોઈનું કશું જ નથી, સર્વ કાંઈ છે તે વિશ્વસૃષ્ટાનુ છે" આવું માનનારા બ્રહ્મનિષ્ઠ પુરુષો છે તેઓમા તત્ત્વગુણનો અંશ ખુલ્લો દેખાય છે

(૧૩) શિષ્ય ત્રિગુણમાંથી શાની ઉત્પત્તિ થાય છે?

વ્યાસ જેમ કે ઇષ્ટવસ્તુના શ્રવણથી થનારો હર્ષ, ઇષ્ટવસ્તુના દર્શનથી થનારો પ્રેમ, ઇષ્ટવસ્તુની પ્રાપ્તિથી થનારો આનંદ, ઇષ્ટવસ્તુના સમાગમથી થનારુ સુખ અને તે તે ઇષ્ટવસ્તુના ઉપભોગથી ઉત્પન્ન થનારી ચિત્તની શાંતિ વગેરે સત્ત્વ ભાવો નાસ્તિક ગણાય છે અને તેઓ વૈરાગ્યને લીધે સ્વાભાવિક રીતે જ ઉત્પન્ન થાય છે અથવા કોઈ ઇષ્ટના લાભથી ઉત્પન્ન થાય છે આ ગુણો મહાદુર્લભ મનાય છે અસંતોષ, સંતાપ, શોક, લોભ અને અક્ષમા વગેરે ભાવો રજોગુણનાં ચિહ્નો છે અને તેઓ કોઈ કારણને લીધે અથવા વિનાકારણે પણ ઉત્પન્ન થાય છે યા તેઓ કારણ હોય અથવા ન હોય તો પણ જોવામા આવે છે અપમાન, સ્વપ્ન, અવિવેક, મોહ, પ્રમાદ તથા આલસ્ય વગેરે ભાવો તમોગુણમાંથી ઉત્પન્ન થાય છે અને તેઓ પણ સ્વાભાવિક રીતે અથવા કોઈ કારણને લીધે ઉદ્ભવે છે અથવા તો દુર્ભાગ્યની અધિકતાથી આવી મળે છે

(૧૪) શિષ્ય ત્રિગુણનો ભાવ યા ઉદય જણાવો

વ્યાસ પોતાના શરીરમા અથવા મનમા જ્યારે કોઈ પ્રીતિયુક્ત ભાવ ઉત્પન્ન થાય ત્યારે જાણવુ કે, "સાત્ત્વિકભાવ" ઉત્પન્ન થયો છે જ્યારે શરીરમા કે મનમા અસંતોષયુક્ત અથવા અપ્રીતિકર ભાવ ઉત્પન્ન થાય ત્યારે જાણવુ કે "રાજસભાવ" ઉત્પન્ન થયો છે જ્યારે શરીરમા કે મનમા મોહયુક્ત, અતર્ક્ય (તર્ક કલ્પનામાં ન આવે એવો) અથવા જાણ્યો ન જણાય તેવો ભાવ ઉત્પન્ન થાય ત્યારે જાણવું કે "તમોગુણ"નો ઉદય થયો છે

(૧૫) શિષ્ય ત્રિગુણના વર્ણ જણાવો

વ્યાસ બ્રાહ્મણોમાં સત્ત્વગુણનું પ્રાધાન્ય છે, માટે તેઓનો વર્ણ (રંગ) શ્વેત (ઉજ્જવળ) છે યા શુક્લ (સફેદ યા ધોળા) વર્ણનું સ્વરૂપ સાત્ત્વિક છે ક્ષત્રિયોમા રજોગુણનુ પ્રાધાન્ય છે, માટે તેઓનો વર્ણ લોહિત (રતાશ ભરેલો) છે યા રક્ત (રાતુ યા લાલ) વર્ણનું સ્વરૂપ રાજસ છે. શૂદ્રોમાં તમોગુણનું પ્રાધાન્ય છે, માટે તેઓનો વર્ણ શ્યામ છે યા કૃષ્ણ (શ્યામ યા કાળો) વર્ણનું સ્વરૂપ તામસ છે વૈશ્યોમા રજોગુણની તથા તમોગુણની મિશ્રતા છે, માટે તેઓનો વર્ણ પીળો છે

(૧૬) શિષ્ય : ત્રિગુણવાળાની શી ગતિ થાય છે?

વ્યાસ : સત્ત્વગુણી જીવો સ્વર્ગલોકમાં જઈને સુખનો અનુભવ કરે છે. યા જે કેવળ સત્ત્વગુણથી યુક્ત હોય છે, તે દેવલોકને પામે છે. રજોગુણી જીવો મનુષ્યલોકમાં અવતરે છે. અને તમોગુણી જીવો નર્કમાં જાય છે. જે સત્ત્વ અને રજો બંને ગુણોથી યુક્ત હોય છે, તે મનુષ્યલોકમાં જન્મે છે. જે રજોગુણ અને તમોગુણથી યુક્ત હોય છે, તે પશુપક્ષીની જાતિમાં અવતરે છે. અને જે રજોગુણ, તમોગુણ તથા સત્ત્વગુણ એ ત્રણેથી યુક્ત હોય છે, તે મનુષ્યપણાને પામે છે.

## પ્રકરણ ૧૪

# વાણી અને નાદ

(૧) શિષ્ય : બાવન અક્ષરની સમજણ જણાવો.

વ્યાસ : સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે બાવન અક્ષરની સમજણ લગભગ ૧૦૬ વર્ષ આગાઉ જણાવી હતી. તેમાં લીધેલા વ્યંજનો, સ્વર, લેખ અને અલેખ સાનકાઓ ચાર પ્રકારની વાણી (પરા, પશ્યંતી, મધ્યમા ને વૈખરી)ને અનુસરીને ચિત્ર નંબર-૨ મુજબ લીધી છે. આ વિષે આ પ્રકરણના પ્રશ્ન નંબર (૨૦)માં ત્રણ છંદો જણાવ્યા છે તે વાંચવાથી ખાતરી થશે.

(૨) શિષ્ય : ગુજરાતી વર્ણમાળાના અક્ષરોના ઉચ્ચાર કયા કયા સ્થાનેથી થાય છે?

વ્યાસ : ક, ખ, ગ, ઘ, ઙ — આ અક્ષરો કંઠય એટલે કંઠથી ઉચ્ચારાય છે.

ચ, છ, જ, ઝ, ઞ, ય, શ — આ અક્ષરો તાલવ્ય એટલે તાલુ સ્થાનમાંથી ઉચ્ચારાય છે.

ટ, ઠ, ડ, ઢ, ણ, ર, ષ — આ અક્ષરો મૂર્ધન્ય એટલે તાળવાની વચ્ચેના ભાગથી ઉચ્ચારાય છે.

ત, થ, દ, ધ, ન, લ, સ — આ અક્ષરો દંત્ય એટલે દંતસ્થાનથી ઉચ્ચારાય છે.

પ, ફ, બ, ભ, મ — આ અક્ષરો ઓષ્ઠય એટલે હોઠથી ઉચ્ચારાય છે.

વ — આ અક્ષર દંત્યૌષ્ઠ્ય એટલે દાંત અને હોઠ બન્નેની મદદથી ઉચ્ચારાય છે.

હ — આ અક્ષર મહાપ્રાણ એટલે અક્ષરની મૂળ ઉત્પત્તિ નાભિમાંથી ઉત્પન્ન થઈ નાક અને ગળા વાટે બીજા કોઈ પણ અવયવોના વિક્ષેપ વિના ઉચ્ચારાય છે.

(૩) શિષ્ય : ૐનો ઉચ્ચાર શું શું સૂચવે છે?

છત્રીશ વ્યંજન:-

ક.ખ.ખ.ગ.ઘ.ઙ.ચ.છ.જ.ઝ.
ટ.ઠ.ડ.ઢ.ણ.ત.થ.દ.ધ.ન.
પ.ફ.ફ.બ.ભ.મ.ય.ર.લ.વ.
શ.ષ.સ.હ.હ.ળ.

સાત સ્વર:- અ{ા.િ.ુ.ૂ.ે.ૈ}

ત્રણ સાનકા:- બેસ્પીકાર ; . : . ઽ.

છ અલેખ સાનકા:-

૧. નકાર= બળદ હાંકવાનું તથા ના કહેવાનું.
૨. બચકાર= ઢોર ઊભું રાખવાનું.
૩. ચુચકાર= કુતરા બિલાડાં ને બોલાવવું.
૪. ખીચકાર= જીવરામ બોલાવે છે તે.
૫. ટચકાર= ટચકારો કરી ઘોડા, કે બળદ ને દોડવે છે
૬. સીટીકાર= સીટી થી બોલાવવું કે ગાયન ગાવું તે

## વાણીના બાવન અક્ષર.


કર્તા:- વલ્લભરામ. સૂર્યરામ. વ્યાસ.

અમદાવાદ.

વ્યાસ . ૐ બોલવામા જ્યારે "ઓ" બોલાય છે, ત્યારે "ઓ" (કંઠય એટલે કંઠથી ઉચ્ચારાતુ, તાલવ્ય એટલે તાવુ સ્થાનમાથી ઉચ્ચારાતુ, મૂર્ધન્ય એટલે તાળવાની વચ્ચેના ભાગથી ઉચ્ચારાતું, દંત્ય એટલે દંત સ્થાનથી ઉચ્ચારાતુ, ઓષ્ઠય એટલે હોઠથી જેનો ઉચ્ચાર થતો હોય એવુ, કંઠોષ્ઠય એટલે કંઠ સ્થાન માથી ઉચ્ચારાતું કે મહાપ્રાણ નહિ હોવાથી)નો નિર્વિકાર ઉચ્ચાર થાય છે એટલે જીભ તાળવાને કે દાંતને અડકતી નથી, ગળામા ઉચ્ચાર થતો નથી, હોઠ અડકતા નથી, નાસિકામા ઉચ્ચાર થતો નથી, પરતુ તેનો અવાજ હૃદયમાથી નીકળે છે અને તે અવાજ આકાશમા ઘોર થઈ મળી જાય છે એટલે તે "ઓ" બોલનાર આત્માનો અવાજ નિર્વિકાર પરમાત્મા પરમેશ્વરને માટે છે વળી "ઉ" બોલતા અર્ધા હોઠ અડકે છે અને અર્ધવિકારી ઉચ્ચાર થાય છે એટલે આત્મા અર્ધી માયા તરફ અને અર્ધી ઈશ્વર તરફ, એ રીતની ભાવનાવાળો થાય છે અને છેવટે "મ"નો ઉચ્ચાર થતા જેમ બે હોઠ એકઠા થાય છે, તેમ આત્મા માયા સાથે એકત્ર અર્થાત્ માયામા લુબ્ધ થતા પૂર્ણ વિકારી અવાજ થાય છે


(૪) શિષ્ય . ૐકારના અક્ષરોમા વિકાર ને નિર્વિકાર બેઉ છે કે? યા લૌકિક બુદ્ધિના ૐકારની શી માન્યતા છે?

વ્યાસ . ૐકાર એ શબ્દબ્રહ્મ છે અને તેના પ્રથમ પાદને "અ", બીજાને "ઉ" અને ત્રીજાને "મ" કહેલો છે વળી ચોથો પાદ ˇ (અર્ધમાત્રા) "અ"ની સાથે મળતા "અ"ને બદલે "ઓ" બોલાય છે શબ્દકારો અને સ્વરકારો "અ"બોલવામા જીભ, દાંત, તાળવુ કે હોઠ મળતા ન હોવાથી "અ"ને નિર્વિકાર માને છે, અને "અ"ની સાથે ચોથી "ˇ" અર્ધમાત્રા મળતા "ઓ" થાય છે અને તે નિર્વિકાર ઉચ્ચાર છે છતા તેમા સવિકારનું તત્ત્વ આવે છે તેથી "અકાર"ને સત્ત્વગુણ યુક્ત અને અર્ધમાત્રામા સત્ત્વગુણ પ્રાધાન્ય હોવા છતા તેને બીજા ગુણોના તત્ત્વવાળી તત્ત્વગુણી માનેલી છે "ઉકાર"નો ઉચ્ચાર કરતી વેળા મુખ અર્ધ બિડાય છે, તેથી તે અર્ધવિકારી તામસગુણી મનાય છે અને તેમા રહેલ જીવાત્મા ઓમા દેહો પ્રત્યે અહભાવ પ્રાધાન્ય હોય છે પરતુ જ્યારે તે અહમ્ભાવ ત્વમ અથવા ત્વત્ સ્વરૂપ બ્રહ્મમા લીન કરવામા આવે છે, ત્યારે ઉકારના આત્માઓની સદ્ગતિ થાય છે પણ અન્યની થતી નથી વળી "મકાર"નો ઉચ્ચાર કરતી વેળા બને ઓષ્ઠ એકત્ર થાય છે, તેથી મકાર (સ્વર્ગ) સુખવૈભવી રાજસગુણી અને પૂર્ણ વિકારી છે તેથી સ્વર્ગના લોકો પણ ઉકારની કર્મભૂમિમા જન્મ માગે છે કે જેથી ઉકારમાં મનુષ્ય અવતારમા રહી સત્કર્મ કરાય તો પરમગતિ અગર પરમપદની પ્રાપ્તિ થાય આ લૌકિક બુદ્ધિના ૐકારની માન્યતા છે તેથી "પ્રણવવિજ્ઞાન"મા કહ્યુ છે કે .




પ્રણવ ૐકારના નવભાગ.

કર્તાઃ- પ્રણવાધિ વક્તા,
વ્યાસજી રમુજીલાલ વલ્લભરામ.



ૐકારના નવ વિભાગ માંથી બનેલા અક્ષરો.

કર્તાઃ- રમુજીલાલ વલ્લભરામ વ્યાસ.

ચિત્ર નંબર-૪

(મનહર છંદ)

અવિકારી "અ" અક્ષર, બોલતા કાંઈ ન અડે,
હોઠ, દાંત, જીભ, કંઠ, કશાનો આધાર નહિ
"ઉ" કહેતાં અડધા હોઠ, ભેળા થાય છે તે માટે,
"ઉ" અર્ધ વિકારી પણ, તે પૂર્ણ વિકાર નહિ
"અ", "ઉ" બોલીને "મ" બોલો, કડાગ બતાવે સાન,
હોઠ મળે "મ" પૂર્ણ વિકારી, માયા સાર નહિ
"અ", "ઉ", "મ"ના વિકારોને, જ્ઞાનવાન જાણી શકે,
પોપટિયા વિદ્વાનો તે, પામરોને પાર નહિ

(૫) શિષ્ય શુ વાણીના મૂળાક્ષરો યા વર્ણમાળાની ઉત્પત્તિ પ્રણવ ૐકાર માથી થઈ છે? એ વિષે કઈ કહેશો?

વ્યાસ તમારો પ્રશ્ન અતિ મહત્ત્વનો છે અને તે દરેક માણસે સમજવા જેવો છે

આ વિષય સમજવા માટે પ્રથમ ચિત્ર નબર–૩ જુઓ તેમા ૐકારના નવ વિભાગ બતાવ્યા છે જગતમા વાણીના મૂળાક્ષરો યા વર્ણમાળા છે, તે આ પ્રણવ ૐકારના નવ વિભાગો દ્વારે ગોઠવી શકાય છે પ્રથમ પ્રણવ ૐકારના નવ વિભાગોની સમજણ જણાવીએ છીએ

(૧) પ્રણવ ૐકારમા બિંદુ છે તેમા પરમાત્મા પરમેશ્વરનું સ્થાન છે
(૨) પ્રણવ ૐકારમા અર્ધમાત્રા છે, તેમા વિશ્વેશ્વર–નારાયણનું સ્થાન છે તેઓ તત્ત્વગુણવાળા છે
(૩) પ્રણવ ૐકારની અકારમાત્રામા ઈશ્વરોનું સ્થાન છે અને તેઓ સત્ત્વ ગુણવાળા છે
(૪) પ્રણવ ૐકારની મકારમાત્રામા દેવોનું સ્થાન છે અને તેઓ રાજસગુણ વાળા છે
(૫) પ્રવણ ૐકારની ઉકારમાત્રામા જીવોનું સ્થાન છે અને તેઓ તામસગુણવાળા છે
(૬) પ્રણવ ૐકારની શુદ્ધાશુદ્ધ પરમગતિથી પ્રથમ દરેક આત્મા છૂટો પડે છે અને ત્યાર બાદ જગતમા આવતાં પહેલાં તેને કડાગની માયાજાળમા અવશ્ય પ્રવેશવાનુ હોય છે તે સ્થાન
(૭) પ્રણવ ૐકારની કડાગમા ચોસઠમુખી બ્રહ્માનું સ્થાન છે તે
(૮) પ્રણવ ૐકારમા માયાનો સ્થૂલદેહ ધારણ કરવા માટે જગતમા જન્મવા જ્યાથી ગમન કરવુ પડે છે તે સ્થાન

(૯) પ્રણવ-ૐકારમાં નંબર ૯ની ઊભી લીટી નંબર ૩, ૪, ૫ની સંધિ (ત્રણે માત્રાઓ સાથે આવવાથી થતા જોડાણ)માંથી નીકળે છે તે.

હવે તે ઊભી લીટી કેવી રીતે નીકળે છે, ને અવશ્ય જાણવું જોઈએ.

નંબર ૭માં ચોસઠમુખી બ્રહ્માનું સ્થાન છે. તે બ્રહ્મામાં ત્રણે ગુણના તત્ત્વરૂપ મનહર કળા (એટલે બળ-બુદ્ધિ ખેંચી લેવાની આકર્ષણ શક્તિ) છે, અને વળી તે ત્રણે ગુણના દાતા અને અધિષ્ઠાતા છે. તેઓ ત્રણે ગુણોના સ્થાનમાંથી (એટલે અકાર, મકાર અને ઉકાર માત્રામાંથી) ગુણોને ખેંચનાર અને તે ગુણો દરેક જીવને આપનાર છે. નંબર ૩, ૪, ૫ અનુક્રમે સત્ત્વ, રાજસ અને તામસ ગુણનાં સ્થાન છે, પણ તે ગુણો દરેક આત્માને ત્યાંથી પ્રાપ્ત ન થતાં તે ત્રણે ગુણો પ્રાપ્ત કરવાનું સ્થાન કડાંગ છે. અને તે નંબર ૩, ૪, ૫ સત્ત્વ, રાજસ, તામસ ગુણોનાં સ્થાનોની સંધિમાં જ કડાંગની સંધિ હોઈ, જેમ ઈલેક્ટ્રિકના વાયરમાં તેનો પ્રવાહ ચાલુ રહે છે તેમ તે ત્રણ ગુણોનો પ્રવાહ કડાંગમાં ચાલુ જ રહે છે.

"અ", "મ", "ઉ"ના અર્ધા અક્ષરો મળેલા છે. અને "અ"ની તથા "મ"ની ઊભી લીટીનો લોપ થયેલો હોઈ, બે ઊભી લીટી ગમે ત્યાં નંબર ૯ તરીકે લઈ શકાય. અને "अ, म, उ"ના ઉપરના મથાળાની આડી લીટીનો લોપ થયેલો હોઈ તે અગર તો નંબર ૯ને ઊભીને બદલે આડી લીટી તરીકે મૂકી હોઈ મથાળાની આડી લીટીને નંબર ૯ આપવામાં આવ્યો છે.

દરેક ભાષાના અક્ષરો આ નવમાંના ગમે તે ભાગથી ચિત્ર નં. ૪ માં બતાવ્યા મુજબ બનેલા હોય છે. વાણીના અક્ષરો પ્રણવ અ+ક્ષર=નાશરહિત ૐમાંથી વાણીના અક્ષરો થયા છે. એટલે વાણીના અક્ષરોનું મૂળ ૐ અક્ષર હોવાથી વાણીને પણ "અક્ષર" કહેવાય છે.

(૬) શિષ્ય : પ્રણવ-ૐકારના નવ વિભાગથી વાણીના મૂળાક્ષરો યા વર્ણમાળાની ઉત્પત્તિ જણાવવાનું શું કારણ?

વ્યાસ : જો પ્રણવ-ૐકારના નવ વિભાગ કરવામાં આવે તો વાણીના મૂળાક્ષરો યા વર્ણમાળામાં જરા પણ ફેરફાર કરવો પડશે નહીં. કારણ કે પ્રણવ શબ્દના સાધારણ રીતે જોતાં ચાર પ્રકારના અર્થ થાય છે.

૧. પ્રણવ એટલે વિશેષ કરીને નવ અર્થાત્ વાણીના અક્ષરોમાં નવમો કટકો વધારે આવે છે.

૨. "પ્ર" એટલે વિશેષ રૂપે. "નવ" એટલે નવ. વિશેષ રૂપે નવ અર્થાત્ ૐના નવ કટકા વિશેષ રૂપે થવાથી (તેમાંથી) તમામ વાણીના અક્ષરો થાય છે.

૩. (ૐકારના પાંચ ભાગ સામાન્ય રીતે હોવાથી) પ્ર+નવ=ૐકારના નવ ભાગ વિશેષ કરીને અર્થાત્ વધારે કટકા કરવાથી નવ ભાગ થાય છે.

૪. પ્ર+નવ=નવમો કટકો તેમાંના અક્ષરો પૈકીનો વિશેષ કરીને એટલે વધારાનો છે અર્થાત્ ૐના કટકાઓમાંથી ઉપજાવી કાઢેલો છે.

"ओमित्येकाक्षरं ब्रह्म" ।। (શ્રીમદ્ ભગવદ્ ગીતા, અધ્યાય ૮, શ્લોક ૧૩)

ૐ અક્ષરબ્રહ્મ છે અને તેમાંથી (નવ વિભાગમાંથી) તમામ અક્ષરો ઉત્પન્ન થયેલા હોવાથી "અક્ષર" કહેવાય છે. કેમ કે વાણીના અક્ષરોનું મૂળ જે ૐ તે અક્ષર એટલે નાશ પામતો નથી. તેથી તમામ વાણી નાશ પામવા છતાં કાળે કરીને પાછી ૐમાં સમાય છે અને ઉત્પન્ન થાય છે તેથી અક્ષર છે.

"ॐ एकोऽहं बहुस्याम्" ।। (શ્રુતિઃ) હું અને ૐ એક છીએ તે બહુરૂપે થાવ. અર્થાત્ ૐમાંથી તમામ વાણી બહુરૂપે પ્રગટ થાવ, તથા મારામાંથી ૐકારમાં બહુ જીવો સમાયેલા છે તે બહુરૂપે થાવ, ૐ અને નારાયણ બન્ને. ૐ=અ+ક્ષર =નાશ ન પામે તેવો છે. અને ૐમાંથી વાણીના અક્ષરો થવાથી તેને (નાશવાન-ક્ષર હોવા છતાં) અક્ષર કહેવાય છે. તેથી "પ્રણવવિજ્ઞાનમાં" જણાવ્યું છે કે :

(મનહર છંદ)

વેદ પહેલાં શબ્દ ૐ, નારાયણ મુખે બોલ્યા;
પછી બીજી સર્વ વાણી, બનેલી જણાય છે.
દેવો, ઋષિ, ઈશ્વરોથી, ૐ શબ્દ થયો પહેલો;
ઋષિ નહિ પણ દૃષ્ટા, નારાયણ ગણાય છે.
ૐના ઈશ્વર "પૂર્ણ, બ્રહ્મ"નો વાચક ૐ;
ૐ જપવા બ્રહ્માને, નારાયણ આજ્ઞાય છે.
વાણીના "અ"–"ઉ"–"મ" અક્ષર, અર્ધ અર્ધ ભળ્યા જુઓ;
એક આખો આવ્યા વિના, ૐમાં સમાય છે. ૧

પ્રણવ એટલે નવ, વિભાગો છે ૐ કેરા:
તે વિશેષ રૂપે થવાથી, વાણી સૌ થાય છે.
તે નવ વિનાના કોઈ, વાણીના અક્ષર નથી;
સ્વર, વ્યંજન, સાનકાઓ, નવમાં સમાય છે.
સર્વ વાણીના અક્ષરો, નાશ પામે તેથી ક્ષર;
છતાં ૐમાંથી થવાથી, અક્ષર ગણાય છે.
હું અને ૐ એક અક્ષર, બહુરૂપે વાણી થાઓ;
ૐ વક્તા ઈશ્વરની, ઇચ્છાથી તે થાય છે. ૨

એટલા કારણે આપણા ધર્મશાસ્ત્રોમાં નવનો મહિમા વધારે પ્રમાણમાં જણાય છે. ભગવદ્‌ગીતાના ૧૮ અધ્યાય, ઉપનિષદો ૧૦૮, અઢાર પુરાણ, અઢાર ઉપપુરાણ, વિદ્યાપ્રાપ્તિના અઢાર પ્રસ્થાનો (જેવાં કે : ચાર વેદ, ચાર ઉપવેદ, છ વેદાંગ અને ચાર ઉપાંગ), આપણા ધર્મશાસ્ત્રોમાં નવધા ભક્તિ જણાવી છે, સંસારમાં અને સંસાર બહાર શરણાગતિના અનેક પ્રકાર છે પણ તેમાં ખાસ કરી મહત્ત્વના અઢાર જણાવવામાં આવ્યા છે, લૌકિક ૐના નવ વિભાગ જણાવ્યા છે અને અલૌકિક ૐના પણ નવ વિભાગ જણાવ્યા છે.

નવધા ભક્તિના નામો : (૧) વાચિક ભક્તિ (૨) દૈહિક ભક્તિ (૩) દાન ભક્તિ (૪) માનસિક ભક્તિ (૫) જ્ઞાન ભક્તિ (૬) ધ્યાન ભક્તિ (૭) વૈરાગ્ય ભક્તિ (૮) આત્મિક ભક્તિ અને (૯) પ્રેમલક્ષણા ભક્તિ.

નવધા ભક્તિમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ એવી નવમા પ્રકારની "પ્રેમલક્ષણા ભક્તિ" મેળવવા પ્રયાસ કરો કે જેના કરતાં આગળ કાંઈ વધવાનું છે જ નહિ અને તે માટે "પ્રણવવિજ્ઞાન"માં નવ્વાનો આંક મૂકી સિદ્ધાંત સમજાવ્યો છે કે : પરમાત્મા-પરમેશ્વરને પ્રાપ્ત કરવા માટે ગમે તે પ્રકારની ભક્તિ કરો પણ નવમા પ્રકારની ભક્તિ ઉપર જ દરેકને છેવટે આવ્યા સિવાય છૂટકો જ નથી. તેનું પ્રમાણ નીચે મુજબ :

| બોલાય છે તે આંક | આવેલા આંકડામાં એકમાં બીજો આંકડો ઉમેરવાથી આવતો આંક | સિદ્ધાંત મુજબ નવ આવે તે આંક |
|---|---|---|
| ૧-૯-૯ | ૧-૯-૯ = ૯. | ૧-૯-૯ |
| ૨-૯-૧૮ | ૨-૯-૧+૮= ૯. | ૨-૯-૯ |
| ૩-૯-૨૭ | ૩-૯-૨+૭= ૯. | ૩-૯-૯ |
| ૪-૯-૩૬ | ૪-૯-૩+૬= ૯. | ૪-૯-૯ |
| ૫-૯-૪૫ | ૫-૯-૪+૫= ૯. | ૫-૯-૯ |
| ૬-૯-૫૪ | ૬-૯-૫+૪= ૯. | ૬-૯-૯ |
| ૭-૯-૬૩ | ૭-૯-૬+૩= ૯. | ૭-૯-૯ |
| ૮-૯-૭૨ | ૮-૯-૭+૨= ૯. | ૮-૯-૯ |
| ૯-૯-૮૧ | ૯-૯-૮+૧= ૯. | ૯-૯-૯ |
| ૧૦-૯-૯૦ | ૧૦-૯-૯+૦= ૯. | ૧૦-૯-૯ |

ગમે તેટલી મોટી સંખ્યાએ જવા છતાં [દાખલા તરીકે, ૨૭, ૩૬, ૪૫, ૫૪, ૬૩, ૭૨, ૮૧, ૯૦, ૧૦૮, ૧૨૬, ૧૪૪, ૧૬૨, ૧૮૦, ૩૬૦, ૭૨૦-

ના ઘડિયા (આંકનો પાડો)માં આવેલા ગુણાકારનો એક વખત સરવાળો કરતાં અગર આવેલી રકમનો ફરી સરવાળો કરતાં] નવ (૯) કાયમ રહે છે અને તેથી નવધા ભક્તિ છે.

અઢાર પ્રકારના શરણાગતિના ભાવો : (૧) દાતાભાવ (૨) રક્ષકભાવ (૩) મિત્ર અને સખા ભાવ (૪) ભ્રાતૃભાવ (૫) પુત્રભાવ (૬) પિતૃભાવ (૭) માતૃભાવ (૮) પત્નીભાવ (૯) દાસત્વભાવ (૧૦) વાચિકભાવ (૧૧) માનસિકભાવ (૧૨) આત્મિકભાવ (૧૩) ગુરુભાવ (૧૪) ઈશ્વરભાવ (૧૫) વિરહાતુરભાવ (૧૬) ઉન્માદભાવ (૧૭) તદાત્મેકત્વભાવ (૧૮) પ્રેમલક્ષણાયુક્ત અનન્ય ગુરુ-પરમાત્મ ભાવ.

ગમે તે શરણાગત ભાવે પ્રભુ-સદ્‌ગુરુશ્રીની ભક્તિ કરો પરંતુ આખરે તો પ્રેમલક્ષણાયુક્ત અનન્ય ગુરુ-પરમાત્મભાવ પર દરેક શિષ્યે યા યોગીએ આવવાનું જ રહે છે. કેવળ મોક્ષ આ ભાવથી જ થાય છે એ તદ્દન સત્ય છે.

લૌકિક ૐના નવ વિભાગ યા સ્થાન : (૧) પ્ર. દ. નં. ૮૮થી બતાવેલ ઉકારમાત્રા એટલે જીવકોટિ (૨) પ્ર. દ. નં. ૬૬થી બતાવેલ મકારમાત્રા એટલે ઈશકોટિ યા દેવકોટિ (૩) પ્ર. દ. નં. ૫૬થી બતાવેલ સૂર્યલોક (૪) પ્ર. દ. નં. ૫૮થી બતાવેલ ચંદ્રલોક (૫) પ્ર. દ. નં. ૪૧થી બતાવેલ અકારમાત્રા યા ઈશ્વરકોટિ (૬) પ્ર. દ. નં. ૬૯થી બતાવેલ કઠાંગમાં આવેલા ચોસઠમુખી બ્રહ્મા (૭) પ્ર. દ. નં. ૩૯થી બતાવેલ બ્રહ્મરંધ્ર (૮) પ્ર. દ. નં. ૩૫થી બતાવેલ ગોલોક યા સામીપ્ય મુક્તિ અને (૯) પ્ર. દ. ૩૦થી બતાવેલ અર્ધમાત્રામાં અક્ષરધામ કે જે અંશાવતારી ઈશ્વરોનું વિલય સ્થાન છે તે.

અલૌકિક ૐના નવ વિભાગ યા સ્થાન : (૧) પ્ર. દ. નં. ૧૩થી ૧૬ સુધી બતાવેલ મન્વંતરોનું સ્થાન. (૨) પ્ર. દ. નં. ૧૭થી બતાવેલ બ્રહ્મકૂપ યા બ્રહ્મસ્તંભનું સ્થાન. (૩) પ્ર. દ. નં. ૧૧થી બતાવેલ સહસ્રગ્રંથિ ધારણ, તેજસ બ્રહ્મ, વિભૂતિ આત્મા સ્થાન. (૪) પ્ર. દ. નં. ૧૮થી બતાવેલ દશ કળાત્મ-જ્યોતિ આત્મિક સ્થૂલ ત્યાગે છે તે સ્થાન. (૫) પ્ર. દ. નં. ૧૨થી બતાવેલ આકાશ વ્યાપક શબ્દબ્રહ્મ યા 'ૐ ખં બ્રહ્મ' સ્થાન. (૬) પ્ર. દ. નં. ૯થી બતાવેલ દ્વાદશ કળા આત્મજ્યોતિ આત્મિક સૂક્ષ્મ ત્યાગે છે તે સ્થાન. (૭) પ્ર. દ. નં. ૭થી બતાવેલ ચતુર્દશ કળા શુદ્ધાત્મજ્યોતિ આત્મિક કારણ ત્યાગે છે તે સ્થાન. (૮) પ્ર. દ. નં. ૫થી બતાવેલ પંચોદશકળા આત્મિક મહાકારણ ત્યાગે છે તે સ્થાન. અને (૯) પ્ર. દ. નં. ૧થી ૩ બતાવેલ ષોડશબ્રહ્મકળા પરમાત્મા-પરમેશ્વર.

આપણા ધર્મશાસ્ત્રોમા નવનો મહિમા અપાર છે માટે પ્રણવ ૐકારના નવ વિભાગ કરીને વાણીના મૂળાક્ષરો યા વર્ણમાળાની ઉત્પત્તિ જણાવી છે દરેક ભાષાના અક્ષરો આ નવમાના ગમે તે ભાગથી બનેલા હોય છે

જ્યારે મુમુક્ષુ યા યોગી પુરુષ પરમાત્મા પરમેશ્વરને પામે છે યા મોક્ષ પ્રાપ્ત કરે છે, ત્યાર તેને પ્રથમ માયાના ચાર દેહો (સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ) ત્યાગવાના હોય છે ત્યાર પછી ચૈતન્ય આત્માના ચાર દેહો (સ્થૂલ, સૂક્ષ્મ કારણ અને મહાકારણ) ત્યાગવાના હોય છે પછી શેષ રહેલી શુદ્ધ આત્મજ્યોતિ પરમાત્મા પરમેશ્વરમા એક રસ, એકરૂપ થઈ જાય છે એટલે તે વિશુદ્ધ આત્મજ્યોતિ પરમાત્મ સ્વરૂપ બની જાય છે આ ગણતરીએ પણ પરમાત્માનુ સ્થાન નવમુ આવે છે

(૭) શિષ્ય "અ, ઉ, મ"ના ત્રણ અક્ષરના ભાગ લઈને યા વિભાગથી ૐકાર થયો કે ૐકારમાથી તે અક્ષરો થયા?

વ્યાસ પ્રણવ ૐકારમાથી અક્ષરો થયા છે પણ અક્ષરોમાથી ૐકાર થયો નથી એટલે ૐના ભાગ લઈને અક્ષરો થયા છે વળી તમામ અક્ષરો જેને સ્વર, વ્યજનો કહીએ છીએ તે તમામ નાશવત છે કેમ કે પુસ્તકો બળી જાય, લખેલુ ભૂસી નખાય, કોતરલુ ખોદી નખાય, જેના પર કોતર્યું હોય તેનો પણ કાળે કરીને નાશ થાય, માટે તે "ક્ષર" (એટલે નાશવત) છે પરતુ ૐ એ એક જ અક્ષર નાશરહિત છે તેથી શ્રીકૃષ્ણ પ્રભુએ અર્જુનને કહ્યુ છે કે

ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन्।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम्॥
(શ્રીમદ ભાગવદગીતા, અધ્યાય ૮, શ્લોક ૧૩)

અર્થ ૐ એવા બ્રહ્મવાચક એકાક્ષર મંત્રને જપતો, મારુ સ્મરણ કરતો કરતો દેહ છોડે છે તે પરમગતિને પામે છે

વળી સૂર્યોપનિષતમા પણ કહ્યુ છે કે, પ્રણવ અક્ષરબ્રહ્મ છે અર્થાત્ ૐ એ એક નાશ ન થાય તેવો બ્રહ્મ (અક્ષર) છે

(૮) શિષ્ય વાણીને અક્ષર કહેવાનું શુ કારણ?

વ્યાસ વાણીના અક્ષરો પ્રણવ અ+ક્ષર=નાશરહિત ૐમાંથી થયા છે તેથી તેને પણ અક્ષર કહ્યા છે કેમ કે વાણીના કટકાઓ જે પ્રણવમાથી બન્યા છે તે પ્રણવ અ+ક્ષર=નાશરહિત છે એટલે વાણીના અક્ષરોનું મૂળ ૐ અક્ષર હોવાથી વાણીને પણ "અક્ષર" કહેવાય છે જેમ ધાન ચોમાસામાં ઊગે છે, પણ તે ઉનાળા (એટલે ફાગણથી જેઠ માસ સુધીનો ગરમીનો સમય)માં દેખાનુ

નથી પણ તેનું બીજ કાયમ રહે છે, તેમ વાણીના અક્ષરોનું મૂળ ૐ અક્ષર હોઈ કાયમ રહે છે. (વળી પરમાત્મા-પરમેશ્વર વાણીમાં આવતા નથી. અર્થાત્ વાણીના અક્ષરો ઓમ્‌માંથી બનેલા છે, તેથી ઓમ્‌કારમાં પરમેશ્વર આવતો નથી પણ તેનાથી બહાર છે.)

(૯) શિષ્ય : બૃહતીવાણી કોને કહેવામાં આવે છે? તે જણાવો.

વ્યાસ : જ્યારે ઇન્દ્રિય વર્ગ શૂન્ય થઈ પડયો હોય છે ત્યારે પણ ઈશ્વર જ્ઞાનવાન હોઈ પરમાત્મત્વ, આત્મબ્રહ્મ કદી શૂન્ય થતું ન હોવાથી તે સતેજ ચૈતન્યવાન રહે છે. જેમ કોઈ માણસ ગાઢ નિદ્રામાં પડયો હોય ત્યારે પણ શબ્દ સાંભળીને જાગી ઊઠે છે, તે વેળા જીવ શ્રોતા હોતો નથી. કેમ કે ઇન્દ્રિયો તો લીન થયેલી હોય છે. માટે તે વખતે શબ્દ સાંભળીને જે જગાડે છે તે જ આત્મબ્રહ્મ યા પરમાત્માનું તેજસ છે, જેને "બૃહતીવાણી" કહેવાય છે. આવા "અ, ઉ, મ" અક્ષરવાળા અંતસ્થ યા ઉષ્માક્ષરમાંના મહાપુરુષો સમજી-સમજાવી શકે છે. કદાચ ક થી મ સુધીના સ્પષ્ટ વ્યંજનોમાં તે (મહાપુરુષો) આવે, તો પણ અંતસ્થથી શરૂ થઈને તે જન્મમૃત્યુથી મુક્ત થાય છે અને કરે છે, તે ચાર વેદના તત્ત્વરૂપ ૐકાર છે. તે ચારે વેદોને બ્રહ્માએ વેદોચ્ચારણ કરવામાં કુશળ એવા મરીચી વગેરે પોતાના પુત્રોને ભણાવ્યા.

(૧૦) શિષ્ય : ચારે દેહોથી ઉચ્ચારાયેલી વાણી યા પ્રાર્થના પરમાત્માને પહોંચે છે કે?

વ્યાસ : માયાના સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહો વડે ઉચ્ચારાયેલી વાણી (આપણું સૂક્ષ્મ તે સ્વર્ગલોકોનું સ્થૂલ, આપણું કારણ તે ઈશ્વર કોટિના લોકોનું સ્થૂલ અને આપણું મહાકારણ તે અક્ષરધામના લોકોનું સ્થૂલ હોવાથી તે સ્થૂલવાણી વડે ઉચ્ચારાયેલી વાણી), ઉપાસના, ધ્યાન, મંત્રો, સ્તોત્રો વગેરેની કોઈ અસર બ્રહ્માકાશમાં (જેને યજુર્વેદમાં "ૐ ખં બ્રહ્મ" ।। કહ્યું છે ત્યાં સુધી) પહોંચતી નથી, પરંતુ જો લૌકિક ચારેય દેહોના બંધનોથી મુક્ત થઈને આત્મા વડે આત્મિક વાણી, મંત્ર, સ્તોત્ર, ઉપાસના, પ્રાર્થના બોલાય તો જ તે આકાશવત્ વ્યાપક બ્રહ્મવાણી અશુદ્ધ પરમગતિમાં અસર પહોંચાડે છે અને આત્મા એક આધ્યાત્મિક ઍટમ તત્ત્વ હોવાથી તેની આત્મવાણીમાં આત્મચેતનાનું તત્ત્વ આવતું હોવાથી તે વાણી ચેતનમય બને છે. અર્થાત્ જ્યાં વાણી વિરામ પામે અને બ્રહ્માકાશમાં આત્મા વડે આત્મવાણી ઉચ્ચારાય, જે વાણી આત્માથી અગર આત્મચેતનાથી (એટલે આત્મજ્યોતિથી) ઉચ્ચારાય તે જ વાણી પરમાત્મા સુધી પહોંચે છે. તેથી આત્મામાં રહેલ કૂટસ્થબ્રહ્મનો

કૂટસ્થયોગ જે પરમાત્મામાં જોડી શકે છે, તે એક જ અને અદ્વિતીય છે અને મન-વાણીથી અગોચર હોવાથી વાણીનો વિરામ થાય છે, ત્યારે એ આત્મબ્રહ્મની પ્રેરણા પામેલી વાણી પ્રવૃત્તિ કરે છે.

(૧૧) શિષ્ય : કેવી વાણીથી બોલાતા ૐકારનું શ્રવણ પરમાત્મા કરે છે?

વ્યાસ : પ્રથમ જે નાદની ઉપાસના કરીને યોગીલોકો અધિભૂત, અધ્યાત્મ અને અધિદૈવ નામના ત્રણે મળોને દૂર કરી મોક્ષ પામે છે, તે નાદમાંથી આત્મહૃદયમાં સ્વતઃ પ્રકાશતો ૐકાર જ્યારે આત્મિકબ્રહ્મ વાણીથી બોલાય છે, તે ૐકાર પરમાત્મા-પરમબ્રહ્મને જણાવનારો છે. અર્થાત્ જે આ બ્રહ્મવાણીથી બોલાતા સ્પષ્ટ ૐકારનું શ્રવણ કરે છે તે જ પરમાત્મા છે. શ્રવણેન્દ્રિય કાનને બંધ કર્યા પછી પણ પરમાત્મા બ્રહ્મયોગથી ઉચ્ચારાતા ૐકારને સાંભળે છે, કેમ કે કૂટસ્થબ્રહ્મ અને પરમબ્રહ્મ ઇંદ્રિયોથી અતીત છે. કર્ણેન્દ્રિય બંધ કર્યા પછી જે નાદ સંભળાય છે, તે બ્રહ્મદ્વારા જ અને માત્ર બ્રહ્મને જ સંભળાય છે. ઘોરનિદ્રામાં પડેલા જીવને જે જગાડે છે તે જ બ્રહ્મ (પરમાત્મા) છે.

(૧૨) શિષ્ય : પ્રથમ નાદ કયાંથી ઉત્પન્ન થયો અને તે નાદમાં શું જણાયું?

વ્યાસ : સમાધિનિષ્ઠ મનવાળા પરમેષ્ઠી બ્રહ્મદેવના હૃદયાકાશમાંથી "નાદ" ઉત્પન્ન થયો. કાન બંધ કરીને શ્રોત્રેન્દ્રિયની ત્રણ વૃત્તિને રોકવાથી જાણવામાં આવે તે "નાદ"ની ઉપાસના કરીને યોગી લોકો અધિભૂત, અધ્યાત્મ તથા અધિદૈવ નામના સર્વ મળને દૂર કરી મોક્ષને પામે છે. તે નાદમાંથી ત્રણ માત્રાવાળો, જેની ઉત્પત્તિ જણાતી નથી એવો અને હૃદયમાં સ્વતઃ પ્રકાશતો ૐકાર જણાયો, કે જે ૐકાર પરમાત્મા-પરમેશ્વરને જણાવનારો છે.

(૧૩) શિષ્ય : પ્રણવ-ૐકારનું શ્રવણ કોણ કરે છે?

વ્યાસ : જે આ સ્પષ્ટ ૐકારનું શ્રવણ કરે છે તે પરમાત્મા છે. કેમ કે તે (ૐકાર) પરમાત્માનો વાચક છે. શંકા થશે કે, તે તો જીવ પણ સાંભળે છે. તેનો ઉત્તર એ છે કે : ના, તેમ નથી. જીવનું જ્ઞાન તો ઇંદ્રિયોને આધીન છે. તેથી કાનને બંધ કર્યાથી જીવ સાંભળી શકે નહીં. માટે કાન બંધ કર્યા પછી જે "નાદ" સંભળાય છે તે તો આત્મતત્ત્વ યા આત્મજ્યોતિ દ્વારા જ સંભળાય છે. તે માધ્યમરૂપે મહાપુરુષો દ્વારા યા પરમાત્મા દ્વારા જ શ્રવણ થાય છે.

(૧૪) શિષ્ય : બ્રહ્મનાદનો અર્થ શું થાય છે?

વ્યાસ : જે ૐકારથી અગમ્ય બૃહતીવાણી જણાય છે અને જેની અભિવ્યક્તિ હૃદયાકાશમાં થાય છે, તે ૐ સ્વયંપ્રકાશ, પરમાત્મ બ્રહ્મનો સાક્ષાત્ વાચક છે, સર્વ મંત્રોનું રહસ્ય છે, વેદોનું મૂળ તત્ત્વ છે, સર્વનું બીજ છે અને સનાતન છે. તે પ્રણવબ્રહ્મની આત્મામાં રહેલ કૂટસ્થબ્રહ્મ વડે ઉપાસના થાય તો જ પરમ-

બ્રહ્મ-પરમાત્માની પ્રાપ્તિ થાય છે અને તે ઉપાગનાને બ્રહ્મનાદ કહેલો છે. કેટલાક તેને બ્રહ્મવાણી પણ કહે છે. જ્ઞાનીઓની બ્રહ્મવાણી યા યોગીઓનો બ્રહ્મનાદ તે એક જ પ્રણવોપાસન છે. જ્યારે દેહાદિથી વૃત્તિ વિરક્ત થાય છે, ત્યારે સદ્‌ગુરુની દયાથી બ્રહ્મનાદ થાય તે વડે મોક્ષપ્રાપ્તિ થાય છે.

(૧૫) શિષ્ય : ઉપનિષદોએ બ્રહ્મનાદનો શો અર્થ કર્યો છે?

વ્યાસ : જે યોગીપુરુષો "શબ્દબ્રહ્મ" પ્રણવનો હૃદયમાંથી ઉચ્ચાર કરીને અને બને તો સામૂહિક "શબ્દબ્રહ્મનો" હૃદયંગમ પ્રતિધ્વનિ કરીને અક્ષરઘોષ કરે છે, તે શબ્દબ્રહ્મના નાદને આત્મામાં લય કરી દે છે, તે પછી આત્મામાં તેનો "શબ્દનાદ" થાય છે, તેને ઉપનિષદોએ "બ્રહ્મનાદ" કહેલો છે.

(૧૬) શિષ્ય : કયો મંત્ર જપવાથી સાધકમાં બ્રહ્મનાદ યા બ્રહ્મયોગ પ્રકટ થાય છે?

વ્યાસ : ધ્યાનના ચોક્કસ તબક્કામાં પહોંચ્યા બાદ બ્રહ્મનાદનો માર્ગ પ્રકટ થાય છે. અને તે કેવી રીતે? તે પ્રથમ જાણવું જોઈએ. જ્યારે સાધક ધ્યાનદ્વારે સ્થૂલનો સૂક્ષ્મમાં, સૂક્ષ્મનો કારણમાં અને કારણનો મહાકારણમાં લય કરે છે, ત્યારે તેના આત્મામાં તમામ માયાવી કામનાઓ લય પામી નિષ્કામ ભાવનાઓ પ્રગટ થાય છે અને જ્યારે તે સાધકમાં નિષ્કામ ભાવનાઓ જાગ્રત થાય છે, ત્યારે તેનો આત્મા મોક્ષ પ્રત્યે અનહદ પ્રેમ ધરાવે છે અને તેવા પ્રેમ વડે (જેમ અતિ હર્ષ કે કષ્ટપાતથી આંખમાંથી અશ્રુ નીકળે છે તે પ્રમાણે) તે સાધકનો આત્મા જે મંત્રોને જપતો હોય તે તમામ મંત્રોને ભૂલી જઈ એકલા પ્રણવ ૐકારનો પરમબ્રહ્મરૂપે આત્મા વડે જ્યારે ઉચ્ચાર કરે છે, ત્યારે તેનામાં "બ્રહ્મનાદ" યાને "બ્રહ્મયોગ" પ્રકટ થાય છે. તે વખતે પોતાનું કર્તા-ભોક્તાપણું અહમત્વ વિસ્મૃત થાય છે અને સદ્‌ગુરુ-શિષ્ય ભાવથી કે દૃષ્ટાદૃષ્ટ ભાવથી અને ભક્ત ભગવાનના ભાવથી પર થઈ આત્મામાં રહેલ કૂટસ્થતત્ત્વ જે બ્રહ્મત્વ છે તે આપોઆપ સચેતન બની પરમબ્રહ્મ-પરમેશ્વરમાં નિમગ્ન થાય છે, તે જ તે સાધકના આત્માની અવસ્થાતીત દશા છે, જેને "બ્રહ્મયોગ" યાને "બ્રહ્મમય" અવસ્થા કહે છે. અને તેવી અવસ્થા જો જીવનભરમાં વધુમાં વધુ અડધી ઘડી પ્રાપ્ત થઈ ગઈ હોય તો તે સાધકના આત્માનો મોક્ષ થયા સિવાય રહેતો નથી. આ રીતે જે સાધકનો કૂટસ્થબ્રહ્મ યા આત્મજ્યોતિ ૐના વાચ્ય વડે "प्रज्ञानमानन्दं ब्रह्म"।। પરમાત્માના ધ્યાનમાં એકનિષ્ઠ થાય છે તે જ "બ્રહ્મયોગ" છે.

(૧૭) શિષ્ય : ઉપનિષદો અને દર્શનોએ પરમબિંદુનાદ વિષે શું કહ્યું છે?

વ્યાસ – બ્રહ્મનાદની વ્યાખ્યામાં જણાવી ગયા તેમ, જ્ઞાનયોગી યા મુમુક્ષુ સમાધિસ્થ અગર ધ્યાનસ્થ અગર યોગમગ્ન થઈ જતાં તેના આત્મપ્રદેશમાંથી 'બિંદુનાદ" એટલે બિંદુરૂપ એક જ માત્ર પરમાત્માની એકનિષ્ઠ બ્રહ્માકાર ધ્વનિનો નાદ થાય અને તેમાં "અ, ઉ, મ, અર્ધમાત્રા"ના ભાવનો લય થઈ જતાં "હું" એવું ભાન ન રહે અને સર્વ લક્ષ્ય પરમેશ્વર-આખંડાનંદમાં રહે, ત્યારે જીવન્મુક્ત બ્રહ્મદશામાં આત્મકૂટસ્થ બ્રહ્મ વડે જે પ્રણવ ધ્યાન થાય તેને ઉપનિષદો અને દર્શનોમાં "પરમબિંદુનાદ" કહેવામાં આવ્યો છે

(૧૮) શિષ્ય – કઈ વાણી વડે પ્રણવનો ઉચ્ચાર કરવામાં આવે તો તે પરમાત્માને પહોંચે?

વ્યાસ – આત્મિક ધ્યાન કરવામાં જ્યારે સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહની લૌકિક શક્તિનો લય (એટલે નાશ) થાય ત્યારે જ આત્મોચ્ચાર થયા બાદ આત્મલક્ષ્ય લાગે છે, પરંતુ આત્મોચ્ચારમાં લૌકિક-અલૌકિક બંને તત્ત્વો મિશ્ર હોવાથી અર્થાત્ આત્મા ગ્રંથિતત્ત્વવાળો હોવાથી આત્મામાં રહેલ કૂટસ્થ બ્રહ્મ વડે બ્રહ્મોચ્ચાર થતો નથી માટે તે તમામનો લય કરીને આત્મજ્યોતિ વડે જો બ્રહ્મોચ્ચાર કરાય તો તે ઉચ્ચાર પરમાત્માને પહોંચે છે એટલું જ નહિ પણ કૂટસ્થ આત્મજ્યોતિ માત્ર પ્રણવનું બ્રહ્માકાર વૃત્તિ વડે કેવળ પરમેશ્વરમાં લક્ષ્ય રાખીને એકાગ્ર ધ્યાન કરે અને બ્રહ્મોચ્ચાર કરે તો મોક્ષની પ્રાપ્તિ થાય છે

(૧૯) શિષ્ય – વાણીના પ્રકાર કેટલા? અને તે વાણીના ઉચ્ચારમાં સ્થાન જણાવો

વ્યાસ – વાણી ચાર પ્રકારની છે પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી. (૧) પરાવાણીનું સ્થાન નાભિ છે (૨) પશ્યંતીનું સ્થાન હૃદય છે (૩) મધ્યમાનું સ્થાન કંઠનો મધ્યભાગ છે અને (૪) વૈખરીનું મુખ્ય સ્થાન જીભ, દાંત અને હોઠ આદિ મુખમાંના અવયવો છે તેથી "પ્રણવવિજ્ઞાન"માં જણાવ્યું છે કે

(મનહર છંદ)

પરાવાણીથી વદું તેનું નામ પ્રાકૃત,
પશ્યંતીથી વદું તે ગિરવાણ ગણાય છે
મધ્યમાથી કહું તે, સંસ્કૃત સમજવું
વૈખરી તે અપભ્રંશ, જાણે સૌ ભાષા છે
છતાંય વ્યંજન નાદ, સ્વર ત્રણ જાનમાંઓ,
અનેક જાતના પદ, તે ભાવ ભાષા છે
આતમ વિના અક્ષર નહિ, આતમ વિના વાણી નહિ,
માયામાં અક્ષર તત્ત્વ, આતમની વાણી છે

બાવન અક્ષરથી ન્યારી, વાણી નથી વિશ્વ વિષે,
જુદી જુદી ભાષા પણ, બધી એ બાવનમાં
છત્રીસ વ્યંજન છે તે, પરા વાણી જાણી લેવી,
મધ્ય સૂર ઉર્દ્ધે સ્વર, પશ્યતી તે તનમાં
ત્રિ અમર સાનકાઓ, તે તો છે મધ્યમા વાણી,
વૈખરી અલેખ સાનકા, પશુ પક્ષી જનમાં
છ અલેખ સાનકાઓ, બોલાય પણ લખાય નહિ,
ને વણ સર્વ લખાય ને, બોલાયે બાવનમાં 2

ઉકારમા અજ્ઞાન છે, મકારમા જ્ઞાનાજ્ઞાન,
મકારમાં શુદ્ધ જ્ઞાન, નૌ સીના વિશ્રામ છે
માત્રામા વિજ્ઞાન વસે, અધિષ્ઠાન અનાદિનું,
પણ તેની ચતુર્ગુણ ગતિ, વ્યાપક સૌ ઠામ છે
માત્રામાં છે પરા વાચા, અકારમાં પશ્યતી છે,
મકારમાં મધ્યમા તે, વાણીના મુકામ છે
ઉકારે વૈખરી વાચા, ન સમજે તે જ્ઞાની કાચા,
જ્ઞાની ધ્યાની મોક્ષ જાણે, ત્યા વાણી વિરામ છે 3

(૨૦) શિષ્ય નવ અમર દોષવાન છે તે કયા કયા?

વ્યામ ઙ, ળ, ણ, અને છ અલેખ સાનકાઓ મળી નવ અમર થાય છે, તે દોષવાન છે છ અલેખ સાનકાઓની સમજણ આ જ પ્રકરણના પ્રશ્ન નબર ૧મા જણાવી છે

(૨૧) શિષ્ય ચારે અવસ્થાની વાચા જણાવશો?

વ્યાસ (૧) પરા વાચા મહાકારણ દેહ (તુરીય અવસ્થા)ની પરા (શબ્દ ઉચ્ચારની પહેલી અવસ્થા) એને નામે વાચા છે (૨) પશ્યતી વાચા સુષુપ્તિ અવસ્થાનું હૃદયસ્થાન છે આ અવસ્થામા પશ્યતી વાચા છે (એટલે સૂક્ષ્મ વિચારની સ્ફુરણરૂપ વાચા) (૩) મધ્યમા વાચા સ્વપ્ન અવસ્થાનું કંઠસ્થાન છે એમાં કંઠમા હિતા નામની નાડી છે, તેમા સ્વપ્નાવસ્થા થાય છે અને તે અવસ્થામા મધ્યમા નામે વાચા છે અને (૪) વૈખરી વાચા જાગ્રત અવસ્થામાં વૈખરી વાચા છે કંઠ, તાળુ, જિહ્વામૂલ, દાંત, હોઠ, નાસિકા, ઉર (છાતી), શિર (માથુ)—એ આઠ સ્થાનકથી પ્રસિદ્ધ રીતે જે સર્વ મનુષ્ય બોલે છે તેનું નામ વૈખરી વાચા છે

* * *

પ્રકરણ ૧૫

# ત્રિપુટીની સમજણ

(૧) શિષ્ય  બ્રહ્મ, પરબ્રહ્મ અને પૂર્ણબ્રહ્મનું નિરૂપણ કરો

વ્યાસ  તમારા પ્રશ્નનો ઉત્તર સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે "પ્રણવવિજ્ઞાન"મા જણાવ્યો છે

(મનહર છંદ)

બ્રહ્મ અને પરબ્રહ્મ, ત્રીજુ છે પરમબ્રહ્મ,
આ ત્રિપુટી સમજે તે, પૂરો જ્ઞાનવાન છે
વિશ્વ સર્વ બ્રહ્મ માનો, જીવથી ઈશ્વર લગી,
આકાર ઉપર માત્રા, તેમાં કેનું ધ્યાન છે
તે માત્રા અક્ષરબ્રહ્મ, વિશ્વ થકી પર માટે,
પરબ્રહ્મ નામ તેનું, વિશ્વમા મહા માન છે
માત્રા પર બિંદુ છે તે, સર્વથી પરમપદ;
તેથી પરમબ્રહ્મ નામ, વ્યાસજી ગુલતાન છે

શ્રીમદ્ ભગવદ્‌ગીતા, અધ્યાય ૮ના શ્લોક ૧૮થી ૨૧મા શ્રીકૃષ્ણ ભગવાને જણાવ્યુ છે કે . "મૂળ બ્રહ્માનો દિવસ થયેથી 'વ્યક્ત નામના સૂક્ષ્મ તત્ત્વમાંથી' "સર્વ વ્યક્તિઓ" એટલે પ્રાણી પદાર્થો ઉત્પન્ન થાય છે અને તેની રાત્રિ પડેથી એ જ "વ્યક્તમા" પાછા સમાય છે  તે પ્રમાણે આ ભૂતોનો સમુદાય પ્રગટ થઈને રાત્રિ પડે ત્યારે તે વ્યક્ત બ્રહ્મમા મળી જાય છે અને પાછો દિવસ થયે ઉત્પન્ન થાય છે  વળી તે વ્યક્ત તત્ત્વથી પણ પર અને અધિક સૂક્ષ્મ અને અનાદિ સનાતન બીજુ તત્ત્વ છે, તે સર્વ ભૂતોનો નાશ થયા છતાં પણ તે નાશ પામતુ નથી તેને "અવ્યક્ત તત્ત્વ" કહેવાય છે તે અવ્યક્ત તત્ત્વને જ અક્ષરાતીત, અવિનાશી અને પરમગતિવાળું તત્ત્વ કહેવાય છે, તેને પામ્યા પછી કોઈ ફરીથી જન્મમરણના ફેરામા આવવું નથી  તે જ પરમપદ છે"

અર્થાત્ વ્યક્તિઓ (એટલે ચરાચર પ્રાણીઓ) અને વ્યક્ત (એટલે ચરાચર પ્રાણીઓથી ભરેલુ આખુ વિશ્વ જેમાં જાય છે અને જેમાંથી થાય છે તે વ્યક્ત) અને ત્રીજું અવ્યક્ત એટલે વ્યક્તિઓ અને વ્યક્તથી જુદુ તેને "અવ્યક્ત" કહ્યુ છે. તેનો ભાવાર્થ એ છે કે, વ્યક્તિઓ એટલે બ્રહ્મ, વ્યક્ત એટલે પરબ્રહ્મ

અને અવ્યક્ત એટલે પૂર્ણબ્રહ્મ યાને પરમબ્રહ્મ. જે વ્યક્તિઓ છે તે "ક્ષર" છે, વ્યક્ત તે "અક્ષર" છે અને અવ્યક્ત તે "અક્ષરાતીત" છે તેનું જ નામ અવ્યક્ત-બ્રહ્મ, પરમબ્રહ્મ, પરમાત્મા, પરમેશ્વર છે. એમ શ્રીકૃષ્ણ ભગવાન પોતે સમજેલા છે અને તે જ અર્જુનને સમજાવ્યું છે.

(૨) શિષ્ય : ક્ષર, અક્ષર અને અક્ષરાતીતનું નિરૂપણ કરો.

વ્યાસ : તમારા પ્રશ્નનો ઉત્તર શ્રીકૃષ્ણપ્રભુએ ભગવદ્‌ગીતામાં અર્જુનને જણાવ્યો છે કે :

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते॥
उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः॥
(શ્રીમદ્ ભગવદ્‌ગીતા, અધ્યાય ૧૫, શ્લોક ૧૬ ને ૧૭)

અર્થ : આ વિશ્વમાં ક્ષર અને અક્ષર એવા બે જ પુરુષ છે. તેમાં જે પ્રાણીપદાર્થો છે તે ક્ષર એટલે નાશવાન અને તેની ઉત્પત્તિના કારણરૂપ જે માયાવિશિષ્ટ તે અક્ષર છે. એટલે વિનાશી છે પણ તે અવિનાશી કહેવાય છે. પરંતુ સર્વથી ઉત્તમ પુરુષ તો ખરેખર એ બંનેથી બીજો જ છે, જેને જ્ઞાનવાન પુરુષો પરમાત્મા એવા નામથી બોલે છે અને તે પરમેશ્વર ત્રણે લોકમાં ગતિથી વ્યાપી રહીને સર્વનું પોષણ કરે છે.

સમગ્ર વિશ્વમાં ક્ષર અને અક્ષર એવા બે પુરુષ તત્ત્વ છે. તમામ ભૂત-પ્રાણીનો સમુદાય એટલે જ્યો એટલે ઉકાર, મકાર, અકાર અને અર્ધમાત્રાના નારાયણના પોતાના આત્મા સિવાયના તમામ જીવો એટલે કે જગતના જીવો અને અક્ષરધામમાં રહેલા અંશાવતારી ઈશ્વરો વગેરે તમામ જીવો ક્ષર એટલે નાશવંત છે અને તે તમામની ઉત્પત્તિ જેમાંથી થાય છે તે સર્વક્ષર ઉત્પત્તિ કારણરૂપ નારાયણ કૂટસ્થ અક્ષર છે. કૂટસ્થ એટલે માયામાં રહેલા છતાં માયાથી વિરક્ત (એટલે અનુરાગ યા સ્પૃહા વિનાની) વૃત્તિવાળા છે, તે માયામાં રહેનાર અધિષ્ઠાતા છે, પણ તે માયાના બંધનથી મુક્ત છે. જેમ કેદખાનામાં ગુનેગાર કેદીઓ રહે છે, તે જ કેદખાનામાં જેલર અગર ડૉક્ટર અગર અધિકારીઓ જાય છે પરંતુ તેમને કેદખાનામાં રહેવાનું હોતું નથી. તેઓ બિનગુનેગાર હોવાથી બહાર નીકળી જાય છે, તે રીતે નારાયણ જેલરરૂપે છે અને તે સિવાયના તમામ જીવો માયાના કેદી તરીકે છે. તેથી "પ્રણવવિજ્ઞાન"માં કહ્યું છે કે :

(મનહર છંદ)

ક્ષર અને અક્ષર વળી, અક્ષરાતીતને જાણો;
"અ", "ઉ" ને "મ" ક્ષર રૂપ, ઉરમાં જ આણવું.
જીવ, ઈશ, ઈશ્વરો તે, બ્રહ્મા પર્યંત ક્ષર;
ક્ષર અર્થે નાશવંત, સમજી વખાણવું.
અક્ષર તે વૃક્ષનાશ, પણ બીજ નાશ નહીં;
બીજનો આવિર્ભાવ, તિરોભાવે માનવું;
તેવું વિશ્વ બીજ તે તો, પ્રકૃતિપુરુષ માત્રા;
અક્ષરાતીત તે બિંદુ, પરમપદ જાણવું.

(૩) શિષ્ય : વ્યક્ત, અવ્યક્ત અને પરમ અવ્યક્તનું નિરૂપણ કરો.

વ્યાસ : જે પદાર્થ ઉત્પન્ન થાય છે, વૃદ્ધિ પામે છે, જીર્ણ થાય છે અને નાશ પામે છે તેને "વ્યક્ત" કહેવામાં આવે છે. તાત્પર્ય કે આ ચાર લક્ષણો વ્યક્ત પદાર્થને ઓળખાવનારાં છે. વળી જીવાત્મા પૂર્વોક્ત જન્માદિ ચાર લક્ષણોવાળો હોઈ મહત્તત્ત્વ અને પચીસતત્ત્વ એ સર્વ વિકારોને ધારણ કરે છે. તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થની ઈચ્છા રાખે છે માટે તે "વ્યક્ત" કહેવાય છે. પણ જે પદાર્થમાં એનાથી વિપરીત લક્ષણો જોવામાં આવે અર્થાત્ જે પદાર્થ ઉત્પન્ન થતો નથી, વૃદ્ધિ પામતો નથી, જીર્ણ થતો નથી અને નાશ પણ પામતો નથી, તેને "અવ્યક્ત" કહેવાય છે. અર્થાત્ સમગ્ર વિશ્વના જીવાત્માઓ વ્યક્તિ તત્ત્વવાળા "વ્યક્ત" વ્યાપક છે, પણ નારાયણ પોતે વિશ્વના પતિ વિશ્વંભર અને વિશ્વની લયોત્પત્તિ કરતા હોવાથી "અવ્યક્ત" છે. પણ,

परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातनः।
यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति॥
(શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૮, શ્લોક ૨૦)

અર્થ : પરંતુ તે અવ્યક્ત-નારાયણથી પર (એટલે જુદો) એવો જે બીજો પરમ કૈવલ્યમય "પરમ અવ્યક્ત" પુરુષ છે, જેને સચ્ચિદાનંદ, પૂર્ણબ્રહ્મ, પરમાત્મા કહેવાય છે. તે વ્યક્ત અને અવ્યક્ત બંનેથી જુદો છે. તેથી જ્યારે સર્વ ભૂતપ્રાણીઓવાળા વિશ્વનો નાશ થઈ જાય છે તેમ જ "અક્ષર" ગોલોક યાને બ્રહ્મલોક, અક્ષરધામનો નાશ થઈ જાય છે, તો પણ "सत्यं ज्ञानमनन्तं ब्रह्म"॥ (શ્રુતિ:) તે પરમેશ્વર સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ અને અનંત એટલે તમામનો નાશ થાય તો પણ જેનો કોઈ પણ કાળે નાશ થતો નથી તેવો બ્રહ્મ હોવાથી તે

: દૃષ્ટાંત :

ગંગા નદીના કિનારા પર એક અદ્વૈતવાદી રામનાથ નામના મહાત્મા રહેતા હતા. એક દિવસ તેઓ પાસે એક દ્વૈતવાદી વિદ્યાસાગર નામના પંડિત જઈ પહોંચ્યા. વિદ્યાસાગર પંડિતે મહાત્માને કહ્યું કે, હું દ્વૈતવાદ સાબિત કરી આપીશ, માટે મારી સાથે આપશ્રી સંવાદ કરો. હું કાશીમાં ઘણાં વર્ષો સુધી દ્વૈતવાદ ભણ્યો છું. મહાત્માએ વિનંતીપૂર્વક કહ્યું કે, મારા માથા પર વાળ વધી જવાથી મારું માથું સખત દુ:ખે છે, જ્યાં સુધી હું બધા વાળને કઢાવી ન નાંખું ત્યાં સુધી તમારી સાથે વાતચીત કરી શકીશ નહીં. માટે કૃપા કરી તમો હજામને ગામમાંથી બોલાવી લાવો. વિદ્યાસાગર ગામમાં ગયા અને એક હજામને બોલાવી લાવ્યા. હજામે રામનાથના બધા વાળ ઉતારી નાંખ્યા. વાળ ઉતાર્યા બાદ રામનાથે હજામને પૂછ્યું કે, તું પરમેશ્વર છે કે નહીં? હજામે કહ્યું : અરે મહારાજ! હું તો પાપી છું, પરમેશ્વર કેવી રીતે હોઈ શકું? તરત જ મહાત્માએ કહ્યું કે, જુઓ વિદ્યાસાગર! કોઈ પણ જાતના ધર્મના અભ્યાસ વિના આ હજામે દ્વૈત સાબિત કરી આપ્યું. હજામ મૂર્ખ છે એટલું જ નહિ પણ મહામૂર્ખ હોવા છતાં દ્વૈત સાબિત કરી આપ્યું છે, જ્યારે તમો તો વર્ષો સુધી કાશીમાં અભ્યાસ કરી દ્વૈત સાબિત કરવા મારી સાથે વિવાદ કરવા માગો છો તેમાં તમારી અધિકતા ગણાતી નથી, પણ તમારી અધિકતા તો અદ્વૈત સાબિત કરવાથી જ થશે. માટે તમારી જિદ્ છોડી દો. વિદ્યાસાગર પોતાની ભૂલ સમજી ગયા અને રામનાથને દંડવત્ પ્રણામ કરી પોતાને સ્થળે ગયા.

આવી રીતે ઘણા ધર્મશાસ્રો શીખેલા પુરુષો ખોટા વાદવિવાદ કરે છે, પરંતુ સાચો દ્વૈત અને અદ્વૈત માર્ગ કર્મ કરવાથી જ અને અનુભવવાથી માલમ પડે છે. દ્વૈત અને અદ્વૈત કર્મમાં જ સમાયેલો છે, પણ સંવાદ કે વિવાદ કરવામાં સમાયેલો નથી. જેની જેવી દૃષ્ટિ તેની તેવી સૃષ્ટિ દેખાતી હોવાથી બેઉ વાદો સાચા દેખાય છે. અમારી સાચી સલાહ એ છે કે, તમે નિષ્કામ કર્મ કર્યે જાઓ, જરા પણ ફળની આશા રાખો નહીં. આત્મિક ધ્યાનમાર્ગમાં આગળ વધ્યા બાદ જાણ થશે કે દ્વૈત સાચું છે કે અદ્વૈત સાચું છે. આ આખો માર્ગ અનુભવવાનો છે, સંવાદ-વિવાદથી એનું મિલન અને સમાધાન થતું નથી.

દ્વૈતાદ્વૈત : વિશ્વેશ્વર-નારાયણના આત્માને દ્વૈતાદ્વૈત કહેવામાં આવે છે અને અર્ધમાત્રાના પંચમુખી બ્રહ્મા (જુઓ પ્ર. દ. નં. ૨૬), અકારધામના યા ઈશ્વરકોટિના પ્ર. દ. નં. ૪૨, ૪૪, ૪૬ ને ૪૮થી બતાવેલ આદિશક્તિ, શિવ, વિષ્ણુ અને બ્રહ્મા અને કચંગના પ્ર. દ. નં. ૬૯થી બતાવેલ ચોસઠમુખી બ્રહ્માના

આત્માઓમાં વિશ્વેશ્વર-નારાયણના ગુણો હોવાથી તેઓના આત્માઓને પણ દ્વૈતાદ્વૈત કહેવામાં આવે છે. વળી આ સાત આત્માઓનો કદી મોક્ષ થતો નથી.

વળી વિશ્વેશ્વર-નારાયણ માયાના અધિષ્ઠાતા (એટલે માયાના સંચાલક, ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનારા) હોવાથી એમનો આત્મા આખા વિશ્વમાં અશુદ્ધ ગુણોવાળી ગતિથી દરેક કાર્ય કરે છે તેથી તેમને "દ્વૈત" કહેવામાં આવે છે. વળી હિરણ્યગર્ભ-અક્ષરબ્રહ્મ તત્ત્વગુણી માયાના ચારે ગુણોથી, માયાના અધિષ્ઠાતાપણાથી અને તેમના હૃદયમાં રહેલ નવસોનવાણું અંશાત્માઓથી માયાનાં આવરણોમાં ઘેરાયેલા હોવા છતાં તેમની કૂટસ્થ બ્રહ્માત્મજ્યોતિ તમામ માયાથી અલિપ્ત છે તેથી તેને "પરાજ્યોતિ" કહે છે. વળી વિશ્વેશ્વર-નારાયણના હૃદય પર પરમાત્માનો અનંત જ્ઞાનચૈતન્ય શક્તિવાળો પરમપ્રકાશનો ધોધ શુદ્ધ પરમગતિ દ્વારા થઈને પડે છે, તેથી કરીને નારાયણની કૂટસ્થ બ્રહ્માત્મજ્યોતિ પરમાત્માનું ધ્યાન કરે છે અને પરમાત્મામાં નિમગ્ન યા લીન રહે છે. વિશ્વેશ્વર-નારાયણ પરમાત્મા સાથે એકતા અનુભવે છે તેથી તેમને "અદ્વૈત" કહેવામાં આવે છે. આવી રીતે વિશ્વેશ્વર-નારાયણ એકી વખતે બે કાર્યો કરે છે. પોતાની પરાજ્યોતિ યા કૂટસ્થ-બ્રહ્માત્મજ્યોતિ દ્વારે પરમાત્મામાં હંમેશને માટે તલ્લીન રહે છે તેથી તે "અદ્વૈત" કહેવાય છે અને આખા વિશ્વમાં પોતાની અશુદ્ધ ગુણોવાળી ગતિથી કાર્ય કર્યા કરે છે, માયાની સિદ્ધિઓ અને શક્તિઓ તેમને પ્રાપ્ત થયા કરે છે તેથી તે "દ્વૈત" પણ કહેવાય છે. આવી રીતે વિશ્વેશ્વર-નારાયણને "દ્વૈતાદ્વૈત" કહેવામાં આવે છે.

અદ્વૈત : અદ્વૈત એટલે પરમાત્મા, પરમેશ્વર, પરમબ્રહ્મ. અદ્વૈતભાવ એટલે ભેદબુદ્ધિનો અભાવ અને અદ્વૈતવાદ એટલે જીવાત્મા અને પરમાત્મા એક જ છે એવો મત યા જગતનું મૂળતત્ત્વ એક જ છે એવો મત.

પરમાત્મા પોતે અદ્વૈત છે યા નિર્મળ પરિપૂર્ણ બ્રહ્મ છે. તેથી પરમાત્માને પરમબ્રહ્મ કહેવામાં આવે છે. કેમ કે,

નેતરોઽનુપપત્તેઃ ।। (વેદાન્ત દર્શન, અધ્યાય ૧, પાદ ૧, સૂત્ર ૧૬)
ભેદવ્યપદેશાચ્ચ ।। (વેદાન્ત દર્શન, અધ્યાય ૧, પાદ ૧, સૂત્ર ૧૭)

અર્થ : આત્મા પરમાત્મામાં ભળે છે, તે પરમાત્મસ્વરૂપ થઈ જાય છે અને પરમાત્માનું શરીર તથા આત્મા એક જ સ્વરૂપ હોય છે, જેથી અદ્વૈત કહેવાય છે. તેમાં કોઈ પ્રકારની ભિન્નતા હોતી નથી.

શ્રીશંકરાચાર્યજી અદ્વૈત સંપ્રદાયના છે. તેઓશ્રીએ જીવ શુદ્ધ બ્રહ્મસ્વરૂપ જ છે એમ કહ્યું છે. તેઓ અદ્વૈતવાદી છે અને કહે છે કે દાસાસ્મિ ભાવથ

સર્વદા ઉપાસના કરવામાં આવશે તો પ્રભુમાં એકરસ, એકરૂપ, અદ્વૈતસ્વરૂપ ક્યારે થવાના? જેમ પટાવાળો સાહેબ થઈ શકતો નથી, તેમ દાસભાવે ઉપાસના કરનાર પ્રભુસ્વરૂપ થઈ શકતો નથી. માટે જીવ તે જ શિવ છે. શિવભાવથી ભક્તિ કરો પણ જીવભાવથી ભક્તિ ના કરો. દ્વૈતભાવે ભક્તિ કર્યાથી પરમાત્મા યા પ્રભુથી તમે સર્વદા અલગ જ રહેવાના અને પરમાત્માના સ્વરૂપમાં ભળી જવાના નહીં.

ષડ્દર્શન એટલે વૈદિક તત્ત્વજ્ઞાનનાં છ દર્શનો (જેવાં કે : સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા યા વેદાંત)માં મહર્ષિ વેદવ્યાસજીએ લખેલ "વેદાંતદર્શન" ઉપર જે ટીકા કરી ભાષ્ય કરે તેને જ આચાર્ય મનાય છે. વેદાંતદર્શનનાં સૂત્રો ટૂંકાં પરંતુ અતિગહન હોય છે. તેના દરેક આચાર્યે પોતપોતાના મત પ્રમાણે ભાષ્યો કરી અર્થો કર્યા છે.

શંકરાચાર્ય વગેરેના મતો ખરા છે, પણ સાથે સાથે ખામીવાળા છે. મોક્ષ એટલે અદ્વૈત થવું એટલે કે આત્માએ પરમાત્માના સ્વરૂપમાં ફરી જન્મ-મૃત્યુ થાય નહીં તે રીતે ભળી જવું તે છે. જો સર્વદા દાસભાવની ભક્તિ હશે તો સર્વદા દાસરૂપે જ રહેવાશે, જેથી આત્માનો મોક્ષ થશે નહીં, તે શંકરાચાર્યજીએ ખરું કહ્યું છે. પણ જ્ઞાન, યોગ, ઉપાસના વગેરે કરી આગળ વધાય ત્યારે જ અદ્વૈતભાવ રાખી શકાય. તે સિવાય જેમ ગાંડો માણસ "હું રાજા કે જવાહર છું" એમ કહે, તેમ ઊંચ સ્થિતિ પ્રાપ્ત કર્યા વિના હું ઈશ્વર છું, એમ કહેનાર પાગલ છે. પણ કહેવાનો હક કોને છે? તે વિષે દૃષ્ટાંત જણાવીએ છીએ.

### દૃષ્ટાંત

હિમાલયની એક ગુફામાં પરમાનંદ નામનો મહાન યોગેશ્વર રહેતો હતો. પૂર્વનો મહાન સંસ્કારી હોવાથી અને વર્તમાનકાળમાં તપ કરતો હોવાથી પરમાત્મા સાથે એકતા અનુભવી રહ્યો હતો. એ માયા જેવી શક્તિને માનતો જ ન હતો. એક પરમાત્મા સિવાય બીજી કોઈ શક્તિની સત્તા ૐકારમાં નથી એમ દૃઢ માનતો હતો એટલું જ નહિ પણ પૂર્વે અને હાલ કરેલાં કર્મો અને તપશ્ચર્યાને અંગે એક પરમાત્મા સિવાય બીજી કોઈ પણ શક્તિઓ નથી એવું કહેવડાવવાને તે લાયકાતવાળો હતો.

એક દિવસે નિત્યકર્મ અને તપશ્ચર્યામાંથી પરવારીને આ યોગી પોતાની ગુફામાં ધ્યાનમાં બેઠો હતો. એટલામાં મહામાયા પધાર્યાં. મહામાયા તરફ પરમાનંદે દૃષ્ટિ પણ ન કરી. કારણ કે એની દૃષ્ટિ પણ બ્રહ્માકાર બની ગઈ હતી. મહામાયાએ કહ્યું : હે પરમાનંદ! તું અહીં બેસીને શું કરે છે? ત્યારે પરમાનંદે મહામાયાને જોયાં. પરમાનંદે પૂછ્યું કે : તમે કોણ છો? ત્યારે મહામાયાએ

જવાબ આપ્યો કે, હું બ્રહ્માંડ અને વિશ્વની મહામાયા છું. જગત, સૂર્ય, ચંદ્ર, દેવો, ઈશ્વરો વગેરે મારી શક્તિથી જ નિત્ય કામ કરી રહ્યા છે. હું સૌથી મોટી છું કરીને જ જગતના લોકો મને નમે છે. માટે તું પણ મને નમસ્કાર કર. જ્ઞાનીપુરુષ પરમાનંદે કહ્યું કે, આ વિશ્વમાં તમારી સત્તા અને શક્તિ કાંઈ નથી. તમારી સત્તા અને શક્તિ એકડા વગરનાં મીંડાં જેવી છે. આખા પ્રણવ-ૐકારમાં એક પરમાત્માની જ દિવ્ય અને અલૌકિક શક્તિ છે, તે સિવાય બીજા કોઈ પાસે સત્તા અને શક્તિ નથી અને કદાચ હોય તે પણ પરમેશ્વરે જ આપેલી હશે. પરંતુ તેઓ ગર્વના આવેશમાં પોતાની છે એમ માની બેઠા છે, માટે પરમાત્મા સિવાય હું કોઈને નમતો નથી.

પરમાનંદના આવા શબ્દોથી મહામાયાને ગુસ્સો ચઢયો અને બ્રહ્મજ્ઞાની પુરુષના માથાને સ્પર્શ કર્યો. તરત જ પરમાનંદે ઊંટની યોનિ ધારણ કરી અને તે ઊંટને મહામાયાએ પોતાની શક્તિ વડે રણમાં દાખલ કરી દીધું. પરંતુ પરમાનંદને સતત ભાન ઊંટની યોનિમાં રહ્યું હતું, એની રમણના અંતરાત્મા સાથે જ હતી. રણમાં તે ઊંટને પાણી વિના રહેવું પડયું. ઊંટે દુઃખ પણ રણમાં બહુજ ભોગવ્યું. ઊંટ પાસે કામ પણ સખત કરાવ્યું. આવી રીતે લગભગ બાર વર્ષ નીકળી ગયાં. મહામાયાને ઊંટ પર દયા આવી અને માયાએ પોતાની શક્તિથી ઊંટ યોનિમાંથી પરમાનંદને મુક્ત કર્યો. માયાએ પરમાનંદને કહ્યું, હવે મારી શક્તિની તને ખાતરી થઈ? તેં ઊંટની યોનિમાં કેટલું દુઃખ ભોગવ્યું? માટે હવે તું મને પગે પડ. પરમાનંદે જોરથી હસીને કહ્યું કે, ઊંટનું શરીર મારું ન હતું. એ ઊંટની યોનિ તો તમારી હતી એટલે દુઃખ પણ તમે ભોગવ્યું છે. હું મન નથી અને શરીર પણ નથી, પરંતુ હું સત્ય સ્વરૂપે પરમાત્માના અંશરૂપ શુદ્ધ અને દિવ્ય આત્મજ્યોતિ છું અને સદાને માટે હું તેમાં જ નિવાસ કરું છું. માટે તમારી કોઈ પણ માયિક શક્તિ મને સ્પર્શ કરી શકતી નથી. તમારી શક્તિને અને તમારા વિશ્વના સામ્રાજ્યને હું તુચ્છ માનું છું. હું તો સદાને માટે પરમાનંદમાં મસ્ત રહું છું.

પરમાનંદના આવા શબ્દો મહામાયાને વજ્ર જેવા લાગ્યા. તેણીએ ગુસ્સામાં એક વાર ફરીથી તેના શરીરને સ્પર્શ કર્યો અને તરત જ પરમાનંદે ગધેડાની યોનિ ધારણ કરી. આ યોનિમાં પણ પરમાનંદને પોતે કોણ છે તેનું સતત ભાન હતું અને તેણે પોતાના આત્મામાં જ નિષ્ઠા રાખી હતી, છતાં ગધેડાની યોનિ દ્વારા બધું કામ કરતો. તે ગધેડા પાસે સખત વિષ્ટાના બોજાઓ ઊંચકાવ્યા. તેને ભૂખ-તરસથી ભારે હેરાન કર્યો. તેના માલિક પાસે ગધેડાને માર પણ ખૂબ

મરાવ્યો. આવી રીતે લગભગ દસ વર્ષ નીકળી ગયાં. મહામાયાને દયા આવવાથી પરમાનંદને ગધેડાની યોનિમાંથી મુક્ત કર્યો. ફરીથી મહામાયાએ વિનંતી કરી કે, હે પરમાનંદ! તેં મારી શક્તિ જોઈને? હવે તો તું મને નમસ્કાર કર. પરમાનંદે કહ્યું કે, હું તને શું કામ પગે લાગું? કોઈ પણ જાતનું દુઃખ મેં ભોગવ્યું નથી. ગધેડાની યોનિ પણ તારી જ હતી, એટલે દુઃખ વગેરે તેં ભોગવ્યું છે. હું તો શુદ્ધાત્મા છું. મારો પરમપિતા પરમેશ્વર આનંદનો મહાસાગર છે, તો તેનો પુત્ર (હું શુદ્ધાત્મા) શું કામ શોક કરું?

જ્યારે મહામાયાએ ખાતરી કરી લીધી કે, આવી ખરાબ યોનિઓમાં વર્ષો સુધી મૂકવા છતાં તે પરમાનંદના મનની, ચિત્તની, બુદ્ધિની અને આત્માની વૃત્તિઓને જરા પણ ચલાયમાન યા ભ્રષ્ટ કરી ન શકી ત્યારે મહામાયાએ તે જ્ઞાની પુરુષ પરમાનંદના ચરણમાં પોતાનું મસ્તક મૂકીને કહ્યું કે, ખરેખર! તું મારાથી પણ મોટો છે.

પરમાનંદ જેવા સત્પુરુષને જ અદ્વૈતવાદી છે એમ કહેવાનો અધિકાર છે, તે સિવાયના બીજા કેટલા સાચા અદ્વૈતવાદી તે તમો તપાસી લેજો.

માત્ર મનથી અદ્વૈત માનવાથી અદ્વૈત થવાતું નથી, પણ જ્યારે પૂર્ણ બ્રહ્મજ્ઞાન મેળવાય અને તેને અંતરહૃદયમાં ઠસોઠસ ભરી દેવાય, યોગ-સમાધિ વગેરેમાં અદ્ભુત દૃઢતા અને સિદ્ધિ મેળવી પોતાના અને અન્યના આત્મકલ્યાણ (મોક્ષ) કરવાની શક્તિ, સિદ્ધિ મેળવાય અને તે વધુમાં વધુ ફેલાવાય, છતાં પણ જ્યારે આત્મા પરમબ્રહ્મ સાથે જોડાઈ જઈ શકે ત્યારે જ અદ્વૈત કહેવાય. તે સિવાય જ્યાં સુધી શારીરિક ધર્મો શરીરને લાગુ છે (જેવા કે—ક્ષુધા, પિપાસા, દસ્ત જવાનું, પેશાબ કરવાનું આદિ) ત્યાં સુધી આત્માને શિવરૂપ કહી શકાય નહીં. તેથી વગર મહેનતે માત્ર મોઢે બોલીને પોતે ઈશ્વર થઈ બેસવું તેને "બ્રહ્મવાદ" યાને "અદ્વૈતવાદ" કહેલો છે.

કેવળ પરમાત્મા-પરમેશ્વર અદ્વૈત છે, તે સિવાય બીજા કોઈ પણ અદ્વૈત નથી. તેથી સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે "પ્રણવવિજ્ઞાન"માં ગાયું છે કે :

(મનહર છંદ)

અદ્વૈત, અલક, એક, અવિનાશી, અવિચળ;
અખંડ, આનંદમય, જ્ઞાનરૂપ પર્મ છે.
અભૌતિક આકારના, નિરાકાર નથી પોતે;
હાથ, પગ, નાક, કાન, નેત્ર, મુખ ચર્મ છે.
સાકરનું શ્રીફળ ને, ખાંડની પૂતળી સમ;
સ્વપ્ના રૂપ સાકારના, જેવું જ્ઞાન કર્મ છે.

ત્રિગુણોથી નિર્ગુણ, જ્ઞાન, ચૈતન્યે છે પૂર્ણ;
પરમબ્રહ્મ જાણવો, તે જ પરમ ધર્મ છે. ૧

સર્વ સિદ્ધાંતોનું મૂળ, સહેજમાં જાણી લો વીરા;
દાસોસ્મિપણાથી રહેવું, તે સિદ્ધાંત સારો છે.
જીવ, ઈશ્વર ને માયા, તે ત્રણે માયિક બ્રહ્મ;
માયા પરબ્રહ્મથી, પરમબ્રહ્મ ન્યારો છે.
નિરાકાર કે આકાર, નથી તે છે જ્ઞાનાકાર;
ગતિથી છે સર્વવ્યાપક, સ્વરૂપે તે ન્યારો છે.
નથી કાંઈ કર્મ કર્તા, તેની ગતિથી સૌ થાયે;
ચારે પ્રમાણોથી સિદ્ધ, "વલ્લભ" વિચારો છે. ૨

જે આત્મા જે સમયે નિર્વિકલ્પ સમાધિમાં પરમાત્મા સાથે એકરૂપ હોય તે વખતે તે અદ્વૈત છે, એટલું જ નહીં પણ પરમાત્મા જેવો પરમેશ્વરના અદ્વિતીયરૂપે તે મહાપુરુષ છે, તે ખરું છે પણ લૌકિક દશામાં કાર્ય કરતી વખતે તે અદ્વૈત નથી પણ દ્વૈત છે. તેથી કહ્યું છે કે :

**क्षराक्षरमिदं सर्वं मायायां सुप्रतिष्ठितम् ॥** (શ્રુતિ:)
**मायामात्रमिदं द्वैतमद्वैतं परमार्थतः ॥** (આગમ પ્રકરણ, ૧૭)

અર્થ : જીવ, ઈશ, ઈશ્વરો અને વિશ્વેશ્વર-અક્ષરબ્રહ્મ તે સર્વ માયાવાળા અને માયામાં જ રહેલા લૌકિક છે. તે માયા માત્રને "દ્વૈત" કહેવાય છે અને માયાથી પર રહેલ માત્ર અલૌકિક પરમાત્માને "અદ્વૈત" કહેવાય છે.

અદ્વૈત એટલે આત્મા પરમાત્માનું ઐક્યરૂપ અને ઐક્યભાવ. દ્વૈત એટલે આત્મા પરમાત્મા વચ્ચે ભિન્નતા એટલે જુદાપણાનો ભાવ. ગમે તેવો સમર્થ યોગી પણ સમાધિમાં સ્થિત ન થાય ત્યાં સુધી તે "દ્વૈત" છે, પણ જ્યારે સમાધિમાં સ્થિત થાય ત્યારે જ તે "અદ્વૈત" છે. જ્યારે તે સમાધિમાં સ્થિત થાય ત્યારે તેની શક્તિ પરમાત્મા જેવી જ અને જેટલી જ હોય છે. તેથી તે સ્થિતિમાં તેનાં દર્શન, નમસ્કાર, પૂજન કરવાં અતિ શ્રેષ્ઠ છે. તે સિવાય દ્વૈત, અદ્વૈત નિરીશ્વરવાદ (એટલે ઈશ્વર નથી એમ માનનારા) ઉપરથી વાદી (એટલે વાદમાં માનનારા) થયા છે, તે ખોટા વાદ છે અને વાદીઓ પણ ખોટા છે. પણ સૌથી શ્રેષ્ઠ સ્વધર્મવાદ છે.

(૫) શિષ્ય : બ્રહ્મ શબ્દ ક્યાં ક્યાં વપરાયો છે?

વ્યાસ : તે (૧) આત્મામાં રહેલ કૂટસ્થ આત્મજ્યોતિને "આત્મબ્રહ્મ" કહીને તથા અ-મ-ઉ પ્રણવમાં વસેલા સમગ્ર વિશ્વને "**सर्वं खल्विदं ब्रह्म**" ॥

કહીને (૨) અક્ષરધામી-નારાયણને "અક્ષરબ્રહ્મ" કહીને (૩) પરમગતિ કે જે વિશ્વની બહાર છે તેને "व्याप्त खं ब्रह्म" ॥ આકાશવત્ વ્યાપક બ્રહ્મ કહીને (૪) પ્રણવને "એકાક્ષર બ્રહ્મ" વા "શબ્દબ્રહ્મ" એક જ અક્ષર "શબ્દબ્રહ્મ" કહીને (૫) પરમાત્મા-પરમેશ્વર-મોક્ષને "પૂર્ણબ્રહ્મ", "અદ્વયબ્રહ્મ", "પરમબ્રહ્મ", "પૂર્ણ અદ્વિતીય શ્રેષ્ઠ બ્રહ્મ" કહીને વેદો, ઉપનિષદો, સ્મૃતિઓ, પુરાણો, ગીતાઓ આદિમાં "બ્રહ્મ" શબ્દ વપરાયેલો છે.

(૬) શિષ્ય : આ પાંચ બ્રહ્મમાંથી કયો બ્રહ્મ જાણવા યોગ્ય છે?

વ્યાસ : द्वे ब्रह्माणि वेदितव्ये शब्दब्रह्म परं च यत्।
शब्दब्रह्मणि निष्णातः परंब्रह्माधिगच्छति ॥

(મૈત્ર્યુ. ૬.૨૨/અમૃતબિંદુ ઉપનિષદ્, ૧૭)

અર્થ : ઉપરોક્ત પ્રશ્નમાં જણાવેલા નંબર ૪–૫ વાળા જાણવા યોગ્ય, એક "પ્રણવ એકાક્ષર શબ્દબ્રહ્મ" અને બીજો "પરમબ્રહ્મ-પરમાત્મા" એ રીતે માત્ર બે જ બ્રહ્મ જાણવા યોગ્ય છે. તે સિવાય બીજા (નંબર ૧-૨-૩ના) બ્રહ્મ ખાસ જાણવા યોગ્ય નથી. તેમાં પણ જે શબ્દબ્રહ્મનો અર્થાત્ પ્રણવના જ્ઞાનનો નિષ્ણાત બને છે, તે પરમબ્રહ્મ-પરમાત્મા-મોક્ષને પ્રાપ્ત કરે છે.

(૭) શિષ્ય : ૐકારની ભિન્ન ભિન્ન શક્તિઓની ભક્તિનું વર્ણન શા માટે ધર્મશાસ્ત્રોમાં કરવામાં આવ્યું છે? પૃથ્વીની સપાટી પર અનેક ધર્મો છે કરીને જ મનુષ્યની બુદ્ધિમાં તફાવત દેખાય છે, તે કેવી રીતે દૂર કરી શકાય?

વ્યાસ : જડાત્મા, જીવાત્મા, આત્મા, મહાત્મા, દિવ્યાત્મા, અંશાત્મા, પરાત્મા અને બ્રહ્માત્માના આત્મિક પિતા પરમાત્મા-પરમેશ્વર છે. તે આધારે જોતાં આપણે બધા જુદા જુદા દેશના અને જુદી જુદી જાતોના હોવા છતાં એક જ પરમાત્માના બાળકો છીએ. વળી જગતની સપાટી પર દેખાતા જાત-જાતના ધર્મો પણ એક જ પરમાત્માના છે. માટે દરેક મનુષ્યે દરેક ધર્મ પ્રત્યે વિવેકથી સમભાવ રાખવાની અવશ્ય જરૂર છે. જેમ એક પિતાના ચાર પુત્રો હોય પરંતુ દરેક પુત્ર પોતાના પૂર્વ કર્માનુસાર સંસ્કારને લીધે ભિન્ન ભિન્ન બુદ્ધિવાળો હોય છે, પણ તેનો વિદ્વાન પિતા દરેક પુત્રને પુત્રની રુચિ અનુસાર તેના લાભાર્થે વિદ્યા, વેપાર, ધંધો, નોકરી વગેરેમાં યોજે છે. તેમ વિશ્વેશ્વર-નારાયણના દિવ્ય નિયમ પ્રમાણે દરેક મનુષ્યના પૂર્વકર્મના ફળરૂપે યોગ્ય દેશ, જાતિ, સ્થિતિમાં જન્મ આપવામાં આવે છે. માટે દરેક મનુષ્યે દરેક ધર્મ પ્રત્યે સમભાવ અવશ્ય રાખવાનો જ છે. કોઈ પણ મનુષ્ય એમ ન કહી શકે કે મારો જ ધર્મ શ્રેષ્ઠ છે અને બીજા ધર્મો શ્રેષ્ઠ નથી. અલબત્ત, દરેક ધર્મમાં પરમાત્માની ભક્તિના ઓછાવત્તા તત્ત્વો બતાવવામાં આવ્યા છે. દરેક દેશની

જુદી જુદી રહેણીકરણી પ્રમાણે દરેક દેશના મનુષ્યનો બાહ્ય દેખાવ, પોષાક, ખોરાક, મોજશોખ, વર્તન વગેરે ભિન્ન ભિન્ન દેખાય છે, પરતુ દરેક મનુષ્યને જુદા જુદા દેશોમા તેમજ ધર્મોમા જન્મ્યા હોવા છતા આત્મિક અધિકાર સરખો જ હોય છે જેવી રીતે મનુષ્ય જે દેશમા સ્થૂલ દેહ ધારણ કરે છે તેને પોતાનો દેશ માને છે, તેમ દરેક મનુષ્યના આત્માના આત્મહૃદયમા રહેલી આત્મજ્યોતિ (કે જેનું મૂળ ઉત્પત્તિસ્થાન પરમાત્માની ચતુર્દશ આત્મકળાવાળી શુદ્ધ પરમ ગતિમાથી થાય છે)તો સાચો દેશ પરમાત્મા પરમેશ્વર જ છે માટે દરેક મનુષ્યે સર્વ પ્રત્યે આત્મિક પ્રેમ રાખવાનો છે

વળી ધર્મ અને પ્રભુ એ અતરનો યા હૃદયનો વિષય છે, પણ વાણી વિલાસ કે બાહ્યાચારનો વિષય નથી કોઈ પણ મનુષ્યને બળજબરીથી ધર્મ પાળવાની આજ્ઞા આપી શકાય નહીં જ્યા સુધી મનુષ્યના પૂર્વના શુભ સસ્કારો જાગ્રત ન થાય ત્યા સુધી તેનુ વલણ ધર્મ અને પ્રભુ પ્રત્યે ઓછુ રહે છે એ દેખીતુ છે તેથી કરીને દરેક ધર્મ માનને પાત્ર છે, કેમ કે દરેક ધર્મમા ન્યાયના, નીતિના, વિવેકના અને પ્રભુભક્તિના ઓછાવત્તા દિવ્ય તત્ત્વો હોય છે વળી દરેક ધર્મમા ઈશ્વરી અવતારનુ મૂળ સ્થાન વિશ્વેશ્વર નારાયણ જ છે, કદાચ બીજા ધર્મોવાળાઓ નારાયણને બીજા નામથી સબોધતા હશે, તેનો વાધો આપણે લેવો ન જોઈએ જે માણસ બીજાના ધર્મની નિદા કરે છે તે યથાર્થ રીતે જોતા પોતાના ધર્મની નિંદા કરે છે એટલુ જ નહીં પણ તે પાપનો ભાગીદાર બને છે જેમ એક જ માતાપિતાના અજ્ઞાન બાળકો આપસઆપસમા એકબીજાને ગાળો ભાડે છે તે તેમના માતાપિતા સહન કરી શકતા નથી, તેમ એકબીજાના ધર્મની નિંદા કરવાથી વિશ્વેશ્વર નારાયણની જ નિદા થાય છે કેમ કે તેઓ જ દરેક ધર્મના પિતા છે તેથી સગુણબ્રહ્મ નારાયણ તે વ્યક્તિ પર નારાજ રહે છે

(૮) શિષ્ય હિંદુ ધર્મમા અનેક દેવો, દેવીઓ, ઈશ્વરો, શક્તિઓ, અંશાવતારીઓ વગેરેની ભક્તિ જણાવવામાં આવી છે? તેનુ શુ કારણ?

વ્યાસ મહર્ષિ વેદવ્યાસજીએ અઢાર પુરાણો, મહાભારત, શ્રીમદ્‌ભાગવત વગેરેની રચના કરી છે તેમા અનેક દેવો, દેવીઓ, ઈશ્વરો, શક્તિઓ અને અંશાવતારીઓના વર્ણનો આપવામા આવ્યા છે છતા મહાવિભૂતિ વેદવ્યાસજીએ પ્રણવ ૐકારની શક્તિની નિંદા કોઈ પણ પુરાણોમા કરી નથી વળી મહર્ષિએ શા માટે ૐકારની સર્વ શક્તિઓનો મહિમા પુરાણોમા રજૂ કર્યો? તેનું મુખ્ય કારણ એક જ છે કે દરેક મનુષ્યને પોતાના પૂર્વજન્મના કર્માનુસાર (સસ્કારના કારણને લીધે) બુદ્ધિની ભિન્નતા ખુલ્લી દેખાતી હોવાથી એક પરમાત્માની

ઉપાસના કરવામાં દરેકને સરખી રુચિ થતી નથી, તેથી ધર્મશાસ્ત્રોએ ૐકારની સર્વ શક્તિઓનો મહિમા ગાયો છે, તેથી કરીને પૂર્વજન્મના સંસ્કાર અનુસાર જેને ૐકારની જે જે શક્તિમાં શ્રદ્ધા હોય તે તે શક્તિની ઉપાસના કરી શકે. પરંતુ તે જ ધર્મશાસ્ત્રોએ, જેમ આપણે હાલે જોઈએ છીએ તેમ, ૐકારની ભિન્ન ભિન્ન શક્તિઓની નિંદા કરવાની આજ્ઞા આપી નથી. જે સાધક ૐકારની એક જ શક્તિને માનતો હોય તો તેને ૐકારની બીજી શક્તિનો અનાદર કરવાનો કે તેની વિરુદ્ધ બોલવાનો જરા પણ અધિકાર નથી. કારણ કે ૐકારની દરેક શક્તિમાં પરમાત્મા-પરમેશ્વરની જ્ઞાન-ચૈતન્ય પરમગતિના થોડા યા વધારે અંશે કળા ને ગુણો રહેલાં છે. જેવી રીતે નદીઓ અનેક છે અને જુદી જુદી જગ્યાએથી વહેવા છતાં આખરે સમુદ્રમાં જ જાય છે, તેવી જ રીતે સાધક પોતાના અનેક જન્મોજન્મમાં ૐકારની ભિન્ન ભિન્ન શક્તિઓની ઉપાસના કરતાં કરતાં આખરે પરમાત્માની ઉપાસના પ્રણવબ્રહ્મ મંત્રસહિત કરીને સાયુજ્ય મુક્તિ (એટલે સદા દુઃખની નિવૃત્તિ અને અખંડ સુખની પ્રાપ્તિ) પ્રાપ્ત કરે છે.

દરેક મનુષ્યે અને સાધકે અવશ્ય યાદ રાખવાનું છે કે, પંચમુખી બ્રહ્મા, ચોસઠમુખી બ્રહ્મા, આદિશક્તિ, શિવ, વિષ્ણુ, ચતુર્મુખી બ્રહ્મા, શ્રીગણેશ અને શ્રીસૂર્ય-એ આઠ માયાવિશિષ્ટ બ્રહ્મના યા સગુણ બ્રહ્મના યા વિશ્વેશ્વર-નારાયણના સ્વરૂપો છે. અને દરેક સાધકે પોતાની તીવ્ર જિજ્ઞાસા અને શુદ્ધ પ્રેમથી તેઓની બાહ્યપૂજા પ્રથમ કરવાની છે. તેઓની બાહ્યપૂજામાં પરિપક્વ થયા બાદ માનસિક પૂજામાં ઊતરવાનું છે. ત્યારબાદ તેઓની કૃપા મેળવવા આંતરિક પૂજામાં ઊતરવાનું હોય છે. સાધકે અવશ્ય યાદ રાખવાનું છે કે, જે પૂજા દેહથી કરવામાં આવે છે, તેનું ફળ દેહને જ પ્રાપ્ત થાય છે. એટલે કે સંસારમાં તે સુખી રહે છે. જે સાધક ધ્યાનમાર્ગમાં ઊતરે છે અને ધ્યાનમાં પરિપક્વ બને છે યાને આત્મિકપૂજામાં પરિપક્વ બને છે તેનું ફળ તેના આત્માને પ્રાપ્ત થાય છે. માટે દૈહિક માર્ગ અને આત્મિક માર્ગ બન્ને ભિન્ન ભિન્ન છે. અહીં અવશ્ય યાદ રાખવાનું છે કે, સાધકે માનસિક પૂજામાં પરિપક્વ બન્યા બાદ જ ધ્યાનમાર્ગમાં ઊતરવાનું છે. જો સાધક માનસિક કાબૂ મેળવ્યા વગર ધ્યાનમાર્ગમાં ઊતરવા જાય તો તે પોતાની માનસિક શક્તિઓ ગુમાવી બેસે છે અને ગાંડા યા પાગલ જેવો બની જાય છે.

યથાર્થ રીતે જોતાં આત્મિક સુખ જ અખંડ રહેનારું છે. માટે અવશ્ય સાધકે ધ્યાનમાર્ગમાં ઊતરવું. ૐકારની સર્વ શક્તિઓનો અનુભવ કેવળ ધ્યાનમાર્ગથી જ થાય છે, એટલું જ નહીં પણ સૂક્ષ્મ ધ્યાનમાં જ સાધકને પરમાત્માનો, જો તેના સદ્‌ગુરુની આત્મિક કૃપા હોય તો જ, અનુભવ થાય છે, એટલું જ

નહીં પણ તે સાધકના આત્માની અંદર રહેલી આત્મજ્યોતિ પરમાત્માના ચરણકમલ પાસે બેસીને ધ્યાન કરે છે અને પરમાત્મામાંથી શક્તિ પોતાની આત્મજ્યોતિમાં ગ્રહણ કરે છે

સગુણબ્રહ્મની (એટલે નારાયણની) ઉપાસના વિના નિર્ગુણબ્રહ્મની (એટલે પરમાત્માની) ઉપાસના થઈ શકતી નથી સાધકથી માયાનો અનાદર થઈ શકે જ નહીં સાધકને માયા અને ઈશ્વર બેઉની જરૂર પડે છે જેઓ માને છે કે અમો માયામુક્ત થઈ ગયા તેઓ બહુ જ મોટી ભૂલ કરી રહ્યા છે એમ ચોક્કસ માનવું.

છતાં મનુષ્યના ટૂંકા આયુષ્યમા ૐકારની સર્વ શક્તિઓની ઉપાસના કરી તેઓની કૃપા મેળવી પરમાત્માની પ્રાપ્તિ કરવી એ બહુ મુશ્કેલ કાર્ય છે એટલે પરમાત્માની પ્રાપ્તિ માટે બહુ જ ટૂંકા માર્ગની જરૂર છે અને સદ્‌ગુરુ વલ્લભરામે બહુ જ ટૂંકો માર્ગ આ "પ્રણવદર્શન"ના વિષયમાં જણાવ્યો છે

(૯) શિષ્ય : ત્રિપુટીના નામ કયા કયા છે અને તેના સ્થળ ૐકારમા કયે કયે ઠેકાણે છે?

વ્યાસ . પ્રથમ તમો પ્રણવપટ જુઓ, તે જોવાથી ત્રિપુટીનું જ્ઞાન થશે.

ત્રિપુટીઓ

| ૧. ૩માં | ૨. ~ માત્રામાં | ને | ૩. O બિંદુમાં |
|---|---|---|---|
| (૧) વિશ્વ | વિશ્વંભર | ને | વિશ્વાતીત |
| (૨) ક્ષર | અક્ષર | ને | અક્ષરાતીત |
| (૩) વ્યકિતઓ | વ્યક્ત | ને | અવ્યક્ત |
| (૪) બ્રહ્મ | પરબ્રહ્મ | ને | પરમબ્રહ્મ |
| (૫) આત્મા | પરાત્મા | ને | પરમાત્મા |
| (૬) ચળ | વિચળ | ને | અવિચળ |
| (૭) નાશી | વિનાશી | ને | અવિનાશી |
| (૮) દ્વૈત | દ્વૈતાદ્વૈત | ને | અદ્વૈત |
| (૯) જ્ઞાતા | જ્ઞાન | ને | જ્ઞે |
| (૧૦) ધાતા | ધ્યાન | ને | ધ્યે |
| (૧૧) અનિત્ય | નિત્યાનિત્ય | ને | નિત્ય |
| (૧૨) અસત્ય | સત્યાસત્ય | ને | સત્ય |
| (૧૩) માયા | મહામાયા | ને | માયાતીત |
| (૧૪) ત્રિવસ્થા | તુરીયા | ને | તુર્યાતીત |
| (૧૫) ત્રિગુણી | તત્ત્વગુણી | ને | ગુણાતીત |
| (૧૬) અ-ઉ મ કાર | અર્ધમાત્રા | ને | બિંદુ |

આ પ્રમાણે ઘણી ત્રિપુટીઓ છે અને તેને ઘણા ઉપદેશકો બોલી બતાવે છે, પણ તેના વર્ગ પાડીને સમજાવતા નથી.

"અ", "ઉ" અને "મ" એ ત્રણે અક્ષરો અડધા અડધા જોડાઈને જે "અઉમ" "ૐ" થયો છે તે એક સ્થળ છે. કેમ કે એ ત્રણે અક્ષરો એક બીજાની સાથે સળંગ સૂત્રરૂપે જોડાઈ ગયેલા છે. તેથી તે એક જ સ્થળ ગણાયું છે.

બીજું સ્થળ ~ અર્ધમાત્રા (જુઓ પ્ર. દ. નં. ૨૪ ને ૨૫) છે અને ત્રીજું સ્થળ બિંદુ (જુઓ પ્ર. દ. નં. ૧ થી ૩) છે. તે ત્રણે સ્થળમાં ઉપર બનાવેલી ત્રિપુટી જોવાની છે. તે પ્રણવપટમાં જુઓ. અ, ઉ અને મ, તે એક જ સ્થળ છે, તેમાં જીવકોટિ, ઈશકોટિ અને ઈશ્વરકોટિ છે. તે સ્થળમાં બધું વિશ્વ છે તે "ક્ષર" છે.

બીજું સ્થળ અર્ધમાત્રા ~ છે. તે અક્ષરધામ કહેવાય છે. તે અક્ષરધામના નિવાસીનું નામ "અક્ષરધામી" છે. તેને ઘણા મહાત્માઓ "વિશ્વેશ્વર" કે "વિશ્વંભર" કહે છે. "વિશ્વંભર" એવું નામ શાથી કહેવાય છે કે અકાર, ઉકાર અને મકારરૂપ જે વિશ્વ તે વિશ્વંભરમાંથી ઉત્પન્ન થાય છે અને પાછું તે તેમાં જઈ ભરાય છે. તે જ આ વિશ્વનું ભરણપોષણ કરે છે, તેથી "વિશ્વંભર" નામ કહેવાય છે તે "અક્ષર" છે.

ત્રીજું સ્થળ બિંદુ છે. બિંદુ તે અક્ષરાતીત પરમાત્માનું પદ છે. તેથી તે "મોક્ષપદ" કહેવાય છે. તે મોક્ષપદ-પરમાત્મામાં જે આત્માની અંદર રહેલી આત્મજ્યોતિ (પરમાત્મા-પરમજ્યોતિમાં) મળી જાય છે તે પરમાત્મા થયો કહેવાય છે. એટલે તે આત્મજ્યોતિનો મોક્ષ ગણાય છે. તે પરમાત્મા વિશ્વાતીત અને અક્ષરાતીત છે.

આ ૐમાં પ્રાણી પદાર્થોનું ભરેલું જે વિશ્વ છે, તેને "વ્યક્તિઓ" કહેવાય છે. તે વ્યક્તિઓ જીવકોટિ, ઈશકોટિ અને ઈશ્વરકોટિ સુધી વ્યક્તિઓ જાણવી અને તેની ઉત્પત્તિના કારણરૂપ જે મહામાયાવિશિષ્ટ છે તેને "વ્યક્ત" જાણવું અને જેની ગતિ વડે વ્યક્તિઓ અને વ્યક્ત છે તે "અવ્યક્ત" જાણવું.

આ અ, ઉ, મ-તેનો ૐ થયેલો તે પ્રાણી પદાર્થોથી ભરેલું છે, તેથી વિશ્વ કહેવાય છે અને તે વિશ્વ જેમાંથી ઉત્પન્ન થાય છે અને પાછું જેમાં સમાય છે (એટલે ભરાય છે), એવું જે સ્વરૂપ તે અ, ઉ, મ-કારના ઉપર ~ અર્ધમાત્રા છે જેને મહામાયાવિશિષ્ટ બ્રહ્મ કહેવાય છે, તેનું જ નામ "વિશ્વંભર" છે. અને બિંદુ છે તે વિશ્વાતીત છે.

ૐમાં વિશ્વ છે તેનું નામ "વ્યક્તિ" છે, અર્ધમાત્રા છે તે "વ્યક્ત" છે અને બિંદુ છે તે "અવ્યક્ત" છે.

ૐમાં વ્યક્તિઓ છે તે "ક્ષર" છે, અર્ધમાત્રા છે તે "અક્ષર" છે અને બિંદુ છે તે "અક્ષરાતીત" છે.

ૐમાં ક્ષર છે તે સર્વ "બ્રહ્મ" છે, અર્ધમાત્રા છે તે "પરબ્રહ્મ" છે અને બિંદુ છે તે "પરમબ્રહ્મ" છે.

ૐમાં માત્રા છે તે "આત્મા" છે, અર્ધમાત્રામાં પરબ્રહ્મ છે તે "બ્રહ્માત્મા" છે અને બિંદુમાં પરમબ્રહ્મ છે તે "પરમાત્મા" છે.

ૐમાં આત્મા છે તે "દ્વૈત" છે, અર્ધમાત્રામાં પરાત્મા છે તે "દ્વૈતાદ્વૈત" છે અને બિંદુમાં પરમાત્મા છે તે "અદ્વૈત" છે.

ૐમાં દ્વૈત છે તે "નાશી" છે, અર્ધમાત્રામાં દ્વૈતાદ્વૈત છે તે "વિનાશી" છે અને બિંદુમાં અદ્વૈત છે તે "અવિનાશી" છે.

ૐમાં નાશી છે તે "ચળ" છે, અર્ધમાત્રામાં વિનાશી છે તે "વિચળ" છે અને બિંદુમાં અવિનાશી છે તે "અવિચળ" છે.

ૐમાં ચળ છે તે "જ્ઞાતા" રૂપ છે, અર્ધમાત્રામાં વિચળ છે તે "જ્ઞાન" રૂપ છે અને બિંદુમાં અવિચળ છે તે "જ્ઞે" રૂપ છે.

ૐમાં જ્ઞાતારૂપ છે તે "અસત્ય" છે, અર્ધમાત્રામાં જ્ઞાનરૂપ છે તે "સત્યા-સત્ય" છે અને બિંદુમાં જ્ઞેરૂપ છે તે સદા "સત્ય" છે.

ૐમાં અસત્ય છે તે અનિત્ય છે, અર્ધમાત્રામાં સત્યાસત્ય છે તે "નિત્યા-નિત્ય" છે અને બિંદુમાં સત્યરૂપ છે તે "નિત્ય" છે.

ૐમાં અનિત્ય છે તે "માયાવિશિષ્ટ" છે, અર્ધમાત્રામાં નિત્યાનિત્ય છે તે "મહામાયાવિશિષ્ટ" છે અને બિંદુમાં નિત્ય છે તે "માયાતીત" છે.

ૐમાં માયાવિશિષ્ટ છે તે "ધાતા" પુરુષ છે, અર્ધમાત્રામાં મહામાયા-વિશિષ્ટ છે તે "ધ્યાની" પુરુષ છે અને બિંદુમાં માયાતીત છે તે "ધે" પુરુષ છે.

ૐમાં ધાતા છે તે "ત્રિવસ્થાવાન" છે, અર્ધમાત્રામાં મહામાયાવિશિષ્ટ જે ધ્યાની છે તે "તુરીયાવસ્થાવાન" છે અને બિંદુમાં ધેરૂપ માયાતીત છે તે "તુર્યાતીત" છે.

ૐમાં ત્રિવસ્થાવાન છે તે "ત્રિગુણી" છે, અર્ધમાત્રામાં તુરીયાવાન છે તે "તત્ત્વગુણી" છે અને બિંદુમાં અવસ્થાતીત છે તે "ગુણાતીત" છે.

ત્રિપુટીમાં "૧. ૐમાં" આ મથાળા નીચે જે ઊભી લાઈન છે, તે આ વિશ્વની છે. તે ૐમાં જાણવા યોગ્ય છે. એટલે અનુભવવા યોગ્ય છે, કેમ કે એનો અનુભવ કરવાથી આ વિશ્વનો અભાવ થાય એવાં અત્યંત દુઃખ છે. માટે તેનો અભાવ થાય છે અને અભાવ થવાથી તેનાથી મુક્ત થવાય છે.

ત્રિપુટીમાં "૨. ⌣ માત્રામાં" આ મથાળા નીચે જે ઊભી લાઈન છે, તે વિશ્વંભરની છે. તે પણ જાણવા યોગ્ય છે, કેમ કે તે વિશ્વંભરનો આવિર્ભાવ (એટલે બહાર નીકળવું કે પ્રગટવું તે) તિરોભાવ (એટલે અદૃશ્યતા) થાય છે, તેથી તે અખંડ સુખની પ્રાપ્તિ ગણાતી નથી. તેથી તેનો પણ અભાવ કરવા જેવો છે.

ત્રિપુટીમાં "૩. ૦ બિંદુમાં" આ મથાળા નીચે જે ઊભી લાઈન છે, તે વિશ્વાતીતની છે. તે તો યથાર્થ જાણવા યોગ્ય છે, કેમ કે જેનું ચળવિચળપણું કોઈ કાળે થતું નથી તેમ નાશીવિનાશીપણું પણ થતું નથી. માટે તે ઠેકાણે સદા દુઃખની નિવૃત્તિ અને અખંડ સુખની પ્રાપ્તિ છે. માટે આ ત્રિપુટીનું જ્ઞાન મેળવવું તે જ મોક્ષનો માર્ગ છે.

તેથી સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે "પ્રણવવિજ્ઞાન"માં "ત્રિપુટીના નામો" નામનો મનહર છંદ લખ્યો છે. તે તમોને કહેવામાં આવે છે, તે સાંભળો.

(મનહર છંદ)

ક્ષર વિશ્વ, અક્ષર માત્રા, અક્ષરાતીત છે બિંદુ;
બ્રહ્મ, પરબ્રહ્મ ને પૂર્ણબ્રહ્મ, ને સૌ જાણજો.
વ્યક્તિ, વ્યક્ત ને અવ્યક્ત, નાશી, વિનાશી, અવિનાશી;
દ્વૈત, દ્વૈતાદ્વૈત, અદ્વૈત, ને ત્રિપુટી તાણજો.
જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય, ધ્યાતા, ધ્યાન ને ધ્યેય;
ઈશ્વર, વિશ્વેશ્વર, પરમે, શ્વરને પ્રમાણજો.
આત્મા, આદ્યાત્મા, પરમાત્મા, ગુણી, સગુણી, નિર્ગુણી;
માયાબંધી, માયાપતિ, માયાતીત માનજો.

(૧૦) શિષ્ય : ત્રિપુટીનાં નામ જણાવશો?

વ્યાસ : તમારા પ્રશ્નનો જવાબ "પ્રણવવિજ્ઞાન" માં આપેલો છે, તે સમજો.

(છંદ)

ગુણી ને ગુણાતીત, માયા અને માયાતીત;
જીવ અને પરમશિવ, ત્રિપુટી તે જાણજો.
પરતંત્ર ને સ્વતંત્ર, પરસત્તા ને સ્વસત્તા;
પરાધાર ને સ્વાધાર, અજ્ઞાન, જ્ઞાન આણજો.
ઈશ્વર ને પરમેશ્વર, બ્રહ્મ અને પરંબ્રહ્મ;
અપૂર્ણ ને પરિપૂર્ણ, ચળ, અવિચળ માનજો.
આત્મા ને પરમાત્મા, લૌકિક ને અલૌકિક;
ભૌતિક ને અભૌતિક, ત્રિભેદો પ્રમાણજો.

# પ્રણવ–ૐકારના મુખ્ય ભાગો

(૧) શિષ્ય : દેવો, ઈશ્વરોમાંથી ૐકાર ઉત્પન્ન થયો છે કે ૐકારમાંથી દેવો, ઈશ્વરો ઉત્પન્ન થયા છે?

વ્યાસ : શ્રી અથર્વવેદીય માંડૂક્યોપનિષદ્‌ની ગૌડપાદીયકારિકા, આગમ પ્રકરણ ૧, મંત્ર ૨૭માં જણાવ્યું છે કે :

**सर्वस्य प्रणवो ह्यादिर्मध्यमन्तस्तथैव च।**
**एवं हि प्रणवं ज्ञात्वा व्यश्नुते तदनन्तरम्॥**

અર્થ : પ્રણવ-ૐકાર તમામ સૃષ્ટિ કરતાં પહેલાંનો આદિ એટલે પ્રથમ છે. તે સૃષ્ટિ ચાલવાના મધ્ય સમયે પણ છે અને સૃષ્ટિ નાશ પછી અંત સમયે પણ કાયમ રહેવાનો છે. આ ૐકારને જાણ્યા પછી મનુષ્ય આત્મભાવ અને બ્રહ્મભાવને પ્રાપ્ત થાય છે.

**ॐ देवानां प्रथमः॥**

(શ્રીઅથર્વવેદીય મુણ્ડકોપનિષત્, મુંડક ૧, મંત્ર ૧)

અર્થ : ૐકાર તમામ દેવો, ઈશ્વરોના પહેલાંનો છે. અર્થાત્ દેવો, ઈશ્વરો ૐકારમાંથી જ ઉત્પન્ન થયેલા છે, પણ પ્રણવ-ૐકાર દેવો, ઈશ્વરોમાંથી ઉત્પન્ન થયેલો નથી.

**स ब्रह्मा स शिवः स इन्द्रः सोऽक्षरः परमः स्वराट्॥**
**स एव विष्णुः स प्राणः स कालाग्निः स चन्द्रमाः॥**

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કૈવલ્યોપનિષત્, મંત્ર ૧૦ ને ૧૧)

અર્થ : તે પ્રણવમાં બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર (એટલે શિવ), વિનાશી અક્ષર-બ્રહ્મ, ઈંદ્ર, કાલાગ્નિ, ચંદ્રમા વગેરે આવેલા હોઈ સર્વ ૐકારરૂપ જ છે. કેમ કે આ તમામ દેવો અને ઈશ્વરો ૐકારમાં જ આવેલા છે.

વળી ઋગ્વેદમાં જણાવ્યું છે કે : ઇંદ્ર, મિત્ર, વરુણ, અગ્નિ, દિવ્ય, સુપર્ણ, ગુરુત્માન એ સર્વ દેવો એક ૐકારમાં જ સમાવેશ થયેલા છે, તેને ઋષિઓ બહુ પ્રકારે વર્ણવે છે.

(૨) શિષ્ય : ૐકારની ચાર પાદો (અકાર, મકાર, ઉકાર અને અર્ધમાત્રા) શું સૂચવે છે?

વ્યાસ : ૐકારના બ્રહ્મરૂપે ચાર પાદ છે. "અ"નો અર્થ સ્થૂલદેહમાં જાગ્રદવસ્થામાં અભિમાન કરનારો આત્મા તે "અકાર" છે. તથા સ્વપ્નાવસ્થામાં સૂક્ષ્મ શરીરમાં અભિમાન રાખનાર આત્મા તે "મ"નો (એટલે મકારનો) અર્થ છે. "ઉ" એટલે સુષુપ્તિ અવસ્થામાં કારણ શરીરમાં અભિમાન કરનાર આત્મા તે ઉકારનો અર્થ છે. અને સંસ્કૃત ભાષાના વ્યાકરણ તથા સંધિ મુજબ "અ" + "ઉ" મળવાથી "ઓ" થાય છે અને "મ" જો કોઈ અક્ષરની સાથે ન મળે તો ં થાય છે અને આ ત્રણે અક્ષર અર્થાત્ વિશ્વનું ઐક્યરૂપ થવાથી ત્રણેના રહસ્યરૂપ અર્થાત્ તત્ત્વરૂપ અર્ધમાત્રા તે ચોથો પાદ બને છે, તેને અર્ધમાત્રા એટલે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાના મૂળરૂપ તુર્યાવસ્થામાં મહાકારણ શરીરમાં અભિમાન ધરનાર આત્મા એવો અર્ધમાત્રાનો અર્થ છે અને અર્ધમાત્રાની ઉપર બિંદુ છે તે ૐકારના મૂળ રહસ્યરૂપ છે, પણ તે લૌકિક દૃષ્ટિના ૐકારથી પર છે. તેથી "પ્રણવવિજ્ઞાન"માં જણાવ્યું છે કે :

(મનહર છંદ)

સુષુપ્તિ અવસ્થા તણું, સ્થાનક ભૂલોક વિષે;<br>
સ્વપ્નાવસ્થા તણું સ્થાન, સ્વર્ગે દેવસ્થાનમાં.<br>
જાગ્રત અવસ્થા તણું, ઈશ્વરકોટિમાં સ્થળ;<br>
સ્થળ તુર્યાવસ્થા તણું, વેદ ભગવાનમાં.<br>
અવસ્થાતીત અને પર્મ, પરમેશ્વર નામ જેનું;<br>
તે તો છે તુરીયાતીત, સમજવું જ્ઞાનમાં.<br>
એ રીતે અવસ્થા સ્થળ, સમજવાં ૐ વિષે;<br>
ચિત્ર જોઈ જાણવાનું, રાખવાનું ધ્યાનમાં.

(ખાસ સૂચના : આ વિષે અને સર્વ વાત સારી રીતે સમજવા સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે લખેલું "ભાવાર્થ પ્રકાશ" નામનું પુસ્તક અવશ્ય વાંચવું.)

(૩) શિષ્ય : ૐકારનાં મુખ્ય સ્થાનોમાં પરમાત્માની કળાઓ કેટલા પ્રમાણમાં આવેલી છે?

વ્યાસ : આ પ્રશ્ન અતિ ઉત્તમ છે. તે ધ્યાનથી સાંભળો.

(૧) પ્ર. દ. નં. ૧થી ૩માં બતાવેલ પરમાત્મા-પરમેશ્વર —સોળ આની આત્મબળ.<br>
(૨) પ્ર. દ. નં. ૪થી બતાવેલ તાત્ત્વિક શુદ્ધ પરમગતિ —પંદર આની આત્મબળ.<br>
(૩) પ્ર. દ. નં. ૬થી બતાવેલ શુદ્ધ પરમગતિ —ચૌદ આની આત્મબળ.

(૪) પ્ર. દ. નં. ૮થી બતાવેલ શુદ્ધાશુદ્ધ પરમગતિ –બાર આની આત્મબળ.
(૫) પ્ર. દ. નં. ૨૧થી બતાવેલ અશુદ્ધ પરમગતિ –દશ આની આત્મબળ.
(૬) પ્ર. દ. નં. ૩૯થી બતાવેલ બ્રહ્મરંધ્રવાળા વિભૂતિ આત્મા–દશ આની આત્મબળ.
(૭) પ્ર. દ. નં. ૨૪ને ૨૫થી બતાવેલ અક્ષરબ્રહ્મ-નારાયણ–આઠ આની આત્મબળ.
(૮) પ્ર. દ. નં. ૯૩થી બતાવેલ બ્રહ્માંડમાં ગતિમાં –આઠ આની આત્મબળ.
(૯) પ્ર. દ. નં. ૩૧થી બતાવેલ અર્ધમાત્રામાં ગ્રંથિમાં –છ આની આત્મબળ.
(૧૦) પ્ર. દ. નં. ૫૧થી બતાવેલ અકાર પાસે ગ્રંથિમાં –પાંચ આની આત્મબળ.
(૧૧) પ્ર. દ. નં. ૪૧થી બતાવેલ ઈશ્વરો –ચાર આની આત્મબળ.
(૧૨) પ્ર. દ. નં. ૬૭થી બતાવેલ મકાર પાસે ગ્રંથિમાં –ચાર આની આત્મબળ.
(૧૩) પ્ર. દ. નં. ૬૬થી બતાવેલ દેવો –ત્રણ આની આત્મબળ.
(૧૪) પ્ર. દ. નં. ૭૩થી બતાવેલ કડાંગમાં પ્રવેશતાં –ત્રણ આની આત્મબળ.
(૧૫) પ્ર. દ. નં. ૭૫થી બતાવેલ કડાંગમાંથી નીકળીને ઉકારમાં પ્રવેશતાં–ગ્રંથિમાં } –બે આની આત્મબળ.
(૧૬) પ્ર. દ. નં. ૮૪થી બતાવેલ આત્માની અંદર રહેલી આત્મજ્યોતિમાં યા આત્મતત્ત્વમાં } –બે આની આત્મબળ.

(૪) શિષ્ય : આકાશ, હૃદયાકાશ, ચિદાકાશ, શુદ્ધ ચિદાકાશ, પરમાકાશ, બ્રહ્માકાશ અને પરમબ્રહ્માકાશના અર્થ જણાવો.

વ્યાસ : (૧) 'ક્ષરસાગર' (એટલે નાશવાન વિશ્વ પર) ઉપર પોઢેલા વિશ્વેશ્વર-નારાયણની નીચેનો ભાગ છે તેને "આકાશ" કહેવાય છે.

(૨) "હૃદયાકાશ" : શરીરમાં રહેલા હૃદયના પોલાણને "હૃદયાકાશ" કહેલું છે.

(૩) "ચિદાકાશ" : નારાયણના હૃદયમાં રહેલા નવસોનવાણું આત્માઓ (જુઓ પ્ર. દ. નં. ૨૮) તેને "ચિદાકાશ" કહે છે. નારાયણના હૃદયમાં રહેનાર સહસ્રગ્રંથિમાંના નવસોનવાણું આત્માઓ પૈકી જેને આજ્ઞા થાય તેમને તુરત જવાનું હોય છે. એટલે કે ખડાપગે તૈયાર રહેવાનું હોય છે, અને તે જ આત્માઓ ઈશ્વરી અવતારો રૂપે (શ્રીરામ-કૃષ્ણ આદિરૂપે) ધર્મ સ્થાપવા માટે ધર્મને હાનિ થાય ત્યારે આવે છે અને અક્ષરધામમાં છેવટે પોતાનું કાર્ય પૂરું કરીને જાય છે.

(૪) "શુદ્ધ ચિદાકાશ" : શ્રી વિશ્વેશ્વર-નારાયણની ઉપર પરમગતિ છે તે થોડી તત્ત્વરૂપે માયામિશ્રિત હોઈ તેમાં તત્ત્વગ્રંથિ હોવાથી તે "શુદ્ધ ચિદાકાશ" છે.

(૫) "પરમાકાશ" ઉપરોક્ત નબર ૪માં જણાવી ગયા તેનાથી ઉપર પરમાત્માની આસપાસ શુદ્ધ પરમગતિરૂપ (જેમ સૂર્યની આસપાસ પ્રકાશનું મોટુ કૂડાળુ પડે છે તેમ) બિંદુમા પરમાત્માના સ્વરૂપ સિવાય સ્વરૂપની આસ પાસથી જે પરમગતિનો અનત જ્ઞાનચૈતન્યનો પ્રવાહ વહે છે કે જ્યાથી આત્માનું મૂળ ઉત્પત્તિસ્થાન કહેવાય છે તેને "પરમાકાશ" કહે છે પરમાકાશમાંથી જ્ઞાન-ચૈતન્યનો પ્રવાહ વહેતા વહેતા બિંદુની નીચેના ભાગમા આવે છે, પ્રથમ શુદ્ધાશુદ્ધ પરમગતિમા, પછી અશુદ્ધ પરમગતિમા, પછી અક્ષરધામમા, પછી માયામા આવે છે અને અક્ષરધામમાથી જતા ગ્રથિરૂપ આત્મા બને છે

(૬) "બ્રહ્માકાશ" બિંદુમાની શુદ્ધ પરમગતિને "બ્રહ્માકાશ" કહેલુ છે

(૭) "પરમબ્રહ્માકાશ" યાને "પરમહૃદયાકાશ" પરમાત્માના જ્ઞાનસ્વરૂપમા, પરમાત્માની જાગ્રદવસ્થામા શ્રીવિશ્વેશ્વર-નારાયણ જાગ્રત અવસ્થા ભોગવે છે, તે પરમાત્માનું "પરમબ્રહ્માકાશ" યાને "પરમહૃદયાકાશ" છે

(૫) શિષ્ય સૌથી પ્રથમ ચાર વેદ ઉત્પન્ન થયાં કે ૐકાર?

વ્યાસ "सर्वस्य प्रणवो ह्यादि"॥

(શ્રીઅથર્વવેદીય માંડૂક્યોપનિષત, આગમ પ્રકરણ ૧, મંત્ર ૨૭).

અર્થ : પ્રણવ ૐકાર સર્વનો જીવ, ઇષ્ટ, ઈશ્વર, વેદો વગેરેનો આદિ (એટલે મૂળ) છે

(૬) શિષ્ય ચારે વેદોનું આદિ એટલે મૂળ અને બીજ તથા ઉત્પત્તિ- સ્થાન એ ૐકાર છે કે ૐકારનું મૂળ અને બીજરૂપ તથા ૐકારનું ઉત્પત્તિ- સ્થાન વેદો છે?

વ્યાસ પ્રણવૐકાર તમામ સૃષ્ટિ કરતા પહેલાંનો આદિ એટલે પ્રથમ છે અર્થાત્ ૐકાર સૌથી પહેલવહેલો ઉત્પન્ન થયો, તે પછી સૃષ્ટિ ઉત્પન્ન થઈ અને તે પછી વેદો ઉત્પન્ન થયા કેમ કે સૃષ્ટિને નિયમમાં રાખવા સૃષ્ટિ થયા પછી વેદો ઉત્પન્ન કરવામાં આવ્યાં.

ॐ वेदानां प्रथमः॥

(શ્રીઅથર્વવેદીય મુંડકોપનિષત્, મુંડક ૧, મંત્ર ૧)

અર્થ : તમામ દેવોમાં સૌથી પ્રથમ ૐ છે અર્થાત્ ૐકાર તમામ દેવો, ઈશ્વરોના પહેલાંનો છે)

तेनासौ चतुरो वेदांश्चतुर्भिर्वदनैर्विभुः।
सव्याहृतिकान्सोंकारांश्चातुर्होत्रविवक्षया॥

(શ્રીમદ્ ભાગવત્, ઉતરાર્ધ સ્કધ ૧૨, અધ્યાય ૬, શ્લોક ૪૪)

અર્થ તે પ્રણવમાથી ચાર વેદો અને વ્યાહૃતિ વગેરે ઉત્પન્ન થયા તેને ચતુર્મુખી બ્રહ્મા બોલ્યા તે પ્રણવ તમામ મન્ત્રો, વેદો અને ઉપનિષદોનુ ઉત્પત્તિ સ્થાન છે તેથી તે તમામથી પ્રાચીન અને આદિ છે અર્થાત પ્રણવ સર્વ વેદાદિનુ ઉત્પત્તિ સ્થાન છે, પણ વેદોમાથી પ્રણવ ઉત્પન્ન થયો નથી

**प्रणव सर्व मन्त्रोपनिषद्वेद बीज सनातनम ॥**

(શ્રીમદ ભાગવત, ઉત્તરાર્ધ, સ્કધ ૧૨, અધ્યાય ૬, મત્ર ૪૧)

અર્થ પ્રણવ સર્વ મંત્રો, ઉપનિષદો અને વેદોનુ સનાતન બીજ છે અર્થાત પ્રણવમાંથી તમામ મત્રો, વેદો, ઉપનિષદો વગેરે ઉત્પન્ન થયેલા છે

**प्रणव सर्व वेदानामामादिमो नात्र सशय ॥**

(શ્રીશક્તિ ગીતા, અધ્યાય ૪, મત્ર ૮૨)

અર્થ પ્રણવ સર્વ વેદો કરતા પ્રથમ છે તેમા કોઈ પણ સશય નથી પ્રણવ તમામ ગ્રથોનું મૂળ છે, તેથી વેદમા અથ શબ્દરૂપે દરેક મન્ત્રની પહેલા ૐ બોલાય છે તેમ જ મત્રો પૂર્ણ થાય ત્યાર ૐ બોલાય છે માત્ર વેદોક્ત ન હોય તેવા મત્રોમા જ ૐ હોતો નથી સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વે પ્રણવ ઉત્પન્ન થયેલો મોજૂદ હોવાથી તે પ્રણવ સૃષ્ટિ ઉત્પત્તિ પહેલાનો પ્રથમ છે

સંક્ષિપ્તમા કહીએ તો ૐ ચારે વેદોનો આદિ એટલે મૂળ અને બીજ છે તેમ જ વેદોનું ઉત્પત્તિસ્થાન છે પણ વેદો ૐકારનુ બીજ અને મૂળ કે ઉત્પત્તિસ્થાન નથી અને તેથી જ ચારે વેદોમાં "અથ" શબ્દ ૐ છે

(૭) શિષ્ય ૐકાર એ પચમ વેદ છે કે વેદોનું નામ પડયા પહેલાનો શબ્દ છે? અને ૐકાર એ વાણીના અક્ષરો ઉત્પન્ન થયા પછી થયેલો છે કે તે પહેલા?

વ્યાસ જો ચાર વેદો ઉત્પન્ન થયા પછી ૐકાર ઉત્પન્ન થયો હોય તો જ તેને પચમ વેદ કહેવાય પરતુ ચારે વેદોના ઉત્પન્ન થતાં પહેલા અને વાણીના "વેદ" એવા નામના અક્ષરો વિગેરે ઉત્પન્ન થતા પહેલા ૐ પ્રથમ ઉત્પન્ન થયેલો છે માટે ૐ પચમ વેદ નહિ પણ મૂળ વેદ અથવા સૂક્ષ્મ વેદ છે અને વાણીના શબ્દો પહેલાનો વાણીના મૂળરૂપ ૐ છે કેમ કે,

**ॐ देवानाम प्रथम ॥** (શ્રીઅથર્વવેદીય મુડકોપનિષત, મુંડક ૧, મત્ર ૧)

**अथ परा यया तदक्षरमधिगम्यते ॥**

(શ્રીઅથર્વવેદીય મુંડકોપનિષત, મુંડક ૧, મત્ર ૫)

અર્થ તમામ દેવોમા સૌથી પ્રથમ ૐ છે જે ૐકાર અદ્વૈત પરમાત્માને જણાવનાર છે, તે જ વાણી પરા એટલે શ્રેષ્ઠ છે અને ચારે વેદોની વાણી અપરા (એટલે અશિષ્ટ) વિદ્યા છે તેથી

**तत्रापरा ऋग्वेदो यजुर्वेद सामवेदोऽथर्ववेद शिक्षा कल्पो व्याकरण निरुक्त छन्दो ज्योतिषमिति। अथ परा यया तदक्षरमधिगम्यते ॥**

(શ્રીઅથર્વવેદીય મુંડકોપનિષત, મુડક ૧, ખડ ૧, મંત્ર ૫)

અર્થ . તેમા ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, આથર્વવેદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ તથા જ્યોતિષ એ સર્વ અપરા (એટલે અશિષ્ટ) વિદ્યા છે, અને જેનાથી ૐ એવા અક્ષરને જણાય છે તે પરા (એટલે શ્રેષ્ઠ) વિદ્યા છે માટે ૐ ચારે વેદોની પહેલાનો શબ્દ છે

(૮) શિષ્ય ૐ પહેલો ઉત્પન્ન થયો કે સૃષ્ટિ?

વ્યાસ શ્રીઋગ્વેદીય ઐતરેયોપનિષત, અધ્યાય ૧, ખડ ૧, શ્લોક ૧માં જણાવ્યું છે કે

इदमेक एवाग्र आसीत् नान्यत्किञ्च मिषत्।

અર્થ જગદોત્પત્તિ પહેલા ફક્ત પ્રણવ એકાક્ષર બ્રહ્મ હતો તે સિવાય જગત વગેરે કાંઈ જ ન હતુ એટલે ૐકારના પછી સૃષ્ટિ અને સૃષ્ટિની પછી વેદો થયેલા છે એ સ્પષ્ટ છે કેમ કે સૃષ્ટિની ઉત્પત્તિ પહેલા ૐ ઉત્પન્ન થયેલો છે આથી સ્પષ્ટ સમજાશે કે ૐકારમાંથી વેદો થયા છે તથા વેદોમાં સૌથી પ્રથમ ઉચ્ચાર ૐનો જ છે

(૯) શિષ્ય ૐના દૃષ્ટામા ઋષિઓનો સમાવેશ થાય છે કે?

વ્યાસ સૃષ્ટિની ઉત્પત્તિ થતાં પહેલા અર્થાત્ ઋષિઓ વગેરેના ઉત્પન્ન થતાં પહેલાં ૐકાર ઉત્પન્ન થયેલ છે તો ઋષિઓના જન્મ પહેલાં ઋષિઓ તેના દૃષ્ટા હોઈ શકે નહીં. સૃષ્ટિની ઉત્પત્તિ થયા પછી વેદો વગેરે ઉત્પન્ન થયાં છે એટલે સૃષ્ટિની ઉત્પત્તિ સાથે ઋષિઓના ઉત્પન્ન થવા પછી સમાજમા વેદો અને બીજા મન્ત્રો ઉત્પન્ન થયા છે તેથી તેના દૃષ્ટા ઋષિઓ હોઈ શકે, પણ ઉપરના કારણથી ઋષિઓ ૐકારના દૃષ્ટા નથી

(૧૦) શિષ્ય ત્યારે ૐના દૃષ્ટા કોણ?

વ્યાસ "તત્ત્વસાર"મા કહ્યુ છે કે

स याचर प्रणवस्वाख्य सर्वदा चलमद्भुवन् ॥
तस्य वाचक प्रणव ॥ (પાતંજલ યોગદર્શન)

સૃષ્ટિ ઉત્પન્ન કરતી વખતે નારાયણ "ॐ एकोऽहं बहुस्याम् ॥" બોલી સૌથી પ્રથમ ૐ પછી સૃષ્ટિ ઉત્પન્ન કરે છે, ત્યારે પ્રથમ શબ્દ ૐ બોલે છે માટે ૐના દૃષ્ટા કોઈ ઋષિ નહિ પરંતુ વિશ્વરૂપ્ટા નારાયણ-અક્ષરબ્રહ્મ પોતે છે અને ૐના દેવતા પરમાત્મા પરમેશ્વર છે કેમ કે ૐ પરમાત્માનો વાચક છે તેમ જ સૃષ્ટિના મૂળરૂપ ૐ છે, એવા ૐના મૂળરૂપ દેવતા અદ્વૈત પરમાત્મા છે માટે ૐકારના દૃષ્ટા નારાયણ છે, તેમ જ એ સૂક્ષ્મ વેદ ૐકાર સૃષ્ટિની

ઉત્પત્તિ, સ્થિતિ, લય કરનાર એવા વિશ્વેશ્વર-વિશ્વંભરના શ્રીમુખમાંથી સૌથી પ્રથમ નીકળ્યો છે તેથી નારાયણ ૐના દૃષ્ટવા છે.

(૧૧) શિષ્ય : વેદને નિત્ય કહેવાનું શું કારણ?

વ્યાસ : વેદાન્ત દર્શન, અધ્યાય ૧, પાદ ૩, સૂત્ર ૨૯માં જણાવ્યું છે કે : "अतएवचनित्यत्वम्" ॥

અર્થ : વેદ નિત્ય છે કે તેને તર્ક અનિત્ય સિદ્ધ કરી શકતો નથી. કેમ કે પરમાત્માનું જ્ઞાન હોવાથી તે વેદને તર્ક તો નિત્ય જ સિદ્ધ કરે છે. પરમાત્માનું જ્ઞાન નિત્ય હોય છે માટે વેદ નિત્ય છે.

अनादि निधना नित्या वागुत्सृष्टा स्वयंभुवा ॥ ॥ મ. ૧ ॥ અ. ૨૧ ॥

ઇત્યાદિ સ્મૃતિઓથી જણાય છે કે વેદ અનાદિ, અનંત હોવાથી નિત્ય છે. અને એ માટે જ અપૌરુષેય (એટલે મનુષ્યકૃત નહિ એવું) અર્થાત્ કોઈ પુરુષ પ્રણીત (એટલે રચેલું) નથી કિંતુ પરમાત્માનું જ્ઞાન હોવાથી અનાદિ, અનંત છે.

(૧૨) શિષ્ય : વેદના અધિષ્ઠાતા કોણ? પાંચ વેદનાં પાંચ તત્ત્વો જણાવો. વળી સૂક્ષ્મવેદ કોને કહેવામાં આવે છે?

વ્યાસ : તમારા પ્રશ્નોના ઉત્તરો "પ્રણવવિજ્ઞાન"માં સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે આપ્યા છે. તે જ તમોને જણાવવામાં આવે છે.

(મનહર છંદ)

વેદકર્તા નારાયણે, "ૐ एकोऽहं बहुस्याम्";  
ઇડી વિશ્વ સંગ બ્રહ્મા, ને ઉત્પન્ન કરીયો.  
નાભિકમળનાં બ્રહ્માએ, ખોળ્યા પોતાના કર્તા;  
અંતે આકાશવાણીથી, અક્ષરબ્રહ્મ મળીયો.  
પૂછતાં કલ્યાણ કાજ, ૐ જપો આજ્ઞા કરી;  
પ્રેરણાથી દીધો વેદ, બ્રહ્મા તેમાં ગળીયો.  
ઉપરના મુખે "સૂક્ષ્મ, વેદ ૐ" બ્રહ્મા બોલ્યા;  
ચાર મુખે ચાર વેદ, વધ્યા પત્તો મળીયો.

વેદના અધિષ્ઠાતા વિશ્વેશ્વર-નારાયણ છે અને પંચમુખી બ્રહ્મા કેવળ કારક છે.

પંચ ભૌતિકનાં તત્ત્વ, સમાયા છે વેદ વિષે;  
ઋગ્વેદ વિષે અગ્નિ, તત્ત્વ તે પ્રધાન છે.  
સામવેદ પશ્ચિમનો, તેમાં જળતત્ત્વ રહ્યું;  
યજુર્વેદ વિષે વાયુ, તત્ત્વ આગેવાન છે.

અથર્વણ વિષે પૃથ્વી, સૂક્ષ્મ વેદે છે આકાશ;
હૃદયાકાશથી ૐ, શબ્દનું નિધાન છે.
ચાર વેદતણું તત્ત્વ, વૃક્ષ વેદ, બીજ ૐ;
ૐ તત્ત્વ છે આકાશે, પ્રણવવિજ્ઞાન છે. ૧

સૂક્ષ્મ વેદ વિષે વિશ્વ, વિરલા જાણે છે કોઈ;
ચારે વેદ તણું તત્ત્વ, ૐ કેરું જ્ઞાન છે.
જ્ઞેય છે તે પરમપદ, તેને જાણવું તે જ્ઞાન;
સૂક્ષ્મવેદમાં વિજ્ઞાને, જ્ઞેયનું નિધાન છે.
તે વેદનો ગ્રંથ નહિ, વેદ મૂળ તત્ત્વ ૐ;
ૐના તત્ત્વને જાણે, તે જ જ્ઞાનવાન છે.
માયામાં ન માયાતીત, ન સાકાર, નિરાકાર;
છતાં છે આકાર તેને, જાણે તે વિજ્ઞાન છે. ૨

શ્રીમદ્ ભગવદ્ગીતાના અધ્યાય ૩, શ્લોક ૧૫માં જણાવ્યું છે કે : "વેદથી કર્મ ઉત્પન્ન થયેલું જાણવું અને તે વેદ અક્ષરબ્રહ્મ-નારાયણથી ઉત્પન્ન થયેલાં જાણવાં અને તે અક્ષરબ્રહ્મ-નારાયણ સર્વમાં વ્યાપક છે તે યજ્ઞમાં પણ જાણવા." ટૂંકમાં કહીએ તો વેદ અક્ષરબ્રહ્મ-નારાયણથી થયેલાં છે. તે માયાવિશિષ્ટ જેનું નામ શબ્દબ્રહ્મ વેદનારાયણ તેના મુખથી વેદ-વાણી થયેલી, તે બ્રહ્માએ સાંભળી જગતમાં જણાવેલી છે તેનું નામ વેદ છે.

શ્રીમદ્ ભગવદ્ગીતાના અધ્યાય ૧૩, શ્લોક ૧૮માં જણાવ્યું છે કે : "તે બ્રહ્મ (એટલે પરમાત્મા) ચંદ્રસૂર્યાદિકને પણ પ્રકાશ આપે છે; તે અજ્ઞાનરૂપી અંધકારની પેલી બાજુએ છે એમ કહેવાય છે; તે જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞેયસ્વરૂપ છે તથા જ્ઞાનથી પ્રાપ્ત કરવા યોગ્ય છે અને તે જ સર્વના હૃદયમાં (ગતિરૂપે) વિદ્યમાન છે." ટૂંકમાં, જ્ઞાન વસ્તુને જાણનારો જ્ઞાની છે. કેમ કે પરમેશ્વર છે તે કેવળ જ્ઞાનની વસ્તુ છે.

વળી શ્રીમદ્ ભગવદ્ગીતાના અધ્યાય ૧૩, શ્લોક ૧૩માં કહ્યું છે કે : "જે જાણવા યોગ્ય છે તે જાણવાથી મોક્ષ પમાય છે અને તે અનાદિ પરમબ્રહ્મ-પરમેશ્વર છે."

(૧૩) શિષ્ય : પ્રણવ-ૐકારમાં જ્ઞાનના, વાણીના, માયાના, વેદના, અવસ્થાના, દેહના, કળાના, કોટિના, માયાની વર્ણના, મુક્તિના અને આત્માનાં સ્થાનોની સમજૂતી આપશો?

વ્યાસ : તમારો પ્રશ્ન અતિ ઉત્તમ છે. તમોએ પૂછેલાં સ્થાનો પ્રણવ-ૐકારમાં નીચે કોઠામાં જણાવ્યા મુજબ આવેલાં છે, તે પ્રણવદર્શનના ચિત્રમાં જોવાથી જણાશે.

| સ્થળો | પ્ર. દ. નં. ૮૮થી બતાવેલ "ઉકાર" (જીવકોટિ) | પ્ર. દ. નં. ૬૬થી બતાવેલ "મકાર" (દિવકોટિ) | પ્ર. દ. નં. ૪૧થી બતાવેલ "અકાર" (ઈશ્વરકોટિ) | પ્ર. દ. નં. ૨૪ને ૨૫થી બતાવેલ અર્ધમાત્રા (અક્ષરબ્રહ્મ-નારાયણ) | પ્ર. દ. નં. ૧થી ૩માં બતાવેલ બિંદુ (પરમાત્મા) |
|---|---|---|---|---|---|
| જ્ઞાનના | અજ્ઞાન | જ્ઞાનાજ્ઞાન | શુદ્ધ જ્ઞાન | વિજ્ઞાન | પ્રજ્ઞાન |
| વાણીના | વૈખરી | મધ્યમા | પશ્યંતી | પરા | — |
| માયાના | તમોગુણી | રજોગુણી | સત્ત્વગુણી | તત્ત્વગુણી | ગુણાતીત |
| વેદના | અથર્વવેદ | સામવેદ | ઋગ્વેદ | યજુર્વેદ | સૂક્ષ્મવેદ |
| અવસ્થાના | સુષુપ્તિ | સ્વપ્ન | જાગ્રત | તુરીય | તુર્યાતીત |
| દેહના | સ્થૂલદેહ | સૂક્ષ્મદેહ | કારણદેહ | મહાકારણદેહ | જ્ઞાનાકાર |
| કળાના | દ્વિકળાત્મા | ત્રિકળાત્મા | ચતુઃકળાત્મા | અષ્ટકળાત્મા | ષોડષબ્રહ્મકળા |
| કોટિના | જીવકોટિ | ઈશકોટિ | ઈશ્વરકોટિ | વિશ્વેશ્વરકોટિ | સર્વોત્તમ |
| માયાની વર્ણના | રક્તવર્ણ (લાલ રંગની) | પિત્તવર્ણ (પીળા રંગની) | પદ્મરક્તવર્ણ (વીજળી સમાન રંગની) | શ્વેતવર્ણ (સફેદ રંગની) | — |
| મુક્તિના | — | સાલોક્ય | સારૂપ્ય | સામીપ્ય | સાયુજ્ય |
| આત્માના | જડાત્મા, જીવાત્મા અને આત્મા | મહાત્મા | દિવ્યાત્મા | બ્રહ્માત્મા | પરમાત્મા |

# પ્રણવ-ૐકારનું મહત્ત્વ

(૧) શિષ્ય પ્રણવનું મહત્ત્વ શું? દરેક આત્મામા પ્રણવનું પવિત્ર તત્ત્વ વસેનું છે એમ કહેવાનું શુ કારણ?

વ્યાસ ૐ પરમાત્માનો વાચક હોવાથી પાતંજલ યોગસૂત્રમા "तस्य वाचक प्रणव "॥ પ્રણવને પરમાત્માનો વાચક બતાવ્યો છે અને પ્રણવ વડે ધ્યાન કરવાથી પરમાત્માનું ધ્યાન થાય છે, "तज्जपस्तदर्थभावनम्"॥ (પતંજલિ યોગદર્શન, સમાધિપાદ ૨૮) તે સિવાય અન્ય કોઈ રીતે પરમાત્માનુ ધ્યાન શ્રેષ્ઠ અને સફળ થઈ શકતુ નથી કેમ કે માયા બહાર પ્રણવદર્શન નબર ૧૨થી બતાવેલ પ્રણવમા પરમેશ્વરના ગુણો, તેમના શ્વાસોશ્વાસ દ્વારા નીકળતી પરમગતિ પ્ર દ ન ૪ના ધક્કાથી અને તે શ્વાસોશ્વાસવાળી પરમગતિ અશુદ્ધ પરમગતિ નંબર ૨૧મા ભળી જતી હોવાથી જેમ ઍટમબૉબ સમુદ્રજળમા પડવાથી તેનું પાણી માઈલો સુધી ઊછળે છે, તેમ અશુદ્ધ પરમગતિ ઘણી ઊંચી ઊછળે છે અને તેમા પ્રણવતત્ત્વ નંબર ૧૨ ભળી જાય છે કે જે પ્ર દ ન ૧૨થી બતાવેલ "ॐ ख ब्रह्म"॥ (યજુર્વેદ) આકાશવત વ્યાપક બ્રહ્મ ૐકાર છે એટલે આખા આકાશ ન ૨૧ની અશુદ્ધ જ્ઞાનચૈતન્યવાળી પરમગતિમા પ્રણવ સચરાચર (એટલે સર્વત્ર) વ્યાપ્ત છે (એટલે વ્યાપેલો છે) તેથી પ્રત્યેક આત્મા ના આત્મતત્ત્વમા પ્રણવનું પવિત્ર તત્ત્વ વસે | છે એમ કહેનું છે તે ઈશ્વરીય પવિત્ર ગુણ પ્રત્યેક આત્મામા સપૂર્ણપણે પવિત્ર રહેલો છે જો કે તેનું આત્મિક બળ ઘણી જઈ દરેક આત્મા ત્રિકાળમા બનેલો છે છતાં પ્રણવનું પવિત્ર તત્ત્વ દરેક આત્મા અને આત્મતત્ત્વમાં યા આત્મજ્યોતિમા માત્ર બેકગા જેટ| જ છે અને તે તત્ત્વ ગમે તેવાં કર્મના બંધનો હોવા છતાં પણ પાપથી, માયા મોહથી કે કોઈ પ્રકારે લેપાતું (એટલે ખરડાતું) નથી અને પરમાત્માની માફક સર્વદા નિર્મળ અને પવિત્ર રહે છે અને માયાના બધને બધાઈ રહેલો મોહિત જીવ જ્યારે તે આત્મતત્ત્વને આધીન થાય છે ત્યારે તે પવિત્ર તત્ત્વ દરેક આત્માને પવિત્ર કાર્ય અને પરમાત્મા તરફ દોરે છે અને પાપમાં તથા માયામાં જતા આત્માને આત્મામાં રહેલ કોઈ બીજુ તત્ત્વ હોય તેવી રીતે શિખા આપે છે, અને પોતાનાં કર્મો પર, જીવન પર અને ચારિત્ર્ય પર ધિક્કાર વરસાવે છે અને સન્માર્ગે જવા બોધ આપે છે જેમ રૉકેટ સંચાલિત વિમાનો

વિમાની સિવાય ધાર્યા સ્થળે મુસાફરી કરે છે, ઊતરે છે અને ચઢે છે, તેના કરતાં અતિ શ્રેષ્ઠ જ્ઞાનચૈતન્ય શક્તિવાળા આત્મતત્ત્વમાં અલૌકિક આત્મતત્ત્વનો પ્રવાહ ખેંચી લાવનાર અને તે આત્મતત્ત્વમાં ભરનાર એવું અદ્ભુત તત્ત્વ તે "પ્રણવ" છે. આવું પૂર્ણ અને આવું ઉત્તમ ઈશ્વરત્વ યા બ્રહ્મત્વ કોઈ સ્થળે ખોળ્યું મળે તેમ નથી.

ૐ બોલતાં સમયે હૃદયાકાશના ઊંડાણમાંથી ઉચ્ચાર થતો જણાય છે અને તેથી હૃદયાકાશની અંદર રહેલ આત્માના આત્મતત્ત્વમાં તે ૐનો નિવાસ અને વ્યાપકતા હોવાથી તેને "અક્ષર" અને "શબ્દબ્રહ્મ" કહેવાય છે.

ૐ એક એવો શ્રેષ્ઠ ઉચ્ચાર છે કે જેને કોઈ પણ વિશેષણ કે વિશેષ્ય (એટલે વિશેષણથી જેનો ગુણ કે વધારો બતાવ્યો હોય તેવો શબ્દ)ની જરૂર પડતી નથી. એટલું જ નહિ પણ ૐકારમાં તમામ વિશેષણો અને વિશેષ્ય સમાઈ ગયેલાં છે. સર્વ ભાષાઓમાં ૐની પૂર્ણતા, અખંડતા, પ્રભુતા અને સર્વોપરિતા માટે બે મત છે જ નહીં. કોઈ પણ દેવ કે ઈશ્વરની ઉપાસના કરવામાં તેને શ્રેષ્ઠ અને સફળ બનાવવા દરેક વેદોક્ત મન્ત્રમાં પ્રથમ પ્રણવનો ઉચ્ચાર હોય છે અને ૐકાર સિવાય ગમે તે દેવ, ઈશ્વરના જપથી જે ફળ મળે તેના કરતાં સહસ્રો અને કરોડો ગણું ફળ પ્રણવ સાથે જપવાથી મળે છે એમ અનેક પુસ્તકોથી સિદ્ધ છે. માટે તમામ મંત્રોની સફળતા ૐકારથી જ હોવાથી **"प्रणवो मन्त्र राजोऽस्ति"** ॥ (શ્રીશક્તિ ગીતા, અધ્યાય ૪, મં૦ ૨૩) પ્રણવ સર્વ મંત્રોનો રાજા હોવાનું બતાવેલું છે.

ૐકારથી ભિન્ન ઈશ્વર સંબંધી નામોની સાથે ૐકારનું વિશેષણ લગાડયા સિવાય કોઈ પણ દેવ, ઈશ્વરનું આવાહન (એટલે દેવ, ઈશ્વરની પ્રતિષ્ઠા કરવી તે) થતું નથી, અને કોઈ પણ દેવ, ઈશ્વરના સ્વરૂપનો સંપૂર્ણ બોધ થઈ શકતો નથી. તેથી કરીને વેદો, ઉપનિષદો, દર્શનો, શાસ્રો ઇત્યાદિ સર્વમાં ૐ વડે પ્રારંભ થાય છે એટલું જ નહિ પણ ૐકાર સિવાય કોઈ મંત્ર, યજ્ઞ આદિ આરંભ કરી શકાતા નથી.

આ પ્રશ્ન પૂરા થયા બાદ એક શિષ્યે પૂછ્યું કે : ધર્મશાસ્રોમાં ઘણું જગ્યાએ પરમાત્માને ઈશ્વર કહીને સંબોધવાનું શું કારણ?

વ્યાસ : ઐશ્વર્યવાન (એટલે સર્વોપરીપણું) હોવાથી પરમાત્માનું ટૂંકું નામ "ઈશ્વર" છે પરંતુ એ નામથી ઈશ્વરની સર્વજ્ઞતા, પૂર્ણતા અને પૂર્ણાનંદત સિદ્ધ થતી નથી. તેથી કહ્યું છે કે :

**परश्चासावात्मा च य आत्मभ्यो जीवेभ्यः परमः आत्मा स परमात्मा।**

અર્થ : જે તમામ પ્રકારના જીવો અને આત્માઓ કરતાં અનંત પરમ-શ્રેષ્ઠ આત્મા છે તેને જ "પરમાત્મા" કહેવો છે

કેવળ પરમાત્મા કહેવાથી જ સર્વ કરતાં શ્રેષ્ઠ આત્મા એવો અર્થ પ્રતીત (એટલે સ્પષ્ટ) થાય છે

(૨) શિષ્ય એવો કયો મંત્ર છે કે જે આત્માને આકર્ષી શકે?

વ્યાસ જે આત્માને આકર્ષી શકે, જે પાપીને પુણ્યશાળી કરી શકે, અને આત્માનું પરિવર્તન કરાવી શકે, તેવો એક જ માત્ર "પ્રણવ" છે

(૩) શિષ્ય : પ્રણવજ્ઞાનને સમજનાર અને સમજાવનાર કેટલાક છે?

વ્યાસ : જે પ્રણવજ્ઞાન છે, તેને સમજનાર અને સમજાવનાર મળવો દુર્લભ છે વળી વેદો પણ નિર્દેશ કરે છે કે, ૐ એવો એકાક્ષર બ્રહ્મ છે, તેને સમજનાર અને જાણનાર કોઈક જ વિરલા હોય છે

(૪) શિષ્ય : પ્રણવ અને પરમાત્મા એ આપણું ભોગવેલું નામ છે કે?

વ્યાસ : પરમાત્મા પરમેશ્વર તે આપણું ભોગવેલું નામ છે, પરંતુ કોઈનું ભોગવેલું નથી તે "પ્રણવ" છે.

(૫) શિષ્ય : શું ઉપાસનાથી મોક્ષ થાય?

વ્યાસ : પ્રણવ એ સર્વ સાર છે પ્રણવ ઉપાસના એ માનવ માત્રનો સર્વોચ્ચ ધર્મ છે અને પ્રણવોપાસનાથી જ મોક્ષ થઈ શકે છે.

(૬) શિષ્ય : પ્રણવની ઉપાસનાથી શું પ્રાપ્ત થાય?

વ્યાસ : मधुरागनया ब्रह्मयोगिनामप्यगोचर ।
कर्मविपाकादरहस्य पूर्णायामपुनर्भवम् ॥

(શ્રીમદ્ ભાગવત, ઉત્તરાર્ધ, અધ્યાય ૬, શ્લોક ૩૮)

અર્થ : પ્રણવની ઉપાસના પ્રસિદ્ધ યોગીપુરુષના અગોચર, અધ્યાત્મ અને અતિશય એમ ત્રણે પ્રકારના પાપોને દૂર કરીને, ત્યાર પછી કોઈ કાળે આત્માને પુનર્જન્મ ફેરા તેના જેવું પણ નથી, એવા મોક્ષને આપે છે.

(૭) શિષ્ય : કયો મંત્ર સૌથી ઉત્તમ છે?

વ્યાસ : વેદોમાં વૈદિક મંત્ર શ્રેષ્ઠ છે અને મંત્રોમાં પ્રણવ મંત્ર શ્રેષ્ઠ હોય છે

(૮) શિષ્ય : વેદો, પુરાણો, ઉપનિષદો, ગીતા અને ધર્મગ્રંથોનો સાર શું હોય છે?

વ્યાસ : વેદો, પુરાણો અને ઉપનિષદોમાં [illegible] પ્રણવનો [illegible] છે, ધર્મગ્રંથોમાં પ્રણવની હોય છે અને ધર્મગ્રંથોમાં પ્રણવના

મંત્રદ્રષ્ટવા બ્રહ્મા અને વિશ્વેશ્વર-નારાયણ શ્રેષ્ઠ છે. આથી કહ્યું છે કે, બ્રાહ્મણોએ જન્મથી આરંભી મરણપર્યંત વેદોક્ત મંત્રો ઉચ્ચારવા અને જપવા.

(૯) શિષ્ય : પ્રણવને અક્ષર કહેવાનું શું કારણ?

વ્યાસ : प्रणवः सर्व वेदानामादि ॥

(શ્રીશક્તિગીતા, અધ્યાય ૪, મંત્ર ૮૨)

सर्वस्य प्रणवो ह्यादि ॥

(શ્રીગૌડપાદીયકારિકા સહિત અથર્વવેદીય માંડૂક્યોપનિષત્, પ્રકરણ ૧, મંત્ર ૨૭)

प्रणवस्सर्वमंत्रोवनिषद्वेद बीजं सनातनम् ॥

(શ્રીમદ્ ભાગવત્, સ્કંધ ૧૨, અધ્યાય ૬, મંત્ર ૪૧)

वाणीनां चैवमेवाग्रं ॥

(શ્રીમદ્ ભાગવત્)

सृष्ट्यादौ सरसमुत्पत्ते ॥

(શ્રીશક્તિગીતા, અધ્યાય ૪, મંત્ર ૮૨)

તે પ્રણવ-ૐકાર સર્વ વેદોમાં પ્રથમ છે અને તમામ જીવાત્માઓની વેદો વગેરેની ઉત્પત્તિ પહેલાંનો પ્રણવ છે. અને સર્વ પ્રકારના મંત્રો, તમામ વેદોના અવિચળ બીજરૂપ પ્રણવ છે. વાણીની પહેલાંનો, વાણીના મૂળરૂપ અને પ્રથમ શબ્દ ૐ છે અને તે ૐ સૃષ્ટિ વિગેરેની પહેલાં જ ઉત્પન્ન થયેલો છે. આ ૐકાર ધ્વનિ જ સૃષ્ટિનું આદિ મૂળ અને તેનો ઝંકાર જ શક્તિકેન્દ્રનો સ્પંદન ધ્વનિ છે. અને તેથી જ ૐકારને અક્ષર કહેલો છે અને તમામ વાણી એટલે કે દરેક ભાષાના મૂળાક્ષરો પણ તે ૐમાંથી જ થયેલા છે. વાણીના અક્ષરોને પણ અક્ષર એટલા માટે જ કહેવાય છે કે તમામ વાણીના અક્ષરોનું મૂળ ૐ છે. એટલે તે "ओमित्येकाक्षरं ब्रह्म" ॥ (શ્રીમદ્ ભગવદ્‌ગીતા, અધ્યાય ૮, શ્લોક ૧૩) ૐ એ કોઈ પણ કાળે નાશ ન પામનારો એવો અક્ષરબ્રહ્મ છે. કેમ કે વાણીના પુસ્તકમાં છાપેલા યા લખેલા લેખો, તામ્રલેખો, શિલાલેખો બાળી મૂકવાથી, કોતરકામ ખોદી નાંખવાથી કે જમીનમાં દાટી દેવાથી વગેરેથી નાશ પામે છે; તેથી તેને ક્ષર (એટલે નાશવંત) હોવા છતાં વાણીનો મૂળ અક્ષર ૐ છે, અને તે તમામ વાણી ૐમાંથી જ થયેલી છે, તેમ જ ૐ કોઈ કાળે નાશ ન પામતો હોવાથી, વાણીનું મૂળતત્ત્વ અવિચળ રહેતું હોવાથી ભાષાના અક્ષરોને પણ "અક્ષર" કહેલા છે.

(૧૦) શિષ્ય ૐકારને અવ્યય યાને નિરવયવ કહેવાનું શું કારણ?

વ્યાસ અવ્યય એટલે ન બદલાય એવુ યા જેને જાતિ, વચન કે વિભક્તિના પ્રત્યય ન લાગે તેવો શબ્દ યા શાશ્વત નિરવયવ એટલે અખંડ યા અવયવ વગરનું શ્રીવિશ્વેશ્વર-નારાયણનું આત્મસ્વરૂપ હોવાથી પરમગતિમા અને અક્ષરધામમાં જે પ્રથમ ૐ બોલાય છે તે વખતે તેમનુ માયાવી સ્વરૂપ એટલે માયાના દાંત, હોઠ, જીભ વગેરે ન હોવાથી ૐકારને કંઠસ્થ, તાલવ્ય, મૂર્ધન્ય, દંત્ય, ઓષ્ઠ્ય, દંત્યૌષ્ઠ્ય અને મહાપ્રાણ દ્વારે કોઈ રીતે નથી કહી શકાતો કેમ કે દેહના કોઈ પણ અવયવ વડે ૐ બોલાતો ન હોવાથી ૐને "ૐ અવ્યય" કહેવામા આવલ છે તેથી કેટલીક જગાએ ૐને "નિરવયવ" પણ કહેલો છે

પરમેશ્વરના પ્રણવને અવ્યય કહે છે અવ્યય એટલે જેનું પરિવર્તન ન થાય તેને અવ્યય કહેવાય છે પ્રણવનુ કોઈ પ્રકાર પરિવર્તન થતુ નથી, તેથી તેને "અવ્યય" કહેવાય છે જેમ એકવચન, બહુવચનમા પણ ૐને ૐ કહે છે લિંગમા (એટલે જાતિમા) પણ તે સ્રીલિંગ, નપુંસકલિંગ પ્રમાણે તે ૐમી, ૐમુ થતું નથી પણ ૐ જ કાયમ રહે છે, તેથી તેને "અવ્યય" કહેલો છે

(૧૧) શિષ્ય ૐકાર કેવો મંત્ર છે?

વ્યાસ ૐકાર એવો મંત્ર છે કે, જે સર્વ વ્યાપક બ્રહ્મ છે, તે ૐકારના જાપથી સર્વ દેવો, ઈશ્વરો, વિભૂતિઓ, અંશાવતારો અને વિશ્વેશ્વરના જાપ થઈ જાય છે એટલે કે સમસ્ત વિશ્વનું બ્રહ્મરૂપે ઉપાસના કરવાનું પ્રણવ શ્રેષ્ઠ સાધન હોઈ અને જે એક જ શબ્દમા સર્વનું ધ્યાન આવી જતું હોય તેવો માત્ર પ્રણવ છે "ओमित्येतदक्षरमिदं सर्वमिति"॥ (શ્રુતિ) કહ્યુ છે તથા ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળનુ જ્ઞાન આપનારો ૐકાર છે, એટલુ જ નહિ પણ ત્રણે કાળનુ અતિક્રમણ કરીને ત્રિકાળાતીતરૂપે ૐકાર છે અને સર્વાત્મક ૐકારનું ઉપવ્યાખ્યાન કહેવામાં આવ્યુ છે તેનું રહસ્ય એ છે કે "तस्य+उप+वि+आ+ख्यानम्" અર્થાત પરમબ્રહ્મ પરમાત્માના સામીપ્ય વડે સર્વ રીતનું સ્પષ્ટ વર્ણન તે ૐકાર છે એટલે બ્રહ્મની (એટલે પરમાત્માની) સમીપે લઈ જનાર જો કોઈ શ્રેષ્ઠ સાધન હોય તો તે માત્ર પ્રણવ છે, તેથી "तस्योप व्याख्यानम्"॥ કહેલું છે

(૧૨) શિષ્ય ૐકારની શ્રેષ્ઠતા જણાવતા ઉપનિષદકારોએ શું કહ્યુ છે? તેનું વર્ણન ટૂંકમા જણાવો

વ્યાસ ઉપનિષદો વર્ણવે છે કે ૐકાર સર્વનો આદિ એટલે મૂળ છે તથા પરમાત્માનો વાચક છે અને સંસારની માયાના નાશ માટે સમર્થ મંત્ર છે અને બીજા વિચારો ત્યાગીને સ્થિર મનથી જો ધ્યાન કરાય તો ઇચ્છિત ફળ આપનાર તથા દરરોજ ધ્યાન કરવા યોગ્ય તે પ્રણવ છે કેમ કે ૐકાર એ

તારનારું સૂક્ષ્મ રૂપ છે કે જેને પ્રણવ એવું સુપ્રસિદ્ધ નામ આપેલું છે અને તે પ્રણવ શુદ્ધ, નિર્મળ, તેજસ્વી અને દિવ્ય એવો એકાક્ષર બ્રહ્મ છે કે જે શુદ્ધ, નિર્મળ, અવ્યય છે એમ ઉપનિષદકારો જણાવે છે

(૧૩) શિષ્ય ૐકારને તેના પાદની સાથે એકરૂપ જાણવો કે જુદો?

વ્યાસ ૐકારને તેના પાદની સાથે એકરૂપ જાણવો જોઈએ કેટલાક લોકો તેના પાદને ૐકારથી જુદા માને છે તે ભૂલ છે તેથી કહ્યું છે કે

ॐकार पादशो विद्यात्पादा मात्रा न संशय ।
ॐकार पादशो ज्ञात्वा न किञ्चिदपि चिन्तयेत् ॥

(શ્રીગૌડપાદીયકારિકાસહિત અથર્વવેદીય માંડૂક્યોપનિષત, પ્રકરણ ૧, શ્લોક ૨૪)

અર્થ ૐકાર તેના પાદો સહિત જ એકરૂપ છે તેમ જ પાદોને માત્રા રૂપ માનવા જોઈએ પાદોની સાથે ૐકારનું જ્ઞાન થયા પછી કોઈ પણ અન્યનું ચિંતન કરવું નહીં

કેમ કે "यत्ज्ञात्वा नपर ज्ञेय" ॥ તેને જાણ્યા પછી બીજું જાણવાનું રહેતું નથી આથી કરીને જેને પાદો સહિત ૐકારનું જ્ઞાન થયું છે, તેણે દૃષ્ટ વા અદૃષ્ટ કોઈ પણ વસ્તુનું ચિંતન કરવું નહિ, પણ મનને પ્રણવ વિષે જ યોજવું જોઈએ એટલું જ નહિ પણ તેમાં જ સમર્પણ કરી દેવું જોઈએ

(૧૪) શિષ્ય ૐકાર જપનારને કોઈ પણ પ્રકારનો ભય કદાપિ થાય છે કે, તે કહો

વ્યાસ શ્રીગૌડપાદીયકારિકાસહિત અથર્વવેદીય માંડૂક્યોપનિષત, પ્રકરણ ૧, શ્લોક ૨૫માં જણાવ્યું છે કે

युञ्जीत प्रणवे चेत प्रणवो ब्रह्म निर्भयम ।
प्रणवे नित्ययुक्तस्य न भय विद्यते क्वचित् ॥

અર્થ ૐકાર બ્રહ્મરૂપ અને નિર્ભય છે અને જે આત્મા નિત્ય ૐકારના ધ્યાનમાં જોડાયેલો રહે છે, તેને કોઈ પણ પ્રકારનો ભય કદી ઉત્પન્ન થતો નથી અને રહેતો નથી

ટૂંકમાં, પ્રણવ ૐકારમાં ચિત્ત જોડનાર નિર્ભય થાય છે

(૧૫) શિષ્ય ૐકારને પરમબ્રહ્મ અને પરબ્રહ્મ એમ કહેવાનું શું કારણ? વળી તે ૐકારને અવ્યય શા માટે કહ્યો? શું તે પ્રણવ સર્વના આદિરૂપ છે?

વ્યાસ શ્રીઅથર્વવેદીય પ્રશ્નોપનિષત્, પ્રશ્ન ૫, મંત્ર ૨માં જણાવ્યું છે કે

तस्मै स होवाच। एतद्वै सत्यकाम परं चापरं च ब्रह्म यदोङ्कारः।
तस्माद्विद्वानेतेनैवायतनेनैकतरमन्वेति ॥

અર્થ : પિપ્પલાદમુનિએ શિબિઋષિના પુત્ર સત્યકામને કહ્યું છે કે : આ ૐકાર પરબ્રહ્મ તથા પરમબ્રહ્મ (એટલે અપરબ્રહ્મ) છે. તે અક્ષર (એટલે અવિનાશી) છે તથા તે પરમબ્રહ્મનો (એટલે પરમાત્માનો) વાચક છે. તેથી ૐકાર વડે પરબ્રહ્મને (એટલે વિશ્વેશ્વર-નારાયણને) જાણ્યા પછી પરમબ્રહ્મનું ધ્યાન કરવા કહેલું છે. કેમ કે જે આત્મા ૐકારનું પરબ્રહ્મરૂપે ધ્યાન કરે છે, તે અક્ષરરૂપ (અક્ષરધામ) પરબ્રહ્મને (એટલે અક્ષરબ્રહ્મ-નારાયણને) પ્રાપ્ત કરે છે. અર્થાત્ તે આત્મા અક્ષરબ્રહ્મ અક્ષરધામમાં પ્ર. ૬. નં. ૩૫થી બતાવેલ "ગોલોક"વાસી થાય છે. પરંતુ જે પરમબ્રહ્મ-પરમેશ્વરનું ૐકાર વડે ધ્યાન કરે છે, તે પુરુષ જ્ઞાનસ્વરૂપ એવા પરમબ્રહ્મ, અપરબ્રહ્મને, મૂળસ્વરૂપ-મોક્ષને જ પ્રાપ્ત કરે છે.

प्रणवो ह्यपरं ब्रह्म प्रणवश्च परं स्मृतः।
अपूर्वोऽनन्तरोऽबाह्योऽनपरः प्रणवोऽव्ययः॥

(શ્રીગૌડપાદીયકારિકાસહિત અથર્વવેદીય માંડૂક્યોપનિષત્, પ્રકરણ ૧, મંત્ર ૨૬)

અર્થ : પ્રણવ એ જ "અપરબ્રહ્મ" છે (અર્થાત્ પ્રણવ એ પરમબ્રહ્મ નથી પણ પરમબ્રહ્મ-પરમાત્મા ન્યારો છે), તેથી પ્રણવને શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૮, શ્લોક ૧૩માં "ओमित्येकाक्षरं ब्रह्म"॥ કહીને તેમ જ "प्रणवो ब्रह्म" કહીને પ્રણવને બ્રહ્મ અને પ્રણવતત્ત્વને પરબ્રહ્મ માનેલ છે. આ પ્રણવ "પર" અને "અપર" પાદોથી અને પાદોરહિત એમ બને રીતે છે. અને તેની માત્રાઓની કલ્પના ક્ષીણ થતાં આત્મતત્ત્વ જ બ્રહ્મ છે તેથી તથા પ્રણવમાં તત્ત્વરૂપ ભિન્ન ભિન્ન તત્ત્વો ન હોવાથી "सबाह्यान्तरो ह्ययमः सैन्धव घनवत प्रज्ञानघन"॥ એ રીતે અબાહ્ય છે અને એનું કોઈ અપર કાર્ય નથી. તેથી તે અપૂર્વરૂપ જેનો અંત કોઈ કાળે નથી તેવો અને અનપર (એટલે જેમાંથી બીજું કાંઈ નથી) તથા અવ્યયરૂપ છે.

सर्वस्य प्रणवो ह्यादिर्मध्यमन्तस्तथैव च।
एवं हि प्रणवं ज्ञात्वा व्यश्नुते तदनन्तरम्॥

(શ્રીગૌડપાદીયકારિકાસહિત અથર્વવેદીય માંડૂક્યોપનિષત્, પ્રકરણ ૧, મંત્ર ૨૭)

અર્થ : તે પ્રણવ સર્વના આદિરૂપ, મધ્યરૂપ અને અંત્યરૂપ છે. આ પ્રમાણે ૐકારરૂપ પ્રણવને જાણ્યા પછી મનુષ્ય આત્મભાવને પ્રાપ્ત થાય છે.

(૧૬) શિષ્ય : પ્રણવબ્રહ્મની આજ્ઞા અને અભેદ્ય વચન શું છે, તે જણાવશો?

વ્યાસ : ગુરુએ શિષ્ય સહિત અને શિષ્યે ગુરુ સહિત એકત્ર થઈને આધ્યાત્મિક કાર્યો કરવાં એમ પ્રણવબ્રહ્મની આજ્ઞા છે. પ્રણવબ્રહ્મ ૐનું અભેદ્ય વચન એ છે કે, જેમ અર્ધમાત્રા, અ, ઉ, મ, એ અક્ષરો ઓછાવત્તા આત્મબળવાળા, ઓછાવત્તા ગુણવાળા, કોઈ વધારે તો કોઈ ઓછા મોહમાયાવાળા દોષિત છે. છતાં પણ આ ચારેને એકત્ર કરીને તેના પર બિંદુ (પરમાત્મા)નું ચિહ્‌ન વિરાજમાન છે એટલે પ્રકાશમાન છે. તે પ્રમાણે ઉત્તમ, મધ્યમ, સામાન્ય અને કનિષ્ટ ચારે પ્રકારના શિષ્યો સાથે ગુરુએ બિંદુ સમાન એકત્ર થઈને જ દરેક કાર્યો કરવાં. કોઈ શિષ્ય થોડો અયોગ્ય હોય તો તેથી બીજા સમજુઓ તેનો ત્યાગ કરવો નહીં. પ્રણવમાંના ઉકાર અને મકાર માયાવાળા દોષિત હોવા છતાં પરમેશ્વરનો વાચક પ્રણવ, બિંદુના ધ્યાન વખતે તેને નહિ જપવાનું ન કહેતાં દોષિત માયામય અક્ષરોને સાથે લઈને જપો અને કોઈ અક્ષરને જુદો ન પાડો તો જ તે એકરૂપભાવ વડે પ્રણવના ઉચ્ચારથી માયાતીત પરમેશ્વરની ઉપાસના સફળ અને અનંત ફળદાયક થશે, એમ જણાવીને યોગદર્શન, સમાધિપાદ, સૂત્ર ૨૭માં "तस्य वाचकः प्रणवः" ॥ પ્રણવ પરમેશ્વરનો વાચક હોવાનું કહેવું છે.

(૧૭) શિષ્ય : વૃક્ષને ૐકાર સાથે કેવી રીતે સરખાવાય?

વ્યાસ : વિશ્વરૂપી વૃક્ષના મૂળરૂપ પરમાત્મા છે, થડરૂપ નારાયણ (અક્ષરબ્રહ્મ) છે, ડાળાંરૂપ શક્તિ, શિવ, વિષ્ણુ, ચતુર્મુખી બ્રહ્મા (ઈશ્વરો) છે, પાંખડાંરૂપ ઈંદ્ર, ચંદ્ર, સૂર્ય આદિ (દેવદેવીઓ) છે, પાંદડાંરૂપ જગાત્મા (ઝાડ, પહાડ વગેરે) છે, ફૂલરૂપ જીવાત્મા (કીટ, પતંગ, પશુ, પક્ષી ઇત્યાદિ) છે અને ફળરૂપ મનુષ્યાવનારી આત્માઓ છે. આવી રીતે વૃક્ષને ૐકાર સાથે સરખાવાય છે. તેથી "પ્રણવવિજ્ઞાન"માં કહ્યું છે કે :

(મનહર છંદ)

ઊર્ધ્વ મૂળ મધ્ય શાખા, વૃક્ષ ગીતાએ વર્ણવ્યું;<br>
ૐમાં તે સમજ્જો, રૂડું જ્ઞાન થાય છે.<br>
ઊંચું મૂળ પરમબ્રહ્મ, થડ તે સગુણબ્રહ્મ;<br>
ડાળાં રૂપી ઈશ્વરો, તે શાખાઓ કેવાય છે.<br>
પાંખડાં તે દેવકોટિ, સ્વર્ગના નિવાસી સહુ;<br>
ફળ, ફૂલ, પત્ર રૂપી, લોક આ દેખાય છે.<br>
પત્રરૂપી જગાત્મા છે, પુષ્પરૂપી જીવાત્મા છે;<br>
ફળરૂપી મનુષ્યોને, આત્માઓ કહેવાય છે.

વૃક્ષરૂપી વિશ્વની સમજણ શ્રીમદ્ ભગવદ્ગીતાના અધ્યાય ૧૫ના, પહેલા, બીજા, ત્રીજા અને ચોથા શ્લોકોથી બતાવી છે, તે વાંચી લેશો.

(૧૮) શિષ્ય : "વલ્લભ વિષ્ટિ", ભાગ ૩ના પદ નંબર ૭૩માં ૐને સદ્ગુરુ શા માટે કહ્યો, તે જણાવશો?

વ્યાસ : સદ્ગત મહારાજશ્રી વલ્લભરામે "વલ્લભ વિષ્ટિ", ભાગ ૩ના પદ નંબર ૭૩માં લખ્યું છે કે :

"તપ, યજ્ઞ, ગાયત્રીમાં, પ્રથમોચ્ચાર ૐ છે;
ધ્યાન ધ્યેય બતાવે તે, સદ્ગુરુ પણ ૐ છે."

વ્યાસજીએ "વલ્લભ વિષ્ટિ", ભાગ ૩માં જણાવ્યા મુજબ વેદમાં અનેક દેવો વગેરેના અનેક મંત્રો છે પરંતુ તત્ત્વમંત્ર અને શરૂઆતનો પ્રથમ અથ શબ્દ ૐ છે. કેમ કે વેદનો કોઈ પણ મંત્ર પ્રથમ ૐ શબ્દ બોલ્યા સિવાય આરંભ કે બોલાય નહીં તેવો અતિ પ્રાચીન સમયથી ચાલ્યો આવતો નિયમ છે.

ૐમાં પ્ર. દ. નં. ૮૮થી બતાવેલ "ઉકાર", પ્ર. દ. નં. ૬૬થી બતાવેલ "મકાર", પ્ર. દ. નં. ૪૧થી બતાવેલ "અકાર", પ્ર. દ. નં. ૨૪ને ૨૫થી બતાવેલ "અર્ધમાત્રા", પ્ર. દ. નં. ૭૧થી બતાવેલ "કડંગ" વગેરેમાં જે દેવો, ઈશ્વરો આદિ દર્શાવેલ છે, પણ સૃષ્ટિ ઉત્પન્ન થયા પછી મહાન યોગીપુરુષોએ શોધ કર્યા પછી જણાવેલ છે. માટે ૐ તે દેવો, ઈશ્વરોનું રહસ્ય નથી, પણ જે તમામ દેવો, ઈશ્વરો વગેરે ઉત્પન્ન થતાં પહેલાં બ્રહ્માંડ (જુઓ પ્ર. દ. નં. ૭૩)ની બહાર આકાશમાં અને પરમગતિમાં ૐ શબ્દ બ્રહ્મરૂપે વ્યાપક હતો, તે ૐને "ॐ खं ब्रह्म"॥ (જુઓ પ્ર. દ. નં. ૧૨) કહેલો છે; અને તે શ્રીવિશ્વેશ્વર-નારાયણની ઉપર અને બિંદુ (જુઓ પ્ર. દ. નં. ૧થી ૩)ની નીચે પ્ર. દ. નં. ૧૨થી ઊંધો ઓમ્ બતાવ્યો છે, તે "શબ્દબ્રહ્મ" યાને "આકાશવત્ વ્યાપક શબ્દબ્રહ્મ" યાને "ખં બ્રહ્મ" છે. અને તે ઓમ્ જ્યારે શ્રીવિશ્વેશ્વર-નારાયણ પરમેશ્વરમાંથી જાગ્રદવસ્થાની શરૂઆતમાં બહાર નીકળે છે, ત્યારે જેમ કૂકડાને પ્રહરે પ્રહરે (એટલે ત્રણ કલાકે યા પહોરે) ગળામાં ખૂજલી (એટલે ચળ યા વલૂર) આવી કૂકડેકૂક બોલાઈ જાય છે તેમ શ્રીવિશ્વેશ્વર-નારાયણના ઉપર પરમાત્માની પરમગતિનું દબાણ આવ્યાથી તે બ્રહ્મદશામાંથી સહેજ જાગ્રત થતાં તુરત જ ૐ બોલે છે. તે ૐ પ્ર. દ. નં. ૩૭થી બતાવેલ મહદાકાશની ઉપર, બ્રહ્માંડમાં આકાશની ઉપર વિશ્વનો આત્યંતિક (એટલે આખરી) પ્રલય (એટલે કલ્પને અંતે જગતનો લય) બાદ પણ આકાશમાં વ્યાપક રહે છે. તેથી તેને "આકાશવત્ વ્યાપક શબ્દબ્રહ્મ" યા "ૐ ખં બ્રહ્મ" કહ્યો છે.

અને વળી અવાજને ગ્રહણ કરવાનો આકાશનો ગુણ હોઈ અક્ષરધામની નીચે બ્રહ્માંડમાં, મહદાકાશમાં, ઈથર (એટલે એક અતિ સૂક્ષ્મ તત્ત્વ જેમાં થઈને પ્રકાશનાં મોજાંનો સંચાર થાય છે તે) હવામાં શબ્દને ગ્રહણ કરવાનો ગુણ હોઈ રેડિયો અને વાયરલેસ ચાલે છે, પરંતુ જે અક્ષરધામની નીચેનું મહદાકાશ છે તેમાં પણ આત્મિક અવાજને ગ્રહણ કરી રાખવાની તાકાત છે, તેથી તે અવાજને યોગી પુરુષો યોગબળના વેવલેંગ્થથી સાંભળી શકે છે અને તેની ઉપર એટલે અક્ષરધામની ઉપર જે આકાશ છે તે પરમગતિ (જેમ દૂધમાં ઘી રહે છે તેમ) ગુહ્ય રહેલા જીવાત્માથી ભરપૂર આકાશમાં ઓમ્ શબ્દ કે જે શ્રીવિશ્વેશ્વર-નારાયણના બ્રહ્મસ્વરૂપ શુદ્ધાત્માથી બોલાય છે તે અવાજ કાયમ રહે છે. સૃષ્ટિ ઉત્પત્તિ પહેલાં શ્રીવિશ્વેશ્વર-નારાયણથી જપાતો અને બ્રહ્મદશામાં નિમગ્ન કરનારો એવો પરમાત્મા-પરમેશ્વરનો વાચક મંત્ર ઓમ્ છે.

તેથી અતિ પ્રાચીન ઋષિઓ, ઈશ્વરો અને નારાયણ, પરમાત્મા એવો શબ્દ બોલીને બિંદુની (એટલે પરમાત્માની) ઉપાસના ન કરતાં માત્ર ૐ બોલીને પરમાત્માની ઉપાસના કરતા હતા. વળી બ્રહ્મકર્મસિદ્ધિના પ્રયોગોમાં પણ માત્ર ૐકાર જ જપાય છે. તે ૐ એ જ પરમેશ્વરનો વાચક મંત્ર છે અને તેથી બિંદુને ૐરૂપે માનેલ છે.

યોગીઓ ૐકાર સહિત બ્રહ્મરૂપ પરમાત્માને જપવાથી આધ્યાત્મ, અધિભૂત, અધિદૈવ મળનો નાશ કરી મોક્ષને પામે છે કે જ્યાંથી પાછા જન્મમરણના ભવપાશમાં આવવું પડતું નથી. તે મંત્ર ૐકાર સહિત પરમાત્માનું ધ્યાન કરવાનો છે અને તેના ધ્યાનને બ્રહ્મનાદ કહે છે. તે બ્રહ્મનાદમાં અ, ઉ, મ એમ ત્રિમાત્રાવાળો ૐકાર બોલાય છે, જે સ્વપ્રકાશ, અવ્યક્ત પરમાત્માને જણાવે છે અને તે બ્રહ્મનાદ ઇન્દ્રિય તથા દેહદ્વારા ખરા રહસ્યમાં શ્રવણ થતો નથી, પરંતુ આત્માની વૃત્તિઓ જ્યારે ઇન્દ્રિયો તથા દેહથી વિરક્ત થાય છે ત્યારે જ શુદ્ધ સ્વરૂપમાં ૐકાર સમજાય છે અને ત્યારે જ પરમાત્માનું અવશ્ય ભાન થાય છે. કેમ કે ૐકારના ઉપર જે બિંદુ છે, તે બિંદુરૂપ પરમાત્મા છે, તેને ૐકારના ધ્યાનથી જાણવાની અવશ્ય ઇચ્છા ઉત્પન્ન થાય છે અને ૐકાર સહિત ધ્યાન કરી શકાય છે. અને તે ૐકાર સહિત પરમાત્માનો મંત્ર તે સર્વ મંત્રોનું, ઉપનિષદોનું અને વેદોનું સૌના તત્ત્વરૂપ સનાતન બીજ છે. અર્થાત્ દરેક વેદો, ઉપનિષદો અને સર્વ પ્રકારના મંત્રોમાં ૐકાર એ જ શ્રેષ્ઠ મંત્ર છે.

આ ૐકાર ધ્વનિ જ સૃષ્ટિનું આદિમૂળ અને તેનો ઝંકાર જ શક્તિ કેન્દ્રનો સ્પંદન ધ્વનિ છે. આ ૐકાર ધ્વનિને યોગી પુરુષો યોગબળના વેવ-

ટોંચથી યા અંતરાત્મામાં અજ સ્પંદન ધ્વનિ, અદ્ભુત પ્રણવ ઝંકાર સાંભળી શકે છે.

દેહને દમન કરીને (એટલે કાબૂમાં રાખીને) તપ કરવું તે તપ નથી, પણ મનોબુદ્ધિના વિચારોને દમન કરવા તે "તપ" છે. અર્થાત્ ઇન્દ્રિયોને દમન કરી તપાવવી અને ઇન્દ્રિયોની વાસના તૃપ્ત ન થવા દેવી તેનું જ નામ "તપ" છે.

યજ્ઞ એ "યુજ્" ધાતુ ઉપરથી થયેલો છે. અર્થાત્ સમર્પણ કરવું એ યજ્ઞનો અર્થ છે. ઘી કે હવ્ય હોમવા તે યજ્ઞના કરતાં સદ્ગુરુશ્રીને યા પરમેશ્વરને પોતાનો આત્મા અને આત્મામાં રહેલ બ્રહ્મત્વ (એટલે આત્મતત્ત્વ યા આત્મ-જ્યોતિ) સમર્પણ કરી દઈ સર્વાંગે પરમેશ્વરના આશ્રિત (એટલે આશ્રયે રહેલા) બની જીવન જીવવું તેનું નામ "યજ્ઞ" છે.

આમ છતાં બાહ્યદૃષ્ટિના અર્થોમાં જોઈએ તોપણ દરેક તપ, યજ્ઞ અને ગાયત્રીમાં, તે આરંભ કરતાં પહેલાં, ૐ શબ્દ બોલાય છે, તે પછી જ કાર્ય ચાલુ કરાય છે. માટે ૐ પ્રથમોચ્ચાર છે. તેથી જ કલ્યાણ કરનાર, ધ્યાન કરવા યોગ્ય, ધ્યેય અને સદ્ગુરુ ૐ છે, એમ કહ્યું છે. ગુરુગીતાના એક શ્લોકમાં જણાવ્યું છે કે :

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः।
गुरुः साक्षात् परब्रह्म तस्मै श्रीगुरवे नमः॥

અર્થ : આ શ્લોકમાં બ્રહ્મા, વિષ્ણુ, શંકર આદિને ગુરુ માન્યા છે, પણ તેમના જન્મ્યા પહેલાં એટલે અતિ પ્રાચીન સદ્ગુરુ ૐ છે અને બીજા બધા ગુરુ છે. તેથી જ સદ્ગુરુ માત્ર ૐકાર છે એમ કહ્યું છે. તેથી મહાન યોગેશ્વર પતંજલિએ કહ્યું છે કે :

स एषः पूर्वेषामपि गुरुः कालेनानवच्छेदात्॥ (પાતંજલ યોગસૂત્ર)

અર્થ : જે કાળના કાળ વડે છેદાતો નથી અને અનંત કાળે પણ જેનું છેદન કે નાશ થઈ શકતો નથી, તેને જ સૌથી પરમશ્રેષ્ઠ ગુરુ માન્યા છે અને તેવા પરમ સદ્ગુરુ તે પરમેશ્વર છે. અર્થાત્ જેનો અનંત કાળે પણ નાશ ન થાય તે જ સદ્ગુરુ ૐ યા પરમાત્મા યા મોક્ષ છે. બીજા અર્થમાં જે મોક્ષપ્રાપ્તિ કરાવે તે જ સદ્ગુરુ છે. માટે ૐ એટલે સદ્ગુરુ અને તે ૐ પરમાત્મા મોક્ષસ્વરૂપ છે.

માટે માયાના ચારે દેહો (સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહો) વડે જે ઉચ્ચાર ન થતાં તેમજ આત્મા વડે ઉચ્ચાર ન થતાં આત્માના આત્મ-

દહરમાં યા આત્મગુહામાં યા આત્મહૃદયમાં રહેલ કૂટસ્થબ્રહ્મ (એટલે આત્મ-જ્યોતિ યા આત્મતત્ત્વ) વડે ૐનો ઉચ્ચાર થાય તે જ મોક્ષનો અધિકારી બને છે.

(૧૯) શિષ્ય : નિર્ગુણ પરમેશ્વરની પ્રાપ્તિ માટે કયો મંત્ર શ્રેષ્ઠ ગણાય છે?

વ્યાસ : શ્રીશક્તિ ગીતાના અધ્યાય ૪, શ્લોક ૯માં કહ્યું છે કે :

निर्गुणस्य स्वरूपस्य प्रणवो वाचकोऽस्तिहि ॥

અર્થ : પ્રણવ નિર્ગુણ સ્વરૂપ પરમેશ્વર-પરમાત્માનો વાચક છે, તેથી પ્રણવના જપ વડે જ નિર્ગુણબ્રહ્મ-પરમાત્માની પ્રાપ્તિ થાય છે. તે સિવાય અન્ય મંત્રોથી નિર્ગુણ પરમેશ્વરની અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

(૨૦) શિષ્ય : જગતને બ્રહ્મ કહી શકાય કે?

વ્યાસ : "વેદાન્ત દર્શન", અધ્યાય ૧, પાદ ૨, સૂત્ર ૨માં જણાવ્યું છે કે :

विवक्षितगुणोपपत्तेश्च ॥

અર્થ : બ્રહ્મમાં એટલે પરમાત્મા-પરમેશ્વરમાં કથન કરવા યોગ્ય ગુણો આ જગતમા નથી, માટે જગત બ્રહ્મ નથી.

सर्वत्र प्रसिद्धोपदेशात् ॥ (વેદાન્ત દર્શન, અધ્યાય ૧, પાદ ૨, સૂત્ર ૧)

અર્થ : સર્વ વેદ તથા ઉપનિષદોના વચનોમાં એવો પ્રસિદ્ધ ઉપદેશ જણાય છે કે આ જડ જગત બ્રહ્મથી એટલે પરમાત્માથી ભિન્ન છે. જેમ કે,

ईशावास्यमिदं सर्वं यत्किञ्चजगत्यांजगत् ॥ (ય. અ. ૪૦/૧)

અર્થ : આ સર્વ જડ જગત પરમાત્માથી વ્યાપ્ત છે. એટલે જેમ સૂર્ય સ્વરૂપે ન્યારો છે પણ તેની પ્રકાશની ગતિએ જગતમાં વ્યાપ્ત છે, તેમ જ્ઞાન-સ્વરૂપ પરમાત્મા-પરમેશ્વર પોતાના સ્વરૂપે ન્યારો છે પણ તેની અનંત જ્ઞાન-ચૈતન્ય શક્તિશાળી પરમગતિ વડે આખા પ્રણવ-ૐકારમાં વ્યાપ્ત છે. એ પ્રકારે વ્યાપ્ય વ્યાપકનો ભેદ ખુલ્લો જણાવ્યો છે.

(૨૧) શિષ્ય : પ્રણવથી કોઈ બીજો શ્રેષ્ઠ મંત્ર છે કે? જ્ઞાનશક્તિનો બીજમંત્ર કયો તે જણાવશો?

વ્યાસ : શ્રીશક્તિ ગીતાના અધ્યાય ૪, શ્લોક ૧૬માં કહ્યું છે કે :

ज्ञानशक्तेरतोह्यस्ति प्रणवो बीजमद्भुतम् ॥

અર્થ : જ્ઞાનશક્તિનો મહા અદ્ભુત બીજમંત્ર પ્રણવ છે. પ્રણવ સમાન જ્ઞાન, યોગશક્તિવાળો બીજો કોઈ મંત્ર છે જ નહીં.

प्रणवो निर्गुणानाम्वं मन्त्राणामादिमोऽस्त्यतः।
आस्ते प्रणवमाहात्म्यं सर्वमूर्द्धन्यताङ्गतम् ॥
अतोहि सच्चिदानन्द स्वरुपोद्भावको परम्।
प्रणवो मन्त्र राजोऽस्ति मन्त्राणा सेतुरेव च ॥

(શ્રીશક્તિ ગીતા અધ્યાય ૪, શ્લોક ૨૨ ને ૨૩).

અર્થ : પ્રણવ નિર્ગુણ મંત્રોનો આદિ છે, માટે પ્રણવનું માહાત્મ્ય સર્વોપરી છે, માટે પરમોત્કૃષ્ટ સચ્ચિદાનંદનું જ્ઞાન કરાવનાર શ્રેષ્ઠ પ્રણવ સર્વ મંત્રોનો રાજા છે તથા સર્વે આધ્યાત્મિક મંત્ર શક્તિઓનો સેતુ છે.

અન્ય મંત્રોની ગતિ જે લોકોના દેવની ઉપાસના થતી હોય તે દેવના લોક સુધી જ તે તે મંત્રની ગતિ છે, પરંતુ તે લોકોથી ઊંચે જવાની તે મંત્રોમાં શક્તિ નથી પરંતુ પ્રણવની ગતિ મોક્ષ સુધી છે. માટે પ્રણવથી કોઈ બીજો શ્રેષ્ઠ મંત્ર છે જ નહીં.

(૨૨) શિષ્ય : બીજમંત્રોની અને પ્રણવમંત્રની ગતિ ક્યાં સુધીની છે અને ૐકારની સાથે બીજમંત્ર જોડીને સાધના કરવામાં આવે તો શું ફળ પ્રાપ્ત થાય?

વ્યાસ : તમારા પ્રશ્નનો જવાબ શ્રીશક્તિ ગીતામાં આપ્યો છે :

सत्यं वो वच्म्यहं देवाः। प्रणवस्य गतिः खलु।
उच्चैः सप्तोर्द्ध्वलोकेभ्यस्तयास्ते पञ्चकोषतः ॥
गतिश्च बीजमन्त्राणां "षष्ठलोकावधि" ध्रुवम्।
किन्तु ते प्रणवोपेताः कैवल्याभ्युदयप्रदाः ॥

(શ્રીશક્તિગીતા, અધ્યાય ૪, શ્લોક ૩૨ ને ૩૩)

અર્થ : આદિશક્તિ દેવનાઓને મંત્રસિદ્ધિ પ્રાપ્ત કરવા ઉપદેશ કરી સમજાવે છે કે, બીજમંત્રોની ગતિ ઊંચ પ્રકારના છ લોક (જેવાં કે : સૂર્યલોક, બ્રહ્માના લોક, વિષ્ણુલોક, શિવલોક, શક્તિલોક, અર્થાત્ સૂર્યધામ, બ્રહ્મપુરી, વૈકુંઠ, કૈલાસ, શક્તિપુરી, અક્ષરધામ) સુધીની છે પરંતુ તે ઉપરાંતની એટલે માયાથી બહાર પરમાત્મા સુધી પહોંચવાની શક્તિ તે બીજમંત્રોમાં નથી. ત્યારે પ્રણવની ગતિ પંચકોષ તથા સપ્ત ઊર્ધ્વલોકથી પણ આગળ જનારી પરમેશ્વર સુધી પહોંચનારી છે.

કિંતુ જો પ્રણવની સાથે બીજમંત્ર સંયુક્ત હોય તો તે કૈવલ્ય મુક્તિના માર્ગે ચઢાવીને આત્મોભ્યુદય કરનારી છે અર્થાત્ ઊંચ "મોક્ષમર્ગે" દોરનારી છે પણ "મોક્ષ આપનારી નથી", પરંતુ એકલી પ્રણવની ઉપાસના "निःश्रेयसं

પદમ્"॥ (શ્રીશક્તિ ગીતા, અધ્યાય ૪, શ્લોક ૪૪) નિષ્કામ મોક્ષને જ આપે છે.

(૨૩) શિષ્ય : પ્રણવબ્રહ્મ મંત્રના જપથી શો લાભ થાય છે?

વ્યાસ : તમારા પ્રશ્નનો જવાબ "ઉપાસના અને મુક્તિ" પ્રકરણમાં સવાલ નંબર ૩૫માં સંપૂર્ણપણે જણાવ્યો છે, તે વાંચી લેશો. તે ઉપરાંત જણાવીએ છીએ કે :

ॐकारं बिंदुसंयुक्तं नित्यं ध्यायंति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः॥

(શિવપડક્ષર સ્તોત્ર, મંત્ર ૧)

અર્થ : પ્રણવ-ૐકારને બિંદુ સહિત અર્થાત્ બિંદુ પરમાત્માના મંત્ર સહિત અગર પ્રણવને પરમેશ્વરનો વાચક માની બિંદુ સહિત ૐકાર વડે જ્ઞાની, યોગી પુરુષો નિત્ય ધ્યાન, ઉપાસના કરતા આવ્યા છે અને કરે છે. તે પ્રણવ-ૐકાર મનોકામનાઓ સિદ્ધ કરનારો અને મોક્ષ આપનારો છે. તેથી જ હું મોક્ષાકાંક્ષી તે ૐકારને નમન કરું છું એમ કહેલું છે.

(૨૪) શિષ્ય : વેદો અને મોક્ષધર્મનું રહસ્ય શું છે?

વ્યાસ : ભાઈ! વેદો અને મોક્ષધર્મનું રહસ્ય બહુ જ ઉત્તમ છે. પ્રણવ-ૐકાર વડે પરમાત્માનું ધ્યાન કરવું, તે જ વેદોનું અને મોક્ષધર્મનું યા મોક્ષમાર્ગનું રહસ્ય છે.

(૨૫) શિષ્ય : મોક્ષધર્મ યા મોક્ષમાર્ગનો સાચો અર્થ શો થાય છે?

વ્યાસ : મોક્ષેચ્છુ યા મુમુક્ષુઓએ પ્રણવ મંત્રથી પરમાત્માનું ધ્યાન કરવું અને જ્ઞાનસહિત સાધના કરવી તેનું જ નામ "મોક્ષધર્મ" યા "મોક્ષમાર્ગ" છે.

(૨૬) શિષ્ય : શું પ્રણવના ધ્યાનમાં સર્વનું ધ્યાન સમાઈ જાય છે?

વ્યાસ : વેદોના સત્ય જ્ઞાન, વેદાંત, ઉપનિષદો આદિમાં બતાવ્યું છે કે, મનુષ્યે પહેલાં પ્રવૃત્તિ માર્ગમાં રહીને, પ્રવૃત્ત કર્મ કરીને ધર્મ, અર્થ, કામ એ ત્રિવર્ગની સાધના કરવી જોઈએ અને પછી છેવટે ચોથા અપવર્ગ મોક્ષની પ્રવૃત્તિ કરવી જોઈએ. પરંતુ જે સાધના વડે ચારે પુરુષાર્થ સધાય અને સિદ્ધ થાય તે જ સાચી સાધના છે. અન્ય સાધનાઓ ઘણે ભાગે ધોખો દે છે, કેમ કે એકની સાધના કરવામાં અન્યની સાધના રહી જાય છે. તેથી "प्रणवः परमोमंत्रः"॥ તથા "प्रणवस्सर्वमन्त्र राजोस्ति"॥ કહી પ્રણવને શ્રેષ્ઠ મંત્ર અને સર્વ મંત્રોનો રાજા કહેલો છે. કેમ કે પ્રણવમાં સર્વ બ્રહ્માંડોના મહાપુરુષો, દેવો, ઈશ્વરો, અંશાવતારો, નારાયણ વગેરેનું ધ્યાન આવી જાય છે એમ

જગતમાં સામાન્ય અર્થ પ્રચલિત છે, પરંતુ સર્વ દેવોનું ધ્યાન કરવાથી પ્રણવ શ્રેષ્ઠ મંત્ર છે એવો હેતુ નથી. કેમ કે સાચી સાધના એ છે કે, જે આત્માને પરમાત્માભિમુખ બનાવીને અને જો તેનું ધ્યેય માત્ર પરમાત્મા હોય તો જ તેને મોક્ષપ્રાપ્તિ થાય છે, તે સિવાય અન્યની ઉપાસનાથી મોક્ષપ્રાપ્તિ થતી નથી. જેમ હાથીના પગલાંમાં સર્વનાં પગલાં સમાઈ જાય છે તથા જેમ આકાશની નીચે અનંત બ્રહ્માંડ સમાઈ જાય છે, તેમ મોક્ષસ્વરૂપ પરમાત્માના ધ્યાનમાં સર્વનું ધ્યાન સમાઈ જાય છે. તેથી પ્રણવના ધ્યાનમાં સર્વનું ધ્યાન આવી જાય છે એમ માન્યું છે. માટે,

प्रणवो धनुः शरोह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते।
अप्रमत्तेन वेद्धव्यं शरवत्तन्मयो भवेत् ॥

(શ્રીઅથર્વવેદીય મુણ્ડકોપનિષત્, મુણ્ડક ૨, ખંડ ૨, મંત્ર ૪).

અર્થ : ૐકાર પ્રણવ ધનુષ છે, આત્મા બાણ છે અને તે બાણનું લક્ષ્ય-બિંદુ પરમબ્રહ્મ-પરમાત્મા છે. માટે સહેજ પણ આળસ કર્યા વિના ઇન્દ્રિયોનો નિગ્રહ કરીને સાવધપણાથી (આત્મયોગ) વેધ કરવો જોઈએ (આત્માને પરમબ્રહ્મમાં તલ્લક્ષ્ય બનાવી દેવો) કે જેમ બાણ વેધસ્થાન ઉપર પેસી જાય છે તેમ આત્મા પરમબ્રહ્મમાં એવો તન્મય થઈ જાય કે તેનાથી બીજે સહેજ પણ ખસાય નહીં.

(૨૭) શિષ્ય : પ્રણવ-ૐકારમાં નવ આત્મા આવેલા છે તે જણાવો.

વ્યાસ : તમારા સવાલનો જવાબ "પ્રણવ-ૐકારની રૂપરેખા" નામના પ્રકરણમાં પ્રશ્ન નંબર ૧૪થી જણાવ્યો છે, તે વાંચી લેશો.

(૨૮) શિષ્ય : પ્રણવ-ૐકારનું તત્ત્વ રહસ્ય સમજાવશો?

વ્યાસ : ભાઈ! આ વિષય અનેક પ્રશ્નોમાં સમજાવવામાં આવ્યો છે. છતાં જોઈ લઈએ :

ॐ खं ब्रह्म । (યજુર્વેદ)

અર્થ : આકાશવત્ વ્યાપક અને શ્રેષ્ઠ બ્રહ્મ ૐકાર છે.

ओमित्येतदक्षरमुद्गीथमुपासीत ॥

(શ્રીસામવેદીય છાંદોગ્યોપનિષત્, પ્રપાઠક ૧, ખંડ ૧, મંત્ર ૧)

અર્થ : અવિનાશી એવા ૐકારનું સર્વેએ ધ્યાન કરવું જોઈએ, અને તે ૐકાર પરમેશ્વરનો વાચક છે.

तस्य वाचकः प्रणवः ॥ (પાતંજલ યોગ)
एतदेवाक्षरं ब्रह्म एतदेवाक्षरं परम्।
एतदेवाक्षरं ज्ञात्वा ब्रह्मरत्नं महीयते॥
(શિવગીતા, અધ્યાય ૧૫, શ્લોક ૧૨)

અર્થ : સર્વ શ્રેષ્ઠ, સર્વજ્ઞ પરમાત્માને જાણવા માટે પ્રથમ શબ્દ ૐકાર છે, અને તે વડે જ પરમેશ્વર પ્રતિ લક્ષ દોરાય છે. તેથી બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ દેનાર અને મૂળ બ્રહ્મમાં ભાવના કરાવનાર પ્રતીક ૐકાર છે.

प्रविलीनं तदोंकारे परंब्रह्म सनातनम्।
तस्मादोंकार जापी यः स मुक्तो नात्र संशयः॥
(શિવગીતા, અધ્યાય ૧૫, શ્લોક ૧૪)

અર્થ : તે એકાક્ષર બ્રહ્મ, અક્ષર એટલે અવિનાશી એવો સર્વથી શ્રેષ્ઠ છે, અને તેને જાણીને બ્રહ્મસ્વરૂપ કૈવલ્યપદને પમાય છે. આ સર્વોત્કૃષ્ટ ૐકારમાં સર્વ વિશ્વનો સમાવેશ થાય છે. તેથી અવશેષમાં સાર રૂપે તો સકળ સનાતન પરમબ્રહ્મ-પરમાત્મા જ છે. માટે ૐકારનો જાપ કરનાર આત્માનો નિ:શંકપણે અવશ્યમેવ મોક્ષ થાય છે. આ રીતે ૐકાર સહિત પરમાત્માને જપવો તે જ મોક્ષનો માર્ગ છે, અને મોક્ષના માર્ગથી મોક્ષપદ પમાય છે.

प्रणवः सर्व वेदेषु॥ (શ્રીમદ્ ભાગવદ્ગીતા)
गिरामस्म्येकमक्षरम्॥ (શ્રીમદ્ ભાગવદ્ગીતા)

અર્થ : સર્વ વેદમાં પ્રણવ એ શ્રેષ્ઠ અને તત્ત્વરૂપ છે. વાણીમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ૐકાર છે.

सर्वे वेदा यत्पदमामनन्ति तपांऽसि सर्वाणि च यद्वदन्ति।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदः संग्रहेण ब्रवीम्योमित्यतत्॥
एतद्ध्येवाक्षरं ब्रह्म एतद्ध्येवाक्षरं परम्।
एतद्ध्येवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत्॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્, અધ્યાય ૧, વલ્લી ૨, મંત્ર ૧૫ ને ૧૬)

અર્થ : સર્વ વેદો જે શ્રેષ્ઠ પદ પરમપદને માન્ય કરે છે, અને સર્વ કર્મો જે પરમબ્રહ્મને ચિત્તશુદ્ધિ દ્વારા મેળવાવે છે, જે બ્રહ્મને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા યા મોક્ષની ઇચ્છાવાળા આત્માઓ બ્રહ્મચર્ય વગેરે પાળે છે, તે પરમબ્રહ્મદર્શકપદને હું સંક્ષેપે કરીને કહું છું કે તે શબ્દ ૐકાર છે. આ ૐ

અક્ષર બ્રહ્મરૂપ છે અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. આ અક્ષરને જે કોઈ જાણે છે, અને જે તે પદને મેળવવાની ઇચ્છા કરે છે અર્થાત્ મોક્ષને મેળવવાની ઇચ્છા કરે છે, તેને તે પ્રાપ્ત થાય છે અર્થાત્ મોક્ષ ઇચ્છનારને મોક્ષ મળે છે.

ॐकार एवेद ँ सर्वमोडकार एवेद ँ सर्वम् ॥ (ઉપનિષત્સુ)

વાણીઓ ૐકાર સાથે સંલગ્ન છે. ખરેખર, આ તમામ દેવો, ઈશ્વરો, નારાયણ ૐકારમાં આવેલા હોવાથી આખું વિશ્વ ૐકારરૂપ છે, અને તે ૐકારની ઉપાસનાથી જ ને સર્વે પ્રસન્ન થઈ શકે છે. અને મનુષ્યના જુદા આશ્રમો વિષે પ્રાપ્ત થતાં ફળો કરતાં ૐકારોપાસના અત્યંત શ્રેષ્ઠ છે, ૐકાર-પૂજનનું ફળ અમૃતતત્ત્વ છે, ૐકાર એ સત્ય બ્રહ્મ પ્રણવ છે. વેદોના કહેવા પ્રમાણે શ્રીકૃષ્ણયજુર્વેદીય કાઠકોપનિષત્‌માં ખુલ્લી રીતે દર્શાવેલું છે કે કેવળ ૐકારની ઉપાસનાથી જ અમૃતતત્ત્વ મોક્ષ પ્રાપ્ત થાય છે.

ऋचो अक्षरे परमे व्योमन्यस्मिन्देवा अधि विश्वे निषेदुः।
यस्तं न वेद किमृचा करिष्यति य इत्तद्विदुस्त इमे समासते ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૪, મંત્ર ૮)

ઋગ્વેદ આદિ વેદોને વિષે રહેલો અમૃતરૂપ, પરમઆકાશરૂપ અક્ષર કે જેને વિષે સર્વ દેવો અને ઈશ્વરો રહેલા છે એવા શ્રેષ્ઠ દેવ અને ઈશ્વર, ૐકારને જે મનુષ્ય ઓળખે છે, તે સર્વ શ્રેષ્ઠ મોક્ષપદને પ્રાપ્ત થાય છે. પણ જે તે ૐકારને જાણતા નથી, તેવાને ઋગ્વેદ આદિ ઋચાઓ શા અર્થની છે? અર્થાત્ નકામી છે. માટે જેને ૐકારનું જ્ઞાન નથી અને જે ૐકારને ઓળખતો નથી, તેને વેદો વગેરેનો અભ્યાસ હોય તોપણ તે નિરર્થક છે. જ્યાં સુધી તેનાથી ૐકાર નથી સમજી શકાયો, ત્યાં સુધી તે ૐકારના તત્ત્વરૂપ પરમાત્માને ક્યાંથી ઓળખી શકે? અને પરમાત્માને ઓળખ્યા સિવાય કોઈનું જન્મમૃત્યુનું નિવારણ કોઈ કાળે થઈ શકે તેમ નથી. અને ૐકાર નહીં સમજનારને મોક્ષ પ્રાપ્ત ન થતાં સંસારમાં ભટકવા કરવાનું છે.

ओमित्येतदक्षरमिदँ सर्वं तस्योपव्याख्यानं भूतं भवद्भविष्यदिति
सर्वमोङ्कार एव। यच्चान्यत्त्रिकालातीतं तदप्योङ्कार एव॥

(શ્રીઅથર્વવેદીય માંડૂક્યોપનિષત્, પ્રકરણ ૧, મંત્ર ૧)

ૐકાર વર્ણાત્મક અક્ષરબ્રહ્મ છે કે જેનો કોઈ કાળે નાશ થયો નથી. ૐકાર સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં ભૂતકાળમાં હતો, સૃષ્ટિના લય પછી કાયમ રહેશે અને વર્તમાનકાળમાં ૐકારમાં જ સર્વ વિદ્યમાન હોઈ તમામ જીવો, દેવો, ઈશ્વરો, નારાયણ વગેરે ૐકારનું ઉપવ્યાખ્યાન છે, અર્થાત્ સર્વ ૐકારમાં સમા-

યેલાં છે. ૐકારથી પર વિશ્વનું કોઈ તત્ત્વ નથી અને ૐકાર વિશ્વના સમસ્ત જીવાત્માઓના દેવ, દાનવ, માનવ, ઈશ, ઈશ્વર, વિશ્વેશ્વર આદિ સર્વમાં ૐકાર તેના પાદોના ગુણો રાજસ, તામસ, સત્ત્વ, તત્ત્વ વડે વ્યાપ્ત છે. ૐકારથી સ્વતંત્ર રીતે સ્વઆધારે રહેલું એવું કોઈ તત્ત્વ નથી. તેથી બીજી કોઈ વસ્તુનું ૐકાર સિવાય અભિધાન (નામ, વાચક) થઈ શકતું નથી. અને તમામની ઉપાસના ૐકાર વડે જ કરી અભિધાન કરવું જોઈએ, અને અનિર્વાચ્ય (એટલે અવર્ણનીય) પરમબ્રહ્મ-પરમાત્માની પ્રાપ્તિ પણ ૐ વડે જ થઈ શકે છે, તેથી બ્રહ્મ પણ ૐકારનું તાત્ત્વિક રૂપ છે. પરબ્રહ્મ અને પરમબ્રહ્મનું વ્યાખ્યાન વિશ્વ અને જીવાત્માઓ છે. ૐકારનું સ્થાન (જેમ આરસીમાં મનુષ્ય પોતાનું મુખ જુએ છે અને તે પોતાની સામે દેખાય છે તેમ) પરમબ્રહ્મની સમીપ હોવાથી બ્રહ્મ પ્રાપ્તિના શ્રેષ્ઠ ઉપાયરૂપ છે. તેથી "तस्य वाचकः प्रणवः ।। (પાતંજલ યોગદર્શન)માં પ્રણવને પરમાત્માનો વાચક કહ્યો છે. અને પ્રણવની તેના પાદો વડે ઉપાસના કરાય તે લૌકિક અને સગુણ ઉપાસના છે, પરંતુ જ્યારે પાદોરહિત પરમબ્રહ્મના વાચરૂપે પ્રણવની ઉપાસના કરાય ત્યારે તે "અમૃત" રૂપ મોક્ષ આપે છે (ઉપનિષદોમાં મોક્ષને અમૃત કહેલ છે.) અને આત્મબ્રહ્મને પરમબ્રહ્મમાં તન્મય બનાવે છે.

सर्वं ह्येतद्ब्रह्मायमात्मा ब्रह्म सोऽयमात्मा चतुष्पात् ॥

(શ્રીઅથર્વવેદીય માંડુક્યોપનિષત્, પ્રકરણ ૧, મંત્ર ૨)

સઘળું વિશ્વ એટલે હું, તું ના વિષયરૂપ તમામ વિશ્વ પ્રણવબ્રહ્મમાં માયાવી હોવા છતાં પણ સમાવેશ થયેલું છે. જેમ બોમ્બની અંદર કાચ, લોખંડના ટુકડા, ઝેરી તત્ત્વો વગેરે ભરેલાં હોય છે છતાં તેને કાચ, લોખંડના ટુકડા વગેરે નથી કહેવાતા પણ બૉમ્બ કહેવાય છે, તે પ્રમાણે "प्रणवो हि परब्रह्म" ।। પ્રણવ એ જ બ્રહ્મ છે અને શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ શ્રીકૃષ્ણપ્રભુએ "ओमित्येकाक्षरं ब्रह्म" ।। ૐને એક જ અને અવિનાશી બ્રહ્મ કહેલો છે. આ રીતે અવિનાશી બ્રહ્મમાં નાશી અને વિનાશી, નશ્વર અને લાંબા સમયે નાશ પામનાર વિશ્વ રહેલ છે, છતાં તે ૐકારમાં રહેલ હોવાથી તેને અક્ષર અને બ્રહ્મ માનેલ છે. અને પ્રાચીન સમયમાં તમામ જીવો ગમે તે મંત્રોની ઉપાસના કરતા હતા, પણ દરેક મંત્રમાં પ્રથમ પ્રણવ બોલીને જ કોઈ પણ મંત્ર શરૂ કરતા હતા તથા કોઈને આજ્ઞા કરવી હોય ત્યારે આજ્ઞાર્થમાં પણ ૐ શબ્દ બોલતા. કોઈ પણ કામની શરૂઆત કરવી હોય તો "અથ" શબ્દમાં પણ ૐ બોલતા અને કોઈ પણ કાર્ય પૂર્ણ કરતા હોય ત્યારે તેની પૂર્ણતાના

સમયે પણ ૐ બોલતા અને તે જ પ્રમાણે વેદો, ઉપનિષદો અને બ્રાહ્મણ ગ્રંથોમા "અથ" અને "ઇતિ"મા તથા દરેક મંત્રોમા ૐ શબ્દ વાપરેલો છે અને શાસ્ત્રો વગેરે પણ ૐ શબ્દથી જ પ્રારંભ થયેલા છે તે ૐકાર બ્રહ્મરૂપ હોવાથી માયાવી વિશ્વને "सर्वं खल्विदं ब्रह्म"।। ના મહાવાકયમા જગતના તમામ તત્ત્વોને બ્રહ્મ કહેલા છે તેમ જ પ્રણવના જે ચાર પાદો અકાર, ઉકાર, મકાર અને અર્ધમાત્રા છે, તે પાદોમા રહેલા જીવાત્માઓમા કૂટસ્થતત્ત્વ (એટલે બ્રહ્મત્વ) છે એટલે કે દરેક આત્માની અંદરના ભાગમાં ગૂઢ બ્રહ્મત્વ રહેલું છે, તેના ઉપર પ્રાણ (વાયુ) લેનાર ગ્રથિરૂપ આત્મા અને તેના પર માયાવી દેહો આચ્છાદિત થયેલા છે, અને તેના ઉપર બ્રહ્મરૂપ પ્રણવનું આચ્છાદન છે. આ રીતે માયાવી જગતમા આત્મામા રહેલ બ્રહ્મત્વથી જ સર્વ વિશ્વ સચેતન બની સંચાલન થઈ રહેલુ છે માયાનું આચ્છાદન એ જ જીવાત્માને દેહો રૂપે બંધન છે પરંતુ તે માયાવી દેહો અને તેના સ્થાનો ઉપર પ્રણવબ્રહ્મ ૐકારનું આચ્છાદન હોવાથી તમામ માયાને પણ બ્રહ્મ માનેલ છે કેમ કે આત્મચૈતન્ય સિવાય માયાવી દેહો ગતિ કરી શકતા નથી જેમ આપણા દેહો-માથી આત્મા નીકળી જાય છે ત્યારે મૃતદેહ તમામ ઇન્દ્રિયોવાળો હોવા છતાં કાંઈ પણ ચેતનકર્મ કે જ્ઞાનકર્મ કરી શકતો નથી, પરંતુ જડ, અચેતન દુર્ગંધમય અને જલદી નાશ કરવા યોગ્ય બની જાય છે અને દેહમા રહેલા જીવાત્મા માયાવી વિષયો તરફ જવાની આસક્તિથી ઇન્દ્રિયોના સુખો ભોગવવા તરફ દોડે છે પરંતુ જ્યારે આત્મામા આત્મતત્ત્વ અને બ્રહ્મત્વ જાગૃત થાય છે તથા તે બ્રહ્મકર્મ કરે છે ત્યારે ચતુષ્પાદ માયાના સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહા-કારણ દેહો જડ બની જાય છે, અને તે માયાવી દેહો પ્રણવની ચાર માત્રાઓથી ઉપર પ્રણવના અધ્યાત્મ સ્વરૂપ સુધી જઈ શકતા નથી, પણ પ્રણવના બ્રહ્મ-તત્ત્વથી સર્વદા બંધાયેલા જડવત્ રહે છે તેથી કેટલાક શાસ્ત્રકારોએ નીચે જીવ-બ્રહ્મ અને તેની ઉપર માયા-બ્રહ્મ (માયા પ્રણવમાં રહેલી હોવાથી માયાબ્રહ્મ કહેવાય છે) અને તેની ઉપર અક્ષરબ્રહ્મ પ્રણવ માનેલો છે આ રીતે ઉપર નીચે બ્રહ્મતત્ત્વ હોવાથી પરમાત્માના ધ્યાનમાં નિમગ્ન થવાય ત્યારે માયા બેઉની વચ્ચે દબાય છે અને કોટાનકોટિ સૂર્યના તેજવાળા પરમબ્રહ્મ પરમાત્માનો પરમ પ્રકાશ ૐના ધ્યાનમંત્ર પર પડે છે અને તે નારાયણ, ઈશ્વરો અને સૂર્ય દ્વારા આત્મબ્રહ્મ ઉપર પડે છે ત્યારે માયાનું માયાતત્ત્વ પણ ભસ્મ થઈ જાય છે અને આત્મબ્રહ્મ, પ્રણવબ્રહ્મ અને પરમબ્રહ્મની આત્મૈકયતા થાય છે (માટે યોગી પુરુષોએ માયાના સ્થાને પ્રણવ મંત્રનું ધ્યાન મૂકી દેવું, જેથી આત્મબ્રહ્મ અને પરમબ્રહ્મની ધ્યાન વડે ઐકયતા થાય) તેથી આ મંત્રમાં

જણાવ્યું છે કે : આત્મા બ્રહ્મરૂપ છે, આ સર્વ બ્રહ્મરૂપ છે, અને પ્રણવને અ, ઉ, મ અને અર્ધમાત્રા એમ ચાર પાદો છે, તેમ આત્માને સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ એમ ચાર દેહો છે.

(ખાસ સૂચના : પ્રણવની ઉપાસનામાં મુખ્ય રહસ્ય એ છે કે જે જીવાત્મા ૐકારનું જ્ઞાન મેળવીને શ્રદ્ધાપૂર્વક યજ્ઞ, યાગ, સત્કર્મ, પૂજા, આરતી, આહુતિ, ધ્યાન વગેરે કરે છે તો કલ્યાણ થાય છે. પરંતુ શ્રદ્ધા વિના જે કાંઈ પણ કર્મ કરવામાં આવે છે તો તેનાથી કલ્યાણ થતું નથી.)

प्रणवो ह्यपरं ब्रह्म प्रणवश्च परं स्मृतः॥ (આગમ પ્રકરણ, મં. ૨૬)

અર્થ : પ્રણવ-ૐકાર એ જ સર્વ શ્રેષ્ઠ છે, બ્રહ્મ છે; અને એ "પ્રણવ-ૐકાર"ને સર્વથી પર કહેલ છે.

अपूर्वोऽनन्तरोऽवाह्योऽनपरः प्रणवोऽव्ययः॥ (આગમ પ્રકરણ, મં. ૨૬)

અર્થ : ૐકાર એ અપૂર્વ છે–કારણરહિત છે; અનંતર છે–ભિન્ન જાતીય વસ્તુથી રહિત છે; અબાહ્ય છે–બહારની કોઈ વસ્તુથી રહિત છે; સર્વ કાર્યોથી રહિત છે અને અવિનાશી છે.)

अमात्रोऽनन्तमात्रश्च द्वैतस्योपशमः शिवः॥ (આગમ પ્રકરણ, મં. ૨૯)

અર્થ : વળી તે ૐકાર માત્રારહિત એટલે પ્રમાણ વિનાનો છે, તેના પ્રમાણનો અંત નથી, દ્વૈતભાવ તેમાં શમી જાય છે અને તે પરમકલ્યાણ અથવા મંગળરૂપ છે.

यश्छन्दसामृषभो विश्वरूपः। छन्दोभ्योऽध्यमृतात्सम्बभूव। स मेन्द्रो मेधया स्पृणोतु। अमृतस्य देव धारणो भूयासम्॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય તૈત્તિરીયોપનિષત્, શિક્ષાધ્યાય ૧, અનુવાક ૪, મંત્ર ૧)

અર્થ : પ્રણવ એટલે ચારે વેદોને વિષે કહેવામાં આવેલો સૌથી શ્રેષ્ઠ અને પવિત્ર શબ્દ ૐકાર, જે ૐકારને વેદોમાં શ્રેષ્ઠરૂપે ગણવામાં આવ્યો છે. જેને વિશ્વરૂપ કહેવામાં આવે છે. કેમ કે તમામ વિશ્વ ૐકારમાં જ આવેલું છે. જે અમૃતરૂપ અથવા કલ્યાણ કરનાર ચારે વેદોના કરતાં પણ વધારે અમૃતરૂપ, વધારે કલ્યાણ કરનાર ૐકાર છે તથા જે સર્વ કામનાનો ઈશ્વર છે અર્થાત્ ઉત્તમોત્તમ મોક્ષ આપવાવાળો છે.

ओमिति ब्रह्म। ओमितीदं सर्वम्। ओमित्येतदनुकृतिर्ह स्म वा अप्योश्रावयेत्याश्रावयन्ति। ओमिति सामानि गायन्ति। ओं शोमिति शस्त्राणि शंसन्ति। ओमित्यध्वर्युः प्रतिगरं प्रतिगृणाति। ओमिति ब्रह्मा प्रसौति। ओमित्यग्निहोत्रमनुजानाति। ओमिति ब्राह्मणः प्रवक्ष्यन्नाह ब्रह्मोपाप्नवानीति।
ब्रह्मैवोपाप्नोति॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય તૈત્તિરીયોપનિષત્, શિક્ષાધ્યાય ૧, અનુવાક ૮, મંત્ર ૧)

અર્થ : ૐકાર એ બ્રહ્મરૂપ છે. ૐકાર એ સર્વરૂપ છે. કેમ કે ૐકારમાં જ તમામ દેવો, ઈશ્વરો રહેલા છે. ૐકાર એ ખરેખર અનુજ્ઞારૂપ છે, અક્ષેય બલિદાન આપતી વખતે દેવોને ૐકાર સંભળાવે છે. તથા યજ્ઞમાં રહેલા ઋત્વિજો (એટલે યજ્ઞ કરાવનાર બ્રાહ્મણો યા પુરોહિતો) ૐકાર શબ્દ દેવોને શ્રવણ કરાવે છે. ૐકાર કરીને સામવેદોના સૂક્તનું (એટલે વેદમંત્રો કે ઋચાઓના સમૂહનું) ગાન કરવામાં આવે છે. ૐકાર કહી મંત્રરૂપી શાસ્ત્રો અર્થાત્ ઋચાઓ કહેવામાં આવે છે. ૐકારની સહાયતાથી અધ્વર્યુ (એટલે યજ્ઞક્રિયા કરાવનાર, યજુર્વેદ જાણનારો બ્રાહ્મણ) હોતાપ્રતિ પ્રતિગર (પ્રોત્સાહનદ્યોતક શબ્દ)ને ભણે છે. ૐકારથી બ્રહ્મા આજ્ઞા કરે છે. ૐકાર વડે યજમાન, દેવોને હવિ (એટલે બળિ યા હોમવાનું તે) હોમવા માટે ઋત્વિજોને પ્રોક્ષણ (એટલે પવિત્ર કરવા મંત્રપૂર્વક પાણી છાંટવું તે) આદિ આજ્ઞા આપે છે. બ્રાહ્મણ જ્યારે વેદનું અધ્યયન કરે છે ત્યારે પ્રથમ ૐકારથી શરૂ કરે છે. ૐકારથી જપ કરનાર પરમબ્રહ્મ-પરમાત્માને પ્રાપ્ત થાઉં એવી મોક્ષની ઇચ્છાવાળો તે પરમબ્રહ્મ-પરમાત્માને પ્રાપ્ત થાય છે.

यस्मात्परं नापरमस्ति किञ्चिद्यस्मान्नाणीयो न ज्यायोऽस्ति कश्चित्॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્, અધ્યાય ૩, શ્લોક ૯).

અર્થ : જે પરમાત્માના કરતાં કોઈ પણ શ્રેષ્ઠ નથી, જેના કરતાં કોઈ પણ સૂક્ષ્મ નથી, જે પરમાત્મા કરતાં કોઈ મોટું અગર શ્રેષ્ઠ નથી, તે પરમાત્માને ૐકાર સહિત જપવા એ જ મોક્ષમાર્ગનો સિદ્ધાંત છે.

વળી "મનુસ્મૃતિ"માં કહ્યું છે કે : (૧) વેદ ભણતી વખતે આરંભે તથા અંતે ૐકાર સદા કહેવો. અકાર, ઉકાર અને મકાર એ ત્રણ અક્ષરોને ઓમ્કાર કહેવાય છે. અને પૃથ્વી, આકાશ અને સ્વર્ગ તેને વ્યાહૃતિ કહે છે. તે ૐકારને ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદમાંથી દોહી કાઢ્યો હોય તેવા વેદોના તત્ત્વરૂપ જેમ દહીંમાંથી ઘી નીકળે તેવો ઉત્તમ વેદમંત્ર ૐ છે. વેદને ભણનાર

બ્રાહ્મણ સંધ્યા કરતી વેળા ૐકાર તથા વ્યાહૃતિ પૂર્વક જપ કરે તો તે જપનાર બ્રાહ્મણને વેદના અધ્યયનનું પુણ્ય પ્રાપ્ત થાય છે. આ સર્વ પુણ્યદાતા ૐકાર છે. (૨) એકાક્ષર ૐકાર સાક્ષાત્ પરમબ્રહ્મ-પરમાત્માનો વાચક છે, એટલે એ જપ્યાથી પરમબ્રહ્મની પ્રાપ્તિ થાય છે. અને ૐકાર સહિત પ્રાણાયામ તે મોટામાં મોટું તપ છે. હોમ તથા યાગાદિ સર્વ વૈદિક ક્રિયા નાશવંત છે, તેથી તેનાં ફળ સ્વર્ગાદિક તે પણ નાશવંત છે. પરંતુ ૐકાર જે જાણવો મુશ્કેલ છે, તે ૐકાર અવિનાશી જાણવો અને તે પ્રજાનો અધિપતિ બ્રહ્મ ૐકાર છે. માટે ૐકાર એ તમામ વૈદિક કર્મોમાં શ્રેષ્ઠ કર્મ છે. (૩) કર્મયજ્ઞ અર્થાત્ યજ્ઞાદિ ક્રિયાઓ કરતાં ૐકારના જપયજ્ઞનું ફળ દશગણું વધારે છે. અને પાસે બેસનાર પણ ન સાંભળે એવા ૐકારના જપનું ફળ સોગણું અધિક છે. તથા માનસિક જપ એટલે મનોવૃત્તિઓ એકાગ્ર કરી ૐકારનો જપ થાય તે હજારગણો વધે છે એવું શાસ્ત્રોમાં કહેલું છે. (આ રીતે મનની એકાગ્રતા માટે એકાગ્રતાપૂર્વક ૐકારના જપ કરવા ઓઢીને બેસવામાં આવે, તેનું ફળ મળો કરતાં હજારગણું છે.)

ॐकारमाद्यं परमात्मरूपं संसारनाशे च समर्थमंत्रम् ॥

અર્થ : તમામ સંસારની ઉત્પત્તિ પહેલાં માત્ર ૐકાર હતો કે જેને પરમાત્મરૂપ મનાય છે. તે પ્રણવ સંસારનાં બંધનોને અને સંસારને નાશ કરે તેવો સમર્થમાં સમર્થ મંત્ર છે.

એટલે કે તમામનું મૂળ પ્રણવ છે. ૐ શબ્દનું વાચ્ય પરમેશ્વર છે અને ૐ શબ્દ એ પરમેશ્વરનું પ્રતીક (એટલે ચિહ્ન) છે. તે સિવાય બીજો કોઈ મંત્ર પરમેશ્વરનું પ્રતીક નથી. માટે સ્થિર, એકાગ્ર ચિત્તવાળા પુરુષોને પ્રણવ જ્ઞાનનું શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવાથી લૌકિક વિષય સંબંધથી રહિત એવું જે બ્રહ્મજ્ઞાન સ્ફુરે છે વા પ્રાપ્ત થાય છે, તે પ્રણવ મોક્ષનું પરમ વાચ્ય છે. આમ છતાં જે આત્માથી નિર્લેપ, નિરંજન, અકલ્પનીય, પરમબ્રહ્મ-પરમાત્મામાં લક્ષ્ય સ્થિર થતો ન હોય તેવા આત્માઓ પ્રણવબ્રહ્મના તત્ત્વરૂપ બિંદુમાં (એટલે પરમાત્મા-પરમેશ્વરમાં) લક્ષ્ય સ્થિર કરે તો તેમને દિવ્ય બ્રહ્મ-દૃષ્ટિ યાને જ્ઞાન, યોગ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. અર્થાત્ બૃહતી વાણીથી હૃદયાકાશમાં જેની અભિવ્યક્તિ પરમાત્મા થકી થાય છે, તેવો ૐકાર સ્વયંપ્રકાશ, પરમાત્મા-પરમબ્રહ્મનો સાક્ષાત્કાર વાચક છે, સર્વ મંત્રોનું રહસ્ય છે, સર્વ વેદોની, જગતની અને વિશ્વની ઉત્પત્તિનું કારણ છે અને તે સનાતન છે. તે આત્મબ્રહ્મ સાથે (પરમાત્મા બૃહતીવાણીનો અનુભવ અને આત્મબ્રહ્મ) જ્યારે ૐકાર સહિત એકરૂપ થાય ત્યારે જ સાચો ઉપદેશ અપાય છે અને લેવાય છે.

એટલા માટે સદ્ગુરુ શ્રીવલ્લભરામે "પ્રણવવિજ્ઞાન"માં લખ્યું છે કે : જે પુરુષ ૐકારનું સંપૂર્ણ જ્ઞાન જાણે તેને જ જ્ઞાનવાન કહેવો, તે સિવાયના ધર્મશાસ્ત્રોના જ્ઞાન જાણનારા માત્ર વિદ્વાન છે. તેથી કહ્યું છે કે :

(પ્રણવ-ૐકાર વિષે—સાખીઓ)

બ્રહ્મા, વિષ્ણુ, શંકર, કેવળ ગુરુ ગણાય;
"વલ્લભ" અનાદિ સદ્ગુરુ, પ્રણવ ૐકાર મનાય. ૧

અવિનાશી પરમ સદ્ગુરુ, કેવળ છે ૐકાર;
આઠ અંગ સીધા કરી, કરીએ કરોડ નમસ્કાર. ૨

અવિનાશી પરમ સદ્ગુરુ કેવળ છે ૐકાર;
લૌકિક કામના સિદ્ધ કરે, ને અંતે કરે ઉદ્ધાર. ૩

"વલ્લભ" પરમેશ્વરની ઉપાસના, ૐકાર વડે જો થાય;
અવશ્ય મનોકામના સિદ્ધ કરે, ને અંતે મોક્ષે જાય. ૪

"વલ્લભ" આત્મબ્રહ્મ[1] વડે, ૐના જાપ જો જપાય;
અવશ્ય પરમેશ્વરને અનુભવી, અંતે તે મોક્ષે જાય. ૫

("પ્રણવવિજ્ઞાન"માંથી)

(આત્મબ્રહ્મ[1] એટલે આત્મજ્યોતિ.)

જેમ દૂધનું દહીં, દહીંનું તત્ત્વ માખણ અને માખણનું તત્ત્વ ઘી છે, તેમ ચારે વેદનું તત્ત્વ જે જ્ઞાન તે સૂક્ષ્મ વેદ છે એટલે પ્રણવ-ૐકાર છે. આ ગુહ્ય જ્ઞાન પુસ્તકોમાંથી પ્રાપ્ત થતું નથી, પણ જ્ઞાનીના હૃદયે જ હોય છે. તેથી કહ્યું છે કે :

(કુંડળિયો)

પહેલો સૂક્ષ્મ વેદ છે, ચારે વેદનો સાર;
તેની ગમ જ્ઞાનીને, કરે જ્ઞાન ઉચ્ચાર.
કરે જ્ઞાન ઉચ્ચાર, નહીં પુસ્તક પ્રમાણો;
ઈશ્વરની બક્ષિસ, હોય તો તેને જાણો.
વેદ વ્યાસનું જ્ઞાન, વાલ્મીકિનું જેવું;
પ્રભુ પ્રેરણા "વલ્લભ", જ્ઞાન જ્ઞાનીનું તેવું.

(મનહર છંદ)

ૐ વેદો તણું મૂળ, ૐ ગાયત્રીનું મૂળ;
ૐ એકાક્ષર મંત્ર, ગીતામાં વખાણ્યો છે.
ૐ છે વાણીનું મૂળ, ૐ બાવનનું મૂળ;
ૐ જાપ-જાપશામાં, શિવજીએ નાણ્યો છે.
ૐ છે ઈશ્વર નામ, કલ્યાણવાચક ૐ;
ૐ છે પ્રણવ મૂળ, બહુરૂપે તાણ્યો છે.
ૐ વિશ્વ કેરું બીજ, ૐ બ્રહ્માક્ષર ચીજ;
ૐ તત્ત્વ મોક્ષ સત્ય, "વલ્લભે" તે જાણ્યો છે.

("પ્રણવવિજ્ઞાન"માંથી)

શ્રીકૃષ્ણપ્રભુએ "શ્રીમદ્ ભગવદ્ગીતા"ના અધ્યાય ૮, શ્લોક ૧૩માં જણાવ્યું છે કે : "ૐ એવા બ્રહ્મવાચક એકાક્ષર મંત્રને જપતો મારું સ્મરણ કરતો કરતો દેહ છોડે છે તે પરમગતિને પામે છે." વધારામાં અધ્યાય ૯, શ્લોક ૧૭માં કહ્યું છે કે : "આ જગતનો પિતામાતા પોષણ કરનાર પિતામહ એવો પવિત્રમાં પવિત્ર જાણવા યોગ્ય ૐકાર અને ત્રિવેદ તે હું છું."

માટે ૐકારને યથાર્થ જાણવો જોઈએ. એટલે ૐકાર શું છે? અને ૐમાં શું શું છે? તે તમામ જાણવું જોઈએ. ૐકારને યથાર્થ જાણ્યા વિના ગમે તેટલા ૐકાર જપે પણ તે નિષ્ફળ છે. ૐકારના જ્ઞાન વિના એટલે ૐકારને યથાર્થ જાણ્યા વિના લખચોરાશીનું બંધન છૂટતું નથી. માટે મોક્ષેચ્છુઓ ૐનું યથાર્થ જ્ઞાન મેળવો.

(૨૯) શિષ્ય : પ્રણવની ઉપાસના કેવી રીતે કરવાથી બ્રહ્મવિદ્યાના અધિકારી બની શકાય?

વ્યાસ : ઋક્, સામ્, યજુર્, અથર્વ ચારે વેદો, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, જ્યોતિષ, છંદ આદિ "અપરા" વિદ્યા છે, પરંતુ જેનાથી પ્રણવ-ૐકાર તથા પ્રણવના રહસ્યરૂપ પરમાત્માને જાણવામાં આવે તે જ વાણી "પરાશ્રેષ્ઠ" છે. અર્થાત્ સ્થૂલ દેહ વડે એટલે કે સ્થૂલ દેહની વાણીથી જે પ્રણવબ્રહ્મના જાપ થાય છે, તે "વૈખરી" વાણી છે. પણ જ્યાં સ્થૂલ દેહનો ઉચ્ચાર થતો નથી પરંતુ સૂક્ષ્મ દેહ વડે મનથી વાયુના શ્વાસોશ્વાસમાં શબ્દબ્રહ્મ-પ્રણવનો ઉચ્ચાર થાય છે તે "મધ્યમા" વાણી છે. અને જ્યાં સ્થૂલ તથા સૂક્ષ્મ દેહથી ઉચ્ચાર થતો નથી પણ હૃદયમાંથી પ્રાણ દ્વારા કારણ દેહ વડે અક્ષરબ્રહ્મ-પ્રણવની ઉપાસના થાય છે તે "પશ્યંતી" વાણી છે. અને જ્યાં સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ દેહ વડે ઉચ્ચાર થતો નથી પણ માત્ર આત્મા વડે જ નિર્મળ આકાશમય, સર્વવ્યાપક

શબ્દબ્રહ્મ-પ્રણવની ઉપાસના થાય છે તે "પરા"વાણી છે. આ રીતે "પરા"વાણીથી પરમશ્રેય મોક્ષની ઉપાસના કરે છે તે બ્રહ્મવિદ્યાનો અધિકારી બને છે.

(૩૦) શિષ્ય : બીજા ધર્મોમાં ૐની બરોબરી શબ્દ છે કે?

*જવાબ : ભાઈ! ૐ શબ્દ બધી ધ્વનિનું (એટલે અવાજનું) મૂળ છે. જે શબ્દમાંથી "આમીન્" (Amen) શબ્દની ઉત્પત્તિ થઈ છે, તે પશ્ચિમના દેવળોમાં "આમીન્" શબ્દનું ઉચ્ચારણ એક અથવા વધારે વખત પ્રાર્થના પૂરી થયા બાદ કરવામાં આવે છે તે ૐના જેવું છે. વેદમાં વર્ણવાયેલ ૐ, તે મુસલમાનોનો "અમીન્" (એટલે વિશ્વાસુ) Amin છે. વેદમાં વર્ણવાયેલ ૐ, તેને મુસ્લિમો "બિસ્મિલ્લા" અને "૭૮૬" પણ કહે છે. વેદમાં વર્ણવાયેલ ૐ, તે તિબેટના લોકોનો પવિત્ર શબ્દ "હમ્" (Hum) છે. વેદમાં વર્ણવાયેલ ૐ, તે ઇજિપ્શિયન, ગ્રીક, રોમન, યાહૂદી, ખ્રિસ્તીઓનો "આમીન્" (Amen) છે. "આમીન્" એટલે "તથાસ્તુ!" (એટલે અંતનું આશીર્વચન). હિબ્રૂ ભાષામાં "આમીન્" શબ્દનો અર્થ પ્રમાણિક થાય છે.

"These things saith the Amen, the faithful and true witness, the beginning of the creation of God." (Revelation, 3:14.)

અર્થ : "આમીન્" તેને કહેવાય છે કે જે સૃષ્ટિની ઉત્પત્તિના મૂળની પ્રમાણિકતાપૂર્વક સાક્ષી પૂરે છે.

"In the beginning was the Word, and the Word was with God, and the Word was God." (John,1:1)

અર્થ : શબ્દબ્રહ્મ તે જ ઈશ્વર, કારણ કે તે ઈશ્વર પાસે હતો અને તે જ શબ્દબ્રહ્મ ઉત્પત્તિ વખતે હતો.

"Faith cometh by hearing, and hearing by the word of God." (Romans, 10:17)

અર્થ : "વિશ્વાસ સાંભળવાથી" આવે છે, દેવી શબ્દથી સાંભળવાની શક્તિ આવે છે.

(૩૧) શિષ્ય : અનાદિકાળમાં મનુષ્યો કોની ઉપાસના કરતા હતા? અને પ્રણવ-ૐકારના અધિકારી કોણ કોણ છે?

વ્યાસ : મહાભારતમાં કહ્યું છે કે :

एको देवः समायुक्तः एको मंत्रो विधिः क्रिया।
प्रथक्धर्मास्तथा वेदा एकमेकमनुव्रताः॥

અસલના સમયમાં મનુષ્યો એક જ પરમેશ્વરને જપતા હતા, વિધિ અને ક્રિયા એક જ હતી. પરંતુ ભવિષ્યમાં વેદો, ક્રિયા, વિધિ અને દેવો અનેક થશે અને મનુષ્ય ફાવે તેમ વર્તનારા થશે એ ભાવિ ભાખેલું છે. હાલ પણ આપણે જોઈશું તો એક પરમેશ્વરનો એક જ ધર્મ હોવો જોઈએ, તેને બદલે હાલ જેટલા નામ તેટલા દેવ તથા ઈશ્વરોના ધર્મો નીકળ્યા છે અને નીકળે જાય છે, તથા કેટલા નીકળશે તે કહી શકાતું નથી. અત્યારે બ્રાહ્મણો પણ બ્રાહ્મણ સિવાયની વર્ણને માટે વેદોક્ત ક્રિયા કરવાનો અધિકાર નથી એમ કહે છે. પણ તેમાં શંકા એ થાય છે કે સત્યયુગમાં જે સમયે શાસ્ત્રો અને પુરાણો નહિ હોય, તે વખતના લોકો શાસ્ત્રોક્ત કે પુરાણોક્ત કે વેદોક્ત કેવા પ્રકારની ક્રિયા કરતા હશે? કેમ કે તે શાસ્ત્રો અને પુરાણો નીકળ્યાં પહેલાં તો તેમાં કહેલી ક્રિયા થાય નહિ. તો વેદોક્ત ક્રિયા કરતા હશે કે નહિ?

ब्रह्मक्षत्रविशः शूद्रा : स्त्रियश्चात्राधिकारिणः।
ब्रह्मचारी गृहस्थो वाऽनुपनीतोऽथ वा द्विजः॥
(શિવગીતા, અધ્યાય ૧૬, શ્લોક ૨)
नानोपाधिवशादेव जातिवर्णाश्रमादयः।
आत्मन्यारोपितास्तोयरसवर्णादि भेदवत्॥
(શંકરાચાર્યકૃત — આત્મબોધ)

હે રામ! મોક્ષમાર્ગનો અને મોક્ષમાર્ગનાં કર્મો કરવાનો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, બ્રહ્મચારી, ગૃહસ્થ, સ્ત્રી અને દ્વિજને તથા જનોઈ વગરનાને પણ અધિકાર છે. અર્થાત્ મોક્ષપદ પ્રાપ્ત્યાર્થે ૐકાર સહિત પરમાત્માનું ધ્યાન ધરવાનો સર્વ આત્માનો અધિકાર છે. કેમ કે અનેક પ્રકારના માયાવી આક્ષેપો લઈને જાતિ, વર્ણ, આશ્રમો વગેરે જુદાં જુદાં કહેવાય છે. તથા જેમ પાણીની અંદર પાણીના જુદા જુદા રંગ તથા ભેદ જણાય છે પરંતુ પાણી વસ્તુતઃ એક જ છે. તે જ પ્રમાણે સર્વના આત્મા એક સરખા જ છે અને આત્માઓમાં ન્યૂનાધિકતા નથી, માટે સર્વ આત્મા પોતાના આત્માના કલ્યાણાર્થે આત્મિક સત્કર્મ કરવા સર્વ પ્રકારે અધિકારી છે. "તે સિવાય દૈહિક કર્મોનો અધિકાર નથી." આથી સ્પષ્ટ જણાશે કે વર્ણભેદના તથા જાતિભેદના અહંકારથી ઇતર વર્ણને સત્કર્મ કરતાં અટકાવનાર પાપના ભોગી છે. કેમ કે રામ, કૃષ્ણ ક્ષત્રિય હતા અને તેઓ વગેરે "ૐકાર" જપતા હતા અને તેઓ ધ્યાન કરતા હતા, તેના ઘણા પુરાવા પુસ્તકોમાં નીકળે છે. રામે કૌશલ્યાને તથા કૃષ્ણે અર્જુન, ઉદ્ધવ વગેરેને ૐકારનો બોધ આપેલો અને શુકદેવજીએ પરીક્ષિત વગેરેને ૐકારનો બોધ આપેલો તથા નારાયણે વેદોમાં અને ઋષિમુનિઓએ ઉપનિષદો તથા શાસ્ત્રોમાં

ૐકાર જણાવ્યો છે. તથા શ્રીમદ્ શંકરાચાર્યે પણ ૐકાર જપવા મંડનમિશ્ર પંડિતને બોધ આપેલો છે. શિવજીએ શ્રીરામચંદ્રજી તથા પાર્વતીજીને ૐકારનો બોધ આપેલો છે. તથા વેદો, છંદો, ઉપનિષદો, શ્રુતિઓ, સ્મૃતિઓ વિગેરે તમામ ૐકારનો જ જપ કરવા આજ્ઞા કરે છે અને તેના પુસ્તકો પણ જગત હિતાર્થે છપાયેલાં છે અને કેટલાક જ્ઞાની પુરુષો પણ તેનો સદ્‌બોધ સર્વને સમજાવી રહ્યા છે. માટે જે ૐકાર જપવાનો સર્વને અધિકાર ન હોત તો આવા મહાન પુરુષો તથા ઈશ્વરો તથા નારાયણ જેવા ૐકારને ગુપ્ત રાખત. પરંતુ ઘણા જૂના વખતથી ફક્ત અસુરોથી તેને ગુપ્ત રાખ્યો છે અને તે સિવાયના મનુષ્યો તથા દેવોને ૐકાર સહિત પરમાત્માને જપવા અધિકાર આપ્યો છે.

अभ्यसेन्मनसा शुद्धं त्रिवृद् ब्रह्माक्षरं परम्।
मनो यच्छेज्जितश्वासो ब्रह्मबीजमविस्मरन्॥ (મહાભારત)

અર્થ : ૐકારનો તથા તે સાથે શુદ્ધ બ્રહ્મ-પરમાત્માનો જપ કરવો અને સર્વ મંત્રોના બીજરૂપ ૐકાર, તથા મૂળ બ્રહ્મને (એટલે પરમાત્મા)ને સહેજ પણ ભૂલવા નહીં. તેથી "વલ્લભ વિષ્ટિ", ભાગ ૩ના, પદ ૧૦માં કહ્યું છે કે :

(સાખી)

"ચાર વેદનું તત્ત્વ જે, પંચમ વેદ ૐકાર;
જપ કરવામાં શ્રેષ્ઠ તે, ષટ્ શાસ્ત્રોનો સાર."

*   *   *

## પ્રકરણ ૧૯

# ઉપાસના અને મુક્તિ

(૧) શિષ્ય : સાધકે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારને વિવેકપૂર્વક નીતિમય રાખવાં હોય તો કોની ઉપાસના કરવી?

વ્યાસ : જો સાધકે મનને વશ કરવું હોય યા મન પર હંમેશ માટે કાબૂ મેળવવો હોય તો મનના મનોદાતા પ્ર. દ. નં. ૪૮થી બતાવેલ "ચતુર્મુખી બ્રહ્મા" છે, માટે તેઓની ઉપાસના કરવી. સાધકે સદ્‌બુદ્ધિ પ્રાપ્ત કરવી હોય તો બુદ્ધિના બુદ્ધિદાતા પ્ર.' દ. નં. ૪૬થી બતાવેલ "વિષ્ણુ" છે, માટે તેમની ઉપાસના કરવી. સાધકે અહંકારને વશ કરવો હોય તો અહંકારના અહંકારદાતા પ્ર. દ. નં. ૪૪થી' બતાવેલ' "શિવ" છે, માટે તેમની ઉપાસના કરવી. અને સાધકે ચિત્તને વશ કરવું હોય તો ચિત્તના ચિત્તદાતા પ્ર. દ. નં. ૪૨થી બતાવેલ "આદિશક્તિ" છે, માટે તે આદિશક્તિની ઉપાસના કરવી.

(૨) શિષ્ય : પ્રણવ-ૐકારની એક જ "ઉ" માત્રાનું ધ્યાન કરનારને શું ફળ પ્રાપ્ત થાય છે?

વ્યાસ : જે ૐ-પ્રણવની એક જ "ઉ" માત્રાનું ધ્યાન કરે છે, તે પ્ર. દ. નં. ૮૮થી બતાવેલ ઉકાર માત્રાની ઉપાસનાથી આ પૃથ્વીલોકના સુખને પ્રાપ્ત થાય છે. પૃથ્વીમાં આવેલા આ ઉપાસકને ઋગ્વેદના દેવતા સુખ-સમૃદ્ધિવાળા મનુષ્યશરીરમાં લઈ જાય છે, ત્યાં જાપક આત્મા તપ, બ્રહ્મચર્ય અને શ્રદ્ધા વડે સંપન્ન થઈ, મનુષ્યશરીરના સુખ-મહિમા-આનંદનો અનુભવ કરે છે. અર્થાત્ રાજ્ય, લક્ષ્મી, બુદ્ધિ અને પુરુષ શરીર પ્રાપ્ત કરે છે. (શ્રીઅથર્વવેદીય પ્રશ્નોપનિષત્, પ્રશ્ન ૫, મંત્ર ૩)

(૩) શિષ્ય : "ઉ" અને "મ" એવી પ્રણવની બે માત્રાનું મન સંપન્ન ધ્યાન કરનારને કેવું ફળ મળે છે?

વ્યાસ : જે પ્ર. દ. નં. ૮૮થી બતાવેલ "ઉ" અને પ્ર. દ. નં. ૬૬થી બતાવેલ "મ" એવી પ્રણવની બે માત્રાનું મન સંપન્ન ધ્યાન કરે છે, તેને યજુર્વેદના અભિમાની દેવતા અંતરીક્ષ સોમલોકમાં (સ્વર્ગલોકમાં) લઈ જાય છે. ત્યાં સ્વર્ગ-વિભૂતિઓનો અનુભવ કરી, પુણ્ય પૂર્ણ થતાં તે આત્મા પાછો જગતમાં આવે છે. (શ્રીઅથર્વવેદીય પ્રશ્નોપનિષત્, પ્રશ્ન ૫, મંત્ર ૪)

(૪) શિષ્ય ૐકાર અક્ષરની "ઉ", "મ", "અ" એવી ત્રણ માત્રાઓ વડે તેના શ્રેષ્ઠ પુરુષનું ધ્યાન કરનારને કેવું ફળ પ્રાપ્ત થાય છે?

વ્યાસ આ પ્રશ્નના જવાબમા પણ શ્રીઅથર્વવેદીય પ્રશ્નોપનિષત, પ્રશ્ન ૫, મત્ર પમા જણાવ્યું છે કે ૐકાર અક્ષરની પ્ર દ ન ૮૮, ૬૬ ને ૪૧થી બતાવેલ "ઉ", "મ", "અ" એવી ત્રણ માત્રાઓ વડે જે તેના શ્રેષ્ઠ પુરુષનું ધ્યાન કરે છે, તે તેજોમંડળરૂપ સૂર્યમાં તેજ સપન્ન થાય છે તે પછી જેવી રીતે સાપ તેની કાચળી (એટલે ચામ્ર) ઉતારે છે, તેવી રીતે તે "સર્વ પાપોથી મુક્ત થાય છે" અને તે સૂર્યલોકમાથી આગળ વધીને જેની ઉપાસના કરતો હોય તે અર્થાત્ પ્ર દ ન ૪૯, ૪૭, ૪૫ ને ૪૩થી બતાવેલ બ્રહ્માના લોક, વિષ્ણુલોક, શિવલોક કે શક્તિલોકમા તેને સામવેદના અધિષ્ઠાતા અભિમાની દેવતા લઈ જાય છે તે ત્યા રહીને તે લોકના (અન્યના) કારણ-સ્થૂલ શરીરોમા પ્રવેશીને ઇચ્છા કરે તો તે આત્મા હિરણ્યગર્ભ-અક્ષરબ્રહ્મ-નારાયણના દર્શન કરી શકે છે

(૫) શિષ્ય જેઓ પ્રભુના પ્રતીકરૂપમા (એટલે મૂર્તિરૂપમા) ૐકારની ઉપાસના કર છે, તેઓને પ્રણવમંત્ર શું ફળ આપે છે?

વ્યાસ જે લોકો પ્રભુના પ્રતીકરૂપમાં ૐકારની ઉપાસના કરે છે તેઓને પ્રણવમંત્ર સ્થૂલ દેહના ઉચ્ચાર અને સ્થૂલ જપ વડે સસારમાં સુખ આપે છે, દુ ખ દારિદ્રય નાશ કરે છે અને પવિત્ર વૃત્તિઓનું પ્રદાન (એટલે આપે છે) કરે છે પરતુ તેથી વધુ ફળ આપતો નથી

(૬) શિષ્ય જેઓ પોતાના દેહમા ૐકારની કલ્પના કરીને પ્રણવોપાસના કરે છે તેઓને પ્રણવ શુ ફળ આપે છે?

વ્યાસ જેઓ પોતાના દેહમા ૐકારની કલ્પના કરીને પ્રણવોપાસના કરે છે, તેઓને તે પ્રણવ શારીરિક સુખ, આરોગ્ય અને સ્ત્રીપુત્રાદિનું સુખ આપે છે તેમ જ જ્ઞાનમાર્ગે દોરે છે પણ તેથી તે વિશેષ ફળ આપતો નથી

(૭) શિષ્ય જેઓ પ્રણવને બ્રહ્મારૂપે યા બ્રહ્માની શક્તિઓ રૂપે માનીને ઉપાસના કરે છે યા બ્રહ્માના પ્રતીકરૂપ સૂર્યની ઉપાસના કરે છે તેઓને શું ફળ પ્રાપ્ત થાય છે?

વ્યાસ જેઓ પ્રણવને બ્રહ્મારૂપ (જુઓ પ્ર દ નં ૪૮) માનીને અગર ગાયત્રી કે સાવિત્રીરૂપ (બ્રહ્માની શક્તિઓ) માનીને અગર બ્રહ્માણી (જુઓ પ્ર. દ. નં. ૪૮)ને શક્તિરૂપે માનીને ઉપાસના કરે તો અગર બ્રહ્માના પ્રતીકરૂપ સૂર્યની ઉપાસના કરે તો બ્રહ્માના મંત્ર-ગાયત્રી વડે બ્રહ્મા સમારના (નિમિત્ત માત્ર) ઉત્પન્નકર્તા હોવાથી તે વૈદિક જ્ઞાન આપે છે, મનોનિગ્રહ કરવાની શક્તિ

આપે છે અને છેવટે બ્રહ્મપુરીમાં યા બ્રહ્મલોકમાં (જુઓ પ્ર. દ. નં. ૪૯) સ્થાન આપે છે.

(૮) શિષ્ય : જેઓ પ્રણવની વિષ્ણુરૂપે યા વિષ્ણુની શક્તિરૂપે ઉપાસના કરે છે યા વિષ્ણુના પ્રતીકરૂપ વિષ્ણુના વધુ અંશવાળા શ્રીકૃષ્ણપ્રભુની ઉપાસના કરે છે, તેઓને શું ફળ પ્રાપ્ત થાય છે?

વ્યાસ : જેઓ પ્રણવની વિષ્ણુરૂપ (જુઓ પ્ર. દ. નં. ૪૬) માનીને અગર લક્ષ્મીરૂપ (જુઓ પ્ર. દ. નં. ૪૬) એટલે વિષ્ણુની શક્તિરૂપે માનીને વિષ્ણુની ઉપાસના કરે તો અગર વિષ્ણુના પ્રતીકરૂપ વિષ્ણુના વધુ અંશવાળા શ્રીકૃષ્ણ-પ્રભુની ઉપાસના કરે તો વિષ્ણુ સંસારના પાલનકર્તા હોવાથી તે ધ્યાનશક્તિ આપે છે, જ્ઞાન સમજવા માટે તીવ્ર બુદ્ધિ આપે છે તથા લક્ષ્મીના અધિપતિ હોવાથી લક્ષ્મી આપે છે અને છેવટે વૈકુંઠમાં યા વિષ્ણુલોકમાં (જુઓ પ્ર. દ. નં. ૪૭) સ્થાન આપે છે.

(૯) શિષ્ય : જેઓ પ્રણવને શંકરરૂપે અગર શૈવી યા પાર્વતીરૂપ માનીને શંકરની ઉપાસના કરે તો અગર શંકરના પ્રતીકરૂપ શંકરના વધુ અંશવાળા રુદ્ર વા ભૈરવ યા પરશુરામની ઉપાસના કરે તો તેઓને શું ફળ પ્રાપ્ત થાય છે?

વ્યાસ : જેઓ પ્રણવને શંકરરૂપ માનીને અગર શૈવી યા પાર્વતીરૂપ (જુઓ પ્ર. દ. નં. ૪૪) એટલે શંકરની શક્તિરૂપે માનીને શંકરની ઉપાસના કરે તો અગર શંકરના પ્રતીકરૂપ શંકરના વધુ અંશવાળા રુદ્ર યા ભૈરવ યા પરશુરામની ઉપાસના કરે તો શ્રીશંકર સંસારના સંહારકર્તા હોવાથી તે યોગશક્તિ આપે છે, આત્મકલ્યાણ માટે નિષ્ઠા આપે છે, અકાળ મૃત્યુ વગેરેના ભયથી બચાવે છે અને છેવટે કૈલાસમાં યા શિવલોકમાં (જુઓ પ્ર. દ. નં. ૪૫) સ્થાન આપે છે.

(૧૦) શિષ્ય : જેઓ પ્રણવને શક્તિરૂપે માનીને ઉપાસના કરે છે, તેઓને શું ફળ પ્રાપ્ત થાય છે?

વ્યાસ : જેઓ પ્રણવને પ્ર. દ. નં. ૪૨થી બતાવેલ શક્તિરૂપે (એટલે શક્તિના મહાસરસ્વતી, મહાલક્ષ્મી, મહાકાળી આદિ આદિ ત્રિગુણાત્મિક સ્વરૂપો છે તેને) માનીને જેવા સ્વરૂપવાળી શક્તિની ઉપાસના કરે છે, તેઓને તે શક્તિ રાજસ, તામસ અને સત્ત્વ ગુણોવાળાં ફળો આપે છે (બ્રહ્મા, વિષ્ણુ, શિવ જે ફળો આપે છે તે તમામ ફળો આદ્યશક્તિ આપે છે) અને સંસારનું સુખ તથા પુત્ર, પત્ની આદિ આપે છે અને સંસારના દુઃખમાંથી બચાવ કરે છે તથા શક્તિ, બ્રહ્મા-વિષ્ણુ-શંકરના ત્રણે ગુણો મુક્ત હોવાથી ઉપર વર્ણવેલા ફળો આપે છે

અને છેવટે શક્તિપુરીમાં યા શક્તિલોકમાં (જુઓ પ્ર. દ. નં. ૪૩) સ્થાન આપે છે.

(૧૧) શિષ્ય : જેઓ નારાયણની પ્રણવરૂપે ઉપાસના કરે છે અગર તો નારાયણના હૃદયમાં વસેલા સહસ્રગ્રંથિમાંથી નારાયણના પોતાના આત્મા સિવાયની જે નવસોનવાણું ગ્રંથિઓ છે તે કોઈ પણ ગ્રંથિની (રામ, કૃષ્ણ, પરશુરામ, બુદ્ધ ઇત્યાદિ ઈશ્વરી અવતારોની) પ્રણવ વડે અક્ષરબ્રહ્મ માનીને ઉપાસના કરે છે, તેઓને શું કૃપા પ્રાપ્ત થાય છે?

વ્યાસ : જેઓ નારાયણની પ્રણવ વડે ઉપાસના કરે છે, અગર તો નારાયણના હૃદયમાં વસેલા સહસ્રગ્રંથિમાંથી નારાયણના પોતાના આત્મા સિવાયની જે નવસોનવાણું ગ્રંથિઓ છે તે કોઈ પણ ગ્રંથિની (રામ, કૃષ્ણ, પરશુરામ, બુદ્ધ, ઇત્યાદિ ઈશ્વરી અવતારોની) પ્રણવ વડે અક્ષરબ્રહ્મ માનીને ઉપાસના કરે તો તે અક્ષરબ્રહ્મ માયાના સર્વોત્કૃષ્ટ અધિષ્ઠાતા અને સર્વોપરી માલિક હોવાથી તમામ પ્રકારનું ઐશ્વર્ય અને લૌકિક ફળ આપે છે તેમ જ અલૌકિક માર્ગમાં દોરે છે. તથા જેમ કૃષ્ણપ્રભુએ અર્જુનને દિવ્ય ચક્ષુઓ આપી વિરાટ્ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં હતાં, તેમ "दिव्यं ददामि ते चक्षुः" ॥ (શ્રીમદ્ ભગવદ્ગીતા) દિવ્ય જ્ઞાનચક્ષુઓ આપી આત્મજ્ઞાન અને બ્રહ્મજ્ઞાનના માર્ગમાં દોરે છે અને છેવટે અક્ષરધામ અગર ગોલોકમાં (જુઓ પ્ર. દ. નં ૩૦) સ્થાન આપે છે કે જ્યાં ક્ષુધા, તૃષા, પિપાસા, ભય, શોક, દુઃખ, ગ્લાનિ હોતાં નથી પણ તે વિશ્વેશ્વરનારાયણ (જુઓ પ્ર. દ. નં ૨૪ ને ૨૫)નાં દર્શન કરી જીવાત્મા આત્માનંદ પ્રાપ્ત કરે છે.

(૧૨) શિષ્ય : જે આત્મા ઉપાસના કરી મૃત્યુ બાદ દેવકોટિ યા ઈશ્વરકોટિ યા અક્ષરધામને પામે છે, તે આત્મા સદાને માટે ત્યાં જ રહે છે કે કાળાંતરે પાછો અવતાર લે છે?

વ્યાસ : જે આત્મા ઉપાસના કરી મૃત્યુ બાદ દેવકોટિ યા ઈશ્વરકોટિ યા અક્ષરધામમાં જાય છે, પરન્તુ દેવકોટિમાંથી (સ્વર્ગમાંથી), ઈશ્વરકોટિમાંથી અને અક્ષરધામમાંથી (પુણ્ય હોય ત્યાં સુધી જ જીવાત્મા નિવાસ કરે છે પણ) "क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति"। પુણ્ય પૂરું થતાં દરેક આત્માને કર્મભૂમિ મૃત્યુલોકમાં પુનર્જન્મ લેવા પાછા આવવું પડે છે. પરંતુ તે આત્માને સર્વદા દુઃખની નિવૃત્તિ તથા અખંડ સુખની પ્રાપ્તિ તથા પરમાનંદ કે બ્રહ્માનંદ પ્રાપ્ત થતો નથી. તેથી સદ્ગુરુ શ્રીવલ્લભરામે "પ્રણવવિજ્ઞાન"માં જણાવ્યું છે કે :

(મનહર છંદ)

સાલોકય, સારૂપ્ય, સમીપ, મુક્તિ કે પરમગતિના;
કાં મુક્ત થયેલા જીવો, પાછા ભૂમિ આવે છે.
જય વિજય પાછા આવ્યા, સુકૃત તેટલું રહે તે;
સુકૃતો પૂરા થયેથી, કોઈ ન રખાવે છે.
પરમગતિના પામેલા, માયા સ્પર્શે આવે અહીં;
આગળ મોક્ષ ન સૂઝે, જ્ઞાન કોણ લાવે છે?
પણ મોક્ષરૂપ થયો, તે તો પાછો આવે નહીં;
અચળિત પરમપદ, "વલ્લભ"ને ભાવે છે.

(૧૩) શિષ્ય : અધિદૈવિક પ્રણવોપાસના એટલે શું? સગુણ યા સકામ ઉપાસના કોને કહેવાય? અને તેનું ફળ શું મળે છે?

વ્યાસ : પ્રણવ વડે કરેલી દેવોની, ઈશ્વરોની અને નારાયણની ઉપાસનાને અધિદૈવિક પ્રણવોપાસના કહેવામાં આવે છે. આ જ ઉપાસનાને સગુણ યા સકામ ઉપાસના કહેવામાં આવે છે. તે સગુણ દેવોની, ઈશ્વરોની અને નારાયણની સકામ ઉપાસના હોવાથી માત્ર લૌકિક અને અક્ષરનિવાસ જેવું અલ્પ આધ્યાત્મિક ફળ આપે છે, પણ યોગ્ય આધ્યાત્મિક ફળ આપતી નથી.

(૧૪) શિષ્ય : સગુણ લૌકિક ઉપાસનામાં ૐનો ઉપયોગ કરવો કે?

વ્યાસ : ઉપનિષદોનો તથા શાસ્ત્રકારોનો સિદ્ધાંત છે કે : ૐનો "અથ" તથા "ઇતિ" તરીકે ઉપયોગ કરવો, પણ ૐનો સગુણ લૌકિક ઉપાસનામાં ઉપયોગ કરવો નહીં. કેમ કે ૐકારની ઉપાસનામાં એવો ગુણ રહેલો છે કે તે ઇચ્છિત મનોકામના સત્વર સંપૂર્ણ કરવાવાળો હોઈ શ્રેષ્ઠ અને તાત્કાલિક ફળ આપે છે. તેથી કરીને કેટલાક મંત્રોમાં "ૐ" આવતો નથી પણ "શ્રી" આવે છે. દાખલા તરીકે, "श्रीकृष्ण शरणं मम" ॥ તથા "श्री रामाय नमः ॥" મંત્રોમાં ૐ લીધેલો નથી.

(૧૫) શિષ્ય : જે પ્રણવબ્રહ્મને માયાવી ગુણોરહિત નિર્ગુણ માનીને પરમેશ્વરની ઉપાસના કરે છે, તેને શું ફળ પ્રાપ્ત થાય છે?

વ્યાસ : જે પ્રણવબ્રહ્મને માયાવી ગુણોરહિત નિર્ગુણ માનીને પરમબ્રહ્મ પરમેશ્વરની ઉપાસના કરે તો તે પ્રણવના ધ્યાન વડે મોક્ષ પ્રાપ્ત કરે છે.

(૧૬) શિષ્ય : જેઓ પ્રણવબ્રહ્મ મંત્રથી પરમેશ્વરને સાકાર માનીને ઉપાસે છે તેઓને શું ફળ પ્રાપ્ત થાય છે?

વ્યાસ : જેઓ પ્રણવબ્રહ્મ મંત્રથી પરમાત્મા-પરમેશ્વરની સાકાર ભાવથી ઉપાસના કરે છે અને દર્શનની અપેક્ષા રાખે છે, તેઓ મન્વંતરો (પ્ર. દ. નં. ૧૩ થી ૧૬માં બતાવેલ સન્તુ, સનત્કુમાર, સનાતન અને સનક)ને પ્રાપ્ત થાય છે. પરંતુ ત્યાંથી એટલે અશુદ્ધ પરમગતિમાંથી (જુઓ પ્ર. દ. નં. ૧૮) પાછા આવવું પડે છે.

(૧૭) શિષ્ય : જેઓ પ્રણવબ્રહ્મ મંત્રથી પરમાત્મા-પરમેશ્વરને નિરાકાર માનીને ઉપાસે છે, તેઓને શું ફળ પ્રાપ્ત થાય છે?

વ્યાસ : જેઓ પ્રણવબ્રહ્મ મંત્રથી પરમાત્મા-પરમેશ્વરને નિરાકાર સમજી ઉપાસે છે તેઓ પરમેશ્વરની પ્ર. દ. નં. ૧૮થી બતાવેલ અશુદ્ધ પરમગતિમાં જાય છે અને ત્યાં અનંત સમય સુધી ભ્રમણ કર્યા પછી ભાન ભૂલતાં ફરી પાછા ગ્રંથિસ્વરૂપ થઈ વિશ્વમાં જન્મ લે છે.

(૧૮) શિષ્ય : જેઓ પ્રણવબ્રહ્મ મંત્રથી પરમેશ્વરને તેજસ સ્વરૂપ યા દિવ્યજ્યોતિ સ્વરૂપ માનીને ઉપાસે છે, તેઓને શું ફળ પ્રાપ્ત થાય છે?

વ્યાસ : જેઓ પ્રણવબ્રહ્મ મંત્રથી પરમેશ્વરને માત્ર તેજસ સ્વરૂપ યા દિવ્યજ્યોતિ સ્વરૂપ માનીને ઉપાસે છે, તેઓને પરમેશ્વરનું સત્યજ્ઞાન ન હોવાથી બિંદુ પરમાત્મામાંની પ્ર. દ. નં. ૭થી બતાવેલ ચતુર્દશ આત્મકળા શુદ્ધ પરમગતિ પ્રાપ્ત થાય છે; પરંતુ તેઓને પણ ઘણા અનંત લાંબા સમયે માયામાં પાછું આવવું પડે છે યા ગ્રંથિ સ્વરૂપ થઈ મૃત્યુલોકમાં અગર તો બ્રહ્માંડમાં ભટકવું પડે છે.

(૧૯) શિષ્ય : જેઓ પ્રણવબ્રહ્મ મંત્રથી પરમેશ્વરને જ્ઞાનચૈતન્યનું સ્વરૂપ સમજી ઉપાસે છે, તેઓને શું ફળ પ્રાપ્ત થાય છે?

વ્યાસ : જેઓ પ્રણવબ્રહ્મ મંત્રથી પરમાત્મા-પરમેશ્વરની તેને જ્ઞાનચૈતન્યનું સ્વરૂપ યા જ્ઞાનસ્વરૂપ સમજી ઉપાસના યા યોગસાધના કરે છે, તેઓ પરમાત્માના સ્વરૂપમાં વિલીન થાય છે. જેવી રીતે મીઠું કે ખાંડ પાણીમાં ઓગળી જઈ એકરૂપ થઈ જાય છે, તેવી રીતે આત્મા પરમાત્મામાં તન્મય, તદ્રૂપ, એકસ્વરૂપ થઈ જાય છે. ત્યાં કોઈ પ્રકારની ભિન્નતા રહેતી નથી, આત્મા તે જ પરમાત્મા બને છે અને તેથી જ તેને મોક્ષપ્રાપ્ત થયો ગણાય છે. અર્થાત્ તેઓને મોક્ષ યા સાયુજ્ય મુક્તિ (જુઓ પ્ર. દ. નં. ૧ થી ૩) પ્રાપ્ત થાય છે એટલે સદા દુઃખની નિવૃત્તિ અને અખંડ સુખની પ્રાપ્તિ થાય છે એટલે તેઓ કદી પણ પાછા જન્મમરણના ફેરામાં આવતા નથી.

(૨૦) શિષ્ય : જે પ્રણવઅક્ષરની સગુણ બ્રહ્મરૂપે ઉપાસના કરે છે, તેને શું ફળ પ્રાપ્ત થાય છે?

વ્યાસ  જે પ્રણવ અક્ષરની સગુણબ્રહ્મરૂપે ઉપાસના કરે છે, તે ઈશકોટિ (સ્વર્ગના દેવો), ઈશ્વરકોટિ અને બ્રહ્મલોક યાને ગોલોક (જુઓ પ્ર ૬ ન ૩૫) સુધી જે જેને ભજે છે તે તેને પ્રાપ્ત થાય છે

(૨૧) શિષ્ય  પરમાત્માનું કેવું સ્વરૂપ સમજીને ઉપાસના કરવામા આવે તો આત્માનો મોક્ષ થાય?

વ્યાસ  તે પરમેશ્વરને જે આત્માઓ જ્ઞાનસ્વરૂપ સમજીને પરમેશ્વરના મત્ર, પ્રણવમંત્ર વડે ઉપાસના યા યોગસાધના કરે છે, તે પરમેશ્વરના સ્વરૂપમા વિલીન (એટલે લય) થાય છે, મોક્ષોપાસના કરનાર આત્મા પરમેશ્વરના સ્વરૂપમા (જેવી રીતે મીઠુ કે ખાડ પાણીમા ઓગળી જઈ એકરૂપ થઈ જાય છે તેવી રીતે આત્મા પરમેશ્વરમા) તન્મય, તદ્રૂપ, એકસ્વરૂપ થઈ જાય છે; ત્યા કોઈ પ્રકારની ભિન્નતા રહેતી નથી  આત્મા તે જ પરમાત્મા બને છે અને તેથી જ તેને મોક્ષપ્રાપ્ત થયો ગણાય છે કે જે પદમાંથી કોઈ આત્માને યુગયુગાતરમાં પણ પાછા કદાપિ આવવુ પડતુ નથી અને આત્મા તે પરમાત્મા સાથે એકરૂપ, એકરસ, એકરગ, એકમતિ, એકગતિ, એકઆકાર, એકસત્તા વગેરે તમામ પ્રકારે એકરૂપ થાય છે  તેનું જ નામ મોક્ષપ્રાપ્તિ છે તેથી કહ્યુ છે કે .

**विशेषणभेदव्यपदेशाभ्यां च नेतरौ ॥** (વેદાન્ત દર્શન, અધ્યાય ૧, પાદ ૨, સૂત્ર ૨૨)

**अस्मिन्नस्य च तद्योगं शास्ति ॥** (વેદાન્ત દર્શન, અધ્યાય ૧, પાદ ૧, સૂત્ર ૧૯)
**अन्तस्तद्धर्मोपदेशात् ॥** (વેદાન્ત દર્શન, અધ્યાય ૧, પાદ ૧, સૂત્ર ૨૦)

અર્થ  આત્મા પરમાત્મામા તત્સ્વરૂપ થઈ મળી જાય છે અને તેમાં કોઈ પ્રકારની માયાની વાસના કે ભેદાભેદ હોતા નથી

(૨૨) શિષ્ય  આધ્યાત્મિક ઉપાસના કોને કહેવાય? અને આ ઉપાસના મા પણ પ્રણવની જરૂર પડે છે કે?

વ્યાસ  આધ્યાત્મિક ઉપાસના એટલે સ્થૂલ, સૂક્ષ્મ, કારણ દેહોમાથી મન, ઇંદ્રિયો અને તેના વિષયોમાથી વૃત્તિ ઉપરામ (એટલે નિવૃત્ત) કરી જેઓ પોતાના આત્માને ધ્યેય માની પ્રણવમત્રથી ઉપાસે છે તો આત્મા મન, ઇંદ્રિયો અને તેના વિષયોથી વિરક્ત થયેલો હોવાથી છેવટે પોતાનુ આત્માભિમાન છોડી દે ત્યારે આત્મામા રહેલ ગૂઢ અને સૂક્ષ્મ બ્રહ્મત્વ, આત્મજ્યોતિ પોતે પ્રણવબ્રહ્મ વડે પરમાત્મોપાસના કરે છે, ત્યારે તે આત્મા સાક્ષીરૂપ બની જાય છે જે આત્મા આવી રીતે સાક્ષીરૂપ બની બ્રહ્મવિદ્યામા નિમગ્ન થાય અને માયાવી

દેહાદિનાં અભિમાન છોડે તો તે આત્માની આત્મજ્યોતિમાં તમામનો લય થવાથી આત્મજ્યોતિ સ્વયં પરમાત્મોપાસનામાં લાગે અને તે તમામ મંત્રો ત્યજી દઈ બ્રહ્મવૃત્તિ વડે માત્ર "પ્રણવ" જપે તો બ્રહ્મધ્યાન થાય, તેથી તે તાત્કાલિક એક જ જન્મે પાપથી મુક્ત થાય, જ્ઞાનમય બને અને તેનો મોક્ષ થાય. આ રીતે જે દૃષ્ટા બને છે તે નિષ્કામ ભાવના વડે એટલે મોક્ષ સિવાયની તમામ ભાવનાઓ લય કરીને આત્મજ્યોતિ પરમબ્રહ્મ-પરમાત્મામાં નિમગ્ન થાય છે, તેને "આધ્યાત્મિક ઉપાસના" કહે છે. અર્થાત્ ટૂંકાણમાં કહીએ તો, પ્રણવ વડે પ્રથમ આત્મામાં, તે પછી કૂટસ્થતત્ત્વ આત્મામાં અને તે પછી કૂટસ્થ આત્મતત્ત્વ વડે પરમાત્મામાં એકાગ્રતા થાય અને તન્મયતા થાય, તેનું નામ "આધ્યાત્મિક ઉપાસના" છે.

(૨૩) શિષ્ય : આ આધ્યાત્મિક ઉપાસનામાં સાધકના આત્માની આત્મજ્યોતિને પરમાત્મામાં નિમગ્ન કરનાર કઈ શક્તિ છે?

વ્યાસ : તે આધ્યાત્મિક ઉપાસનામાં **"एतद्वैसत्यकाम"** સત્યકામ એટલે સત્યવસ્તુ આત્મામાં રહેલ આત્મજ્યોતિને પરમજ્યોતિરૂપ પરમાત્મામાં નિમગ્ન કરનાર, સત્યકામના પૂર્ણ કરનાર, તે ૐકાર છે. માટે **"ओमित्यतमानं युंजीत"** ॥ આત્માને ૐમાં સંયુક્ત કરો એટલે જોડી દો અને એવો સંલગ્ન કરો કે આત્મબ્રહ્મનો ઉચ્ચાર જીવનના અંત સુધી ૐ રહે. મૃત્યુ સમયે આત્મોચ્ચાર-પ્રણવ જ રહે અને અંતિમ સમયે આત્માનું ધ્યેયલક્ષ્ય પ્રણવના રહસ્યરૂપ પરમબ્રહ્મમાં એકનિષ્ઠ રહે. તેથી દરેક આત્માએ, જો ગુરુના આધ્યાત્મિક બળનો આધાર ન હોય તો અવશ્ય આત્માને લક્ષ્ય બનાવી પ્રણવોપાસના કરવી જોઈએ. કેમ કે પ્રણવોપાસનાથી સ્થૂલનો સૂક્ષ્મમાં, સૂક્ષ્મનો કારણમાં, કારણનો મહાકારણમાં અને મહાકારણનો આત્મામાં લય થાય અને આત્માનો આત્મતત્ત્વ-બ્રહ્મમાં લય થાય તો તે જ બ્રહ્મત્વ મોક્ષસ્વરૂપ બની જાય છે.

(૨૪) શિષ્ય : દેવો, ઈશ્વરો અને અંશાવતારીઓની પરમાત્મા યા ભગવાન માની ઉપાસના કરાય કે?

વ્યાસ : તમારા પ્રશ્નનો જવાબ "અક્ષરબ્રહ્મ, સગુણબ્રહ્મ અને વિશ્વેશ્વર-નારાયણ" પ્રકરણના સવાલ ૩૯ ને ૪૭માં પૂર્ણપણે આપેલો છે, તે જોઈ લેશો.

(૨૫) શિષ્ય : સાધકે મોક્ષ મેળવવા કેવો અધ્યાસ અને અભ્યાસ રાખવો? મોક્ષ મેળવવા માટે સાધકને પોતાના આત્મતત્ત્વને વધુમાં વધુ ઊંચે મોકલવાની જરૂર રહે છે કે?

વ્યાસ : આત્મબ્રહ્મનો અવાજ **"ॐ खं ब्रह्म"** ॥ જેમ આકાશમાં પ્રણવ સર્વદા અખંડ વ્યાપ્ત છે, તેમ સાધકે પોતાના આત્માને પરમાકાશ સુધી પહોંચાડે

અને તેનાં તમામ તત્ત્વો છેદનભેદન થાય તેવો અધ્યાસ અને અભ્યાસ રાખવો જરૂરી છે. પ્રણવ ધનુષ્યને પોતાની શક્તિ હોય તેટલું જોરથી એટલી હદે ખેંચવું કે, શર (એટલે બાણ યા તીર) રૂપી આત્મા વેધ્ય પરમબ્રહ્મ સુધી પહોંચે, આત્મા ગ્રંથિતત્ત્વ મટી આત્મતત્ત્વ થાય, અને આત્મબ્રહ્મ જ્યોતિ થઈ પરમગતિ સુધી પહોંચી જાય, તે રીતે આત્મા અને આત્મબ્રહ્મ તીરને અનંત ઊંચે મોકલી શકાય અને તે તીર પરમબ્રહ્મમાં વિલય યા તન્મય થઈ જાય એટલે તદ્રૂપ મોક્ષ થઈ જાય તે પ્રમાણે આત્મતત્ત્વને વધુ ને વધુ ઊંચે મોકલવાનું છે. તેથી શ્રીઅથર્વવેદીય મુંડકોપનિષત્, મુણ્ડક ૨, ખંડ ૨, મંત્ર ૪માં જણાવ્યું છે કે :

प्रणवो धनुः शरोह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते ।
अप्रमत्तेन वेद्धव्यं शरवत्तन्मयो भवेत् ॥

અર્થ : પ્રણવ-ૐકારરૂપી ધનુષ પર, શર (તીર) રૂપી આત્માને ચઢાવીને, પરમબ્રહ્મને તેનું લક્ષ્ય અને વેધવ્યસ્થાન માનીને, તેમાં દૃષ્ટિ-વૃત્તિ સ્થિર કરીને, બીજું કાંઈ પણ આડાઅવળા જોયા કે વિચાર્યા સિવાય, તે બ્રહ્મમાં (તારા) આત્માને એવો તન્મય, તલ્લક્ષ્ય કરી નાંખ કે : જેમ ધનુષમાંથી છૂટેલું તીર જેને માર્યું હોય તેના શરીરમાં જ પેસી જાય છે, તે પ્રમાણે (તારો) આત્મા તે પરમબ્રહ્મમાં તલ્લક્ષ્યભાવે "તું" તન્મયપણે એવો તદ્રૂપ થઈ જાય કે તેનામાં અને તારામાં કાંઈ ભિન્નત્વ ન રહેતાં તત્સ્વરૂપ થઈ જાય.

(૨૬) શિષ્ય : ૐનો જપ કેવી રીતે કરવાથી મોક્ષ થાય? અને પરમાત્માનું સાચું શરણ સ્વીકારેલું ક્યારે ગણાય?

વ્યાસ : દરેકે પોતાના આત્મકલ્યાણ માટે તે પરમાત્માનું જ ધ્યાન કરવું જોઈએ. માટે પરમાત્માનું સાચું શરણ સ્વીકાર્યા વિના અને તેના શરણમાં જ સર્વભાવ સમર્પણ કર્યા વિના ઓછા યા વત્તા અંશે ધર્મધ્યાન નિષ્ફળ જાય છે. માટે ગુરુદેવ દ્વારા મેળવેલા મંત્રોનું રહસ્ય સમજીને તેના ઉચ્ચાર પ્રમાણે આત્માનો તેવો ભાવ કરવો જોઈએ. ૐનો જપ કરતી વેળા કેવી માગણી કરવી તે પણ જાણવું જોઈએ. આ વિષે સદ્ગુરુ શ્રીવલ્લભરામે "પ્રણવવિજ્ઞાન"માં લખ્યું છે કે :

(ૐ મંત્ર જપ—છંદ)

પ્રણવનું પરિપૂર્ણ, જ્ઞાન મેળવીને પછી;
પ્રેમલક્ષણા ભક્તિથી, કરી દેવું લાગણું.
નિર્વિકલ્પ સમાધિએ, તુર્યાવસ્થા પ્રાપ્ત કરી;
સવિકલ્પ સમાધિનું, કરી દેવું તાગણું.

ૐકાર ને બિંદુ મંત્ર, સાથે આત્મ જપ જપો;
મોક્ષની ઇચ્છાના શબ્દો, જોડી કરો માગણું.
કામનાઓ પૂર્ણ થઈ, મુક્ત થઈ મોક્ષ પામે;
"વલ્લભ" જે તે ન કરે, તે જન અભાગણું.

એટલે કે "ૐ" શબ્દ બોલતાં ઉકાર, મકાર, અકાર અને અર્ધમાત્રામાંથી મળેલા પચીસ તત્ત્વોના માયાવી ભાવોનો ત્યાગ કરી, ૐના મથાળે આવેલા બિંદુમાં લક્ષ્ય લઈ જવો અને તે બિંદુસ્વરૂપ પરમાત્મામાં તન્મય, તદાત્મ્યભાવ ઉત્પન્ન કરીને "ૐ" બોલ્યા પછી "પરમાત્મા" શબ્દ બોલવો અને તે પછી "હું તમારે શરણે છું" યા તો "પરમ સદ્‌ગુરુ વલ્લભ મારા આત્માનો મોક્ષ કરો", એ શબ્દો આત્માના પૂર્ણભાવથી બોલવા. એ રીતે કરવાથી સર્વોત્કૃષ્ટ "શરણાગતિનું પાત્રત્વ પ્રાપ્ત કરી શકીએ છીએ અને તે જ પ્રમાણે "ૐ" શબ્દ બોલી, પરમાત્મામાં સર્વભાવ સ્થિર કરી "પોતાના આત્માનું કલ્યાણ કરવાવાળા તથા જન્મમરણના ફેરા નિવારવાવાળા પરમ સદ્‌ગુરુશ્રીને શરણે હું છું", એ રીતે ભાવપૂર્વક મંત્ર બોલી દરેકે પોતાનું કલ્યાણ સાધવું જોઈએ. સાચા શરણે જનારને જેના શરણની અપેક્ષા રાખતો હોય તેના સિવાય બીજા કોઈમાં ભાવ રાખવાનો અધિકાર નથી. પણ આત્મામાં જેટલા ભાવ હોય તેટલા તમામ ભાવોને જેના શરણે ગયા હોઈએ, તેમાં જ સમાવી દેવા જોઈએ. આનું નામ પરમાત્માનું સાચું શરણ સ્વીકારેલું ગણાય.

(૨૭) શિષ્ય : સત્ય સ્વરૂપ મોક્ષમાં નિમગ્ન શી રીતે થવાય?

વ્યાસ : પ્રથમ આત્મિક ધ્યાન કરવામાં જ્યારે સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહની લૌકિકશક્તિનો હ્રાસ (એટલે ક્ષય) થાય, ત્યારે જ આત્મોચ્ચાર થયા બાદ આત્મલક્ષ્ય લાગે છે. પરંતુ આત્મોચ્ચારમાં લૌકિક-અલૌકિક બંને તત્ત્વો મિશ્ર હોવાથી અર્થાત્ આત્મા ગ્રંથિતતત્ત્વવાળો હોવાથી આત્મામાં રહેલ કૂટસ્થબ્રહ્મ વડે બ્રહ્મોચ્ચાર થતો નથી. માટે તે તમામનો લય કરીને આત્મજ્યોતિ વડે બ્રહ્મોચ્ચાર કરો. એટલે કૂટસ્થ આત્મજ્યોતિ માત્ર પ્રણવનું બ્રહ્માકાર વૃત્તિ વડે ફક્ત પરમેશ્વરમાં લક્ષ્ય રાખીને એકાગ્ર ધ્યાન અને બ્રહ્મોચ્ચાર કરશો તો તેમ કરવામાં જેવી રીતે માયાના ચારે દેહો યોગમાં લય થઈ જાય છે, તેવી રીતે આત્માના સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહો છે, તે પૈકી આત્મિક અલૌકિક સ્થૂલ દેહરૂપ ચાર મન્વંતરો છે, માટે તે તમામનો આત્માના ચારે દેહો સહિતનો આત્મયોગમાં અને બ્રહ્મયોગમાં ત્યાગ અને વિલય કરાય તો જ આત્મ કૂટસ્થબ્રહ્મથી સત્યસ્વરૂપ મોક્ષમાં બ્રહ્માકાર વૃત્તિ વડે નિમગ્ન થવાય.

(૨૮) શિષ્ય : "अहंब्रह्मास्मि" અને "तत्त्वमसि" આ મહાવાક્યો જપવાથી મોક્ષ થાય છે કે?

વ્યાસ : "अहंब्रह्मास्मि" એટલે હું બ્રહ્મ છું અને "तत्त्वमसि" એટલે બ્રહ્મનું બ્રહ્મત્વ તું છે (પણ કેટલાક એવો અર્થ કરે છે કે, તું જ બ્રહ્મ છે), એમ કહી બ્રહ્મની (એટલે પરમાત્મા-પરમેશ્વરની) ઐક્યતા સમજાવે છે પરંતુ તે ખોટું છે. શાથી કે જો "હું" અને "તું" બે જુદા પદાર્થ હોવા સિવાય "હું" અને "તું" કહી શકાતું નથી અને જ્યાં સુધી અહમ્ અને ત્વમ્ ભાવનો વિલય થાય નહીં યાને આત્માને પોતે પરમાત્માથી અન્ય હોવાનો ભાવ (પરમપદ પ્રાપ્તિ સિવાય) દૂર થાય નહીં ત્યાં સુધી "अहंब्रह्मास्मि" અને "तत्त्वमसि" વચનો બોલવાથી, જપવાથી, શ્રવણ કરવાથી કે મોક્ષાધિકારી થયા સિવાય મનથી પોતાને બ્રહ્મ માની લેવું, તે ભિખારી હોવા છતાં રાજા હોવાની ગાંડા માણસની પેઠે મિથ્યા કલ્પના હોઈ નિરર્થક છે અને તેથી સદ્ધર્મ અને સત્કર્મથી વિમુખ થવાય છે.

(૨૯) શિષ્ય : કોઈ પણ મંત્રની પૂર્વે ૐકાર જોડયા સિવાય મંત્રસિદ્ધિ, આત્મસિદ્ધિ અને મોક્ષસિદ્ધિ પ્રાપ્ત થાય છે કે?

વ્યાસ : કોઈ પણ મંત્રની પૂર્વે પ્રણવ-ૐકારને બોલ્યા કે જપ્યા સિવા મંત્રસિદ્ધિ, આત્મસિદ્ધિ કે મોક્ષસિદ્ધિ થતી નથી. માટે કોઈ પણ વેદોક્ત મંત્ર ૐકાર બોલ્યા સિવાય બોલવો કે જપવો નહીં, છતાં જો પ્રણવરહિત મં· જપે તો તેની લક્ષાંશ ભાગની જ સિદ્ધિ થઈ શકે છે પણ વધુ થઈ શકત નથી. માટે પ્રાચીન કાળથી બ્રાહ્મણોના મુખમાં મંત્રોચ્ચાર વખતે પહેલાં ૐ હો છે. ગાયત્રીના જપમાં, યજ્ઞારંભમાં અને તપશ્ચર્યામાં પણ ૐ વડે જ સિદ્ધિ થાય છે. તેથી સદ્‌ગુરુ શ્રીવલ્લભરામે "વલ્લભ વિષ્ટિ", ભાગ ૩માં લખ્યું છે કે

(વીર બાવા નું હય રાધા—એ રાગ)

મંત્રો બહુ છે વેદના પણ, તત્ત્વ મંત્ર ૐ છે;<br>
યંત્રો સિદ્ધિ કર ઘણા પણ, સિદ્ધ યંત્ર ૐ છે. મંત્રો...ટે

વેદોક્ત મંત્રો વિનાના, મંત્રમાં ૐ છે નહિ;<br>
વેદ, શાસ્ત્ર, ઉપનિષદનો, અથ શબ્દ ૐ છે. „ ૧

ઈશ્વર, વિશ્વેશ્વરને, ૐ સહિત જપાય તો;<br>
પુણ્ય ફળ હજાર ગણું એ, આપનારો ૐ છે. „ ૨

શ્રુતિ, સ્મૃતિ, પુરાણો ને, ગીતામાં ગુણગાન છે;<br>
યોગી, ઋષિ, મુનિ, ઈશ્વર, જાપ સૌનો ૐ છે. „ ૩

એક દેવને જપીને, બીજાને જપતાં નથી;
સૌનું થાય ધ્યાન તેવો, અમૂલ્ય અક્ષર ૐ છે. „ ૪
તપ, યજ્ઞ, ગાયત્રીમાં, પ્રથમોચ્ચાર ૐ છે;
"વ્યાસ" ધ્યેય બતાવે તે, સદ્‌ગુરુ પણ ૐ છે. „ ૫

માટે પહેલાં ૐ કે જે વેદોક્ત કર્મો, મંત્રો, જ્ઞાનનું અને જ્ઞેયનું તત્ત્વ રહસ્ય છે તેને સમજો, બોલો, જપો અને તેની સિદ્ધિ પ્રાપ્ત કરો. વેદોક્ત મંત્રો અને કર્મો સિવાય સ્વર્ગપદ, બ્રહ્મલોક, વિષ્ણુલોક, શિવલોક, શક્તિલોક, ગોલોક કે મોક્ષપદ કાંઈ પણ પ્રાપ્ત થઈ શકતું નથી.

(૩૦) શિષ્ય : જ્ઞાનશક્તિનો મહાઅદ્‌ભુત બીજમંત્ર કયો?

વ્યાસ : શ્રીશક્તિગીતાના, અધ્યાય ૪, શ્લોક ૧૯માં કહ્યું છે કે :

ज्ञानशक्तेरतोह्यस्ति प्रणवो बीजमद्‌भुतम् ॥

અર્થ : જ્ઞાનશક્તિનો મહાઅદ્‌ભુત બીજમંત્ર પ્રણવ છે, "પ્રણવ સમાન જ્ઞાનયોગ શક્તિવાળો બીજો કોઈ મંત્ર છે જ નહી."

(૩૧) શિષ્ય : બીજમંત્રોની ગતિ કયાં સુધીની છે? પ્રણવમંત્રની ગતિ કયાં સુધીની છે? વળી ૐકારની સાથે બીજમંત્ર જોડીને જપવાથી શું ફળ પ્રાપ્ત થાય?

વ્યાસ : શ્રીશક્તિગીતા, અધ્યાય ૪, શ્લોક ૨૨ ને ૨૩માં જણાવ્યું છે કે :

प्रणवो निर्गुणानाम्वै मन्त्राणामादिमोऽस्त्यतः ।
आस्ते प्रणवमाहात्म्यं सर्वमूर्द्धन्यताङ्गतम् ॥
अतोहि सच्चिदानन्द स्वरूपोद्भावको मम ।
प्रणवो मन्त्र राजोऽस्ति, मन्त्राणां सेतुरेव च ॥

અર્થ : પ્રણવ નિર્ગુણ મંત્રોનો આદિ છે. માટે પ્રણવનું માહાત્મ્ય સર્વોપરી છે. માટે પરમોત્કૃષ્ટ સચ્ચિદાનંદનું જ્ઞાન કરાવનાર શ્રેષ્ઠ પ્રણવ સર્વમંત્રોનો રાજા છે. તથા સર્વે આધ્યાત્મિક મંત્રશક્તિઓનો સેતુ છે. અન્ય મંત્રોની ગતિ જે લોકોના દેવની ઉપાસના થતી હોય, તે દેવના લોક સુધી જ તે તે મંત્રની ગતિ છે. પરંતુ તે લોકોથી આગળ ઊંચે જવાની, તે મંત્રોમાં શક્તિ નથી. પરંતુ પ્રણવની ગતિ મોક્ષ સુધી છે.

(૩૨) શિષ્ય : નિર્ગુણ બ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ માટે કયો મંત્ર જપવો?

વ્યાસ : શ્રીશક્તિગીતાના, અધ્યાય ૪, શ્લોક ૯માં કહ્યું છે કે :

निर्गुणस्य स्वरूपस्य प्रणवो वाचकोऽस्तिहि ॥

અર્થ : પ્રણવ નિર્ગુણ સ્વરૂપ પરમેશ્વર-પરમાત્માનો વાચક છે. તેથી પ્રણવના જપ વડે જ નિર્ગુણબ્રહ્મ-પરમાત્માની પ્રાપ્તિ થાય છે. તે સિવાય અન્ય મંત્રોથી નિર્ગુણ પરમેશ્વરની અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

(૩૩) શિષ્ય : શાસ્ત્રોમાં અનેક મતમતાંતરો હોવાથી બ્રહ્મપ્રાપ્તિ માટે કયા મંત્રનું ધ્યાન કરવું?

વ્યાસ : નચિકેતાએ યમને આવો જ પ્રશ્ન પૂછ્યો હતો, તેનો જવાબ યમે એવો આપ્યો કે, સર્વ વેદો જેનું પ્રતિપાદન કરે છે, સર્વ કર્મો જે પરમેશ્વરને ચિત્તશુદ્ધિ દ્વારા મેળવાવે છે, જે પરમબ્રહ્મને (મોક્ષને) પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા મુમુક્ષુઓ બ્રહ્મચર્ય પાળે છે, તે પરમબ્રહ્માત્મક પદને હું સંક્ષેપે કરીને કહું છું કે : "તેને પ્રાપ્ત કરવાનો મંત્ર શબ્દબ્રહ્મ ૐકાર છે, તે અક્ષરબ્રહ્મરૂપ છે. આ અક્ષર શ્રેષ્ઠ મંત્રોમાં અતિ શ્રેષ્ઠ છે." (જુઓ શ્રીકૃષ્ણયજુર્વેદીય કઠોપનિષત્, વલ્લી ૨, શ્લોક ૧૫)

માત્ર આ અક્ષરને જાણનાર પરમધામ બ્રહ્મલોકને પ્રાપ્ત થાય છે. આ ૐકારરૂપ આશ્રય શ્રેષ્ઠ અને સર્વોચ્ચ છે. તેનું અવલંબન કરીને આત્માઓ બ્રહ્મલોકથી મુક્ત થઈને મોક્ષપદને પ્રાપ્ત કરે છે. માટે યમે નચિકેતાને પ્રણવનો બોધ આપતાં કહ્યું કે :

**ॐ मित्येतदक्षरमुद्‌गीथमुपासीत** ।।(શ્રીસામવેદીય છાંદોગ્યોપનિષત્, પ્રપાઠક ૧, ખંડ ૧, મંત્ર ૧)

હે નચિકેતા! જો તું તારા આત્માની અવિચળ સદ્ગતિ ઇચ્છતો હોય તો ઉદ્‌ગીથરૂપ સર્વશ્રેષ્ઠ ૐકારની જ ઉપાસના કર. કે જેના વડે તું જન્મ-મૃત્યુથી મુક્ત થઈને પરમાત્માને (મોક્ષને) મેળવીશ. કેમ કે પ્રણવ અક્ષર પરમાત્માનું પ્રતીક અને વાચ્ય હોઈ તમામ મંત્રો અને યજ્ઞો ૐથી જ પ્રારંભ થાય છે.

**प्रणवस्सर्वमंत्रोपनिषद्वेद बीजं सनातनम्** ।। (ભાગવત, સ્કંધ ૧૨, અધ્યાય ૬, શ્લોક ૪૧)

**प्रणवः सर्वं वेदानामादिमो नात्र संशयः** ।। (શક્તિગીતા, અધ્યાય ૪, શ્લોક ૮૨)

પ્રણવ સર્વ મંત્રો, ઉપનિષદો અને વેદોનું સનાતન બીજ છે. અર્થાત્ પ્રણવમાંથી તમામ મંત્રો, વેદો, ઉપનિષદો વગેરે ઉત્પન્ન થયેલાં છે, એમ ભાગવતમાં કહ્યું છે. તેમ જ શક્તિગીતામાં માતાએ પ્રણવ વેદો કરતાં પ્રથમ અને વેદોનું મૂળ છે, એમાં કાંઈ જ સંશય નથી એમ કહ્યું છે. અર્થાત્ વેદોમાંથી પ્રણવ થયો નથી, પણ પ્રણવ ૐમાંથી વેદાદિ તથા અનેક મંત્રો ઉત્પન્ન ...

(૩૪) શિષ્ય : જે સાધક પોતાના આત્માની અવિચળ સદ્‌ગતિ ઇચ્છતો હોય તેને કોની ઉપાસના કરવી?

વ્યાસ : તમારા પ્રશ્નનો ખુલાસો સવાલ નંબર ૩૩માં કરવામાં આવ્યો છે.

(૩૫) શિષ્ય : પ્રણવબ્રહ્મ મંત્રના જપથી શો લાભ થાય?

વ્યાસ : दृष्ट्वैवममरात्दृष्टाः पदं तत्पारमेश्वरम्। प्रणेमुः प्रणवाकारं प्रविष्टास्तत्र सद्मनि॥ (વિદ્યેશ્વર સંહિતા, અધ્યાય ૯, શ્લોક ૨૩)

અર્થ : બ્રહ્મા અને વિષ્ણુએ તે પરમેશ્વરના પદને જોયું. તેથી પ્રણવાકાર પરમેશ્વરને જોઈને તેઓ ઊભા રહ્યા.

ॐकारोमन्मुखाज्जज्ञे॥ (વિદ્યેશ્વર સંહિતા, અધ્યાય ૧૦, શ્લોક ૧૬)

अनेन मंत्रकंदेन भोगो मोक्षश्च सिद्धयति॥ (વિદ્યેશ્વર સંહિતા, અ. ૧૦, શ્લોક ૨૪)

नमः प्रणववाच्याय नमः प्रणवलिंगिने॥ (વિદ્યેશ્વર સંહિતા, અ. ૧૦, શ્લોક ૨૯)

અર્થ : શંકર ભગવાને બ્રહ્મા તથા વિષ્ણુને કહ્યું કે, પ્રણવ-ૐકારને મારું મુખ સમજો, અને કલ્યાણ માટે તેનો જ જપ કરો. તે બ્રહ્મા તથા વિષ્ણુને ગુરુ શંકરે યંત્ર, તંત્ર અને મુક્તિપૂર્વક એ રીતે ત્રણવાર પ્રણવ મંત્રનો ઉચ્ચાર કરાવીને, તારકમંત્ર પ્રણવનો ઉપદેશ આપીને કહ્યું કે : આ મંત્ર લૌકિક સર્વ ભાગ-સિદ્ધિને આપે છે તેમ જ મોક્ષસિદ્ધિને આપે છે. અર્થાત્ પ્રણવના ધ્યાનથી મોક્ષસિદ્ધિ થાય છે. તે પછી તે બધાએ પરમેશ્વરની સ્તુતિ કરી કે : પ્રણવ જેનું વાચ્ય છે અને પ્રણવ જે પરમેશ્વરનું લિંગ (ગુહ્ય) સ્વરૂપ છે તેમને અમે નમસ્કાર કરીએ છીએ.

प्रणवं नित्यं जपेद्दशसहस्त्रकम्॥ (વિદ્યેશ્વર સંહિતા, અ. ૧૧, શ્લોક ૩૬)

અર્થ : આત્માનું કલ્યાણ ઇચ્છનારે પ્રણવ મંત્રના દરરોજ દસ હજાર જપ કરવા.

यस्योच्चारणमात्रेणसिद्धिर्भवतिशाश्वती॥ (ભગવતી ભાગવત્, સ્કંધ ૨, અધ્યાય ૧, શ્લોક ૭)

અર્થ : જેના ઉચ્ચાર માત્રથી શાશ્વત્ સિદ્ધિ-મોક્ષસિદ્ધિ પ્રાપ્ત થાય છે. (આ ઉચ્ચારવાણી મનથી ન થાય પણ આત્મામાં રહેલ કૂટસ્થબ્રહ્મથી ઉચ્ચારાય તો જ મોક્ષસિદ્ધિ પ્રાપ્ત થાય છે. તે હેતુથી આ વર્ણન કરેલું છે.)

एवं प्रणवसंयुक्तं प्राणमेव समभ्यसेत् ॥ (શ્રીમદ્ ભાગવત્, ઉત્તરાર્ધ સ્કંધ ૧૧, અધ્યાય ૧૫, શ્લોક ૩૫)

અર્થ : પ્રણવનો એકીશ્વાસે ઉચ્ચાર કરી, સતત જાપ કરીને, એકસરખા ઉચ્ચાર વડે, પ્રણવને મસ્તક સુધી વ્યાપ્ત કરીને, પ્રાણાયામ કરવાથી પ્રાણવાયુને જીતાય છે અને તેમાંથી બ્રહ્મનાદ ઉત્પન્ન થાય છે.

तच्च त्यक्त्वा न किंचिदपि चिन्तयेत् ॥

(શ્રીમદ્ ભાગવત્, સ્કંધ ૧૧, અધ્યાય ૧૫, શ્લોક ૪૪)

અર્થ : તે પ્રણવધ્યાનનો ત્યાગ કરીને યોગીપુરુષે અન્ય કોઈ પણ દેવ કે ઈશ્વરનું ચિંતવન કરવું નહીં. કેમ કે નિર્ગુણ પરમબ્રહ્મમાં આત્મસ્થિતિ પ્રાપ્ત કર્યા પછી નીચે ઊતરીને માયાના અગર માયાના દેવો-ઈશ્વરોના દાસ બનીને આત્મબળનો નાશ કરવો ન જોઈએ.

अज्ञाननाशनद्वारा प्रणवो "मोक्षदायकः" ॥ (સાંગપ્રણવકલ્પ, ૧૭)

અર્થ : શંકર ભગવાને પાર્વતી માતાને પરમ અને અત્યંત ગુહ્ય ઉપદેશ આપતાં કહ્યું કે, ૐકાર અજ્ઞાનનો નાશ કરી નાંખીને મોક્ષ આપનારો અતિ શ્રેષ્ઠ મંત્ર છે. અને તે "સદ્યો" "मोक्षप्रदायिकः" ॥ પ્રણવ સત્વર મોક્ષ આપનારો છે.

यस्यस्मरण मात्रेण मुच्यते पातकैर्द्विजाः ।

कवचानां राजराजं शाश्वतं "मोक्षदं" शुभम् ॥ (સાંગપ્રણવકલ્પ, ૪૧)

અર્થ : જે પ્રણવના સ્મરણ માત્રથી મનુષ્યોના અનેક ભવનાં પાપો દૂર થાય છે, તે પ્રણવનું "બ્રહ્મકવચ" તમામ કવચોનો સર્વોપરી મહારાજા છે યાને શ્રેષ્ઠ છે. તે પ્રણવ શાશ્વત્ અવિનાશી મોક્ષને આપે છે.

ॐकारं यो न जानाति, ब्राह्मणो न भवेत्तु सः ॥

(શ્રીકૃષ્ણયજુર્વેદીય કઠકોપનિષત્)

અર્થ : જે ૐકાર પ્રણવને જાણતો નથી તે બ્રહ્મજ્ઞાની અથવા બ્રહ્મમાં તન્મય થઈ શકતો નથી, તેથી તેને મોક્ષપ્રાપ્તિ થતી નથી.

(૩૬) શિષ્ય : જગતના કેવા આત્માને ગોલોકવાસી બ્રહ્મલોકના અક્ષરધામી આત્માઓ પૂજે છે?

વ્યાસ : જે આત્મા પ્રણવોપાસના કરે છે તે સર્વ સ્થાને પૂજ્ય મનાય છે. કેમ કે પ્રણવનું આલંબન સર્વશ્રેષ્ઠ છે. માયાનાં આલંબનોથી તે "પર" (ન્યારું) છે અને પ્રણવના રહસ્યરૂપ બિંદુના (એટલે પરમાત્મા-પરમેશ્વરના) આલંબનને જે આધારરૂપે લઈને પ્રણવોપાસના કરે છે, તે બ્રહ્મલોક વડે પૂજ્ય મનાઈને

પૂજાય છે. જેને આત્માના પ્રત્યેક વચનમાં પ્રણવ પ્રત્યે દૃઢ શ્રદ્ધા, પ્રેમ અને ભક્તિ છે, અને જે પ્રણવની માયાવી કાર્યસિદ્ધિ માટે ઉપાસના કરતો નથી, પણ જે માત્ર પરમબ્રહ્મોપાસના માટે ઉપાસના કરે છે તેને ગોલોકવાસી બ્રહ્મલોકના અક્ષરધામી આત્માઓ પૂજે છે.

(૩૭) શિષ્ય : જેને સંસારમાં સુખી થવાની ઇચ્છા હોય તેણે શું કરવું?

વ્યાસ : જેને સંસારમાં સુખી થવાની ઇચ્છા હોય તેણે પુણ્યદાન કરવાં.

(૩૮) શિષ્ય : જેને સ્વર્ગસુખની અપેક્ષા હોય તેણે શું કરવું?

વ્યાસ : જેને સ્વર્ગસુખની અપેક્ષા હોય તેમણે યજ્ઞ, યાગાદિ કરવાં.

(૩૯) શિષ્ય : જેને જગતમાં માન, કીર્તિ અને વિદ્યા મેળવવી હોય તેણે કોની ઉપાસના કરવી જોઈએ?

વ્યાસ : જેમને જગતમાં માન, કીર્તિ પ્રાપ્ત કરવાં હોય અને વિદ્યા મેળવવી હોય, તેમણે ચતુર્મુખી બ્રહ્માનું ધ્યાન કરવું, તેથી તે મળશે અને અંતે બ્રહ્મપુરીમાં બ્રહ્માના લોકમાં જવાશે.

(૪૦) શિષ્ય : જેને લક્ષ્મી તથા સંપત્તિ જોઈતી હોય, તેમણે કોની ઉપાસના કરવી જોઈએ?

વ્યાસ : જેમને લક્ષ્મી તથા સંપત્તિ જોઈતી હોય, તેમણે વિષ્ણુ ભગવાન-નું ધ્યાન કરવું તેથી તે મળશે અને છેવટે વૈકુંઠમાં વિષ્ણુલોકમાં જવાશે.

(૪૧) શિષ્ય : જેમને શારીરિક બળ, લૌકિક સિદ્ધિઓ અને આધ્યાત્મિક શક્તિની અપેક્ષા હોય તેમણે કોની ઉપાસના કરવી જોઈએ?

વ્યાસ : જેમને લૌકિક સિદ્ધિઓ અને આધ્યાત્મિક શક્તિ તથા શારીરિક બળની અપેક્ષા હોય, તેમણે શંકર ભગવાનની ભક્તિ કરવી, તેથી તે મળશે અને છેવટે કૈલાસમાં શિવલોકમાં જવાશે.

(૪૨) શિષ્ય : જેમને પુત્રપરિવાર, સ્ત્રી, વાહનો, વૈભવાદિ સુખની ઇચ્છા હોય, તેમણે કોની ઉપાસના કરવી જોઈએ?

વ્યાસ : જેમને પુત્ર-પરિવાર, સ્ત્રી, વાહનો, વૈભવાદિ સુખની ઇચ્છા હોય, તેમણે આદિશક્તિ માતાનું ધ્યાન કરવું, તેથી તે મળશે અને છેવટે શક્તિપુરીમાં શક્તિલોકમાં જવાશે.

બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને આદિશક્તિને ભજનારા, તેમના લોકને પામનારા, તેમના જેવી જ આકૃતિના, તે પ્રમાણેના જ ચતુર્ભુજાદિ અવયવોવાળા થઈને રહે છે.

(૪૩) શિષ્ય : જેમને માત્ર નારાયણનાં દર્શન કરીને આનંદ મેળવવાની ઇચ્છા હોય, તેમણે કોની ઉપાસના કરવી જોઈએ?

વ્યાસ : જેમને માત્ર નારાયણનાં દર્શન કરીને આનંદ મેળવવાની ઇચ્છા હોય, તેમણે અક્ષરબ્રહ્મ-નારાયણનું અગર તેમના વિરાટ્ સ્વરૂપમાંથી ઉત્પન્ન થતા માયાવી કળાવાળા રામ-કૃષ્ણાદિ અંશાવતારોનું ધ્યાન કરવું. તે વડે ચારે ઈશ્વરોમાં જે સુખ, ઐશ્વર્ય આપવાની શક્તિ છે, તે તમામ મળશે, તથા છેવટે અક્ષરધામમાં ગોલોક યાને બ્રહ્મલોકમાં જવાશે અને ત્યાં અક્ષરનિવાસમાં રહેવાશે. પરંતુ આ બધી ઉપર જણાવેલી ગતિ સદા સર્વદા કાયમ રહેવાવાળી નથી. કેમ કે **"क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति"**॥ એટલે પુણ્ય હશે ત્યાં સુધી જ તે તે ઊંચલોકમાં રહીને છેવટે દરેકને મૃત્યુલોકમાં જન્મ-મૃત્યુના ફેરામાં આવવું પડશે.

(૪૪) શિષ્ય : જેમને જન્મમૃત્યુના ફેરામાં કદી પણ આવવાની ઇચ્છા ન હોય, તેમણે કોની ઉપાસના કરવી જોઈએ?

વ્યાસ : જેમને જન્મમૃત્યુના ફેરામાં કદી સંસારમાં ન આવવું હોય તથા સદા દુઃખની નિવૃત્તિ અને અખંડસુખની પ્રાપ્તિ ઇચ્છતા હોય, તેમણે પરમાત્મા-પરમેશ્વર-મોક્ષની માત્ર પ્રણવ વડે ઉપાસના કરવી કે જેથી 'શાશ્વત મોક્ષ, પ્રાપ્ત થશે. માટે કહું છું કે : આ અમૃતરસ એટલે મોક્ષજ્ઞાનનો બ્રહ્મરસ અન્ય સ્થળે પ્રાપ્ત થવો મુશ્કેલ છે. તેથી કહ્યું છે કે :

**स्वर्गे सत्ये च कैलासे वैकुण्ठे नास्त्ययंरसः।**
**अतः पिबन्तु सद्भाग्या मा मा मुञ्चत कर्हिचित्॥**

(શ્રીમદ્ ભાગવત્, માહાત્મ્ય, અધ્યાય ૬, શ્લોક ૮૪)

આ મોક્ષજ્ઞાનનો બ્રહ્મરસ સ્વર્ગમાં, સત્યલોકમાં, કૈલાસમાં કે વૈકુંઠમાં પણ નથી. માટે સાધ્ય મનવાળા સાધુઓ તેનું ભક્તિપૂર્વક પાન કરો.

(૪૫) શિષ્ય : મુક્તિ કેટલા પ્રકારની છે, તે જણાવશો?

વ્યાસ : શ્રીશંકર ભગવાને રામચંદ્રજીને કહ્યું છે કે :

सालोक्यमपि सारुप्यं साष्टर्यं सायुज्यमेव च।
कैवल्यं चेति तां विद्धि मुक्ति राघव पञ्चधा॥

(શિવગીતા, અધ્યાય ૧૩, શ્લોક ૩)

મુક્તિ પાંચ પ્રકારની છે. (૧) સાલોકય મુક્તિ (૨) સારુપ્ય મુક્તિ (૩) સામીપ્ય મુક્તિ (૪) સાર્ષ્ટય મુક્તિ અને (૫) સાયુજ્ય મુક્તિ છે.

(૪૬) શિષ્ય : સાલોકય મુક્તિ કોને કહેવામાં આવે છે અને તેનું સ્થાન ૐકારમાં કયાં આવેલું છે, તે જણાવો.

વ્યાસ : સાલોક્ય મુક્તિ એટલે યજ્ઞ, યાગ, વ્રત, કથા-શ્રવણાદિ કરે છે તે યજ્ઞાદિ મહાન કર્મોથી સ્વર્ગ પ્રાપ્ત કરે છે. પ્ર. દ. નં. ૬૬થી બતાવેલ મકાર યા સ્વર્ગમાં વસતા દેવોનાં શરીરો અજર, અમર છે એટલે કે ઘરડા થતાં નથી તથા મૃત્યુ પામતાં નથી અને તે દેહો અખંડ કાયમ રહે છે, પણ દેહોમાં વસનારા આત્માઓ બદલાયા કરે છે. પુણ્ય પૂરું થયેથી તે સ્વર્ગનો દેવ બનેલ જીવ મૃત્યુલોકમાં જન્મે છે અને મૃત્યુલોકમાં દાન, પુણ્ય, યજ્ઞાદિ કરી ચૂકેલા જીવ સ્વર્ગમાં તે દેવના સૂક્ષ્મદેહમાં પ્રવેશ કરી ત્યાં અનેક પ્રકારનાં સુખ, વૈભવાદિ ભોગવે છે. આ સ્વર્ગસ્થાન વિષયાનંદી છે અને પુણ્ય હોય ત્યાં સુધી તે દેહમાં રહેવાય છે, પણ પુણ્ય પૂરું થતાં પૃથ્વી પર પાછું અવતરવું પડે છે. આ સ્વર્ગ પ્રાપ્તિથી "તે લોકોના જેવા લોક થાય" તેને "સાલોક્ય મુક્તિ" કહેલી છે. પ્ર. દ. નં. ૫૬, ૫૮થી ૬૬માં આ મુક્તિ બતાવેલ છે.

(૪૭) શિષ્ય : સારૂપ્ય મુક્તિ કોને કહેવાય અને તેનું સ્થાન ૐકારમાં કયું?

વ્યાસ : સારૂપ્ય મુક્તિ એટલે તેમના જેવા રૂપેરૂપ અને આકૃતિના થઈ જવું તે. આ મુક્તિ પ્ર. દ. નં. ૪૧થી બતાવેલ અકારમાં હોય છે. પરંતુ આમાં મૂળ સ્વરૂપમાં અને તેના લોકમાં તેજસ્વીતા અને શક્તિનો તફાવત રહે છે. તે સિવાય બ્રહ્મપુરીને પામનાર બ્રહ્મલોકના બ્રહ્મા જેવી આકૃતિના લોકો, વિષ્ણુના વૈકુંઠને પામનાર વિષ્ણુ જેવી આકૃતિના લોકો, શંકરના શિવલોક યાને કૈલાસને પામનાર શિવ જેવી આકૃતિના લોકો અને શક્તિની શક્તિપુરીને પામનાર શક્તિ જેવી આકૃતિના લોકો હોય છે. એટલે પ્ર. દ. નં. ૪૩, ૪૫, ૪૭ ને ૪૯થી બતાવેલ શક્તિલોક, શિવલોક, વિષ્ણુલોક અને બ્રહ્મલોક તે તે ઈશ્વરોના જેવી આકૃતિના હોય છે. આ લોકો તે ઈશ્વરોના જેવી જ આકૃતિના થતા હોવાથી તેને "સારૂપ્ય મુક્તિ" કહેલી છે. આ શક્તિલોક, શિવલોક, વિષ્ણુલોક અને બ્રહ્મલોકમાં જનારા આત્મા પોતાની સાધના, ઉપાસના, ભક્તિ આદિનું પુણ્યફળ હોય ત્યાં સુધી તે ઈશ્વરોના લોકમાં અને તે સ્થાનમાં રહે છે, પણ તે આત્મા પુણ્ય પૂરું થયેથી પાછો મૃત્યુલોકમાં જન્મ લે છે. આ ચારે લોકમાં જનારાના કારણ દેહો તે તે ઈશ્વરની માનસ એટલે ઇચ્છાશક્તિથી ઉત્પન્ન થાય છે અને પુણ્ય પૂરું થયેથી તે આત્મા ચાલ્યો જાય ત્યારે તે દેહ લોપ થાય છે, તેને "સારૂપ્ય મુક્તિ" કહેલી છે.

(૪૮) શિષ્ય : સામીપ્ય મુક્તિનો અર્થ શું થાય છે અને તેનું સ્થાન ૐકારમાં કયું તે જણાવો.

વ્યાસ : અક્ષરબ્રહ્મ-નારાયણ પ્રભુની સાંનિધ્યમાં તેમની સામે અક્ષરધામ (જુઓ પ્ર. દ. નં. ૩૦ ને ૩૫)માં વાસ કરી, પ્રભુ (નારાયણ)ના હંમેશ દર્શન

કરી, આનંદ માનવો તેને "સામીપ્ય મુક્તિ" કહેવામા આવે છે જે જીવોમા મૂળ અલૌકિક પ્રભુનુ જ્ઞાન નથી, આત્મજ્ઞાન તથા પરમાત્મજ્ઞાન નથી, પરતુ સાકાર સ્વરૂપે અવતાર લેતા રામ-કૃષ્ણાદિ અવતારી ઈશ્વરોનુ પરમધામ અમરધામ છે, ત્યા રહી આત્મા અમરબ્રહ્મ પરબ્રહ્મ પુરુષોત્તમ-નારાયણના દર્શન કરી તથા અવતારી પુરુષોના પરમધામમા નિવાસ કરવામા જ આત્મકલ્યાણની ઈતિશ્રી સમજે છે તે જીવો વિરાટ સ્વરૂપ સગુણબ્રહ્મ-નારાયણની સમીપમા રહે છે અને પોતાનુ પુણ્ય પૂરુ થતા મૃત્યુલોકમા પાછા જન્મ લે છે અને તે દેહ આપોઆપ નષ્ટ થાય છે આ દેહો માત્ર વાસના યા ઈચ્છાના હોય છે ઈચ્છાથી ઉત્પન્ન થાય છે અને ઈચ્છાથી નાશ પામે છે આમા કોઈ કાર્ય અમરબ્રહ્મ-નારાયણ કરતા નથી અને નારાયણપ્રભુના દર્શન સિવાયનો અક્ષરધામી આત્માઓને અન્ય કોઈ લાભ મળતો નથી આ અક્ષરધામમા રહેનારા આત્માઓ અક્ષરબ્રહ્મના શરીરથી દૂર રહે છે તેઓ અક્ષરબ્રહ્મને એટલે નારાયણને સ્પર્શ કરી શકતા નથી, માત્ર દૂરથી પગે લાગી રહી દર્શનનો જ આનદ અનુભવે છે પરતુ પુણ્યબળ પૂર્ણ થતા તેમને પણ "क्षीणे पुण्ये मर्त्यलोक विशन्ति" ।। પુણ્ય પૂરુ થતા મૃત્યુલોકમા પુનર્જન્મ લેવા આવવુ પડે છે એટલે સામીપ્ય મુક્તિનો આનંદ પણ કાયમ રહેતો નથી અક્ષરનિવાસી બનેલા જય વિજયને પણ ફરી જન્મ ધારણ કરવા પડયાના પ્રમાણો છે

(૪૯) શિષ્ય સાષ્ટર્ય મુક્તિ કોને કહેવામા આવે છે અને તેનુ સ્થાન ૐકારમા કયા આવે‌ ‌ ‌ ુ છે તે જણાવો

* જવાબ જ્યારે સાધક ધ્યાનમા યા યોગમા અર્ધમાત્રા યા નારાયણ-ધામ ઓળગી આગળ વધે છે, ત્યારે તે ચાર મન્વતરો (પ્ર દ ન ૧૩થી ૧૬ બતાવેલ સન્તુ, સનત્કુમાર, સનાતન અને સનક)ના ધામે આવે છે આ મન્વતરોના સ્વરૂપ પરમાત્મા પરમેશ્વર જેવી આકૃતિના દેખાવાથી સાધક એને જ પરમાત્મા માની અહીં અટકી જાય છે અને એનાથી આગળ પરમગતિમાં જવાની ઈચ્છા કરતો નથી મરણ બાદ સાધકનો આત્મા મન્વતરોના ધામમાં જાય છે તેથી આ મુક્તિને "સાષ્ટર્ય મુક્તિ" કહે છે અર્થાત માયાના તત્ત્વ ગુણના પ્રભાવ વડે પરમાત્માની પરમગતિમા જે ચિદાભાસ પડે છે, તે મન્વંતરોનુ દૃશ્ય જે પરમગતિ પર પડે છે તે પરમગતિની મુક્તિને "સાષ્ટર્ય મુક્તિ" કહે છે આ મુક્તિમા ઘણા લાબા કાળે જગતમા આવવુ પડે છે

(૫૦) શિષ્ય સાયુજ્ય મુક્તિનો અર્થ શું થાય છે અને આ મુક્તિનું સ્થાન ૐકારમા કયાં આવેલું છે, તે જણાવો

નથી. આથી જ કરીને શાસ્ત્રકારોએ ચાર પુરુષાર્થોમાં છેલ્લો અને અતિ શ્રેષ્ઠ પુરુષાર્થ "મોક્ષ" માનેલો છે અને મોક્ષપ્રાપ્તિને પ્રત્યેક જીવાત્માનું પરમ ધ્યેય માનેલું છે.

(૫૧) શિષ્ય : જીવન્મુક્તિ અને વિદેહમુક્તિ એટલે શું?

વ્યાસ : યોગશાસ્ત્રે મનને, બુદ્ધિને અને છેવટે ચિત્તને કુમાર્ગમાં જતાં અટકાવવું અને સન્માર્ગે દોરવું તેને જ "યોગ" માનેલો છે. આ રીતે મનાદિનો નિરોધ કરી, જે ક્લેશ ત્યજીને આનંદ પામે તેવાં અને અવિચળ, સાચો આનંદ પ્રાપ્ત થાય તેવાં કામ કરે તે જ "યોગી" છે. આવા કર્મમાં રત (એટલે લીન યા આસક્ત) રહીને, જે માયામાં લલચાઈ મોહાસક્ત કે વિષયાસક્ત થયા વિના યોગમાં નિમગ્ન રહે છે તેને "જીવન્મુક્ત" કહેલો છે. તેથી કહ્યું છે કે :

हर्षामर्षभयक्रोधकामकार्पण्यदृष्टिभिः।
न हृष्यति ग्लायति यः स जीवन्मुक्त उच्यते॥
(મહોપનિષદ્, અધ્યાય ૨, શ્લોક ૪૪)

અર્થ : હર્ષ, અસહનશીલતા, ભય,ક્રોધ, કામ અને કૃપણતાવાળી દૃષ્ટિથી જે હર્ષ કે શોકને પામતો નથી, તે જીવન્મુક્ત કહેવાય છે.

अहंकारमयीं त्यक्त्वा वासनां लीलयैव यः।
तिष्ठति ध्येयसंत्यागी स जीवन्मुक्त उच्यते॥
(મહોપનિષદ્, અધ્યાય ૨, શ્લોક ૪૫)

અર્થ : જે પુરુષ અહંકારમય વાસનાનો રમતમાત્રમાં ત્યાગ કરી, ધ્યેય વસ્તુને પણ તજી, કેવળ આત્મારૂપે સ્થિતિ કરે છે, તે જીવન્મુક્ત કહેવાય છે.

निर्ग्रंथिः शांतसंदेहो जीवन्मुक्तोऽविभावनः।
अनिर्वाणोऽपि निर्वाणश्चित्रदीप इव स्थितः॥
(અક્ષ્યુપનિષદ્, શ્લોક ૩૯)

અર્થ : હૃદયની રાગદ્વેષાદિ ગાંઠ જેની છૂટી ગઈ હોય, અથવા કોઈ પણ વસ્તુના પરિગ્રહથી જે રહિત હોય; જેના સંદેહો શમી ગયા હોય અને જેને આત્મા સિવાય બીજા કોઈ વિચારો થતા નથી, તેવો જીવન્મુક્ત પુરુષ ચિત્રમાંના દીપક જેવો હોઈ મોક્ષને પામ્યો ન હોવા છતાં મોક્ષને પામ્યો છે.

समाधिमथ कर्माणि मा करोतु करोतु वा।
हृदयेनात्तसर्वेहो मुक्त एवोत्तमाशयः॥
(મુક્તિકોપનિષદ્, અધ્યાય ૨ શ્લોક ૧૯)

વ્યાસ : સાયુજ્ય મુક્તિ એટલે જેમાં આત્માની પરમેશ્વર, પરમાનંદ, સચ્ચિદાનંદ, અખંડાનંદ સાથે કોઈ ભિન્નતા કે કોઈ રીતે જુદાપણું ન રહે, આત્મા તે પ્રભુમાં એકરૂપ, એકમતિ, ગતિ, રંગ, ઢંગ, રૂપ, સત્તા તમામ પ્રકારે એકરૂપ થઈ જાય, જેમાં આ આત્મા છે અને આ પરમાત્મા છે એવી કોઈ પ્રકારની કાંઈ પણ ભિન્નતા ન રહે અને જેમ ચિનગારી હોળીના ભડકામાં એકરૂપ થઈ ભળી જાય છે, જેમ મીઠું, સાકર, ખાંડ, પતાસું પાણીમાં ઓગળી જઈ એકરૂપ થઈ જાય છે, તેમ આત્મા પરમાત્મા-પરમેશ્વરમાં એકરૂપ, એકરસ, એક જ્ઞાનચૈતન્ય સ્વરૂપ બની જાય અને જેની પ્રાપ્તિ થયા પછી આત્માને કદી જન્મમરણના ફેરામાં કે મૃત્યુલોકમાં પાછા આવવાનું કે જન્મવાનું ન રહે તથા સદા દુઃખની નિવૃત્તિ અને સદા પરમ અખંડ સુખની પ્રાપ્તિ થાય તેને જ "મોક્ષ" અગર "સાયુજ્ય મુક્તિ" કહેલી છે. તેથી "પ્રણવવિજ્ઞાન"માં કહ્યું છે કે :

(છંદ)

એક રસ, એક રૂપ, એક રંગ, એક અંગ;
એક ઢંગ, બંગ મતિ, એક ગતિ થાય છે.
એક સત્તા, એક તેજ, એક ધ્યાન, જ્ઞાન, ભાન;
જેમ જળ લુણ એક, તેમ તે ભળાય છે.
પરમાત્મામાં મળ્યો આત્મા, તે તો થયો પરમાત્મા;
આત્મા તે પરમાત્મા તવ, એક જ કહેવાય છે.
તે વિના કહે તે મૂઢ, થયા પછી ક્યાં કહેવાનું;
માટે મોક્ષ થવા "વ્યાસ", પરબ્રહ્મ ગાય છે.

આમાં જેને પૂર્ણ આત્મજ્ઞાન તથા પરમાત્મજ્ઞાન હોય તે જ ઉપરોક્ત ત્રણે મુક્તિઓમાં ન લલચાતાં માત્ર સાયુજ્ય મુક્તિ (મોક્ષ) ઇચ્છે છે, મેળવે છે. આ સાયુજ્ય મુક્તિ જે આત્માને મળે છે, તે કદી "યદ્‌ભૂત્વા ન પુનર્ભવમ્"।। મોક્ષ મળ્યા પછી ફરી તે આત્મા પુનર્ભવમાં કે જન્મમૃત્યુના ફેરામાં આવતો નથી એટલે ફરી જન્મતો નથી. આથી કરીને પરમાનંદ, અખંડ, શાશ્વત અને શ્રેષ્ઠ પ્રકારની મુક્તિને સાયુજ્ય મુક્તિ (મોક્ષ) માનીને ઉપનિષદોએ તેને "સા કાષ્ઠા સા પરા ગતિઃ"।। સર્વશ્રેષ્ઠ પ્રકારની ગતિ-મુક્તિ અને મુક્તિનો છેડો માનેલ છે એટલે કે ભવાટવિમાં (એટલે સંસારરૂપી વનમાં) દરેક આત્માને લાંબા સમયે પાછા આવવું પડે છે, તેનો છેડો એટલે અંત માન્યો છે. કેમ કે મોક્ષ પામ્યા પછી કોઈ આત્માને ફરી ભવબંધનમાં આવવું પડતું

નથી. આથી જ કરીને શાસ્ત્રકારોએ ચાર પુરુષાર્થોમાં છેલ્લો અને અતિ શ્રેષ્ઠ પુરુષાર્થ "મોક્ષ" માનેલો છે અને મોક્ષપ્રાપ્તિને પ્રત્યેક જીવાત્માનું પરમ ધ્યેય માનેલું છે.

(૫૧) શિષ્ય : જીવન્મુક્તિ અને વિદેહમુક્તિ એટલે શું?

વ્યાસ : યોગશાસ્ત્રે મનને, બુદ્ધિને અને છેવટે ચિત્તને કુમાર્ગમાં જતાં અટકાવવું અને સન્માર્ગે દોરવું તેને જ "યોગ" માનેલો છે. આ રીતે મનાદિનો નિરોધ કરી, જે ક્લેશ ત્યજીને આનંદ પામે તેવાં અને અવિચળ, સાચો આનંદ પ્રાપ્ત થાય તેવાં કામ કરે તે જ "યોગી" છે. આવા કર્મમાં રત (એટલે લીન યા આસક્ત) રહીને, જે માયામાં લલચાઈ મોહાસક્ત કે વિષયાસક્ત થયા વિના યોગમાં નિમગ્ન રહે છે તેને "જીવન્મુક્ત" કહેલો છે. તેથી કહ્યું છે કે :

हर्षामर्षभयक्रोधकामकार्पण्यदृष्टिभिः ।
न हृष्यति ग्लायति यः स जीवन्मुक्त उच्यते ॥

(મહોપનિષદ્, અધ્યાય ૨, શ્લોક ૪૪)

અર્થ : હર્ષ, અસહનશીલતા, ભય, ક્રોધ, કામ અને કૃપણતાવાળી દૃષ્ટિથી જે હર્ષ કે શોકને પામતો નથી, તે જીવન્મુક્ત કહેવાય છે.

अहंकारमयीं त्यक्त्वा वासनां लीलयैव यः ।
तिष्ठति ध्येयसंत्यागी स जीवन्मुक्त उच्यते ॥

(મહોપનિષદ્, અધ્યાય ૨, શ્લોક ૪૫)

અર્થ : જે પુરુષ અહંકારમય વાસનાનો રમતમાત્રમાં ત્યાગ કરી, ધ્યેય વસ્તુને પણ તજી, કેવળ આત્મારૂપે સ્થિતિ કરે છે, તે જીવન્મુક્ત કહેવાય છે.

निर्ग्रंथिः शांतसंदेहो जीवन्मुक्तोऽविभावनः ।
अनिर्वाणोऽपि निर्वाणश्चित्रदीप इव स्थितः ॥

(અક્ષ્યુપનિષદ્, શ્લોક ૩૯)

અર્થ : હૃદયની રાગદ્વેષાદિ ગાંઠ જેની છૂટી ગઈ હોય, અથવા કોઈ પણ વસ્તુના પરિગ્રહથી જે રહિત હોય; જેના સંદેહો શમી ગયા હોય અને જેને આત્મા સિવાય બીજા કોઈ વિચારો થતા નથી, તેવો જીવનન્મુક્ત પુરુષ ચિત્રમાંના દીપક જેવો હોઈ મોક્ષને પામ્યો ન હોવા છતાં મોક્ષને પામ્યો છે.

समाधिमथ कर्माणि मा करोतु करोतु वा ।
हृदयेनात्तसर्वेहो मुक्त एवोत्तमाशयः ॥

(મુક્તિકોપનિષદ્, અધ્યાય ૨ શ્લોક ૧૯)

અર્થ : જેણે હૃદયથી સર્વ ઇચ્છાઓ સ્વાધીન કરી હોય; અથવા સર્વ ઇચ્છાઓને જેણે હૃદયથી દાબી દીધી હોય એવો ઉત્તમ આશયવાળો જ્ઞાની, સમાધિને અથવા નિત્ય નૈમિત્તિક આદિ કર્મોને કરે કે ન કરે, પણ તે તો જીવતાં જ મુક્ત છે.

मौनवान् निरहंभावो निर्मानो मुक्तमत्सरः।
यः करोति गतोद्वेगः स जीवन्मुक्त उच्यते ॥
(મહોપનિષદ્, અધ્યાય ૨, શ્લોક ૫૦)

અર્થ : જે મૌન વ્રતવાળો અહંભાવરહિત, માનરહિત, દ્વેષ તથા ક્રોધને છોડનારો અને ઉદ્વેગ વિનાનો થઈ સર્વ ક્રિયાઓ કરે છે તે જીવન્મુક્ત કહેવાય છે.

क्रियानाशाद् भवेच्चिन्तानाशोऽस्माद्वासनाक्षयः।
वासनाप्रक्षयो मोक्षः सा जीवन्मुक्ति उच्यते ॥
(અધ્યાત્મોપનિષદ્, શ્લોક ૧૨)

અર્થ : સર્વ સાંસારિક ક્રિયાનો નાશ થવાથી ચિંતાનો નાશ થાય છે, ચિંતાનો નાશ થવાથી વાસનાઓનો નાશ થાય છે અને વાસનાઓનો જે નાશ તે જ મોક્ષ કહેવાય છે, આવો મોક્ષ તે જ જીવન્મુક્તિ કહેવાય છે.

પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ—આ પાંચને ચિત્તની વૃત્તિઓ માનેલી છે. ત્યારે મહર્ષિ વસિષ્ઠજીએ કહેલું છે કે : સંકલ્પવિકલ્પની માનસિક ક્રિયા કરનારને મન કહેવાય છે. પરંતુ તે ક્રિયાને જે ધારણ કરી રાખે છે તેને જ "આત્મા" કહેવાય છે. કેમ કે તે સત્યનિષ્ઠ આત્મસ્વરૂપે રહે છે. માટે "સંપ્રજ્ઞાત" અને "અસંપ્રજ્ઞાત" સમાધિમાં વૃત્તિઓનો નિરોધ કરવો, તે વૃત્તિ સંસારરૂપ ચક્રની સીમા છે. જેનામાં આત્મવિવેક આવે છે, તેના મન, બુદ્ધિ અને ચિત્ત કર્તવ્યથી નિવૃત્ત થઈ જાય છે અને વૃત્તિઓ પરમવૈરાગ્ય દ્વારા નિરુદ્ધ થાય છે, ત્યારે ચિત્ત કૃતકાર્ય થઈ આત્મસ્વરૂપથી અભિન્ન બને છે; કાર્ય-કારણ પ્રકૃતિમાં લીન થઈ જાય છે તેને વસિષ્ઠજીએ "સ્વરૂપનાશ" અને "અરૂપનાશ" એમ બંને રૂપોનો નાશ થાય તેને "જીવન્મુક્તિ" યા "વિદેહમુક્તિ" કહી છે.

આની વિરુદ્ધમાં કેટલાક ઋષિમુનિઓએ કથન કર્યું છે કે : જીવન્મુક્તિ કાળમાં સ્વરૂપનો અને અરૂપનો નાશ થતો નથી. કેમ કે જ્યાં સુધી આત્મા દેહમાં છે ત્યાં સુધી સ્વરૂપવાળો છે અને મોક્ષપ્રાપ્તિ કરેલી નથી ત્યાં સુધી માયાવાળો હોઈ તે રૂપ વિનાનો છતાં રૂપાકૃતિવાળો એવો અરૂપ છે. આ મતમતાંતર અયોગ્ય હોઈ વસિષ્ઠજીનું કથન સત્ય છે. કારણ કે "જીવન્મુક્તિ કાળમાં મનુષ્યનું રૂપ રહે છે, પરંતુ રૂપનું કર્તવ્ય રહેતું નથી. વિદેહમુક્તિ યા જીવન્મુક્તિ-

માં મન, બુદ્ધિ અને ચિત્ત નાશ પામતાં નથી, પણ તેમનામાં ક્રિયા કરવાની શક્તિ રહેતી નથી અર્થાત્ તે ત્રણે નપુંસક થઈ જાય છે. માટે દેહ હોવા છતાં તેના સ્વરૂપનો નાશ થયો કહેવાય છે."

જીવન્મુક્તિ અને વિદેહમુક્તિને સમર્થ ઋષિમુનિઓએ એક જ અર્થમાં સમાવી છે. પરંતુ સાચા અર્થમાં તે બંને એકરૂપમાં નથી. કેમ કે જીવન્મુક્તિમાં સ્વસ્વરૂપનો નાશ થાય છે પણ ગ્રંથિતત્ત્વનો નાશ થતો નથી. ત્યારે વિદેહમુક્તિમાં આત્માના સ્વરૂપનો એટલે માયા અને પરમગતિ મિશ્રિત ગ્રંથિતત્ત્વનો નાશ થતો હોવાથી અરૂપનો નાશ થાય છે. માટે જીવન્મુક્તિ કરતાં વિદેહમુક્તિ સર્વોત્કૃષ્ટ છે, અને વિદેહમુક્તિ યોગસિદ્ધિનો છેડો છે. વિદેહમુક્તિ માટે કહ્યું છે કે :

निरानन्दोऽपि सानन्दः सच्चासच्च बभूव सः ॥

(અન્નપૂર્ણોપનિષદ્, અધ્યાય ૩, શ્લોક ૧૮)

અર્થ : તે વિદેહમુક્ત પુરુષ આનંદરહિત છતાં આનંદસહિત અને સત્ તથા અસત્‌રૂપ થયો હોય છે.

विदेहमुक्त एवासौ विद्यते निष्कलात्मकः ॥

(અન્નપૂર્ણોપનિષદ્, અધ્યાય ૪, મંત્ર ૧૯)

અર્થ : એ જ વિદેહમુક્ત છે, જે અવયવરહિત કેવળ આત્મરૂપ જ છે.

न चेतनो न च जडो न चैवासन्न सन्मयः ॥

(અન્નપૂર્ણોપનિષદ્, અધ્યાય ૨, મંત્ર ૨૦)

અર્થ : તે (વિદેહમુક્ત આત્મા) ચેતન નથી, જડ નથી; સત્‌મય નથી અને અસત્‌રૂપ પણ નથી. (અર્થાત્ એમ અનિર્વચનીય બ્રહ્મરૂપ થાય છે.)

अजमजरमनाद्यमाद्यमेकं पदममलं सकलं च निष्कलं च ।
स्थित इति स तदा नभःस्वरूपादपि विमलस्थितिरीश्वरः क्षणेन ॥

(અન્નપૂર્ણોપનિષદ્, અધ્યાય ૩, મંત્ર ૨૪)

અર્થ : જન્મરહિત, મરણરહિત, આદિમાં નહીં થયેલ, આદિમાં થયેલ, એક, નિર્મળ, સંપૂર્ણ અને નિરવયવ એવા બ્રહ્મરૂપપદમાં સ્થિતિ પામેલો તે વિદેહમુક્ત પુરુષ આકાશના સ્વરૂપ કરતાં પણ નિર્મળ સ્થિતિવાળો થઈ તે જ ક્ષણે ઈશ્વર બને છે.

जीवन्मुक्तपदं त्यक्त्वा स्वदेहे कालसात्कृते ।
विशत्यदेहमुक्तत्वं पवनोऽस्पंदतामिव ॥

(પૈંગલોપનિષદ્, અધ્યાય ૩, મંત્ર ૭)

અર્થ પોતાનો દેહ કાળને અધીન કરાય છે, ત્યારે જ્ઞાની જીવન્મુક્ત પદને તજીને, પવન જેમ નિશ્ચળપણાને પામે તેમ, વિદેહમુક્તપણાને પામે છે

प्रारब्धक्षयवशाद्देहत्रयभङ्ग प्राप्योपाधिनिर्मुक्तघटाकाशवत्परिपूर्णता विदेहमुक्ति ॥ (મુક્તિકોપનિષદ, અધ્યાય ૨, મત્ર ૧)

અર્થ પ્રારબ્ધ કર્મનો ક્ષય થવાથી (સ્થૂલ સૂક્ષ્મ કારણ મહાકારણ-એ) ચારે દેહના નાશને પામી, જેમ (ઘડારૂપ) ઉપાધિથી રહિત થયેલું ઘડાની અદરનુ આકાશ પરિપૂર્ણ મહાકાશરૂપ થાય છે, તેમ પરિપૂર્ણ બ્રહ્મરૂપે સ્થિતિ થવી તે "વિદેહમુક્તિ" કહેવાય છે

(પર) શિષ્ય કર્મમુક્તિ અને સદ્યોમુક્તિ એટલે શુ?

વ્યાસ કર્મમુક્તિ કે જેમા ક્રમાનુસાર આત્મા ઉચ્ચસ્થાન પ્રાપ્ત કરતો રહે, યોગ સાધતો રહે, અને એમ કરતા અનેક જન્મોએ મોક્ષ પ્રાપ્ત કરે તેને "કર્મમુક્તિ" કહેલ છે પરતુ "સદ્યોમુક્તિ" એટલે જેમા પરમેશ્વરની પ્રાપ્તિ થતા સુધી કોઈ પણ સ્થળે અટકે નહીં, અન્ય કોઈનું ધ્યાન કરે નહીં તથા પરમેશ્વરની ઉપાસનામા જ નિમગ્ન રહે, પરતુ એક જ જન્મે અગર મોડામા મોડા બે જન્મે સત્વર મોક્ષપ્રાપ્તિ કરે, તે "સદ્યોમુક્તિ" છે કર્મમુક્તિ કરતા સદ્યોમુક્તિ શ્રેષ્ઠ અને ત્વરિત ફળ આપનારી છે તેને માટે પ્રથમ આત્મજ્ઞાન અને પરમાત્મજ્ઞાનની આવશ્યકતા છે કેમ કે "ऋतेज्ञानान्नमुक्ति "॥ (શ્રુતિ) જ્ઞાન વિના મુકિત નથી, પરતુ જેમ પકવાન બનાવવાથી પેટ ભરાતુ નથી, પણ તેનુ ભોજન કર્યાથી પેટ ભરાય છે, તેમ યોગસાધના કે ધ્યાન વિના એકલા જ્ઞાનથી મુક્તિ થતી નથી "योगमार्गे मोक्ष एव प्रार्थयन्ते"॥ (ભિક્ષુકોપનિષત્, ૫ ૬) "तस्माद्योगात्परतरो नास्ति मार्गस्तु मोक्षद ॥ (યોગશિખોપનિષત, અધ્યાય ૧, મત્ર ૫૩) કેમ કે યોગમાર્ગ વડે જ મોક્ષની પ્રાર્થના (ઉપાસના-ભક્તિ) થઈ શકે છે અને તે જ પ્રાર્થના પરમેશ્વર સુધી પહોચી શકે છે, તેથી કરીને યોગમાર્ગ સિવાય મોક્ષ આપનાર બ્રહ્મકર્મસિદ્ધિનો બીજો કોઈ પણ માર્ગ નથી

(૫૩) શિષ્ય પરમગતિને પામનારો આત્મા અને અક્ષરબ્રહ્મને પામનારો આત્મા પરમાત્મા પરમેશ્વરના દર્શન કરી શકે છે કે?

વ્યાસ પરમગતિને પામનારો આત્મા પરમાત્માના સ્વરૂપને ન માનતો હોવાથી યા પરમાત્માને નિરાકાર માનતો હોવાથી તેને પરમાત્માના દર્શન થતા નથી પણ તે કેવળ પરમગતિમા જ લીન થઈને રહે છે તેવી જ રીતે અક્ષર બ્રહ્મને પામનારો આત્મા અક્ષરબ્રહ્મમાં જ લીન થવાથી તેને પણ પરમાત્માના દર્શન થતા નથી

(૫૪) શિષ્ય : મુક્તિ વિષે કંઈક કહેશો?

વ્યાસ : તમારા પ્રશ્નનો ઉત્તર "પ્રણવવિજ્ઞાન"માં આપવામાં આવ્યો છે, તે તમો સાંભળો :

(મનહર છંદ)

મુક્તિ મુક્તિ સર્વ કહે, મુક્તિનાં છે સ્થળ ચાર;
સાલોક્ય, સારૂપ્ય ત્રીજી, સામીપ્યની જાણવી.
ચોથી છે સાયુજ્ય મુક્તિ, ચારેનાં છે ચાર સ્થળ;
પહેલી છે સાલોક્ય મુક્તિ, સ્વર્ગ વિષે માનવી.
સારૂપ્ય ઈશ્વરો સ્થળે, સામીપ્ય અક્ષરધામે;
સાયુજ્ય અક્ષરાતીત, સ્વરૂપે પ્રમાણવી.
બે પ્રકારે તેને પામે, કર્મમુક્તિ, સદ્યોમુક્તિ;
વદે છે "વલ્લભ" શ્રેષ્ઠ, સદ્યોમુક્તિ આણવી. ૧

મુક્તિ તે ઈશ્વર સ્થળ, તેમાં જેનો જાય જીવ;
તે આત્મા તો મુક્તિ પામ્યો, એમ જ કહેવાય છે.
મુક્ત તે આ માયા થકી, મુકાઈને છૂટો પડે;
પણ મોક્ષમાં નહીં ને, ગતિમાં કુટાય છે.
જેમ દીવાના પ્રકાશે, પતંગ ભ્રમણ કરે;
તેમ ભમતામાં કોઈ, કાળે ત્યાં ફસાય છે.
બિંદુ પરમ મોક્ષપદ, પરમાત્મા પૂર્ણબ્રહ્મ;
તેમાં એક રસ બને, મોક્ષ તે ગણાય છે. ૨

[ સમાપ્ત ]

(१)

## પ્રણવ-ૐકારની યા એકાક્ષરબ્રહ્મની આરતી

જય જય જય ૐકાર, જય જય જય જય જય ૐકાર
ઉરથી આરાધન કરીએ, ઉરથી આરાધન કરીએ
આવાગમન નિસ્તાર, જય જય જય જય જય ૐકાર. જય. ૧
વેદમાં સૂક્ષ્મ વેદ, જય જય, વેદમાં સૂક્ષ્મ વેદ
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ, બ્રહ્મા વિષ્ણુ સદાશિવ
શોધન કરે સહુ ભેદ, જય જય જય જય જય ૐકાર. જય. ૨
શક્તિ શેષ નરેશ, જય જય, શક્તિ શેષ નરેશ
સૂરીનર મુનિવર સરખા, સૂરીનર મુનિવર સરખા
પાર પામે કોઈ લેશ, જય જય જય જય જય ૐકાર. જય. ૩
પ્રણવ જ એકાક્ષર, જય જય, પ્રણવ જ એકાક્ષર
જ્ઞાની જનના ઘટમાં, જ્ઞાની જનના ઘટમાં
જ્ઞાનમય મમ મનોહર, જય જય જય જય જય ૐકાર. જય. ૪
અ, ઉ, મ અક્ષર ત્રણ, જય જય, અ, ઉ, મ અક્ષર ત્રણ
ઉપર માત્રા બિરાજે, ઉપર માત્રા બિરાજે
તત્ત્વ જ ગુણ આવરણ, જય જય જય જય જય ૐકાર. જય. ૫
બિંદુ બાવન બહાર, જય જય, બિંદુ બાવન બહાર
મોક્ષમાર્ગી ને "વલ્લભ", મોક્ષમાર્ગી ને "વલ્લભ"
પ્રેમે પામ્યા પાર, જય જય જય જય જય ૐકાર. જય. ૬

(૨)

## પ્રણવ-ૐકારના અર્ધમાત્રામાં આવેલા અક્ષરબ્રહ્મ-નારાયણની આરતી

જય અક્ષરધામી, જય જય જય અક્ષરધામી
વિશ્વના વિશ્વંભર છો, વિશ્વના વિશ્વંભર છો
વળી અંતરયામી, જય જય જય અક્ષરધામી. જય...૧
વેદનારાયણ આપ, જય જય, વેદનારાયણ આપ
શ્રીમુખ શ્રુતિ ભાંખી, શ્રીમુખ શ્રુતિ ભાંખી
'ૐ સોઽહમ્'ના જાપ, જય જય જય અક્ષરધામી. જય...૨
નાભિકમળ બ્રહ્માય, જય જય, નાભિકમળ બ્રહ્માય
"તત્ત્વમસિ" કહી તેને, "તત્ત્વમસિ" કહી તેને
અરપ્યો વેદ મહિમાય, જય જય જય અક્ષરધામી. જય...૩

"अहंब्रह्मास्मि" આપ, જય જય, "अहंब्रह्मास्मि" આપ
કહી સ્વસ્વરૂપ દર્શાવ્યું, કહી સ્વસ્વરૂપ દર્શાવ્યું
ટાળ્યો સહુ પરિતાપ, જય જય જય અક્ષરધામી. જય...૪
"अयमात्मा" કહ્યો બ્રહ્મ, જય જય, "अयमात्मा" કહ્યો બ્રહ્મ
પ્રજ્ઞાન આનંદ મૂળ બ્રહ્મ છે, પ્રજ્ઞાન આનંદ મૂળ બ્રહ્મ છે
તે વદ્યા સહુ અનુક્રમ, જય જય જય અક્ષરધામી. જય...૫
"एकोऽहं बहुस्याम्", જય જય, "एकोऽहं बहुस्याम्"
વદી વિશ્વને સરજાવ્યું, વદી વિશ્વને સરજાવ્યું
જે હતું તે ગુણ ગ્રામ, જય જય જય અક્ષરધામી. જય...૬
પ્રેરક કર્મ અનુસાર, જય જય, પ્રેરક કર્મ અનુસાર
ઉપજાવો છો આપમાંથી, ઉપજાવો છો આપમાંથી
ઈશ્વરી અંશાવતાર, જય જય જય અક્ષરધામી. જય...૭
ત્રિગુણપતિ છો નાથ, જય જય, ત્રિગુણપતિ છો નાથ
પૂરણબ્રહ્મ સમીપે, પૂરણબ્રહ્મ સમીપે
નિર્મળ માયા સાથ, જય જય જય અક્ષરધામી. જય...૮
ક્ષરથી આપ પરોક્ષ, જય જય, ક્ષરથી આપ પરોક્ષ
અક્ષર આપ કહેવાયા, અક્ષર આપ કહેવાયા
તમ દ્વારાએ મોક્ષ, જય જય જય અક્ષરધામી. જય...૯
બ્રહ્મથી છો પરબ્રહ્મ, જય જય, બ્રહ્મથી છો પરબ્રહ્મ
લક્ષણા પૂરણબ્રહ્મમાં, લક્ષણા પૂરણબ્રહ્મમાં
આપને અગમની ગમ, જય જય જય અક્ષરધામી. જય...૧૦
વિશ્વના નિયંતાય, જય જય, વિશ્વના નિયંતાય
માયાવિશિષ્ટ બ્રહ્મ પોતે, માયાવિશિષ્ટ બ્રહ્મ પોતે
તુરીયા સ્વરૂપ જગરાય, જય જય જય અક્ષરધામી. જય...૧૧
તત્ત્વ માયા મિશ્રિત, જય જય, તત્ત્વ માયા મિશ્રિત
ઈશ્વરો વિદ્યા માયા, ઈશ્વરો વિદ્યા માયા
વિશ્વ માયા વિપરીત, જય જય જય અક્ષરધામી. જય...૧૨
નહીં દીપક નહીં ઘૃત, જય જય, નહીં દીપક નહીં ઘૃત
ધૂપ આરતી મમ મનની, ધૂપ આરતી મમ મનની
માનજો કિંકરવત, જય જય જય અક્ષરધામી. જય...૧૩
આરતી ગાઉં કરી ક્યાસ, જય જય, આરતી ગાઉં કરી ક્યાસ
મોક્ષમાર્ગી સૌ વિનવે, મોક્ષમાર્ગી સૌ વિનવે
વિનવે "વલ્લભ વ્યાસ", જય જય જય અક્ષરધામી. જય...૧૪

(૩)

## પ્રણવ-ૐકારના બિંદુમાં આવેલા પરમાત્માની યા પૂરણબ્રહ્મની આરતી

ૐ

મૂળપદ પૂરણબ્રહ્મ, જય જય, મૂળપદ પૂરણબ્રહ્મ
અખંડ અંતરયામી, અખંડ અંતરયામી
અદ્વૈત સર્વોત્તમ, જય જય જય જય પૂરણબ્રહ્મ. જય...૧

અમર અચળ અવિનાશ, જય જય, અમર અચળ અવિનાશ
પરમાત્મા પરમેશ્વર, પરમાત્મા પરમેશ્વર
જ્ઞાનગતિ જગભાસ, જય જય જય જય પૂરણબ્રહ્મ. જય...૨

ભૂતથી નિરાકાર, જય જય, ભૂતથી નિરાકાર
જ્ઞાનસ્વરૂપ છો સ્વામી, જ્ઞાનસ્વરૂપ છો સ્વામી
મોક્ષપદ વિશ્વાધાર, જય જય જય જય પૂરણબ્રહ્મ. જય...૩

ત્રિગુણે નિર્ગુણ, જય જય, ત્રિગુણે નિર્ગુણ
જ્ઞાનગુણે છો ગુણી, જ્ઞાનગુણે છો ગુણી
ગતિ વ્યાપક ચોખૂણ, જય જય જય જય પૂરણબ્રહ્મ. જય...૪

બાવન બહાર સત્યચિત, જય જય, બાવન બહાર સત્યચિત
અકર્તા છો આદિ, અકર્તા છો આદિ
આનંદ માયાતીત, જય જય જય જય પૂરણબ્રહ્મ. જય...૫

અક્ષરાતીત આપ, જય જય, અક્ષરાતીત આપ
તુરીયાતીત તમે છો, તુરીયાતીત તમે છો
તારણ તારક ત્રિતાપ, જય જય જય જય પૂરણબ્રહ્મ. જય...૬

મૂળ જ્ઞાનદૃષ્ટિ એક, જય જય, મૂળ જ્ઞાનદૃષ્ટિ એક
રાખી ઉપાસું તમને, રાખી ઉપાસું તમને
ધ્યાન ધરી વિશેક, જય જય જય જય પૂરણબ્રહ્મ. જય...૭

આરતી કરું ઉમંગ, જય જય, આરતી કરું ઉમંગ
મુક્ત થવાને માટે, મોક્ષ મળવાને માટે
આવાગમન તન ભંગ, જય જય જય જય પૂરણબ્રહ્મ. જય...૮

મોક્ષેચ્છુ તમામ, જય જય, મોક્ષેચ્છુ તમામ
ગાશે મોક્ષ જ થાશે, ગાશે મોક્ષ જ થાશે
વિનવે "વલ્લભરામ", જય જય જય જય પૂરણબ્રહ્મ. જય...૯

[ સમાપ્ત ]

# આ ગ્રંથમાંનાં વચનામૃત

(૧) આકાશવત્ વ્યાપક અને શ્રેષ્ઠ બ્રહ્મ ૐકાર છે.

(૨) સર્વ શ્રેષ્ઠ, સર્વજ્ઞ પરમાત્માને જાણવા માટે પ્રથમ શબ્દ ૐકાર છે, અને તે વડે જ પરમેશ્વર પ્રતિ લક્ષ દોરાય છે, તેથી બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ દેનાર અને મૂળ બ્રહ્મમાં ભાવના કરાવનાર પ્રતીક ૐકાર છે.

(૩) ૐકારમાં તમામ જીવો, દેવો, ઈશ્વરો, નારાયણ એ તમામનું ધ્યાન આવી જતું હોવાથી તેમ જ ૐકાર એ પરમાત્માનો વાચક હોવાથી તે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ મંત્ર છે.

(૪) વાણીઓ ૐકાર સાથે સંલગ્ન છે. ખરેખર, તમામ દેવો, ઈશ્વરો, નારાયણ ૐકારમાં આવેલા હોવાથી આખું વિશ્વ ૐકારરૂપ છે, અને ૐકારની ઉપાસનાથી જ તે સર્વે પ્રસન્ન થઈ શકે છે.

(૫) મનુષ્યોના જુદા જુદા આશ્રમો વિષે પ્રાપ્ત થતાં ફળો કરતાં ૐકારોપાસના અનંત શ્રેષ્ઠ છે; ૐકારપૂજનનું ફળ અમૃતતત્ત્વ છે; ૐકાર એ સત્ય બ્રહ્મપ્રણવ છે. કેવળ ૐકારની ઉપાસનાથી જ અમૃતતત્ત્વ મોક્ષ પ્રાપ્ત થાય છે.

(૬) "ૐ એકાક્ષર બ્રહ્મ" અક્ષર સર્વથી શ્રેષ્ઠ છે કે તેને જાણીને બ્રહ્મસ્વરૂપ કૈવલ્યપદને પમાય છે.

(૭) અવિનાશી (એવા) ૐકારનું સર્વેએ ધ્યાન કરવું જોઈએ. કેમ કે તે ૐકાર પરમેશ્વરનો વાચક છે.

(૮) ૐકારનો જપ કરનાર આત્માનો નિઃશંકપણે અવશ્યમેવ મોક્ષ થાય છે. આ રીતે ૐકાર સહિત પરમાત્માને જપવો તે જ મોક્ષનો માર્ગ છે, અને મોક્ષના માર્ગથી મોક્ષપદ પમાય છે. ટૂંકમાં, પ્રણવ વડે પરમાત્માનું ધ્યાન કરવું તે જ વેદોનું અને મોક્ષધર્મનું રહસ્ય છે.

(૯) દરેક આત્માઓ મોક્ષપ્રાપ્તિ કરવી તે જ માનવજન્મનું મુખ્ય અને પરમ રહસ્ય છે.

(૧૦) પરમાત્મા-પરમેશ્વર તે આપણું ગોઠવેલું નામ છે, પરંતુ કોઈનું ગોઠવેલું નથી તેવું નામ પ્રણવ-ૐકાર છે.

(૧૧) જે આત્માને આકર્ષી શકે, જે પાપીને પુણ્યશાળી કરી શકે, માયાથી મુક્ત કરાવી શકે અને આત્માનું પરિવર્તન કરાવી શકે તે એક જ માત્ર પ્રણવ ૐકાર છે

(૧૨) ૐનો, આત્મબ્રહ્મનો અને આત્માનો એક લક્ષ્ય થાય યા સમન્વય થાય તેનુ નામ મોક્ષ છે

(૧૩) જે મોક્ષ માટે પ્રણવોપાસન કરે છે તે જ પરમ સન્યાસી છે

(૧૪) જેમ બીજમાથી વૃક્ષ ઉત્પન્ન થાય છે, તેમ બીજરૂપ સનાતન ૐકાર માથી વેદો, સર્વમત્રો, ઉપનિષદો, સહિતાઓ અને તમામ વાણી (એટલે દરેક ભાષાના મૂળાક્ષરો) ઉત્પન્ન થયેલા છે

(૧૫) ૐ એ કોઈ પણ કાળે નાશ ન પામનારો એવો અક્ષરબ્રહ્મ છે ૐ પરમાત્માનો વાચક છે, તેમ જ સૃષ્ટિના મૂળરૂપ ૐ છે એવા ૐના મૂળરૂપ દેવતા અદ્વૈત પરમાત્મા છે અને ૐકારના દૃષ્ટવા નારાયણ છે કેમ કે એ "સૂક્ષ્મ વેદ ૐકાર" સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ, લય કરનાર એવા વિશ્વેશ્વરનારાયણમાથી સૌથી પ્રથમ નીકળ્યો છે, તેથી નારાયણ ૐના દૃષ્ટવા છે

(૧૬) જે કાળના કાળ વડે છેદાતા નથી અને અનત કાળે પણ જેનું છેદન કે નાશ થઈ શકતો નથી તેને જ સૌથી પરમશ્રેષ્ઠ ગુરુ માન્યા છે અને તેવા પરમ સદ્‌ગુરુ તે પરમાત્મા છે અર્થાત જેનો અનત કાળે પણ નાશ ન થાય તે જ સદગુરુ ૐ યા પરમાત્મા મોક્ષ છે બીજા અર્થમા જે મોક્ષપ્રાપ્તિ કરાવે તે જ સદગુરુ છે માટે ૐ એટલે સદગુરુ અને તે ૐ પરમાત્મા મોક્ષસ્વરૂપ છે

(૧૭) જે પ્રણવજ્ઞાન છે તેને સમજનાર અને સમજાવનાર મળવો દુર્લભ છે ૐ એવો એકાક્ષર બ્રહ્મ છે કે તેને જાણનાર અને સમજાવનાર કોક જ વિરલા હોય છે

(૧૮) જેને ૐકારનુ જ્ઞાન નથી અને જે ૐકારને ઓળખતો નથી, તેને વેદો વગેરેનો અભ્યાસ હોય તો પણ તે નિરર્થક છે જેનાથી ૐકાર નથી સમજી શકાયો, તે ૐકારના તત્ત્વરૂપ પરમાત્માને કયાથી ઓળખી શકે? અને પરમાત્માને ઓળખ્યા સિવાય કોઈનું જન્મ મૃત્યુનું નિવારણ કોઈ કાળે થઈ શકે તેમ નથી અને ૐકાર નહીં સમજનારને મોક્ષ પ્રાપ્ત ન થતા સસારમા ભટકવા કરવાનું છે

(૧૯) સત્-ચિત્-આનંદ પ્રાપ્ત કરવા યોગ્ય સ્વરૂપ એક માત્ર પરમાત્મા છે, તેને મેળવવો તે જ માનવજીવનનું અને જન્મ ધર્યાનું પરમધ્યેય છે.

(૨૦) જીવનનું તત્ત્વ ધર્મ છે અને ધર્મનું લક્ષ મોક્ષ છે.

(૨૧) પરમેશ્વરનો પ્રથમ શ્વાસ નીકળતાં પ્રથમ ૐકાર નીકળ્યો તે પરમગતિના આકાશમાં વ્યાપક થઈ જવાથી "ખં બ્રહ્મ" અને "શબ્દબ્રહ્મ" કહેવાયો છે.

(૨૨) પરમાત્મા પરમેશ્વર પ્રેમનું પરિપૂર્ણ સ્વરૂપ છે અને તેની પ્રાપ્તિ પણ કેવળ પ્રેમલક્ષણાભક્તિથી જ થાય છે.

(૨૩) પરમાત્મા-પરમેશ્વરનું સ્વરૂપ એકલું જ્ઞાન કે એકલું ચૈતન્યનું નથી, પરંતુ જ્ઞાન અને ચૈતન્ય બંનેનું મિશ્ર સ્વરૂપ છે. અર્થાત્ તેમનું સમગ્ર શરીર પરમચૈતનાનું જ્ઞાનચૈતન્ય સ્વરૂપ છે. તેથી તેમને જ્ઞાનસ્વરૂપ યા જ્ઞાનાકાર કહ્યા છે. અર્થાત્ તે પરમાત્મા એક નિર્મળ, નિર્લેપ, અવિચ્છિન્ન, અસ્પર્શ અને દ્વિભાવરહિત અલૌકિક તત્ત્વ છે અને અદ્‌ભુત જ્ઞાનચૈતન્યનું સ્વરૂપ છે.

(૨૪) પરમાત્મા-પરમેશ્વર એક અદ્વિતીય (એટલે અજોડ યા અનન્ય) સ્વરૂપ છે અને પરમાત્માની પરમગતિમાં જ્ઞાન-ચૈતનાશક્તિ અને આત્માનું તત્ત્વસ્વરૂપ વ્યાપક છે. એટલે જેમ દૂધના પ્રત્યેક ટીપામાં ઘી હોય છે, તેમ પરમગતિ પ્રત્યક્ષ નહીં પણ તત્ત્વરૂપે જીવોથી ભરચક હોય છે.

(૨૫) જે આત્મામાં રહે છે અને આત્મા જેને જાણતો નથી, અને જેનું આત્મા શરીર છે અને જે આત્માને નિયમમાં રાખવાવાળું છે, તે આત્મતત્ત્વ યા આત્મજ્યોતિ યા બ્રહ્મત્વ અંતર્યામી મૃત્યુરહિત છે. આ આત્મતત્ત્વ જ પરમાત્માની સ્વજાતિ છે.

(૨૬) પરમાત્મા પોતાની પરમગતિ દ્વારા યા જ્ઞાન-ચૈતન્યના ઐશ્વર્ય વડે સર્વ સ્થળે વ્યાપક છે, અને તેમનું જે વ્યાપક ઐશ્વર્ય છે તે સચરાચર દરેક સ્થળે વ્યાપ્ત છે અને માયામાં પણ છે. અર્થાત્ પરમાત્મા-પરમેશ્વર પરમજ્યોતિ છે અને તેમની પરમગતિ આત્મતત્ત્વથી ભરપૂર છે. અને તે પરમાત્મા (પ્રત્યક્ષ નહિ) સર્વ આત્માઓમાં પોતાની ગતિ વડે આત્મ-તત્ત્વરૂપે વ્યાપ્ત છે યા તો સર્વ પ્રાણીમાં રહેલ જીવોમાં પોતાની ગતિ વડે સાક્ષીરૂપ જ્ઞાનચૈતન્યરૂપે યા કૂટસ્થરૂપે યા નિર્ગુણરૂપે વ્યાપ્ત છે.

(૨૭) જે દેહ છોડનાર ગુરુએ પોતાની હયાતીમાં પોતાના આત્મકલ્યાણ ઉપરાંતનું વધારાનું તમામ પુણ્યબળ અને જ્ઞાન-યોગ શક્તિઓ પોતાના શિષ્યોના

આત્મોદ્ધાર માટે અર્ધું પુણ્યબળ અક્ષરધામમાં અને અર્ધું પુણ્યબળ શક્તિઓ પરમગતિમાં સમર્પણ કરી ટ્રસ્ટ કર્યું હોય તે જ "સદ્‌ગુરુ" છે તે સિવાયના બાકીના બધા માત્ર "ગુરુ" છે. આવા સદ્‌ગુરુ પરમાત્માના પ્રતિબિંબરૂપ હોય છે.

(૨૮) સંસ્કારી આત્માઓ! જ્ઞાનનિષ્ઠ આચાર્યની પાસે જઈ પ્રણવનો ઉપદેશ લો, આત્માનું અને આત્મતત્ત્વનું દુર્લભ જ્ઞાન જાણો અને પરમતત્ત્વની સાથે આત્મતત્ત્વને જોડવા પરમબ્રહ્મ યોગનો આશ્રય કરો.

(૨૯) વળી અવિરત પ્રેમથી, અડગ શ્રદ્ધાથી અને અનન્ય પ્રેમલક્ષણાભક્તિથી આત્માનું ધ્યેય મોક્ષ તમારી સામે છે, તેને મેળવી તમામ શોકથી રહિત થાવ. તેમ જ તૃષ્ણાના અને માયાના સ્નેહના તારોનું બંધન તોડી નાંખીને અખંડ, અવિચળ આનંદ પ્રાપ્ત કરો તે જ સાચું બ્રહ્મ સાંનિધ્ય છે. જો લવલેશ પણ અહમ્ કે મમભાવ આવશે તો બ્રહ્મની સાંનિધ્યમાંથી તમે ઘણે દૂર માયામાં ફેંકાઈ ગયા હશો.

(૩૦) જ્ઞાનીએ પ્રણવનું જ્ઞાન, યોગીએ પ્રણવમંત્રની ઉપાસના અને સાધકે શબ્દબ્રહ્મ પ્રણવની સાધના કરવી અને ક્રમે ક્રમે વધતાં જીવન્મુક્ત દશા પ્રાપ્ત કરી પ્રણવને પરમાત્માનો વાચક સમજી આત્મબ્રહ્મ વડે ફક્ત એક પરમાત્માની તમામ મંત્રો ત્યજીને એકલા પ્રણવથી ઉપાસના કરવી અને તે ઉપાસનામાં નિષ્ઠા અને અનન્ય પ્રેમ અવશ્ય રાખવાં. અર્થાત્ પ્રાજ્ઞપુરુષે પોતાનું તમામ લક્ષ્ય સંપૂર્ણ શ્રદ્ધા, નિષ્ઠા, પ્રેમ, ભક્તિ અને અડગ ટેક સહિત નિશ્ચયથી પરમેશ્વરમાં રાખવું તેને પ્રેમલક્ષણા ભક્તિ કહે છે.

(૩૧) પ્રણવ તે જ પરમેશ્વર નથી, કિંતુ પરમેશ્વર જુદો છે.